

ધી પરમાર પ્રેસ—રાજકોટ.



જ્ઞાન દર્શન ચારિત્ર તપ.





ગ્રંથ સમર્પણ.

શ્રીયુત દાનવીર,

શેઠ દેવીદાસ લક્ષ્મીદાસ ઘેવરીઆ.

જ્ઞાન દાનના અતિ મહાન કાર્યમાં આપ તન, મન અને
ધનવડે હસતે મુખે પ્રસન્ન ચિત્તથી સહાય સહાય કરો
છો છતાં સાદાઈ સમભાવના અને નિરાભિમાનપણું
નીરખી અંતઃકરણના ચાચિક ઉદ્ગારો અને
ઉછળતી ઉર્મિઓ વડે ગુણો ગાઈ
આ ગ્રંથ સમર્પણ વડે
કૃતાર્થ થાઉં છું.

શાર્દુલ વિક્રિડીત.

દેવીને લક્ષ્મીવહ્યો સુંદર છે, સહવાસ જે નામમાં;
વિદ્યા દ્રવ્ય સયોગ દુર્લભ છતાં, જેના રૂડા ધામમાં.
દાતા સુજ્ઞ સ્વધર્મનું હિત ચહો, ઔદાર્ય દિલદામમાં;
સત્કીર્તિ સમતા અને સુજનતા, પ્રાવીણ્ય સત્કામમાં.
લક્ષ્મીદાસ સુપુત્ર સુજ્ઞ જન છે, સાદાઇ સમભાવમાં;
દાના દીન દયાળ દેવ સમ છે, ઉપકારના કામમાં.
સદ્ગુણ આપતણા ઘણા અનુભવી, કૃતાર્થ દિલભાવમાં;
અર્પું મોહનમાળ પ્યાર ધરજો, સ્વિકારી સન્માનમાં.

આષાઢી પૂર્ણિમા
સાં. ૧૯૮૧.

લી. સંઘસેવક,
ખીમચંદ ખોડીદાસ ભાવસાર.

ૐ શાન્તિ.

ઉપકાર પત્ર.



આ પુસ્તક ઓછી કિંમતે આપવા અને જ્ઞાનનો બહોળો ફેલાવો -થવા માટે ભાવિક સદ્‌ગૃહસ્થોએ, ઘણા ઉત્સાહપૂર્વક રકમો ભરાવી છે, તેઓને હું ધન્યવાદ આપવાની સાથે કહીશ કે, હજી જૈનસમાજમાં એવા ઘણા જ્ઞાનપ્રેમી બંધુઓ છે કે જેઓ પોતાની ન્યાય નીતિથી ઉત્પન્ન કરેલી લક્ષ્મી આવા જ્ઞાન ખાતાઓમાં વાપરી લ્હાવો લઇ મનુષ્યજન્મ સફળ કરે છે.

ઓછી કિંમતે પુસ્તક આપવા માટે જે જે સદ્‌ગૃહસ્થોએ મદદ આપી છે, તે તે સદ્‌ગૃહસ્થોનું નામવાર લીસ્ટ આ નીચે આપવામાં આવે છે.

રૂપિઆ.	સદ્‌ગૃહસ્થોનાં નામ.	ગામ.
૨૦૦	એક સદ્‌ગૃહસ્થ તરફથી હા. દેવીદાસ લક્ષ્મીદાસ પેરરીયા	પોરબંદર
૧૦૦	શાહ જેચંદભાઇ કાલીદાસ	ધ્રાંગધ્રા
૧૦૦	એક સદ્‌ગૃહસ્થ તરફથી મદદ	અમદાવાદ
૧૦૦	ભાવસાર છગનલાલ શામળદાસભાઇ (અમદાવાદ)	સરસપુર
૧૦૦	દોશી કસ્તુરચંદ હરચંદ હા. દેવજીભાઈ	વઢવાણ કેમ્પ
૬૫	શાહ મોહનલાલ રતનચંદ	ખંભાતબંદર
૫૧	પટેલ અંદરજી ધેલાભાઇ	સરપદડ
૩૫	મકાણી હીરચંદ કચરાભાઇ ૨૦ પોતાના, ૧૦ મહેતા મુલચંદ જેઠાલાલ, ૫ મિ. ચીનુભાઈ ઝવેરીના	રાજકોટ
૩૦	શાહ ઓધવજી વીરપાળ હા. છગનભાઇ	અરણીટીંબા
૩૦	દફતરી કાળીદાસ રાજપાળ	મોરબી
૨૫	શાહ પોપટલાલ મગનલાલ હા. મોતીભાઈ	અરણીટીંબા
૨૫	દોશી મુળજી રામજી હા. પ્રભુદાસ	રાજકોટ
૨૫	સંઘવી ચત્રભુજ કચરા	વાંકાનેર
૨૫	મહેતા પોપટ ફુલચંદના ધર્મપત્ની બાઇ સંતોક	,,
૨૫	ગાંધી કલ્યા પરશોતમ હા. મગનભાઇ	હડમતીયા
૨૫	શાહ મંગળજી પ્રભુદાસ	ધ્રાંગધ્રા
૨૫	શેઠ નતદવજી મગનલાલ	વઢવાણકેમ્પ
૨૫	શાહ ઉજમશી કચરાભાઇ હા. ફુલચંદભાઇ	,, સાણંદ

૨૫	શેઠ ખોડીદાસ અણજી હા. રતીલાલ પરશોતમ	ધોલેરાબંદર
૨૫	શાહ મોહનલાલ હરજીવન	,,
૨૫	શાહ ઝવેરચંદ દેવાની દીકરી બાઈ સંતોક	,,
૨૫	શાહ ચુનીલાલ દાહ્યાભાઇ	ખંભાતબંદર
૨૫	શાહ અનોપચંદ માણેકચંદ હા. ભાઇ નગીનદાસ	,,
૨૫	સંઘવી ચુનીલાલ મુગતરાય	સિદ્ધપુર
૨૦	શાહ ડામરભાઇ પાનાચંદ	ધાંગધ્રા
૨૦	પારેખ ઓઘડ ગગા હા. બેન મોંઘી	,,
૨૦	શાહ દેવશી નાગર	,,
૨૦	શ્રી રાજપરના સંઘ તરફથી	રાજપર
૨૦	શાહ પ્રેમચંદ શીવલાલ ધોલેરાવાળા	અમદાવાદ:
૨૦	શાહ નાથાલાલ જીવાભાઇ	સિદ્ધપુર
૧૫	શાહ ભુદર નાગજી હા. ભાઇ ગુલાબચંદ	ધોલેરાબંદર
૧૫	શાહ મોહનલાલ માણેકચંદ	ધ્રાંગધ્રા
૧૫	કોઠારી દેવસી ભગવાન	હળવદ
૧૫	મહેતા ન્યાલચંદ ગણેશભાઇ	રાણની ટીકર
૧૫	પટેલ નાનાલાલ છગનલાલ	ખંભાતબંદર
૧૫	શાહ મણીલાલ મગનલાલ	નાયકા
૧૧	શાહ સકરાભાઇ દેવચંદ	ખંભાતબંદર
૧૦	શાહ સુખલાલ કેશવલાલ ઉજમશી	રાજકોટ
૧૦	શાહ વૃધમાન નાનજી	ધ્રાંગધ્રા
૧૦	શાહ પાનાચંદ ચત્રભુજ	લુણસર
૧૦	શાહ મોહનલાલ ઠાકરશી હા. નેમચંદ સ્વરૂપચંદ	ખંભાતબંદર
૧૦	શાહ નાગરદાસ મોતીચંદ	નાયકા
૧૦	શાહ પોચાભાઇ પીતાંબરભાઇ	અમદાવાદ.
૧૦	કોઠારી જીવરામ લલ્લુભાઇ	પ્રાંતીજ
૧૦	બેન પારવતી મનોરદાસ	,,
૧૦	મેતા વાઘજી રવજી	રાજકોટ

દશથી ઓછી રકમ સ્વીકારવામાં આવતી નથી.

લી. સંઘસેવક

ખીમચંદ ખોડીદાસ શાવસાર.



પ્રસ્તાવના.

नाणं च दंसणं चेव चरितं च तवो तहा ।
एस मग्गेति पन्नतो जिणेहिं वरदंसिहिं. ॥

અર્થાત્—ચાર કારણ સંયુક્ત જ્ઞાન દર્શનના લક્ષણે કરી સહિત એજ માર્ગનું સ્વરૂપ છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપ એજ મોક્ષનો માર્ગ છે, એવું શ્રી જીનેશ્વરે કહ્યું છે.

ઉપર્યુક્ત ચાર માર્ગ પૈકી સમ્યગ્ જ્ઞાનની આવશ્યકતા જૈનેતર ધર્મીઓ પણ માને છે, સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ આ ત્રણે પ્રકારનાં કર્મબંધનમાંથી આત્માને મુક્ત કરવાના ઉપાયોમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશ આપતાં કહ્યું છે કેઃ—ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुतेऽर्जुन। જ્ઞાન રૂપી અગ્નિ સર્વ કર્મોને બાળીને ભસ્મ કરે છે. આ જ્ઞાન તે આત્મ સ્વરુપનું જ્ઞાન મહાત્માઓનો આશ્રય કરવાથીજ પ્રાપ્ત થાય છે. જૈન શાસ્ત્રનો અર્થ પણ ગુરુગમ્યજ છે, તેથી સ્વતંત્રપણે એકલા ન્યાય તર્ક કે વ્યાકરણના બળથી તે યથાર્થ રીતે કોઈથી કરી શકાતો નથી.

આ દેહના નિર્વાહ માટે શુદ્ધ હવા, શુદ્ધ પાણી, શુદ્ધ ખોરાક અને સ્વચ્છ કપડાંની જેટલી આવશ્યકતા છે તેટલીજ બલ્કે તેથી પણ અધિક આવશ્યકતા આત્મિક જીવન ટકાવવા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની છે. पढमं नाणं तवो दया પહેલું જ્ઞાન અને પછી દયા એ વીરવાક્ય એમ પ્રબોધે છે કેઃ–સમ્યગ્જ્ઞાન એ આત્મોન્નતિનું પહેલું પગથીઉં છે. દુસ્તર સંસાર-સાગર તરવા માટે સમ્યગ્જ્ઞાન એ વહાણ છે અનંત કરૂણાના નિધાન શ્રી મહાવીર ભગવાને આગમ વાણીનો પ્રકાશ કરી સંસાર સમુદ્રમાં ડૂબતા જીવોને મોક્ષનો માર્ગ દેખાડી મહદુપકાર કર્યો છે. વીરવાણી અર્થાત્ જીના-ગમો એ જ્ઞાનામૃતનો મહાસાગર છે. એમાંથી પીવાય એટલું અમૃત પીવું અને પવાય તેટલું પિપાસુઓને પાવું એજ માનવ જીવન સાફલ્યનો સર્વોત્કૃષ્ટ ઉપાય છે.

મ્હારા પરમોપકારી અને પૂજ્ય ગુરૂવર્ય શ્રી મોહનલાલજી મહારાજ કે જેઓ જ્ઞાન પ્રાપ્ત કરવા અને જ્ઞાનનો પ્રચાર કરવા ઘણાં વર્ષોથી સતત ઉદ્યુક્ત રહે છે, જેમની જીનાગમો ઉપર અચળ શ્રદ્ધા છે, સૂત્રોનાં અતિ ગૂઢ રહસ્યોનો ઉકેલ કરવામાં જેમની કુસાગ્ર બુદ્ધિ આશ્ચર્યજનક છે અને

જેઓ બહુસૂત્રીના વિશેષણને સર્વથા યોગ્ય છે. તેઓશ્રીએ પોતાની આંખે મોતીયો આવવા છતાં અતિપ્રયાસે મોહનમાળાના પૂર્વાર્દ્ધના વાચકોની જિજ્ઞાસા તૃપ્ત કરવા; પોતાના સહવાસમાં આવેલા અન્ય ધર્મીઓને ઉદ્ભવેલી અનેક શંકાઓનું જૈનદ્રષ્ટિએ સમાધાન કરવા; ચતુર્વિધ સંઘને જીનાગમોનું યથાર્થ સ્વરૂપ સમજાવવા; અને જ્ઞાન પ્રચારવડે ભવ્ય જીવો ઉપર મહદુપકાર કરવાના પરમ પવિત્ર આશયથી આધુનિક સમયને યોગ્ય પોતાના અનુભવોને લક્ષમાં રાખી અનેક શાસ્ત્રના અધ્યયનને અંતે સાર દોહન કરી પોતાની ઓજસ્વિની કલમવડે અગિયાર ભાગમાં ગોઠવી આ ઉત્તરાર્દ્ધ ભાગ તૈયાર કર્યો છે. ધન્ય છે આવા મહદુપકારી મુનિ મહારાજાને.

આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં ઉદારચિત ગૃહસ્થોની આર્થિક સહાય્ય એ એક મોટી અનુકૂળતા થઇ પડી છે તે ખાતે તેઓનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું આવો જ્ઞાનામૃતથી ભરેલો ઉત્તમ ગ્રંથ માત્ર દોઢ રૂપિયાની કિંમતે આપી શકવાની અનુકૂળતા મને પ્રાપ્ત થઇ તેનો સઘળો સુયશ આપણા દાનવીર આશ્રય દાતાઓ કે જેમનાં નામ આ ગ્રંથમાં અન્યત્ર પ્રગટ કરેલાં છે તેમને ઘટે છે.

આ પુસ્તક બહાર પાડવામાં મારા સ્વધર્મી બંધુ T. V MAHETA એ ઘણાજ ઉત્સાહપૂર્વક પૂર્ણ પરિશ્રમ લઇ ઘણી મદદ કરી છે અને મને અવારનવાર ઉત્તમ સલાહ આપી છે. તેથી તેઓ સાહેબનો હું પૂર્ણ આભારી થયો છું ધર્મ કાર્યમાં તેઓની અપાર ખંત અને હાર્દિક લાગણી માટે તેમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે.

પ્રૂફ સુધારવામાં ભાઇશ્રી ભાણજી અભયચંદ માસ્તરે પોતાના સમયનો પુષ્કળ ભોગ આપી આ ગ્રંથને સર્વાંગ સુંદર બનાવવા માટે ઘણો પરિશ્રમ ઉઠાવ્યો છે, અને કામ ઘણું સારૂં કરી તેઓએ જૈનધર્મની અપૂર્વ સેવા બજાવી છે ને માટે તે ભાઇશ્રીને ધન્યવાદ ઘટે છે અને તેમનો પણ હું પૂર્ણ આભારી છું.

લી. સંઘનો સેવક

બાવસાર ખીમચંદ ખોડીદાસ.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા—ઉત્તરાર્દ્ધ ભાગ ૧ લા ની વિષયાનુક્રમણિકા.



ભાગ ૧ લો.

પૃષ્ઠ ૩ થી ૨૯ સુધી.

ભાગ ૪ થો.

પૃષ્ટ ૧૬૧ થી ૧૮૦ સુધી.

ભાગ ૫ મો

પત્ર ૧૦૧ થી ૨૨૩ સુધી.

ભાગ ૬ ઠો.

પૃષ્ઠ ૨૨૫ થી ૨૬૮ સુધી

ભાગ સાતમો.

પૃષ્ઠ ૨૧૯ થી ૨૨૭ સુધી.

વિષય	પ્રશ્નાંક
[illegible]	૪૮-૫૧
[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]
[illegible]	[illegible]

ભાગ ૮ આઠમો.

પૃષ્ઠ ૩૪૦ થી ૪૮૦ સુધી.

ભાગ ૯ નવમો.

પૃષ્ઠ ૨૮૨ થી [illegible] સુધી.

ભાગ ૧૦ દશમો.

પૃષ્ટ ૪૧૮ થી ૫૨૧ સુધી.

ભાગ ૧૧ અગિયારમો.

પૃષ્ટ ૫૦૪ થી ૫૦૮ સુધી.



શ્રી પ્રશ્નોતર મોહનમાળા પૂર્વાર્દ્ધ પુસ્તક ૧ લાં ના અભિપ્રાય પત્રો.



તત્વજ્ઞાનનો ઉત્તમ ખજાનો.

શાસ્ત્રજ્ઞાનના જીજ્ઞાસુઓ માટે અપૂર્વ તક

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

(પૂર્વાર્દ્ધ—નવ ભાગમાં.)

પ્રયોજકઃ-પંડિત પ્રવર પૂજ્ય શ્રી મોહનલાલજી મહારાજ.

વર્તમાન સંમયે જૈન સાહિત્ય યુગે વર્તતાં સુષુપ્તિ કાળમાં છેલ્લા ઘણાં વર્ષેથી તત્વજ્ઞાનનો આવો અમૂલ્ય ગ્રંથ બહાર પડેલો જાણવામાં નથી, આ ગ્રંથમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર. તપ, દ્રવ્ય, ગુણ, પર્યાય, કર્મ ગુણ સ્થાન, નવતત્વ, ધ્યાન વગેરેનાં સ્વરૂપો, તેના વિધ વિધ ભેદો, આત્મ શક્તિના વિકાસના અનેક વિધ ઉપાયો, અનેક શંકાઓ અને કુતર્કોના યુક્તિ પુરઃસર સમાધાનો એ વગેરે કુલ ૯૭૨ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તત્વ જીજ્ઞાસુઓ માટે આ ગ્રંથ અમૃત તુલ્ય ઉપયોગી અને અનંત ઉપકારછે.

વીશ વર્ષનો અવિશ્રાન્ત પરિશ્રમ.

વિશ્વ વિખ્યાત અધ્યાત્મજ્ઞાની ગચ્છાધિપતિ શ્રી ગોપાલજી સ્વામીના પટ્ટ શિષ્ય પૂજ્ય ગુરૂવર્ય શ્રી મોહનલાલજી મહારાજ કે જેઓ જ્ઞાન પ્રાપ્ત કરવા અને જ્ઞાનનો પ્રચાર કરવા ઘણાં વર્ષથી સતત ઉદ્યુક્ત રહે છે, જેમની જિનાગમો ઉપર અચળ શ્રદ્ધા છે, સૂત્રોનાં ગુઢ રહસ્યોનો ઉકેલ કરવામાં જેમની કુશાગ્ર બુદ્ધિ આશ્ચર્ય ઉપજાવે તેવી છે અને જેઓ બહુ સૂત્રોના વિશેષણને સર્વથા યોગ્ય છે, તેમણે ભવ્ય જીવોના ઉપકાર નિમિત્તે તો

જ્ઞાનામૃતનું પાન કરાવવાના પરમ પવિત્ર આશયથી વીશ વર્ષના અવિશ્રાન્ત પરિશ્રમના ફળરૂપે આ પુસ્તક તૈયાર કરેલ છે, એનું પઠનપાઠન આત્મશાન્તિ અને કલ્યાણની પરંપરાને આપનારૂં છે, એ વાતની પ્રતીતિ અર્થે આ ગ્રંથ માટે જુદા જુદા મુનિરાજો અને શ્રાવકો તરફથી મળેલા સંખ્યાબંધ અભિપ્રાયોમાંના યેડાંક આ નીચે અક્ષરસઃ આપવામાં આવે છે.

પંડિત મુનિશ્રી નાગચંદ્રજી મહારાજનો અભિપ્રાય કપાયા–કચ્છથી પં. મુનિશ્રી નાગચંદ્રજી મહારાજ સાં. ૧૯૮૦ ના ભાદ્રપદ વદી ૮ ના પત્રમાં લખાવે છે કે:—

"આપની કસાયેલી કલમથી લખાયેલ અને તત્ત્વજ્ઞાનથી ભરેલ 'પ્રશ્નોત્તર મોહનમાળા' પૂર્વાર્દ્ધ વાંચતા પરમ સંતોષ થયો છે. આ પુસ્તક જૈન તથા જૈનેતરને અતીવ હિતાવહ અને ઉપયોગી છે, જૈન તથા જૈનેતર લાયબ્રેરીઓ તેમજ જૈન જ્ઞાન ભંડારોમાં એકેક નકલ જરૂર રાખવા લાયક છે.

તેમના શિષ્ય:—પં. મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજ.

સાં. ૧૯૮૦ ના ભાદ્રપદ વદી ૮ ના પત્રમાં લખાવે છે કે:—

"આપે અતિ ઉગ્ર, અનેક શાસ્ત્રો અને અંબોધિરૂપ ઉદધિમાંથી ડુબકી મારી કેટલી કાઢેલ રત્નપુંજ સમાન, તત્ત્વપૂર્ણ 'પ્રશ્નોત્તર મોહનમાળા' જેવા પુસ્તકોને તૈયાર કરી જૈન સમાજના લાભાર્થે બહાર પાડ્યું અને જૈન ધર્મની તેમજ તેના અનુયાયી વર્ગની ઉન્નતિ અને જ્ઞાન પ્રાપ્તિ માટે આપે જે અતુલ શ્રમ ઉઠાવેલ છે તે બહુજ પ્રશંસનીય છે, તેથી ચતુર્વિધ સંઘ ઉપર કરેલ ઉપકાર અવર્ણનીય છે. ખરેજ અંધશ્રદ્ધારૂપ જલધિમાં ડુબતા અને અજ્ઞાનરૂપ અંધકારથી અથડાતા એવા જૈનોને અંધશ્રદ્ધા અને અજ્ઞાનતારૂપ સુકાનને અદ્વિતીય તેજ કાર્યમાં (તેમની ઉન્નતિના ઇચ્છક બની તે પ્રવૃત્તિ કરવામાં) એકાગ્રતાથી આપ મુનિ રત્ના સિવાય બીજા કોણ જૈન ધર્મનો ઉદ્ધાર કરી શકે? અર્થાત તેવા સત્કાર્યો આપના જેવા આદર્શ મુનિ મહારાજશ્રીજ કરી શકે.

હવે રીતે પૂર્વાર્દ્ધ બહાર પાડ્યા બાદ શ્રમ ઉઠાવી શ્રી સંઘને ઉત્તર આપો છો; તેવી જ રીતે ઉત્તરાર્દ્ધ પણ થોડા વખતમાં બહાર પડે, અને જૈન સમાજ તેનો લાભ લેવા ભાગ્યશાળી થાય એવું કોણ ન ઇચ્છે?"

વિદ્વાન મુનિશ્રી તિલોકચંદ્રજી મહારાજ.

લુણી—કચ્છથી સાં. ૧૯૮૦ ના ભાદ્રપદ વદ ૦)) ના પત્રમાં લખાવે છે કેઃ—

"પ્રશ્નોત્તર મોહનમાળાનું પુસ્તક મળ્યું; સદરહુ પુસ્તકમાં નિર્ગ્રંથ પ્રવચનના કેટલીક બાબતના અગત્યના ખુલાસાઓ ઘણાજ સારામાં સારા મળે છે અને તે પૂજ્ય મહારાજના જીંદગી પર્યંતના અથાગ પરિશ્રમનું ઉંચામાં ઉંચું ફળ છે. સાધુમાર્ગી (સ્થાનકવાસી) જૈનોમાં અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલા પુસ્તકોમાંથી આ એક પુસ્તક ઘણુંજ સુંદર અને ઉચ્ચ સ્થાન ભોગવવા પામશે સિદ્ધાંત રસિકોને એમાંથી ઘણુંજ જાણવા સમજવા અને હૈયામાં ધારવાનું જરૂર મળશેજ અને એ બધા પૂજ્ય મહારાજશ્રીનો ઉપકાર જીંદગી પર્યંત માનશે."

શ્રી નંદલાલજી મારૂ—ઇંદોર.

તા. ૩૦–૯–૨૪ ના પત્રમાં લખે છે કેઃ—

"आपकी भेजी हुइ एक प्रत" श्री प्रश्नोत्तर मोहनमाला कीआइ। वह देखी। पुस्तक अत्यंत आवश्यक व महत्वकी है। मुनि श्री १००८ श्री दोलतऋषिजी महाराजने भी इसकी अच्छी तारीफकी है। इसलिये हमे भी इसकी आवश्यकता मालम हुई।"

બાલ બ્રહ્મચારી પં. શ્રી અમોલક ઋષિજી કરમાલાથી વીર સં. ૨૪૫૦ ના આસો શુ. ૧૫ ના પત્રમાં લખાવે છે કેઃ—

"પુસ્તક માંહેનો કેટલોક ભાગ પઠન કરી બહુ ખુશી થયા, આવા જ્ઞાનસાગર, સૂક્ષ્મ જ્ઞાનના સ્પષ્ટીકરણરૂપ પુસ્તકોની બહુ આવશ્યકતા છે. તેની ખોટ આ ગ્રંથથી બહુ ભાગે ઓછી થઇ છે.

પૂજ્ય શ્રી હાથીજી મહારાજ કડીથી દરિયાપુરી સંપ્રદાયના શાસ્ત્ર વિશારદ પુજ્ય શ્રી હાથીજી મહારાજ સાં. ૧૯૮૧ ના પોષ વ. ૪ ના પત્રમાં લખાવે છે કેઃ—

"પ્રશ્નોત્તર મોહનમાળા" પુર્વાર્દ્ધ મોકલ્યું તે મહદ્ ઉપકાર થયો છે, વિહારમાં સાથે રાખી વાંચીએ છીએ, વિશ્વાલયમાં મતાગ્રહી, માન પૂજા શ્લાઘાના અભિલાષી કેટલાક જૈનાગમમાં ઉત્સૂત્ર ઝેર ભેળવી પોતે અને તેને અંગીકાર કરનારને અનંત ભવ ભ્રમણમાં નાંખે છે. તે ઉન્માર્ગ રૂપ કાંટાથી બચવા, સ્વપર આત્મોદ્ધાર કરવા—"જૈન વીતરાગ નિર્ગ્રંથ પ્રવચનમાં આમ છે, બીજા આચાર્યો આમ અર્થ કરે છે, મને આમ ભાસે છે, તત્ત્વ કેવળી ગમ્ય" વગેરે જણાવી આપે મધ્યસ્થ વૃત્તિ ધારણ કરી છે, એવું આપનું આ પુસ્તક વાંચી આત્માનંદ સ્ફુર્યો છે."

મુનિ શ્રી મોટા ઉત્તમચંદ્રજી મહારાજ વઢવાણ કેમ્પથી દરિયાપુરી સંપ્રદાયના મોટા ઉત્તમચંદજી મહારાજ તા. ૩૧–૫–૨૫ ના પત્રમાં લખાવે છે કેઃ—

"આપના તરફથી 'પ્રશ્નોત્તર મોહનમાળા' મળી તે અથ ઇતિ વાંચતા જે અતિશય આનંદ ઉત્પન્ન થાય છે તે અવર્ણનીય છે, સમાલોચના કરીને તે ગ્રંથનો અભિપ્રાય કોઇ વિદ્યા વિશારદ સાક્ષરવર્યને માટે ઉચિત ગણાય, મારા જેવા સામાન્ય બુદ્ધિ મનુષ્યને સામાના કાર્યની તુલના કરવી એ અનુચિત છે. પોતાના અનુભવનો લાભ આપવાનું આપશ્રીનું સ્તુત્ય પગલું અને તેને પ્રસિદ્ધ કરી સમાજનું ભલું કરવાનો આપશ્રીનો ઉંચો ઉદ્દેશ જોઈ મને ઘણો આનંદ થાય છે, ધન્યવાદ આપું છું અને પરમાત્મા આપને આવા શુભ પ્રયાસમાં મદદ કરો એવી પ્રાર્થના કરૂં છું.

પુસ્તક ઘરે ઘરે દીપકમાં દેવાલયથી જ્ઞાન, ધ્યાન, નીતિ, અને શ્રદ્ધાની સુગંધી અંધકારરૂપ થશે, વચનનો તથા જ્ઞાનનો વિસ્તાર થવાથી અજ્ઞાન રૂપ તિમિર નાશ પામશે, તેમાં કાંઇ સંશય નથી. સદરહુ પુસ્તકો અજ્ઞાન રૂપ અંધકારમાં અથડાતા અજ્ઞાની જીવોને જ્ઞાન પ્રકાશ આપી માર્ગ દેખાડે છે. દરેકેદરેક દરેક ઉમેદવાર માટે પુસ્તક ઉપયોગી છે. લેખક, પ્રકાશક તથા વાંચકોને તે ફળદાયી નીવડો એવી આત્મભાવના છે. બીજો ભાગ આ મુજબ નિવડી નીવડો એવી અભિલાષા છે."

મુનિશ્રી લક્ષ્મીચંદ્રજી મહારાજ (લીંબડી સંપ્રદાય.)

કોઠારાથી સં. ૧૯૮૦ના આષાઢ સુદ ૧૫ ના પત્રમાં લખાવે છે કે—

"આપે નિષ્કાળજી 'શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા' પુર્વાર્દ્ધ વાંચતાં આનંદ ઉપજે છે. છે આવા જ્ઞાનના ગ્રંથોને મહાન લાભ થાય છે.

પરિશ્રમ લઇ આવી સરળ ભાષામાં પુસ્તક રચીને આપે મહાન ઉપકારક કાર્ય કરેલ છે. ઉત્તરાર્દ્ધ સત્વર બહાર પાડવા કૃપાવંત થશોજી.

મુનિશ્રી વિનયચંદ્રજી મહારાજ (બરવાળા સંપ્રદાય)

વીરમગામથી સ્વ. પૂજ્યશ્રી ઉમેદચંદ્રજી મહારાજના શિષ્ય મુનિશ્રી વિનયચંદ્રજી મહારાજ લખાવે છે કેઃ—

મહારાજશ્રીએ પુસ્તક ઘણું સારૂં રચેલ છે, જૈન ધર્મના રહસ્યનું તત્વ તેમાં ઘણું સારૂં ગોઠવેલું છે, પુસ્તક જોઇ અમોને ઘણો સંતોષ થયો છે."

શેઠજીશ્રી હરખચંદભાઇ વેલજી.

પોરબંદરથી જ્ઞાન પ્રેમી સુજ્ઞ શેઠજી શ્રી હરખચંદભાઈ વેલજી તા. ૧૯—૯—૨૪ ના પત્રમાં લખે છે કેઃ—

"ગુણવંત પુણ્યના ભંડાર પૂજ્ય મહારાજ સાહેબ શ્રી મોહનલાલજી મહારાજે રચેલ "પ્રશ્નોત્તર મોહનમાળા" નું પુસ્તક ઘણુંજ સરસ તથા જન-સમાજને જરૂરીયાત પુરી પાડે તેવું છે, વાંચતા ઘણો આનંદ આપે છે. ઘણા ખુલાસા થાય છે, ઘણા પ્રશ્નો ચર્ચવા ઠીક પડે છે, ઘણોજ ઉપકાર થયો."

દફતરી શ્રી વનેચંદ પોપટભાઇ (મોરબી).

મોરબીથી તા. ૧૪-૯-૨૪ ના પત્રમાં લખે છે કેઃ—

અત્રેની લાઇબ્રેરીમાં 'પ્રશ્નોત્તર મોહનમાળા' નામનું પુસ્તક ભેટ મળ્યું છે. તે વાંચી જોતાં મહારાજશ્રીનું સુશ્રુત બહોળું જ્ઞાન તથા પરિશ્રમ ઉત્તમ તેમ સાબીત થાય છે. આવો ગ્રંથ જૈન સ્થાનકવાસી મુનિઓમાં વાગ્યેજ બહાર પડેલ જણાય છે. આ ગ્રંથ અવલોકન કરતાં તેમાં જે બુદ્ધિ તથા શક્તિ વાપરી છે તે મહારાજશ્રીની અથાગ મહેનતને આભારીછે

દોશી નરભેરામભાઇ પ્રાગજી જેતપુર.

સા. ૧૯૮૧ ના કાર્તિક સુદ ૧૫ ના પત્રમાં લખે છે કે:—

આપે મહા પરીશ્રમે રચેલ 'પ્રશ્નોત્તર મોહનમાળાળા' નો ગ્રંથ મેં અથથી ઇતિ સુધી વાંચ્યો જે ઉપરથી એમ જણાયું કે, આપે જે આશયથી તે ગ્રંથ રચ્યો છે તે આશય પરિપૂર્ણ ફળીભુત થયો છે ઉપરાંત તે ગ્રંથથી જૈનસાહિત્યમાં એક સુંદર વધારો થયો છે; એટલુંજ નહિ પણ એ ગ્રંથથી મારા જેવા અલ્પ મતિવાળાને તો ઘણોજ લાભ થાય તેવું છે. એકંદરે એ ઉપયોગી ગ્રંથ વાંચીને મને બહુજ સંતોષ થયો છે.

હું આશા રાખું છું કે ઉત્તરાર્દ્ધ પણ શ્રી જૈનધર્મના પ્રતાપથી એવોજ સાર્વજનિક પ્રશંસનીય થશે."

ઉપરના અભિપ્રાયોથી ગ્રંથની ઉપયોગીતા સમજી શકાશે.

પડતરથી પણ ઓછી કિંમત.

રોયલ આઠ પેજી ૫૮૦ પૃષ્ટના પાકા પુંઠાના આ દળદાર પુસ્તકની કિંમત માત્ર રૂા. ૧॥ પોસ્ટેજ જુદું રૂા. ૦-૧૨-૦.



ગ્રંથકર્તાનું નિવેદન.

दुर्लभं त्रयमेवैतद्देवानुग्रह हेतुकम् ॥
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुष संश्रय ॥ १ ॥

અર્થઃ—મનુષ્ય જન્મ, મહા પુરૂષોનો આશ્રય અને મોક્ષેચ્છા એ ત્રણે દુર્લભ છે, જો દૈવનો અનુગ્રહ હોય તોજ એ મળે છે. દૈવને પણ દુર્લભ એવો મનુષ્ય જન્મ મળે, પરંતુ સદ્ગુરૂ વિના સદ્ધર્મ ભાવના કે સમકીત પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. સમકીત એટલે વીતરાગની વાણી પર સંપૂર્ણ શ્રદ્ધા, આ શ્રદ્ધા વડેજ અનેક આત્માઓ સિદ્ધ ગતિ પ્રાપ્ત કરી અનંત સુખમાં બિરાજે છે, મોક્ષનાં અનંત સુખો ભોગવે છે, આ સર્વ સુખના દાતા સદ્ગુરુ અને તેનો સુયોગ તેનું નામજ સત્સમાગમ.

પૂર્વ પુણ્યના યોગે મ્હને મારી લઘુ વયમાંજ સદ્ગુરુનો યોગ મળેલો મ્હારા એ પરમ પવિત્ર ધર્મગુરુ પૂજ્યપાદ શ્રી ગોપાળજી સ્વામીએ મારા પર અનુગ્રહ કરી મને વીતરાગ વાણીરૂપી અમૃતપાન કરાવ્યું, પૂર્ણ ખંતથી મ્હારૂં જીવન વૈરાગ્ય ભાવમાં ઓતપ્રોત કરી દીધું, મ્હારા રચેલા સર્વ ગ્રંથો તેઓશ્રીના અનુગ્રહનુંજ પરિણામ છે, પ્રશ્નોત્તરનો શોખ તેઓશ્રીની કૃપા પ્રસાદીનું ફળ છે અને જૈનેતર પ્રશ્નોને જૈન સૂત્રના આધારે સિદ્ધ કરવાની શક્તિ તે તેઓશ્રીની શક્તિનોજ પ્રતાપ છે.

પ્રવૃત્તિના ચાલુ જમાનામાં જિનાગમોના અભ્યાસમાં ચંચુપાત કરવાને અસમર્થ જૈન સમાજ કે જૈનેતર સમાજનું ધાર્મિક અધઃપતન થતું મ્હારા જોવામાં આવતાં યથાર્થ સ્વરૂપમાં સ્હેલી અને સ્પષ્ટ ગુર્જરગીરામાં આગમોને ગોઠવીને તે આધારે અન્ય મતવાળાનું શંકા સમાધાન જૈન શાસ્ત્રાનુસાર કરી જૈન સમાજને સૂત્રાર્થ દૃઢ કરવા, જૈનેતર સુર

તે રહસ્ય બતાવવા અને સાધારણ વર્ગને સહેજેમાટે સુધારવામાં સ્થૂળ દૃષ્ટિમાંથી સૂક્ષ્મદૃષ્ટિ તરફ વાળવા અને અધ્યાત્મ જ્ઞાનને સ્હેલાઇથી સમજાવા સારૂ અને સરલ ભાષામાં આ ઉત્તરાર્દ્ધ ભાગ તૈયાર કરવામાં આવ્યો છે.

એક તરફથી પૂર્વાર્દ્ધના પિપાસુ મુમુક્ષુજનોએ તે પુસ્તકની મીઠી લ્હાણ વધાવી લીધી અને ઉત્તરાર્દ્ધ તૈયાર કરવાની જિજ્ઞાસા બતાવી માગણીઓ કરવા માંડી બીજી તરફથી ચર્મચક્ષુને મોતીઆ આવવાથી આરામ લેવાની ડૉક્ટરોની સલાહ પડવા માંડી આમ પરસ્પર વિરૂદ્ધ બળોએ ખેંચતાણ કરવા માંડી આખરે આત્માનું આત્મજ્ઞાનની શ્રેણી તરફ આકર્ષણ થયું. અને તે આકર્ષણ વડે આત્માના ઉંડાણમાંથી નીકળતી વાણી દ્વારા લખાયું અને અત્યારે જિજ્ઞાસુઓની જિજ્ઞાસા પોષવા આ ગ્રંથ બહાર પડે છે. હવે આ ગ્રંથ વાચકવૃંદના આત્મપ્રદેશમાં પ્રવેશી તેમનો આત્મવિકાસ કરે તે ઉમેદ્યા સાથે આ નિવેદન પુરૂં કરૂં છું.

મુનિ મોહનલાલજી.



ઉપોદ્ઘાત.



अर्हन्तो भगवन्त इन्द्रमहिताः सिद्धाश्चसिद्धिस्थिताः
आचार्या जिनशासनोन्नतिकराः पूज्याउपाध्यायकाः ।
श्री सिद्धांतसुपाठकामुनिवरा रत्नत्रयाराधकाः
पंचैते परमेष्टिनः प्रतिदिनं कुर्वन्तु वो मंगलम् ॥

અર્થ—(૧) ઇન્દ્ર મહારાજે પૂજેલા અરિહંતપ્રભુ;
(૨) સિદ્ધિમાં રહેલા સિદ્ધ પ્રભુ;
(૩) જીનશાસન ઉન્નતિ કરનારા આચાર્યજી મહારાજ,
(૪) પૂજવા યોગ્ય ઉપાધ્યાયજી મહારાજ;
(૫) જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણે રત્નોના આરાધક મુનિરાજ
આ પાંચે પરમેશ્વરો તમારૂં કલ્યાણ કરો.

પ્રથમ ભાગ.

પ્રથમ પંચ પરમેષ્ટિનું, વર્ણન અતિ રસાળ,
પ્રથમ ભાગમાં ગોઠવી, ગુંથી મોહનમાળ.

આ પ્રશ્નોત્તર મોહનમાળાના પ્રથમ ભાગમાં પંચ પરમેષ્ટિને માટે જગતના અનેક જીવોને ઉદ્ભવતા અટપટા પ્રશ્નોનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જૈન તથા જૈનેતર માનીઓની શંકાઓનું સંપૂર્ણ સમાધાન કરી ૧૦૮ પ્રશ્નો ગુંથી તેનો ખુલાસો કરવામાં આવેલ છે, દાખલા દલીલો અને ન્યાયથી યથાર્થ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે, એ રીતે પ્રથમ ભાગ પૂર્ણ કરી આ મોહનમાળાનું આદિ સ્વરૂપ ખિલવ્યું છે, આ ભાગ વિશેષે જીવનને જ્ઞાનાભિમુખ કરવા, મનુષ્ય જીવનની જિજ્ઞાસા પોષવા અને મુમુક્ષુઓની ઇચ્છા તૃપ્ત કરવા આબાલવૃદ્ધ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા અને અન્ય મતાનુયાયીઓ એ સર્વને સદા ઉપયોગી છે.

દ્વિતીય ભાગ.

દ્વિતીય ભાગ જળ સ્નાનનો, ગૂઢાર્થ ધર્મ રસાળ.
બ્રહ્મચારી ત્યાગી લહો, ગુંથી મોહનમાળ.

આ પ્રશ્નોત્તર મોહનમાળાના બીજા ભાગમાં જળ સ્નાનમાં નિમગ્ન એવા ત્યાગી બ્રહ્મચારીઓ જૈન ધર્મના સાધુઓ પ્રત્યે નહિ ન્હાવાનાં કારણો પૂછી અનેક પ્રશ્નો ઉઠાવે છે. આ શંકાઓના સમાધાન અર્થે જૈન-શાસ્ત્ર અને જૈનેતર શાસ્ત્રોનાં દૃષ્ટાંતો મૂકી બ્રહ્મચારી અને ત્યાગી પુરૂષોને ન્હાવાનો નિષેધ છે તે સાબીત કરી બતાવ્યું છે તેમજ સ્નાનનો સ્પષ્ટ અને યથાર્થ હેતુ સમજાવવા દાખલા દૃષ્ટાંતોથી ભરપૂર આ ભાગ ત્યાગી બ્રહ્મચારીઓને સરળ રસ્તો બતાવી સત્ય માર્ગે વાળવા માટે સર્વ જીવને ઉપયોગી છે.

ત્રીજો ભાગ.

ન્યાય તર્ક વ્યાકરણથી, ભાષા શુદ્ધિ થાય;
જૈન તત્ત્વ રહસ્ય વીણ, ક્યાંથી પાર પમાય.

આ પ્રશ્નોત્તર મોહનમાળાના ત્રીજા ભાગમાં વ્યાકરણાદિ ભણવા વિષેની ભાષા શુદ્ધિ પુરતી જરૂરીઆત છે. પરંતુ આત્મશુદ્ધિ તો તત્ત્વ જ્ઞાનના રહસ્યમાંજ રહેલી છે અને તત્ત્વનું યથાર્થ રહસ્ય જૈન સૂત્રોમાંજ સમાએલું છે. તેનું રહસ્ય સંસ્કૃત ભણવાથી કે ન્યાય તર્કનાં શાસ્ત્રો વાંચેથી મળી આવતું નથી, પરંતુ યથાર્થ રહસ્ય તો આત્મ વિકાસમાંજ રહેલું છે, તેમાં વ્યાકરણ, ન્યાય, તર્કને અવકાશ નથી, તે બાબત અનેક દાખલાઓ વડે અનેક પંથના અને સંસ્કૃતથી અજાણ જીવો પણ સિદ્ધ થયા છે, તેવાં દૃષ્ટાંતો આપી સિદ્ધ કરેલ છે. સંસ્કૃત વ્યાકરણાદિમાં જીવનનો જેટલો સમય વીતે છે, તેટલો સમય જો ગુરૂગમ્ય તત્ત્વ રહસ્ય સમજવામાં ગાળીએ તો આત્મ વીર્ય સ્ફુરે અને તે સ્ફુરણામાંજ આત્મ કલ્યાણ સાધી શકાય છે. આ વિષયને રસિક અને પૂર્ણ ખુલાસા વડે આ ભાગ સંપૂર્ણ કરવામાં આવ્યો છે, આત્મ જ્ઞાન આગળ વ્યાકરણાદિ જ્ઞાન કશી વિસાતમાં નથી, ભાષા પ્રધાન જીવોને સુરસ્તો બતાવવા તત્ત્વ રહસ્યમાં તરબોળ થનાર જીવને પ્રોત્સાહન આપવા આ ભાગ સર્વ જીવને અતિ ઉપયોગી છે.

ચોથો ભાગ.

જૈન સૂત્રની ગુંથણી, સંસ્કૃતમાં નજ હોય;
માગધ નહિ પ્રાકૃત નહિ, અર્દ્ધ માગધી સ્હોય.

આ પ્રશ્નોત્તર મોહનમાળાના ચોથા ભાગમાં આચારાંગ આદિ જૈન સૂત્રો કઇ ભાષામાં છે, કોઇ પ્રાકૃત તો કોઇ માગધી અને કોઇ સંસ્કૃત તો કોઇ અર્દ્ધ માગધી ભાષામાં હોવાનું જણાવે છે, આમ જુદા જુદા મિથ્યાવાદો મટાડવા અને ખરી હકીકત જૈન સૂત્રના દાખલા વડે પ્રસિદ્ધિમાં મૂકવા આચારાંગ આદિ સૂત્રો અર્દ્ધ માગધી ભાષામાંજ છે, તેવું પ્રતિપાદન કરવા આ ભાગની રચના કરી છે, આ ભાગ વાંચવાથી જૈન સૂત્રની રચના કઇ ભાષામાં છે તેનો નિર્ણય આપોઆપ થઇ જાય છે, આ ભાગથી જૈન સૂત્રો અર્દ્ધ માગધી ભાષામાંજ છે, તેવું સિદ્ધ થઇ શકે છે; એટલે આ વિષયમાં શંકાશીલ જીવોને આ ભાગ અતિ ઉપયોગી છે.

પાંચમો ભાગ.

ષડકલ્પો સાધુતણા, જૈનકલ્પી અધિકાર;
એકલ વિહારીતણો, પંચમ ભાગે સાર.

આ પ્રશ્નોત્તર મોહનમાળાના પાંચમા ભાગમાં જૈનધર્મના સાધુઓના છ કલ્પ વિષેની ગુંથણી યથાર્થ સ્વરૂપમાં કરી છે; તેમજ જૈનકલ્પી અને તે સિવાયના એકલવિહારી સાધુઓ વગેરેનું સ્વરૂપ મનન કરવાયોગ્ય આપ્યું છે આ ભાગ સાધુ સાધ્વીઓને અતિ આદરણીય થઇ પડે તેમ છે. જૈનસુત્રાનુસાર ઉપર્યુક્ત સિદ્ધ કરવામાં દાખલા દ્રષ્ટાંતો આપી આ ભાગ પૂર્ણ કર્યો છે. આ ભાગ સાધુ સાધ્વીઓને ઉપયોગી છે.

છઠ્ઠો સાતમો ભાગ.

ભવી અભવીના ભેદની રચના સૂત્રાધાર,
સમકિત કેવળજ્ઞાનની સત્તાનો અધિકાર.
આત્મા અષ્ટ પ્રકારના સોળે કળા સ્વરૂપ,
દર્શાવી બે ભાગથી મોહનમાળ અનુપ.

આ પ્રશ્નોત્તર મોહનમાળાના છઠ્ઠા અને સાતમા ભાગમાં ભવી અને અભવી સંબંધી બહુજ ગંભીર અને જાણવા યોગ્ય બાબતોના પ્રશ્નો ઉત્પન્ન થાય છે સમકીત અને કેવળજ્ઞાન સંબંધી ભવી અને અભવીને માટે કેટલાક એમ માને છે કે સર્વ જીવ પાસે આ સત્તા રહેલી છે તેમજ કેટલાક એમ પણ માને છે કે એ તો નવું જ પ્રાપ્ત થાય છે આત્મા પાસે સત્તામાં સમકિત કે કેવળજ્ઞાન નથી એમ નોખા નોખા પ્રશ્નો ઉઠવાથી અને પ્રભુનું સૂત્રાધારે સમાધાન કરવા માટે આ પ્રકારના આત્મા અને આત્માની પાસે રહેલી સોળ કળાઓનું સ્વરૂપ જણાવવા સારૂ ઘણા ન્યાય અને દ્રષ્ટાંતો

ભક્ષ્ય અને અભક્ષ્યનું સ્વરૂપ આ બન્ને ભાગમાં સારી રીતે બતાવવામાં આવ્યું છે. આ ભાગ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા જૈન કે જૈનેતર પ્રશ્નકારોને અતિ ઉપયોગી છે.

આઠમો અને નવમો ભાગ.

આઠ અને નવ ભાગથી જૈનસૂત્રનો અર્થ,
ઉકલતા પ્રશ્નો રચી ભાંગ્યો સૌનો ભ્રમ.

આ પ્રશ્નોત્તર મોહનમાળાના આઠમા અને નવમા ભાગમાં જૈનસૂત્રોમાંથી નીકળતા અનેક પ્રશ્નોના ઉપયોગી અને જાણવા યોગ્ય ખુલાસા કરી સર્વ જીવને ઉપયોગી ભાગ રચવામાં આવ્યો છે. આ ભાગ સર્વ જીવોને મનન કરવા યોગ્ય અને સર્વોપયોગી છે.

દશમો ભાગ.

સિદ્ધ કર્યું આ ભાગથી સત્ય અર્થ પ્રકાશ,
માંસભક્ષી જૈનો નહિ રચીને મોહનમાળ.

આ પ્રશ્નોત્તર મોહનમાળાના દશમા ભાગમાં જૈનના સાધુઓ પૂર્વે માંસાહારી હતા એમ કેટલાક લોકો આક્ષેપ મૂકે છે તેઓની શંકાનું સમાધાન કરવા માટે અને હાલના જૈન નામ ધરાવનાર ઇંગ્લિશ જ્ઞાનવાળાઓ અને [illegible] ઉપરનું આળ ચઢાવવાની ખોટી શંકાઓ કરે છે. તેમના [illegible] તમામ શંકાઓના સમાધાન માટે જૈન સૂત્ર અને ગ્રંથોના [illegible] અન્ય શાસ્ત્રોના અથવા વૈદક ગ્રંથોના ભરપુર દાખલા વડે સિદ્ધ કરી બતાવવામાં આવ્યું છે કે જૈન નામ ધરાવનારા સાધુ કે શ્રાવક કદી માંસ ભક્ષી હોય નહિ પરંતુ શાસ્ત્રજ્ઞાની મનુષ્યોને ખોટી શંકાઓ ઉત્પન્ન કરવાને [illegible] મળી આવે એવા એવા શબ્દો કોઈ કોઈ સ્થળે જૈન [illegible] હોવાથી [illegible] પૂર્ણ જ્ઞાનના અભાવે તેનો ભાવાર્થ રહસ્ય નહિ સમજવાથી કેટલાક અર્થનો અનર્થ કરી માત્ર શબ્દનેજ વળગી રહી [illegible] પોતાની બુદ્ધિનો ચમત્કાર બતાવવાની વ્યર્થ કોશિષ કરે છે, પરંતુ જૈનધર્મ અને તેનાં શાસ્ત્રો અહિંસાના વર્ણ[illegible] [illegible] છે અને દયાને મોખરે રાખી જીવન વ્યતીત કરનારા [illegible] કેમ હોય? નજ હોય. આ બાબત અનેક દાખલા [illegible] કરી [illegible] બતાવવામાં આવ્યો છે, આ ભાગ શબ્દાર્થ [illegible] સંકુચિત દૃષ્ટિને વિસ્તૃત કરવા સર્વને ઉપયોગી છે.

અભિપ્રાયદર્શી ભાગ.

જૈન ધર્મ અનાદિ છે, કરવા સિદ્ધ અવિહન,
વેદ પુરાણો આદિથી, ભાખ્યા દેવ ભગવાન.

કેટલાક કહે છે કે જૈન ધર્મ બૌદ્ધમાંથી નીકળ્યો છે, કોઈ કહે છે કે વેદ ધર્મમાંથી ઉત્પન્ન થયો છે, વળી કેટલાક કહે છે કે મહાવીરે આ ધર્મ સ્થાપ્યો છે, એવા જુદા જુદા અભિપ્રાય લોકોના જાણવાથી તેનો સંક્ષિપ્ત સમાધાન કરવા આ પ્રથમના મોહનમાળાનો અભિપ્રાયદર્શી ભાગ રચવામાં આવ્યો છે, જૈન ધર્મ અનાદિ છે, ઋષભદેવ ભગવાનથી શરૂ થઈ અદ્યાપિ પર્યંત ચાલતો આવ્યો છે, એવું વેદ, પુરાણો અને અન્ય પ્રાચીન ગ્રંથોના દાખલાઓ આપી સિદ્ધ કર્યું છે. જૈન ધર્મ કોઈપણ મતમાંથી નીકળ્યો નથી, પરંતુ અનાદિ છે, એમ વિદ્વાનોએ અનેક દાખલાઓ વડે સિદ્ધ કર્યું છે, આ ભાગમાં ઉપર્યુક્ત બાબત સંપૂર્ણપણે સાબીત કરી બતાવી છે, આ ભાગથી જૈન ધર્મ અનાદિ છે, તે સિદ્ધ કરી સર્વેના ઉપર મહાન ઉપકાર કર્યો છે, આ ભાગ સર્વેને અતિ ઉપયોગી છે.

અભ્યાસ આ ભાગનો, મનહર મોહનમાળ;
ધર્મ વિચારે આપને, સુખ પામે તત્કાળ.

લી. સંઘ સેવક,
માસ્તર આણજી અભયચંદ.

શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણકો ૮ મો.



પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ઉત્તરાર્દ્ધ ભાગ ૧ લો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ઉત્તરાર્દ્ધ ભાગ ૧ લો.

પ્રશ્ન ૧ લું—નવકારમંત્રનાં કેટલાક પાંચ પદ કહે છે ને કેટલાક નવ પદ કહે છે તેનું કેમ?

ઉત્તર—ભગવતીજી વગેરે સૂત્રમાં પ્રથમજ શરૂઆતમાં પાંચ પદ કહ્યાં છે અને કોઇ આચાર્યે એ પાંચ પદની સાથે એક ગાથા ઉમેરી નવ પદ કર્યાં છે એમ પણ કેટલાક કહે છે.

પ્રશ્ન ૨ જું—એ ગાથા કોઇ સૂત્રની તો નથી કે?

ઉત્તર—કોઇ સૂત્રમાં જોવામાં આવતી નથી.

પ્રશ્ન ૩ જું—એ ગાથા કહેવાનો હેતુ શો છે?

ઉત્તર—હેતુ તો માત્ર એજ છે કે-મૂળનાં પાંચ પદ છે તેનું માહાત્મ્ય જણાવ્યું છે.

પ્રશ્ન ૪ થું—પાંચ પદનું માહાત્મ્ય કેવી રીતે જણાવ્યું છે તે ગાથા સહિત જણાવશો.

ઉત્તર—તે ગાથા આ પ્રમાણે છે. સાંભળો-એસો પંચ નમુક્કારો, સવ્વ પાવ પણાસણો; મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં. ૧ આમાં એમ જણાવે છે કે—નમો અરિહંતાણં, જાવ સવ્વ સાહૂણં, એસો પંચ એ પાંચ નમુક્કારો નમોકાર, નમસ્કાર કરવાનાં એ પાંચ પદ, સવ્વપાવપણાસણો સર્વ પાપનો નાશ કરનારાં છે. અને મંગલાણં ચ સવ્વેસિં, સર્વ મંગલમાં પઢમં હવઇ મંગલં, આ પ્રથમ મંગળ છે. એટલે દુનિયામાં વર્તતાં સર્વ લૌકિક મંગલોમાં આ લોકોત્તર મંગળરૂપ પાંચ પદનું સ્મરણ તેજ પહેલું અને મહામંગળ છે.

આનો પરમાર્થ એ છે કે—લૌકિક મંગલના અનેક ભેદ છે, પણ તે મંગલનું અમંગલ કોઈ વખત થાય, પરંતુ લોકોત્તર મંગલ આ ભવ અને પરભવ સદાય મંગલકારીજ હોય છે. માટે ગણધર દેવ જેવા મહાજ્ઞાનીઓએ પણ મંગલાચરણમાં નમો અરિહંતાણં વગેરે પાંચ પદનુંજ સ્મરણ કરેલ છે. જેવી રીતે ગીતા અને ગીતા માહાત્મ્ય ભિન્ન છે તેવીજ રીતે

નવકાર મંત્ર (પંચ પરમેષ્ઠીમંત્ર) અને તેનું માહાત્મ્ય બતાવનાર છેલ્લાં ચાર પદ એ ભિન્ન છે. આ પાંચ પદ અનાદિ છે અને તે પછીનાં ચાર પદ છે તે કોઇ આચાર્યની કૃતિ છે.

પ્રશ્ન ૫ મું—તો પછી નવકારમંત્ર કહેવાનું શું કારણ?

ઉત્તર—એ તો લોક ભાષાની બોલવાની છે. મૂળ શબ્દ તો નમસ્કાર છે, પણ લોક રૂઢીએ નવકાર શબ્દ વપરાય છે. અને તે શબ્દને લઈને નવપદ કહેવામાં આવે છે. કેટલાક નવપદ ઉપર કહ્યા પ્રમાણે કહે છે. અને કેટલાક મૂળ પાંચ પદની સાથે નમો નાણસ્સ, નમો દંસણસ્સ, નમો ચારિત્તસ્સ, નમો તવસ્સ આ ચાર પદને મેળવી નવપદ પણ ગણે છે. અને દિગંબર જૈન ગ્રંથ દ્રવ્યસંગ્રહમાં ૐકારમાં પાંચ પદનો સમાવેશ કર્યો છે તે વિશેષ ગાથા નિચે પ્રમાણે કહી છે:—

अरिहंता असरीरा आयरिया, उवज्झाया मुणिणो।
पंचक्खर निप्पन्नो, ओंकारो पंच परमेट्ठी ॥ १ ॥

ૐ [illegible] પંચ પરમેષ્ઠીના પાંચ પદનો સમાવેશ થવાનું કહે છે. [illegible] મુજબ ગણના કરે, પણ મૂળ પદ તો પાંચજ [illegible]

[illegible] પદ કહ્યાં તેમાં પહેલા પદમાં, નમો [illegible] આનો અર્થ તો એમ સૂચવે છે કે વેરી, [illegible] પોત પોતાના શત્રુને [illegible]

[illegible] બીજો ભાગ શત્રુ [illegible] શત્રુ તે [illegible] શત્રુમાં પણ [illegible] શત્રુની [illegible] છે. [illegible] શ્રી [illegible]

પ્રશ્ન ૭ મું—કર્મનો કર્તા જ્યારે આત્મા છે. તો આત્મા આત્માનો વેરી થયો એમ કહી શકાય કે કેમ?

ઉત્તર—તેમ કહેવાને કાંઇ વાંધો નથી. કેમકે કષાય આત્મા, જોગ આત્મા (અશુભ જોગ આત્મા) અને અજ્ઞાન આત્મા તે આત્માના વેરીજ છે સંસારમાં પરિભ્રમણ કરાવનારા, નરક નિગોદાદિકનાં દુઃખના આપનારા આત્મકાર્યનો વિનાશ કે નાશ કરુપા શત્રુ તો એજ છે. શ્રી સુયગડાંગજી સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં કહ્યું છે કે—कोहं च माण च तहेव मायं लोभं चउत्थं अज्झत्थ दोसा; ક્રોધ, માન, માયા ને લોભ આ ચારે કષાય આત્મા છે તે દ્રવ્ય આત્માના સાથે મળી જઇને મૂળ આત્માનો સ્વભાવ જે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ તેનો છુપી રીતે કે પ્રગટ રીતે પણ નાશ કરે છે, એટલે નિર્મળ આત્માને દોષિત બનાવે છે. આઠે કર્મને ઉત્પન્ન કરનાર આ ચાર કષાયરૂપી ચંડાળ ચોકડી છે.

પ્રશ્ન ૮ મું—કર્મને ઉત્પન્ન કરનારાં કર્મનાં બીજ તો રાગ અને દ્વેષ એ બેજ કહ્યાં છે તે કેમ?

ઉત્તર—રાગ દ્વેષ કહો કે કષાય કહો તે એકજ છે. કષાયના ચાર ભેદ જે ક્રોધ, માન, માયા, ને લોભ તેમાં બે પ્રકૃતિ રાગની છે ને બે પ્રકૃતિ દ્વેષની છે. ક્રોધ અને માનનો દ્વેષમાં અને માયા તથા લોભનો રાગમાં સમાવેશ થાય છે રાગદ્વેષ એ બેજ કર્મનાં બીજ છે અને દ્રવ્યે તથા ભાવે આત્માને હાની કરનારાં છે.

પ્રશ્ન ૯ મું—ક્રોધાદિ ચારે બોલ દ્રવ્યે અને ભાવે હાની કેવી રીતે કરે છે તે જણાવશો?

ઉત્તર—સાંભળો દશવૈકાલિક સૂત્રના ૮મા અધ્યયનમાં ગાથા ૩૮ મી कोहो पीइं पणासेइ माणो विणय नासणो; माया मित्ताणि नासेइ, लोभो सव्व विणासणो ३८.

અર્થ—ક્રોધ જે છે તે દ્રવ્યે ને ભાવે પ્રીતિનો નાશ કરે છે. દ્રવ્યથી સંબંધીઓ સાથે અને ભાવથી ધર્મ સાથે પ્રીતિ થવા દે નહિ ને હોય તેનો નાશ કરે માન જે છે તે પણ દ્રવ્યે અને ભાવે વિનયનો નાશ કરે છે. દ્રવ્યે માતા પિતા અને વડીલોના વિનય થવા ન દે, અને ભાવથી ગુર્વાદિકનો વિનય થવા ન દે. માયાથી દ્રવ્યે અને ભાવે મિત્ર ભાવનો નાશ થાય છે. દ્રવ્યે સંસાર વ્યવહારનાં કામ સંબંધી મિત્ર ભાવ થવા ન દે અને ભાવે સર્વ પ્રાણીઓમાં આત્મવત્ બુદ્ધિરૂપ મૈત્રી ભાવના થવી જોઇએ તેનો

નાશ થાય છે. અને જ્યાં લોભ આવે ત્યાં સર્વનો વિનાશ કહ્યો. એટલે પ્રીતિને, વિનયને અને મિત્રતાને સર્વનો વિનાશ લોભ કરે છે.

પ્રશ્ન ૧૦ મું—ક્રોધીમાં ઉઘાડા કેટલા અવગુણ હોય?

ઉત્તર—શાસ્ત્રમાં ક્રોધીને અંગે પાંચ અવગુણ મોટા રહેલા છે; તે એકે-ક્રોધી-અવગુણ પંચ હે, ઘટે પ્રીત તજે અન્ન, અશુભ બંધ લોહી બળે, ચૂકે સત્ય વચનાં આ સિવાય ધર્મ અને સદ્દગુણોની પણ હાની કરે છે.

પ્રશ્ન ૧૧ મું—માનથી વિનયનો નાશ કહ્યો તેથી હાની શી થઇ?

ઉત્તર—હાની તો બધીએ થઇ; ધર્મ અને વ્યવહાર બધામાં વિનય પ્રધાન છે. માટે શાસ્ત્રમાં કહ્યું છે કે

विनओ जिणसासणे मूलं, विणयाओ संजमो तवो, विणओ विप्पमुक्कस्स कओ धम्मो कओ तवो. १.

વિનય એ જિનશાસનનું મૂળ છે વિનય એજ સંજમ અને તપ છે. જેણે વિનય મુકો અને અવિનયમાં જેની વિશેષ પ્રવૃત્તિ થઇ તેને ધર્મ અને તપ કો કામના છે? અર્થાત્ વિનય રહિત અવિનીત પ્રાણીને ધર્મ અને તપ [illegible] નિરર્થક છે. માની પુરૂષને આ મોટી નુકશાની [illegible]

પ્રશ્ન ૧૨ મું—માયા (કપટ) કરવાથી મિત્રતાનો નાશ કહ્યો તે [illegible] આવી?

ઉત્તર—[illegible] (કપટ) કરવાથી મિત્રતાનો નાશ થાય છે, તેથી [illegible] મલ્લિનાથ ભગવાનના જીવે પૂર્વે મહાબળના [illegible] કપટ ભાવે વર્ધી છઠ્ઠનો અઠમ કર્યો તોપણ [illegible] કરી એમ શાસ્ત્ર જણાવે છે. [illegible] કેવળ ભાવે [illegible], [illegible] મેં મનને [illegible] માયા ભાવ સેવે તોપણ [illegible] અર્થાત્ [illegible] અનંતસંસારી [illegible]

પ્રશ્ન ૧૩ મું—[illegible] સર્વનો વિનાશ કહ્યો તે શું સમજવું?

ઉત્તર—[illegible] સમાવેશ થાય છે. [illegible] ન આવે પણ અભ્યંતર ક્રોધ [illegible] પ્રજ્વલિત રહ્યા કરે, વસ્તુની

પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી તેઓનો આત્મા બેહાકુલ રહ્યા કરે, તેના વિરૂદ્ધની વાત ગમે નહિ પણ ઉલટો દ્વેષ કરે લોભી માણસને માનની ઇચ્છા વિશેષ રહે છે. પણ ઉલટો માનનો ભંગ થવાથી દ્વેષની કષાયની વૃદ્ધિ થાય છે. લોભી માણસને વસ્તુ મેળવવા માયા (કપટ)નું સેવન વિશેષ કરવું પડે છે. તેથી પ્રીતિનો વિનયનો અને મિત્રતાનો નાશ થવા સાથ તમામ દોષોનો ભાગીદાર લોભી માણસ ગણાય છે. માટે આ ચંડાળ ચોકડી અકંદરે આત્માને અહિતનીજ કરનારી છિ. ધર્મને અને મોક્ષને અટકાવનારી આ ચોકડી છે.

પ્રશ્ન ૧૪ મું—આત્માના હિતચિંતક પુરૂષે શું કરવું?

ઉત્તર—તે વિષે દશવૈકાલિક સૂત્રના ૮ મા અધ્યયનની ૩૭ મી ગાથામાં સારો ખુલાસો આપ્યો છે. સાંભળો.

कोहं माणं च मायं च, लोभं च पाववड्ढणं ।
वमे चत्तारि दोसाइं, इच्छंतो हिय मप्पणो ॥ ३७ ॥

અર્થ—ક્રોધ, માન, માયા ને લોભ આ ચારે પાપનાજ વધારવાવાળા છે, માટે આત્માનું હિત ઇચ્છનારા જનોએ એ ચારે દોષોને આત્માનું અહિત કરનારા જાણીને તેનો ત્યાગ કરવો.

પ્રશ્ન ૧૫ મું—ઉપર કહેલા ચારે કષાયનો ત્યાગ કરવાનો કોઈ અકસીર ઉપાય છે? હોય તો ઉપકાર બુદ્ધિએ બતાવો.

ઉત્તર—અકસીર ઉપાય મહાવીર પરમાત્માએ પોતેજ અનુભવ કરીને બતાવ્યો છે. સાંભળો. શ્રી દશવૈકાલિક સૂત્રના ૮ મા અધ્યયનની ૩૯ મી ગાથા.

उवसमेण हणइ कोहं, माणं मद्दवया जिणे ।
मायं अज्जव भावेणं, लोभं संतोसओ जिणे ॥ ३९ ॥

અર્થ—ઉપશમરૂપી ફાડી ભરવાથી ક્રોધરૂપી મહાહરદનો નાશ થાય છે. એટલે ક્રોધને હણનાર માત્ર ક્ષમાજ છે. માનનો નાશ કરનાર માર્દવપણું એટલે નિરભિમાનપણું છે અર્થાત્ અભિમાન રહિત થવાથી માનનો નાશ થાય છે. માયાનો (કપટનો) ત્યાગ કરવો હોય તેણે આર્જવપણું એટલે સરલપણું ધારણ કરવું. અને જેને લોભ જીતવો હોય તેણે સંતોષ ધારણ કરવો. સંતોષીને લોભ પરાભવ કરતો નથી.

પ્રશ્ન ૧૬ મું—મહાવીર પરમાત્માએ ચેોને કેવી રીતે અનુભવ કર્યો છે ?

ઉત્તર—સુયગડાંગ સૂત્રના ૬ ઠ્ઠા અધ્યયનની ૨૬ મી ગાથામાં શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ કરતાં શ્રી ગણધર મહારાજે કહ્યું છે કે-મહાવીર પરમાત્માએ ક્રોધ, માન, માયા ને લોભ એ ચારે અધ્યાત્મ દોષ જાણીને તેનું વમન કર્યું એટલે તેનો સર્વથા ત્યાગ કરી અર્હત્પદ મેળવ્યું અને મોટા ઋષીશ્વર થયા, અને પાપકર્મનાં અઢારે સ્થાનકને અટકાવ્યાં.

પ્રશ્ન ૧૭ મું—નમો અરિહંતાણું શબ્દને માટે ક્રોધ, માન, માયા ને લોભ આ ચારને અધ્યાત્મ શત્રુ કહ્યા તે તો મોહનીય કર્મના ભેદ છે તો શું આત્માનો શત્રુ એક મોહનીય કર્મજ છે ને બીજા નથી ?

ઉત્તર—આત્માના શત્રુ તો આઠે કર્મ છે. પણ મોહનીય કર્મની પ્રબલતાથી ા કર્મનું આગેવાનપણું છે. સિદ્ધાંતમાં પણ એજ વ્યાખ્યા છે કે એક મોહનીય કર્મનો નાશ થયે આઠે કર્મનો નાશ સમજવો એટલે પ્રથમ ઘનઘાતી કર્મ કે જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય ને અંતરાય એ ૪ કર્મને ઘાતી કર્મ કહ્યાં છે તે નિવડ કર્મમાં મોહનીય કર્મ રાજા સમાન છે. તેનો ક્ષય થતાં એકી સાથે મોહનીય કર્મ સહિત ચારે ઘાતી કર્મનો નાશ થાય છે. બાકીનાં ચાર કર્મ જે વેદનીય, આઊખું, નામ ને ગોત્ર એ ચાર અઘાતી કર્મ પણ બળી દોરડી સમાન માત્ર આકાર-રૂપે રહેલાં તે પણ નહિ જેવાંજ શાસ્ત્રકારે ગણીને આઠે કર્મના હણનાર અરિહંત કહ્યા છે. જેમ રાજાને જીતવાથી તેના તમામ રાજ્યને તથા સેના વગેરેને જીતી શકાય છે તેમ અહિં રાજારૂપી મોહનીય કર્મને જીતવાથી બાકીના પણ એની મેળેજ જીતી શકાય છે. એટલે આઠે કર્મ આત્માને શત્રુરૂપ છે માટે नमो अट्ठकम्म अरिहंताणं આઠ કર્મ રૂપી વેરીને હણનારાને પ્રથમ નમસ્કાર કર્યો છે.

પ્રશ્ન ૧૮ મું— આઠ કર્મરૂપી વેરીને હણનારને અરિહંત કહ્યા તે કયે ઠેકાણે કહ્યા છે ?

ઉત્તર—શ્રી ભગવતીજીની ટીકામાં બાબુવાલા છાપેલા પાના બીજાની પુઠી પેટીમાં નમો અરિહંતાણંના અર્થ જ્યાં કર્યો છે ત્યાં અરિહંત શબ્દનો અર્થ આ પ્રમાણે છે.

अट्ठ विहं पि यं कम्मं, अरिभूयं होइ सयल जीवाणं;
तं कम्ममरिहंता, अरिहंता तेणवुच्चंति ।

છે. કે આઠ કર્મ જે છે તે સકલ જીવને એટલે
તુલ્ય છે; તે કર્મરૂપી વેરીને હણીને જેણે
તેને અરિહંત કહેવા તે પદને પ્રથમ નમસ્કાર

યાં એક તર્ક ઉત્પન્ન થાય છે કે શત્રુને હણવામાં
વિના શત્રુનો નાશ થતો નથી તો પછી કર્મરૂપી
તે નાશ કર્યો ?

કા વિચારવા જેવી છે, તેનું સમાધાન આ પ્રમાણે
એક તેજસકાયનો અગ્નિ અને બીજો હીમનો
ી વણ વગેરે બળેલું વખતે પાલોવે છે, પણ
ણ વગેરે ફરી પાલવતું નથી. દ્રવ્ય શત્રુને
જ્વલિત થવાનો સંભવ છે; પરંતુ ભાવ વેરીને
અગ્નિનીજ આવશ્યક્તા છે. કર્મરૂપી શત્રુને
શાસ્ત્રકારે જણાવ્યા છે. સૂત્રમાં કહ્યું છે કે
યો શૂર પુરૂષ છે કે કર્મરૂપી શત્રુને હણ્યા ?
અરિહંત ભગવાન કે જેને ઘણા ઘણા પરિસહ
એવી ક્ષમા ધારણ કરી દીધી કે જેનું એક
હે થતાં તેજ ક્ષમાવડે જેણે કેવળજ્ઞાનને કેવળ
દર્શન પ્રગટ કર્યું —જ શૂરામાં શૂરા ક્ષમાવાન અરિહંત ભગવાન કહ્યા છે.

પ્રશ્ન ૨૦ મું—ક્ષમારૂપ ઠંડી અગ્નિથી કર્મનો નાશ થાય તે વાત ઠીક છે પણ બીજનો નાશ થવાને કાંઇ બીજો ઉપાય હોવો જોઇએ.

ઉત્તર—બીજો ઉપાય એ કે બીજને અગ્નિમાં શેકીને દગ્ધ કરી દીધા પછી વાવે તો તેનો અંકુરો ફુટે નહિ, તેમ કર્મને દગ્ધ કરી નાખવાથી તેના બીજને બાળી નાખવાથી ભવરૂપી અંકુરો પ્રગટ થતો નથી એમ ભગવતીજીની ટીકામાં કહ્યું છે.

પ્રશ્ન ૨૧ મું—ભગવતીજીની ટીકામાં શી રીતે કહ્યું છે તે જણાવશો ?

ઉત્તર—હાજી, સાંભળો. પહેલાજ પદના અર્થમાં ચાલતા અધિકારમાં કહ્યું છે કે :-

दग्धबीजे यथात्यंतं प्रादुर्भवति नांकुरः
कर्म्म बीजे तथा दग्धे, न रोहंति भवांकुरः ॥ १ ॥

દગ્ધ કરેલાં બીજને ગમે તેવી જમીનમાં વાવે તોપણ તેમાંથી અંકુરાની ફુટ થતી નથી તેમ કર્મબીજને દગ્ધ કરવાથી ભવરૂપી અંકુરો ઉત્પન્ન થતો નથી.

પ્રશ્ન ૨૨મું—બીજને અગ્નિથી શેકી દગ્ધ કરી નાખવાથી તે બીજનો અંકુરો ન ફુટે એ વાત નિર્વિવાદ કબુલ છે પણ તેવીજ રીતે કર્મને બાળવાને ચીજે અગ્નિ જોઈએ માટે તે અગ્નિ કયો?

ઉત્તર—સમજાયું, તમારે બાળવાયમાન અગ્નિની જરૂર છે તો તે પણ સાંભળો. ઉત્તરાધ્યયનના ૨૮ મા અધ્યયનમાં કહ્યું છે કે तवेणं परिसुज्झइ એટલે તપરૂપી અગ્નિએ કરીને આત્મા સાથે લાગેલાં કર્મને બાળીને આત્માને શુદ્ધ નિર્મળ કરે છે અને દેવસી ગાથાના પહેલા બે પદમાં કહ્યું છે કે सविता पुव्वकम्माइं संजमेण तवेण य પૂર્વકૃત કર્મ સંયમ અને તપવડે ખપે છે. એટલે કર્મનો સર્વથા નાશ થાય છે એટલે સંયમ અને તપરૂપ અગ્નિએ કરેલાં કર્મનો નાશ થવાથી તે ફરીને આત્માને તે કર્મ લાગતાં નથી.

પ્રશ્ન ૨૩ મું—શરીરભિન્ન શરીરમાં રહેલાં કર્મ અને આત્મા અનાદિકાળના સહચારી છતાં આત્મા તૈજસ કાર્મણ (સૂક્ષ્મ શરીર) ને કર્માભિન્ન શરીરને કેવી રીતે બાળી શકે?

ઉત્તર—જેમ આત્મા સાથે કર્માભિન્ન શરીરનો અનાદિકાળનો સદ્ભાવ છે તેમજ આત્મા માટે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના પર્યવ [illegible] છે [illegible] અગ્નિના [illegible] છે તેમ,

[illegible] ફૂટી નીકળી, બાળે આખી જેમ;
[illegible] પ્રગટ કરી, [illegible] બીજ કરે તેમ. ૧

[illegible] અગ્નિ [illegible] બાળી ભસ્મ કરે છે [illegible] હે [illegible] ઔદારિક [illegible] જ્ઞાનાગ્નિ પ્રગટ કરી [illegible] કર્માભિન્ન દેહના બીજને દગ્ધ કરી અર્થાત્ [illegible] ફરી [illegible] ઉત્પન્ન થતી નથી.

[illegible] અરિહંત ભગવંતને [illegible]

પ્રશ્ન ૨૪ મું—સિદ્ધપદ મોટું કે અરિહંત પદ મોટું?

ઉત્તર—અરિહંતથી સિદ્ધપદ મોટું છે. અરિહંત તો ચાર ઘાતી કર્મ [illegible] છે. અને સિદ્ધ તો સર્વ કર્મથી રહિત થયા છે માટે

સિદ્ધપદ મોટું છે. વળી અરિહંત તીર્થંકર મહારાજ દીક્ષા લેતી વખતે પણ સિદ્ધાણં નમો કિચ્ચા સિદ્ધ ભગવંતને નમસ્કાર કરે છે એમ આચારાંગ સૂત્રનું વાક્ય છે માટે અરિહંત પદથી સિદ્ધ પદ મોટું છે.

પ્રશ્ન ૨૫ મું—તો પછી ગણધર દેવ જેવા મહાપુરૂષોએ પ્રથમ સિદ્ધને નમસ્કાર નહિ કરતાં અરિહંતને નમસ્કાર કર્યો તેનું શું કારણ?

ઉત્તર—સિદ્ધને ઓળખાવનારા અરિહંત ભગવંત છે. ગણધર દેવના ગુરૂ પણ અરિહંત છે. જ્ઞાનના દાતા અરિહંત છે વગેરે કારણોને લઈને શિષ્યે ગુરૂનું માહાત્મ્ય પ્રગટ કરવા ગણધર દેવે પ્રથમ નમસ્કાર અરિહંત ભગવંતને કર્યો હોય એમ જણાય છે. અન્ય મતમાં પણ કહ્યું છે કે—

ગુરૂ ગોવિંદ દોનું ખડા, કિસકું લાગું પાય;
ગોવિંદસેં ગુરૂ બડા, કે જેણે ગોવિંદ દિયા બનાય. ૧

પ્રશ્ન ૨૬ મું—તો પછી ઉત્તરાધ્યયનના ૨૦ મા અધ્યયનમાં પ્રથમ મંગળાચરણમાં ગણધર દેવે સિદ્ધને નમસ્કાર કરીને પછી ભાવથી સંજમીને નમસ્કાર કર્યો તેમાં અરિહંતને કયા પદમાં ગણ્યા?

ઉત્તર—અહિંયાં ગણધર દેવે બહુજ વિવેકથી બે પદની રચના કરી છે. આ બે પદમાં ઘણા અર્થનો સમાવેશ થાય છે.

પ્રશ્ન ૨૭ મું—એ બે પદ અને તેનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તે જણાવશો?

ઉત્તર—હા, ૭ સાંભળો—સિદ્ધાણં નમો કિચ્ચા, સંજયાણં ચ ભાવઓ ગણધર મહારાજે પ્રથમ સિદ્ધને નમસ્કાર કરી અને સંયમીને ભાવથી નમસ્કાર કર્યો. એ પહેલો ભાંગો.

૨. બીજે ભાંગે—સિદ્ધ શબ્દમાં અરિહંતને સાથે ગણીને સિદ્ધ અને અરિહંત બંનેને સાથે નમસ્કાર કરી પછી તમામ સંયમીઓને ભાવથી નમસ્કાર કર્યો.

૩. ત્રીજે ભાંગે—સિદ્ધને નમસ્કાર કરીને સંયમી તીર્થંકરથી માંડી તમામ સંયમીને નમસ્કાર કર્યો.

૪. ચોથે ભાંગે—સિદ્ધ અને ભાવથી સંયમ ગુણે વર્તતા તમામ સંયમીને નમસ્કાર કર્યો.

પ્રશ્ન ૨૮ મું—પહેલે ભાંગે સિદ્ધને નમસ્કાર કર્યો તે તો ઠીક પણ સંયમીને ભાવથી નમસ્કાર કર્યો તે શી રીતે?

ઉત્તર—વ્યવહારથી તો જૈનધર્મની શૈલી પ્રમાણે રત્નાધિક એટલે ચારિત્રે અધિક હોય અથવા રયણાધિક જેને દીક્ષા સમય પ્રથમ રજોહરણ ગુરૂએ આપ્યો હોય તે રત્નાધિક કહેવાય તે અપેક્ષાએ ગણધર દેવ મહાવીરના શાસનના તમામ સાધુને નમવા યોગ્ય છે. છતાં મહાવીરના ગણધરે તમામ સંયમીને ભાવથી નમસ્કાર કર્યો તે અઢી દ્વીપમાં નાના મોટા સંયમ ગુણે વર્તતા એવા સંયમીના સંયમ ગુણને ભાવથી નમસ્કાર કર્યો છે.

પ્રશ્ન ૨૯ મું—બીજા ભાંગાનું સ્વરૂપ શી રીતે છે ?

ઉત્તર—બીજા ભાંગામાં અરિહંતને સિદ્ધ પદમાં ગણ્યા છે. સિદ્ધના બે ભેદ, એક ભાવકા સિદ્ધ, બીજા અભાવકા સિદ્ધ. ભાવકા સિદ્ધમાં અરહંત ભગવંત તેરમે ગુણસ્થાનકે વર્તતા સિદ્ધ ગતિને પ્રાપ્ત થવાના કામી થકા વિચરતા તે ભાવકા સિદ્ધ, અને અભાવકાના બે ભેદ, એક સંસાર તથા ચૌદમા ગુણસ્થાનવાળા અને બીજા અસંસાર તથા તે મોક્ષ ગતિને પ્રાપ્ત થયેલા સિદ્ધના જીવ એટલે સિદ્ધના બંને ભાંગે તમામ સિદ્ધને નમસ્કાર કર્યા બાદ સંયમીને પહેલા ભાંગાની પેઠે લેવું.

પ્રશ્ન ૩૦ મું—ત્રીજા ભાંગાનું સ્વરૂપ જણાવશો ?

ઉત્તર—ત્રીજે ભાંગે પહેલાં સિદ્ધને નમસ્કાર કરીને અઢી દ્વીપની અંદરના વર્તમાન સમયે છદ્મસ્થ તીર્થંકરથી માંડી કેવળપદના તીર્થંકર તથા સામાન્ય કેવળી તથા સંયમ ગુણે વર્તતા તમામ સાધુને ભાવથી નમસ્કાર.

પ્રશ્ન ૩૧ મું—ચોથા ભાંગાનું સ્વરૂપ શી રીતે છે ?

ઉત્તર—સિદ્ધને નમસ્કાર ઉપરના ત્રણ ભાંગામાં ગમે તે ભાંગે લેવા પણ સંજવાળુંય ભાવઓને માટે તમામ સંયમી સંયમ ભાવે વર્તતા એટલે ભાવથી સંયમીઓ ગૃહલિંગી પ્રમુખ સાતમા ગુણસ્થાનની ભાવનાએ વર્તતા એવા ભાવ સંયમી પ્રમુખ તમામ સંયમીઓને ભાવથી નમસ્કાર કર્યો.

અહિંયાં ગણધર મહારાજે બે પદના નમસ્કારમાં પાંચે પદને નમસ્કાર જણાવ્યો તેમ મુખ્યત્વે ભાવકા સિદ્ધમાં અરિહંત પદને આગળ કરી પોતાનું શિષ્યત્વપણું પ્રગટપણે જણાવ્યું.

પ્રશ્ન ૩૨ મું—સિદ્ધને રહેવાનું કોઈ સ્થાન ખરો કે કેમ ?

ઉત્તર—સિદ્ધને રહેવાનું સ્થાન લોકાગ્ર (લોકનો અગ્ર) ભાગ કહ્યો છે.

પ્રશ્ન ૩૩ મું—લોકાગ્ર ભાગ કઈ દિશાનો લેવો?

ઉત્તર—ઉર્ધ્વ દિશાનો લેવો.

પ્રશ્ન ૩૪ મું—ઉર્ધ્વ દિશાનો લોકાગ્ર કેટલો છે ને સિદ્ધ કેટલામાં ને ક્યાં રહ્યા છે?

ઉત્તર—ઉર્ધ્વ દિશાનો લોકાગ્ર એક રાજમાં છે ને સિદ્ધના જીવ મનુષ્ય લોકની અઢી દ્વીપની સીધી લીટીએ અઢી દ્વીપના જેટલાજ વિસ્તારવાળા પ્રદેશમાં એટલે કે ૪૫ લાખ જોજનની હદમાં ચૌદ રાજલોકની ઉપરની ટોચે રહ્યા છે.

પ્રશ્ન ૩૫ મું—સિદ્ધશિલા, મુક્તિશિલા સૂત્રમાં સાંભળી છે ને તે ઉપર સિદ્ધ રહ્યા છે. એમ સાંભળીએ છીએ તે કેમ?

ઉત્તર—એ વાત ખરી છે, પણ મુક્તિશિલાના ઉપલા તળીયા ઉપર રહ્યા છે એમ ન સમજવું. પણ મુક્તિશિલાના ઉપલા તળીયાથી એક જોજન છેટે લોકાગ્ર છે એટલે લોકનો અગ્ર ભાગ છે અર્થાત્ લોકનો અંત છે ત્યાં સિદ્ધ ભગવંત રહ્યા છે.

પ્રશ્ન ૩૬ મું—સિદ્ધને ત્યાંજ રહેવાનું શું કારણ?

ઉત્તર—ઉપર અલોક છે માટે ત્યાં અટક્યા એમ પન્નવણાજી સૂત્રનું બીજું પદ તથા ઉત્તરાધ્યયનનું ૩૬ મું અધ્યયન જણાવે છે.

પ્રશ્ન ૩૭ મું—ઉપર કહ્યા સૂત્રમાં શી રીતે કહ્યું છે તે જણાવશો?

ઉત્તર—સાભળો; પ્રથમ ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યું છે કે—कहिं-पडिहया सिद्धा ! कहिंसिद्धा पइट्ठिया !; कहिं बोन्दिंचइत्ताणं ? कत्थ गंतूण सिज्झइ ? उत्त० अध्य० ३६ गा. ५६ मी.

અર્થ—અહો પૂજ્ય! અહો ભગવન્! અહિંથી સિદ્ધ ગતિને પ્રાપ્ત થયેલા સિદ્ધ ભગવંત તે ક્યાં પ્રતિહત થયા? ક્યાં ખલાણા? ક્યાં અટક્યા? અર્થાત્ ક્યાં ગયા તે સિદ્ધ ક્યાં પ્રતિષ્ઠ્યા? ક્યાં રહ્યા? ક્યાં શરીરને છાંડ્યું અને ક્યાં જઇને સિદ્ધ થયા? આ પ્રમાણે ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યા બાદ ભગવંત મહાવીર દેવે કહ્યું કે હે ગૌતમ! સાંભળ.

अलोए पडिहया सिद्धा, लोयग्गे च पइट्ठिया;
इहं बोन्दिं चइत्ताणं, तत्थ गंतूण सिज्झइ. उ. अ. ३६ गा. ५७ मी.

અર્થ—સિદ્ધ અલોકે પ્રતિહત થયા, ખલાણા, અટકયા, અને લોકને અગ્રે લોકને અંતે પ્રતિષ્ઠયા રહ્યા. અહિં મનુષ્ય લોકમાં શરીરને છાંડયું અને જઇને સિદ્ધ ક્ષેત્રમાં સિદ્ધ થયા.

પ્રશ્ન ૩૮ મું—સિદ્ધ લોકના અગ્રભાગે જઇને અટકયા, પરંતુ અનંત શક્તિવાળા સિદ્ધને અલોકમાં જતાં અટકવાનું કારણ શું ?

ઉત્તર—જૈન સિદ્ધાંતાનુસાર લોકમાંજ ષટે-છએ દ્રવ્ય રહ્યાં છે, અલોકમાં તો એક આકાશજ રહેલ છે; માટે જીવ અને અજીવની ગતિ લોકમાંજ છે અલોકમાં નથી એવો અનાદિ સ્વભાવ છે.

પ્રશ્ન ૩૯ મું—મનુષ્ય ક્ષેત્ર અને સિદ્ધક્ષેત્ર વચ્ચે અંતર કેટલું ?

ઉત્તર—સાત રાજનું.

પ્રશ્ન ૪૦ મું—અહિંથી સિદ્ધ ક્ષેત્રમાં સિદ્ધના જીવને જતાં કેટલો વખત લાગે ?

ઉત્તર—માત્ર એકજ સમય લાગે. સમ શ્રેણીએ એક સમયે સિદ્ધ થાય એવું સિદ્ધાંત વાકય છે.

પ્રશ્ન ૪૧ મું—એક સમયમાં સિદ્ધક્ષેત્ર સુધી સિદ્ધને ગતિ કરવાનું પોતાનુંજ આત્મબળ કે કોઇ પદાર્થની પ્રેરણા ખરી ?

ઉત્તર—સિદ્ધનો આત્મા તો અક્રિય છે ગતિગમન કરવાની ક્રિયા સિદ્ધાત્માને હોવાનો સંભવ નથી; પરંતુ શરીરાકર્ષણના બળે આત્માની સ્થિતિ શરીરને વિષે હતી, પણ તે આકર્ષણ તૂટવાથી આત્મા સિદ્ધક્ષેત્રમાં દાખલ થાય છે. જેમ તાકેલા નિશાને બાણને પહોંચવાની ગતિ બાણ મૂકનાર અને બાણ મૂકવાના કામઠાના જોરથી કામઠથી-કમાનથી છુટેલું તીર જેમ નિશાનને ભેદે છે અર્થાત્ તાકેલા નિશાને દાખલ થાય છે તેમ ઉદારિક શરીરથી કરેલા જપ તપાદિકના બળે તૈજસ કાર્મણરૂપ કામઠથી છુટેલા એટલે કર્મથી છુટા થયેલા સિદ્ધાત્મા પૂર્વાકર્ષણનો અભાવ થતાં સિદ્ધક્ષેત્રમાં દાખલ થાય છે.

પ્રશ્ન ૪૨ મું—આ ન્યાય ઠીક છે, પણ બીજા ન્યાય હોય તો વિશેષ જણાવવામાં આવે.

ઉત્તર—આપની શંકાઓ ટાળવાને માટે ગ્રંથોમાં અનેક ન્યાયો છે. સંકેલો હમેશાં હલકી વસ્તુને ઉંચે ચડવાનો સ્વભાવ છે, એમ તો સો કોઇ જાણે છે સિદ્ધાંતમાં આત્માને હલકા અને ભારે પણાના ન્યાયમાં

તુંબડીને માટીનો લેપ અને કાથીના બીડાનું દ્રષ્ટાંત આપી જણાવ્યું છે કે-તુંબડીને આઠ માટીના લેપ અને આઠ કાથીના બીડા વડે ભારે થયેલી તુંબડીને જળાશયના તળે જઇને બેસવાનો સ્વભાવ છે. લેપ અને બીડાથી મુક્ત થયેલી તુંબડીને સ્વભાવેજ ઉંચી જળને અગ્રભાગે રહેવાનો સ્વભાવ છે તેમ ચાર ગતિરૂપ સંસાર સમુદ્રમાં આઠ કર્મના લેપે મિથ્યાત્વાદિ નિવડ ગાંઠયોના ભારે કરી આત્મા તળે જઇ બેસે છે તેજ આત્મા જ્યારે કર્માદિકથી નિર્લેપ થાય છે ત્યારે તુંબડીની પેઠે લોકાગ્રે જઇ ઠરે છે. અર્થાત્ કર્મ રહિત આત્માની નિર્લેપ તુંબડીની પેઠે ઉર્ધ્વગતિજ હોય છે. વગેરે ભગવતીજી સૂત્રમાં સિદ્ધ પરમાત્માની ઉર્ધ્વ ગતિને માટે અનેક ન્યાય દ્રષ્ટાંતો આપ્યાં છે.

પ્રશ્ન ૪૩ મું—જીવનો કર્મ ગ્રહણ કરવાનો સ્વભાવ છે તે મૂલના સ્વભાવને છોડીને સિદ્ધ કેવી રીતે થાય?

ઉત્તર—જીવનો અને કર્મનો જો કે મૂલનો (અનાદિ) સંબંધ છે તોપણ તથા પ્રકારની સામગ્રી મળવાથી કર્મ ગ્રહણ કરવાનું છોડીને જીવ શિવપણું પામી સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૪૪ મું—આ સંબંધી કાંઇ દ્રષ્ટાંતો છે?

ઉત્તર—હા જી, સાંભળો. પારાનો મૂળ સ્વભાવ ચંચળ અને અગ્નિમાં અસ્થિર રહેવાનો (ઉડી જવાનો) છે, પણ તથા પ્રકારની ભાવના દેવાથી પારો વહ્નિમાં સ્થિર રહે છે. અગ્નિમાં દાહકતાનો મૂળ સ્વભાવ છે, પણ તથા પ્રકારના પ્રયોગથી મંત્રયોગ અથવા ઔષધિ વડે બાંધવાથી અગ્નિમાં પ્રવેશ કરનારને અગ્નિ દહન કરતો નથી, તથા સત્ય શિયળના પ્રભાવે પણ અગ્નિ દહન કરતો નથી. અગ્નિનું ભક્ષણ કરનાર ચકોર પક્ષીને અગ્નિ પોતાનો સ્વભાવ બદલી જવાથી દહન કરતો નથી. તેમજ અભ્રક, સુવર્ણ, રત્ન કંબલ અને સિદ્ધ પારાને અગ્નિ દહન કરતો નથી. એવે વખતે અગ્નિમાંની મૂળ દાહકતા કયાં જાય છે? લોહચુમ્બક પાષાણમાં લોહ ગ્રહણ કરવાનો સહજ સ્વભાવ છે, પણ જ્યારે અગ્નિમાં તે ભૂત (ભસ્મીભૂત) થાય છે, અથવા તેના દર્પ (પ્રભાવ) ને હરણ કરનારી બીજી ઔષધિઓ તેને સંયુક્ત કરવામાં આવે છે ત્યારે તેનો લોહ ગ્રહણ કરવાનો સ્વભાવ નષ્ટ થાય છે. તેજ પ્રમાણે સિદ્ધોમાં કર્મ ગ્રહણ કરવાનો યોગ્ય સ્વભાવ જતો રહે છે. ધાન્ય પ્રમુખનું બીજ જ્યાંસુધી તેના મૂળ સ્વભાવમાં વિકાર થયો હોતો નથી, ત્યાંસુધી ધાન્યાંકુરની ઉત્પત્તિ કરે છે, પણ જ્યારે તે બીજ બળી જાય છે ત્યારે અંકુરોત્પત્તિ થતી નથી. તેવીજ રીતે સિદ્ધ

જીવોમાં કર્મ બીજ બળી જવાથી નવીન કર્મબંધ થતો નથી. વાયુનો સહજ સ્વભાવ ચંચળ વર્તે છે, પણ જ્યારે પવનને પખાલમાં નિરૂદ્ધ (ભરીને રોકવામાં) કરવામાં આવે છે, ત્યારે તે ચલ સ્વભાવ કેવી રીતે જતો રહે છે? તેજ રીતે સિદ્ધાત્માને વિષે કર્મ ગ્રહણ કરવાનો સ્વભાવ જતો રહે છે. આ અને એવાં બીજાં દૃષ્ટાંતોમાં જેમ મૂળનો સ્વભાવ બદલાઇ જાય છે, તેમ જીવનો કર્મ ગ્રહણ કરવાનો સહજ સ્વભાવ પણ સિદ્ધત્વ પામતાં જતો રહે તેમાં શું વિચિત્ર છે?

અન્ય મતમાં પણ કહ્યું છે કે—શુકાદિ મુનિઓ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર મૂલની સંજ્ઞાઓનો ત્યાગ કરીને પરબ્રહ્મરૂપ સિદ્ધ થયા છે. શૈવમતઃ—આ પ્રમાણે "જૈન તત્વસાર" માં કહ્યું છે.

પ્રશ્ન ૪૫ સું—સિદ્ધમાં સુખ શું?

ઉત્તર—સંસારમાં જે દુઃખ રહેલ છે તેમાંનુ સિદ્ધમાં કાંઇ ન હોય તેજ સુખ.

પ્રશ્ન ૪૬ સું—સંસારમાં કેવા પ્રકારનાં દુઃખ છે કે જે દુઃખ સિદ્ધમાં નથી.

ઉત્તર—ઉતરાધ્યયનના ૧૯ મા અધ્યયનની ગાથા તેમાં મૃગાપુત્રે ચાર પ્રકારનાં દુઃખ જણાવ્યાં છે તે ગાથાઃ—

जम्मं दुक्खं जरा दुक्खं रोगा य मरणाणिय;
अहो दुक्खो हु संसारो जत्थ किसन्ति जन्तवो ॥ १५ ॥

જન્મનું ૧, જરાનું ૨, રોગનું ૩, અને મરણનું ૪ આ ચાર પ્રકારનાં દુઃખ નિશ્ચેથી સંસારમાં રહેલાં છે. તે દુઃખ સિદ્ધમાં નથી એજ અનંતું સુખ.

પ્રશ્ન ૪૭ સું—જન્મના અને મરણના દુઃખનું કાંઇ વર્ણન હશે ખરૂં?

ઉત્તર—શાસ્ત્રકાર એ વિષે પ્રથમ ગર્ભાવાસનાં દુઃખનું વર્ણન કરે છે કે—ઉંઠ કોડી સુઇ સામટી, તાતીકર ચોબાણુહેં, એથી વેદના આઠ ગુણેરી, ઉંધે મુખ ઝુલાણુ હેં, એટલે આ શરીરમાં સાડીત્રણ કરોડ રૂંવાડાં હોય છે તેમાં એકી સાથે સાડીત્રણ કરોડ સુઇઓ ઉની કરી ચાંપે-ઘાલે તેમાં કેટલી વેદના થાય? તેથી આઠ ગુણી વેદના ગર્ભાવાસના જીવને થવાનું કહ્યું છે. એથી કરોડ ગુણી વેદના જન્મતી વખતની શાસ્ત્રકારે જણાવી છે, અને તેથી અનંત ગુણી વેદના મરણ સમયની કહી છે.

જન્મ સમયથી મરણના અંત સુધીમાં આધિ, વ્યાધિ ને ઉપાધિ તથા રોગ, જરા, પરવશપણું આદિ દુઃખોની સંસારને અંગે રહેલા જીવોની કાંઈ સીમા હોતી નથી. એમાંનાં કોઇપણ પ્રકારનાં દુઃખ સિદ્ધમાં નથી. એજ સિદ્ધનું સુખ. આ ઉપરાંત આપણી કલ્પનામાં પણ ન આવી શકે તેવું અકલ્પ્ય, અદૃશ્ય, અગમ્ય, અતીંદ્રિય અને અનિર્વચનીય એવું આત્માનું સ્વાભાવિક અનંતસુખ સિદ્ધ ભગવંતને હોય છે.

પ્રશ્ન ૪૮ મું—સંસારમાં રહેલાં ચાર પ્રકારનાં તથા બીજાં અનેક પ્રકારનાં દુઃખ જણાવ્યાં તે માંહેલું દુઃખ સિદ્ધમાં નથી તે તો ઠીક. પણ ત્યાં તેમને કરવાનું શું? જેમ સંસારમાં દુઃખ ઘણાં છે, તેમ સુખ પણ ઘણાં છે ભલે સિદ્ધમાં દુઃખ નથી, પણ ખાવાં, પીવાં આનંદ મોજશોખ ઉડાવવો, રમત ગમતમાં આત્માને આનંદમાં રાખવો વગેરે સુખોમાંનું સુખ સિદ્ધમાં હોવું તો જોઇએ અને તે જ્યારે ન હોય ત્યારે સુખ શાનું?

ઉત્તર—હે ભાઇ! એ સુખ તો બધા દેહધારીને માટે છે. સિદ્ધ ભગવંત દેહધારી નથી. સંસારી જીવ સક્રિય છે, સિદ્ધના જીવ અક્રિય છે. જે સક્રિયને કરવાનું છે તે અક્રિયને કરવાનું નથી. વ્યવહાર માત્ર સક્રિયને છે, અક્રિયને કોઇ પ્રકારનો વ્યવહાર નથી. આચારાંગ સૂત્રનું વાકય છે કે अकम्मस्स ववहारो न विज्जइ જેને આપણે સુખ માનીએ છીએ તે વ્યાવહારિક સુખ છે તે પૌદ્ગલિક સુખ છે. જે પ્રકારે જે વસ્તુના ભોગ વડે માનેલું સુખ તે કોઇ વખત દુઃખરૂપ થઇને ઉભું રહે છે. દુધપાક, બાસુંદી કે શીખંડ વગેરે મિષ્ટ ભોજન જમતાં જેટલો આનંદ થાય છે, તેટલોજ આનંદ બલકે તેથી વિશેષ દુઃખરૂપ તેજ સમય તે વસ્તુનું વમન કરતાં થાય છે. અને જ્યારે તે વિક્રિયા રૂપે પ્રગમે છે ત્યારે તેનાં દુઃખની સીમા રહેતી નથી. તો પછી ક્ષણભરનું સુખ કે ક્ષણ માત્રનો આનંદ શા કામનો? કામ ભોગને આશ્રિત સાંસારિક સુખ તે તો પામ (ખસ) વાળાને ખરજ ખણવાથી થતી મીઠાશ તુલ્ય છે.

કામ ભોગ પ્યારા લગે, ફલ કિંપાક સમાન;
મીઠી ખાજ ખુજાવતાં, પીછે દુઃખકી ખાણ. ૧

આ સુખ તે સુખ નથી પણ એકાંત દુઃખજ છે. જ્યારે આવા કૃત્રિમ અને કલ્પિત સુખમાં જ્ઞાની પુરુષો પણ આનંદ માનતા નથી, તો પછી સિદ્ધમાં તો એવો ખોટો આનંદ હોયજ કયાંથી? માટે સિદ્ધનું સુખ તો અવિનાશી બીજાજ પ્રકારનું છે.

પ્રશ્ન ૪૯ મું—સિદ્ધના જીવ જ્યારે અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંતવીર્યવંત છે તો તે ભલે દુઃખરૂપ કર્મને ગ્રહણ ન કરે, પણ સુખરૂપ શુભ કર્મોનું ગ્રહણ કરવાને શું અટકાવન છે?

ઉત્તર—સિદ્ધાત્માને શુભ વા અશુભ બંને પ્રકારનાં કર્મ ગ્રહણ કરવાનો અયોગ છે. કારણકે કર્મોનું ગ્રહણ સૂક્ષ્મ તૈજસ કાર્મણ શરીર વડે થાય છે. જેનો સિદ્ધાત્માને અભાવ છે. સિદ્ધાત્માને જ્યોતિ, ચિત્ અને આનંદના ભર સમૂહથી સદા તૃપ્તિ હોય છે. સુખ દુઃખની પ્રાપ્તિનાં ગણ્યુ ભુતકાળ સ્વભાવાદિ પ્રયોજકોનો સિદ્ધાત્માને અભાવ છે. સિદ્ધાત્મા નિરંતર નિષ્ક્રિય (ક્રિયા રહિત) છે. અથવા સિદ્ધાત્માનું સુખ વેદનીય કર્મના ઉદયથી નહિ પણ ક્ષયથી ઉત્પન્ન થયેલું અનંત છે, અને કર્મો શાન્ત થયેલાં તેની સ્થિતિ પૂરી થયે નાશ પામેલાં હોવાને લીધે કર્મો સિદ્ધના સુખના હેતુ થઇ શકતા નથી. તાત્પર્ય કે સિદ્ધાત્મા કર્મોનું ગ્રહણ કરતા નથી; જેમ લોકમાં ક્ષુધા અને તૃષા (ભૂખ અને તરસ) થી મુક્ત-તૃપ્ત થયેલા સંતોષી જીવને તૃપ્તિની કાલ મર્યાદા હોતી નથી. જીતેન્દ્રિય સંતુષ્ટ યોગીને કંઇપણ ગ્રહણ કરવાની વ્છા હોતી નથી. અથવા જેમ પૂર્ણ પાત્રમાં કંઇપણ માતું નથી તેમ સદા ચિદાનંદામૃતથી પરિપૂર્ણ સિદ્ધાત્મા કિંચિત્ કર્મ ગ્રહણ કરતા નથી. જેમ મનુષ્યને અદ્ભુત નૃત્ય દર્શન (નાટક-નાચના જોતા) થી સુખ થાય છે, તેમ સિદ્ધોને વિશ્વના વર્તાવ (વૃતાન્ત-બનાવ) રૂપ નાટકના જોવાથી નિત્ય સુખ વર્તે છે—અખંડ સુખ વર્તે છે.

પ્રશ્ન ૫૦ મું—સિદ્ધોને કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય કે શરીર કંઇ નથી તો તેઓ અનંત સુખ કેવી રીતે પ્રાપ્ત કરે છે?

ઉત્તર—લોકમાં કોઇ જ્વરાદિથી પીડિત હોય તે કદાચિત્ ઉંઘતો હોય ત્યારે તેનાં સગાં વહાલાં તે સુખમાં છે. જગાડશો નહિ, એ પ્રકારે બોલે છે. નિદ્રાવસ્થામાં ઇન્દ્રિયજન્ય સુખ કે કરપાદાદિની ક્રિયા કંઇ દેખાતું નથી. તો પણ સુતેલા માણસને સુખ હોવાનું કહેવામાં આવે છે. તેમ જાગૃત (જ્ઞાનાદિ ઉપયોગવાળા) સિદ્ધોમાં સદા સુખ હોય છે. અથવા, જે યોગી આત્મજ્ઞાનામૃતનું પાન કરતો પોતાને સુખી માને છે તેવા કોઇ સંતુષ્ટથી પુષ્ટ અને જિતેન્દ્રિય મુનિને બીજો માણસ પૂછે કે 'આપને કેમ છે'? ત્યારે તે 'સુખી' એવો જવાબ આપે છે તે ક્ષણે તેને કોઇ ઉત્તમ વસ્તુનો સ્પર્શ, ભોજનનો યોગ, ગંધગ્રહ, દર્શન કે શ્રવણ તેમજ પાણિપાદાદિની ક્રિયા કંઇ હોતું નથી, તો પણ તે સંતોષી મહાત્મા 'હું સુખી છુ' એમ વારંવાર કહે છે. તેનું જ્ઞાન સુખ તેજ જાણે છે. જ્ઞાનહીન તેનું કથન કરવાને સમર્થ

નથી. એજ પ્રમાણે સિદ્ધોમાં ઇન્દ્રિયોના વિષયો અને ક્રિયાઓ વિના અનંત સુખ છે તેમના સુખભરને તેઓજ જાણે છે. જ્ઞાની તે કહેવાને સમર્થ નથી કેમકે તે નિરૂપમ છે. જૈનતત્ત્વ સાર.

પ્રશ્ન ૫૧ શું—અનંત જ્ઞાની તીર્થંકર મહારાજે તો સિદ્ધનાં સુખનું સ્વરૂપ જાણ્યું હશે, તો તેવા જ્ઞાની પુરૂષોના કથનથી સિદ્ધનાં સુખનો સ્વરૂપનો કાંઇક પણ પ્રકાશ હોવો જોઇએ. તો તે વિષે સૂત્ર કાંઇ જણાવે છે ખરૂં?

ઉત્તર—સૂત્ર એમ જણાવે છે કે:-મનુષ્ય લોકમાં કે દેવલોકમાં એવો કોઇ પદાર્થ નથી કે તેની ઉપમા દઇને સિદ્ધનાં સુખને અનંત જ્ઞાની તીર્થંકર મહારાજ પણ બતાવી શકે?

પ્રશ્ન ૫૨ શું—સિદ્ધના સુખના મુકાબલામાટે લોકમાં કોઇ એવો પદાર્થ નથી કે ઉપમા દઇ અનંત જ્ઞાની પણ સમજાવી શકે તે સમજ્યું પણ જે સુખ જોવામાં આવે તે કહી શકે તો ખરા કે?

ઉત્તર—વનવાસી ભીલને રાજાએ પોતાના મહેલમાં છ મહિના રાખી તેના કર્ણપટપર કાંઈ પણ અવાજ નહિ પડતા દેતાં અનેક પ્રકારનાં રસ વ્યંજન સહિત મિષ્ટ ભોજનો, પુષ્પની શય્યા અને અરીસાભુવનની અંદર નેત્રને ગમતા અનેક પદાર્થોથી લેવાતો આનંદ આ તમામ સુખના અનુભવવાળો ભીલ જ્યારે પોતાના કુટુંબને મળે ત્યારે તેને કોઇ પૂછે કે ભાઇ શું આટલો વખત ક્યાં રહ્યો, તેં શું ખાધું પીધું અને તેં શું કર્યું? વગેરે પૂછતાં તે ભીલ શું ઉત્તર દઇ શકે? એક વાહ! વાહ! સીવાય કાંઇ કહી શકે નહિ. તેમ મહાવીર જેવા અનંતજ્ઞાની પુરૂષે પણ ગૈતમના સિદ્ધના સુખના પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં એજ ઉત્તર આપ્યો કે, સિદ્ધનું સુખ હું જાણું દેખું છું, અનુભવું છું, પણ કહેવાને શક્તિવાન નથી. જેમ મુંગાને અહો.કિક સ્વપ્ન આવે તે શું કહી શકે? તેમ જ્ઞાની પુરૂષો સિદ્ધનાં સુખને જાણવા શક્તિવાન છે, પણ કહી શકવા શક્તિવાન નથી.

પ્રશ્ન ૫૩ શું—તો હવે ટુંકામાં સિદ્ધનું સુખ જાણી શકીએ તેવો કોઇ દાખલો છે?

ઉત્તર—શાસ્ત્રમાં ન્યાય દાખલા તો ઘણા હોય પણ આપણે એક ટુંકાજ દાખલાથી સમજી શકીએ તેવો ન્યાય શ્રી પન્નવણાજી સૂત્રના બીજા ઠાણ પદમાં જણાવ્યો છે. તે અત્રે દાખલ કરીએ છીએ.

नवि अत्थि माणुसाणं, तं सोक्खं नविय सव्व देवाणं;
जं सिद्धाणं सोक्खं, अव्वाबाहं उवगयाणं. ॥ १३

सुरगण सुह सम्मत्तं, सव्वद्धा पिंडियं अणंतगुणं;
णवि पावइ मुत्तिसुहं, णंताहिं विवग्ग वग्गूविगोहिं. ॥ १४ ॥

सिद्धस्स सुहो रासी, सव्वद्धा पिंडिए जइ हवेज्जा;
सोणंत वग्ग भइओ, सव्वागासेण माइज्जा. ॥ १५ ॥

અર્થ—સિદ્ધ ભગવંતને નિરાબાધ સુખ જે પ્રાપ્ત થયું છે તેવું સુખ નથી મનુષ્યમાં કે નથી દેવતામાં. ૧૩ સર્વ દેવતાના સમુદાયના ત્રણે કાળનું સુખ એકત્ર કરે તથાપિ મુક્તિના સુખના અનંતમા ભાગે આવી શકતું નથી. ૧૪ ત્રણે કાળના (ગયોકાળ, વર્તમાનકાળ અને આવતો કાળ તેના) જેટલા સમય થાય તેનો વર્ગ કરી, તેને અનંત ગુણો કરે તેટલું દેવતાનું સુખ એકઠું કર તો પણ સિદ્ધના સુખને તુલ્ય એ સુખ આવી શકતું નથી. ૧૫ આટલું સુખ સિદ્ધમાં રહેલું છે. તેના માટે છેવટની બે ગાથામાં જણાવે છે કે—

णिच्छिन्न सव्वदुक्खा, जाइ जरा मरण बंधण विमुक्का;
अव्वाबाहं सोक्खं, अणुहोंति सासयं सिद्धा. ॥ २१ ॥

अतुल सुहसागरगया, अव्वाबाहं य णोवमं पत्ता;
सव्व मणागयद्ध, चिट्ठंति सुही सुहंपत्ता. ॥ २२ ॥

અર્થ—શારીરિક અને માનસિક સર્વ દુઃખનો ક્ષય થયો, જન્મ, જરા, મૃત્યુના બંધનથી મુક્ત થયા એવા સિદ્ધ સદૈવ પરમ સુખનો અનુભવ કરે છે એવા શાશ્વતા સિદ્ધ છે. ॥ ૨૧ ॥

અતુલ્ય સુખસાગર નિરાબાધ અનુપમ સુખને પ્રાપ્ત થયેલા અપર્યવસિત અનંત કાળ સુધી (સર્વ આવતા અનંતકાળ સુધી) એકાંત સુખ, સુખને સુખમાંજ રહે છે. ॥ ૨૨ ॥ બસ આજ સિદ્ધ ભગવંતનું અનંતું સુખ. આ પરમાં સિદ્ધ સંબંધીની ઘણી હકીકત જાણવા જેવી છે અને કેટલીક શંકાઓનું સમાધાન પણ ત્યાંથીજ થઇ જાય તેમ છે.

પ્રશ્ન ૫૪ મું—સિદ્ધને રહેવાનું સ્થળ તો માત્ર ૪૫ લાખ જોજનની લંબાઇ પહોળાઇની હદમાંજ છે, તો તેમાં અનંતા જીવ મુક્તિ ગયા અને જશે તે બધાનો સમાવેશ કેવી રીતે થઇ શકે? આ વિષે ઘણાં લોકોને મહાન્ શંકા ઉપજાવે છે; તો તે વિષે કાંઇ સૂત્રમાં ખુલાસો છે? હોય તો જણાવો!

ઉત્તર—ઉપરના કહેલ અધિકારમાં કહ્યું છે કે—ગાથા—

जत्थय एगो सिद्धो, तत्थणंता भवक्खय विमुक्का ।
अण्णोण्ण समोगाढा पुट्ठा सव्वेवि लोगंते ॥९॥
फुसइ अणंते सिद्धे, सव्व पएसेहिं नियम सो सिद्धा ।
तेवि असंखेज्ज गुणा, देसपएसेहिं जे पुट्ठा ॥१०॥

અર્થ—જ્યાં એક સિદ્ધ હોય ત્યાં અનંત સિદ્ધ હોય. સિદ્ધ એટલે ભવભ્રમણરૂપવિનાશ તેથી રહિત તથા જન્મ મરણરૂપભવનો ક્ષય કરી, સર્વ કર્મથી મુક્ત થયેલા એવા સિદ્ધ પરમાત્મા અન્યોન્ય-પરસ્પર એક બીજામાં મળેલા લોકના અંતને સ્પર્શીને રહ્યા છે. ૯

પોતાના આત્માના સર્વ પ્રદેશમાં એક સિદ્ધ, અનંત સિદ્ધના આત્માનો સ્પર્શ કરીને રહ્યા છે. એકેક સિદ્ધને અસંખ્યાતા આત્મપ્રદેશ છે તે સર્વ દેશથી વા પ્રદેશથી સ્પર્શી રહ્યા છે. ૧૦

આનો પરમાર્થ એ છે કે ૪૫ લાખ જોજનની માંહેલી કોર અનંતા સિદ્ધનો સમાવેશ આ પ્રમાણે થાય છે કે-જ્યાં એક સિદ્ધ ત્યાં અનંતાસિદ્ધ અને જ્યાં અનંતાસિદ્ધ ત્યાં એક સિદ્ધ, એટલે અન્યોન્યસિદ્ધના જીવો ફરસીને રહેલા છે. માટે સમાવેશનો વાંધો આવતો નથી.

પ્રશ્ન ૫૫ મું.—એકેક સિદ્ધને રહેવાની જગ્યા કેટલી હોય?

ઉત્તર—જે મનુષ્ય અહિંથી સિદ્ધ થાય તેનાં શરીરનાં પ્રમાણમાંથી ત્રીજો ભાગ બાદ કરતાં બાકીના બે ભાગના જેટલી, એક સિદ્ધ જગ્યા રોકે.

પ્રશ્ન ૫૬ મું.—થોડામાં થોડી અને ઘણામાં ઘણી કેટલી અવઘેણાવાળા સિદ્ધ થાય?

ઉત્તર—થોડામાં થોડી બે હાથની, અવગાહનાવાળા અને મધ્યમ સાત હાથની, અને ઉત્કૃષ્ટી પાંચસેં ધનુષ્યની અવગાહનાવાળા સિદ્ધ થાય. પાંચસેં ધનુષ્યની, અવગાહનાવાળાનો સિદ્ધ ક્ષેત્રમાં ત્રણસેં તેત્રીશ ધનુષ્યને બત્રીશ આંગુલનો અને બે હાથની અવગાહનાવાળાનો એક હાથને આઠ આંગુલનો ઘન પટે. એટલે બે હાથથી, માંડીને પાંચસેં ધનુષ્ય સુધીની અવઘેણાવાળા મનુષ્યો સિદ્ધ ગતિને પ્રાપ્ત થાય છે. તો તેની હદમાં રહેલો મધ્ય અવગાહનાવાળાનો પણ જે જીવ સિદ્ધ થાય તેનો ત્રીજો ભાગ બાદ કરતાં શરીરના બે ભાગ જેટલી જગ્યા સિદ્ધ ક્ષેત્રમાં સિદ્ધના જીવની, અવગાહના રહે.

પ્રશ્ન ૫૭ મું—સિદ્ધનો જે ઘન કહ્યો તે ઘન શું ? ને અવગાહના શું ? અને ત્રીજા ભાગે હીન શરીરના ઘનમાં અનંતા સિદ્ધનો પ્રવેશ કેવી રીતે થઇ શકે ? વગેરે સમજી શકાય તેમ જણાવશો ?

ઉત્તર—પન્નવણાજીમાં કહ્યું છે કે—અસરીરા જીવ ઘણા, સિદ્ધ ભગવંત અશરીરી છે, પાંચ શરીરમાંનું એકે શરીર નથી, તે જીવનો ઘન એટલે જીવના અસંખ્યાતા આત્મ પ્રદેશના મળેલા સમુહનો જે ઘન—તે ઘન, તે અસંખ્યાત પ્રદેશના ઘનને જેટલા આકાશ પ્રદેશ અવગાહીને રહેવાપણું તે અવઘેણા એટલે અરૂપી આત્મ પ્રદેશમાં એક બીજાનું સંમિલનપણું થવામાં—એકબીજામાં મળી જવામાં અટકાયત થાય નહિ.

પ્રશ્ન ૫૮ મું—દરેક સિદ્ધના જીવ જુદા, જુદા રહેવામાં શો બાંધો આવે ?

ઉત્તર—મોક્ષ થવાનું ક્ષેત્ર અને મોક્ષ પ્રાપ્ત થયેલા સિદ્ધાત્માનું ક્ષેત્ર માત્ર પિસ્તાળીશ લાખ જોજનનુંજ છે, અને મોક્ષનો પ્રવાહ અનંતકાળનો ચાલતો છે, ત્રણુ કાળમાં એ પ્રવાહ બંધ થાય તેમ નથી. વળી સમશ્રેણી એજ સિદ્ધ થાય. જ્યાં કલ્પના કરીએ ત્યાં મનુષ્ય ક્ષેત્રમાં એકવાલાગ્ર જેટલી પણ સિદ્ધ થયા વિનાની જગ્યા રહી નથી, જો કે જે જીવ મનુષ્ય ક્ષેત્રમાંથી સિદ્ધ થયા તે સિદ્ધ પોતપોતાના મૂળ સ્વભાવમાં દરેક સિદ્ધાત્મા જુદાજ છે. જે જગ્યાએ એક જીવ સિદ્ધ થયા છે, તેજ જગ્યાએ અનંતા અનંતા જીવ સિદ્ધ થયા છે. અને એકેક સિદ્ધને અનંતા અનંતા સિદ્ધાત્માઓ ફરસીને રહ્યા છે. તથાપિ દરેક સિદ્ધાત્મા જુદાજ છે. તેનું કારણકે અરૂપી અરૂપીમાં મળી જતાં સંકીર્ણ થાતું નથી.

પ્રશ્ન ૫૯ મું—એવો કોઇ દાર્શનિક પૂરાવો છે ?

ઉત્તર—મકાનની અંદર એક દીપક હતો. ત્યાં બીજો દીપક મૂક્યો તેમાં તે પ્રકાશ મળી ગયો કે કેમ ? અર્થાત્ એક દીપકના પ્રકાશમાં બીજા દીપકનો પ્રકાશ મળી ગયો તેમ ત્રીજા ચોથા એમ એક મકાનની અંદર અગણિત દીવા મૂકે અર્થાત્ જેટલા દીપક મૂકે તે તમામનો પ્રકાશ એક બીજામાં મળી જાય, પરંતુ દરેક દીપક અને તેનો પ્રકાશ પોતપોતાના સ્વભાવમાં જુદાજ છે. પ્રકાશના મળેલા સમૂહમાં એક બીજાને વ્યાઘાત જેમ થતો નથી, તેમ સિદ્ધ ક્ષેત્રમાં રહેલા એક સિદ્ધાત્મામાં અનંતા સિદ્ધનું એજ પ્રમાણે સમજી લેવું. એટલે દીપક રૂપ આત્મા અને પ્રકાશ રૂપ આત્મ પ્રદેશ દરેક સિદ્ધાત્માના મૂળ સ્વભાવે જુદાજ છે, અને ક્ષેત્ર સ્વભાવે જ્યાં કલ્પના કરે ત્યાં અનંતા છે.

પ્રશ્ન ૬૦ મું—મુક્તિ માર્ગનો પ્રવાહ નિરંતર ચાલતો રહે, અને સંસાર ખાલી થાય નહિ. આ વાક્ય પરસ્પર વિરૂદ્ધ કેમ ન પડે?

ઉત્તર—આ વિષે પૂર્વાર્દ્ધના ૪ થા ભાગમાં ૩૧ મા પ્રશ્નમાં ઘણો ખુલાસો કરવામાં આવ્યો છે. તોપણ વિશેષ ખુલાસાને માટે સાંભળો. અનંત જ્ઞાની ભગવંતે જે ભાવ જાણ્યા તેજ પ્રકાશ્યા. ભગવંતનું એ વચન અસત્ય નથી, પણ અલ્પ બુદ્ધિવાળા જીવોના ચિત્તમાં તેના વિચારમાં તે વાત બેસે નહિ. એ સ્વાભાવિક છે. એ ઉપર અલૌકિક દ્રષ્ટાંત છે, તે સાંભળતાંજ શ્રોતાજનોનું મન સ્થિર થાય તેમ છે. નદીઓનાં દ્રહ (મૂળ)માંથી (દ્રહમાંથી) નદી પ્રવાહ નીકળીને સદાકાળ સમુદ્ર ભણી વહે છે, તોપણ દ્રહો (દ્રહો) ખાલી થતાં નથી. નદી પ્રવાહ બંધ થતો નથી, અને સમુદ્ર કદી પૂર્ણ થતો નથી. તેવીજ રીતે સંસારમાંથી નીકળીને ભવ્ય જીવો મુક્તિમાં જાય છે, તોપણ સંસાર ખાલી થતો નથી, ભવ્ય જીવો ખૂટતાં નથી, અને મુક્તિ ભરાતી નથી. આ દ્રષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકનું સામ્ય-સરખાપણું સમ્યક્ પ્રકારે અવલોકન કરનારની અર્હદ્વચનમાંજ પ્રતીતિ થશે, અન્યત્ર નહિ.

બીજું પણ એક લઘુ પંક્તિ દ્રષ્ટાંત પ્રમાણના જાણકારોએ એ સાંભળવા યોગ્ય છે. કોઈ બુદ્ધિશાળી જન્મથી માંડીને મરણ પર્યંત ત્રણ લોકના સર્વ-શાસ્ત્રોનું હિંદુઓના ષડ્ (છ) દર્શન અને યવન શાસ્ત્રોનું, આત્મ શક્તિથી પઠન કરતો અસંખ્ય આયુષ્ય નિર્વહન કરે, તોપણ તેના અશ્રાન્ત પાઠથી તેનું (હૃદય) કદી શાસ્ત્રાક્ષરોથી પૂર્ણ થાય નહિ. શાસ્ત્રાક્ષરો ખૂટે નહિ અને શાસ્ત્રો ખાલી થાય નહિ. તેવીજ રીતે સંસારમાંથી ગમે તેટલા ભવ્યો મુક્તિમાં જાય તોપણ મુક્તિ પૂરાય નહિ. ભવ્યો ખૂટે નહિ અને સંસાર ખાલી થાય નહિ. અર્થાત્ મુક્તિ માર્ગ અંતરાય વિના વહેતો રહેશે. આ દ્રષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકની ભાવના વિજ્ઞ (જાણકારો) એ સ્વચિત્તમાં ચિન્તવી લેવી અને એવા અનેક દ્રષ્ટાંતો યોજવાં. (જૈનતત્વસાર.)

પ્રશ્ન ૬૧ મું—સિદ્ધ પરમાત્માને ત્યાં કરવાનું શું?

ઉત્તર—કેવળજ્ઞાન દર્શનના ઉપયોગની રમણતામાં-આનંદમાં રહેવા શીવાય બીજું કાંઈ કરવાનું નથી. શ્રી પન્નવણાજી સૂત્રનાં બીજાં પદમાંની ૧૨ મી ગાથામાં કહ્યું છે કેઃ—

केवलणाणु वउत्ता, जाणंति सव्वभाव गुणभावे;
पासंति सव्वओ खलु, केवल दिट्ठी हिणंताहि ॥१२॥

અર્થ—સિદ્ધના જીવ, કેવળજ્ઞાનના ઉપયોગવડે સર્વ દ્રવ્ય પર્યાયોના દ્રવ્ય ગુણ પર્યાયને જાણે છે, તેમજ કેવળ દર્શનવડે સર્વ ભાવને દેખી રા

છે, અર્થાત્ કેવળજ્ઞાન અને કેવળ દર્શનના ઉપયોગની રમણતામાં રહેવું તેજ તેમનું કર્તવ્ય તેજ તેમને કરવાનું.

પ્રશ્ન ૬૨ મું—સિદ્ધનું સ્વરૂપ કેવું હશે?

ઉત્તર—"જૈનતત્વસારમાં" પરબ્રહ્મના સ્વરૂપનું વર્ણન કર્યું છે ત્યાં સિદ્ધ પરમાત્માનુંજ સ્વરૂપ જણાવ્યું છે. તે આ રીતે પરોપકારમાં પરાયણતા (તત્પર) વીતરાગ, સર્વજ્ઞ અને સર્વદર્શી આપ્તો (વસ્તુનું સ્વરૂપ જેવું હોય તેવું કથન કરનારા) એ પરબ્રહ્મનું નિવેદન આ પ્રમાણે કર્યું છે. પરબ્રહ્મ નિર્વિકાર, નિષ્ક્રિય, નિર્માયી, નિર્મોહી, નિર્મત્સર, નિરહંકાર, નિઃસ્પૃહ, નિર્પેક્ષ, નિર્ગુણ, નિરંજન, અક્ષર (અવિનાશી) અનાકૃતિ, અનંતક, અપ્રમેય (અપાર) અપ્રતિક્રિય, અપુનર્ભવ, મહોદય, જ્યોતિર્મય, ચિન્મય, આનંદમય, પરમેષ્ટિ, વિભુ, શાસ્વત સ્થિતિયુક્ત, રોધ વિરોધ રહિત, પ્રભા સહિત, જગત જેનું નિઃસેવન કરે છે અને જેના ધ્યાનના પ્રભાવથી ભક્તો નિવૃત્તિને પામે છે એવા ઇશ્વરરૂપ છે.

પ્રશ્ન ૬૩ મું—સિદ્ધ વિષે બીજા દાખલાઓ હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—પ્રજ્ઞાપ્રકાશ સ્તોત્રમાં ગાથા ૩જી થી કહ્યું છે કે—

येनादि मुक्तौ किलसंतिसिद्धा, माया विमुक्तैागच कर्मबंधाः
एकस्वरुपा कथिता कवींद्रैः सिद्धांत शास्त्रेषु निरंजनास्ते.

અર્થ—સિદ્ધ સંબંધે એક જીવ આશ્રી આદિ છે, પણ અંત નથી. અને સર્વ સિદ્ધ આશ્રી આદિ અંત રહીત છે, એટલે અનાદિ સિદ્ધ છે. માયા એટલે કર્મથી મુક્ત થયેલા, તેમને કર્મનો બંધ ગયો છે, એટલે ફરીને કર્મનો બંધ થતો નથી. સિદ્ધ અનંતા છે, પણ એક સ્વરૂપી તેજોમય કવિંદ્રે કહ્યા છે. એટલે કવિના ઇંદ્ર જે ગણધર મહારાજ તેમણે સિદ્ધાંતને વિષે શાસ્ત્રને વિષે નિરંજન દેવનું સ્વરૂપ આ પ્રકારે જણાવ્યું છે—કે નિરંજન દેવ સિદ્ધ ભગવંત આ પ્રકારના છે.

પ્રશ્ન ૬૪ મું—સિદ્ધ નિરંજન દેવ કેવા પ્રકારના છે?

ઉત્તર—સાંભળો—

देहात्मनोमनचीनरूपं, महात्मनिनामनकल्पवर्त;
नेच्छानमोह पुनरागमेन, द्वेषो न वेषो न मदो न मानः॥

નિરંજન દેવ કેવા છે ? તો કે તેમને કાયા (પાંચ શરીરમાંનું શરીર) નથી, મન નથી, રૂપ નથી, મોટા કવીશ્વર તે પણ રૂપને કળી શકયા નથી. ઇચ્છા નથી, મોહ નથી, સંસાર વિષે ફરી આવવું નથી, દ્વેષ નથી, વેષ નથી, મદ નથી, માન નથી.

सिद्धान नार्यो न नरोनक्लीबाः यत्कृत्वयोगा न चलानसंति;
न येष्टि संहार कृदोन दश्या, भोगार्थिनोना कृति धारकानः ॥ ५ ॥

અર્થઃ—સિદ્ધ તે સ્ત્રી વેદે નથી, પુરૂષ વેદે નથી, નપુંસક નથી, વાત કરવા યોગ નથી, એટલે આપણે મુખે કહી શકીયે તેવા નથી, અથવા મન, વચન, કાયાના યોગ નથી, ત્યાંથી ચળવાવાળા નથી, અથવા ચલન સ્વભાવ નથી, ઇષ્ટી સંહાર કરતા નથી, દ્રષ્ટિગોચર આવે એવા નથી. ભોગના અર્થી નથી, આકારવંત નથી, આવા નિરંજન દેવ સિદ્ધ સ્વરૂપી રહ્યા છે

પ્રશ્ન ૬૫ મું—જેને આપણે નિરંજન કહીએ છીએ. સિદ્ધ કહીયે છીએ. તેને અન્યમતમાં ઇશ્વર કહે છે. તો અન્યમતના શાસ્ત્રમાં ઇશ્વરનું સ્વરૂપ કેવું કહ્યું છે ?

ઉત્તર—ઇશ્વરના સ્વરૂપ માટે વેદાંત મતમાં આ પ્રમાણે કહ્યું છે:—

नभूमिर्नचापोनवह्निनवायु, नचाकाश मास्तेननिद्रानतंद्रा;
नग्रीष्मो नशीतो नद्वेषो नवेषो, नयस्यास्तिमूर्तिस्त्रिमूर्तिस्वमीडे ॥ १ ॥

અર્થ—ઇશ્વરનું સ્વરૂપ તે ભૂમિ-પૃથ્વીરૂપ નથી, પાણીરૂપ નથી, અગ્નિરૂપ નથી, વાયુરૂપ નથી, આકાશરૂપ નથી, નિદ્રારૂપ નથી, તંદ્રારૂપ નથી, ઉષ્ણ નથી, શીત નથી, દ્વેષમય નથી, વેષરૂપ નથી, કોઇ પ્રકારની મૂર્તિ કે ત્રિમૂર્તિરૂપ ઇશ્વર નથી.

પ્રશ્ન ૬૬ મું—તો હવે ઇશ્વર કેવા છે ? તે સ્વરૂપ જાણવું જોઇએ.

ઉત્તર—ઇશ્વર अजंशाश्वतंकारणम् कारणानाम शिवंमात्रकं केवलं भासका नामः तुरियंतमः पारमार्थंतहीनं, प्रपद्ये परंपावन द्वैतहीनं ॥१॥

અર્થ—ઇશ્વર અજન્મ છે, જન્મ લેતા નથી, શાશ્વતા છે, કારણનું પણ કારણ છે એટલે આપણે જેની ઉપાસના કરીએ છીએ, તે પણ તેમની ઉપાસના કરે; શિવસ્વરૂપી કેવલ્યસ્વરૂપી જ્ઞાનીઓજ તેમનું સ્વરૂપ કહી શકે. ત્રણ પ્રકારની વય માંહેલી વય નથી. આદિ અંતરહિત પરમપદને પ્રાપ્ત થયેલા પવિત્રમાં પવિત્ર અદ્વૈત એકજ ઇશ્વર સ્વરૂપે છે.

પ્રશ્ન ૬૭ મું—સિદ્ધનું સ્વરૂપ સિદ્ધાંતમાં કાંઇ વર્ણવેલું છે? હોય તો તે બતાવશો?

ઉત્તર—શ્રી આચારાંગજી સૂત્રનું પાંચમું અધ્યયન તેનો છઠ્ઠો ઉદ્દેશો અને ભાષાન્તરની કલમ ૩૩૦ થી ૩૩૩ સુધીમાં કહ્યું છે કે—

सव्वे सराणियट्टंति तक्का जत्थण विज्जंति, मइतत्थण गाहिया,
ओए अप्पतिट्ठाणस्स खेयन्ने (३३०)

ભાષાન્તર—(મુક્તિના સુખમાં રહેનારા જીવોની જે અવસ્થા વર્તે છે તે જણાવવા) કોઇપણ શબ્દો સમર્થ થતા નથી, કોઇપણ કલ્પના દોડી શકતી નથી, અને કોઇપણની મતિ પહોંચી શકતી નથી ત્યાં સકલકર્મ રહિત એકલો જીવ સંપૂર્ણ જ્ઞાનમય બિરાજે છે. (૩૩૦)

પ્રશ્ન ૬૮ મું—મુક્તિ સ્થિત જીવ માટે સૂત્ર શું જણાવે છે?

ઉત્તર—નીચેની કલમમાં મુક્તિ સ્થિત જીવ માટે એમ જણાવે છે કે—

सेणदीहे, णहस्से, णवट्टे, णतंसे, णचउरंसे, णपरिमंडले, णकिण्हे, णणीले, णलोहिए, णसुक्किले, णसुरभिगंधे, णदुरभिगंधे, णतित्ते, णकडुए, णकसाए, णअंबिले, णमहुरे, णकक्खडे, णमउए, णगरुए, णलहुए, णसीए, णउण्हे, णणिद्धे, णलुक्खे, णकाउ, णरुहे, णसंगे, णइत्थी, णपुरिसे, णअन्नहा, परिण्णे सण्णे ॥ (३३१)

ભાષાન્તર—તે મુક્તિ સ્થિત જીવ નથી લાંબો, નથી ટુંકો, નથી ગોળ, નથી ત્રીકોણ, નથી ચોરસ, નથી મંડળાકાર, નથી કાળો, નથી લીલો, નથી રાતો, નથી પીળો, નથી ધોળો, નથી સુગંધી, નથી દુર્ગંધી, નથી તીખો, નથી કડવો, નથી કસાયેલો, નથી ખાટો, નથી મીઠો, નથી કર્કશ, નથી સુકુમાર, નથી ભારી, નથી હલકો, નથી ઠંડો, નથી ગરમ, નથી સ્નિગ્ધ, નથી રૂક્ષ, નથી શરીરવાળો, નથી જન્મધરનાર, નથી સંગપામનાર, નથી સ્ત્રીરૂપ, નથી પુરૂષરૂપ, નથી નપુંસકરૂપ, કિંતુ જ્ઞાતા અને પરિજ્ઞાતા થઇ બિરાજે છે. (૩૩૧)

પ્રશ્ન ૬૯ મું—ઉપરનાં બે સૂત્રોમાં સિદ્ધ ભગવંત માટે શું કહ્યું છે?

ઉત્તર—ઉપરમાં જૈનસિદ્ધાંત એમ જણાવે છે કે—

[illegible] । अरूवीसत्ता । अपयस्स पयं णत्थि । (३३२)
सेणसद्दे, णरूवे, णगंधे, णरसे, णफासे इच्चेतावंति त्तिबेमि ॥ (३३३)

ભાષાન્તર—મુક્ત જીવોને જણાવવા માટે કોઇ ઉપમા છેજ નહિ. કેમકે તેઓની અરૂપી હયાતી રહેલી છે. તેમજ તેઓને કશો પણ અવસ્થા વિશેષ છે નહિ, માટે તેમને જણાવવા માટે કોઇ શબ્દની પણ શક્તિ નથી. (૩૩૩)

કેમકે તેઓ નથી શબ્દરૂપ, નથી સ્પર્શરૂપ, નથી રૂપરૂપ, નથી ગંધરૂપ અને નથી રસરૂપ. (અને વાચ્ય વસ્તુના વિશેષ તો માત્ર એ શાબ્દાદિક પાંચ ગુણજ છે તે મુક્ત જીવોમાં છે નહિ. માટે તેઓ અવાચ્ય છે. (૩૩૪)

સિદ્ધ પરમાત્માની વ્યાખ્યા ઉપર કહ્યા પ્રમાણે સૂત્રમાં કરી છે તે મૂળપાઠ સાથે જણાવી.

પ્રશ્ન ૭૦ મું—સિદ્ધ ભગવંત મનુષ્ય ક્ષેત્રથી એટલે આપણાથી સાત રાજ છેટે રહ્યા છે. તો એટલે છેટેથી તે આપણું કલ્યાણ કેવી રીતે કરી શકે ?

ઉત્તર—આપણું કલ્યાણ તો આપણેજ કરવાનું છે. એટલે જે રસ્તે પરમાત્માએ મુક્તિ મેળવી; સિદ્ધ પદ ધારણ કર્યું છે; તે રસ્તાને આપણે પકડશું;–તે પંથને વિષે ચાલશું, તો આપણે પણ તે પદને ધારણ કરી શકશું. એટલે જ્યારે સિદ્ધ સમાન આપણો આત્મા શક્તિવાન થશે ત્યારે તે આપોઆપ પોતેજ મુક્તિ પદ મેળવી શકશે, માટે આપણું કલ્યાણ તો આપણેજ કરવા શક્તિવાન છીએ. તોપણ સાત રાજ રહ્યા–સિદ્ધ પરમાત્મા પણ આપણા આત્માનું કલ્યાણ કરવાને શક્તિવાન છે તે વાત કાઢી નાખવા જેવી નથી.

પ્રશ્ન ૭૧ મું—શું ન્યાયથી તે આપણું કલ્યાણ કરી શકે છે ?

ઉત્તર—એક તો એ કે–તેમના ધ્યાનના પ્રભાવથી આપણો આત્મા નિવૃત્તિ પામે છે બીજું કારણ નીચેના ન્યાયથી જાણશો. પ્રશ્ન પ્રકાશમાં કહ્યું છે કે:—

यथाग्नि तापः सुख दोजनानां, शीतं सदा हंति न संसयोऽस्ति ; श्री सिद्ध आयोहि तथा चस्तेयं, पापं प्रहत्यं च हिमत्र चित्तं

અર્થ:—યથા દ્રષ્ટાંતે–જેમ અગ્નિનો તાપ દૂર રહ્યા મનુષ્યોને સુખ રૂપ થાય છે. એટલે ટાઢથી પરાભવેલા મનુષ્યોની શીતને હણવાને સદાય અગ્નિ શક્તિવાન છે. એ દ્રષ્ટાંતે સિદ્ધ પરમાત્માના સ્મરણ વડે ઘણાં પાપના સમુહનો નાશ થાય તેમાં શું આશ્ચર્ય. અર્થાત્ સિદ્ધ પરમાત્મા સાત રાજ

છેટે રહ્યા, પણ તેમનો ભય આપણાં આત્માનું કલ્યાણ કરે છે, તેમાં આશ્ચર્ય નથી.

પ્રશ્ન ૭૨ મું—મુક્તિ વરવાની ઇચ્છા કોને ન હોય ?

ઉત્તર—મુક્તિ વરવાની ઇચ્છા સૌ કોઇને હોય છે. દુનિયાંમાં જેટલા ધર્મ, જેટલા મત, જેટલા પંથ વર્તે છે, તે તમામ મુક્તિને વરવાની ઇચ્છા ધરાવે છે, અને પોતપોતાના ધર્મમાંજ મુક્તિ માને છે. જો કે કોઇ કેવા સ્વરૂપે કે કોઇ કેવા સ્વરૂપે મુક્તિનો બોધ આપે છે, અને મુક્તિનો માર્ગ બતાવે છે, અને ભક્તોને એમજ બોધે છે કે, અમારામાંજ મુક્તિ મળે તેમ છે. પોતાના પંથમાં મુક્તિ મળવાને માટે સોનેરી મોટા અક્ષરના મુક્તિ ફોજના બોર્ડ મારી આ ફોજ મુક્તિ જવાની છે એમ પણ જણાવે છે. આ ઉપરથી એમ તો નિશ્ચય થાય છે કે મુક્તિને વરવાની ઇચ્છા તમામ ધર્મવાળાને રહી છે.

પ્રશ્ન ૭૩ મું—તમામ મતવાળા મુક્તિને વરવાના ખરા ?

ઉત્તર—ઇચ્છા તો તમામની હોય પણ મુક્તિ તેમને વરશે કે નહિ, તે એક પ્રશ્ન છે. આ મુક્તિસુંદરીના સ્વયંવરમાં મળેલા તમામ ધર્મના અધિકારીઓ એમજ માની બેઠા હોવા જોઇએ કે મુક્તિસુંદરી અમનેજ વરશે–અમારી કોટમાંજ વરમાળ નાખશે. પણ વરમાળા કોની કોટમાં નાખશી અને કોને વરવું તે તેના હૃદયની વાત છે.

પ્રશ્ન ૭૪ મું—મુક્તિ સુંદરી કોને વરમાળી નાખશે ?

ઉત્તર—જે તેને લાયક જણાશે તેને અર્થાત્ મુક્તિને વરવાનો–લાયકતાના ગુણો જેનામાં જોવામાં આવશે તેની કોટમાં મુક્તિસુંદરી વરમાળા નાખશે એ વાત સત્ય છે.

પ્રશ્ન ૭૫ મું—મુક્તિસુંદરીને વરવાવાળામાં કેવા ગુણો હોવા જોઇએ ? અને સ્વયંવર સંબંધીની હકીકત સંક્ષેપે જણાવશો ?

ઉત્તર—સાંભળો :–મુક્તિ તે મુક્તિ સુંદરી, તેને વરવાની ઇચ્છા ધરાવનારા ક્રિયા વાદી, અક્રિયા વાદી, જ્ઞાન વાદી, અજ્ઞાન વાદી, વિનય વાદી, જડ વદી, સાતાવાદી, ભ્રમ વાદી, આદી ત્રણસેં ત્રેસઠ મતવાદીઓ રાજા મહારાજાપણે પૂજાતા, મનાતા, અમેજ મોક્ષના અધિકારી છીએ, અમનેજ મુક્તિ સુંદરી વરવાની છે; એવી ઇચ્છા ધરાવનારા દરેક મતવાદીઓ રાજા તરીકે જાણવા. મુક્તિ સુંદરીની સુંમતિ દાસી (રાજા રાણાને ઓળખાવનારી) અને સમકિત રૂપી વરમાળા (જેની ડોકમાં પડી તે મુક્તિનો અધિકારી

થઇ ચૂકયો.) બ્રહ્માંડરૂપી મંડપને ટોચે રહી અદશ્યપણે પોતાને વરવા મળેલા ના ગુણોનું નિરીક્ષણ કરવી, તેમજ સુમતિ દાસી દરેક પંથના સેવન કરનારાની તમામ હકીકત જણાવતી એક બીજા પથનું અર્થાત્ મતવાદીઓનું ઉલંઘન કરવી નિરીક્ષણ કરવી ચાલી જાય છે.

પ્રશ્ન ૭૬ મું--મુક્તિ સુંદરી કેવા ગુણવાળાને વરવાની ઇચ્છા ધરાવતી હશે ?

ઉત્તર—જે ગુણો વડે પોતે જે પદ મેળવ્યું છે. તેવાજ ગુણવાળા એટલે પોતાના બરાબરી ગુણોવાળાને વરવાની ઇચ્છા ધરાવે છે, અને તેનેજ શોધતી ફરે છે. અર્થાત્ પોતાની દીવ્ય દષ્ટિ વડે તેને જુએ છે.

પ્રશ્ન ૭૭ મું--મુક્તિ સુંદરીને કેવા ગુણોવાળા પુરૂષો જોઇએ છીએ તે તો જણાવો?

ઉત્તર—હયો, જુઓ સાંભળો—

पंचासव परिन्नाया, तिगुत्ताछमुसंजया; पंचनिग्गहणा धीरा, निग्गंथाउज्जुदंसिणो. ॥११॥ द० अ० ३ ॥ हत्थसंजए, पायसंजए, वायसंजए संजए इंदियस्स; अज्झप्परए सुसमाहिअप्पा, सुत्तत्थं च विआणइजेसभिक्खु ॥ द० अ० १० गा० १५॥ तवोगुण पहाणस्स, उज्जुमइखंति संजमरयस्स; परीसहे जिणंतस्स, सुलहा सोगइतारिसगस्स. ॥ अ० ४ गा० २७ ॥

અર્થ—(મુક્તિ સુંદરી આવા પુરૂષોની શોધ કરે છે)

હિંસાદિ પાંચે આશ્રવના ત્યાગી, મન આદી ત્રણે ગુપ્તિએ ગુપ્ત, ષટકાય-પૃથ્વ્યાદિ છકાયના રક્ષક, પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ કરવાવાળા, બાવીસ પરિસહ ઉત્પન્ન થયે, ધૈર્ય ધારણ કરવાવાળા, માયા કપટરુપ ગ્રન્થિ રહિત, સંયમ સાથી જેની દ્રષ્ટિ છે (એવા નિગ્રંથ કે, જેના) હાથ, પગ, વચન અને ઇંદ્રિયો એકંત સંયમ રૂપજ હોય તથા ' अझ्झप्परतः ' પ્રશસ્તધ્યાના સક્ત-શુભ ધ્યાનમાં જે આસક્ત હોય, જેનો આત્મા સદાય સમાધિમાં લીન હોય. સૂત્ર અને અર્થનો વિજ્ઞાન સહિત યથાતથ્ય જાણ હોય, એવો હોય તેને હું ખરો ભિક્ષુ કહું છું ॥ (તે ભિક્ષુ) તપના ગુણે કરી પ્રધાન, કપટ રહિત-સરલ, મતિવંત, ક્ષમાવંત, અને સંયમને વિષે રમણતા કરવાવાળા અને પરિસહાને જીવવાવાળાને, સુગતિ (મોક્ષની પ્રાપ્તિ-મુક્તિ સુંદરી વરવી) સુલભ છે.

ઉપરોક્ત ગુણવાળા પુરૂષોને મુક્તિ-સુંદરી વરવા ઈચ્છા ધરાવે છે. અને પોતાના સ્વામીને માટે સુમતિ દાસી પણ લાયક વરની શોધમાં ફર્યા કરે છે અને ઉપર કહ્યા ગુણવાળાનીજ ડોકમાં માળા નખાવાની છે.

પ્રશ્ન ૭૮ મું—આમાં કાંઇ ધર્મનો મતભેદ ખરો કે અમુક ધર્મમાં આવા ગુણવાળા હોય તેનેજ મુક્તિ સુંદરી વરવાની ?

ઉત્તર—મહાવીરે એમ કાંઇ જણાવ્યું નથી, કે અમુક ધર્મવાળા મુક્તિના અધિકારી છે. પણ એમ તો ચોકસ કહી ગયા છે કે અમુક અમુક ગુણવાળાનેજ મુક્તિ વરવાની છે. ગમે તે મતમાં, ગમે તે પંથમાં કે ગમે તે ધર્મમાં, ગૃહવાસમાં કે ત્યાગી દશામાં ઉપર જણાવેલા ગુણો જેનામાં હશે તેને મુક્તિ સુંદરી અવશ્ય વરવાની. સુમતિ સખી પણ તેવાજ પુરૂષોને બતાવવાની અને તેવા ગુણોવાળાનીજ ડોકમાં ક્ષાયક સમકિત રૂપ માળા પડવાની. જેની ડોકમાં યથાખ્યાત ક્ષાયક સમકિતની માળા પડી, તે મુક્તિનો અધિકારી મુક્તિ સુંદરીનો વર થઇ ચૂકયો.

(ઇતિ મુક્તિ સુંદરીનો સ્વયંવર.)

પ્રશ્ન ૭૯ મું—મોક્ષ પામેલા તે પાછા આવે ખરા કે કેમ ?

ઉત્તર—આચારાંગજીમાં કહ્યું છે કે-મુક્તિમાં વાસ કરનાર તેને જન્મ ધરવો નથી. જૈન તત્ત્વસારમાં પરબ્રહ્મના સ્વરૂપનું વર્ણન કર્યું છે તેમાં 'અપુનર્ભવ' કહ્યો છે. જૈન સિદ્ધાંતમાં "નમોથ્થુણં" ના પાઠમાં 'मपुणरावत्तिं' નથી ફરીથી અવતરવું જેને सिद्धिगइ એહવી સિદ્ધની ગતિ છે. એટલે સિદ્ધ ગતિમાં ગયા-સિદ્ધ થયા તેને ફરી અવતરવું નથી. તથા વિજ્ઞાન વલ્લભ એ નામનું પુસ્તક સંવત ૧૯૭૯ માં છપાયું છે-આવૃત્તિ ચોથી. તેના પૃષ્ટ ૧૮ મે કહ્યું છે કે-મોક્ષ પામનારા મોક્ષ પામ્યા પછી પાછા આવતા નથી. તેવું ગીતાજીના ૧૫ માં અધ્યાયના ૬ ઠ્ઠા શ્લોકમાં શ્રી કૃષ્ણ પ્રભુએ કહ્યું છે.

પ્રશ્ન ૮૦ મું—શ્રી ગીતાજીનો મૂળ શ્લોક કેવી રીતે કહ્યો છે તે જણાવશો ?

ઉત્તર—ગીતાજીનો મૂળ શ્લોક આ રીતે છે-સાંભળો—

न तद्भासयते सूर्यो, न शशांको न पावकः ।
यद्गत्वा न निवर्तंते, तद्धाम परमं मम ॥ ६ ॥

અર્થ—જે પદને સૂર્ય, ચંદ્રમા કે અગ્નિ પ્રકાશ કરી શકતા નથી અને જે પદને પામીને ફરી યોગીઓ પાછા આવતા નથી તે મારૂં ઉત્તમ ધામ છે. ૬.

તેમજ પ્રજ્ઞા પ્રકાશમાં પણ કહ્યું છે કે-નિરંજન પદ પામ્યા પછી 'પુનરાગમોન' આ સંસારમાં ફરી આગમન તેમનું હોતું નથી.

પ્રશ્ન ૮૧ મું—ભગવતીજી વગેરે સૂત્રોમાં જ્યાં નમોથ્થુણનો પાઠ આવે છે ત્યાં પહેલું નમોથ્થુણં સિદ્ધ ભગવંતનું, બીજું અરિહંત તીર્થંકર મહારાજનું ને ત્રીજુ ધર્મ ગુરૂનું એમ ત્રણ નમોથ્થુણં કહેવામાં આવે છે. તેમાં એક સવાલ ઉઠે છે કે—પહેલું નમોથ્થુણં સિદ્ધ ભગવંતનું છે ને તેમાં ગુણ તો બધા તીર્થંકરના આવે છે તેનું કારણ શું ?

ઉત્તર—નમોથ્થુણંતો સિદ્ધ ભગવંતનુંજ છે, પણ જે તીર્થંકરો મોક્ષગતિને પામીને સિદ્ધ થયા તે તીર્થંકરોના ગુણોનું વર્ણન કરીને સિદ્ધનું સ્વરૂપ જણાવ્યું છે.

પ્રશ્ન ૮૨ મું—જ્યારે પહેલા નમોથ્થુણંમાં તીર્થંકર અને સિદ્ધ બનેના ગુણોનો સમાવેશ થાય છે, તો પછી બીજું તિર્થંકરનું જુદું પાડવાનું શું કારણ ?

ઉત્તર—બીજું નમોથ્થુણં વર્તમાન તીર્થંકરને માટે એટલે કેવળપદે તીર્થંકર હયાતી ધરાવતા હોય તેને માટે કહ્યું છે.

પ્રશ્ન ૮૩ મું—તીર્થંકર હયાતી ન ધરાવતા હોય તો ?

ઉત્તર—તીર્થંકરની હયાતી ન હોય તો સિદ્ધનું તો ખરૂંજ અને ગુરૂની હયાતી હોય તો ગુરૂનું.

પ્રશ્ન ૮૪ મું—તીર્થંકર અને ગુરૂની હયાતી ન હોય તો ?

ઉત્તર—એક સિદ્ધનુંજ નમોથ્થુણં સૂત્રના ન્યાયથી જણાય છે.

પ્રશ્ન ૮૫ મું-સૂત્રના મૂળ પાઠથી ઉપરના પ્રશ્નોનો ખુલાસો થાય તેમ છે ?

ઉત્તર—હા, જી. મૂળ પાઠમાંજ તમામ ખુલાસો છે.

પ્રશ્ન ૮૬ મું—અમારા સાંભળવામાં તો ત્રણ નમોથ્થુણં કહેવં એમ ધારણામાં છે તો ત્રણ નમોથ્થુણં કહેવાનું કોઈ સૂત્રમાં છે ? હેય તો તે જણાવશો ?

ઉત્તર—ઉવવાઇ સૂત્રમાં અંબડ સંન્યાસીના સાતસેં ચેલાના સંથારા વખતે પહેલું નમોત્થુણં સિદ્ધનું, બીજું ભગવંત મહાવીરનું, ને ત્રીજું તેમના ગુરૂ અંબડનું એ પ્રમાણે ત્રણે કહ્યા છે.

પ્રશ્ન ૮૭ મું—તીર્થંકરની ગેરહાજરીએ સિદ્ધનું ને ગુરૂનું બેજ નમોત્થુણં કહેવાનું કયાં કહ્યું છે?

ઉત્તર—રાયપ્રશ્રેણી સૂત્રમાં પ્રદેશી રાજાએ સંથારો કર્યો છે, ત્યાં પહેલું નમોત્થુણં સિદ્ધનું ને બીજું કેસી સ્વામી ગુરૂનું મૂળ પાઠે કહેલ છે.

પ્રશ્ન ૭૮ મું-એકલું સિદ્ધનુંજ નમોત્થુણં કોઇએ કહ્યું છે ખરૂં?

ઉત્તર—જ્ઞાતાજી સૂત્રમાં અર્હંનક શ્રાવકે સમુદ્રમાં સાગારી સંથારો કર્યો છે ત્યાં મૂળ પાઠે એક સિદ્ધનુંજ નમોત્થુણં કહ્યું છે.

પ્રશ્ન ૮૯ મું—આ ઉપરથી એમ તો જણાય છે કે તીર્થંકર કે ગુરૂ હયાતિ ધરાવતા હોય તોજ તેમનું નમોત્થુણં કહેવાનો અધિકાર છે અન્યથા નહિ. તો કેસી સ્વામીના વખતમાં ભલે પાર્શ્વનાથ તીર્થંકર નહોતા પણ મહાવીર તીર્થંકર તો હતા કે નહિ? તેમનું નમોત્થુણં પ્રદેશી રાજાએ કેમ ન કહ્યું?

ઉત્તર—એ પ્રશ્ન ખરો છે, પણ અહિયાં ત્રણ કારણ જણાય છે. એક તો એ કે રાજા પ્રદેશી પાર્શ્વનાથ ભગવાનના સંતારીયા કેસી સ્વામીના શિષ્ય થયા છે. તેમની પાસે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યાં છે અને તે પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં ગણાય છે. માટે તેમના શાસનના તીર્થંકર હયાતી ધરાવતા નથી. એ પાર્શ્વનાથ ભગવાન તો મોક્ષ ગયા છે માટે તેમનું નમોત્થુણં સિદ્ધ પદમાં આવી ગયું માટે બીજું નમોત્થુણં કહ્યું નથી. બીજું કારણ એ કે પાર્શ્વનાથ અને મહાવીર વચ્ચેના અઢીસેં વર્ષના આંતરામાં રાજા પ્રદેશી થયેલ હોય તો કેમ ના કહેવાય? તે વખતે મહાવીર પણ ન હોય એમ સંભવે. ત્રીજું કારણ રાજા પ્રદેશી કદી મહાવીરની હયાતીમાં કેસી સ્વામી પાસે બોધ પામ્યા હોય તે વખતે મહાવીર છદ્મસ્થપણામાં હોય તોપણ ના કહેવાય નહિ;

પ્રશ્ન ૯૦ મું—અહિંયાં કોઇ એમ કહે કે-મહાવીર તીર્થંકર પદે વિચરતા હતા તે વખતે કેશી ગૌતમનો સંવાદ થયેલો અને કેશી સ્વામી મહાવીરના શાસનમાં ભળ્યા એ અપેક્ષાએ રાજા પ્રદેશીએ મહાવીરનું તીર્થંકર પદનું નમોત્થુણં કહેવું જોઇએ છતાં કેમ નહિ કહ્યું હોય?

ઉત્તર—મહાવીરના શાસનમાં મળ્યા તે કેશી સ્વામી અને રાજા પ્રદેશીને બુઝવ્યા તે કેશી સ્વામી બન્ને જુદા છે. (તેનો ખુલાસો સાંવત્સર વાંચવો હોય તો જુઓ પૂર્વાર્ધ ભાગ ૧લો પ્રશ્ન ૮૯ થી ૯૬ સુધી) એટલે પ્રદેશી રાજાને બોધ દેનાર તે કેશી સ્વામી પહેલા થયા છે. તે વખતે મહાવીરની હયાતી હતી કે નહિ તે સંબંધે સૂત્રમાં કાંઇ ખુલાસો જણાતો નથી. પણ પ્રદેશી રાજાએ તીર્થંકરનું નમોથ્થુણં નથી દીધું, તે તો સૂત્ર સાક્ષી આપે છે.

પ્રશ્ન ૯૧ મું—અર્હન્નક શ્રાવકના વખતમાં મલ્લિનાથ હતા છતાં મનું નમોથ્થુણં કેમ કહેવામાં આવ્યું નહિ હોય ?

ઉત્તર—તે વખતે મલ્લિનાથ ભગવાન સંસારમાં હતા, અવ્રતીપણે હતા–અર્હન્નક શ્રાવક બાર વ્રત ધારી પાંચમા ગુણસ્થાનવાળા, સંસારમાં રહેલા તીર્થંકરને નમોથ્થુણં કહ્યું નથી. તે ઉપરથી એમ નિશ્ચય થાય છે કે પાંચમા ગુણસ્થાનવાળા ચોથા ગુણસ્થાનવાળાને નમસ્કાર ન કરે.

પ્રશ્ન ૯૨ મું—જે શાસનના અધિકારી તીર્થંકર મહારાજ મોક્ષ ગયા પછી તેમનું નમોથ્થુણં તે શાસનના તીર્થમાં કહેવામાં આવતું નથી, પણ મહાવિદેહમાં તો સદાય તીર્થંકર હોયજ. તેમનું બીજું નમોથ્થુણં કહે તેમાં શો વાંધો ?

ઉત્તર—જો વાંધો ન હોત તો અરણક શ્રાવક તથા પરદેશી રાજા કહેત, પણ તે તો કાંઇ છેજ નહિ. માટે દરેક શાસનના અધિકારી તીર્થંકર-નેજ નમોથ્થુણં લાગુ થતું હોય એમ સૂત્રના ન્યાયથી જણાય છે.

પ્રશ્ન ૯૩ મું—હાલની સ્થાનકવાસીની પ્રવૃત્તિમાં સામાયિકાદિ ઉચ્ચરતાં શ્રીમંધરસ્વામીના આજ્ઞા લેવામાં આવે છે તે વિષે શું સમજવું ? સૂત્રના ન્યાયે આ પ્રવૃત્તિ ઠીક લાગે છે કે કેમ ?

ઉત્તર—આ જમાનામાં ઠીક અઠીકનું કાંઇ જોવાનું નથી. તેમાં આ વર્ગને માટે તો જેને જે ઠીક લાગ્યું તેજ ઠીક, એમ માની લેવામાં આવે તેનો ઉત્તર કાંઇ હોયજ નહિ. પણ સૂત્રના ન્યાય પ્રમાણે આ વાત લાગુ થાતી નથી. દાખલા તરીકે–રાજકોટમાં રહેતી રાજકોટની વસ્તી ગોંડલ કે મોરબીના રાજાની આજ્ઞામાં રહેવાની ઇચ્છા ધરાવે તે વાત ઉચિત ગણાય ! અહિંયાં જ્યારે બાદશાહી રાજ્ય હતું ત્યારે તેની આજ્ઞા મનાતી. હાલ જ્યારે યુરોપિયનની સત્તા પ્રવર્તે છે, ત્યારે તેની આજ્ઞા આખા હિંદુસ્તાનમાં મનાય છે, છતાં કોઇ જર્મન કે ફ્રેંચની આજ્ઞા ચિંતવે તે શા કામની ?

પ્રશ્ન ૯૪ મું—તો પછી આ પ્રવૃત્તિ ચલાવવાનો કાંઇક પણ હેતુ હોવો જોઈએ ?

ઉત્તર—હેતુ બીજો કાંઈ નથી માત્ર આજ્ઞા માગવાનોજ છે. તેમાં ભેદ એટલો કે-એકે ચોટી રાખી તો એકે દાઢી રાખી તેમાં હેતુ શો જોવાનો હોય ?

પ્રશ્ન ૯૫ મું—ઉપરના હેતુમાં અમે કાંઇ સમજ્યા નથી ; માટે મંધીરસ્વામીની આજ્ઞા માગવાના સંબંધમાં સમજી શકીએ તેવો ખુલાસો મળવો જોઇએ ?

ઉત્તર—ખુલાસો તો સૂત્રના ન્યાયે એટલોજ છે કે જ્યાંસુધી તીર્થંકર મહારાજ બીરાજતા હતા ત્યાંસુધી તીર્થંકર મહારાજની આજ્ઞાએજ ધર્મ સંબંધીની પ્રવૃત્તિ ચાલતી હતી. તીર્થંકર મહારાજ મોક્ષે ગયા પછી શાસનાચાર્ય-શાસનના અધિકારી સુધર્મ ગણધરની આજ્ઞા પ્રવર્તતી ત્યાર બાદ કેટલાક કાળ સુધી પાટાનુપાટે શાસનાધિકારીની આજ્ઞાએજ ધર્મપ્રવૃત્તિ સરખીજ ચાલતી. કાળાંતરે એક મહાવીરના શાસનમાં અનેક ફાંટા થયા, અનેક ગચ્છ નીકળ્યા, અનેકની માન્યતાઓ જુદી જુદી થઈ, કોઇએ કેવા પ્રકારની આજ્ઞા સ્વીકારી તો કોઇએ એથી બીજાજ પ્રકારની આજ્ઞાનો સ્વીકાર કર્યો.

આનો પરમાર્થ એ છે કે-એકે આચાર્ય અને સાધુની આજ્ઞા તો અખંડ રાખી પણ બંનેની ગેરહાજરીએ આચાર્યની સ્થાપના કરી. તેની આજ્ઞા માગવાની પ્રવૃત્તિ ચલાવી ત્યારે બીજા વર્ગે સાધુની ગેરહાજરીએ શ્રીમંધીરસ્વામીની આજ્ઞા માગવાની પ્રવૃત્તિ ચલાવી.

પ્રશ્ન ૯૬ મું—આ બેમા પ્રશંસનીય કયું ગણાય ?

ઉત્તર—એ ખુલાસો તો વાચક વર્ગોએ પોતાની મેળેજ સમજવાનો છે એ કે સ્થાપનાની આજ્ઞા માગી ત્યારે બીજાએ ભલે મહાવિદેહમાં રહેલા પણ તીર્થંકરની આજ્ઞા માગી. આ બેમાં તીર્થંકરની આજ્ઞા માગનાર પહેલા પક્ષથી ચડી જાય કારણકે કેવળપદે વિચરતા તીર્થંકરની આજ્ઞા માગી, માટે સ્થાપનાચાર્યમાં કાંઇ આચાર્યના ગુણ નથી અને તેની આજ્ઞા માગવી તેમ કરવા કરતાં તીર્થંકરની આજ્ઞા માગવામાં વિશેષ વિરૂદ્ધ જણાતું નથી.

પ્રશ્ન ૯૭ મું—ત્યારે કોઈ એમ કહે કે—સાધુજી હોય તો તેમની આજ્ઞાએ સામાયિકાદિ ઉચરીએ છીએ તે ન હોય તો સ્થાપનાચાર્ય કરી પંચિંદિયો ભણી સામાયિક ઉચરીએ છીએ.

ઉત્તર—પંચિંદિયો ભણનારા તેનો હેતુ જાણતા હોત તો સ્થાપનાચાર્ય કરવાની જરૂર રહેત નહિ. પંચિંદિયો ભણી આજ્ઞા માગવાનો પ્રથા જો મૂળથી હોત તો બીજા વર્ગને આચાર્યની આજ્ઞા માગવામાં વાંધો આવત નહિ.

પ્રશ્ન ૯૮ મું—પંચિંદિય એટલે શું-ને તેનો હેતુ શું ?

પંચિંદિય એટલે આચાર્યના ૩૬ ગુણની બે ગાથાછે.

તેમાં પહેલા પદમાં પંચિંદિય શબ્દ આવે છે. તે ઉપરથી પંચિંદિય કહેવામાં આવે છે. તેનો હેતુ સામાયિકાદિ વ્રત ઉચરતી વખતે કહેવાનો.

પ્રશ્ન ૯૯ મું—સામાયિકાદિ વ્રત, ઉચરવાના સંબંધમાં પંચિંદિય કેવી રીતે કહેવામાં આવે છે ?

ઉત્તર સાંભળો ગાથા—

पंचिंदिय संवरणो, तह नवविह बंभचेर गुत्तिधरो;
चउविह कसायमुक्को, इअ अट्ठारस्स गुणेहिं संजुत्तो ॥ १ ॥
पंच महव्वयजुत्तो, पंचविहायार पालण समत्थो;
पंचसमिउ तिगुत्तो, छत्तीस गुणो गुरुमज्झ ॥ २ ॥

આમાં એમ જણાવે છે કે પાંચ ઇન્દ્રિયના સંવરવાવાળા, તેમજ નવવિધે બ્રહ્મચર્યની ગુપ્તિના ધારક, ચાર પ્રકારના કષાયથી મુક્ત એ અઢાર ગુણે કરી સંયુક્ત, પાંચ મહાવ્રતને વિષે જુતેલા, પાંચ મહાવ્રત યુક્ત પાંચ પ્રકારના આચાર પાળવાને વિષે સમર્થ. પાંચ સમિતિએ સુમતા ત્રણ ગુપ્તિએ ગુપ્તા એ છત્રીશ ગુણે કરી સહિત હોય તે મારા ગુરૂ છે.

આટલું કહીને એટલે ઉપરની બે ગાથા કહીને ઇચ્છામિ ખમાસમણો, ઇત્યાદિ પાઠ બોલીને વંદણા—નમસ્કાર કરીને સામાયિકાદિકની આજ્ઞા માગે. આનો પરમાર્થ એજ છે કેઃ—ઉપર કહેલા ગુણવાળા ગુરૂ આચાર્ય ગમે ત્યાં હોય પણ આ બે ગાથા બોલીને તેમની આજ્ઞાયે સામાયિકાદિ વ્રત ઉચરવાને જરા પણ વાંધો નથી. જેમ તીર્થંકરની આજ્ઞા સર્વત્ર વર્તે છે. તેમ ગુરૂ આચાર્યની આજ્ઞા પણ સર્વત્ર વર્તે અર્થાત્ શિષ્ય ગમે ત્યાં વિચરે પણ ગુરૂની આજ્ઞા તો તેની સાથેજ હોય તેમ ચારે તીર્થને માટે ગુરૂ

આચાર્યની આજ્ઞા એ સામાયિકાદિ મન અંગીકાર કરી શકાય એમ શાસ્ત્રથી નિર્ણય થવા સંભવ છે.

પ્રશ્ન ૧૦૦ મું—સ્થાપનાચાર્ય સ્થાપ્યા છતાં પંચિંદિયની બે ગાથા કહેવાનું શું કારણ હશે ?

ઉત્તર—કારણ તો એજ જણાય છે કે પૂર્વાચાર્યો શાસ્ત્ર હતા જેઓ સ્થાપનાચાર્યની પ્રવૃત્તિ ચલાવી હશે, તેમને એમતો સમજાયું જણાય છે કે આચાર્યના ગુણો આ સ્થાપનામાં નથી. *અને અજીવની આજ્ઞા, મનમાં લેવાય નહિ આજ્ઞા તો જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોના ધારકનીજ હોય માટે આચાર્યના ગુણોની, એ ગાથાનો ઉચ્ચાર કરીને આવા ગુણવાળા ગુરૂ હોય તેમની આજ્ઞાયે સામાયિક ઉચરૂં છું. એમ પંચિંદિયાનું નિશાન આપ્યું હોય એમ જણાય છે.

પ્રશ્ન ૧૦૧ મું—શિષ્ય–અહીં સુધીમાં ત્રણ પદની વ્યાખ્યા બરાબર જણાવી. પણ જેમ આચાર્યના ૩૬ ગુણ જણાવ્યા, તેમ અરિહંત અને સિદ્ધના ગુણ જાણવામાં આવ્યા નથી, માટે તે પણ જાણવાની ઇચ્છા છે. તો પ્રથમ અરિહંતના ગુણ કેટલા ?

ઉત્તર—અરિહંત ભગવંતના બાર ગુણ કહ્યા છે, તેમાં આઠ પ્રાતિહાર્ય અને ચાર મુલાતિશય મળી બાર ગુણ કહ્યા છે, તેમાં આઠ પ્રાતિહાર્ય આ પ્રમાણે છે: ગાથા.

कंकीली कुसुम वुट्ठी, देवझुणी चामरासणाइंच;
भावलय भेरीछत्तं, जयति जिण पाडिहाराइं ॥ १ ॥

---

*અંચળ ગચ્છનાયક શ્રી મહેંદ્રસિંહ સૂરિ વિરચિત બૃહત્ શતપદી ગ્રંથમાં પાને ૭ મે કહ્યું છે કે:—સ્થાપના ચાર્ય નહિ સ્થાપવો પાને ૧૯ મે વિચાર ૨૦ મો અર્હન્નક શ્રાવકે તથા પ્રદેશી રાજાએ અણસણ કર્યો છે. ત્યાં સ્થાપનાચાર્ય વગરજ તેમણે અણસણ કર્યો છે. પાને ૨૬ મેથી ૩૦ મા સુધીમાં વિચાર ૨૧ મો તેમાં શ્રાવકને સ્થાપનાચાર્ય કરવા નહિ એ વિષે ઘણું લખાણ છે.

લઘુ શતપદી ભાષાંતરમાં પ્રસ્તાવનામાં ૨૧મા બોલે શ્રાવકે સ્થાપનાચાર્ય ન કરવો.

પાને ૨૦૩મે વિચાર ૩૪ મો તેમાં કહ્યું છે કે:—नमो आयरियाणं એ પદની વ્યાખ્યા કરતાં ચારે નિક્ષેપા બતાવી ભાવાચાર્યનેજ નમાય છે. એમ કહેલ છે.

આ આઠ પ્રતિહાર આ રીતે પણ કહે છે:—

अशोक वृक्षः सुरपुष्प वृष्टि, दिंव्यध्वनिश्चामरमासनं च।
भामण्डलं दुंदुभिरातपत्रं, सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

જ્યાં જ્યાં તીર્થંકર મહારાજનું બીરાજવું થાય ત્યાં અશોક વૃક્ષ બની આવે. ૧ દેવકૃત, પુષ્પની વૃષ્ટિ થાય. ૨ દિવ્યધ્વનિ. ૩ ચામર. ૪ સિંહાસન. ૫ ભામંડલ. ૬ દુંદુભી ૭ અને છત્ર. ૮ એ આઠ પ્રાતિહાર્ય તીર્થંકર મહારાજના પુન્ય પ્રતાપે બની આવે છે. આઠ એ અને ચાર મૂલાતિશય-તે અપાયાપગમાતિશય* ૧ જ્ઞાનાતિશય ૨પુજાતિશય, વચનાતિશય, ૪ મળી ૧૨ ગુણ અરિહંત, ભગવતના જાણવા.

પ્રશ્ન ૧૦૨ મું—સિદ્ધ ભગવંતના ગુણ કેટલા અને કયા કયા?

ઉત્તર—સિદ્ધ ભગવંતના આઠ ગુણ કહ્યા છે તે એ કે:—

नाणंच दंसणं चेव, अव्वाबाहं तहेव सम्मत्तं;
अक्खयठिइअरुवइ, अगुरलहु वीरीयं हवइ ॥ १ ॥

કેવળજ્ઞાન ૧, કેવળદર્શન ૨, અવ્યાબાધ સુખ ૩, ક્ષાયકસમકિત ૪, અક્ષય સ્થિતિ ૫, અરૂપીપણું ૬, અગુરૂ લઘુ ૭, અનંત આત્મિક શક્તિ ૮, ઇ એ આઠ ગુણ સિદ્ધ ભગવંતના જાણવા.

પ્રશ્ન ૧૦૩ મું—ઉત્તરાધ્યયનના ૩૧ મા અધ્યયનમાં એક બોલથી માંડી ૩૩ બોલની વ્યાખ્યા કરી છે. તેમાં ૩૧ મો બોલ, सिद्धाइ गुण સિદ્ધના ગુણનો કહ્યો છે. અને આવશ્યક સૂત્રમાં ए गतिसाए सिद्धाइ गुणेहिं કહેલ છે એટલે સિદ્ધના ૩૧ ગુણ કહ્યા તે કયા?

ઉત્તર—(૫) સઠાણ (૫) વર્ણ (૫) રસ (૨) ગંધ (૮) સ્પર્શ (૩) વેદ, એમાંનું સિદ્ધમાં કાંઇ નથી. એ ૨૮ બોલ અને (૨૯મો) અશરીરપણું (૩૦મો) અસંગપણું, અને (૩૧મો બોલ) જ્ઞાનાવરણી, આદિ આઠ કર્મ ખપાવ્યા છે. તે રૂઇ: એકત્રીશ સિદ્ધના ગુણ જાણવા. આચારાંગજીમાં પણ સિદ્ધના એજ ગુણ કહ્યા છે.

પ્રશ્ન ૧૦૪ મું—"નમો અરિહંતાણં" અને 'નમો સિદ્ધાણં' એ બે પદની સમજુતી તો બરાબર થઇ, હવે ત્રીજું પદ 'નમો આયરિયાણં" એ પદની વ્યાખ્યા શી રીતે છે?

---

*અપાયાપગમાતિશયનો અર્થ પૂર્વાર્દ્ધના ૭ આમાં-૭૬ મા પ્રશ્નથી જાણવું.

ઉત્તર—આચાર્યપદ બે પુરુષને લાગુ થાય છે. એક શાસનના ઉત્પાદક પુરુષ-શાસનાધિકારીને, બીજા તે શાસનના રક્ષક પુરુષને, એટલે શાસનના રક્ષણ કરનારને પણ આચાર્ય કહેવામાં આવે છે. તેના પણ બે ભેદ છે. તીર્થંકર મહારાજ નિર્વાણ થયા પછી, છદ્મસ્થ ગણધર હોય તો શાસનના અધિકારપણાનો તેમનો હક છે. સુધર્મ ગણધરવત્ તેમની ગેરહાજરીએ ઠાણાંગસૂત્રના આઠમે ઠાણે કહેલી આઠ સંપદાના ધણી પૂર્વે કહેલા ૩૬ ગુણયુક્ત હોય તે પણ, આચાર્યપદે શાસનના અધિકારી કહ્યા છે.

પ્રશ્ન ૧૦૫ મું—આચાર્યથી ગણધરપદ ચઢીયાતું છે તો જ્યારે આચાર્યના ગુણ ૩૬ કહ્યા. તો ગણધર મહારાજમાં કેટલા ગુણ હોય? તે વિસ્તાર જણાવો.

ઉત્તર—ભગવતીજી વગેરે સૂત્રમાં ગણધર મહારાજમાં (૫૨) બાવન ગુણ કહ્યા છે તે કહે છે—

(૧) સમચોરસ સંઠાણ (૨) વજ્રઋષભનારાચસંઘયણ (૩) કસોટીએ ઘસેલા સોના સમાન, પદ્મ ગૌરવર્ણ. (૪) ઉગ્રતવે (૫) દિત્તતવે (૬) તત્તતવે (૭) મહાતવે (૮) ઉરાલે (૯) ઘોરે ઘોર ગુણે (૧૦) ઘોર તવસ્સી (૧૧) ઘોર બંભચેરવાસી (૧૨) ઉચ્છૂઢ સરિરે (૧૩) સંખીત્તવિઉલ તેઉલેસે, (૧૪) ચઉદસ પુવ્વી (૧૫) ચઉનાણોવગએ, (૧૬) સવ્વખર સન્નિવાઈ એ ૧૬ને આચાર્યના ગુણ (૩૬) મેળવતાં ગણધર મહારાજના (૫૨) ગુણ થાય છે.

પ્રશ્ન ૧૦૬ મું—નવકારના 'નમો ઉવજ્ઝાયાણં'-ઉપાધ્યાયજીમાં કેટલા ગુણ છે તે જણાવશો.

ઉત્તર—ઉપાધ્યાયજીમાં પચીસ ગુણ કહ્યા છે તે એ કે:—

૧૧ અંગ, ને ૧૨ ઉપાંગ, એ ૨૩ ગુણ પોતે ભણે ને ભણાવે [illegible] ચરણસિત્તરી કરણસિત્તરી એ બેને શુદ્ધ રીતે પાળે (૨૫) એ પચીસ ગુણયુક્ત ઉપાધ્યાયજી હોય.

પ્રશ્ન ૧૦૭ મું—[illegible] 'નમો લોએ સવ્વ સાહૂણં' [illegible] [illegible] શું કારણ? [illegible] [illegible] શું કારણ?

[illegible] છે, [illegible] [illegible] [illegible]

કોઇ મુનિ અઢીદ્વીપ બહાર ગયા હોય તેને માટે અથવા કોઇ દેવે સાધુનું અપહરણ કરી અઢીદ્વીપ બહાર મૂક્યા હોય તેને માટે અથવા નહિ તીર્થંકર પદમાં કે નહિ સિદ્ધ પદમાં એવા વર્તતા સામાન્ય કેવળી અથવા નહિ આચાર્યપદમાં કે નહિ ઉપાધ્યાય પદમાં સ્વયંબુદ્ધ, પ્રત્યેક બુદ્ધાદિ, તથા નહિ સ્વલિંગમાં-એટલે સાધુપણાના વેશમાં નહિ એવા ગૃહસ્થલિંગી, અથવા અન્યલિંગી, ભાવચારિત્રે વર્તતા એ બધાનો સમાવેશ કરવાને માટે સવ્વ સાહૂણં શબ્દ કહ્યો હોય એમ જણાય છે. 'તત્ત્વ કેવળી ગમ્ય.'

પ્રશ્ન ૧૦૮ મું—સાધુજીના કેટલા ગુણ ને કયા કયા ?

ઉત્તર—'સત્તાવીસાએ અણગાર ગુણેહિં' અણગાર સાધુના સત્તાવીશ ગુણ કહ્યા છે તે એ કે :—

छव्वय छकाय रक्खा, पंचिंदिय लोह निग्गहोखंती,
भाव विसोही पडिलेहणय, करणे विसुद्धीय ॥ १ ॥
संयम जोए जुत्तोअ, कुसल मण वयणकाय संरोही,
सीयाइ पिंड सहणं, मरण उवसग्गसहणंच ॥ २ ॥

છ વ્રત ૬ છકાયની રક્ષા ૧૨, પાંચ ઇંદ્રિય અને લોભનો નિગ્રહ કરવો ૧૮ ક્ષમા ૧૯, ભાવની વિશુદ્ધિ કરવી. ૨૦ વિધિએ પડિલેહણ કરવું ૨૧, કરણ વિશુદ્ધિ શુદ્ધ ક્રિયા કરવી ૨૨, સંયમને વિષે જોગને જોડવા ૨૩, કુશલ શુભ મન, વચન, કાયાના જોગને સંહરવા અર્થાત્ ત્રણ જોગને ગોપવવા ૨૩, સીતનો પરીસહ સહન કરવો ૨૫, ક્ષુધાનો પરીસહ સહન કરવો ૨૬, અને મરણનો ઉપસર્ગ સહન કરવો ૨૭ એ સત્તાવીશ ગુણ સંયુક્ત સાધુ મુનીરાજ હોય.

ઇતિશ્રી પરમપૂજ્ય શ્રી ગોપાળજી સ્વામીતત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત " શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા ઉત્તરાર્દ્ધ " ભાગ ૧ લો સમાપ્ત.



શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણકો ૮ મો.



પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ઉત્તરાર્દ્ધ ભાગ ૨ જો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૨ જો.

પ્રશ્ન ૧ લું—શિષ્ય-કેટલાક કહે છે કે:-જૈનના સાધુની કરણી આચાર વિચાર વગેરે તમામ ધર્મના ત્યાગીઓથી ચડીઆતાં છે, પરંતુ એક બાબતમાં તેઓ પશ્ચાત્ રહે છે. તેનું શું કારણ હશે?

ઉત્તર—કઇ બાબતમાં પશ્ચાત રહે છે, તે ખુલ્લા શબ્દોમાં જણાવશો.

પ્રશ્ન ૨ જું—બાબત તો એક એજ છે કે-જૈનના સાધુ ન્હાતા નથી, તદ્દન મલીન રહે છે, તેથી તે દુનીયાના ત્યાગીઓની અપેક્ષાએ અપવાદમા ગણાય છે. માટે તે વિષે જૈન શાસ્ત્રથી તથા અન્ય શાસ્ત્રથી ખુલાસો થવો જોઇએ.

ઉત્તર—જો જૈનના સાધુ બીજા તમામ ત્યાગીઓથી ક્રિયાકાંડમાં ચડીઆતા મનાતા હોય તો આ (નહિ ન્હાવાની) ક્રિયા અપવાદમાં કેમ આવે? તે ક્રિયા પણ ચડીઆતીજ હોવી જોઇએ. જો ત્યાગીઓમાં તફાવત તો ત્યાગમાં પણ તફાવત અને ત્યાગમાં તફાવત તો ક્રિયાકાંડમાં પણ તફાવત એ બધો તફાવત અહિંને અંગે છે. પણ મુક્તિ માર્ગમાં તફાવત નથી. મુક્તિને માર્ગે ચાલવાવાળાને માટે તો એકજ રસ્તો છે, અને, તે રસ્તો પણ ઋષભદેવ ભગવાનથી માંડી મહાવીર પરમાત્મા સુધીના તમામ તીર્થંકર મહારાજનું એકજ વાકય છે કે:—

जस्सट्ठाए किरइ नागाभावे मुंडभावे अन्हाणयं अदंतधुवणयं अच्छत्तयं अणोवाहणयं भुमिसेज्जा फलहसेज्जा कट्ठसेज्जा केसलोओबंभचेरवासो परघरप्पवेसो लद्धावलद्धी उच्चावया गामकंटया बावीसं परीसहोवसग्गा अहियासिज्जइ तमट्ठं आराहेइ जाव सव्व दुक्खप्पहीणे ॥

એટલે જે ત્યાગીઓએ મોક્ષને અર્થે કરવાનું હતું તે કરીને મોક્ષગતિ પ્રાપ્ત થયા. તો મોક્ષના સાધનને માટે સ્નાનની આવશ્યકતા બીલકુલ નથી, આ વાત સિદ્ધ થઇ.

જૈનના સાધુ જો મોક્ષના સાધનને માટે ન્હાતા ન હોય તો પ્રશ્નકારને શું કહેવાપણું છે?

પ્રશ્ન ૩ જું—કહેવાનું તો એટલુંજ છે કે—જૈનના સાધુઓ તો મોક્ષના સાધનને માટે ન્હાતા નથી તો અન્ય ધર્મના ત્યાગીઓ એમ કહે છે કે, અમે મોક્ષને માટે સ્નાનાદિ ક્રિયા કરીએ છીએ. આ બે વાતમાં કઈ વાત સત્ય માનવી.

ઉત્તર—જે વાત સત્ય હોય તેજ સત્ય માનવી. પણ સત્ય અસત્યની પરીક્ષા કર્યા વિના—અસત્યને પોતે સત્યપણે માની હું કહું છું, હું કરું છું તે સત્ય છે, ત્યાં સત્ય અસત્યનો ઇન્સાફ થઇ શકે નહિ, પરંતુ તે બન્ને બાબતનો ઇન્સાફ તો શાસ્ત્રથીજ થઈ શકે, અને જે બાબત શાસ્ત્ર સાક્ષી આપે તેજ સત્ય ગણાય. શાસ્ત્રને કોઇનો પક્ષપાત હોતો નથી. માટે સત્ય અસત્યનો નિર્ણય શાસ્ત્રથીજ સમજવો.

પ્રશ્ન ૪ થું—આ વિષે શાસ્ત્ર શું ફરમાન કરે છે?

ઉત્તર—સાંભળો જૈનસૂત્ર દશવૈકાલિક અધ્યયન છઠું—ગાથા ૮ મી પદ ૪ થું—सिणाणंसोमवज्जणं સ્નાન અને શોભા (શરીરે અલંકાર ધરવો તે) વર્જવાં અર્થાત્ સ્નાનાદિ શોભા વર્જવી એમ કહ્યું. તેમજ ગાથા ૬૧ માં કહ્યું છે કે—

वाहिओ वा अरोगी वा सिणाणं जोउ पत्थए।
वुक्कंतो होइ आयारो, जढो हवइ संजमो ॥६१॥

અર્થઃ—રોગી અથવા નિરોગી જો કોઈ સાધુ સ્નાનની ઇચ્છા કરે પ્રાર્થના કરે, તેનો આચાર ને સંયમ નષ્ટ થાય છે. (એજ દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનની બીજી ગાથામાં સાધુને સ્નાન આચરવાં જોગ નથી, એમ કહ્યું છે.)

સ્નાન અને શરીરની શોભા સંબંધી ૬૪ મી ગાથા સુધીમાં સારી રીતે જણાવ્યું છે.

પ્રશ્ન ૫ મું—સમસ્ત સાધુ વર્ગને માટે સ્નાનાદિક ન કરવા સંબંધી કંઇ ખુલાસા શબ્દમાં છે ખરું? હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—સાંભળો—

नगिणस्स वावि मुंडस्स दीहरोम नहंसिणो;।
मेहुणा उवसंतस्स किं विभूस अ कारियं ॥६५॥

એટલે નગ્નપણું (દ્રવ્ય અને ભાવથી) ધારણ કર્યું છે—દ્રવ્યથી વસ્ત્ર રહિત અને ભાવથી મૂર્છા રહિત, તેમજ મુંડ થયેલ દ્રવ્ય અને ભાવથી, દ્રવ્યથી

મસ્તક મુંડેલ, અને ભાવથી મન મુંડેલ, વળી જેનાં રોમ-(કક્ષાદિકના) અને નખ દીર્ઘપણાને પામેલા હોય, અને મૈથુનવૃત્તિ જેની ઉપશાંત થયેલ હોય અર્થાત્ મૈથુનથી ઉપશમ્યા હોય, એવા યોગીઓને સ્નાનાદિક વિભૂષાનું શું કાર્ય ? જેને શરીરની દરકાર નથી તેવા યોગી, તેવા ત્યાગી પુરૂષને વળી સ્નાનાદિક વિભૂષાની જરૂર હોયજ શાની ? અર્થાત્-નજ હોય. એટલેથી નહિ અટકતાં ખરો ત્યાગી ગમે તે મતનો હોય તે સ્નાનાદિ વિભૂષાનાં ફળ માઠાંજ જાણે.

પ્રશ્ન ૬ ઠું—સ્નાનાદિકનો અર્થ તો આપણે સમજીએ છીએ કે ન્હાવું, પણ વિભૂષાનો અર્થ એજ છે કે-બીજો કાંઈ થાય છે ?

ઉત્તર—ઘણે ભાગે બન્નેનો એકજ અર્થમાં સમાવેશ થાય છે. વિભૂષા શબ્દમાં સ્નાન પહેલુંજ હોય છે. સ્નાન કર્યા પછી તેના અંગે શરીરની થતી ક્રિયા ચંદનાદિકના વિલેપનાદિક તે વિભૂષા કહેવાય છે. તે ગાથા-

सिणाणं अदुवा कक्कं लोद्धं पउमगाणि य;
गायस्सु वट्टणट्टाए नायरंति कयाइवि ॥६३॥

સ્નાન અથવા અનેક પ્રકારનાં દ્રવ્યોથી શરીરનું ઉવટણ કરવું અથવાં શરીરને ઉગટવાને અર્થે-શરીરને દીપાવવાને અર્થે અનેક પ્રકારનાં દ્રવ્યો લગાવવાં અથવા સ્નાન કર્યા પછી ચંદનાદિકે શરીરને દીપાવવું-આનું નામ વિભૂષા કહેવાય છે. તે ત્યાગી પુરૂષો આચારે નહિ. કદાચિત કોઈ વખત પણ તેનો સ્વીકાર કરે નહિ. આનો પરમાર્થ એ છે કે-સ્નાન અને શરીરની શોભા વિભૂષા શબ્દમાં સમાઈ જાય છે.

પ્રશ્ન ૭ મું—વિભૂષા કરવાવાળાને શું ફળ પ્રાપ્ત થાયછે ?

ઉત્તર—સાંભળો-

विभूसा वित्तियं भिक्खु कम्मं बंधइ चिक्कणं;
संसारसायरे घोरे जेणं पडइ दुरुत्तरे ॥ ६६ ॥

જે કોઈ ભિક્ષુ વિભૂષાને વિષે વળગ્યા રહે છે. અર્થાત્ વિભૂષામાંજ તેની વૃત્તિ સદાકાળ રહ્યા કરે છે. એવા ભિક્ષુ-સાધુને ચીકણાં કર્મનો બંધ થાય છે. એવા નિબડ કર્મના બંધને લઈને સંસારરૂપ ઘોર સમુદ્રમાં પડેલા જીવને તરીને પાર પામવું દુષ્કર હોય છે. એમ અનંત જ્ઞાની તીર્થંકર મહારાજનું કહેવું છે.

પ્રશ્ન ૮ મું—કોઈ એમ કહે કે, આ વાત જૈનદર્શનની છે. અને જૈનના સાધુ સ્નાન કરતા નથી. તે કારણ પણ સમજવું કે શાસ્ત્ર જ્યારે

[illegible]-રોગનો ભોગી થઈ તે શાસ્ત્રના સ્વીકારવાવાળા ત્યાગીઓથી સ્નાન-ક્રિયા થઈ શકેજ ક્યાંથી ? આ વાત અમારા શાસ્ત્રમાં ક્યાંય પણ જોવામાં આવતી નથી. પણ ઉલટું અમારૂં શાસ્ત્ર એમ જણાવે છે કે, સ્નાન કરવાથી શરીરની શુદ્ધિ થાય છે. તેથી મનની શુદ્ધિ થાય છે. અને મનની શુદ્ધિ વડે આત્માની શુદ્ધિ થાય છે. અને તેથી શુદ્ધ ગતિની-પ્રાપ્તિ થાય છે. તેટલેજ અમે સ્નાનાદિ ક્રિયામાં વળગી રહ્યા છીએ.

ઉત્તર—ભલે તમારૂં શાસ્ત્ર તમને ગમે તેમ બતાવતું હોય પણ એને લેખે [illegible] થાય, નવ કદિ નજ થાય. જ્યારે તમે તમારાજ શાસ્ત્રથી તથા નીતિ ન્યાયનાં દ્રષ્ટાંતોથી તમારી ભુલ કબુલ કરો તો ઉપરની બાબત [illegible] કે કેમ ?

પ્રશ્ન ૯ મું—અમારૂં શાસ્ત્ર જો ન્હાવા વિષેનો નિષેધ કરશે તો [illegible] નહિ પણ અનેકવાર કબુલ છે. અને નીતિ ન્યાયનાં દ્રષ્ટાંતોથી [illegible] સમજાવશો તો પણ અમારે વિના તકરારે કબુલ કરવુંજ જોઈએ.

ઉત્તર—[illegible] શાસ્ત્રની વાત બાજુ પર રાખી એક દાર્શનિક પુરાવા [illegible].

[illegible] બિંદુનો ફોટો-એટલે પાણીનું એકજ બિંદુ તેમાં [illegible] જીવો કેટલા રહ્યા છે, તે ફોટો [illegible] જાણવાથી ખાત્રી થશે કે, એક પાણીના બિંદુમાં કેટલા જીવ છે ? આટલી વાત જાણ્યા બાદ તમારા તમામ પ્રશ્નોનો [illegible].

પ્રશ્ન ૧૦ મું—[illegible] એક બિંદુમાં કેટલા જીવ છે ? તે [illegible] વિચાર કરવાનો હક્ક પેદા થાય.

ઉત્તર—[illegible]

[illegible] સિદ્ધ કરશે. વિજ્ઞાન [illegible] [illegible] ([illegible] [illegible] [illegible] ([illegible]) [illegible]

[illegible]

[illegible]

કરોડ રહી શકે તેવું અનુમાન ફ્રેંચ શાસ્ત્રીએ કર્યું છે. મહાવીર પરમાત્માએ એક જળનાં બિંદુમાં અસંખ્ય જીવ સ્થાવર અપકાયના કે જે આપણી દ્રષ્ટિએ ન આવે તેવા પોતાને પ્રાપ્ત થયેલા કેવળ જ્ઞાન વડે પ્રકાશેલા તેને ઉપરના લેખો ટેકો આપનાર થઇ પડે છે. બસ આ બે પુરાવાપર પુરતો લક્ષ ખેંચવાનો છે.

પ્રશ્ન ૧૧ મું—આ સવાલ માટે તમે શું કહેવા માગો છો ?

ઉત્તર—અમે એ કહેવા માગીએ છીએ કે-સ્નાન સંબંધીમાં ભોગીની વાત અલગ રાખો ; પણ ત્યાગી પુરૂષો દયા ધર્મ પાળે છે કે કેમ ? દરેક ધર્મના ત્યાગીઓ જીવની હિંસાથી નિવર્ત્યા છે કે કેમ ? જો દયા ધર્મ પાળતા હોય, જીવની હિંસાથી નિવર્ત્યા હોય તો તેવા ત્યાગીઓને ઉપરના લખાણ પ્રમાણે વિચાર કરી તેના પર દ્રષ્ટિ દે તો એક પણ જળનાં બિંદુથી ન્હાવાનો અધિકાર તેને ઘટતો નથી.

જ્યારે એક બિંદુ જળમાં છત્રીશ હજાર ચારસેં ને પચાસ અને એક પોષ્ટની ટીકીટ પર સમાય એટલા જળનાં બિંદુવામાં અઢી કરોડ હાલતા ચાલતા-હરતા ફરતા જીવની સંખ્યા કહી તો તેના પ્રમાણમાં સ્નાન કરવાવાળા પોતાના શરીર પર કેટલા જીવોના લોહી માંસનું લેપન કરી પવિત્રપણું કેવી રીતે માનતા હશે ? એ જરા વિચાર કરવા જેવું છે.

પ્રશ્ન ૧૨ મું—ત્યારે કોઈ કહે કે-અમારા શાસ્ત્રમાં તો ન્હાવાથીજ પવિત્રપણું જણાવે છે. આવી બાબતો કોઇ જાહેરમાં લાવતું નથી. તેમ અમારા ધર્મગુરૂઓ પણ અમને આવા દોષો જણાવતા નથી. પરંતુ અમારા ધર્મગુરૂઓ પોતેજ એમ માને છે, અને અમને પણ એમ જણાવે છે કે જેમ જેમ વધારે વાર ન્હાઈયે તેમ તેમ તપની વિશેષ વૃદ્ધિ થાય છે. એથી અમારો આત્મા નિર્મળો થાય છે. અને તથી અધીક લાભ સુતા જળને જગાડવામાં માનીયે છીએ. એટલે સ્થિર પડેલા જળમા પહેલો સ્નાન કરે તેને વધારે લાભ માનવામાં આવે છે. એમ અમારા ધર્મગુરૂઓ બતાવે છે તેનું કેમ ?

ઉત્તર—દિવસને રાત્રિના ચોવીસ કલાકમાં ન્હાવાનો ભાગ કેટલા કલાકનો લેતા હશો ? જો કે ચોવીશે કલાકનો વખત ન્હાવા ખાતે લેતા નથી. પણ તમારી માન્યતા પ્રમાણે ચોવીશે કલાક બલકે આખી જીંદગી જળમાંજ રહેનારા મચ્છ કચ્છાદિકના તપનું શું કહેવું ? તમારા કહેવા પ્રમાણે તમારાથી પણ તેનો આત્મા વિશેષ નિર્મળો માનતા હશો કેમ ?

રાત્રિના સ્થિર પડેલા જળમાં જળાશ્રિત અસંખ્ય જીવો જળની અંદર રહેનારા અને જળના અગ્રભાગે સ્થિર થયેલા ઉડતા જીવો, તે-

ઉપર રાક્ષસીશીલાની પેઠે સાડા ત્રણ મણની શીલા જઈને પડે તે જગાશ્રિત રહેલા જીવોની શી દશા થાય?

પ્રશ્ન ૧૩ મું—રાક્ષસીશીલા એટલે શું?

ઉત્તર—ગામની અંદરના તમામ જીવો રાત્રિના ભાગમાં જળજંતુઓની પેઠે જંપી ગયેલા હોય તેના ઉપર રાક્ષસ કોપાયમાન થઈને એક મ્હોટી ગામ પ્રમાણે શીલા વીકુર્વીને અધરથી પડતી મૂકે ત્યારે ગ્રામવાસી જીવોની શી દશા થાય? તેવીજ દશા સુતા જળને જગાડવાવાળા રાક્ષસી શરીરરૂપશીલા નિચે આવેલાં જળ જંતુઓની થાય. તેમાં તે વળી પુણ્ય કે લાભ હોયજ કયાંથી?

અસંખ્ય જીવોના લોહી માંસનું શરીર પર લેપન કરી શરીર અને આત્માને પવિત્રપણું માનવું. આનું નામ અજ્ઞાનતા નહિ તો બીજું શું? મિત્રો ખોટું લગાડશો નહિ હો, આ મારૂં વાકય તમારી અનાદિ કાળની અજ્ઞાનતા ઉડાડવાને માત્ર તમારા હિતને ખાતરજ છે. તે પણ તમારાજ શાસ્ત્રથી તમે કબુલ કરશો.

પ્રશ્ન ૧૪ મું—અમારા શાસ્ત્રમાં તો ઠાર ઠાર ન્હાવાનીજ વાત છે. તેમાં તમે શું બતાવવા સમર્થ છો?

ઉત્તર—હાલમાં તમને હું એકજ સવાલ પુછું છું કે—

जले विष्णुः स्थले विष्णुः, विष्णुः पर्वत मस्तके;
ज्वालमालाकुले विष्णुः, सर्वं विष्णुमयं जगत् ॥१॥

यो मद्दं सर्वगतं ज्ञात्वाः, न च हिंसे कदाचिनः;
तस्याहं न प्रणस्यामि, स च मे न प्रणश्यति ॥२॥

ઉપરના બે શ્લોક કયા શાસના છે?

પ્રશ્ન ૧૫ મું—છે તો અમારા વિષ્ણુ પુરાણના તેમાં તમે શું કહેવા માગો છો? આમાં કંઇ ન્હાવા સંબંધીનો નિષેધ જણાતો નથી. તથાપિ કંઇ તમને સમજાતું હોય તો સ્પષ્ટાર્થ કરી સમજાવો.

ઉત્તર—પહેલાજ પદમાં શરૂઆતમાંજ જણાવે છે કે—જળને વિષે વિષ્ણુ છે. એટલે જળ, સ્થળ, પર્વત અને પર્વતના મસ્તકે—અગ્ર ભાગે, અગ્નિમાં, વાયુમાં, વનસ્પતિમાં, અને આખા જગતમાં વિષ્ણુ છે. એટલે આખું જગત વિષ્ણુએ ભરેલું છે. એમ મને સર્વ ઠેકાણે જાણીને

જળ આદિ કોઇ પણ જીવની કદાપિ પણ હિંસા ન કરવી, જે મારી હિંસા—મારો વિનાશ નહિ કરે તેનો હું પણ વિનાશ નહિ કરૂં.

આનો પરમાર્થ એ છે કે—વિષ્ણુ શબ્દે જીવ સમજવા. એટલે જળ, સ્થળ વગેરે તમામ ઠેકાણે આખા બ્રહ્માંડમાં જીવ ભરેલા છે. તે હુંજ છું. એમ જાણીને કોઇ જીવને હણવો નહિ.

તો જળના જીવોને હણતાં વિષ્ણુને હણનારા ગણાયો કે કેમ? આમાં તમોને ન્હાવાની જગ્યા કયા ઠેકાણે રહી?

પ્રશ્ન ૧૬ મું—તો શું અમારા શાસ્ત્રમાં જળથી દેહની શુદ્ધિ અને દેહથી મનની અને મનથી આત્માની શુદ્ધિ કહી છે તે ખોટી?

ઉત્તર—તે ખોટી તમારી જીભેજ કહો છો. અને શાસ્ત્ર તો મૂળેથીજ ખોટી કહે છે.

પ્રશ્ન ૧૭ મું—એવો અમારા શાસ્ત્રનો એક તો દાખલો બતાવો.

ઉત્તર—હ્યો, સાંભળો,—તમારા મનુસ્મૃતિમાંજ અધ્યાય—૫ મે—શ્લોક ૧૦૯ મો—કહ્યું છે કે—

अद्भिर्गात्राणि शुद्ध्यन्ति, मनः सत्येन शुद्ध्यति।
विद्यातपोभ्यां भूतात्मा, बुद्धिर्ज्ञानेन शुद्ध्यति ॥१०९॥

પાણી વડે ગાત્રો (શરીરના અવયવો) શુદ્ધ થાય છે. સત્ય વચન વડે મન શુદ્ધ થાય છે, બ્રહ્મવિદ્યા અને તપ વડે જીવાત્મા શુદ્ધ થાય છે, અને જ્ઞાન વડે બુદ્ધિ શુદ્ધ થાય છે.

જળ શુદ્ધિથીજ થયેલા દેહવડે મન શુદ્ધિ અને આત્મ શુદ્ધિ માનવી તે તો ભ્રમણા છે. શાસ્ત્ર તો ખુલ્લા શબ્દોમાં કહે છે કે—સત્ય વડે મનની શુદ્ધિ અને જ્ઞાનને તપ વડે આત્માની શુદ્ધિ કહી છે. આ સિવાય શુચી અશુચી વગેરેની વ્યાખ્યા તથા સ્નાનાદિક કોને લાગુ છે. અને કોને ઉચિત છે વગેરે જૈન શાસ્ત્રો અને અન્ય શાસ્ત્રો તમામ ખુલાસા આપે તેમ છે.

પ્રશ્ન ૧૮ મું—એક તર્ક ઉત્પન્ન થાય છે કે—જૈનના સાધુને માટે ઉપર જણાવેલા પાણીના દોષોને માટે—એટલે અસંખ્ય જીવોના રક્ષણને અર્થે જે ન્હાવાનો નિષેધ છે તો એમ પોતે પીવામાં ઉષ્ણ જળથી નિભાવ કરે છે તેમ ઉષ્ણ જળથી ન્હાઇને સાફ રહેવાને શો વાંધો આવે તેમ છે?

ઉત્તર—અરે ભાઇ! જેને સ્યાદ્ પાળવો છે—જેને આત્મકલ્યાણ જાણવું છે તેને માટે શાસ્ત્રકારે બહુજ ધ્યાન રાખવું પડે છે. એટલા માટે

[illegible] કે અન્ય [illegible] ભિક્ષુકો ઉપર રહિત [illegible] (આમ અર્થ [illegible]) ને તે સર્વથા નિષેધ છે [illegible] માટે તમારો જે [illegible] કરે છે, તે સંબંધી પૂર્વે ઘણું [illegible] ગયું છે. પણ [illegible] કેમ સ્પષ્ટ કરતા નથી? તેના જવાબમાં-દશ- વૈકાલિક સૂત્ર [illegible] અધ્યયનની ૬૨-૬૩મી ગાથામાં સારો ખુલાસો [illegible] —

[illegible] હુણા [illegible], [illegible] મિઅગા [illegible];
[illegible] નિરયંગે, [illegible] ॥ ૬૨ ॥
[illegible] ન નિવારંતિ, [illegible] ઉમિયેન વા;
[illegible] બોહં, [illegible] ॥ ૬૩ ॥

[illegible] 'સંગિયે' [illegible], [illegible] 'નામિનો' [illegible] મુનિ [illegible] ભિક્ષુ: [illegible] ગોચરગ્રહિ, [illegible] 'નર્દ' [illegible] ॥ ૬૩ ॥

[illegible]

[illegible]

[illegible]

ઘણા જીવોની વિરાધના કરવાવાળો થાય. કારણકે સ્નાન કરવાથી તે જીવો પાણીના પ્રવાહ સાથે તણાઇને મરી જાય, તેથી સાધુપણાનો-સંયમનો નાશ થાય. એટલા માટે નિર્દોષ જગ્યાથી-ફરેલા પાણીથી કે ઉષ્ણ-ગરમ પાણીથી પણ સાધુ સ્નાન કરે નહિ. એવું જાવ જીવ પર્યંત-જ્યાસુધી જીવે ત્યાંસુધી અસ્નાન રૂપ ઘોર વ્રત જૈનના સાધુ ગ્રહણ કરે છે.

પ્રશ્ન ૨૦ મું—આહા હા હા??? કેવો ખ્યાલ? જ્યારે અન્ય ધર્મના ત્યાગીઓ-સાધુઓ અને બ્રહ્મચારીઓ સ્નાન કરવામાંજ તપ અને વ્રત માને છે, ત્યારે જૈન ધર્મના સાધુઓ અસ્નાનને ઘોરવ્રત ધારણ કર્યું માને છે; એટલે આકરામાં આકરૂં વ્રત માને છે. આ તે કેવું આશ્ચર્ય? આનો તો નિર્ણય કેવી રીતે થાય?

ઉત્તર—હે ભાઇ! નિર્ણય તો શાસ્ત્ર કરી આપશે.-તમે મુંઝાઓમાં સાંભળો, પ્રથમ બ્રહ્મચારીઓને કેવી રીતે વર્તવું જોઇએ તે નીચેના શ્લોકોથી જણાઈ આવશે.

स्नान मुद्वर्तनाभ्यंग, नख केशादि सक्रिया;
गंधमाल्यं प्रदीपं च, त्यजंति ब्रह्मचारिणः ॥१॥

સ્નાન, ઉવટણ (શરીરને સાબુ પ્રમુખે ઉગટવું) તેલાદિકથી અભ્યંગન કરવું, નખ, અને કેશાદિકને સમારવા, સુગંધી પદાર્થો, પુષ્પની માળા અને દીવો. એટલાં વાનાં બ્રહ્મચારીએ તજવાં.

सुखशय्या नवं वस्त्रं, तांबूलं स्नान मंडनं;
दंतकाष्टं सुगंधं च, ब्रह्मचर्यस्य दूषणाः ॥२॥

પલ્યંકાદિક શય્યામાં સૂવું, સૂક્ષ્મ-ઝીણાં અને નવાં વસ્ત્રનું પહેરવું, તાંબુલ, સ્નાન, અને શણગાર, કાષ્ટનું દાતણ, અને સુગંધી પદાર્થો, આટલાં વાનાં બ્રહ્મચારીને દૂષણ ઉપજાવનારાં છે એમ પુરાણસારની હુંડીમા કહ્યું છે.

કહો, ભાઇ, અહિંયાં બ્રહ્મચારીને કોઇ ઠેકાણે સ્નાન કરવાનો સંબંધ જણાય છે? સ્નાનાદિ ઘણા પદાર્થો દૂષણ ભરેલા હોવાથી તજવા કહ્યા છે.

પ્રશ્ન ૨૧ મું—ગંગા વગેરે તીર્થના સ્થળને માનો છો કે કેમ?

ઉત્તર—ગંગા વગેરે તીર્થનાં સ્થળને તીર્થરૂપે કેટલાક માને છે એમ અમે જાણીએ છીએ.

પ્રશ્ન ૨૨ મું—ગંગાદિક તીર્થમાં સ્નાન કરવાથી અમારાં પાપોનો નાશ થાય છે. અને અમારો આત્મા પવિત્ર થાય છે. અર્થાત્ અમારા આત્માનો મોક્ષ થાય છે, તેમાં તમે શું કહી શકો તેમ છો?

ઉત્તર—હજી જરા કહેવાનું છે, સાંભળોઃ- એક ગાથા સાંભળોઃ-

पावाइ कम्माइ पकुव्वतोहिं, सिओदगं तु जइ तं हरिज्जा ।
सिज्झंसु एगे दगसत्त पाती, मुसं वयंते जल सिद्धिमाहु ॥ १७ ॥

અર્થ—જે જીવ પ્રકર્ષે કરી જીવ ઘાતાદિક અનેક પાપ કૃત્યો કરી, કર્મ ઉપાર્જીને પછી શીતોદક એટલે ત્રિસંધ્યાએ પાણીનો સ્પર્શ કરી, (સ્નાન કરી) ઉપાર્જીત કર્મનો નાશ કરીને સિદ્ધિ પામે તો પાણીને યોગે કરી કોઈ એક જીવ ઘાતક એવા માછીગર પ્રમુખ પણ સીજે તે માટે જે ઉદક (સ્નાન) થકી, સિદ્ધિ કહે છે તે મૃષાવાદ બોલે છે. ॥ ૧૭ ॥

પરવાદીઓ જે સ્નાનાદિકથી મોક્ષ, યા પુણ્ય-યા ધર્મ માને છે; તેના માટે તીર્થંકર મહારાજે ન્યાય યુક્ત, નિષેધ કહી બતાવ્યો, અને પોતાના સાધુ માટે ૨૧ મી ગાથાનાં બીજાં પદમાં वियडेण साहट्टय जे सिणाई ફાસુક પાણીએ એટલે નિર્દોષ પાણીએ સ્નાન કરે તે સયંમ થકી, દુર વર્તે છે. એમ શ્રી તીર્થંકર ગણધર કહે છે. અને (૨૨) મી ગાથાના છેલ્લા પદમાં કહ્યું છે કેઃ- विरते सिणाणइसु इत्थियासु સ્નાન, અભ્યંગ, ઉગટણાદિકને વિષે તથા સ્રીને વિષે વિરતિ હોય એટલે જે સ્રીથી નિવર્ત્યો હોય તે સ્નાન અભ્યંગ, ઉગટણાદિકથી નિવર્તે પણ કુશીલ દોષ આચરે નહિ ઇત્યર્થઃ-

પ્રશ્ન ૨૬ મું—સ્નાન માટે બૌદ્ધ ધર્મ શું જણાવે છે?

ઉત્તર—ઠીક જણાવે છે, સાંભળો "ચરિત્રમાળા પુસ્તક ૩ થી ૮ (ભારતનાં સ્રી રત્ન) ગ્રંથ ૧ લો-બે-ભાગમાં-કર્તા શીવપ્રસાદ દલપતરામ પંડિત, "પ્રકાશક" સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, સંવત ૧૯૬૮-વર્ષ પહેલું આ પુસ્તક ૬૮૨ પાનાનું છે.-તેમાં પાને ૫૭૫ મે- "રત્ન ૮૯-પુણ્ણિકા" એ નામનાં રત્નમાં લખ્યું છે કે-બૌદ્ધ ધર્મના ભિક્ષુસંઘમાં જેવી રીતે સારિપુત કાત્યાયન વગેરે મોટા તત્વજ્ઞાની ધર્મોપદેશક થઇ ગયા છે, તેવીજ રીતે ભિક્ષુણીસંઘમાં ક્ષેમા ઉત્પલવર્ણા વગેરે ભિક્ષુણીઓ થઇ ગઇ છે. કેટલેક પ્રસંગે મોટા મોટા વિદ્વાન પુરૂષોને પણ તેમણે અધિકાર યુક્ત વાણીએ ઉપદેશ કરીને સન્માર્ગે વાળ્યા હતા; તેમાંની એક પુણ્ણિકા નામની ભિક્ષુણીની ગાથા પાલી ગ્રંથોમાંથી અહિં ઉતારીએ છીએ.

પુણ્ણિકા નામની ભિક્ષુણી સવારમાં ઊઠીને વિહારમાંની ભિક્ષુણીઓ માટે પાણી ભરવા નદી ઉપર ગઇ હતી, ત્યાં એક બ્રાહ્મણ પ્રાતઃ સ્નાન કરતો હતો તેને જોઇને તે બોલી.

उदहारी अहसीते सदा उदक मावेरि ।
सय्यानं दंहभयं भीता वाचादोस ममह्निता ॥
कस्स ब्राह्मणत्वं भीतो सदा उदक मातेरि ।
वेध मानेहि गत्तेहि सीतं वेधयसे सुसं ॥

આ ટાઢમાં ભિક્ષુણી સંઘના ભયથી (મને દોષ આપશે એવા ભયથી) પાણી ભરવા હું આ પાણીમાં ઉતરૂં છું. પરંતુ હે બ્રાહ્મણ! તારા આ ઠંડીથી અકળાઈ ગએલાં ગાત્રથી તું આ પાણીમાં ઉતરે છે તે કોના ભયથી? ઠંડીથી તું અકળાઈ ગએલો લાગે છે.

બ્રાહ્મણે કહ્યું—"હું પુણ્ય કર્મ કરૂં છું અને પાપનો નિરોધ કરૂં છું." એ જાણવા છતાં હે પુણ્ણિકા તું આ પ્રશ્ન કેમ પૂછે છે? જે કોઈ વૃદ્ધ કે તરૂણ પાપ કરે છે તે પ્રાતઃ સ્નાનથી તે પાપથી મુક્ત થાય છે (એ તને ખબર નથી શું?)

પુણ્ણિકા બોલી-૧ હે બ્રાહ્મણ! સ્નાનથી પાપમુક્ત થવાય છે એ તું અજ્ઞાનને લીધે કહે છે.

૨ દેડકું, કાચબો, સાપ, મગર, ઇત્યાદિ પાણીમાં રહેનારાં સર્વ પ્રાણીઓ સ્વર્ગેજ જવાનાં છે કે શું?

૩ બકરા મારનારા, ડુક્કર મારનારા, માછલા મારનારા-કોળી, પારાધી, ચોર, ફાંસીની શિક્ષા થઈ હોય તે માણસો અને બીજા પાપી લોકો સ્નાન કર્યાથી પાપ કર્મથી મુક્ત થશે કે શું?

૪ હે બ્રાહ્મણ! આ નદીઓ જો તારૂં પાપ વહીને લઈ જશે તો તે સાથે પુણ્ય પણ લઈ જશે, એટલે તારૂં પુણ્ય પણ જશે.

૫ માટે હે બ્રાહ્મણ! જે પાપના ભયથી તું નિત્ય આ પાણીમાં ઉતરે છે તેજ પાપ તું કરીશ નહિ. અમસ્તો ઠંડીથી તારાં શરીરને દુઃખી શા માટે કરે છે?

પુણ્ણિકાનો આ ઉપદેશ સાંભળીને બ્રાહ્મણ સંતુષ્ટ થયો અને એક વસ્ત્ર લઈને તેની પાસે આવ્યો, અને તેને કહ્યું 'હે પુણ્ણિકા! તેં મને કુમાર્ગેથી સુમાર્ગે વાળ્યો માટે આ વસ્ત્ર હું તને આપું છું'

પુણ્ણિકા બોલી-૧ હે બ્રાહ્મણ! તારૂં વસ્ત્ર તારી પાસેજ રહેવા દે, હું તે લેવા ઇચ્છતી નથી. તું જો દુઃખથી બ્હીતો હોય, તને દુઃખ અપ્રિય હોય, તો એકાંતમાં કે લોક સમુહમાં તું પાપ કર્મ કરીશ નહિ.

૨ જો તું પાપ કર્મ કરે છે અગર કરીશ તો ગમે ત્યાં નાસી જઈશ તો પણ તું દુઃખથી મુક્ત થવાનો નથી.

૩ જો તું દુઃખથી બ્હીનો હોય, તને જો દુઃખ અપ્રિય હોય તો તું ખુલ્લે કે છાને પાપ [illegible] અને દેહ મનને શાંત રાખજે, શીલના નિયમ પાળવાથી [illegible] કલ્યાણ થશે.

આ ઉપદેશથી તે બ્રાહ્મણ બૌદ્ધમતાનુયાયી થયો. સાથી પુણ્ણિકાના [illegible] એ બ્રાહ્મણ [illegible] મોટો સાધુ થયો. [illegible] ઉપદેશ [illegible] હું માત્ર નામનોજ બ્રાહ્મણ હતો; [illegible] થયો છું. હવે હું ત્રૈવિદ્ય (બૌદ્ધ ધર્મમાં [illegible]) છું. હું વેદ સંપન્ન જ્ઞાન સંપન્ન) છું. હું [illegible] છું. હું સ્નાતક (બ્રાહ્મણ) છું."

[illegible] પુણ્ણિકા જેવી દાસીઓનો [illegible]

[illegible] પણ ન્હાવાનો નિષેધ છે એમ ઉપરનો [illegible]

[illegible] અને બૌદ્ધધર્મના ત્યાગીઓ[illegible] [illegible] જેમ કહી બતાવ્યા [illegible] પણ [illegible] જણાવ્યા નથી [illegible] નથી, [illegible] [illegible] લોકોને ન્હાવાનો [illegible] ન્હાવાનો નિષેધ છે એમ ખુલ્લી રીતે [illegible]

[illegible]

[illegible]

ઉત્તર—દાખલો સાંભળો શ્લોક.

आचार वस्त्रं जल गालितेन, सत्य प्रसन्न क्षम शीलनेन;
ज्ञानांबुना स्नाति नरोहि नित्यं, किं तस्य भूय मलिनेन कृत्य ॥ १ ॥

આચારરૂપી વસ્ત્ર વડે જળને ગાળવું તે આચાર કયો અને જળ કયું? કે સત્ય, પ્રસન્ન, ક્ષમા અને શીલરૂપી આચાર વડે જ્ઞાનરૂપી જળને ગાળીને જે મનુષ્યો નિત્ય સ્નાન કરે તેને નદી વગેરે જળના સ્નાનની શી જરૂર છે? તે સ્નાન તેને શા માટે કરવું જોઇએ. અર્થાત્ જ્ઞાન જળથી સ્નાન કરવું એજ ત્યાગીઓને માટે શ્રેય છે.

પ્રશ્ન ૨૯ મું—કોઇ એમ કહે કે શાસ્ત્રમાં જળસ્નાને મળમૂત્રાદિ કહેલ છે તો જળ સ્નાનથી કર્મ મળનો ત્યાગ કેમ ન થાય?

ઉત્તર—આ વિષે શિવપુરાણમાં કહ્યું છે કે—

मोदक क्लिन्न गात्रोपि, स्नात इत्यभि धीयते;
सस्नातो योदमः स्नातः, बाह्याभ्यंतरः शुचि ॥१॥

મલિન ગાત્ર પણ જળ વડે કે સ્નાન વડે શુદ્ધ થતાં નથી તો કર્મ મળની શુદ્ધિ—કર્મ મળનો ત્યાગ થાયજ ક્યાંથી? કર્મ મળ ત્યાગ કરવાને ખરૂં સ્નાન તો ઈંદ્રિયોનું દમન કરવું તેજ છે. તે સ્નાનથી આભ્યંતરની શુદ્ધિ શુચિ થાય છે.

न मृत्तिका नैवजलं, नाप्यग्निः कर्मशोधनः;
शोधयंति बुधाः कर्म, ज्ञानध्यान तपो जलैः ॥ २ ॥

મૃત્તિકા, જળ અને અગ્નિ વડે કર્મનું શોધન થતું નથી. અર્થાત્ જળ સ્નાનાદિકથી કર્મનું ટળવાપણું નથી કે આત્માની શુદ્ધિ થતી નથી. કર્મનું શોધન એટલે આત્માની શુદ્ધિ કરવાને જ્ઞાની પુરૂષો જ્ઞાન ધ્યાન અને તપ રૂપ જળનુંજ સ્નાન બતાવે છે. કર્મ મળનો ત્યાગ કરનાર વૈદિક વાણી તો જ્ઞાન, ધ્યાન ને તપજ કહેલ છે (ઇતિ શિવપુરાણે) [illegible] [illegible] ટુંકીમાં.

પ્રશ્ન ૩૦ મું—સ્નાન કરવાથી નિર્મળ થવાય કે નહિ?

ઉત્તર—આદિત્ય પુરાણમાં તો એમ કહ્યું છે કે—

अत्यंत मलिनो देहः, देही च अत्यंत निर्मल,
उभयोरंतरं ज्ञात्वा, कस्य शौचं विधीयते ॥१॥

अत्यंत मलिनो देहा, नव श्रोत समन्वितं;
श्रवते न अहोरात्रं, कथं स्नानेन शुद्धयति. ॥२॥

આ શરીર છે તે તો અત્યંત મલિનજ રહ્યું છે. અને શરીરમાં રહેલો આત્મા આત્મ સ્વરૂપે નિર્મળ છે. એમ જ્ઞાની પુરૂષો શરીર અને આત્માનો અંતર જાણે છે. તેમાં શરીરની શુચી કેવી રીતે થઇ શકે? શરીર તો અત્યંત મલિન છે. કારણકે પુરૂષને નવ દ્વાર અને સ્ત્રીને બાર દ્વાર અહોરાત્રી શ્રવ્યાં કરે છે, વહ્યાં કરે છે. તે સ્નાન વડે કેવી રીતે શુદ્ધ થાય-કેવી રીતે નિર્મળ થાય? અર્થાત્ સ્નાન વડે શરીરની શુદ્ધિ થતી નથી તો આત્મ શુદ્ધિ તો થાયજ ક્યાંથી? વળી સ્કંદ પુરાણમાં કહ્યું છે કે—

न शरीर मलं त्यागात, नरो भवति निर्मलं;
मनस्य तु मलेत्यक्ति, भवत्यंत स निर्मलं ॥१॥

શરીર ઉપરનો મેલ ત્યાગવાથી કાંઇ મનુષ્યો નિર્મળ થતાં નથી, પરંતુ મનનો મેલ કાઢવાથીજ તે નિર્મળ થાય છે.

પ્રશ્ન ૩૧ મું—કેટલાક કહે છે કે—અમારા દરેક શાસ્ત્રમાં કહ્યું છે કે-ગંગાદિ તીર્થનાં જળમાં સ્નાન કરવાથી કર્મરૂપી મળનો નાશ થાય છે અને તે જીવ સ્વર્ગગતિને પામે છે, માટે અમારે તીર્થના જળનું માહાત્મ્ય વિશેષ છે તેમાં તમે શું કહો તેમ છો?

ઉત્તર—તે વિષે સ્કંદ પુરાણ એમ જણાવે છે કે—

जायते च मृयते च, जलेष्व च जलोकसि;
न च गच्छन्ति ते स्वर्गे, मविशुद्ध मनोर्मला ॥१॥

જળની અંદર અર્થાત્ તીર્થના જળની અંદર રહેલા જીવો તે તેમાંજ જન્મે છે અને તેમાંજ મરે છે પણ તે સ્વર્ગે જતા નથી. કારણકે મનની શુદ્ધિ થયા વિના નિર્મળ થવાતું નથી. તો જ્યાં સુધી મન શુદ્ધ ન થાય, મનનો મેલ ન ખસે ત્યાં સુધી સ્વર્ગે પણ જાય નહિ.

चित्त मतर्गतं दुष्टं, तीर्थस्नाने न शुद्धयति,
शतशोपि जलेधौतं, शुराभंड मिवाशुचि ॥१॥
मृदामार सहस्रेण, जलकुंभ शतेन च;
न शुद्धयति दुराचारा, स्नाना तीर्थे शतैरपि ॥२॥

જેનું ચિત્ત અંતર્ગત દુષ્ટ હોય તે તીર્થનાં સ્નાન વડે પણ શુદ્ધ થતું નથી. જેમ મદિરાનો ભાંડ સો વાર જળે કરી ધોવાથી અંદર શુદ્ધ ન

થાય તેમ અંતર્ગત મલિન ચિત્ત પણ તીર્થના સ્નાનથી શુદ્ધ ન થાય. દારૂ બાર માટીએ સાફ કરી સેંકડો વખતે જળના ઘડાથી ધોવે તોપણ જેમ મદિરાનો ઘડો અંદર શુદ્ધ થતો નથી—ઘડાની અંદરથી વાસના જતી નથી તેમ દુરાચારી મનુષ્યો તીર્થનાં જળમાં સેંકડો વાર સ્નાન કરે તોપણ તે શુદ્ધ થતાં નથી.

પ્રશ્ન ૩૨ મું—કોઇ કહે કે પ્રયાગ તીર્થના મહાત્મ્યમાં કહ્યું છે કે—ગમે તેવા કૃત્યના કરવાવાળા અપરાધી જીવો હોય, તે ગંગાદિ તીર્થોમાં સ્નાન કરવાથી શુદ્ધ થાય છે તેનું કેમ?

ઉત્તર—એ વિષે તીર્થાધિકારમાં ઠીક કહ્યું છે. શ્લોકો—

आरंभे वर्तमानस्य, मैथुनेषु रतस्य च;
कुतः शौच भवे तस्य, ब्राह्मणस्य युधिष्ठिर ॥१॥
कामरागो मदोन्मत्तो, जे स्त्रीव वशवर्तिन ;
न ते जलेन शुद्धन्ति, स्नान तीर्थ शतैरपि ॥२॥
नः गंगा न च केदारं, न प्रयाग न पुष्करं;
न ध्यानं न च होमश्च, न तपः न जपः कुर्वतः ॥३॥

જે આરંભને વિષે વર્તતા એટલે જીવની હિંસાના કરનાર, અને મૈથુનને વિષે રક્ત-આસક્ત, તે કેવી રીતે શૌચ થાય? શ્રીકૃષ્ણ મહારાજ કહે છે કે—હે યુધિષ્ઠિર! ઉપર કહેલી વૃત્તિવાળા બ્રાહ્મણ હોય, તોપણ તે કંઈ પવિત્ર કહેવાતા નથી. જે પુરુષ કામ ભોગને અર્થે કરીને મદોન્મત્ત ઉન્મત્ત થયેલો—જેની વૃત્તિ સ્ત્રીને વિષેજ વર્તે છે, તેવા પુરુષો જળ વડે તો શુદ્ધ થતા નથી પણ તીર્થના સ્નાન વડે પણ તે શુદ્ધ થતા નથી. ગંગા, કેદાર, પ્રયાગ અને પુષ્કરાદિકના તીર્થ તથા ધ્યાન, હોમ, તપ અને જપ કરવાથી ઉપરોક્ત પુરુષો શુદ્ધ થતા નથી.

પ્રશ્ન ૩૩ મું—તીર્થના સ્નાનથી શુદ્ધ ન થવાનો કોઇ દૃષ્ટાંત પુરાવો છે?

ઉત્તર—જેમ સાંભળીએ છીએ કે જ્યારે પાંચ પાંડવોએ મહાભારત યુદ્ધ કર્યું, ઘણું બાંધવોનો કુળક્ષય કરી દીધો, કુટુંબનો સંહાર કર્યો ત્યારે પાપ લાગવાથી તે પાપનું નિવારણ કરવા અડસઠ તીર્થ કરી તે પાપથી મુક્ત થવા તીર્થ કરવા જવાનો નિશ્ચય કરી પાંચે પાંડવો શ્રીકૃષ્ણ મહારાજ પાસે આવ્યા. શ્રીકૃષ્ણ મહારાજે આશ્ચર્યવત્ કહ્યું કે પાંડવોને

પોતાનો અભિપ્રાય જણાવ્યો. શ્રીકૃષ્ણ મહારાજે સ્મિત્ હાસ્ય કરી પાંડવોને ઉત્સાહ ભંગ ન પાડવાને એક તુંબડી આપી ભલામણ કરી કે અહો પાંડવો! જે જે સ્થળે જે જે પ્રકારે તમે તીર્થયાત્રા કરો તેજ પ્રમાણે આ તુંબડીને પણ કરાવજો.

પાંડવો તીર્થ યાત્રા કરીને શ્રીકૃષ્ણ પાસે આવ્યા. બાદ કચેરી ભરી તુંબડીને વેહારી પાંડવો વગેરે તમામને તીર્થવાસી તુંબડીની પ્રસાદી-શેષ આપી દરેક જનોએ માથે ચડાવી મુખમાં મુકી કે તરતજ પાંડવો વગેરે તમામના મુખના ચહેરા બદલાઇ ગયા. તુંબડી એવી કડવી હતી કે જેનો રસ ગળા હેઠે ઉતરી શકે તેમ નહોતું, તેમ સભાનું અપમાન થવાના ભયથી કોઇ ઉઠી શકતું પણ નહિ. આવી કફોડી સ્થિતિમાં આવી ચડેલા પાંડવો વગેરેને મુખમાંથી ઓગાળ કાઢી નાખવાની આજ્ઞા થવાથી મુખને સાફ કરી પાંડવો વગેરે આવીને બેઠા. બાદ શ્રીકૃષ્ણ મહારાજે પ્રશ્ન કર્યું.

પ્રશ્ન ૩૪ મું—શ્રીકૃષ્ણ મહારાજે પાંડવો પ્રત્યે શું પ્રશ્ન કર્યું?

ઉત્તર—એ પ્રશ્ન કર્યું કે અહો પાંડવો! મોઢાં કહાણાં કેમ થઈ ગયાં? પાંડવો કહે મહારાજ! તુંબડીની શેષ તો ઝેરથી પણ અધિક કડવી-ગળા હેઠે ઉતરે નહિ તેવી તેથી અમો તો મુંઝાઇ ગયા. શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું કે, તમે તમારૂં પાપ ધોયું, પણ મારી તુંબડીનું પાપ ધોયું નહિ, તમે તુંબડીને તીર્થના જળે સ્નાન કરાવ્યું લાગતું નથી; તેમ તીર્થ સંબંધી કાંઇ પણ ક્રિયા કરી હોય એમ જણાતું નથી. તમારી પેઠે તુંબડીને તીર્થ યાત્રા કરાવી હોય તો તેની કડવાશ કેમ રહે? પાંડવો કહે મહારાજ! જેટલી ક્રિયા અમે કરી છે તેટલીજ ક્રિયા તુંબડીને કરાવી છે. શ્રીકૃષ્ણ મહારાજ કહે તો પછી તુંબડીની કડવાશ કેમ ન ગઈ? જો તુંબડીની કડવાશ નથી ગઇ તો તમારાં કર્મો પણ નથી ગયાં. એ વાત ચોકસ જાણવી.

પ્રશ્ન ૩૫ મું—પાંડવો કહે-અહો મહારાજ! પછી અમારાં પાપોનું નિવારણ કેમ થાય? અમો પાપથી કેમ મુક્ત થઇએ? એવું કયું તીર્થનું સ્થળ છે કે જેમાં સ્નાન કરવાથી અમારા પાપ કર્મોનો નાશ થાય?

ઉત્તર—શ્રીકૃષ્ણ મહારાજ કહે છે કે-અહો પાંડુ પુત્રો! અહો પાંડવો! જો તમારે પાપથી મુક્ત થવું-હોય તો હું કહું તે સાંભળો.

सत्यं तीर्थं तपः तीर्थं, तीर्थमिंद्रियनिग्रहः;
सर्वभूतदया तीर्थं, मेतत्तीर्थमुदाहृतं ॥१॥

પ્રથમ હું તમને તીર્થનું સ્વરૂપ જણાવું છું. પાપ કર્મથી મુક્ત થવાને ખરૂં તીર્થ આ પ્રમાણે છે. સત્ય તે પ્રથમ તીર્થ (૧) બીજું તપ તીર્થ (૨) ત્રીજું ઇંદ્રિયોનો નિગ્રહ કરવો તે તીર્થ (૩) અને ચોથું તીર્થ સર્વ ભૂત પર દયા કરવી તેજ. આ ચાર તીર્થનેજ હું તીર્થ કહું છું.

પ્રશ્ન ૩૬ મું—આ ચાર તીર્થમાં સ્નાન કરવાનું તો કાંઇ જણાયું નહિ કે આ પ્રકારે સ્નાન કરવાથી આત્મા શુદ્ધ થાય છે, તે પણ જણાવવું જોઇએ.

ઉત્તર—તેનો ખુલાસો પણ પાંડવો પ્રત્યે શ્રીકૃષ્ણ મહારાજે કહી બતાવ્યો છે કે સાંભળો. શ્લોકઃ—

आत्मानदी संयम तोय पूर्णा, सत्या वहा शीलतटा दयोर्मिः ;
तत्राभिषेकं कुरू पांडुपुत्राः न वारिणा शुद्धयति चांतरात्मा. ॥ १ ॥

इति महाभारते.

આત્મારૂપ નદીને વિષે સંયમરૂપ પૂર્ણ ભરેલું પાણી, સત્યરૂપ (પાણી આવવાનો) પ્રવાહ, શીલરૂપી (નદીના બન્ને તરફના) તટ-કાંઠાં, દયારૂપ (પાણીમાં ચડતી) ઉર્મિ-ઉછાળા, હીલોળા, (એવી જ્ઞાનરૂપી ગંગા) તેને વિષે અહો પાંડુ પુત્રો ! અભિષેક કરો કે તમારાં પાપ કર્મોનો નાશ થાય. પરંતુ, શાયુનઃ અંતરાત્મા વારિણા નશુદ્ધયતિ-એટલે પાણી વડે અંતરાત્મા શુદ્ધ નહિ થાય. અર્થાત્ જ્ઞાનાત્મારૂપ ગંગા નદીમાં, સંયમરૂપ પાણીમાં સ્નાન કરવાથી અંતરાત્મા શુદ્ધ થાય છે, પણ પાણીથી શુદ્ધ થતો નથી. એમ મહાભારતમાં-તિર્થાધિકારે કહેલ છે. (પુરાણ સાર હુંડીમાં).

પ્રશ્ન ૩૭ મું—તીર્થાદિ કરવાવાળાને કાંઇક તો ફળ હોવું જોઇએ કે નહિ ? શું અમારા પૂર્વાચાર્યો તીર્થનું માહાત્મ્ય વૃથા કહી ગયા હશે ?

ઉત્તર—તે વિષે ભાગવતમાં દશમ સ્કંધમાં સારૂં કહ્યું છે સાંભળો શ્લોકઃ—

यस्यात्म बुद्धि कुणपे त्रिधातुके स्वधीः कलत्रादिषु भौमइज्यधिः ;
यत्तीर्थबुद्धिः सलिलेन कर्हिचित्, जनेष्वभिज्ञेषु स एव गोखरः ॥ १ ॥

ત્રણ ધાતુ (વાત, પિત્ત અને કફ) નું બનેલું જે શરીર તેને વિષે જેની આત્મબુદ્ધિ છે, સ્ત્રી પુત્રાદિકને વિષે જેની મારાપણાની બુદ્ધિ છે, અને પૃથ્વ્યાદિક પૃથ્વીથી ઉત્પન્ન થયેલા પદાર્થોને વિષે જેની પૂજ્યની બુદ્ધિ છે, અને નદી આદિ જળાશયને વિષે જેની તીર્થ બુદ્ધિ છે. આવી બુદ્ધિવાળા મનુષ્યો જ્ઞાની પુરૂષોના વૃંદમાં કેવી શોભા પામે છે ? તો કે

પોતાનો અભિપ્રાય જણાવ્યો. શ્રીકૃષ્ણ મહારાજે સ્મિત હાસ્ય કરી પાંડવોનો ઉત્સાહ બંધ ન પાડવાને એક તુંબડી આપી ભલામણ કરી કે અહો પાંડવો! જે જે સ્થળે જે જે પ્રકારે તમે તીર્થયાત્રા કરો તેજ પ્રમાણે આ તુંબડીને પણ કરાવજો.

પાંડવો તીર્થ યાત્રા કરીને શ્રીકૃષ્ણ પાસે આવ્યા. બાદ કચેરી ભરી તુંબડીને વેદારી પાંડવો વગેરે તમામને તીર્થવાસી તુંબડીની પ્રસાદી-રેવ આપી દરેક જનોએ માથે ચડાવી મુખમાં મુકી કે તરતજ પાંડવો વગેરે તમામના મુખના ચહેરા બદલાઇ ગયા. તુંબડી એવી કડવી હતી કે એનો રસ ગળા હેઠે ઉતરી શકે તેમ નહોતું, તેમ સગાનું અપમાન થવાના ભયથી કોઇ થુંકી શકતું પણ નહિ. આવી કફોડી સ્થિતિમાં અતી ચહેલા પાંડવો વગેરેને મુખમાંથી એગાળ કાઢી નાખવાની આજ્ઞા થવાથી મુખને સાફ કરી પાંડવો વગેરે આવીને બેઠા. બાદ શ્રીકૃષ્ણ મહારાજે પ્રશ્ન કર્યું.

પ્રશ્ન ૨૪ મું—શ્રીકૃષ્ણ મહારાજે પાંડવો પ્રત્યે શું પ્રશ્ન કર્યું?

ઉત્તર—એ પ્રશ્ન કર્યું કે અહો પાંડવો! મોઢાં કહ્વાણાં કેમ થઈ ગયાં! પાંડવો કહે મહારાજ! તુંબડીની રેવ તો ઝેરથી પણ અધિક કડવી-આશ હોવે ઉતરે નહિ તેથી તેથી અમો તો મુંઝાઇ ગયા. શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું કે, હવે તમારૂં પાપ ધોવું, પણ મારી તુંબડીનું પાપ ધોયું નહિ, હવે તુંબડીને તીર્થના જળે સ્નાન કરાવ્યું લાગતું નથી; તેમ તીર્થ સંબંધી કાંઇ પણ ક્રિયા કરી હોય એમ જણાતું નથી. તમારી પેઠે તુંબડીને તીર્થ કરાવ્યા હશે તો તેની કડવાશ કેમ રહે? પાંડવો કહે મહારાજ! જેટલી ક્રિયા અમે કરી છે તેટલીજ ક્રિયા તુંબડીને કરાવી છે. શ્રીકૃષ્ણ મહારાજ કહે તો પછી તુંબડીની કડવાશ કેમ ન ગઇ? એ તુંબડીની કડવાશ જેવી જ તો તમારાં કર્મો પણ નથી ગયાં. એ વાત ચોકસ જાણવી.

પ્રશ્ન ૨૫ મું—યુધિષ્ઠિર કહે-અહો મહારાજ! પછી અમારાં પાપોનું નિવારણ કેમ થાય? અને પાપથી કેમ મુક્ત થઇએ? એવું કયું તીર્થનું સ્થાન છે કે જેમાં સ્નાન કરવાથી અમારા પાપ કર્મોનો નાશ થાય?

ઉત્તર—શ્રીકૃષ્ણ મહારાજ કહે છે કે-અહો પાંડુ પુત્રો! અહો પાંડવો! જે તમારે પાપથી મુક્ત થવું હોય તો હું કહું તે સાંભળો.'

सत्यं तीर्थं क्षमा तीर्थं, तीर्थमिन्द्रियनिग्रहः।
सर्वभूतदया तीर्थं, तीर्थमार्जवमेव च ॥१॥

પ્રથમ હું તમને તીર્થનું સ્વરૂપ જણાવું છું. પાપ કર્મથી મુક્ત થવાને ખરૂં તીર્થ આ પ્રમાણે છે. સત્ય તે પ્રથમ તીર્થ (૧) બીજું તપ તીર્થ (૨) ત્રીજું ઇંદ્રિયોનો નિગ્રહ કરવો તે તીર્થ (૩) અને ચોથું તીર્થ સર્વ ભૂત પર દયા કરવી તેજ. આ ચાર તીર્થનેજ હું તીર્થ કહું છું.

પ્રશ્ન ૩૬ મું—આ ચાર તીર્થમાં સ્નાન કરવાનું તો કાંઇ જણાયું નહિ કે આ પ્રકારે સ્નાન કરવાથી આત્મા શુદ્ધ થાય છે, તે પણ જણાવવું જોઇએ.

ઉત્તર—તેનો ખુલાસો પણ પાંડવો પ્રત્યે શ્રીકૃષ્ણ મહારાજે કહી બતાવ્યો છે કે સાંભળો. શ્લોકઃ—

आत्मानदी संयम तोय पूर्णा, सत्या वहा शीलतटा दयोर्मिः;
तत्राभिषेकं कुरू पांडुपुत्राः न वारिणा शुद्धयति चांतरात्मा. ॥ १ ॥

इति महाभारते.

આત્મારૂપ નદીને વિષે સંયમરૂપ પૂર્ણ ભરેલું પાણી, સત્યરૂપ (પાણી આવવાનો) પ્રવાહ, શીલરૂપી (નદીના બન્ને તરફના) તટ-કાંઠાં, દયારૂપ (પાણીમાં ચરતી) ઉર્મિ-ઉછાળા, હીલોળા, (એવી જ્ઞાનરૂપી ગંગા) તેને વિષે અહો પાંડુ પુત્રો ! અભિષેક કરો કે તમારાં પાપ કર્મોનો નાશ થાય. પરંતુ, શયુનઃ અંતરાત્મા વારિણા નંશુદ્ધયતિ-એટલે પાણી વડે અંતરાત્મા શુદ્ધ નહિ થાય. અર્થાત્ જ્ઞાનાત્મારૂપ ગંગા નદીમાં, સંયમરૂપ પાણીમાં સ્નાન કરવાથી અંતરાત્મા શુદ્ધ થાય છે, પણ પાણીથી શુદ્ધ થતો નથી. એમ મહાભારતમાં-તિર્થાધિકારે કહેલ છે. (પુરાણ સાર હુંડીમાં).

પ્રશ્ન ૩૭ મું—તીર્થાદિ કરવાવાળાને કાંઇક તો ફળ હોવું જોઇએ કે નહિ ? શું અમારા પૂર્વાચાર્યો તીર્થનું માહાત્મ્ય વૃથા કહી ગયા હશે ?

ઉતર—તે વિષે ભાગવતમાં દશમ સ્કંધમાં સારૂં કહ્યું છે સાંભળો શ્લોકઃ—

यस्यात्म बुद्धि कुणपे त्रिधातुके स्वधीः कलत्रादिषु भौमइज्यधिः;
यत्तीर्थबुद्धिः सलिलेन कर्हचित्, जनेष्वभिज्ञेषु स एव गोखरः ॥ १ ॥

ત્રણ ધાતુ (વાત, પિત્ત અને કફ) નું બનેલું જે શરીર તેને વિષે જેની આત્મબુદ્ધિ છે, સ્ત્રી પુત્રાદિકને વિષે જેની મારાપણાની બુદ્ધિ છે, અને પૃથ્વ્યાદિક પૃથ્વીથી ઉત્પન્ન થયેલા પદાર્થોને વિષે જેની પૂજનની બુદ્ધિ છે, અને નદી આદિ જળાશયને વિષે જેની તીર્થ બુદ્ધિ છે. આવી બુદ્ધિવાળા મનુષ્યો જ્ઞાની પુરૂષોના વૃંદમાં કેવી શોભા પામે છે ? તો કે

જેમ ગધના ટોળામાં ગધેડો શોભા ને પામે તેમ જ્ઞાનીઓની સભામાં ઉપર કહેલા બુદ્ધિવાળા શોભા પામે. વળી ગીતા સારમાં પણ કહ્યું છે કે શ્લોકઃ—

तीर्थेषु पशुयज्ञेषु, काष्ट पाषाण मृण्मये;
प्रतिमादौ मनुजाचे, ते नराः मूढ चेतसा.॥१॥

તીર્થને વિષે, પશુના યજ્ઞને વિષે, કાષ્ઠ પાષાણ માટી આદિ પ્રતિમાને વિષે જેનું મન પ્રવર્ત્તે છે તેવા મનુષ્યોની ચેતના મૂઢ થઇ ગયેલી સમજવી. (ઇતિ પુરાણ સાર હુંડી.)

પ્રશ્ન ૩૮ મું—કોઇ એમ કહે કે અમારા શાસ્ત્રમાં ગંગાદિ તીર્થોના સ્નાન વડેજ શુદ્ધ થવાય છે તેનું કેમ?

ઉત્તર—તે વિષે પણ પુરાણ સારમાં કહ્યું છે કે શ્લોકઃ-

चित्तं शम दमः शुद्धं, वदनं सत्यभाषणैः;
ब्रह्मचर्यादि कायश्च, शुद्धो गंगा विनापिकः ॥१॥

શમ, દમ, (ક્ષમા અને ઇંદ્રિયોને દમવા) વડે કરીને જેણે ચિત્તની શુદ્ધિને શુદ્ધ કરી છે, સત્ય બોલવે કરી મુખને પવિત્ર કર્યું છે અને બ્રહ્મચર્યાદિ કેણે કાયાને શુદ્ધ કરી છે, આવા પુરૂષો ગંગા વિના સદાય શુદ્ધ ને પવિત્ર હોય છે, તેને કાંઇ ગંગાદિ તીર્થોની જરૂર પડતી નથી.

પ્રશ્ન ૩૯ મું—શુચિ કેટલા પ્રકારની છે?

ઉત્તર—શુચિ બે પ્રકારની છે, એક દ્રવ્ય શુચિ અને બીજી ભાવશુચિ.

પ્રશ્ન ૪૦ મું—દ્રવ્યશુચિ અને ભાવશુચિનું સ્વરૂપ શી રીતે છે?

ઉત્તર—શ્લોક.

शुचिर्भूमिगतं तोयं शुचि नारी पतिव्रता;
शुचि धर्मपरो राजा, ब्रह्मचारी सदा शुचि ॥१॥

ભૂમિગત જળ તે સદાય શુચિ અર્થાત્ છે, વ્યવહારમાં તેનો કોઇ [illegible] માટે શુદ્ધ ગણાય છે, પતિવ્રતા નારી તે પણ શુચિ એટલે પવિત્ર ગણાય છે, ધર્મિષ્ઠ રાજા તે પણ શુદ્ધ ને પવિત્ર ગણાય છે, અને બ્રહ્મચારી તે સદાય શુચિ કહેતાં શુદ્ધ ને પવિત્ર ગણાય છે. ચાર પ્રકારની શુચિઓ કહેલ છે. [illegible] શુચિનો ને ઉપરના ચાર બે ભાવશુચિના.

પ્રશ્ન ૪૧ મું—અશુચિ કેટલા પ્રકારની ને તેનું સ્વરૂપ શી રીતે છે? તે પણ સમજાવો?

ઉત્તર—અશુચિ પણ ચાર પ્રકારે કહી છે તે એ કે શ્લોકઃ—

अशुचि करुणाहीनं, अशुचि नित्य मैथुनं;
अशुचि परद्रव्येषु, अशुचि परनिंदा भवेत् ॥१॥

દયાહીન-દયા રહિત પુરૂષ ૧ નિત્ય મૈથુનના સેવવાવાળા ૨ પર દ્રવ્યના લુંટારા-યા પર દ્રવ્યના ઈચ્છનારા ૩ અને પારકી નિંદાના કરનારા ૪ આ ચારે પુરૂષો સદાય અશુચિમય-અપવિત્રજ છે.

પ્રશ્ન ૪૨ મું—શૌચ કેટલા પ્રકારે થાય છે તે જણાવશો ?

ઉત્તર—શૌચ પાંચ પ્રકારે કહ્યું છે તે સાંભળો શ્લોકઃ—

सत्य शौचं तपः शौचं, शौचमिंद्रियनिग्रहं;
सर्वभूतदया शौचं, जल शौचं तु पंचमं ॥ १ ॥

ઈતિતીર્થાધિકારે (પુરાણુસાર હુંડી) (૧) સત્ય, (૨) તપ, (૩) ઈંદ્રીયોનો નિગ્રહ, અને સર્વ પ્રાણી-ભૂતપર દયા (૪) અને પાંચમું જળ શૌચ, આ પાંચ પ્રકારના શૌચમાં પહેલા ચાર ભાવ શૌચ છે, ને પાંચમો જળ શૌચ કહ્યો તે દ્રવ્ય શૌચ છે.

પ્રશ્ન ૪૩ મું—દ્રવ્ય શૌચ અને ભાવ શૌચમાં શો તફાવત ?

ઉત્તર—સાંભળો-દ્રવ્ય શૌચ અને ભાવ શૌચ નીચે પ્રમાણે છે. શ્લોક

जलस्नाने मलत्यागो मंत्रस्नाने सदा शुचि
तपस्नाने कर्मक्षति ज्ञानस्नाने परं पदः ॥१॥

જળના સ્નાન વડે માત્ર શરીર ઉપરના મેલનોજ ત્યાગ થાય છે, ભગવત્ સ્મરણરૂપ-પરમેષ્ઠિના ધ્યાનરૂપ મંત્રના સ્નાન વડે બાહ્યાભ્યંતર સદાશુચિ-સદા પવિત્રજ હોય છે, તપરૂપી સ્નાન કરવાથી કર્મોનો નાશ થાય છે. અને જ્ઞાનરૂપી સ્નાન વડે પરમપદની પ્રાપ્તિ થાય છે. જળ સ્નાન તે દ્રવ્ય સ્નાન છે. બાહ્ય સ્નાન છે તેથી તો શરીર ઉપરના મેલનોજ ત્યાગ થાય છે, તેથી કાંઈ આત્મા પવિત્ર થતો નથી. આત્માની પવિત્રતા માટે તો ભાવ સ્નાન કે જે ભગવત્ સ્મરણ મંત્ર સ્નાન (કોઈ શ્લોકમાં મંત્ર ને ઠેકાણે શીલ સ્નાન પણ કહે છે) તપ સ્નાન અને જ્ઞાન સ્નાન એજ આત્માને શુદ્ધ કરનાર-પવિત્ર કરનાર- નિર્મળ કરનાર કહ્યાં છે. દ્રવ્ય સ્નાન તે કર્મ બંધનો હેતુ છે. અને ભાવ સ્નાન તે કર્મ બંધથી મુક્ત કરવાનો હેતુ છે. દ્રવ્ય શૌચ અને ભાવ શૌચમાં આટલો તફાવત છે.

પ્રશ્ન ૧૨ મું—જૈનના સાધુ જ્યારે દ્રવ્ય સ્નાન (જળ સ્નાન) [illegible] તો ભાવ સ્નાન કેવી રીતે કરે છે? તે તો જણાવો?

ઉત્તર—જૈનના સાધુ ભાવ સ્નાન બે પ્રકારે કરે છે. [illegible] સ્નાન [illegible]?

પ્રશ્ન ૧૩ મું—દેશ સ્નાન કેવી રીતે ને સર્વ સ્નાન કેવી રીતે [illegible]?

ઉત્તર—[illegible] કે દેહ [illegible] પોતાના [illegible] (સીરી [illegible]) [illegible] તે પાપને ટાળવાને માટે [illegible] અને કાળોનાં પાપના [illegible] કરે, તે એ રીતે [illegible] [illegible] કાળોનાં પાપની [illegible] [illegible] પરમાત્મા [illegible] [illegible] કાળોનાં [illegible]

[illegible]

[illegible]

હવે સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીમાં રાત્રીના સમયમાં હલન ચલનાદિ ક્રિયાથી તથા નિદ્રાવસ્થામાં અંગોપાંગ ફેરવવાથી તેમજ સ્વપ્નાવસ્થામાં કંઇ દોષ લાગ્યા હોય, તથા રાત્રિના જે નિયમો પાળવાના હોય તેમાં શુન્ય ઉપયોગ થવાથી, તથા પમાદ વડે કાઇ પણ અતિચારાદિ દોષ લાગ્યા હોય, અથવા જૂ, માંકડ વગેરે કોઇ જીવ ચંપાણા હોય, દુઃખી થયા હોય વા મરણ પામ્યા હોય ઇત્યાદિ અજાણપણે કાંઇ પણ દોષ લાગ્યા હોય તે પાપના નિવારણ માટે પ્રાતઃકાળનું પ્રતિક્રમણ કરી આત્માને નિર્મળ કરવાનું જૈનના સાધુને પ્રાતઃસ્નાન કહ્યું છે આ, બે વખતનું સ્નાન જ્યારથી દીક્ષિત થયો ત્યારથી જીવિત પર્યંત અવશ્યમેવ કરવાને અનંતજ્ઞાની તીર્થંકર મહારાજનું ફરમાન છે, અને જૈન મુનિઓ પણ હંમેશાં ભાવ સ્નાનથીજ નિર્મળ થાય છે. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કેઃ—

पूर्वां संध्यां जपंस्तिष्ठन्नैशमेनो व्यपोहति ।
पश्चिमां तु समासीनो मलं हन्ति दिवाकृतम् ॥

અધ્યા ૨ શ્લોક ૧૦૨.

અર્થ—પ્રાતઃકાળે ઉભા રહીને ગાયત્રીનો જપ કરનારો પુરૂષ પોતાનાં રાત્રિમાં કરેલાં પાપનો નાશ કરે છે. અને સાયંકાળે બેસીને ગાયત્રીનો જપ કરનારો પુરૂષ દિવસે કરેલાં પાપનો નાશ કરે છે. આ શ્લોકની ફુટનોટમાં લખે છે કેઃ-આ શ્લોકમાં પાતઃકાળની સંધ્યા કરવાથી રાત્રિનાં અને સાયંકાળની સંધ્યા કરવાથી દિવસના પાપનો નાશ થાય છે. એમ કહ્યું છે કેઃ— તે પરથી એમ સમજવાનું નથી કે, મનુષ્યો જે જે પાપ કરે છે, તે બધાં સંધ્યા કરવાથી નાશ પામે છે, જો એમ હોય તો પછી બ્રહ્મહત્યાદિક મહા પાપોને માટે શાસ્ત્રમા કહેલાં પ્રાયશ્ચિતો નિરર્થક થઇ પડે, માટે આ શ્લોકનું તાત્પર્ય એવું છે કે, રાત્રે શય્યામાં આળોટતાં માંકડ, ચાંચડ વગેરે મરી જાય તથા દિવસે ઉઠતાં બેસતાં અને હાલતાં ચાલતાં અજાણતાં જે કંઇ જીવહિંસા થઇ જાય, તેવાં સામાન્ય પાપો સંધ્યા વંદનથી નાશ પામે છે, અને બુદ્ધિથી વૃદ્ધિ થાય છે.

પ્રશ્ન ૪૭ મું—અજાણપણામાં લાગેલાં પાપને ટાળવાને માટે બે વખતના પ્રતિક્રમણરૂપ ભાવ સ્નાનથી નિર્મળ થવા જણાવ્યું તે તો બરાબર છે પણ જાણપણાથી થયેલાં પાપને ટાળવાનો શો ઉપાય?

ઉત્તર—જાણતાં થયેલું પાપ ગુરૂ સંમક્ષ જાહેર કરી, ગુરૂ તે પાપના નિવારણ માટે જે પ્રાયશ્ચિત આપે તે પ્રમાણે જપતપાદિ કરવાથી, જાણપણામાં થયેલાં પાપનું નિવારણ થાય છે, અર્થાત્ તે પાપથી મુક્ત થવાય છે.

પ્રશ્ન ૪૮ મું—જળ સ્નાનથી જીવહિંસા સિવાય બીજી કાંઇ નુકસાની છે કે શાસ્ત્રકારને તેનો નિષેધ કરવા વિશેષ જરૂર પડે છે.

ઉત્તર—હા, જી, મોટો દોષ છે. તે દોષ એવો છે કે, સાધુ નામ ધરાવનારા ત્યાગીઓ, અને બ્રહ્મચર્યવ્રતના પાળવાવાળા બ્રહ્મચારીઓ ગમે તે મતના હોય તે તમામને માટે સ્નાન જે છે તે તેઓના બ્રહ્મચર્યનો ભંગ કરવાને મદદગાર છે, માટે દરેક શાસ્ત્રમાં સ્નાનનો નિષધ કરેલ છે.

પ્રશ્ન ૪૯ મું—એવો કોઇ પ્રામાણિક શ્લોકબંધી દાખલો છે કે, જે વાત તમામ કબુલ કરે?

ઉત્તર—કામશાસ્ત્રમાં કામને-વિષય વિકારને પ્રદીપ્ત કરે તેવા સ્ત્રીના સોળ શણગાર કહ્યા છે તેમાં પહેલો શણગાર સ્નાન કહ્યો છે, અને પુરૂષના સોળ શણગારમાં મસ્તકનો ચહેરો (ક્ષૌર) કર્યા બાદ સ્નાનનુંજ આગેવાનપણું કહ્યું છે. આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કેઃ—ત્યાગીઓ, બ્રહ્મચારીઓને સ્નાનનો નિષેધ છે.

પ્રશ્ન ૫૦ મું—સ્ત્રી અને પુરૂષના સોળ શણગાર વિષે શ્લોકબંધી હોય તો જણાવશો?

ઉત્તર-સાંભળો, સોળ શણગાર વિષે.

શાર્દૂલ વિક્રીડિતમ.

आदौ मंजन चारु चीर तिलकं, नेत्रांजनं कुंडलं,
नाशा मौक्तिक पुष्पहार कुरत्नं झंकारका नेपुरं;
अंगे चंदन लेप, कुंचकमणि क्षुद्रावली घंटिका,
तांबूलं करकंकणं चतुरता शृंगार स्त्री षोडशः ॥१॥

અને કોઇ ગ્રંથમાં આ રીતે પણ ૧૬ શ્રૃંગાર કહ્યા છેઃ-

(૧) પીઠી ચોળીને ન્હાવું, (૨) સાફ કપડાં પહેરવાં, (૩) હાથે પગે મેંદી (અલતો), (૪) શિર કેશ સમારવા, (૫) ચંદન કેશરની આડ અથવા ચાંદલો, (૬) આભૂષણ-ઘરેણાં, (૭) મુખવાસ-તાંબુલ, (૮) સ્નેહ-મધુર સ્વરે બોલવું, (૯) અંજન-નેત્રાંજન, (૧૦) કટાક્ષ-વાંકી નજરે જોવું, (૧૧) મધુર ભાષણ, (૧૨) મંદ હસવું, (૧૩) ચિત્તને વિષે ચતુરાઇ, (૧૪) હંસ ગજ ગામિની, (૧૫) પતિવ્રતા, (૧૬) ક્રીડા, એ ૧૬ સ્ત્રીના શૃંગાર. હવે પુરૂષના ૧૬ શ્રૃંગારનો શ્લોક નીચે પ્રમાણે છે.

क्षौरं मज्जन चारु चीर तिलकं गात्रं सुगंधा चिंनं,
कर्णे कुंडल मुद्रिका च मुकुटं पादौ च चर्मोचितौ;
हस्ते खड्ग पटंबरे कटी छूरी विद्याविनोदं मुखं,
तांबूलं मति शीलता चतुरता शृंगार तेषोडषः ॥२॥

આ પ્રકારે પુરૂષના સોળ શૃંગાર કહ્યા છે. તેમાં એટલુંજ જાણવાનું છે કે સ્રી અને પુરૂષના સોળ શૃગારમાં આગેવાનપણામાં સ્નાન મુખ્યત્વે કહેલું છે, તો સ્નાનથી માંડી સોળે શણગાર મદને ઉત્પન્ન કરનાર અને કામને દીપાવનાર-દીપ્ત કરનાર, જેમ અગ્નિમાં ઘૃત નાખવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે તેમ વિષયાશકત સ્રી પુરૂષને સ્નાનાદિ સોળે શણગાર કામરાગને, વિષયને પ્રદીપ્ત કરે છે, માટે યતિ-સાધુ-ત્યાગી-બ્રહ્મચારીને સ્નાન સર્વથા વર્જિત છે.

પ્રશ્ન ૫૧ મું—સ્નાનથી કામ દીપ્ત થાય છે. મદને ઉત્પન્ન કરે છે એવો શાસ્રોક્ત દાખલો હોય તો જણાવશો ?

ઉત્તર—જુઓ, જૈન સૂત્ર સૂયગડાંગજી અધ્યયન ૭ મે ગાથા ચૌદમીની ટીકામાં-બાબુવાળા છાપેલ પાને ૩૩૯ મે કહ્યું છે કે—

यतीनां ब्रह्मचारिणा मुदकस्नानं दोषायैव ॥
तथा चोक्तं स्नानं मद दर्पकरं कामांगं प्रथमं स्मृतं;
तस्मात्कामं परित्यज्य न च स्नांति दमे रताः ॥१॥

યતિ-સાધુ અને બ્રહ્મચારીને ઉદક-જળ સ્નાન જે છે તે દોષ ભરેલું છે. કારણકે સ્નાન તે કામ અને મદને દીપ્ત કર્તા છે. કામનાં સોળ અંગ છે તેમાં સ્નાન પહેલું અંગ કે જે કામની સ્મૃતિને કરનાર છે, તેટલા માટે કામને તજવાવાળાએ નચસ્નાન સ્નાન કરવું નહિ, પરંતુ ઇંદ્રિઓને દમવામાં રક્ત રહેવું. કહો હવે સંઇ કહેવાનું છે ? ત્યાગીઓને કે બ્રહ્મચારીને સ્નાન કરવું કોઈ પ્રકારે ઉચિત ગણાય તેમ છે ? જૈનધર્મના ત્યાગીઓ અને અન્ય ધર્મના ત્યાગીઓ, બ્રહ્મચારીઓ, બ્રહ્મચર્ય વ્રતના પાળવાવાળા ગમે તે મતના હોય તેને સ્નાન દ્રવ્યે અને ભાવે દોષિત કર્તા છે, એમ બન્ને પક્ષના શાસ્રોથી સિદ્ધ થાય છે, તમામ ધર્મનાં શાસ્રો સ્નાનનો નિષેધ કરે છે. એમ આપણે ઘણા દાખલા-દલીલોથી નિર્ણય કર્યું, તો પણ પ્રશ્નકારને જે શંકા હોય તે પ્રગટ કરવી.

[illegible]

[illegible]—[illegible] માં કહ્યું છે કે શ્લોક:—

[illegible]

[illegible] ॥૨॥

[illegible] તો તેમ [illegible]
[illegible]

[illegible] તેનો ઉપર [illegible]

[illegible] નહિ ।

[illegible]

[illegible]

આચરણાદિ ધર્મ લક્ષણોમાં સાધુ હોય તેને અન્નાદિ પદાર્થ આપવા અને તેમની પાસેથી વિદ્યા લેવી ઇત્યાદિ તીર્થ કહેવાય છે.

ઇતિ સત્યાર્થ પ્રકાશ. ॥ એકાદશ સમુલ્લાસઃ ॥

પ્રશ્ન ૫૪ મું—ખરૂં તીર્થ કયું માનવું ?

ઉત્તર—ખરૂં તીર્થ અને ખરૂં સ્વરૂપ પૂર્વે સારી રીતે વિસ્તારથી કહેવાય ગયું છે, તોપણ ખરૂં તીર્થ જાણવાની ઇચ્છા હોય તો પ્રથમ દયાનંદ મતના આધારે "અતિત્ય પુરાણ" માં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે અહિંયાં જણાવું છું. સાંભળો શ્લોકઃ—

जंगमं स्थावरं चैव, द्विविधि तीर्थ मुच्यते;
जंगमं ऋषय स्तीर्थं, स्थावरं तं निषेवते ॥ १ ॥

અહિંયાં બે પ્રકારે તીર્થ કહેવામાં આવ્યાં છે. એક જંગમ તીર્થ અને બીજું સ્થાવર તીર્થ. જંગમ તીર્થ તે ઋષિઓ પોતે; અને સ્થાવર તીર્થ તે ઋષિઓ જેનું સેવન કરે છે તે.

પ્રશ્ન ૫૫ મું—જંગમ તીર્થનું સ્વરૂપ જણાવશો ?

ઉત્તર—સાંભળો-આવા ગુણવાળાને જંગમ તીર્થ કહેવામાં આવે છે.-શ્લોક—

अहिंसा सत्य मस्तेयं, ब्रह्मचर्यं सुसंयमः ।
भिक्षावृति रताये च, तं तीर्थं जंगमं स्मृतं ॥ २ ॥

અહિંસા, સત્ય, અદત્તત્યાગ, બ્રહ્મચર્ય, ઉત્તમ પ્રકારનો સંયમ અને ભિક્ષાવૃતિને વિષે ફક્ત આટલા ગુણવાળા હોય તેને જંગમ તીર્થ કહીયે.

પ્રશ્ન ૫૬ મું—સ્થાવર તીર્થનું સ્વરૂપ શું ?

ઉત્તર—

अगाध विमले शुद्धे सत्य शील समे ह्रदे ;
स्थातव्यं जंगम स्तीर्थे, ज्ञानार्जवदयावरै :

જંગમ તીર્થના હૃદયરૂપી દ્રહમાં અગાધ નિર્મળ અને શુદ્ધ સત્ય, શીલ, સમ, જ્ઞાન; આર્જવ અને દયારૂપી સંપુર્ણ જળે સ્થાતવ્ય કહેતાં ભરેલ તેને સ્થાવર તીર્થ કહીયે.

એટલે જંગમ તીર્થ તે ઋષિ અને તેમાં રહેલા ગુણો તે સ્થાવર તીર્થ, અર્થાત્ સત્ય, શીલ, શમદમ, જ્ઞાનાર્જવ અને દયારૂપ જળમાં

હંમેશાં ઋષિ લોકો સ્નાન કરી સદા શુદ્ધ અને પવિત્રજ રહે છે. તેને કાંઇ બાહ્ય જળની જરૂર પડતી નથી.

ઇતિ અતિત્ય પુરાણે (પુરાણ સાર હુંડી).

ભ્રમનાશક—પરમાર્થ દર્શન ચોથી આવૃત્તિ સં. ૧૯૬૧ આત્માનંદજી કૃત પાને ૧૯૪મે કહ્યું છે કે—

તીર્થાદિ માનવાવાળા તે મહા મુર્ખ છે. એમ તીર્થાદિનિષેધનાં શ્લોકમાં કહેલ છે અને ભાગવતના શ્લોકના અર્થમાં લખેલ છે કે નદી, નાળાં, પર્વત અને મકાનમાં તીર્થનો સમાવેશ કરે છે, તે મનુષ્ય પશુ જેવો (બળદ) છે એમ કહેલ છે.

પ્રશ્ન ૫૭ મું—તીર્થ જાત્રા વિષે જૈન ધર્મના શાસ્ત્રમાં કાંઇ જણાવે છે કે કેમ ?

ઉત્તર—જૈન ધર્મના શાસ્ત્રમાં એ વિષે ઘણીએ બીના છે.

પ્રશ્ન ૫૮ મું—તમે તીર્થ જાત્રા માનો છો ?

ઉત્તર—હા, જી, અમે તીર્થ યાત્રા માનીએ છીએ.

પ્રશ્ન ૫૯ મું—અમે તો એમ માનીએ છીએ કે જૈને લોકો તીર્થ યાત્રા માનતા નથી, અને તેમનાં શાસ્ત્રમાં તીર્થ યાત્રા સંબંધી કાંઇ પણ હોય તેમ જણાતું નથી. હવે જ્યારે કહો છો કે અમે તીર્થ યાત્રા માનીએ છીએ તો તે તમારા સૂત્રથી જણાવશો.

ઉત્તર—સાંભળો. ભગવતીજી સૂત્ર શતક ૧૮મે ઉદ્દેશે ૧૦મે તમારીજ પેઠે શ્રી મહાવીર પરમાત્માને સોમીલ બ્રાહ્મણે યાત્રા સંબંધીનું પૂછેલું પ્રશ્ન કિંચિમેંતેજત્તા ? હે ભગવંત તમારે યાત્રા કઇ? ત્યારે ભગવંત કહે—

सोमिला जं मे तव नियम संजम सज्झाय ।
ज्झाणाव सग्ग मादीएसु जोएसु जयणा सेतं जत्ता ॥

હે સોમીલ જે અમારે તપ, નિયમ, સયંમ, સઝાય, ધ્યાન અને આવસ્યક ઇત્યાદિકને વિષે યોગનું જોડવું, તેનું યતન કરવું. છયકાય જીવની યતના કરવી તે યાત્રા કહીએ. એ પ્રકારે સોમીલ પ્રત્યે મહાવીરે જણાવેલી યાત્રા.

પ્રશ્ન ૬૦ મું—આ વિષે બીજો દાખલો છે? હોય તો જણાવો.

ઉત્તર—સાંભળો. શ્રી જ્ઞાતાજી સૂત્ર અધ્યયન ૫ મે શ્રી થાવર ચા પુત્રે અણુગાર પ્રત્યે સુકદેવ પરિવ્રાજકે પ્રશ્ન કર્યું કે જત્તામેમંતે હે પૂજ્ય તમારે યાત્રા છે? ત્યારે સ્થાવરચા પુત્રે અણગારે ઉત્તર આપ્યો કે—

सुयोंजत्ताविमे—હે સુક! અમારે યાત્રા છે એમ ઉત્તર દીધો:—

तएणं से सुए थावचा पुत्तं एवं वयासी सेकिंतं भंते जत्ता? सुया जणं मम णाणे दंसण चरित्त तव संजम माइएहिं जोएहिं जयणा सेयं जत्ता.

ત્યાર પછી તે સુક પરિવ્રાજકે થાવરચા પુત્ર અણુગારપ્રત્યે એ પ્રકારે પૂછ્યું કે હે પૂજ્ય તમારે કઇ યાત્રા છે? તમે કેવા પ્રકારની યાત્રા માનો છો? ત્યારે થાવરચા પુત્ર અણુગારે કહ્યું કે હે સુક! જે અમારે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, સંયમ ઇત્યાદિકને યોગે કરી યતન કરવું. છકાયની યતના કરવી તેને અમે યાત્રા કહીયે.—જૈન સૂત્રોમાં ઉપર કહ્યા પ્રમાણે યાત્રા કહી છે. આ ભાવયાત્રા જૈન યા જૈનેત્તર ગમે તે કરે તેનો આત્મા નિર્મળ થાય છે.

પ્રશ્ન ૬૧ મું—જૈન સૂત્રમાં તીર્થ સંબંધી કાંઇ જણાવ્યું છે?

ઉત્તર—હા, જી, સારી રીતે જણાવ્યું છે.

પ્રશ્ન ૬૨ મું—તમે તીર્થ કોને કહો છો?

ઉત્તર—તીર નામ કાંઠો. થ નામ ત્યાં રહેલ તે તીર્થ.

પ્રશ્ન ૬૩મું—શેનો કાંઠો? નદીનો, કુવાનો, સરોવરનો કે સમુદ્રનો? એને કાંઠે ઘણા જીવો રહેલા હોય, ઘણા પદાર્થો રહેલા હોય એ બધાને તીર્થ માનવા?

ઉત્તર—તીર્થ બે પ્રકારનાં છે. એક દ્રવ્ય તીર્થ અને બીજું ભાવ તીર્થ.

પ્રશ્ન ૬૪ મું—દ્રવ્ય તીર્થ કોને કહો છો?

ઉત્તર—ઉપર કહેલા નદી, કુવા, કુંડ, વાવ, સરોવર ને સમુદ્ર કે જે તીર્થ રૂપે મનાય છે તે દ્રવ્ય તીર્થ છે તે તીર્થ આત્માને મલીન કર્તા છે. તે તીર્થને કાંઠે રહેલા નદી પ્રમુખમાં પરેલા તણાઇને મૃત્યુ પામેલા નાના મોટા ઘણા છવો નાશ પામતા જોઇએ છીએ અને સાંભળીએ પણ છીએ, તે તીર્થ તો કુતીર્થ કહેવાય.

પ્રશ્ન ૬૫ મું—તો પછી ભાવ તીર્થ કોને કહો છો? તે સ્વરૂપ જણાવો, તે જાણીએ તો ખરા.

ઉત્તર—ભાવ તીર્થનું સ્વરૂપ જ્ઞાની પુરૂષોએ એવા પ્રકારે જણાવ્યું છે કે સંસારરૂપ સમુદ્રને તરીને બેઉ પાર સામે કાંઠે સ્થ નામ રહેલા ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિને માટે એટલે મોક્ષ સુખની પ્રાપ્તિને માટે મુક્તિપુરી જવાને માટે તત્પર થયેલા તેને ભાવ તીર્થ કહેલ છે.

પ્રશ્ન ૬૬ મું—ભાવ તીર્થના અધિકારી કોણ?

ઉત્તર—ભગવતીજી સૂત્રના ૨૦માં શતકના ૮મા ઉદ્દેશે શ્રી મહાવીર દેવે [illegible] આવેલા સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા આ ચારને તીર્થ કહ્યા છે. જેહને મોક્ષ ગામી કહ્યા છે. સંસારરૂપ સમુદ્રને તરીને પાર જનારા કહ્યા છે, એટલે મહાવીરના ફરમાન પ્રમાણે વર્તનારા ચારે તીર્થ [illegible] અધિકારી છે માટે તેને ભાવ તીર્થ કહેલ છે.

પ્રશ્ન ૬૭ મું—તીર્થમાં તો સ્નાનની બાબત આવે છે ને આમાં [illegible] વાત આવી નહિ તેનું કેમ?

ઉત્તર—જે જેમના વ્રત, નિયમ, ત્યાગ, વૈરાગ્ય, જપ, તપ, જ્ઞાનાદિ ગુણરૂપ ભાવ જળે સ્નાન કરી અનિત્યાશાદિ દોષોવાળા કર્મરૂપ મળનો [illegible] તેમના [illegible] જળમાં ન્હાવું તે ભાવ સ્નાન છે. આમાં [illegible] જંગમ તીર્થ અને સ્થાવર તીર્થનો સમાવેશ થઇ જાય છે.

પ્રશ્ન ૬૮ મું—આનો અર્થ એમ થાય છે કે જૈનનાજ સાધુ [illegible] અને શ્રાવિકા તેજ તીર્થમાં ગણાય, બીજા નહિ. આ વાત [illegible]?

ઉત્તર—આ [illegible] વસ્તુનું સ્વરૂપ સમજ્યા વિનાનું છે પ્રથમ જૈનનો અર્થ [illegible] કે "[illegible] જિન" જે ઇંદ્રિયો પર જય મેળવે, ઇંદ્રિયોને [illegible] જીત અને તેજ પ્રમાણે [illegible] ઇંદ્રિયોને જીતી, કર્મરૂપી શત્રુઓ પર જીત [illegible] નથી કે આપણું [illegible] હોય તો તે પણ તરે. [illegible] મહાવીરની પ્રાપ્તિ તો [illegible] છે.

પ્રશ્ન ૬૯ મું—[illegible] કે જ્યારે સંસારરૂપી [illegible] કેવી રીતે [illegible]? માટે અહીંયા [illegible] સંસારરૂપ [illegible] તરવાને માટે [illegible] કેમ છે?

ઉત્તર—ભાઇ! અમારા સૂત્રમાં બે પ્રકારની નાવ કહી છે. એક છિદ્રવાળી નાવ, અને બીજી છિદ્ર વિનાની નાવ. તેમાં જે છિદ્રવાળી નાવ સમુદ્રમાં પાર ગામી ન થાય, ને છિદ્ર વિનાની નાવ તે પાર પામે.

પ્રશ્ન ૭૦ મું—સંસારરૂપ સમુદ્રને પાર પામવામાં વળી છિદ્રવાળી નાવ કઇ સમજવી?

ઉત્તર—મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અશુભ જોગ, જીવહિંસા, અસત્ય ભાષણ, અદત્ત, ચોરી, મૈથુન, અબ્રહ્મચર્ય, અને પરિગ્રહની તીવ્ર ઇચ્છા, તથા નિંદા, ઝેર, વેર, ઇર્ષા વીગેરે મુક્તિની પ્રાપ્તિ કરનાર મનુષ્યના શરીરરૂપ નાવ તે છિદ્રરૂપ છે. એવા છિદ્રોવાળા નાવ પાર તો ન પામે, પણ નાવ તેનો ચલાવનાર નાવિક અને અંદર નાવમાં બેઠેલા ઉતારૂઓ સર્વ સમુદ્રના તળે જઇ બેસે, એમ સૂયગડાંગ સૂત્ર જણાવે છે.

પ્રશ્ન ૭૧ મું—સૂયગડાંગસૂત્ર નાવ વિષે શું જણાવે છે?

ઉત્તર—સાંભળો. સૂયગડાંગસૂત્રના પહેલા અધ્યયનના બીજા ઉદ્દેશાની ૩૧-૩૨મી ગાથામાં કહ્યું છે કે:—

जहा अस्साविणि णावं, जाइ अंधो दुरुहिया
इच्छई पारमागंतुं, अंतराय विसीयई ॥ ३१ ॥
एवं तु समणा एगे, मिच्छदिट्ठि अणारिया ;
संसार पार कंखी ते संसारं अणुपरियट्टंति त्तिबेमि ॥ ३२ ॥

અર્થ—જેમ છિદ્ર સહિત એવી નાવ, તેને વિષે જાતિ અંધ એટલે જન્માંધ પુરૂષ ચઢીને પાર પામવા વાંછે પરંતુ પાર પામે નહિ, કિંતુ અંતરાલે એટલે વચમાંહે જતે બુડી જાય ઇત્યર્થ: ॥ ૩૧ ॥ હવે એ દૃષ્ટાંત દર્શનીઓ સાથે મેળવે છે. જેમ સછિદ્ર નાવે ચડયો થકો એક પુરૂષ પાર પહોંચે નહિ તેની પેરે કોઇ એક શ્રમણ (સાધુ નામ ધરાવનારા) તે મિથ્યા દૃષ્ટિ એટલે જૈન પ્રણિત ધર્મ થકી વિપરીત દૃષ્ટિ તથા અનાચારી તે પોતાના દર્શનને અનુરાગે (અનેક પ્રકારના આશ્રવો સેવતા,) સંસારનો પાર પામવાને વાંછે છે. પરંતુ તે સંસાર માંહેજ જન્મ જરા મરણાદિ અનેક ગતિને વિષે ક્લેશ અનુભવતો અનંત કાળ સુધી તે પરિભ્રમણ કરે.

તે મોક્ષ સુખને તો પામેજ ક્યાંથી? એમ જ્ઞાની પુરૂષો કહી ગયા છે. આનો પરમાર્થ એ છે કે ધર્મરૂપી પાટીયાથી 'દેહ' શરીરરૂપ નાવ અને

ધર્મગુરૂ અથવા જીવરૂપી નાવડીઓ શાસ્ત્રમાં કહેલ છે; એટલે જે ધર્મમાં પાંચે ઇંદ્રિઓને વિષય કષાયાદિકે પેંપણરૂપી છિદ્રોવડે શરીરરૂપી આશ્રવવાળી નાવમાં અજ્ઞાની-જાત્યાંધરૂપ નાવિક તથા જીવ અને તેના આશ્રિતો આશ્રવવાળી નાવમાં બેઠેલા, પાર પામવાના બદલે મધ્ય સમુદ્રરૂપ સંસારમાં તળે જઇને બેસવારૂપ અધોગતિમાં ગોથાં ખાય છે. પરંતુ ઇચ્છિત નગરરૂપ મોક્ષ નગરીને પ્રાપ્ત થતા નથી. અર્થાત્ આશ્રવરૂપ છિદ્રોમાંથી પાપ કર્મરૂપ જળનો પ્રવાહ આવવાથી-તેના ભારથી ઉપર કહેલી નૌકા અને તેમાં બેઠેલા તમામ મધ્ય સમુદ્રના તળાંને સ્વાધીન થાય છે. માટે તેવી નાવનો આશ્રય લેવો નહિ એમ શાસ્ત્ર જણાવે છે.

પ્રશ્ન ૭૨ મું—શાસ્ત્રમાં કેવી નાવનો આશ્રય લેવા કહ્યું છે? અને કેવી નાવથી પાર પહોંચાય છે? તે જણાવશો.

ઉત્તર—ઉત્તરાધ્યયનના ૨૩ મા અધ્યયનમાં આ પ્રકારની નાવ કહી છે તે સાંભળો—

ગાથા.

जाउ आसा वि णी नावा, नसापारस्स गामिणी ;
जानि रास्सावि णीनावा, साउपारस्स गामिणी ॥ ७१ ॥

અહિંયાં કેશી સ્વામીએ નાવ સંબંધી પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ગૌતમ ગણધર કહે છે કે જે નાવ આશ્રવવાળી એટલે શ્રાવિણી (ગાબડાવાળી-છિદ્રવાળી) છે તે પાર પહોંચશે નહિ; પણ જે નાવ નિશ્રાવિણી (છિદ્ર રહિત) છે તે સમુદ્રને સામે તીર પહોંચી શકશે-એટલે આશ્રવરૂપ છિદ્ર રહિત નાવ પાર પહોંચી શકે.

પ્રશ્ન ૭૩ મું—એવી કઇ નાવ કે જે નાવમાં બેસવાથી ઇચ્છિત સ્થાનકે—મોક્ષ નગરીએ સહીસલામતે પહોંચી શકાય? એવી નાવ કઇ? ને તેમાં બેસીને પાર પામનારા કોણ?

ઉત્તર—આજ અધ્યયનમાં કેશી સ્વામીએ ગૌતમ પ્રત્યે કહ્યું છે કે એવી નાવ કઇ કે જેમાં બેઠે પાર પામીએ એ પ્રશ્નના ઉત્તરમાં ગૌતમ ગણધરે નીચે પ્રમાણે કહ્યું છે કે-

ગાથા

सरिर माहुनाविति, जीवो वुचर नाविट ;
संसारो अ नवेतुषो, जंतरंति महेसिणो ॥ ७२ ॥

શરીરરૂપી નાવ છે, જીવરૂપી નાવિક છે. જીવ તે નાવનો ખેલણહાર છે, અને સંસાર (ભવભ્રમણ) રૂપ સમુદ્ર છે; એવા સંસાર સમુદ્રને મહર્ષિઓજ તરી શકે છે, અને તેવી નિરાશ્રવી નાવમા બેઠેલા મહર્ષિઓના આશ્રયે પણ સંસાર સમુદ્રને પાર પામી મુક્તિપુરીએ દાખલ થાય છે.'

પ્રશ્ન ૭૪ મું—સંસાર સમુદ્ર તરવાને નાવનું સ્વરૂપ બરાબર બતાવ્યું પણ હજી તીર્થ સંબંધીની વાત અધર છે તો જ્યારે તમે તીર્થ માનવું કબુલ કરો છો તો તમારે એવું તીર્થનું કયું સ્થળ છે કે જેમાં ન્હાવાથી કર્મ મળનો ત્યાગ થાય આત્મા પવિત્ર થાય, એવું તીર્થ બતાવો.

ઉત્તર—સાંભળો, એવું તીર્થ બતાવીયે. જોકે પ્રથમ તીર્થ સંબંધી જૈન ધર્મના અને અન્ય ધર્મના પુષ્કળ દાખલા અપાઇ ગયા છે તોપણ વિશેષ જાણવાની ઇચ્છા જણાવવાથી જૈન ધર્મમાં તીર્થનું સ્વરૂપ કેવી રીતે કહ્યું છે તે જણાવીએ છીએ. જૈન ધર્મના શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રમાં ૧૨મા અધ્યયનમાં યક્ષસેવિતમાતંગમુનિ હરિકેશી અણગારને બ્રાહ્મણોએ તીર્થ સંબંધીની પુછા કરી છે અને તેનો ઉત્તર હરિકેશી મુનિએ બહુ સારો આપ્યો છે.

પ્રશ્ન ૭૫ મું—બ્રાહ્મણોએ શું પૂછયું છે અને માતંગ ઋષિએ શો ઉત્તર આપ્યો છે તે પણ જણાવશો.

ઉત્તર—હરિકેશી મુનિ પ્રત્યે બ્રાહ્મણો પૂછે છે કે-હે મુનિ ?

के ते हरए केय ते संति तिथ्ये, कहं सिण्हाओ तरयं जहांसि; ।
आइक्खणे संजय जक्खपूइया, इच्छामु नाओ भवओ सगासे ॥ ४५ ॥

હે યક્ષપૂજિત ઋષિ ! કોણ ત્મ્હારે દ્રહ ? કવણ તુમ્હારે પાપ દૂરે કરવાનું તીર્થ. કિહાં ન્હાતાં-સ્નાન કરતાં કર્મરૂપ મેલ ટળે ? કર્મરૂપી મેલ ટાળવાને આપ કેવી રીતે સ્નાન કરો છો ? એ સર્વ આપની પાસેથી જાણવાને અમે ઇચ્છિએ છીએ એ સમજીને માતંગમુનિ ઉત્તર આપે છે:

धम्मे हरए बंमे संति तिथ्ये, अणाविले अत्त पसन्न लेसे ;
जहिं सिण्हाओ विमलो विसुद्धो, सुसीई भुओ पजहामि दोसं ॥ ४६ ॥

અહો બ્રાહ્મણો ! અમ્હારે ધર્મરૂપ દ્રહ છે, એટલે અહિંસારૂપ દયા મૂલ વિણયમૂલ જે ધર્મ તે રૂપ દ્રહ છે. કર્મ મેલનો ત્યાગ કરવાને બ્રહ્મજ્ઞાન બ્રહ્મચર્ય શાંતિ તીર્થ છે, તે તીર્થ કેવું છે, તોકે-આત્માને સદા શાંત મિથ્યાત્વાદિક મેલ રહિત નિર્મળ કરનાર પ્રશસ્ત ભલી—(તેજુ, પદ્મ,

શુકલ)લેશ્યારૂપ જળે કરીને સહિત છે; તેમાં હું સ્નાન કરૂં છું અને મળ રહિત નિર્મળ, વિશુદ્ધ અને શિતલીભૂત થઇને સર્વ દોષને છાંડું છું.

પ્રશ્ન ૭૬ મું—આવું જ્ઞાન કોણે બતાવ્યું છે? અને તેમાં ન્હાવાવાળા કોણ?

ઉત્તર—

एयं सिणाणं कुसलेहिं दिट्टं, महासिणाणं इसिणं पसत्थं ;
जहिं सिन्हाया विमला विसुद्धा, महारिसी उत्तमं ठाणं पत्ते तिबेमि ॥४७॥

એસનાન-પૂર્વોક્ત કર્મરજ વિનાશક સ્નાન, અહો બ્રાહ્મણો કુશળ પંડિતોએ જ્ઞાનીએ તત્ત્વજ્ઞ કેવલીએ શોધી કાઢયું છે, દીઠું છે, એ મ્હોટું સ્નાન-સર્વ સ્નાનમાં ઉત્તમ સ્નાન, ઋષીશ્વરોને મુનિઓને એ સ્નાન પ્રશસ્ત ભલું-પ્રશંસવા યોગ્ય, એવા સ્નાનને વિષે મહા મુનિઓ તેમાં સ્નાન કરીને નિર્મળ અને વિશુદ્ધ થયા છે અને ઉત્તમ સ્થાન (મુક્તિ) ને વિષે ગયા છે.

આ તીર્થ યાત્રા એવા પ્રકારની છે કે ગમે તે વ્યક્તિ તેનું સેવન કરે તો મોક્ષ ફળનેજ આપનાર છે. તે વિષે છેતાલીસમી ગાથાની ટીકામાં કહ્યું છે કે:—

यदुक्तं ब्रह्मचर्येण सत्येन, तपसा संयमेन च ;
मातङ्गर्षिर्गतः शुद्धिं, न शुद्धि स्तीर्थयात्रया. ॥ १ ॥

બ્રહ્મચર્ય, સત્ય, તપસ્યા, અને સંયમ વડે, માતંગઋષિ–હરિકેશી અણગાર ઉત્તમ સ્નાન કરી કર્મ મળ રહિત નિર્મળ થઇ સિદ્ધ ગતિને પામ્યા માટે સર્વોત્તમ-શ્રેષ્ઠ તીર્થ યાત્રા અનંત જ્ઞાની તીર્થંકર મહારાજે બતાવેલા તેજ કર્મરૂપ મળને હણનાર-આત્માને નિર્મળ કરનાર છે. આ સિવાયના બીજા તીર્થ યાત્રા (દુનિઆએ માનેલ તે) આત્માની શુદ્ધિ કરનાર નથી એ વાત સત્ય છે.

પ્રશ્ન ૭૭ મું—શિષ્ય-દિગંબર મતમાં તીર્થ વિષે કાંઇ કહ્યું છે કે કેમ? હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—દિગંબર મતનું "આદિપુરાણ" ૧૭૬૮ પૃષ્ઠનું સંવત ૧૯૭૩ ની સાલમાં છપાયું છે, તેનાં પર્વ ૧લે-પૃષ્ઠ ૧૯ મે શ્લોક ૧૨૩ મે ત્રીજા-પદમાં કહ્યું છે કે-जिनेंद्रचरितं तीर्थं, જીનેંદ્ર દેવકા चरित्रहीं तीर्थहै. પૃષ્ઠ ૩૯ મે-પર્વ ૨ જે-શ્લોક ૩૯ મે-પદ ત્રીજે-કહ્યું છે કે-

मुक्त्युपायो भवेत्तीर्थं," संसारसे पार करनेवाले और मोक्ष के कारण સમ્યગ્ દર્શન સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર તીર્થ કહલાતેહે.

પ્રશ્ન ૭૮ મું—શિષ્ય-અહો મહારાજ આપે તીર્થ સ્નાન વિષે પુષ્કળ વ્યાખ્યા જણાવી ઉપકાર કર્યો હવે કાંઇ આ વિષે જણાવવા જેવું હોય તોપણ જણાવશો.

ઉત્તર—ગુરૂ-અહો હે વત્સ ? તીર્થ વિષે એક અધ્યાત્મ કવિતા તને સંભળાવું તે સાંભળ. આત્મહિતોપદેશને વિષે અધ્યાત્મ ગીતામાં કહ્યું છે કે–

ચોપાઈ.

તીર્થ નાવાને ઇચ્છા કરે, કલેશ તણા કારણ નવી હરે;
ધર્મ તીર્થ શરીરમાં રહ્યો, સર્વ તીર્થથી અધીકો કહ્યો. ૧
તીર્થ તીર્થ શોધતો તું ફીરે, છતું તીર્થ હૃદયે નવી ધરે;
એ તીર્થ દેખાડશું જેહ, તે પણ આગળ ભણશું તેહ. ૨

દોહરા.

મુરખ પ્રાણી તે સહી, તીર્થ નાવા જાય;
ગંગા માતા કરીને પડે, ઉલટો હોવે ભરાય. ૩
તું તીરથ જાણે નહિ, કુ ગુરૂ તણે પ્રસંગ;
અંતરભાવ જાણે નહિ, બાહ્ય તીર્થ ભણે ગંગ. ૪
અંતરભાવ કહીશું હવે, તીરથની જે વાત;
ભાવ તીરથ જોતાં થકાં, ધર્મરૂચિ વિખ્યાત. ૫
કુગુરૂ કુદેવ કુસંગથી, ભવોભવ ભમીયા જેહ;
મિથ્યાત્વતણા જે તીર્થ છે, પાપતણા ઘર એહ. ૬
દેવ દેવી આરાધનાં, તીરથ કરતાં એહ;
હોમ વિધાન કરે ઘણાં, પાપ વધારણ તેહ. ૭
જીવ હિંસા તિહાં બહુ કરે, ચાહે સુખ અનંત;
જગત ઠગાવે જે વળી, તે સવિ નરક પડંત. ૮
જે તીરથ હિંસા ઘણી; ઉત્તમ તે ન કરંત;
જાણપણા વિણ જે કરે, ભવોભવ ભ્રમણ કરંત. ૯
એમ સંસાર વધારવા, પાપ તીર્થ કરે જેહ;
આત્મ તીર્થ જાણ્યા વિના, કર્મ ખપે નહિ તેહ. ૧૦

ચોપાઈ.

ચેતન સાંભળો તીર્થ વિચાર, આતમકું કહે ચેતન સાર;
બાહ્ય તીર્થ બહિરાતમ હોવે, બ્રહ્મરૂપક બહુ નહિ જોવે. ૧૧
બાહ્ય દ્રવ્ય તીર્થ જે કહ્યાં, તેહુ તીર્થ સવિ એળે ગયાં;
ભીસ્ત્રા તીર્થ જે કહેવાય, ધર્મ તીર્થ વિના દુર્ગતિ જાય. ૧૨
જહાં આરંભ તે તીર્થ ઠરાવે, ષટ્ દર્શન પ્રભુ પોઈ બતાવે;
હિંસા કરી જે તીર્થ ઠરાવે, હિંસ્યારંભીતે દુર્ગતી જાવે. ૧૩
દયા ધર્મ જીહાં તીર્થ કહીએ, તે તીર્થ કર્યે પાવન થઈએ;
જીવ દયા જિહાં ધર્મ વિચાર, એ તીર્થ સાચું અધિકાર. ૧૪
અંતર આતમ શુભ દ્રષ્ટી જોય, આતમ પરમાતમ સમ હોય;
આતમ તીર્થ શરીરમાં રહ્યો સર્વ તીર્થથી તે અધીકો કહ્યો. ૧૫
નિજ આતમ પ્રત્યે દેખે તેહુ, પરમાતમને ધ્યાવે એહુ;
જાણ્યો નહિ જેણે નિજ આત્મા, તેને ગંગાદિક તીરથ ગમ્યા. ૧૬
આતમ સમ ઉપરાંત તીર્થ, જગ નાહે હંસ્યા બહુ કીધ;
આતમ જ્ઞાને પવિત્ર જે કહે, પાપ મેલ છંડી ગહગહે. ૧૭

દોહરા.

જે તીર્થ હિંસા કરી, ચિત્ત ન ધરજો કોય;
જ્ઞાન ધરી વિચારીને, તીરથ ફળ તત હોય. ૧૮
એહ સ્વરૂપ જ્ઞાની કહ્યું, નિશ્ચે ને વ્યવહાર;
આતમને ધ્યાવતાં, લહે પરમાતમ સાર. ૧૯

॥ ઇતિ તીર્થ વિચાર. ॥

પ્રશ્ન ૭૯ મું—જૈન લોકો ગંગા માતાને માનો છો કે નહિ?

ઉત્તર—અમો [illegible] ગંગા માતાને માનીએ છીએ. [illegible]—જૈન વગેરે જે લોકો ગંગા માતાને માને છે તે પ્રમાણે અન્યજનો માનતા હોય તેમ અમારું નહી.

પ્રશ્ન ૮૦ મું—એમ કેમ બોલો છો? જૈન સિવાયનો ઘણો ભાગ [illegible] માનનારા છે, છતાં તમે એમ કેમ કહો છો કે અમે [illegible], ને બીજા તે પ્રમાણે નહી માનતા તેનું શું કારણ?

ઉત્તર—તેનું એ કે—[illegible] છે. [illegible] ગંગા માતાને [illegible] કહે છે [illegible] તેનું પ્રતિપાદન કરે.

પ્રશ્ન ૮૧ મું—ગંગામાતાને જૈનીઓ કેવા સ્વરૂપે માને છે તે કાંઇ અમે જાણતા નથી, તો તે ખુલ્લા શબ્દોથી જણાવશો કે જૈનીઓ ગંગામાતાને માને છે ખરા.

ઉત્તર—ગંગા માતાને જૈનના સાધુ માતા સમાન માને છે. માતાની પેઠે રક્ષણ કરે છે, પોતાના પગના તળાંનો જેમ માતાને સ્પર્શ ન થવા દે તેમ ગંગા માતાને પોતાના પગનો સ્પર્શ ન થવા દે. અર્થાત્ ગંગા સ્વરૂપી જળાશય નદી નાળાં પ્રમુખમાં નાઇલાજે પગ મૂકવો પડે. પગનાં તળાને ગંગા સ્વરૂપી જળનો સ્પર્શ થાય તો જૈનમુનિઓને પ્રાયશ્ચિત લેવું પડે, તેને માટે દીલગીરી જણાવવી પડે, માતાનો અપરાધ થયેલની માફી માગવી પડે વગેરે ગંગા માતાનું રક્ષણ કરવા રૂપ વ્રત જૈનના સાધુ એ પ્રમાણે પાળે છે તેવો એક પણ ગંગા માતાનો પુત્ર બતાવો? ગંગા માતા ગંગા માતા કહીને વૃથા પોકારનાં પાડનારાઓ તેમાં સ્નાન કરી પવિત્રતા માનવાવાળા ઉલટા ધીંગામસ્તી કરી માતાને લાત પાટુ મારી માતા સાથે બથે બાથ ભરી અનેક પ્રકારે દુઃખ દેનારાં માતાના અપરાધી થયેલાં કેવી રીતે પવિત્ર થયાં ગણાશે? અર્થાત નહિજ ગણાય. પવિત્ર તો રક્ષણ કરે તેજ ગણાય; માટે ગંગા માતાનું રક્ષણ કરવાવાળા જૈનના સાધુ છે એમ ચોકસ માનો.

પ્રશ્ન ૮૨ મું—અમારા શાસ્ત્રમાં તો ગંગાનું સ્નાન કરવાથી આત્મા શુદ્ધ અને પવિત્ર થાય છે. તો તમારે શુદ્ધ-પવિત્ર થવાને કોઈ બીજી ગંગા છે?

ઉત્તર—હાજી, સાંભળો—અમારી પવિત્ર અને શુદ્ધ થવાની ગંગા. 'ગં' નામ જ્ઞાની-પરમબ્રહ્મ-અનંતજ્ઞાની-કેવળી ભગવંતનાં મુખમાંથી નિકળેલી 'ગા' નામ જ્ઞાન તે જ્ઞાનરૂપી ગંગા, એટલે અનંત જ્ઞાનીના મુખમાંથી નીકળેલી જ્ઞાનરૂપી ગંગામાં સ્નાન કરવાથી સદાય પવિત્ર અને શુદ્ધ થવાય છે તે ગંગામાં જૈનના સાધુ સ્નાન કરી સદાય શુદ્ધ ને પવિત્ર રહે છે.

પ્રશ્ન ૮૩ મું—અમારી તીર્થપણે મનાતી ગંગા હિમાલયમાંથી નીકળી છે. તમારી ગંગા કયા હિમાલયમાંથી નીકળી?

ઉત્તર—ભાઈ અમારી ગંગા તો મહા હિમાલયમાંથી નીકળી છે. હિમ નામ શીતળતા-શાંત-ક્ષમા, તેનું આલય નામ ઘર એટલે શીતળતા-શાંતતા ક્ષમાનું ઘર અરિહંત ભગવાન છે. ક્ષમાપુરા અરિહંત અમારી જ્ઞાનગંગા તીર્થંકરરૂપ હિમાલયનાં મુખમાંથી નીકળી છે.

પ્રશ્ન ૮૪ મું—તે ગંગા શા ઉપયોગમાં આવે છે?

ઉત્તર—શ્રી યશોવિજયજી વિરચિત-સવાસો ગાથાનું સ્તવન છે તેની ત્રીજી ઢાળમાં-ગાથા ૨૯ મી તેમાં કહ્યું છે કે—

रागद्वेष मल गालवा, उपशम जल झीलो;
आतम परिणति आदरी, परपरिणति पीलो.

आतमतत्त्वविचारीए. ॥ २९ ॥

રાગદ્વેષરૂપ મેલ ગાળવાને માટે ઉપશમરૂપ જળમાં સ્નાન કરો. તે ઉપશમ રસ આત્મજ્ઞાનથીજ પ્રાપ્ત થાય છે, તે માટે તત્ત્વ સંવેદને આત્મ પરિણતિ આદરીને પર પરિણતિ જે પુદ્‌ગલ તૃષ્ણા છે તે પર પરિણતિ તે પીલી નાખો-વિનાશ કરો.

પ્રશ્ન ૮૫ મું—આવા પ્રકારનો એટલે અનંત જ્ઞાની તીર્થંકર મહારાજાએ પ્રકાશેલા જ્ઞાનનો અપૂર્વ બોધરૂપી ગંગા જળમાં ન્હાઇને પ્રાણીઓ કેમ શુદ્ધ થતા નથી.

ઉત્તર—ભાઇ! ચેતનની પાસે સ્વભાવે હું અને મારાપણાની જડતા રહી છે. તેથી રાગદ્વેષરૂપી મલીનતા-મેલના પડળો વળી ગયાં છે. તે જ્ઞાનીઓનો ઉપદેશ સાંભળે તોપણ તે શુદ્ધ થઇ શકતો નથી. તે વિષે ઉપર કહેલા ગ્રંથમાં ૩૦ મી ગાથામાં કહ્યું છે કે-

हुं एहनो ए माहरो, ए हुं एणि बुद्धि;
चेतन जडता अनुभवे, न विमासो शुद्धि. आतम.

હું એમનો પુત્રાદિ છું, એ મ્હારા પિતાદિ છે, આ શરીર તેજ હું છું, ઇત્યાદિ મમત્વ બુદ્ધિએ આ ચેતન જડતાને અનુભવે છે. પણ નિર્મળ બુદ્ધિથી આત્મતત્ત્વની શુદ્ધિ વિમાસતો વિચારતો નથી. તે વિમાસવાની જરૂર છે.

પ્રશ્ન ૮૬ મું—આપ શૌચ વિષે શો અભિપ્રાય આપો છો?

ઉત્તર—શરીર સંબંધીના વ્યવહાર શૌચને માટે હાથ પગ કે શરીર સંબંધીનો કોઇ પણ અવયવ ખરડાયો હોય કે અશુદ્ધ થયેલો હોય તો હાથ નિર્દોષ જળથી સાફ કરવાને શાસ્ત્રથી છુટ છે; તેમજ વસ્ત્ર પાત્ર વિગેરે કાંઇ પણ અશુદ્ધ કે અપવિત્ર થયું હોય કે કોઇ પ્રકારની અશુચીથી ખરડાયું હોય તો તે પણ નિર્દોષ જળથી શુદ્ધ કરવાને શાસ્ત્રની છુટ છે.

કારણ સિવાય દ્રવ્ય શૌચનો નિષેધ છે. વ્યવહાર શુદ્ધિ તે વ્યવહાર શૌચ છે. દ્રવ્ય શૌચ છે; તેથી કાંઇ આત્માની મલિનતા ટળતી નથી. આત્માની મલિનતા ટાળવાને માટે તો ભાવ શૌચની જરૂર છે. એક માણસ મરણ પથારીએ પડેલો હોય તેનું શરીર બીછાનું અને વસ્ત્ર તદ્દન અપવિત્ર અને અશુદ્ધ હોય તોપણ તેના આત્માની પવિત્રતાને માટે તેનો અંત સમય સુધારવાને માટે દ્રવ્ય અશુચીની દરકાર નહિ કરતા તેને ભગવંતનું નામ યાદ કરવા સુચવીએ છીએ. તેના કર્ણપટ પર આપણે ભગવંતના નામના અવાજો માટે સ્વરે નાખીએ છીએ. તેમજ તેના આત્મ કલ્યાણને માટે ધર્મના શબ્દો પણ સુણાવીએ છીએ. ત્યાં કોઇ પ્રકારની દ્રવ્ય અશુચી અટકાયત કરતી નથી માટે આત્માને પવિત્ર કરવાને ભાવ શૌચ એજ ખરૂં શૌચ છે.

પ્રશ્ન ૮૭ મું—ભાવશૌચનું સ્વરૂપ શું ? તે જણાવશો.

ઉત્તર—સાંભળો-"સદ્દગુણ પ્રાપ્તિનો ઉપાય" એ પુસ્તકમાં પાને ૬૯મે શૌચ વિષે કહ્યું છે કેઃ—

શૌચ એટલે-મન, વચન અને કાયાને પવિત્ર રાખવાં.

મનથી દુષ્ટ ચિંતન કરવું નહિ, વચનથી દુષ્ટ વચન નહિ બોલવું, અને શરીરથી દુષ્ટ કામ નહિ કરવું.

પ્રશ્ન ૮૮ મું—કેટલાક શરીર શુદ્ધિ, શરીરની પવિત્રતાનેજ ધર્મ માને છે તેનું કેમ ?

ઉત્તર—તેના માટે પણ "સદ્દગુણ પ્રાપ્તિના ઉપાયમાં" પાને ૬૮મે જણાવે છે કેઃ—

દરેક ધર્મ કરણી કરતાં આપણાં હૃદયમાં વિશુદ્ધ ભાવ રાખવા.

ધર્મ શબ્દની વ્યાખ્યા કરતાં શ્રીમાન્ હરિભદ્ર સૂરિએ 'હૃદયની પવિત્રતા' નેજ ધર્મ તરીકે ગણી છે. તેમણે ધર્મનું આ પ્રમાણે લક્ષણ આપ્યું છે કે- પુષ્ટિ શુદ્ધિમત્ ચિત્તધર્મઃ અર્થાત્ પવિત્ર વિચારોના જોરથી મજબુત થયેલું અને પાપિષ્ટ વિચારો દૂર થવાથી વિશુદ્ધ બનેલું જે અંતઃકરણ તેજ ધર્મ છે.

પ્રશ્ન ૮૯ મું—આત્માને ઉદ્ધાર થવાનો ખરો રસ્તો કયો ?

ઉત્તર—ઉપર કહેલાં પુસ્તકમાં પાને ૧૧૪મે કહ્યું છે કેઃ—

"મુખમેં રામ બગલમેં છુરી, ભગત ભએ પણ દાનત બુરી."

એ કહેવત મુજબ આપણે વર્તન કરીએ, તો શી રીતે આપણો ઉદ્ધાર થાય ? હૃદયની પવિત્રતા એજ આપણા ઉદયનું સાધન છે. અપવિત્ર હૃદયવાળા ધાર્મિક કરતાં પવિત્ર હૃદયવાળો જાતે ચાંડાળ હોય તોપણ તે જગ ભક્તિથી વધુ નજીક ગણાશે. મન શુદ્ધ હોય તો તેમાં સદ્ગુણોનાં બીજ રોપાઇને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે (માટે મનની શુદ્ધિ કરી મનને પવિત્ર રાખવું એજ આત્માનો ઉદ્ધાર થવાનો ખરો રસ્તો છે.)

પ્રશ્ન ૬૦ મું—જૈન ધર્મમાં હવન હોમ યજ્ઞ વિષે કાંઇ છે ખરું ? [illegible] હવન, હોમ, યજ્ઞ વગેરેથી આત્મા નિર્મળ અને પવિત્ર થાય છે. જેમ અગ્નિમાં સુવર્ણ મૂકવાથી સુવર્ણનો મેલ બળે છે તેમ યજ્ઞની અગ્નિએ કર્મ મેલ બળે છે. આ વિષે તમારું શું માનવું છે.

ઉત્તર—આ વિષે જૈન ધર્મના શ્રી સૂયગડાંગજી સૂત્રમાં કહ્યું છે કે કેટલાક [illegible] અજ્ઞાની જોગીઓ એમ બોલે છે કે હુતાશ એટલે પાવક [illegible] ૧૨મી ગાથા [illegible] કોઇ એક વળી હુતાશન એટલે અગ્નિ [illegible] થી મોક્ષ છે એમ પરૂપે છે, જેમ સુવર્ણાદિકના મળને [illegible] છે તેમ આત્માના મળનો અગ્નિ નાશ કરે છે.

[illegible] ૧૮મી ગાથામાં [illegible] ઉત્તર આપ્યો છે.

પ્રશ્ન ૬૧ મું—જે ઉત્તર આપ્યો છે તે તો જણાવો?

[illegible]

[illegible], [illegible] આર્ગિ [illegible] ॥

[illegible] ॥૧૮॥

[illegible]

પ્રમાણુ કરશે, પરંતુ અન્ય જનો એ વાત માને નહિ; જેમ તે ભસમ કરશે સરખા તો મંત્રે કરીશું વિશેષ છે.

પ્રશ્ન ૯૨મું—કોઇ એમ કહે કે યજ્ઞના હવનમાં જે વસ્તુ હોમ કરવામા આવે છે, એટલે અમારા શાસ્ત્રના નિયમ પ્રમાણે યજ્ઞમાં પશુ વગેરેનો અગ્નિહોત્ર મંત્રાદિકે કરવામાં આવે છે. તેણે કરી તેનાં કર્મોનો નાશ થવાથી તે મોક્ષને યા સ્વર્ગને પામે છે, એમ અમારા વેદવેત્તા પણ જણાવી ગયા છે.

ઉત્તર—આ વિષે દયાનંદજી પોતાના સત્યાર્થ પ્રકાશમાં જણાવી ગયા છે કે વેદમાં પશુ વધ યજ્ઞ છેજ નહિ, વગેરે ઘણું લખી ગયા છે.

બ્રહ્મનિષ્ટ સ્વામી શ્રી આત્માનંદજી-ભ્રમનાશક પરમાર્થ દર્શનમાં પાને ૧૯૪ મેં કહી ગયા છે કે-"तीर्थेषु पशु यज्ञेषु" જે મનુષ્ય તીર્થવા પશુ હિંસક યજ્ઞ કરે છે. તે नरा मूढ चेतसा તે મહા મૂર્ખ છે. (અર્થાત્ પશુ વધ યજ્ઞ કરનારની ચેતના મૂઢ બની ગઇ છે.)

હવે જ્યારે કોઇ એમ કહે છે કે-યજ્ઞમાં પશુ હોમ કરવાથી તે અમારા મંત્રના બળે મોક્ષ યા સ્વર્ગને પામે છે. આમ બોલનારાને પોતાને મોક્ષની કે સ્વર્ગની ઇચ્છા નથી કે શું? પોતાના કુટુંબીઓ સહચારિઓ અને આશ્રિતોને મોક્ષ યા સ્વર્ગ મોકલવાને કેમ પશ્ચાત્ રહેતા હશે? શું પશુ જેટલી દયા પોતાના કુટુંબાદિક ઉપર નથી? પોતાના યજેલા યજ્ઞ વડે પોતાના મંત્રના બળે પોતેજ મુક્તિ મેળવે તેમાં કોણ અટકાયત કરે છે? જો તમને અગ્નિમાં બળી મરવાથી થરથરાટ છૂટતો હોય તો પશુઓને માટે પણ એમજ સમજો. એ પણ આપણા જેવા પ્રાણી છે માટે "आत्मवत् सर्व भूतेषु" આ વેદ વાક્યને આગળ કરી પોતાના બરાબર સર્વ પ્રાણીઓને માનો તેમાં મોક્ષને સ્વર્ગની પ્રાપ્તિ છે.

પ્રશ્ન ૯૩ મું—અમારા ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે:—બ્રહ્માએ સૃષ્ટિમાં પશુઓને યજ્ઞ માટે ઉત્પન્ન કર્યા છે. જુઓ મનુસ્મૃતિ અધ્યાય ૫ મો શ્લોક ૩૯ મો.

यज्ञार्थं पशवः सृष्टाः स्वयमेव स्वयं भुवा;
यज्ञस्य भूतै सर्वस्य, तस्माद्यज्ञे वधोऽवधः ॥ ३९ ॥

બ્રહ્માએ પોતેજ યજ્ઞને માટે પશુઓને સરજ્યાં છે. અને તે યજ્ઞ સર્વ જગતની આબાદાની માટે છે; તેથી યજ્ઞમાં પ્રાણીનો જે વધ કરવામાં આવે છે તે વધ ગણાતો નથી.

ओषध्यः पशवो वृक्षा, स्तिर्यंचः पक्षिणस्तथा;
यज्ञार्थे निधनं प्राप्ताः, प्राप्नुवन्त्यु च्छ्रतीः पुनः ॥४०॥

સોમ વગેરે ઔષધિઓ, બકરાં વગેરે પશુઓ, એર વગેરે વૃક્ષો, તિર્યંચો તથા કપિજલ વગેરે પક્ષીઓ યજ્ઞ માટે મરણ પામે છે, તો તેઓ બીજા જન્મમાં ઉત્તમ જાતિમાં જન્મે છે તથા સ્વર્ગમાં જાય છે.

આ પ્રમાણે અમારા ધર્મશાસ્ત્રમાં કહ્યું છે તેનું કેમ?

ઉત્તર—આપ ડાહ્યા અને શાણા હો તો આપ પોતેજ વિચાર કરો કે આવાં વાક્ય ધર્મ પુસ્તકમાં હોય ખરાં? અને આવાં વાક્યવાળાં ધર્મ પુસ્તક મનાય ખરાં? મુસલમાન ભાઇઓ જ્યારે એમ કહેશે કે અમારા કુરાન શરીફમાં કહ્યું છે કે–ખુદાએ પશુઓને મનુષ્યના ખોરાક માટે પેદા કર્યાં છે. આ વાક્યને તમે કેવું માનશો? ઉપરના વેદ વાક્યને આગળ કરી વેદમાં કહેલા દયા, દાન ને દમન અને કુરાનમાં કહેલા એર, મેર ને બંદગીનો વિચાર કરશો તો તમારાથી કોઇ પણ જીવનનો વિનાશ થાશે નહિં. " यज्ञार्थे करोति पापं, वज्र लेपो भविष्यति " આ વાક્ય જૂઠનું જોઇતું નથી.

યજ્ઞમાં કાંઇ પશુઓ પોતાની મેળે ઝંપાપાત ખાઇને પડતા નથી પણ બીચારા મોતના ભયથી ત્રાસ પામી કંપી ચાલે છે, તેના ઉપર અધર્મી લોકો મુખ, પગ બાંધીને બળાત્કારે શસ્ત્ર પ્રહારથી પ્રાણઘાત કરે છે, તેમાં તે વળી બન્નેમાંથી એકેની શુભ ગતિ કે સ્વર્ગ હોયજ કયાંથી? એક તરફથી યજ્ઞ સિવાય બીજું માંસ ખાવું નહિ અને બીજી તરફથી બ્રાહ્મણોને અમુક અમુક જાતિના માંસ ખાવાની છૂટ આપે છે. તેને ધર્મ પુસ્તક માને કોણ? વળી યજ્ઞમાં પ્રાણીનો વધ કરવો, માંસ ખાવું અને સ્વર્ગ લેવું; તેવું બતાવનારા અને કર્મ કરનારાઓનેમાટે તો ધર્મશાસ્ત્ર નરક સિવાય બીજી ગતિ બતાવતાજ નથી એ વાત ચોકસ છે.

પ્રશ્ન ૯૪ મું—કોઇ એમ કહે કે અમારા શાસ્ત્રમાં અશ્વમેધાદિ યજ્ઞ કરવામાં ધર્મ બતાવે છે તેનું કેમ?

ઉત્તર—હે ભાઇ! તમે યજ્ઞનું સ્વરૂપ સમજો. યજ્ઞ બે પ્રકારના છે. એક દ્રવ્ય યજ્ઞ અને બીજો ભાવ યજ્ઞ. તેમાં જે દ્રવ્ય યજ્ઞ છે તે પાપ કર્મનાજ હેતુ છે એમ જૈન શાસ્ત્ર અને અન્ય શાસ્ત્ર ખુલ્લી રીતે જણાવે છે. જૈન ધર્મના ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫માં અધ્યયનમાં ૩૦મી ગાથામાં કહ્યું છે કે:—

पसु वधा सव्वे वेया, अहं च पावकम्मुणा ;
न तं तायंति दुस्सीलं, कम्माणि बलवंतिहं ॥ ३० ॥

(જ્યારે તમો કહો છે કે અમારા વેદ શાસ્ત્રમાં અશ્વમેધાદિ યજ્ઞ કરવા કહેલ છે.) તો જૈન શાસ્ત્ર એમ જણાવે છે કે—વેદ પશુ વધ કરી યજ્ઞ કરવાનું કહે છે પણ તે પાપના કારણરૂપ છે; તેઓ દુઃશીલનું (પાપ કર્મ કરનારનું) રક્ષણ કરી શકતા નથી (હીણાચારી પુરૂષને નર્કે પડતાં રોકી શકતા નથી) કારણકે કરેલાં કર્મ અતિ બળવાન છે, (અર્થાત્ કર્મથી બચાવનાર કોઇ નથી.) (ભાષાન્તર).

પ્રશ્ન ૯૫ મું—આ પ્રમાણે અમારૂં શાસ્ત્ર કાંઇ બતાવે છે ?

ઉત્તર—હા, છે, સાંભળો :—ભારતના શાંતિ પર્વે કહ્યું છે કે.—

यदि प्राणि वधे धर्मो (यज्ञो) स्वर्गश्च खलु जायते,
संसार मोचकानां तु, कुतः स्वर्गो विधयातते ॥ १ ॥

(પુરાણ સાર)

જ્યારે પ્રાણીવધ યજ્ઞ કરવાથી ધર્મ થાય છે અને તે યજ્ઞના કરવાવાળા સ્વર્ગે જાય છે તો જે સંસાર થકી મુક્ત થયેલા તે કયા સ્વર્ગમાં જાય ? પ્રાણી વધના કરવાવાળા જ્યારે સ્વર્ગે જાય ત્યારે પ્રાણી વધની હિંસાથી નિવૃત્ત થયેલા સ્વર્ગગામી ત્યાગીઓ વળી કયા સ્વર્ગે જાય ? તો અહો બંધુઓ વિચાર કરો કે-

यूपं कृत्वा पशून् हत्वा, कृत्वा रुधीर कर्दम्म ;
यद्येवं गम्यते स्वर्गो, नरके केन् गम्यते ॥ १ ॥

યજ્ઞને વિષે પશુ વધ કરનારા અને રૂધીરનો કર્દમ મચાવનારા એવા જ્યારે સ્વર્ગે જાશે ત્યારે નર્કે જવાવાળા કોણ ગોતવા ? તે માટે શાસ્ત્ર કહે છે કે-

शोणितेनाद्रवं वस्त्रं, शोणिते नैव शुद्धति,
शाणिता द्रंतु यद्वस्रं, शुद्धं भवति वारिणा ॥ १ ॥

રૂધીરે ખરડાએલું વસ્ત્ર, રૂધીરના કુંડમાં ધોવાથી શુદ્ધ થાય નહિ. પરંતુ રૂધીરે ખરડાયેલું વસ્ત્ર તો જળ વડેજ પાણીમાં ધોવાથીજ શુદ્ધ થાય છે.

પૂર્વકૃત પાપ કર્મને ટાળવાને માટે મોટું અધર્મ મહા હિંસા કરી આત્માને શુદ્ધ કરવા ધારે તે કેવી રીતે શુદ્ધ થાય ? અર્થાત્ કદી શુદ્ધ ન થાય પણ ઉલટો મહા મલીન થઈ અધોગતિને પામે છે.

પ્રશ્ન ૯૬ શું—કેટલાક અધમ જાતિવાળા કોળી, નાળી, ભીલ, ઘોરી, વાઘરી અને મલેચ્છ જાતિમાં ઉત્પન્ન થયેલા આપદ કાળમાં અથવા સ્વજન શારીરાદિક સુખ શાંતિને અર્થે ઘેટાં, બોકડા, પાડા વગેરેની માનના માનનારા અને તેના હવન હોમના કરવાવાળા દેવ, દેવીના ઉપાસકો તથા તેના શાસ્ત્રના અધ્યાપકો તેમાં ભાગ લેનારા વગેરેની શી દશા થવાની?

ઉત્તર—એવા અધર્મના કરવાવાળા મહા અધર્મી લોકોને માટે તો નરક ગતિ સિવાય શાસ્ત્ર વિશેષ શું કહી શકે? તે વિષે શાસ્ત્ર ખુલ્લી રીતે કહે છે કેઃ—

पशुना जे न हिंसंति, जे गृधा इव मानवा ;
ते मृता नरकं यांति, नृशंसा पापपोषकाः ॥ १ ॥

જે હવન હોમ કે જીભાઈંદ્રિયના ગૃદ્ધિપણે પશુ વધાદિક કરવાવાળા એવા અધર્મી મનુષ્યો મરીને નરક ગતિને વિષેજ જાય છે, અને તેને પુષ્ટિના કરવાવાળા મદદગારો અધ્યાપકો પણ તેજ ગતિના સખાયા પાપના પોષક કરવાવાળા પણ તેજ ગતિના અધિકારી સમજવા.

પ્રશ્ન ૫૭ શું—પછી શું થવાનું?

ઉત્તર—અધર્મી જીવો નરકમાંથી નિકળીને મનુષ્ય યા તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય તોપણ નીચેના શ્લોક પ્રમાણે પ્રાપ્ત થાય. તે શ્લોકઃ—

स्वल्पायु विकला रोगी, विचक्षु बंधिर खलुः
वामनः पामन षंढो, जायते स भवे भवे ॥ १ ॥

અલ્પ આયુષ્ય પામે, વિકળ થાય, રોગી થાય, આંધળો થાય, (જન્માંધ થાય,) બ્હેરો (મુગો બહેરો) થાય, ખળ થાય, વામન થાય, પામ-પત્ત-કોઢ વગેરે રોગીયો થાય, કોઢીયો થાય વગેરે નીચ ગતિમાં ભવોભવ અનેક પ્રકારનાં દુઃખોને અધર્મી-હિંસક લોકો પામે છે.

પ્રશ્ન ૯૮ શું—યજ્ઞાદિ હવન હોમના કરવાવાળા દેવી દેવલાને નામે ઘેટાં, બોકડાના ભોગ આપે છે. તો શું તે માંસના ભોગી હશે? માંસના અર્થી હશે? દેવતા માંસ ખાતા હશે?

ઉત્તર—અરે, એ તો પોપજીની લીલા છે. માંસના અર્થીલોકોએજ એવું ધતીંગ ચલાવ્યું હોય એમ જણાય છે. દેવી દેવલાને આગળ કરી તેના નામે, તેના ઉપાસકો પોતાનો સ્વાર્થ સાધે છે, અને અનાથ પ્રાણીઓના પ્રાણ લૂંટે છે. મરણના ભયથી બીચારાને કંપારી છૂટે અને ધ્રૂજી

ચાલે ત્યારે તે અનાર્ય લોકો એમ જણાવે કે-જુઓ આના શરીરમાં માતાએ પ્રવેશ કર્યો છે, એમ કહી ભોળા લોકોને સમજાવે પણ પેલા બીચારા નિરપરાધી અનાથ જીવો પરવશ પડેલા સામા થઇ શકે નહિ તેવાઓના પ્રાણ ઉપર તરાપ મારનારા માસ લોહીના લોલુપી, અમારી દેવી અમારી માતા આટલા જીવનો ભોગ માગે છે, તે પણ શક્તિહીનનેજ ગોતે છે. જો વાઘ, સિંહ કે ચિત્તા જેવાનો ભોગ માતાએ માગ્યો હોત તો માતાના ભક્તો માંસાહારીને ખબર પડત કે અમારી લીલા કેટલી આગળ વધે છે અને કેટલી વીશે સો થાય છે, તે વિષે શાસ્ત્રકારો ઘણું કહી ગયા છે પણ ભ્રમિતો પાસે કાંઇ કામ આવતું નથી.

પ્રશ્ન ૯૯મું—શાસ્ત્રમાં શું કહ્યું છે તે તો જણાવો ?

ઉત્તર—અતિત્ય પુરાણમાં જે કહ્યું છે તે સાંભળો.

न सिंहो न च शार्दूलो, न व्याघ्र शरभो न च ;
अजापुत्रो बलिं दद्यात्, देवो दुर्बल घातकः. ॥ १ ॥

ઇતિ અતિત્ય પુરાણે. (પુરાણ સાર).

બલિદાનના દેવાવાળા (ઘરના ભુવાને ઘરના પાવગીયા), ને બલિદાનના લેવાવાળા દેવી દેવતાઓ, કેમ કોઇ સિંહ, વાઘ, સાવજ, દીપડા, ચિત્તા, શાર્દૂલ કે અષ્ટાપદનો ભોગ માગતા નથી ? દેવો પણ બિચારા-ગરીબ, રાંક અને દુર્બલ એવા અજા પુત્ર-પેટાં, બોકડાની ઘાતનાજ ઇચ્છક થાય છે.

દોહરો.

હોમ હવનમાં હોય છે, નિર્બલ કેરી ઘાત ;
માગે નહિ કદી વાઘનો, ભોગ ભવાની માત.

બલિદાનના દેવાવાળા કંગાળ જીવોના ઘાતકી બને છે. પણ યાદ રાખજો કે એજ દશા પોતાની થવાની છે.

એક બકરાને પૂર્વ ભવનું જ્ઞાન થવાથી, તેણે જણાવ્યું કેઃ-

અમે મુસલમાન અવલકા, આપ કરતે ઉપદેશ;
સિર કાટયાં સો કટાઉંગા, દેખો દાઢી કેશ. ॥ ૧ ॥

બસ, આ ધડો તમામ હિંસકોને લેવાનો છે.

પ્રશ્ન ૧૦૦ મું—આ વિષે શાસ્ત્ર કાંઇ જણાવે છે ?

ઉત્તર—હા, જી, આ વિષે શિવપુરાણ એમ જણાવે છે !

कृतकर्म क्षयो नास्ति, कल्पकोटी शतैरपि ;

अवश्यमेव भुक्तव्यं, कृतकर्म शुभाशुभं. ॥ १ ॥

શુભ યા અશુભ પોતાનાં કરેલાં કર્મો જેવા પ્રકારે બાંધ્યા હોય તેવાજ પ્રકારે ભોગવ્યા વિના છૂટતાં નથી. કોટી કલ્પે બાંધેલાં કર્મો અવશ્ય મેવ, ભોગવવાં પડે છે. તેમાં જરા પણ શંકા કરવા જેવું નથી.

પ્રશ્ન ૧૦૧ મું—વેદાદિકમાં પશુવધ યજ્ઞ બતાવ્યો છે, અને પશુવધ યજ્ઞથી મહા કર્મ બંધ થાય છે. અને તે કર્મ અવશ્ય ભોગવવા પડે એમ પણ દરેક શાસ્ત્ર જણાવે છે તો અમારે શી રીતે કરવું ?

ઉત્તર—તમે પૃછછા કરી, તે પ્રમાણે ભારતના શાંતિ પર્વમાં અર્જુને શ્રીકૃષ્ણ મહારાજ પ્રત્યે પૂછ્યું છે. તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ મહારાજે કહ્યું છે કે-શ્લોકઃ—

सर्वे वेदा नतः कुर्यात्; सर्वे यज्ञा श्च भारतः ;

सर्वे तीर्था भिष्येकाश्च, य कुर्यात्प्राणिनां दया. ॥ १ ॥

હે ભારત્ હિ અર્જુન ! જેમાં પશુ વધ-પ્રાણી જીવની હિંસા રહેલી હોય તેવા વેદ-શાસ્ત્ર, યજ્ઞ (હવન હોમ તીર્થ, અભિષેક (સ્નાન) વગેરે સર્વ કરવાં નહિ તો શું કરવું ? તો કે-પ્રાણિ જીવની દયા કરવી. અને ધર્મ રાજા પ્રત્યે પણ શ્રીકૃષ્ણ મહારાજે જે પ્રાણિવધ યજ્ઞ નહિ કરતાં, અહિંસાત્મક યજ્ઞ કરવા કહ્યું છે.

પ્રશ્ન ૧૦૨ મું—ધર્મ રાજા પ્રત્યે શ્રીકૃષ્ણ મહારાજે યજ્ઞ વિષે શું કહ્યું છે તે શ્લોકથી જણાવશો ?

ઉત્તર—યુધિષ્ઠિર પ્રત્યે શ્રીકૃષ્ણ મહારાજ કહેછે કે-શ્લોક—

द्रव्यं प्राणिवधो यज्ञे, नास्ति यज्ञश्च हिंसकं ;

ततो अहिंसात्मकार्य, सदा यज्ञो युधिष्टिरः ॥ १ ॥

હે યુધિષ્ટર ! જે દ્રવ્ય યજ્ઞ છે તે યજ્ઞને વિષે નિશ્ચે કરીને પ્રાણિનો વધ રહેલો છે, અને મારા કહેલા ભાવમાં યજ્ઞને વિષે હિંસાની નાસ્તિ છે તે માટે અહિંસાત્મક યજ્ઞ સદાય કરવો.

પ્રશ્ન ૧૦૩ મું—અહિંસાત્મક યજ્ઞ કેવી રીતે થાય છે અને તેનું સ્વરૂપ કેવી રીતે છે ? તે જણાવશો.

ઉત્તર—સાંભળો. અહિંસાત્મક ભાવ યજ્ઞ કેવી રીતે કરવો ? એમ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ મહારાજને પૂછતાં શ્રીકૃષ્ણ મહારાજ અહિંસાત્મક ભાવ યજ્ઞનું સ્વરૂપ ધર્મશાળા પ્રત્યે જણાવે છે કેઃ—

इंद्रियाणि पिशुन कृत्वा वेदी कृत्वा तपोमई,
अहिंसा माहुतं कृत्वा, आत्म यज्ञं वदाम्यहं ॥ १ ॥

હે યુધિષ્ઠિર—સાંભળ. હું તને ભાવયજ્ઞનું સ્વરૂપ જણાવું. ઈંદ્રિયોરૂપી પશુ કરવા, અને તપરૂપી વેદિકા કરવી, ને અહિંસારૂપ આહુતિ દેવી, આ રીતનો અહિંસાત્મક ભાવયજ્ઞ હું કહું છું.

પ્રશ્ન ૧૦૪ મું—અગ્નિહોત્ર કેવી રીતે કરવો ?

ઉત્તર—અગ્નિહોત્ર પણ એજ ઠેકાણે યજ્ઞની સાથે શ્રીકૃષ્ણ મહારાજે જણાવ્યું છે કેઃ—શ્લોક

ध्यानाग्नो, जीव कुंडस्थे, दम मारूत दीपते;
असत्कर्म समीध क्षेपे, अग्निहोत्रं कुरुत्तमः ॥ २ ॥

જીવરૂપ કુંડને વિષે ધ્યાનરૂપી અગ્નિ, ઈંદ્રિયોના દમનરૂપ વાયરે કરી ધ્યાનરૂપી અગ્નિને દીપ્ત કરવો. અસત્કર્મરૂપ લાકડાં ઇનાદિક પ્રક્ષેપવાં—નાખવાં. આ પ્રકારનો અગ્નિહોત્ર ઉત્તમ ક્ષત્રી—તમે કરો.

આ પ્રમાણે ભારત માંહી શાંતિ પર્વના પહેલા પાયામાં કહેલ છે. (એમ પુરાણ સારમાં લખ્યું છે.)

પ્રશ્ન ૧૦૫ મું—યજ્ઞ વિષે જૈન શાસ્ત્ર શું જણાવે છે ?

ઉત્તર—ઉત્તરાધ્યયનના ૧૨મા અધ્યયનમાં બ્રાહ્મણોએ યક્ષ પૂજીત માતંગ મુનિ હરિકેશી અણગાર પ્રત્યે પૂછયું છે કેઃ—

कहं चरेभिक्खुवयं जयामो, पावाई कम्माई पणोल्लयामो,
अक्खा हिणो संजय जक्ख पूइया, कह सुजट्ठं कुसला वयंति ॥४०॥

હે સાધુ ! અમારે કેવી રીતે વર્તવું ? કેવી ક્રિયા કરવી ? અને પાપ કર્મથી કેવી રીતે દૂર રહેવું ? હે યક્ષ પૂજિત, જીતેન્દ્રિય સાધુ ! કેવે પ્રકારે કરેલા યજ્ઞને પંડિત પુરૂષો ઉત્તમ કહે છે ? આ પ્રકારે બ્રાહ્મણોએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં હરિકેશી મુનિ કહે છે કે—

छज्जीवकाए असमारंभंता, मोसं अदत्तं च असेवमाणा;
परिग्गहं इत्थिओ माण मायं, एयं परिन्नाय चरंति दंता ॥ ४१ ॥

सुसंवुडा पंचहिं संवरेहिं, इह जीवियं अणवकंखमाणा;
वोसट्ठ काया सुइचत्तदेहा, महाजयं जयइ जन्नसिट्ठं ॥ ४२ ॥

અહો બ્રાહ્મણો સાંભળો—છય, કાય, જીવની રક્ષા કરવી, મૃષાવાદ બોલવો નહિ, અદત્તાદાન લેવું નહિ; સ્ત્રી પરિગ્રહ, માન, માયાનો ત્યાગ કરવો અને ઇન્દ્રિયોને વશ રાખીને વર્તવું (૪૧) પાંચે આશ્રવ જેણે રૂંધ્યા છે. આ સંસારમાં જીવિતની યાચના પણ કરતો નથી, જેણે પોતાના દેહનો (મમત્વનો) ત્યાગ કરેલો છે, જે નિર્મળ વૃત્તિથી રહે છે, અને દેહને કોઇ અતિચારનો દોષ લાગવા દેતો નથી, એવો મુનિ (કર્મરૂપી) મહા યજ્ઞમાં વિજય મેળવે છે. (કોઈ પ્રતોમાં जन्नसंट्ठं) છે. એટલે એવા શ્રેષ્ઠ મુનિ, શ્રેષ્ઠ યજ્ઞના કરવાવાળા હોય છે.

પ્રશ્ન ૧૦૬ મું— એ સાંભળીને બ્રાહ્મણો બોલ્યા કે-ગાથા-

के ते जोई केव ते जोईठाणं, का ते सुया किं च ते कारिसंगं,
ए हायते कयरा संति भिक्खू, कयरे ण होमेण हुणासि जोई ॥४३॥

હે સાધુ! તમારો અગ્નિ કેવો છે? તમારો અગ્નિ કુંડ કેવો છે? અગ્નિમાં ઘી હોમવાનો તમારો ચાટવો કેવો છે? તમારાં ઇન્ધન (છાણાં) કેવાં છે? આ સર્વ વસ્તુઓ વિના યજ્ઞ શી રીતે થઇ શકે? તમે અગ્નિમાં હોમ હવન શાનો કરો છો? આ પ્રકારે બ્રાહ્મણોએ મુનિ પ્રત્યે પ્રશ્ન કર્યું.

ઉત્તર—મુનિ પ્રશ્નનો ઉત્તર આપે છે.-ગાથા-

तवो जोइ जीवो जोइठाणं, जोगासूया सरिरं कारिसंगं;
कम्मं पहा संजम जोगसंती, होमं हुणामिइ सिणं पसत्थं ॥ ४४ ॥

તપ મારો અગ્નિ છે, જીવ અગ્નિ કુંડ છે. મન વચનનો શુભ વ્યાપાર (શુદ્ધ આચરણ) એ મારો ઘી હોમવાનો ચાટવો છે, શરીર ઇન્ધન રૂપ છે, અને કર્મ તેમાં બળે છે. સપ્ત દશ વિધે સંયમ યોગે અને શાન્તિ જેની પંડિત પુરૂષો સ્તુતિ કરી ગયા છે. તેનો હું હોમ હવન કરૂં છું.

આ પ્રમાણે જૈન ધર્મમાં યજ્ઞ, હવન, હોમ, વગેરે કરવાનું સૂત્ર પાઠથી જણાવ્યું અને તીર્થ સ્નાનાદિક વિષે પણ જૈન શાસ્ત્ર અને અન્ય શાસ્ત્રના દાખલા દલીલોથી સારી રીતે પ્રથમ કહેવામાં આવી ગયું છે.

પ્રશ્ન ૧૦૭ મું—યજ્ઞ અને તીર્થ સ્નાન સંબંધીમાં જૈન શાસ્ત્ર અને અન્ય શાસ્ત્રનો મુખ્ય હેતુ શું છે તે જણાવશો?

ઉત્તર—તત્ત્વજ્ઞાનની અપેક્ષાએ જ્ઞાની પુરૂષોની દ્રષ્ટિએ તો એકજ તરત આવીને ઉભું રહે તેમાં કાંઇ ભેદ ભાવ હોતો નથી. તે નીચેના ન્યાયથી ખાત્રી થાશે. ઉપરના તમામ પ્રશ્નોનો સાર નીચેનાં ટુંક લખાણ પરથી જાણી લેશો. સત્યાર્થ સાગરમાં કહ્યું છે કેઃ-

" न मोक्षं भ्रमते तीर्थं, मोक्षं इंद्रिय निग्रहः "

તીર્થમાં ભમવાથી મોક્ષ નથી, પણ મોક્ષ તો ઇંદ્રિયોનો નિગ્રહ કરવામાં છે. એટલે ઇંદ્રિયોનો નિગ્રહ કરવાથી મોક્ષ મળે છે. વળી તેજ ગ્રંથમાં કહ્યું છે કેઃ-

शील तीर्थ संयम यात्रा, शुभलेस्या जल न्हाय,
दया जग्न पूजा कही, जिनवर सूत्रा मांह ॥ १ ॥

શીલ બ્રહ્મચર્યરૂપી તીર્થ, સંયમરૂપ જાત્રા, શુભ લેસ્યારૂપી જળમાં સ્નાન કરવું, દયારૂપી જગ્ન અને પૂજા સૂત્રમાં તિર્થંકર મહારાજે કહેલ છે.

અને પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં પહેલા સંવર દ્વારમાં દયાનાં નામ કહ્યાં છે તેમાં બોલ ૨૯ મો વિસુદ્ધી વિશેષે શુદ્ધિ-બોલ ૪૭ મો જણ્ણો એટલે યજ્ઞ,- બોલ ૫૫ મો ચોક્ખ્વા ચોખાઈ બોલ ૫૬ મો પવિત્તા પવિત્રતા-આ સર્વે દયાનાં નામ છે.

तस थावर सव्व भूय खेम करी एसा भगवती अहिंसा.

દયા-અહિંસા કેવી છે તો કે ત્રસ, સ્થાવર સર્વ પ્રાણી ભૂતની ક્ષેમની રક્ષાની કરનારી એવી અહિંસા ભગવતી તીર્થંકર મહારાજે કહી છે.

આનો પરમાર્થ એ છે કે-અહિંસા એજ જગ્ન એજ તીર્થની પવિત્રતા વગેરે કહેલ છે.

અને ઇતિહાસ પુરાણમાં પણ એજ કહ્યું છે કેઃ—શ્લોક-

अहिंसा परमो धर्म स्तथाऽहिंसा परमो तपः;
अहिंसा परम ज्ञानं, अहिंसा परमं पदं ॥ १ ॥
अहिंसा परमं दानं, अहिंसा परमो दमः,
अहिंसा परमो यज्ञ, स्तथाऽहिंसा परमं पदं ॥ २ ॥

અહિંસા એજ પરમ ધર્મ છે, પરમ તપ છે, પરમ જ્ઞાન છે, પરમ પદ પણ અહિંસાજ છે. અહિંસા એજ પરમ દાન, પરમ દમ અને પરમ યજ્ઞ પણ અહિંસાજ છે, અહિંસાથીજ પરમ પદની પ્રાપ્તિ થાય છે. (બસ.

અહિંસામાંજ તમામ ધર્મનું સ્વરૂપ સમાયેલું છે.) માટે મહાભારતના અનુશાસન પર્વના ૧૧૬મા અધ્યાયમાં કહ્યું છે કે अभयं सर्व भूतेभ्यो અને મહાભારતના શાંતિ પર્વના ૧૬૦માં અધ્યાયમાં ભીષ્મે યુધિષ્ઠિરને કહ્યું છે કે पवित्रं चरम:परम्; એટલે સર્વ પ્રાણિ ભૂત પર દયા રાખવી. સર્વને અભયદાન દેવું, અને ઇંદ્રિયોનું દમન કરવું એજ પરમ પવિત્રતા છે. (પ્રમાણુ સહસ્રી શ્લોક ૧૬૩-૧૬૫માં)

ચાણક્ય નીતિ દર્પણમાં અધ્યાય ૧૭મે શ્લોક ૧૨મે કહ્યું છે કે:— ज्ञाने मुक्ति र्नतु मंडनेन. એટલે જ્ઞાનસે મુક્તિ હોતી હૈ, છાપા તિલકાદિ ભૂષણુ સે નહીં. ॥

અધ્યાય ૮મે શ્લોક ૧૦મે કહ્યું છે કે:— न भावेन विना सिद्धि; तस्मात् भावोहि कारणम्. આત્માની શુદ્ધ ભાવના વિના આત્માની પવિત્રતા વિના સિદ્ધ નથી. તેટલા માટે શુદ્ધ ભાવનાની જરૂર છે. શુદ્ધ ભાવના એજ આત્માની પવિત્રતા છે ને તેથીજ મુક્તિપદની પ્રાપ્તિ છે.

પ્રશ્ન ૧૦૮ મું—શ્રી ઉત્તરાધ્યયનના ૧૨ માં અધ્યયનમાં યજ્ઞ વિષે કહેલી ૪૪ ની ગાથાન્તર્ગત તીર્થ સ્નાન વિષેની ૪૬ મી ગાથા સંબંધી દર્શન જોતાં શું જણાવે છે.?

ઉત્તર—

"Penance is my fire, life my fireplace right exertion is my [illegible] ladle, the body the dried cow dung; Karman is my fuel; [illegible], right exertion and tranquillity are the oblations, praised by the sages which I offer."

તપ [illegible] મારી અગ્નિ છે, જીંદગી મારી અગ્નિહોત્રની જગ્યા છે; ખરો શ્રમ [illegible] છે; દેહ સુકાયેલ છાણું છે; કર્મ મારૂં [illegible] છે, [illegible] મનને પોતાના કાબુમાં રાખવો, ખરો શ્રમ અને શાંતિ તે [illegible] છે કે જે દરેક ઋષિઓએ વખાણ્યા છે; આ [illegible] હું આપું છું.

"The law is my pond; celibacy my holy bathing place, which is not turbid and throughout is clear for the soul; there I make ablutions; pure, clean and thoroughly cooled; I get rid of hatred [illegible]"

[illegible] મારૂં તળાવ છે, બ્રહ્મચર્ય તે મારી પવિત્ર ન્હાવાની જગ્યા છે જેની અંદર [illegible] અને આત્માને માટે તમામ રીતે [illegible] છે;

આવી જગોએ હું ધર્મ ક્રિયા માટે પવિત્ર થાઉં છું, 'સ્વચ્છ, ચોકખો અને તદન શાંત થાઉં છું અને નીંદ્રામાંથી એટલે મલીનતામાંથી મુક્ત થાઉં છું.

Quoted from Victor Hugo's "*Les Miserables*" Page 169. Extract from II the obedience of Martin Verga

The Bernardines Benedictines of this obedience fast all the year round, abstain from meat, fast in Lent and on many other days which are peculiar to them rise from their first sleep from one to three o'clock in the morning to read their braviary and matins, sleep in all seasons between serge sheets and on straw, make no use of the bath, never light a fire, scourge themselves every Friday, observe the rule of silence, speak to each other only during the recreation hours which are very brief, and wear drugget chemises for six months in the year from September 14th which is the Examination of the Holy Cross until Easter These six months are a modification The rule says all year, but this drugget chemise in the intolerable the heat of summer, produced fever and nervous spasnes. The use of it had to be restored. Even with this palliation, when the nuns put on the chemise on the 14th September they suffer from fever; for three or four days. Obedience, poverty, chastity, preservance in their seclusion—these are their views which the rule greatly aggravates.

વીકટર હ્યુગો નામે પ્રસિદ્ધ ફ્રેન્ચ નવલકથાકારના "લામીઝરેબલ" નામે નવલકથાના "ઓબીડીઅન્સ ઓફ માર્ટીન વરગા" નામે વિષયનું પાને ૧૬૯ મે જે બીયાન કરેલ છે તેનું ટાંચણ:--

"બરનારડાઇન્સ બેનેડીકટાઇન્સ" આ ફરમાનદારી મહવાળા આખું વર્ષ લગભગ ઉપવાસ કરે છે, માંસાહારનો ત્યાગ કરે છે. "લેન્ટ" નામે પર્વમાં અને બીજા ઘણા દીવસો કે જે તેમની ગણતરીમાં હોય છે ત્યારે નીરાહારી રહે છે પોતાની પહેલી નિંદ્રામાંથી પ્રાતઃકાળે એકથી ત્રણ વાગતા સુધીમાં જાગ્રત થઇને નિત્ય નિયમનું વાચન કરે છે અને ઇશ્વર સ્તવનનાં પ્રભાતીયાં ઝીણાં સ્વરે લલકારે છે. બધી ઋતુઓમાં પરાળ ઉપર ગરમ કાપડની ચાદર નાંખી તેની વચ્ચે નિંદ્રા લીએ છે. સ્નાન કરતા નથી. અગ્નિ સળગાવતા નથી. દર શુક્રવારે પોતાના શરીરને ચાબખાથી ફટકાવી નાંખે છે. મૌનવ્રત પાળે છે. આરામના સમય તે પણ ઘણા ટુંકા હોય છે ત્યારેજ એકબીજા વચ્ચે વાર્તાલાપ કરે છે; અને વર્ષમાં સપ્ટેમ્બર માસની તા. ૧૪ મીથી ઉજવાતા પવિત્ર ક્રોસના ઉત્સવથી ઇસ્ટીક માસન

ઇસ્ટરના તહેવાર સુધી ગરમ જાડા ધાબળાનો ઝભ્ભો પહેરે છે. આમાં ૭ માસનો સંકોચ કરેલ છે. બાકી કાનુન આખા વર્ષને માટે સુચવે છે. પરંતુ આ ગરમ જાડા ધાબળાનો ઝભ્ભો ગ્રીષ્મ રૂતુની ગરમીમાં અસહ્ય થઈ પડતો અને તાવ તથા જ્ઞાનતંતુના દર્દમાં પરીણમતો તેથી તેના ઉપયોગમાં ટુંકાણ કરવી પડતી. આટલી ન્યુનતા છતાં સાધવીઓને જ્યારે તે જાડો ઝભ્ભો તા. ૧૪ મીથી પહેરવો પડે છે ત્યારે ત્રણ ચાર દીવસ સુધી તેઓને તાવની બીમારી જણાય આવે છે. ફરમાવેલી આજ્ઞાનું પાલન કરવું, નિગ્રહ વૃત્તિ જાળવવી, શિયળ સાચવવું, એકાંતમાં રહેવાની વૃત્તિ તરફ તેમની લેન્ટ—આ તેમની વ્રતની બાધાઓ છે; તેથી ચુસ્તપણે વર્તવાને કાનુન વધારો કરે છે"

ઇતિ શ્રી પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા-ઉત્તરાર્દ્ધ ભાગ ૨ જો સમાપ્ત.



શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણકો ૮ મો.



પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.



શ્રીપ્રશ્નોત્તર મોહનમાળા

ઉત્તરાર્દ્ધ ભાગ ૩ જો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા

ભાગ ૩ જો.

પ્રશ્ન ૧ લું—કેટલાક કહે છે કે—વ્યાકરણ ભણ્યા વિના ભાષાનું જ્ઞાન થતું નથી. એટલે વ્યાકરણ ભણવાથીજ ભાષા જ્ઞાનની શુદ્ધિ થાય છે. માટે વ્યાકરણ અવશ્ય ભણવું જોઇએ તેનું કેમ?

ઉત્તર—વ્યાકરણ ભણવાથી ભાષાજ્ઞાન એટલે શબ્દજ્ઞાન થાય ખરું; પણ તેથી ભાષાની શુદ્ધિ થાય એમ જણાતું નથી; કારણકે ભાષાની શુદ્ધિ તો આત્માની શુદ્ધિ જેને હોય છે તેનેજ થાય છે.

વ્યાકરણના ભણવાવાળા તો દુનીઆમાં ઘણાય હોય છે; તેથી તે તમામ ભાષાની શુદ્ધિવાળા છે એમ કેમ કહેવાય? જૈનધર્મી, તથા અન્ય ધર્મી, મુસલમાન તથા ક્રીસ્તિ વગેરે ઘણાઓ વ્યાકરણ શાસ્ત્રના પારગામી હોય છે તેથી શું થયું? અસત્યભાષી, માંસાહારી અને અન્યાયના કરવાવાળા શું તેઓ નથી હોતા? તો પછી તેવા અશુદ્ધ વર્તણુકવાળાની ભાષા શુદ્ધિ કેમ કહેવાય? શાસ્ત્રના ન્યાયથી તો જેને ભાષા સમિતિ હોય તેનેજ ભાષાની શુદ્ધિ હોય એમ જણાય છે. તેમાં વ્યાકરણની જરૂરીઆત જણાતી નથી. કર્કશ, કઠોર, સાવઘ, પરજીવને પીડા કે હિંસાકારી ઇત્યાદિ ભાષાના નહિ બોલનારને ભગવંતે ભાષા સમિતિવાળા કહ્યા છે માટે સત્ય અને સર્વ જીવને હિતકારી ભાષા બોલવી તે ભાષા શુદ્ધિ કહેવાય; તેમાં વ્યાકરણની, વિભક્તિની, તદ્ધિત કે સમાસ વગેરેની કેવી રીતે જરૂર પડે? અર્થાત નજ પડે.

પ્રશ્ન ૨ જું—કેટલાક વૈયાકરણી એમ બોલે છે કે—વ્યાકરણ નહિ ભણેલો તે અંધ, શબ્દકોષના જ્ઞાન વિનાનો તે બધિર (બહેરો) કાવ્ય (પીંગળ) જ્ઞાન વિનાનો પંગુ (પાંગળો-પગ વિનાનો) અને તર્કશાસ્ત્રના જ્ઞાન વિનાનો હોય તે મુંગો ગણાય છે. તે વિષેનો શ્લોક આ પ્રમાણે છે.

अव्याकृति र्भवेदंधः, बधिरः कोष वर्जितः;
काव्यहीनो भवेत्पंगु, मूकस्तर्क विवर्जितः ॥ १ ॥

આ પ્રમાણે શ્લોક સહિત વૈયાકરણીઓ બોલે છે તેનું કેમ?

ઉત્તર—આ વિષે વૈયાકરણીઓ પોતાના બનાવેલા ગ્રંથોમાં ઘણીએ બાબતો લખી ગયા છે અને વ્યાકરણ નહિ ભણનારા સૈદ્ધાંતિકો પર ઘણી

બેઅદબી ભાષાઓ વાપરી ગયા છે. પોતાનો વર્ગ વ્યાકરણ ભણેલો છે એમ જણાવવાને અને સૈદ્ધાંતિકોને હલકા પાડવાને એવા અભિમાની વાકયો દ્વારા જોવામાં આવે છે કે તે વાંચવાથીજ ખાત્રી થઇ જાય છે કે-કેટલે દરજ્જે તેમની ભાષા સમિતિ સચવાણી હશે? અને વ્યાકરણના ભણનારની ભાષા શુદ્ધિ કેવી છે તે પણ તરતજ જણાઇ આવશે.

જૈન અને જૈનેતરોના ગ્રંથો પર તથા કેટલાક લખાણો પરથી સૈદ્ધાંતિકો તેનું અનુકરણ લઇ સિદ્ધાંતનો અભ્યાસ બંધ પાડી વ્યાકરણનું જ્ઞાન મેળવવા લઇ મચ્યા હોય એમ જણાય છે. એટલે અમે પણ વ્યાકરણના ભણેલા છીએ એમ કહેવરાવવાને એ ઝુંડ ઉપાડયો છે. એમ "જૈન સમાચાર"-પુસ્તક ૨ જું-અંક ૨૯ મો-અમદાવાદ-સોમવાર તા. ૯ મી સપ્ટેમ્બર-૧૯૦૭-વીર સંવત્ ૨૪૩૩ ભાદ્રપદ શુદ ૨ ના પેપરમાં "મુનિઓ સંસ્કૃતાદિનો અભ્યાસ કરી શકે કે?" એવા નામનો લેખ એક સૈદ્ધાંતિક મુનિના તરફથી મુકાયેલો છે તેમાં ઉપરનો શ્લોક વગેરે કેટલીક વ્યાખ્યા કરી સિદ્ધાંતના દાખલા આપી વ્યાકરણ ભણવાની આવશ્યકતા બતાવી છે.

પ્રશ્ન ૩ જું—આગળના સાધુઓ વ્યાકરણના ભણેલા હતા એમ કોઇ નાકબુલ કરે તેમ છે?

ઉત્તર—આગળના સૈદ્ધાંતિક મુનિઓ પંડિતના વર્ગમાં ગણાયેલા વ્યાકરણના ભણેલા હતા ખરા, પણ તે પ્રથમ પોતાનું-જૈન ધર્મનું પુષ્કળ જ્ઞાન મેળવીને પછી વ્યાકરણનું જ્ઞાન મેળવતા હતા. તેનું કારણ કે વ્યાકરણ જ્ઞાન અભિમાની હોવાથી જૈન ધર્મનું જ્ઞાન એટલે સ્વસમયનું જ્ઞાન પ્રથમ મેળવ્યા બાદ તે જ્ઞાન જો મેળવાય તોજ તે જીરવી શકાય એમ તેઓ માનતા હતા.

આજકાલના મુનિઓ દીક્ષા લીધી કે તરતજ તેવા તાજા શિષ્યોને સિદ્ધાંત શાસ્ત્ર કે થોકડા વગેરે જૈન ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરાવ્યા વિના વ્યાકરણ શાસ્ત્રનો અભ્યાસ કરાવવા મંડી પડે છે. હજી પોતાના ધર્મનું જ્ઞાન તો બીલકુલ હોયજ નહિ તે પહેલાં બાહ્યગીયા જ્ઞાનના અભ્યાસમાં મચી રહેવાથી ધર્મશાસ્ત્રના જ્ઞાનના અજાણને લઇને ઘણાક અવળે રસ્તે ચડી ગયેલા જોવામાં આવે છે. તેનું કારણકે ટીકા વગેરે અન્ય મતીઓનાં શાસ્ત્ર ઉપર તેમનું વધારે લક્ષ ખેંચાય છે, એમ પ્રત્યક્ષ અનુભવાય છે. પોતાના ધર્મશાસ્ત્રની અપૂર્ણતાને લીધે અન્ય ધર્મિઓનાં શાસ્ત્રો વાંચવાથી પોતાના ધર્મની શ્રદ્ધા-આસ્તા ઘણીજ ઓછી રહે છે. ટીકા વગેરે વાંચવાથી

સિદ્ધાંતના વાક્યમાં ઘણા પ્રકારની શંકાઓ વેઠીને છેવટે સિદ્ધાંત માર્ગથી પડી ધર્મભ્રષ્ટ થાય છે; એવા કેટલાક દાખલા નજરે જોવામાં આવે છે. તે ઉપરથી કેટલાક સૈદ્ધાંતિકો એવા પ્રકારનું જ્ઞાન મેળવવાથી પાછા રહે છે.

પ્રશ્ન ૪ થું—સમ્યક્ જ્ઞાનના અજાણ એવા વ્યાકરણાદિ જ્ઞાનના મદે કોઇ એમ બોલે કે ઉપર કહેલો શ્લોક શું ખોટો હશે?

ઉત્તર—પૂર્વે જણાવેલો શ્લોક કોઇ વૈયાકરણી મતવાળાનો બનાવેલો જણાય છે. કારણ કે કોઇ જૈન સિદ્ધાંતમાં તેવી વાત છે નહિ કે—"વ્યાકરણ નહિ ભણેલો તે અંધ." એમ જો કહીએ તો વ્યાકરણના ભણેલા તમામ બ્રાહ્મણ વર્ગ, અન્ય આર્ય, અનાર્ય તથા તેમના સંસ્કૃત ભાષામાં વર્તતા જે શાસ્ત્ર વેદ પુરાણાદિ તે તમામ તમારા મતે દેખતા હોવા જોઇએ અને તે તમામ શાસ્ત્ર પણ ભાષા શુદ્ધિવાળાંજ હોવાં જોઇએ.

પ્રશ્ન ૫મું—આ વિષે સૈદ્ધાંતિકોનું શું કહેવું છે?

ઉત્તર—સૈદ્ધાતિકોનું ઠીક કહેવું છે. જો ઉપર કહ્યા પ્રમાણે હોય તો પછી પીતાંબરી આત્મારામજીએ પોતાના બનાવેલા "અજ્ઞાન તિમર ભાસ્કર" પુસ્તક સંવત્ ૧૯૪૪માં છપાયેલ તેના પાને ૧૫૫મે પંક્તિ ૯મી-૧૦મી એ લખ્યું છે કે-વેદના બનાવવાવાળા અજ્ઞાની, નિર્દય, માંસાહારી ઇત્યાદિ વાક્યો લખ્યાં છે. તો વિચારો કે વેદના કર્તા શું સંસ્કૃત નહિ ભણ્યા હોય કે તેને એવા અઘટિત શબ્દો વાપરવા પડયા હશે?

વ્યાકરણ શાસ્ત્રના ભણેલા, દેખતા ને સત્ય ભાષી હોય તો તેઓનાં રચેલાં શાસ્ત્રોમાં પશુવધયજ્ઞ તથા બ્રાહ્મણોને માંસાહાર કરવો, ક્ષત્રીઓને યુદ્ધ, શિકાર, માંસાહાર વગેરે કરવાની છૂટ આપનાર તથા ધર્મ કે દેવ અર્થે પશુવધાદિ હિંસાઓ બતાવનાર વગેરે એવા એવા મહા અનર્થકારી કૃત્યો કેમ બતાવે? એવા મહા અનર્થકારી શાસ્ત્રના બાંધનારા વૈયાકરણી તેને તે દેખતા કહેવા કે આંધળા કહેવા તેતો જરા વિચાર કરો!

શબ્દકોષના જ્ઞાન વિનાનો બહેરો, કાવ્ય (પીંગળ) ના જ્ઞાન વિનાનો પશુ અને તર્કશાસ્ત્રના જ્ઞાન વિનાનો હોય તે મુંગો ગણાય. એમ કહેવે શું થયું? એવા શાસ્ત્રોમાં પણ અનર્થકારી બાબતો ઘણી હોય તેથી તે સત્ય શાની કેમ કહેવાય? જૈનશાસ્ત્રોમાં તો વ્યાકરણાદિ પૂર્વોક્ત હિંસાકારી શાસ્ત્રો ધિક્કારેલાં છે, અને તેવાં શાસ્ત્રોને નંદીજી વગેરે સૂત્રોમાં પાપશાસ્ત્ર કહેલાં છે. તો તેને ભણવા ભણાવવા કે તેની ભાષા શુદ્ધિ હોયજ ક્યાંથી?

જૈનશાસ્ત્ર અને અન્ય શાસ્ત્રમાં ઉપર કહેલાં તમારાં વાક્યોથી બીજુંજ જોવામાં આવે છે.

પ્રશ્ન ૬ઠું—કોઇ કહે કે-અમારા વૈયાકરણ મતના કહેલા શ્લોકના અભિપ્રાયથી બીજા શાસ્ત્રો એથી બીજું શું કહેવા સમર્થ છે?

ઉત્તર—સાંભળો-જૈન શાસ્ત્રમાં તો ચોકખું કહ્યું છે કે-જ્ઞાન વિનાનો આંધળો અને ક્રિયા વિનાનો પાંગળો. એમ મહા નિશીથ સૂત્ર જણાવે છે તે ગાથા નીચે પ્રમાણે છે.

हतं ज्ञान क्रिया हीनं, हतं अन्नाण ओ क्रिया;
पासंतो पंगुलो दिठ्ठो, ध्यायमाणोय अंधलो ॥ १ ॥

અર્થ—જ્ઞાનવાન છે અને ક્રિયા નથી તથા ક્રિયાવન છે અને જ્ઞાન નથી. એટલે જ્ઞાનવાન તે દેખતો છે, પણ ક્રિયા વિનાનો પાગળો છે અને ક્રિયાવાન પગવાળો છે, પણ જ્ઞાન વિનાનો આંધળો છે. એટલે જ્ઞાન વિનાનો આંધળો અને ક્રિયા વિનાનો પાંગળો, એમ જૈનશાસ્ત્ર જણાવે છે.

જૈનશાસ્ત્રના ન્યાય જોતાં ભગવંતના ભાખેલા શ્રુત જ્ઞાન વડે ઇર્યા સમિતિ જોયા વિના ચાલનારો આંધળો કહેવાય અને નિર્ગ્રંથ પ્રવચન નહિ સાંભળનારો બહેરો ગણાય. સૂત્રમાં કહેલી સંયમાદિ ક્રિયા વિનાનો પંગુ (પાંગળો) અને નિર્વદ્ય ભાષા નહિ બોલનાર મુંગો ગણાય છે. એવો સિદ્ધાંતનો ન્યાય છે તે મૂકીને અવળે રસ્તે ચાલવું તે જૈનીનું અનુકરણ નથી.

પ્રશ્ન ૭ મું—શિષ્ય-ઉપરના અધિકારને લગતા શાસ્ત્રોક્ત કોઈ બીજા દાખલા છે? હોય તો બતાવશો.

ઉત્તર—સાંભળો-"જૈનધર્મ પ્રકાશ" પ્રગટ કર્તા જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર-પુસ્તક ૨૬ મું-અંક ૫ મો-શ્રાવણ ૧૯૬૬ ના અંકમાં લખ્યું છે કે-

શ્રીમત્ ચિદાનંદજીકૃત-પ્રશ્નોત્તર રત્નમાળા. વિવેચન સહિત. (લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી) એ નામના લેખમાં-પાને ૧૫૪ ને-પ્રશ્ન ૭૫ મે-કહ્યું છે કે-

જે નવિ સુણત સિદ્ધાંત વખાણ, બધિર પુરૂષ જગમેં તે જાણ—

જે સર્વજ્ઞ-વીતરાગ પ્રણીત સિદ્ધાંત વચન કદાપિ સાંભળતોજ નથી, અથવા સાંભળ્યું તે નહિ સાંભળ્યા જેવું કરે છે. તે બધિર (બહેરો) કહેવે

અસલની જુની-ગુજરાતી પાંચમી ચોપડીમાં-પાને ૧૦૫ મે-પાઠ ૪૪ મો-હિતનાં વચનો-

હરિગીત.

હિત કહ્યું સુણે ન કંઇ તે, બધિર સરખો જાણવો;
થાય સ્વાધીન ક્રોધને તે, આંધળા સમ માનવો. ૧
સારૂં જેહ બોલી ન જાણે, ગુંગ સરખો ધારવો;
સારૂં માઠું નહિ સમજતાને, પશુ સમજી કહાડવો. ૨

પ્રશ્ન ૮ મું—કોઇ કહે કે, વ્યાકરણાદિશાસ્ત્ર ભણ્યા વિના ભાષા શુદ્ધિ થાયજ નાહ તેનું કેમ?

ઉત્તર—એમ બોલતા પ્રત્યે કહેવું કે-તમારા કહેવા પ્રમાણે વ્યાકરણાદિશાસ્ત્ર ભણ્યા વિના ભાષા શુદ્ધિ થાયજ નહિ તો પછી તેને આત્મકલ્યાણ કે મોક્ષ ફળ તો હોયજ ક્યાંથી? એ વાક્ય સૂત્ર સામી નજર કર્યા વિનાનું જણાય છે. કેમકે ભગવંતે ઉત્તરાધ્યયનના ૨૪ માં અધ્યયનમાં કહ્યું છે કે-પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠનું જ્ઞાન થાય તોપણ તેમાં ૧૨ અંગનું જ્ઞાન તેનો સમાવેશ થાય છે; એટલે આઠ પ્રવચન માતામાં તમામ સિદ્ધાંત સમાય છે. અને એ આઠ પ્રવચન માતાને સાચે મને સેવે છે-તેને આરાધે છે, તેને ઉતાવળી મોક્ષ ગતી મળે છે, એમ તીર્થંકર મહારાજે કહ્યું છે. આનો પરમાર્થ એ છેકે —બીજાં શાસ્ત્રો પોતાનો ધર્મ સચવાતાં ભણાય તો ભલે ભણવાં, નહિ તો પૂર્વોક્ત આઠ પ્રવચનને આરાધવેજ બસ છે, તેજ મુક્તિપદને આપનાર છે.

આ ન્યાય વડે તમારાં કલ્પેલાં વ્યાકરણાદિશાસ્ત્રો નિરર્થક ઠર્યાં.

સૂત્રમાં ઘણે ઠેકાણે સાધુ આર્યાને સામાયિક આદિ અગિયાર અંગ ભણવાના અધિકાર ચાલ્યા છે, પણ વ્યાકરણાદિક ભણવા ભણાવવાનું ચાલ્યું નથી. તો પછી તે વ્યાકરણ, કે, શબ્દકોષ, કે, કાવ્ય (પીંગળ,) કે તર્ક શાસ્ત્ર વગેરે ભણ્યા વિના તેઓની શબ્દ શુદ્ધિ કે ભાષા શુદ્ધિ કેવી રીતે થઇ હશે? તેઓ પ્રવચનના આરાધક થઇ ઉત્તમ ગતિઓને પામ્યાના અધિકાર સૂત્રમાં ખુલ્લા ચાલ્યા છે. માટે શબ્દ શુદ્ધિ તો સમિતિ ગુપ્તિના આરાધકનેજ હોય છે.

પ્રશ્ન ૯ મું—વૈયાકરણીય-એ વાત તો ઠીક છે, પણ અમારૂં કહેવું તો એમ છે કે-વ્યાકરણાદિ ભણવાથી શુદ્ધ ઉપદેશ થઇ શકે છે. કેમકે ભાષાજ્ઞાન વિના અર્થનો અનર્થ થઇ જાય એ બનવા જોગ છે. વગેરે વગેરે કેટલાકનું બોલવું થાય છે તે કેમ?

ઉત્તર—સૈદ્ધાંતિક-જૈન સિદ્ધાંતનો અર્થ વૈયાકરણીયજ કરી શકે એમ કરી અન્યથા સંભવ નથી. છતાં કોઇ એવું અભિમાન ધરાવતું હોય કે અમે એવા જૈન સિદ્ધાંતનો પાઠ હોય તેનો વ્યાકરણ ભણેલો યથાર્થ અર્થ કરી શકે. તેના માટે એટલુંજ કહેવાનું છે કે—જૈન સિદ્ધાંતના અજાણ, એવા પંકાતા વિદ્વાન સંસ્કૃતના પાઠમાંથી પાસે નીચેનાં બે પદનો અર્થ કરાવી જોઇએ. તો તરતજ માલુમ પડશે કે તે કેવી રીતે અર્થ કરી શકે છે?

પ્રશ્ન ૧૦ મું—એવાં બે પદ કયાં અને કયા સૂત્રનાં છે કે વૈયાકરણીય તેનો અર્થ ન કરી શકે?

ઉત્તર—પ્રશ્નકારને ઉપરના લખાણ ઉપર પૂરતું ધ્યાન રાખવાનું છે કે, અહિંયાં જૈનશાસ્ત્રના જાણ એવા વૈયાકરણીયને માટે એ સવાલ નથી, પરંતુ જૈન શાસ્ત્રના અજાણ એવા વૈયાકરણીયને માટે નીચેનાં બે પદનો અર્થ કરાવવાનો છે. તે પદ એ છે કે—દશ વૈકાલિક સૂત્રના ૯ મા અધ્યયનના ૩ જા ઉદ્દેશાની ૧૧ મી ગાથાના પહેલાજ બે પદ કે—

गुणेहिं साहू अगुणेहिं ऽसाहू, गिण्हाहि साहू गुणमुंचऽसाहू ;

બસ, આ બે પદનો અર્થ વૈયાકરણીયો કરી શકે તો એવું પરિણામ બંધાય કે જૈન સૂત્રોના અર્થ વ્યાકરણાદિ જ્ઞાનવાળા યથાર્થ કરી શકે છે.

આ વિષે આ એકજ દાખલો છે એમ માનવાનું નથી પણ આવા અનેક પાઠ રહ્યા છે કે જૈન સૂત્રોના જાણ અને વ્યાકરણના ભણેલાને પણ ગોથાં ખાવાનો વખત આવે છે.

ઉપરનાં બે પદનો અર્થ ટીકાવાળા તથા ભાષ્યવાળા પણ જેવો જોઇએ તેવો કરી શક્યા નથી. તો પછી જૈનશાસ્ત્રના અજાણ એવા વૈયાકરણીયોને માટે તો કહેવાનુંજ શું?

પ્રશ્ન ૧૧ મું—કોઇ એમ કહે કે એવું જૈનશાસ્ત્રનું કેવું અઘરું જ્ઞાન રહ્યું કે વૈયાકરણીયો પણ તેનો અર્થ ન કરી શકે?

ઉત્તર—"જૈન ધર્મપ્રકાશ" પુસ્તક ૧૫ મું અંક ૩ જો મિતિ ૧૯૫૫ના જ્યેષ્ઠ સુદ ૧૫ પૃષ્ઠ ૪૧ મધ્યે.

પન્યાસજી ગંભીરવિજયજીએ પ્રોફેસર જેકોબીના જવાબમાં લખેલ છે કે—

પ્રથમ તો જૈનશાસ્ત્રનો અર્થ ગુરુગમ્યને આધીન રહેલ છે તેથી સ્વતંત્રપણે એકલા ન્યાય કે વ્યાકરણના બળથી યથાર્થ કોઇથી બની શકતો નથી એજ.

પ્રશ્ન ૧૨ મું—આ વિષે દિગંબર મત કાંઇ જણાવે છે?

ઉત્તર—હા, જી, સાંભળો. દિગંબરી ધર્મદાસજી કૃત "સમ્યક્જ્ઞાન દીપિકા" નામનો ગ્રંથ સંવત ૧૯૪૮ માં છપાયો છે તેમાં પાને ૯૮ મે કહ્યું છે કે—

સ્વાનુભવ જ્ઞાનમયિ કોહુ ગુરૂ હૈ સો ન્યાય, વ્યાકરણ, કોશ, અલંકાર, કાવ્ય, છંદાદિક યુકત હૈ, સોબી સંસાર સાગર સેં પાર ઉતાર દેતા હૈ. બહુરિ કોહુ ગુરૂ હૈ સો સ્વસમ્યક્ જ્ઞાનાનુભવ હૈ, પરંતુ ન્યાય વ્યાકરણ કોશ અલંકાર કાવ્ય છંદાદિક રહિત હૈ, સોબી સંસાર સાગર સેં પાર ઉતાર દેતા હૈ. ઇતિ.

જૈનશાસ્ત્રના રહસ્યની વાત તો ગુરૂ પરંપરાએ ભણનારા વગર વ્યાકરણના ભણેલા સચોટ કરી શકે છે. જૈનસિદ્ધાંતના રહસ્યને નહિ જાણનારા વૈયાકરણીયો ઘણાએ અર્થના અનર્થ કરી ધર્મને હાની પહોંચાડે છે. એવા કેટલાક દાખલા બની ગયેલા અને હજી પણ બનતા નજરેજ તરે છે. માટે તમારૂં લખાણ યા બોલવું પ્રમાણભૂત નથી.

પ્રશ્ન ૧૩ મું—વ્યાકરણાદિ ભણવાથી શુદ્ધ ઉપદેશ દઇ શકાય એમ કેટલાકનું માનવું છે તે કેમ?

ઉત્તર—શુદ્ધ ઉપદેશને માટે જો કોઇ વ્યાકરણાદિકની આવશ્યકતા જણાવતું હોય તો વ્યાકરણાદિના ભણવાવાળા કેટલાએકને સૂત્રની શ્રદ્ધા હોવીજ નથી તો પછી તે શુદ્ધ ઉપદેશ કયાંથી કરી શકે? શુદ્ધ ઉપદેશના દસ્વાવાળા તો શ્રી સૂયગડાંગજી સૂત્રમાં નીચેના ગુણવાળાને કહ્યા છે. સાંભળો—ગાથા.

आयगुत्ते सया दंते, छिन्न सोए अणासवे ;
जे धम्मं सुद्ध मक्खाति, पडिपुन्न मणालिसं ॥ २४ ॥

સુ૦ સુ૦ ૧ લો૦ અ ૧૧ મું ગાથા ૨૪ મી.

અર્થાર્થ—ગુપ્ત આત્મા મનને વિષયોથી રોકવાવાળા, સદા ઇંદ્રિયોને દમવાવાળા, છેદ્યા છે શ્રોત્ર-પાપ આવવાનાં દ્વાર જેણે અનાશ્રવી અર્થાત્ સંવરના ધારક તે પુરૂષ શુદ્ધ ધર્મ આખ્યાતી-કહી શકે છે. પ્રતિપૂર્ણ અનીદૃશ અર્થાત્ આશ્ચર્યકરી અત્યુત્તમ-એવા ગુણવાળા પુરૂષ શુદ્ધ ઉપદેશ દઇ શકે છે.

જુઓ ઉપરોક્ત ગુણવાળાને શુદ્ધ ભાષી-શુદ્ધ ધર્મ કહેનારા કહ્યા છે. પરંતુ વ્યાકરણાદિના ભણનારાને સત્યભાષી-સત્યવાદી કહ્યા નથી.

પ્રશ્ન ૧૪ મું—વૈયાકરણીય–શ્રી ઠાણાયંગજી' સૂત્ર ઠાણે ૭ મે તથા અનુયોગદ્વાર સૂત્રમાં મુનિને સંસ્કૃત ભાષા ભણવી પ્રશસ્ત કહી છે તે કેમ?

ઉત્તર—સૈદ્ધાંતિક–મુનિને ભણવા માટે–સંસ્કૃત ભણવાને પ્રશસ્ત કહેલ નથી પણ તે ઠેકાણે સાત સ્વરના અધિકારમાં સંસ્કૃત પ્રાકૃત ભાષાના શ્લોક ગાતાં–તેનો સ્વર ઉચ્ચારતાં સાંભળનારને પ્રિયકારી લાગવાથી સ્વર મંડલમાં તે બે ભાષા ભગવંતે પ્રશસ્ત એટલે ભલી કહી છે. જેમ કોઈ મધુર સ્વરવાળો વસંતતિલકામાં ભક્તામર સ્તોત્ર સંસ્કૃત ભાષાનું કે પ્રાકૃત ભાષાનું (ગુજરાતી ભાષાનું) યા (દેશી ભાષાનું) ગાતા હોય ત્યારે સાંભળનારને અત્યંત પ્રિયકારક થઈ પડે છે. તેમ સ્વર મંડળમાં તે બે ભાષા પ્રિય લાગવાથી પ્રશસ્ત કહેલ છે. તેને અવળા અર્થમાં દોરી મુનિને તે બે ભાષા ભણાવી પ્રશસ્ત કહેલ છે એમ ઠોકી બેસાડવું તજ વૈયાકરણીયે ના અવળા અર્થ કરવાની સહી નાખી છે.

પ્રશ્ન ૧૫ મું—વૈયાકરણીય–ઉપરોક્ત પેપરમાં (પહેલા સવાલમાં) જે જે ગાથા અને અર્થ લખ્યો છે તે શું ખોટો છે?

ઉત્તર—સૈદ્ધાંતિક–ગાથા ખરી છે, પણ અર્થમાં તફાવત છે.

પ્રશ્ન ૧૬ મું—વૈયાકરણીય–એ તફાવત છે તે જણાવશો?

ઉત્તર—સૈદ્ધાંતિક–સાંભળો–ગાથા ને અર્થ બંને. ગાથા-

संक्कया पायया चेव, भणिईओ होंति दोणि वा ;
सरमंडलंमि गिज्जंते, पसत्थाति भ णिआ ॥ १ ॥

એ અનુયોગદ્વાર સૂત્ર–બાબુવાળા છાપેલ પાને ૩૧૭મે લખેલ છે. તેની ભાષા પાને ૩૨૦મે નીચે પ્રમાણે છે.

સંકયયા શ્લોક એક સંસ્કૃત, બીજા પ્રાકૃત એ બેનું કહેતાં–ભાષા શ્રી તીર્થંકર ગણધરે કહી, સ્વર મંડળ કહેતાં–ષડ્જાદિક સ્વર સમૂહે ગાઇ, તાનને વિષે પસત્થા ભલી કહી મહાઋષિની ભાખી

અહિં મુનિને ઉપરની બે ભાષા ભણવી પ્રશસ્ત કહી છે એવો અધિકાર નથી, પરંતુ સાત સ્વરના અનેક ભેદ બતાવ્યા છે, તેમાં તીર્થંકર ગણધરે (જેવા મહાઋષિએ) સંસ્કૃત અને પ્રાકૃત એ બે ભાષા સ્વર સમૂહે ગીત (ગાતાં) તાનને વિષે પ્રશસ્ત ભલી કહી છે.

પૂર્વે કરેલો જે તમારો અર્થ સંસ્કૃત પ્રાકૃત ભાષા સ્વર મંડળે ગાતી ભલી, મહા ઋષિને માટે એમ ભણવાને ભાંખ્યું.

એ અર્થ ઉપરની મૂળ પાઠની કહેલી ભાષાના અર્થ પ્રમાણે મળતો નથી. એ ઉપરથી એમ જણાય છે કે એ અર્થ પોતાને ગમતો ભરડીને કર્યો છે.

વળી તમારા લખવા પ્રમાણે મહાઋષિને માટે સંસ્કૃત ભણવાને ભગવાને ભાખ્યું હોય તો આજકાલના ભણનાર મહાઋષિની ઉપમાને લાયક છે કે નહિ તે જરા વિચારવા જેવું છે. મહાઋષિની ઉપમા તો સિદ્ધાંતમાં તીર્થંકર-ગણધર જેવા ગુણવાળા મુનિઓને દેવામાં આવેલ છે તેટલે દરજ્જે આજકાલના મુનિઓને ગણી અથવા મૂળ ગાથાનો અવળો અર્થ કરી આશ્રવના સેવનાર બ્રાહ્મણો પાસે ભણી બ્રાહ્મણીયું જ્ઞાન મેળવવા ભગવંતનો એ ઉપદેશ નથી.

શ્રી નંદીજી સૂત્રમાં વ્યાકરણશાસ્ત્રને મિથ્યા શ્રુત કહેલ છે. તથા સ્વરશાસ્ત્રને પણ પાપશાસ્ત્ર કહ્યાં છે. તો એવાં શાસ્ત્ર ભણવાની આજ્ઞા ભગવાન કેમ આપે ? તે પણ વિચાર કરવા જેવું છે.

પ્રશ્ન ૧૭ મું—વૈયાકરણીય-શ્રી ઉવવાઇ સૂત્રમાં સાધુ સર્વ ભાષાના જાણ કહ્યા છે તે પાઠ 'सव्व भासाणु गामिणो' તે કેમ ?

ઉત્તર—સૈદ્ધાંતિક-એ તદ્દન અવળો અર્થ કર્યો છે. ઉવવાઇ સૂત્રમાં તે પાઠ સાધુના અધિકારમાં નથી. પણ ગણધરાદિકના અધિકારે કહ્યું છે કે—

दुवालसंगिणो समत्त गणिपिंडगधरा, सव्वक्खर सण्णिवाइणो, सव्व भासाणुगामिणो, अजिणा जिणसंकासा, जिणो इव अवितहं वागरेमाणा, संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरंति.

આ તમામ શબ્દ ગણધરને ઉદ્દેશીને છે, તેમજ વળી ભગવંતના ઉપદેશ વખતે તે વાત કહી છે તે પાઠ—

सव्वक्खर संणिवाईयाए पुणरचाए सव्व भासाणुगामिणीए सरस्सईए जोयण णीहारिणा सरिणं अद्धमागहाए भासाए भासंति अरिहा धम्मं परिकहेइ.

અસ્યાર્થ—સર્વ અક્ષરની સંધિ યથાયોગ્ય મેળવીને, સંપૂર્ણ રાગે કરીને, સર્વ ભાષાને મળતી, ઘણી મીઠી એવી વાણીએ યોજન પ્રમાણે સંભળાય એવે સ્વરે, અર્ધ માગધી ભાષાએ પરમેશ્વરે ધર્મકથા કહી.

એમાં સાધુ સર્વ ભાષાના જાણ કહ્યાનો સંબંધ બીલકુલ છેજ નહિ. આ ઉપરથી વ્યાકરણના ભણેલા કેવો અર્થ કરે છે તે જણાઇ આવશે.

પ્રશ્ન ૧૮ મું—શિષ્ય-કેટલાક વ્યાકરણાદિ ભણવા માટે પતવણા તથા પ્રશ્ન વ્યાકરણનો દાખલો આપે છે તે વિષે શું સમજવું ?

ઉત્તર—સંસ્કૃતાદિ ભણવા વિષે જે વ્યાકરણને લગતા પાઠના દાખલા પન્નવણાના તથા પ્રશ્ન વ્યાકરણના આપવામાં આવે છે તેથી સાધુને અવશ્ય વ્યાકરણ ભણવુંજ જોઇએ એવો નિશ્ચય થતો નથી. એ તો લૌકિક શાસ્ત્રના ઘરતારાની શબ્દશુદ્ધિની વ્યાખ્યા કરી છે. એટલે એકવચન દ્વિવચનાદિ શબ્દજ્ઞાન બતાવવા માટે છે, અને તે પ્રમાણે બોલવાથી શબ્દશુદ્ધિ ઉચ્ચારણ જ્ઞાન થયું એમ કહી શકાય, પણ તેથી ભાષા શુદ્ધિ થઇ એમ કહી શકાય નહિ. સત્ય ભાષણ વિના ભાષા શુદ્ધિ થતી નથી. વ્યાકરણના ભણવાવાળા અને તેને લગતા તમામ શાસ્ત્રના પારગામી તેમજ સ્વરસંધિ આદિ વિભક્તિ સહિત શુદ્ધ ઉચ્ચારના કરવાવાળા શું અસત્ય ભાષી નથી હોતા? અર્થાત્ ઘણાએ જોવામાં આવે છે.

વ્યાકરણના નહિ ભણેલા તત્ત્વજ્ઞાની ભાષાસમિતિવાળા શુદ્ધ ઉચ્ચારના કરવાવાળા સત્યભાષી શું નથી હોતા? અર્થાત્ તે પણ ઘણાએ જોવામાં આવે છે. તો પછી આત્મશુદ્ધિ કે સત્ય ભાષ બોલવામાં વ્યકરણાદિની શી જરૂર રહી?

પ્રશ્ન ૧૯ મું—કોઇ એમ કહે કે-વ્યાકરણાદિ શાસ્ત્રજ્ઞાન મેળવ્યા વિના મગજ શક્તિ ખીલતી નથી, અને મગજ શક્તિ વિના ધર્મ સંબંધી કાર્ય બની શકતાં નથી; માટે સંસ્કૃતાદિ જ્ઞાનની જરૂર છે. તેનું કેમ?

ઉત્તર—"સદ્ગુરુ પ્રાપ્તિનો ઉપાય" તેના પાને ૭૨મે કહ્યું છે કે-ધર્મ સંબંધી સમ્યક્જ્ઞાન કંઇ સંસ્કૃત કે પ્રાકૃત ભાષા જાણવાથી અથવા વ્યાકરણ કોષ કે ન્યાય ભણી જવાથી આવી શકતુ નથી. ભાષા જ્ઞાન અને તત્વજ્ઞાન એ બે જૂદીજ વાતો છે ઘણાએ વિદ્વાનો સંસ્કૃત-પ્રાકૃત-યાવની આદિ ભાષાઓ જાણે છે, પણ તત્ત્વથી તદ્દન અજાણ્યા હોય છે, અને માતૃ ભાષા પણ શુદ્ધ બોલી ન જાણનારમાં કોઇ વખત તત્ત્વજ્ઞાનનો ભંડાર જોવામાં આવે છે. ભાષાજ્ઞાન કે ગોખણીયા સૂત્રજ્ઞાનવાળા ઘણાએ વિદ્વાનોએ ધર્મને નામે હિંસા ઉપદેશી છે. અને અભણ દેખાતા ઘણાએ 'પરમ હંસો' એ (એટલે પવિત્ર આત્મજ્ઞાનીઓએ) ઉચ્ચતમ પ્રકારની દયાનો પ્રચાર કર્યો છે. માટે મગજ શક્તિ કરતા હૃદય શક્તિ ધર્મમાં પહેલા નંબરની જરૂરીઆત ધરાવનારી ચીજ છે.

બસ, તત્ત્વજ્ઞાન અને ભાષા શુદ્ધિને માટે હૃદય શક્તિનીજ જરૂર છે. તેમાં વ્યાકરણ, ન્યાયશાસ્ત્ર કે તર્કશાસ્ત્રાદિકની આવશ્યકતા નથી એમ ઉપરના લખાણથી સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૨૦ મું—કોઇ કહે કે એ વાત અમી ઠીક છે, પણ પૂર્વાચાર્યો વ્યાકરણાદિ તમામ શાસ્ત્રના પારગામી બહુધાએ હતા તો પછી આપણને ભણવામાં શું હરકત છે ?

ઉત્તર—પૂર્વાચાર્યોનું સંસ્કૃત જ્ઞાન હતું તેના દાખલા જુદાં હતાં તે આગળ જણાવવામાં આવશે. અત્યારે આપણી માતૃભાષા તો સૂત્ર જ્ઞાન છે તેને બાજુપર રાખી જૈન મુનિઓને માટે વ્યાકરણાદિ ભણવાની ખાસ જરૂરીયાત બનાવવા હિમાયત ધરાવવું તો શાસ્ત્રમાં કહેલા વ્યાકરણને લગતા દાખલાના શાસ્ત્રો પણ જૈનશાસ્ત્રમાં સૂત્ર પ્રમાણે હોવા જોઇએ; એટલે વ્યાકરણ વગેરે તમામ સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવવાનાં સાધનો (પુસ્તકો) પણ જૈનધર્મની શૈલિનાંજ હોવાં જોઈએ. તે તો અત્યારે કોઇ ઠેકાણે જોવામાં આવતાં નથી. અને જે જોવામાં આવે છે તે તો બ્રાહ્મણમતનાં શાસ્ત્રો બ્રાહ્મણોના આચાર્યના બનાવેલાં જોવામાં આવે છે તો તે પહેલા જૈનના સાધુઓ ક્યાંથી વ્યાકરણાદિનું જ્ઞાન મેળવતા હશે? તે પણ વિચારવા જેવું છે.

પ્રશ્ન ૨૧ મું—વૈયાકરીણિય-એમાં શું વિચારવા જેવું છે? પૂર્વે હેમાચાર્યનું કરેલું હૈમવ્યાકરણ, તથા હેમી નામ માળા વગેરે સંસ્કૃતના ગ્રંથો જૈનાચાર્યનાં બનાવેલાં ઘણાએ છે.

ઉત્તર—સૈદ્ધાંતિક-હેમાચાર્યને થયાનો કાળ તો લગભગ સાતસેં વર્ષના અનુમાનનો ગણાય છે, અને વ્યાકરણાદિકના જ્ઞાનવાળા આચાર્યો તો તે પહેલાંના છે. એ ઉપરથી એમ પણ જણાય છે કે—કાંતો જૈનશાસ્ત્ર પ્રમાણે તેવાં શાસ્ત્રો જૈન મતનાં હોવાં જોઇએ, અને કાંતો દીક્ષિત થયા પહેલાંના વ્યાકરણના ભણેલા હોવા જોઇએ પણ બહુ વિચાર કરતાં એમ જણાય છે કે જે વ્યાકરણના ભણેલા હતા તે ઘણે ભાગે બ્રાહ્મણોજ હતા; એટલે તેઓ પ્રથમ બ્રાહ્મણપણામાં તેમના મતનાં શાસ્ત્ર ભણી પછી જૈનાચાર્યના બોધથી તે સાધુ થયેલા અને પછી વ્યાકરણાદિ શાસ્ત્રોની પ્રવૃત્તિ વધારે ચાલી હોય એમ જણાય છે પણ મૂળમાં જૈન સિદ્ધાંત સિવાય જૈનના મુનિઓને બીજું જ્ઞાન મેળવવા આવશ્યકતા જણાતી નથી.

પ્રશ્ન ૨૨ મું—કોઇ કહે કે-એવો કોઈ સબળ દાખલો છે કે—પૂર્વાચાર્યોને જૈન સિદ્ધાંત સિવાયની બાધા સંસ્કૃતાદિ જ્ઞાન મેળવવાની જરૂરીઆત જણાતી નહોતી?

ઉત્તર—પૂર્વના જૈનાચાર્યના બનાવેલા ઘણા ગ્રંથો માગધી ભાષાના યા પ્રાકૃત ભાષાના વિશેષ જોવામાં આવે છે તેથી તેવા ગ્રંથો વિશેષ ખાત્રીજ આપે છે કે-તદાકાળે જૈનના સાધુને વ્યાકરણાદિ બ્રાહ્મણીયું જ્ઞાન

જાણવાનું કહ્યું નહિ, એમ કેટલાક જૈનશાસ્ત્રના ન્યાયથી જણાઇ આવે છે. આગુવાળા છાપેલા ઉત્તરાધ્યયનના પાને ૨૨૧ મે કહ્યું છે કે—

प्राकृत संस्कृता या षड्भाषा अथवा अन्या अपि देशविशेषात्
नाना रूपा भाषा वा पापेभ्यो दुःखेभ्यो न त्रायन्ते न रक्षन्ते.

એટલે પ્રાકૃત સંસ્કૃત આદિ ષટ્ ભાષા અથવા બીજી પણ અનેક પ્રકારની દેશ ભાષા તે આ જીવને પાપ થકી દુઃખ થકી મુકાવવા રક્ષણ કરવા સમર્થ નથી, એમ કહ્યું છે અને સૂત્રની ભાષા બોલતાં ઘણા કર્મની નિર્જરા થાય છે એમ પણ સૂત્રમાં ઘણે ઠેકાણે કહેલ છે.

પ્રશ્ન ૨૩ મું—ભાષાની શુદ્ધિ માટે વ્યાકરણાદિકની જરૂર પડે કે નહિ ?

ઉત્તર—ભાષાની શુદ્ધિને માટે ભગવંતે દશ વૈકાલિક સૂત્રના ૭મા અધ્યયનમાં અચ્છી તરેહની વ્યાખ્યા કરી છે કે-મુનિને આવા પ્રકારની ભાષા બોલવી, અને આવા પ્રકારની ભાષા ન બોલવી. વગેરે ઘણાં સૂત્રમાં ભાષા સમિતિના અધિકાર છે, અને ભગવંતે તેવી ભાષા સમિતિના બોલવાવાળાને આરાધક કહ્યા છે. તે વ્યાકરણાદિના નહિ ભણેલાને પણ એ ભાષા શુદ્ધિના જ્ઞાન વડે આજ્ઞાના આરાધક કહ્યા છે. એમ ઘણાં સૂત્રોના ન્યાય જોતાં ભાષાની શુદ્ધિ માટે વ્યાકરણાદિકની જરૂર જણાતી નથી.

પ્રશ્ન ૨૪ મું—કોઇ એમ કહે કે-પન્નવણાજીના ભાષા પદના અધિકારમા પણ ચારે પ્રકારની ભાષા ઉપયોગ સહિત બોલતાં આરાધક કહ્યું છે તેનું કેમ ?

ઉત્તર—તેનો પરમાર્થ એ છે કે સત્ય તથા અસત્ય ભાષા વગેરે ચાર પ્રકારની ભાષાનું સ્વરૂપ જાણનાર ઉપયોગવંત તે સત્ય ને સત્ય અને અસત્ય ને અસત્ય વગેરે એટલે જેવી ભાષા હોય તેવી ભાષા કહેતાં આરાધક છે, એમ કહ્યું છે. પણ એમ કહ્યું નથી કે ઉપયોગથી ચારે ભાષા બોલતો એટલે અસત્ય કે મિશ્ર ભાષા બોલતો પણ આરાધક હોય એમ કદી હોયજ નહિ.

પ્રશ્ન ૨૫ મું—ત્યારે કોઇ એમ કહે કે-તે ઠેકાણે તો એમ કહ્યું છે કે-ચાર ભાષા ઉપયોગ સહિત ભાખતો આરાધક કહ્યો છે, તે વિરાધક હોય નહિ, એમ કહ્યું છે. એટલે ઉપયોગથી ચારે ભાષા બોલતો આરાધક હોય. એમ કોઇ કહે તેનું કેમ ?

ઉત્તર—આનો ઉત્તર ઉપરના પ્રશ્નમાં આવી ગયો છે. તો પણ વિશેષ જાણવાને માટે-ઉપયોગનો અર્થ જ્ઞાન, એટલે જ્ઞાની પુરુષો જ્ઞાન દર્શનને ચારિત્રના ઉપયોગે પ્રવર્તનાર, તે ચારે પ્રકારની ભાષાનું સ્વરૂપ જાણતો તે ચાર ભાષાનું પૃથક્કરણ કરતાં એટલે સત્યને સત્ય સ્વરૂપે, અસત્યને અસત્ય સ્વરૂપે, સત્યાસત્યને તે સ્વરૂપે ને વ્યવહાર ભાષાને વ્યવહાર ભાષા સ્વરૂપે ઉપયોગ સહિત ભાખતો આરાધક કહ્યો છે.

અને તે સાથે જણાવ્યું છે કે-

तेन परं असंजय अविरय अपडिहय अपच्चक्खाय पावकम्मे सच्चं वा भासं भासओ, मोसं वा, सच्चामोसं वा, असच्चामोसं वा, भासं भासओ नो आराहए, विराहए. ॥

એટલે, તે ઉપરાંત અસંજતી, અવિરતી અપચ્ચખાણે કરીને પાપ કર્મ હણ્યા નથી એવા, તે સત્ય, અસત્ય, મિશ્ર કે વ્યવહાર એ ચાર પ્રકારની ભાષામાંથી ગમે તે ભાષા બોલતો આરાધક નહિ, પણ વિરાધક કહ્યો.

પ્રશ્ન ૨૧ મું—શિષ્ય—ઉપયોગ સહિત ગમે તે ચાર પ્રકારની ભાષા બોલેલી જણાવ્યાને બે ઠેકાણે આરાધક કહેલ છે. એવું કોઈ કોઈ વૈયાકરણીય ઘણું કરીને કહે કે-વ્યાકરણ શાસ્ત્રમાં કહેલા નિયમો વિભક્તિ આદિકનું જ્ઞાન મેળવી એટલે એક વચનને એક વચને બોલાવવું, બહુ વચનને બહુ વચને બોલાવવું વગેરે શાસ્ત્રમાં કહેલા શબ્દજ્ઞાનના ઉપયોગથી બોલનારનેજ આરાધક જાણવો. તેનું કેમ?

ઉત્તર—શબ્દ જ્ઞાનને માટે વિભક્તિ આદિ શબ્દ શુદ્ધિનાં શાસ્ત્રોની આવશ્યકતા છે તો તેમ કોઈ અટકાવ કરતું નથી પણ પન્નવણાજીમાં કહેલા આરાધક વિરાધકના સંબંધમાં એ વાત લાગુ થાય તેમ નથી, એમ [illegible] સૂત્રે છે. જુઓ તે પાઠમાં તો ચોકખું કહ્યું છે કે-અસંજતી, અવિરતિ, અપચ્ચખાણી [illegible] નહિ હણી નથી તે ભાષા બોલે તોપણ તે વિરાધક છે. તો વ્યાકરણ કે વ્યાકરણશુદ્ધિ [illegible] જાણનાર તથા તેનું પઠન કરનારા તેને કેમ સમજાય? કે તેનું [illegible] ? તે જરા વિચાર કરવા જેવું છે. વૈયાકરણ [illegible] આરાધક થવા ઇચ્છે, પણ તે અસંજતી અવિરતી અપચ્ચખાણી હોય તેનું શું સમજવું? તે પણ સૂત્ર સામી દ્રષ્ટિ રાખી [illegible] વિચાર કરવો.

પ્રશ્ન ૨૨ મું—ચાર પ્રકારની ભાષા—સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર એ ચાર પ્રકારની ભાષા [illegible] શું કહેવું છે?

ઉત્તર—સાધુને માટે તો દશ વૈકાલિક સૂત્રના ૭ મા અધ્યયનમાં મંડતાંજ કહ્યું છે કે–

चउण्हं खलु भासाणं, परिसंखाय पन्नवं ;
दोण्हं तु विणयं सिक्खे, दोन भासेज्ज सव्वसो ॥ १ ॥

અહિંયાં તો એમ કહ્યું કે–ચાર ભાષાનું સ્વરૂપ જાણીને પ્રજ્ઞાવાન પણ તે સત્ય અને વ્યવહાર એ બે ભાષા બોલવાનો વિનય શીખે. અને મૃષાને મિશ્ર એ બે ભાષા તો સર્વથા બોલે નહિ. તેમાં પણ સત્ય ભાષા કેવી બોલે તે વિષે એજ અધ્યયનમાં તથા સૂયગડાંગસૂત્રના છઠ્ઠા અધ્યયનમાં કહ્યું છે કે-सच्चेसु या अणवज्जं वयंति એટલે સત્ય ભાષા પણ નિર્વદ્ય ભાષા બોલવી.

તો અન્ય મતનાં શાસ્ત્રો તથા જૈન ધર્મના શાસ્ત્રો ટીકા ગ્રંથ વગેરે સંસ્કૃત ભાષાનાં રચેલાં તેમા જીવ હિંસાનો બોધ હોય તેવાં શાસ્ત્રો અને તેવાં શાસ્ત્રોના રચનારા, તથા તેવાં શાસ્ત્રોના પ્રરૂપક, વિભક્તિ આદિ જ્ઞાનેથી ઉચ્ચારના કરવાવાળાને સત્ય ભાષી કેમ કહેવાય ? અર્થાત્ નજ કહેવાય

પ્રશ્ન ૨૮ મું—અહિંયાં કોઇ કહે કે–વ્યાકરણ ભણ્યા વિના પંડિત કેમ કહેવાય ? માટે વ્યાકરણ ભણી પંડિત બનવું તે સાધુનું કામ છે ?

ઉત્તર—વાહજી, વાહ, ભલે વ્યાકરણ ભણી પંડિત બનો. બસ, પંડિતપણું તો હવે વ્યાકરણમાંજ આવી સમાણું છે કે શું ? હા ખરી વાત છે. પેલા સુધરેલાનો પણ એજ મત છે અને તેનો પણ એજ અવાજ છે, સુધરેલા પણ એજ પ્રમાણે કહે છે કે સાધુઓ ! હવે અંગ્રેજી ભણો. તમારાં શાસ્ત્ર હવે અંગ્રેજીમાં છપાવાં માંડયા છે, હવે તમારી પાસે માગધી બોધ લેવાની જરૂર નથી, એમ પણ કહેવા લાગ્યા છે. અને તે ખામી પૂરી પાડવાને કેટલાક સાધુઓ સાવધ થયા છે તો પછી વ્યાકરણનું તો કહેવુંજ શું ?

હમણાં માત્ર જ્ઞાન-સૂત્ર અભ્યાસની જરૂર ઘણી ઘટી જણાય છે. હમણાં તો પંડિત બનવાને અને દુનિયામાં વાહ વાહ કહેવરાવવાને (જાહેર ભાષણો આપવાને) તેવાજ પ્રકારનું જ્ઞાન મેળવવાની આવશ્યકતા વિશેષ જોવામાં આવે છે. આ ઉપરથી એવો નિર્ણય થાય છે કે–થોડા વખતમાં સત્ર જ્ઞાન લોપ થવાની એ નિશાની છે.

જૈન શાસ્ત્રમાં આર્ય ભાષા કે સૂત્રની ભાષા ભણવાની આજ્ઞા છે, અને અન્ય શાસ્ત્રમાં તો ત્યાંસુધી કહ્યું છે કે–

न वदेत् यवनी भाषा, प्राणः कंठगतै रपि.

એ વાત તો તદ્દન ભૂલી જવા જેવીજ થઇ પડી છે. તેમજ જૈન ધર્મના અનુયાયી પણ સૂત્ર જ્ઞાનની વાત અલગ રાખી પંડિત બનવાને માટે વ્યાકરણાદિ જ્ઞાન મેળવવાને મંડી પડયા છે. જૈન શાસ્ત્રમાં પંડિત કોને કહેવામાં આવ્યા છે તે સામી તો નજર કરતાજ નથી.

પ્રશ્ન ૨૯ મું—જૈન સૂત્રમાં પંડિત કોને કહ્યા છે ?

ઉત્તર—ભગવતીજી વગેરે સૂત્રમાં તો સર્વ વિરતિ સંયમ ગુણધારકને એટલે સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રવંતને પંડિઆ–પંડિત કહીને ઓલખ્યા છે; અને અસંયતીને બાળ કહ્યા છે. તો વિચારો કે વ્યાકરણાદિકના ભણેલા–અસંયતીને બાળની પંક્તિમાં મૂકવામાં આવે તો વ્યાકરણનો શો વિશેષ રહ્યો ? અન્યમતમાં પણ ક્રિયાવાનને પંડિત કહ્યા છે.

પ્રશ્ન ૩૦ મું—અન્યમતમાં શું વ્યાકરણાદિના ભણનારને પંડિત નથી કહ્યા ?

ઉત્તર—હા, જી, નથી કહ્યા. રાજનીતિમાં કહ્યું છે કે—

पठकः पाठकश्चैव, ये चान्ये शास्त्र चिंतकाः ;
सर्वे व्यसनिनो मूर्खा, यः क्रियावान् स पण्डितः ॥ १ ॥

અસ્યાર્થઃ—સંસ્કૃત આદિ વિદ્યાના પઢવાવાળા, પઢાવવાવાળા, મેચ અન્યમત મતાંતરોના શાસ્ત્રોના ચિંતક સર્વ વ્યસની અર્થાત્ પઢવાવાળાને એક જાતનું વ્યસન પડયું હોય એમ સમજો. કારણકે ધર્મક્રિયા વિના મૂર્ખજ છે, જો ક્રિયાવાન હોય તેજ પંડિત જાણીયેઃ—

તેમજ શ્રી ગીતામાં પણ કહ્યું છે કે–"क्रियावान् स च पंडितः"–ક્રિયાવાન તેજ પંડિત જાણવો.

આહં તો ક્રિયાવાનને પંડિત કહેલ છે. અને વ્યાકરણના ભણેલને વ્યસનીને મૂર્ખ કહેલ છે.

વળી છઠ્ઠા અધ્યયના શ્લોક ૧૨ મે કહ્યું છે કે-यथार्थ स्तेन पंडितम्–એટલે, પંડિતને સત્ય ભાષાથી ઓળખીએ અર્થાત્ યથાર્થ બોલે તે પંડિત કહીએ.

પ્રશ્ન ૩૧ મું—કેવા ગુણવાળાને પંડિત કહેવા ? એવો કોઇ અન્ય શાસ્ત્રનો દાખલો છે ?

ઉત્તર—હાજી સાંભળો—શ્રી મહાભારતના ૩૨માં અધ્યાયમાં કહ્યું છે કે:—

आत्मज्ञान समारम्भ, स्तितिक्षा धर्म नित्यता ;
यमर्थानापकर्षन्ति, सर्वे:पण्डित मुच्यते ॥ १ ॥
निषेवते प्रशस्तानि, निन्दितानि न सेवते ;
अनास्तिकः श्रद्धधान, एतत्पण्डितलक्षणम् ॥ २ ॥
नाप्राप्यमभिवाञ्छन्ति, नष्टं नेच्छन्ति शोचितुम्;
आपत्सु च न मुह्यन्ति, नराः पण्डितबुद्धयः ॥ ३ ॥

અર્થ—જેનો આત્મા જ્ઞાન, સમ્યક્, આરંભ, અર્થાત્ જે નકામા આળસુ કદી ન રહે, સુખ, દુઃખ, હાની, લાભ, માન, અપમાન, નિંદા, સ્તુતિમાં હર્ષ શોક કદી ન કરે, ધર્મમાં નિત્ય નિશ્ચિત રહે, જેના મનને ઉત્તમ ઉત્તમ પદાર્થ અર્થાત્ વિષય સંબંધી વસ્તુ આકર્ષણ ન કરી શકે તે પંડિત કહેવાય છે. ॥ ૧ ॥ સદા ધર્મ યુક્ત કર્મોનું સેવન, અધર્મ યુક્ત કામોનો ત્યાગ, સત્યાચારની નિંદા નહિ કરવાવાળા, આસ્તિક, શ્રદ્ધાળુ હોય, એજ પંડિતનું લક્ષણ છે. ॥ ૨ ॥ અપ્રાપ્ત વસ્તુની ઇચ્છા કદી ન કરે, નષ્ટ થયેલા પદાર્થો પર શોક ન કરે, આપત્કાળમાં મુંઝાય નહિ તે બુદ્ધિમાન પંડિત જાણવો. ॥ ૩ ॥

એ પ્રમાણે દરેક શાસ્ત્રમાં ઉત્તમ ગુણવાળાને પંડિત કહ્યા છે. અને ગુણ રહિત એવા કદી વ્યાકરણ શાસ્ત્રાદિ ચારવેદના ભણનારા હોય તેથી શું થયું?

પ્રશ્ન ૩૨ મું—શું ચાર વેદના ભણવાવાળા પંડિત ન કહેવાય?

ઉત્તર—નીતિ દર્પણ અધ્યાય ૧૫ માં શ્લોક ૧૨ મેં કહ્યું છે કે—

पठंति चतुरो वेदान्, धर्मशास्त्राण्यनेकश : ;
आत्मानं नैव जानंति, दर्वी पाक रसं यथा ॥ १ ॥

અર્થ—ચારે વેદ અથવા અનેક ધર્મ શાસ્ત્ર પઢે છે, પરંતુ આત્મ જ્ઞાનને નહિ જાણનારો જેમ કડછી, પાકના રસના સ્વાદને જાણતી નથી તેમ જાણવું

વળી ભાગવતાદિ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

न शब्दशास्त्राभिरतस्य मोक्षो; न लोकचित्तग्रहणे रतस्य ।

હે યુધિષ્ટર!! શબ્દશાસ્ત્રમાં (વ્યાકરણમાં) આસક્ત થયેલાને, તથા લોકોના મન રંજન કરવામાં તલ્લીન થયેલાને, કંઇ મોક્ષ મળતો નથી.

પ્રશ્ન ૩૩ મું—વેદના ભણેલા પંડિત વિષે દિગમ્બર મત કંઈ જણાવે છે?

ઉત્તર—દિગંબર મતના ગ્રંથ વિલાસમાં કહ્યું છે કે—

સવૈયા એકતીસા

જોપે ચારો વેદ પઢે, રચી પચી રીઝ રીઝ,
પંડિતકી કલામેં પ્રવીન તૂં કહાયો હૈ;
ધરમ વ્યોહાર ગ્રંથ તાહૂકે અનેક ભેદ,
તાકે પઢે નિપુન પ્રસિદ્ધ તોહિ ગાયો હૈ;
આતમ કે તત્ત્વકો મર્મ કહું ન રંચ પાયો,
તોલો તોહી ગ્રંથનમેં એસે હી બતાયો હૈ;
જૈસેં રસ વિજનમેં કુડછી ફીરે સદૈવ,
મુંદતા સ્વભાવસો ન સ્વાદ કછુ પાયો હૈ. ૧

વિચારો કે પંડિતપણું અને મોક્ષ મળવાનું સાધન તો વિરક્ત ભાવ, વૈરાગ્ય દશા અને આત્મજ્ઞાનમાંજ રહ્યું છે તેમાં વ્યાકરણાદિ લૈકિક શાસ્ત્રની શી જરૂર રહી? એવા ગુણની પ્રાપ્તિ કરવાને તો ધર્મશાસ્ત્રજ ખાસ ઉપયોગી છે. માટે તિર્થંકરદેવ પરમાત્માએ આત્મકલ્યાણને માટે શાસ્ત્રની પ્રરૂપણા કરી છે તે આપણા હિતને માટેજ છે, અને તેથીજ શાંત દશા પ્રાપ્ત થાય છે. જે ગુણ ધર્મશાસ્ત્રથી પ્રાપ્ત થાય છે તેવા ગુણની પ્રાપ્તિ અભિમાની એવા બ્રાહ્મણીય વ્યાકરણાદિ શાસ્ત્રથી કદી પણ થતી નથી. એ વાત શાસ્ત્ર સિદ્ધ છે.

પ્રશ્ન ૩૪ મું—વૈયાકરણીય-તમે વ્યાકરણાદિ શાસ્ત્રને અભિમાની જ્ઞાન કેમ કહો છો?

ઉત્તર—સૈદ્ધાંતિક-અમે તો શું કહીએ પણ પૂર્વે વિદ્વાન્ આચાર્યો કહી ગયા છે.

જુઓ "જૈન" પત્ર પુસ્તક પમું મુંબઇ રવિવાર તા. ૪થી ઑગષ્ટ સને ૧૯૦૭, અષાડ વદ ૧ વીર સંવત્ ૨૪૩૩ (અંક ૧૮મો) તેમાં પાને પમે મુનિ વિચાર મુનિ મહારાજ શ્રીચારિત્રવિજયનું વ્યાખ્યાન (એ નામનો લેખ) તેમાં કહ્યું છે કેઃ-

સિદ્ધસેન દિવાકર વિક્રમના સમયમાં થઈ ગયા. તે બહુ ભણેલા હતા. વિદ્યાના ગર્વને લીધે તેમને ફક્ત નવકારનાં પાંચ પદને સંસ્કૃત રૂપમાં ફેરવી નાખ્યાં અને પીસ્તાળીસેં આગમ સંસ્કૃત ભાષામાં ફેરવી નાખવા ઇચ્છા દર્શાવી. માગધી ભાષાને ન્યૂન ગણી સંસ્કૃતમાં ફેરવી-

નાખવાના તેમના નિશ્ચયને ગુરૂએ તેનો જ્ઞાન ગર્વ માન્યો અને તેમને સંઘ બહિષ્કૃત કર્યા.

અત્યારે એથી પણ વધારે ગર્વિષ્ટ ઘણાએ જોવામાં આવે છે. તે એટલે સુધી કે દુનિઆમાં ગણાતા એવા કેટલાક વિદ્વાન્ મુનિઓ સંસ્કૃત જ્ઞાનના અભિમાની થકા પવિત્ર એવી સૂત્રની અર્ધ માગધી ભાષાને મા,ગધી. એવા શબ્દથી બોલતા સાંભળ્યા છે એવાઓને શિક્ષા દેવા કોણ સમર્થ છે? આગળ તો સિદ્ધસેન જેવા જબરજસ્ત આચાર્યને પણ સંઘ બહાર કરતાં આંચકો ખાવામાં આવેલો નહોતો, અત્યારે તો સંઘ તો શું પણ તીર્થંકર મહારાજ જેવાથી પણ નહિ ડરનારા મનમાની ભાષાના બોલનારા આગળ પડતા સૂત્રની ભાષાને, મા,ગધી એવા શબ્દથી અપમાન કરનારા—સૂત્રની ભાષાને હલકી પાડનારા, માતૃ ભાષાની અવહેલના કરવામાં આંચકો નહિ ખાનારા, એવાઓને પોતાના માનેલા બ્રાહ્મણીયા વ્યાકરણાદિ જ્ઞાનનું અભિમાન નહિ તો બીજું શું?

પ્રશ્ન ૩૫ મું—પ્રાચીન જૈનનું મૂળ જ્ઞાન કયું છે?

ઉત્તર—જૈનશાસ્ત્રની શૈલી જોતાં પ્રાચીન આચાર્યો જો કે વ્યાકરણ આદિ જ્ઞાનના કદાપિ અભ્યાસી હશે, પરંતુ પોતાના શાસનની મૂળ શૈલીનો લોપ નહિ કરતા સૂત્રની (માગધી) ભાષને અવલંબી રહેલા હતા, એમ પૂર્વાચાર્યોના બનાવેલા ગ્રંથો પરથી ખાત્રી થાય છે. પૂર્વાચાર્યોના બનાવેલા પ્રાચીન ગ્રંથો માગધી ભાષામાં રચેલા ઘણાએ જોવામાં આવે છે. કાળાંતર જેમ જેમ વ્યાકરણાદિનો અભ્યાસ વધતો ગયો તેમ તેમ સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચાતા ગયા, તેવા ગ્રંથના રચવાવાળા પણ એમ લખતા ગયા હોય છે કે—માગધી ભાષા ઉપરથી એ સંસ્કૃતમાં રચેલ છે. એમ ઘણા ગ્રંથો પરથી સાબીત થાય છે કે પ્રથમના આચાર્યોના બનાવેલા ગ્રંથો માગધી ભાષામાંજ હતા, અને હજી પણ કેટલાક ગ્રંથો પૂર્વાચાર્યના બનાવેલા માગધી ભાષાના મોજુદ છે. એ ઉપરથી નિશ્ચય થાય છે કે જેમ જૈન ધર્મના સિદ્ધાંતો ભગવંતની વાણી યુક્ત માગધી (અર્દ્ધ માગધી) ભાષામાં રચાયા છે, તેમજ કેટલાક ગ્રંથો પણ માગધી ભાષામાં રચાયા છે. એટલે જૈન ધર્મની મૂળ પ્રવૃત્તિ માગધી ભાષાનીજ છે. અને અન્ય ધર્મનાં પુસ્તકો સંસ્કૃતમાં છે. એ વાત જગજાહેર છે. છતાં પોતાનાં ધર્મશાસ્ત્રોનું અપમાન કરવું અને અન્ય ધર્મીઓના શાસ્ત્રનું અનુકરણ કરવું તે સમ્યકત્વ દૃષ્ટિનું કર્તવ્ય નથી.

પ્રશ્ન ૩૬ મું—પંડિત દશવૃ સૂત્રમાં શી રીતે જણાવ્યું છે?

ઉત્તર—સૂયગડાંગસૂત્ર શ્રુત સ્કંધ પહેલે-અધ્યયન ૧૪મે-ગાથા ૧૩મીમાં પંડિત નીચે પ્રમાણે કહ્યા છે.

से कोविए जिणवयणेण पत्था, सूरोदए पासति चक्खुणे वा.

તેજ શિષ્ય ગુરૂકુલ વાસે વસતો થકો જીન વચન થકી સમસ્ત સૂત્રાર્થ વિચાર સમજીને પંડિત થાય. જેમ સૂર્યોદય થકી નિર્મળા નેત્ર વાળો પુરૂષ સર્વ માર્ગને જાણે તેમ સુશિષ્ય પણ હૃદયરૂપ નેત્રે કરી આગમ રુપ સૂર્ય પ્રકાશિત થવાથી નિર્મળ ધર્મરૂપ માર્ગને જાણે (એવો પંડિત હોય.)

અહિં પંડિતનું સ્વરૂપ સૂત્રમાં ઉપર પ્રમાણે કહેલ છે. પરંતુ વ્યાકરણ ભણીને પંડિત થવા કહ્યું નથી.

તેમજ વળી—શ્રી સૂયગડાંગજીની વૃત્તિમાં શ્રી શીલંગાચાર્યજીએ પંડિતનું લક્ષણ બતાવ્યું છે. કે—"पापाडीनः इति पंडितः" પંડિત હોય તે પાપ થકી ડરેજ. એટલે પાપ થકી ડરે તેજ પંડિત કહેવાય. ઇત્યર્થઃ-

પ્રશ્ન ૩૭ મું—પંડિતનું સ્વરૂપ અને તેની ઓળખાણ શી?

ઉત્તર—પિતાંબરી હુકમ મુનિકૃત "જ્ઞાન પ્રકાશ પ્રકરણ સંગ્રહ" ગ્રંથમાં પાને ૨૯૦ માં—જ્ઞાન ભુષણમાં કહ્યું છે કે—उक्तंचः-

पापाणेपु यथा हेम, दुग्धमध्ये यथा घृतं ;
तिलमध्ये यथा तैल, देहमध्ये यथा सिवं ॥ १ ॥
काष्टमध्ये यथा वह्नी, शक्तिरूपेण तिष्टति ;
अयमात्मा शरीरेपु, जो जानाति सःपन्डितः ॥ २ ॥

પાને ૨૯૧ મે—પંડિત સ્વરૂપ કહે છે. આ શરીરને વિષે પરમાત્મા સ્વરૂપ છે તેને જે ઓળખે છે તેજ પંડિત છે. ત આત્મ સ્વરૂપ જાણ્યા વિના જે કોઇ બીજા ભણી ગણી પંડિત નામ ધરાવે છે. તે લૌકિક પંડિત છે, પણ લોકોત્તર પંડિત તો આવી રીતે આત્મ સ્વરૂપનું જેને જાણપણું થયું તેને લોકોત્તર પંડિત કહીયે. તે સ્વરૂપ જણાવે છે, જેમ પાષાણને વિષે હેમ-સોનું, દુધમાં ઘૃત, તલમાં તેલ, કાષ્ટમાં અગ્નિ રહેલ છે તેમ આ શરીર મધ્યે શિવ સ્વરૂપી-સિદ્ધ સમાન પોતાના આત્માને જાણે તેનેજ પંડિત કહીએ. ॥

પ્રશ્ન ૩૮ મું—શિષ્ય વાક્ય-લૌકિક પંડિતને લોકોત્તર પંડિતમાં શો ફરક છે?

ઉત્તર—ઉપરોક્ત ગ્રંથમાં જણાવે છે કે–જે લૌકિક પંડિત છે તે સંસારી જીવને સંસાર થકી છોડવી મોક્ષે જવા ન દે, શા માટે જે એના સમજવામાં એમ છે કે આપણો વાડો તૂટી જાય અને આપણા મતની માન વૃદ્ધિ ન થાય અને સર્વે આત્મ જ્ઞાની થઈ જાય તેવારે આપણો મત કેમ ચાલે માટે હરેક રીતે આપણા વાડામાંથી નીકળવા દેવો નહિ, જેમ મોહ રાજાને કોઇ જીવ–સદ્‌ગુરૂ મળે તે વારે મહા સંતાપ થાય જે આપણું નાટક તૂટી જશે. એમ જાણી ઘણો શોચમાં પડે છે. તેમ લૌકિક પંડિત છે, તે પણ કોઇ જીવ આત્મજ્ઞાન પામ્યાની ખબર સાંભળે તેવારે તેના જીવને કેવું થાય છે કે જેમ કોઇ ઘરમાંથી અત્યંત વલ્લભ વસ્તુનો નાશ થાય તેનું જેટલું દુઃખ વેદે તેથી અનંતગણું દુઃખ વેદે છે. તે માટે એ લૌકિક પંડિત કહીએ, ને લૌકિક પંડિત એ વાડાના–મતના ચલાવનારા તેના થકી જ્ઞાન માર્ગ ઘણો દૂર છે. તે થકી કોઇ જીવ ધરમ પામી શકે નહિ.

તથા લોકોત્તર પંડિત તે તો (પોતે આત્મ સ્વરૂપના જાણનારા અને બીજા જીવોને) એક આત્મ સ્વરૂપનું ઓળખાણ કરાવે અને ધર્મ પમાડી મોક્ષે પહોંચાડે. (ઇતિ–જ્ઞાનપ્રકાશ પ્રકરણ સંગ્રહ–જ્ઞાન. ભૂષણું વાક્યં.)

પ્રશ્ન ૩૬ મું—વર્ત્તમાનકાળના પંડિતોનું સ્વરૂપ કેવા પ્રકારનું છે? તે જણાવશો?

ઉત્તર—વર્તમાનકાળે, દુનિયામાં કહેવાતા પંડિતો માત્ર વાક્‌ચાતુરીથી લોકોનું મન રંજન કરવા અને લોકો પાસે પોતાનો વાહવાહનો પોકાર પડાવવા શાસ્ત્ર અને ધર્મ વિરૂદ્ધ વાતો કરી દુનિયાને ગમતો બોધ આપનારા અર્થાત્ સંસાર સુધારાનો બોધ આપવાથી પોતાનું સર્વસ્વ માનનારા, અને એમ પણ ખુલ્લી રીતે બોલનારા કે સંસાર સુધારવાની ધર્મગુરૂને જરૂર છે. વગેરે વાતોથી તથા ભાષણોથી સંતોષ માનનારા એવા પંડિત નામ ધરાવનારા એટલું પણ જાણતા નથી કે પારકું આંગણું વાળી સુધારતાં પોતાના ઘરમાં રજ ભરાય છે. જે ઉપદેશ સાધુને દેવો ઘટે નહિ તેવો ઉપદેશ અથવા સાવદ્ય ઉપદેશ અથવા સૂત્ર વિરૂદ્ધ ઉપદેશ કરવાથી પોતાનો આત્મ કર્મ રજે મલીન થાય છે. તેની દરકાર નહિ રાખનારા માટે 'મહા પુરૂષોના સિદ્ધાંતો' એ નામના પુસ્તકમાં '૬' ના પાને પહેલે કહ્યું છે કે–

પંડિત ઔર મસાલચી, દોનોં સુઝે નાંહી;
ઔર ન કો કરે ચાંદના, આપ અંધેરે માંહી. ૧

માટે અહો વિદ્વાનો! અહો પંડિતો! મસાલચી રૂપ પંડિત નહિ બનતાં ધર્માત્મા પંડિત બનો અને દુનિયાનો ઉદ્ધાર કરો.

પ્રશ્ન ૪૦ મું—ધર્માત્મા પંડિતનું સ્વરૂપ કેવું હોય તે જણાવશો?

ઉત્તર—હા, જી, સાંભળો-"મોક્ષ માર્ગ પ્રકાશ" પાને ૩૫૮ મે-પંડિતની સમજણ પાડે છે કે-

ઔર શાસ્ત્રાભ્યાસ વિષે ભી કંઇ તો વ્યાકરણ, ન્યાય કાવ્ય આદિ શાસ્ત્રકો બહુત અભ્યાસે હૈં, સો તો લોક વિષે પંડિતાઇ પ્રગટ કરનેકા કારણ હૈ, ઇન વિષે આત્મહિત નિરૂપણ તો હૈ નાહિં.-ઐસા ન કરના જો વ્યાકરણાદિક હી અભ્યાસ કરતે કરતે આયુ પૂરા હો જાય ઔર તત્વજ્ઞાનકી પ્રાપ્તિ ન બને.-

પાને ૩૫૯ મે-ઔર જો જીવ, શબ્દનકી નાના યુક્તિ વિષે અર્થ કરને કોહી વ્યાકરણ અવગાહે હૈ. વા વાદાદિક કર મહંત હોનેકો ન્યાય અવગાહે હૈ ચતુરપનાં પ્રગટ કરને કે અર્થ કાવ્ય અવગાહે હૈ. ઇત્યાદિક લૌકિક પ્રયોજન લિયે ઇનકા અભ્યાસ કરે હૈ સો ધર્માત્મા નાહીં. ઇસલિયે જિતના બને થોડા બહુત ઇનકા અભ્યાસ કર આત્મહિત કે અર્થ તત્વાદિકકા નિર્ણય કરે સોઇ ધર્માત્મા પંડિત જાનના.

"ચાણાક્ય નીતિ દર્પણ" ના છઠ્ઠા અધ્યાયમાં શ્લોક ૧૨ મેં કહ્યું છે કે-"यथार्थत्वेन पण्डितम्-" પંડિતને સત્ય ભાષાથી ઓળખીએ. એટલે યથાર્થ બોલે તે પંડિત "ભાગવત્" એકાદશમ સ્કંધ-અધ્યાય ૧૯ મેં શ્લોક ૪૧ મેં કહ્યું છે કે-पंडितो बंधमोक्षवित्-" વિદ્વાન હોય તે પંડિત નહિ પણ બંધ તથા મોક્ષને જાણતો હોય તેને પંડિત સમજવો.

આટલા અધિકારે પંડિતનું સ્વરૂપ જણાવ્યું તેમાં વ્યાકરણ, ન્યાય, કાવ્ય કે તર્ક શાસ્ત્રની જરૂરીઆત જણાવી નથી. પણ આત્મ હિતને માટે તત્વજ્ઞાનાદિકથી ધર્માત્મા બનવાની આવશ્યક્તા જણાવી છે. ધર્માત્મા બંધ મોક્ષનું સ્વરૂપ જાણનાર, તેજ સંસાર સમુદ્રને તરી મોક્ષ ગતિને પામે છે. તેવા પુરૂષોનેજ શાસ્ત્રકારે પંડિત કહ્યા છે. આ વિષે નાવાગત પંડિત અને નાવડીયાને થએલા સંવાદનો ન્યાય જાણવા યોગ્ય છે.

પ્રશ્ન ૪૧ મું—પંડિત અને નાવડીયાનો સંવાદ કેવી રીતનો છે તે જણાવશો?

ઉત્તર—એક પંડિત સહેલગાહ કરવાને નાવની અંદર બેસી સમુદ્ર-માં મધ્ય દરીએ ફરવાને માટે નીકળ્યો, હોડીમાં બેઠેલા પંડિતે હોડીના ખેડનાર નાવડીયાને પૂછ્યું કે યાર ? કાંઇ વ્યાકરણ કે તર્કશાસ્ત્ર ભણ્યા છો ? નાવડીયે કહ્યું "નાજી" ત્યારે પંડિતે કહ્યું "તારી પા ઉમર અલેખે ગઇ" ફરી પંડિતજી બોલ્યા "ભાઇ ? કાવ્ય કોષ કે ન્યાયશાસ્ત્ર જાણો છો ?" નાવડીએ કહ્યું "નાજી" ત્યારે પંડિતજી બોલ્યા, "તારી અર્ધ ઉમર બરબાદ ગઇ" આમ વાર્તાલાપ કરતા દરિયાની અંદર તોફાન થવાનું ચિહ્ન નાવડીયાના જોવામાં આવ્યું ને જણાયું કે હમણાંજ ભયંકર તોફાન થશે તેમ જાણી પંડિતજીને પુછ્યું, "પંડિતજી ? કાંઇ સમુદ્રમાં તરવા ઢમવાનું જાણો છો ? પંડિતજી કહે "નાજી" ફરી પૂછ્યું કે પંડિતજી ? સમુદ્રમાં હમણાંજ તોફાન જાગશે માટે બચવાનું શાસ્ત્ર જાણો છો ? પંડિતજી ગભરાતા ગભરાતા બોલ્યા કે ના, ભાઈ તોફાન શાનું ? નાવડીયો કહે "પંડિતજી ? મારી તો અર્ધી ઉમર બરબાદ ગઇ, પણ આપની તો આખી ઉમર બરબાદ ગઈ એમ માની લ્યો. જુઓ, આ સમુદ્રની અંદરનું તોફાન હમણાંજ આ હોડીને ઉછાળીને ઉંધી નાખી દેશે. આપણે બન્ને સમુદ્રના તળીયાને સ્વાધીન થઇશું. પંડિતજી ? તમારા ઇષ્ટદેવને સંભારો ! આમ બોલતાંજ તોફાન નજીક આવ્યું અને હોડીને એકદમ ઉછાળી ઉંધી પાડી કે પંડિતજી અને નાવડીયો સમુદ્રને સ્વાધીન થયા. નાવડીઓ તરીને કાંઠે પહોંચ્યો અને પંડિતજી સમુદ્રની સહેલગાહ કરવા સમુદ્રમાં ગયા

આનો પરમાર્થ એ છે કે સંસાર સમુદ્ર તરવાનું જ્ઞાન જાણ્યા વિના અર્થાત્ સ્વસમય જાણ્યા વિના-વ્યાકરણ, તર્કશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર કે કાવ્ય કોષમાં જીંદગી ગુમાવવી તે નિરર્થક નીવડે છે. અર્થાત્ પરસમય સંસાર સમુદ્રથી તારી શકતા નથી.

પ્રશ્ન ૪૨ મું—વૈધાકલ્પીય—નંદીજી સૂત્રમાં—કહ્યું છે કે—સમ્યક્દ્રષ્ટિ મિથ્યા શ્રુત વાંચે ભણે તે સમશ્રુત કહેવાય. બ્રાહ્મણીયા વ્યાકરણાદિ શાસ્ત્ર વાંચવા ભણવા તે જૈન મુનિને સમશ્રુત છે

ઉત્તર—સૈદ્ધાતિક-તે વાત ખરી છે પણ તે કયારે કે-પ્રથમ સમ શ્રુત એટલે સિદ્ધાંતનું જ્ઞાન મેળવ્યા પછી અર્થાત્ જૈનશાસ્ત્રનું જ્ઞાન નિવડ કર્યા પછી ગમે તે શાસ્ત્રનો અભ્યાસ કરે તેને માટે એ વાકય છે. પરંતુ જૈનના શાસ્ત્રની તો ગંધ પણ ન હોય તે પહેલાંજ "સંધિ" ભણવા મંડી પડે એટલે દીક્ષા લીધી કે તરતજ શિષ્યને પંડિત બનાવવા માટે ગુરૂ વ્યાકરણાદિ જ્ઞાનનો અભ્યાસ કરાવવા મંડી પડે અને કેટલીક ઉમરનો ભોગ

તે પ્રાથમિક જ્ઞાનમાંજ આપે તેવાઓને જૈનં સિદ્ધાંતનું જ્ઞાન બીલકુલ નજ હોય તેનું પરિણામ કેવું આવે તે વિચાર કરવાથી જણાઇ આવશે.

દાખલા તરીકે—આઠ કે દશ વર્ષની ઉમરની શરૂઆતથી અંગ્રેજી જ્ઞાનના અભ્યાસકને પુરતી વય થતા સુધી તે જ્ઞાન સિવાય બીજું કંઈ પણ જ્ઞાન જાણ્યું નથી. એવા કહેવાતા સુધરેલાને સરકારી કેળવણીના ભણતરનું જે જ્ઞાન કે—"પૃથ્વી દડા જેવી ગોળ છે, તે ફરે છે, સૂર્ય ફરતો નથી સ્થિર છે. ઇશ્વર જગતનો કર્તા છે."—વગેરે જે જે જ્ઞાનની ચોટ થઇ છે, તે એવાઓ પાછળથી જૈનશાસ્ત્રનાં વાક્ય સાંભળી અરણ્યવાસી પેઠે ચમકે છે–ભડકે છે. તેનું મૂળ કારણ એજ છે કે–તેણે જ્યારે પ્રથમ જૈનશાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું નથી જૈનસિદ્ધાતથી તદ્દન અજાણ હોવાથી તે વાત તેને નવીન જેવી લાગવાથી તે વાત તેને શ્રદ્ધામાં નહિ આવતાં ઉલટી [illegible] આવે છે અને તમામ શાસ્રને ઉડાવે છે. પોતાનો [illegible] કરવા નજરે દેખીએ તેજ ખરૂં ઇત્યાદિક વાતો કરી તથા [illegible] પોતાની માન્યતા ખરી કરવા, અને શાસ્રમાં કહેલ [illegible] કરવા પ્રત્યક્ષ દાખલા આપી, જુઓ તમારૂં મહા [illegible] તે [illegible], તમારૂ [illegible] તે હિંદુસ્તાન, તમારો ચુલ્લહિમવંત [illegible] તે હિમાલય, તમારો વૈતાઢ્ય તે વિંધ્યાચલ, અને હિમાલયમાંથી [illegible] અને [illegible] સિંધુ નદી, તે તમારી ગંગા ને સિંધુ [illegible] અને [illegible] તે મલેચ્છો, જુગલીયા તે ટાપુમાં [illegible] ને ટાપુના મનુષ્યને ખાવાના ફળવૃક્ષો વગેરે [illegible] પોતાની નજરે આવતા પોતે કલ્પેલા [illegible] કરવા પ્રયત્ન કરતા જોઇએ છીએ અને [illegible] નહિ મળતા હોવાથી શાસ્રને ખોટો [illegible] નહિ, તમજ પૂર્ણ ખાત્રી નહિ માનતા, શામાં નહિ [illegible] અનેક પ્રકારની [illegible] ગતિઓને [illegible] સુજબ નાસ્તા [illegible], તેનું મૂળ [illegible] શાસ્રનું જ્ઞાન પ્રથમ [illegible] જ્ઞાનની [illegible]

[illegible] સિદ્ધાંત [illegible]
[illegible]

સીંચન ને પુષ્ટી કરતાં અન્ય શાસ્ત્રોથી તેનું સીંચન કરી તે વૃક્ષને મજબુત બનાવનારને તેનાં ફળ કેવાં ચાખવાં પડે છે તે અનુભવ થયેલાને જણાયું હશે.

અન્ય તીર્થીનો પરિચય કરવાથી સમકિતને મલીન કરે છે એમ જ્યારે જૈન સિદ્ધાંત કબુલ કરે છે ત્યારે તેનાં બનાવેલાં શાસ્ત્ર સમકિતને પુષ્ટિ કર્તા કેમ થશે? અર્થાત્ નહિજ થાય. માટે જૈન શાસ્ત્રમાં શું કહ્યું છે તેનો વિચાર કરો.

પ્રશ્ન ૩૪ મું—જૈન શાસ્ત્રમા શું કહ્યું છે તેતો જણાવો?

ઉત્તર—સાંભળો-ઉત્તરાધ્યયનના પહેલા અધ્યયનની ૮ મી ગાથાનાં પહેલાં બે પદ-તેમાં ચોખ્ખું કહ્યું છે કે-अट्ठ जुत्ताणि सिक्खिज्जा, निरट्ठाणि उ वज्जए ॥ ८ ॥—અર્થયુક્ત સૂત્ર શીખવાં, એટલે જેને વિષે ભગવંતના પ્રરૂપેલા અર્થ રહ્યા છે એવા સૂત્ર (દ્વાદશાંગી પ્રમુખ) શીખવાં અને તે સિવાયના નિરર્થક-ભગવંતના ભાખ્યા અર્થ વિનાના (વ્યાકરણાદિ) તમામ શાસ્ત્ર વર્જવા.

ભગવંતે તો ઉપર કહ્યા પ્રમાણે ભણવાની, શીખવાની આજ્ઞા આપી છે. હાલના વ્યાકરણીયા શાસ્ત્રમા તથા ઈંગ્લીશ જ્ઞાનમાં ભગવંતના પ્રરૂપેલા અર્થનો સમાવેશ થઈ શકતો નથી. તે વાક્ય તો ફક્ત સિદ્ધાંતમાંજ છે અને સિદ્ધાંતમાં કહેલાં વાક્યોનું જ્ઞાન સિદ્ધાંતથીજ પ્રતિપાદન થાય છે. છતા અન્ય શાસ્ત્રો ભણવા કે વાચવાની આવશ્યકતા હોય તો પ્રથમ જૈન સિધ્ધાંતનું પુષ્કળ જ્ઞાન મેળવી લીધા પછી તેમ કરવાને અટકાયત હોવા સંભવ નથી. એમ જૈન શાસ્ત્રના કેટલાક ન્યાય ઉપરથી જણાઈ આવે છે.

પ્રશ્ન ૪૪ મું—શિષ્ય-ભાષાના સંબંધમા કેટલાક પ્રશ્નવ્યાકરણ તથા પન્નવણા સૂત્રનો દાખલો આપે છે તો તેમાં શી હકીકત છે તે જણાવશો?

ઉત્તર—પ્રશ્નવ્યાકરણ, પન્નવણાજી તથા આચારાંગ એ વગેરે સૂત્રમાં મુનિને ભાષા કેવી રીતે બોલવી, કઈ ભાષા બોલવી ને કઈ ભાષા ન બોલવી વગેરે બહુ શમજુતિથી જ્ઞાની પુરૂષોએ પ્રકાશ કરેલો છે. તેમાં પ્રશ્નવ્યાકરણમાં વધારે વિસ્તારથી જણાવ્યું છ પણ તેમા અનેક ભેદ અને રહસ્યો રહેલાં છે તે જાણ્યા વિના એકાંત વાદે અભિપ્રાય આપી દેવા તે કરતાં વિચાર પુર્વક સૂત્ર ન્યાયથી અભિપ્રાય આપવો તે વધારે યોગ્ય ગણાય.

પ્રશ્ન ૪૫ મું—પ્રશ્નવ્યાકરણજી સૂત્રમાં ભાષા સંબંધી રહેલા ભેદ અને તેમાં રહેલા રહસ્યનું સ્વરૂપ જણાવશો?

(૧) પહેલું તો એ કે-વ્યાકરણ શાસ્ત્ર તો નંદીજી વગેરે સૂત્રમાં નિષેધેલ છે.

(૨) બીજું કારણ-ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનમાં સંસ્કૃત ભાષા નિષેધી છે, અને છઠ્ઠા અધ્યયનમાં સસ્કૃત ભાષા ત્રાણ શરણ નથી એમ પણ કહ્યું છે.

(૩) ત્રીજું કારણ-દ્રવ્ય ગુણને પર્યાયનું સ્વરૂપ જાણીને સિદ્ધાંતને અનુસારે ઉપરના કહેલા તમામ બોલ જૈન સૂત્રના આધારેજ હોવા જોઇએ.

(૪) ચોથું કારણ-ઉપરના પાઠમાં નિપાતાદિ જે બોલ કહ્યા છે તે વર્તમાનકાળમાં જૈન સૂત્રની સેલી પ્રમાણે નહિ જોવામાં આવતાં અન્ય મતનાં સંસ્કૃત ભાષાની પ્રવૃત્તિના જોવામા આવે છે.

(૫) પાંચમું કારણ-ઉપરના પાઠમાં દશ પ્રકારના સત્ય, બાર પ્રકારની ભાષા અને સોળ પ્રકારનાં વચન કહ્યાં છે તેનું સ્વરૂપ અહિંયાં જણાવ્યું નથી.

(૬) છઠું કારણ-ઉપરમાં લખ્યું છે કે-અરિહંત ભગવંતે-તીર્થંકર મહારાજે એવી આજ્ઞા દીધી છે કે, ઉપરની કહેલી તમામ ભાષા ચારિત્રીયાએ કાળ અવસર દેખીને આલોચીને-અવસરે બોલવું.

આ ઉપરથી કોઈને કહેવું હોય તો એમ પણ કહી શકે કે-સૂત્રની પાંચ પ્રકારની સજ્ઝાયની પેઠે વારંવાર પઠન કરવાને ઉપરના પાઠમાં રહેલી હકીકત લાગુ થતી નથી.

પ્રશ્ન ૪૭ મું—શ્રી નંદીજીસૂત્રમાં વ્યાકરણનો નિષેધ કેવી રીતે કરવામાં આવ્યો છે?

ઉત્તર—જુઓ-લાલાવાળા છપાયેલ નંદીજીસૂત્રના પૃષ્ઠ ૧૫૫ મે કહ્યું છે કે—

से किं तं मिच्छसुयं ? मिच्छसुयं जं इमं अण्णाणिएहिं मिच्छदिट्ठिएहिं सच्छंदबुद्धिमइविगप्पियं तंजहा—भारहं, रामायणं + + + वागरणं भागवयं + + + बावत्तरि कलाओ, चत्तारि वेया, संगोवगाएयाइं मिच्छदिट्ठिस्स मिच्छसपरिग्गहियाइं मिच्छसुयं.

અર્થ—અહો ભગવન્! મિથ્યાશ્રુત કિસે કહતે હૈ? અહો ગૌતમ! જો મિથ્યાત્વ દષ્ટિ અજ્ઞાનીયોને અપને સ્વછન્દકી બુદ્ધિ-મતિ કલ્પના કર બનાયે હુવે ગ્રન્થ તદ્યથા -૧ ભારથ, ૨ રામાયણ, +++ ૨૨ વ્યાકરણ,

૨૩ ભાગવત, + + + ૩૦ બહુતરે કલાકે શાસ્ત્ર, ૩૧ ચાર વેદ, ૩૨ શાસ્ત્રોક્ષ અંગોપાંગ સહિત તથા-૧ શિક્ષાકલ્પ, ૨ વ્યાકરણ, ૩ છંદ નિરૂક્તિ, ૪ જ્યોતિષ, ૫ કાવ્ય, ૬ લક્ષણ-સામુદ્રિક, ઇત્યાદિ મિથ્યાત્વી કે બનાવે મિથ્યા શાસ્ત્ર છે.

અહિયાં તો ખુલ્લી રીતે વ્યાકરણ વગેરે મિથ્યાશ્રુત-મિથ્યાત્વ શાસ્ત્ર કહ્યાં છે.

પ્રશ્ન ૪૮ મું—ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનમાં સંસ્કૃત ભાષા નિષેધી છે એમ કહેવામાં આવે છે તેનું શું કારણ ?

ઉત્તર—જે કારણ હશે તે સૂત્રની મૂળ ગાથા અને ટીકા વગેરે વાંચશો તો તરત જણાઇ આવશે.

પ્રશ્ન ૪૯ મું—સૂત્રની મૂળ ગાથામાં શું કહ્યું છે, તે જણાવશો ?

ઉત્તર—સાંભળો-ઉત્તરાધ્યયન સૂત્ર-અધ્યયન ૪ થે-ગાથા ૧૩ મી તેમાં કહ્યું છે કે-ગાથા—

जे संखया तुच्छ परप्पवादी, ते पेज्जदोसाणुगया परज्झा;
एए अहम्मुत्ति दुगुंछमाणो, कंखे गुणे जाव सरीरभेउ त्तिबेमि ॥१३॥

અર્થ—જે કોઇ તત્ત્વજ્ઞાન વિના, સંસ્કૃત ભાષાના બોલણહારા, સમકિતાદિકે હલકા, પરનાં કીધાં શાસ્ત્ર તેહના પ્રરૂપનાર, તે મિથ્યાદૃષ્ટિ, રાગ દ્વેષે પોહતા થકા, પરવસે પડયા છે; એ પૂર્વે કહ્યા તે, અધર્મના હેતુ, એણે કારણ માટે એહવાં મિથ્યાત્વનાં (શાસ્ત્ર) ત્યજતાં થકા, વાંછે જ્ઞાનાદિક ગુણને, જાવ જીવ સુધી એટલે શરીર ભેદ થાય તિહાં સુધી. એમ સુધર્મા સ્વામી જંબુ પ્રત્યે કહેતા હવા ॥ ૧૩ ॥

પ્રશ્ન ૫૦ મું—ઉપરની ગાથાના સંબંધે ટીકાકાર શું કહે છે ?

ઉત્તર—સાંભળો-ટીકામાં નીચે પ્રમાણે કહ્યું છે:-સમિતિવાળા ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનના પાને ૨૭૭ મે.

बृहद्वृत्तिः-व्याख्या-'ये' इति अनिर्दिष्ट स्वरूपाः, संस्कृता इति न तात्त्विक शुद्धिमन्तः किन्तूपचरितवृत्तयः, यद्वा संस्कृतागमस्याकलेन संस्कृताः; यथा सौगताः, ते हि स्वागमे निरन्वयो च्छेदमभिधाय पुनस्तेनैव निर्वाहमपश्यन्तः परमार्थतोऽन्वयि द्रव्यरूपमेव सन्तानमुपकल्पयांबभूवुः, सांख्या अकान्तनित्यता मुक्त्वा तत्त्वतः परिणामरूपं चै (पावे) व पुनराविर्भावतिरो-

भावाबुक्तवन्तो, यथा वा- ' उक्तानि प्रतिषिद्धानि, पुनः सम्भावितानि च ।ः सापेक्षनिरपेक्षाणि, ऋषिवाक्यान्यनेकशः १ ॥ '

इतिवचनाद्वचन निषेधनसम्भवादि भिरुपस्कृत स्मृत्यादि शास्त्रामन्वादयः, अतएव ' तुच्छ ' वितुच्छा यदृच्छाभिधायितयाभिः साराः ' परप्पवाइ ' त्ति परैषते स्वतीर्थिक व्यतिरिक्ततया प्रवादिनश्च पर प्रवादिनः, ते किमित्याह, ' पेज्जदोसाणुगया ' प्रेमद्वेषाभ्यामनुगताः प्रेमद्वेषानुगताः, तथाहि–सर्वथा संवा॰, दिनि भगवद्वचसि निरन्वयो च्छेदैकान्तानित्यत्वादि कल्पनं वचन निषेधनसम्भावनादि वा न रागद्वेषाभ्यां विनेति भावनीयम्, अतएव च ' परज्झ ' त्ति देशी परत्वात्परवशा रागद्वेषग्रहग्रस्त मानसतया न ते स्वतन्त्राः, यदि तएवं विधास्ततः किमित्याह ' एते ' इति अर्हन्मतबाह्याः, अधर्म्म हेतुत्वादधर्म्माः, ' इति ' त्यमुनोल्लेखेन 'दुगुछमाणो' त्ति जुगुप्समानः उन्मार्गानुयायिनोऽमी इति तत्स्वरूपमवधारयन्, नतुनिन्दन्, निन्दायाः सर्वत्र निषेधात्, तदेवं विधश्च किं कुर्यादित्याह 'कांक्षेत्' अभिलषेत् 'गुणान्' सम्यग्दर्शनचारित्रात्मकान् भगवदागमाभिहितान्, किं नियतकालमेवोतान्यथेत्याह–यावच्छरीरत्–औदारिकादरायकाराद्वाभेदः—पृथग्भावः शरीरभेदो, मरणंविमुक्तिर्वेतियावत्, अनेनेहैवसमुत्थानं कामप्रहाणादि च तत्वतः, अन्यत्र तु संवृतिमाद्विरुक्तम्, एवं च कांक्षात्मकसम्यक्त्वातिचार-परिहाराभिधानतः समक्त्वशुद्धिर्वेतिसूत्रार्थः ॥ १२ ॥ इति परि समाप्तौ. ॥.

संस्कृतादिक अन्यमतना शास्त्रने माटे उत्तराध्ययनना चोथा अध्ययननी १३ मी गाथाने माटे टीकाकारे उपर प्रमाणे कह्युं छे.

प्रश्न ५१ मुं—टीकामां शुं कह्युं छे ते सौ कोइ समजी शके तेवी रीते १३ मी गाथानो स्पष्ट अर्थ जणावशो?

उत्तर—डाक्टर जीवराज घेलाभाइ देशी तरफथी छपाइ बहार पडेलुं उत्तराध्ययनना चोथा अध्ययननी १३ मी गाथाना–भावार्थमां लख्युं छे के–

भावार्थ—जे कोइ तत्वना अजाण अने संस्कृत भषाना बोलनार अने समकितादिक गुणे करी हीणा स्वतीर्थ थकी अनेरांनां कीधां शास्त्रना प्ररुपणहार एवा ते मिथ्यात्वद्रष्टि रागद्वेषने वशे पीडाण्या थका परवश पडया छे ए पूर्वोक्त कह्या ते अधर्मना हेतु एवा मिथ्यात्वादिकने तजी ज्ञानादिक गुणने जावजीव सुधी साधु इच्छे. (अर्थात्) कोइ संस्कृत भाषाना बोलनार छे पण समकितादि गुणे करी रहीत, अनेराना करेला

શાસ્ત્રના પ્રરૂપનાર એવા મિથ્યાત્વ દ્રષ્ટિ છે તે શાસ્ત્ર દેવને યથારૂપ પરસ્પર પડ્યા છે. એવા અધર્મના હેતુ મિથ્યાત્વાદિકને તજીને સાધુ જ્ઞાનાદિક ગુણને આવજીવ સુધી ઇચ્છે, કારણકે સંસ્કૃતાદિક ભાષા કોઈને તારતી નથી પણ સમકિતાદિક ગુણ જીવને તારે છે. માટે તે ગુણને ધારણ કરવા એમ સુધર્મા સ્વામી પોતાના જંબુ નામના શિષ્યને કહેતા હવા કે હે! જંબુ! જેમ મેં શ્રી મહાવીર દેવ પરમાત્માની સમીપે સાંભળ્યું હતું તેમ મેં તુજ પ્રત્યે કહ્યું ॥ ૧૩ ॥

પ્રશ્ન પર મું.—શ્રી પ્રશ્ન વ્યાકરણજી સૂત્રમાં દશ પ્રકારનાં સત્ય કહ્યાં તેનું સ્વરૂપ ત્યાં મૂળ પાઠમાં જણાવ્યું નથી તો તે સત્યનું સ્વરૂપ શી રીતે છે?

ઉત્તર—ઠાણુંગ-ઠાણે ૧૦મેં દસ પ્રકારનાં સત્ય કહ્યાં છે તે આ પ્રમાણે મૂળપાઠ :—

दसविहे सच्चे प. तं. जणवयं सम्मय ठ्वणा, नामे रूवे पडुच सच्चे य; ववहार भाव जोगे, दसमे ओवम्म सच्चे य ॥ १ ॥

ભાવાર્થ—(લાલજીવાળા છાપેલ પાને ૮૦૭મે) દસ પ્રકારકે સત્ય કહે હૈ :—૧. જનપદસત્ય, ૨. સંમતસત્ય, ૩. સ્થાપનાસત્ય, ૪. નામ સત્ય, ૫. રૂપસત્ય, ૬. પ્રતીતસત્ય, ૭. વ્યવહારસત્ય, ૮. ભાવસત્ય, ૯. જોગસત્ય, ૧૦. ઉપમાસત્ય એ દસ પ્રકારનાં સત્ય કહ્યાં.

પ્રશ્ન પ૩ મું—દસ પ્રકારનાં સત્ય કહ્યાં તેમાં પ્રથમ જનપદસત્ય કહ્યું તેનું સ્વરૂપ શી રીતે સમજવું?

ઉત્તર—ઉપરોક્ત પાને-દશ પ્રકારનાં સત્ય કહ્યાં છે તેમાં પ્રથમ જનપદસત્ય તે-જિસ દેશમેં અર્થકા વાચક જોજો રૂઢ શબ્દ હોવે ઉસ નામસે કહેના સો જૈસે પાનીકો કોકણ દેશમેં પીચ કહતે હૈં (તથા બાબુવાળા છાપેલ ઠાણુંગ પાને ૭૯૧મે-ટીકામાં-

तत्र जनपदसत्यं यथा उदकार्थे कोंकणादि देशरूढया पय इति वचनं

એટલે કોકણાદિ દેશમાં પાણીને પય શબ્દમાં બોલાવે છે, એમ પણ કહ્યું છે. ઉસકો જલ, નીર, વગેરહ પૃથક્ પૃથક્ નામસે બોલતા ભીડે.

એટલે જે જે દેશમાં જે જે પ્રકારની ભાષા બોલાવી હોય તે દેશની ભાષા બોલતાં સત્ય ભાષા કહીએ.

કહેવત છે કે-"બાર કોશી ભાષા બદલે." એટલે બાર બાર ગાઉએ ભાષાનું બદલાવું થાય છે. એમ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જેમકે શુદ્ધ ગુજરાતી ભાષામાં-કળસો, થાળી, ગોળી, કેળા, બાળો વગેરે શબ્દો વપરાય છે, ત્યારે હાલાર પ્રાંતમાં, મચ્છુ કાંઠા તથા હળવદ વગેરેના ગામોમાં કરશો, થારી, ગોરી, કેરા, બારો વગેરે શબ્દો બોલાય છે. અને "મળવા આવવા" ને બદલે ' મળ્વા આવવા " નું વપરાય છે. કપાટ-"આગીયા" ને બદલે "આરિયા" કહેવું તે શુદ્ધ ભાષા માને છે. એટલે જે દેશમાં જે ભાષા બોલાતી હોય તે ભાષા. તેને સૂત્રમાં જનપદ સત્ય કહે છે. તે ભાષા બોલતાં અસત્ય લાગે નહિ.

પ્રશ્ન ૫૪ મું—બીજું સંમત સત્ય તે શું?

ઉત્તર—(બોલાવાણીમાં સરખાપણું) અરવિંદ સો પંકજ.

પ્રશ્ન ૫૫ મું—સ્થાપના સત્ય કોને કહીએ?

ઉત્તર—ત્રીજું સ્થાપના સત્યસો-દીગીકો દીસી નામસે સ્થાપના. જૈસે કાષ્ટ (પાષાણાદિક) કો ચિત્રિત કર સ્થાપના કરના. (કોઇ દેવના નામની મૂર્તિ ચિત્રાદિ-કોતર પ્રમુખનું સ્થાપન કરી દુનિયા તે દેવને નામે બોલાવે, તેમ બોલાવતાં અસત્ય લાગે નહિ તે સ્થાપના સત્ય. જેમ બાજરી લાકડીનો ઘોડો માન્યો, તેને કોઇ કહે તારો ઘોડો આપો લાખ. તેમ કહેતાં અસત્ય લાગે નહિ.)

પ્રશ્ન ૫૬ મું—ચોથું નામ સત્યનું સ્વરૂપ શું?

ઉત્તર—નામ સત્ય તે-જૈસા નામ રખનેમેં આયા હોવે સો-કુલવર્ધન નામ વાલેકો કુલવર્ધન કહના ફીર ચાહે કુલ બઢતા હોવે વા નહિ. એટલે નિર્ધન છતાં કુલવર્ધનનું નામ હોય, બાઇનું નામ લક્ષ્મી હોય ને એક દિવસનું ખાવા ન હોય તોપણ તે નામે બોલાવતાં અસત્ય લાગે નહિ

પ્રશ્ન ૫૭ મું—પંચમું રૂપ સત્ય તે કોને કહીએ?

ઉત્તર—રૂપ સત્યસો-સાધુકા રૂપ (વેષ) ધારણ કિયા પરંતુ ગુણ નહિ હૈ તો ભીઉસે સાધુ કહના (અસત્ય નહિ) અર્થાત્ ચારિત્રાદિ ગુણ રહિત સાધુના રૂપે (વેષે) રહેલાને સાધુ કહેતાં અસત્ય લાગે નહિ એમ કહે.

પ્રશ્ન ૫૮ મું—છઠ્ઠું પ્રતીત સત્ય તે શું?

ઉત્તર—પ્રતીત સત્ય તે-અન્ય વસ્તુકી અપેક્ષા કર પ્રતીતિ સત્યસે પ્રતીત સત્ય જૈસે અનામિકાસે કનિષ્ટ અંગુલી છોટી હૈ વ તર્જનીસે બડી હૈ

પ્રશ્ન ૫૯ મું—સાતમું વ્યવહાર સત્ય તે કોને કહીએ?

ઉત્તર—વ્યવહાર સત્ય તે-ઘડો ગળતા હૈ ગીરિજલતા હૈ વગેરહ બોલના. (અહીં ત્રણ બળે છે. પાણી ગળે છે, વળી ભાગવતીજીના આઠમા શતકે ઉ. ૬ ઠ્ઠે અગ્નિ બળે છે-કહ્યું છે. પણ વ્યવહાર ભાષાએ ઘડો ગળે છે. ગિરિજલે છે કહેતાં અસત્ય નહિ.

પ્રશ્ન ૬૦ મું—આઠમું ભાવ સત્ય તે શી રીતે?

ઉત્તર—ભાવ સત્ય તે-નિશ્ચયાત્મક-(જેમ શુકલ વરણમાં ભાવથી પાંચે વરણ રહ્યા છે પણ ઉત્કૃષ્ટપણે શુકલ કહેતાં તથા ગોળમાં ભાવથી પાંચે રસ રહ્યા છે પણ ગોળ ગળ્યો કહેતાં, અસત્ય નહિ. તેમજ શુકલમાં પાંચે વરણ અને ગળપણમાં પાચે રસ કહેતાં અસત્ય લાગે નહિ.

પ્રશ્ન ૬૧ મું—નવમું જોગ સત્ય તે કેવી રીતે?

ઉત્તર—જોગ સત્યસો-સંબંધસે કહા જાવે જૈસે દંડ કે સંબંધસે દંડી વગેરહ.

પ્રશ્ન ૬૨ મું—દશમું ઓપમ્ય સત્ય તે કોને કહીએ?

ઉત્તર—ઓપમ્ય સત્ય તે-જૈસે સમુદ્ર જૈસા તલાવ (એટલે તલાવને સમુદ્રની ઉપમા, નગરીને દેવલોકની ઉપમા દેતાં અસત્ય ન લાગે) એ દશ પ્રકારનાં સત્ય કહ્યાં

પ્રશ્ન ૬૩ મું—પ્રશ્ન વ્યાકરણમાં બાર પ્રકારની ભાષા કહી તે કેવા પ્રકારની ને કઇ કઇ?

ઉત્તર—પ્રશ્ન વ્યાકરણમાં બાર પ્રકારની ભાષા આ પ્રકારે કહી છે.

दुवालसविहा य होइ भासा—अथ टीका—तथा दुवालसविहा य होइ भासत्ति द्वादशविधा च भवति भाषा तथा च प्राकृत संस्कृत भाषा, मागध पिशाच सूरसेनी च, षष्ठोत्र भूरि भेदो, देशविशेषादपभ्रंशः १॥ इयमेव षड्विधा भाषा गद्यपद्यभेदेन भिद्यमाना द्वादशधा भवतीति. ॥

બાર પ્રકારની ભાષા-પ્રાકૃત ૧, સંસ્કૃત ૨, માગધી ૩, પિશાચી ૪, સુરસેની ૫, અને અપભ્રંશ ૬, એ છ પ્રકારની ભાષા ગદ્યમાંને છ પ્રકારની પદ્યમાં મળી ૧૨ પ્રકારની ભાષા હોય.

પ્રશ્ન ૬૪ મું—સૂત્રની કઈ ભાષા છે?

ઉત્તર—સૂત્રની અર્ધ માગધી ભાષા છે.

પ્રશ્ન ૬૫ મું—સૂત્રની અર્દ્ધ માગધી ભાષા કેમ કહેવાણી?

ઉત્તર—ઉપર કહેલી છ ભાષા માંહેલી જે માગધી ભાષા કહી એટલે માગધી અડધી અને અડધીમાં પાંચ ભાષા એમ છ ભાષાનું મિશ્રણ કરી સૂત્રની ભાષા રચાણી છે એ ઉપરથી અર્દ્ધ માગધી ભાષાનાં જૈન સૂત્ર કહેવાય છે.

પ્રશ્ન ૬૬ મું—પ્રશ્ન વ્યાકરણમાં સોળ પ્રકારનાં વચન કહ્યાં તે શી રીતે? ને ક્યાં કયા?

ઉત્તર—પ્રશ્ન વ્યાકરણમાં તો આટલોજ પાઠ છે કે-वयणं वि य होइ सोलस विहं. પણ આચારંગ તથા પન્નવણાજી સૂત્રમાં તથા પ્રશ્ન વ્યાકરણની ટીકામાં વિસ્તારથી જણાવ્યું છે.

પ્રશ્ન ૬૭ મું—સોળ પ્રકારનાં વચન સમુચયે શી રીતે છે? તે પ્રથમ જણાવશો?

ઉત્તર—સાંભળો-પ્રશ્ન વ્યાકરણની ટીકામાં-

तथाहि-वयणंतियं ३ लिंगतियं ३ कालतियं ३ तह परोक्ख पच्चक्खं २ उवणीयाइ च उक्कं ४ अज्झत्थं चेव सोलसमं १ ॥ १ ॥

ત્રણ પ્રકારનાં વચન ૩, ત્રણ લિંગ ૩, ત્રણ કાળ ૩, પરોક્ષ વચનને પ્રત્યક્ષ વચન ૨, ઉપનીત વચનાદિ ૪, ને અધ્યાત્મ વચન ૧ મળી ૧૬ પ્રકારનાં વચન કહ્યાં.

પ્રશ્ન ૬૮ મું—આચારાંગજી તથા પન્નવણાજી સૂત્રમાં સોળ પ્રકારનાં વચન વિષે મૂળ પાઠમાં શી રીતે કહ્યું છે?

ઉત્તર—પન્નવણાજીના એકાદશમાં ભાષા પદમાં લાલાજીવાળા છપાયેલ પાને ૯૮૧મે મૂળ પાઠ—

कतिविहेण भंते! वयणे पण्णत्ते! गोयमा! सोलसविहे वयणे पण्णत्ते तं जहा एगवयणे, दुवयणे, बहुवयणे, इत्थीवयणे, पुमवयणे, णपुंसगवयणे, अज्झत्थवयणे, उवणीयवयणे, अवणीयवयणे, उवणीयअवणीयवयणे, अवणीय-उवणीयवयणे, तीयवयणे, पडुप्पण्णवयणे, अणागयवयणे, पच्चक्खवयणे, परोक्ख-वयणे।

अर्थ—अहो भगवन्! वचन के कितने भेद कहे है! अहो गौतम! सोलह प्रकारका वचन मैं वचन कहे है:—

૧ એકવચન, ૨ દ્વિવચન, ૩ બહુવચન, ૪ સ્ત્રી વચન, ૫ પુરૂષ વચન, ૬ નપુંસક વચન, ૭ અધ્યાત્મ વચન, ૮ ઉપનીત વચન, ૯ અપનીત વચન, ૧૦ ઉપનીત અપનીત વચન, ૧૧ અપનીત ઉપનીત વચન, ૧૨ અતીત વચન, ૧૩ પ્રત્યુત્પન્ન (વર્તમાનકાળકા) વચન, ૧૪ અનાગત (ભવિષ્યકાળ) કા વચન, ૧૫ પ્રત્યક્ષ વચન, ૧૬ પરોક્ષ વચન.

પ્રશ્ન ૬૯ મું—એક વચન શી રીતે બોલાય?

ઉત્તર—વૃક્ષ, ઘટ, પટ, વગેરહ. (૧)

પ્રશ્ન ૭૦ મું—દ્વિવચન તે શી રીતે?

ઉત્તર—દો વૃક્ષ, દો ઘટ, દો હાથ વગેરહ. (૨)

પ્રશ્ન ૭૧ મું—બહુવચન કોને કહીએ?

ઉત્તર—બહુત ઘટ, બહુત વક્ષ વગેરે. (૩)

પ્રશ્ન ૭૨ મું—સ્ત્રી વચનનું સ્વરૂપ શી રીતે?

ઉત્તર—કન્યાશાળા વગેરે. (૪)

પ્રશ્ન ૭૩ મું—પુરૂષ વચનનું સ્વરૂપ શું?

ઉત્તર—સાધુ, શ્રાવક, ઘટ, પટ, વગેરે. (૫)

પ્રશ્ન ૭૪ મું—નપુંસક વચનનું સ્વરૂપ કેવી રીતે?

ઉત્તર—પાત્ર, દેહરૂં, વગેરે (૬)

પ્રશ્ન ૭૫ મું—અધ્યાત્મ વચન કોને કહીએ?

ઉત્તર— મનમેં રહી હુઇ વાત કદાપિ પ્રગટ કરના ચાહે નહિ પરંતુ બોલ તે સહજ નીકલ જાવે. જૈસે રૂઇકા વેપારી પાની માંગને કે બદલ રૂઇ દો (રૂ. પા) ઐસા બોલે (૭)

પ્રશ્ન ૭૬ મું—ઉપનીત વચન કોને કહીએ?

ઉત્તર—ગુન યુક્ત વસ્તુકા કથન કરે જૈસે યહ ધર્માત્મા પુરૂષ હૈ, વિદ્યાવંત હૈ. (તથા ઉત્કર્ષ વચન એટલે ગુણાનુવાદ જેમકે રૂપવંત) વગેરે-૧ (૮)

પ્રશ્ન ૭૭ મું—અપનીત વચન તે શી રીતે?

ઉત્તર—નિંદા યુક્ત વસ્તુકા કથન કરે જૈસે યહ પુરૂષ કુલક્ષણી, મૂર્ખ, પાપી હૈ (તથા અપકર્ષ વચન એટલે દુર્ગુણાનુવાદ એટલે કુરૂપ-કુશીલો-) વગેરે-૨ (૯)

પ્રશ્ન ૭૮ મું—ઉપનીત અપનીત વચન તે શું?

ઉત્તર—પ્રથમ ગુન કહકે પીર અવગુન કહે—જૈસે યહ સ્ત્રી રૂપવંતી હૈ પરંતુ વ્યભિચારિણી હૈ વગેરે—૩ (૧૦)

પ્રશ્ન ૭૯ મું—અવનીત ઉપનીત વચનનું સ્વરૂપ શું ?

ઉત્તર—પહિલે દુર્ગન કહ કર પીર ગુન કહે. જૈસે યહ સ્ત્રી કુરૂપ હૈ પરંતુ સુશીલા હૈ—૪ (૧૧)

પ્રશ્ન ૮૦ મું—અતીત વચન તે કોને કહેવું ?

ઉત્તર—ભૂતકાળકા જૈસે તીર્થંકર હુએ. (અકરોત્—તથા અમુક થઇ ગયું; હો તથા—ઇત્યાદિ ૧ (૧૨)

પ્રશ્ન ૮૧ મું—પ્રત્યુત્પન્ન વચન તે શી રીતે ?

ઉત્તર—વર્તમાનકાળકા વચન—જૈસે શ્રી સીમંધર સ્વામી હૈ (કરોતિ—થાય છે—વગેરે) ૨ (૧૩)

પ્રશ્ન ૮૨ મું—અનાગત વચન તે શું ?

ઉત્તર—ભવિષ્યકાળકા વચન—જૈસે પદ્મનાભ સ્વામી તીર્થંકર હોગા (કરિષ્યતિ—આવતો કાળ—હોશે,—થાશે—વગેરે—) ૩ (૧૪)

પ્રશ્ન ૮૩ મું—પ્રત્યક્ષ વચન તે કોને કહીએ ?

ઉત્તર—જો દ્રષ્ટિ સામને હોય (નજરે દેખીએ તે પ્રત્યક્ષ) (સ્વરૂપ લેપઃ—પ્રત્યક્ષ વચન તે જેમ દેખવામાં આવે તેમ બોલે. નટ પુરુષે સ્ત્રી વેશ પહેર્યો હોય તેને સ્ત્રી કહી બોલાવે તે). ૧ (૧૫)

પ્રશ્ન ૮૪ મું—પરોક્ષ વચન તે શી રીતે ?

ઉત્તર—વિના દેખાતી વસ્તુકા કહના. (પરોક્ષ યથારશ દૃષ્ટ ... વચન તે નજરે જોયા વિના અમુક વેશ્યા છે, અમુક શ્રીમંત છે ...

ઇત્યાદિ સોળ વચનનું સ્વરૂપઃ—

एवं अरहंत मणुणाय समाक्खियं संजएण काल मिय वत्तं।

સત્યાદિ સ્વરૂપ અવધારીને, અરિહંતની આજ્ઞાને ... બુદ્ધિ વડે આલોચીને, સંયમી કાળ અવસરને જાણીને બોલે ... આજ્ઞાએ, વળી આલોચ્યા વિના, કાળ અવસર ... ન બોલે અર્થાત નિપુણ બુદ્ધિએ કરી બોલે. બન્ને લોકની ... પર ભવ ઉપજે તેવી અથવા પીડાકારી વચન ન બોલે ...—એમ આચારાંગની ટીકામાં કહ્યું છે.

પ્રશ્ન ૮૫ મું—સોળ પ્રકારની ભાષા વિષે વિશેષ કાંઇ [illegible] કહેવું છે ?

ઉત્તર—પન્નવણાજીમાં એજ ચાલતા અધિકારે કહ્યું છે કેઃ—

इच्चेवं भंते ! एगवयणं वा जाव परोक्खवयणं वदमाणे पण्णवणीनं एसा भासा न एसा भासा मोसा ? गोयमा ! इच्चेयं एगवयणं वा जाव परोक्खवयणं वदमाणे पण्णवणीनं, एसा भासा न एसा भासा मोसा.

અર્થ—અહો ભગવન ! ઇસ તરહ એક વચન બોલતા હુવા યાવત્ પરોક્ષ વચન બોલતા હુવા પ્રજ્ઞાપની ભાષા હોવે કયા યહ ભાષા મૃષા નહિ હૈ ? અહો ગૌતમ ! એક વચન યાવત્ પરોક્ષ વચન બોલતા હુવા યહ પ્રજ્ઞાપની ભાષા હૈ પરંતુ મૃષા ભાષા નહિ હૈ

પ્રશ્ન ૮૬ મું—ભાષાની જાતિ કેટલા પ્રકારની ?

ઉત્તર—ઉપરોક્ત ચાલતા અધિકારે ભગવંત પ્રત્યે ગૌતમ સ્વામીએ ભાષા વિષે પ્રશ્ન કર્યું છે કેઃ—

कति णं भंते ! भासजाया पण्णत्ता ? गोयमा ! चत्तारि भासजाया पण्णत्ता, तं जहा सच्चमेगं भासज्जायं बीयं मोसं भासज्जायं, तइयं सच्चामोसं भासज्जायं चउत्थं असच्चामोसं भासज्जायं ॥

અર્થ—અહો ભગવન્ ! ભાષાકી કીતની જાતિ કહી હૈ ? અહો ગૌતમ ભાષાકી ચાર જાતિ કહી હૈ ૧ સત્ય ભાષા, ૨ મૃષા ભાષા, ૩ સત્ય મૃષા, (મિશ્ર ભાષા,) ઔર ૪ અસત્ય મૃષા, (વ્યવહાર) ભાષા.

પ્રશ્ન ૮૭ મું—એ ચાર પ્રકારની ભાષા બોલતાં આરાધક હોય કે વિરાધક ?

ઉત્તર—આ વિષે વચન કેટલુંક આગાઉ કહી ગયું છે. પરંતુ પ્રશ્ન [illegible] માટે જાણવા જરૂર પડે છે કે [illegible]

इच्चेयाइं भंते ! चत्तारि भासज्जायाइं भासमाणे किं आराहए विराहए ? गोयमा ! इच्चेयाइं चत्तारि भासज्जायाइं [illegible] भासमाणे आराहए णो विरा- [illegible]

[illegible]

[illegible] ઇસ ચાર પ્રકારકી ભાષા બોલનેવાલા [illegible] હૈ ? અહો ગૌતમ ! ઇન ચાર પ્રકારકી

ભાષા મેંસે ઉપયોગ રખકર યથોક્ત બોલનેવાલા આરાધક હોતા હૈ; પરંતુ વિરાધક નહિ હોતા હૈ. ઉસસે અન્યથા પ્રકારકો બોલના હુવા અસંયતિ, અવિરતી, વ પ્રત્યાખ્યાનસે પાપ કર્મકા નાશ નહીં કરનેવાલા હૈ. વહ ચીર ચાહે સત્ય ભાષા બોલે, મૃષા બોલે, સત્ય મૃષા (મિશ્ર) ભાષા બોલે, યા અસત્ય મૃષા (સત્ય નહિ–મૃષા નહિ–વ્યવહાર) ભાષા બોલે વહ આરાધક નહિ પરંતુ વિરાધક હૈ ॥ ઇતિ લાલાવાળા છાપેલ પન્નવણા પદ ૧૧ મે.

પ્રશ્ન ૮૮ મું—અહીં ઉપયોગ સહિત ચારે ભાષા બોલવાવાળાને આરાધક કહ્યા તે ઉપયોગ કયો અને તેના સ્વામી કોણ?

ઉત્તર—મૂળ પાઠમાં કોઇ સ્વામી જણાવ્યા નથી. પણ પ્રશ્નવ્યાકરણના લખાણ ઉપરથી સ્વામીત્વ સાધુપણાનું જણાય છે અને દશ વૈકાલિક સૂત્રમાં ૪ થા અધ્યયનમાં સાધુને ચાલતાં, ઉભા રહેતાં, બેસતાં, સૂતાં, ભોજન કરતાં અને ભાષણ કરતાં–બોલતાં એ છ બોલમાં જતના પ્રધાન કહી છે. જતના અને ઉપયોગનો અર્થ એક હોવા સંભવ છે. જતના કહો કે ઉપયોગ કહો. ઉપયોગ સહિત જતનાએ બોલતાં પાપ કર્મનો બંધ થતો નથી. માટે મુનિને જતના સહિત કહો કે ઉપયોગ સહિત ભાષા બોલતા આરાધક કહ્યો છે.

પ્રશ્ન ૮૯ મું—જતનાએ-ઉપયોગ સહિત ચારે જાતિની ભાષા બોલતાં આરાધક માનવો? અસત્ય અને મિશ્ર ભાષા બોલતાં આરાધક કેમ હોય? અને શ્રી પન્નવણાજી સૂત્રમાં ઉપયોગથી ચારે ભાષા બોલતાં આરાધક કહ્યા છે તે વિષે શું સમજવું?

ઉત્તર—શ્રી દશવૈકાલિકજી સૂત્રના ૭મા અધ્યયનમાં ચારે પ્રકારની ભાષાનું સ્વરૂપ જણાવ્યું છે, તેમાં મુનિને માત્ર સત્ય અને વ્યવહાર બેજ ભાષા તે પણ નિર્વદ્ય ભાષાજ બોલવી કહી છે, અને છેવટની ગાથામાં ભાષા સમિત વિચારીને બોલે તેને આરાધક કહ્યો છે.

આનો પરમાર્થ એ છે કે-શ્રી પન્નવણાજી સૂત્રમાં ચારે ભાષા ઉપયોગથી બોલતાં આરાધક કહ્યો. તે ચારે ભાષાનું સ્વરૂપ ઉપયોગથી-યતનાયુક્ત-વિચારીને શ્રી દશવૈકાલિકજી સૂત્રમાં કહ્યા મુજબ જાણીને ઉપદેશ દ્વારાએ બોલતાં, સત્ય ને સત્ય, અસત્ય ને અસત્ય, મિશ્ર ને મિશ્ર, અને વ્યવહાર ને વ્યવહાર, યથાતથ્ય જેવું હોય તેવું કહેતાં ભગવંતે આરાધક કહ્યો છે. ઉપયોગવંતને ચારે ભાષા બોલવાની આજ્ઞા હોય નહિ. કારણકે-અસત્ય અને મિશ્ર એ બે ભાષાને માટે તો ભગવંતે ચોકખું કહ્યું

છે કે–દોન માવેજ્ઞ સત્ત્વસો એ બે ભાષા તો સર્વથા બોલવીજ નહિ તો પછી ઉપયોગવાન સાધુને ભગવંતે મના કરેલી ભાષા બોલવાનું હોયજ ક્યાંથી ? અર્થાત્ નજ હોય.

પ્રશ્ન ૯૦ મું—શ્રી પ્રશ્ન વ્યાકરણજી સૂત્રમાં અસંજતી અવિરતિને અપચ્ચખાણીને ચારે ભાષા બોલતાં વિરાધક કહ્યા તો સત્ય અને વ્યવહાર ભાષા બોલતાં વિરાધક કેમ હોય ?

ઉત્તર—પ્રથમ ઉપયોગવંતને આરાધક કહ્યો તો ઉપયોગનો અર્થ જ્ઞાન અને દર્શન પણ થાય છે, માટે સમ્યક્જ્ઞાન ને સમ્યક્દર્શનવંતને તમામ ભાષાનું સ્વરૂપ જાણ્યું વર્તે છે. તેવી રીતે મિથ્યાદર્શની અસંજતી અવ્રતીને અપચ્ચખાણીને ભાષાનું જ્ઞાન હોતું નથી તેથી તેને ચારે પ્રકારની ભાષા બોલતાં વિરાધક કહ્યો. તે રત્નત્રયના અભાવે વિરાધક જણાય છે. તે વિરાધકપણું સૂત્ર આખ્યાત ધર્મનું હોવા સંભવ છે. મિથ્યાદર્શની સત્યભાષીને શુભગતિ પ્રાપ્ત થાય. પણ રત્નત્રયના આરાધક હોય નહિ–કારણકે સમ્યક્જ્ઞાનદર્શનના અભાવે તત્ સંબંધી વિરાધક કહ્યા છે.

પ્રશ્ન ૯૧ મું—ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દષ્ટિ તે પણ અસંજતી અવ્રતી ને અપચ્ચખાણી છે તો તે સત્ય ભાષા બોલતો આરાધક કે વિરાધક ?

ઉત્તર—ચોથા ગુણ સ્થાનવાળા તથા પાંચમા ગુણ સ્થાનવાળા સમ્યક્ જ્ઞાન દર્શન રૂપ ઉપયોગવંત હોવાને લીધે ચારે ભાષાનું સ્વરૂપ જાણતા થકા ચારે ભાષા યથાતથ્ય બોલી જાણે તે પણ સત્યને સત્ય રૂપે, અસત્યને અસત્ય રૂપે, મિશ્રને મિશ્ર રૂપે ને વ્યવહારને વ્યવહાર રૂપે યથાતથ્ય-જેવું હોય તેવું ઉપયોગ સહિત બોલી જાણે, પરંતુ જરૂર પડયે બોલવા અવસરે તો સત્ય અને વ્યવહાર ભાષાજ બોલે એવો સમકિત દૃષ્ટિનો નિયમ હોવા સંભવ છે. સમકિત દૃષ્ટિ હત વાચક પુરુષ હોય, જેવું બોલે તેવું પાળે, વ્યવહારમાં રહ્યા થકા પણ અસત્યભાષી ન હોય ચોથા ગુણ સ્થાનવાળા ને સૂત્રમાં શ્રમણોપાસકની પ્રવજ્યાનો પાલક કહ્યો છે અને આરાધકપણે બારમા દેવલોક સુધીની ગતિ કહી છે.

પ્રશ્ન ૯૨ મું—સમકિત દૃષ્ટિ સત્યભાષી હોવા છતાં નરકમાં (શ્રેણીકાદિક) કેમ ગયા ?

ઉત્તર—સમકિત દૃષ્ટિને નરક ગતિનો બંધ પડે નહિ. નરક ગતિનો બંધ પડ્યા પછી સમકિત પામેલા શ્રેણીકાદિક સમકિત પામ્યા પછી સત્ય-

ભાષીજ હોય, અર્થાત્ સમકિતી હોય પણ સત્ય અને વ્યવહાર ભાષાજ બોલે અને ચ્યવ્ય ચારે ભાષાનું જાણે.

પ્રશ્ન ૯૩ મું—એકેંદ્રી, બેઇંદ્રી, ચૌરેંદ્રી, ચાર માંહેલી કઈ ભાષા બોલે?

ઉત્તર—ત્રણ વિગલેંદ્રિય એક વ્યવહાર ભાષા બોલે શાખ શ્રી પન્નવણાજીની.

પ્રશ્ન ૯૪ મું—તિર્યંચ પંચેંદ્રિય ચાર ભાષા માંહેલી કઈ કઈ ભાષા બોલે?

ઉત્તર—શ્રી પન્નવણાજી સૂત્રનાં પદ ૧૧ મે લાલાજીવાળા છાપેલ પાને ૬૬૪ મે-ભાષા પદમાં કહ્યું છે કે તિર્યંચ પંચેંદ્રિય એક વ્યવહાર ભાષાજ બોલે એટલે તિર્યંચને એક વ્યવહાર ભાષા કહી અને બાકીની ત્રણ ભાષાની ના કહી છે.

णण्णत्थ सिक्खा पुव्वगं उत्तगुण लद्धि वा पड्डूच्च सच्चंपि मासं मामंपि मोसंपि मासं मामंति, सच्चमोसंति मासंमासंति असच्चामोसंपि मासं मासंति.

પણ એટલો વિશેષ કે—ગુરૂ, શરીરાદિકને ભણાવવાથી તથા જાતિ સ્મરણ પ્રમુખ તથા ઉત્તર ગુણના લબ્ધિથી ચારે ભાષા બોલે એમ કહ્યું છે.

પ્રશ્ન ૯૫ મું—કેટલાક કહે છે કે—ભાષાના પુદ્ગળ નીકળે તે લોકને અંતે પહોંચી અલોકને અથડાઇ પાછાં આવી બોલ દ્રિયમાં પ્રવેશ કરે તેનું કેમ?

ઉત્તર—ભાષાનાં પુદ્ગળ લોકના અંત સુધી પહોંચે ખરાં પણ તે પાછાં આવી કર્ણપુટમાં પડે ને પછી સંભળાય એવો સંભવ નથી; પણ, ભાષા પદમાં કહ્યું છે કે—ભાષાનાં પુદગળ બે પ્રકારે નીકળે છે. એક ભેદાણાં, પુદગળ નીકળે છે ને બીજા અભિન્ન અખંડ પુદગળ નીકળે છે. તેમાં ભેદાણાં ભેદ પામેલાં પુદગળ લોકના અંત ફરશે અને અભિન્ન પુદગળ નીકળે તે સંખ્યાતા જોજન જઇને વિધ્વંશને પામે-નાશ થાય.

પ્રશ્ન ૯૬ મું—ભાષાનાં પુદગળ ભિન્ન અભિન્ન નીકળે તે કેવી રીતે? ભિન્ન પુદગળ કોને કહેવાં અને અભિન્ન કોને કહેવા? તે લોકના અંતને ફરશે અને સંખ્યાતા જોજને વિનાશ પામે એમ બે ભેદ પડવાનું કારણ શું?

ઉત્તર—જુસ્સાદાર બોલે તે પુદગળ ભેદાણાં નીકળે અને ધીમે ધીમે બોલે તે અભિન્ન-ભેદાણાં વિના પુદગળ નીકળે તે વિષે મૂળ પદમાં પણ કહ્યું છે કે:—

तत्थणं जाइं दव्वाइं भिण्णाइं णिसिरंति, ताइं अणंतगुण परिवुड्ढीए परिवुड्ढमाणाइं लोयंत फुसंति ॥ जाइंअभिण्णाइं णिसिरंति ताइं असंखेज्जाओ ओगाहणा, वग्गणाओ गंता भेदमावज्जंति, संखेज्जाइं जोयणाइं गंता विद्धंस समागच्छंति ॥ (પાને ૯૭૫ મે.)

અર્થ—ઉસમેં જો દ્રવ્ય ભિન્ન નીકાલતે હૈં વે (ભાષાનાં પુદ્દગળ) અનંત ગુનકી વૃદ્ધિ પાતે લોકકે અંતમેં સ્પર્શતે હૈં ઔર અભિન્ન નીકાલતે હૈં. વે અસંખ્યાત અવગાહના વર્ગણામેં જાકર ભેદકો પ્રાપ્ત હોતે હૈં ઓર સંખ્યાત યોજન જાકર નાશકો પ્રાપ્ત હોતે હૈ ॥

આ વિષે એમ જણાય છે કે-જુસ્સાભેર જે ભાષા નીકળે તે પુદ્દગળ ભેદાણાં નીકળે તે ભિન્ન ભાષા. એટલે છૂટાં છૂટાં ભાષાનાં પુદ્દગળ નીકળે તે બીજા અનંત ગુણ વૃદ્ધિવાળા પુદ્દગળ સાથે મળી કેટલાંક પુદ્દગળો લોકના અંત સુધી પહોંચે અને ધીમે ધીમે બોલે તે ભાષાનાં પુદ્દગળ ભેદાણા વિના નીકળે તે અભિન્ન ભાષા કહીએ. તે ભાષાનાં પુદ્દગળ અસંખ્યાત અવગાહનાની વર્ગણાવાળા પુદ્દગળમાં જઇને ભેદ પામે એટલે સંખ્યાતા જોજન જઇને નાશ પામે, કારણકે-તે પુદ્દગળની મંદ ગતિ હોય, તેથી તે બીજાં પુદ્દગળની વર્ગણામાં મળી જાય અર્થાત્ ભાષાનાં પુદ્દગળપણે સંખ્યાતા જોજન સુધી રહે.

પ્રશ્ન ૯૭ મું—લોકને અંતે પહોંચેલાં ભાષાનાં પુદ્દગળ તે પાછાં કર્ણપુરમાં આવ્યા પછી સમજવામાં આવે છે એમ કેટલાકનું માનવું છે તે કેમ?

ઉત્તર—એ વાત સંભવતી નથી. ભાષાનાં પુદ્દગળ લોકના અંત સુધી જાય ખરા, પણ પાછાં આવવાનું સૂત્રકાર જણાવતા નથી. ભાષાનાં પુદ્દગળની આદિ અંત કહેલ છે, ત્યાં લોકના છેડે અંત લાવેલ છે, પણ પાછા વળી કર્ણપુરમાં અંત લાવેલ નથી.

પ્રશ્ન ૯૮ મું—ભાષાનાં પુદ્દગળ વિષે આદિ અંત મૂળ પાઠે કેવી રીતે કહેલ છે?

ઉત્તર—રાશાવાળા છાપેલ પાને ૫૫૬ મે-ભાષા સંબંધી ચાર બોલની પૃચ્છા કરી છે તે મૂળ પાઠ.

भासाणं भंते! किमादिया, किंपवहा, किंसंठिया, किंपज्जवसिया? गोयमा! भासाणं जीवादिया, सरीरप्पभवा, वज्जसंठिया, लोगंतपज्जवसिया पन्नत्ता॥

અર્થ—અહો ભગવન્! ભાષાકી આદિ કહાં હૈ, કહાંસે ઉત્પત્તિ સંસ્થાન હૈ, ભાષાકા સ્થાન કયા હૈ, ઔર પર્યવસાન કહાં હૈ? અહો ગૌતમ ભાષાકી આદિ જીવસે હૈ. શરીરસે ઉત્પન્ન હુઇ હૈ, વજકા સ્થાન હૈ, ઔર લોકાંતમે પર્યવસાન હૈ.॥

અહિંયાં તો ભાષાનાં પુદ્‌ગળને લોકના અંતે ઠરવાપણું કહ્યું પણ પાછું વળવાનું કહ્યું નથી.

પ્રશ્ન ૯૯ મું—ભાષાનાં પુદ્‌ગળ કર્ણપુટમાં કયારે પડે ને કયારે સંભળાય?

ઉત્તર—શ્રી નંદીજી સૂત્રમાં કહ્યું છે કે-શ્રોતેંદ્રિય વ્યંજનાવગ્રહ તે કાને કરી શબ્દ સાંભળે-તે ઉપર બે દૃષ્ટાંત આપેલાં છે કે-પડિબોહગ દિટ્ઠંતેણં મલ્લગ દિટ્ઠંતેણં એટલે પડિબોધક કહેતાં બોલવાનો દૃષ્ટાંત, બીજો મલ્લગ કહેતાં શ્રાવલાનો દૃષ્ટાંત.

પ્રશ્ન ૧૦૦ મું—પડિબોધક દૃષ્ટાંત તે શી રીતે?

ઉત્તર—સાંભળો-પડિબોહગ દિટ્ઠંતેણં-કહેતાં જેમ કોઇક પુરૂષ સૂતો છે, તેહને તેવામાં કોઇક પુરૂષે બોલાવ્યો જે હે દેવદત્ત! એમ બોલાવતાં થકાં તે પુરૂષે જાગીને ઉત્તરમાં હું કહ્યું એમ કહે ત્યારે, શિષ્ય પૂછે છે કે-સ્વામી! તે પુરૂષે હુંકારો દીધો તે શું એક સમયનાં તે શબ્દનાં પુદ્‌ગળને ગ્રહે? કે બે સમયનાં પુદ્‌ગળને ગ્રહે? કે ત્રણ સમયનાં, એમજાવત્ સંખ્યાતા સમયનાં, કે અસંખ્યાતા સમયનાં તે શબ્દનાં પુદ્‌ગળને ગ્રહે? એમ શિષ્ય પૂછયે થકે, હવે ગુરૂ કહે છે-એક સમયનાં નહિ, બે સમયના નહિ, જાવત્ સંખ્યાતા સમયના નહિ અસંખ્યાતા સમયના પ્રવિષ્ટ પુદ્‌ગળને ગ્રહે એમ ગુરૂએ કહે થકે તોહી પણ શિષ્યને સમજણ પડી નહિ.

પ્રશ્ન ૧૦૧ મું—બીજું મલ્લગનું દૃષ્ટાંત શી રીતે છે?

ઉત્તર—જ્યારે શિષ્યને પહેલા દૃષ્ટાંતથી સમજણ પડી નહિ ત્યારે હવે બીજું મલ્લગ દૃષ્ટાંત આપી સમજાવે છે.

મલ્લગ દિટ્ઠંતેણં કહેતાં શ્રાવલાનો દૃષ્ટાંત કહે છે-જેમ કુંભારના ઘરનું સરાવલું નીભાડામાંથી તરતનું કાઢયું કોરૂં તેમાંહી એક જળ બિંદુ મૂકયું તે સમાઇ ગયું, એમ બે જળ બિંદુ, ત્રણ જળ બિંદુ એમ સંખ્યાત સહસ્ર ગમે જળ બિંદુ મૂકયાં તે પણ સમાઇ ગયાં; તે વારે સરાવલું પૂરૂં ભિંજાઇને એક જળ બિંદુ માંહે ઠરે, એમ પા સરાવલું, અર્ધ સરાવલું,

પોણું સરાવલું, પૂરું સરાવલું ભરાય, ત્યાર પછી ઉભરાઇ જાય. તેમ કાનમાં એક સમયનાં પુદ્ગળ ગ્રહવાય નહિ, એમ જાવ સંખ્યાતા સમયનાં પુદ્ગળ ગ્રહવાય નહિ, અસંખ્યાતા સમયનાં પુદ્ગળ ગ્રહેલ કાનમાં ભરાય અને ઉભરાઇ જાય ત્યારે હુંકારો દિયે, પણ તે પુરુષ જાણે નહિ જે કેણ પુરુષનો એ શબ્દ એટલે ગ્રહ્યો પણ જાણે નહિ. ત્યાર પછી વિચારણા કરે ત્યારે જાણે જે અમુકનો એ શબ્દ ત્યાર પછી નિશ્ચય કરે. ત્યાર પછી ધારી રાખે તે સંખ્યાતા અસંખ્યાતા કાળનાં આયુષ્ય સુધી ધારી રાખે તે વ્યંજનાવગ્રહનું લક્ષણ કહ્યું (આ વાત તમામ શ્રી નંદીજીમાં સૂત્ર પાઠે છે.)

પ્રશ્ન ૧૦૨ મું—ઉપરનાં બે દષ્ટાંત નિદ્રાવશ થએલાને માટે આપ્યાં પરંતુ જાગતાને માટે ભાષાનાં પુદ્ગળનું શી રીતે સમજવું?

ઉત્તર—અહિંયા તો વ્યંજનાવગ્રહમાં ભાષાનાં પુદ્ગળ કર્ણપુટમાં પડયા પછી કયારે સાંભળે તે રૂપે નિદ્રાગતનું દષ્ટાંત આપી સમજાવ્યું. પરંતુ જાગતાના કાનમાં ભાષાનાં પુદ્ગળ પડે તે પણ ઉપરનાં બે દષ્ટાંતથીજ લાગુ થવા સંભવ છે. તેમાં ઉપયોગવંત તરત સાંભળે અને અણઉપયોગવંતને નિદ્રાગતની પેઠે સાંભળવામાં આવે. પણ ભાષાનાં પુદ્ગળ કાનમાં પડયા પછી અસંખ્યાત સમયે સાંભળવાના ઉપયોગમાં આવે.

પ્રશ્ન ૧૦૩ મું—લાલાજીવાળા છાપેલ શ્રી નંદીજી સૂત્રમાં પાને ૧૧૯ મેં एगसमइ ग्गह समईए, अवग्रह कर अर्थ ग्रहण करनेमें एक समय લગે કહ્યું છે, એટલે અવગ્રહની એક સમયની સ્થિતિ કહી છે. અને ભાષાનાં પુદ્ગળ કાનમાં પડવા પછી અસંખ્યાત સમયે સાંભળવાના ઉપયોગમાં આવે તેનું કેમ?

ઉત્તર—પાને ૧૮૩મે તેનો ખુલાસો આ પ્રમાણે કર્યો છે કે—એક समय को [illegible] समय के प्रविष्ट पुद्गल ग्रहण किये के उपयोगमें ग्रहण नहीं हो सकता है. परंतु असंख्यात समय के प्रविष्ट पुद्गल ग्रहण किये जिसके उपयोगमें प्रवर्तता है उसका ग्रहण जिस समयमें होता है उसके पहले समय पर जिसके निर्देशके लिये विचारमें [illegible] जिसमें अवग्रहकी एककी समयकी स्थिति कही है (અવગ્રહનો [illegible] એક સમયનો કહ્યો)

[illegible] ग्रहण किये अर्थका विचार करने असंख्यात समयके अंतर्मुहूर्त [illegible] ईहादि काल अंत-र्मुहूर्तका कहे।)

તેમજ, अंतोमुहुत्तविप्पवाए, विचार किये अर्थका निश्चय करनेमें भी असंख्यात समयका अंतर मुहूर्त लगे (એટલે અવાયનો કાળ પણ અંતરમુહૂર્તનો કહ્યો.

અને, धारणा संखिज्जं वा कालं, असंखिज्ज वा कालं. ઓર વયા નિશ્ચય કિયા કોઇ અર્થ સંખ્યાત કાળ તક યાદ રહે કોઇ અસંખ્યાત કાળ (સાગરપદયોપમતક તથા જાતિ સ્મરણાદિ કર પરભવ તક) યાદ રહે. એટલે ધારણાનો કાળ, સંખ્યાત કાળ તથા અસંખ્યાતા કાળ કહ્યો.

યોં અવગ્રહકી એક સમયકી, ઇહા ઓર અવાયકી અસંખ્યાત સમયકે અન્તર મુહુર્તકી, ઓર ધારણાકી સંખ્યાત અસંખ્યાત કાળકી સ્થિતિ જાનના ॥ (શ્રી નંદીજી સૂત્રના પાને ૧૩૯ મેં.)

પ્રશ્ન ૧૦૪ મું—બાળક ભાષા બોલે તે પોતે જાણે કે હું આ ભાષા બોલું છું?

ઉત્તર-શ્રી પ્રજ્ઞવણાજી સૂત્રના ભાષા પદમાં કહ્યું છે કે-તેને મને કરી જાણવાનું જ્ઞાન અધુરૂં છે તથા શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ પણ મંદ છે. તેથી તે જાણે નહિ કે હું શું બોલું છું. પરંતુ સંજ્ઞી પચેંદ્રિયપણાની મનની પ્રવૃત્તિ પાકી થયેથી તથા અવધિ જ્ઞાનવંત તથા જાતિ સ્મરણ જ્ઞાનથી જાણી શકે.

એમજ આહાર સંબંધી તથા માતા પિતા સંબંધી તથા સ્વામી કુળ સંબંધી તથા રક્ષક સંબંધી એ ચારે બોલ ઉપર પ્રમાણે જાણવા.

પ્રશ્ન ૧૦૫ મું—શ્રોતેંદ્રિયનો વિષય કેટલો? કેટલે દૂરથી શબ્દ સંભળાય?

ઉત્તર—શ્રી પન્નવણાજી સૂત્રનાં પદ ૧૫ મેં-ઇંદ્રિય પદમાં કહ્યું છે કે-શ્રોતેંદ્રિયનો વિષય જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગઅને ઉત્કૃષ્ટો વિષય બાર જોજનનો કહ્યો છે. તે અછિન્ન છેદાણા વિનાના, શ્રોતેંદ્રિયે ફરસેલા, શ્રોતેંદ્રિયમાં પ્રવેશ થયેલા એવા શબ્દો સાંભળવામાં આવે.

પ્રશ્ન ૧૦૬ મું—કોઇ કહે કે-હું અપર્યાપ્તિ ભાષા બોલું છું તો અપર્યાપ્તિ ભાષા કઇ અને પર્યાપ્તિ ભાષા કઇ?

ઉત્તર—શ્રી પન્નવણાજી સૂત્રનાં પદ ૧૧ મેં બે પ્રકારની ભાષા કહી છે. એક પર્યાપ્તિ અને બીજી અપર્યાપ્તિ તેમાં સત્ય અને મૃષા એ બે ભાષા પર્યાપ્તિ કહી છે અને મિશ્રને વ્યવહાર એ બે ભાષા અપર્યાપ્તિ કહી છે

(તો મુનિ પર્યાપ્તા-સત્ય ભાષા અને અપર્યાપ્તા-વ્યવહાર ભાષા એ બે ભાષા બોલે.)

પ્રશ્ન ૧૦૭ મું—ભાષાની ઉત્પત્તિ કયાંથી છે? કેટલા સમયના નીકળેલા પુદ્ગળ ભાષાપણે પરિણમે છે? કેટલા પ્રકારની ભાષા છે? અને કેટલી ભાષા બોલવાની ભગવંતની આજ્ઞા છે?

ઉત્તર—શ્રી પન્નવણાજી સૂત્રના ભાષા પદમાં કહ્યું છે કે-ભાષા શરીર થકી પ્રગટ થાય છે બે સમયમાં ભાષાનાં પુદ્ગળ નીકળ્યાં થકાં ભાષારૂપ પરિણમે છે. ચાર પ્રકારની ભાષા કહી છે-૧ સત્ય ભાષા, ૨ મૃષા ભાષા, ૩ સત્ય મૃષા ભાષા (મિશ્ર ભાષા) ૪ અને અસત્ય અમૃષા ભાષા (વ્યવહાર ભાષા) ઉક્ત ચાર પ્રકારની ભાષામાંથી માત્ર સત્ય ભાષા અને વ્યવહાર ભાષા એ બે ભાષા બોલવાની ભગવંતે આજ્ઞા દીધી છે.

પ્રશ્ન ૧૦૮ મું—શિષ્ય-શું વ્યાકરણાદિ બ્રાહ્મણીયા જ્ઞાન ભણવા વિષે આપ નિષેધ કરો છો?

ઉત્તર—ગુરૂ હે ભાઇ! અમારો એ ઉદ્દેશ નથી કે કોઇપણ શાસ્ત્ર ન ભણવું કે ન વાંચવું પણ સૂત્રના ન્યાયે પ્રથમ સ્વસમયનું જ્ઞાન મેળવી પછી પર સમયનું જાણપણું કરવું. સ્વસમયનું જ્ઞાન મેળવવું તે આત્મહિતને માટે છે. અને પર સમયનું જાણપણું કરવું તે લોકરંજનને માટે છે. ધર્મોપદેશો લોકરંજનાય; કેટલાક ધર્મગુરૂઓ ઉપદેશ આપે છે તે સ્વપરના હિતને માટે આપે છે અને કેટલાક તો માત્ર લોકરંજનને માટે ઉપદેશ આપે છે. માટે સિદ્ધાંત એમ જણાવે છે કે-જેમાં તીર્થંકર મહારાજની વાણીરૂપ અર્થ રહેલ હોય તે શીખવા. જુઓ શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રના પહેલા અધ્યયનની ૮ મી ગાથા.

अठ जुत्ताणि सिक्खिज्जा, निरट्ठाणि उवज्जए ८

ગુરૂની પાસેથી ત્યાગ કરવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય એવી વસ્તુઓને સૂચવનારા સિદ્ધાંત કે જેમાં તીર્થંકર મહારાજનાં ભાખેલા, અર્થયુક્ત ગણધર મહારાજે ગુંથેલાં જે સૂત્ર તે શીખવાં; અને તીર્થંકરની વાણી વિનાના નિરર્થક શાસ્ત્રોને વર્જવાં.

अत्थं भासइ अरहा, सुत्तं गुंथइ गणहरा निउणं; सासणस्स हियट्ठाए, तओ तित्थं पवत्तइ १ ઇતિ શ્રી અનુયોગ દ્વારજી સૂત્ર.

આમ છતાં કોઇ વ્યાકરણાદિકનો એકાંતપક્ષે આગ્રહ કરે તો તેને નીચેના પ્રશ્નો પૂછી સૂત્રનાં આધારે જવાબ માગવો.

પ્રશ્નો–

પ્રશ્ન ૧ લું—સિદ્ધાંતમાં આર્ય ભાષા કોને કહી છે?

પ્રશ્ન ૨ જું—એક પણ આર્ય ધર્મ સાંભળીને જીવ મોક્ષના અભિલાષી થાય એમ શ્રી ભગવતીજી વગેરે સૂત્રમાં કહેલ છે, તે આર્ય ધર્મનાં શાસ્ત્ર કયાં?

પ્રશ્ન ૩ જું—જે શાસ્ત્રમાં માંસાહાર, યુદ્ધાદિ કરવામાં ધર્મ યજ્ઞાદિ અર્થે પશુ વધાદિકમાં ધર્મ માનનાર તથા પશુઓને યજ્ઞને અર્થે-તથા મનુષ્યોના ખોરાકને અર્થે ઇશ્વરે પેદા કર્યા છે. એવા લખાણવાળાં શાસ્ત્રો તેને તમે કેવાં શાસ્ત્ર માનશો? અને તે શાસ્ત્રની ભાષાને કઇ ભાષા માનશો?

પ્રશ્ન ૪ થું—આર્ય ધર્મના પ્રરૂપનાર કોણ? અને આર્ય ભાષાના બોલનાર કોણ?

પ્રશ્ન ૫ મું—દીક્ષા લીધા પછી ૧૧ અંગના ભણનારનાં નામ સિદ્ધાંતમાં ચાલ્યાં છે તેવી રીતે વ્યાકરણાદિ ભણનારનાં નામ ખુલ્લી રીતે કયા સૂત્રમાં ચાલ્યા છે?

પ્રશ્ન ૬ ઠું—વ્યાકરણ ભણવું એમ ખુલ્લું કયા સૂત્રમાં કહ્યું છે અને વ્યાકરણ શાસ્ત્ર કોનું રચેલું સૂત્રમાં કહ્યું છે?

પ્રશ્ન ૭ મું—અંગ ઉપાંગાદિક સૂત્રને ભણવે કરી સમકિતની પ્રાપ્તિ થાય. એમ સૂત્ર રૂચીથી સમકિત પામે એમ કહ્યું છે. તેમ વ્યાકરણાદિ ભણવાની રૂચીથી શું પ્રાપ્ત થાય? સૂત્રના આધારથી કહેવું.

પ્રશ્ન ૮ મું—સૂત્રમાં કહેલી દશ રૂચીમાં વ્યાકરણ ભણવું કઇ રૂચીમાં છે?

પ્રશ્ન ૯ મું—આઠ પ્રવચનના ભણનારને સૂત્રમાં આરાધક કહ્યા છે તેમ વ્યાકરણાદિ શાસ્ત્રના ભણનારને આરાધક કયા સૂત્રમાં કહ્યા છે?

પ્રશ્ન ૧૦ મું—આઠ પ્રવચનમાં દ્વાદશાંગીનો સમાવેશ થાય છે. એમ સૂત્રમાં કહ્યું છે, તેમ વ્યાકરણાદિમાં કેટલા સૂત્રનો સમાવેશ થાય છે?

પ્રશ્ન ૧૧ મું—એક વ્યાકરણ ભણે અને પ્રવચન આરાધે નહિ અને એક પ્રવચન આરાધે અને વ્યાકરણ ભણે નહિ એ બંન્નેમાં ઉત્તમ કોણ પાળી કહેવાય?

પ્રશ્ન ૧૨ મું—સંસ્કૃત પ્રાકૃતાદિ ભાષાનું જ્ઞાન પાપ કરી તરવા રૂપ કદી કલ્યાણ કરતું નથી એમ શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રની ટીકામાં કહ્યું છે, અને

સૂત્રની સજ્ઝાય કરવાથી સર્વ દુઃખથી મુક્ત થાય છે એમ સૂત્રમાં કહ્યું છે. તો સજ્ઝાય કરવામાં કિંમતી અને અર્થ કલ્યાણકારી કઇ કહેશો ?

પ્રશ્ન ૧૩ મું-જે ભાષા પાપ થકી દુઃખ થકી રક્ષણ કરે નહિ તેવી ભાષાનાં શાસ્ત્રમાં આત્મભોગ આપવો અને રાત ને દિવસ તેવાંજ શાસ્ત્રનાં અભ્યાસમાં વળગ્યું રહેવું તે જિન આજ્ઞામાં કે જિનાજ્ઞા બહાર ?

પ્રશ્ન ૧૪ મું-ઉપયોગ સહિત ચારે ભાષા બોલતાં આરાધક કહ્યો તે ઉપયોગ કયો ? વ્યાકરણનું જ્ઞાન મેળવી વિભક્તિ સહિત શબ્દ કોષનું જ્ઞાન મેળવી બોલે તે ? કે-સમ્યક્ જ્ઞાન સહિત બોલવું તે કે-સંયમ સહિત બોલવું તે ? એ ઠેકાણે ઉપયોગ કોને કહો છો ?

પ્રશ્ન ૧૫ મું—અસંજતી, અવિરતી ને અપચ્ચખાણીને ચારે ભાષા બોલતાં વિરાધક કહ્યો તે અન્ય તીર્થના અસંજતી લેવા કે ચોથા ગુણઠાણાના પણ અસંજતી લેવા ?

પ્રશ્ન ૧૬ મું—ચોથા ગુણસ્થાનવાળા અસંજતી, અવિરતી ને અપચ્ચખાણી કહ્યા છે તે સમ્યક્ જ્ઞાન દર્શનના ઉપયોગ સહિત ચારે ભાષાનું સ્વરૂપ બોલે તે આરાધક કે વિરાધક ?

પ્રશ્ન ૧૭ મું—પ્રથમ ગુણસ્થાનવાળા અસંજતી, અવિરતી, અપચ્ચખાણી કદી સત્ય ભાષા બોલે તો આરાધક કે વિરાધક કહેવો ? કદાપિ કોઇ આરાધક કહે તો તે કયા પાઠથી ? અને વિરાધક કહેવાય તો વ્યાકરણાદિ ભણેલા વિભક્તિ આદિ સહિત શબ્દ શુદ્ધિથી બોલનારાની ભાષા નિરર્થક કહી શકાય કે કેમ ?

પ્રશ્ન ૧૮ મું—સૂત્રોમાં કહેલા વ્યાકરણને લગતા જે જે શબ્દો કહ્યા છે, તે તે શબ્દો જૈન સૂત્રને લગતા છે કે બ્રાહ્મણીય શાસ્ત્રને લગતા છે ? જો જૈન સૂત્રને લગતા છે, તો સૂત્ર પ્રમાણે તેવાં શાસ્ત્રો અસલનાં કેમ જોવામાં આવતાં નથી ? અને બ્રાહ્મણીય વ્યાકરણાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરવાની આજ્ઞા ભગવંતે કયા સૂત્રમાં ફરમાવી છે ?

પ્રશ્ન ૧૯ મું—વૈયાકરણીય તરફથી પ્રથમ જે શ્લોક કહેવામાં આવ્યો છે તે કયા મતનો છે ? તે જૈનના સાધુને કેવી રીતે લાગુ થાય ? આઠ પ્રવચન માતાના આરાધકને મોક્ષગામી કહી છે, તો તેને એ શ્લોકમાં કહેલા જ્ઞાનનો-અભ્યાસનો અભાવ હોવા છતાં તેને મોક્ષાદિ ફળની પ્રાપ્તિ કેમ કહી ?

પ્રશ્ન ૨૦ મું—કોઇ એમ કહે કે-વ્યાકરણાદિ સમાસ, તદ્ધિત, પદ, નિરુક્તિ, વગેરે જાણવાથી શબ્દ શુદ્ધિ થાય છે ને તેથી ભાષા શુદ્ધિ, ને

તેથી હૃદય શુદ્ધિ, ને તેથી આત્મ શુદ્ધિ ને તેથી મોક્ષ ગતિ પ્રાપ્ત થાય છે આમ બોલતા પ્રત્યે કહેવું કે-જઘન્ય નવ વર્ષની ઉમરવાળાને મોક્ષ ગતી કહી છે, અને શ્રી અંતગડજી સૂત્રમાં કેટલીક આર્યાઓ અંતગડ કેવળી થઇ મોક્ષે ગયાં છે તે બધાંને જઘન્ય આઠ પ્રવચન મતા અને ઉત્કૃષ્ટા અગ્યાર અંગના ભણનાર કહ્યા છે તો તેણે ઉપરનું જ્ઞાન કયારે મેળવ્યું હશે? અને તે જ્ઞાન વિના ભાષા શુદ્ધિ આદિ મોક્ષ ગતિની પ્રાપ્તિ થાય કે નહિ?

પ્રશ્ન ૨૧ મું—મુનિને સંસ્કૃત ભાષા અને પ્રાકૃત ભાષા ભણવી પ્રશસ્ત કહી. તે ગાથામા તેજ પ્રમાણે અર્થ નીકળે છે? કે-મહા રૂષિ એવા તીર્થંકર ગણધરે સ્વર મંડળમા એ ભાષા પ્રશસ્ત કહી છે એમ અર્થ નીકળે છે?

પ્રશ્ન ૨૨ મું—સ્વર શાસ્ત્ર મુનિને ભણવાં કે કેમ? પાપ શાસ્ત્રમાં સ્વર શાસ્ત્ર ગણાય કે નહિ?

પ્રશ્ન ૨૩ મું—શ્રી અનુયોગદ્વારજી સૂત્રની ગાથામાં જે ભાષા પ્રશસ્ત કહી છે તે મુનિને ભણવા માટે કહો છે કે ઉચ્ચારમાં પ્યારી લાગવાથી ભલીનેમાટે પ્રશસ્ત કહી છે?

જો મુનિને માટે પ્રશસ્ત હોય તો માગધી તથા અર્ધ માગધી ભાષાને કેવી કહેવી? તે વિષે તો તે શ્લોકમા કાંઇ જણાવ્યું નથી. માટે કેમ તેને અપ્રશસ્ત કહી શકાય?

પ્રશ્ન ૨૪ મું—શ્રી ઉવવાઇજી સૂત્રનો પાઠ બતાવી, સાધુ સર્વ ભાષાના જાણ કહ્યા તે પાઠ સર્વ સાધુને લાગુ થાય છે કે ગણધરાદિ ચૌદ પૂર્વને લાગુ થાય છે?

પ્રશ્ન ૨૫ મું—એક વચન, દ્વિ વચન, બહુ વચન આદિ તદ્ધિત, સમાસ, સંધિ વગેરે તથા ધાતુ-સ્વર-વિભક્તિ વગેરે શ્રી પન્નવણાજી તથા શ્રી પ્રશ્ન વ્યાકરણજી તથા શ્રી આચારાંગજી તથા શ્રી અનુયોગદ્વારજી વગેરે સૂત્રોમાં કહેલા વ્યાકરણોનાં નિયમોથી ભાષા શુદ્ધિ કહી તો-તે નિયમોનાં શાસ્ત્ર જૈન શાસ્ત્રની શૈલીમાં છે કે હાલના વર્તતા બ્રાહ્મણીયા જ્ઞાનનાં જે વર્તે છે તેજ છે? તે ખુલાસાવાર જણાવવું જોઇએ

પ્રશ્ન ૨૬ મું—જૈન મુનિઓના જ્ઞાન માટે જૈન શાસ્ત્ર અને તેને લગતા શાસ્ત્રની જરૂર પડે કે-જૈન સૂત્રમાં જેનો નિષેધ કરેલો હોય તેની જરૂર પડે?

પ્રશ્ન ૨૭ મું—બ્રાહ્મણીયા જ્ઞાન પરથી કોઇ જ્ઞાન મેળવવું ધારવા હોય તો, શ્રી નંદીજી સૂત્રમાં વ્યાકરણાદિ બ્રાહ્મણીયા જ્ઞાનના શાસ્ત્રને મિથ્યાશ્રુત કહેલ છે તે કહેવાનું શું કારણ?

પ્રશ્ન ૨૮ મું—સમશ્રુત જાણ્યા વિના મિથ્યાશ્રુતનાં શાસ્ત્ર ભણવાની ભગવંતે કયે ઠેકાણે છૂટ આપી છે?

પ્રશ્ન ૨૯ મું.—જૈન મુનિઓને વ્યાકરણાદિ શાસ્ત્રનું જ્ઞાન મેળવવાની આવશ્યકતા હોય તો વ્યાકરણાદિ શાસ્ત્રનું જ્ઞાન મેળવવાને જૈન સૂત્રોમાં તત્ સંબંધી અધિકાર શા માટે ન હોય?

પ્રશ્ન ૩૦ મું—જૈન મુનિઓને સૂત્રોમાં ઘણે ઠેકાણે અગ્યાર અંગ ભણવાના પાઠ ચાલ્યા છે તેમ વ્યાકરણાદિ ભણવાના ખુલ્લા પાઠ કયે ઠેકાણે ચાલ્યા છે? અને એવા ખુલ્લા પાઠ નહિ હોવાનું કારણ શું?

પ્રશ્ન ૩૧ મું—કોઇ કહે કે-હેમાચાર્યે, હૈમ વ્યાકરણ, શબ્દ કોશ વગેરે શાસ્ત્ર રચ્યાં છે. તો હેમાચાર્યને લગભગ સાતસેં વર્ષ થયાં છે તે પહેલા ગણધરાદિકના રચેલા તેવા પ્રકારના શાસ્ત્ર હતાં કે નહિ?

પ્રશ્ન ૩૨ મું—શ્રી નંદીજી સૂત્રમાં કહ્યું છે કે-સમ્યક્ દૃષ્ટિ મિથ્યાશ્રુત વાંચે ભણે તે સમશ્રુત કહેવાય માટે બ્રાહ્મણીયા વ્યાકરણાદિ શાસ્ત્ર વાંચવાં ભણવાં તે જૈન મુનિને સમશ્રુત છે એમ કોઇ કહે તેને પૂછવું કે-પ્રથમ જૈન સિદ્ધાંતનું જ્ઞાન મેળવ્યા પછી કે તે પહેલાં? અને શ્રી નંદીજી સૂત્રમાં શ્રી સૂયગડાગજી સૂત્રની હુંડીમા ભગવંતે પોતેજ સ્વસમય પહેલીજ પરસમય પઢવઇ કહેવાનું શું કારણ?

ઉપરના પ્રશ્નોનો ઉત્તર જૈન સૂત્રના આધારે દેવામાં આવશે તો ચાલતા જમાનામાં વ્યાકરણાદિકના ભણવાવાળા વિષે ઘણા લોકોને જે શંકાઓ ઉદ્ભવે છે તે શંકાઓ ઉડી જશે અને ભણવાવાળા તથા ભણાવવાવાળાને સુગમ થઇ પડશે. માટે પંડિતજીનો એ ઉપરના પ્રશ્નોનો સૂત્રના આધારે શુદ્ધબુદ્ધિથી ખુલાસો કરી આપવો એજ સત્ પુરૂષોનો ધર્મ છે. એજ વિનંતી-ઇત્યર્થ.

ઇતિશ્રી પરમપૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી "પ્રશ્નોત્તર મોહનમાળા"-ઉત્તરાર્દ્ધ ભાગ ૩ જો સમાપ્તઃ



શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણકો ૮ મો.



પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.



શ્રીપ્રશ્નોત્તર મોહનમાળા

ઉત્તરાર્દ્ધ ભાગ ૪ થો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૪ થો.

પ્રશ્ન ૧ લું—શિષ્ય-અહો ગુરૂ દેવ! આગળનાં આચારાંગાદિ સૂત્રો કઇ ભાષામાં હશે?

ઉત્તર—ગુરૂ કહે-આ તારો પ્રશ્ન અતિ ગંભીર છે, પરંતુ તેં જ્યારે તે બાબત જાણવાને પ્રશ્ન કર્યું ત્યારે તે વિષે તને કાંઇ પણ ઉત્તર આપવો જોઇએ માટે સાંભળ.

એક વખત આગળ ઉપર માગ વાંચવામાં "જૈન હિતેચ્છુ" પુસ્તક ૬ ઠાનો અંક ૪ થો આવ્યો હતો તેમાં તે વિષયની ચર્ચાનું લખાણ હતું ખરૂં, તેમાં એમ જણાવ્યું હતું કે-જૈન સૂત્રની ભાષા પ્રાકૃત છે. તે સાબીત કરવાને મહા નિશિથ સૂત્રની સાખ આપી એક શ્લોક મૂકયો હતો તે તને જણાવું છું. સાંભળ.

वाल स्त्री मंद मूर्खाणां, नृणां चारित्र कांक्षिणां,
अनुग्रहार्थं तत्त्वज्ञैः, सिद्धांतः प्राकृतः कृतः.

પ્રશ્ન ૨ જું—શિષ્ય-મહા નિશિથ સૂત્રની એવી ભાષા હશે? કેમકે ઉપરનો શ્લોક તો સંસ્કૃત ભાષા જેવો સમજાય છે. અને મહા નિશિથની ભાષા સંસ્કૃત સમજાતી નથી માટે શું સમજવું?

ઉત્તર—ગુરૂ-તારા કહેવા પ્રમાણે મને પણ સમજાય છે ખરૂં, પણ તેની તપાસ કરતાં "શ્રાવક" ચોપનીયાના પડેલા પુસ્તકના અંક ૯માં સાખ આપનાર પોતે જણાવે છે કે-સદરહુ શ્લોક એક વિદ્વાને કહ્યો છે. એ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે, એ શ્લોક કોઇએ કલ્પિત કર્યો હોય એમ જણાય છે. માટે એ શ્લોક ઉપર આધાર રાખી સૂત્રની ભાષા પ્રાકૃત માની શકાય નહિ.

પ્રશ્ન ૩ જુ—શિષ્ય-કલ્યાણ મંદિર સ્તોત્રના કર્ત્તા સિદ્ધસેન જેવા વિદ્વાનોએ પણ સૂત્રની ભાષા પ્રાકૃત કહી છે, અને પ્રાકૃત ભાષાનાં સૂત્ર હોવાથી તેણે સંસ્કૃત ભાષામાં સૂત્ર રચવાને ધારણા કરેલી તે કેમ?

ઉત્તર—ગુરૂ કહે-તે વાત કેટલાક લેખો વાંચતાં જણાય છે ખરી, પરંતુ તે અભિપ્રાય સિદ્ધસેને તેમના ગુરૂ પાસે પ્રકટ કરવાથી તેમના ગુરૂએ

મોટા તિરસ્કાર સાથે તેને ગચ્છ બહાર મૂક્યા હતા. તેનું કારણ બીજું કાંઇ નહિ પણ એજ જણાય છે કે સૂત્રની ભાષા પ્રાકૃત નહિ હોવા છતાં પ્રાકૃત ભાષામાં સૂત્ર છે એમ માનવાથી પહેલો દોષ એ, અને બીજો દોષ એ કે-વ્યાકરણના પારગામી, ચાર વેદના જાણ એવા સુધર્મ ગણધરનાં રચેલાં સૂત્રને પ્રચલિત કરી સંસ્કૃતમાં બનાવવા એવું વ્યાકરણ જ્ઞાનનું અભિમાન અને સૂત્રનું-અર્ધમાગધી ભાષાનું અપમાન કરવાથી તથા ગણધર મહારાજની આશાતના કરવાના હેતુથી તેને ગચ્છ બહાર મૂકયા હતા.

પ્રશ્ન ૪ થું—શિષ્ય-તો પછી સૂત્રની ભાષા ખરી કઇ સમજવી?

ઉત્તર—ગુરૂ-ઘણા સૂત્રના ન્યાય જોતા અર્ધમાગધી ભાષા સમજાય છે.

પ્રશ્ન ૫ મું—તો પછી મોટા મોટા વિદ્વાનો સંસ્કૃત ભાષાના પારગામી સૂત્રની ભાષાને પ્રાકૃત ભાષામા કહે છે તેનું શું કારણ હશે?

ઉત્તર—કોઇ કોઇ વ્યાકરણના ભણેલાનાં મગજમાં એમ કપાય છે કે સર્વોત્તમ સંસ્કૃત ભાષા છે, અને બીજે નંબરે પ્રાકૃત ભાષા છે. એટલે સંસ્કૃતમાંથી પ્રાકૃત, પ્રાકૃતમાંથી માગધી, માગધીમાથી અર્ધ માગધી ભાષા નીકળી છે. એટલે માગધી તથા અર્ધ માગધી ભાષાને ઉતરતી ગણી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાને માન્ય ગણી સૂત્રની ભાષા પ્રાકૃત કહે છે.

પ્રશ્ન ૬ ઠું—શિષ્ય-કેટલાક એટલે સુધી કહે છે કે-કોઇપણ સૂત્રમાં મુનિને માગધી ભાષા ઉત્સર્ગ માર્ગે બોલવી ચાલી નથી. તે ઉપરથી સૂત્રની ભાષાને એવા રૂપમાં બોલાવે છે કે-" મા, ગદ્ધા "-એટલે સૂત્રની વાણી માતા તુલ્ય માનનારા સૂત્રની ભાષાને કોઇ માગધી ભાષા કહે તે ભાષાને આળ રૂપમાં બોલાવે મા, ગદ્ધી કહે તેનું કેમ?

ઉત્તર—હે ભાઇ? આવી ભાષા કોઇ ડાહ્યા માણસ તો બોલે નહિ. પરંતુ કોઇ વ્યાકરણના મદે-અભિમાને બોલે તો તે ભાષા તેનેજ બંધન કર્તા છે. કારણકે માગધીની માતા પ્રાકૃત અને પ્રાકૃતની માતા સંસ્કૃત છે એવી માન્યતાવાળા તે પોતાની માનેલી પ્રાકૃત અને સંસ્કૃતને કેવી આનશે? તે વિચાર પહેલો કરવો જોઇએ.

જે અલંકાર જેને દેવામાં આવે છે તે અલંકાર તેની માતાને તથા તેની દીકરીને લાગુ પડે છે. માગધી ભાષાને મા-ગદ્ધી કહીએ તો માગધીની માતા પ્રાકૃત, પ્રાકૃતની માતા સંસ્કૃત, અને માગધીની દીકરી અર્ધ માગધી. તે તમામને કદી ગાળનો શબ્દ લાગુ થાય તો તેને કેટલા પ્રકારની આશાતના લાગે તે પણ વિચારવું જોઇએ.

પ્રશ્ન ૭ મું—અર્ધ માગધી કે માગધી ભાષા–માતૃ ભાષાને ગાળ રૂપમાં બોલાવે તેને કેવા પ્રકારની આશાતના લાગે?

ઉત્તર—માતૃ ભાષાને ગાળ રૂપે બોલનારા તથા તેની હાંસી કરનારા તે સૂત્રમાં કહેલી છ ભાષાની તથા સૂત્ર વચનની તથા તીર્થંકર મહારાજની તથા ગણધર મહારાજની તથા દેવતાની ઇત્યાદિક ઘણા પ્રકારની આશાતનાના કરનારા થાય છે. કેમકે–અર્ધ માગધી ભાષાના પ્રરૂપક તીર્થંકર મહારાજ, અને તે ભાષાને ઝીલનાર (ગ્રહણ કરનાર) ગણધર મહારાજ, તે ભાષાના બોલનાર દેવતા, અને તે ભાષાનાં જૈન ધર્મના સૂત્ર અને તે ભાષાનાન્તે સૂત્રના ઉપદેશક ધર્મ ગુરૂઓ. એ તમામની મહા આશાતના કરવા જેવું એ પાતક છે

કલ્પિત શ્લોક ઉપર આધાર રાખી એકદમ સિદ્ધાંતની ભાષાને પ્રાકૃત માનવા દૂરી પડતું, પછી ભાષાનું વિપરીત [illegible] અપમાન કર્યું. તે સૂત્ર સિદ્ધાન્તને ગોળરૂપ ગણાતું નથી. સિદ્ધસેનની પેઠે પાછળથી પસ્તાવો કરવા કરતાં આગળથી વિચાર કરી ઉચ્ચાર કરવા ઉચિત છે. પણ [illegible] કર્મની વિચિત્રતાને લઇને કેટલાક તો પોતે [illegible] ઉત્તરાધ્યયન સૂત્રની પ્રાકૃત ભાષા [illegible] કરે છે.

પ્રશ્ન ૮ મું—તો પછી સૂત્રની ભાષાનો નિર્ણય કેવી રીતે થાય?

ઉત્તર—આનો મૂળ હેતુ તો એજ જણાય છે કે–આ તમામ [illegible] અભિમાનની બાજુ-બાજી છે.

સિદ્ધાન્તની ભાષાનો નિર્ણય તો સિદ્ધાન્તથીજ કરવો જોઇએ, પણ તે [illegible] નહિ [illegible] વ્યાકરણાદિ શાસ્ત્રથી સાબિતી કરવા [illegible] ઉપર [illegible] જણાય છે.

[illegible] જૈન [illegible] ઉપર આધાર [illegible]

શાસ્ત્રકાર કહે છે કે કંઠે પ્રાણ પહોંચે ત્યાંસુધી પણ તે ભાષા બોલવી નહિ. જ્યારે એવી ભાષા બોલવાને કેટલાક મતવાળા નિષેધે છે તો સિદ્ધાંતના માનવાવાળાએ સિદ્ધાંત સિવાય વ્યાકરણાદિ શાસ્ત્ર વગેરે ગમે તેવા શાસ્ત્રના યા તો ગમે તેવા પંડિતોના દાખલા આપી સૂત્રની ભાષા પ્રાકૃત ઠરાવવી તે તદ્દન નકામુંજ છે.

પ્રશ્ન ૯ મું—શિષ્ય-ભાષાની ચર્ચા ઉઠાવનારે સંસ્કૃતમાંથી પ્રાકૃત-પ્રાકૃતમાંથી માગધી વગેરે કહેલ છે, તે વ્યાજબી છે કે કેમ?

ઉત્તર—વ્યાજબી તો સૂત્રના આધારથી જે વાત સિદ્ધ થાય તે. બાકી વ્યાજબી ગેરવ્યાજબી તો, જેના મગજમાં ઠસાણું તે વ્યાજબી, અને પોતાના મતને વિરૂદ્ધ પડે તે ગેરવ્યાજબી. કેમકે એક પંડિત કહે કે સંસ્કૃત ભાષા પહેલી છે અને પ્રાકૃતાદિ ભાષા તેમાંથી ઉત્પન્ન થઇ છે. બીજો પંડિત કહે કે પ્રાકૃત ભાષા પહેલી છે ને સંસ્કૃતાદિ તેમાંથી ઉત્પન્ન થઇ છે, હવે આમાં કોનું વ્યાજબી ને કોનું ગેરવ્યાજબી સમજવું? તે તો આપણે વાંચનારની મુખત્યારી ઉપર રાખીશું.

પ્રશ્ન ૧૦ મું—શિષ્ય-પ્રાકૃત ભાષાજ પહેલી અને તેમાંથી સંસ્કૃતાદિ ભાષા નીકળી એવું વળી કોનું માનવું છે?

ઉત્તર—ગુરૂ-તેવું પણ વાંચવામાં આવ્યું છે ખરૂં. સાંભળો—આત્મારામજી પીતાંબરીનો બનાવેલો "તત્ત્વ નિર્ણય પ્રાસાદ" નામનો ગ્રંથ સંવત્ ૧૯૫૮ની સાલમાં છપાયો છે. તેના પ્રથમ સ્તંભ પાને ૧૦ને-૧૧મે કહ્યું છે કે:—

હંટર સાહેબ અપને રચે સંક્ષિપ્ત હિંદુસ્થાનકે ઇતિહાસમેં લિખતે હૈં કિ, હિંદુસ્થાનકી મૂળ ભાષા પુરાણી પ્રાકૃત હૈ

રૂદ્રત પ્રણીત કાવ્યાલંકારકી ટિપ્પણી કરનેવાલે લિખતે હૈ કિ, પ્રાકૃત ભાષા પ્રથમ થી. તિસસેંહિ સંસ્કૃત બનાઇ ગઇ હૈ. ઓર સંસ્કૃત યહ જો શબ્દ હૈ, સો ભી યહી જ્ઞાપન કરતા હૈ કિ, અસંસ્કૃત શબ્દો કોં જબ સમારકે રચે, તિસકા નામ સંસ્કૃત હૈ

प्राकृतेति सकल जगज्जंतूनां व्याकरणादिभिरना हित संस्कारः सह जो वचनव्यापारः प्रकृतिः। तत्र भवं सैवं वा प्राकृतम्। "आरिस वयणे सिद्धं देवाणं अद्धमागहा वाणी" इत्यादिवचनाद्वा प्राक्पूर्वं कृतं प्राकृतं बालमहिलादिसु बोधं सकल भाषा निबंधनभूतं वचनमुच्यते। मेघ निर्मुक्त जल मिवैक स्वरूपं

तदेव च देशविशेषात् संस्कारकरणाच्च समासादित विशेषं सत् संस्कृताद्युत्तर भेदानाप्नोति। अतएव शास्त्रकृता प्राकृतमादौ निर्दिष्टं तदनुसंस्कृतादीनि। पाणिन्यादि व्याकरणोदित शब्दलक्षणेन संस्करणात् संस्कृतमुच्यते। इत्यादि ॥

ઇસસે ભી યહી સિદ્ધ હોતા હૈ કી, પ્રાકૃત ભાષા પ્રથમથી તિસ ભાષાકો સમારકે રચના કરનેસેં વેદોંકી સંસ્કૃત રચી ગઇ. ઔર જબ વેદોંકી સંસ્કૃતકો પિછલી વ્યાકરણોંસેં માંજી, તબ શુદ્ધ સંસ્કૃત ઉત્પન્ન ભઇ. ઇસસેં યહ સિદ્ધ હુઆકી, વેદોંકી સંસ્કૃતસેં પહિલે પ્રાકૃત હોને ચાહિયે.

ઔર ગુર્જર દેશીય મણિલાલ નભુભાઇ દ્વિવેદી અપને રચે સિદ્ધાંત સાર ગ્રંથમેં લિખતે હૈં કિ "ઇસ હિસાબો ભાષા શાસ્ત્રીયોંમેં બહુત ભારી ઝઘડા ચલતા હૈ. જબ, સંસ્કૃત-સુધરી ભાષા-ઐસા નામ પડા, તબ કિસમેં સેં સુધારી યહ માલુમ કરના ચાહિયે. પ્રાકૃતમેંસેં, લોક ભાષામેંસેં સુધારી ઐસે કહો તો પ્રાકૃત પ્રાચીન ભાષા હોગી, ઔર સંસ્કૃત કિસી કાલમેં સાર્વત્રિક બોલચાલકી ભાષા નથી ઐસે મનના પડેગા. દુસરા મત ઐસા હૈ કિ પ્રાકૃત ભાષા પ્રાચીન તો ખરી, ઔર ઉસકે મિલાપવાળી વેદ ભાષામેંસેં [illegible] ભાષા હુઇ સો સંસ્કૃત, પરંતુ સંસ્કૃત સાર્વત્રિક ઉપયોગમેં નહિ [illegible] ઐસા નહિ. વિદ્વાનો તથા ઉચ્ચ વર્ગ કે લોક સંસ્કૃત હી બોલતે હૈ, ઔર નીચ લોક સ્ત્રી વર્ગ ઇત્યાદિ પ્રાકૃત બોલતે થે. ઇસ ઉભય પક્ષ કે અનુયાયી બહોત હૈ; પરંતુ જ્યાદા ખ્યાલ દુસરે પક્ષ તરફ હૈ.

પ્રશ્ન ૧૧ મુ—અહિંયાં આત્મારામજીએ પણ લખેલ પ્રાકૃતમાંથી સંસ્કૃત બન્યું, તેમાં પોતાનો અભિપ્રાય શું જણાવે છે? તે પણ જણાવો.

ઉત્તર—ન્યાયાંભો-આત્મારામજી પોતે ગ્રાકૃત અધિકારમાં પોતાનો અભિપ્રાય લખે છે કે—

[illegible] લિખે હૈ, સો, જિનકી ગ્રંથ ઔર અનુમાન દ્વારા સિદ્ધ હૈ. જબ જૈન મતકે પુસ્તકાનુસાર જો કથન હૈ સો લિખતે હૈ. પ્રાકૃત ઔર સંસ્કૃત યે દોનો ભાષા અનાદિ સિદ્ધ હૈ. જિનમેં પ્રાકૃત ભાષા [illegible] [illegible] હૈ [illegible] સંસ્કૃત પ્રાકૃત, [illegible] અર્થાત્ સંસ્કૃત [illegible] પ્રાકૃત [illegible] [illegible] [illegible], ઔર [illegible], અર્થાત્ પ્રાકૃત સંસ્કૃત [illegible] [illegible] [illegible] સિદ્ધ ન હોવે; કિંતુ અનાદિ સિદ્ધ જો શબ્દ હૈ, [illegible] [illegible] પ્રાકૃત [illegible] [illegible] [illegible] [illegible], જો અનેક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પ્રાકૃત હૈ (પ્રતિ [illegible] [illegible])

આ ઉપરથી સિદ્ધ થાય છે કે સૂત્રમાં અનેક દેશોના શબ્દ રહ્યા છે, અને અર્ધ માગધી ભાષામાં પણ સર્વ દેશની ભાષા આવે છે. અને આત્મારામજીએ પણ તેજ ગ્રંથમાં "ચતુર્થિંશસ્તંભઃ" માં પાને ૬૩૫ મેં લખ્યું છે કે-"અઠારહ દેશકી ભાષા એકત્ર મિલી હુઇ બોલી જાતી હૈ, સો અર્ધ માગધી ભાષા હૈ"

માટે સૂત્રની અર્ધ માગધી ભાષા છે એમ નિશ્ચય થાય છે. કારણકે સૂત્રમાં સર્વ દેશની ભાષા રહેલી છે.

પ્રશ્ન ૧૨ મું—ઉપરના લખાણનો મૂળ હેતુ શું છે?

ઉત્તર—ઉપરના લખાણનો મૂળ હેતુ એમ નીકળે છે કે-કેટલાક વિદ્વાનો મૂળ ભષા સસ્કૃત અને તેમાથી પ્રાકૃત નીકળેલી માને છે. ત્યારે કેટલાક વિદ્વાનો મૂળ ભાષા પ્રાકૃત અને તેમાથી સસ્કાર કરેલી સંસ્કૃત ભાષા માને છે ત્યારે કોઇ કોઇ વિદ્વાન બન્ને ભાષાને માન આપવા જૈન સૂત્રોને બન્ને ભાષામા માને છે, અને વળી અર્દ્ધ માગધી ભાષામાં પણ માને છે. માટે તેઓ કયા નિર્ણય ઉપર આવેલા હોય તે કાંઇ સમજાતું નથી.

પ્રશ્ન ૧૩ મું—શિષ્ય-જૈન સૂત્ર, કોઇ માગધી ભાષામાં, કોઇ અર્દ્ધ માગધી ભાષામાં તથા કોઇ પ્રાકૃત ભાષામાં માનતા સાંભળ્યા છે. પણ સંસ્કૃત ભાષામાં જૈન સૂત્રો છે એમ બોલનારા જાણ્યા નથી. તેઃ શું સંસ્કૃત ભાષામાં કોઇ સૂત્ર માને છે?

ઉત્તર—કેટલાક વિદ્વાનો દહીં દૂધમાં પગ રાખવાની પેઠે પોતાના વિકલ્પોના તરંગોને જાહેરાતમાં મૂકી પોતાના સૂત્રોને અપમાન થાય ત્યાં સુધીની હદ સૂચવે અને પોતાની પંડિતાઇને પ્રકાશમાં લાવે તે કેટલું શોચનીય છે? કેમકે આત્મારામજી જેવા વિદ્વાનો તેજ ગ્રંથના "પેલા સ્તંભમાં" કહી ગયા છે કે-ચૌદ પૂર્વ પ્રથમ સંસ્કૃતમાં રચ્યાં હતાં ને ત્યાર પછી દશ પૂર્વધારીએ પ્રાકૃતમાં સૂત્ર રચ્યાં, અને જૈનનાં સૂત્ર પ્રાકૃતમાં છે, એમ તેઓ કેટલોક રોળ કરી ગયા છે. પણ પોતે પોતાની ભાષાથીજ તથા તેમના મનાતા ગ્રંથોથી વિરૂદ્ધ પડે છે કે નહિ તેનું ભાન રહ્યું હોય એમ જણાતું નથી. કેમકે-કલ્યાણ મંદિરના બનાવનારા સિદ્ધસેન દીવાકરે જ્યારે સૂત્રની ભાષાને બદલી સંસ્કૃતમા સૂત્ર રચવા આગ્રહ કર્યો, ત્યારે તેના ગુરૂએ તેને શા માટે તિરસ્કાર કર્યો હશે? કેમકે જ્યારે ચૌદ પૂર્વ સંસ્કૃતમાં પૂર્વે રચાયાં હતાં તો પછી આ વિદ્વાનને સૂત્ર સંસ્કૃતમાં રચતાં શું દોષ ઉત્પન્ન થયો કે જેને ગચ્છ બહાર મૂકવામાં આવ્યા?

માટે જૈનનાં શાસ્ત્ર સંસ્કૃતમાં મૂળથીજ નથી, એમ આત્મારામજીના પોતાના બનાવેલા ગ્રંથથી તથા બીજા કેટલાક પૂર્વાચાર્યોના ગ્રંથોથી તથા મૂળ સૂત્ર ઉપરથી સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૧૪ મું—આત્મારામજીએ પોતાના બનાવેલા ગ્રંથમાં શું કહ્યું છે? તે પણ જાણવું જોઇએ.

ઉત્તર—સાંભળો—આત્મારામજી કૃત "તત્ત્વ નિર્ણયપ્રાસાદ" ગ્રંથના પહેલા સ્તંભને પાને ૯ મે કહે છે કે-જે અનંત તીર્થંકર અતીત કાળમેં હો ગએ હૈ, ઔર જે અનંત તીર્થંકર આગામી કાળમેં હોવેંગે, તિન સર્વકે દ્વાદશાંગી રચનાકે તત્ત્વમેં કિંચિત્ માત્રભી અંતર નહિ; કિંતુ પુરૂષ સ્ત્રિયોંકે નામ, ઔર ગદ્ય પદ્યાદિ રચના ઇત્યાદિમેં અંતર હૈ, શેષ તત્ત્વરૂપ એક સરીખા હૈ; ઇસ વાસ્તે જો શ્રી મહાવીરજીકે સમયકી રચના શાસ્ત્રોંકી હૈ, સોહી શ્રી ઋષભદેવજીકે સમયમેંથી. ઇસ વાસ્તે જૈન મતકે પુસ્તક સર્વ મતોકે પુસ્તકોંસેં પુરાને સિદ્ધ હોતે હૈ.

વળી પાને ૯ મે કહે છે કે-જૈન મત કે સર્વ સૂત્ર શ્રી મહાવીરજી સેહી પ્રચલિત હુએ હૈ.

(એટલે જૈન મતના સર્વ સૂત્ર શ્રી મહાવીર સ્વામીથી ચાલ્યા આવે છે એમ તેઓ સૂચવે છે)

પાને ૮ મે-વળી કહે છે કે-અપને મતકે પુસ્તકોંકા જૈસા વૃત્તાંત ચલાઆથા, તૈસાહી લિખગયે, ઔર અપની કલ્પનાસેં કોઇ પાઠ ઉલટ પુલટ નહિ કીયા, સો મહાનિશીથાદિ શાસ્ત્રોમેં પ્રગટ દેખને મેં આતા હૈ.

દેખો આત્મારામજી એક વખત એમ કહે છે કે—ચૌદ પૂર્વ સંસ્કૃતમાં રચેલ હતા, અને બીજી વખત એમ કહે છે કે—અનંતા તીર્થંકરથીજ તથા મહાવીરદેવજીથીજ એ મત ચાલ્યાં આવે છે. કોઇ સૂત્ર પાઠ ઉલટ પાલટ કર્યો વિના જેવો વૃત્તાંત હતો તેવોજ લખ્યો છે. એટલે જૈન મતના જે વર્તમાન પુસ્તક છે તે સર્વ મતના પુસ્તકથી પુરાણાં (જુનાં) પુસ્તક છે એમ તેઓ સિદ્ધ કરી આપે છે.

પ્રશ્ન ૧૫ મું—જૈનનાં પુસ્તકો જ્યારે અસલથી ચાલ્યાં આવે છે ત્યારે તે કોણ જાતના? તે કાંઈ જણાતા નથી. માટે તે વિષે શું સમજવું?

ઉત્તર—તે તો સ્વભાવિક સમજી શકાય તેવું છે કે જ્યારે અનંતા તીર્થંકરથી તથા મહાવીરદેવજીથી એજ પુસ્તક ચાલ્યાં આવે છે, એમ જ્યારે માન્યું ત્યારે તમામ તીર્થંકરે "અર્દ્ધ માગધી" ભાષામાં દ્વાદશાંગી

પ્રરૂપણા કરી છે, એમ સૂત્ર પાઠ સાબીત કરી આપે છે. એમ અર્દ્ધ માગધી ભાષા સિવાય બીજી ભાષામાં જૈનનાં સૂત્ર નથી, એમ કરપે પણ કબુલ કર્યા વિના ચાલશે નહિ.

પ્રશ્ન ૧૬ મું—કદાપિ કોઇ જૈન સૂત્ર પ્રાકૃત ભાષામાં માને તેમાં શો વાંધો છે. ?

ઉત્તર—પ્રાકૃત ભાષામાં જૈન સૂત્ર માનીએ તો તેમાં અનેક દોષ ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન ૧૭ મું—પ્રાકૃત ભાષામાં સૂત્ર માનવાથી વળી દોષ ઉત્પન્ન થાય તેવું શું કારણ છે ?

ઉત્તર—સાંભળો-પ્રાકૃત ભાષામાં જૈન સૂત્ર દ્વાદશાંગી પ્રમુખ માનવાથી નીચેના દોષો ઉત્પન્ન થાય છે.

(૧) એક તો એ કે પ્રાકૃત ભાષા દેશી ભાષા છે. (અને જૈન શાસ્ત્ર-જૈન સૂત્ર દેશી ભાષામાં નથી પણ સર્વ ભાષામાં છે.)

(૨) પ્રાકૃત ભાષાના બોલવાવાળા મૂર્ખ લોક અને સ્ત્રી વર્ગ કહેલ છે. (જૈન સૂત્રોના પ્રકાશક મહાવિદ્વાન્ ગણધરાદિ આચાર્ય પ્રમુખ છે.)

(૩) પ્રાકૃત ભાષા અનાદિ સિદ્ધ છે. (આપણું જૈનસૂત્ર તીર્થંકર મહારાજ તથા ગણધર દેવથીજ પ્રગટ થાય છે અને તીર્થંકર મહારાજ 'અર્દ્ધમાગધી' ભાષાએજ પ્રરૂપણા કરે છે, તે વાત સૂત્રથી સિદ્ધ છે.)

માટે જૈનધર્મનાં સૂત્ર પ્રાકૃત ભાષામાં નથી એમ ઉપરનાં કેટલાક લેખોથી સાબીતી આવી મળે છે.

પ્રશ્ન ૧૮ મું—સંસ્કૃત-પ્રાકૃત-અને માગધી આ ત્રણ ભાષામાં પહેલી ભાષા કઇ હશે ?

ઉત્તર—કોઇ કોઇ વિદ્વાન સંસ્કૃત ભાષાને પહેલી કહે છે એટલે મૂળ ભાષા સંસ્કૃત માને છે. તેમ કોઇ વિદ્વાન પ્રાકૃત ભાષા તેજ મૂળ ભાષા કહે; તેમજ માગધી ભાષાને પણ કેટલાક વિદ્વાનો મૂળ ભાષા કહે છે.

પ્રશ્ન ૧૯ મું—કોઇ સંસ્કૃત ભાષાને યા કોઇ પ્રાકૃત ભાષાને પહેલી કહેનારાનું તો વાંચવામાં આવ્યું છે પરંતુ માગધી ભાષાને પહેલી ભાષા માનનારો કયો વર્ગ છે તે પણ જણાવશો ?

ઉત્તર—બ્રાહ્મણ મતવાળા સરસ્વતીના ઉપાસકો એમ કહે છે કે-જ્યારે સરસ્વતી બાળ વયમાં હતા ત્યારે માગધી ભાષા બોલતા હતા, એટલે માગધી ભાષા તે બાળ ભાષા છે. અને સંસ્કૃત ભાષા તે પ્રૌઢ ભાષા છે. અને કેટલાક એમ પણ કહે છે કે મૂળ ભાષા તો અપભ્રંશ છે, કેમકે જે દેશમાં જે બીજકણી જે કુળમાં ઉત્પન્ન થયા હોય તે કુળનાં બાળકો તેના કુળની મૂળ ભાષાનેજ બોલવા માંડે છે, એમ પણ કોઈ વિદ્વાન્ કહે છે.

એમ ભાષાના સંબંધમાં અનેક મતભેદ રહ્યા છે, અનેક ટંટા, અનેક ઝગડા ચાલે છે, તે તો જ્ઞાની પુરુષ વિના પાર પડે તેમ નથી. માટે ગમે તે મૂળ ભાષા હોય, તેનું કાંઇ આપણે પ્રયોજન નથી. પરંતુ આપણે તો સૂત્રની કઇ ભાષા છે, તે પ્રકાશ કરવાની જરૂર છે. અને તેજ ભાષા માટે શાસ્ત્રના દાખલાથી નિર્ણય ઉપર આવવું, તેમજ સૂત્રના આધારથી સૂત્રની ભાષાનો નિશ્ચય કરવો, તેજ જૈનના અનુયાયીનું કર્ત્તવ્ય છે.

પ્રશ્ન ૨૦ મું—કોઇ એમ કહે કે-સંસ્કૃત અને પ્રાકૃત એ બે ભાષા ઋષિને બોલાવી પ્રશસ્ત કહી છે, એમ અનુયોગદ્વાર અને ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે, માટે સૂત્ર પ્રાકૃત ભાષામાં છે, એમ સિદ્ધ થાય છે. તેનું કેમ?

ઉત્તર—જો તે બે ભાષાનેજ આપણે પ્રશસ્ત માનીશું તો તીર્થંકર મહારાજાએ અર્ધ માગધી ભાષાએ પરિષદ્ સમક્ષ પ્રરૂપણા કરી છે, તે ભાષાને આપણે પ્રશસ્ત સિવાય કઇ ભાષા કહીશું? આ ગંભીર સવાલનો ઉત્તર વગર આનાકાનીએ આપવો જોઇશે.

પ્રશ્ન ૨૧ મું—પૂર્વપક્ષી-તીર્થંકર મહારાજની પ્રરૂપેલી ભાષા તો અપ્રશસ્તજ કહેવાય.

ઉત્તર—ઉત્તરપક્ષી કહે-તે ભાષા અહિં દાખલ નહિ કરવાનું શું કારણ? તે તમારે જણાવવું જોઇશેજ.

પ્રશ્ન ૨૨ મું—પૂર્વપક્ષી-અમે આગળ જણાવી ગયા છીએ કે સંસ્કૃતમાથી પ્રાકૃત, પ્રાકૃતમાંથી માગધી, અને માગધીમાથી અર્દ્ધ માગધી ભાષા નીકળી છે, માટે અર્દ્ધ માગધીને પ્રાકૃત કહેવાને શું બાધક આવે?

ઉત્તર—ત્યારે ગણધર મહારાજને શો વાંધો આવ્યો કે તીર્થંકર મહારાજની પ્રરૂપેલી વાણીને પ્રાકૃત નહિ કહેતાં અર્દ્ધ માગધી ભાષા કહેવી પડી? આપણે એવો મમત શા માટે પકડીએ કે સૂત્રની ભાષાને અર્ધ માગધી ભાષા નહિ કહેતાં પ્રાકૃત ભાષાનીજ પકડ કરીએ. જ્યારે આપણે,

એમ માનીએ કે-ગમે તે ભાષા કહેતાં બાધ નથી, તો જેમ તીર્થંકર મહારાજની પ્રરૂપેલી અર્દ્ધ માગધી ભાષા કબુલ કરીએ છીએ તેમ સૂત્રની ભાષા પણ અર્દ્ધ માગધી છે એમ કહી નાખીએ એટલે બસ.

પ્રશ્ન ૨૩ મું—પૂર્વપક્ષી-તીર્થંકરની વાણી અર્દ્ધ માગધીમાં છે, એવું તો સિદ્ધાંતમા છે, પણ કોઇ સૂત્રમાં એવું નીકળતું નથી કે જૈન સૂત્ર અર્દ્ધ માગધી ભાષામાં છે?

ઉત્તર—ત્યારે પ્રાકૃત ભાષામાં જૈન સૂત્ર છે એમ કહો છો તે કયા સૂત્રના આધારથી?

પ્રશ્ન ૨૪ મું—પૂર્વપક્ષી-અનુયોગદ્વારમાં તથા ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે કે ઋષિને સંસ્કૃતને પ્રાકૃત એ બે ભાષા બોલવી પ્રશસ્ત છે. એ આધારથી એમ માનીએ છીએ કે સૂત્ર પ્રાકૃત ભાષામાં હોવાં જોઇએ.

ઉત્તર—એમ માનનારની સમજમાં તફાવત છે. કેમકે સૂત્રમાં ઉપર કહ્યા પ્રમાણે કહ્યું નથી. અને સૂત્રમા જે પાઠ છે તેનો અર્થ પણ તે પ્રમાણે નથી.

પ્રશ્ન ૨૫ મું—પૂર્વપક્ષી-ખરો અર્થ શી રીતે છે તે કહો?

ઉત્તર—સાંભળો-સૂત્ર પાઠ મુદ્દાં બાબુવાળા છાપેલ અનુયોગદ્વાર પાને ૩૧૭ મે-કહ્યું છે કે-ગાથા-

संकया पायया चेव, भणिईओ होंति दोणि वा;
सरमंडलंमि गिज्झंते, पसत्था इसि भासिआ. ॥ १ ॥

અર્થ—ભાષા પાને ૩૨૦ મે-સંકયા-શ્લોક એક સંસ્કૃત, બીજા પ્રાકૃત એ ભણિતિ કહેતાં-ભાષા થી તીર્થંકર, ગણધરે કહી, સ્વર મંડલ કહેતાં-ષડજાદિક સ્વર સમૂહે ગાઇ, તાનને વિષે પસંત્થા ભલી થી મધુર ઋષિની ભાષી.

અહીં ઋષિને ઉપરની બે ભાષા બોલવી, એવો અધિકાર નથી. પરંતુ સાત સ્વરના અનેક ભેદ બતાવ્યા છે. તેમાં તીર્થંકર ગણધરે સંસ્કૃત અને પ્રાકૃત એ બે ભાષા સ્વર સમૂહે ગીત (ગાયા) તાનને વિષે પ્રશસ્ત કહી છે.

અર્દ્ધ માગધી ભાષા, જૈન સિદ્ધાંત (ધર્મ પુસ્તક) સિવાય બીજે બહિ વપરાવાના હેતુથી તથા સ્વરશાસ્ત્ર લૌકિક પક્ષને લઇને પાપ શાસ્ત્રમાં ગણ્યાં છે, ઇત્યાદિક કારણોથી અર્દ્ધ માગધી ભાષા સ્વર મંડળમાં દાખલ કરેલ નથી.

પ્રશ્ન ૨૬ મું—પૂર્વપક્ષી-ત્યારે બે ભાષા પ્રશસ્ત કેમ કહી?

ઉત્તર—તે બે ભાષા લૌકિક પક્ષે મધુરી હોવાને લીધે એટલે પ્રગટપણે સમજાવેથી દુનિયાએ ભલી માની, માટે ભગવંતે પ્રશસ્ત કહી. (એટલે ભલી કહી.) જેમ ઠાણાંગઠાણે ૪ થે-ગોશાળાનો ચાર પ્રકારનો તપ પ્રશસ્ત કહ્યો છે, તેમ સંસ્કૃત ને પ્રાકૃત બન્ને ભાષા પ્રશસ્ત જાણવી. તેથી સૂત્રની ભાષા પ્રાકૃત છે એમ સિદ્ધ થાતું નથી. સૂત્રની ભાષા અને અન્ય ભાષાનો પટંતરો તો શાસ્ત્રથીજ જણાઈ આવે છે.

પ્રશ્ન ૨૭ મું—પ્રાકૃત ભાષા સૂત્રની નથી-એટલે સૂત્ર પ્રાકૃત ભાષામાં નથી એમ સૂત્રથી સાબીત કેવી રીતે થાય છે?

ઉત્તર—સૂત્રની ભાષા તો આત્માને હિતકારી કલ્યાણકારી સૂત્રમાં કહી છે તેમ પ્રાકૃતાદિ ભાષા કહી નથી.

પ્રશ્ન ૨૮ મું—એવો કોઇ દાખલો છે કે-સૂત્ર સિવાય પ્રાકૃતાદિ ભાષા હિતકારી નથી?

ઉત્તર—સાંભળો-બાબુવાળા છાપેલ ઉત્તરાધ્યયન અધ્યયન ૬ ઠ્ઠે ગાથા ૧૧ મીના પહેલા પદમાં કહ્યું છે કે—

નચિતા તાયए भासा, તેના માટે પાને ૨૨૧મે ટીકામાં કહે છે કે-

प्राकृत संस्कृतात्मिका भाषा अथवा अन्यापि देश विशेषात् नाना रूपा भाषा वा पापेभ्यो दुःखेभ्यो न त्रायन्ते न रक्षन्ते.

પ્રાકૃત સંસ્કૃત આદિ ષટ્ ભાષા અથવા બીજી પણ અનેક પ્રકારની દેશ ભાષા તે આ જીવને પાપ થકી-દુઃખ થકી મૂકાવા-રક્ષણ કરવા સમર્થ નથી, એમ કહ્યું છે. અને સૂત્રની ભાષા બોલતાં ઘણાં કર્મની નિર્જરા થાય છે એમ સૂત્રમાં કહેલ છે. માટે પ્રાકૃત ભાષાથી (એટલે છએ ભાષાથી) સૂત્રની ભાષા બીજી ઠરે છે

પ્રશ્ન ૨૯ મું—સૂત્રની ભાષા કઈ છે? અને તે ભાષાથી એટલે સૂત્રની ભાષાથી કેવા પ્રકારનો લાભ થાય છે? તે પણ જણાવશો?

ઉત્તર—સાંભળો-ભગવતીજી સૂત્રના બીજા શતકના પાંચમે ઉદ્દેશે કહ્યું છે કે—"सवणे नाणे य विनाणे," ઇત્યાદિ-એટલે સિદ્ધાંત વચનનું શ્રવણ કરવાથી અર્થાત્ સિદ્ધાંત વચન સાંભળવાથી જ્ઞાનાદિ દશ બોલની પ્રાપ્તિ થાય છે, અને છેવટે મોક્ષ ફળની પ્રાપ્તિ પણ કહી છે.

वळी भगवतीजी शतक १ ले-उद्देशे ७ मे-कह्युं छे के—

एगमवि आरियवयणं सुवणयं सोचा धम्मकामए पुण्णकामए मोक्खकामए सग्गकामए.

એક પણ આર્ય વચન સાંભળવેથી તે જીવ ધર્મનો કામી, પુણ્યનો કામી, મોક્ષનો કામી, અને સ્વર્ગનો કામી થાય છે. એવાં મહા ફળદાયક આર્ય વચન (સૂત્ર વચન) ભગવંતે કહ્યા છે.

પ્રશ્ન ૩૦ મું—જ્યારે આર્ય એવાં સૂત્ર વચન સાંભળવાથી મહા લાભ કહ્યો તો તેનો અભ્યાસ કરવાથી સૂત્ર ભણવાથી શો લાભ થાય?

ઉત્તર—સાંભળો-ઉત્તરાધ્યયન અધ્યયન ૨૮ મે-ગાથા ૨૧ મી-તેમાં કહ્યું છે કે-ગાથા—

जोसुत्त महि ऊंचो, सुएण उगाहइउ सम्मत्त ;

अंगेण बाहिरेण व, सोसुत्तरूईत्ति नायव्वो । २१

અર્થ:—ભગવંત કહે છે હે ગૌતમ! જેને સૂત્રની રૂચિ છે એટલે સૂત્રનો રૂચિવંત તે અંગ ઉપાંગાદિ સૂત્ર ભણે અને તેવાં સૂત્ર ભણવે સમકિતની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન ૩૧ મું—સૂત્ર ભણવાથી સમકિતની પ્રાપ્તિ ઉપરાંત કાંઈ લાભ થાય ખરો?

ઉત્તર—સૂત્રના ભણવાવાળાને પાંચ પ્રકારે અભ્યાસ કરતાં સઝાય કહી છે. જુઓ ઉત્તરાધ્યયન અધ્યયન ૩૦ મું-ગાથા ૩૪ મી.

वायणा पुच्छणा चेव, तहेव परियट्टणा ;

अणुप्पेहा धम्मकहा, सज्झाउ पंचहा भवे ॥३४॥

અર્થ:—સૂત્રની વાંચણી લેવી, પ્રશ્ન પૂછવા, તેમજ વારંવાર પર્યટન કરવું-ગણવું, અર્થની ચિંતવણા કરવી, ધર્મકથા કરવી, એ પાંચ પ્રકારની સઝાય કરવી કહી

પ્રશ્ન ૩૨ મું—સૂત્રની સઝાય કરવાથી શો લાભ થાય?

ઉત્તર—ઉપર કહેલ પાંચે પ્રકારની સજાય કરવાવાળાને બાર પ્રકારે માંહેલો દશમો અભ્યંતર તપ કહ્યો છે અને સૂત્રની સઝાય કરવાથી શિઘ્ર સર્વ સંસારથી મુક્ત થાવું કહ્યું છે.

વળી ઉત્તરાધ્યયનના ૨૬ મા અધ્યયનની ૧૦ મી ગાથામાં કહ્યું છે કે-

सज्झाए वा निउत्तेणं, सव्वदुक्ख विमोक्खणे. સઝાયને વિષે આત્માને જોડનારો

સર્વ દુઃખ થકી મુક્ત થાય છે. તથા ગાથા ૨૧ મી માં કહ્યું છે કે-गुरु वंदितु सज्झायं, कुज्जा दुक्ख विमोक्खणं.-ગુરૂને વંદના નમસ્કાર કરી સઝાય કરે તે દુઃખ થકી મુક્ત થાય છે. વળી વિશેષ માટે જુઓ ઉત્તરાધ્યયનનું ૨૯ મું અધ્યયન.

પ્રશ્ન ૩૩ મું—ઉત્તરાધ્યયનના ૨૯ મા અધ્યયનમાં શું કહ્યું છે?

ઉત્તર—ઓગણત્રીશમાં અધ્યયનમાં એમ કહ્યું છે કે-सज्झाएणं नाणावरणिज्जं कम्मं खवेई. સઝાય કરતા જ્ઞાનાવરણીય કર્મ ખપાવે. (બોલ ૧૮ મો.)

પ્રશ્ન ૩૪ મું—સઝાય તો પાંચ પ્રકારે કહેલ છે તેમાં પહેલો બોલ વાંચનાનો કહ્યો છે તો વાંચનાથી શો લાભ થાય?

ઉત્તર—वायणाएणं निज्जरं जणयई सुयस्स अणासायणयाए वट्टई सुयस्सय अणासायणा वट्टमाणे तित्थधम्मं अवलंबई तित्थधम्मं अवलंबमाणे महानिज्जरे महापज्जवसाणे भवई.—

સૂત્રની વાંચણા લેતાં-અને દેતાં નિર્જરા ઉપરાજે, શ્રુતજ્ઞાનની આશાતના ટાળે, સૂત્રની આશાતના ટાળતાં તીર્થંકરનો ધર્મ અવલબે, તીર્થંકરના ધર્મનો આશ્રય લેતાં અવલંબતાં મોટી નિર્જરા મુક્તિ ગમન-રૂપ હોય. (બોલ ૧૯ મો.)

પ્રશ્ન ૩૫ મું—પ્રશ્નાદિક પૂછતાં શો ગુણ ઉત્પન્ન થાય?

ઉત્તર—पडिपुच्छणयाएणं सुतत्थ तदुभयाइं विसोहेई, कंखामोहणिज्जं कम्मं वोच्छिदई.

વારંવાર પ્રશ્નાદિ પૂછતાં સૂત્ર અને અર્થ બન્ને વાનાં નિર્મળ કરે, સંશય રૂપ મિથ્યાત્વ મોહનીય કર્મ છેદે. (બોલ ૨૦ મો.)

પ્રશ્ન ૩૬ મું—સૂત્રનું પર્યટન કરવાથી વારંવાર ફેરવવાથી શો ગુણ ઉત્પન્ન થાય?

ઉત્તર—परियट्टणयाए विंजणाइं जणयइ वंजणलद्धिं च उप्पाएई સૂત્રને પર્યટન કરતાં-ફરી ફરી-વારંવાર ગણતાં અક્ષર પામે, તથા અક્ષરની લબ્ધિ પામે. (બોલ ૨૧ મો.)

પ્રશ્ન ૩૭ મું—સૂત્રની ચિંતવણા કરતાં શું ગુણ ઉપરાજે?

ઉત્તર—अणुप्पेहाएणं आउय वज्जाओ सत्त कम्मप्पगडीओ धणियबंधण बंधाओ सिढिलबंधण बंधाओ पकरेइ दिहकालठिईयाओ रहस्सकालठिई-

याओ पकरेइ. तिव्वाणुभावाओ मंदाणुभावाओ पकरेइ, बहुपयेसग्गाओ अप्पपयेसग्गाओ पकरेइ, आउयं च कम्मं सिय बंधइ सिय नो बंधइ, सायावेयणिज्जं च णं कम्मं भुज्जो भुज्जो उवचिणाइ, अणाइयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंत संसारकंतारं खिप्पामेव वीतीवयइ.

અર્થઃ—સૂત્ર અર્થ ચિંતવનાં આયુષ્ય વર્જીને સાત કર્મની પ્રકૃતિ આકરે બંધને બાંધી હોય, તે શિથિલ બંધન બંધ કરે, દીર્ઘ કાળની સ્થિતિ હોય તે અલ્પ કાળની સ્થિતિ કરે, તીવ્ર ભાવ છે, તે મંદ ભાવ કરે, ઘણા પ્રદેશ હોય તે અલ્પ પ્રદેશ કરે, આઉખું કર્મ કદાચિત્ બાંધે કદાચિત્ ન બાંધે, શાતા વેદનીય કર્મ વારંવાર બાંધે, જે કાળની આદિ અંત નથી એવો ચાર ગતિ રૂપ સંસાર અટવીને તે શીઘ્ર ઉલ્લંઘે અર્થાત્ જેની આદિ અંત નથી એવો ચાર ગતિ રૂપ સંસાર અટવીના માર્ગ તેને શીઘ્ર પાર પામે, એટલે થોડી મુદતમાં મોક્ષ ફળ મળે. (બોલ ૨૨ મો.)

પ્રશ્ન ૩૮ મું—ધર્મકથા કરતો થકો જીવ શું ફળ ઉપજાવે?

ઉત્તર—धम्मकहाएणं निज्जरं जणयइ धम्मकहाएणं पवयण पभावेइ, पवयणपभावेणं जीवे आगमेसस्स भद्दत्ताए कम्मं निबंधइ.

ધર્મ કથા કહેતાં જીવ નિર્જરા કરે—કર્મનો ક્ષય કરે, ધર્મ કથા કહે સિદ્ધાંત પ્રગટ કરે—સિદ્ધાંતનો પ્રભાવ વધારે, સિદ્ધાંત દીપાવતાં જીવ આવતે ભવે—આવતા કાળને માટે શુભ કર્મ ઉપરાજે—બાંધે. (બોલ ૨૩ મો.)

પ્રશ્ન ૩૯ મું—સૂત્રની આરાધના કરવાથી શું ફળ થાય?

ઉત્તર—सुयस्स आराहणाए अन्नाणं खवेइ न य संकिलिस्सइ.—શ્રુત આરાધતાં અજ્ઞાનપણું ટાળે, સંકલેશ (મલીન) પ્રણામ ન થાય (બોલ ૨૪ મો.)

ઇત્યાદિ મહાફળ કહ્યાં તે અરિહંત ભગવંતના પ્રરૂપેલા અર્દ્ધ માગધી ભાષાએ અર્દ્ધ રૂપે દ્વાદશાંગી વાણી આદિ સૂત્ર જે ગણધર મહારાજે તેજ સૂત્ર, તેજ ભાષાએ, તેજ અર્થને ગુંથણામાં લીધેલા, જે હાલ વર્તે છે તેજ સૂત્રની સજાય આદિ કરવાનાં ફળ કહ્યાં છે

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે—સંસ્કૃત પ્રાકૃત આદિ ભાષાએ આત્માને કલ્યાણકારી નથી. આત્માને કલ્યાણકારી તો સૂત્રનીજ ભાષા કહી, માટે તે ભાષા બીજી નહિ પણ અર્દ્ધ માગધી તેજ છે—અને તે વિષે શ્રી નંદીજી સૂત્ર તથા ઉવવાઇજી તથા સમવાયાંગજી વગેરે સૂત્ર સારો ખુલાસો આપે છે.

પ્રશ્ન ૪૦ મું—આ વિષે નંદીજી સૂત્ર શું જણાવે છે ?

ઉત્તર—સાંભળો–નંદીજી સૂત્રનો સૂત્ર પાઠઃ—

से किंतं सम्मसुयं सम्मसुयं जं इमं अरिहंतेहिं भगवंतेहिं उप्पणणाणदंसणधरेहिं–जाव सव्वण्णूहिं सव्वदरसीहिं पणियंदुवालस्संगं गणीपिडगं तं जहा आयारो सुयगमो ठाणं जाव दिठिवाउय.-इच्चेएयं दुवालस्संगं गणिपिडगं तं जहा आयारो सुयगडो ठाणंजाव दिठिवाउयंइच्चेइयं दुवालसंगं गणीपिडगं तिए-काले अणंता जीवा आणाए विराहिचा चाउरंत संसारकंतारं अणुपरीयट्टिंसु २ (इम त्रण काल)–इच्चेइयं दुवालस्संगं गणिपिडगं तीएकाले अणंता जीवा आणाए आराहिचा चाउरंत संसारकंतारं वीईवइंसु. २

(એમ ત્રણે આલાવા કહેવા) ઇતિ નંદી સૂત્ર.

અર્થઃ—જંબુ અણગાર સુધર્મ ગણધર પ્રત્યે કહે ! હવે કિશું તે સમ્યક્ શ્રુત ? ગુરૂ બોલ્યા—સમ્યક્ શ્રુત તે, જે, એ, અરિહંત ભગવંત જેને ઉપન્યું છે કેવળ જ્ઞાન, કેવળ દર્શનના ધારણહાર, યાવત્ સર્વ પદાર્થના જાણ, સર્વ પદાર્થના દેખણહાર એવે તીર્થંકરે પ્રરૂપ્યો, બાર અંગ આચાર્યને પેટી સમાન, તે એ, આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, યાવત દૃષ્ટિવાદ, એ બાર અંગ તે આચાર્ય ની પેટી સરખા–તેને અતીત કાળે અનંતા જીવ આજ્ઞાવિરાધીને ચતુર્ગતિ સંસાર અટવી પ્રત્યે પરિભ્રમણ કરતા હવા. એમ વર્તમાનકાળે સંખ્યાતા જીવ આજ્ઞા ખંડી વિરાધક પદ પામી,ચાર ગતિ સંસાર રૂપ અટવીમાં પરિભ્રમણ કરે છે, તેમજ આવતે કાળે અનંતા જીવ પરિભ્રમણ કરશે. અને એ બારે અંગ આરાધી ગયા કાળે અનંતા જીવ ચતુર્ગતિ સંસારને પાર પામ્યા–વર્તમાન કાળે સંખ્યાતા જીવ આજ્ઞા આરાધી ચતુર્ગતિ સંસાર અટવી ઉલ્લંઘે છે–એમ આગામી કાળે અનંતા જીવ દ્વાદશાંગી રૂપ જીનાજ્ઞા આરાધી ચારે ગતિ સંસાર રૂપ અટવી પ્રત્યે ઉલ્લંઘશે એમ નદીજી સૂત્રમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૧ મું—ઉવવાઇ સૂત્રમાં શું કહ્યું છે ?

ઉત્તર—શ્રી નદીજી સૂત્રમાં શ્રી તીર્થંકર મહારાજની પ્રરૂપેલી વાણી જે દ્વાદશાંગી રૂપ તે કઇ ભાષામાં છે તેનો ખુલાસો શ્રી ઉવવાઇ સૂત્રમાં જણાવ્યો છે કે–સૂત્ર પાઠઃ—

सव्वक्खर संणिवाईयाएं पुण रंचाए सव्व भासाणुगामिणीए सरस्सइए जोयण णीहारिणा सरिणं अद्धमागहाए भासाए भासंति अरिहा धम्मंपरिकहेइ तेसिं सव्वेसिं आयरियं मणायरियाणं आगिलाए धम्मं माइक्खइ सा विपणं अद्ध-

मागहा मासा तेसिं सव्वेसिं आयरिय मणायरियाणं अप्पणो स भासाए परिणामे णेणं परिणमंति.

અર્થઃ—સર્વ અક્ષરની સધિ યથાયોગ્ય મેળવીને, સંપૂર્ણ શબ્દે કરીને, સર્વ ભાષાને મળતી, ઘણી મીઠી એવી વાણીએ યોજન પ્રમાણે સંભળાય એવે સ્વરે, અર્દ્ધ માગધી ભાષાએ પરમેશ્વરે ધર્મકથા કહી (ભાષણ કર્યું) તે અર્દ્ધ માગધી ભાષા આર્ય અનાર્ય પોતપોતાની ભાષામાં સમજ્યા. અને છેવટે ઘણા જીવોને મહાફળની પ્રાપ્તિ થઇ.

પ્રશ્ન ૪૨ મું—શ્રી સમવાયાંગજી સૂત્રમાં શું કહ્યું છે?

ઉત્તર—સાંભળો-શ્રી સમવાયાગસૂત્રમાં ચોત્રીશ અતિશય અધિકારે ૨૨-૨૩ મા અતીશયમાં કહ્યું છે કે-મૂળ પાઠ—

भगवं चणं अद्धमागहाए भासाए धम्म माइक्खइ २२– सा वियणं अद्धमागहा भासा भासिज्जमाणी तेसिं सव्वेसिं आयरिय मणायरियाणं दुप्पय चउप्पय मिय पसिय सारीसिवाणं अप्पप्पणो हिय सिवमुह देसमासत्ताए परिणमइ ॥ २३ ॥

अथ टीका—अद्धमागही एचि । प्राकृतादीनां षणां भाषाविशेषाणां मध्ये या मागधा नाम भाषा रसोल शौ मागध्या मित्यादि लक्षणवती अतया-मिव स्वकीय समग्र लक्षणार्द्धमागधा खुच्यते ॥ तथा धर्मोख्याति तस्याएवाति कोमलत्वादि द्वाविंशः भासिज्जमाणीति भगवता भिद्यायमाना आयरियमणाय रियाणं आर्यानार्यदेशोत्पन्नानां द्विपदा मनुष्या अतुष्पदा गवादयः मृगा आटव्याः पशवो ग्राम्याः पक्षिणः प्रतीताः सरीसृपः उरपरिसर्पाः भुजपरिसर्पाश्चेति तेषां किमात्मन अनात्मनः आत्मीयया आत्मीयमेत्यर्थः भाषा तया भाषाभावेन परिणा-मितीति संबंधः किं भूतासौ भाषयेत्याहः हितमभ्युदयः शिवं मोक्षः सुखं श्रवण कालोद्भवमानं ददातीति हितशिवसुखदंति त्रयोविंशः ॥२२। २३ ॥ इति टीकायां—

એ પ્રમાણે મૂળ પાઠ તથા ટીકામાં કહેલ છે.

પ્રશ્ન ૪૩ મું—શિષ્ય-આપે મૂળ પાઠ તથા ટીકાથી જણાવ્યું પણ તેમાં તો સમજનારા સમજે પણ મારા જેવા થોડી બુદ્ધિવાળા કેવી રીતે સમજી શકે? માટે અમે સમજી શકીએ તેવી રીતે જણાવો.

ઉત્તર—સાંભળો-આચાર્યઃ—શ્રી તીર્થંકર ભગવંત અર્દ્ધ માગધી ભાષા એ ધર્મ પ્રરૂપે છે. તે અર્દ્ધ માગધી ભાષા પ્રાકૃત આદિ ષટ ભાષા

સહિત એવી અર્દ્ધ માગધી ભાષાએ અધિકતર પ્રકાશ કરતાં થકા આર્ય, અનાર્ય, મ્લેચ્છ આદિ બે પગવાળા વર્ગને પ્રકાશ કરે છે, અર્થાત્ મનુષ્ય વર્ગ તમામ પોતપોતાની ભાષામાં સમજી શકે છે. તેમજ મૃગ વગેરે અટવીમાં રહેનારા ચાર પગવાળા સિંહ, વ્યાઘ્ર, ગોશૃંગાળાદિ, તથા પક્ષી વર્ગ, તથા ઉરપર સર્પ, ભુજપર અર્થાત્ નકુલ આદિ વર્ગઃ સર્વ સમજી શકે છે. આપ આપણી વાણીમાં સૂક્ષ્મ બુદ્ધિએ કરી સમજણ શક્તિમાં પ્રકાશ કરે છે. એવી અર્દ્ધ માગધી ભાષાએ ભગવંતની વાણી આરાધક પદને દેનારી, મોક્ષ ફળને શીઘ્ર આપનારી થાય છે—અર્થાત્ આત્માને પરમ હિત ભણી કલ્યાણકારી થાય છે. ૨૨-૧૨૩॥-ઇતિ સમવાયાંગ સૂત્રં ॥

માટે ભગવંતે પ્રરૂપેલાં જે દ્વાદશાંગી સૂત્ર તેજ ગણધર મહારાજે ગુંથ્યાં છે. તેજ સૂત્રને " સમસુત " નંદીજીમાં કહેલ છે.—

इच्चेइयं दुवालसंगं गणिपिडगं चउदस्स पुव्विस्स समसुयं.

એ ઉપરથી જણાય છે કે ગણધર મહારાજનાં રચેલાં, સૂત્ર અર્દ્ધ માગધી ભાષામાં છે. નિઃસંદેહઃ—

પ્રશ્ન ૪૪ મું—શિષ્ય—અહો મહારાજ! ભાષાના સંબંધમાં અનેક મતભેદ જોવામાં આવે છે, પરંતુ આપ કૃપા કરી પ્રથમ તો ભાષા કેટલા પ્રકારની અને કેવા સ્વરૂપની ને કેટલી અને કેવા પ્રકારે માનવી વગેરે સ્વરૂપ કહી બતાવશો?

ઉત્તર—ગુરૂ—હે ભાઈ! ભાષા સંબંધીની વ્યાખ્યા ઘણીજ કઠીન છે, અને તેનું સ્વરૂપ સમજવું આકરૂં છે, તોપણ તે સંબંધે કેટલીક વાત પૂર્વે કહેવામાં આવી ગઈ છે. અને કેટલીક વાત વિશેષ જાણવા જેવી હોય તે પણ બતાવીએ છીએ, માટે તે વાત કહેવાની જરૂર જણાવાથી મારા જાણવામાં જેટલી વાત આવી છે તેટલી તને કહી બતાવું તે સાંભળ—

"જૈન હિતેચ્છુ" પુસ્તક ૬ ઠું-અંક ૪ થામાં-આઠ પ્રકારની ભાષા લખી છે, તેમાં છ પ્રકારની ભાષા નાટકમાં કહી તે કહી છે અને તે ઉપરાંત એક સંસ્કૃત, અને અર્દ્ધ માગધી એ બે ભાષા મેળવી ૮ પ્રકાર ભાષાના કહ્યા છે

[illegible] ૧૯૦૬માં—વાગ્ભટાલંકાર(પૃષ્ઠ [illegible]), [illegible] એ બે ભાષા પણ કહી છે. તે [illegible] ૧૨ [illegible]

ને પ્રશ્નવ્યાકરણસૂત્રમાં બાર પ્રકારની ભાષા પણ કહી છે. તે તમામ ભાષાનું સ્વરૂપ જાણવું જોઇએ.

તેમાં સંસ્કૃત ભાષાના ત્રણ પ્રકાર કહ્યા. સંસ્કૃત, સમસંસ્કૃત ને મહાસંસ્કૃત.

પ્રાકૃતના બે ભેદ, પ્રાકૃત ને અતિપ્રાકૃત.

માગધીના પણ બે ભેદ, માગધી ને અર્દ્ધમાગધી.

એટલી ભાષાનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઇએ.

પ્રશ્ન ૪૫ મું—શિષ્ય-સંસ્કૃતના ત્રણ પ્રકાર શી રીતે સમજવા?

ઉત્તર—સાંભળો-સંસ્કૃત ભાષાના ભાગવતાદિ ૧૮ પુરાણ, કાવ્ય, કોષ વગેરે ઘણાં શાસ્ત્ર સંસ્કૃતમા છે. કે જેની ટીકા વિના સમજવું મુશ્કેલ પડે છે-સમસંસ્કૃત તે સંસ્કૃતમાં પ્રાકૃત ભળવાથી સરલપણે સમજાય તેવા ગદ્ય પદ્ય અને મહાસંસ્કૃત તે વેદનું સંસ્કૃત કહેલ છે તે સમજવું ઘણુંજ કઠીન હોય છે.

પ્રશ્ન ૪૬ મું—પ્રાકૃત ભાષાના બે ભેદ શી રીતે છે?

ઉત્તર—પ્રાકૃત ભાષા તેના બે પ્રકાર છે. જૈન સૂત્ર વિના એટલે તીર્થંકરના ભાંખેલા અર્થના સમાવેશ વિના તેવીજ ભાષામાં કોઇ આચાર્યે ગદ્યપદ્યમાં બનાવેલા ગ્રંથ તેને પ્રાકૃત ભાષા માને છે-અતિ પ્રાકૃત તે ચાલુ દેશ ભાષા-જેવી કે હિંદુસ્તાની, ગુજરાતી, મરાઠી વગેરે કહી છે, અને કેટલાક શુદ્ધ ગુજરાતી ભાષાને પણ પ્રકૃત ભાષા કહે છે.

અન્યમતનાં શાસ્ત્ર જે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ મિતાક્ષરા ટીકામાં જે શ્લોક છે તે સંસ્કૃત મૂળ લખેલ છે, અને નીચે અર્થ છે તે પ્રકૃત મૂળ લખેલ છે.

ધર્મસિંધુ ગુજરાતી ભાષાંતરની પ્રસ્તાવના પાને ૧-૩-જે ગુજરાતી ભાષાંતરને પ્રાકૃત કહેલ છે. (ગ્રંથનું નામ દરેક પાને મથળે ધર્મસિંધુઃ પ્રાકૃત ભાષાંતર સહિત) એ પ્રમાણે કહેલ છે.

મહાભારત (અઢારે પર્વ) ગુજરાની ભાષામાં રચેલું છે. તેમાં આદિપર્વમાં ગાથા_૫ મીથી નીચે પ્રમાણે લખેલ છે.

મહાભારત ઉપરથી લઈ, સારસાર નિરધાર;
પ્રાકૃત ભાષામાંહી રચુંછું, પદબંધી વિસ્તાર.

પ્રભુનાં ગુણ પ્રાકૃત ભાષામાં, લખેલા પણ સંભળાય;
જેમ ઘી ગુદતણા ઘરનું, પણ આશ્રગુણથી ખવાય. ૨
પ્રભુના પદને પ્રાકૃત સમજે, તે તો નર્કે જાય;
તે માટે શ્રોતા સાંભળવી, શ્રી હરીની લીલાય. ૩

વળી સહજાનંદની શિક્ષાપત્રીમાં શ્લોક ૬૫મેં કહ્યું છે કે—

संस्कृत प्राकृत ग्रंथा, भ्यासश्चापि यथा मति ;

વિષ્ણુમતમાં જૈન શાસ્ત્રની શૈલીનાં શાસ્ત્ર વપરાતાં નથી, એ ઉપરથી એમ જણાય છે કે સંસ્કૃત પ્રાકૃત ગ્રંથનો અભ્યાસ કરવા સહજાનંદજીએ તેમની શિક્ષાપત્રીમાં છૂટ આપી છે તે પ્રાકૃત ગ્રંથ ગુજરાતી દેશી ભાષા માટેજ છે એમ જણાય છે.

ઉપરના તમામ દાખલા ઉપરથી એમ સિદ્ધ થાય છે કે શુદ્ધ ગુજરાતી ભાષાને પણ પ્રાકૃત ભાષા કહેવાય છે.

પ્રશ્ન ૪૭ મું—શિષ્ય-માગધી ભાષાના બે પ્રકાર શી રીતે?

ઉત્તર—માગધી ભાષા તે-બૌદ્ધધર્મનાં શાસ્ત્ર માગધી ભાષામાં છે. અર્દ્ધ માગધી ભાષા તે-જૈન સૂત્ર અર્દ્ધ માગધી ભાષામાં છે, જેની અંદર તીર્થંકર મહારાજની અર્થરૂપે પ્રરૂપેલી વાણીનો સમાવેશ ગણધર મહારાજે કરી ગદ્યપદ્યમાં ગુંથણા કરી છે તે.

પ્રશ્ન ૪૮ મું—શિષ્ય—પ્રશ્નવ્યાકરણમાં બાર પ્રકારની ભાષા શી રીતે કહી છે?

ઉત્તર—સાંભળો-છાપેલા બાબુવાળા-પ્રશ્નવ્યાકરણ પાને ૩૮૨ મેં સૂત્રપાઠ.—

दुवालस विहाय होइ भासा, वयणंपिय होइ सोलस विहं एवं अरहंत मणुणायं समाविसयं सजएण कालंमिय वतव्वं.

અથ ટીકા—द्वादशविधा भवति भाषा तथा च प्राकृत संस्कृत भाषा, मागध पिशाच सूरसेनी च ; षष्ठोत्र भूरि भेदो देशविशेषादपभ्रंशः १ इयमेव षट्विधा भाषा गद्यपद्यभेदेन भिद्यमाना द्वादशधा भवतीति.

તદનંતર ઇંહાં સોળ પ્રકારનાં વચન કહીને કહ્યું કે:—

अर्हदनुज्ञातं समीक्षितं बुद्धापर्यालोचितं संयतेन संयमवता काले चावसरे वक्तव्यं इती टीका :—

અથ: ભાષા-ભાષાના બારહ ભેદ જાણવા, વચન ગુણ દોઇ સોળે પ્રકારે જાણવો એણી પરે તીર્થંકરે અનુજ્ઞા દીધી છે. આલોચીને ચારિત્રીયો અવસરે બોલવો.

પ્રશ્ન ૪૯ મું—શિષ્ય-આ ઉપરના પાઠ ઉપરથી કોઇ એમ કહે કે-માગધી ભાષા મુનિને ઉત્સર્ગ માર્ગે બોલવી ચાલી નથી તેનું કેમ?

ઉત્તર—એમ કોઇ બોલે તેના જવાબમાં એટલુંજ કહેવું બસ છે કે-તમોએ સૂત્રની ભાષાને પ્રાકૃત ભાષા માની છે. તો તે પણ ભણવું ફેરવવું, વારંવાર પઠન કરવું, પૂર્ણ શક્તિ ફોરવવી, ઉપદેશ કરવો વગેરે તમામ બંધ પડશે. તમારાથી સૂત્રની સઝાય વારંવાર થાશેજ નહિ, તે ઉપરાંત વ્યાકરણ આદિ ભણી શકશોજ ક્યાંથી? તમારૂં વાક્ય તમનેજ બંધનકર્તા થયું.

સૂત્રને મતે તે છએ ભાષા લૌકિક પક્ષની છે, અને લોકોત્તર પક્ષની તો એક અર્દ્ધમાગધી ભાષાજ છે. માટે અર્દ્ધમાગધી ભાષાના સૂત્ર ઉત્સર્ગ માર્ગે વારંવાર ભણવાં ફેરવવાં ઉપદેશ પણ ધોક માર્ગે કરવો અને તેનાં મહાફળ પણ ભગવંતે કહ્યાં છે. માટે સૂત્રની ભાષા સિવાય સંસ્કૃત, પ્રાકૃત, માગધી વગેરે છએ ભાષા ઉત્સર્ગ માર્ગે બોલવી નહિ એમ કહ્યું. કદાપિ કોઇ અવસરે બોલવું પડે તો મુનિએ કાળ અવસરનો વિચાર કરીને આલોચીને બોલવું. એવી ભગવંતની આજ્ઞા છે. માટે અર્દ્ધ માગધી ભાષાનાજ સૂત્રની ભગવંતે ઉત્સર્ગ માર્ગે આજ્ઞા આપી છે. અને સૂત્ર અર્દ્ધ માગધી ભાષામાં છે. એમ આ ઉપરના પાઠથી સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૫૦ મું—પૂર્વપક્ષી-ભગવંતે અર્દ્ધ માગધી ભાષામાં પ્રરૂપણા કરી, એવો તો સૂત્રનો પાઠ છે, પણ જ્યારે ગણધર મહારાજે સૂત્ર ગુંથ્યાં ત્યારે અર્દ્ધ માગધી ભાષામાંજ ગુંથ્યાં એવો પાઠ કોઈ સૂત્રમાં જણાતો નથી તેનું કેમ?

ઉત્તર—પ્રાકૃત ભાષામાં સૂત્ર ગણધર મહારાજે ગુંથ્યાં એવો કયા સૂત્રનો પાઠ છે તે કહો?

પ્રશ્ન ૫૧ મું—પૂર્વપક્ષી-એવો પણ પાઠ નથી.

ઉત્તર—તો થયું. મતમાં જે દોષ તે કબુલ કરો. જો અર્દ્ધ માગધી ભાષામાં સૂત્ર ગુંથ્યાનો પાઠ નથી, પણ સૂત્રના ન્યાયથી સૂત્ર અર્દ્ધ માગધી ભાષામાંજ છે, અને તીર્થંકર મહારાજના પ્રરૂપેલાં વચન તેમંજ રહ્યાં છે.

અને ભગવંતે અર્દ્ધ માગધી ભાષાએ અર્થરૂપે પ્રરૂપેલી વાણી તેજ ગણધર મહારાજે સૂત્રમાં ગુંથેલ છે.

પ્રશ્ન ૫૨ મું—પૂર્વપક્ષી–એવું તમે સાબિત કરી આપશો?

ઉત્તર—હા, શામાટે નહિ કરી આપીએ ખુશીથી કરીશું.

પ્રશ્ન ૫૩ મું—પૂર્વપક્ષી–સૂત્રના ન્યાયથી સાબીત કરી આપો તો અમારે કબુલ છે.

ઉત્તર—ત્યારે સાંભળો, ને એક વચને રહેજો. અનુયોગદ્વાર સૂત્ર ખાણુવાળા છાપેલ પાને ૫૨૯ મે કહ્યું છે કે–ગાથા–

अत्थं भासई अरहा, सुत्तं गंथंति गणहरा निउणं;

सासणस्स हिअट्ठाए, तउ तित्थं पवत्तइ. ॥ १ ॥

અર્થ—અર્થરૂપે સૂત્ર પ્રરૂપ્યાં અરિહંત ભગવંતે, તે સૂત્રરૂપે (ગદ્યપદ્ય રૂપે) ગુંથ્યાં નિપુણ એવા ગણધર મહારાજે. શામાટે? શાસનના હિતના અર્થે તેજ સૂત્ર તીર્થને વિષે પ્રવર્તે છે.

અહિંયાં તો એમ કહ્યું કે જે સૂત્ર અર્થરૂપે તીર્થંકર મહારાજે પ્રરૂપ્યાં, તે સૂત્ર રૂપે ગણધર મહારાજે ગુંથ્યાં અને તેજ સૂત્ર ભગવંતનું શાસન રહેશે. અર્થાત્ ભગવંતનું તીર્થ રહેશે ત્યાં સુધી પ્રવર્તશે અને હાલ જે પ્રવર્તે છે તે પણ તેજ સૂત્ર છે.

પ્રશ્ન ૫૪ મું—પૂર્વપક્ષી–ભગવંતે અર્થરૂપે પ્રરૂપ્યું અને ગણધરે સૂત્ર ગુંથ્યાં તે વાત તો ખરી છે, પણ ભગવંતે જે અર્થ, જે ભાષાએ પ્રરૂપ્યા તેજ ભાષા તેજ અર્થ આ સૂત્રમાં દાખલ કર્યા છે એમ કેમ કહેવાય?

ઉત્તર—શા માટે ન કહેવાય? કોઇ માળાગારે (માળીયે) પંચ વરણાં ફુલનો પુંજ તેના દીકરા પાસે કર્યો અને તેના દીકરાએ તે ફુલનો હાર ગુંથ્યો. જો કે હાર ગુંથનારનો ધર્મ એટલો વિશેષ છે કે જ્યાં જેવાં ફુલ જોઇએ ત્યાં તેવાં ફુલ ગોઠવે. જ્યાં ગાંઠ વાળવી પડે ત્યાં ગાંઠ વાળે, જ્યાં જ્યાં જેવો પ્રકાર જોઇએ ત્યાં ત્યાં તેવાં ફુલને ગોઠવે, એટલે 'તે ફુલનો હાર કહેવાણો', પરંતુ ફુલને હાર કાંઇ જુદાં નથી.

એ ન્યાયે તીર્થંકર મહારાજે અર્દ્ધમાગધી ભાષાએ જે અર્થરૂપે સૂત્રની પ્રરૂપણા કરી, તેજ અર્થ સૂત્રરૂપે ગદ્યપદ્યમાં ગુંથ્યા, અને જ્યાં જેવો ભાવ જોઇએ ત્યાં તે ભાવ દાખલ કર્યો. કોઇ કોઇ ઠેકાણે જોતાં

અલંકાર પણ ગોઠવ્યા, એટલે ભગવંતના પ્રરૂપેલા અર્થ ગોઠવતાં તેની સંધિ મેળવવા ગણધર મહારાજે પણ કેટલીક પૂર્ણા કરી હોય તે પણ સૂત્રજ કહેવાય, જેવી ભાષા ભગવંત બોલે તેવીજ ભાષા ગણધર મહારાજ બોલવા સમર્થ છે, એમ ઠાણાંગ સૂત્ર તથા ઉવવાઈ સૂત્ર જણાવે છે.

પ્રશ્ન ૫૫ મું—ઠાણાંગ તથા ઉવવાઇ સૂત્રમાં શું કહ્યું છે?

ઉત્તર—સાંભળો-ઠાણાંગ સૂત્ર તથા ઉવવાઈ સૂત્રમાં નીચે પ્રમાણે કહ્યું છે કેઃ—

दुवालसंडगिणो समत्त गणिपिडगधरा सव्वडक्खर संणिवाइणा, सव्व-मासाऽणुगामिणो, अजिणाजिणसंकासा, जिणा इव अवितहं वागरेमाणा.–

અહિંયાં-ગણધર દેવને માટે કહ્યું છે કે-બાર અંગના જાણનાર, સમસ્ત આચાર્યને સિદ્ધાંતરૂપ પટારો તેહના ધરણહાર, સર્વ અક્ષરના મેલણહાર-એકઠા કરીને ઉચરવા સમર્થ, સર્વ ભાષા આર્ય અનાર્ય દેવતા દેવીના તથા સંસ્કૃત પ્રાકૃતાદિ ભાષાના પારગામી, રાગ દ્વેષ જીત્યા નથી પણ જીત્યા એહવા જિન વીતરાગ સરિખા છે, જિન વીતરાગની પરે યથા તથ્ય બોલનારા. અર્થાત્ ઉત્તર પ્રત્યુત્તર કરનારા તથા યથા તથ્ય ભાષાના બોલનારા એવા ગણધર મહારાજને કહ્યા છે.

એ ઉપરથી સિદ્ધ થાય છે કે ગણધર મહારાજે જે જે સૂત્ર ગુંથ્યા છે તે તીર્થંકર મહારાજની પ્રરૂપેલી અર્દ્ધમાગધી ભાષાએ અર્થરૂપે તેજ તે સૂત્ર છે. ફુલ અને ફુલના હારના ન્યાયવત્.–આ વિષે પંડિત લાલન પણ સારો અભિપ્રાય આપે છે.

પ્રશ્ન ૫૬ મું—પંડિત લાલન આ વિષે શું જણાવે છે?

ઉત્તર—સાંભળો-"જૈન માર્ગ પ્રવેશિકા." જૈન ધર્મ પ્રશ્નોત્તર-યોજક લાલન-વીરાત્ ૨૪૩૧-સને ૧૯૦૫ માં-મુંબાઈ છપાયું છે.-તેના પાને ૨ જે-પાઠ ૩ જો-પ્રમાણ ગ્રંથો-ભાગ ૧ લો-તેમાં સવાલ-૭ મે-લખે છે કે-જૈન ધર્મનું મૂળ શું છે? તેના જવાબમાં લખે છે કે-જૈન ધર્મનું મૂળ તેનાં સૂત્રો છે, તેમાં રહેલી બીના જિન ભગવાન્ શ્રી મહાવીર સ્વામીએ કહી બતાવી, તે સાંભળીને તેમના શિષ્ય શ્રી સુધર્મ સ્વામીએ સૂત્રોમાં ગોઠવી. (એમ લાલનનું કહેવું છે.) અને ઠાણાંગજી પણ સૂત્રના બે ભેદ કહે છે.

પ્રશ્ન ૫૭ મું—ઠાણાંગજી સૂત્રના બે ભેદ કેવી રીતે જણાવ્યા છે?

ઉત્તર—ઠાણાંગજી સૂત્રના ઠાણે ૨ જે-ઉદ્દેશે ૧ લે-એ પ્રકારના શ્રુત ધર્મ કહ્યા છે તે એ કે-

सुयधम्मे दुविहे पन्नत्ते तं जहा सुत्तसुयधम्मे चेव, अत्थसुयधम्मे चेव.

અર્થ—શ્રુત ધર્મ બે પ્રકારે કહ્યા તે કહે છે. સૂ. જેહમાં અર્થ ગુંથ્યા છે ગણધરે, તે સૂત્રને શ્રુત ધર્મ કહીએ એટલે સૂત્ર પાઠ, ગદ્યપદ્યમાં જે ગુંથેલા છે તે. અ. અર્થ શ્રુત ધર્મ તે જે ભગવંતે અર્થ ભાખ્યો તે અર્થ શ્રુત ધર્મ. अत्थं भासइ अरहा, सुयं रचयंति गणहरा निऊणा.- વળી અનુયોગદ્વારમાં પણ તેજ પ્રમાણે જણાવે છે.

પ્રશ્ન ૫૮ મું—અનુયોગદ્વારજી સૂત્રમાં શું કહ્યું છે તે પણ જણાવશો?

ઉત્તર—અનુયોગદ્વારજી સૂત્ર ભાષાવાળા છાપેલ પાને બીજે કહ્યું છે કે-અર્થ થકી શ્રી તીર્થંકરે-સૂત્ર થકી શ્રી ગણધરે-પ્રરૂપ્યો એણે વચને સૂત્ર કર્ત્તાએ આપણા મનની ઇચ્છા પરિહરી, 'આપણા મનની ઇચ્છાયે' કહેતાં શ્રી અરિહંતાદિકને આશાતના થાય. (ઇતિ.)

વિચાર કરો કે ભગવંતે અર્દ્ધમાગધીમાં કહેલ તે ગણધર પ્રાકૃતમાં કેમ કહે? વળી ગણધર ચાર વેદના પારગામી હતા છતાં સંસ્કૃતમાં સૂત્ર રચ્યાં નહિ તેનું શું કારણ? અને સંસ્કૃતમાં સૂત્ર રચવા સિદ્ધસેને આગ્રહ કરવાથી તેને ગચ્છ બહાર મૂકયા માટે તેનું પણ કાંઇક વિશેષ કારણ હોવું જોઇએ. એ ઉપરથી એમ ખુલ્લું જણાય છે કે સંસ્કૃત તથા પ્રાકૃતાદિ ભાષામાં સૂત્ર રચતા ભગવંતની પ્રરૂપેલી આર્ય અર્દ્ધમાગધી ભાષાને કાંઇક અપમાન લાગવા જેવું હોવું જોઇએ. આ વિષે આત્મારામજીએ પણ સારું લખાણ કર્યું છે.

પ્રશ્ન ૫૮ મું—આત્મારામજી મહારાજ શું જણાવે છે?

ઉત્તર—એ વિષે પિતામ્બરી આત્મારામજી કૃત "જૈન તત્ત્વાદર્શ" ભાગ ૨જો-એ નામના ગ્રંથમાં "બારમો પરિચ્છેદ" તેના પાને ૩૨૩મે કહે છે કે:-

એક વખત સિદ્ધસેનજીએ સર્વ સંઘને એકઠો કરી કહ્યું કે, સર્વ આગમોને સંસ્કૃત ભાષામાં રચી દેવાની મને અભિલાષા ઉત્પન્ન થઇ છે. ત્યારે સંઘે ઉત્તર આપ્યો કે શું તીર્થંકર અને ગણધર સંસ્કૃત ભાષા જાણતા નહોતા? તેઓએ તો અર્દ્ધમાગધી ભાષામાં આગમો રચ્યાં છે. વળી તમો આવી રીતની અભિલાષા રાખો છો તેથી આપને પારાંચિક નામનું પ્રાયશ્ચિત લાગે છે. આપ પોતે શાસ્ત્રોક્ત રીતિ અનુસાર વિચાર

કરો, આપ સમાન સમર્થ પુરૂષને અમે વધારે કહેવા અસમર્થ છીએ. આ સાંભળી સિદ્ધસેને વિચાર કરી જણાવ્યું કે ત્યારે તો હવે હું મૌન ધારણ કરી, બાર વર્ષનું પારાંચિક પ્રાયશ્ચિત લઈ, ગુપ્ત રીતે મુખવસ્ત્રિકા, રજોહરણાદિ લિંગ રાખી, અવધૂત રૂપ ધારણ કરી ફરીશ. એ પ્રમાણે કહી ગચ્છનો ત્યાગ કરી અનેક નગરમાં વિચરવા લાગ્યા. આ ઉપરના લખાણને ચારિત્રવિજયજી પુરતો ટેકો આપે છે.

પ્રશ્ન ૬૦ મું—આ વિષય ઉપર ચારિત્રવિજયજી શું જણાવે છે?

ઉત્તર—તેમજ વળી "જૈન" પત્ર-પુસ્તક પમું-મુંબાઈ-રવિવાર-તા. ૪થી ઑગસ્ટ સને ૧૯૦૭-અષાડ વદ ૧ વીર સંવત ૨૪૩૩ (અંક ૧૮મો) તેમાં પાને પ૭-મુનિ વિચાર મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયનું વ્યાખ્યાન, (એ નામનો લેખ) તેમાં કોલમ ૨ જે કહ્યું છે કે—

સિદ્ધસેન દિવાકર વિક્રમના સમયમાં થઈ ગયા તે બહુ ભણેલા હતા. વિદ્યાના ગર્વને લીધે તેમને ફક્ત નવકારનાં પાંચ પદને સંસ્કૃત રૂપમાં ફેરવી નાખ્યા અને પીસ્તાલીસે આગમ સંસ્કૃત ભાષામાં ફેરવી નાખવા ઇચ્છા દર્શાવી. માગધી ભાષાને ન્યૂન ગણી સંસ્કૃતમાં ફેરવી નાખવાના તેમના નિશ્ચયને ગુરૂએ તેનો જ્ઞાન ગર્વ માન્યો અને તેમને સંઘ બહિષ્કૃત કર્યા. (ઇતિ)

એમ હોય તોજ ગણધર મહારાજ બીજી ભાષાને હાથ નહિ ધરતાં અર્દ્ધ માગધી ભાષામાંજ સૂત્ર રચ્યાં એમ સિદ્ધ થાય છે. આ વિષે શ્રી ભગવતીજીની પ્રસ્તાવના સારો ખુલાસો આપે છે.

પ્રશ્ન ૬૧ મું—શ્રી ભગવતીજી સૂત્રની પ્રસ્તાવનામાં શું કહ્યું છે?

ઉત્તર—શ્રી ભગવતીજીની પ્રસ્તાવનામાં પાને ૩-૪ થે કહ્યું છે કે ચોવીસમાં તીર્થંકર મહારાજે જૈસા કહા ઉનકે પાંચમે ગણધર આર્ય સુધર્મ સ્વામીને શ્રી શ્રમણ સંઘ ઔર આપની સન્તતિકે લિયે સૂત્ર રૂપસે સંકલિત કિયા હૈ.-(ઇતિ.)

એટલે જેમ સાંકળના કડાં જુદાં જુદાં હતાં તે તેને એક બીજામાં ગોઠવી સાંકળ બનાવી, પરંતુ સાંકળ ને સાંકળનાં કડાં જુદાં નહિ. તેમ શ્રી ભગવંતની ભિન્નભિન્ન વાણીને ગણધરે સંકલિત કરી, સૂત્ર ગુંથ્યાં, તે ગણધરની ગુંથણીને ભગવંતની વાણી જુદી નહિ.

પ્રશ્ન ૬૨ મું—શ્રી ભગવંતની વાણી અને ગણધરનાં રચેલાં સૂત્રને આગમમાં કેવી રીતે ગણ્યાં?

ઉત્તર—શ્રી અનુયોગદ્વારજી સૂત્રમાં કહ્યું છે કે-ભગવંતે અર્થરૂપે જે ગણધરને સૂત્ર આપ્યું તે ભગવંતને "અત્તાગમ," અને ગણધરને તે સૂત્ર "અનંતરાગમ," અને તેમના શિષ્યો તે સૂત્ર "પરંપરાગમ." તેમજ ભગવંતની પાસેથી અર્થરૂપે મળેલા સૂત્રને ગણધરે ગદ્યપદ્યમાં ગુંથણી કરી તે સૂત્ર ગણધરને "અત્તાગમ," તેમના શિષ્યોને "અનંતરાગમ, અને તેમના પટ્ટ શિષ્યોને એટલે શિષ્યના શિષ્યોને "પરંપરાગમ." કે જે સૂત્ર દેવર્દ્ધિ ક્ષમા શ્રમણે લખાણમાં લીધાં અને અત્યારે પ્રવર્તે છે, તેજ પરંપરા આગમ છે, કે જેમાં સૂત્ર આગમ, અર્થ આગમ અને તદુભયા આગમનો સમાવેશ થાય છે.

પ્રશ્ન ૬૩ મું—આ ત્રણ પ્રકારનાં આગમનો સમાવેશ સુત્રમાં કેવી રીતે લાગુ થાય છે?

ઉત્તર—ગણધરે ગદ્યપદ્યમાં રચ્યું તે "સુત્રાગમ," તેમાં ભગવંતના અર્થરૂપે અદ્ધ માગધી ભાષામાં પ્રરૂપેલા ભાવને સૂચવ્યા તે "અર્થાગમ," અને અર્થ ગર્ભિત સૂત્ર જે દ્વાદશાંગી વાણી પ્રમુખ તે "તદુભયાગમ."

વિચારો કે ભગવંતે અર્થરૂપે પ્રરૂપેલું તે જંબુસ્વામીને "પરંપરાગમ" થયું. અને સુધર્મ ગણધરે સૂત્રરૂપે વાંચણી આપી તે જંબુસ્વામીને "અનંતરાગમ" થયું. જો તે સૂત્રની અંદર ભગવંતની અર્થરૂપ વાણી ન હોત તો તેને "પરંપરાગમ" કયાંથી કહેવાત? અર્થાત્ નજ કહેવાત. પરંતુ તે સૂત્રમાં ભગવંતના પ્રરૂપેલા અર્થ રહ્યા છેજ, તોજ જંબુસ્વામીને "પરંપરાગમ" હશે અને બત્રીશ પ્રકારની અસજ્ઝાય ટાળી સજ્ઝાય કરવાવાળાને "સુત્તાગમે, અત્થાગમે, તદુભયા ગમે." એ ત્રણે આગમની આશાતના ટળશે.

પ્રશ્ન ૬૪ મું—અહિંયાં કોઇ એમ કહે કે આ સૂત્રમાં ભગવંતના પ્રરૂપેલા અર્થ નથી તેનું કેમ?

ઉત્તર—તો પછી તેને એક સૂત્ર આગમજ રહ્યું, માટે તેને પ્રતિક્રમણમાં "સુત્તાગમે, અત્થાગમે, તદુભયાગમે," એ કહેવું નકામું છે એટલું જ નહિ પણ તેનાથી એવી તો વ્યાખ્યા થાશેજ નહિ કે સૂત્રમાં તીર્થંકર મહારાજ આમ કહી ગયા છે. જો સૂત્રમાં તીર્થંકરની વાણી નથી, તો એ પ્રમાણે કહેવાથી જૂઠ લાગે એમ ઠરે. માટે તીર્થંકરની વાણીના તથા સૂત્રના શ્રદ્ધાળુ તથા આસ્તિકને આ વાત કહી રૂચવી નથી કે સૂત્રની અંદર ભગવંતની વાણી નથી અથવા ત્રણ પ્રકારનાં આગમ ન માનવાં. અર્થાત સૂત્રમાં એ તમામ વાત મોજુદ છે.

પ્રશ્ન ૬૫ મું—સૂત્રમાં, કોઇ એવો દાખલો છે કે આ નિર્ગ્રંથ પ્રવચન-હાલ જે વર્તે છે તેજ સાચાં છે?

ઉત્તર—હા, જી, સાંભળો-આવશ્યક સૂત્રમાં ચોકખું કહ્યું છે કે-

उस्समाइ महावीर पज्जवसगाणं इणमेव निगंथं पावयणं सच्चं.

ઋષભદેવ આદિ તીર્થંકરથી માંડી મહાવીર ચર્મ તીર્થંકર પર્યંત દ્વાદશાંગી સૂત્ર જે નિર્ગ્રંથ પ્રવચન તે સાચાં છે. એટલે મહાવીર દેવના શાસનના છેડા સુધી જે સૂત્ર રહેશે તે નિર્ગ્રંથ પ્રવચન કહેવાશે એમ સૂત્ર સાક્ષી આપે છે. એટલુંજ નહિ પણ પહેલા તીર્થંકરના શાસનથી માંડી છેલ્લા તીર્થંકરના શાસનના છેડા સુધીમાં જે જે સૂત્રનો વિચ્છેદ જવાનો અધિકાર ચાલ્યો છે, તે પણ કાળ માન સાથે ભગવતીજી સૂત્રમાં દાખલ કરેલ છે.

જો આ સૂત્ર ભગવંતનાં પ્રરૂપેલાં ન હોત તો તે પણ સૂત્રમાં દાખલ હોત, પણ તે વાત તો છેજ નહિ. માટે અંતર દૃષ્ટિથી વિચારીશું તોજ સમજાશે

પ્રશ્ન ૬૬ મું—પૂર્વપક્ષી-હાલ જે બત્રીશ સૂત્ર વર્તે છે તેજ તીર્થંકરનાં પ્રરૂપેલા અને ગણધરનાં ગુંથેલાં અને તેમાં ભગવંતના પ્રરૂપેલા અર્થ છે એવી શી ખાત્રી થાય છે?

ઉત્તર—વાહ જી વાહ! હવે એટલું સમજાય એટલે બસ છે ના? ઠીક લ્યો સાંભળો-અનુયોગદ્વાર સૂત્ર બાબુવાળા છાપેલ પાને ૩૩૦ મે-કહ્યું છે કે-સૂત્ર પાઠ.-

अम्भुओ रसो अहा, अम्भु अतर मिहएतो अवं किंमत्थि जीव लोगंमि; जं जिणवयणे अत्था, तिकालजुत्ता मुणिज्जंति. ॥ ७ ॥

અથ ભાષા-છદ્ર કહતાં એ જીવ લોકને વિષે અદ્ભુત રસ અદ્ભુતતર અત્યન્ત આશ્ચર્યકારક વસ્તુ એ તો કહેતાએ શ્રી જિન વચનથી કિમન્યદસ્તિ કિસ્યું અનેરો છે એટલે નાસ્ત્યીન્યર્થઃ કિસ્યા ભણીજ કહેતાં જે ભણી શ્રી જિન વચનને વિષે અર્થ કહેતાં જીવાદિક પદાર્થઃ સૂક્ષ્મ દૂર તરિત અતિન્દ્રિયાદિક રૂપ તથા અતીતાનાગત વર્તમાન રૂપ ત્રિકાલ યુક્ત પણિ મુણિજ્જંતિ જાણીએ.

એટલે એવા અદ્ભુત રસ જિન વચન-અર્થને વિષે મુનિ ત્રણે કાલ રહ્યા છે, એમ કહ્યું. માટે વિચાર કરો કે તે અર્થ રૂપે સિદ્ધાંત નહિ તો બીજું શું કહીશું કે ત્રણે કાળ મુનિ જુગતા રહે? અર્થાત્ ત્રણે કાલ મુંન

જુત્યા રહે છે તેજ સૂત્ર આ, કે જેમાં ભગવંતની પ્રરૂપેલી અર્થ સહિત વાણી રહી છે તેજ આ સૂત્ર.

પ્રશ્ન ૬૭ મું—સૂત્રનાં કેટલાં નામ છે?

ઉત્તર—સૂત્રનાં દશ નામ છે.

પ્રશ્ન ૬૮ મું—સૂત્રનાં દશ નામ કયાં કયાં? અને કયા સૂત્રમાં કહ્યાં છે?

ઉત્તર—શ્રી અનુયોગદ્વારસૂત્ર-આગુવાળા-છાપેલ પાને ૯૯મે-શ્રી ગણધર મહારાજનાં રચેલાં સૂત્રનાં દશ નામ કહ્યાં છે. તે ગાથા—

सुय, सुत्त, गंथ, सिद्धंत, सासण, आणाति, वयण, उवएसे ॥
पन्नवण, आगमेय, एगट्ठापज्जवासुत्ते ॥ १ ॥

અર્થઃ—શ્રુત ૧, સૂત્ર ૨, ગ્રંથ ૩, સિદ્ધાંત ૪, શાસન ૫, આજ્ઞાઇ ૬, વચન ૭, ઉપદેશ ૮, પ્રજ્ઞાપના ૯ અને આગમ ૧૦. સૂત્રને વિષે એટલાં એ ૧૦ નામ પર્યાયવાચી જાણવાં.

પ્રશ્ન ૬૯ મું—પહેલો બોલ સુય શ્રુત કહ્યો તે શ્રુત કોને કહીએ?

ઉત્તર—સાંભળો-જે પ્રમાણે ભાષામાં કહ્યું છે તે જણાવીએ છીએ. (૧) સુય શ્રુત-ગુરૂની સમીપે સાંભળીએ તે શ્રુત કહીએ. (તીર્થંકરની સમીપે ગણધરે જે અર્થ રૂપે સાંભળ્યું તે શ્રુત. ॥ ૧ ॥

પ્રશ્ન ૭૦ મું—બીજે બોલે સુય સૂત્ર કહ્યું તે સૂત્ર શી રીતે કહ્યું?

ઉત્તર—બીજો બોલ સૂત્રનો કહ્યો, તે અર્થના સૂચવવા થકી સૂત્ર કહીએ. (ભગવંતે પ્રરૂપેલા અર્થને ગણધરે સૂત્રમાં સૂચવ્યા માટે સૂત્ર કહીએ) ॥ ૨ ॥

પ્રશ્ન ૭૧ મું—ત્રીજે બોલે ગ્રંથ-ગ્રંથ કહ્યો તે શી રીતે?

ઉત્તર—(૩) ત્રીજો બોલ ગ્રંથ-ગ્રંથનો છે તે વીખરેલા અર્થના ગુંથવા થકી ગ્રંથ કહીએ, (ભગવંતની અર્થ રૂપે નિકળેલી છુટી છુટી વાણી તેને એકઠી કરી ગ્રથન. ગુંથી માટે ગ્રંથ કહીએ. ॥ ૩ ॥

પ્રશ્ન ૭૨ મું—ચોથે બોલ સિદ્ધાંતનો કહ્યો તે શી રીતે?

ઉત્તર—(૪) ચોથે બોલે સિદ્ધાંત-તે સિદ્ધ કરેલું પ્રમાણને વિષે [illegible] અને તેહને અંત કરેલું નિશ્ચય જે જ્ઞાનનો પર્યંતગામી તેહને [illegible] તેને સિદ્ધાંત કહીએ. ॥ ૪ ॥

પ્રશ્ન ૭૩ મું—પાંચમે બોલે શાસન કહ્યું તેનો શો અર્થ ?

ઉત્તર—(૫) પાંચમે બોલે સાસણ-શાસન તે મિથ્યાત્વ અવિરતિ કષાયાદિકે પ્રવર્ત્તતા જીવને શિખવાથી શાસન કહિયે તથા "પવયણં એહવો પાઠાન્તર" તેહનો એ અર્થ કહેતાં પ્રશસ્ત અથવા પ્રથમ જે વચન તે પ્રવચન કહિયે. ॥ ૫ ॥

પ્રશ્ન ૭૪ મું—છઠ્ઠે બોલે આજ્ઞાપ્તિ એટલે શું ?

ઉત્તર—(૬) છઠ્ઠે બોલે આણત્તિ-આજ્ઞાપ્તિ તે મોક્ષના અર્થ ભણી જીવને આજ્ઞા દીજે તેહે કરી તે ભણી આજ્ઞાપ્તિ કહીયે. ॥ ૬ ॥

પ્રશ્ન ૭૫ મું—સાતમે બોલે વચન તે શું ?

ઉત્તર—(૭) સાતમે બોલે વયણ-વચન તે બોલવો તે ભણી વચન કહિયે એટલે વચન યોગ એ ભાવ. ॥ ૭ ॥

પ્રશ્ન ૭૬ મું—આઠમે બોલે ઉપદેશ તે શી રીતનો ?

ઉત્તર—(૮) આઠમે બોલે ઉવએસે-ઉપદેશ તે હિતાહિતની પ્રવૃત્તિ નિવૃત્તિના ઉપદેશ દેવા થકી ઉપદેશ કહીએ. ॥ ૮ ॥

પ્રશ્ન ૭૭ મું—નવમે બોલે પ્રજ્ઞાપના તે કોને કહિયે ?

ઉત્તર—(૯) નવમે બોલે પન્નવણા-પ્રજ્ઞાપના તે યથાવસ્થિત જીવાદિક પદાર્થ પ્રરુપવાથી પ્રજ્ઞાપના કહિયે. ॥ ૯ ॥

પ્રશ્ન ૭૮ મું—દશમે બોલે આગમનો અર્થ શું ?

ઉત્તર—(૧૦) દશમે બોલે આગમેય-આગમ તે આચાર્ય પરંપરાએ આવ્યું આવે તે ભણી આગમ કહિયે અથવા આપ્ત કેવળીનો વચન તે ભણી આગમ કહિયે. ॥ ૧૦ ॥

"સુત્તે"-સૂત્રને વિષે એટલા (દશ પ્રકારે) એકાર્થ પર્યાય શબ્દ જાણવા. એમ ભાષામાં કહ્યું છે. અને મૂળ પાઠમાં પણ એજ પ્રમાણે છે. (ઇતિ)

ઉપરની ગાથા ઉપરથી સિદ્ધ થાય છે કે ભગવંતે અર્દ્ધ માગધી ભાષાએ અર્થરૂપે પ્રરૂપેલી વાણી અને તેજ ગણધરે ગુંથેલા દ્વાદશાંગી આદિ સૂત્ર એજ છે કે જે સૂત્ર હાલ વર્તે છે, તેજ સૂત્ર એજ છે.-અને ઉત્તરાધ્યયન સૂત્ર પણ એજ સાબિત કરી આપે છે.

પ્રશ્ન ૭૯ મું—ઉત્તરાધ્યયન સૂત્રમાં શું કહ્યું છે તે જણ

ઉત્તર—ઉત્તરાધ્યયનના ૨૮ માં અધ્યનની ગાથા ૨૩ મીમાં કહ્યું છે કે-ગાથા-

सो होइ अभिगमरूइ, सुयनाण जेण अत्थओ दिठं;

इक्कारसमंगाइं, पइन्नगं दिठिवाउय ॥ २३ ॥

અર્થ:-જેણે દ્વાદશાંગી પ્રમુખ સૂત્ર જ્ઞાન, ભગવંતનાં ભાખેલાં અર્થ થકી દીઠા છે, તેને સમકિતની પ્રાપ્તિની દશ રૂચિ માંહેલી અભિગમ રૂચિ કહેવી.

અર્થાત્ ભગવંતનાં પ્રરૂપેલા અર્થ યુક્ત સૂત્ર ભણવાની રૂચિવાળાને સમકિતની પ્રાપ્તિ થાય છે; માટે ભગવંતે તથા ગણધર મહારાજે ઉત્તરાધ્યયનજી સૂત્રનાં અધ્યયન ૧ લે-ગાથા ૮ મીમાં કહ્યું છે કે—

अठजुत्ताणि सिखिज्जा, निरठाणि उवज्जए;

અર્થ યુક્ત સૂત્ર શિખવાં એટલે જેને વિષે ભગવંતના પ્રરૂપેલા અર્થ રહ્યા છે એવા સૂત્ર (દ્વાદશાંગી પ્રમુખ) શીખવાં. અને તે સિવાયના નિરર્થક ભગવંતના ભાખ્યા અર્થ વિનાના (વ્યાકરણાદિ) તમામ વર્જવાં. (ઇતિ)

એટલા ન્યાયે આચારાંગાદિ તમામ સૂત્ર શ્રી તીર્થંકર મહારાજે અર્દ્ધ માગધી ભાષાએ અર્થરૂપે પ્રરૂપેલા અને ગણધર મહારાજે તેજ ભાષામાં તેજ અર્થને ગોઠવીને ગુંથેલા તેજ સૂત્ર પોતાના શિષ્યોને વાંચણી રૂપે આપેલાં તેજ સૂત્ર પરંપરાયે ચાલ્યા આવતા ભગવંતના સત્યાવિસમી પાટે પૂર્વધારી એવા દેવર્દ્ધિ ક્ષમા શ્રમણે લખાણમાં લીધેલાં, તેજ લખાયેલાં સૂત્ર અદ્યાપિ વર્તે છે, માટે આ સૂત્ર અર્થયુક્ત અર્દ્ધ માગધી ભાષામાં છે એમ માનો.

પ્રશ્ન ૮૦ મું—પૂર્વપક્ષી-ઉપરના ન્યાયથી એમ તો સમજાય છે કે સૂત્રની અંદર તીર્થંકર મહારાજના પ્રરૂપેલા અર્થનો સમાવેશ છે. પરંતુ ગણધર મહારાજે સૂત્ર ગુંથ્યા તે અર્દ્ધમાગધી ભાષાએજ ગુંથ્યા છે એવો શું દાખલો છે ?

ઉત્તર—અહો દેવાનાં પ્રિય ! દાખલા તો પૂર્વે આપ્યા તેજ, તે દાખલા જો તમે માન્ય કરતા હો, તો એ સવાલ કરવા જેવું કાંઇ પણ રહ્યું નથી; કેમકે જ્યારે તીર્થંકરના પ્રરૂપેલા અર્થ તેજ ગણધરે સૂત્રમાં ગુંથ્યા છે, અને તેજ અર્થ અર્દ્ધમાગધી ભાષામાં છે, માટે સૂત્ર પણ અર્દ્ધમાગધી ભાષામાંજ છે, એમ તો તમારે નિર્વિવાદે કબુલ કરવું પડશે. પરંતુ તે વિષે વધારે જાણવાની ઇચ્છાએ એ સવાલ મૂકતા હો તો

સાંભળો-સૂત્ર તમને તે પણ ખુલાસો કરી આપશે પરંતુ તે વિષે અમારૂં એક પ્રશ્ન છે કે-હાલ જે બત્રીશ સૂત્ર વર્તે છે, તેને તમે આર્યસૂત્ર કહેશો કે તે સિવાય બીજું કાંઇ કહેશો ?

પ્રશ્ન ૮૧ મું—પૂર્વપક્ષી-એકે અવાજે હજાર વાર આર્યસૂત્રજ કહેશું, તેમાં તમે શું કહેવા માગો તેમ છે ?

ઉત્તર—જો તમે આ સૂત્રને આર્યસૂત્ર કહેવા કબુલ કરતા હો તો તે સાથે એટલો સવાલ છે કે-આર્ય ભાષા કઇ ? અને આર્ય ભાષાના પ્રરૂપક કોણ ? તથા આર્ય ભાષાના બોલનાર કોણ ? અને દેવતા કઇ ભાષા બોલે ? અને કઇ ભાષા બોલતા વિશિષ્ટ સર્વોત્તમ ભાષા કહી ? તે કહો.

પ્રશ્ન ૮૨ મું—પૂર્વપક્ષી-તમેજ કહોની ?

ઉત્તર—સાંભળો-અમે કહીએ છીએ. ઉવવાઇજી તથા સમવાયાંગજી સૂત્રમાં કહ્યું છે કે-अद्धमागही भाषाये भासंती अरहा. અર્દ્ધ માગધી ભાષાએ અરિહંત ભગવંત ભાષા બોલે છે અર્થાત્ પ્રરૂપે છે. એટલે અર્દ્ધ માગધી ભાષા જે છે તે આર્ય ભાષા છે એમ પન્નવણાજી સૂત્ર જણાવે છે.

પ્રશ્ન ૮૩ મું.—પન્નવણાજી શું જણાવે છે તે તો કહો ?

ઉત્તર—સાંભળો-પન્નવણા પદ ૧ લે કહ્યું છે કે-से किं तं भासारिया ? भासारिया जेणं अद्धमागहाए भासंति.-ગૌત્તમ કહે હે ભગવંત ! આર્ય ભાષા. કઇ ? ભગવંત કહે હે ગૌત્તમ ! જે અર્દ્ધ માગધી ભાષાયે બોલે તે આર્ય ભાષા. (ઇતિ.)

અહીં ભગવંતે અર્દ્ધ માગધી ભાષા તેજ આર્ય ભાષા કહી છે. સંસ્કૃત પ્રાકૃત ને આર્ય ભાષામાં ગણી નહિ તેનું શું કારણ ? તે ગંભીર. દૃષ્ટિયે વિચાર કરશો. તેમજ સૂત્ર સિવાય અર્દ્ધ માગધી ભાષા આર્ય ભાષામાં કઇ ગણશો ? તેનો પણ વિચાર કરશો.

આ પન્નવણા સૂત્રના પાઠ ઉપરથી સાબીત કરી આપે છે કે-ઋષભદેવ અરિહંતે પોતે અર્દ્ધ માગધી ભાષાને આર્ય ભાષા માનવાથી બ્રાહ્મીલિપિનો અર્દ્ધ માગધી ભાષાએજ પ્રકાશ કર્યો છે. અને તેની મજબુતીને માટે આત્મારામજી પણ એમજ કહે છે.

પ્રશ્ન ૮૪ મું—આત્મારામજી શું કહે છે તે જણાવશો ?

ઉત્તર—આત્મારામજી પોતાના બનાવેલા "तत्त्व निर्णयप्रासाद" ચતુસ્ત્રિંશઃ સ્તંભઃ-પાને ૬૩૫ મે લખે છે કે—

"ભાવાર્થ"—જહાં અર્દ્ધ માગધી ભાષા કહી બોલતે હૈ, ઔર જહાં બ્રાહ્મીલિપિકે અઠારહ (૧૮) ભેદ પ્રવર્તે હૈ, અર્થાત્ લિખતે હૈ, સો આર્ય. । ઔર અઠારહ દેશકી ભાષા એકત્ર મિલી હુઇ ઐસી બની હૈ, સો અર્દ્ધ માગધી ભાષા, એસે નિશીથ ચુર્ણિમેં લિખા હૈ.॥ અને મુનિ ચારિત્રવિજય પણ એમજ કહે છે.

પ્રશ્ન ૮૫ મું—ચારિત્રવિજય શું કહે છે તે પણ જણાવશો ?

ઉત્તર—"જૈન" પત્ર-પુસ્તક ૫ મું-મુંબાઇ રવીવાર તા. ૪ થી ઑગષ્ટ-સને ૧૯૦૭-અશાડ વદ ૧-વીર સંવત્ ૨૪૩૩ (અંક ૧૮ મો.) તેમાં પાને ૫ મે-"મુનિ વિચાર." મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયનું વ્યાખ્યાન એ નામના લેખમાં કહ્યું છે કે—

જૈન શાસ્ત્રો અર્દ્ધ માગધીમાં છે, તે પરની ટીકા આદિ પ્રાયઃ સંસ્કૃતમાં છે. (ઇતિ.)

આ ઉપરથી તથા સમવાયંગ સૂત્રમાં અતિશય અધિકારે જોતાં એમ સિદ્ધ થાય છે કે તમામ તીર્થંકર મહારાજા અર્દ્ધ માગધી ભાષાએજ પ્રરૂપણા કરે છે. અને તમામ તીર્થંકરના ગણધરો પણ અર્દ્ધ માગધી ભાષાએજ સૂત્ર ગુંથે, અને તેજ ભાષા આર્ય ભાષા હોવાથી સમદ્રષ્ટિદેવ, મનુષ્ય, તીર્યંચને શુભ પણે પ્રગમે તે નિઃસંશય છે.

સૂત્ર અર્દ્ધ માગધી ભાષામાં છે, અર્દ્ધ માગધી ભાષા તેજ સર્વોત્તમ શ્રેષ્ટ અને આર્ય ભાષા છે, સર્વ તીર્થંકર મહારાજે તેજ ભાષાએ પ્રરૂપણા કરી છે, તેજ ભાષાથી ગણધર મહારાજે સૂત્ર ગુંથ્યાં છે, અને તેજ ભાષા દેવતાએ પસંદ કરી છે, ને તેજ ભાષા દેવતા બોલે છે. એમ ભગવતીજી સૂત્ર કહે છે.

પ્રશ્ન ૮૬ મું—દેવતા અર્દ્ધ માગધી ભાષા બોલે છે એવું ભગવતી સૂત્રમાં કયે ઠેકાણે કહ્યું છે ?

ઉત્તર—સાંભળો-ભગવતીજી સૂત્ર શતક ૫ મે-ઉદ્દેશે ૪ થે-શ્રી ભગવંત પ્રત્યે ગૌતમે પૂછ્યું છે કે-

देवाणं भंते कयराए भासाए भासंति कयरा भासा भासिज्जमाणी विसिस्सइ ! गोयमा देवाणं अद्धमागहाए भासाए भासंति सा वियणं अद्धमागहा भासा भासिज्जमाणी विसिस्सइ-

अथ टीका—देवाणंमित्यादि ॥ विसिस्सइत्ति ॥ विशिष्यते विशिष्टो भवंती शीर्षः ॥अद्धमागहइति ॥ भाषा किल षड्विधा भवति यदाह—प्राकृत संस्कृत मागधे, पिशाच भाषा चसौरसेनी च; षष्टोत्र भूरि भेदो, देश विशेषादप भ्रंशः॥ तत्र मागध भाषा लक्षणं किंचित् किंचित् प्राकृत भाषा लक्षणं यस्या मस्ति साद्धं मागध्या इति व्युत्पत्त्यार्द्धमागधीति ॥

સૂત્રપાઠાર્થ–ગૌતમ ભગવંત પ્રત્યે કહે હે પૂજ્ય ? દેવતા કઇ ભાષાએ બોલે અને કઇ ભાષા બોલવા થકી વિશિષ્ટ શ્રેષ્ટ કહેવાય ? ભગવંત કહે હે ગૌતમ ! દેવતા અર્દ્ધ માગધી ભાષાએ બોલે, તે પણ અર્દ્ધ માગધી ભાષા બોલી થકી વિશિષ્ટ-શ્રેષ્ટ-સર્વોત્તમ હોય છે—અને ટીકામા પણ એજ પ્રમાણે કહ્યું છે. અને વળી આત્મારામજી પણ પોતાના ગ્રંથમાં એજ જણાવે છે.

પ્રશ્ન ૮૭ મું—આત્મારામજી પોતાના ગ્રંથમાં શું જણાવે છે ?

ઉત્તર—આત્મારામજીએ પોતાના બનાવેલા "तत्व निर्णयप्रासाद" પાને ૧૦ મે કહ્યું છે કે-" आरिसवयणे सिद्धं देवाणं अद्धमागहा वाणी."

અહીં તો સૂત્રમાં તથા ટીકા વગેરેમાં દેવતા અર્દ્ધ માગધી ભાષાએ બોલે છે એમ કહ્યું, અને તેજ ભાષા વિશેષે શ્રેષ્ટ કહી. માગધી ભાષા મિશ્રિત કાંઇક કાંઇક પ્રાકૃત ભાષાને અર્દ્ધ માગધી ભાષા ટીકાકારે કહેલ છે. વળી કોઇ આચાર્ય એમ પણ કહે છે કે-અર્ધમા માગધી અને અર્ધમાં બાકીની પાંચ ભાષાનું મિશ્રણ (મિક્સચર) કરવાથી તેનું નામ અર્દ્ધ માગધી ભાષા અપાએલ છે.

પ્રશ્ન ૮૮ મું—શિષ્ય-આ ચાલતા–હાલ વર્તતા જૈન સૂત્રમાં ઉપર કહેલી છએ ભાષા છે એવો કોઇ દાખલો છે ?

ઉત્તર—હા, જી, સાંભળો-આવા હેતુનો એક લેખ "જૈન સમાચાર" પુસ્તક ૧ લું-અંક ૩૨ મેઃ-પૃષ્ટ ૪ થે-"સૂત્રની ભાષા કઇ ?" એ નામના લેખમા જણાવે છે કે—

'જૈન સમાચાર' ના અધિપતિ જોગ-અત્રે કુંડલાના ભંડારમાં અંતગડ સૂત્રની જુની પ્રત છે તેને છેલ્લે પાને કોઇ વિદ્વાન મુનિએ સૂત્રની ભાષા સંબંધી ઉદાહરણ સહિત લખેલ છે તે અમોએ વાંચીને સર્વને ખબર થવા માટે લખાવેલ છે અને તે મૂળ ઉતારા પ્રમાણે લખાવેલ છે.

"શ્રી પ્રશ્ન વ્યાકરણજી મેં "दुवालसविहा" ભાષા કહા હૈ તાકે સંસ્કૃતાદિ ૭ ભાષા ગદ્ય પદ્ય ભેદમાં બાર ભાષા ભેદ કહે સો ભિન્નપ્રમાણે

है. सो ઉદાહરણ કહે હૈ. ૧ પ્રાકૃત, ૨ સંસ્કૃત, ૩ અપભ્રંસ, ૪ પીસાચી, ૫ માગધી, ૬ સુરસેની. ૧ પ્રાકૃત કે ઉદાહરણ શ્રી દશવૈકાલીમે धम्मो. ૨ સંસ્કૃત કે ઉદાહરણ मंगल. અપભ્રંસ કે ઉદાહરણ गुणे हिंसाहू अगुणे हिंसाहू અઠે ગુણ શબ્દરા અકાર નેં એકાર હૈ ૪ પીસાચી કે ઉદાહરણ छिंदाहिरोस અઠે દોષ શબ્દરાષકારને દંતિ સકાર હૈ. पिरुचेजसोकामी. અઠે જશ શબ્દરો શ. સો. તાલવીકુંદંતી સકાર હૈ. ૫ માગધી કે ઉદાહરણ पढमे मते महवए भंतअठे શબ્દરા અકારને એકાર હૈ. ૬ સુરસેની કે ઉદાહરણ सेज्जायर पिंडंच અઠે સય્યા શબ્દ રે યકારને જકાર હૈ.

ઇત્યાદિક અનેક ઉદાહરણ સૂત્રાંમે હૈ યા તે છ ભાષાકા જ્ઞાન હોય તો સૂત્રકા અર્થ શુદ્ધ હોય તબ આનંદ આવે. ”

આ લેખ નીચે ગોંડલ સંઘાડાના મુનિ જાદવજી લખે છે કે–એટલું તો સિદ્ધ થાય છે કે, અર્દ્ધમાગધી અને બાકી પાંચ ભાષા મિશ્રણ હોવી જોઇએ. (इति.)

આ ઉપરના વાક્યને આત્મારામજીનું લખાણ ટેકા રૂપ થઇ પડે છે.

પ્રશ્ન ૮૯ મું—આત્મારામજી શું જણાવે છે તે તો કહો ?

ઉત્તર—સાંભળો–પીતાંબરી આત્મારામજીનો બનાવેલો–ગ્રંથમાળા–નંબર ૫મો. “શ્રી અજ્ઞાન તિમિર ભાસ્કર” (આવૃત્તિ બીજી) દ્વિતીય ખંડ (સંવત ૧૯૬૨માં છપાયેલો) તેના પાને ૧૭૫મે– કહ્યું છે કે– जैन मतके शास्त्र निकेवल प्राकृतमेंही नहि है किंतु षट् भाषामें है. संस्कृत १, प्राकृत २, शौरसेनी ३, मागधी ४, पैशाची ५, अपभ्रंश ६.

તેમજ વળી ઉવવાઇ સૂત્રમાં પણ એમજ કહ્યું છે કે–सव्वभासाणुगामिणीए એટલે ભગવંત, સર્વ ભાષાને મળતી, અર્દ્ધમાગધી ભાષામાં પ્રરૂપણા કરે છે, અને ગણધર પણ અર્દ્ધમાગધી ભાષાએ. સૂત્ર ગુંથે છે, એમ ઘણા અધિકાર જેના નિશ્ચય થાય છે કે–માગધી ભાષાનો ભાગ ઘણો ને બીજી ભાષાનો ભાગ અલ્પ મિશ્રણ હોવાથી અર્દ્ધમાગધી ભાષા કહેવાય. છે. તેને પ્રાકૃત ભાષા ઠરેવી તે ભૂલ ભરેલું છે. પ્રાકૃત ભાષાનો તો તેમાં અંશ માત્ર સમાવેશ થાય છે, તેથી આખી પ્રાકૃત ભાષા ઠરાવી ફેરી તે સૂત્રને બાધકારી વચન ગણાય કે નહિ ? અવશ્ય ગણાય.

પ્રશ્ન ૯૦ મું—અર્દ્ધમાગધી ભાષા કેટલે ઠેકાણે વપરાય છે ?

ઉત્તર—અર્દ્ધમાગધી ભાષા અરિહંત ભગવંતે બાર જાતની પ્રખદા અર્થે પ્રરૂપેલ તે, તથા ગણધર મહારાજને શ્રુત આપેલ તે, તેમજ ગૌતમાદિક ગણધર પ્રમુખના પૂછેલા પ્રશ્નોના ઉત્તર કરેલ તે તમામ અર્દ્ધમાગધી ભાષાએ અર્થરૂપે પ્રકાશેલ છે. શ્રી નંદીજી પ્રમુખ સૂત્રમાં કહેલી દ્વાદશાંગી વાણી કે જે તીર્થંકર મહારાજની પ્રરૂપેલી અને તેજ ગણધર મહારાજે અર્દ્ધમાગધી ભાષામાંજ સૂત્રરૂપે ગુંથેલ છે, તેજ આર્ય સુધર્મ ગણધરે આર્ય જંબુ અણગારે વાંચનારૂપે આપેલ તેજ પરંપરાએ અદ્યપિ વર્ત્તે છે, તે તમામ સૂત્ર અર્દ્ધમાગધી ભાષામાંજ છે.

પ્રશ્ન ૯૧ મું—આર્યપણું કેટલે ઠેકાણે વપરાય છે?

ઉત્તર—ભગવંત પોતે આર્ય, ભગવંતનું તીર્થ આર્ય, ભગવંતની વાણી આર્ય, નિર્ગ્રંથ પ્રવચન આર્ય, ગણધરની ગુંથણી પણ આર્ય, કે જેમાં આર્ય અર્દ્ધમાગધી ભાષા વપરાણી છે તે, આર્ય ભાષાના બોલવા વાળા દેવતાદિક પણ આર્ય એ તમામ આર્યપણું એક તીર્થંકર મહારાજની પ્રરૂપેલી અર્દ્ધમાગધી ભાષાને આશ્રીનેજ છે. માટે ગણધર મહારાજે સૂત્ર આર્ય અર્દ્ધમાગધી ભાષામાંજ રચ્યાં છે. નિઃસંદેહ.

પ્રશ્ન ૯૨ મું—ગણધરે અર્દ્ધમાગધી ભાષામાં સૂત્ર રચ્યા એવો કોઇ ન્યાય યુક્ત પુરાવો છે?

ઉત્તર—સાંભળો-ક્રીસ્તી ધર્મના ઇસુએ જ્યારે ઈંગલીશ ભાષા માન્ય કરી ત્યારે તેના પાદરીએ તેના ધર્મ પુસ્તકો બાઇબલ ઈંગ્લીશ ભાષામાં રચ્યા. તેમજ મુસલમાનના પેગંબરે મુસલમાની ભાષામાં કુરાન બનાવ્યાં.-તેમજ બ્રહ્માના મુખથી ચાર વેદ નીકળ્યા છે, અને તે સંસ્કૃત ભાષામાં છે, એમ માનનારા તેઓના આચાર્યે તેમનાં ધર્મ પુસ્તકો સંસ્કૃતમાં રચ્યા, તો પછી આપણા પરમાત્મા તીર્થંકર મહારાજે અર્દ્ધ-માગધી ભાષામાં સૂત્ર પ્રરૂપ્યાં-ઉપદેશ કર્યો એમ માનીશું તો ગણધર મહારાજે પણ અર્દ્ધમાગધી ભાષામાંજ સૂત્ર ગુંથ્યાં એમ માનવું તે વીર પરમાત્માએ જન્મ આપેલા વંશ વારસોની નિશાની છે, જે કુળમાં ઉત્પન્ન થાય તે કુળની ભાષા તેનાં બાળકો શીખે તે વાસ્તવિક છે.

પ્રશ્ન ૯૩ મું—પૂર્વપક્ષી-ઉપરના કેટલાક ન્યાય જોતાં એમ તો સમજાય છે કે-ગણધર મહારાજનાં રચેલાં સૂત્ર અર્દ્ધમાગધી ભાષામાં છે પરંતુ હાલ જે સૂત્ર પ્રવર્ત્તે છે તે ગણધર કૃત હોય એમ સમજાતા નથી. દેવર્દ્ધિ ક્ષમા શ્રમણે લખતી વખતે જો કે ભગવંતના પ્રરૂપેલા અર્થ

તો સૂત્ર રચતાં મૂકાયા છે પરંતુ પ્રાકૃત ભાષામાં પ્રચલિત હતી ફેર ફાર હોય એમ જણાય છે. કેમકે પ્રાકૃત શબ્દો તેમાં વધારે જોવામાં આવે છે.

ઉત્તર—પૂર્વે પુસ્તક વાંચવાથી જણાયું ગયા છીએ કે હાલનાં વર્તતાં સૂત્ર અર્દ્ધમાગધી ભાષામાં છે ને તેમાં છએ ભાષાનો સમાવેશ થએલો છે તે પણ જણાવવામાં આવી ગયું છે. દેવર્દ્ધિ ક્ષમા શ્રમણ પૂર્વધારી હતા અને તે બહુજ ડાહ્યા અને વિદ્વાન હતા. તેઓ સારી રીતે જાણતા હતા કે સિદ્ધસેન દિવાકર જેવા મહા વિદ્વાનને માત્ર પાંચ પદ નોકારનાં સંસ્કૃતમાં કરવાથી તથા સૂત્રોને સંસ્કૃતમાં રચવાના અભિપ્રાયથી મોટું જોખમ વેઠવું પડયું હતું અને પારાચિત પ્રાયશ્ચિતનો સ્વીકાર પોતે જાતેજ કર્યો હતો. તો પછી દેવર્દ્ધિ ક્ષમા શ્રમણ જેવા મહાન્ પુરૂષ એવી કેમ ભૂલ ખાય કે તે પ્રાકૃતમાં સૂત્ર રચે? અર્થાત્ નજ રચે. સૂત્રમાં તો સંસ્કૃત, પ્રાકૃત, માગધી ભાષા વગેરે તમામ ભાષા છે પરંતુ કોઇ કોઇ ઠેકાણે પ્રાકૃત ભાષાની ઝાંખી જોવામાં આવે તેથી બધા સૂત્ર પ્રાકૃતમાં છે એમ કેમ કહેવાય? નજ કહેવાય. બહુળતા એ માગધી ભાષા વધારે પ્રત્યક્ષ જોવામાં આવે છે જેથી ઘણા વિદ્વાનો જૈનના શાસ્ત્ર માગધી ભાષામાં છે એમ પણ કહે છે.

પ્રશ્ન ૯૪ મું—જૈનના શાસ્ત્ર માગધી ભાષામાં છે એવું કોણ માને છે? તે પણ જાણીએ તો ખરા.

ઉત્તર—સાંભળો—જૈનના શાસ્ત્ર માગધી ભાષામાં છે એમ શ્રીમદ્ રાયચંદ્ર ગ્રંથમાં કહ્યું છે, તથા "સનાતન જૈન" (માસિક) પુસ્તક ૧ઙું અંક ૭મો-માર્ચ ૧૯૦૬ પૃષ્ટ ૨૪૪- કહ્યું છે કે—

"કૉન્ફરન્સોમાં માગધીની સજીવનતા." એ (નામના લેખમાં લખ્યું છે કે-) આપણા પરમ પવિત્ર સિદ્ધાંતો મૂળ માગધી ભાષામાં લખાએલા છે; ત્યારબાદ તેના ઉપર સંસ્કૃત ગ્રંથો અને ટીકાઓ થયાં છે; તથાપિ આપણા મૂળ સિદ્ધાંતો તો માગધી ભાષામાંજ છે.—વળી પાને ૧૦મે પણ કહ્યું છે કે—આપણા પરમોપકારી આગમની મૂળ ભાષા "માગધી" કહેવાય છે, જો કે કેટલાક વિદ્વાનો તેને અર્દ્ધમાગધી કે પ્રાકૃત પણ કહે છે

પ્રશ્ન ૯૫ મું—સૂત્રની ભાષા જ્યારે અર્દ્ધમાગધી છે તો માગધી અને પ્રાકૃત ભાષા જુદી પડવી જોઇએ. તો સૂત્રની ભાષાથી માગધી અને પ્રાકૃત ભાષા જુદી છે. એમ સૂત્રથી નિર્ણય થાય તેમ છે?

ઉત્તર—સૂત્રની ભાષા અર્દ્ધમાગધી છે એટલે છ ભાષામાં પાંચ ભાષાનો મળીને અર્ધો ભાગ અને અર્ધો ભાગ માગધી ભાષાનો મળી

અર્દ્ધમાગધી ભાષા કહેવાણી છે, તો ઘણો ભાગ માગધીનો હોવાથી સૂત્રમાંથી જુદી કોઇકજ ઠેકાણે પડે. પણ સૂત્રની ભાષાથી સંસ્કૃત અને પ્રાકૃત ભાષા જુદી પડતી જણાય છે.

પ્રશ્ન ૯૬ મું—સૂત્રની ભાષાથી બીજી ભાષાઓ કેવી રીતે જુદી પડે છે તે તો જણાવો ?

ઉત્તર—બાબુવાળા છાપેલ અનુયોગદ્વાર સૂત્ર પાને ૨૩મે-કહ્યું છે કે—

से किं तं आवस्सयं तिहां से शब्द मागधी भाषाप्रसिद्ध अथवा आवस्सयंति प्राकृत शैलीये आवासक इमपण थाइ. ઇતિ ભાષા—અને ટીકામાં આવસ્સયંતિ प्राकृत शैल्या आवसकं. ઇતિ ટીકા.—

સુત્રપાઠ	સંસ્કૃત.	પ્રાકૃત.
आवस्सयं.	आवश्यकं.	आवासकं (आवासक).

તેમજ વળી અનુયોગદ્વારમાં એજ પ્રકારનો બીજો દાખલો છે.

પ્રશ્ન ૯૭ મું—અનુયોગદ્વારમાં બીજો દાખલો કેવી રીતે છે ?

ઉત્તર—બાબુવાળા છાપેલ અનુયોગદ્વાર પાને ૩૪૩ મે-સકુલિ આ શબ્દ વિષે નીચે પ્રમાણે છે.

સુત્રપાઠ.	સંસ્કૃત.	પ્રાકૃત.
सक्कुलिआ.	शकुनिका.	सउलिआ.

પ્રશ્ન ૯૮ મું—સૂત્રમા માગધી ભાષા વિષે કોઇ શબ્દની સમજુતી છે ?

ઉત્તર—ભગવતીજી વગેરે સૂત્રમા ' સરસવ ' વગેરે 'શબ્દોને માટે-ધાહવિધિ ભાષાંતર પાને ૨૨૩ મે-કહ્યું છે કે-

" सरिसवय " આ માગધી શબ્દ છે. " सदृशवय "અને सर्षप એ બે સંસ્કૃત, શબ્દનું માગધીમાં " सरिसवय " એવું રૂપ થાય છે. सदृशवय એટલે સરખી ઉમરનો અને सर्षप એટલે સરસવ-

પ્રશ્ન ૯૯ મું—સૂત્રમાં કુલત્થ શબ્દ કહ્યો છે તેનું શું સમજવું.

ઉત્તર—" कुलत्थ " શબ્દ માગધી છે, " कुलस्थ " (કલથી) અને " कुलस्थ " એ બે સંસ્કૃત શબ્દોનું " कुलत्थ " એવું એકજ માગધીમાં રૂપ થાય છે.

પ્રશ્ન ૧૦૦ મું—સૂત્રમાં માસા શબ્દ કહ્યો છે તેનું કેમ ?

ઉત્તર—मास (મહિનો) माष (અડદ) અને मास (તોલવાનું એક કાટલું) એ ત્રણે શબ્દનું માગધીમાં " मास " એવું એકજ રૂપ થાય છે. (ઇતિ શ્રાદ્ધવિધિ.)

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે જૈનનાં સૂત્ર પ્રાકૃત ભાષામાં નથી. જો કે છે, તો અર્દ્ધમાગધીજ ભાષામાં પણ માગધી ભાષાનો ભાગ ઘણો હોવાથી માગધી ભાષાનું સ્વરૂપ વધારે આપે છે. અને તેમાં સંસ્કૃત પ્રાકૃત વગેરે ભાષા કિંચિત્ કિંચિત્ પણ જોવામાં આવે છે.

પ્રશ્ન ૧૦૧ મું—સૂત્રમાં સંસ્કૃત શબ્દો છે ખરા ?

ઉત્તર—સૂત્રોમાં वंदामि, गच्छंति, गच्छामि, संति, महावीर વગેરે શુદ્ધ સંસ્કૃત શબ્દો ઘણે ઠેકાણે જોવામાં આવે છે.–

પ્રશ્ન ૧૦૨ મું—મુસલમાની શબ્દો સૂત્રમાં છે ?

ઉત્તર—મુસલમાની શબ્દો પણ કોઇ કોઇ ઠેકાણે જોવામાં આવે છે. જેમકે—दो શબ્દ મુસલમાની છે. दोन्हं શબ્દ સૂત્રનો છે.–

પ્રશ્ન ૧૦૩ મું—આપણા સૂત્રમાં ઇંગ્રેજી ભાષાના શબ્દો હશે ખરા ?

ઉત્તર—ઇંગ્રેજી ભાષાના શબ્દો પણ કોઇ કોઇ ઠેકાણે હોય છે ખરા. જેમકે નકાર શબ્દ ને ઇંગ્રેજીમાં " No " બોલાય છે અને સૂત્રમાં नो इणट्ठे समट्ठे એ અર્થ સમર્થ નહિ. નો, નો નહિ શબ્દ સૂત્રમાં ઇંગ્રેજી જેવો વપરાયો છે એ દેશ વિશેષ-પૈશાચી ભાષા જણાય છે.

પ્રશ્ન ૧૦૪ મું—એવો કોઇ બીજો શબ્દ સૂત્રમાંથી ઇંગ્રેજીનો નીકળે તેમ છે ?

ઉત્તર—હા, છે, સાંભળો-ઉત્તરાધ્યયનના ૩૬ માં-અધ્યયનમાં-૫૬ મી ગાથામાં-સિદ્ધના અધિકારે પદ ત્રીજે કહ્યું છે કે-कहिं बोदिं चइत्ताणं, કિહાં શરીરને છાડયું ? અને ઇંગ્રેજીમાં શરીરને " Body " બોડિ શબ્દ કહેલ છે. આ ઉપરથી ઇંગ્રેજી ભાષાના પણ કોઇ કોઇ શબ્દ સૂત્રમાં હોય એમ જણાય છે.

એમ મુત્રમાં માગધી ભાષા સંધાને બીજી ઘણી ભાષાઓનો સમાવેશ થવાથી ભગવંતે તેને અર્દ્ધમાગધી ભાષા કહી છે.

પ્રશ્ન ૧૦૫ મું—શ્રી ગણધર મહારાજે જે સૂત્ર ગુંથણામાં લીધાં છે તેજ સૂત્ર દેવર્દ્ધિ ક્ષમા શ્રમણે લખાણમાં લીધાં છે કે કાંઇ ફેરફાર કરવામાં આવ્યો હશે ખરો ?

ઉત્તર—દેવર્દ્ધિ ક્ષમા શ્રમણે જે સૂત્ર લખ્યાં છે તે પ્રાકૃત ભાષામાં નહિ પણ આર્ષ અર્દ્ધમાગધી ભાષામાં જેવા ગણધર મહારાજે ગુંથ્યા છે તેજ સૂત્ર લખાણમાં લીધા છે તેમાં એટલો વિશેષ છે કે—લખની વખતે વિસ્તારવાળા અધિકારને સંક્ષેપમાં લખ્યાં છે. કેટલાક સૂત્રમાં એક બીજાની ભલામણ આપી ટુંકામાં સમાવેશ કર્યો છે, અને જે સૂત્ર પહેલા લખાણાં તેની સાક્ષી પાછળના સૂત્ર લખાણાં તેમાં પણ આપવામાં આવી છે, અને ચરિતાનુવાદ એક ઠેકાણે વિસ્તારવાળો હોવાથી બીજે ઠેકાણે ભલામણ આપી ટુંકામાં સમજાવ્યું છે. એ લખાણનું કારણ પાછળના અલ્પ જીવના આધારને માટે—ચારે તીર્થના હિતને અર્થે પોતાની આયુષ્યની હદમાં ધારેલા લખાણની કારકીર્દી પૂરી પાડવા માટેની હોય એમ જણાય છે. પરંતુ સૂત્ર તો પૂર્વોક્ત પરંપરાએ ચાલ્યું આવેલું મુખે સૂત્રરૂપે હતું તે લખાણમાં લીધું તે અર્દ્ધમાગધી ભાષામાંજ છે, પરંતુ પ્રાકૃતમાં નથી એ વાત સિદ્ધ છે.

અને શતાવધાની પંડિત શ્રી રત્નચંદ્રજીએ આ ચાલતા—વર્તતા સૂત્રનો કોષ કર્યો છે તેનું નામ પણ અર્દ્ધમાગધી ભાષાનો શબ્દ કોષ આપેલ છે.

પ્રશ્ન ૧૦૬ મું—પૂર્વપક્ષી—આ વિષે હજી કાંઇક પણ વધારે જાણવાની જરૂર છે. માટે જાણવાયોગ્ય હોય તો જણાવશો ?

ઉત્તર—ભલે આથી વધારે જાણવાને માગતા હો તો સાંભળો—હવે તમને છેવટનું વાક્ય એટલુંજ કહેવાનું છે કે—શ્રી નંદીજીમાં ૧૪ પ્રકારના સૂત્ર કહ્યાં છે તે એકે—સૂત્ર પાઠ—

से किं तं सुयनाणं परोक्खं ? सुयनाणं परोक्खं चउदस विहं पणत्तं तंजहा अक्खरसुयं१, अणक्खरसुयं२, सन्निसुयं३, असन्निसुयं४, सम्मसुयं५, मिच्छसुयं६, साइयं७, अणाइयं८, सपज्जवसियं९, अपज्जवसियं१०, गमियं११, अगमियं१२, अंगपविठं१३, अणंगपविठं१४.

એ ૧૪ પ્રકારના શ્રુત કહ્યાં છે તેમાં હાલ જે સૂત્ર વર્તે છે તે [illegible] ક્યા ભેદમાં કહેવા ?

પ્રશ્ન ૧૦૭ મું—"સુમ્મત્તુયં" સમ્મ સુત-પાંચમા સૂત્રમાં કહ્યું. તેમાં શું કંઇ વિશેષ જાણવા જેવું છે ?

ઉત્તર—આ [illegible] વર્તતા સૂત્રને તો પાંચમા-સમ્મ શ્રુતમાં કબુલ કરે. ને અમ અમારે તો એટલીજ જરૂર છે. એ વાત કબુલ કરો. એટલે [illegible] મી ગઈ. કેમકે-સમ્મશ્રુત તો તીર્થંકર મહારાજનાં પ્રરૂપેલાં અને ગણધર મહારાજના રચેલા દ્વાદશાંગી સૂત્ર અર્ધમાગધી ભાષાએ [illegible] છે. અને તેજ આ વર્તતા સૂત્ર "સમ્મશ્રુત" છે. એમ તમારા [illegible] કબુલ થયું. માટે આ સૂત્ર અર્ધમાગધી ભાષામાં છે એમ [illegible] . [illegible] કે આ સૂત્ર અર્ધમાગધી ભાષામાંજ છે.

પ્રશ્ન ૧૦૮ મું—પૂર્વપક્ષી-(જેનાગમ સુધ થકી વિચાર કરી) [illegible] ભાષા છે કે-તેમ સૂત્ર [illegible] અર્ધમાગધી [illegible], તેજ [illegible] મહારાજે પણ અર્ધમાગધી [illegible], [illegible] અર્ધમાગધી ભાષામાં [illegible] કથા [illegible] છે, વગેરે તેજ [illegible] [illegible] છે.

[illegible] જિનેશ્વરની [illegible]

[illegible] મુનિ શ્રી [illegible]

શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણકો ૮ મો.



પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.

શ્રીપ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૫ મો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.



ઉત્તરાર્દ્ધ ભાગ ૫ મો.

પ્રશ્ન ૧ લું—કલ્પ કેટલા પ્રકારના?

ઉત્તર—ભગવતીજી શતક ૨૫ મે ઉ. ૬ ટ્ઠે-પાંચ પ્રકારના સાધુના કલ્પ કહ્યા છે, એટલે પાચ કલ્પવાળા સંયમી હોય.

પ્રશ્ન ૨ જું—સૂત્રમાં પાંચ પ્રકારના કલ્પ કહ્યા છે તે કયા કયા?

ઉત્તર—સ્થિતિકલ્પ ૧, અસ્થિતિકલ્પ ૨, સ્થવિર કલ્પ ૩, જિનકલ્પ ૪, ને કલ્પાતીત ૫.

પ્રશ્ન ૩ જું—સ્થિતિ કલ્પવાળા કોણ ને ક્યારે હોય?

ઉત્તર—સ્થિતિકલ્પ પહેલા છેલ્લા તીર્થંકરના વારે હોય એટલે પહેલા છેલ્લા તીર્થંકરના સાધુ સ્થિતિ કલ્પવાળા કહેવાય, તેના કાયદા કલમોની સ્થિતિઓ બાંધેલી હોય. આ સાધુને હમેશાં બે ટંકના પ્રતિક્રમણ અવશ્ય કરવાં, પહેલા પહોરનો આહાર ચોથા પહોરે કલ્પે નહિ, રાજપિંડ કલ્પે નહિ, આધાકર્મી આહાર પોતાને અર્થે કે પરને અર્થે એટલે સરખી સમાચારીવાળાને અર્થે કરેલો આહાર કલ્પે નહિ, સાધુ આર્યાના વસ્ત્રનું માન વગેરે કલ્પ પ્રમાણે વરતે તે સ્થિતિકલ્પ કહેવાય.

પ્રશ્ન ૪ થું—અસ્થિતિકલ્પ કોને હોય?

ઉત્તર—અસ્થિતિ કલ્પ વચલા બાવીશ તીર્થંકરના વારે તથા મહાવિદેહમાં હોય. તેને બે ટંકના પ્રતિક્રમણ હમેશા સ્થિતિ કલ્પની પેઠે કરવાનાં નહિ પણ દોષ લાગે તેજ વખતે આલોચનારૂપ પ્રતિક્રમણ કરી લાગેલાં પાપને દૂર કરે. પહેલા પહોરનો આહાર ચોથા પહોરે કલ્પે, રાજપિંડ કલ્પે, આધાકર્મી આહાર પોતાના અર્થે કરેલો નકલ્પે-પરને અર્થે કરેલો કલ્પે. વસ્ત્રના માનનો તથા બહુ મૂલ્યનો પ્રતિબંધ નહિ. જેવું મળે તેવું ભોગવે વગેરે કેટલીક બાબતના કાયદા કલમના પ્રતિબંધ રહિત હોવાને લીધે અસ્થિતિ કલ્પ કહેવામાં આવે છે.

પ્રશ્ન ૫ મું—સ્થિતિ કલ્પ અને અસ્થિત કલ્પના ચારિત્રમાં શો તફાવત?

ઉત્તર—સ્થિતિ કલ્પમાં પાંચે ચારિત્ર લાભે, અને અસ્થિતિ કલ્પમાં સામાયક, સૂક્ષ્મસંપરાય અને જથાખ્યાત એ ૩ ચારિત્ર લાભે. છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધ એ ૨ ચારિત્ર ન હોય.

પ્રશ્ન ૬ ઠું—અસ્થિતિ કલ્પમાં છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધ એ બે ચારિત્ર નહિ હોવાનું શું કારણ?

ઉત્તર—એવી અનાદિ કાળની સ્થિતિ છે. જે જે તીર્થંકરના વારામાં અથવા જે જે ક્ષેત્રમાં જે જે કલ્પની પ્રવૃત્તિ સૂત્રમાં કહી છે તેજ પ્રમાણે સદાકાળ પ્રવર્ત્યા કરે, તેનું બીજું કારણ જણાતું નથી.

પ્રશ્ન ૭ મું—સ્થવિર કલ્પી કોને કહેવાય?

ઉત્તર—સ્થવિર કલ્પી ધણીયે તીર્થંકરના વારે હોય. સંપ્રદાયના બાંધારાગાનો જે જે કલ્પ તે સ્થવિર કલ્પી કહેવાય.

પ્રશ્ન ૮ મું—જિન કલ્પી કોણ હોય?

ઉત્તર—જિન-છદ્મસ્થ તીર્થંકરના જેવો આચાર પાળે તે જિન કલ્પી કહેવાય.

પ્રશ્ન ૯ મું—કલ્પાતીત કોણ કહેવાય?

ઉત્તર—કલ્પાતીત છદ્મસ્થ તીર્થંકર તથા કેવળી ભગવાન તે કલ્પથી અતીત થયેલા હોય એટલે બીજા સાધુઓની પેઠે તેમને કલ્પ રાખવા ન હોય માટે કલ્પાતીત કહેવા. કારણ પરતીર્થે માટે છે, વળી તેમાં તીર્થંકર રાજા સમાન છે, બાકીના તમામ સાધુ પ્રજારૂપ છે. તીર્થંકરને માથે કોઈની આજ્ઞા નથી સ્વતંત્ર છે, આગમ વ્યવહારી છે. ઉદ્દેશક આદિ છે, જિન કલ્પી વગેરે નવાં સેવા યોગ્ય છે અને તમામ કલ્પ વાળે તીર્થંકરની આજ્ઞા પ્રમાણે વર્તવાનું છે. માટે છદ્મસ્થ તીર્થંકર તથા કેવળી ભગવાન કલ્પાતીત હોય.

પ્રશ્ન ૧૦ મું—પ્રત્યેક બોધને કયા કલ્પમાં સમજવા?

ઉત્તર—પ્રત્યેક બોધ પૂર્વોક્ત જ્ઞાનવાળા હોય કોઈ અવધિ જ્ઞાની હોય કે કોઈ જાતિ સ્મરણ જ્ઞાનવાળા હોય તે એકાકી વિચરતા હોય તેનો કલ્પ ઘણું કરી જિન કલ્પીને મળતો હોય.

પ્રશ્ન ૧૧ મું—સ્વયંબુદ્ધ કયા કલ્પમાં સમજાય?

ઉત્તર—સ્વયંબુદ્ધ તે પ્રકારના હોય છે એક તીર્થંકર અને બીજા પૂર્વોક્ત જ્ઞાનવાળા તેમાં તીર્થંકર તો કલ્પાતીત હોય અને પૂર્વોક્ત

[illegible] આગમમાં કહ્યું દીક્ષા લીયે તે સ્થવિર કલ્પીના સમુદાય અને કોઈ [illegible] એટલે દીક્ષા લઈ જિન કલ્પીની પેઠે વિચરે તો તે પ્રમાણે [illegible] વિચરી શકે. મુનિપુર—ગનાપી [illegible]

પ્રશ્ન ૧૨ મું—[illegible] મોક્ષ કયા તીર્થંકરના વારે હોય?

ઉત્તર—[illegible] તીર્થંકરના વારે હોય એમ [illegible] [illegible] તીર્થંકરના વારે [illegible] [illegible]

પ્રશ્ન ૧૩ મું—[illegible] કહેવાય?

ઉત્તર—[illegible] મોક્ષ પામે દીક્ષા લે તે [illegible] તીર્થંકરના વારે હોય.

પ્રશ્ન ૧૪ મું—[illegible] પ્રકારના [illegible] [illegible]?

ઉત્તર—[illegible] પ્રકારના [illegible] તે [illegible].

પ્રશ્ન ૧૫ મું—[illegible] પ્રકારના [illegible] ક્યા છે અને [illegible]?

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ચારિત્રનો કલ્પ જાવજીવ સુધીનો છે, અને પહેલા છેલ્લા તીર્થંકરના સાધુને સામાયિક ચારિત્રનો કલ્પ ત્રણ પ્રકારનો. એક ૭ દિવસનો, બીજો ચાર માસનો ને ત્રીજો છ મહિનાનો. એટલે પ્રથમ સામાયિક ચારિત્ર ઉચર્યા બાદ સાત દિવસે ચાર મહિને, અને છેવટે છ માસે તો અવશ્ય છેદોપસ્થાપનીય ચારિત્ર અદરાવવું જોઇએ, એ પહેલા છેલ્લા તીર્થંકરના સાધુનો કલ્પ.

આ વિષે ઠાણાંગજીને ઠાણે ૬ ઠ્ઠે-આગુવાળા છાપેલ પાને ૪૩૦ મે ટીકામાં કહ્યું છે કે:-

कप्प ठिईत्यादि ॥ कल्पस्य कल्पाधुक्तमाध्वा चारस्य सामायिक च्छेदोपस्थापनियादेः स्थिति मर्यादा कल्पस्थितिस्तत्र सामायिक कल्प स्थितिः सिज्जायर पिंडेया १ चाउज्जामेय २ पुरिसजेट्ठेय ३ किइकम्मस्सय करणे ४ चत्तारि अवट्ठियाकप्पा ॥ १ ॥ सामायिक साधुनां अवश्य भाविन इत्यर्थ आचेलक्कु १ द्देसिय २ सपडिक्कमणेय ३ रायपिंडेय ४ । मासं ५ पज्जोसवणा ६ छप्पे अणवट्ठिया कप्पा ॥ १ ॥ नावश्यं भाविन इत्यर्थः

અહિંયાં સામાયિક ચારિત્રના બે ભેદ પાડયા. એક અવસ્થિત કલ્પવાળા અને બીજા અનવસ્થિત કલ્પવાળા તેમાં અવસ્થિત કલ્પવાળા વચલા બાવીશ તીર્થંકરના સાધુનો સામાયિક ચારિત્રનો કલ્પ અવસ્થિત-પ્રથમનો ટીકામાં કહેલા ચાર બોલ સહિત અવશ્યનો કહ્યો.

અને બીજા અનવસ્થિત કલ્પવાળા સામાયિક ચારિત્રીયા પહેલા છેલ્લા તીર્થંકરના સાધુ ટીકામાં કહેલા છ બોલ સહિત પણ અવશ્ય ભાવિ નહિ-તેને સાત દિવસે-ચાર માસે-કે છેવટે છ માસે છેદોપસ્થાપનીય ચારિત્ર અવશ્ય આદરવું જોઇએ, માટે એ બીજો ભેદ કહ્યો.

એ પ્રમાણે સામાયિક ચારિત્રની કલ્પ સ્થિતિના બે ભેદ કહ્યા.

પ્રશ્ન ૧૭ મું—છેદોપસ્થાપનીય ચારિત્રની કલ્પ સ્થિતિ કેવી રીતે હોય?

ઉત્તર—તે પણ ઉપરની ચાલતી ટીકામાં કહ્યું છે કે-

छेदोपस्थापनीय कल्पस्थितिः आचेल १ कुद्देसिय २ सेज्जायर ३ रायपिंड ४ किइकम्मे ५ वय ६ जेट्ठ ७ पडिक्कमणे ८ मासं ९ पज्जोसवण-कप्पे १० ॥ १ ॥एवं निच तृतीयाध्ययनवत् ज्ञेयानि ॥

એ પ્રકારે દશ બોલ કહિને છેદોપસ્થાપનીય ચારિત્રની કલ્પ સ્થિતિ કહી. અને ત્રીજા અધ્યયન પ્રમાણે જાણવું કહ્યું તે બહુ કરી ...

સૂત્રમાં ત્રીજા અધ્યયનમાં સાધુ મુનિરાજને બાવન અનાચરણ કહ્યાં છે. તે વરજીને ચાલવું એમ ટીકાકારનો અભિપ્રાય છેદોપસ્થાપનીય ચારિત્રવાળાને વિશેષે કરીને કલ્પ હોય એમ જણાય છે.

પ્રશ્ન ૧૮મું—પરિહાર વિશુધ્ધ ચારિત્રની બે પ્રકારે કલ્પ સ્થિતિ કેવી રીતે હોય?

ઉત્તર—તે વિષે પણ ટીકામાં એ પ્રમાણે કહ્યું છે કેઃ–

निव्विस माण कप्पट्ठिइ निव्विठ्ठ कप्पट्ठिइति ॥ परिहार विशुद्धि कल्पं वहमाना निर्वि समानका ये रसोव्यूढस्ते निर्विष्टास्तेषां या स्थितिर्मर्यादा सा तथा तत्र परिहारिय छम्मासे तहअणुपरिहारियाविछम्मासे कप्पट्ठिओ छम्मासे ते अट्ठार सविमासाधि ॥ १ ॥

આ વિષેનો વિશેષ ખુલાસો આ ચાલતા અધિકારમાં આગળ પર આવશે ત્યાંથી સમજી લેવું.

પ્રશ્ન ૧૯ મું—જિન કલ્પીની કલ્પ સ્થિતિ કેવી રીતે હોય?

ઉત્તર—જિન કલ્પીની કલ્પ સ્થિતિ ટીકામાં આ પ્રકાર કહી છેઃ–

तथा जिन कल्प स्थितिः गच्छम्मिउनिम्माया धीराजाहेय गहिय परमत्था अग्गह जोग अभिग्गहे उविंति जिणकप्पिय चरित्तति ॥ १ ॥ एवमादिका अग्गहजोग अभि ग्गहेति कायाचिद् पिण्डेषणानाममेदे योरवानां मानिमहे त्यदेव माननिर्येवंस्ते गृहीत पामार्था इत्यर्थः

એ જિન કલ્પીનો અભિગ્રહ વિશેષ જણાવ્યો આ વિષે વિશેષ વ્યાખ્યા આગળ પર જણાવવામાં આવશે ત્યાંથી સમજી લેવું.

પ્રશ્ન ૨૦ મું—સ્થવિર કલ્પીની કલ્પ સ્થિતિ કેવી રીતે હોય?

ઉત્તર—સ્થવિર કલ્પીની કલ્પ સ્થિતિ ટીકાકાર એ પ્રમાણે જણાવે છે કેઃ–

स्थविर कल्प स्थितिः संयम करणुज्जोगा उस्मानिष्पायग १ नाण दंसणचरित्ते दीहाउ १ बुड्ढवासे वसहीदोसे हिय विमुक्का ॥ १ ॥ इत्यादिका स्थविर कल्प स्थितिर्मर्यादेति वेदितेति ॥

આ ૭ પ્રકારે ટીકામાં સાધુના કલ્પનું સ્વરૂપ જણાવ્યું.

પ્રશ્ન ૨૧ મું—પંચમા આરામાં કેટલા કલ્પ વર્તે?

ઉત્તર—છ પ્રકારની કલ્પ સ્થિતિ કહી, તેમાં પાંચમાં આરાના જન્મેલાને તો ત્રણ પ્રકારની કલ્પ સ્થિતિ હોય છે. એટલે પાંચમા આરામાં સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, અને સ્થવિર કલ્પ એ ૩ કલ્પ લાભે અને પરિહાર વિશુદ્ધના બે કલ્પ અને જિન કલ્પ એ ત્રણુનો આ કાળમાં વિચ્છેદ ગયેલ છે.

પ્રશ્ન ૨૨ મું—એકલ વિહારીપણું કોઇ સાધુને અંગીકાર કરવું હોય તો તે થઇ શકે કે કેમ?

ઉત્તર—તેનાં અનેક કારણો છે. (૧) એક જિન કલ્પી એકલવિહારી (૨) બીજા પડિમાધારી એકલવિહારી તથા અભિગ્રહધારી એકલ વિહારી. આ બન્ને સૂત્રના ન્યાયે એકલા વિચરી શકે.

પ્રશ્ન ૨૩ મું—જિન કલ્પી તથા પડિમાધારી એકલ વિહારીમ શો તફાવત?

ઉત્તર—જિન કલ્પીપણું જેને અંગીકાર કરવું હોય તેને પરિહાર વિશુદ્ધ ચારિત્ર અંગીકાર કરવું જોઇએ. એટલે સ્થવિર કલ્પીમાંથી એટલે સંપ્રદાયમાંથી ગુરૂની આજ્ઞા માગી નવ જણા નીકળી એકને આચાર્ય સ્થાપે, ચાર જણા તપશ્ચર્યા કરે, ચાર વૈયાવચ્ચ કરે. એ પ્રમાણે છ મહિના સુધી તપશ્ચર્યા કર્યા બાદ તે વૈયાવચ્ચમાં જોડાય, અને વૈયાવચ્ચવાળા છ મહિના તપશ્ચર્યામાં જોડાય, અને તેમની હદ પૂરી થયે આચાર્યજી તપશ્ચર્યામાં જોડાય. એ પ્રમાણે ૧૮ મહિનામાં પરિહાર વિશુદ્ધ ચારિત્રનો તપ કાળ પૂરો કરે.

પ્રશ્ન ૨૪ મું—પરિહાર વિશુદ્ધ ચારિત્રનો શો અર્થ?

ઉત્તર—છેદોપસ્થાપનીય ચારિત્રવાળા ગચ્છમાં રહેલાને ઉત્કૃષ્ટી કરણી કરવાની ઇચ્છા થયે પ્રથમ પોતાનો અભિપ્રાય ગુરૂને જણાવી ગુરૂની આજ્ઞાએ ગચ્છનો પરિહાર-ત્યાગ કરી ચારિત્ર નીર્મળ કરવા નવ સાધુની મંડળી નીકળી સૂત્રમાં કહ્યા પ્રમાણે ત્રણ ભાગે અઢાર મહીનાનો તપશ્ચર્યાનો કાળ પૂરો કરે તે પરિહાર વિશુદ્ધ ચારિત્ર કહીએ.

પ્રશ્ન ૨૫ મું—પરિહાર વિશુદ્ધનો તપ કાળ કેટલો અને તે કેવી રીતની તપશ્ચર્યા કરે?

ઉત્તર—ઉષ્ણ કાળે જઘન્ય ૧ ઉપવાસ, મધ્યમ છઠ, અને ઉત્કૃષ્ટો અઠમ તપ કરે. શીતકાળે જઘન્ય છઠ મ૦ અઠમ, અને ઉત્કૃષ્ટ ચાર ચાર

ઉપવાસ કરે. વર્ષા કાળે જઘન્ય અઠમ, મધ્યમ ચાર, અને ઉત્કૃષ્ટા પાંચ પાંચ ઉપવાસ કરે. અને સર્વ ઉપવાસને પારણે આયંબીલ કરે.

પ્રશ્ન ૨૬ મું—પરિહાર વિશુદ્ધ ચારિત્ર અંગીકાર કરનારને દીક્ષાકાળ અને વયકાળ કેટલો હોવો જોઇએ?

ઉત્તર—દીક્ષાકાળ ૨૦ વર્ષનો અને વયકાળ ઓછામાં ઓછો ઓગણત્રીસ વર્ષનો હોય તે પરિહાર વિશુદ્ધ ચારિત્ર અંગીકાર કરી શકે.

પ્રશ્ન ૨૭ મું—પરિહાર વિશુદ્ધ ચારિત્રનો કાળ અઢાર માસનો નવે જણાનો પૂરો થયે પછી તે શું કરે?

ઉત્તર—કાંતો તે ગચ્છમાં જાય, ગુરૂની આજ્ઞાને અનુસરી ઉત્કૃષ્ટી કલ્પી એ વિચરે અને કાંતો જિન કલ્પી થઇ એકલ વિહારી પણે વિચરે. એટલે જિન શબ્દે છદ્મસ્થ તીર્થંકર જેવો કલ્પ નામ આચાર પાળે પણ તીર્થંકરની પેઠે કલ્પાતીત કહેવાય નહિ, તેનો કલ્પ જુદો છે માટે જિન કલ્પી કહેવાય.

પ્રશ્ન ૨૮ મું—જિનકલ્પિ કયા કયા તીર્થંકરને વારે હોય?

ઉત્તર—પહેલા છેલ્લા તીર્થંકરને વારે હોય. વચલા બાવીસ તીર્થંકરને વારે ન હોય કારણ કે ભગવતીજીમાં કહ્યું છે કે-પરિહાર વિશુદ્ધ ચારિત્ર પહેલા છેલ્લા તીર્થંકરને વારેજ હોય, વચલા બાવીસ તીર્થંકરના સાધુને પહેલું ચોથુ ને પાંચમું એ ત્રણ ચારિત્ર લાભે છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધ એ બે ચારિત્ર ન હોય, અને પહેલા છેલ્લા તીર્થંકરને વારે પાંચે ચારિત્ર લાભે એટલે કાંતો તીર્થંકરના હસ્ત દીક્ષીત હોય તે અથવા હસ્ત દીક્ષિતના શિષ્ય હોય તેજ પરિહાર વિશુદ્ધ તથા જિન કલ્પીપણું ધારણ કરી શકે.

પ્રશ્ન ૨૯ મું—પરિહાર વિશુદ્ધની સ્થિતિ કેટલી?

ઉત્તર—પરિહાર વિશુદ્ધની સ્થિતિ જઘન્ય એક સમયની (પરિણામથી પડવાને ૭ મે ગુણ ઠાણે ગયેથી ૧ સમય રહી કાળ કરવા આશ્રી) ઉત્કૃષ્ટી ૨૯ વર્ષે ઉણી પૂર્વક્રોડની એ એક જીવ આશ્રી.

ઘણા જીવ આશ્રી જઘન્ય ૨૦૦ વર્ષ ઉત્કૃષ્ટા દેશેઉણા બે પૂર્વ ક્રોડ એ પહેલા છેલ્લા તીર્થંકરના સાધુ આશ્રી કહ્યું.

પ્રશ્ન ૩૦ મું—પરિહાર વિશુદ્ધ ચારિત્રનું આંતરૂં કેટલું?

ઉત્તર—એક વચન (એક જીવ) આશ્રી જઘન્ય અંતર મુહૂર્તનું ઉત્કૃષ્ટું કશું પ્રમાણ દેખી ઉણું બહુવચન આશ્રી જઘન્ય ૮૪૦૦૦ ચોરાશી હજાર વર્ષનું ઉત્કૃષ્ટ ૧૮ કોડાકોડ સાગરનું એ પ્રમાણે ભગવતીજીમાં સંખ્યાના અધિકારે કહ્યું છે.

પ્રશ્ન ૩૧ મું—જિન કલ્પીની ગતિ કઈ હોય?

ઉત્તર—જિનકલ્પીની ગતિ કહી હોય એમ જણાતું નથી. પણ પરિહારવિશુદ્ધ ચારિત્રની ગતિ ઉત્કૃષ્ટી આઠમા દેવલોક સુધીની ભગવતીજીમાં કહી છે. તે ઉપરથી જિનકલ્પીની ગતિ આઠમા દેવલોક સુધીની કહેવામાં આવે છે. કારણકે—જ્યાં સુધી તે જિનકલ્પી પણામાં વિચરે ત્યાં સુધી તે પરિહાર વિશુદ્ધ ચારિત્રીઓ ગણાય એ અપેક્ષાએ આઠમા દેવલોક સુધીની કહેવામાં આવે છે

પ્રશ્ન ૩૨ મું—જિનકલ્પીનો આચાર તો ઉંચો છે છતાં આઠમા દેવલોક સુધીનીજ ગતિ કેમ હોય? ઘણા લોકો શંકા કરે છે કે તેની ગતિ તો મોક્ષનીજ હોવી જોઈએ તેનું કેમ?

ઉત્તર—મોક્ષની ગતિ એક કલ્પમાં છેજ નહિ, એમ ભગવતીજી સૂત્ર જણાવે છે પણ કલ્પાતીતનીજ ગતિ મોક્ષની કહી છે, તો જિનકલ્પી ગચ્છમાં આવ્યા પછી સ્થવિર કલ્પીમાંથી ગુણસ્થાનકની શ્રેણીને ચડતા કલ્પાતીતપણાના ભાવને પામીને કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષ જાય તેવી રીતે જિનકલ્પીપણામાં બનવા સંભવ નથી—કારણકે પરિહાર વિશુદ્ધ ચારિત્રીયા (જિનકલ્પી) ને માટે કેટલાક એવી શંકાઓ પરાવે છે કે તેને એવો ઉત્કૃષ્ટ ભાવ નહિ છે કે ચોકખું ચારિત્ર અગ્નિ પાણીએ છીંકે ઇત્યાદિ ઉત્કૃષ્ટ ભાવને કદાપી કેવળીએ જાણ્યા હોય તો કેમ ના કહી શકાય. જો એમ હોય તોજ આ ભગવતીજીના પચીશમાં શતકના સાતમા ઉદ્દેશામાં પાંચ પ્રકારના ચારિત્રની વ્યાખ્યામાં પરિહાર વિશુદ્ધ ચારિત્રની ઉત્કૃષ્ટી ગતિ આઠમા દેવલોક સુધીનીજ કહી છે. એ ઉપરથી જિનકલ્પીની ગતિ પણ આઠમા દેવલોક સુધીની કહેવામાં આવે છે. તત્ત્વ કેવળી ગમ્ય.

પ્રશ્ન ૩૩ મું—જિનકલ્પી અને પડિમાધારી સાધુમાં શો તફાવત?

ઉત્તર—જિનકલ્પી થવાવાળા છેદોપસ્થાપનીય ચારિત્રમાંથી પરિહાર વિશુદ્ધ ચારિત્ર અંગીકાર કરીને પછી જિનકલ્પી થાય તે પણ ઉપર કહેલા અધિકારવાળાજ થાય, અને પડિમાધારી તો ગમે ત્યારે પણ થઈ શકવા સંભવ છે. પડિમાધારી સાધુનો કલ્પ સવિસ્તર દશાશ્રુતસ્કંધ સૂત્રમાં કહેલ

છે ત્યાંથી જાણી લેવો. નેમનાથ ભગવંતે ગજસુકુમાર મુનિને બારમી ભિક્ષુની પડિમા (પ્રતિજ્ઞા) અંગીકાર કરાવી છે. એ ઉપરથી એમ જણાય છે કે-ચોવીશે તીર્થંકરના સાધુઓની પ્રવૃત્તિમાં ભિક્ષુની બારે પડિમા અંગીકાર કરવાનું હોવું જોઇએ.

પ્રશ્ન ૭૪ મું—જિનકલ્પી અને પડિમાધારી સાધુની કરણીમાં શો તફાવત ?

ઉત્તર—જે પ્રમાણે દશાશ્રુતસ્કંધ સૂત્રમાં પડિમાધારી સાધુનો બાવીશ બોલ સહિત સવિસ્તર અધિકાર છે તેવો જિનકલ્પીનો જુદો અધિકાર હોય એમ જણાતું નથી, અને સૂત્રમાં દરેક ઠેકાણે ભિક્ષુ, નિર્ગ્રંથ અને પ્રતિજ્ઞાધારી સાધુઓના નામથીજ બન્નેને સાથે ઓળખાવ્યા હોય એમ જણાય છે. તે ઉપરથી એમ પણ સંભવે છે કે જિનકલ્પી અને પડિમાધારી સાધુની કરણી ઘણે અંશે સરખી હોવી જોઇએ, અને તે એકલ વિહારી હોય છે.

પ્રશ્ન ૭૫ મું—શ્રી ભગવતીજીના બીજા શતકને પહેલે ઉદ્દેશે ખંધકજીએ ભિક્ષુની બારે પડિમાવહી છે. પણ એકલા વિચરવાનો અધિકાર ચાલ્યો જણાતો નથી તેનું કેમ ?

ઉત્તર—એ વાત ખરી છે, પણ સૂત્રનો ન્યાય જોતાં એમ જણાય છે કે-પંડ, હજુર, તીર્થંકર મહારાજના હસ્ત દીક્ષિત ભગવંતની આજ્ઞા મુજબ ભગવંતની સાથે રહીને પડિમા વહી શકે, અને બાકીના માટે એ નિયમ જણાતો નથી તે તો સૂત્રના કલ્પ પ્રમાણે કરી શકે એમ જણાય છે.

પ્રશ્ન ૭૬ મું—કેટલા ગુણનો ધણી હોય તે એકલો વિચરી શકે ?

ઉત્તર—ઠાણાંગજી સૂત્રમાં ૮મે ઠાણે કહ્યું છે કે આઠ ગુણનો ધણી હોય તે એકલો વિચરી શકે-તે સૂત્ર પાઠ—

अट्ठहिं ठाणेहिं संपन्ने अणगारे अरिहई एगल्ल विहार पडिमं उवसं पज्जित्ताणं विहरित्तए तंजहासड्ढी पुरिसजाए १ सच्चे पुरिसजाए २ मेहावीपुरिसजाए ३ बहुस्सुए पुरिसजाए ४ सत्तिमं ५ अप्पाहिगरणे ६ धिइमं ७ वीरिय संपन्ने ८ ॥

આવા આઠ સ્થાન કે સહિત, અણગાર યોગ્ય હોય. એકલ વિહારની પ્રતિમા અંગીકાર કરી વિચરવાને તે કહે છે. શ્રદ્ધાવંત ૧, સત્યવાદી ૨,

બુદ્ધિવંત ૩, બહુશ્રુત ૪, શક્તિવંત ૫, અલ્પાધિકરણી ક્રોધાદિ રહિત ૬, સંતોષવંત ૭, વીર્યવંત ૮, એ આઠે બોલ પુરૂષ જાતિના લેવા

પ્રશ્ન ૩૭ મું—ઉપરના પાઠ અને ભાષ્યમાં તો સમુચે વાત કરી પણ વિસ્તારથી તેનો અર્થ કાંઇ સમજી શકાય તેવો છે?

ઉત્તર—ટીકાવાળાએ વિસ્તારથી જણાવ્યુ છે પણ તે પાઠ આ સ્થળે નાખનાં ગ્રંથ વધી જવાથી ભાવાર્થરૂપે ટુંકામા નીચે પ્રમાણે જણાવવામાં આવે છે.

ભાવાર્થ—આઠ ગુણ યુક્ત સંપૂર્ણ અણગાર પ્રતિમાધારી એકલ વિહારી સાધુ જિનકલ્પી યોગ્ય હોય તે એકલ વિહારી પણે ગ્રામાનુગ્રામ પ્રત્યે વિચરી શકે, તે નિશ્ચે પ્રતિમાવંત અભિગ્રહ ધારી એકલ વિહારની પડિમા જિનકલ્પીની પડિમા માસિકાદિક ભિક્ષુની પ્રતિમા તેમની ઉપસંપદા, (તેમનો આચાર) અંગીકાર કરીને એકાકી પણે વિચરી શકે તે આઠ ગુણનો ધણી હોય તે કહે છે.

(૧) શ્રદ્ધાવંત પુરૂષ-તત્વની શ્રદ્ધા, આસ્તિક, સમ્યકત્વ ચારિત્રવંત પુરૂષ જાત, (સ્ત્રી જાત નહિ) (તમામ પદે એમ સમજવું)

(૨) સત્યવાદી-જેવું બોલે તેવું પાળે.

(૩) બુદ્ધિવંત,-શ્રુત ગ્રહણ શક્તિ મર્યાદાવંત.

(૪) બહુશ્રુત,-જઘન્ય નવ પૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધી અને ઉત્કૃષ્ટા કાંઇક ઉણા દશ પૂર્વ સુધી ભણે.

(૫) શક્તિવંત,-સમર્થ-જિનકલ્પી તુલ્ય તપશ્ચા, સત્યપણું, શ્રુત, (જ્ઞાન), એકલ વિહાર અને બળ, પરાક્રમ ઇત્યાદિ જિનકલ્પીના બરાબર પરિવર્જે અંગીકાર કરી વિચરે.

(૬) અલ્પાધિકરણી,-અલ્પ અધિકરણ નિષ્કલહ ક્રોધાદિ રહિત.

(૭) ધૃતિમંત,-અનુકૂળ પ્રતિકૂળ પરિસહ ઉપસર્ગ સહે, અથવા સંતોષવંત

(૮) વીર્યવંત,-શરીર તથા આત્મ શક્તિવંત

આ આઠ ગુણનો ધણી હોય તે જિનકલ્પી તથા પડિમાધારી સાધુ એકલ વિહારી પણે વિચરી શકે.

પ્રશ્ન ૩૮ મું—ક્ષેત્રે-આકાળમાં ઉપરના ગુણ યુક્ત એકલ વિહારી સાધુ હોવા સંભવ ખરો કે કેમ?

ઉત્તર—સૂત્રનો ન્યાય લેતાં સંભવ નથી. જિનકલ્પી તથા પડિમાધારી વગેરે એકલ વિહારી મુનિઓને માટે જ્યાં જ્યાં અધિકાર ચાલ્યો છે ત્યાં ત્યા માત્ર એકજ પાત્ર ચાલેલ છે. એટલે વસ્ત્રની મર્યાદા એકથી માંડી ત્રણ સુધી અગર નગ્નભાવ તથા કટીબંધ એબ ઢાંકવા માટે આચારાંગ સૂત્રમાં કહેલ છે, પરંતુ પાત્ર તો એકજ કહેલ છે. આ ઉપરથી એમ જણાય છે કે-જિનકલ્પી, વખતે કરપાત્રી હોય કે-એકલ પાત્રી હોય પણ પડિમાધારીને માટે ઘણું કરી એક પાત્રનો કલ્પ હોવો જોઈએ. આ ઉપરથી એમ નિર્ણય થાય છે કે-તેવા પુરૂષો આ ક્ષેત્રે આ કાળમાં હોવા સંભવ નથી.

પ્રશ્ન ૩૯ મું—તો તેને માટે સૂત્રમાં કાંઇ ખુલાસો છે ખરો કે સૂત્રમાં કહ્યા પ્રમાણે એકલ વિહારી અમુક વખતેજ હોય?

ઉત્તર—આચારાંગ સૂત્ર શ્રુત સ્કંધ બીજે અધ્યયન પાંચમે-ઉદ્દેશે ૧ લે-પાંચ બોલનો ધણી એકલ વિહારી થઇ શકે. તે એક વસ્ત્ર અને એક પાત્ર ધારી હોય. તે સુત્ર પાઠઃ—

जे णिग्गंथे तरुणे १ जुगवं २ बलवं ३ अप्पायंके ४ थिर संघयणे ५ सेएगंवत्थंधारेज्जाणो बितियं.—

અર્થઃ—જેણિ. જે નિર્ગ્રંથ સાધુઃ ત. તરૂણો—જોબનવંત ૧ જુ. જુગવંત કહેતા ત્રીજા ચોથા આરાનો જન્મ્યો હોય તે ૨-બ. બલવંત-સમર્થ હોય ૩ અ. નિરોગી-રોગ રહિત ૪ થિ. સ્થિરસંઘયણ- દઢકાય વૃતિ એહવો સાધુ વજ્રઋષભનારાચ સંઘયણનો ધણી ૫ એવા ૫ બોલ સહિત જે સાધુઃ સે. કે'તા તે એ. એક વસ્ત્ર ધારે-રાખે-પહેરે પરંતુ ણો. બીજું ન ધારે ન રાખે.

આ સંબંધી વધારે વિવેચન પરંપરાના વિસ્તારવાળા ટબાના પર્યાયથી જાણવું. છઠ્ઠા અધ્યયને પણ ઉપર કહેલા પાંચ બોલના ધણીને એક પાત્ર રાખવું કલ્પે, એટલે એ (૫) બોલનો ધણી એક વસ્ત્ર ને એક પાત્ર રાખવા સમર્થ અન્ય સાધુ સાધવી કલ્પ પ્રમાણે રાખે.

પ્રશ્ન ૪૦ મું—માત્ર એકજ પાત્ર કોણ રાખી શકે?

ઉત્તર—આચારાંગ શ્રુત સ્કંધ બીજે અધ્યયને છઠ્ઠે-ઉદ્દેશે પેહલે બાબુવાળા છાપેલ પાને ૧૯૨મે તરૂણાદિ પાંચ બોલના ધણીને એક પાત્ર રાખવો કહ્યો છે તેમાં જિનકલ્પીકાદિ પ્રતિમાધર આશ્રી કહ્યો છે. તત્ ટીકાઃ—

जिन कल्पी कस्तुयथा प्रतिज्ञमेव धारयेत तत्रापवादोस्ति. [illegible]

આનો પરમાર્થ એ છે કે જિન કલ્પી સાધુ તથા પડિમાધારી પ્રતિજ્ઞાવંત એક વસ્ત્ર કે એક પાત્ર રાખે તે પણ અપવાદ માર્ગે રાખે ઉત્સર્ગે તો તેનો પણ નિષેધ.

પ્રશ્ન ૪૧ મું—ઉપર કહેલા પાંચ બોલનો ધણી એકલ વિહારી થઇ શકે તેમાં બીજો બોલ જે 'जुगवं' કહ્યો તેનો શો અર્થ ?

ઉત્તર—તેનો અર્થ ટીકાકાર એ પ્રમાણે કરે છે કેઃ—

'जुगवं' तियुगं-सुषम-दुष्षमादिः काल विशेष स्तत् प्रशस्तं विशिष्ट बलहेतु मूतं यस्यास्त्य सौ युगवान्.

આનો પરમાર્થ એ છે કે–જુગવં યુગવાન યુગમાં જન્મેલો એટલે યુગ શબ્દે ત્રીજો ચોથો આરો લેવો એટલે ચોથા આરાનો જન્મેલો હોય તે એકલ વિહારીની જિનકલ્પી પ્રમુખની પ્રતિજ્ઞા અંગીકાર કરી શકે. પાંચમા આરાના જન્મેલાનો એકલ્પ નથી.

પ્રશ્ન ૪૨ મું—જિનકલ્પી પાંચમા આરામાં નહોય એવો કોઈ દાખલો છે ?

ઉત્તર—એ વિષેનો પ્રથમ દાખલો સૂત્રના ન્યાયથી અપાઈ ગયો છે કે–પરિહાર વિશુદ્ધ ચારિત્ર, તીર્થંકર યા તીર્થંકરના હસ્તદીક્ષિતના શિષ્યોથીજ અંગીકાર થાય છે. તે અપેક્ષાએ ચોથા આરાનો જન્મેલો ચોથા આરામાં અથવા પાંચમા આરામાં જિનકલ્પી એકલ વિહારી થઇ શકે. તે અપેક્ષાથી શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—ભરત ક્ષેત્રમાં પંચમ કાળમાં જંબુ સ્વામી પછે ૧૦ બોલ વિચ્છેદ ગયા તે કહે છે.

૧ પરમાવધિજ્ઞાન, ૨ મનઃ પર્યવજ્ઞાન, ૩ કેવળજ્ઞાન, ૪ પુલાકનિયંઠો, ૫ આહારક લબ્ધિ, ૬ ક્ષાયક સમકિત, ૭ જિનકલ્પી સાધુ, ૮ પરિહાર વિશુદ્ધ ચારિત્ર, ૯ સૂક્ષ્મસંપરાય ચારિત્ર, ૧૦ યથાક્ષાત ચારિત્ર.

એ દશ બોલ જંબુ સ્વામી પછી વિચ્છેદ ગયા તેનું કારણકે તે ચોથા આરાના જન્મેલા પાંચમા આરામાં હયાતી ધરાવતા હોય ત્યાંસુધી રહેવા સંભવ છે. પછી વિચ્છેદ જાય એમ શાસ્ત્રથી જણાય છે.

પ્રશ્ન ૪૩ મું—એકલ વિહારી જિનકલ્પી અથવા પડિમાધારીજ હોય કે બીજા પણ હોય ખરા ?

ઉત્તર—બીજા હોવાનો સંભવ છે. પ્રત્યેક બુદ્ધ એકલ વિહારી હોય. નમિરાજ ઋષિ કરકંડુ પ્રમુખ તેમજ કેટલાક જાતિસ્મરણ જ્ઞાનની તથા જાતિ સ્મરણ

જ્ઞાનીને પણ એકલા વિચરવાનો સંભવ છે, પણ ઘણુંકરી તે પણ ત્રીજા ચોથા આરાના જન્મેલા પૂર્વોક્ત ગુણના ધણીનેજ લાગુ છે.

પ્રશ્ન ૪૪ મું—પૂર્વે કહેલા આઠ ગુણ તથા પાંચ બોલ તથા પ્રત્યેક બુદ્ધાદિ વિનાના પંચમ કાળમાં કોઇ એકલ વિહારીપણે વિચરી શકે કે કેમ?

ઉત્તર—સૂત્રમાં તો કહ્યું છે કે-કાંતો આઠ ગુણનો ધણી હોય તે એકલો વિચરી શકે અથવા આઠ અવગુણનો ધણી હોય તે એકલો વિચરે એટલે કાંતો આઠ ગુણ સવળા કે કાંતો આઠ ગુણ અવળા હોય તે એકલ વિહારી થઇને ફરે.

પ્રશ્ન ૪૫ મું—એ વિષે સૂત્રમાં મૂળ પાઠ કંઇ કહ્યું છે?

ઉત્તર—સૂત્ર વિરૂદ્ધ એકલ વિહારીનાં દૂષણો આચારાંગ સૂત્રના પાંચમા અધ્યયનને પહેલે ઉદ્દેશે કહ્યા છે તે મૂળ પાઠ:-

इहमेगेसिं एग चरिया भवति से बहु कोहे, बहुमाणे, बहुमाए, बहुलोभे, बहुरए, बहुनडे, बहुसढे, बहुसंकप्पे, आसवसक्की पलिओच्छन्ने उट्ठिय वयं वयमाणे मा मे केइ अदक्खु अन्नाण पमाय दोसेणं सततं मूढे धम्मं णाभिजाणति (२७१)

અર્થ—વળી આ મનુષ્ય લોકમાં કેટલાએક એકલા થઇ ફરે છે, તેઓ બહુ ક્રોધી ૧, બહુ માની ૨, બહુ માયાવી ૩, બહુ લોભી ૪, બહુ રાગી ૫, બહુ દ્વેષી ૬, બહુ ધૂર્ત ૭, બહુ દુષ્ટાધ્યવસાયી, હિંસક અને કુકર્મી ૮, આવા છતાં "હું મૂળ ધર્મ માટે ઉજમાળ બન્યો છું" એવો આડંબર કરતાં થકા અને "રખે કોઇ મને જાણી જાય?" એવી બીકથી એકલા થઇને ફરતા થકા અજ્ઞાન અને પ્રમાદથી નિરંતર મૂઢ બની ધર્મને કંઇ પણ સમજતા નથી. (આચારાંગ પાને ૪૮ મે-કલમ ૨૭૩ મી.)

દુહો—ચાર કષાય બીકથી જ્ઞાન નહિં અહિંશ;
આપ છંદી ધુર્ત ફાંદી, એ આઠ ગુણ અનિશ. ૧.

આ પંચમ કાળમાં તો ઉપરોક્ત ગુણવાળા એકલા ફરનારા પ્રાયે જોવામાં આવે છે.

પ્રશ્ન ૪૬ મું—આ પંચમ કાળમાં એકલા ફરવાવાળા સાધુઓ કેવી કેવી પ્રવૃત્તિવાળા હોય છે? અને તેને કેવા દોષ ઉત્પન્ન થાય છે?

ઉત્તર—આ કાળમાં એકલા ફરવાવાળા આઠ અવગુણના ધણી હોય અથવા ઉપરોક્ત કહેલી પ્રવૃત્તિવાળા હોય તેજ એકલા ફરે અને તેવા માટે તેજ અધ્યયનના બીજા ઉદ્દેશે વિશેષ કરીને કહ્યું છે કે-

(અજાણ, અગીતાર્થ, અને સૂત્રાર્થમાં નિશ્ચય વિનાના મુનિને એકલા ફરવામાં ઘણા દોષ થાય છે.) તે સૂત્ર પાઠ.

गामाणु गामं दूइज्ज माणस्स दुज्जातं दुप्परि क्कंतं भवति अवियत्तस्सभि क्खुणो। (३०४)

वयसावि एगे चोइआ कुप्पंति माणवा। उन्नय माणेय णरे महता मोहेण मुज्झति। संबाहा बहवो भुज्जो दुरति क्कमा अजाण तो भपासओ। एयं तेमा होउ। एयं कुसलस्स दंसणं (३०५)

અર્થ—સામર્થ્યહીન (વય તથા જ્ઞાનની યોગ્યતાથી રહિત) મુનિ એકલો થઈને ગામો ગામ ફરતો તેનું તે ફરવું તથા જવું અસુંદર ગણાય છે, કેટલાએક મનુષ્યો માત્ર વચનોથી સારી શીખામણ આપતાં નાખુશ થાય છે એવા અભિમાની પુરૂષો (અજ્ઞાનથી) મહા મોહથી વિવેક વિકલ બની ગચ્છથી જુદા પડે છે. તેવા અજાણ અને અતત્વદર્શી પુરૂષોને અનેક આવી પડતી પીડાઓ દુર્લંઘનીય થાય છે. હે મુનિઓ, એવું તમારા માટે નહિ બનો એવું કુશળ પુરૂષ (વીર પ્રભુનું) દર્શન છે. (૩૦૫)

પ્રશ્ન ૪૭ મું—ઉપરના લખાણથી કેટલીક હકીકત એકલ વિહારી સંબંધી જણવામાં આવી પણ अवियत्तस्सभिक्खुणो એટલે સામર્થ્યહીન (વય તથા જ્ઞાનની યોગ્યતાથી રહિત) વગેરે લખાણ છે તો ઉક્ત પાઠનો સમજુતી પડે તેવો સવિસ્તર ખુલાસો હોય તો જણાવશો.

ઉત્તર—ઘણા અર્થના ટબાવાળા આચારાંગ સૂત્રમાં ઉપર લખેલા પાઠનો અર્થ ઘણા વિસ્તારથી કર્યો છે. તે વિશેષ સમજુતી માટે નીચેના લખાણથી જાણશો.

ઇહાં એક ચરને મુનિનો અભાવ તેહને દોષ એહવો ભાવ કહે છે. અબહુશ્રુત સાધુને गामाणु गामं दुइज्ज माणस्स, ગ્રામાનુગ્રામે વિચરતાં એકાકી સાધુને, दुज्जातं, દુષ્ટ ગમન થાય જાતા અનુકૂલ પ્રતિકૂલ ઉપસર્ગને ઉપજવે અરહન્નકની પરે ભલો ન થાય, તથા दुपरि कंतं, દુષ્ટ પરાક્રમનો સ્થાનક એકાકીને भवंति अथ, એતા વના એકાકી સ્થાન ન પામે, ચુલભદ્રને અમર્ષે વેશ્યાને ઘરે ગયા સાધુની પરે એમ સમસ્તને ન હોય, કિંતુ જેહવાને હોય તે કહે છે. अवियत्तस्स भिक्खुणो, अवियंतस्स भिक्खूणो કેતા અવ્યક્ત જે શ્રુતે કરી અવ્યક્ત તથા વયે કરી અવ્યક્ત શ્રુતે કરી અવ્યક્ત તે કહિયે જેણે આચારાંગ સૂત્રાર્થ થકી પૂરો ભણ્યે ...

ગચ્છ ગત ગચ્છને માટે ઘણા સાધુની જો સ્થિતિ ગચ્છ નિર્ગતને ત્યાગ પૂર્વની ત્રીજી વસ્તુ ભણી ન હોય તે શ્રુત અવ્યક્ત તથા વયે કરી અવ્યક્ત તે કહીએ. જે ગચ્છ ગત માહિ સોલે વર્ષ માહિ વર્તે ગચ્છ નિર્ગત માંહે વયે કરી અવ્યક્ત ત્રીશ વર્ષ માંહે વર્તે તે કહિયે ઇહાં અવ્યક્તની ચોભંગી છે, શ્રુત અને વયે કરી જે અવ્યક્ત તેહને એક ચર્યા ન કલ્પે સંયમ આત્મા વિરાધના થાય એ પહેલો ભાંગો. ૧ તથા શ્રુતે કરી અવ્યક્ત વયે કરી વ્યક્ત તેહને પણ એક ચર્યા ન કલ્પે. અગીતાર્થપણે સંયમ અને આત્માની વીરાધના થાય એ બીજો ભાંગો ૨. તથા શ્રુતે કરી વ્યક્ત અને વયે કરી અવ્યક્ત તેહને પણ એક ચર્યા ન કલ્પે બાલપણાને ભાવે સર્વ લોકને પરાભવનો ઠામ થાય એ ત્રીજો ભાંગો ૩ તથા જે શ્રુત અને વયે કરી વ્યક્ત તેહને ગુરૂને આદેશે એક ચર્યા કલ્પે, પણ આદેશ વિના ન કલ્પે. જેહ ભણી આજ્ઞા વિના એકલાને તિહાં ઘણા દોષ ઉપજે ૪. પરંતુ તે દોષ ગચ્છ ગતને સંભવે નહિ. ગુરૂને આદેશે પ્રવર્તતા ગુણ ઉપજે તેણે દોષ નહિ. વળી કર્મને વશે એક એક ગુરૂનો પણ વચન ન માને તે કહે છે. કિણહી એક તપ સયમાનુષ્ઠાન વિષે સિદાતા પ્રમાદે સબલા હૂતા મિ. મિશુને વયસાવિ એગે ચૂઇયા, થી ગુરૂયે ધર્મ વચને, એક અજ્ઞાનીને, ચોથા પ્રેર્યા કુપ્પંતિ માણવા, ક્રોધને વશે પહુંચે, મનુષ્ય શ્રમ કઢે હું (મને) ઘણા એટલા સાધુમાંહે તિરસ્કાર કરો કાં ઇમ ઇતો અનેરા પણ સહુ ઇમહીજ પ્રવર્તે છે તેહને શુ ન કહેવો ઇણ પરેતે ઉન્નત માણેય, ઉન્નત અભિમાન વસે આપણુ પો મોટો માનતો ણહે નર મનુષ્ય મહયા મોહેણ મુજ્ઝતિ, પ્રબળા મોહનીયને ઉદે મુંઝાય કાર્યા કાર્ય વિવેક વિકલ થાય મોહે મોહિત છતા માન પ્રબતે ચઢયો અતિ ક્રોધે કરી ગચ્છ થકી નિકલે તેહને ગ્રામાનુગ્રામે એકાકીપણે હીંડતાં જે હોય, તે કહે છે જે અવ્યકત એકાકી હિંડતાને સંવાહા, બાધા પીડા ઉપસર્ગ થકી ઉપની વહવે, ઘણી થાય મુજ્જોર, વલીર વારંવાર ઉરાતિક્કમ્મા ઉલ્લંઘતા દોહિલી, કેહવાને દુર્રાધગમ અજાણતો, અજાણુને અપાસતો, અણુદેખતાને (એટલે એકલચર્યાના ગુણ દોષના અજાણને અથવા અજ્ઞાનીને, અણુદેખતાને એટલે અણુસરદહતા ને અથવા સુધોહિન, સમ્યક્ દર્શન રહિતને એકલા ફેરવાનો નિષેદ્ધ જણાવ્યો)

હવે મહાવીર પરમાત્માં કહે છે કે-एयं तेमा होउ, એટલે, એક ચર્યા પ્રતિપન, ને બાંધાનો દુરતિક્રમણીયપણો; માહરે ઉપદેશે વર્તતાં, તે

सुंजने मा. महुवो एवं कुसलस दंसणं. એ પૂર્વોક્ત કહ્યોં તે શ્રી વર્ધમાન સ્વામીનો દર્શન અભિપ્રાય જાણવો.

હવે આચાર્ય–ગુરૂ સમીપે શિષ્યને કેવી રીતે પ્રવર્ત્તવું તે ચાલતા અધિકારથી તથા શાખાંતરની કલમ (૩૦૬ ઠ્ઠી તથા ૩૨૩ મી કલમથી જાણવું)

પ્રશ્ન ૪૮ મું—ઉપરની કહેલી બન્ને કલમમા શું કહ્યું છે? તે જણાવશો.

ઉત્તર—ઉપરની કલમોમાં એકલા ફરનાર સાધુને ઘણા દોષ કહ્યા છે માટે મુનિએ હમેશ ગુરૂની નજર આગળ રહીને ગુરૂએ બનાવેલી, નિઃસંગતાથી, ગુરૂના બહુ માનપૂર્વક, અને ગુરૂ પરની શ્રદ્ધાથી, ગુરૂ સમીપ નિવાસ કરતાં થકાં યતનાપૂર્વક ગુરૂના અભિપ્રાયને અનુસરીને માર્ગના અવલોકન સાથે જીવ જંતુને જોતાં થકાં ભૂમંડળ પર ભમતા રહેવું એટલુંજ નહિ પણ જતાં, આવતાં, બેસતાં, ઉઠતાં, વળતા, અને પ્રમાર્જન કરતાં સર્વદા ગુરૂની આજ્ઞા લઇ વર્તવું. (૩૦૬)

હવે અધ્યયન પાંચમાના છઠ્ઠા ઉદ્દેશામાં કહ્યું છે કે–કેટલાએક જિનાજ્ઞાથી વિપરીત પ્રવૃત્તિમાં ઉદ્યમી વર્ત્તે છે. કેટલાએક જિનાજ્ઞાનું કુશ પ્રવૃત્તિમાં નિરૂદ્યમી છે. એ બન્ને વાત હે મુનિ, તારે મ થાઓ, એમ કુશળ (વીર પ્રભુ)નું દર્શન છે.

માટે જે પુરૂષ હમેશાં ગુરૂની દૃષ્ટિમાં વર્ત્તતો હોય, ગુરૂ પ્રદર્શિત મુક્તિ સ્વીકારતો હોય, ગુરૂનું બહુ માન કરતો હોય, ગુરૂ પર શ્રદ્ધા ધરતો હોય, ગુરૂ કુળવાસ કરતો હોય, તે પુરૂષ કર્મોને જીતીને તત્ત્વ જોઇ શકે છે અને એવો મહા પુરૂષ કે જેનું મન લગાર પણ સર્વજ્ઞોપદેશથી બાહેર જતું નથી તે કોઇનાથી પણ પરાભૂત ન થતા નિરાલંબનતારૂપ ભાવનાને ભાવવા સમર્થ થાય છે (૩૨૩).

પ્રશ્ન ૪૯ મું—કોઇ કહે છે કે–પોતાના બરાબર અગર પોતાથી અધિક ગુણવાળો સખાયો ન મળે તો તે એકલો વિચરી શકે એમ ઉત્તરાધ્યયનના ૩૨મા અધ્યયનની પાંચમી ગાથામાં કહ્યું છે તેનું કેમ?

ઉત્તર—એ વાત ખરી છે, પણ તે કોના માટે સૂત્રકારે એ વાક્ય મૂક્યું છે? તે પ્રથમ જાણવું જોઇએ.

પ્રશ્ન ૫૦ મું—અમે તો એમ જાણીએ છીએ કે ગુરૂ કે એવો સરખા ગુણવાળો કે અધિક ગુણવાળો ન મળે તો પોતાની મેળે પંચ મહાવ્રત અંગીકાર કરી સાધુ બની એકલો વિચરી શકે.

ઉત્તર—એવો ભાવ એ અધ્યયનમાં કે એ ગાથામાં નીકળતો નથી. બે બત્રીસમા અધ્યયનની પાંચમી ગાથાથી કોઇ ઉપર કહ્યા પ્રમાણે એકલ વિહારી બનવાને ઠરાવતા હોય તો તેણે પ્રથમની ગાથાઓ પર દૃષ્ટિ કરવી.

પ્રશ્ન ૫૨ મું—પ્રથમની ગાથાઓમાં શું કહ્યું છે?

ઉત્તર—ત્રીજી ગાથાના પહેલાજ પદમાં કહ્યું છે કે "तस्से स मग्गो गुरु विद्ध सेवा," જેને મોક્ષનો માર્ગ સાધવો હોય, તેણે પ્રથમ વિધિએ કરીને ગુરૂની સેવા કરવી અને ટીકાકાર પણ એજ જણાવે છે કે:—

"तस्य मोक्षोपाय मूलस्य ज्ञानस्य एषः—प्रथम गुरु वृद्ध सेवा ज्ञान प्राप्ति हेतुः गुरवश्च वृद्धाश्च गुरु वृद्धा स्तेषां सेवा गुरु वृद्ध सेवा तत्र गुरवो धर्माचार्या वृद्धा श्रुत पर्यायाभ्यांवे महान्त स्तेषां सेवा ज्ञान दर्शन हेतु भूता इत्यर्थः—

અહિંયાં તો પ્રથમ ગુરૂ પાસે દીક્ષા લઇ ગુરૂની વિધિએ સેવા કરી કરી, તથા વૃદ્ધ ગુરૂની સેવા કરી મોક્ષનો ઉપાય શિષ્યે મેળવવો.

હવે ગુરૂની ગેરહાજરીએ શિષ્યે શું કરવું? તે ચોથી ગાથાના બીજા પાદમાં જણાવે છે.

પ્રશ્ન ૫૩ મું—ચોથી ગાથામાં ભગવંતે, શું કહ્યું છે તે જણાવો?

ઉત્તર—ચોથી ગાથામાં ભગવંત, એમ જણાવે છે કે—ગુરૂની ગેરહાજરીએ શિષ્ય જ્યાં સુધી એકલો રહે ત્યાં સુધી. श्रमणः क्रियानुष्ठानात् [illegible] [illegible] वा [illegible]: कर्ता एतत् इच्छेत् એકલ વિહારી, [illegible] [illegible] કરે એટલે છઠ અઠમાદિ તપ કરે અને સાધુપણાની ક્રિયાને [illegible] [illegible] કરીને सहाय मिच्छेनिउणत्थ बुद्धिं—साधु निपुणार्थं बुद्धि सहायं इच्छेत्। निपुण [illegible] [illegible] बुद्धिर्यस्य स निपुणार्थ बुद्धिः। [illegible] [illegible] [illegible] शिष्यं इच्छेत् [illegible] सम्यक् निर्दोषाहार धर्माचार [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] इति [illegible]॥

[illegible] [illegible] [illegible] [illegible], એવા શિષ્યની, ઇચ્છા કરે [illegible] શિષ્ય, [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એવા શિષ્યની સહાયતા [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] ન મળે, તો તેણે ગુરૂનો પાંચમી ગાથામાં જણાવેલ છે.

પ્રશ્ન ૫૩ મું—પાંચમી ગાથામાં શું કહ્યું છે? તે જણાવશો.

ઉત્તર—પાંચમી ગાથામાં તે વિષે સારો ખુલાસો કર્યો છે. સાંભળો ગાથા

नवा लभेजजा निउणं, सहायं, गुणा हियंवा गुणओ समंवा, एक्को वि पावाइं विवज्जयंतो, विहरेज्ज कामेसु असज्जमाणो ॥ ५ ॥

અર્થ:—નિપુણ સહાયો, ગુણે અધિક અથવા સરિખો એહવો શિષ્ય લાભે નહિ તો, પાપે કરીને રહિત કામને વિષે અમજ્જ માન, થકો એકલો વિચરે, એમ કહ્યું છે.

અહિયાં તો સાધુપણામાંજ ગુરૂની, ગેરહાજરી, એ સખાયા શબ્દે શિષ્યનેજ ગોતવો કહ્યો છે તે એકલા નહિ રહેવાને માટે કારણકે સાધુને એકલા રહેવાની, ભગવંતની આજ્ઞા નથી.

આનો પરમાર્થ એ છે કે:—અહિયાં સખાયા તરીકે ગુરૂ કહેલ નથી. સખાયાનો અર્થ તો શિષ્યજ થાય માટે સખાયા શબ્દે શિષ્યને બદલે ગુરૂનો અર્થ કરવો તે ઉત્સૂત્ર પરૂપ્યું કહેવાય માટે જેને સુશિષ્યપણું ધારણ કરવું હોય તેણે સ્વછંદપણું છાંડી, ગુરૂકુલ વાસ કરવો.

પ્રશ્ન ૫૪ મું—ઉપરની પાંચમી ગાથા ઉપરથી એમ જણાય છે કે ગુરૂની ગેરહાજરીએ પોતાના બરાબર કે અધિક ગુણવાળો શિષ્ય ન મળે તો તે એકલો વિચરી શકે એમાં બાધક નહિ.

ઉત્તર—સૂત્રના આધારે એકલા વિચરનારને વાંધો છેજ નહિ. પાંચમી ગાથાના આધારે એકલા વિચરનારને માટે પણ ચોકખું કહ્યું છે કે—તને જો જોઇતો સખાયો ન મળે ને એકલું વિચરવું થાય તો અઢાર માયલા એક પણ પાપનું સેવન કરીશ નહિ અને કામ ભોગમાં તારી વૃત્તિને દોડાવીશ નહિ તો ભલે એકલો વિચરજે નહિ તો છેક સૂત્રના આધારે કોઇ પણ આચાર્ય યા સાધુના આશ્રયે વિચરી પોતાના સંયમનો નિર્વાહ કરે પણ ઉદ્ધતાઇથી કે અહંભાવથી પોતાની મેળે સાધુપણું અંગીકાર કરી, પોતાની મેળે સાધુ બની, એકલા વિચરવાની, અર્થાત્ આપછંદાપણે એકલા ફરવાની, ભગવંતની આજ્ઞા નથી.

પ્રશ્ન ૫૫ મું—ભગવંતની આજ્ઞા શી છે?

ઉત્તર—ભગવંતની આજ્ઞા ગુરૂકુલ વાસ વસીને શિષ્યે ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તિ સન્માર્ગનો નિર્વાહ કરવા કહેલ છે અને ગુરૂકુલ વાસે અણુવસતા સ્વછંદાચારીને, ઘણા અવગુણ કહેલ છે.

તે વિષે શ્રી સુયગડાંગજી અધ્યયન ૧૪ મે ગાથા ૪થી બાબુવાળા છાપેલ પાને ૫૨૧ મેં કહ્યું છે કે—

उसाण मिछे मणुए समाहिं, अणो सिएणंत करंतिणचा ; उभास मार्ग दवियस्सवितंणणिकसे बहियाआसुपन्नो ॥ ६ ॥

અર્થ:—ચારિત્રવાન સાધુએ સર્વ કાળ ગુરૂ પાસે રહેવો તે કહે છે. જાવજીવ સુધી ગુરૂની પાસે રહેવાની વાંન્છા કરે જે સુસાધુ છે તે એવીજ સન્માર્ગરૂપ સમાધિની વાંન્છા કરે એટલે પરમાર્થ થકી મનુષ્ય તેનેજ કહિયે કે જે ગુરૂકુલ વાસે વસતો થકો પોતાના ભાષેલા અંગીકાર કરેલા સન્માર્ગનો નિર્વાહ કરે, ગુરૂકુલ વાસે અણવસતો એટલે સ્વચ્છંદાચારી છતો સંસારનો અંત ન કરે ઉલટો અનંત સંસારી થાય. સંસારની વૃદ્ધિ કરે એવું જાણીને સર્વ કાલ ગુરૂ વાસે વસે ગુરૂની સેવા કરે એમ મુક્તિ ગમન યોગ્ય સાધુના આચારને અત્યંત દીપાવતો થકો જિન ભાષિત ધર્મને દીપાવે એવું જાણીને આસુપ્રજ્ઞ એટલે જે પંડિત હોય તે ગચ્છ થકી બાહેર નીકળે નહિ અર્થાત્ સ્વછંદી ન થાય (એટલે સ્વછંદપણે એકલો થઇ વીચરી શકે નહિ.

પ્રશ્ન ૫૬ મું—કોઇ અહંભાવથી એમ બોલે કે આઠ ગુણમાંનો એકાદ ગુણ હોય અથવા બહુ સૂત્રી હોય તે એકલો વિચરી શકે તેનું કેમ?

ઉત્તર—આ વાકય સરલપણાનું ગણાય નહિ. 'સૂત્રમાં તો આઠમે ઠાણે કહેલા આઠ ગુણનો ધણી હોય તે એકલો વિચરી શકે એમ કહ્યું છે, પણ પોતાના માનેલા એકાદ ગુણવાળાને માટે છૂટ આપી નથી. બહુ સૂત્રી હોય તે, હું બહુ સૂત્રી છું એમ પોતાની જીભે બોલે નહિ એ તો આપછંદી, સ્વછંદાચારી અભિમાનીનું વાકય હોય, બહુ સૂત્રીના મુખમાંથી અભિમાની વાકય નીકળે નહિ. બહુ સૂત્રીમાં કેવા ગુણો હોય છે અને કેવા ગુણવાળા બહુ સૂત્રી બને છે તે સૂત્રથી જાણવું જોઇએ.

પ્રશ્ન ૫૭ મું—ઠાણાયંગજી સૂત્રમાં કહેલા આઠ બોલવાળો એકલ વિહારી થઇ શકે તેમાં બહુ સૂત્રીનો બોલ કહ્યો છે તો કોઇ એમ કહે કે ઉત્તરાધ્યયનના ૨૪માં અધ્યયનમાં ગાથા ૩ જીમાં કહ્યું છે કે—આઠ પ્રવચન માતામાં દ્વાદશાંગીનો સમાવેશ થઇ જાય છે તો આઠ પ્રવચન માતા (પાંચ સુમતિ ત્રણ ગુપ્તી) નું જાણપણું થયું એટલે દ્વાદશાંગીનું જાણપણું થયું ગણાય એ અપેક્ષાએ બહુ સૂત્રીપણું કોઇ પોતાને વિષે માને તેનું કેમ?

ઉત્તર—કોઇ એમ માને જે આ જીવ પાસે અનંતા જ્ઞાન, દર્શનને ચારિત્રના પર્યવ છે તો કેવળજ્ઞાનના પર્યવ પણ આ જીવ પાસે છે, એમ

માની હું કેવળી છું તેથી શું તેને કેવળી કહેવો ! અને જો એમ માનીયે તો બધા જીવને તેજ પ્રમાણે માનવા જોઇએ; તો પછી કેવળજ્ઞાન વિનાનો જીવ છેજ કોણ ? તો પછી સૂત્રકારને સંસારી જીવોના ભેદાનભેદ અને સંસારનું પરિભ્રમણ શામાટે કહેવું જોઇએ ? તેમજ જ્યાં જ્યાં સૂત્રમાં મુનિનો દીક્ષા લેવાનો અધિકાર ચાલ્યો છે ત્યાં તો સ્થવિરની પાસે જઘન્ય આઠ પ્રવચન, માતા અને ઉત્કૃષ્ટ અગ્યાર અંગ અથવા દ્વાદશાંગીનું જ્ઞાન મેળવવાનોજ અધિકાર ચાલ્યો છે.

પ્રશ્ન ૫૮ મું—તો પછી ચોવીશમાં અધ્યયનમાં આઠ પ્રવચનમાં દ્વાદશાંગીનો સમાવેશ થવાનું કહેવાનું શું કારણ ?

ઉત્તર—તે કારણ ન્યાયવાળું છે એનો પરમાર્થ એ છે કેઃ-જેણે આઠ પ્રવચનની આરાધના કરી તેણે દ્વાદશાંગીની આરાધના કરી એટલે બાર અંગનો ધણી તો ઉત્કૃષ્ટી આરાધનાવાળો હોયજ અને તે મોક્ષગામી પણ હોયજ; તેના માટે તો કાંઇ શંકા કરવા જેવું છેજ નહિ. પરંતુ જઘન્ય પદે આઠ પ્રવચન માતાની ઉત્કૃષ્ટી આરાધના કરવાવાળાની અને દ્વાદશાંગીની આરાધના કરવાવાળાની બંનેની સરખી ભાવના હોવાથી આઠ પ્રવચનમાં દ્વાદશાંગીનો સૂત્રકારે સમાવેશ કર્યો છે તે ન્યાયયુક્ત છે પણ તેથી તે બહુ સૂત્રી કહેવાય નહિ. બહુ સૂત્રી તો ઉત્તરાધ્યયનના ૧૧ મા અધ્યયનમાં કહેલા ગુણવાળો સંપૂર્ણ સૂત્રનો પારગામી થાય તેજ કહેવાય અને ટીકાના મતે જઘન્ય નવમા પૂર્વની ત્રીજી આચાર વત્થુ અને ઉત્કૃષ્ટુ દેશે ઉણું ચૌદ પૂર્વનું જ્ઞાન મેળવે તેજ બહુ સૂત્રી કહેવાય એમ ઠાણાયંગજી સૂત્ર જણાવે છે.

પ્રશ્ન ૫૯ મું—ઉપર કહ્યા પ્રમાણે બહુસૂત્રીના ગુણ તથા જ્ઞાન નથી, અર્થાત્ બહુ સૂત્રી નથી અને પોતે પોતાની મેળે બહુસૂત્રીનું નામ ધરાવે તેને માટે સૂત્રકાર કાંઇ જણાવે છે ?

ઉત્તર—તેના માટે સૂત્રકાર સારો ખુલાસો આપે છે-સાંભળો-જે કોઇ અબહુસૂત્રી થકો બહુસૂત્રી નામ ધરાવે તો તેને મહામોહની કર્મ બાંધવાના સમવાયંગ સૂત્રમાં ત્રીસ સ્થાનક કહ્યાં છે તે માંહેલું એક સ્થાનક આ પણ કહ્યું છે તે ગાથા—

अबहुसुएय जेकेइ, सुएण पवि कत्थई;
सज्जाय वायं वयइ, महा मोहं पकुव्वइ ॥ २६ ॥

ભાવા—અબહુશ્રુત થકો અપંડિત થકો જે કોઈ શ્રુતે કરી શાસ્ત્રે કરી આત્માને પ્રવિકંપે (પ્રસંગે) પોતાની શ્લાઘા કરે કે હું બહુશ્રુતવંત છું એમ કહે; વળી સ્વાધ્યાય વાદ વડે વિશુદ્ધ શાસ્ત્રનો હું પાઠક છું એમ કહે તે મહા મોહની કર્મ બાંધે.

અહિંયા તો ચોકખું કહ્યું છે કે-બહુસૂત્રી નથી ને બહુસૂત્રી નામ ધરાવે તે મહા મોહની કર્મ બાંધે. મહા મોહની કર્મ મિથ્યાત્વના ઉદય વિના બંધાતું નથી માટે મિથ્યાત્વના ઉદયેજ અભિમાની વાકય નીકળે અને અભિમાની હોય તેજ એવા પ્રકારનું વાકય બોલે.

પ્રશ્ન ૬૦ મું—પાંચ સુમતિ ત્રણ ગુપ્તિમાં ઉત્સર્ગને અપવાદ માર્ગ ખરો કે કેમ ?

ઉત્તર—પાંચ સુમતિ અપવાદ માર્ગમાં છે, અને ત્રણ ગુપ્તિ ઉત્સર્ગ માર્ગમાં છે.

પાંચ સુમતિ અને ત્રણ ગુપ્તિનું સ્વરૂપ જાણનાર અને તેજ પ્રમાણે વર્તનાર તેમજ બહુસૂત્રીના ગુણોને ધારણ કરનાર હોય તેજ બહુસૂત્રીનું નામ ધરાવી શકે છે માટે બહુસૂત્રી બનવાવાળાને ઉત્તરાધ્યયનના અગ્યારમાં અધ્યયનમાં કહેલા તમામ દોષને ટાળી તમામ ગુણ ધારણ કરવા જોઇએ.

પ્રશ્ન ૬૧ મું—બહુસૂત્રી બનવાને આડખીલ કરનારા કયા કયા દોષો હોય છે તે જણાવશો.

ઉત્તર—ઉપર કહેલા અધ્યયનની બીજીજ ગાથામાં જણાવ્યું કે-

जेया विहोई निविज्जे थद्धे लुद्धे अणिग्गहे,
अभिक्खणं उल्लवइ, अविणीए अवहुस्सुऐ ॥ २ ॥

ભાવાંત્તર-અર્થ—જે સાધુ વિદ્યા રહિત છે, અહંકાર કરે છે, રસાદિમાં લુબ્ધ રહે છે, ઇન્દ્રિયોને અંકુશમા રાખી શકતો નથી અને અતિ વાચાલ છે, એવો સાધુ અવિનીત કહેવાય, તે બહુશ્રુત ગણાય નહિ. ૨

પ્રશ્ન ૬૨ મું—અવિનીત અને અબહુસૂત્રી માટે ઉપર કહેલા પાંચ બોલ ઉપરાંત કાંઇ વિશેષ કહ્યું છે ?

ઉત્તર—ગાથા ત્રીજીમાં શિક્ષા પ્રાપ્ત માટે કહ્યું છે કે-પાંચ બોલવાળાને બે પ્રકારની શિક્ષા લાભની નથી-પ્રાપ્ત થતી નથી, તે પાંચ સ્થાનકનાં નામ ગર્વ ૧, ક્રોધ ૨, પ્રમાદ ૩, રોગ ૪, અને આળસ ૫.

અને ૬ઠ્ઠીથી ૯મી ગાથા સુધીમાં ઉપર કહેલા દોષ ઉપરાંત, અવિનીતપણાના દોષને લઇને, નિર્વાણ પદ પણ મળી શકતું નથી તે આવનીતપણાના ૧૪ બોલ વારંવાર ક્રોધ કરે ૧ દીર્ઘ કાલ ક્રોધ રાખે ૨, મિત્રની શિખામણ માને નહિ ૩, શાસ્ત્ર ભણીને (જ્ઞાનનો) મદ કરે ૪, પારકાના છિદ્ર ખોલે ૫, પોતાના મિત્ર ઉપર પણ કોપ કરે ૬, પોતાના આદ મિત્રનું પછવાડેથી બુરૂં બોલે મુખે મીઠુ બોલે ૭, અવિચારી ભાષા બોલે ૮, મિત્રાદિકનો દ્રોહ કરે ૯, અહંકાર કરે ૧૦, રસાદિમાં લુબ્ધ રહે ૧૧, ઇન્દ્રિય નિગ્રહ ન હોય ૧૨, અસંવિભાગી હોય ૧૩, અપ્રીતિ કરે ૧૪. એવો સાધુ અવિનીત કહેવાય.

ઉપર કહેલા દોષવાળા બહુસુત્રીનું નામ ધરાવવા લાયક નથી.

પ્રશ્ન ૬૩ સું—કેવા ગુણવાળો હોય તે બહુસુત્રી કહેવાય અને બહુસુત્રીનું નામ ધરાવી શકે ?

ઉત્તર—ગાથા ૪થી તથા ૫ મીમાં કહ્યું છે કે-આઠ પ્રકારે સાધુ શિક્ષાશીલ ગણાય છે. તે એ પ્રકારે કેઃ—હાસ્ય તજવાથી ૧, ઇન્દ્રિય નિગ્રહથી ૨, પારકી નિંદા ન કરવાથી ૩, અશીલ વર્જવાથી ૪, આચાર વિરૂદ્ધ ન વર્તવાથી ૫, અતિ લોભ ન કરવાથી ૬, ક્રોધ ન કરવાથી ૭, અને સત્ય ઉપર પ્રેમ રાખવાથી ૮, એ આઠ ગુણવાળાને બહુસુત્રપણું પ્રાપ્ત થાય છે તેની સાથે નીચે કહેલા વિનીતના ગુણો પણ હોવા જોઇએ.

પ્રશ્ન ૬૪ સું—નીચેના ગુણો કયા તે જણાવશો ?

ઉત્તર—સાંભળો. ગાથા ૧૦ થી ૧૩ મી સુધીમાં કહ્યું છે કે- નમ્ર ૧, ચપલતારહિત ૨, માયા (કપટ) રહિત ૩, કુતુહલ રહિત ૪, કોઇને કઠોર વચન ન કહે ૫, દીર્ઘરોષી ન હોય ૬, મિત્રની શિખામણ માને ૭, શાસ્ત્ર ભણીને (જ્ઞાનનો) મદ કરે નહિ ૮, પારકી નિંદા કરે નહિ ૯, મિત્ર ઉપર કોપ કરે નહિ ૧૦, ખરાબ મિત્રનું પણ તેની પીઠ પાછળ બુરૂં લે કે નહિ ૧૧, કલહ (કજીઆ ટંટા) કરે નહિ ૧૨, ગુરૂની સદા સેવા-ભક્તિ કરે ૧૩, લજ્જાવંત હોય ૧૪ અને સ્વભાવે શાંત હોય ૧૫ એવો સાધુ સુવિનીત કહેવાય.

ઉપરના ગુણયુક્ત સાધુ ગુરૂકુલવાસી હોય તેને બહુસુત્રોના ગુણો લાગુ થાય છે. તે ગાથા—

વસે ગુરુકુલે નિચ્ચં, જોગવં ઉવ હાણવં;
પિયંકરે પિયંવાઇ, સે સિક્ખં લધ્ધુ મરિહઇ ॥૧૬॥

અર્થઃ—જે નિત્ય પોતાના ગુરૂકુળને વિષે વસે છે, જે સૂત્ર પઠનાદિમાં યોગ્યવાન ઉત્સાહી અને ઉપધાનવાન ઉત્કંઠીત છે, જેના વાણી અને કૃત્ય પ્રિય થઇ પડે એવાં છે, એવો સુવિનીત શિષ્ય શિક્ષાને યોગ્ય (આ સેવન શિક્ષા અને ગ્રહણ શિક્ષાને યોગ્ય અથવા વિદ્યા આપવાને લાયક) ગણાય છે. ૧૪

ઉપરના ગુણવાળો વિનીત શિષ્ય, ગુરૂની પાસેથી જ્ઞાન મેળવી બહુસૂત્રી બને છે. માટે ૧૫ મી ગાથાથી ૩૦ મી ગાથા સુધીમાં કહ્યું છે કે આવા ગુણવાળો હોય તે બહુસૂત્રી કહેવાય છે, અને ૩૧ મી ગાથામાં પણ કહ્યું છે કે-"सुयस्स पुन्ना" જેઓ સિદ્ધાંતના જ્ઞાનમાં પૂરા છે. એવા બહુશ્રુત સાધુ સર્વ કર્મનો ક્ષય કરીને ઉત્તમ ગતિ (મોક્ષ) ને વિષે જાય છે.

પ્રશ્ન ૬૫ મું—શિક્ષાનો અર્થ આ સેવન શિક્ષા અને ગ્રહણ શિક્ષા કર્યો તેમાં શું સમજવું ?

ઉત્તર—આ સેવન શિક્ષા તે પાંચ સુમતિ ને ત્રણ ગુપ્તિ તેનું સેવન કરવું. એટલે આઠ પ્રવચન માતાની સેવા કરવી યા સેવના કરવી તે આ સેવન શિક્ષા.

અને ગ્રહણ શિક્ષા તે પાંચ મહાવ્રત અંગીકાર કરવા. પાંચ મહાવ્રતને ગ્રહવા તે ગ્રહણ શિક્ષા.

ગાથા ૩ જીથી ૧૪ મીમાં શિક્ષાનો અર્થ આ પ્રમાણે સમજવો.

એ પ્રમાણે બહુસૂત્રીને માટે ઉત્તરાધ્યયનના અગ્યારમાં અધ્યયનથી જાણી લેવું. ઇત્યર્થઃ—

પ્રશ્ન ૬૬ મું—સંપૂર્ણ સૂત્રનું જ્ઞાન પ્રાપ્ત થવાનો કાળ સૂત્રમાં કેટલો કહ્યો છે ?

ઉત્તર—વ્યવહાર સૂત્રના ૧૦ મા અધ્યયનમાં કહ્યું છે કે—

वीस वास परियागस्स समणे निग्गंथे कप्पइ सव्व सुयाणुवाई ॥६१॥

વીશ વર્ષની પ્રવર્જ્યાવાળા નિર્ગ્રંથને સર્વ સૂત્રનો અનુવાદ શીખવો કલ્પે. એટલે બહુસૂત્રી થવાનો કાળ ૨૦ વર્ષનો કહ્યો, અર્થાત્ વીશ વર્ષની પર્યાયવાળો સર્વ સૂત્રનો પારગામી થયે થકે ઓગણત્રીશ વર્ષની ઉમરે ગુરૂની આજ્ઞાએ જિનકલ્પીપણું અંગીકાર કરી શકે.

આનો પરમાર્થ એ છે કે-ઉત્તરાધ્યયનના ૧૧ મા અધ્યયનમાં કહેલા વિનીતના ગુણવાળો શિષ્ય ૨૦ વર્ષ સુધી ગુરૂકુલ વાસ રહી ગુરૂ ભક્તિ કરી,

અટ્ટસૂત્રી પદ મેળવી, જિનકલ્પીપણું ધારણ કરી, એકલા વિચરવાની આજ્ઞા માગે. ગુરૂ આજ્ઞા આપે તો ગુરૂની આજ્ઞાએ એકલો વિચરે.

પ્રશ્ન ૯૭ મું—ઉપરના તમામ લખાણ પરથી એમ નિશ્ચય થાય છે કે-એકલ વિહારીપણું તો જિનકલ્પી અને પડિમાધારી પ્રતિજ્ઞાવંત સાધુનેજ માટે નિર્માયેલ હોય એમ જણાય છે. તો તે ગુરૂની આજ્ઞાયેજ એકલ વિહારીની પ્રતિજ્ઞા અંગીકાર કરી શકે એવો કોઇ સૂત્રનો દાખલો છે?

ઉત્તર—હા, સાંભળો-ઠાણાયંગજી ઠાણે ૭ મે બાબુવાળા છાપેલ પાને ૪૩૯ મે કહ્યું છે કે—

સાત પ્રકારે કારણ વિશેષે ગુરૂને પૂછી ગચ્છમાંથી નીકળવો તેમાં સાતમું કારણ એ કહ્યું છે કે—

इच्छामिणं भंते एगलविहार पडिमं उव संपज्जित्ताणं विहरितए. इतिपाठ.

શિષ્ય ગુરૂ પ્રત્યે કહે કે ભગવન્ હું વાંચ્છા કરૂં છું એકલો વિહાર કરવાનો ભાવ અંગીકાર કરી વિચરૂં એમ કહે ગુરૂ આજ્ઞા આપે ત્યારે વિહાર કરે. अथ टीका—

इच्छामिणं भंते एकल्ल विहार पडिम मित्यादि पृच्छा ॥ इच्छामिणं मदंत ॥ धर्माचार्य एकाकिनो गच्छनिर्गतस्या जिन कल्पिकादि तयायो विहारा विचरणं तस्यया प्रतिमा प्रति पतिः प्रतिज्ञा सा एकाकि विहार प्रतिमा तामुपसंपद्याङ्गी कृत्य विहर्तुमिति ॥

અહિયાં તો જિનકલ્પી પ્રમુખ પ્રતિજ્ઞાધારી સાધુને ગુરૂની આજ્ઞાએ એકલા વિચરવાને ભગવંતે આજ્ઞા કહી, અન્યથા નિષેધ એટલે ગુરૂની આજ્ઞા વિના એકલા વિચરવાનો ભગવંતે નિષેધ કર્યો છે.

પ્રશ્ન ૯૮ મું—ભિક્ષુની પડિમા અંગીકાર કરનારને બાવીસ બોલ સહિત વિચરવું કહ્યું તે શી રીતે?

ઉત્તર—દશાશ્રુત સ્કંધજી સૂત્રમાં અધ્યયન સાતમે કહ્યું છે કે—एग मासीया भिक्खु पडिमा—એટલે એક માસની ભિક્ષુની પડિમા–પ્રતિજ્ઞા તેમાં એક દાતી અન્નની, એક દાતી પાણીની, ૨૨ બાવીસ બોલ સહિત હોય તે ૨૨ બોલ કહે છે.

૧. પેહલે બોલે દેવના મનુષ્ય અને તિર્યંચના દીધા પરિસહા સહે.

૨. બીજે બોલે, એક દાતી અન્નની, એક દાતી પાણીની. એક નીમિત્તે દીપેલ અથવા એક જમતો હોય, તે પણ એક પગ ઉંબરા બાહિરે

એક પગ ઉંબરા માંહિ હોય ઇત્યાદિ અભિગ્રહ, સહિત અન્નપાણી, પ્રમુખ એકવારે આપતા જેટલું મળ્યું તેટલું લીએ.

૩. ત્રીજે બોલે, એક દિવસના ત્રણ ભાગ કલ્પે તેમાં જે ભાગની ચિંતવણા કરી હોય તે ભાગમાં ગોચરીએ ઉઠવું કલ્પે.

૪. ચોથે બોલે, છ પ્રકારની ગોચરી કરવી કલ્પે.

૫. પાંચમે બોલે, જિહાં જાણે તિહાં એક રાત્રી રહે, ન જાણે તિહાં બે રાત્રી રહે ઉપરાંત તે ગામમાં રહે નહિ. રહે તો પ્રાયશ્ચિત આવે.

૬. છઠે બોલે, ચાર ભાષા બોલવી કલ્પે તે એક જાચવાની ૧, બીજી પંથાદિક પૂછવાની ૨, ત્રીજી સ્થાનકની આજ્ઞા માગવાની ૩, ચોથી પૂછ્યાનો ઉત્તર દેવો તેજ એ ચાર ભાષા બોલે.

૭. સાતમે બોલે, ત્રણ પ્રકારના ઉપાશ્રય કલ્પે તે વાડી ૧, છત્રી ૨, વૃક્ષનું મૂળ ૩, અથવા જુના ખંડેર ૧, વૃક્ષ નીચે ૨, તથા સ્મશાન ભૂમી ૩, પણ સંભવે છે.

૮. આઠમે બોલે, એ ત્રણની આજ્ઞા માગવી કલ્પે.

૯. નવમે બોલે, એ ત્રણ સ્થાનકે રેહવું કલ્પે.

૧૦. દશમે બોલે, ત્રણ પ્રકારના સંથારા કલ્પે, પૃથ્વી શીલા ૧, કાષ્ટની ૨, તૃણાદિકની પથારી તૈયાર પાથરેલી હોય તે કલ્પે ૩.

૧૧. અગ્યારમે બોલે, એ ત્રણ સંથારાની આજ્ઞા માગવી કલ્પે.

૧૨. બારમે બોલે, એ ૩ સંથારા ભોગવવા કલ્પે.

૧૩. તેરમે બોલે, જે જગામાં પડિમાધારી સાધુ હોય તે જગ્યાએ સ્ત્રી પુરૂષ કુશીલ સેવે તોહિ પણ બાહિર નીકળવું ન કલ્પે.

૧૪. ચૌદમે બોલે, જે જગામાહિ પડિમાધારી સાધુ હોય તિહાં કોઇ અગ્નિએ કરી બાળે તેહના ભય માટે નીકળવું તથા પેસવું ન કલ્પે

૧૫. પંદરમે બોલે, કાંટા શુળાદિક પગમાં લાગે તે કાઢવા કલ્પે નહિ

૧૬. સોળમે બોલે, આંખને વિષે જીવ તથા રજ પડે તે કાઢવી કલ્પે નહિ

૧૭. સત્તરમે બોલે, વિહાર કરતાં જિહાં દિવસ આથમે તિહાંજ સમ વિષમ જગાએ થાંભી રહે.

૧૮. અઢારમે બોલે, સચેત પૃથ્વી પ્રમુખ ઉપર બેસવું ન કલ્પે

૧૯. ઓગણીસમે બોલે; સચીત રજ પ્રમુખે ખરડયા પગાદિકે ગોચરી કરવી કલ્પે નહિ.

૨૦. વીસમે બોલે, હસ્તાદિક પાણીએ ધોવા નહિ શોભા અર્થે.

૨૧. એકવીસમે બોલે, દુષ્ટ અશ્વાદિક હસ્તિ પ્રમુખ સાહમા આવે તેહના ભય માટે ભાગવું ખસવું ન કલ્પે.

૨૨. બાવીસમે બોલે, ટાઢથી તડકે તડકેથી છાંયે સાતા નીમિત્તે આવવું જવું કલ્પે નહિ.

એ બાવીસ બોલ, સહિત પ્રથમ ભિક્ષુની પડિમા આદરે.

પ્રશ્ન ૬૯ મું—ભિક્ષુની બાર પડિમા આદરતા કેટલો કાળ લાગે? અને દરેક પડિમાનો કેટલો કાળ કહ્યો છે?

ઉત્તર—એક માસીયા ૧, દો માસીયા ૨, તીમાસીયા ૩, યાવત્ સદ માસીયા ૭, પઢમા સતરાઈદીયા ૮, દોચા સતરાઈદીયા ૯, તચા સતરાઈદીયા ૧૦, અહોરાઈદીયા ૧૧, એગરાઈદીયા ૧૨. આનો કાળ કેટલોક ૨૯ મહિનાનો કહે છે. પણ તે વાત સંભવતી નથી.

ભગવતીજીમાં ખંધકને પડિમા આદરવાના અધિકારે અર્થમાં કહ્યું છે કે-પેહેલી એક માસની, બીજી એક માસની, ત્રીજી પણ એક માસની ઈમ યાવત્ સાતમી એક માસની.

આનો પરમાર્થ એ છે કે–સાતે પડિમા એકેક માસની, તેમાં તદ્દુત્તર એટલો કે-પેહેલીમાં એક દાત અન્નની એક દાત પાણીની, બીજીમાં બે દાત અન્નની, બે દાત પાણીની એમ દાતે ચડતાં સાતમીએ સાત દાત અન્નની સાત દાત પાણીની, ૭, આઠમી, ૯ મી ને ૧૦ મી સાત સાત દિવસની. એકમાં એકાંતર ઉપવાસ-પારણે આંબિલ, નિવી ને અરૈભરૈ એ ત્રણે તે ૧૧ મી છઠ ઉપવાસ કરી એક દિન રાત્રી-આઠ પહોરનો ગમે ત્યાં કાઉસગ્ગ કરે, ૧૨ મી અઠમ કરી ત્રણ દિવસમાં ગમે ત્યારે એક રાત્રી ચાર પહોરનો સ્મશાનમાં જઈ કાઉસગ્ગ કરે એમ બારે પડિમાનો કાળ ૮ માસનો થાય. એટલે શિયાળાને ઉનાળાના કાળમાં પડિમા પુરી કરી, ગુરુની પાસે આવી, ગુરુ વાસ રહે એમ જણાય છે. તત્ત્વ કેવળી ગમ્ય.

પ્રશ્ન ૭૦ મું—સાધુને એકલા નહિ વિચરવું એવું ખુલ્લા શબ્દમાં કયે ઠેકાણે કહ્યું છે?

ઉત્તર—વ્યવહાર સૂત્રના ૧ લા ઉદ્દેશામાં સાધુને એકલા રહેવાની ભગવંતની મના છે. તે સૂત્ર પાઠ—

नोकप्पइ निग्गंथस्सरा उवा वियालेवा बहिया वियार भूमिंवा विहार भूमिंवा निक्ख मित्तएवा पविसित्त एवा ५० कपइ से अप्प विइयस्स अप्पतइ यस्स वा राउवा वियालेवा बहिया वियार भूमिंवा विहार भूमिंवा निमवरवा पविसित्त एवा ॥५१॥

અહિંયાં તો સાધુને એકલા જવા આવવાનો કે વિહાર કરવાનો નિષેદ્ધ કર્યો છે. પોતા સહિત બે ત્રણની વિચરવાની આજ્ઞા છે.

તેમજ વળી, વ્યવહાર સૂત્રના ૪ થા ઉદ્દેશે પહેલા સૂત્રાથી ૧૦ મા સૂત્રા સુધીમાં કહ્યું છે કે-હેમંત અને ગ્રીષ્મ ઋતુમાં, એટલે શિયાળા ઉનાળાના આઠ માસમાં આચાર્ય ઉપાધ્યાય એ બે પદ્દીધરને પણ એક પોતે અને એક બીજા વિના વિહાર કરવો કલ્પે નહિ અને ચોમાસામાં પોતે સહિત ત્રણથી ઓછા રહેવું ન કલ્પે. અને ગણાવછેદકને શિયાળે ઉનાળે પોતા સહિત ત્રણથી ઓછે વિહાર કરવો ન કલ્પે અને ચોમાસામાં ચારથી ઓછે રહેવું ન કલ્પે, એમ કહ્યું છે.

આવા વિદ્વાન સાધુને એકલા રહેવું ન કલ્પે તો પછી સામાન્ય સાધુને એકલા રહેવાની આજ્ઞા હોયજ કયાંથી ? માટે વ્યવહાર સૂત્રમાં ૬ ઠે ઉદ્દેશે કહ્યું છે કે—

सेगामं सिवा जाव संनिवेसं सिवा अभिनि वगडाए अभिनि दुवाराए अभिनि खमण पवेसाए नोकप्पइ बहु सुयस्स बभ्भा गमस्स एगाणियस्स भिखूस्स वत्थए किमंग पुणअप्प सुयस्स अप्पा गमस्स भिखूस्स ॥

અહિંયા ખુલ્લું કહ્યું છે કેઃ-ગ્રામાદિકના ઘણા નિકાલ પેસાર હોય તિંહાં બહુ સૂત્રી ઘણા આગમના જાણ સાધુને પણ એકાકીપણે રહેવો ન કલ્પે તો અલ્પ સૂત્રી અને અલ્પ આગમના જાણને, માટે શું કહેવો! અર્થાત્ તેવા સાધુઓને એકલા રહેવું કલ્પેજ નહિ એ ભગવંતની આજ્ઞા

પ્રશ્ન ૭૧ મું—આ જમાનામાં એકલવિહારી સાધુ ઘણા જેવામાં આવે છે તો એકલાવહારી થવાનું શું કારણ?

ઉત્તર—એકલવિહારી સાધુ થવાનાં કારણો આ કાળમાં અનેક જેવામાં આવે છે.

૧ કેટલાક તો ગુરૂના છાંડેલા એકલવિહારી હોય છે.

૨ કેટલાક ગુરૂ દ્રોહી થઇ ગુરૂથી વિમુખ વરતી ગુરૂના પ્રત્યનિક બની એકલા વિચરનારા હોય છે.

૩ કેટલાક, ગુરૂ કાળાંગત થઇ ગયેલા એટલે ગુરૂના અભાવે શિષ્યાદિક જોગવાઇ વિના પણ એકલા ફરે.

૪ કોઇ કોઇ ગુરૂ વિના એટલે માથે કોઇ ગુરૂ ધારણ કર્યા વિના (સમુર્છિમની પેઠે) આપેજ ઉત્પન્ન થયેલા (પૂર્વાધિત જ્ઞાન વિનાના). પોતાની મેળે સાધુપણું અંગીકાર કરી આ દુનિયામાં કોઇ સાધુ નથી. હુંજ સાધુ છું. એમ પોતાને વિષે માનનાર સાધુઓના શત્રુ બની નિંદકોનું બીરૂદ ધરાવનારા સાધુ શ્રાવકમાં ભેદ પાડનારા માત્ર જડ ક્રિયાના ડોળ વડેજ દુનિયામાં પૂજાતા, એવા પણ ડોળઘાલુ એકલા ફરનારા હોય છે.

૫ કોઇ સમુદાયમાં રહ્યા છતાં–આચાર વહેવાર કે શ્રદ્ધાની પ્રતિકુલતાને લઇને શુદ્ધ વર્તણુંક ચલાવવા એકલા વિચરવું સ્વીકારે. એકલપણાના દોષો પોતે જાણતા બહુ કાળજીથી ઉંચ કોટિના એકલવિહારીની ભાવનાએ વર્તે તોપણ સૂત્રના કથન પ્રમાણે ભૂલ થઇ જાય. તે પણ પોતે વાળી શકે એવા ઉપયોગવાળા એકલવિહારી કોઇ વીરલા પણ કોઇ કોઇ જોવામાં આવે છે.

૬ કેટલાએક સાધુના વેષે શ્રાવકપણાનું નામ ધરાવી એકલા ફરનારા અને સાધુપણે પૂજાતા જોવામાં આવે છે. પરંતુ તેઓની શ્રદ્ધા અને ચારિત્રો વિચિત્ર હોવા છતાં–એટલે સૂત્રથી વિરૂદ્ધ હોવા છતાં પણ માત્ર મલીનાંબરમાં અંજાઇ ગયેલા સૂત્ર સંબંધી એક અક્ષરનું જ્ઞાન નહિં હોવાવાળા પાસે જો કોઇ સાધુઓની નિંદા કરનારો અથવા તેવા પ્રકારનો ઉપદેશ દેનારો મળી આવે કે આજે કોઇ સાધુ છેજ નહિ, આ કાળમાં સાધુપણું પાળી શકાતું નથી. અત્યારે કોઇ ખરો સાધુ જોવામાં આવતો નથી. એવું અંતઃકરણમાં સદલ રાખી અભિમાનથી કોઇ સાધુને નમસ્કાર કરવો નહિ. સાધુને નમસ્કાર કરવાથી સમક્તિનો નાશ થાય એવું માનનારા સજ્જડ જેવાને કોઇ નમસ્કાર કરે ત્યારે તેને હું શ્રાવક છું એમ કેમ જણાવતા નથી. તેમ તમને વાંદવાથી તેના સમક્તિનો નાશ નહિ થાય એવી શી ખાત્રીજ છે? વળી તમારી શ્રદ્ધા પ્રમાણે મને આહારાદિક આપવાથી પાપ થાશે એમ નહિ જણાવતા દાતારના રોટલા લઇ તેને પાપ વળગાડવું, ને પોતાની આજીવકા માટે દાતારને ડુબાવવા એ કોના ઘરનો ન્યાય છે? આવા શ્રદ્ધાભ્રષ્ટ દુનિયામાં ન હોય તો શી ખામી આવે, ઇત્યાદિ સૂત્ર વિરૂદ્ધ વર્તણુંક કરનારા અજ્ઞાન અને શ્રદ્ધા ભ્રષ્ટ બાળીકોના ગુરૂપદે પૂજાતાં નાસ્તિકો ઘણા જનોને ભમીને અને નાસ્તિક બનાવનારા માત્ર પોતાની આજીવકા ચલાવનારા ડોળઘાલુ એકલા ફરતા જોઇએ છીએ.

પ્રશ્ન ૭૨ મું—પડિમાધારી સાધુને કેટલી ભાષા બોલવી કલ્પે?

ઉત્તર—દશાશ્રુતસ્કંધ સૂત્રમાં પડિમાધારી સાધુને ચાર પ્રકારની ભાષા બોલવી કલ્પે એમ કહ્યું છે. તે એ કે-જાચતા-વસ્તુ માગતા બોલે ૧ રસ્તો પુછે ૨, આજ્ઞા માગતા બોલે ૩, પુછયાનો ઉત્તર આપે ૪, એ ચાર પ્રકારનીજ ભાષા બોલે, સિવાય બોલવું કલ્પે નહિ.

પ્રશ્ન ૭૩ મું—પડિમાધારી સાધુ જ્યાં જાય ત્યાં કેટલું રહે?

ઉત્તર—પડિમાધારી સાધુને કોઇ એમ જાણે જે આપણે પડિમા અંગીકાર કરી છે. એટલે આ પડિમાધારી સાધુ છે. એમ જાણે તો ત્યાં તે ગામમાં માત્ર એકજ રાત્રિ રહે ન જાણે ત્યાં એક રાત્રિ તથા બે રાત્રિ રહેવું કલ્પે. એક કે બે રાત્રિ ઉપરાંત વધારે રહે તો તેને છેદ અથવા તપ પ્રાયશ્ચિત આવે એમ કહ્યું છે, જુવો દસાશ્રુતસ્કંધ સૂત્ર.

પ્રશ્ન ૭૪ મું—પડિમાધારી સાધુ ઉપદેશ દઇ શકે કે કેમ?

ઉત્તર—પડિમાધારી સાધુને ઉપદેશ દેવાનું ચાલ્યું નથી. પણ પુછયાનો ઉત્તર આપે એમ કહ્યું છે.

પ્રશ્ન ૭૫ મું—શ્રાવકને પડિમામાં ઉપદેશ દેવાય કે નહિ?

ઉત્તર—દસાશ્રુત સ્કંધમાં શ્રાવકની દશમી પડિમામાં કહ્યું છે કે-દશમી પડિમા અંગીકાર કરનાર શ્રાવકને કોઇ એકવાર અથવા વારંવાર પુછપે થકે-તેને બે ભાષા બોલવી કલ્પે. જો જાણતો હોય તો જાણું છું કહે, અને ન જાણતો હોય તો કહે નથી જાણતો.

અને અગ્યારમી પડિમા અંગીકાર કરે ત્યારે સાધુની પેઠે ભિક્ષા વૃત્તિએ ગૃહસ્થને ઘરે જતા એમ કહે કે-શ્રમણો પાસક પ્રતિમા અંગીકાર કરનારને ભિક્ષા દેવી-ભિક્ષા આપો એ પ્રમાણે વિચરતા કોઇ સાધુ જેવો વેશ દેખીને કહે કે તમે કોણ છો! ત્યારે તે એમ કહે કે-હું શ્રમણો પાસક પડિમાધારી શ્રાવક છું એમ કહે. અથવા કોઇ સાધુ જાણી વંદણા નમસ્કાર કરે તો એમ કહે કે-હું પડિમાધારી શ્રાવક છું. સાધુપણે પુજાવા માટે વગર બોલ્યો રહે નહિ કે વગર બોલ્યો રહી જુકારો લીએ નહિ અર્થાત્ પડિમાધારી શ્રાવકને માટે ઉપર કહેલી ભાષા સિવાય બોલવાનો અધિકાર સૂત્રમાં તથા તેમના કાયદામાં જોવામાં આવતો નથી.

પ્રશ્ન ૭૬ મું—પડિમાધારી શ્રાવકને સાધુની પેઠે ગામોગામ શ્રી સરખી વગેરે ગામ વિહાર કરવાનું કયા સૂત્રમાં કહ્યું છે?

ઉત્તર—એ વિષે કોઇ સૂત્રમાં જોવામાં આવતું નથી પણ ઉપાસક દશાંગ વગેરે સૂત્રોમાં જ્યાં જ્યાં શ્રાવકોએ અગ્યાર પડિમા આદરી છે ત્યાં તો પોતાનાજ ગામમાં રહીને છેવટે સંથારો કરીને પડિમા પુરી કરી છે. પોતાનું ગામ મુકી બીજે સ્થળે જવાનો અધિકાર જોવામાં આવતો નથી.

પ્રશ્ન ૭૭ મું—પડિમાધારી શ્રાવક અગ્યાર પડિમા આદરી સાધુ માફક ઉત્કૃષ્ટ અગ્યાર માસ વિચરી પાછો સંસારમાં આવી, ગૃહસ્થાશ્રમ ભોગવે કે નહિ?

ઉત્તર—તે વાતનો સિદ્ધાંતમાં કાંઇ ખુલાસેઃ જણાતો નથી. પણ આવશ્યક નિર્યુક્તીમાં કહ્યું છે કે કેટલાક તો અંતર્મુહુર્ત પછી કેટલાક એક દિવસ પછી અને કેટલાક યાવત્ અગ્યાર માસ પછી (પડિમા પુરી કરીને યા પડિમામાં રહીને) કાંતો સંલેખણા કરીને સંથારો કરે યા દીક્ષા લે પણ ઘરમાં ન આવે; કેમકે ઘરમાં આવે તો લોકમાં જૈન માર્ગની લઘુતા થાય અને પોતાની નિંદા થાય અને લોકો કહે કે હવે કરણી કરતા થાકી ગયા. તેથી ભ્રષ્ટ થઇને ઘરમાં આવી બેઠા. તેટલા વાસ્તે ગૃહમાં ન આવે એમ કહ્યું છે.

તેમજ ઉપાશકાદિ સૂત્રોમાં જ્યાં શ્રાવકોનો અધિકાર ચાલ્યો છે ત્યાં પડિમા આદરી અને પડિમાને અંતે સંથારો કર્યો છે.

પ્રશ્ન ૭૮ મું—દસાશ્રુત સ્કંધ સૂત્રમાં શ્રાવકને પડિમા અંગીકાર કરવાનો કાળ જઘન્ય, ૧-૨-૩ દિવસનો કહ્યો છે તેનું શું કારણ?

ઉત્તર—એનું કારણ એમ જણાય છે કે-શ્રાવકને આયુષ્યની હદદ નજીકમાં આવી જણાય તો એક દિવસ યા બે દિવસ યા ત્રણ દિવસની પડિમા આદરી, સંથારો કરી પોતાના આત્માનું સુધારે એ હેતુ માટે જઘન્ય ૧-૨-૩ દિવસનો કાળ મુક્યો હોય એમ જણાય છે.

પ્રશ્ન ૭૯ મું—સાધુ જેમ પાંચ મહાવ્રત અંગીકાર કરતા પ્રાણાતિ. પાતાદિ પાંચે બોલનો નવે કોટિયે પચ્ચખાણ કરે છે તેમ શ્રાવક સંથારો કરે ત્યારે પણ પ્રાણાતિ પાતાદિ પાંચે બોલનો સર્વથા નવે કોટિયે પચ્ચખાણ કરે છે તેહને સાધુ નહિ કેહતાં સૂત્રમાં શ્રાવક કેમ કહ્યા?

ઉત્તર—સાધુપણું અને શ્રાવકપણું મોહની કર્મની પ્રકૃતિયોના ક્ષયોપશમ ઉપર છે. અગ્યાર પ્રકૃતિઓના ક્ષયોપશમથી શ્રાવકપણું અને પંદર પ્રકૃતિઓના ક્ષયોપશમથી સાધુપણું કહ્યું છે. માટે શ્રાવકને સંથારામાં પચ્ચખાણ તો સર્વથા કહ્યા પણ પ્રકૃતિઓનો ક્ષયોપશમ તો અગ્યારનોજ હોય, તેથી છેલ્લા સમય સુધી શ્રાવકને ગૃહસ્થજ કહીને સૂત્રમાં બોલાવ્યા છે.

પ્રશ્ન ૮૦ મું—સ્ત્રી સાધુની કે શ્રાવકની પડિમા અંગીકાર કરી શકે કે નહિ? તેમજ સાધવી જિનકલ્પી હોય કે નહિ.

ઉત્તર—સ્ત્રી જિનકલ્પી ન હોય એમ શ્રીની શિથ ચૂર્ણિમાં કહ્યું છે તથા ઠાણાયંગજી ઠાણે ૮ મે આઠ ગુણનો ધણી હોય તે એકલો વિચરી શકે ત્યાં મૂળ પાઠમાં પુરિસ જાએ કહેલ છે એટલે પુરૂષ જાત એકલવિહારીની પ્રતિજ્ઞા અંગીકાર કરી શકે પણ સ્ત્રી જાતિને એ અધિકાર નથી. તેમજ શ્રાવકની પડિમા પણ સ્ત્રી જાતિને અંગીકાર કરવાનો અધિકાર જણાતો નથી. સાધુ કે શ્રાવકની ઉત્કૃષ્ટી કરણી કરવાનો (પડિમા આદરવાનો) અધિકાર પુરૂષ જાતિનોજ હોય, સ્ત્રી જાતિનો હોય નહિ. પુરૂષ જાતિને અધિકાર પ્રમાણે એકલા વિચરવાની ભગવંતની આજ્ઞા છે. સ્ત્રી જાતિને એકલા (ત્રણથી ઓછા) વિચરવાની આજ્ઞા નથી.

પ્રશ્ન ૮૧ મું—ચાલતા જમાનાના એકલવિહારીની કોઇ નાત લઇને કહે કે-અમે તો અમુકની વર્તણુંક પ્રમાણે વર્તિએ છીએ તે સૂત્રના ન્યાયે ભગવંતની આજ્ઞામાં કે આજ્ઞા બહાર?

ઉત્તર—આ કાળનું એકલવિહારીપણું અને તેની વર્તણુંક જો સૂત્રના ન્યાયે આજ્ઞામાં હોય તો તે આજ્ઞામાં નહિ તો આજ્ઞા બહાર.

પ્રશ્ન ૮૨ મું—ઠાણાયંગજીના સાતમે ઠાણે સાતની નવ કહ્યા તેમાં જમાલીને પહેલો નીહ્નવ ગણ્યો છે, અને નીહ્નવની ગતિ ઉત્કૃષ્ટ નવગ્રીવેગ સુધીની કહી છે છતાં જમાલી ઉંચા આચારનો પાળવાવાળો કિલ્બિષીયે કેમ થયો?

ઉત્તર—નીહ્નવ બે પ્રકારના હોય છે, એક પ્રવચન નીહ્નવ બીજો નિંદક નીહ્નવ તેમાં પ્રવચન નીહ્નવ હોય, તે નવ ગ્રીવેગ સુધી જાય અને નિંદક નીહ્નવ હોય તે કિલ્બિષી થાય તો જમાલી બેય પ્રકારનો નીહ્નવ હોવાથી કિલ્બિષી પણ દેવતા થયો.

પ્રશ્ન ૮૩ મું—જમાલી ચોખા ચારિત્રનો પાળવાવાળો સૂત્રમાં વખાણ્યો છે છતાં તેની કિલ્બિષીની ગતિ કેમ હોય? જમાલીનું ચારિત્ર અનર્થિકપણામાં લેવું કે વિરાધિકપણામાં?

ઉત્તર—સૂત્રમાં નીહ્નવને દંસણ વાવણ્ણા કહ્યા છે એટલે દર્શનથી પડેલ એટલે મહાવીરના દર્શનથી પડેલા તેને ભગવતી એકાંત મિથ્યા દ્રષ્ટિ કહી છે તો મિથ્યા દ્રષ્ટિનું ચારિત્ર પણ મિથ્યા ગુણસ્થાનક સાથે

જંસણ વાવણાને એટલે મહાવીરના દર્શનથી પરેલાને અધાર્ય પક્ષમાં ગણ્યા છે. તેનું ચારિત્ર ભલે ચોખ્ખું હોય પણ પ્રવચનના વિરાધિક થવાથી મિથ્યા ભાવને પડી વર્ત્યાં એટલે અમૃત જેવો દૂધપાક પુરીના ભોજનમાં સ્તીભર ઝેર ભળે તે ભોજન પણ ઝેરરૂપજ થાય તેમ ચોખા ચારિત્રમાં મિથ્યાત્વ ભળવાથી ચારિત્ર પણ મિથ્યાત્વ થયું તે ચારિત્ર આરાધિકમાં ગણાય નહિ તેના મતના ચારિત્રના આરાધિકપણાને લઇને નવગ્રીવેયક સુધી જાય, એમ નિહ્નવને માટે કહ્યું છે છતાં જમાલી કિલ્વિષી થયો તે પણ ઉપરના ન્યાયે ચારિત્રનો વિરાધિક કહેવાય.

પ્રશ્ન ૮૪ મું—પ્રવચન નિહ્નવ અને નિંદક નિહ્નવમાં કનિષ્ટ કોણ કહેવાય?

ઉત્તર—કનિષ્ટ તો બંને ગણાય પણ નિંદક નિહ્નવનો આત્મા વિશેષ મલીનપણાને પામેલો હોવો જોઇએ પ્રવચન નિહ્નવ તો માત્ર સૂત્ર વચનનોજ ઉથાપ હોય; પરંતુ નિંદક નિહ્નવ પ્રવચનને ઉથાપવા સાથ પ્રવચન અને તેના પરૂપક કેવળી, ધર્માચાર્ય, ચતુર્વિધ, સંઘ (સાંભળનારા) અને સાધુ એ સર્વથી માયા ભાવે વરતી કપટ સહિત અવર્ણવાદ બોલે, નિંદા કરે, પોતાની બડાઇ કરે, હું કહું છું—હું પરૂપું છું તે ખરૂં છે. સૂત્રવચન ખોટાં છે વગેરે સૂત્ર વચન અને તેના પરૂપક તથા તેના સાંભળનાર વગેરેની નિંદા કરે તેને ઉતરાધ્યયન તથા ભગવતીજી સૂત્રમાં કિલ્વિષીપણાની ભાવનાને ભાવતો કહ્યો છે.

પ્રવચન નિહ્નવની ગતિ નવગ્રીવેયક સુધીની કહી છે અને નિંદક નિર્હ્નવની ગતિ કનિષ્ટ માકનિષ્ટ કિલ્વિષીપણાની કહી છે અને ભગવતીજીમાં અનંતો સંસાર પરિભ્રમણ કરવો કહ્યો છે.

દુહો—આચારે અધિકો કહ્યો, નિંદક નિર્હ્નવ જાણ;
પંચમ અંગે ભાખીએ, છે પહલે ગુણ ઠાણ. ૧

આનો પરમાર્થ એ છે કે સાધુ સાધવી આદિનો નિંદા અવહેલણા અપયશ બોલવાથી ગુર્વાદિકથી ઉદ્ધત બની મિથ્યા ભાવે વર્તવાથી એટલે ગુરૂનું વચન તથા સૂત્ર વચન ઉથાપવાથી નિર્હ્નવપણું અને ગુર્વાદિકનો નિંદા કરવાથી કિલ્વિષીપણું પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન ૮૫ મું—માયા સહિત નિંદાનું સ્વરૂપ શું? તે સૂત્ર પાઠથી જણાવશો.

ઉત્તર—સાંભળો—ઉત્તરાધ્યયનના ૩૬ માં અધ્યયનમાં ગાથા ૨૬૪ (વાડીલાલ મોતીલાલ વાળુ) મી તેમાં કહ્યું છે કે—

नाणस्स केवलीणं, धम्मायरियस्स संघसाहुणं,
माई अवण्णवाई, किब्बिसियं भावणं कुणइ.

અર્થ—શ્રુતજ્ઞાન કેવળી, ધર્માચાર્ય, ધર્મગુરૂ ચતુર્વિધ સંઘ (સાધુ સાધવી શ્રાવક શ્રાવીકા) અને સાધુએ સર્વથી માયા સેવનાર, કપટ ભાવે રમનાર અથવા માયા સહિત એ સર્વના અવર્ણવાદ બોલનાર, નિંદા અવહેલણાના કરનાર હોય તે કિલ્બીષીની ભાવના કરનારો કહીયે—માયા સહિત નિંદા—એટલે પ્રપંચી નિંદા—એટલે નિંદા કરે પણ દુનિયાને વંચવા દુનિયામાં ભલો ગણાવા, કપટથી બોલે કે મને દાઝે છે એટલે મારે કહેવું પડે છે એમ ભલો થાતો જાય અને નિંદા કરતો જાય તે માયા સહિત નિંદા કહેવાય તે કિલમિષીની ભાવના ભાવનારો કહેવાય, મરીને કિલ્બીષીપણાને પામે.

પ્રશ્ન ૮૬ મું—નિહ્નવની શ્રદ્ધાવાળા સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા ભગવંતની આજ્ઞામાં ગણાય કે નહિ ?

ઉત્તર—નિહ્નવ ભગવંતની આજ્ઞામાં ગણાય તો તેની શ્રદ્ધાવાળા ભગવંતની આજ્ઞામાં ગણાય—પરંતુ ભગવતીજી વગેરે સૂત્રમાં નિહ્નવ અને તેની શ્રદ્ધાવાળાને મિથ્યાત્વદ્રષ્ટિ કહ્યા છે. અને અનંતો સંસાર વધારનારા કહ્યા છે. એ ઉપરથી નિશ્ચય થાય છે કે— નિહ્નવની શ્રદ્ધાવાળા ભગવંતની આજ્ઞાના આરાધિક હોતા નથી. ભલે સૂત્રની વાતો કરે પણ તેનું નિશાન તો તેની શ્રદ્ધા ઉપરજ હોય તેથી તેની દ્રષ્ટી દોષ ભરેલી હોવાથી તે આજ્ઞાના આરાધિક થઇ શકતા નથી એમ સૂત્રના ન્યાયથી જણાય છે.

પ્રશ્ન ૮૭ મું—એક માયા સહિત નિંદા કરનાર આચાર સારો પાળે—અને બીજાને પાસત્થાદિક કહી નિંદે, પોતાના આચારના ગર્વે કરી બીજાને પરાભવે એક એવો અને એક પાસત્થો આચાર થોડો પાળે પણ પોતાની ભૂલને નિંદે, આત્માનો દોષ ભાળે. આત્માને નિંદે—તે બેમાં—શ્રેષ્ટ કોણ ?

ઉત્તર—ભગવતીજી તથા ઉત્તરાધ્યયન વગેરે સૂત્રમાં માયા સહિત નિંદાના કરનારને મિથ્યાત્વી કહ્યા છે, અને પાસત્થો પોતાનો દોષ જોનાર પોતાના આત્માની નિંદા કરનાર સમકિતી પણ હોય છે માટે નિહ્નવથી પાસત્થો ચડીયાતો ગણાય એમ સૂત્રના ન્યાયથી જણાય છે.

પ્રશ્ન ૮૮ મું—નિહ્નવ અને પાસત્થો આ બેમાં વિશેષ નુકસાની કોને?

ઉત્તર—નુકસાની તો બન્નેને છે, પણ વિશેષ નુકસાની નિહ્નવને જણાય છે. નિહ્નવ કદિ ગતિનો આરાધિક થાય પણ સમકિતનો તો વિરાધિક હોય. નિહ્નવ, નવગ્રૈવેયક સુધી જાય પણ સમકિતની નાસ્તિ અને સંસારની વૃદ્ધિ હોય અને પાસત્થો ગતિનો વિરાધિક હોય, પણ સમકિતનો આરાધિક હોવા સંભવ, સાખ જ્ઞાતાજીની, પાર્શ્વનાથ ભગવાનની, બસેને છ આર્યાને પાસત્થાચારી કહેલ છે મરી બીજા દેવલોકે દેવાંગનાપણે ઉત્પન્ન થઇ છે પરંતુ સમકિતની આરાધિક હોવાથી, દેવાંગનાનો ભવ પુરો કરી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ મોક્ષ જાશે. એમ સૂત્ર ફરમાવે છે.

આનો પરમાર્થ એ છે કે—નિહ્નવની શ્રદ્ધા ભ્રષ્ટ થવાથી પોતે અભિનીવેશિક મિથ્યાત્વને સેવતો બીજા અનેક જીવોને અભિનીવેશિક મિથ્યાત્વ પકડાવતો અને જીવોને શ્રદ્ધા ભ્રષ્ટ કરતો પોતા સહિત અનેક જીવોના આત્માને અધોગતિમાં નાખે અને પાસત્થો માત્ર પોતાનાજ આત્માની નુકસાની કરે, પોતાના કૃતવ્યોને પોતે નિંદે પણ ખરો, અને શ્રદ્ધા ચોકખી હોય તો ઉપદેશ પણ ચોકખો દીએ બીજા લોકો તેની હીલણા કરે તો પોતાના આત્માનો દોષ દેખે નિહ્નવ સૂત્ર વચનને ઉથાપનો તીર્થંકરથી અથવા તીર્થંકરના શાસનથી અથવા ગુર્વાદિકથી વિરૂદ્ધ પડી નોખું તડું બાંધે તેમ પાસત્થો કરે નહિ. પાસત્થો શાસન છોડે નહિ, ને શાસન સામું નોખું તડું બાંધે નહિ. શાસનમાં રહ્યો થકો અપવાદના અનેક પરિસહા સહન કરે. નિહ્નવને પ્રાયશ્ચિત જણાતું નથી તે તો અંત સમે આલોવે પોતાનું કૃતવ્ય મિથ્યા જાણે તેજ આરાધિક થાય. પાસત્થાને સૂત્રમાં પ્રાયશ્ચિત, ચાલ્યું છે, પોતાના કૃતવ્યોને ગુરૂ પાસે આલોચવાથી અથવા પોતાના આત્મા સાથે આલોચવાથી અથવા પોતાનું પાપ પ્રગટ કરવાથી અથવા પોતાના કૃતવ્યોને દૂર કરવાથી અથવા સુશિષ્યના યોગે પોતાનો પ્રમાદ છાંડવાથી અથવા ગુરૂની શિખામણ ધારવાથી પાસત્થપણું દૂર થાય છે. નિહ્નવ એકજ નયને પકડવાથી ઉત્સૂત્રની પ્રરૂપણા કરતો એકાંતવાદને વરતો મિથ્યાત્વપણાને પડિવજ્તો કહ્યો છે. તેમ પાસત્થાને કહ્યો નથી. પાસત્થો સાતે નયનું સ્વરૂપ જાણતો અનેકાંત વાદને પ્રરૂપતો ઘણા જીવોને સૂત્રની શ્રદ્ધા કરાવતો વખતે પોતાના આત્માને પણ બાજી સુધારા પર લાવી શકે વગેરે સૂત્રના ન્યાયે વિચારતા પાસત્થાથી નિહ્નવને વિશેષ નુકસાની જણાય છે.

પ્રશ્ન ૮૯ મું—નિહ્નવ અને પાસત્થામાં સાધુપણાની અસ્તિ સંભવે કે કેમ?

ઉત્તર—નિહ્નવને ગુણઠાણું એક પહેલું જ હોય, એ અપેક્ષાએ સાધુ પણાનો સંભવ નહિ જેમ અભવીને નિશ્ચય નયે એકે ચારિત્ર હોય નહિ પણ વ્યવહારથી કેવળ ચરિયા રૂપ ચારિત્રની આરાધનાથી નવગ્રીવેયકની ગતિ કહી છે તેમ નિહ્નવને પણ વ્યવહાર ચારિત્રનો સંભવ નિશ્ચયથી, ચારિત્રનો સંભવ નહિ ઉત્તરાધ્યયનના ૨૮ મા અધ્યયનમાં કહ્યું છે કે સમકિત વિના જ્ઞાન નહિ અને જ્ઞાન વિના ચારિત્રનો ગુણ નહિ. એ અપેક્ષાએ નિહ્નવને સમકિત નહિ તો ચારિત્રનો ગુણ કયાંથી હોય? અર્થાત ન જ હોય. માટે નિહ્નવમાં એકે ચારિત્ર કે એકે નિયંઠો લાભવા સંભવે નહિ.

અને પાસત્થાને સમકિતનો સંભવ હોય, માત્ર ચારિત્રની ઢીલાશને લઇને પ્રમાદની બહુલતાએ ચારિત્રમાં દોષ લગાડે તેથી બકુશ અને પ્રતિ-સેવણા નિયંઠો હોવા સંભવે બન્ને નિયંઠે મૂલ ગુણ ઉત્તર ગુણમાં દોષ લગાડે તોપણ તે નિયંઠો છોડે નહિ એ ઉપરથી પાસત્થાને છઠ્ઠા ગુણઠાણાનો સંભવ હોય.

વળી પાસત્થાદિકને નીશીથ સૂત્રમાં પ્રાયશ્ચિત કહેલ છે તો પ્રાયશ્ચિતીયાને સાધુ પણાની નાસ્તિ નથી. પ્રાયશ્ચિત લઇ શુદ્ધ થાય તો ચોકખું ચારિત્ર ગણાય અને પ્રાયશ્ચિત ન લે શુદ્ધ ન થાય તો મલીન ચારિત્ર કહેવાય. એ ઉપરથી ભગવતીજીમાં આરાધિક સંયમી-વિરાધિક સંયમીની ગતિ જૂદી જૂદી કહી છે. પણ સંયમી તો બન્નેને કહેલ છે. બન્નેમાં સાધુપણું સાબિત રાખ્યું છે માટે પાસત્થામાં સાધુપણાની નાસ્તિ નથી.

પ્રશ્ન ૯૦ મું—કોઇ એમ કહે કે-પાસત્થામાં સાધુપણું રહ્યું છે તો શું બધા પાસત્થાને સાધુ માનવા?

ઉત્તર—પાસત્થાને સાધુ માનવા કે ન માનવા તે તો માનવાવાળાના મગજની વાતો છે અહિંયા તો પ્રશ્નકારના ઉત્તરમાં નિહ્નવ અને પાસત્થામાં સાધુપણાની અસ્તિ નાસ્તિ જણાવી અત્યારે કોઇ અપરમત ગુણ ઠાણાવાળો નથી બધામાં કોઇ નિશ્ચયથી કે કોઇ વ્યવહારથી છઠ્ઠા ગુણ ઠાણાવાળા પ્રવર્તે છે તેનામાં કેટલા અંશે સાધુપણું છે તે તો કેવળી ભગવાન જાણે છદ્મસ્તથી કાંઇપણ અભિપ્રાય આપી શકાય નહિ આપણે જેનામાં સાધુ-પણું માનતા હોઇએ તેનામાં કદી કેવળીની દ્રષ્ટિમાં સાધુપણું ન હોય અને જેનામાં આપણે સાધુપણું ન માનતા હોઇએ તેનામા કેવળીની દ્રષ્ટિએ સાધુપણું હોય તો આપણા આત્માને કેટલી નુકસાની થાય? આ વિચાર જો પ્રથમ કરવામાં આવે તો પોતાના આત્માને જોખમમાં ઉતરવું થાય નહિ

ભગવતીજીમાં કહ્યું છે કે—જીવ તેર કારણે કરી કાંક્ષા મોહની કર્મ વેદે છે તેમાં જ્ઞાન જ્ઞાનમાં અંતર દેખી, દર્શન દર્શનમાં અંતર દેખી, ચારિત્ર ચારિત્રમાં અંતર દેખી, જીવને શંકા કંખા ઉત્પન્ન થાય, ખરાને ખોટા માને, ખોટાને ખરા માને તો મિથ્યાત્વ મોહનીનો ઉદય થયો એમ સૂત્ર વચન કહે છે.

કોઈ પાસત્થો હો કે આચારી હો, કોઈમાં થોડા ગુણ હોય કે ઝાઝા ગુણ હોય, તેનો લાભ કે હાનિનો ભોગવટો તેનેજ ભોગવવાનો છે; પરંતુ તેવી ખટપટમાં જો આપણે ઉતરીયે અને કોઈ વખત ખરાને ખોટો માન વાની દ્રષ્ટિ થઈ જાય તો ચોક્કસ માનવું કે પોતાનો પાવડો તરતજ ઉપડયો એવી નુકશાનીમાં શામાટે ઉતરવું જોઈએ. ભેંસના શિંગડા ભેંસને ભારે. જો તારામાં ડાહાપણ હોય તો તું તારો પોતાનોજ વિચાર કર કે હે આત્મા! તારામાં તો કાંઈ દોષ નથી કે, પણ એમ તો જણાય છે કે દોષી દોષનેજ ભાળે. જેની આંખમાં કમળો હોય તે જગતને પીળુંજ ભાળે. અને બોલે પણ એમજ કે આખી દુનિયા પીળી છે. એક કવિએ કહ્યું છે કે—

દુહો—દુર્જન કેરી આંખમાં, કમળા કેરો રોગ;
પીળું દિસે પર વિષે, રોગ તણો સંજોગ. ૧.

આ કહેવત ખોટી નથી. કોઠારમાં ઘઉં, જાર, બાજરો કે બંટી, જે ભરેલ હોય તેજ બાહિર નીકળે તેમ હૃદયમાં જે ખજીનો ભરેલો હોય તેજ પ્રકારના ઉદ્ગારો બાહિર નીકળે, જેણે લસણ ખાધું હોય તેને આંબાનો ઓડકાર કયાંથી આવે? કદી નજ આવે. તેમ દુષ્ટ જનોની દ્રષ્ટિએ પાસત્થા પાસત્થાને પાસત્થાજ આવ્યા કરે, ભલે કોઈ સાધુ ગુણીયલ, સુધાચારી, જ્ઞાની કે આત્માર્થી હોય તોપણ, દોષીતની દ્રષ્ટિયે તો દોષીતજ જોવામાં આવે, તેની પણ નિંદા કરવા ચુકે નહિ, પણ યાદ રાખવું કે નિંદાનું ફળ માઠું છે. આ વિષે પૂર્વે ઘણું લખાણ થઈ ગયું છે. અહિયાં તો માત્ર એટલું સમજવાનું છે કે—પોતાની દ્રષ્ટિ દોષવાળી હોય તો દુનિયા દોષમય જોવામાં આવે અને નિર્દોષ દ્રષ્ટિ હોય તો દુનિયા નિર્દોષજ છે. તમામ આધાર પોતાની દ્રષ્ટિ ઉપરજ છે.

પ્રશ્ન ૯૧ સું—શું દોષીતને દોષીત ન કેહવો એમ તમારૂં કહેવું છે?

ઉત્તર—હા જી, સૂત્ર તો એમજ ફરમાવે છે કે આંધળાને આંધળો, કાણાને કાણો ન કહેવો. જુઓ સુયગડાંગ સૂત્ર શ્રુતસ્કંધ ૧, લે અધ્યયને

૧૩ મે ગાથા ૫ મી તેમાં કહ્યું છે કે–દોષીતને પણ દોષીત કહેવામાં આવે તેનું ફળ માઠું છે તે વિષે ગાથા—

वे कोहणे होइ जगट्ठ भासी, विउसियंजे उंदीर एज्जा; अंधेरसे दंडपहं गहाय, अविउसिए घासति पावकम्मी ॥ ५ ॥

અર્થ:—જે ક્રોધી થાય તે જગતાર્થ ભાષી હોય, જગતાર્થ ભાષી એટલે જેમાં જેવો દોષ હોય, તેને તેવો કહે. અર્થાત્ કાણાને કાણો કહે, ખોડાને ખોડો કહે, ઠુંઠાને ઠુંઠો કહે, પાંગળાને પાંગળો કહે, કોઢીને કોઢી કહે. (એટલે જેવા દોષવાળો હોય તેવો દોષ પ્રગટ કરે) એવો પ્રગટ નિષ્ઠુર ભાષણ કરનાર હોય, જે ઉપશમાવેલો એવો જે કલહ તેને વળી ઉદીરે એ પુરૂષને જે ફળ થાય તે કહે છે. તે પુરૂષ જેમ કોઈ આંધળો પુરૂષ લાકડી ગ્રહણ કરીને માર્ગને વિષે જાતો થકો અનેક કંટક ચતુષ્પાદાદિકે કરી પીડાય તેમ અકોવિદ એવો જે કલહકારી, પાપ કર્માચારી જીવ તે પણ ચતુર્ગતિક સંસાર માંહે દુઃખ પામે. ૫

પ્રશ્ન ૬૨ મું—જગતાર્થ ભાષીની મૂળ પ્રકૃતિ કેવી હોય તે સંબંધી કાંઈ સૂત્રમાં કહ્યું છે ? હોય તો જણાવશો.

ઉત્તર—તેજ સૂત્રમાં તેજ અધ્યયનમાં ગાથા ૨–૩–૪ થીમાં સૂત્રકાર પ્રશ્નજ કરી ગયા છે કે–समाहिपाल मजो सयंता, सरयाद मेवं फरुसंवयंति॥२॥ આ બીજી ગાથાના ઉપરના બે પદમાં કહ્યું છે કે—

અર્થ:—સમાધિ એટલે સમ્યક્ દર્શનાદિ ધર્મ, ધ્યાન એટલે તેને અણુસરતો થકો. અર્થાત્ સમાધિની ધ્યાનનો કરનાર કદાગ્રહિપણાને લીધે [illegible] સ્વચ્છંદે વદનારા એટલે જેમ તેમ બોલે થકી સર્વજ્ઞના માર્ગને ઉત્થાપના અને કુમાર્ગનો ઉપદેશ કરતા એ રીતે પ્રવર્ત્તતા કદાપિ [illegible] આચારના શિખવનાર એવા ગુરૂ જે મહાનુભાવ તે પ્રત્યે પણ કઠોર વચન બોલે.

પ્રશ્ન ૬૩ મું—એવા સ્વેચ્છાચારી પોતાને ફાવે તેમ બોલે તેને શાસ્ત્રમાં શું ફળ કહ્યું છે ?

ઉત્તર—ઉપર કહેલા અધ્યયનની ૩ જી, ૪ થી ગાથામાં કહ્યું છે કે–

विसोहियं ते अणुकाहयंति, जे आत भावेन वियागरेज्जा, अट्ठाणिए होइ बहूगुणाणं, जे णाणसंकाइ मुसंवदेज्जा. ॥३॥ जेयावि पुट्ठा पलिउंचयंति

आयाण मठं समुवंसयिता, असाहुणो तेइह साहुमाणी, मायणि एसंति अणंतघातं. ॥ ४ ॥

અર્થ—તે સ્વાગ્રહી પુરૂષ તે વિરોધિત શુદ્ધ નિર્દોષ માર્ગ તેને આચાર્યની પરૂપણા થકી ઉત્થાપિને કહે, એટલે જે પોતાના ભાવે એટલે સ્વછંદ બોલે, તે અહાછંદપણા થકી ઘણા ગુણા જે જ્ઞાનાદિક તેનો આ સ્થાન થાય કેમકે એ સ્વાભિતિ વેશ મિથ્યાત્વના ભાવ થકી કરીને જે જ્ઞાન શંકા એટલે શ્રી જિનાગમને વિષે શંકા લાવીને મૃષા બોલે, સ્વકલ્પિત જેવો રૂચે તેવો બોલે તેણે કરીને ઘણા ગુણાનો આ સ્થાન એટલે કુલાજન થાય ॥ ૩ ॥ જે કોઇ પુછે જે તમે કોની પાસેથી ભણ્યા છો તે વારે પોતાના આચાર્યનું નામ ગોપવીને બીજાનું નામ કહે, તે નિશ્ચે થકી આત્માર્થ જે મોક્ષનો અર્થ તેને વંચે છે એતાવતા તે મુક્તિને ન પામે. પરમાર્થ થકી તે અસાધુ થકો પણ આ જગતને વિષે પોતામાં સાધુપણું કરી માને તથા બીજાઓને કહીને પોતામાં સાધુપણો મનાવે તે માયાવી સાધુ આ સંસારને વિષે અનંત ઘાત પામે એટલે અનંતકાળ પર્યંત સંસારમાં પરિભ્રમણ કરે. ॥ ૪ ॥

પ્રશ્ન ૯૪ મું—ઉપકારી ગુરૂ, આચાર્યાદિકની નિંદા અવહેલણા કરે તેને ખપ્ટ પાડે તેનું શું ફળ?

ઉત્તર—તે મહા મોહની કર્મ બાંધે એમ સમવાયંગ સૂત્રમાં ૩૦ મહા મોહનીના સ્થાનકમાં કહ્યું છે. જુઓ ગાથા ૨૪ મી, ૨૫ મી.

आयरिय उवझायहिं, सुयं विणयंच गाहिए;
ते चेव खिंसई बाले, महा मोहं पकुव्वई. ॥२४॥

ભાવાઃ—જેણે આચાર્યે ઉપાધ્યાયે શ્રુત શાસ્ત્ર તથા વિનય ચારિત્ર આદિ વાડયો શિખાડયો તેહીજ આચાર્યને ખીંસે નિંદે બાળ અજ્ઞાની તે મહા મોહનીય કર્મ કરે. ૨૪.

आयरिय पुवज्झायाणं, सम्मं नो पडितप्पइ;
अप्पडि पूयए थद्धे, महा मोहं पकुव्वई ॥२५॥

ભાવાઃ—જે કોઇ આચાર્ય ઉપાધ્યાયને શ્રુત દાનાદિકના મહા-ઉપકારીને સમ્યક પ્રકારે તર્પે નહીં. (ગાંઠે નહિ—ઉપરાંઠો ચાલે) ઉપકાર ન કરે, તથા તે આચાર્યની પૂજા સત્કાર ન કરે, એવો સ્તબ્ધ અભિમાની તે મહા મોહનીય કર્મ કરે. ૨૬.

વળી ઠાણાંગ ઠાણે ૫ મે-ઉદેશે ૨ જે અરિહંત ૧, અરિહંતને પરૂપ્યો ધર્મ ૨, આચાર્ય ઉપાધ્યાય ૩, ચતુર્વિધ સંઘ (સાધુ સાધવી, શ્રાવક શ્રાવિકા) ૪, અને બ્રહ્મચર્યાદિ પાળી દેવતા થયેલ ૫, એ પાંચનો અવર્ણવાદ બોલનાર-નિંદા કરનાર તે દુર્લભ બોધીપણાને પામે છે; એટલે તેને સમકિતની પ્રાપ્તિ થતી નથી. અને એ પાંચના ગુણ ગ્રામ બોલવાથી જીવ સુલભ બોધીપણું પામે છે એટલે સુખે સુખે સમકિત પામે.

બહુ વિચાર કરતાં આ કાળમાં આવા જીવ સુલભ બોધીપણાને પ્રાપ્ત થાય તેવા જીવ ભાગ્યેજ નીકળતા હશે; પરંતુ પહેલા પદને લઇ થતા તો બહુધાયે સાંભળીએ છીએ. કારણકે જ્યારે ગુરૂ જેવા ઉપકારી પુરૂષને હિસાબમાં નહિ ગણતાં મિથ્યાભાવે વર્તે તો બીજાને માટે તો કહેવુંજ શું એજ દુષમ કાળની ખુબી છે.

પ્રશ્ન ૯૫ મું—આ દુષમ કાળના મ્હાત્મ માટે તેમજ ગુરૂ શિષ્યના સંબંધે કાંઇ સૂત્ર ફરમાવે છે?

ઉત્તર—અરે ભાઇ સૂત્રમાં તો ઘણુંએ કહ્યું છે. જ્ઞાની પુરૂષે કહેવામાં કાંઇ ખામી રાખી નથી, પણ જીવને સવળું પ્રગમવું બહુ મુશ્કેલ છે; હવે આ પંચમ આરાને માટે ઠાણાયંગજીના ૭ મે ઠાણે આગમચેતી માટે જ્ઞાની પુરૂષ જણાવી ગયા છે કે-આણુવાળા છાપેલ પાને ૪૫૬ મેથી મૂળ પાઠ-

सत्तहिं ठाणेहिं उगाढं दुस्सं जाणेज्जा तंजहा अकाले वरिसइ कालेण वरिसइ असाघु पुज्जंति साघूण पुज्जंति गुरुहिं जणोमिच्छं पडिवन्नो मणोदुहया वइदुहया टीका उगाढंति ॥ अवतीर्णा मवगाढांवा प्रकर्ष प्राप्ता मिति अकालोऽवर्षा असाधवोऽसंयता गुरुषु माता पितृ धर्माचार्येषु ॥ मिच्छं ॥ मिथ्याभावं विनय भ्रंश मित्यर्थः प्रतिपन्न आश्रितः मणोदुहयंति ॥ मनसो मनसावा दुःखिता दुःखि तत्तं दुःख कारित्वंवा दोइकत्वंवा एवंवय दुहयेत्यपि व्याख्येय निति ॥

ભાષા—સાત સ્થાનકે ઓગાઢ આકરો દુખમાં કાળ જાણવો તે કહે છે. ૧ અકાળે મેઘ વરસે, ૨ કાળે ન વરસે, ૩ અસાધુની પૂજા થાય ૪ સાધુની પૂજા ન થાય, ૫ ગુરૂ સાથે લોક મિથ્યાત્વ પ્રતિપન્ન છે ખોટા ચાલે છે, ૬ મનનાં દુ:ખ ઘણાં, ૭ વચનનાં દુ:ખ ઘણાં. (એ પાંચમા આરાનો ભાવ)

પ્રશ્ન ૯૬ મું—પાંચમાં આરા તો બધા સરખા હોય તથાપિ આ પંચમા આરાને ઓગાઢ આકરો દુ:ખમાં કાળ કેમ કહ્યો?

ઉત્તર—આ અવસર્પિણિને હુંડાઅવસર્પિણી કહેલ છે તે અનંતકાળે આવે તેમાં આવેલો પાંચમો આરો દુઃખમ આરો તે પણ આકરો. દુઃખમ આરો કે જેમાં ધાર્યા વરસાદ વરસે નહિ, દુષ્કાળ ઘણા પડે, અકાળે વરસે સાધુના વેશે અસાધુ પૂજાય, સારા અને આત્માર્થી સાધુ સીદાય, ખટપટી અને નિંદકો મનાય, ગુરૂ અથવા ગુરૂથી અધિક ઉપકાર કરવાવાળા-રક્ષણ કરવાવાળા હિતચિંતક તેનાથી કપટ ભાવે વર્તિ પોતાનો સ્વાર્થ સાધી મિથ્યા ભાવે વર્તનારા-જ્યાં ત્યાં વાંકાના બોલનારા-નિંદા અવહેલણાના કરનારા-ગુરૂ-ઉપકારીના મનને દુઃખવનારા-ખોટા મનના ધણી, મોઢે મીઠું મીઠું બોલી પાછળથી વાઢી નાખનારા-અથવા કઠોર વચને દુઃખ દેનારા એવા માઠાં મન વચનના ધણી એકાંત અશાતિના ઉત્પન્ન કરનારા, ગુરૂ ઉપકારીના મનને વચનને દુઃખવનાર એવા જીવો આ દુગાઢ પંચમકાળમાં ઘણા હોય, એજ આ કાળની ખુબી. આવા પ્રકારની પ્રવૃત્તિ જ્ઞાની પુરૂષે જાણીને આ પંચમ આરાનું નામ ઓગાઢ દુષમાં કાળ કહ્યો.

પ્રશ્ન ૯૭ મું—ગુરૂ-ઉપકારીને મને કરી વચને કરી દુઃખવનાર-માઠા મનના ધણીને શું ફળ મળે?

ઉત્તર—આ દુષમ કાળમાં ગુરૂથી મિથ્યાભાવે પડી વર્તનારા મને કરીને વચને કરીને દુઃખ દેનારા-શ્રી ઠાણાંગજીના ૭ મે ઠાણે-બાબુવાળા છાપેલ પાને ૪૫૭ મે કહ્યા છે, તે જણાવે છે.

गुरु हिं जणो मिच्छं पडिवन्नो मणो दुहया वइ दुहया-टीकाः-गुरुषु माता पितृ धर्माचार्येषु ॥ मिच्छं ॥ मिथ्याभावं विनय भ्रंश मित्यर्थः प्रतिपन्न आश्रितः ॥ मणो दुहयंति ॥ मनसो मनसा वा दुःखिता दुःखितत्वं दु.खकारित्वं वा दोहकत्वं वा एवं वय दुहयेत्वपि व्याख्येय मिति ॥

ભાષાઃ—ગુરૂ સાથે લોક મિથ્યાત્વ પ્રતિપન્ન છે, ખોટા ચાલે છે, મનનાં દુઃખ ઘણાં, વચનનાં દુઃખ ઘણાં.

એવા વિનય રહિત, ગુરૂના દ્રોહી, માઠા મનના ધણી, કઠોર વચનના બોલવાવાળા, અંદરો અંદર ભેદના પાડવાવાળા, ફાટફુટ કરાવનાર, "छिद्दप्पेहिं," છિદ્રગવેષી એવા સાધુને માટે ઠાણાંગજીના પાંચમા ઠાણામાં "પારંચિત" દોષનો ધણી કહ્યો છે. એટલે ભગવંત કહે છે કે-એવા દુષ્ટ સ્વભાવીને પારાંચિત કરતાં આજ્ઞા અતિક્રમે નહિ.

પ્રશ્ન ૯૮ મું वायव हंसगावं निएहव એ વાક્યનો ભાવાર્થ શું?

ઉત્તર—મિથ્યાત્વે કરી વ્યાપન્ન એટલે નષ્ટ દર્શન અર્થાત્ મિથ્યાત્વે કરી નાશ થયું છે. સમ્યક્ત્વ જેનું તેને વાવન્ન દંસન્ન એટલે વ્યાપન્ન દર્શન કહીએ, તેના ધરનારા એવા નિન્હવ એટલે ભગવંત શ્રી વીતરાગદેવના વચનને ઉથાપનારા સમજવા.

પ્રશ્ન ૯૯ મું—યથાછંદનું સ્વરૂપ શું?

ઉત્તર—યથાછંદ એટલે પોતાની ઇચ્છાએ પ્રવર્તે, ગુરૂની ઇચ્છા પ્રમાણે ચાલે નહિ તે અહાછંદા-યથાછંદા સાધુ સાધવી સમજવા.

પ્રશ્ન ૧૦૦ મું—પાસત્થા કેટલા પ્રકારના? અને તેનું સ્વરૂપ શું?

ઉત્તર—પાસત્થા બે પ્રકારના તે એક દેશથી પાસત્થો, બીજો સર્વથા પાસત્થો.

પ્રશ્ન ૧૦૧ મું—દેશથી પાસત્થો કોને કહીયે?

ઉત્તર—દેશથી પાસત્થો તે સય્યાંતર પિંડ, સામો આણેલો પિંડ, નિત્યપિંડ તથા અગ્રપિંડ લીયે તે.

પ્રશ્ન ૧૦૨ મું—સર્વથા પાસત્થો કોને કહીયે?

ઉત્તર—સર્વથા પાસત્થો તે કેવલ લિંગધારીજ હોય તે સર્વથા પાસત્થો સમજવો.

પ્રશ્ન ૧૦૩ મું—ઉત્સન્ના કેટલા પ્રકારના અને તેનું સ્વરૂપ શું?

ઉત્તર—ઉત્સન્ના બે પ્રકારના તે એક દેશ ઉત્સન્નોને બીજો સર્વોત્સન્નો.

પ્રશ્ન ૧૦૪ મું—દેશ ઉત્સન્નો તે કોને કહીયે?

ઉત્તર—દેશ ઉત્સન્નો તે આવશ્યક સઝાયાદિક કરે નહિ અને જો કરે તો અધિકા ઓછા કરે.

પ્રશ્ન ૧૦૫ મું—બીજો સર્વોત્સન્નો તે કોને કહીયે?

ઉત્તર—બીજો સર્વોત્સન્નો તે ૠતુ બધકાલને વિષે પીઠ ફલગ નિષ્કારણે વાવરે તથા સ્થાપના પિંડ ભોગવે, સંથારો પ્રતિ લેખે નહિ અને પાથરીને રાખે તે સર્વ થકી ઉત્સન્નો કહેલ છે.

પ્રશ્ન ૧૦૬ મું—કુશીલિયા કેટલા પ્રકારના ને તેનું સ્વરૂપ શું?

ઉત્તર કુશીલિયા ત્રણ પ્રકારના તે ૧ જ્ઞાન કુશીલ બીજો દર્શન કુશીલ ૨ ત્રીજો ચારિત્ર કુશીલ ૩ હવે જ્ઞાન કુશીલ તે આઠ પ્રકારે જે

કાલે, વિણયે, બહુ માને ભણવું કહ્યું છે છતાં તે ઓલો વિરાધે ૧, બીજો દર્શન કુશીલ તે નિસ્સંકિય નિઃકંખીયં ઇત્યાદિક આઠ પ્રકારે દર્શના ચારને વિરાધે તે, ૩ ત્રીજો ચારિત્ર કુશીલ તે પણિહાણ જોગ જુત્તા ઇત્યાદિક આઠ ચારિત્રાચાર વિરાધે તથા મંત્ર જંત્ર અને તંત્ર કરે તે ચારિત્ર કુશીલ સમજવો.

પ્રશ્ન ૧૦૭ મું—સંસત્તો કેટલા પ્રકારે અને તેનું સ્વરૂપ શું ?

ઉત્તર—સંસતાના બે ભેદ. તે એક સંકલીષ્ટ ૧, અને બીજો અસંકલીષ્ટ ૨.

પ્રશ્ન ૧૦૮ મું—સંકલીષ્ટ અને અસંકલીષ્ટ સંસતાનું સ્વરૂપ શી રીતે ?

ઉત્તર—૧ પહેલો સંકલીષ્ટ સંસતો તે પાંચ આશ્રવને વિષે આસક્ત હોય, ત્રણ ગારવે કરી પ્રતિબદ્ધ હોય, કોઈ ગૃહસ્થ ગૃહસ્થણી અને તેના છોકરા છોકરીની ચિંતા કરે, અને તેઓના દુઃખે દુઃખી અને તેના સુખે સુખી થાય તે.–બીજો અસંકલીષ્ટ સંસતો તે કોઇ પાસત્થો મળે તો પોતે પણ તેના જેવો બની જાય, અને સંવેગી મળે તો તેની જોડે સંવેગી જેવો બની જાય. એવી રીતે જેવો મળે તેની સાથે સ્ફટીક મણિની પેઠે અથવા નેવની પેઠે તેવો થઇ જાય તે અસંકલીષ્ટ સંસત્તો કહેલ છે. ઇત્યલં.

ઇતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાલજી સ્વામી. તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી " પ્રશ્નોત્તર મોહનમાળા "–ઉત્તરાર્દ્ધ–ભાગ ૫મો સમાપ્ત.



શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણકો ૮ મો.



પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.



શ્રીપ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ છઠ્ઠો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૬ ઠો.

પ્રશ્ન ૧ લું—શિષ્ય-શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રના ૯ મા અધ્યયનની ૪૪ મી ગાથામાં કહ્યું છે કે-માસ માસખમણના પારણાનો કરનાર બાળ (અજ્ઞાની) ડાભની અણી ઉપર રહે તેટલું જમે તોપણ શ્રુત આખ્યાન ધર્મની સોળમી કળાએ આવે નહિ. તે સોળમી કળા કઇ? અને સોળ કળાનું સ્વરૂપ શી રીતે છે તે કૃપા કરીને જણાવશો?

ઉત્તર—અહો ભદ્રિક-મહાનુભાવ!!! આ પ્રશ્ન ઘણું ગહન છે, આમાં ઘણાં રહસ્યો રહેલાં છે, અને વિદ્વાન જનોને પણ એકદમ સમજવું બહુજ મુશ્કેલ છે, તોપણ જેટલું મારા જોવામાં, વાંચવામાં, વિચારવામાં અને જાણવામાં આવ્યું છે તે તારી પાસે રજુ કરૂં છું. જો આ એક બાબત ખરી રીતે સમજવામાં આવશે તો ઘણા પ્રશ્નકારોના ખુલાસાનું સમાધાન આ સાથેજ થઇ જવા ધારૂં છું.

શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રના અધ્યયન ૯ મામાં શ્રુત આખ્યાત ધર્મની સોળ કળા કહી તો શ્રુત આખ્યાત ધર્મ તો સમકિત ધર્મ કહેવાય તે સમકિત ધર્મની સોળ કળા છે.

પ્રશ્ન ૨ જું—તે સોળ કળા કઇ?

ઉત્તર—મારા ધર્મગુરૂ, ધર્માચાર્ય, મહાન પંડિત, પરમપૂજ્ય શ્રી ગોપાળજી સ્વામીની હાથપોથીમાંથી પોતાના હસ્ત લિખિત અક્ષરનું સૂત્ર આખ્યાત ધર્મનું લખેલ પાનું શ્રી વિમળનાથ ભગવાનના સ્તવનનું મળી આવવાથી મારી પોતાની કેટલીક શંકાઓનું સમાધાન થઇ ગયું. અને મને પણ ખાત્રીજ છે કે-આ સોળકળાનું સ્વરૂપ જેના જાણવામાં આવશે તેની કેટલીક શંકાઓનું સમાધાન થઇ જશે એમ આશા રાખું છું.

પ્રશ્ન ૩ જું—શ્રી વિમળનાથ ભગવાનના સ્તવનમાં જે સોળ કળા જણાવી છે તે સ્તવન સહિત જણાવશો?

ઉત્તર—સાંભળો—જે પ્રમાણે પાનામાં લખ્યું છે, તે પ્રમાણે અહિંયાં દાખલ કરીએ છીએ.

॥ રાગ—પ્રભાતિ ॥

વિમળ વિમળ થઇ જેહની, સોળે સુખ કારી;
તેહ કહું વિસ્તારથી, સુણજો મન ધારી. વિ૦ ૧
ચેતનની જે ચેતના, કળા તેહને કહીયે;
અક્ષર ભાગ અનંતમે, પ્રકાશે લહીયે. વિ૦ ૨
પ્રથમ કળા તો એ કહી, વળી બીજી જાણો;
જથા પ્રવૃત્તિના જેગથી, પરણામે આણો. વિ૦ ૩
અપૂર્વ કર્ણ મુદગર થકી, હણીએ ઘન ગ્રંથી;
ત્રીજી કળા એવરો, લહસે શિવ પંથી. વિ૦ ૪
અનિવૃત્તિ આતમ આદરે, દળ મિથ્યા વેચે;
તુરિય કળા જે પામશે, તે શિવપુર પહોંચે. વિ૦ ૫
સમકિત શ્રદ્ધા જે થઇ, અરહા ઉપદેશે;
કળા કારણ ગુણ જાણીને, પરિચય જે કરશે. વિ૦ ૬
એ કળા કહી પાંચમી, હવે છઠી જાણો;
વિરતિ કરે દેશે કરી, વળી સંવરિત આણો. વિ૦ ૭
સર્વાકાશ પ્રદેશને, અનંત ગુણ કરીયે;
તેહ બરાબર વ્રતના, પર્યાય લહિયે. વિ૦ ૮
સંજમ થાનક જે ઘન, એ દીઠો વિતરાગે;
ભાષ્ય કલ્પ માંહે કહ્યો, તે ભણજો રાગે. વિ૦ ૯
એહ થકી પત્ર છે ઘણા, ચારિત્ર પર્યાયા;
પ્રગટપણે જ્યારે થયા, ત્યારે મુનિપદ પાયા. વિ૦ ૧૦
કળા કહીએ સાતમી, આઠમી હવે કહીયે;
જેહ યોગીશ્વર ધ્યાનમે, આત્મપદ લહીયે. વિ૦ ૧૧
નવમી કળા તે કહી, જેહથી રસ ઘાતી;
ગુણ શ્રેણી ગુણ સંક્રમે, સ્થિતિ બાધા ઘાતિ. વિ૦ ૧૨
એહ કારણ પાંચે કરી, ગુણ શ્રેણે ચરિયા;
તે યોગીશ્વર જાણજો, જે ભવોદધિ તરિયા. વિ૦ ૧૩
દશમી કળા એ વળી, વમે વેદ વિકારા;
ધ્યાન શુક્લ આલંબને, ભેદ જ્ઞાનકા ચારા. વિ૦ ૧૪

એકાદશમી જે કળા, પ્રગટી જીવ જોઇ;
તવ આતમ અલોલતા, કરવા સ્થિર હોઇ. વિ૦ ૧૫
દ્વાદશમી જાગી જદા, કરવા બોધ પ્રકાશ;
ઘન ઘાતિનાં ક્ષય ભણી, હુઓ આતમ ઉલ્લાસ. વિ૦ ૧૬
તે રસ ચાખ્યો તેરમી, જેહવો કદીએ ન ચાખ્યો;
જેહની ઓપમાં કો નહિ, ઇમ આગમે ભાંખ્યો. વિ૦ ૧૭
લોકા લોક તે આપમે, એક સમયમે ભાસ્યો;
એહવા વિમલ જો સેવસો, તુમે વિમલ તો થાશો. વિ૦ ૧૮
ચલના ત્યાગે ચૌદમી, કળા પ્રગટી કહીયે;
શૈલેશી ઘન શૈલની, પરિકરણ એ કહીયે. વિ૦ ૧૯
રૂંધે યોગ યોગીશ્વરા, ધ્યાના સ્તંભ ધરંતા;
પરમ મહોદય સાધતા, કર્મ એરૂં કરંતા. વિ૦ ૨૦
પંદરમી પ્રગટી યદા, લહી શાત અજોગી;
સકલ કર્મનાં ક્ષય થકી, થાયે નિજ ગુણ ભોગી. વિ૦ ૨૧
શામાનંદન સિદ્ધ મેં, સોળે સંપૂર્ણ કહીયે;
કળા કુશળ કરત પ્રકાશો, સેવ્યા ચિર સુખ લહીયે. વિ૦ ૨૨
મુખ્ય કળા કહી સોળ એ, આગમ અનુસારે;
તેહ અનંત અનંત છે, જાણો સુ વિચારે. વિ૦ ૨૩
કળા સંપૂર્ણ સોળ જે, કહીએ તેહને ધર્મ;
સર્વ થકી તે જીનવરે, કર્યો પ્રગટ એ મર્મ. વિ૦ ૨૪
તેહ વળી ઉત્તરાર્ધે નમે, કહ્યો તેહ સંબંધ;
તેહ તણા અનુસારથી, કર્યો કળા પ્રબંધ. વિ૦ ૨૫
ધર્મ કહો કળા કહો, કહો ચેતન કોઇ;
ભેદ નહિ એ તીનમેં, ગુણધર ગુણી હોઇ. વિ૦ ૨૬
ઇણ વિધ કળા જે કેળવે, કળાવંત કહંત;
તે વળી પદ દરશનુંનો, પામે મહાન મહંત. વિ૦ ૨૭

॥ ઇતિ શ્રી વિમલજિન સ્તવન. ॥

પ્રશ્ન ૪ થું—શિષ્ય-સો સમજી શકે તેવી રીતે સોળ કળા અનુસારે ટુંકામાં લખી જણાવો તો બહુ ઉપયોગી થાય.

ઉત્તર—સાંભળો-ધ્યાને વિચારો સોળ કળા.

કળા—૧ લી–ચેતનની ચેતના–અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો તે.

કળા—૨ જી–યથા પ્રવૃત્તિ કરણ–ચડતાં પરિણામની ધારા અંતો કોડાકોડની હદમાં આવે.

કળા—૩ જી–અપૂર્વ કરણ–ગંઠી ભેદ કરે તે.

કળા—૪ થી–અનિવૃત્તિ કર્ણ–મિથ્યાત્વ ટાળે.

કળા—૫ મી–શુદ્ધ શ્રદ્ધા–સમકિતની પ્રાપ્તિ.

કળા—૬ ઠી–દેશ વિરતિપણું પામે.

કળા—૭ મી–સર્વ વિરતિ ચારિત્ર ગુણ પ્રગટે.

કળા—૮ મી–ધર્મ ધ્યાનની ધારા પ્રગટે.

કળા—૯ મી–ગુણ શ્રેણી–ક્ષપક શ્રેણીએ ચડે.

કળા–૧૦ મી–અવેદી થઇ–શુકલ ધ્યાનની ધારાએ ચડે.

કળા–૧૧ મી–સર્વથા લોભનો ક્ષય થાય–આત્મ જ્યોતિ પ્રગટે.

કળા–૧૨ મી–ઘનઘાતી કર્મનો ક્ષય થાય.

કળા–૧૩ મી–કેવળજ્ઞાનનો પ્રકાશ થાય.

કળા–૧૪ મી–શૈલેશી કરણ–યોગ રૂંધન ધ્યાન.

કળા–૧૫ મી–ભાવ અજોગી–સકળ કર્મનો ક્ષય.

કળા–૧૬ મી–સિદ્ધપદની પ્રાપ્તિ–સંપૂર્ણ સોળે કળા.

શ્રી ઉતરાધ્યયનજી સૂત્રના અધ્યયન ૯ માની ગાથા ૪૪ મી ના છેલ્લા પદમાં ૧૬ કળાનો શબ્દ છે; તે ઉપરથી કોઇ વિદ્વાન પુરૂષે ઉપર કહ્યા પ્રમાણે સોળે કળાનું સ્વરૂપ યથા તથા કહી બતાવ્યું, તે અહિયાં પ્રગટ કરવામાં આવ્યું છે.

પ્રશ્ન ૫ મું—અત્યાર સુધી તો કોઇ એમ માને છે કે–કેવળ જ્ઞાન પ્રગટે એટલે સોળે કળા પ્રગટી અને કેવળની પહેલી કળા કોઇ સમકિત માને છે, અને કોઇ અક્ષરનો અનંતનો ભાગ ઉઘાડો જે છે તે માને છે. તો તે વિષે શું સમજવું.

ઉત્તર—ઉપર કહેલી સોળ કળામાં તો સંપૂર્ણ સોળે કળા ઉઘાડી તો સિદ્ધની કહી છે. અને કેવળ જ્ઞાનનો પ્રકાશ તો તેરમી કળાયે થાય છે. સમકિતની પ્રાપ્તિની કળા પાંચમી કહી છે. એ અપેક્ષાએ કેવળની નવમી કળા થાય છે. કેવળ જ્ઞાન પ્રાપ્ત થયે પણ અઘાતી ચાર કર્મ, યોગની પ્રવૃત્તિ

અને સિદ્ધ પદની અપ્રાપ્તિની ત્રણ કળાનું આવરણ કેવળીને હોય છે તે ત્રણે આવરણ ખપાવ્યે સોળે કળાએ સિદ્ધ પદ પ્રાપ્ત થાય છે એટલે સિદ્ધને સોળે કળા સંપૂર્ણ હોય છે.

પ્રશ્ન ૬ ઠું—જ્યારે સિદ્ધને સંપૂર્ણ સોળે કળા ઉઘાડી કહી તેમાંથી પહેલી કળા અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો છે તે કહી, અને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો તો સર્વ જીવને છે. તો સર્વ જીવમાં અક્ષરી આશ્રયી તો અસતી પણ સિદ્ધની સોળમી કળામાં ગણાય તો સોળમે ભાગે સત્તામાં સિદ્ધ સમાન ગણાય કે નહિ?

ઉત્તર—સોળ કળા જે કહી તે તો સૂત્ર આખ્યાત ધર્મની કહી છે. તે તો ભવીજીવને લાગુ છે-મોક્ષ જવાવાળાને માટેજ તે સોળે કળાનું સ્વરૂપ જણાવ્યું છે. અભવીને તે કળાનો સંબંધ જણાતો નથી.

પ્રશ્ન ૭ મું—સિદ્ધમાં સોળે કળા કહી તો ભવ્યજીવમાં કેટલી કળા સંભવે?

ઉત્તર—પ્રમુખે ભવ્ય જીવમાં પંદર કળા સંભવે, એક ઉપરલી કેવલજ્ઞાની-સિદ્ધની સોળમી કળા ન હોય.

પ્રશ્ન ૮ મું—ભવ્યજીવ સિદ્ધ થાય છે માટે એવા જીવને સત્તામાં [illegible] કહ્યા છે તો તેને સોળે કળા કહેવામાં શો વાંધો આવે?

ઉત્તર—[illegible] જીવના ત્રણ વર્ગ પાડ્યા છે. એક ભવ્યજીવ બીજા [illegible] તે [illegible] જીવો સિદ્ધના [illegible] અને ભવ્યજીવને સોળ કળા ક્યાંથી હોય-[illegible] [illegible] કહેવાય

પ્રશ્ન ૯ મું—[illegible] સોળ કળા [illegible] કેટલી [illegible]?

ઉત્તર—[illegible] સોળ કળામાંની [illegible] પહેલી, બીજી, છઠ્ઠી, અને સાતમી [illegible]

પ્રશ્ન ૧૦ મું—[illegible] સર્વ જીવને અક્ષરનો અનંતમો [illegible] કહી [illegible]

ઉત્તર—શ્રી નંદીજીમાં સર્વ જીવને અક્ષરનો અનંતમો ભાગ જે ઉઘાડો કહ્યો છે તે શ્રુત જ્ઞાનનો ઉઘાડો કહ્યો છે અને શ્રુતના બે ભેદ કહ્યા છે એક સમશ્રુત અને બીજું મિથ્યાશ્રુત. તેના પણ અનેક ભેદ કહ્યા છે તે આગળ પર કહેવશે. પરંતુ અભવીનું શ્રુત અનાદિ અનંત કહ્યું છે અને ભવીનું શ્રુત સાદિસાંત કહેલ છે.

પ્રશ્ન ૧૧ મું—અભવી તથા ભવીના શ્રુત વિષે સૂત્રમાં મૂળ પાઠમાં શી રીતે કહ્યું છે તે જણાવશો?

ઉત્તર—શ્રી નંદીજી સત્ર બાબુવાળા છાપેલ પાને ૨૯૮ થી ૩૦૪ સુધીમાં એ વિષે ઘણો અધિકાર છે. ત્યાં કહ્યું છે કે-મૂળપાઠ–

भवसिद्धियस्स सुयं साइयंसपज्जवसियं च अभवसिद्धियस्स सुयं अणाइयं अपज्जवसियं.

ભવ્યસિદ્ધિકનો શ્રુત જ્ઞાન છે તે સાદિ અંત છે. તે જ્યારે મિથ્યાત્વ છીડીને સમ્યક્ત્વ આવે ત્યારે આદિ છે. અને કેવળ જ્ઞાન ઉપજે ત્યારે શ્રુત જ્ઞાનનો અન્ત છે તે ભણી આદિ છે અને અંત પણ છે. શેષ ૩ ભાંગા નથી, મિથ્યાત્વ અનાદિ છે પણ ભવ્યને અંત છે. (च શબ્દથી એમ પણ સંભવે છે કે-એકેક ભવ્યજીવોનું શ્રુત અનાદિ અનંત પણ છે. એટલે મોક્ષ પ્રાપ્ત ભવસિદ્ધિયાનું શ્રુત જ્ઞાન આદિ અંત સહિત છે. અને સંસારસ્થ ભવસિદ્ધિયાનું શ્રુત અજ્ઞાન આદિ અંત રહિત છે. એમ બે ભાંગા પણ સંભવે છે.) અને અભવ્ય સિદ્ધિયાનો મતિ શ્રુત અનાદિ અનંત છે.

પ્રશ્ન ૧૨ મું—અભવ્ય જીવના શ્રુત જ્ઞાન વિષે શાસ્ત્ર કાંઇ વિશેષ જણાવે છે?

ઉત્તર—અભવ્યના શ્રુતનો જઘન્ય ઉત્કૃષ્ટનો વિચાર શ્રી નંદીજી સૂત્રમાં કહ્યો છે તે અત્ર જણાવીયે છીએ.

(જઘન્ય તો અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો કહ્યો તે, અને ઉત્કૃષ્ટો તે) અભવ્ય જીવ જે ભણે તે ૧૦ પૂર્વ કાંઇ એક ઉણા ભણે, તે ઉણા કેમ ભણે તે કહે છે. જે દશ પૂર્વ ભણ્યાનો ધણી નિશ્ચય સમકિત પામીને પાછો પડે તોપણ તે શુકલ પક્ષી થાય, (અને ઘણો કાળ રહેતો) દેશે ઉણો અર્ધપુદ્ગલ સંસારમાં રહે અને દશ પૂર્વ ભણે તે તો નિયમા ભવ્યજીવજ હોય.) અને અભવ્યઆશ્રી-દશ પૂર્વ ઉણા ભણે તે સમકિત ફરસ્યા વિના પાછો પડે તે કૃષ્ણપક્ષીપણે રહે તે ભણી

અશવ્ય છે તે કૃષ્ણપક્ષી મિથ્યા દૃષ્ટિ છે તે માટે દશ પૂર્વ પુરાં. ન ભણે કાંઈ એક ઉણા ૧૦ પૂર્વ ભણે પાછો પડે અનાદિ સંસારમાંહી રહે.

પ્રશ્ન ૧૩ મું—સર્વ જીવને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો હોય છે તેનું સ્વરૂપ શી રીતે છે?

ઉત્તર—શ્રી નંદીજી સૂત્રમાં તે વિષે નિચે પ્રમાણે કહ્યું છે તે સૂત્રપાઠ.

सव्वागासपएसेहिं अणंतगुणियं पज्जवक्खरं निप्पज्जइ, सव्वजीवाणं पियणं अक्खरस्स अणंत भागो निच्चुग्घाडिओ, जइ पुण सोवि आवरिज्जा तेनं जीवो अजीवत्तं पाविज्जा सुट्ठ, विमेहसमुदए होए पभा चंदसुराण से तं साइयं सपज्जवसियं, से तं अणाइयं अपज्जवसियं.

હવે અક્ષરની અવગાહના કહે છે. ૧ સર્વ જે આકાશ છે તેહના જે પ્રદેશોનું પ્રમાણ છે તે સર્વ આકાશના પ્રદેશોને અનંત ગુણાકીજે તેહના જેટલા પ્રદેશ હુવે તેટલા અગુરૂ લઘુ પર્યાય કરીને વ્યંજન અક્ષર ૧ નિપજે છે. સર્વ આકાશ પ્રદેશોને અનંત ગુણા કીજે ત્યારે તેહના પ્રદેશ અનંત ગુણા હુવે તે માટે તેહના જે પ્રદેશોના અનંતા અગુરૂ લહુ પર્યાય હોઇ તે ભણી સર્વ આકાશના પ્રદેશોથી અનંત ગુણા હોય.

પ્રશ્ન ૧૪ મું—વળી શિષ્યે પૂછયું. સ્વામી એકલા આકાશના પ્રદેશોના જેટલા અગુરૂ લઘુ પર્યવ હુવે તેહનોજ સર્વ પિંડ ભૂત કીજે એટલાજના એક અક્ષરના પર્યાય હુવે?

ઉત્તર—ગુરૂ બોલ્યા—અહો શિષ્ય? તિમંજ વળી ધર્માસ્તિ કાયાદિકના પણ પર્યાય મધ્યે એકઠા કીજે તો અક્ષર નીપજે છે તે મધ્યે વ્યંજન અક્ષર ઇસ્યો નીપજે છે તોહિ પણ સર્વ પર્યાય ન જાણે એટલે તે શ્રુત જ્ઞાનના અનંતા પર્યાય હુવે તોહિ પણ છદ્મસ્થ ન દેખે ન જાણે. કેવળી જાણે દેખે છે. તે સર્વ જીવોના મતિ જ્ઞાન, શ્રુત જ્ઞાનનો અનંતમો ભાગ નિત્ય સદૈવ કાળેજ જઘન્ય તો ઉઘાડો હુવો રહે, અને જે સર્વ જીવના પ્રદેશ છે તે સર્વ જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અનંતી વર્ગણા કરીને વીંટાણા છે તો જે સ્વભાવપણુંજ ચેતનપણું આવરી ન શકે તે ભણી જે જ્ઞાનાવરણીયાદિક આઠ કર્મ છે તેહ થકી એક અક્ષરનો અનંતમો ભાગ જીવ કર્મ થકી ઉઘાડો સદા છે, ઉપરાંત સર્વ જીવને કર્મો વીંટયો છે. જો વળી તેટલો પણ તે જીવ જ્ઞાનાવરણીય પ્રમુખ આઠ કર્મો કરીને આવરે તો તે જીવપણાથી ફીટી અજીવપણો પામે એટલે જીવ ફીટીને અજીવ થાય. તે કેહની પરે તે દૃષ્ટાંત કહે છે તે (જેમ) આકાશને અતિ

ઘણા બાદલાને મેઘનો સમુહે કરીને આચ્છાદિત હુવે તોહિ પણ ચંદ્રમાની સૂર્યની પ્રભા તેજ રહે. ઉપરે અને નીચે અંધકાર ન હોય તિમ જીવ પ્રીચીને અજીવ ન થાય. તે એ આદિ છે અને અંત પણ છે તે માટે સાદિક સપર્યવસિક કહીયે, તે એ આદિ નથી, અંત નથી તે માટે એ અનાદિક અપર્યવસિક કહીયે. ઇતિ ભાવા—

પ્રશ્ન ૧૫ મું—જેને અનાદિ અનંત મિથ્યાત્વ હોય, જે જીવને આદિ અંત રહિત મતિ શ્રુત અજ્ઞાન હોય તેવા જીવોને કોઇ પણ વખત પાંચ જ્ઞાન માંહેલું જ્ઞાન સંભવે ખરૂં કે કેમ?

ઉત્તર—શ્રીનંદીજીમાં તો તમામ જીવને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડે. કહ્યો તે અક્ષર શબ્દે તો શ્રુત જ્ઞાન લહ્યું એટલે ભવ્ય સિદ્ધિ યા જીવનું શ્રુત જ્ઞાન તો આદિ અંત સહિત કહ્યું અને અભવ્ય જીવનું શ્રુત અજ્ઞાન અનાદિ અનંત કહ્યું. તે ઉપરથી એમ જણાય છે કે તેને જ્ઞાનનો સદાય અભાવજ હોવો જોઇએ. જ્યાં સમકિત નથી ત્યા જ્ઞાન નથી. એ વાત નિશ્ચય છે. સત્તાએ સમકિત અને જ્ઞાનના અભાવવાળાને ઋદ્ધિએ કરીને કેવળ જ્ઞાનદર્શન રૂપ સિદ્ધ સ્વરૂપી કહી શકાય નહિ.

અભવીને આઠ કર્મનું જે આવરણ રહેલું છે તે તેના મતિ શ્રુતાદિ અજ્ઞાનરૂપી ઋદ્ધિને આવરણ કર્તા છે તેની પર્યાયને પ્રગટ થવા દે નહિ. વગેરે અધિકાર વિસ્તારથી આગળ પર કહેવાશે.

પ્રશ્ન ૧૬ મું—શ્રીનંદીજી સૂત્રમા ભવ્ય સિદ્ધિક જીવનું શ્રુત આદિ અંત સહિત કહ્યું તો, અભવ્યની હારના ભવ્ય જીવ પણ કાળમાં મોક્ષ નહિ જવાવાળાનું શ્રુત આદિ અંત સહિત કેમ કહેવાય? જો તે ભાંગો તેને લાગુ થાય તો મોક્ષ જવાવાળાને તેમાં તફાવત શો સમજવો?

ઉત્તર—આ પ્રશ્નકારનો તર્ક ખરો છે પણ સૂત્રની રચના ઉપર છે સૂત્રમાં જ્યાં જ્યાં ગૌતમાદિકે પૂછેલા પ્રશ્નમાં અને ભગવંતે આપેલા ઉત્તરમાં મોક્ષ જવાવાળા ભવ્ય જીવનાજ ઉત્તર આવે છે, અને જ્યાં જ્યાં પડે છે ત્યાં ભવ્યને અભવ્યનાજ ભાંગા પડે છે, તેમાં સંસારમાં ભમતા જીવની વ્યવસ્થા આવતી નથી. શ્રીઠાણાંગજી સૂત્રમાં બધું કહ્યું અને ચૌદમા સમવાયાંગમાં અભવ્ય અને ભવ્યનું નામ જુદું પડ્યું છે પણ ચૌદમા સમવાયંગે કહેલા ચૌદ જીવ છે તે સરખાં છે ... ... બાવીસમા સમવાયાંગે અર્ધ ભાગું ભવ્ય જીવ કહ્યા તેઉ કેટલાક

અઠ્ઠાવીશે પ્રકૃતિવાળા મોક્ષ પ્રાપ્તિ થવા યોગ્ય ભવ્ય જીવને તારવી-જુદા પાડી બાકીના કદિ મોક્ષ નહિ જવાવાળાનો ભાંગો ગર્ભિતપણે સતાવીશમા સમવાયંગે જણાવ્યો પણ ખુલ્લું નામ આપ્યું નહિ એ શાસ્ત્રકારની ખુબી. તેમજ અહિંયાં મોક્ષ પ્રાપ્ત યોગ્ય ભવ્ય જીવનું શ્રુત આદિ અંત સહિત કહ્યું, અને કૃષ્ણ પક્ષી આદિ અંત રહિત મિથ્યાત્વવાળા ભવ્ય જીવનાં શ્રુતનો ભાંગો બકાતનો રાખ્યો હોય એમ જણાય છે.

પ્રશ્ન ૧૭ મું—શ્રી નંદીજી સૂત્રમાં કહેલા સર્વ જીવને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો જે કહ્યો તે અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડાની સોળ કળામાંની પહેલી કળા કહી છે તો અભવીને તે કળા ઉઘાડી છે, તો સિદ્ધની સોળ કળા માંહેલી તે પહેલી કળા છે તો સત્તામાં સોળે કળાવાળો સિદ્ધ સમાન અભવીનો આત્મા કેમ ન હોય? અર્થાત્ હોવો જોઈએ. જો એમ હોય તોજ સર્વ જીવ સિદ્ધ સમાન છે એમ કહેવાને વાંધો નથી એમ કોઇ કહે તેનું કેમ?

ઉત્તર—પ્રશ્નકારનો તર્ક તો બહુ સારો છે. પણ સૂત્ર શું જણાવે છે તેનો વિચાર કરવો જોઇએ. આ સંબંધી કેટલુંક લખાણ થઇ ગયું છે. તોપણ પ્રશ્નકારને વિચારવું જોઇએ કે શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રના નવમા અધ્યયનની ૪૪મી ગાથામાં સોળ કળાનો શબ્દ આવ્યો છે તે સોળ કળા કોની કહી છે? અને તે સોળ કળા કોને કોને લાગુ કરી છે? તે શું કોઇનાં જાણવામાં આવી તો ગયું હશે? જો તેનું સ્વરૂપ સમદ્રષ્ટિથી યથાતથ્ય સમજવામા આવશે તો થતા તર્કનું સમાધાન થવાને જરા પણ વિલંબ નથી. જે સોળ કળા સૂત્રમાં કહી છે તે તો સૂત્ર અખ્યાત ધર્મની કહી તે, તે ધર્મ અભવીને નથી.

વીતરાગ પ્રણીત સમ્યક્ત જ્ઞાન દર્શન ચારિત્રરૂપ જે ધર્મ તે સૂત્ર આખ્યાત ધર્મ કહેવાય છે. તેની ભગવંતે સોળ કળા કહી છે. અને દરેક કળાનું સ્વરૂપ જુદું જુદું કહ્યું છે તે દરેક કળા મોક્ષ પ્રાપ્ત થવા યોગ્ય ભવ્ય જીવનેજ લાગુ છે. અને તે સોળે કળા સત્તામા તેજ ભવ્ય જીવને કહી છે. તેજ ભવ્ય જીવો સોળે કળાનો પ્રકાશ કરી મોક્ષપદને પ્રાપ્ત કરી સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૧૮ મું—તો શું અભવ્યને આ કહેલી સોળ કળા માંહેલી એકે કળા નથી એમ સમજવું?

ઉત્તર—નિશ્ચય નયે તો સૂત્ર આખ્યાત ધર્મની કહેલી સોળ કળા-માંની એકે કળા કહી શકાય નહિ. પણ વ્યવહારનયે બે કળા ઉઘાડી સંભવે છે.

પ્રશ્ન ૧૯ મું—તે બે કળા કઈ ? ને તેનું સ્વરૂપ શું ?

ઉત્તર—જે અભવ્ય ને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો છે તે મિથ્યાત્વ શ્રુતનો ઉઘાડો છે તેથી ચૈતન્યપણું-ચૈતન્યની ચેતના પ્રગટ થાય છે. તે પહેલી અને બીજી કળા-યથા પ્રવૃત્તિકરણની-જે મિથ્યાત્વનું પહેલું ગુણસ્થાન રહેલું છે તે મિથ્યાત્વની શુદ્ધ કરણીના ગુણોને અવલંબી ઉચ્ચ ભાવનાની કરણી કરે-અને તેથી આગળ વધે તો સૂત્રાખ્યાત ધર્મનું ચારિત્ર વ્યવહારથી અંગીકાર કરે, શુદ્ધ આચાર પાળે, બેંતાળીશ, સુડતાલીસ છનું દોષ રહિત નિર્દોષ આહારાદિક વહોરે, સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે કેવળ ચરિયા એકંત ચારિત્ર (સમ્યક્ જ્ઞાન દર્શન વિનાનું) અને શ્રીનંદીજી સૂત્રમાં કહ્યા પ્રમાણે ઉણો દશ પૂર્વ (નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ) સુધીનું જ્ઞાન મેળવી, શ્રી ભગવતીજી સૂત્રમાં કહ્યા પ્રમાણે "અસંજય ભવિય દવ દેવાણ" અસંજમપણે વ્યવહાર ચારિત્રની આરાધના કરી નવગ્રૈવેયક સુધી જાય. અને યથા પ્રવૃત્તિ કરણના યોગે વ્યવહાર ચારિત્રના બળે અકામ નિર્જરાએ કરી કોઇ વખત અંતો કોડાકોડીની હદ સુધી આવી જાય પણ અંતો કોડાકોડ સુધી પહોંચે નહિ, સમ્યક્ જ્ઞાન દર્શન રૂપી ચક્ષુ વિના જેમ આંધળો પુરૂષ નગરીના દરવાજાની નજીક આવી પાછો ફરે ને અટવીમાં ભટકે તેમ સંસાર રૂપ અટવીમાં અસંખ્ય જીવ પરિભ્રમણ કરે, પણ ગંઠી ભેદ કરવા રૂપ અપૂર્વ કરણની ત્રીજી કળા પ્રગટ કરી શકે નહિ. માત્ર વ્યવહારથી પ્રથમની બે કળા ખુલ્લી કહેવી હોય તો કહી શકાય, અને નિશ્ચેથી તો શ્રુત આખ્યાત ધર્મની એકે કળા અભવીને ખુલ્લી નથી એમ સંભવે છે. જો એમ હોય તો સત્તામાં પણ શ્રુત આખ્યાત ધર્મની કળા હોય નહિ મિથ્યાત્વ અને અજ્ઞાન સિવાય અભવીને નથી, સુત્રના ન્યાય પ્રમાણે સત્તામાં પણ એજ છે ને પ્રગટપણે કેવળીની દ્રષ્ટિએ પણ એજ છે એમ ઘણા દાખલાથી અનુમનાય છે તત્ત્વ કેવળી ગમ્ય.

પ્રશ્ન ૨૦ મું—સૂત્ર આખ્યાત ધર્મની જે સોળ કળા કહી તે અભવીને નથી. માત્ર ભવીનેજ માટે કહી છે એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે ભવીમાં અને અભવીમાં કોઇ પ્રકારનો મોટો તફાવત હોવો જોઇએ

કે તે તફાવત સૂત્રના આધારથી જાણવામાં આવે તો શ્રો કોઇ સ્ફુટ કરી શકે; માટે એવો કોઇ સૂત્રનો મજબુત દાખલો છે?

ઉત્તર—હા, છે, સાંભળો–શ્રી સમવાયાંગજી સૂત્રમાં-છવીશમા સમવાયાંગે કહ્યું છે કે-તે મૂળ પાઠ—

अमवसिद्धियाणं जीवाणं मोहणिज्जस्स कम्मस्स छव्वीसं कम्मं सावं-कम्मा पं० तं० मिच्छमोहणिज्जं सोलस कसाया इत्थीवेदे पुरिसेवेदे नपुंसवेदे हासं अरति रति भयं सोगो दुगंछा ॥

અર્થ—જેને અનાદિ અનંત અભવ્યપણો સિદ્ધિ નિષ્પન્ન છે. (એટલે શાશ્વતો સ્વભાવ છે જેહનો) તે અભવ્ય સિદ્ધ કહિયે. તેહ જીવને મોહનીય કર્મ ચોથો તેહની મૂળ ૨૮ પ્રકૃતિ છે. તે માંહી અભવ્ય જીવને છવ્વીશ કર્મના અંશ કર્મના પ્રકૃતિ સત્તા કમ પણે રહે તે કહે છે. મિથ્યાત્વ મોહનીય ૧, અને સોળે કષાય અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ ૪, એમ અપ્રત્યાખ્યાની ૪, પ્રત્યાખ્યાની ૪, સંજ્વલન ૪, સર્વમળી ૧૬ કષાય અને મિથ્યાત્વ મોહનીય ભેળવતા ૧૭ પ્રકૃતિ, સ્ત્રી વેદ ૧૮, પુરુષ વેદ ૧૯, નપુંસક વેદ ૨૦, હાસ્ય ૨૧, અરતિ ૨૨, રતિ ૨૩, ભય ૨૪, શોક ૨૫, દુગંછા ૨૬. (એ છવ્વીશ પ્રકૃતિ અભવીને સદાય સત્તામાં છે. સમકિત મોહનીય અને મિશ્રમોહનીય ૨ એ બે પ્રકૃતિ મૂળેથીજ સત્તામાં નથી.)

પ્રશ્ન ૨૧ મું—અભવીને જ્યારે બે પ્રકૃતિના અભાવે મોક્ષ નથી એમ સાભળીએ છીએ તો ભવ્ય જીવને મોક્ષ હોય એમ કહેવામાં આવે છે. છતાં, બધા ભવ્ય જીવ મોક્ષ નહિ જાય તેનું શું કારણ? મોક્ષ નહિ જનારા ભવ્ય જીવ અને અભવ્ય જીવમાં શો તફાવત?

ઉત્તર—અભવ્યને જેમ મોહનીય કર્મની છવ્વીશ પ્રકૃતિ સત્તામાં કહી છે તેમ સત્યાવીશમાં સમવાયાંગે નીચે પ્રમાણે કહ્યું છે.

वेयग सम्मत्त बंधोवरयस्सणं मोहणिज्जस्स कम्मस्स सत्तावीसं उत्तरप डीओ सतंकम्मंसा पं० ॥

અર્થ:—વેદક સમ્યક્ત્વનો બંધ તેહ થકી જેહ ઉપરંઠ છે—વેગળો હુવો છે. એહવા પ્રાણીને મોહનીય કર્મની પ્રકૃતિ અઠ્ઠાવીશ છે તે માંહિ સત્તાવીશ ઉત્તર પ્રકૃતિ સત્તાપણે કહી. સોળ કષાય ૧૬, નવનો કષાય એવં ૨૫ થઇ, મિથ્યાત્વ મોહનીય મિશ્ર મોહનીય એવં ૨૭ પ્રકૃતિ સત્તાએ હુવે એક સમ્યક્ત્વ મોહનીય ન હોય.

પ્રશ્ન ૨૨ મું—અહિંયાં કોઈ વેદક સમકિતના બંધથી ઉપરાંઠાનો-વેગવાનો અર્થ ક્ષાયક સમકિતનો કરે તેનું કેમ ?

ઉત્તર—જો ક્ષાયક સમકિત માનીએ તો સાતે પ્રકૃતિનો અભાવ હોય, અને અહિંયાં તો એક સમકિત મોહનીય વરજીને સત્તાવીશે પ્રકૃતિ સત્તામા રહી. માટે અહિંયા વેદકનો અર્થ બીજો સમજાય છે.

પ્રશ્ન ૨૩ મું—મૂળ પાઠમાં તો વેદક સમકિત કહ્યું છે અને વેદક સમકિત તો ક્ષયોપશમ સમકિતના છેલ્લે સમયે અને ક્ષાયક સમકિતના આગલે સમયે હોય. માટે મૂળ પાઠ વિષે શું સમજવું ?

ઉત્તર—અહિંયા વેદક સમકિત લેવાનું નથી પણ સમકિતમાં વેદવાનું લેવાનું છે. એટલે સમ્મત્ત વેયગિજ્જં એવો પાઠ આગળ આવશે એટલે સમ્યક્ત્વ વેદનીય-સમકિતમા વેદવાપણું જે સમકિત મોહનીય એવો અર્થ વેદક સમકિતનો થાવ છે. એટલે સમકિત મોહનીયના બંધ થકી ઉપરાઠો અળગો કે જેને સમકિત મોહનીયનો બંધ નથી, એવા જીવને સમકિત મોહનીય ટળી ૨૭ સત્તાવીશ મોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિ સત્તામાં હોય, એમ સતાવીશમું સમવાયાંગ સૂચવે છે.

પ્રશ્ન ૨૪ મું—સત્તામાં છવ્વીશ પ્રકૃતિવાળાને તો અભવી ખુલ્લા કહ્યા છે. તો સમકિત મોહનીય વરજીને સત્તાવીશ પ્રકૃતિ જેને સત્તામાં હોય તેવા જીવ કયા જાણવા ?

ઉત્તર—અઠ્ઠાવીશમા સમવાયંગે ભવ્ય જીવના સંબંધે જે પાઠ કહ્યો છે તે પાઠનો સંબંધ જોતાં સતાવીશમાં સમવાયંગમાં કહેલા જીવ "સંસારસ્થ ભવ્ય જીવ સમજાય છે. કારણકે સમકિત મોહનીય અને મિશ્ર મોહનીય વર્જિતને તો અભવ્ય જીવ કહ્યા છે તો એક સમકિત મોહનીય-વર્જિતનો ભાંગો અભવ્યથી જુદો હોવો જોઇએ. કેમકે ભવ્ય જીવને અઠ્ઠાવીશમા સમવાયાંગે અઠ્ઠાવીશે પ્રકૃતિ સત્તામાં કહી છે તે ઉપરથી એમ જણાય છે કે-ત્રણ કાળમાં મોક્ષ નહ જવાવાળા ભવ્ય જીવનો વચલો ભાંગો જણાય છે. અને તે વિષે અઠ્ઠાવીશમું સમવાયાંગ વિશેષ સાબીતી કરી આપતું હોય એમ પણ જણાય છે.

પ્રશ્ન ૨૫ મું—શ્રી અઠ્ઠાવીશમાં સમવાયંગે શું કહ્યું છે ? તે તો જણાવો ?

ઉત્તર—સાંભળો-અઠ્ઠાવીશમા સમવાયાંગનો મૂળ પાઠ આગ્રાના છાપેલ સમવાયાંગે પાને ૭૬ મે-

भवसिद्धियाणं जीवाणं अत्थेगइयाणं मोहणिज्जस्स कम्मस्स अठावीसं कम्मंस्सासंतकम्मा पं. तं. सम्मत्तवेयणिज्जं, मिच्छत्तवेयणिज्जं, सम्मामिच्छत्त वेयणिज्जं, सोलस कसाया, णव णोकसाया.

ભાષા-જેને સિદ્ધિ-મુક્તિ થવાની છે તે ભવ સિદ્ધિકા તે જીવને કેટલાએકને ચોથા મોહનીય કર્મની અઠ્ઠાવીશ કર્મના અંશ-કર્મની પ્રકૃતિ સત્તાયે કહી તે કહે છે. સમ્યકત્વ વેદનીય-સમ્યકત્વ મોહનીય ૧, મિથ્યાત્વ વેદનીય-મિથ્યાત્વ મોહનીય ૨, સમ્યક્ત મિથ્યાત્વ વેદનીય એટલે મિશ્ર મોહનીય ૩, સોળ કષાય-અણુંતાનું બંધીયાદિક-કષ કહેતાં સંસાર તેનો આય કહેતા લાભ હોય જે થકી તે કષાય ૧૬, કષાય સરીખું ફળ દેવે હાસ્યાદિક નવનો કષાય કહ્યા ૯ સર્વ મળી ૨૮ પ્રકૃતિ મોહનીય કર્મની (મુક્તિ ગમન યોગ ભવ્ય જીવને) હોય.

આનો પરમાર્થ એ છે કે-અહિંયાં અત્થે ગયાણું કેતાં કેટલાએ ભવ્ય સિદ્ધિયા જીવને ૨૮ પ્રકૃતિ સત્તામાં કહી તો બાકીના ભવ્ય જીવને એથી તફાવત હોવો જોઇએ, મોહનીય કર્મની પ્રકૃતિ તો અઠ્ઠાવીશજ છે, અને ભવ્ય અભવ્ય જીવનો પટાંતરો દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિમાં રહ્યો છે, તો અભવ્યમાં તો સમ્યકત્વ મોહનીય ૧ અને મિશ્ર મોહનીય ૨ એ બે પ્રકૃતિનો તદ્દન નિષેદ્ધ કર્યો. હવે ભવ્ય જીવમાં બે વર્ગ કોઇ-એક ત્રણ કાળમાં મુક્તિ નહિ જવા યોગ્ય સંસારસ્થ ભવ્ય જીવ ૧, અને બીજા મુક્તિ પ્રાપ્ત યોગ્ય ભવ્ય જીવ ૨. આ બેમાં અત્થેગયાણુંના પાઠ ઉપરથી એમ જણાય છે કે-કેટલાક ભવ્ય જીવને ૨૮ પ્રકૃતિ સત્તામાં છે, જાણે મોહનીયે આવરેલું સમકિત પણ કોઇ વખત ક્ષયોપશમ ભાવે યોગે ક્ષયોપશમ સમકિત પ્રગટે તો તેમાંથી ક્ષાયક સમકિત થાય અને મોક્ષ પણ જાય. માટે અઠ્ઠાવીશ પ્રકૃતિની સત્તાનો ભાંગો મોક્ષ જવાવાળા ભવ્ય જીવનો કહ્યો.

અને સમકિત મોહનીય વર્જીને સત્તાવીશમે સમવાયગે સત્તાવીશ પ્રકૃતિ સત્તામાં કહી તે મોક્ષ નહિ જવાવાળા ભવ્ય જીવ આશ્રી કહી દીસે એમ જણાય છે. મિશ્ર મોહનીય સત્તામાં હોવાથી ભવ્યપણું સાબીત રાખ્યું. અને સમકિત મોહનીય નહિ હોવાથી મુક્તિ અટકી.

પ્રશ્ન ૨૯ મું-સંસારસ્થ ભવ્ય જીવને મિશ્ર મોહનીય કહી તેમાં સમકિતનો અંશ તો રહ્યા, તેમાંથી કોઇ વખત મિશ્ર સમકિત થાય તો મિશ્ર સમકિતનો મુદ્દો અર્ધ પુદ્ગળ સંસારમાં રહેવાનો કહ્યો છે એટલે

મિશ્ર સમકિતવાળો ચોથે ગુણ ઠાણે જઇ ગુણ શ્રેણીયે ચડી છેવટે અર્ધ પુદ્ગળમાં અવશ્ય મોક્ષ જાય માટે આ વિષે શું સમજવું?

ઉત્તર—અભવ્યને સમકિત મોહનીય કે મિશ્ર મોહનીય બેમાંથી એકે નથી માટે તેને સત્તામાં કેવળ જ્ઞાન કે કેવળના પર્યવ હોવાનો સંભવ નથી. એમ કેટલાક ન્યાય પરથી જણાય છે તે સંબંધે આગળ પર જણાવવામાં આવશે.

હવે બે પ્રકારના ભવ્ય જીવમાં મુક્તિ પ્રાપ્ત યોગ્ય ભવ્ય જીવને સત્તામાં સમકિત મોહનીય છે તો સમકિત પણ છે તો કેવળજ્ઞાન અને તેના પર્યાય પણ છે તે પ્રગટ થયે મોક્ષ પણ છ.

સંસારસ્થ ભવ્ય જીવને સત્તામાં સમકિત મોહનીય નથી—એટલે મોહનીયે આવરેલું પણ સમકિત નથી એટલે સત્તામાં સમકિત નથી તો કેવળ જ્ઞાન કે તેના પર્યાય પણ નથી એટલે તેને મોક્ષ પણ નથી. હવે જે મિશ્ર મોહનીય સત્તામાં છે તેના માટે જે પ્રશ્ન ઉઠયો છે તે વ્યાજબી છે. અને તેનો ખુલાસો પણ થવોજ જોઇએ.

પ્રશ્ન ૨૭ મું—ઉપરના પ્રશ્નનો ખુલાસો ન્યાય પૂર્વક થાય તો વિશેષ સમજુતીમાં આવે, માટે સંસારસ્થ ભવ્ય જીવને મિશ્ર મોહનીય સત્તામાં છે તેના માટે શું સમજવું? તેનો ખુલાસો કોઇ સમજી શકે તેમ જણાવશો.

ઉત્તર—સંસારસ્થ ભવ્ય જીવને મિશ્ર મોહનીય સત્તામાં છે તે મિથ્યાત્વ મોહનીયની સહચારી છે. અને મુક્તિ પ્રાપ્ત યોગ્ય જીવને મિશ્ર મોહનીય જે સત્તામાં છે તે સમકિત મોહનીયની સહચારિણી છે. એટલો મિશ્ર મોહનીયમાં આટલો તફાવત છે. મિથ્યાત્વ સહચારિણી મિશ્ર મોહનીયમાંથી મિશ્ર સમકિત કોઇ કાળે થાય નહિ એ તો સત્તામાં મિથ્યાત્વ મોહનીયની સાથે સદાકાળ રહે.

સમકિત સહચારિણી મિશ્ર મોહનીય જે છે તે કોઇ વખત મિથ્યાત્વ મોહનીયના દળ મોળા પડવાથી મિશ્ર સમકિત થાય. અને તેમાંથી કોઇ જીવ સમકિત પામે ને મોક્ષ પણ જાય, અને કોઇ જીવ મિશ્ર સમકિત પામી અંતર્મુહૂર્ત રહી પાછો પડી મિથ્યાત્વમાં જાય, પણ અર્ધ પુદ્ગલમાં અવશ્ય મોક્ષ જાય, એમ શ્રી ભગવતીજી વગેરે સૂત્રમાં કહેલ છે. એટલે સમકિત સહચારિણી મિશ્ર મોહનીય મોક્ષ પ્રાપ્ત ભવ્ય

જીવને છે, અને મિથ્યાત્વ સહચારિણી મિશ્ર મોહનીય સંસારસ્થ ભવ્ય જીવને છે. તેને ત્રણ કાળમાં મોક્ષ નથી.

પ્રશ્ન ૨૮ મું—આ વિષે સહેલાઇથી સમજાય તેવો કોઈ ન્યાય છે?

ઉત્તર—હા, જી, સાંભળો. મિશ્ર મોહનીય વિષે વિશેષ સમજુતી સમકિત સહચારિણી મિશ્ર મોહનીય પ્રભાતની સંધ્યા તુલ્ય છે, અને મિથ્યાત્વ સહચારિણી મિશ્ર મોહનીય સાંજની સંધ્યા તુલ્ય છે પ્રભાતની સંધ્યા ઉપર સૂર્યનો ઉદય અવશ્ય હોય, અને સાંજની સંધ્યા ઉપર અવશ્ય અંધકારજ પ્રસરે. એ ન્યાયે બે પ્રકારના ભવ્ય જીવનું સમજવું.

સૂર્ય સમાન તો સમકિત છે બન્ને વખતની સંધ્યા સમાન બે પ્રકારનાં મિશ્ર સમકિતવાળા ભવ્ય જીવો છે.

તેમાં રાત્રિના અંધકાર સમાન અભવ્ય જીવો છે, જેમ રાત્રિમાં સૂર્ય નથી, તેમ અભવીને સમકિત રૂપી સૂર્ય નથી.

બન્ને સંધ્યામાં સૂર્ય નથી પણ પ્રભાતની સંધ્યા વિલય થયે જેમ સૂર્યનો ઉદય થાય તેમ મિશ્ર સમકિતવાળા મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવને સમકિત રૂપી સૂર્યનો અવશ્ય ઉદય થાય, અને સંસારસ્થ ભવ્ય જીવ મિશ્ર મોહનીયવાળા સાંઝની સંધ્યા તુલ્ય પ્રકાશ થોડા વખત રૂપ કોઈ વખત કરે પણ ભૂમિ તો મિથ્યાત્વ રૂપ અંધકારનીજ છે.

અને મુક્તિ પ્રાપ્ત થવા યોગ્ય ભવ્ય જીવ તે દિવસ સમાન છે, દિવસમાં જેમ સૂર્યને આચ્છાદન કરનારા વાદળનાં દળ હોય છે તેમ સમકિત રૂપી સૂર્યને આચ્છાદન કરનાર મોહનીય કર્મનાં દળ હોય છે, તે દળ ખસવાથી જેમ હજાર કિરણો જાજ્વલ્યમાન મહા તેજસ્વી સૂર્ય પ્રકાશ કરે છે તેમ સમકિત રૂપી સૂર્ય પ્રકાશિત થાય છે.

જ્યાં સમકિત ત્યાં કેવળ અવશ્ય હોય છે. મોટા બાસઠીયાના યંત્રમાં સમુચ્ચે કેવળમાં ૧૧ ગુણસ્થાન કહ્યાં છે, તેમાં ૪થા ગુણઠાણાથી ગણના કરી છે. એ અપેક્ષાએ જ્યાં સત્તામાં સમકિત હોય ત્યાં જ્ઞાનના પર્યાય પણ અવશ્ય હોય.

સિદ્ધમાં જો ક્ષાયક સમકિત છે તો કેવળ જ્ઞાનને કેવળ દર્શન અને તેના પર્યાય કહ્યા છે. અને ચારિત્ર નથી તો ચારિત્રના પર્યાય કહ્યા નથી.

એ ન્યાયે-મુક્તિ પ્રાપ્ત યોગ્ય ભવ્ય જીવને-અઠ્ઠાવીશ પ્રકૃતિ સત્તામાં કહી તે જીવને શ્રી સમવાયાગજી સૂત્રમાં કહ્યા પ્રમાણે સમકિત મોહનીય સત્તામાં છે તો શ્રી ભગવતીજી સૂત્રમાં કહેલાં જ્ઞાન દર્શન ચારિત્રના પર્યાય

પણ સત્તામાં છે. અને જ્યાં સમકિત મોહની સત્તામાં નથી ત્યાં જ્ઞાન-દર્શન (દર્શનમાં કેવળ દર્શન) ને ચારિત્ર પણ સત્તામાં નથી. એમ સિદ્ધાંત શાક્ષી આપે છે.

પ્રશ્ન ૨૯ મું—મિશ્ર સમકિતને માટે સંસારસ્થ ભવ્ય જીવને સાંઝની સંઝાનો દાખલો આપ્યો તે જો કે છે તો ઠીક પણ આમાં સૂર્યનું મિશ્રપણું રહેતું નથી તો મિથ્યાત્વની સાથે મિશ્રપણું કાયમનું હોય તેનું સમકિતનું અંશરૂપ મિશ્રપણું હોવું જોઇએ તો તે વિષે કોઇ દાખલો આપી સમજાવશો ?

ઉત્તર—સાંભળો—અહિંયાં અમાવાસ્યાનાં અંધારારૂપ તો અભવી છે, પડવે ને દિવસે ચંદ્રની એક કળા ખુલ્લી હોય તે રૂપ સંસારસ્થ ભવ્ય જીવનું મિશ્ર સમકિત લેવું, મિશ્ર ભાગ થોડો અંશ માત્ર ચંદ્રોદયનો દેખાવમાં ન આવે તેવો અને અંધકારનો વિશેષ ભાગ હોવાથી મિથ્યાત્વ સહચારિણી મિશ્ર મોહનીય પ્રકાશમાં કદિ ન આવે તેવી કળાવાળા જીવ સંસારસ્થ ભવ્ય જીવ લેવા. અને બીજના ચદ્રથી પુનમના ચંદ્ર તુલ્ય સમકિત મોહનીય અને મિશ્ર મોહનીયની સત્તાવાળા મુક્તિ પ્રાપ્ત થવા યોગ્ય ભવ્ય જીવ લેવા.

પ્રશ્ન ૩૦ મું—શિષ્ય-શ્રી ભગવતીજી સૂત્રમાં ખંધકને અધિકારે સૂત્ર પાઠે સર્વ જીવના અનંતા જ્ઞાન પર્યવ, અનંતા દર્શન પર્યવ, અનંતા ચારિત્રના પર્યવ ઇત્યાદિક કહેલ છે તો અભવીને પણ જ્ઞાન, દર્શન ને ચારિત્રના પર્યવ હોવા જોઇએ તેનું કેમ ?

ઉત્તર—પ્રથમ એક વાત ધ્યાનમાં રાખવી કે-સૂત્રમાં જ્યાં જ્યાં અધિકાર ચાલ્યા છે, જ્યાં જ્યાં ગૌતમાદિકે પ્રશ્ન પૂછ્યા છે, જ્યાં જ્યાં ભગવંતે ઉત્તર આપ્યા છે ત્યાં ત્યાં ભવ્ય જીવનેજ ઉદ્દેશીને કહેવામાં આવેલ છે. કારણકે ભવ્ય જીવની બહુલતાને લઇને અભવ્યને ગૌણતામાં રાખી ભવ્ય જીવનીજ અધિકતા બતાવી છે, તોપણ ટીકાકાર અને ભાષ્ય વાળાંએ આપણી શંકાઓના સમાધાન માટે બન્નેનું સ્વરૂપ જૂદા જૂદા રૂપમાં જેમ ઘટે તેમ જણાવતા ગયા છે. અને કેટલીક બાબત આપણે સમદૃષ્ટિથી જોઇશું તો સૂત્ર આપણને તરતજ ખુલાસો કરી આપશે તે ક્યારે કે " મનજક્ક મૂકી પરી " પોતાનો મમત્વ-જક્ક-હઠવાદ, પરો મૂકે-અલગ કરે તો, અને સૂત્ર પર શ્રદ્ધા હોય તો તરતજ ખરી બાબત સમજવામાં આવી જાય. અહિંયાં લોક ભાષા ઉપર કે અન્ય શાસ્ત્રોના,

૩૧

એક દેશી પુરાવા ઉપર અથવા એકાંતવાદ ઉપર દૃષ્ટિ રાખવાની નથી. પણ અનેકાંત એવા સૂત્ર વચન અને તેનાં રહસ્યો ઉપર આધાર રાખે તો સહેલાઇથી તમામ બાબત સમજવામાં આવી જાય.

હવે જે પ્રશ્ન મૂકવામાં આવ્યું છે કે–સર્વ જીવના જ્ઞાનાદિકના અનંતા અનંતા પર્યવ છે એમ શ્રી ભગવતીજી સૂત્રમાં જણાવે છે. તો તે વાત ભગવતીજી સૂત્રમાં છે ખરી પણ સર્વ જીવ માટે નથી; પણ એક જીવ માટે કહેલ છે.

પ્રશ્ન ૩૧ મું—તે વિષે શ્રી ભગવતીજી સૂત્રમાં શી રીતે કહ્યું છે તે મૂળપાઠથી જણાવશો ?

ઉત્તર—શ્રી ભગવતીજી સૂત્રનાં શતક બીજે ઉદ્દેશે ૧ લે ખંધકજીના અધિકારે, ખંધકજી પ્રત્યે ભગવંત મહાવીરે જીવના ચાર ભેદ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવના જણાવતાં दव्वउणं एगेजीवे દ્રવ્ય થકી એક જીવ, ક્ષેત્ર થકી અસંખ્યાત પ્રદેશમય અસંખ્યાત પ્રદેશ અવગાહન, કાળ થકી સર્વ કાળ, અને ભાવ થકી નીચે પ્રમાણે મૂળ પાઠ—

भावउणं जीवे अणंता नाणपज्जवा, अणंता दंसणपज्जवा, अणंता चारित्तपज्जवा, अणंता गुरुयलहुयपज्जवा, अणंता अगुरुयलहुयपज्जवा। नत्थि पुण से अंते. ॥

બાબુવાળા છાપેલ ભગવતીજી પાને ૧૫૭–૧૫૮ મે ટીકામાં કહ્યું છે કે—

नाणपज्जवत्ति ॥ ज्ञानपर्याया ज्ञानविशेषा बुद्धिकृता वा विभागपरिच्छेदा अनन्तागुरुलघुपर्याया औदारिकादि शरीराण्याश्रित्य इतरेतु कार्मणादि द्रव्याणि जीवस्वरूपंचाश्रित्येति ॥

ભાષા—ભાવથી, જીવને અનંતા જ્ઞાનના પર્યાય, અનંતા દર્શનના પર્યાય, અનંતા ચારિત્રના પર્યાય, અનંતા ગુરૂ લઘુ પર્યાય ઓદારિકાદિ શરીર આશ્રયીને, અનંતા અગુરૂ લઘુ પર્યાય તે અનંતા કાર્મણ દ્રવ્ય અથવા જીવ સ્વરૂપ આશ્રીને નહિ વળી તેનો અંત એટલે તેહનો અંત છે નહિ. ॥

અહિંયાં તો સમુચ્ચય જીવ આશ્રી એકજ જીવની પાસે ઉપર કહ્યા પ્રમાણે પર્યાય કહેલ છે. તો લોકમાં ભવ્ય જીવની રાશી વધારે છે. અનંતા ભવ્ય જીવે એક અભવ્ય જીવ કઇમાં કંકરાની માફક કઇ ગણનામાં આવે?

માટે ભવ્ય જીવનાજ જ્ઞાનદર્શન ચારિત્રના પર્યવ કહ્યા હોય એમ જણાય છે.

પ્રશ્ન ૩૨ મું—તો પછી અભવ્ય જીવ પાસે ઉપર કહેલી જ્ઞાનાદિકની પર્યાય શામાટે ન હોય? તે પણ જીવ છે ને મૂળપાઠમાં જીવની પર્યાય કહી છે તો અનંતા જ્ઞાન, દર્શન, ચારિત્રના પર્યાય અભવ્ય જીવને પણ હોય એમ કેટલાકનું કહેવું છે તેનું કેમ?

ઉત્તર—ટીકાકાર એમ જણાવે છે કે-જ્ઞાનની પર્યાયને માટે બુદ્ધિએ કરીને વિભાગ પરિચ્છેદ કરવા એટલે જીવના સંબંધે જ્ઞાનના પર્યાય માટે જેને જ્યાં ઘટે ત્યાં તેની પર્યાય લેવી. એક જીવને સમુચ્ચય જ્ઞાનદર્શન ચારિત્રના પર્યાય કહ્યા તે ભવ્ય જીવ આશ્રી અને જો સર્વ જીવ આશ્રી કહ્યા હોત તો પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન કહ્યાં હોત. પણ સમુચ્ચય પાઠ જ્ઞાન સંબંધી હોવાથી ભવ્ય કે અભવ્યને જે જે જ્ઞાન લાભતાં હોય તેની પર્યાય તે પ્રમાણે ગણવી.

પ્રશ્ન ૩૩ મું—સર્વ જીવ આશ્રી જ્ઞાન સંબંધે શું કહ્યું છે? તે સૂત્ર પાઠથી જણાવશો?

ઉત્તર—શ્રી ઠાણાંગજી સૂત્રના ઠાણે ૮ મે-બાબુવાળા છાપેલ પાને ૫૨૦ મે કહ્યું છે કે—

अट्ठविहा सव्वजीवा पणत्ता तं जहा आभिणिबोहिय नाणी जाव केवल नाणी मइअन्नाणी सुयअन्नाणी विभंगनाणी.

ભાષા:—આઠ પ્રકારે સર્વ જીવ કહ્યા તે કહે છે. મતિજ્ઞાની ૧, યાવત્ કેવળનાણી ૫, મતિ અજ્ઞાની ૬, શ્રુત અજ્ઞાની ૭, વિભંગજ્ઞાની ૮.

અહિંયાં સર્વ જીવ કહ્યા તેમાં ભવી અભવી ને સિદ્ધના જીવ મળી તમામનો સમાવેશ થયો. તેમાં પાંચ જ્ઞાન ને ત્રણ અજ્ઞાન કહ્યાં તે કાંઇ બધે ઠેકાણે આઠે બોલ લાગુ થાય નહિ પણ ઉપર કહેલા ત્રણ ત્રણ સ્થાનમાં જે બોલ ઘટે તે લાગુ કરવો. તે એ રીતે કે-ભવ્ય જીવમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન આઠે બોલ લાભે એ આઠેની ભજના. અભવ્ય જીવમાં જ્ઞાન પાંચ માંહેલું એકે નહિ અને અજ્ઞાન ત્રણમાં એની મતિ અજ્ઞાન ને શ્રુત અજ્ઞાનની નિયમા અને વિભંગની ભજના. હવે સિદ્ધમાં એક કેવળજ્ઞાનની નિયમા.

પ્રશ્ન ૩૪ મું—શ્રી ભગવતીજીમાં બીજા શતકે જીવને સમુચ્ચયે જ્ઞાનના પર્યવ કહ્યા તેમ જ્ઞાન શબ્દમાં અજ્ઞાનનો સમાવેશ થાય એવું

કોઇ સૂત્રમાં કહ્યું છે ? જો જ્ઞાનમાં અજ્ઞાનનો સમાવેશ થાય તો અભવીને અજ્ઞાનના પર્યવ લાગુ થાય.

ઉત્તર—શ્રી પન્નવણાજીના ઉપયોગપદમાં બે પ્રકારના ઉપયોગ કહ્યા છે. એક સાકાર ઉપયોગ ને બીજો અણાકાર ઉપયોગ. સાકાર ઉપયોગ તે જ્ઞાનનો ઉપયોગ, અને અણાકાર ઉપયોગ તે દર્શનનો ઉપયોગ. હવે જ્ઞાન ઉપયોગના આઠ બોલ તે પાંચ જ્ઞાન ને ત્રણ અજ્ઞાન અને દર્શન ઉપયોગના ચાર બોલ તે ચાર દર્શન. બે ઉપયોગના બાર બોલ કહ્યા છે, તેમાં આઠ જ્ઞાનના જુદી રીતે કહ્યા છે. આ સંબંધે વિશેષ સમજુતી અવસર પર જણાવવામાં આવશે.

જે પ્રમાણે જ્ઞાન અજ્ઞાન વગેરે સૂત્રમાં કહ્યા છે તે પ્રમાણે તેના પર્યાયની વહેંચણ કરી લેવી એટલે શ્રી ભગવતીજી સૂત્રમાં કહ્યા પ્રમાણે જ્ઞાનના પર્યવ પાંચ માંહેના અભવીમાં એકેના ન લાભે. ત્રણ અજ્ઞાનના પર્યવ લાભે. ભવ્યમાં આઠેના પર્યવ લાભે અને સિદ્ધમાં એક કેવળ જ્ઞાનના પર્યવ લાભે.

પ્રશ્ન ૩૫ મું—દર્શનના અનંતા પર્યવ કહ્યા તે શી રીતે ?

ઉત્તર—શ્રી ઠાણાંગ સૂત્રના ઠાણે ૮ મે-બાબુવાળા છાપેલ પાને ૯૬૬ મે આઠ પ્રકારના દર્શન કહ્યાં છે. સમ્યક્ દર્શન ૧, મિથ્યા દર્શન ૨, સમા મિથ્યા દર્શન ૩, ચક્ષુદર્શન યાવત્ કેવળ દર્શન ૭, અને સ્વપ્ન દર્શન ૮. એ આઠ પ્રકારના દર્શનમાં-ભવ્ય જીવમાં આઠે દર્શન લાભે, અભવ્ય જીવમાં ત્રણ દર્શન ન લાભે. સમ્યક્ દર્શન ૧, સમા મિથ્યાદર્શન ૨, અને કેવળ દર્શન ૩, એ ત્રણ દર્શન વર્જી પાંચ દર્શન લાભે. અને નો ભવ્ય નો અભવ્ય (સિદ્ધ) માં સમ્યક્ દર્શન ૧ અને કેવળ દર્શન ૨ એ બેજ દર્શન લાભે.

હવે દર્શનના પર્યવ આથી પણ જેમાં જે બોલ લાભે તેનાં પાંચ લેવા. ભવ્યમાં આઠે દર્શનના પર્યવ હોય, અભવ્યમાં સમ્યક્ દર્શન ૧, સમા મિથ્યા દર્શન ૨, અને કેવળ દર્શનના પર્યવ ન હોય, બાકીના મિથ્યા દર્શનાદિ પાંચ દર્શનના પર્યવ લાભે, અને સિદ્ધમાં સમ્યક્ દર્શન અને કેવળ દર્શનના પર્યવ હોય એ પ્રમાણે દર્શનના પર્યવ સમજવા.

પ્રશ્ન ૩૬ મું—જીવને ચારિત્રના અનંતા પર્યવ કહ્યા તો અભવી, દ્રવ્યલિંગી સાધુલિંગ ધારી નવગ્રૈવેયક સુધી જાય છે. એ અપેક્ષાએ ચારિત્ર પર્યવ હોય કે નહિ ?

ઉત્તર—અહિંયાં પ્રથમ આપણે એટલું જાણવુંજોઇએ કે-પૂર્વોક્ત કહ્યા પ્રમાણે અભવી ને સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન નથી તો ચારિત્ર હોય કે કેમ ? તે સંબંધી સૂત્ર શો ખુલાસો આપે છે તે પણ ખાસ કરીને જાણવું જોઇએ.

પ્રશ્ન ૩૭ મું—ચોકખું ચારિત્ર પાળ્યા વિના નવગ્રૈવેયકે જાય નહિ, ચારિત્રનો આરાધક હોય તેજ નવગ્રૈવેયકે જાય એમ જ્યારે સૂત્ર ફરમાવે છે અને અભવીની ગતિ પણ નવગ્રૈવેયક સુધી કહી છે તો પછી તેમા ચારિત્ર છે કે નહિ ? એ સવાલ ઉઠેજ શાનો ?

ઉત્તર—તે વિષે ઘણું લંબાણવાળું લખાણ છે પણ હાલ તો ટુંકાજ શબ્દથી જણાવવાની જરૂર છે. તે પણ સૂત્ર પાઠથી સહેલાઇથી સમજી શકાય તેવી રીતે શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રના ૨૮ મા અધ્યયનની ગાથા ૨૯ મી તેમાં શું જણાવે છે તે સાંભળો—

नत्थि चरित्तं समत्तविहुणं, दंसणेण उभयव्वं;
समत्त चरित्ताइं, जुगवं पुव्व च समत्तं ॥ २९ ॥

ભાવાર્થ—સમ્યક્ત્વ વિના ચારિત્ર નથી, સમ્યક્ત્વથીજ ચારિત્ર પ્રાપ્ત થાય છે અથવા સમકિત હોય તો પણ ચારિત્ર હોય અને ન પણ હોય એટલે સમ્યક્ત્વમાં ચારિત્રની ભજના છે. સમકિત અને ચારિત્ર બન્ને હોય તેમાં પહેલું સમકિત હોય.

હવે વિચારો કે—અભવીને સમકિત તો છેજ નહિ તો પછી ચારિત્ર તો હોયજ ક્યાંથી ? ઉપરનો પાઠ ચોકખું જણાવે છે કે સમકિત વિના ચારિત્ર હોયજ નહિ.

પ્રશ્ન ૩૮ મું—તો પછી અભવી નવગ્રૈવેયક સુધી જાય છે અને ચારિત્રનો આરાધક હોય તેજ જાય છે, તેના માટે શું સમજવું ?

ઉત્તર—તેના માટે શ્રી ભગવતીજી સૂત્રના શતક ૧ લે ઉદ્દેશે બીજે ચૌદ બોલની ઉત્પત્તિની પૃચ્છા ચાલી છે તેમાં પહેલાજ બોલમાં મૂળપાઠ તથા ટીકા તથા ભાષામાં બાબુવાળા છાપેલ પાને ૫૮ મે તથા ૫૯ મે કહ્યું છે કે—

असंजय भवियदव्व देवाणं जहणेणं भवण वासीसु उक्कोसेणं उवरिम-गेवेज्जएसु.

अथ टीका-॥ असंजय भविय दव्व देवाणंति ॥ इह प्रज्ञापना टीका लिख्यते, असंयताश्चरणपरिणाम शून्या भव्यादेवत्वयोग्या, अतएव द्रव्यदेवाः समासश्चेवं, असंयतश्च ते भव्यद्रव्य देवाश्चेति असंयत भव्यद्रव्य देवा त्वेते असंयत सम्यग्दृष्टयः किलत्वेके, यतः किलोक्तं-अणुवय महव्वए हिं य बालतवो काम निज्जराए य। देवाउयं निबंधइ सम्मदिट्ठीय जो जीवो ॥ १ ॥ एतच्चायुक्त, यतोमीषामुत्कृष्टत उपरिम ग्रैवेयके पूर्वपात उक्तः, सम्यग्दृष्टीनां तु देशविरतानामपिन तत्रासौ विद्यते, देशविरत श्रावकाणामच्युता दूर्द्धमगमनात्, नाप्येते निह्नवा स्तेषा मिहैव भेदेनाभिधानात, तस्मान्मिथ्यादृष्टयएवाऽभव्या भव्या वा असंयत भव्यदेवाः श्रमणगुणधारिणो निखिलसामा चार्य्यनुष्ठानयुक्ता द्रव्यलिंङ्ग धारिणो गृह्यन्ते, तेह्यखिल केवलक्रिया प्रभावतएवोपरिमग्रैवेयकेषूत्पद्यन्तइति असंयताश्चते सत्यप्यनुष्ठाने चारित्र परिणाम शून्यत्वात् ननु कथंते भव्या; भव्या वा श्रमणगुणधारिणो भवन्तीं ? त्वत्रोच्यते, तेषांहि महामिथ्यादर्शन मोह प्रादुर्भावे सत्यपि चक्रवर्त्ति प्रभृत्यनेक भूपति प्रवर पूजा सत्कार सन्मान दानादि साधून समवलोक्यतदर्थं प्रव्रज्या क्रियाकलापानुष्ठानम्प्रति श्रद्धा जायते, ततश्च यथोक्त क्रियाकारिण इति..

भाषा-अहभंते असंजय भविय द्रव्य देवाणं।

अर्थ—हे भगवन! चारित्र परिणाम थकी शून्य मिथ्यादृष्टि भव्य अथवा अभव्य निःकेवळ क्रियाना करणहार द्रव्य लिंगधारी अहवा + (ते क्यां उपजे ?) श्री भगवंत कहे छे हे गोतम ? असंयति भविक द्रव्य देवने जघन्य थकी भवनपतिने विषे उपज्यो कह्यो, उत्कृष्ट थकी उपरि ग्रैवेयके एटले नवमे ग्रैवेयके उपजे.

अहिंयां तो अभवीने चोकखा मिथ्यादृष्टि, द्रव्य लिंगधारी, चारित्र परिणाम थकी शून्य, महा मिथ्यादर्शन मोहे करी सहित, तेनी प्रवर्त्ता, क्रिया कलाप, अनुष्ठान निःकेवळ क्रियाना करणहार द्रव्य लिंगधारी कह्या

भव्य अने अभव्यनी वृद्धिसूत्रना आधारे तद्दन जुदीज जणाय छे ते अपेक्षाए श्री भगवतीजी सूत्रमां कहेला ज्ञान, दर्शन चारित्रना भव्य पांच ज्ञाननी अपेक्षाये भव्य जीवना करे अने साकार अणाकार उपयोगना करेला आठ ज्ञाननी अपेक्षाये भव्य अभव्य बेउना करे एटले ज्ञानना पर्यव भव्यने वधु थाय, अने अभव्यने अज्ञानना पर्यव वधु थाय इत्यादि.

પ્રશ્ન ૭૯ મું—કોઇ ઠેકાણે જ્ઞાન અને અજ્ઞાનના પર્યવ જુદા પાડયા છે? જો અજ્ઞાનના પર્યવ જુદા ન હોય તો શ્રી ભગવતીજીમાં બીજા શતકે સમુચ્ચે જ્ઞાનના પર્યવ કહ્યા છે તેમાં અજ્ઞાનના પર્યવ સમાઇ જાય અને જો અજ્ઞાનના પર્યવ જુદા પડે તો અભવ્યનો ભાંગો પણ જુદો પડે. માટે પર્યવ સંબંધી જ્ઞાન, અજ્ઞાનનો સૂત્રથી ખુલાસો થવો જોઇએ.

ઉત્તર—સાંભળો—શ્રી ભગવતીજી સૂત્રના શતક ૮ મે ઉદ્દેશે બીજે, આણુવાળા છાપેલ પાને ૫૯૩ મે સૂત્રપાઠ—

एएसिणं भंते ! आभिणिबोहिय नाण पज्जवाणं सुयनाण पज्जवाणं, ओहिनाणपज्जवाणं, मणपज्जवनाण पज्जवाणं, केवलनाणपज्जवाणय कयरे कयरे जाव विसेसाहिया वा ! गोयमा ! सव्वत्थोवा मणनाणपज्जवा, ओहिनाणपज्जवा-अणंतगुणा, सुयनाणपज्जवा अणंतगुणा, आभिणिबोहियनाणपज्जवा अणंतगुणा केवलनाणपज्जवा अणंतगुणा ॥

ભાષા—હવે પર્યાય અલ્પ બહુત્વ કહે છે. एएसिणंमित्यादि એ એ નેણું વાકયાલંકારે, હે ભગવન્! આભિનિ બોધિક જ્ઞાન (મતિજ્ઞાન) પર્યાયને, તથા શ્રુતજ્ઞાન પર્યાય, તથા અવધિજ્ઞાન પર્યાયને, તથા મનઃપર્યવ જ્ઞાન પર્યાયને, તથા કેવલજ્ઞાન પર્યાયને (એ પાંચમાં) કુણ કુણ થકી થોડા હુવે? ઇતિ. પ્રશ્ન—ઉત્તર—હે ગૌતમ! ઇહાં પોતાના પર્યાયની અપેક્ષાએ અલ્પ બહુત્વ જાણવો. પણ પરપર્યાયની અપેક્ષાએ સર્વને તુલ્યપણા માટે જાણવા * ઇહાં સર્વથી થોડા મન પર્યવના પર્યાય તેને મનોમાત્ર વિષયપણા થકી, તેથી અવધિ જ્ઞાનના પર્યાય અનન્ત ગુણા, મનઃપર્યવ જ્ઞાન અપેક્ષાએ અવધિ જ્ઞાનને દ્રવ્ય પર્યાય થકી અનંત ગુણા વિષય માટે ૨, તેથી શ્રુતજ્ઞાન પર્યાય અનન્ત ગુણા એને રૂપી અરૂપી દ્રવ્ય વિષય પણે કરી અનંતગુણા વિષયપણા માટે ૩, તેહથી આભિનિ બોધિકજ્ઞાન (મતિજ્ઞાન) પર્યાય અનન્તગુણાં એને કહ્યા અણકહ્યા દ્રવ્યાદિ વિષયપણે કરી અનન્તગુણ વિષયપણા માટે ૪, તેથી કેવલજ્ઞાન પર્યાય અનન્ત ગુણા સર્વ દ્રવ્ય પર્યાય વિષયપણા માટે ૫.

---

* સ્વપર્યાય અને પરપર્યાય વિષે વિસ્તારથી જાણવાને માટે જુઓ આણુવાળું છાપેલ ભગવતીજીના પાને ૧૦૭૦ મે તેમાં વિસ્તારથી જણાવ્યું છે.

કેવળજ્ઞાનના પર્યાય માટે છેવટ ટીકામાં કહ્યુ છે કે—

मत्यज्ञानापेक्षया स्फूटतरमिति, ततो पि केवलज्ञानपर्यवा अनन्तगुणाः सर्वाद्धा माविनां समस्त द्रव्यपर्यायाणा मनन्य साधारणावमासेनावमासनादिति ॥

પ્રશ્ન ૪૦ મું—પાંચ જ્ઞાનના પર્યાય કહ્યા તેમ ત્રણ અજ્ઞાનના પર્યાય જુદા જુદા કહ્યા છે ? હોય તો બતાવો ?

ઉત્તર—એજ ચાલતા અધિકારે ભાષ્યમાં કહ્યું છે કે–હવે ત્રણ અજ્ઞાનના પર્યાયનો અલ્પ બહુત્વ કહે છે.

एएसिणं भंते ! मइअणाणपज्जवाणं सुयअणाणविभंगनाणपज्जवाणय कयरेकयरे जाव विसेसाहिया वा गोयमा ! सव्वत्थोवा विभंगनाणपज्जवा, सुय-अणाणपज्जवा अणंतगुणा, मइअणाणपज्जवा अणंतगुणा.

भाषा—एएसिणं भंते, એ એહુને હે ભગવન્ ? મતિ અજ્ઞાન પર્યાયને શ્રુત અજ્ઞાન પર્યાયને, વિભંગ જ્ઞાનપર્યાયને ચ પુનઃ કુણ કુણ થકી થોડા હુવે, ઘણા હુવે, બરાબર હુવે, વિશેષાધિક હુવે ? ઇતિ પ્રશ્ન—ઉત્તર—હે ગૌતમ ? સર્વથી થોડા વિભંગ જ્ઞાનના પર્યાય (અનંતા) ગ્રૈવેયકના સાતમી પૃથિવિતાંઇ જાણે તેહ ભણી, તેહથી શ્રુત અજ્ઞાનના પર્યાય અનંત ગુણા, (એહની ભાવના મિશ્ર અલ્પત્વેકહ્યે—મિશ્ર અલ્પતા બોધમા આ પ્રમાણે છે કે–શ્રુત અજ્ઞાનને શ્રુત જ્ઞાનની પરે ઓધે કરી સમસ્ત મૂર્ત અમૂર્ત દ્રવ્ય સર્વ પર્યાય વિષયપણે કરી અવધિજ્ઞાન અપેક્ષાએ અનંત ગુણ વિષય પણા માટે) તેહથી, મતિ અજ્ઞાન પર્યાય અનંત ગુણા. (એહની ભાવના પણ મિશ્ર અલ્પ બહુત્વથી જાણવી–મિશ્ર અલ્પ બહુત્વમાં કહ્યું છે કે—મતિ અજ્ઞાન પર્યાય અનંતગુણા શ્રુતજ્ઞાન કથા વસ્તુ વિષે પણિ પ્રવર્તે માટે.)

આ પ્રમાણે સૂત્રપાઠે જ્ઞાન અને અજ્ઞાનના પર્યાય તદન જુદાજ કહ્યા છે. તે પ્રમાણે શ્રી ભગવતીજી સૂત્રમાં ખંધકને અધિકારે નથી ત્યાં તો એકલા જ્ઞાનનાજ પર્યવ કહ્યા છે તે ઉપરથી કેટલાકનું એમ માનવું થત છે કે–તે ભવ્ય જીવનાજ સમજાય છે. અને જો જ્ઞાનને સાકારોપયોગમાં ગણે તો આઠ જ્ઞાનની અપેક્ષાએ ત્રણ અજ્ઞાનનો તેમાં સમાવેશ થાય તો ભવ્ય અને અભવ્ય બન્નેના પર્યવ ઉહ્ પટે ખરા.

અને ભવ્ય અભવ્યની જ્ઞાન અજ્ઞાનની સ્થિતિ માટે જુદાજ શેર [illegible]

પ્રશ્ન ૪૧ મું—ભવ્ય અભવ્યના જ્ઞાન અજ્ઞાનની સ્થિતિ માટે સૂત્રમાં શો ખુલાસો છે તે જણાવશો ?

ઉત્તર—ભગવતીજી સૂત્રમાં શતક ૮ મે ઉદ્દેશે બીજે બાબુવાળા છાપેલ પાને ૫૮૯ તથા ૯૦ મે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનની સ્થિતિ કહી છે તેમાં મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન માટે ટીકામાં કહ્યું છે કે—

अणाणी मइअन्नाणी, सुयअणाणीणं पुच्छा ! गोयमा ? अन्नाणी मइ-अन्नाणी सुयअन्नाणी य तिविहे पणंते तेजहा अणाइए वा अपज्जवसिए (अभव्यानां) १ अणाइए वा सपज्जवसिए (भव्यानां) २ साइए वा सपज्जवसिए (प्रतिपतितसम्यग्दर्शनानां) ३.

શ્રી પન્નવણાજી સૂત્રના ૧૮ મા પદે પણ એ અધિકાર ટીકામા છે.

ભા.થ—અણાણી મઈઅણાણી સુયઅણાણીણું પુછા ? ગોયમા અન્નાણી મઈઅન્નાણીય સુયઅન્નાણીય તિવિહે પં. તં. અનાદિ અનંત એ ભાંગો અભવ્યને હુવે ૧ અનાદિ સાન્ત ભાંગો ભવ્યને હુવે ૨ સાદી સાન્ત એ ભાંગો સમ્યક્ત પડિવર્જ્યાને હુવે ૩.

આટલા દાખલે ભવ્ય અને અભવ્યમા જ્ઞાન અને જ્ઞાનના પર્યવમાં તફાવત કહ્યો, ભવ્યમાં જ્ઞાન અને અજ્ઞાન સત્તામાં અને પ્રગટપણે બન્ને કહ્યાં છે તે અપેક્ષાએ બન્નેની પર્યાય ભવ્યમાં લાભે. અને અભવ્યમાં તો એકલું અજ્ઞાનજ કહેલ છે અને પર્યાય પણ અજ્ઞાનનાજ કહ્યા છે તો પછી કેવળજ્ઞાન કે કેવળ જ્ઞાનના પર્યવ હોયજ કયાંથી ?

શ્રી ભગવતીજી સૂત્રમાં ખંધકના અધિકારે સિદ્ધને અનંતા નાણ-પજ્જવા-અનંતા દંશણ પજ્જવા કહ્યા છે તો સિદ્ધમાં કેવળજ્ઞાનને કેવળ-દર્શન છે. તેમ જો અભવ્યમા જ્ઞાન દર્શનના પર્યવ લાગુ કરીએ તો સૂત્રના ન્યાય પ્રમાણે મતિ શ્રુત અજ્ઞાન અને વિભંગની અપેક્ષાએ અવધિ દર્શન એ રૂપ જ્ઞાન દર્શનના અનંતા પર્યાય કહ્યા છે તે લાગુ થાય.

પ્રશ્ન ૪૨ મું—કદાપિ કોઈ લોક રૂઢીએ વા કોઈ ગ્રંથાદિકના આધારે સર્વ જીવ સરખા છે. સર્વ જીવની પાસે અનંતા અનંતા જ્ઞાનદર્શનના પર્યવ રહ્યા છે, એમ કહી સર્વ જીવને સિદ્ધ સમાન માને તે વાત કોઈ અપેક્ષાએ મળે ખરી કે કેમ ?

ઉત્તર—કોઈ અપેક્ષાએ ન મળે, અને કોઈ અપેક્ષાએ સર્વ જીવનું સરખાપણું છે એમ કહી શકાય.

પ્રશ્ન ૪૩ મું—કઇ અપેક્ષાએ સર્વ જીવનું સરખાપણું મનાય? તે ન્યાય યુક્ત જણાવશો?

ઉત્તર—અસંખ્યાત પ્રદેશમય જીવદ્રવ્ય (દ્રવ્યઆત્મા) સર્વ જીવનો સરખો છે.

તે દ્રવ્ય આત્મા કેવળ સ્વરૂપી છે એમ કહી શકાય.–કેવળ નામ સંપૂર્ણ, કેવળ નામ કેવળજ્ઞાન, કેવળ નામ નિઃકેવળ–એકજ સ્વરૂપ એમ કેવળના ત્રણ ભેદ થાય છે. તો દ્રવ્ય આત્મા તમામ જીવનો પહેલે ને ત્રીજે ભાંગે સરખો છે. બીજો ભાંગો દ્રવ્ય આત્માની ઋદ્ધિનો છે.

પ્રશ્ન ૪૪ મું—કોઇ એમ કહે કે–એ ત્રણે ભાંગે તમામ જીવ હોય એમ કહેવાને શો વાધો છે? ઋદ્ધિએ તમામ જીવ સરખા છે.

ઉત્તર—જો ઋદ્ધિએ તમામ જીવ સરખા હોય તો સિદ્ધને કેવળ જ્ઞાનને કેવળ દર્શન કહ્યાં છે તે પ્રમાણે અભવ્ય જીવને નહિ કહેતાં માત્ર અજ્ઞાનજ કહેલ છે, તેનું શું કારણ? માટે વિચારો કે સર્વે જીવનો દ્રવ્ય આત્મા સરખો છે, તમામના અસંખ્યાતા પ્રદેશ પણ સરખા છે. અને ઋદ્ધિમાં તફાવત છે. માટે ત્રણ ભેદે સર્વ જીવની વહેંચણ થતા ભવ્યજીવ અભવ્ય જીવ અને સિદ્ધના જીવ એમ ત્રણ ભેદ અનંત જ્ઞાની પુરૂષે પાડયા તે સૂત્રમાં દાખલ થયા, માટે ત્રણે ભેદના જીવમાં જ્ઞાન અજ્ઞાનના પર્યવો પણ ભિન્ન ભિન્ન રીતે જ્યાં જેને ઘટે ત્યાં સૂત્રદ્વારા સમજાવ્યા છે.

અહિંયાં એક રહસ્ય રહેલ છે કે–તે સમદૃષ્ટિથી શ્રોતાજનોએ સમજવાનો છે

પ્રશ્ન ૪૫ મું—એ રહસ્ય શું છે તે તો જણાવો?

ઉત્તર—સાંભળો,–ભગવતીજીના શતક ૩ જે–ઉદ્દેશે પહેલે–તામલી તાપસ છઠછઠના પારણાનો કરનાર સૂત્રમાં જેની પ્રણામ પ્રવજ્યા કહી છે. સાઠ હજાર વર્ષ સુધી છઠને પારણે એકવીશ વાર ધોયેલા ચોખાને પાણીમાં ભીંજાવી રસવિનાના ચોખાના કુચાનું પારણું કરી તેના ઉપર છઠ તપ કરતાં છેવટીને અંતે પાદોપગમન સંથારો કરી સૂનો ત્યાંસુધી બાળતપસ્વી કહીને સૂત્રમાં બોલાવ્યો છે તેનું શું કારણ? તે જાણવું જોઇએ.

પ્રશ્ન ૪૬ મું—ત્યારે કોઈ કહે કે–તેનું કારણ એમ હોવું જોઇએ કે–તેની કરણી મિથ્યાત્વના ઘરની હતી, કાચા પાણીથી ચોખા ધોતો, નદીના પાણીમાં સ્નાન કરતા વગેરે કેટલીક ક્રિયા મિથ્યાત્વની કરણીને અનુસરતી હોવાને લીધે તેને બાળતપસ્વી કહ્યો હોય એમ જણાય છે.

ઉત્તર—એવી ક્રિયા તો જૈન વર્ગમાં સંસારી જીવો ઘણાએ કરે છે તેને શું મિથ્યાત્વી માની લઈશું? પોતપોતાના અભિપ્રાય પ્રમાણે ક્રિયા કરે તેમાં દૃષ્ટિનો સંબંધ નથી. દૃષ્ટિ તો અંતર ભાવની છે. બાળ તપસ્વી કહેવાનું કારણ અંતરની શ્રદ્ધા ઉપર છે. તેની અંતર્ગત શ્રદ્ધા એવી છે કે–તમામ આત્મા સિદ્ધ સ્વરૂપી છે, તમામનો આત્મા સરખો છે, બધા ઈશ્વર રૂપ છે, બધામાં ઈશ્વરની સત્તા છે. અર્થાત્ સત્તાએ તમામ આત્મા સરખા છે, તેમાં કાંઇ ભેદ ભાવ છેજ નહિ. એવી દૃષ્ટિથી તે તમામને પ્રણામ કરતો, ધરતીએ ચાલતા શ્વાન પ્રમુખને અને આકાશમાં ઉડતા કાગડા પ્રમુખને અથવા મનુષ્યાદિક જે સન્મુખ મળે-તેને અર્થાત્ ઉંચા નીચા કે ધરતી પર જે દૃષ્ટિએ પડે તેને નમસ્કાર કરતો અને એમ માનતો કે મારો ને તમારો તમામનો આત્મા સરખો છે. આ દૃષ્ટિને લઈને તેને બાળ તપસ્વી કહ્યો હોય એમ જણાય છે.

જો મહાવીરની શ્રદ્ધા એ પ્રકારની હોય તો તેમના અનુયાયીઓ કેમ તમામને નમસ્કાર કરતા નથી? અરે! કેટલાક સાધુ સાધ્વી કે શ્રાવક પોતાની માન્યતાથી વિરૂદ્ધ હોય તો પગે પણ લાગતા નથી, ઉલટા વિમુખ વદન કરી ચાલ્યા જાય છે તો તેમાં શું આત્મા સરખો નથી માન્યો? મહાવીરે તે જ્ઞાન કેમ આપ્યું નથી કે સર્વનો આત્મા સરખો છે, માટે કોઇથી જુદાઇ રાખવી નહિ. જૈન હો કે અન્ય હો, મનુષ્ય હો કે દેવ હો, પશુ હો કે પક્ષી હો, નર્કના જીવ હો કે સ્વર્ગના જીવ હો, ત્યાગી હો કે ભોગી હો, સિદ્ધ હો કે સંસારી હો, ભવ્ય હો કે અભવ્ય હો, તમામના જીવ સિદ્ધ સ્વરૂપી છે માટે તમામ નમસ્કાર કરવા યોગ્ય છે, એમ કોઈ સૂત્રમાં જોવામાં આવતું નથી, માટે તામલી તાપસની માન્યતા અજ્ઞાનપણાની સૂત્ર દ્વારા જણાવી છે.

પ્રશ્ન ૪૭ મું—જૈન ધર્મમાં ઉપર કહેલી માન્યતાવાળા જોવામાં આવે છે તેને શું જૈન ધર્મના શાસ્ત્રનું જ્ઞાન નહિ હોય?

ઉત્તર—જો જૈન ધર્મના શાસ્ત્રનું પૂરતું જ્ઞાન હોય તો તે આત્માના સ્વરૂપને સમજી શકે પણ અન્ય મતનાં શાસ્ત્રો વા કોઈ કે રૂઢીની બાબત ઉપર વધારે આધાર હોય તેવાઓનો આત્મા અસ્થિર બની ઉંડા સૂત્રથી વિરૂદ્ધ બનતા જોઈએ છીએ. કદાપિ કોઈ જૈન શાસ્ત્રના જાણ હોય પણ કેટલીક બાબતના અજ્ઞપણાને લઈને રૂઢીની બાબત ઉપર પોતાના વિચારોને મજબુત કરી હું કહું છું તેજ ખરૂં છે એવી જાતનું પણ થાય છે કે જેથી સૂત્રાર્થ વણી આમણનો પ્રકાર થઈ શકે નહિ.

પ્રશ્ન ૪૮ મું—કોઈ એમ કહે કે-સર્વ જીવની સત્તામાં અનંત શક્તિ રહેલી છે માટે સર્વ જીવ પામે અનંતુ કેવળ જ્ઞાનને કેવળ દર્શન હોવું જોઈએ. તો અભવીને પણ સત્તામાં કેવળ જ્ઞાનને કેવળ દર્શન અવશ્ય હોય તેનું કેમ?

ઉત્તર—સર્વ જીવના સંબંધમાં જે જે શક્તિ ગુણ દ્વારા સિદ્ધાંતમાં કહેલી છે તે પ્રગટપણે ભવ્ય જીવને ઉદ્દેશીનેજ સમજવું છે, અને અભવ્ય સંબંધીની બાબતમાં કોઈ કોઈ ઠેકાણે જુદા ભાગો પાડવામાં આવ્યા છે, પણ સમુચ્ચે એકઠા ભવ્ય જીવની બહુલતાને લઈને અભવ્ય જીવને ગૌણતામાં રાખી કેટલાક ભાગો ભવ્ય જીવના આશ્રિતપણાને લઈને શાસ્ત્રકારે પ્રસંગે ભાવો ને પ્રગટ કર્યા છે.

દાખલા તરીકે શાળીધાનનો (વ્રીહિનો) એક કોઠાર ભરેલો છે, તે શાળી-ત્રી પંખડી ઉપી ક્રમેકના ચોખાની બનેલી છતાં તેમાં ગૌણતાએ કોઈ કોઈ કમોદનો કણ, ચોખા વિનાનો અંદર હોય છે, તેમાં બીજ રૂપે પણ ચોખો હોતો નથી એટલે તેમાં બીજક છેજ નહિ. કોઠારમાં વ્રીહિ જેવીજ વ્રીહિ હોય, તે રૂપ અભવી અને ચોખારૂપ બીજક સહિત જે વ્રીહિ છે તે રૂપ ભવ્ય જીવ સમજવા.

જો સત્તામા અભવીને કેવળ જ્ઞાનને કેવળ દર્શન હોય તો તેના બીજકરૂપ સમ્યક્ત્વ અવશ્ય સત્તામાં હોવું જોઈએ; જ્યાં સત્તામાં સમકિત ત્યાં સત્તામાં કેવળજ્ઞાન અને જ્યા સત્તામા કેવળ જ્ઞાન ત્યાં સત્તામાં સમકિત અવશ્ય હોય. સમકિત વિના કેવળ જ્ઞાન અને કેવળ જ્ઞાન વિના સમકિત હોય નહિ. એટલે સત્તામાં સમકિત હોય અને કેવળ જ્ઞાન ન હોય તથા સત્તામાં કેવળ જ્ઞાન હોય ને સત્તામા સમકિત ન હોય એવો કોઈ પણ જીવ નીકળે નહિ, બન્ને સહચારી છે.

કેવળ જ્ઞાનનું બીજ સમકિત છે અને સમકિત એ કેવળ જ્ઞાનનું ઉત્પાદક છે. દાખલા તરીકે વડના બીજમાં વડ સમાયેલો છે અને વડ એ બીજ સહિત છે. તેમ સમકિતમાં કેવળ જ્ઞાન અને કેવળ દર્શન રહેલું છે, સમકિત પ્રાપ્ત થયા પછી તેજ ભવે અથવા ત્રીજે ભવે, અથવા પંદર ભવે, છેવટ અર્ધ પુદ્ગળે પણ કેવળ જ્ઞાન રૂપ વૃક્ષ પ્રગટ થાય. તે જો સત્તામાં સમકિતરૂપ બીજક હોય તો સત્તામાં રહેલું કેવળ પ્રગટે. માટે બીજક વિના વૃક્ષ નહિ અને વૃક્ષ વિના બીજક નહિ. સત્તામાં બન્ને આમને સામાન છે, એકની નાસ્તિએ બન્નેની નાસ્તિ, એકની અસ્તિએ બન્નેનું અસ્તિત્વ

बीजे न्याय-कुकडी विना ईंडुं नहि, अने ईंडी विना कुकडी नहि, એ સિદ્ધાંત અનાદિ સિદ્ધ છે. તેમ જે જીવની પાસે સત્તામાં કેવળજ્ઞાન ને કેવળદર્શન હોય તે જીવને સત્તામાં અવશ્ય સમ્યક્દર્શન પણ હોય. એક હોય ને એક ન હોય એવો કોઇ જીવ હોયજ નહિ જો હોય તો સત્તામાં બન્ને હોય, અને ન હોય તો સત્તામાં બન્ને ન હોય. માટે ભવી કે અભવીને જો સત્તામાં સમ્યક્દર્શન નથી તો સત્તામાં કેવળજ્ઞાન ને કેવળદર્શન પણ નથી. જો અભવીને સત્તામાં કોઇ કેવળજ્ઞાન ને કેવળદર્શન માનતું હોય તો સત્તામાં સમ્યક્દર્શન અવશ્ય માનવું જોઇયે.

પ્રશ્ન ૪૯ મું—ત્યારે કોઇ કહે કે-શ્રી સમવાયાંગજી સૂત્રમાં અભવીને બે પ્રકૃતિઓ સમ્યક્મોહનીય અને મિશ્રમોહનીય હોય નહિ માટે અભવીને સમકિત તો ત્રણે કાળમાં ફરશે નહિ, એમ તો સૌ કોઇ કબુલ કરે તેમ છે. અને શ્રી ભગવતીજી સૂત્ર વગેરેના કેટલાક દાખલાથી સિદ્ધ થાય છે પણ કેવળજ્ઞાન અને કેવળદર્શન રૂપ સર્વનો આત્મા કહ્યો છે માટે સત્તામાં કેવળજ્ઞાન અને કેવળદર્શન હોય એમ કેટલાકનું માનવું છે તેનું કેમ?

ઉત્તર—એ પ્રકારે માનવું સૂત્રના ન્યાયે યુક્ત નથી. સર્વ જીવના આત્મા અસંખ્યાત પ્રદેશે સરખા છે, અક્ષરનો અનંતમો ભાગ શ્રુત જ્ઞાનની અપેક્ષાએ સર્વ જીવનો ઉઘાડો છે તે અપેક્ષાએ પણ સરખો છે. સર્વ જીવની અનંતી શક્તિ કહેવામાં આવે છે તે પણ અપેક્ષાવાચી છે ભવ્ય અને અભવ્ય જીવની ઋદ્ધિમાં અનંતો તફાવત છે, અભવ્ય નિગોદનું શ્રુત જે હોય તેથી નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતાનું શ્રુત અનંત ગણુ અધિક હોય, તેમજ અભવીને વિભંગ જ્ઞાન અથવા કેવળ ચરિયાદિ ગુણોને લઇને અભવીના આત્માની અનંત શક્તિ કહી શકાય તેમાં લબ્ધ્યાદિક ગુણોનો સંભવ નથી.

ભવ્ય જીવના આત્માની અનંત શક્તિના ભેદ પણ અનેક છે, નિગોદમાં રહેલા ભવ્ય જીવ અને તે સિવાયની બીજી ગતિમાં રહેલા ભવ્ય જીવોના શ્રુત જ્ઞાનથી માંડી ત્રણ અજ્ઞાન અને પાંચ જ્ઞાનની અનેક પ્રકારની લબ્ધિઓની પ્રાપ્તિના છેવટ કેવળજ્ઞાન ને કેવળદર્શન સુધીમા આત્માની શક્તિના અનેક વિકલ્પો થાય છે. માટે આત્માની અનંતી શક્તિના સંબંધમાં ભવ્ય જીવ અને અભવ્ય જીવ બન્નેમાં અનંતું અંતર છે.

પ્રશ્ન ૫૦ મું—ત્યારે કોઇ કહે કે—તો પછી અભવીને કેવળજ્ઞાના-વરણીય કેવળ દર્શનાવરણીય કર્મનો બંધ કેવી રીતે હોઇ શકે? કારણ કે—

સ્વરૂપમાં કેવળ જ્ઞાન કેવળ દર્શન નથી તો પછી આવરણ શાનું? આવરણ તો વસ્તુ કેવું હોય તેના ઉપર. માટે આત્માને કેવળ જ્ઞાન દર્શન સ્વરૂપ હોય તો આવરણ પણ હોય. તે આવરણથી તેને પ્રગટ થતાં નહિ [illegible] પણ એ સત્તામાં વસ્તુ નથી તો તેનું આવરણ પણ હોવું જોઈએ નહિ. તેનું કેમ?

ઉ૦——મતિજ્ઞાનનું આવરણ [illegible] છે અને [illegible] આત્માને [illegible] નથી [illegible] આત્માને કેવળ [illegible] અને તેનું આવરણ કેવળ જ્ઞાનાવરણીય [illegible]

[illegible]

બીજો મત એમ પણ જણાવે છે કે-મિથ્યાત્વની કરણીમાં, વિભંગ જ્ઞાનને કોઇ કોઇ મતવાળા સંપૂર્ણ જ્ઞાન માની કેવળ જ્ઞાન ઠરાવે છે. એમ શ્રી ભગવતીજી સૂત્રમાં શિવરાજ ઋષિના અધિકારથી જણાઇ આવે છે તો તે કેવળ જ્ઞાનને કેવળ દર્શનરૂપ વિભંગ જ્ઞાનને કેવળ જ્ઞાનાવરણીયાદિક કર્મના દળનું આવરણ થયેલું તે મિથ્યા ભાવનું માનેલું અથવા અભવીને સત્તામાં રહેલું વિભંગ જ્ઞાનરૂપ કેવળ જ્ઞાનને કેવળ દર્શનનું આવરણ કરે એટલે તે પ્રગટ થવા દે નહિ. પણ વીતરાગ પ્રણીત કેવળ જ્ઞાન દર્શન અભવીને સૂત્રના ન્યાયે હોવા સંભવ નથી.

સર્વ જીવ કેવળ સ્વરૂપે સરખા છે એ એક જાતની દુનિયાની બોલાવણી છે, અથવા તો જીવનું ચૈતન્ય સ્વરૂપ અસંખ્યાત પ્રદેશમય દ્રવ્યાત્મા ઇત્યાદિક કેટલાક કારણો ભવ્ય અભવ્યના સરખાપણાના લઇને સર્વ આત્મા કેવળ સ્વરૂપી માનેલ છે પરંતુ વીતરાગ પ્રણીત-શ્રુત આખ્યાત ધર્મની કહેલી સોળ કળામાંની ભણીને કહેલી કેવળ જ્ઞાન દર્શનરૂપ કળા અભવીને હોય નહિ. તેનું કારણ, કેવળ જ્ઞાન દર્શનનું બીજક સમ્યક્ જ્ઞાન દર્શન અભવીને મૂળ સત્તામાં છેજ નહિં. 'મૂળો નાસ્તિ કુતઃશાખા' મૂળ નહિ તો વૃક્ષ કે શાખા હોયજ કયાંથી? બીજ નહિ તો વૃક્ષની ઉત્પત્તિ કયાંથી હોય? માટે કેવળ જ્ઞાનને કેવળ દર્શનનું મૂળ બીજક સમ્યક્ જ્ઞાનને સમ્યક્ દર્શન છે. તે ન હોય તો કેવળ જ્ઞાનાદિ નજ હોય એમ શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રના ૨૮ મા અધ્યયનમાં જણાવે છે કે-સમકિત વિના જ્ઞાન નહિ, જ્ઞાન વિના ચારિત્રનો ગુણ નહિ, ચારિત્રના ગુણ વિના મોક્ષ નહિ, એટલે જીવન મુક્ત નહિ. અર્થાત્ કેવળ નહિ-કર્મથી મુકાવાપણું નહિ અને મોક્ષ વિના નિર્વાણ નહિ. તો અભવીને સમકિતરૂપ બીજક નથી. એમ જો સૂત્ર સાક્ષી આપતું હોય તો આપણે અવશ્ય કબુલ કરવું પડશે.

પ્રશ્ન પર સું—શ્રી ઠાણાંગજી સૂત્રમાં પહેલુંજ ઠાણું મંડતા પહેલાજ બોલમાં "एगे आया" એકજ આત્મા કહેલ છે. એ ઉપરથી સિદ્ધ અને તે સિવાયના બીજા તમામ જીવોનો આત્મા સરખો ઠરે છે. તેનું કેમ?

ઉત્તર—એ વાત ઠીક છે. સિદ્ધનો દ્રવ્યાત્મા અને સર્વ જીવનો દ્રવ્યાત્મા એકજ સ્વરૂપી છે. સરખો છે, તમામના અસંખ્યાતા પ્રદેશ પણ સરખાજ છે. એટલે અસંખ્યાત પ્રદેશમય દ્રવ્યાત્મા તમામ જીવનો સરખો છે તે સરખાઇપણાને લઇને શ્રી ઠાણાંગજી સૂત્રમાં મંડાતા પહેલાજ બોલ

સંગ્રહ નયની અપેક્ષાએ ' एगे आया ' એકજ આત્મા–એકજ જીવ છે. એટલે લોકમાં રહેલા તમામ જીવનો એકજ ભેદ કહ્યો; તમામ જીવ ચેતન્ય લક્ષણે સરખા છે. તમામ જીવ તમામ આત્મા અસંખ્યાત પ્રદેશ રૂપ દ્રવ્યાત્મા એ સરખા છે, એકજ સ્વરૂપી છે એટલે તમામ જીવનું સરખું સ્વરૂપ છે. આ અપેક્ષાએ કદાપિ કોઈ સિદ્ધ સમાન તમામ આત્મા છે એમ માનતું હોય તો તેમ માનવાને જરા પણ વાંધો નથી. આ કર્મ આત્માને કોઈ કેવળ સ્વરૂપે સર્વ આત્મા સરખા છે એમ માની સર્વોમાં કેવળ જ્ઞાનમય છે. જેમ એગે આયા તેમ એગે નાણે ઠાણાંગજી સૂત્રમાં પણ કહેલ છે તે ઉપરથી કોઈ આત્મા એજ જ્ઞાન છે એટલે આત્મા કહો કે જ્ઞાન કહો એટલે આત્મા એજ કેવળ જ્ઞાન એમ સંગ્રહ નયની અપેક્ષાએ કહી શકાય. પરંતુ વ્યવહાર નયની અપેક્ષાએ સૂત્રમાં અનેક ભેદ જણાવ્યા છે જેમ એગે આયા તથા એગે નાણે કહી જીવનો અને જ્ઞાનનો એક ભેદ જણાવ્યો તેમજ તેજ સૂત્રમાં બીજે ઠાણે જીવના બે ભેદ કહ્યા જે સિદ્ધ ને સંસારી. એમ ત્રીજે ઠાણે ભવ્ય અભવ્યને સિદ્ધના જીવ એમ ત્રણ ભેદ પણ કહી બતાવ્યા. એમ ભેદાન ભેદ કરી જીવના અનેક ભેદ, અનેક ભાંગા, અનેક સ્વરૂપ, અનેક પ્રકાર, અનેક ઋદ્ધિએ કરી સહિત દરેક આત્મા જુદા જુદા પણ કહ્યા છે. સિદ્ધને આઠમાં ગણ્યા છે અને બાકીના તમામ જીવને સાતમાં કહ્યા છે સિદ્ધને કર્મ અભાવનો એકજ ભેદ છે અને સાતમાં જીવના અનેક ભેદ છે કર્માશ્રિત જીવના અનેક ભેદ છે તેમ તેની ઋદ્ધિમાં પણ અનેક તારતમ્યતા રહી છે. તે આગળ પાછળના લખાણ ઉપરથી જણાઈ આવશે.

હવે એમ આત્માનો એક ભેદ અને અનેક ભેદ જણાવ્યા તેમ જ્ઞાનના પણ અનેકાંતે કહી જ્ઞાન શબ્દે એકજ ભેદ સાકારોપયોગ તે જ્ઞાન [illegible] એક ભેદ કહી તેના પણ અનેક ભેદ જેટલે જ્ઞાનના આઠ ભેદ પણ કહ્યા છે. તેમ દરેક વસ્તુના જીવને આશ્રીને જ્ઞાનાદિક ઋદ્ધિઓના પણ અનેક ભેદ કહ્યા છે તે સૂત્ર જ્ઞાનથી સમજવામાં આવે છે, માટે [illegible] અનેકાંત ભેદ સૂત્રના આધારે દરેક જીવના [illegible] નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ જાણી સર્વ નિશ્ચયથી [illegible] નિશ્ચયના [illegible] અને [illegible] વ્યવહારથી [illegible] વ્યવહારને [illegible], [illegible] જૈન સિદ્ધાંતની શૈલી છે.

[illegible]

ઉત્તર—તત્ સંબંધી આગળ ઉપર લખાણ સમજુતીપૂર્વક જણાવવામાં આવશે. પરંતુ અહિંયાં તો આપણે એટલુંજ જાણવાનું છે કે–સર્વ જીવની સમુચે ઋદ્ધિ જે કહેવામાં આવી હોય તે જુદા જુદા જીવની પૃછામાં જે જીવને જે બોલ લાગુ થતો હોય તેજ બોલ લાગુ કરવો જોઈએ. એમ કદિ હોય નહિ કે એક અમુક જીવને જે બોલ કહ્યો હોય તે સર્વ જીવને લાગુ થાય એવો ન્યાય સૂત્રનો હોય નહિ. દાખલા તરીકે જીવ અને સિદ્ધનું સ્વરૂપ જાણ્યા વિના સિદ્ધ સમાન આત્મા છે એમ માની અભવ્યને સિદ્ધ સમાન ગણી સિદ્ધની બરાબર અસવીને ક્ષાયક સમકિત, કેવળજ્ઞાન અને કેવળદર્શન સત્તામાં માનવાં તે કેમ ઘટે ? માત્ર અસંખ્યાત પ્રદેશાત્મક દ્રવ્યઆત્માની એકતાને લઈને ભવ્ય અભવ્ય અને સિદ્ધને તમામ ઋદ્ધિએ સરખા ગણવા અને મોહનીએ આવરેલ એવું પણ સમકિત જેને સત્તામાં નથી એટલે સમવાયાંગ સૂત્રમાં કહ્યા પ્રમાણે અભવીને સમકિત મોહનીય અને મિથ્યાત્વ મોહનીય બે પ્રકૃતિ મૂળેથીજ સત્તામાં નથી તેને સત્તામાં સમકિત અને કેવળજ્ઞાન સત્તામાં માની સિદ્ધની બરાબર અભવી ગણવો. તે સૂત્ર કેમ કબુલ કરે ? દ્રવ્યાત્માની સાથે બીજી લબ્ધિઓ–બીજા ગુણો સત્તામાં સરખા હોય તોજ તે તેને બરાબર ગણાય, એવો સૂત્રનો ન્યાય છે. જેમ શ્રી ઠાણાંગજી સૂત્રમાં એકજ આત્મા કહ્યો છે તેમજ શ્રી ભગવતીજી સૂત્રમાં આઠ આત્મા કહ્યા છે તેનો પણ શ્રોતાજનોએ સાથે વિચાર કરવો ઉચિત છે.

પ્રશ્ન ૫૪ મું—શ્રી ઠાણાંગજીમાં એકજ આત્મા કહ્યો અને શ્રી ભગવતીજીમાં આઠ આત્મા કહ્યા છે તેનું શું કારણ ?

ઉત્તર—શ્રી ભગવતીજી સૂત્રમાં કહેલા આઠ આત્મામાં પ્રથમ કહેલો દ્રવ્યાત્મા અસંખ્યાત પ્રદેશમય સિદ્ધનો અને સર્વ સંસારી જીવનો સરખો ગણી એક ભેદ ઠાણાંગજી સૂત્રમાં કહ્યો.

અને શ્રી ભગવતીજી સૂત્રના ૧૨ મા શતકના ૧૦ મા ઉદ્દેશે આઠ આત્મા કહ્યા તે પહેલા દ્રવ્ય આત્માને આશ્રીને બાકીના સાત આત્મા ગુણ રૂપે છે એટલે દ્રવ્ય આત્મા જે ગુણમાં પ્રવર્તે તે ગુણના નામથી આત્મા ઓળખાય છે. દ્રવ્ય આત્મા જ્યારે કષાયમાં પ્રવર્તે ત્યારે કષાય આત્મા કહેવાય છે, અને જોગમાં પ્રવર્તે ત્યારે જોગાત્મા કહેવાય, એમ સાકાર અણાકાર (જ્ઞાન દર્શન)માં પ્રવર્તે ત્યારે ઉપયોગ આત્મા, એમ જ્ઞાન આત્મા, દર્શન આત્મા, ચારિત્ર આત્મા અને વીર્ય આત્માનું સ્વરૂપ જાણવું. એટલે જેમાં દ્રવ્ય આત્મા પ્રવર્તે તે રૂપનો આત્મા કહેવાય તેની સમજુતીને

માટે શ્રી ભગવતીજી સૂત્રના ઉપર કહેલા ૧૨ મા શતકના ૧૦ મા ઉદ્દેશ અનુવાદમાં બાબુવાળા છાપેલ પાને ૧૦૫૮-૧૦૫૯માં આઠ આત્મા વિ કહેલ છે તે નીચેના પાઠથી જાણવું.

अनुवाद—कतिविधो भगवन्नात्मा प्रज्ञप्ता? गौ० द्रव्यात्मा (सर्व जीवानाम्) कषायात्मा (सकषायिणाम्) योगात्मा (योगिनाम्) उपयोगात्मा (सर्वजीवानाम्) ज्ञानात्मा (सम्यग्दृष्टिनाम्) दर्शनात्मा (सर्वजीवानाम्) चारित्रात्मा (सर्वविरतीनाम्) वीर्यात्मा (सर्वसंसारिणाम्)

ઉપરના પાઠમાં એમ કહે છે કે-ગૌતમ સ્વામીએ ભગવંત પ્રત્યે પૂછયું છે કે-અહો ભગવંત! આઠ આત્માનું સ્વરૂપ કેવી રીતે છે તે આપ જણાવશો? ભગવંતે કહ્યું કે ગૌતમ! સાંભળ-દ્રવ્ય આત્મા સર્વ જીવને હોય ૧, કષાય આત્મા સકષાયીને હોય ૨, જોગ આત્મા સજોગીને હોય ૩, ઉપયોગ આત્મા સર્વ જીવને હોય ૪, જ્ઞાન આત્મા સમ્યક્ દૃષ્ટિ જીવને હોય ૫, દર્શન આત્મા સર્વ જીવને હોય ૬, ચારિત્ર આત્મા સર્વ વિરતિને હોય ૭, વીર્ય આત્મા સર્વ સંસારીને હોય. ૮. ॥

પ્રશ્ન ૫૫ મું—સમુચ્ચયે સર્વ જીવમાં કેટલા આત્મા લાભે?

ઉત્તર—સમુચ્ચયે સર્વ જીવમાં આઠે આત્મા લાભે.

પ્રશ્ન ૫૬ મું—ભવ્ય જીવમાં કેટલા આત્મા લાભે?

ઉત્તર—સમુચ્ચયે ભવ્ય જીવમાં આઠે આત્મા લાભે.

પ્રશ્ન ૫૭ મું—અભવ્ય જીવમાં કેટલા આત્મા લાભે?

ઉત્તર—જ્ઞાન આત્મા ૧ કેવળ દર્શન આત્મા ૨ ચારિત્ર આત્મા ૩ વરજીને બાકીના છએ (દ્રવ્ય આત્મા ૧ કષાય આત્મા ૨ જોગ આત્મા ૩ ઉપયોગ આત્મામાં સાકાર અણાકાર બન્ને ૪ દર્શન આત્મામાં ચક્ષુ અચક્ષુ, અવધિદર્શન એ ૩ બોલ ૫ અને વીર્ય આત્મા ૬ એ ૭ આત્મા લાભે.

પ્રશ્ન ૫૮ મું—નોભવ્ય નોઅભવ્ય-એટલે સિદ્ધમાં કેટલા આત્મા લાભે?

ઉત્તર—સિદ્ધમાં, દ્રવ્ય આત્મા ૧, ઉપયોગ આત્મા (કેવળ જ્ઞાન કેવળ દર્શન આશ્રી) ૨, જ્ઞાન આત્મા (કેવળ જ્ઞાન આશ્રી) ૩, દર્શન આત્મા (કેવળ દર્શન આશ્રી) ૪, એ ચાર આત્મા લાભે. અને બીજી અપેક્ષાએ એક દ્રવ્ય આત્માને બીજો સાકારને અણાકાર આશ્રી ઉપયોગ

આત્મા બેજ આત્મા લાભે. ત્રીજી અપેક્ષાએ એક દ્રવ્ય આત્માજ લાભે. (કષાય આત્મા ૧ જોગ આત્મા ૨ ઉપયોગના ૧૨ બોલ માંહેલાં કેવલ જ્ઞાન કેવળ દર્શન વરજીને બાકીના ૧૦ બોલે ઉપયોગ આત્મા ૩, કેવળ જ્ઞાન વરજીને ૪ જ્ઞાન સહિત જ્ઞાન આત્મા ૪, કેવળ દર્શન વરજીને ૩ દર્શન રૂપ દર્શન આત્મા ૫, ચારિત્ર આત્મા ૬, ને વીર્ય આત્મા ૭ એ પ્રકારના સાત આત્મા ન લાભે. અને સમુચ્ચયે કોઇ પૂછે તો સિદ્ધમાં ચાર આત્મા લાભે. તે સંબંધી તરત સમજી શકાય તેવી રીતે નીચેના યંત્રથી જાણવું.

આઠ આત્મા.	દ્રવ્ય આત્મા.	કષાય આત્મા	જોગ આત્મા	ઉપયોગ આત્મા	જ્ઞાન આત્મા	દંશણ આત્મા.	ચરિત્ર આત્મા.	વીર્ય આત્મા.
સ્વામી.	સર્વ જીવને.	સકષાયીને.	સજોગીને	સર્વ જીવને	સમકિત દષ્ટિને.	સર્વ જીવને.	ભાવથી સર્વ વિરતીને	સર્વ સંસારીને.
ભવ્ય જીવમાં.	લાભે.	લાભે.	લાભે.	લાભે.	લાભે.	લાભે.	લાભે.	લાભે.
અભવ્ય જીવમાં	લાભે.	લાભે.	લાભે	૩ અજ્ઞાન ૩ દર્શન લાભે.	•	કેવળ દર્શન નહિ ૩ દર્શન લાભે	ભાવથી •	લાભે.
નોભવ્ય નોઅભવ્ય સિદ્ધમાં	લાભે.	•	•	કે૦ જ્ઞા૦ કે૦ દ૦ બાકી લાભે	કેવળજ્ઞાન લાભે	૧ કેવળ દર્શન લાભે.	•	•

પ્રશ્ન ૫૬ મું—શિષ્ય—આત્મા સો પરમાત્મા અને પરમાત્મા સો આત્મા કહેવાય છે. એ અપેક્ષાએ અભવીનો આત્મા સિદ્ધ સમાન ગણાય કે નહિ ?

ઉત્તર—આ ભાષા દુનિયામાં ઓઠવા રૂપે વપરાય છે ખરી અને આપણે પણ બોલીએ છીએ. પરંતુ તેનો પરમાર્થ કોઇ પૂછે તો ઉત્તર દેવામાં વિચાર કરવો પડે છે. આવી એકજ ભાષા નહિ પણ અનેક ભાષા વપરાય છે તે આગળ પર જાણવામાં આવશે. અત્યારે તો પ્રશ્નના મર્મનો વિચાર કરવો જોઇએ.

જેમ શ્રી ભગવતીજી સૂત્રમાં આઠ આત્મા કહ્યા છે તેમ ગ્રંથોમાં ત્રણ પ્રકારના આત્મા જણાવ્યા છે. તેમાં પહેલો બહિરાત્મા ૧, બીજો અંતરાત્મા ૨, ત્રીજો પરમાત્મા ૩, એમ ત્રણ પ્રકારના આત્મા કહ્યા છે.

પ્રશ્ન ૬૦ મું—બહિરાત્માનું સ્વરૂપ શું ?

ઉત્તર—જે વસ્તુ આત્માની છે તેની સાથે રમણતા નહિ કરતાં અન્ય પૌદ્ગલિક વસ્તુમાં નિરંતર જેનો ઉપયોગ રહ્યા કરે છે, તેનીજ રમણતામાં રમે છે, સદાકાળ તેનાજ ઉપર પ્રીતિ જોડાયેલી છે, આત્માની કઇ કઇ વસ્તુ છે તેનું ભાન પોતાને નથી. એવા પહેલા બીજાને ત્રીજા ગુણ સ્થાનવાળા જીવોને બહિરાત્મા કહેવામાં આવે છે.

પ્રશ્ન ૬૧ મું—બીજો અંતરાત્મા કોને કહેવો ?

ઉત્તર—જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું છે, આત્મભાવમાં જેની રમણતા રહ્યાં કરે છે. રત્નત્રયની આરાધના માટે જેની તીવ્ર અભિલાષા રહ્યાં કરે છે. પુદ્ગળપર જેની તીવ્ર અભિલાષા હોય નહિ, ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના પ્રણામ જેના ગુણ શ્રેણીએ ચડતા હોય તેવા જીવોને અંતરાત્મા કહેવામાં આવે છે.

પ્રશ્ન ૬૨ મું—પરમાત્માનું સ્વરૂપ શી રીતે છે ?

ઉત્તર—પરમનામ ઉત્કૃષ્ટો આત્મા છે જેનો તેને પરમાત્મા કહેવામાં આવે છે.

પ્રશ્ન ૬૩ મું—અસંખ્યાત પ્રદેશમય દ્રવ્ય આત્મા તો સર્વનો સરખો છે છતાં પરમાત્માનો ઉત્કૃષ્ટો આત્મા કેમ કહેવાણો ?

ઉત્તર—ઉત્કૃષ્ટી ઋદ્ધિને લઇને ઉત્કૃષ્ટો આત્મા કહેવાણો એટલે ઉત્કૃષ્ટી આત્મશક્તિ પ્રગટ કરી પરમાત્મપદ (સિદ્ધપદ) પ્રાપ્ત કરવાનાં સાધનો મેળવી આત્માની અનંત શક્તિને દબાવનાર કર્મપુદ્ગલના દળને તોડી, મોહનીયાદિ ઘાતી કર્મનો નાશ કરી, લોકાલોકનો પ્રકાશ કરવાની શક્તિ જે આત્માની પ્રગટ થયેલી હોય અર્થાત્ સિદ્ધપદની પ્રાપ્તિને નજીક હોય તેને અથવા સિદ્ધપદને પ્રાપ્ત થયા હોય તેને પરમાત્મા કહેવામાં આવે છે.

પ્રશ્ન ૬૪ મું—પરમાત્મા શબ્દમાં જૈનની દૃષ્ટિએ કોઇ પ્રકારનું બીજું રહસ્ય સમાએલું છે ?

ઉત્તર—તેમાં એવા પ્રકારનું રહસ્ય રહેલું છે કે—જેમાં સંજ્ઞાવાચી ૧ તીર્થંકરનો સમાવેશ થઇ જાય છે. તે એવી રીતે કે—'પરમાત્મા'.

આ અક્ષરોને આંકડાના રૂપમાં ગોઠવી તેનો સરવાળો લેશો તો (૨૪) નો સરવાળો આવશે. તે ચોવીશને એક 'પરમાત્મા' પદમાં ચોવીશ તીર્થંકરનો સમાવેશ કરી માત્ર સાડા ચાર અક્ષરમાંજ જ્ઞાની પુરૂષે ગોઠવણી કરી હોય એમ જણાય છે.

પ્રશ્ન ૬૫ મું—શિષ્ય-ઉપરના ત્રણ આત્માનું સ્વરૂપ બરાબર જણાવ્યું. તેમાં ભવીને માટે તો સમજાય તેવું છે પણ અભવીને માટે શું સમજવું? તેનો જવાબ અધર રહ્યો છે. તે પણ જણાવશો?

ઉત્તર—ભાઇ! તેનો ખુલાસો તો વિદ્વાન પુરૂષો સમજી ગયા છે. એવો કોણ ડાહ્યો પુરૂષ હોય કે, ગોળને ખોળ સરખા ગણે? દિવસને રાત્રિ અને રાત્રિને દિવસ માને? અનાદિ અનંત કૃષ્ણપક્ષીના જીવને શુકલપક્ષીના જીવની ગણનામાં જ્ઞાની પુરૂષોએ લીધા નથી તો અભવીને સિદ્ધના સ્વરૂપમાં ગણવા તે તો ૦૦૦૦૦૦૦ ક્યાં સિદ્ધ પરમાત્માનો આત્મા અનંત જ્ઞાનમય કેવળ સ્વરૂપી અને ક્યાં અનાદિ અનંત અજ્ઞાનમય અભવ્ય જીવનો આત્મા, ક્યાં આકાશને ક્યાં પાતાળ, ક્યા સહસ્ર કિરણો-મય સૂર્યનો પ્રકાશ અને ક્યાં અમાવાસ્યાનો અંધકાર. અનાદિ અનંત મિથ્યાદષ્ટિ એવા ત્રણે કાળમાં પ્રથમ ગુણસ્થાન નિવાસી, બહિરાત્માના ધણી અભવીનો આત્મા પરમાત્માની પંક્તિમાં દાખલ કરવો અર્થાત્ સિદ્ધની જોડે મૂકવો-સિદ્ધનો અને અભવીનો આત્મા સરખો ગણવો તે સૂત્રના ન્યાયે બંધ બેસતો નથી.

પ્રશ્ન ૬૬ મું—કોઇ એમ કહે કે-શ્રી આચારાંગજી સૂત્રમાં કહ્યું છે કે- આયા સે નાણે, નાણે સે આયા. એટલે આત્મા એજ જ્ઞાન અને જ્ઞાન એજ આત્મા કહેલ છે. અભવીનો આત્મા જ્ઞાન રૂપ કેમ ન કહેવાય?

ઉત્તર—ખુશીથી કહેવાય, શા માટે ન કહેવાય? શ્રી પન્નવણાજી સૂત્રના ઉપયોગ પદમાં સર્વ જીવને બે ઉપયોગ કહ્યા છે, એક સાકાર ઉપયોગ ૧ બીજો અણાકાર ઉપયોગ ૨. સાકાર ઉપયોગ તે જ્ઞાનનો ઉપયોગ અને અણાકાર ઉપયોગ તે દર્શન ઉપયોગ.

સાકારોપયોગમાં એટલે જ્ઞાન ઉપયોગમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન કહ્યા છે. એટલે એ આઠને જ્ઞાન ઉપયોગ કહેલ છે, અને અણાકાર ઉપયોગ એટલે દર્શન ઉપયોગ તેમાં ચાર દર્શન કહ્યાં છે, એ અપેક્ષાએ જ્ઞાન ઉપયોગમાં અજ્ઞાન ગ્રહેલ છે, એટલે અજ્ઞાનને પણ જ્ઞાન કહેલ છે તો શ્રી આચારાંગજી સૂત્રમાં કહ્યા પ્રમાણે આયા સે નાણે, નાણે સે આયા.

આત્મા તે જ્ઞાન, અને જ્ઞાન તે આત્મા. આ શબ્દ સર્વ જીવને લાગુ થાય તેમ છે.

પ્રશ્ન ૯૭ મું—ઉપરનો શબ્દ સર્વ જીવને લાગુ કેવી રીતે થાય?

ઉત્તર—સિદ્ધ અને સંસારી સર્વ જીવમાં જ્યાં જ્યાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન માંહિલા જે જે બોલ લાગુ થાય તે સાકારોપયોગના એટલે જ્ઞાન ઉપયોગના લેવા.

સિદ્ધમાં સાકારોપયોગ કહ્યો છે તે કેવળ જ્ઞાન આશ્રી, અને ભવ્ય જીવમાં સાકારોપયોગ કહ્યો છે તે પાંચ જ્ઞાન ને ત્રણ અજ્ઞાન આશ્રી. ને અભવ્યનો સાકારોપયોગ તે ત્રણ અજ્ઞાન આશ્રી. એટલે દરેક આત્માને જ્ઞાન છે અને જ્ઞાન સહિત દરેક આત્મા છે. એટલે આત્મા તેજ જ્ઞાન અને જ્ઞાન તેજ આત્મા. આ શબ્દ સાકારોપયોગે કહેલા આઠ જ્ઞાન માંહિલા જ્ઞાન વડે આત્મા તેજ જ્ઞાન અને જ્ઞાન તેજ આત્મા કહેલ છે. તે વાત સત્ય છે. સાકારોપયોગ અને અણાકારોપયોગ બહાર એટલે જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગ બહાર એક પણ આત્મા નથી, આ વાત સિદ્ધાંતથી સત્ય છે.

સિદ્ધને કેવળ જ્ઞાન ને કેવળ દર્શન નિયમા, ભવ્ય જીવને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનની અને ચાર દર્શનની ભજના, અને અભવ્ય જીવમાં સદાય બે અજ્ઞાનની નિયમા અને વિભંગને ચાર દર્શનની ભજના. એમ સિદ્ધાંત સાક્ષી આપે છે.

પ્રશ્ન ૯૮ મું—શિષ્ય-ષટ્ દ્રવ્યમાં, જીવ દ્રવ્યના દ્રવ્ય ગુણને પર્યાયનું સ્વરૂપ શી રીતે છે તે ટુંકામાં જણાવશો?

ઉત્તર—અસંખ્યાત પ્રદેશમય જીવ તે જીવ દ્રવ્ય છે. એવા જીવ દ્રવ્ય લોકમાં અનંતા છે, દરેક જીવનું ચૈતન્યપણું તે જીવનો ગુણ છે, દ્રવ્ય અને ગુણનું એકત્વપણું છે. દ્રવ્ય ગુણને આશ્રીને લક્ષણ અને પર્યાય કહ્યા છે.

પ્રશ્ન ૯૯ મું—જીવનો ગુણ ચૈતન્ય કહ્યો તે તો ઠીક છે. શ્રી નંદીજી સૂત્રમાં પણ સાંભળ્યું છે કે-જીવનો અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો કહ્યો છે તે ચૈતન્યપણાનો છે. એટલે જીવનો ગુણ ચૈતન્ય છે તો જીવનું લક્ષણ શું?

ઉત્તર—શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રના ૨૮ મા અધ્યયનમાં-૧૦ મી-૧૧ મી ગાથામાં કહ્યું છે કે-પ્રથમ દશમી ગાથાના ઉપદ્ઘાતથી લેવું

जीवो उवओगलक्खणो ; नाणेणं दंसणे चेव,
सुहेण य दुहेण य ॥ १०॥ ઉત્તરા ૩ ૫૯.
नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ;
वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥ ११ ॥

અર્થ—જીવનું લક્ષણ-ઉપયોગ ૧, જ્ઞાન ૨, દર્શન ૩, સુખ ૪, દુઃખ ૫, જ્ઞાન ૬, દર્શન ૭, ચારિત્ર ૮, તપ ૯, વીર્ય ૧૦, ને ઉપયોગ ૧૧, એટલા પ્રકારે જીવનું લક્ષણ કહ્યું.

પ્રશ્ન ૭૦ મું—જીવનું પહેલું લક્ષણ ઉપયોગ કહેવાનું શું કારણ?

ઉત્તર—સર્વ જીવમાં આકાર ઉપયોગ અને અણાકાર ઉપયોગ રહ્યો છે, માટે પહેલું ઉપયોગ લક્ષણ કહ્યું.

પ્રશ્ન ૭૧ મું—બીજું જ્ઞાન લક્ષણ કહ્યું તેનું શું કારણ?

ઉત્તર—સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાન એ પ્રકારનાં જ્ઞાન રહ્યાં છે. માટે સર્વ જીવમાં બે પ્રકારના જ્ઞાનને લઈને બીજું જ્ઞાન લક્ષણ કહ્યું.

પ્રશ્ન ૭૨ મું—ત્રીજું દર્શન લક્ષણ કહ્યું તે શી રીતે?

ઉત્તર—દર્શન બે પ્રકારનાં-સમ્યક્ દર્શનને મિથ્યાદર્શન-આ બે દર્શન સર્વ જીવમાં હોવાને લીધે ત્રીજું લક્ષણ દર્શનનું કહ્યું.

પ્રશ્ન ૭૩ મું—ચોથું સુખ લક્ષણ અને પાચમું દુઃખ લક્ષણ કહ્યું તે શી રીતે?

ઉત્તર—સર્વ જીવમાં સુખ ને દુઃખ રહેલ છે. માટે સુખ દુઃખ એ પણ જીવનું લક્ષણ છે.

પ્રશ્ન ૭૪ મું—છઠ્ઠું જ્ઞાન લક્ષણ બીજીવાર કહ્યું તેનું શું કારણ?

ઉત્તર—જ્ઞાની પુરૂષે બીજીવાર કહ્યું હશે તેનું સ્વરૂપ પણ બીજુંજ હોવું જોઇએ. એ ઉપરથી એમ જણાય છે કે-સર્વ જીવ પાસે જ્ઞાન લક્ષણ રહ્યું છે, પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ આઠ માંહેલા જે જ્ઞાનમાં વર્તે તે લક્ષણવાળો જીવ કહેવાય.

પ્રશ્ન ૭૫ મું—સાતમું બીજીવાર દર્શન લક્ષણ કહ્યું તેનું શું કારણ?

ઉત્તર—ચક્ષુ દર્શન ૧, અચક્ષુ દર્શન ૨, અવધિ દર્શન ૩ અને કેવળ દર્શન ૪. આ ચાર દર્શનમાં સર્વ જીવનો સમાવેશ થઇ જાય છે માટે જીવનો દર્શન લક્ષણ બીજીવાર કહ્યો.

પ્રશ્ન ૭૬ મું—આઠમું ચારિત્ર લક્ષણ કહેલ છે તે પણ શી રીતે?

ઉત્તર—ચારિત્ર જીવને હોય છે, અજીવને હોતું નથી; માટે ચારિત્ર એ જીવનું લક્ષણ છે. आया सामाइए, आया सामाइयस्स अट्ठे. આત્મા સામાયિક અને આત્મા એજ સામાયિકનો અર્થ, તે ચારિત્ર આત્માને કહીને સામાયિકને સામાયિકનો અર્થ કહ્યો. (સાખ ભગવતીજી). સામાયિક એ ચારિત્રનો ભેદ છે અને ચારિત્ર એ જીવનું લક્ષણ છે.

પ્રશ્ન ૭૭ મું—નવમું જીવનું લક્ષણ તપ કહ્યું તે શી રીતે?

ઉત્તર—તપનો અધિકારી જીવ છે માટે બાહ્યાભ્યંતર તપ એ જીવનું લક્ષણ છે.

પ્રશ્ન ૭૮ મું—દશમું વીર્ય ને જીવનું લક્ષણ કહ્યું તે શી રીતે?

ઉત્તર—વીર્ય એ આત્માની શક્તિ આત્માનો ઉત્સાહ તે જીવને હોય છે માટે વીર્ય એ જીવનું લક્ષણ છે, અથવા બાળ વીર્ય ૧ પંડિત વીર્ય ૨ બાળ પંડિત વીર્ય ૩ એ ત્રણે વીર્ય જીવમાં લાભે.

પ્રશ્ન ૭૯ મું—અગિયારમું, બીજીવાર જીવનું લક્ષણ ઉપયોગ કહ્યું તેનું શું કારણ?

ઉત્તર—સૂત્રમાં ઉપયોગના બાર ભેદ કહ્યા છે. પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન મળી બારે બોલ જીવના લક્ષણના કહ્યા છે. પહેલામાં સમુચ્ચયે કહ્યા છે ને બીજીવાર તેનો તે બોલ આવે તે વિસ્તારથી સમજવો.

ઉપર કહ્યા પ્રમાણે જીવનું લક્ષણ જણાવ્યું એટલે જીવના દ્રવ્ય ગુણને લક્ષણનું સ્વરૂપ ટુંકામાં જણાવ્યું.

પ્રશ્ન ૮૦ મું—જીવના પર્યાય જે કહેવામાં આવે છે તે શી રીતે સમજવા? અને તેનું સ્વરૂપ શું સમજવું?

ઉત્તર—જીવના પર્યાય સંબંધી કેટલીક હકીકત પૂર્વે આવી ગઈ છે. પર્યાય બે પ્રકારના છે. એક સ્વપર્યાય ને બીજો પરપર્યાય. સ્વપર્યાય પોતાને આશ્રીને છે અને પરપર્યાય બીજાને આશ્રીને છે. તે ભગવતીજી સૂત્ર તથા પન્નવણાજીના પર્યાય પદથી જાણી લેવું.

પ્રશ્ન ૮૧ મું—જીવના લક્ષણ સંબંધી ૧૧ બોલ કહ્યા તેમાંનો પહેલો બોલ ઉપયોગનો કહ્યો તો સિદ્ધમાં કેટલા ઉપયોગ લાભે?

ઉત્તર—સિદ્ધમાં સાકાર ઉપયોગ અને અણાકાર ઉપયોગ બંને લાભે.

પ્રશ્ન ૮૨ મું—ભવ્ય જીવમાં બે માંહેલા કેટલા ઉપયોગ લાભે ?

ઉત્તર—ભવ્ય જીવમાં પણ ઉપર કહેલા બંને ઉપયોગ લાભે.

પ્રશ્ન ૮૩ મું—અભવ્યમાં કેટલા ઉપયોગ લાભે ?

ઉત્તર—અભવ્યમાં પણ બંને ઉપયોગ લાભે.

પ્રશ્ન ૮૪ મું—બીજો બોલ જ્ઞાન લક્ષણનો જે કહ્યો તેમાંના સિદ્ધમાં કેટલાં જ્ઞાન લક્ષણ લાભે ?

ઉત્તર—બે પ્રકારનાં જ્ઞાન માંહેલા સિદ્ધમાં એક સમ્યક્ જ્ઞાન લક્ષણ લાભે, મિથ્યા જ્ઞાન લક્ષણ ન હોય.

પ્રશ્ન ૮૫ મું—ભવ્ય જીવમાં બે પ્રકારનાં જ્ઞાન લક્ષણ માંહેલાં કેટલાં જ્ઞાન લક્ષણ લાભે ?

ઉત્તર—ભવ્ય જીવમાં સમ્યક્ જ્ઞાન લક્ષણ અને મિથ્યા જ્ઞાન લક્ષણ બંને જ્ઞાન લક્ષણ લાભે.

પ્રશ્ન ૮૬ મું—અભવ્ય જીવમાં જ્ઞાન લક્ષણના બે બોલ માંહેલા કેટલા બોલ લાભે ?

ઉત્તર—અભવ્ય જીવમાં સમ્યક્ જ્ઞાન લક્ષણ ન હોય. એક મિથ્યા જ્ઞાન લક્ષણ હોય.

પ્રશ્ન ૮૭ મું—ત્રીજો બોલ બે પ્રકારનાં દર્શન લક્ષણનો કહ્યો તેમાંનાં સિદ્ધમાં કેટલાં દર્શન લક્ષણ લાભે ?

ઉત્તર—સિદ્ધમાં એક સમ્યક્ દર્શન લક્ષણ લાભે, મિથ્યા દર્શન લક્ષણ ન હોય.

પ્રશ્ન ૮૮ મું—ભવ્ય જીવમાં બે દર્શન લક્ષણ માંહેલાં કેટલાં દર્શન લક્ષણ લાભે ?

ઉત્તર—ભવ્ય જીવમાં બંને દર્શન લક્ષણ લાભે.

પ્રશ્ન ૮૯ મું—અભવ્ય જીવમાં બે માંહેલાં કેટલાં દર્શન લક્ષણ લાભે.

ઉત્તર—અભવ્યમાં એક મિથ્યા દર્શન લક્ષણ લાભે. સમ્યક્ દર્શન લક્ષણ ન હોય.

પ્રશ્ન ૯૦ મું—ચોથું સુખ લક્ષણ અને પાંચમું દુઃખ લક્ષણ જીવનું કહ્યું તે માંહેલાં સિદ્ધમાં કેટલાં લક્ષણ લાભે ?

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ઉત્તર——[illegible] જ્ઞાન લાભે.

પ્રશ્ન [illegible] મું——[illegible] ગુણમાં આઠ જ્ઞાન લાભે માંહેલાં કેટલાં [illegible] લાભે ?

ઉત્તર——ત્રીજા ગુણમાં મતિ શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાન એ ત્રણ [illegible] જ્ઞાનના લાભે લાભે, પાંચ જ્ઞાન લાભે નહીં.

પ્રશ્ન [illegible] મું——જ્ઞાનમું દર્શન લાભે ચાર પ્રકારે કહ્યું તે માંહેલાં [illegible] દર્શન લાભે કેટલા લાભે ?

ઉત્તર——નિશ્ચે એક કેવળ દર્શન લાભે લાભે. ત્રણ દર્શન લાભે નહીં.

પ્રશ્ન [illegible] મું——ત્રીજા ગુણમાં ચાર દર્શન માંહેલાં કેટલાં દર્શન લાભે લાભે ?

ઉત્તર——ત્રીજા ગુણમાં ચક્ષુ, અચક્ષુ, અવધિ, અને કેવળ દર્શન [illegible] એ ચારે દર્શન લાભે લાભે.

[illegible] મું——[illegible] ગુણમાં કેટલાં દર્શન લાભે લાભે ?

ઉત્તર—અભવ્યમાં ત્રણ દર્શન લક્ષણ લાભે. એક કેવળ દર્શન લક્ષણ ન લાભે.

પ્રશ્ન ૯૯ મું—આઠમું ચારિત્ર લક્ષણ કહ્યું તે સિદ્ધમાં હોય કે નહિ?

ઉત્તર—સિદ્ધમાં ચારિત્ર લક્ષણ ન હોય. પાંચ ચારિત્ર માંહેલું એકે ચારિત્ર સિદ્ધમાં ન લાભે.

પ્રશ્ન ૧૦૦ મું—ભવ્ય જીવમાં ચારિત્ર લક્ષણ હોય કે નહિ?

ઉત્તર—ભવ્ય જીવમાં પાંચે પ્રકારનાં ચારિત્ર લક્ષણ લાભે

પ્રશ્ન ૧૦૧ મું—અભવ્ય જીવમાં ચારિત્ર લક્ષણ લાભે કે નહિ?

ઉત્તર—અભવ્ય જીવમા ચારિત્ર લક્ષણ ન લાભે. અભવ્યમા પાંચ માંહેલું ભાવથી એકે ચારિત્ર લક્ષણ ન હોય. વ્યવહારથી સામાયિક તથા છેદોપસ્થાપનીય ચારિત્ર લાભવા સંભવ હોય પણ પરિણામે ચારિત્ર શૂન્ય કહેલ છે. માટે ચારિત્ર લક્ષણ ન હોય.

પ્રશ્ન ૧૦૨ મું—નવમું તપ લક્ષણ કહ્યું તે સિદ્ધમાં હોય કે નહિ?

ઉત્તર—સિદ્ધમાં તપ લક્ષણ નથી. બાર પ્રકારનાં તપ માંહેલો એકે તપ ન લાભે. તથા બાળ તપ, પંડિત તપ, અને બાળ પંડિત તપ ન લાભે.

પ્રશ્ન ૧૦૩ મું—ભવ્ય જીવમાં તપ લક્ષણ હોય કે નહિ?

ઉત્તર—ભવ્ય જીવમાં બારે પ્રકારનાં તપ લક્ષણ લાભે. તથા બાળ તપ, પંડિત તપ, અને બાળ પંડિત તપ પણ લાભે સકામ નિર્જરા, અકામ નિર્જરા, બન્ને લાભે તે અપેક્ષાએ.

પ્રશ્ન ૧૦૪ મું—અભવ્યમાં તપ લક્ષણ હોય કે નહિ?

ઉત્તર—અભવ્યમાં એક બાળ તપ લક્ષણ હોય, બાકીના તપ લક્ષણ ન હોય વ્યવહારથી પુદ્ગળ સુખની ઇચ્છાએ કદી બારે પ્રકારના તપ કરે પણ નિશ્ચયથી અકામ નિર્જરા હોય. કરણી સમકિતના ઘરની હોય પણ મિથ્યા દૃષ્ટિ હોય તો તે કરણી અકામ નિર્જરામા જાય.

પ્રશ્ન ૧૦૫ મું—દશમું વીર્ય લક્ષણ સિદ્ધમાં હોય કે નહિ?

ઉત્તર—સિદ્ધમાં વીર્ય લક્ષણ ન હોય. બાળ વીર્ય, પંડિત વીર્ય, બાળ પંડિત વીર્ય, એ ત્રણ માંહેલું કોઈ વીર્ય લક્ષણ સિદ્ધમાં ન હોય. અથવા વીર્ય શબ્દે આત્માનો ઉત્સાહ, આત્માની શક્તિ ફોરવવી તે લક્ષણ સિદ્ધમાં ન હોય. કદાપિ કોઈ આત્માની અનંત શક્તિને લઈ આત્મ વીર્ય શક્તિ માનતું હોય તો ના નહિ. પણ ફોરવવા રૂપે તો નથી.

પ્રશ્ન ૧૦૬ સું—ભવ્ય જીવમાં વીર્ય લક્ષણ હોય કે નહિ?

ઉત્તર—ભવ્ય જીવમાં ત્રણે પ્રકારનાં વીર્ય લક્ષણ લાભે. ત્રણે પ્રકારમાં આત્માની શક્તિ-આત્માનો ઉત્સાહ ફેરવવા રૂપ લક્ષણ ભવ્ય જીવમાં હોય.

પ્રશ્ન ૧૦૭ સું—અભવ્ય જીવમાં વીર્ય લક્ષણ લાભે કે કેમ?

ઉત્તર—અભવ્યમાં એક બાળ વીર્ય લક્ષણ લાભે. નિશ્ચયથી એ લક્ષણ ન હોય, વ્યવહારથી ત્રણે વીર્ય લક્ષણ લાભે અથવા આત્માનો ઉત્સાહ-આત્માની શકિત ફેરવવા રૂપ વીર્ય લક્ષણ અભવ્યમાં લાભે.

પ્રશ્ન ૧૦૮ સું—શિષ્ય-હે સ્વામીન્! અહિંયાં અગિયારમા ઉપયોગ લક્ષણના ત્રણ પ્રશ્ન, અને તે સિવાયના બીજા જાણવા યોગ્ય પ્રશ્નો બકાત રહેતા આ ભાગ પૂર્ણ થયો તો હવે બકાત રહેલા પ્રશ્નોનો ખુલાસો જાણવાની જીજ્ઞાસા છે. તો આપ કયા સ્થળે જણાવશો?

ઉત્તર—હે, વત્સ! તારે ઉપરની હકીકત સવિસ્તર જાણવાની જરૂર હશે તો આ પછીના આવતા ભાગમાં તમામ અધિકાર ખાસ મનન કરીને જાણવા યોગ્ય અને ભવ્ય જીવોને સમજવા યોગ્ય બકાત રહેલા પ્રશ્નોના ખુલાસા કરવામાં આવશે ત્યાંથી તમામ હકીકત જાણી લેવી. ઇત્યલં-ૐ શાન્તિ-શુભં ભવતુ. ॥

ઇતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી. તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી "પ્રશ્નોતર મોહનમાળા" ઉત્તરાર્દ્ધ-૬ ઠ્ઠો-ભાગ સમાપ્ત.



શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણકો ૮ મો.



પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.



શ્રીપ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૭ મો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૭ મો.

પ્રશ્ન ૧ લું—અગિયારમું ઉપયોગ લક્ષણ તે બાર પ્રકારના ઉપયોગ માંહેલા સિદ્ધમાં કેટલા ઉપયોગ લક્ષણ લાભે?

ઉત્તર—સિદ્ધમાં કેવળ જ્ઞાન ૧ અને કેવળ દર્શન ૨ એ બે ઉપયોગ લક્ષણ લાભે. દશ લક્ષણ ન લાભે.

પ્રશ્ન ૨ જું—ભવ્ય જીવમાં બાર માંહેલા કેટલાક ઉપયોગ લક્ષણ લાભે?

ઉત્તર—ભવ્ય જીવમાં બારે પ્રકારના ઉપયોગ લક્ષણ લાભે.

પ્રશ્ન ૩ જું—અભવ્ય જીવમાં કેટલા ઉપયોગ લક્ષણ લાભે?

ઉત્તર—અભવ્યમાં પાંચ જ્ઞાન ૫, અને કેવળ દર્શન ૧, એ ૭ ઉપયોગ લક્ષણ વરજીને બાકીના ત્રણ અજ્ઞાન ૩, અને ત્રણ દર્શન ૩. એ ૬ ઉપયોગ લક્ષણ લાભે.

ઉપર કહેલાં જીવનાં લક્ષણમાં અભવીને મુક્તિ પ્રાપ્ત થવા જોગ કોઈ લક્ષણ સત્તાના ભાગે જોવામાં આવતું નથી.

પ્રશ્ન ૪ થું—કોઈ એમ કહે કે—અભવીને મોક્ષ નથી એમ જ્ઞાની પુરુષોએ ત્રણ કાળ જાણ્યું છે તેમાં એક તર્ક થાય છે કે—કાળ અનંતો છે, કાળનો છેડો આવે તેમ નથી. અભવીને મોક્ષ નહિ જવાનો કાળ કેવળીના જ્ઞાનમાં જે આવ્યો તેથી કાળ વધારે હોય તો ભવિષ્યના કોઈક કાળમાં સિદ્ધ થાય તો ના કેમ કહી શકાય?

ઉત્તર—આ પ્રશ્ન શંકા ભરેલું જણાય. આનો અર્થ એમ થાય કે કેવળીને [illegible] કાળનું જ્ઞાન નથી, એટલે અભવીને મોક્ષ જવાના કાળ [illegible] જ્ઞાન નથી. અને સિદ્ધાંત એમ બતાવે છે કે—અનંતો કાળ [illegible], અને અનંતો કાળ કેવળીને એક સમયમાં જાહેર છે એટલે [illegible] કહ્યું છે. માટે ત્રણે કાળમાં અભવીને સિદ્ધ [illegible] [illegible].

[illegible] [illegible] [illegible] ને [illegible] [illegible] [illegible] [illegible] માટે [illegible] [illegible] [illegible]

સત્તામાં નથી, માટે તે ત્રણ કાળમાં મોક્ષ નહિ જાય, એમ કેવળીએ જાણ્યું અને ગણધર દેવે સૂત્રમાં દાખલ કર્યું. સૂત્રને કેવળીના વાકય માનનારા શ્રદ્ધાળુને તો સૂત્ર વચન અવશ્ય કબુલ કરવું પડશેજ.

પ્રશ્ન ૫ મું—શિષ્ય-કોઈ કોઈ વખત, કોઈના મુખમાંથી એવાં વાકય સાંભળીએ છીએ કે-અભવીના ભવી થાય અને ભવીના અભવી પણ થાય તેનું કેમ?

ઉત્તર—આ વાકય આકાશ કુસુમવત્ છે. કોઇ પ્રકારની ક્રિયાથી કે કોઇ કરણીથી કે કોઇ પ્રકારના પરિણામથી અભવી કે ભવીપણું પ્રાપ્ત થતું નથી, પણ શ્રી ભગવતીજી સૂત્રના ૧૨ મા શતકના બીજા ઉદ્દેશે જયંતીબાઇએ પૂછેલું પ્રશ્ન કે-भवसिद्धित्तणं भंते जीवाणं किं समाव ओय परिणाम ओय!" ત્યારે ભગવંતે ખુલ્લું કહ્યું છે કે-"जयंती! सभावओय णो परिणामओय." એટલે ભવ્ય કે અભવ્ય જીવ પરિણામથી થતા નથી પણ સ્વભાવેજ રહ્યા છે. માટે અભવ્યના ભવ્ય ન થાય અને ભવ્યના અભવ્ય ન થાય-એવો અનાદિ સ્વભાવ છે.

પ્રશ્ન ૬ ઠું—શિષ્ય-અભવીને જ્ઞાન નથી તો જ્ઞાનાવરણીય કર્મનો બંધ કેવી રીતે થાય? અને બંધ થાય તો આવરણ કોને કરે?

ઉત્તર—અભવીને સમકિત નથી એમ તો સૂત્રથી સિદ્ધ થાય છે તો વિચારવાનું કે-તે મોહનીય કર્મ તો બાંધે છે. અને મોહનીય કર્મમાં દર્શન મોહનીય એ સમકિતનું આવરણ છે. તો સમકિત વિના શેનું આવરણ કરે? તે જો આપણા સમજવામાં આવશે તો જ્ઞાનાવરણીયનું સહેલાઇથી સમજી શકાશે.

પ્રશ્ન ૭ મું—શિષ્ય-તો તે કૃપા કરી સમજાવો કે-અભવીને સમકિત નથી ને તે દર્શન મોહનીય કર્મ બાંધે છે તો તે આવરણ કોને કરે?

ઉત્તર—દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિમાં અભવીને બે પ્રકૃતિ નથી, પણ એક મિથ્યાત્વ મોહનીય સત્તામાં છે તેને દર્શન મોહનીય કર્મનું વિશેષ આવરણ થાય કે જેથી મિથ્યાત્વને નિર્મળ થવા દે નહિ, પણ વિશેષ મલીન કરે કે જેથી મિથ્યાત્વની નિર્મળ કરણી થવા દે નહિ. મિથ્યાત્વની નિર્મળ કરણી સમકિતને નજીક કરે છે. તામલી તાપસ તથા પૂરણ તાપસના ન્યાયે. આ કરણી માર્ગાનુસારીની ગણાય છે. તે દર્શન મોહનીયના આવરણે ગાઢ મિથ્યાત્વ મોહનીયના પ્રભાવે પ્રગટ થવા દે નહિ. જેમ જેમ તે પ્રકૃતિ પાતળી પડતી જાય તેમ તેમ સમકિત નહિ

પણ સમકિતની જે કરણી કે જે અભવીને નવગ્રૈવેયક સુધી લઈ જાય તે તેવી કરણી કરી નવગ્રૈવેયક સુધી જાય પણ ગુણઠાણું તો પહેલુંજ રહે. તે ગુણઠાણું ત્રણ કાળમાં છૂટેજ નહિ, એ અભવીનો મૂળ ગુણ.

તેજ ન્યાયે જ્ઞાનાવરણીય કર્મનું સમજી લેવું. અભવીને સત્તામાં સમકિત નથી. તેથી પાંચ જ્ઞાન માહેલું જ્ઞાન પણ નથી; છતાં જ્ઞાનાવરણીય કર્મ કોને આવરણ કરે છે? આ ગંભીર પ્રશ્નનો ઉત્તર સહેલાઈથી સમજી શકાય તેવો છે.

પ્રશ્ન ૮ મું—અભવીને જ્યારે જ્ઞાન નથી ને જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે તે કોને આવરણ કરે છે? તે સહેલાઈથી સમજાય તેવો શાસ્ત્રોક્ત ન્યાય હોય તો બતાવશો?

ઉત્તર—સાંભળો—અભવીને જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે તે અભવીને સત્તામાં રહેલાં ત્રણ અજ્ઞાનને વિશેષ આવરણ કરે છે કે—જેથી મિથ્યાત્વના જ્ઞાનનો પ્રસરો થવા દે નહિ. એટલે મતિ શ્રુત અજ્ઞાનને દબાવી દે. અથવા જ્ઞાનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે છે. તે દશ પ્રકારે ભોગવે છે. શ્રોત્રેન્દ્રિયાદિ પાંચ ઇંદ્રિયનું આવરણ કરે તથા પાંચ ઇંદ્રિયના વિજ્ઞાનનું આવરણ કરે, એ દશ પ્રકારે ભોગવે. અથવા પાંચ પ્રકારે પણ ભોગવે તે મતિ જ્ઞાનાદિ પાંચ જ્ઞાન માહેલાં કોઈ પણ જ્ઞાનને પ્રગટ થવા દે નહિ (આ બોલ તો ભવ્ય જીવને લાગુ છે.) અભવીને જ્ઞાન નથી પણ નવ પૂર્વની ત્રીજી આચાર વત્થુ સુધીનું જે તેને પૂર્ણ જ્ઞાન હોય છે તે જ્ઞાનનું આવરણ થાય, તે જ્ઞાન પ્રગટ થવા દે નહિ.

પ્રશ્ન ૯ મું—કદાપિ કોઈ એમ કહે કે—જેને કેવળ જ્ઞાન કેવળ દર્શન થનાર નથી તો તેને તત્ સંબંધી આવરણ શાનું?

ઉત્તર—તેમ પણ સંભવે ખરું. આ વાત કાઢી નાખવા જેવી નથી. અભવીને સમકિત નથી તો સમકિતને આવરણ કરનાર મોહનીય એટલે સમકિત મોહનીય-મિશ્ર મોહનીય એ પ્રકૃતિ પણ નથી. એટલે અભવીને એ બે પ્રકૃતિ વર્જીને ૨૬ પ્રકૃતિ મોહનીય કર્મની સત્તામાં કહી છે એમ શ્રી સમવાયાંગ સૂત્ર જણાવે છે.

વળી એમ કહેવાને બાધ નથી કે—જેમ અભવીને સમકિત નથી તેમ તેને સમકિત ઢાંકનાર મોહનીય કર્મની બે પ્રકૃતિ પણ નથી. તેમજ [illegible] અભવીને કેવળ જ્ઞાન દર્શન નથી તો તેને આવરણ કરનાર કેવળ જ્ઞાનાવરણીય કેવળ દર્શનાવરણીય કર્મ પણ નથી, એમ કોઈ કહે તો [illegible] [illegible] એમ પણ સંભવે ખરું.

પ્રશ્ન ૧૦ મું—કદાપિ કોઇ એમ કહે કે-છ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ બાંધે તે પાંચ પ્રકારે ભોગવે. તેમાં અભવીને પાંચ માંહેનું એકે જ્ઞાન નથી તો તેના આવરણનું કર્મ કેવી રીતે ભોગવે?

ઉત્તર—તેના ઉત્તરમાં કોઇ એમ કહે કે-જ્ઞાનાવરણીય કર્મ જે છ પ્રકારે બાંધેલું હોય તે તેજ પ્રકારે તેજ પ્રમાણે ભોગવે એવો નિયમ નથી. એટલે અભવીને કેવળ જ્ઞાન સત્તામાં નથી અને તેને કેવળ જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું તેથી એમ ન કહી શકાય કે કેવળ જ્ઞાન નથી માટે કેવળ જ્ઞાનાવરણીય કર્મ ન હોય એવો નિયમ નથી. કર્મ તો ગમે તેવા પ્રકારે બાંધે ને ગમે તેવા પ્રકારે ભોગવે. શ્રી ભગવતીજી સૂત્રમાં કહ્યું છે કે-જીવ જે પ્રકારે કર્મ બાંધે તે પ્રકારે ભોગવે અને અનેરે પ્રકારે પણ ભોગવે. સૂત્રમાં જ્ઞાનીના અવર્ણવાદાદિ બોલવે જ્ઞાનાવરણીય કર્મ બાંધે અને ભોગવવા આશ્રી પાંચ તથા દશ પ્રકાર કહ્યા. અહિંયાં જ્ઞાનીના અવર્ણવાદ બોલવાદિ છ કારણ તે ગુન્હો કર્યો કહેવાય. તે દંડરૂપ જ્ઞાનાવરણીયાદિક કર્મ વિપાક ઉદયમાં ભોગવે ત્યારે તે કર્મથી છુટ્યો ગણાય.

અહિંયાં કોઇએ કેવળીની આશાતના કરી કેવળજ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જ્યું તેથી તે કેવળજ્ઞાનનેજ આવરણ કરીને ભોગવે અને બીજી રીતે ન ભોગવે એવો નિયમ નહિ, પણ જ્ઞાનના આવરણ તરીકે ગમે તે પ્રકારે ભોગવે. જેમ વેદનીય કર્મની ઉપરાજણવાળા વેદનીય કર્મ ભોગવીને છૂટે અને જપ તપાદિક કષ્ટ સહન કરવે પણ છૂટે. એમ કર્મબંધનાં કારણ, કર્મનો બંધ અને કર્મનું ભોગવવું તેના અનેક ભેદ છે.

જેમ ગુન્હો, ગુન્હાનો કરનાર, અને શિક્ષાના અનેક ભેદ છે, તેમ કર્મ સંબંધી પણ જાણવું.

પ્રશ્ન ૧૧ મું—આ સંબંધે કોઇ ન્યાયથી સમજાવશો?

ઉત્તર—સાંભળો-બે માણસે એક જાતનો ગુન્હો કર્યો, બન્નેને સરખી શિક્ષા કરી, દશ દશ હજાર રૂપિયા દંડ કર્યો. એક માણસ ઋદ્ધિપાત્ર હોવાથી દંડ ભરીને છૂટ્યો, બીજા માણસની પાસે તો ઋદ્ધિ નથી. (શિક્ષા કરનારને એમ ન હોય કે તેના ઘરમાં ઋદ્ધિ હોય તોજ તે પ્રકારનો દંડ કરવો. તેણે તો ગુન્હા પ્રમાણેજ દંડ કર્યો પણ દંડ ભરવાની સત્તા નથી તો કાયદા મુજબ જેલ ભોગવવી પડે. એટલે અનેરી રીતે પણ શિક્ષા ભોગવાય છે.

તે ન્યાયે ભવી અને અભવી ને જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે, તો ભવીને પાંચ જ્ઞાન સત્તામાં છે તે તો તે કર્મ ભોગવી છૂટે. પરંતુ અભવીને પાંચ જ્ઞાન માંહેલું જ્ઞાન સત્તામાં નથી અને તદાવરણીય કર્મ કેવી રીતે ભોગવવું ? તે ઉપરના ન્યાયે તથા સૂત્રના ન્યાયે અનેરી રીતે પણ ભોગવે એટલે અભવીની જે ઋદ્ધિ છે, મતિ-શ્રુત અને વિભંગ અજ્ઞાન તેને આવરણ કરે તેનો પ્રકાશ થવા દે નહિ.

પ્રશ્ન ૧૨ મું—સૂત્રમાં જ્ઞાનાવરણીય કહ્યું છે પણ કોઇ ઠેકાણે અજ્ઞાનાવરણીય કહ્યું હોય એમ જણાતું નથી તો અજ્ઞાન ને જ્ઞાનાવરણીય કેમ લાગુ થાય ?

ઉત્તર—જેમ દિવસને વાદળાનાં દળ આવરણ કરે છે તેમ રાત્રિનાં અંધકારને પણ તેજ દિવસના પ્રકાશને આવરણ કરનારાં વાદળાનાં દળ આવરણ કરે છે. દિવસના પ્રકાશરૂપ તો ભવ્ય જીવના જ્ઞાન રૂપ પ્રકાશ તેને જ્ઞાનાવરણીય રૂપ વાદળના દળ વડે આવરણ થવાથી જ્ઞાનાવરણીયનું આવરણ થયું કહેવાય છે, તેમજ અભવીને આઠ જ્ઞાન માંહેલાં ત્રણ અજ્ઞાન રૂપ રાત્રિના પ્રકાશને પણ તેજ જ્ઞાનાવરણીયાદિક વાદળાનાં દળ આવરણ કરી રાત્રિના અંધકારરૂપ અજ્ઞાન રૂપ અંધકારને વિશેષ વધારે છે. એટલે જે જ્ઞાનાવરણીય કર્મ કહેવામાં આવે છે તે આઠે પ્રકારના જ્ઞાનને આવરણ કરે છે. ત્યાં કાંઇ અજ્ઞાનાવરણીય કર્મ જુદું પાડવાની જરૂર નથી, એમ સૂત્રના ન્યાયથી જણાય છે.

જ્ઞાનરૂપી દીપક હોય ત્યાં સુધી પ્રકાશ રહે અને તે દીપકને આવરણ થાય એટલે અંધકાર પ્રસરે-અર્થાત્ અંધકાર વધે. પણ જે મકાનમાં દીપકજ ન હોય તેમાં તો સદાય અંધારુંજ હોય. એ ન્યાયે ભવ્ય અભવ્યના જ્ઞાન અને અજ્ઞાન વિષે સમજી લેવું.

રાત્રિ સમાન અભવ્યને તારાના પ્રકાશ સમાન મતિ, શ્રુત જ્ઞાન (૮ આઠ જ્ઞાનમાં ત્રણ માંહેલા સદાય હોય.) ચંદ્રમા સમાન વિભંગ જ્ઞાન (ચંદ્રમાના પ્રકાશની હાની વૃદ્ધિ હોય, કોઇ વખત ન પણ હોય) અને જ્ઞાનાવરણીયાદિક કર્મ દળનાં વાદળાંના પડ વડે અભવ્ય રૂપી રાત્રિને વિષે આચ્છાદિત હોવાથી ચંદ્ર અને તારાના પ્રકાશને બંધ પાડી રાત્રિના અંધકારને વિશેષ મલીન કરે છે. એટલે જ્ઞાનાવરણીય કર્મ જેમ ભવ્ય જીવના જ્ઞાનને આવરણ કરે છે, તેમ અભવ્ય જીવના અજ્ઞાનને પણ આવરણ કરે છે. એ અપેક્ષાએ જ્ઞાનાવરણીય કર્મનો બંધ ભવ્ય અભવ્ય

બન્નેને હોવા સંભવ છે. સૂત્રમાં ભવ્ય અને અભવ્યને આઠે કર્મનો બંધ કહ્યો છે.

પ્રશ્ન ૧૩ મું—શિષ્ય કોઇ એમ કહે કે-અજ્ઞાન કાંઇ વસ્તુ નથી. પણ જ્ઞાનને કર્મનું આવરણ થયું. જ્ઞાનની સત્તા દબાઇ ગઇ, સત્તામાં જ્ઞાન છે. છતાં જ્ઞાનનો પ્રકાશ થવા દે નહિ તેનું નામ અજ્ઞાન. અજ્ઞાન ખસે તો જ્ઞાન પ્રગટ થાય, અજ્ઞાન ન ખસે ત્યાંસુધી તે અજ્ઞાની કહેવાય. પણ સત્તા એ તો જ્ઞાન તમામ જીવની પાસે છે. તેથી તમામ જીવ સિદ્ધ સમાન કહેવાય તેનું કેમ?

ઉત્તર—જ્ઞાનનું આવરણ એજ અજ્ઞાન, અજ્ઞાન કંઇ જુદું નથી. એમ કહી અભવીને જ્ઞાન તો છે પણ તેનું આવરણ થવાથી અજ્ઞાન કહેલ છે, પણ સત્તામાં જ્ઞાન છે. તેથી સિદ્ધનો આત્મા ને અભવીનો આત્મા સરખો છે, સિદ્ધ સ્વરૂપી છે. સિદ્ધ સમાન છે. આમ કેટલાકનું બોલવું થાય છે ખરૂં પણ સૂત્ર શું કહે છે તે ઉપર પુરતું ધ્યાન રાખવું.

આવરણ તે કર્મનું છે અને કર્મ તે તો રૂપી ચાઉફાસીયા પુદગળ છે. જ્ઞાન અને અજ્ઞાન અરૂપી છે. સાખ શ્રી ભગવતીજી સૂત્રના ૧૨ મા શતકના પાંચમા ઉદ્દેશાની જ્યાં રૂપી અરૂપીનું સ્વરૂપ જણાવ્યું છે ત્યાં આઠ કર્મને રૂપી કહ્યાં છે, અને ઉપયોગના ૧૨ ભેદને અરૂપી કહ્યા છે તેમાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, અને ચાર દર્શન એ બારે બોલ અરૂપી કહ્યા છે માટે કર્મ અને અજ્ઞાન બન્ને જૂદા છે. છતાં કર્મનું આવરણ એજ અજ્ઞાન એમ માનવું તેજ અજ્ઞાન છે; એટલે અભવીને સત્તામાં અજ્ઞાનજ છે, તેને જ્ઞાન માનો, કર્મના આવરણને અજ્ઞાન ઠરાવવું તે સૂત્ર વચનથી વિરૂદ્ધ વાકય છે.

ભવીને જેમ પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનને કર્મ આવરણ કરે છે તેમજ અભવીનાં ત્રણ અજ્ઞાનને કર્મ આવરણ કરે છે. માટે અજ્ઞાન એજ અભવીની મૂળ સત્તા છે.

પ્રશ્ન ૧૪ મું—જીવ પાસે જ્ઞાન ન હોય તો જીવપણું શી રીતે માટે જ્ઞાનદર્શનના પર્યાય સર્વ જીવને સરખા છે.

ઉત્તર—જીવપણું સાબિત રાખવાને માટે જ્ઞાન, દર્શન કે તેના પર્યાય કહ્યા નથી, પણ અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો છે, તેથીજ જીવપણું જણાવ્યું છે. એમ શ્રી નંદીજી સૂત્ર સાક્ષી આપે છે. ભવ્ય જીવનો અનંતમો ભાગ ઉઘાડો તે શ્રુત જ્ઞાનનો, અને અભવ્યનો, શ્રુત અજ્ઞાનનો

કહ્યો છે. જુઓ શ્રી નંદીજી સૂત્ર બાબુવાળા છાપેલ પાને ૨૯૮ મેં થી ૩૦૪ સુધી.

જે અભવ્ય ને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો કહ્યો છે તે મિથ્યાત્વ શ્રુતનો ઉઘાડો છે. અને ભવ્યને માટે જેને સત્તામાં જ્ઞાન હોય તેને સમશ્રુતનો અને અજ્ઞાન હોય તેને મિથ્યાશ્રુતનો ઉઘાડો હોય. તેથી ભવ્ય અભવ્ય તમામ જીવનું ચેતનપણું–ચૈતન્યની ચેતના પ્રગટ થાય છે.

અને પર્યાય જે છે તે તો જીવ દ્રવ્યની ઋદ્ધિ છે. તેમાં પણ જે જીવની પાસે જે ઋદ્ધિ હોય તેની પર્યાય સૂત્રમાં કહી છે. તેમાં પણ જે જીવની પાસે જ્ઞાનની ઋદ્ધિ હોય તે જીવને જ્ઞાનની પર્યાય અને અજ્ઞાન હોય તેને અજ્ઞાનની પર્યાય કહી છે. તેમાં પણ સ્વપર્યાય પરપર્યાય વગેરેનો અધિકાર ભગવતીજી તથા પન્નવણાજી વગેરે સૂત્રોમાં ખુલાસાથી જણાવ્યું છે. અને કેટલીક બીના પ્રથમ લખાણમાં આવી પણ ગઈ છે.

પ્રશ્ન ૧૫ મું—શિષ્ય-કોઈ એમ કહે કે–જીવને અજ્ઞાન કે મિથ્યાત્વ કહેવામાં આવે છે. તેનું કારણ એ છે કે–જ્ઞાનને કર્મનું આવરણ થાય છે. તેનું નામ જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. અને જ્ઞાનાવરણીય કર્મ તેજ અજ્ઞાન અને મિથ્યાત્વ કહેવાય છે, અજ્ઞાન અને મિથ્યાત્વ કાંઈ બીજી વસ્તુ નથી. આ ઉપરથી અભવીને એકલું મિથ્યાત્વ અને અજ્ઞાન કહેવામાં આવે છે. તે જ્ઞાન અને સમકિતને, જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મના આવરણથી મિથ્યાત્વ અને અજ્ઞાન કહેવાણું. પણ સત્તામાં પાંચે જ્ઞાન છે, અને સમકિત પણ સત્તામાં છે, જો એકલું મિથ્યાત્વ અને અજ્ઞાન જુદું હોત તો જ્ઞાનાવરણીય દર્શનાવરણીયની પેઠે મિથ્યાત્વાવરણીય અજ્ઞાનાવરણીય કર્મ જુદું હોત; તે તો કોઈ ઠેકાણે જોવામાં આવતું નથી. માટે આવરણ એજ અજ્ઞાન, અને જેના ઉપર આવરણ થયું તે સત્તામાં છે એમ કોઈ કહે તેનું કેમ ?

ઉત્તર—હે ભાઈ ! આ પ્રકારના પ્રશ્નનો ખુલાસો હમણાજ અપાઈ ગયો છે. શ્રી ભગવતીજી સૂત્રના બારમા શતકમા કર્મને રૂપી કહેલ છે, અને અજ્ઞાનને અરૂપી કહેલ છે. મિથ્યા દૃષ્ટિ અને સમકિત દૃષ્ટિ બન્ને અરૂપી છે અને મોહનીય કર્મને રૂપી કહેલ છે. જ્ઞાન અને અજ્ઞાન અરૂપી છે અને તેને આવરણ કરનાર કર્મ કે જે જ્ઞાનાવરણીય (પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાનને આવરણ કરનાર) તે રૂપી છે. એટલે અજ્ઞાન અને જ્ઞાનાવરણીય

કર્મ બંને જુદાં છે એમ શ્રી ભગવતીજી સૂત્ર તથા પન્નવણાજી સૂત્ર વગેરે સૂત્રોથી નિર્ણય થાય છે.

સમકિતને મોહનીય કર્મનું આવરણ થવાથી મિથ્યાત્વ અને મતિ શ્રુતાદિ પાંચ જ્ઞાનને આવરણ થવાથી અજ્ઞાન વગેરે કરેલા પ્રશ્ન ઉપર પૂરતું ધ્યાન રાખજો.

ઉપરોક્ત કહ્યા પ્રમાણે સમકિતને મોહનીય કર્મનું આવરણ થયું તે મિથ્યાત્વ. તો મિથ્યાત્વને કોનું આવરણ લાગ્યું ? કે દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ કહી છે તેમાં પહેલીજ મિથ્યાત્વ મોહનીય કહી ને પછી સમકિત મોહનીયને મિશ્ર મોહનીય કહી. ત્રણેને મોહનીય કર્મનું આવરણ ઠરશે તો પ્રશ્નકારના વિચારોને ધક્કો લાગશે. કારણકે-પ્રશ્નકારે મોહનીયનો અને મિથ્યાત્વનો એકજ અર્થ કર્યો છે. અને સૂત્ર તો ત્રણેને મોહનીયનું આવરણ કહે છે, માટે ત્રણે વસ્તુ જુદી છે; તેમાં વળી અભવીને બે વસ્તુની નાસ્તિ કહી છે, તો મિથ્યાત્વને પણ મોહનીયનું આવરણ છે અને જુદું પણ છે. સમકિતને ને તેને કાંઇ પણ સંબંધ નથી, ત્રણે પ્રકૃતિ જુદીજ છે.

પ્રશ્ન ૧૬ મું—ત્યારે કોઇ એમ કહે કે-અભવીને સમકિત તો નથી. તે વાત કબુલ છે. પણ સત્તામાં પાંચે જ્ઞાન તો છે તેને આવરણ થવાથી અજ્ઞાન કહ્યાં છે, અજ્ઞાન બીજી વસ્તુ નથી. કારણકે-અજ્ઞાનાવરણીય કર્મ જુદું કહ્યું નથી.

ઉત્તર—જ્યારે અભવીને સમકિત નથી, એમ જો નિશ્ચય થતું હોય તો પછી જ્ઞાન હોયજ ક્યાંથી ? " ना दंसणीस नाणं " એ શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રનું વાકય છે કે-સમકિત વિના જ્ઞાન હોયજ નહિ. વળી શ્રી ભગવતીજી સૂત્ર તથા શ્રી પન્નવણાજી સૂત્રમાં સાકાર ઉપયોગને જ્ઞાન ઉપયોગ કહ્યો છે, અને જ્ઞાન ઉપયોગમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન મળી-આઠેને જ્ઞાનના ઉપયોગમાં ગણ્યાં છે. તો જ્ઞાનાવરણીય કર્મ તે આઠેને આવરણ કરે છે, ને તે આઠે આત્માનો ગુણ છે, આઠે અરૂપી છે, અને જ્ઞાનાવરણીય કર્મ તે તો રૂપી છે. માટે આવરણ તો આઠે જ્ઞાનનું પણ પાંચ જ્ઞાનનું આવરણ કહેવાથી મતિ શ્રુત અને અવધિ જ્ઞાનના પેટામાં મતિશ્રુત અને વિભંગનો સમાવેશ થઇ જાય છે. એટલે આવરણના સંબંધે પાંચ જ્ઞાનમાં ત્રણ અજ્ઞાનનો સમાવેશ થઇ જાય છે. એટલે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ આઠે ને જ્ઞાનાવરણીય કર્મનુંજ આવરણ છે. અજ્ઞાનાવરણીય

કર્મ જુદું છેજ નહિ તો સૂત્રકાર લાવે ક્યાંથી? જ્ઞાનાવરણીયની અપેક્ષાએ આઠેને સાકારોપયોગે જ્ઞાન કહ્યાં છે. અને–

જીવના ભેદમાં તથા પર્યાયાદિકમાં જ્ઞાન અજ્ઞાનને જુદાં પાડ્યાં છે. શ્રી ઠાણાંગજી તથા શ્રી જીવાભિગમજીમાં સમુચ્ચય જીવમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન મળી આઠ બોલ જુદા કહ્યા છે. અને શ્રી ભગવતીજી સૂત્રમાં આઠેના પર્યાય પણ જુદા કહ્યા છે. એ ઉપરથી જ્ઞાન અને અજ્ઞાન જુદાં ઠરે છે. જેમ સમકિતને મિથ્યાત્વ જુદું છે તેમ જ્ઞાન અને અજ્ઞાન પણ જુદાજ છે.

પ્રશ્ન ૧૭ મું—શિષ્ય-કોઇ એમ કહે કે-પાંચે જ્ઞાનને તે નામના જ્ઞાનાવરણીય કર્મનું આવરણ થવાથી તે નામનું આવરણ કહેવાયું તેમ અજ્ઞાનાવરણીય કર્મ કેમ ન કહેવાણું? માટે અજ્ઞાનાવરણીય કર્મ નથી પણ જ્ઞાનને આવરણ થવાથી તે નામનું અજ્ઞાન કહેવાય છે, એટલે જ્ઞાનનું આવરણ તેજ અજ્ઞાન છે. અજ્ઞાન કાંઇ બીજી વસ્તુ નથી તેમ અજ્ઞાનાવરણીય કર્મ પણ કહ્યું નથી. આમ કોઇ કહે તેનું શું સમજવું?

ઉત્તર—ઉપરોક્ત બોલનાં પ્રશ્ને તેના જવાબમાં એટલુંજ બસ છે કે જ્ઞાન પાંચ છે અને અજ્ઞાન ત્રણ છે, તો તમારા કહેવા પ્રમાણે મતિ જ્ઞાનના આવરણથી મતિ અજ્ઞાન કહેવાતું હોય, શ્રુત જ્ઞાનાવરણીયથી શ્રુત અજ્ઞાન, અને અવધિ જ્ઞાનાવરણીયથી વિભંગ જ્ઞાન કહેવાતું હોય તો-મનઃપર્યવ જ્ઞાનાવરણીય તથા કેવળ જ્ઞાનાવરણીયના આવરણથી શું કહેવું? મનઃપર્યવ અજ્ઞાન અને કેવળ અજ્ઞાન કોઇ સૂત્રમાં જોવામાં આવતાં નથી. આ ઉપરથી આવરણના અભાવે મનઃપર્યવ જ્ઞાન અને કેવળ જ્ઞાન ચોકસ નથી એમ તો કબુલ કરવું પડશે.

વળી આવરણ અને અજ્ઞાન જુદા હોય તો પાંચ જ્ઞાનમાંનું કોઇ જ્ઞાન અનાદિ અનંત નથી, માત્ર ત્રણ અજ્ઞાનજ છે. તેમાં મતિ શ્રુત અજ્ઞાન [illegible] અભવ્યને મિથ્યાત્વ મોહનીય પણ અનાદિ અનંત છે. [illegible]

પ્રશ્ન ૧૮ મું—કોઇ કહે કે-અભવીને શ્રીસમવાયાંગજી સૂત્રમાં કહ્યા પ્રમાણે સમકિત મોહનીય અને મિશ્ર મોહનીય સત્તામાં નથી, તેથી તેને સમકિત અને કેવળ જ્ઞાન સત્તામાં છે એમ સિદ્ધ થાય છે. કારણકે સમકિતની પ્રાપ્તિને માટે દર્શન મોહનીયની પ્રકૃતિનો ક્ષયોપશમ તથા ક્ષય થવાથી સમકિત પ્રાપ્ત થાય છે એટલે દર્શન મોહનીયનો નાશ થયે જો સમકિત માનીએ તો અભવીને દર્શન મોહનીયની બે પ્રકૃતિ સમકિત મોહનીય અને મિશ્ર મોહનીય મૂળમાંજ નથી એજ તેનો નાશ. માટે અભવીને સત્તામાં સમકિત છે. અને સમકિત છે તો કેવળજ્ઞાન પણ છે. જો બે વસ્તુ સત્તામાં છે તો તેનો આત્મા પણ સમકિત સહિત કેવળ સ્વરૂપી છે, માટે તે સિદ્ધ સમાન છે.

ઉત્તર—પ્રશ્નકારે બુદ્ધિની ઘટના તો સારી કરી છે. આ વિષેનો કેટલોક ખુલાસો પ્રથમ અપાઇ ગયો છે, તોપણ ભવ્ય જીવોને સમજવાને માટે એટલુંજ કહેવું બસ છે કે-અભવીના સંબંધમાં કોઇ બે પ્રકૃતિનો ક્ષય માનતું હોય અને સમકિતની સિદ્ધતા પણ તેજ કારણથી માનતુ હોય તો પછી અભવીને મિથ્યાત્વ હોવુંજ ન જોઇએ. કારણકે સમકિત મોહનીયનો અને મિશ્ર મોહનીયનો નાશ થવાવાળાને પ્રથમ મિથ્યાત્વ મોહનીયનો નાશ થાય છે. મિથ્યાત્વ મોહનીય સાબેત રહે અને સમકિત મોહનીયને મિશ્ર મોહનીયનો નાશ થાય એવું ત્રણ કાળમાં કોઇ પણ જીવને બને નહિ. સમકિતની પ્રાપ્તિવાળાને અનંતાનુબંધીની ચોકડી અને મિથ્યાત્વ મોહનીયનો પ્રથમ ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ અવશ્ય થાય. તે સંબંધે વિશેષ સમજુતી મેળવવી હોય તો જુઓ પૂર્વાર્દ્ધ ભાગ પહેલાનું પ્રશ્ન આઠમું જોઇ નિર્ણય કરવો.

સમવાયાંગ સૂત્ર તો ખુલ્લા શબ્દમાં અભવીનું ચોકખું નામ પાડીને સમકિત મોહનીય અને મિશ્ર મોહનીય વરજીને મિથ્યાત્વ મોહનીય સહિત છવ્વીશ પ્રકૃતિ સત્તામાં કહે છે. એટલે મોહનીયના આવરણવાળી પણ બે પ્રકૃતિ સત્તામાં નથી તો પછી સમકિત કે જ્ઞાન સત્તામાં હોયજ કયાંથી ? સૂત્રમાં કોઇ ઠેકાણે અભવીને સમકિત કે જ્ઞાનની વ્યાખ્યા સત્તામાં આવતી નથી તેનું શું કારણ ? અને જ્યાં જ્યાં અભવીની વ્યાખ્યા આવે છે ત્યાં તો મિથ્યાત્વ અને અજ્ઞાન સિવાય સત્તામાં કે તેની પર્યાયમાં બીજી વાત આવતીજ નથી. તેમજ સૂત્ર આખ્યાત ધર્મની મોળ કળા માહેલી એક પણ કળા જ્યારે અભવીને સત્તામાં નથી તો પછી સમકિત કે કેવળની આશા હોયજ શેની ?

પ્રશ્ન ૧૯ મું—શિષ્ય-ભવી અને અભવીના જ્ઞાન અને અજ્ઞાન સિદ્ધાંતના શબ્દોમાં જે જે સૂત્રમાં જણાવ્યું હોય તે અમો સમજી શકીએ તેવી રીતે ટુંકામાં જણાવશો ?

ઉત્તર—સાંભળો-શ્રીનંદીજી સૂત્રમાં ભવ્ય સિદ્ધિયાનું શ્રુત જ્ઞાન આદિ અંત સહિત કહ્યું છે તે કૃષ્ણપક્ષીમાંથી શુકલપક્ષી થઇ મિથ્યાતમાંથી સમકિત પામી ઉત્કૃષ્ટ અર્દ્ધ પુદ્‌ગલમાં મોક્ષ જાય. માટે આદિ છે ને અંત પણ છે. અને અભવ્ય સિદ્ધિયાનું શ્રુત અજ્ઞાન અનાદિ અનંત કહ્યું છે. એટલે અભવીના શ્રુતની આદિ અંત નથી.

પ્રશ્ન ૨૦ મું—ભવી તથા અભવીનું શ્રુત તો આદિ રહિત કહ્યું છે, તો અભવીનું અજ્ઞાન અનાદિ કરે તો ભવીને સત્તામાં અજ્ઞાન ન હોવું જોઇએ તેનું કેમ ?

ઉત્તર—ભવીને સત્તામાં જો જ્ઞાન હોય તોજ કોઇ કાળે પ્રગટ થાય માટે અનાદિ ને, જ્ઞાન અજ્ઞાન બન્ને હોય. તેમ અભવીને સંભવ નથી કેમકે અભવીનું શ્રુત અનાદિ અનંત છે એટલે તેને અજ્ઞાન આદિ અંત રહિત છે. તેમજ ભગવતીજી તથા જીવાભિગમ વગેરે સૂત્રમાં પણ જણાવે છે.

પ્રશ્ન ૨૧ મું—ભગવતીજીમાં ભવ્ય અભવ્યના જ્ઞાન અજ્ઞાન કિ[illegible] કહ્યું છે તે જણાવશો ?

ઉત્તર—ભગવતીજી શતક ૮મે ઉદ્દેશે ૨જે લબ્ધિના અધિકારે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન કહ્યાં છે તેમાં ભવ્ય જીવને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનની ભજના કહી છે, અને અભવીને આઠ માંહેલાં બે અજ્ઞાન (મતિ શ્રુત) ની [illegible] નિયમા હોય અને વિભંગ જ્ઞાનની ભજના હોય.

પ્રશ્ન ૨૨ મું—જીવાભિગમ સૂત્રમાં ભવ્ય અને અભવ્ય જીવના જ્ઞાન અજ્ઞાન કિ[illegible] રીતે જણાવ્યું છે?

ઉત્તર—જીવાભિગમ સૂત્ર [illegible] છઠ્ઠી પાને ૭૨ મે-ભવસિદ્ધિક [illegible] અભવસિદ્ધિક [illegible] જીવના ત્રણ ભેદ કહ્યા છે. [illegible] [illegible] (અનાદિ અપજ્જવસીએ ૧ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]) [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

[illegible]

અપર્યંવ વસિતનો અર્થ છપાણો નથી પણ ભગવતીજીમાં તેજ પ્રકારના અધિકારમાં અનાદિ અપર્યંવ વસિતનો અર્થ અભવ્ય આશ્રી કહેલ છે.

પ્રશ્ન ૨૩ મું—ભગવતીજીના ૩૦મા શતકમાં ભવ્ય અભવ્ય વિષે કાંઇ છે ખરૂ ?

ઉત્તર—શ્રી ભગવતીજીના ૩૦મા શતકમાં સમોસરણના અધિકારે ૪૭ બોલની વ્યાખ્યા કહી છે તેમાં ભવી અભવી વિષે ખાસ કરીને જાણવા જેવું છે. સાંભળો:—

સમુચ્ચય જીવમાં બોલ ૪૭ લાસે. તે એ પ્રકારે કે-સમચેજીવનો ભેદ ૧, લેશ્યા ૮, પક્ષ ૨, દૃષ્ટિ ૩, જ્ઞાન ૬, અજ્ઞાન ૪, સંજ્ઞા ૫, વેદ ૫, કષાય ૬, જોગ ૫, ઉપયોગ ૨, સર્વ મળી ૪૭ બોલ સમચે કહ્યા. તેમાં અલેશી ૧, શુકલપક્ષી ૨, સમદૃષ્ટિ ૩, સમામિથ્યાત્વ દૃષ્ટિ ૪, જ્ઞાન ૭ ૧૦, નો સના વઉત્તા ૧૧, અવેદી ૧૨, અકષાયી ૧૩ અને અજોગી ૧૪, એ ૧૪ બોલમાં—એકલા સમદૃષ્ટિ તથા એકલા ભવ્ય લાભે-બાકીના બોલમાં સમદૃષ્ટિ હોય ત્યાં એકલા ભવ્ય લાસે. અને સમદૃષ્ટિ વિનાનામાં ભવ્ય તથા અભવ્ય બેઉ લાભે

સમદૃષ્ટિ ૧ અને ૬ જ્ઞાન. એ સાત બોલમાં ભવ્ય એકલા લાસે. મિથ્યાદૃષ્ટિ ૧, કૃષ્ણ પક્ષી ૨ અને અજ્ઞાન ૪-૬. એ ૬ બોલમાં ભવ્ય તથા અભવ્ય બેઉ લાભે. આ પ્રમાણે ભગવતીજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૨૪ મું—પન્નવણાજી ભવ્ય અભવ્ય વિષે શું કહ્યું છે ?

ઉત્તર—શ્રીપન્નવણા સૂત્રના પદ ૧૮ મા કાયસ્થિતિ પદમાં કહ્યું છે. કે-ભવ્ય સિદ્ધિયાની કાયસ્થિતિ અણાઇએ સપજ્જ વસિયે કહી છે. એટલે ભવ્ય સિદ્ધિ યા જીવની આદિ નથી પણ અંત છે. તે મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવ આશ્રી સમચે બોલમાં કહેલ છે. મોક્ષ જાય એટલે ભવ્યપણું મટી જાય, નોભવ્ય નોઅભવ્યના ભાંગામાં ભળે-અને અભવ્ય સિદ્ધિયાની કાયસ્થિતિ અણાઇએ અપજ્જ વસીયે. એટલે અભવ્યની કાયસ્થિતિ અનાદિ અનંત છે. આદિ અંત રહિત છે.

પ્રશ્ન ૨૫ મું—ભવ્ય અભવ્યમાં ગુણઠાણાં કેટલાં લભે ?

ઉત્તર—મોટા બાસઠીયામાં કહ્યું છે કે-ભવ્ય સિદ્ધિયામાં જીવના ભેદ ૧૪-ગુણઠાણા ૧૪-જોગ ૧૫-ઉપયોગ ૧૨-લેશ્યા ૬-અને અભવ્ય સિદ્ધિયામાં-જીવના ભેદ ૧૪-ગુણઠાણું ૧ પહેલું-જોગ ૧૩ (આહારક ને આહારકનો મિશ્ર એ બે નહિ) ઉપયોગ ૬ (૩ અજ્ઞાન ૩ દર્શન)-લેશ્યા ૬-

૩૧

ભવ્યમાં ચારે ગુણઠાણાં કહ્યાં છે, અને અભવ્યમાં એક પહેલુંજ ગુણઠાણું કહ્યું તે અનાદિ અનંત મિથ્યાત્વને લઈને એટલે ત્રણ કાળમાં પહેલું ગુણઠાણું છૂટેજ નહિ.

પ્રશ્ન ૨૬ મું—ભવ્ય અભવ્યમાં ચરીમ અચરીમ વિષે કેવી રીતે છે?

ઉત્તર—પન્નવણા પદ ૩જે-ચરીમ અચરીમ વિષે અધિકારે કહ્યું છે કે-ચરીમ તે ભવ્ય જીવ—ને અચરીમ તે સિદ્ધના જીવ અને અભવ્ય જીવ જાણે હેવા. અને ત્રણ ભેદ કરીએ તો, ભવ્ય જીવ ચરીમ-અભવ્ય જીવ અચરીમ-અને સિદ્ધના જીવનો ચરીમનો અચરીમ. તેનો અલ્પાબહુત્વ કહીએ છે, અચરીમ સર્વથી થોડા અભવ્ય આશ્રી ૧ તેથી નોચરીમ નોઅચરીમ અનંતગુણા સિદ્ધના જીવ ૨ તેથી ચરીમ અનંતગુણા ભવ્ય જીવ આશ્રી ૩.

પ્રશ્ન ૨૭ મું—ચરિમ અચરીમનો અર્થ શું?

ઉત્તર—ચરીમ એટલે જેનો છેડો આવે તે, અને અચરીમ એટલે જેનો છેડો ન આવે તે. એટલી ભવ્ય જીવને ચરીમ કહ્યા તે મુક્તિ જાય એટલે તેનો છેડો આવી ગયો, ભવ્યપણું મટી ગયું, અને અભવ્યનો છેડો નહીં માટે અચરિમ, અને સિદ્ધના નથી ભવ્યપણું કે નથી અભવ્યપણું માટે નોચરીમનો અચરીમ કહ્યા છે. અને અભવ્યનો છેડો નથી તેમ સિદ્ધનો પણ છેડો નથી માટે બન્નેને અચરીમ પણ કહ્યા છે.

પ્રશ્ન ૨૮ મું—કેટલાં કહે છે કે-ભવ્ય, અભવ્ય અને સિદ્ધમાં તફાવત [illegible] સિદ્ધ અને [illegible] ભવ્ય [illegible] માટે તમામ જીવ [illegible] અનંતી શક્તિ છે [illegible]?

ઉત્તર—[illegible] કહે છે કે [illegible] અભવ્ય [illegible] કહિજે [illegible] [illegible] અમને [illegible] [illegible] [illegible] નહિ [illegible] [illegible] [illegible] [illegible] નહિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ [illegible]

મનુષ્ય સરખા કહી શકાય. તેથી સર્વ મનુષ્ય શહેનશાહ બની જાય ખરા? શહેનશાહ અને બીજાં મનુષ્યોની પુણ્યરૂપ ઋદ્ધિમાં અનંતો તફાવત છે. ક્યાં ચક્રવર્તિની ઋદ્ધિ ને શક્તિ, ને ક્યાં, એક ઠીબડું લઈને માગી ખાનારની ઋદ્ધિ અને શક્તિ.

સિદ્ધ અને નિગોદના જીવ સરખા છે અને બન્નેની અનંતી શક્તિ પણ સરખી છે. તો તે નિગોદનાં દુઃખ શા માટે સહન કરે છે?

પ્રશ્ન ૨૯ મું—ત્યારે કોઇ એમ કહે કે-નિગોદના જીવની અનંત શક્તિ તો છે પણ કર્મે કરીને આવરેલી છે તેથી તેની શક્તિ દબાઇ ગઇ છે. કહ્યું છે કે—

કર્મ સંગ જીવ મુંઢ હૈ, પાવે નાના રૂપ;
કર્મ રૂપ મળ કે શુધ્ધે, ચેતન સિદ્ધ સ્વરૂપ. ૧

તે જ્યારે પ્રકાશમાં આવશે ત્યારે તે જીવ પણ સિદ્ધની શક્તિને પ્રાપ્ત થશે. તેમ સર્વ જીવને માટે સત્તામાં શક્તિ અનંતી છે અને તે પ્રગટ થયે પ્રકાશમાં આવશે ત્યારે તે પણ સિદ્ધ સમાન થશે. માટે સર્વ જીવ સત્તાએ સરખા છે.

ઉત્તર—આ શબ્દ બધા ભવ્ય જીવને માટે છે. અને તમામ ઉપદેશ પણ ભવ્ય જીવને લઇનેજ છે. ભવ્ય જીવને માટે સિદ્ધની શક્તિના તમામ બોલ લાગુ થવા સંભવ છે. અને દરેક શાસ્ત્રકારો પણ આત્માને પરમાત્માની ઉપમા આપે છે-સિદ્ધ સમાન ગણે છે તે ભવ્ય જીવની પાસે સિદ્ધ પદ પ્રાપ્ત કરવાની શક્તિ સત્તાએ રહેલી છે તેને લઇનેજ સિદ્ધ અને આત્માની સરખામણી થાય છે. એક દિગંબર મતનો ગ્રંથ હસ્ત લિખિત છે તેમાં સવૈયા છપ્પા દોહરા વગેરે ઘણી બાબતો કિંમતી લખેલી છે. તેમાં ભવ્ય જીવને ઉદ્દેશીનેજ સિદ્ધની શક્તિના તમામ ગુણો લખ્યા છે તેની વાનકી રૂપે થોડું લખાણ નીચે આપવામાં આવે છે. સાંભળો—

છપય છંદ.

જિન ધર્મ વિનુ જીવ, તોહિ શિવ પંથ ન સુઝે;
જિન ધર્મ વિનુ જીવ, આપ પર કૌં નહિ બુઝે;
જૈન ધર્મ વિનુ જીવ, મર્મ નિજ કો નહિ પાવે;
જૈન ધર્મ વિનુ જીવ, કર્મ ગતિ દિષ્ટ ન આવે;
જૈન ધર્મ વિનુ જીવ તોહિ, કેવલ પદ કિતહું નહીં;
અજ હો સંભાલિ ચિર કાલ, હુ અચિદાનંદ 'ચેતો' કહી.

જૈન ધર્મકો જીવ, આપ પરકો સબ જાનૈ;
જૈન ધર્મ કો જીવ, બંધ અરૂ મોક્ષ પ્રછાનૈ;
જૈન ધર્મ કો જીવ, હોય નિહ ચૈ બૈરાગી;
જૈન ધર્મ કો જીવ, સ્યાદ વાદી પરત્યાગી;
જૈન ધર્મ કો જીવ જગ, અજરામર પદવી લહે;
ભૈયા અનંત સુખ ભોગવૈ, સુ આચારિજ ઇહિ વિધિ કહૈ. ૨

જો અરિહંત સો જીવ, જીવ સબ સિદ્ધ ભણી જે;
આચારિજ કુનિ જીવ, જીવ ઉવઝાય ગુણી જે;
સાધુ પુરૂષ સબ જીવ, જીવ ચેતન પદ રાજે;
સો તેરે ઘટ નિકટ, દેખિ નિજ શુદ્ધ બિરાજે;
સબ જીવ દરબનૈં એકસે, કેવળ ગ્યાંન સરૂપમય;
તસ્સ ધ્યાન કરહુ હો ભવ્ય જન, જ્યોં પાવહુ પદવી અખય. ૩.

સવૈયા.

એક જીવ દ્રવ્યમેં અનંત ગુન વિદ્યમાન,
એક એક ગુનમેં અનંત શક્તિ દેખી યે;
ગ્યાંનકો નિહારીયે તો પારયાકો કયોંહી નાંહી,
લોક ઓ અલોક સબૈ યાહિમેં વિસેખીયે;
દર્શનકો ઔર જ્યોં વિલોકીયે તો વહ જોર,
છહોં દ્રવ્ય ભિન્ન ભિન્ન વિદ્યમાન પેખીયે;
ચારિતસોં થિરતા અનંત કાલ થિર રૂપ,
ઐસેહી અનંત ગુન ભૈયા સબૈ લેખીયે. ૪.

છપૈય.

રાગ દોષ અરૂ મોહ, નાંહિ નિજમાંહિ નિરખત;
દર્શન ગ્યાન ચારિત, સુધ આતમ રસ ચખત;
પર દર્વનસોં ભિન્ન ચિન્હ, ચેતન પદ મંડિત;
વેદત સિદ્ધ સમાન, સુદ્ધ નિજ રૂપ અખંડિત;
સુખ અનંત જિહિ પદ વસત, સો નિશ્ચયે સમ્યક મહંત;
ભૈયા વિચ્છન ભવિક જન, શ્રીજિનંદ ઇહિં વિધિ કહત. ૫.

આ પ્રકારે તમામ શાસ્ત્રમાં સિદ્ધ અને જીવ સંબંધીના મુકાબલામાં
અભેદાનપણું જન જીવનું કહ્યું છે.

પ્રશ્ન ૩૦ મું—સર્વ જીવના સમયે મુકાબેલામાં અભવી ગણાય કે કેમ ?

ઉત્તર—સમયે જીવની પૃચ્છામાં ઘણે ભાગે બહુળતાએ ભવી જીવનીજ વ્યાખ્યાનો સંભવ છે અને અભવીની વ્યાખ્યા ગૌણતામા જોવામાં આવે છે. વિચારો કે સર્વ જીવની શક્તિ અને સત્તા સરખી માનીએ તો અભવીને પણ મોક્ષ હોવો જોઈએ. તેમ તો કોઇ સૂત્રમાં જણાવ્યું નથી કે અભવીને મોક્ષ હોય. તો પછી અભવીને મૂળ સત્તામાં મહત્વ તફાવત છે કે તેને ત્રણ કાળમાં મોક્ષ નથી, તેને સિદ્ધની શક્તિની પંક્તિમા કેવી રીતે મૂકી શકાય ?

પ્રશ્ન ૩૧ મું—શિષ્ય-અભવીને મોક્ષ નથી એમ તો સૌ કબુલ કરે છે. પણ સૂત્રમાં કહ્યા પ્રમાણે ભવ્ય જીવને તો મોક્ષ હોય, તો પછી સર્વ ભવ્ય જીવને સિદ્ધ સમાન ગણવાને માટે શું સમજવું ?

ઉત્તર—મોક્ષના અધિકારી ભવ્ય જીવજ છે, ભવ્ય જીવનેજ મોક્ષની પ્રાપ્તિ છે અને સિદ્ધ સમાન ભવ્ય જીવજ ગણાય છે. પણ શ્રી ભગવતીજી સૂત્રમાં–જયંતીબાઇએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં સર્વ ભવ્ય જીવ મોક્ષ જાશે પણ ભવ્યનો વિરહ નહિ પડે, ભગવંતને આમ કહેવાનું કારણ એમ જણાય છે કે–શ્રી સમવાયંગજી સૂત્રમાં કહેલા ત્રણ ભેદમાંના જાતેગવાનં ભવ્યનેજ મોક્ષની પ્રાપ્તિની શક્તિ અને સત્તા કહી છે. અભવ્ય અને સંસારસ્થ ભવ્ય જીવને આત્મ પ્રદેશે શક્તિ કે સત્તા છેજ નહિ. મોક્ષ પ્રાપ્ત થવાની ઋદ્ધિ તેની પાસે છેજ નહિ તો પછી સિદ્ધની સાથે સરખામણી કરવી શા કામની ?

હવે જ્યારે આપણે એમ માનીએ કે–જીવ માત્ર કર્મને સંજોગ મૂઢ બની અનેક પ્રકારનાં ભવ ભ્રમણ કરે છે–પણ તેજ જીવ જ્યારે કર્મ રૂપ મળથી છુટો થાશે–કર્મરૂપ મળની શુદ્ધિને પામશે ત્યારે તે ચૈતન્ય સિદ્ધ સ્વરૂપી છે. આ વાકય સૌ કોઇને માન્ય છે, કર્મ મળથી શુદ્ધ થયેલા–કર્મથી દૂર થયેલા તેજ સિદ્ધ સ્વરૂપી કહેવાય, આ વાકય મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવનેજ લાગુ છે. પણ ગાઢ કર્મે કરી લેપાયેલાનેત્રણ કાળમાં કર્મનાં દળ છુટવાના નથી–જેની પાસે સત્તાએ પણ મોક્ષનાં સાધનો નથી ત્રણ કાળમાં મુક્તિ પ્રાપ્ત કરવાની શક્તિ કે સત્તા નથી એવા જીવોને જ્યારે સિદ્ધ સ્વરૂપી કહેવા અને અન્ય મતિયોનાં વાકયો પર લક્ષ ખેંચી સૂત્ર વચનને બાધક આવે એવી ભાષાઓ બોલવી તે સિદ્ધાંતિનું કામ નથી.

પ્રશ્ન ૩૨ મું—કોઇ એમ કહે કે–સિદ્ધ સ્વરૂપી આત્મા છે એ જૈનીઓનું વાકય છે તે અન્ય મતિઓને લગતું વાકય કેમ કહેવાય ?

ઉત્તર—જૈનીઓ સિદ્ધ સ્વરૂપી આત્માને માને છે તે કેવા પ્રકારના આત્માને ઉદ્દેશીને માનતા હશે તે સ્વરૂપ જાણ્યા વિના લોક પ્રવાહનાં વાક્યોને અનુસારે બોલતા સાંભળીએ છીએ.

બ્રહ્મ પંથીઓ તમામ જીવને બ્રહ્મ રૂપ માને, વિષ્ણુ પંથીઓ તમામ જીવમાં વિષ્ણુની સત્તા માને, ખુદા પંથી તમામ ખુદાની પેદાશ માને, અને ઇશુ પંથી તમામ પ્રભુના ઝુંપડાં માને, કોઈ કહે ભગવાન કરે તે ખરૂં, ઇશ્વરને એમજ ગમતું હશે, એ બધી ઇશ્વરની માયા છે, બધામાં ઇશ્વરનો અંશ છે, તમામ જીવમાં ઇશ્વરની સત્તા છે, ઇશ્વર વિના એક પાંદડું ચાલતું નથી, ઇશ્વર, ઇશ્વરની મરજી પ્રમાણે ગમે તેમ કરે, એ બધી ઇશ્વરની માયા છે, એ બધી હરિની લીલા છે, ખુદા પલકમેં ચાહ્યા તેમ કરે. એવા લોક પ્રવાહનાં ઘણાં વાક્યોમાં જૈનીઓ પણ તણાતા જોવામાં આવે છે. અને એથી વિરૂદ્ધ વાક્યોના અવાજ કોઇના કર્ણપુટ પર પડે ત્યારે નવાઇ જેવા પણ ભાસે છે અને તેવાં વાક્યો સાંભળવાને કેટલાક અરૂચી પણ ધરાવે એ બધી સૂત્ર વચનની શ્રદ્ધાની ખામી છે.

ગમે તેમ હો, આ લેખકને કોઇ સાથે સંબંધ નથી. પોતપોતાના મતને અનુસારે પોતાની માન્યતા મુજબ ગમે તેમ બોલે; લૌકિક વાક્ય બંધ પાડયા પડે નહિ—અટકાવ્યા અટકે નહિ. માટે સૈદ્ધાંતિકોને સૂત્રના શ્રદ્ધાળુને તો સૂત્રનોજ આધાર છે અને સૂત્ર વચન કહે તેજ સત્ય છે.

પ્રશ્ન ૩૩ મું—શ્રદ્ધાળુ-ભવ્ય, અભવ્ય, અને સિદ્ધ ભગવંતના સંબંધમાં ઘણા દાખલા દલીલો અને ન્યાય યુક્તિથી જે આપે જણાવ્યું તેમાં મારી ઘણી શંકાઓનું સમાધાન થઇ ગયું છે તોપણ આ સંબંધમાં કાંઇ પણ વિશેષ જણાવવા જેવું હોય તો જણાવશો?

ઉત્તર—હે ભાઇ! કેટલીક એવી બાબતો હોય છે કે—તે પ્રશ્ન ઉપરથીજ વિચારો ઉદ્‌ભવે છે. જ્યારે કાંઈ પણ જાણવાની ઇચ્છાએ છેવટનું પ્રશ્ન કર્યું તો તે નિરર્થક ન જવા દેવાને માટે કાંઇ પણ યોગ્ય ઉત્તર દેવો જોઇએ તો જે આ ચાલતો વિષય ભવ્ય, અભવ્ય અને સિદ્ધની ઋદ્ધિના સંબંધનો છે તે સંબંધે જાણવા યોગ્ય જે ન્યાય છે તે જણાવું છું. એક ચિત્તે સાંભળો.

સમયે સંસારમાં જીવની રાશી રૂપ, સમયે પત્થરની ખાણ. તેના બે બે ભેદ, ભવ્ય જીવ અને અભવ્ય જીવ રૂપ, શુદ્ધ પત્થર અને કોલસાના પત્થરની ખાણ. કોલસા રૂપ તો અભવ્ય જીવ, અને શુદ્ધ પત્થર રૂપ

ભવ્ય જીવ. કોલસાની ખાણમાં રત્ન પાકે નહિ તેમ અભવ્ય જીવમાં સમકિત કે કેવળ રૂપ રત્ન નથી. શુદ્ધ પત્થરની ખાણના બે ભેદ છે, કોઇ ખાણમાં રત્ન પાકે, કોઇ ખાણમાં રત્ન ન હોય. જે ખાણમાં રત્ન પાકે તે રૂપ તો ભવ્ય સિદ્ધ યા મોક્ષ પ્રાપ્ત યોગ્ય રત્નવાળી પત્થરની ખાણ અને સંસારસ્થ ભવ્ય જીવ રૂપ (રત્ન વિનાની) શુદ્ધ પત્થરની ખાણ. સમકિત અને કેવળ જ્ઞાન રૂપ રત્ન, શુદ્ધ પત્થરની ખાણ રૂપ મોક્ષ પ્રાપ્ત યોગ્ય ભવ્ય જીવમાં સત્તાએ રહેલ છે, તે રત્ન સહિત પત્થર અનાદિની ખાણથી જુદો પડયે કારીગરના યોગે મેલ સંહિત રત્નને સરાણે ચડાવી અનેક પ્રયોગો વડે મૂળ સત્તાએ રહેલા રત્નનું તેજ પ્રગટ કરે કે તેની કિંમત કોઇ કરી શકેજ નહિ, અને તે રત્ન અમૂલ્ય પતિ સિવાય કોઇ ખરીદી શકે નહિ.

તેમ ભવ્ય જીવની પાસે રહેલું સમકિત, મોહનીય કર્મના આચ્છાદને લેપે કરીને અવરાયેલું-તેજહીણુ થયેલું સમકિત રત્ન તે ક્ષયોપશમ ભાવના પ્રયોગ રૂપ સરાણે ચડેલું જેમ જેમ મોહનીય કર્મની પ્રકૃતિનું આવરણ ખસતું જાય તેમ તેમ સમકિત રત્ન ઉજ્વળ થતું જાય એટલે સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્રને તપના પ્રયોગ વડે શુદ્ધ ક્ષાયક સમકિત, ક્ષાયક જથાખ્યાત ચારિત્રના પર્યાયો આત્મ પ્રદેશની સાથે સત્તામાં હતા તે પ્રગટ થઇ કેવળ જ્ઞાન ને કેવળ દર્શન રૂપે પ્રકાશમાં આવ્યા. તે પ્રકાશ રૂપ લક્ષ્મીને સાથે લઇ અસંખ્યાત પ્રદેશમય દ્રવ્ય આત્મા ક્ષાયક સમકિત, કેવળ જ્ઞાન, કેવળ દર્શન ત્રય રત્નના તેજે કરી પ્રકાશિત જીવ દ્રવ્ય રૂપ મહારત્ન, લોકના અગ્ર ભાગે નિવાસની શિવ સુંદરીએ આ રત્નને ખરીદી પોતાના નિવાસના મહેલમાં અનંતા નાના મ્હોટા. લોકાલોક પ્રકાશિત રત્નોની સાથે તે પણ અલોકના તળે-લોકાંત રૂપ સદના હુકમાં-લોકાગ્રે દાખલ કરી એક સ્વરૂપી બનાવી દે. આ રત્નો બધાં એકજ સ્વરૂપી ભવ્ય જીવ રૂપી એકજ ખાણના, તે જેમ જેમ ભવ્ય જીવો-ભવ્ય જીવ રૂપી ખાણમાંથી નીકળતા જાય તેમ તેમ તે શુદ્ધ થયેલાં મહા તેજસ્વી રત્નો સિદ્ધ સ્વરૂપે મોક્ષ પદે લોકાગ્રે દાખલ થતાં જાય. આવાં રત્નો બીજી બે પ્રકારની ખાણમાં નથી તેમજ કોઇ કાળે નીકળવા સંભવ પણ નથી.

પ્રશ્ન ૩૪ મું—આવો બીજો કોઇ દાખલો હોય તો તે પણ જણાવશો કે જેથી વિશેષ સમજણુ થાય?

ઉત્તર—બીજો ન્યાય પણ જાણવા જેવો યાદ આવવાથી કહી સંભળાવું છું તે એક ચિત્તે સાંભળો-અભવી રૂપ પુરૂષ, અને ભવી રૂપ સ્ત્રી. પુરૂષ ત્રણ કાળમાં પુત્ર ફળની પ્રાપ્તિ કરી શકે નહિ, તેમ અભવી ત્રણ

કાળમાં મુક્તિ રૂપ ફળ-મોક્ષ ફળ મેળવી શકે નહિ. સ્રીમાં પુત્ર ફળની પ્રાપ્તિ રહી છે તેમ ભવ્ય જીવમાં મોક્ષ ફળ રહ્યું છે. વંધ્યા સ્રીને પુત્ર ફળની પ્રાપ્તિ થાય નહિ, તેમ સંસારસ્થ ભવ્ય જીવને મોક્ષ ફળની પ્રાપ્તિ થાય નહિ. બીજી સ્રીઓની જાતિમાં પુત્ર ફળની પ્રાપ્તિ રહી છે. પણ પ્રાપ્ત થયા વિનાની બાળાવયની, તથા વિધવા સ્રી પુરૂષના સમાગમ વિનાની, તથા રોગીષ્ટ સ્રી, તથા પુરૂષના સંગે રહી છતી પુરૂષમાં બીજકની હાની તથા કોઇ પ્રકારના વિકારાદિકને લઇને પુત્ર ફળની પ્રાપ્તિ કોઇ કોઇ સ્રીમાં હોતી નથી, તેમજ મોક્ષ ફળ પ્રાપ્ત ભવ્ય જીવોને મોક્ષ ફળની પ્રાપ્તિનાં સાધનોના અભાવે, તથા ભવસ્થિતિ પરિપક્વ થયા વિના મોક્ષ ફળ પ્રાપ્ત થતું નથી. અને કેટલીક સ્રીઓને પુરૂષના સમાગમે તરતજ પુત્ર ફળની પ્રાપ્તિ થાય છે, તેમ કેટલાક ભવ્ય જીવોને મોક્ષ ફળનાં સાધનો મળવાથી તરતજ મોક્ષ પ્રાપ્ત થાય છે. કેટલાક ભવ્ય જીવો, ભવસ્થિતિ પરિપાક થયે તથા ગંઠી ભેદ થયે પણ યથાતથ્ય સાધનના, અભાવે છેવટે અર્ધ પુદ્ગલમાં પણ સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્રાદિ સાધનો મેળવી મોક્ષ ફળને પ્રાપ્ત કરે છે.

મોક્ષ ફળની પ્રાપ્તિની ખાણ તો મનુષ્યજ છે. મનુષ્યની ખાણમાંથીજ મોક્ષ ફળ મળે છે. મનુષ્ય ભવ એજ મોક્ષનું દ્વાર છે. મોક્ષનાં સાધનો મનુષ્ય ભવમાંજ મળવાનાં છે માટે મનુષ્ય ભવ પ્રાપ્ત થયે મુક્તિનાં સાધનો મેળવવા પ્રમાદ કરવો નહિ.

પ્રશ્ન ૩૫ મું—મોક્ષની ઇચ્છા ભવ્ય જીવનેજ થાય કે અભવ્યને પણ થાય ખરી?

ઉત્તર—હમેશાં મોક્ષની ઇચ્છા કરનારા અવશ્ય ભવ્ય જીવ છે. અભવ્યને મોક્ષ ફળની ઇચ્છા થાયજ નહિ એ વાત ચોકસ છે.

પ્રશ્ન ૩૬ મું—કોઇ અભવીના સાંભળવામાં એમ આવે કે અભવીને મોક્ષ નથી તો તેને ધ્રાસકો કેમ ન પડે-તેને ખોટું કેમ ન લાગે?

ઉત્તર—હું ભવ્ય હઇશ કે અભવ્ય હઇશ? એવો ઇહાપોહ ભવ્યને હોય અભવ્યને થાયજ નહિ. તો પછી તેને ધ્રાસકો શેનો? જેને મોક્ષની ઇચ્છાજ ન હોય તેને તે સંબંધી વિચારજ ન હોય. જેને મોક્ષની વાત ગમતીજ ન હોય તેને ધ્રાસકો કે ખોટું લાગવાપણું હોયજ ક્યાંથી?

પ્રશ્ન ૩૭ મું—હું ભવી હઇશ કે અભવી હઇશ એવો વિચાર અભવીને ન થાય એવો કોઇ શાસ્રોક્ત દાખલો છે?

ઉત્તર—હા, જી, સાંભળો-બાબુવાળા છાપેલા શ્રી આચારાંગજી સૂત્રના અધ્યયન પાંચમે-ઉદ્દેશે પાંચમે-ટીકામાં તથા ભાષામાં કહ્યું છે કે— અભવીને એવો વિચાર થાય નહિ કે હું ભવી હોઇશ કે અભવી હોઇશ ? એવો વિચાર અભવીને ન હોય.

આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે ભવી અભવીનો જેને વિચાર થાય તે ભવી હોય.

ઇત્યાદિ ભવી અભવીનો પટંતરો અનેક દાખલાથી જણાઇ આવે છે.

પ્રશ્ન ૩૮ મું—શિષ્ય-અભવી નવ પૂર્વનું યા અગ્યાર અંગનું જ્ઞાન મેળવે એમ શાસ્ત્રથી નિર્ણય થાય છે. તો શાસ્ત્રમાં ભવી અભવીની વ્યાખ્યા આવે ત્યાં શી રીતે કરે ? પોતે વ્યાખ્યા કેવી રીતે આપે ?

ઉત્તર—જેમ વ્યવહારથી સૂત્રજ્ઞાન મેળવે તેમ વ્યવહારથી ભવી અભવીની વ્યાખ્યા પણ આપે પણ નિશ્ચયથી અભવીને એમ ન થાય કે હું ભવી હઇશ કે અભવી હઇશ ? એવો વિચાર ન થાય. કારણકે-નિશ્ચયમાં મિથ્યાત્વ મોહનીયની આંતરિક પ્રબળતા છે. તેથી તેનું જ્ઞાન તે અજ્ઞાનરૂપે ગણાય છે. એટલે જિનોક્ત વસ્તુનું સ્વરૂપ તદ્‌રૂપ જાણી શકે નહિ.

પ્રશ્ન ૩૯ મું—સર્વ જીવ સરખા છે, સર્વ જીવ સિદ્ધ સમાન છે, સર્વ આત્મા જ્ઞાનવાન છે. સર્વ આત્મા ઋદ્ધિ શક્તિએ સરખા છે. એમ ભવ્ય અભવ્યને સિદ્ધના જીવને કોઇ અપેક્ષાએ સરખા કહી શકાય કે કેમ?

ઉત્તર—જૈન સૂત્ર અનેકાંત છે, જેમાં અનેક રહસ્યો રહેલાં છે, કોઇ અપેક્ષાએ ભવ્ય અને અભવ્ય સરખા ગણાય, કોઇ અપેક્ષાએ ભવ્ય અને સિદ્ધ સરખા ગણાય, કોઇ અપેક્ષાએ ભવ્ય અભવ્ય અને સિદ્ધના જીવ પણ સરખા ગણાય છે. અને કોઈ અપેક્ષાએ જુદા પણ ગણાય છે. ખરા.

પ્રશ્ન ૪૦ મું—ભવ્ય અને અભવ્યના જીવ કઇ અપેક્ષાએ સરખા ગણાય ?

ઉત્તર—અભવીને ૨૬ પ્રકૃતિ રૂપ અને સંસારસ્થ ભવ્ય જીવને ૨૭ પ્રકૃતિરૂપ મોહનીય કર્મની એટલે જ્ઞાનાવરણીયાદિક આઠે કર્મની નિવડ ગાંઠને લઇને અસંખ્યાત પ્રદેશમય દ્રવ્ય આત્માની સાથે મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાન તથા મિથ્યા દૃષ્ટિના અનંતા અનંતા પર્યાયરૂપ અનંતી ઋદ્ધિના બળે અનંતી શક્તિવાળા આ જીવ પણ ગણાય છે.

પ્રશ્ન ૪૧ મું—ભવ્ય અને સિદ્ધના જીવ કઇ અપેક્ષાએ સરખા ગણાય ?

ઉત્તર—મોક્ષ પ્રાપ્ત થવાવાળા ભવ્ય જીવની પાસે મોક્ષ પ્રાપ્ત થવાની ઋદ્ધિ સત્તામાં રહેલી છે. સિદ્ધની પાસે જે અનંતા જ્ઞાનના પર્યવ, અનંતા દર્શનના પર્યાય અને અનંતા અગુરૂ લઘુ પર્યવો રહ્યા છે તે પર્યવો ભવ્ય જીવની પાસે પણ સત્તામાં રહ્યા છે. તે અપેક્ષાએ ભવ્ય અને સિદ્ધના જીવ સરખા ગણાય.

પ્રશ્ન ૪૨ મું—ભવ્ય અભવ્ય અને સિદ્ધના જીવ સરખા ગણાય તે કઈ અપેક્ષાએ?

ઉત્તર—સર્વ જીવનો દ્રવ્ય આત્મા અસંખ્યાત પ્રદેશમય સરખોજ છે. એટલે મૂળ દ્રવ્ય આત્મા ભવ્ય અભવ્યને સિદ્ધનો અસંખ્યાત પ્રદેશ સરખો છે. અને ઋદ્ધિમાં જેની પાસે જે જે ઋદ્ધિ છે તે તે ઋદ્ધિના અનંતા અનંતા પર્યાયોને લઈને દરેક જીવની અનંતી શક્તિ સત્તામાં રહી છે એ અપેક્ષાએ પણ સર્વ જીવ સરખા છે. વસ્તુ ગતે તફાવત છે. દાખલા તરીકે સોનાનું નાણું, રૂપાનું નાણું, નકલી ધાતુ, કાગળ કે ચામડાની મહોરનું નાણું ઋદ્ધિએ સરખું ગણાય, પણ ગુણ અને પર્યાયમાં સરખું ગણાય નહિ. દરેકના ગુણ પર્યાય જુદા હોય છે. તેમ સિદ્ધ ભવીને અભવીનું એ દૃષ્ટાંતે સમજી લેવું.

આપણે લોક ભાષાએ યા વ્યવહાર ભાષાએ બોલીએ કે સર્વ જીવ સિદ્ધ સમાન છે. સર્વ જીવની અનંતી શક્તિ છે. વગેરે ભાષા બોલીએ. પણ કેવળીની દૃષ્ટિએ કેવળ તે સત્ય ગણાય. કેવળી ભાષિત સૂત્રમાં દરેક જીવ દરેક આત્મા, દરેક આત્માની ઋદ્ધિ, દરેક આત્માની શક્તિ, દરેક આત્માની સાથે રહેલાં કર્મના દળ અને તેની વર્ગણામાં અનંતો અનંતો તફાવત છે તે આગમ દાખલાથી જણાઈ આવે છે કે-દરેક જીવનાં પૂર્વકૃત કર્મના પ્રમાણે દરેક જીવના આકૃતિમાં, દરેક જીવના શરીર સંઘયણ સંઠાણમાં, દરેક જીવના સુખ દુઃખમાં, દરેક જીવના ઉમ્મર, કર્મ, બળ, વીર્ય પુરુષાકાર પરાક્રમમાં અનંતો અનંતો તફાવત છે. તથા દરેક જીવની ઋદ્ધિ અને શક્તિમાં પણ અનંતી અનંતી ભિન્નતા છે, તેથીજ કેવળી ભગવંતે દરેક જીવના અનંતા જ્ઞાનના પર્યવો, અનંતા દર્શનના પર્યવો, અનંતા ચારિત્રના પર્યવો, અનંતા ગુરૂ લઘુ પર્યવો, અનંતા અગુરૂ લઘુ પર્યવો સ્વરૂપે જણાવ્યા છે તે સત્ય છે. અને તેની વર્ણના પણ શ્રી ભગવતીજી તથા શ્રી પન્નવણાજી વગેરે સૂત્રમાં સારી તરેહથી કરી બતાવી છે. તે સંબંધ અજાણ્યા જન જીવો સમજ્યા વગર વિચાર કરશે તો ગોટાળામાં પડવું પડશે કેમકે કે બહુશ્રુત-કૃતાર્થ-

પ્રશ્ન ૪૩ મું—શિષ્ય-શ્રી ઠાણાંગ સૂત્રના બીજે ઠાણે બે પ્રકારનો ધર્મ કહ્યો છે એક સૂત્ર ધર્મ, અને બીજો ચારિત્ર ધર્મ. સૂત્ર ધર્મને માટે ઉત્તરાધ્યયનના નવમા અધ્યયનમાં ૧૬ કળા કહી તેમ ચારિત્ર ધર્મને માટે સૂત્રમાં કાંઇ કહ્યું છે? હોય તો કૃપા કરી જણાવશો?

ઉત્તર—જેમ સૂત્ર આખ્યાત ધર્મની ઉત્તરાધ્યયનમાં સોળ કળા કહી તેમ શ્રી જ્ઞાતાજી સૂત્રના દશમા અધ્યયનમાં યતિ ધર્મ સાધુ ધર્મ એટલે ચારિત્ર ધર્મને બીજના ચંદ્રમાથી પૂનેમના ચંદ્રમા સુધીની ચડતી કળાની પેઠે કહેલ છે. એટલે પૂનેમનો ચંદ્ર સોળે કળાએ પૂર્ણ હોય છે. બીજના ચંદ્રની પેઠે ચારિત્રની કળા શાસ્ત્રકારે પ્રગટ થતી કહી, તે ચારિત્રના પરિણામની ધારાએ ચડતી કળાએ છેવટના ચારિત્રના ગુણનું ફળ જે મોક્ષ પ્રાપ્ત થતાં સુધીમાં સોળે કળા પ્રગટ થવા જણાવે છે.

પ્રશ્ન ૪૪ મું—ચારિત્રની સોળ કળાનું સ્વરૂપ શી રીતે છે તે જણાવશો?

ઉત્તર—તે વિષે દિગંબર મતના ગ્રંથમાં એક સવૈયો છે. તેમાં-સોળે કળાનું સ્વરૂપ આવી જાય છે, તે નીચે પ્રમાણે છે.

સવૈયા એકત્રીસા.

मिथ्यागंठ भेद भयो अंधकार नासि गयौ,
सम्यक् प्रकाश लयौ ग्यांनकला भासी हैं ;
अनुंव्रत भाव धरे महाव्रत अंगी करे,
श्रेणिधारा चढि केइ प्रकृति विनासी है ;
मोहको पसारो डारि घांतिया सुकर्म टारि,
लोकालोकको निहारि भयो सुख रासी हैं ;
सर्वहु विनास कर्म भयो महादेव धर्म,
वंदौ भविलाहिनित लोक ध्रमवासी है. १

મિથ્યાત્વ વિધ્વંસન ચતુર્દશીમાં કહ્યું છે કે—જ્યારે સમકિત સહિત ચારિત્રની કળા પ્રગટ થવાની હોય ત્યારે પ્રથમ અનંતાનુબંધીની ચોકડી સહિત મિથ્યાત્વનો ગંઠી ભેદ થાય. અને જ્યારે ગંઠી ભેદ થાય ત્યારે મિથ્યાત્વ રૂપ અંધકારનો નાશ થાય. જ્યારે મિથ્યાત્વ રૂપ અંધકાર ખસે ત્યારે સમકિતનો પ્રકાશ અને જ્ઞાનની કળા પ્રગટે. એવા જીવને પછી જેમ જેમ ચારિત્રાવરણીયની મોહનીય કર્મની પ્રકૃતિઓ ખસતી જાય તેમ તેમ ચારિત્રના-ગુણ રૂપ કળાઓ ખીલતી જાય; એટલે પ્રથમ સમકિતની પ્રા

થયા બાદ અણુવ્રતની ભાવના થાય; પછી મહાવ્રત અંગીકાર કરે, પછી અપ્રમત્ત થઇ શ્રેણીની ધારાએ ચડે, જેમ જેમ ગુણ શ્રેણીએ ચડતો જાય તેમ તેમ મોહનીય કર્મની પ્રકૃતિનો વિનાશ થતો જાય, અને જ્યારે મોહનીય કર્મની અઠ્ઠાવીશે પ્રકૃતિને ખપાવી મોહ રૂપી મહા મલનો ક્ષય કરે ત્યારે તેની સાથે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણે કર્મની પ્રકૃતિનો એટલે ચારે કર્મનો-ઘન ઘાતી કર્મનો નાશ કરે, ઘાતીયા કર્મનો નાશ થયો કે એકજ સમયમાં કેવળ જ્યોતી પ્રગટે. લોકાલોક પ્રકાશિત અનંત સુખની રાશીનો ભુક્તા થાય, અને છેવટે સર્વ કર્મનો નાશ કરી પરમ પદ જે મોક્ષ પદને મેળવી મહાદેવની પદવીને પામે અને લોકના અગ્ર ભાગે નિવાસ કરે. એ પદ પ્રાપ્ત કરવાને માટે અહો ભવ્ય જીવો! તમે પણ નિત્ય વંદન કરો અને તેવા ગુણને પ્રગટ કરી તે પદને મેળવો.

પ્રશ્ન ૪૫ મું—ચારિત્રની સોળ કળા સૌ કોઇ સમજી શકે તેવી રીતે જણાવશો ?

ઉત્તર—સાંભળો-ચારિત્રની પહેલી કળા, અનંતાનુબંધીની ચોકડીને ગંઠી ભેદ કરે તે ચોકડી ખપાવે. આ ચોકડી ચારિત્રને આવરણ કરનારી અને સમકિતને અટકાવનારી હોવાથી તેનો નાશ થયે પહેલી કળા પ્રગટી.

કળા ૨ જી—બીજી કળાએ મિથ્યાત્વ ટાળે-અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરે.

કળા ૩ જી—સમકિતનો પ્રકાશ કરે બીજના ચંદ્રની પેઠે ત્રીજી કળા પ્રગટે.

કળા ૪ થી—ચોથી કળાએ, આત્મિક જ્ઞાન પ્રગટે.

કળા ૫ મી—પાંચમી કળાએ, અણુવ્રત-દેશ વિરતિ શ્રાવકપણું પામે.

કળા ૬ ઠ્ઠી—છઠ્ઠી કળાએ, મહાવ્રત-ચારિત્ર ગુણ પ્રગટે.

કળા ૭ મી—સાતમી કળાએ, અપ્રમતપણે ધર્મ ધ્યાનની ધારા પ્રગટે.

કળા ૮ મી—આઠમી કળાએ, શ્રેણીધારા-ગુણશ્રેણી-ક્ષપક શ્રેણીએ ચડે.

કળા ૯ મી—નવમી કળાએ, શુકલ ધ્યાનની ધારા પ્રગટે.

કળા ૧૦ મી—દશમી કળાએ, અવેદી થઇ સર્વ લોભનો ત્યાગ કરે.

કળા ૧૧ મી—સર્વ મોહનીય કર્મની પ્રકૃતિનો નાશ કરે.

કળા ૧૨ મી—બારમી કળાએ, ઘનઘાતી કર્મનો નાશ કરી આત્મ જ્યોતિ પ્રગટાવે.

કળા ૧૩ મી—તેરમી કળાએ, લોકાલોક પ્રકાશક કેવળ જ્ઞાનની જ્યોતિ પ્રગટે.

કળા ૧૪ મી—ચૌદમી કળાએ, શુદ્ધ ક્ષાયક યથાખ્યાત ચારિત્રના બળે-શૈલેશી કરણ પ્રગટ કરે, અડોલવૃત્તિ ધારણ કરે.

કળા ૧૫ મી—પંદરમી કળાએ, યોગ રૂંધન શુકલ ધ્યાનનો પાયો પ્રગટવે ભાવ અયોગી.

કળા ૧૬ મી—સર્વ કર્મનો નાશ કરી મોક્ષપદની પ્રાપ્તિને લોકાગ્રે નિવાસ. સંપૂર્ણ સોળે કળાએ અખંડ જ્યોતિ પ્રગટે.

પ્રશ્ન ૪૬ મું—ઉપર કહેલી સોળ કળા માંહેલી ભવ્ય જીવમાં કેટલી કળા લાભે ?

ઉત્તર—ભવ્ય જીવમાં સમચે સોળે કળા લાભે.

પ્રશ્ન ૪૭ મું—અભવ્ય જીવમાં કેટલી કળા લાભે ?

ઉત્તર—સમકિત યુક્ત ચારિત્ર ધર્મની અભવીમાં એકે કળા ન લાભે. કારણકે મિથ્યાત્વ મોહનીય અને ચારિત્ર મોહનીયની ૨૬ પ્રકૃતિ સત્તામાં અવ્યાબંધિત-આદિ અંત રહિત કાળ હોવાને લીધે અભવીને એક પણ કળા પ્રગટ થવા સંભવ નથી. એમ સમવાયાંગ અને નંદી સૂત્રના ન્યાયથી જણાય છે. તત્વ કેવળી ગમ્ય.

પ્રશ્ન ૪૮ મું—શિષ્ય-તમામ જીવ સિદ્ધ સ્વરૂપી છે તમામ જીવની પાસે સત્તામાં કેવળ જ્ઞાન છે એમ એક પક્ષ જ્યારે કહે છે ત્યારે બીજો પક્ષ એમ જણાવે છે કે-ભવ્ય જીવનેજ સત્તામાં કેવળ જ્ઞાન છે. આ બન્ને પક્ષથી જુદો ત્રીજો પક્ષ કોઇ છે કે-ઉપરના બેજ પક્ષની વ્યાખ્યા બસ છે ?

ઉત્તર—આ પ્રશ્ન ઘણો ગંભીર છે. આમાં ઘણા મતભેદ પડે છે. એક મત એમ જણાવે છે કે-સર્વ જીવની પાસે સત્તામાં કેવળ જ્ઞાન છે. ત્યારે બીજો મત એમ પ્રરૂપે છે કે-અભવ્ય જીવને સત્તામાં કેવળ જ્ઞાન નથી, માત્ર ખાસ ભવ્ય જીવની પાસે સત્તામાં કેવળ જ્ઞાન છે ત્યારે ત્રીજો પક્ષ ચોખ્ખું કહી બતાવે છે કે-કોઇ પણ જીવની પાસે મૂળ સત્તામાં કેવળ જ્ઞાન નથી. મૂળ સત્તામાં તો સર્વ જીવ પાસે કર્મ છે પણ જ્ઞાન નહિ. જીવ અનાદિનો અજ્ઞાની છે, જ્ઞાન પામ્યો નથી. સ.ખ ઉત્તરાધ્યયન. ૩૨

માં અધ્યયનની અર્થંત कालस्स समूलियस्स. અત્યંત કાળ અનાદિ કાળને મૂળ સહિત-મૂળ તે અજ્ઞાનાદિ તે સહિત છે. જ્ઞાન તો શુરૂ મળવે ઉપરે વગેરે તે ગાથાથી જાણવું. માટે સર્વ જીવ પાસે સત્તાએ કેવળ જ્ઞાન નથી. આ પ્રમાણે ત્રીજા પક્ષનું બોલવું છે.

પ્રશ્ન ૪૯ મું—શિષ્ય-આ વળી ઇદં તૃતીયં ત્રીજું વડું ક્યાંથી જાગ્યું ? કે કોઇ પણ જીવ પાસે મૂળ સત્તામાં કેવળ જ્ઞાન નથી, અર્થાત્ મૂળ સત્તામાં જ્ઞાનજ નથી. અનાદિ કાળનું અજ્ઞાનજ છે. આ તો ચાલતા પ્રશ્નોત્તરના બે પક્ષથી આ ત્રીજો પક્ષ તો તદ્દન જુદાજ અભિપ્રાયનો જણાય છે. માટે અહો ગુરૂ દેવ ! આપ કૃપા કરી ખરો અભિપ્રાય શું છે તે જણાવવા અને ઘણા ભવ્ય જીવોની શંકાનું સમાધાન કરવા આ વિષયને ફરી હાથ ધરશો ?

ઉત્તર—ભાઇ ! તારી શંકાના સમાધાન માટે મેં બે ભાગમાં ઘણું વિસ્તારથી લખાણ કરી ભવ્ય જીવોના હાથમાં મૂકવા તૈયાર કરેલ દરમ્યાન પુસ્તક ભંડાર તપાસતાં જુના-જીર્ણ-અસલના જુના લખાણવાળાં પાંચ પાનાં કેવળ જ્ઞાનની ચર્ચાનાં નીકળી આવતાં જોવામાં આવ્યું કે આ લખાણ બે પક્ષથી તદ્દન જુદાજ રૂપનું છે. તેમાં પણ પહેલા પક્ષથી તદ્દન વિરૂદ્ધ છે અને બીજા પક્ષથી થોડું વિરૂદ્ધ છે. પહેલો પક્ષ સર્વ જીવને સત્તામાં કેવળ જ્ઞાન માને છે, ત્યારે ત્રીજો પક્ષ કોઇ પણ જીવ પાસે સત્તામાં કેવળ જ્ઞાન નહિં માનતાં એકલું મિથ્યાત્વજ માને છે. વચલા બીજા પક્ષને મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવ સિવાય સત્તામાં કેવળ જ્ઞાન નથી, એમ માનવું છે.

પ્રશ્ન ૫૦ મું—શિષ્ય-જ્યારે પહેલા પક્ષે અભવ્યને કેવળ જ્ઞાન સત્તામાં માનેલું તેને આપે ઘણાં સૂત્રોના દાખલાથી સિદ્ધ કરી આપ્યું અને ઘણા ભવ્ય જીવોની શંકાનું સમાધાન કર્યું. પરંતુ આ ત્રીજા પક્ષની બાબતમાં પણ જરા ધ્યાન દેવા જેવું છે કે-ભવી કે અભવી કોઇ પણ જીવ પાસે સત્તામાં જ્ઞાન નથી. એટલે સત્તામાં કેવળ જ્ઞાન નથી. સર્વ જીવ અજ્ઞાનાદિ એટલે મિથ્યાત્વ સહિત મૂળ સત્તાના છે, માટે ત્રીજા પુરૂષનો પક્ષ લઇ આપને પ્રશ્ન કરૂં છું. તેનો મને ખુલાસો કરી આપશો તો ઘણા જીવો ઉપર ઉપકાર થશે.

ઉતર—ગુરૂ-હે ભાઇ ! તારી ઇચ્છાએ-ઉપકાર બુદ્ધિએ-તારા આગ્રહને લઇને ઘણા ભવ્ય જીવોના હિતને અર્થે તારા કથનને ધ્યાનમાં લઉં છું માટે આ, લે, પાનાં, તે વાંચ અને ત્રીજા પુરૂષનું શું કહેવું છે તેના

પ્રશ્નોત્તર અને મારી બુદ્ધિ પ્રમાણે શાસ્ત્રોક્ત તને ખુલાસો કરી આપું. તે ધ્યાનમાં લઇ ભવ્ય જીવોને સમજાવ એટલે બસ.

પ્રશ્ન ૫૧ મું—શિષ્ય-ત્રીજો પુરૂષ કહે છે કે-જો કોઈ સર્વ જીવ પાસે સત્તામાં કેવળ જ્ઞાન માનતું હોય તો અભવ્યને પણ કેવળ જ્ઞાન સત્તાએ હોય. એમ માનનારાને અભવ્યનો અર્થ જણાવે છે કે-અભવ્ય એટલે કેવળ જ્ઞાનને અયોગ્ય જે ભણી અભવ્ય જીવને પૂર્વે કેવળ ઉપજ્યું નથી, હમણા ઉપજતું નથી, આગામી કાલે પણ ઉપજશે નહિ તો સત્તાએ કેવળ જ્ઞાન કહે તે અસત્ય. ભવ્ય જીવ કેવળ જ્ઞાન પામવાને યોગ્ય છે. ભવ્ય જીવ પૂર્વે કેવળ જ્ઞાન પામ્યા, હમણા પામે છે. ને આગળ પણ ભવ્ય જીવ કેવળ પામશે. તેનું કેમ ?

ઉત્તર—આ વાતમા વાંધો નથી. અભવીને માટે તે વાત ઠીક છે, કે તેને સત્તામાં કેવળ જ્ઞાન નથી એટલે ત્રણે કાળમા કોઇ પણ અભવીને કેવળ થાયજ નહિ. પરંતુ જે ભવ્ય જીવ કેવળ જ્ઞાન પામવાને યોગ્ય છે તે ત્રણ કાળમા ગમે ત્યારે કેવળ જ્ઞાન પામે, ત્યારે તે કેવળ જ્ઞાન ક્યાંથી આવ્યું ? તે વિચાર કરવો જોઇએ.

જ્યારે ત્રીજો પક્ષ કહે છે કે-કોઇ જીવ પાસે સત્તામાં કેવળ જ્ઞાન નથી અને અનાદિનું સર્વ જીવ પાસે સત્તામાં મિથ્યાત્વ છે. અજ્ઞાન છે. તો કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું ક્યાંથી ? શું આત્માથી કેવળ જ્ઞાન જુદું છે ? અને જો જુદું હોય તો પછી સૂત્રકારને જીવ દ્રવ્ય પાસે અનંતા જ્ઞાન દર્શન ચારિત્રાદિકના પર્યવો કહેવાની શી જરૂર ? માટે જેમ સર્વ જીવ પાસે મૂળ સત્તાએ અજ્ઞાન અને મિથ્યાત્વ રહેલ છે તેમ મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવની પાસે મૂળ સત્તામાં કર્મે અવરાયેલ સમકિત અને જ્ઞાન-કેવળ જ્ઞાન પણ સત્તામાં રહેલ છે, જે વસ્તુ સત્તામાં હોય તે વસ્તુ પ્રગટ થાય પણ ત્રીજા પુરૂષના કહ્યા પ્રમાણે સત્તામા કેવળ જ્ઞાન નથી તો સમકિત પણ નથી, તો સમકિત ક્યાંથી આવ્યું કે જેને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થઈ. માટે જે જીવને સત્તામાં સમકિત છે તેને સત્તામા કેવળ પણ છે. માટે જે જીવને સમકિતનું આવરણ મિથ્યાત્વ અને કેવળનું આવરણ અજ્ઞાન છે એટલે ઘાતી કર્મ છે તે ખસવાથી-દૂર થવાથી તે વસ્તુ પ્રકાશમાં આવે છે. માટે માનો કે મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવને સત્તામાં સમકિત અને કેવળ જ્ઞાન બસ રહ્યાં છે. વિશેષ ખુલાસાને માટે વાંચો આ સંબંધીનો પ્રથમનો અધિકાર.

પ્રશ્ન પર મું—સર્વ ભવ્ય જીવ કેવળ પામશે તેના ઉત્તરમાં ત્રીજો પક્ષ લખે છે કે-સર્વ ભવ્ય જીવ કેવળ નહિ પામે, જે ભણી ભવ્ય ૯

માંહીથી પામશે. જેહને સદ્ગુરૂનો જોગ મળશે ને સમ્યકૃત્વાદિક વ્રત પચ્ચખાણ કરશે તે પામશે તેહનો દ્રષ્ટાંત-વંધ્યા સ્ત્રી અને ગર્ભ ધરવા યોગ્ય સ્ત્રીનો દ્રષ્ટાંત આપી વંધ્યાવત્ અભવી અને ગર્ભ ધરવા યોગ્ય ભવ્ય જીવનો દ્રષ્ટાંત આપ્યો છે. તેમાં ભવ્ય જીવને સદ્ગુરૂ સાધુનો યોગ મળે સમ્યકત્વાદિક વ્રત પચ્ચખાણ કરવાથી કેવળ જ્ઞાન પામે, અને બીજી સ્ત્રી વંધ્યા નથી ગર્ભ ધારણ કરવા યોગ્ય હોય તેને ભરથારનો યોગ ન મળે તો ગર્ભ ન ધરે, પુત્ર ન પ્રસવે, તેમ ભવ્ય જીવને સદ્ગુરૂનો સુસાધુનો યોગ ન મળે તો સમ્યકૃત્વાદિક વ્રત પચ્ચખાણ કરવા ન પામે તો કેવળ જ્ઞાન ન પામે, એ ભવ્ય જીવનું દ્રષ્ટાંત. તે માટે ભવ્ય જીવને શ્રીસુસાધુનો યોગ મળ્યાથી કેવળ જ્ઞાન પામે પણ સત્તાએ કહે છે તે સૂત્ર વિરૂદ્ધ. ભવ્ય જીવ કેવળ જ્ઞાન પામવાને યોગ્યતા કહીએ ઇતિ સિદ્ધં. ॥ આમ ત્રીજો પક્ષ કહે છે તેનું કેમ?

ઉત્તર—ભગવતીજીના બારમા શતકના બીજા ઉદ્દેશામાં જયંતીબાઈએ પૂછેલા પ્રશ્નમાં કે સર્વ ભવ્ય જીવો સિદ્ધ થશે? ત્યારે ભગવંતે કહ્યું કે "હંતા જયંતિ" સર્વ ભવ્ય જીવ સિઝશે-સિદ્ધ થાશે, અને ભવ્ય જીવના વિરહની પૃચ્છામાં ના પાડી. આનો હેતુ ત્રીજા પક્ષને જણાયો નથી.

કેવળ જ્ઞાન ભવ્ય જીવ માંહેથી પામશે તેમાં શું આશ્ચર્ય? આશ્ચર્ય તો જયંતીબાઈના પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં છે.

જ્યારે ત્રીજા પક્ષના કહેવા પ્રમાણે ભવ્ય જીવને માટે જેને સદ્ગુરૂનો જોગ મળશે ને સમ્યકત્વાદિ વ્રત પચ્ચખાણ કરશે તે કેવળ જ્ઞાન પામશે. તે તો ઠીક પણ અસોચ્ચાને કયા સદ્ગુરૂનો જોગ મળ્યો અને કયા ગુરૂના યોગે સમકિત સહિત વ્રત પચ્ચખાણ પાળ્યા? ને કેવળ જ્ઞાન ક્યારે ઉત્પન્ન થયું? તે પણ વિચારવું જોઈએ. સદ્ગુરૂનો જોગ તો અભવી તથા સંસારસ્થ ભવ્ય જીવને પણ બને છે ને શુદ્ધ વ્રત, નિયમ, પચ્ચખાણ પણ પાળે છે ને આરાધક પદ મેળવી નવગ્રૈવેક સુધી પણ જાય છે, પરંતુ કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. તેનું મૂળ કારણ તો સમકિતનો અભાવ હોય છે. જીવાત્માં સમકિત ન હોય તેને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ ક્યાંથી? કહેવત પ્રમાણે "કેવળી આગળ થઈ ગયો હોય" કેટલી વેળા સદ્ગુરૂ મળવાથી પણ આમ થાય છે. સૂત્રના ન્યાય પ્રમાણે અનંતી વાર સાધુપણાનાં વ્રત પાળી આરાધક પદ મેળવી નવગ્રૈવેક સુધી ગયો પણ સંસાર ઘટ્યો નહિ તો કેવળની આશા શી! મૂળ સમ્યક્ત્વ નથી, તો કેવળ જ્ઞાન ક્યાંથી? સમકિત કે કેવળ

ક્યાંહથી આવનું નથી; એ તો આત્માની ઋદ્ધિ છે તે પણ ભવ્ય જીવનેજ સત્તામાં રહી છે, તે જ્યારે આત્મ બળ ફોરવશે ત્યારે કર્મના આવરણ રૂપે સત્તામાં રહેલી વસ્તુ કેવળ જ્ઞાન પ્રગટ થશે માટે સત્તામાં કેવળ જ્ઞાન ભવ્ય જીવ-મોક્ષ પ્રાપ્ત થવા યોગ્યના આત્મપ્રદેશે પર્યાય રૂપે રહેલ છે.

અભવ્યને વંધ્યા સ્ત્રીનું અને ભવ્યને ગર્ભ ધારણ કરવાવાળી સ્ત્રીનું દૃષ્ટાંત આપ્યું તે સામાન્ય રીતે ઠીક છે, પણ અભવ્યને વંધ્યા સ્ત્રીનું દૃષ્ટાંત લાગુ થાય નહિ. વંધ્યા સ્ત્રીનું દૃષ્ટાંત તો સંસારસ્થ ભવ્ય જીવનેજ લાગુ થાય. વળી વંધ્યા રૂપે ગણાતી સ્ત્રીને પણ કોઇ વખતે દવાદિકના પ્રયોગે ઘણા કાળે પણ ગર્ભ ધારણ કરે છે, માટે અભવીને વંધ્યા સ્ત્રીનો દાખલો લાગુ થવા સંભવ નથી. આ વિષેની વધારે હકીકત જાણવાને માટે જુઓ-આ પહેલાના ભાગનું લખાણ.

પ્રશ્ન ૫૩ મું—શિષ્ય-ત્રીજો પક્ષ કહે છે કે ભવ્ય જીવ સુસાધુનો યોગ મળ્યાથી કેવળજ્ઞાન પામે, પણ સત્તાએ કહે છે તે સૂત્ર વિરૂદ્ધ. ભવ્ય જીવ કેવળ પામવાને યોગ્યતા કહીએ ઇતિ સિદ્ધં.-આના ઉપર અનુયોગ દ્વારની વૃત્તિનો દાખલો આપે છે કે-શ્રી અનુયોગદ્વારે.

उप्पण नाण दंसणेत्यादि उत्पन्ने श्यामता पगमे नाहादर्श मंडल प्रभाव सकल तदावरण पगमादभि बक्किज्ञान दर्शन धरवियः स ॥

એ અનુયોગદ્વારની વૃત્તિ મધ્યે કહ્યું છે. કેવળ ઉપજ્યું કેની પરે? આદર્શ મંડળની પરે. જેમ લોઢાનો આરસો ઘડીને સરાણે ચડાવે ત્યારે તેજ નીસરે જેમ એ આરસો તેજને યોગ્ય લોઢું તે, ભવ્ય જીવ તે લોઢાનો આરસો ઘડે ત્યારે તેજ પ્રગટે તેમ ભવ્ય જીવ સમકિત, વ્રત પચ્ચખાણ તથા તપ તપે કર્મ ક્ષય કરે તો કેવળ જ્ઞાન ઉપજે, પણ કુંભારના ટપલાને સરાણે ચડાવે તો તેજ ન નીસરે તેમ અભવ્ય જીવને કેવળ ન ઉપજે. એ ભવ્ય જીવ કેવળને યોગ્યતા કહ્યા. જે લોઢાનો આરસો ન થયો, સરાણે ન ચઢયો તે માંહેથી તેજ ન નીસરે એ આરસો વિના મોઢું ન દીસે. કોઈ કહેશે જે લોઢામાં તેજની સત્તા હતી તે અસત્ય. જે ભણી તે લોઢાના કટકા કરીએ તો તેજ ન દિસે, એ તેજને યોગ્યતા છે, પણ સત્તા એ તેજ નથી. શ્રી સૂત્ર મધ્યે ભવ્ય જીવ અભવ્ય જીવ કહ્યા છે. શ્રી સિદ્ધાંતે સર્વ જીવ પાસે કેવળ જ્ઞાન સત્તાએ કહ્યું નથી. તો આપણે ક્યાંથી કહીએ. ભવ્ય

છે તે માટે ભવ્ય જીવને યોગ્યતા કહી છે.—અભવ્ય કહ્યા આ પ્રમાણે ત્રીજા પ્રશ્નનું બોલવું છે તેનું કેમ ?

ઉત્તર—ઉપરના બધા લખાણ ઉપરથી ત્રીજા પ્રશ્નનો અભિપ્રાય એમ જણાય છે કે—સર્વ જીવ પાસે સત્તામાં કેવળ જ્ઞાન નથી. અને ભવ્ય જીવ કેવળ જ્ઞાન પામવાને યોગ્યતા વાળો છે પણ સત્તામાં કેવળ જ્ઞાન ભવ્ય જીવને પણ નથી. તો કહેવાનું કે ભવ્ય જીવને કેવળ જ્ઞાન સત્તામાં નથી તો પ્રગટ થયું કયાંથી ?

અનુયોગદ્વારની વૃત્તિનું જે દ્રષ્ટાંત આપ્યું છે, તેમાં તો કહ્યું છે કે—આદર્શ મંડળને આવરણ થવાથી જેમ તેની પ્રભા દેખાય નહિ. આવરણ ખસે તો પ્રભા દેખાય તેમ તદાવરણી કર્મના આવરણથી કેવળ જ્ઞાન પ્રકાશ કરી શકે નહિ. પરંતુ કર્મનું આવરણ ખસે તો કેવળ જ્ઞાનનો પ્રકાશ થાય. તો સત્તામાં સર્વ જીવને નહિ પણ મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવને સત્તામાં કેવળ જ્ઞાન છે તો કર્મનું આવરણ ખસવાથી કેવળ પ્રગટ થાય. અને જો એમ ન હોય તો એટલે કેવળ જ્ઞાન સત્તામાં ન હોય તો જીવને આઠ કર્મે આવરણ કર્યું છે તો તે કર્મે કોને આવરણ કર્યું ? કોઇ પણ વસ્તુને આવરણ હોવું જોઇએ.

સૂત્રના ન્યાય પ્રમાણે સમકિતને આવરણ મોહનીય કર્મનું છે અને કેવળ જ્ઞાનને આવરણ ચાર ઘાતી કર્મનું છે, તેમાં પણ મુખ્યત્વે મોહનીય કર્મ કહેલ છે.

વળી ભગવતીજીમાં જીવને અનંતા જ્ઞાનના પર્યવ અનંતા દર્શનના પર્યવ અનંતા ચારિત્રના પર્યવ ઇત્યાદિક કહેલ છે તે પર્યવો કયાં રહ્યા હશે ? એટલો પણ વિચાર કર્યા વિના ભવ્ય જીવને પણ સત્તામાં કેવળ જ્ઞાન નથી, એ વાક્ય કેવા પ્રકારનું કહેવાય ? ભગવતીજી વગેરેમાં જીવને સ્વપર્યાય પરપર્યાય વગેરે કહેલ છે તો જ્ઞાન સિવાય સ્વપર્યાય શું કહેવો ? અને એ ભગવતીજીમાં કહ્યા પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક જીવના પર્યવ—જીવના પર્યવ કબુલ કરીએ તો તે દરેક જીવને સત્તામાં રહેલ છે. ભવ્ય કે અભવ્ય એ બે જે બોલ ઘટે તે જ્ઞાન દર્શનાદિકના પર્યવના ભેદ સત્તામાં ઘટાવવા જોઇએ. લાગુ કરવા જોઇએ.

આપણે બોલવાનો અર્થ એમ કરીએ કે કેવળ જ્ઞાન પામવા યોગ્ય ભવ્ય જીવને કેવળ જ્ઞાન પ્રગટ થાય—અર્થાત્ ઉત્પન્ન થાય એ વાત તો સર્વને માન્ય છે, પણ ભવ્ય જીવને કેવળ જ્ઞાન સત્તામાં ન હોય તો ઉત્પન્ન થાય કયાંથી ?

લોઢાનો અને સરાણનો જે દાખલો આપવામાં આવ્યો છે તે સંબંધી એટલુંજ સમજવાનું છે કે–જે લોઢાનો આરસો બન્યો અને તેજ નીકળ્યું તે લોઢામાંથી નીકળ્યું કે સરાણમાંથી આવ્યું ? લોઢાના કકડા કર્યે તેમાંથી તેજ ન નીકળે પણ સરાણના ઘસારાથી કાટનો નાશ થઇ અંદરના રહેલા તેજસ્વી પુદ્ગળો ઝળકે.–દાખલા તરીકે, અરણીમા અગ્નિ રહેલી છે પણ અરણીના કકડા કર્યે અગ્નિ નીકળે નહિ, પણ તેનો સઘર્ષો કર્યે અંદરોઅંદર ઘસવાથી અગ્નિ પ્રગટ થાય છે–ત્રીજો દાખલો, ચકમકમા અગ્નિ છે, પણ ચકમકના ટટકા કર્યે અગ્નિ નીકળતી નથી, પરંતુ ચકમકને લોઢાના કડાના ઘસારે ચકમકમાંથી અગ્નિ પ્રગટ થાય છે. તો અરણી તથા ચકમકમાં સત્તામાં અગ્નિ ન હોય તો નીકળે કયાથી ? માટે માનો કે જેમ અરણીમાં અને ચકમકમાં અગ્નિ સત્તાએ રહેલી છે, તેમજ લોઢામાં પણ આદર્શ બનવાનાં તેજસ્વી પુદ્ગળો રહ્યાં છે. તે ઉપરના ન્યાયે સરાણના ઘસારાથી આદર્શ બને, તેજસ્વી પુગળોના ઉપરનો કાટ ખરી જવાથી તે ચળકીમાં આવે.

તેજ ન્યાયે ભવ્ય જીવ પાસે સત્તામાં કેવળ જ્ઞાન છે, પણ કર્મ રૂપી કાટ ચડેલો હોવાથી તે પ્રકાશમાં આવતું નથી પણ જ્યારે આત્મા શક્તિવાન્ થાય છે ત્યારે આપોઆપ ગંઠી ભેદ કરી–એટલે અનાદિની મિથ્યાત્વના ગંઠીને તોડી સમકિત રત્નને પ્રગટ કરે છે તે સમકિત સહિત એટલે–જ્ઞાન, દર્શન, ચારિત્રને તપ રૂપ સરાણના પ્રયોગે કર્મ રૂપી કાટને દૂર કરી જીવની પાસે–આત્મ પ્રદેશની સાથે જે રહેલા કેવળ જ્ઞાનના પર્યાયો તેને પ્રકાશમાં લાવે એટલે જે કેવળ જ્ઞાન કર્મે કરીને અવરાયેલું તે પ્રકાશમાં આવ્યું.

સમયક્ જ્ઞાન દર્શન ચારિત્ર અને તપના પ્રયોગથી અને સદ્ગુરૂના યોગથી કાંઇ નવું કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ નથી પણ જે જીવની પાસે સત્તામાં કેવળ જ્ઞાન છે. તેને પ્રગટ કરે છે. દાખલા તરીકે પૃથ્વીમાં સોનું તો રહેલું છે. પણ બધી પૃથ્વીમાં સોનું નથી, પણ જે પૃથ્વીમાં સોનું છે. તે પણ માટી મિશ્રિત પૃથ્વીનાજ સ્વરૂપે રહેલું હોય છે. તેને તેના શોધકો અનેક પ્રકારનાં ક્ષારનાં પ્રયોગે અગ્નિની ભઠ્ઠીઓ કરી સોનાની સાથે તાદ્રુપે મળેલી પૃથ્વીની મલીનતાને બાળી દૂર કરી સોનાને સોનાપણાના રૂપમા પ્રગટ કરે છે તે ન્યાયે જીવને લાગેલાં કર્મ વડે કેવળ જ્ઞાનને આવરેલા કર્મ દળને જપ તપાદિ અગ્નિના પ્રયોગ વડે કર્મ રૂપ મેલને બાળી આત્માને નિર્મળ કરી કેવળ જ્ઞાન રૂપ ૠદ્ધિને પ્રગટ કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રનું અઠ્ઠાવીશમું અધ્યયન પણ એમજ જણાવે છે કે-મતિ શ્રુતાદિ જ્ઞાન વડે જે જાણેલું જીવા જીવાદિ નવ પદાર્થનું સ્વરૂપ તેને સત્યપણે ખરીને ખરી અને ખોટીને ખોટી શ્રદ્ધાથી જેને શ્રદ્ધારૂપ દર્શન એટલે સમકિત પ્રાપ્ત થયું. અને તે સમ્યક્ જ્ઞાન દર્શન વડે નવાં કર્મને આવતાં અટકાવનારૂં જે ચારિત્ર તેને પ્રગટ કરી તપ રૂપ અગ્નિ વડે કેવળને આવરેલા કર્મ રૂપ મેલને બાળી આત્મ જ્યોતિ રૂપ કેવળ જ્ઞાનને પ્રગટ કરે છે. એટલે આત્માના મૂળ ગુણ આત્માનો મૂળ સ્વભાવ આત્માની મૂળ સત્તા આત્માની મૂળ ઋદ્ધિ જે કેવળ જ્ઞાન તેને પ્રગટ કરવાના એ પ્રયોગ છે. તેથી એમ માનવાનું નથી કે તે પ્રયોગ વડે નવું કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય. કેવળ તો મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવને સત્તામાં છેજ એમ ચોક્કસ માનો.

મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવની પાસે સતામાં અઠ્ઠાવીશે પ્રકૃતિ મોહનીય કર્મની કહી છે તેમ અભવીને કહી નથી, અભવીને છવીશજ પ્રકૃતિ સત્તામાં કહી છે. આ સમવાયાંગજીના ૨૬ મા-૨૭ મા-અને ૨૮ મા-સમવાયનું રહસ્ય જાણશો તો કેવળ જ્ઞાનની પ્રાપ્તિના ઉપાયની સમજણ તરતજ પડી આવશે, કે કેવળનું બીજક જે સમકિત જે જીવને સત્તામાં હોય તેને કેવળ પણ સત્તામાં હોય. એટલે જેમ બીજકમાં વૃક્ષ હોય તેમ સમકિત રૂપ બીજકમાં કેવળ હોય એ નિઃસંશય છે.

પ્રશ્ન ૫૪ મું—શિષ્ય—ત્રીજો પક્ષ છ દ્રવ્યનું સ્વરૂપ જણાવતાં કહે છે કે—આઠ કર્મ તે ઉદય ભાવે છે, જીવ તે અનાદિ પારિણામિક ભાવે છે, કેવળ જ્ઞાન તે ક્ષાયક ભાવે છે, અને સંસારી જીવ ત્રણે ભાવે છે. ઓદયિક ૧, ક્ષયોપશમિક ૨, પારિણામિક ૩, સર્વ સંસારી જીવને ક્ષાયક ભાવ આવ્યો નથી તો કેવળ જ્ઞાન ક્યાંથી ? અને ઉપજ્યા વિના સત્તાએ ક્યાંથી! જે કોઈ સર્વ જીવને સત્તાએ કેવળ જ્ઞાન કહે છે તે સૂત્ર વિરૂદ્ધ પણ ભવ્ય જીવ કેવળ જ્ઞાનને યોગ્યતા છે એ સત્ય. આ પ્રમાણે ત્રીજા પક્ષનું કહેવું છે. તેનું કેમ?

ઉત્તર—કેવળ જ્ઞાન તે ક્ષાયક ભાવે છે તે વાત સત્ય છે. પણ કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા પહેલાં ક્ષાયક ભાવ જીવને આવે છે કે-પછી? જીવને ક્ષાયક ભાવ તો કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા પહેલો થાય છે તે મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવનેજ થાય છે ને તે સંસારી પણ છે. સંસારી જીવમાં ત્રણ ભાવ કહ્યા છે. તેમાં ક્ષયોપશમ ભાવ પણ કહ્યો છે. અને ક્ષયોપશમ ભાવમાંથી ક્ષાયક ભાવ પ્રગટ થાય છે તે ઉદય ભાવમાં રહેલા આઠ કર્મની પ્રકૃતિઓનો

કેટલીકનો ક્ષય કરીને ક્ષાયક ભાવમાં આવે છે તે બારમા ગુણ સ્થાનક સુધીના જીવોને શુદ્ધ ક્ષાયક ભાવ પ્રગટ થયે અંતર મુહૂર્તમાં ઘનઘાતિ કર્મનો નાશ કરી કેવળ જ્ઞાનને ઉત્પન્ન કરે છે. તે સર્વ સંસારી જીવ આશ્રી નહિ, પણ મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવ આશ્રીનેજ એ બોલ લાગુ છે.—જ્યારે ત્રીજા પક્ષનું કહેવું એમ થાય છે કે-સર્વ સંસારી જીવને ક્ષાયક ભાવ આવ્યો નથી. તો કેવળ જ્ઞાન ક્યાથી ? અને ઉપજ્યા વિના સત્તાએ ક્યાંથી ? આ વાક્ય જો માન્ય હોય તો, જેને ક્ષાયક ભાવ આવે તેને કેવળ જ્ઞાન પ્રગટે. અને જેને કેવળ જ્ઞાન ઉપજ્યું તેને ઉપર કહ્યા પ્રમાણે સત્તામાં હતું તો ઉપજ્યું, આ ત્રીજા પક્ષનું લખાણ સાબિતી કરી આપે છે. સર્વ જીવની પાસે સત્તામાં કેવળ જ્ઞાન નથી એમ તો બીજા પક્ષનું મૂળથીજ કહેવું છે. સર્વ જીવને સત્તાએ કેવળ જ્ઞાન છે તે તો પહેલા પક્ષનું કહેવું છે તેને જો સૂત્ર વિરૂદ્ધ કહેતા હો તો બીજા પક્ષને તે સંબંધી કાંઈ વાંધો નથી. બીજો પક્ષ તો મૂળથીજ મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવનેજ કેવળ જ્ઞાન સત્તામાં માને છે. અને જેને સત્તામા છે તેનેજ કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય છે. અને જેને સત્તામાં હોય છે તેજ ભવ્ય જીવ જેમાં કેવળ જ્ઞાનની યોગ્યતા છે એટલે તેનેજ કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે એ વાત સત્ય છે.

પ્રશ્ન ૫૫ મું—શિષ્ય-ત્રીજો પક્ષ લખે છે કે-કેટલાએક શ્રીનંદીજી સૂત્રનો દાખલો આપી સર્વ જીવને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો માને છે તે કેવળ જ્ઞાનનો અનંતમો ભાગ ઉઘાડો છે, તે માટે જીવને કેવળ જ્ઞાન સત્તાએ છે તે અસત્ય. એમ કહી પોતાનો અભિપ્રાય જણાવતાં કહે છે કે-જીવને અક્ષરનો અનંતમો ભાગ ઉઘાડો તો શ્રુત જ્ઞાનનો છે, એ તો જીવિત પણા આશ્રી છે પણ કેવળ જ્ઞાન આશ્રી નથી. તેનું કેમ ?

ઉત્તર—એ વાત ઠીક છે. બીજા પક્ષનું પણ એજ પ્રમાણે કહેવું છે ને તે વિષે પૂર્વે ઘણું લખાણ કરવામાં આવ્યું છે. ત્યાંથી વિશેષ ખુલાસો મળી આવશે.

પ્રશ્ન ૫૬ મું—શિષ્ય-ત્રીજો પક્ષ કહે છે કે-શ્રીસિદ્ધાંતે પન્નવણા સૂત્રે પદ ૧૮ મે-કેવળ જ્ઞાન નવું ઉપજતું કહ્યું છે. તે પ્રીછો केवल नाणीणं पुच्छा साइए अपज्ज वसिए. કેવળ જ્ઞાન તો સાદી કહ્યું છે, અપર્યવસિત આવ્યું ન જાય. તે માટે સર્વ જીવને કેવળ જ્ઞાનની સત્તા કહે છે તે સૂત્ર વિરૂદ્ધ. ॥ શ્રી ઠયા, શ્રુત ખંધે केवल नाणा वासे असमुप्पन्न पुव्वे समुप्पज्जइ. પૂર્વે નથી ઉપજ્યું કેવળ જ્ઞાન તે સમુ૦ ઉપજે. ચિત્ત સમાધિ ઠા૦

કેવળ ઉપજે સાધુને. એ શ્રી દશા શ્રુત ખંધને પાંચમે અધ્યયને છે. એ પ્રમાણે ત્રીજા પક્ષનું કહેલું છે તે કેમ ?

ઉત્તર—કેવલ જ્ઞાન નવું ઉપજવું જે માને તેણે એટલું જણાવવાની જરૂર હતી કે તે અમુક ઠેકાણેથી આવ્યું. શ્રી પન્નવણાજીના ૧૮મા પદમાં કેવલ જ્ઞાનની સ્થિતિમાં સાઇએ અપજ્જવસિએ કેતાં આદિ છે ને અંત નથી. એટલે કેવળ જ્ઞાન જે જીવને ઉત્પન્ન થાય તે એકજ વાર થાય પણ બીજા જ્ઞાનની પેઠે તેના ભાંગા નહિ—તે આવ્યું જાય નહિ—બીજા જ્ઞાન આવ્યાં જાય, કેવળ જ્ઞાન આવ્યું જાય નહિ, માટે તેને પ્રથમ ઉત્પન્ન થયું કહેવાય પણ જો જીવની પાસે સત્તામાં ન હોય તો ઉત્પન્ન થાય કયાંથી ? જીવને આઠ કર્મનું આવરણ કર્યું છે તેમાં કેવળ જ્ઞાનાવરણીય કર્મે કોને આવરણ કર્યું ? નંદીજીમાં કહેવા પ્રમાણે શ્રુતજ્ઞાનનો અનંતમો ભાગ ઉઘાડો છે. એમ તો ચર્ચામાં કબુલ કર્યું છે તો શ્રુતજ્ઞાનનો બાકીનો તમામ ભાગ કોને આવર્યો ? જો મતિ શ્રુતજ્ઞાનને મતિશ્રુત જ્ઞાનાવરણીય કર્મે આવર્યો હોય તો પાંચે જ્ઞાનને પાંચે જ્ઞાનાવરણીય કર્મે આવર્યો હોય એમ કરે અને એમ હોય તોજ તદ્જ્ઞાનાવરણી કર્મ કહેવાય. માટે જે જીવને મતિશ્રુત જ્ઞાન સત્તામાં છે તેને કેવળ જ્ઞાન પણ સત્તામાં છે જેમ સમકિતને મોહનીય કર્મનું આવરણ છે પણ સત્તામાં સમકિત છે તોજ સમકિત મોહનીય કેહવાણું. મોહનીયે આવરેલું પણ સત્તામાં સમકિત છે તો સમવાયંગજીમાં તેને ભવ્ય જીવ ભગવંતે કહ્યા છે. એટલે જે જીવને સત્તામાં સમકિત હોય તે જીવને સત્તામાં કેવળ જ્ઞાન પણ અવશ્ય હોય. સમકિતના પણ જ્ઞાનની પેઠે ઉત્પન્ન થવાના ભાંગા કહ્યા છે. ક્ષાયક સમકિતને પણ કેવળ જ્ઞાનની પેઠે આદિ સહિતને અંતરહિત ભાંગો લાગુ થાય છે. માટે સમવાયાંગજીમા ભવ્ય જીવને અડાવીશે મોહનીય કર્મની પ્રકૃતિ સત્તામાં મૂળ પાઠે કહેલ છે એટલે ભવ્ય જીવને સત્તામાં સમકિત છે તેમ ભવ્ય જીવને જ્ઞાનાવરણીય કર્મના આવરણે પણ આવરણવાળું જ્ઞાન સત્તામાં છે. તો અવરાએલું કેવળ જ્ઞાન પણ સતામાં છે અને જો સત્તામાં છે તોજ વસ્તુ પ્રાપ્ત થાય છે. સમકિતને મોહનીવનું સર્વથા આવરણ ખસે તો ક્ષાયક સમકિત પ્રગટે અને જ્ઞાનનું સર્વથા આવરણ ખસે તો કેવળ જ્ઞાન પ્રગટે. કેવળ જ્ઞાન નવું ઉપજતું નથી પણ સત્તામાં છે તે પ્રાપ્ત થાય છે, તેને ઉત્પન્ન થયું કહેવામાં આવે છે.

સમકિત ભવ્ય જીવને સત્તામાં છે તોપણ ઉત્પન્ન થવાના કારણે અપૂર્વ કરણ કહેલ છે એટલે જીવે કોઇ કાળે પૂર્વે કર્યું નહોતું તેવું કરણ

સમકિતની પ્રાપ્તિનો ઉપાય પહેલોજ કર્યો એટલે સમકિત પણ કોઇ કાળે ઉત્પન્ન નહિ થયેલું તે એમ પહેલું ઉત્પન્ન થાય છે. અને ક્ષાયક સમકિત એમ આવ્યું જતું નથી તેમ કેવળ જ્ઞાનને માટે પણ લેવું. દશાશ્રુત ખધનો દાખલો આપ્યો છે, તે પણ ક્ષાયક સમકિતની પેઠે કેવળ જ્ઞાન તે પૂર્વે ઉત્પન્ન થયેલા હોતાજ નથી, જ્યારે થાય ત્યારે પહેલાંજ થાય. કેવળ જ્ઞાન ઉત્પન્ન થવાવાળાને પહેલું ક્ષાયક સમકિત ઉત્પન્ન થાય છે અને ક્ષાયક સમકિત તેજ કેવળ જ્ઞાનને પ્રગટ કરે છે. કેવળનું બીજક સમકિત છે માટે જો સમકિતને સત્તામાં માનવામાં આવશે તો કેવળને પણ સત્તામાં માનવું જોઇશે. ભલે મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવને એ બોલ લાગુ થવાને માનતા હોય તો પણ શાસ્ત્રને બાધક નથી. પણ કોઇ જીવને કેવળ જ્ઞાન સત્તામાંજ નથી. કેવળ જ્ઞાન નવું ઉપજે છે. આમ માનનારાને સૂત્ર વચનનો વિરોધ તો નહિ થતો હોય કે?

પ્રશ્ન ૫૭ મું—શિષ્ય–ત્રીજો પક્ષ કહે છે કે–જીવ તથા કર્મ અનાદિ છે. એમ ન કહેવાય કે જીવ પૂર્વે પછી કર્મ, તથા કર્મ પૂર્વે પછી જીવ એમ નથી, જીવ અને કર્મ અણાણુપુવ્વી કહ્યા છે, તે પાઠ—

ભગવતીજી સૂત્ર શતક પહેલે ઉદ્દેશે ૬ ઠ્ઠે–રોહે અણગારે શ્રી શ્રમણ ભગવંત મહાવીરને પુછ્યું છે કે—

पूर्व्वि भंते लोऐ पछाअलोऐ पुव्वि अलोऐ पछालोऐ ? रोहा लोएय अलोएय पुव्विपिते पछापिते दोवेते सासयाभावा अणाणु पुव्विएइ सा रोहा. पुव्वि भंते जीवा पछा अजीवा

पुव्वि अजीवा पछा जीवा ! जहेव लोएय अलोएय तहेव जीवाय अजीवाय एवं कम्माइं. કુકડી અને ઇંડાનું પ્રશ્ન કર્યું છે, पुव्वि भंते कुकुटी पछा अंडए ! એમ પુછ્યો– अणाणुपुव्वी सासयाभावा એ મધ્યે એમ કહ્યું છે કુકડીનો દૃષ્ટાંત માંડયો છે. જે ભણી કિમ કહેવાય જે કુકડી આગળથી હતી ને પછી ઇંડાં ઉપજે, જો ઇંડું ન હોય તો કુકડી કિમ હોય તે માટે એ શાસ્વતા ભાવ શ્રી મહાવીરજીએ કહ્યાં છે તે માટે કર્મ અને જીવ એ અનાદિના છે. અને કેવળ જ્ઞાન તો શ્રી ભગવંતજીએ જીવને સાદિ અપજ્જવસિત કહ્યું છે તે માટે જે કોઇ સર્વ જીવને સત્તાએ કેવળ જ્ઞાન કહે છે તે સૂત્ર વિરૂદ્ધ ॥ આ પ્રમાણે ત્રીજો પક્ષ લખે છે તેનું કેમ?

ઉત્તર—જેમ ત્રીજે પક્ષે જીવ અને કર્મ અનાદિનાં કહ્યાં છે તેમ રોહા અણુગારે અનાદિના કેટલા બોલ કહ્યા છે તે પણ જાણવા જેવા હતા. તેમ નહિ જાણવાનાં માત્ર, લોક અને અલોક, જીવ અને અજીવ એમ કર્મનું કહી કુકડી ને ઈંડાંનું પ્રશ્ન જણાવી શાશ્વતા ભાવ કહ્યા, પહેલું પછી કહેવાય નહિ. ઇત્યાદિક કહ્યું અને જીવ ને કર્મ બન્ને અનાદિ માની, કેવળ જ્ઞાનને સાદિ અનંત માની સત્તામાં જીવને કેવળ જ્ઞાન નથી એમ જણાવ્યું. પણ રોહા અણુગારે કેટલા પ્રશ્ન પૂછ્યા છે? તેમાં જ્ઞાન સંબંધી પ્રશ્ન પૂછવામાં આવેલ છે કે નહિ? અને જો પૂછવામાં આવ્યું હોય તો તેની આદિ કહી છે કે અનાદિ કહેલ છે? અને અનાદિ કહેલ હોય તો જીવ ને જ્ઞાન ઉત્પન્ન થયા પહેલાં તે ક્યાં હતું? કેમકે ઉત્પન્ન થયાં પછી તો સાદિ અનંત કહેલ છે. અને રોહા અણુગારના પ્રશ્નમાં પાંચે જ્ઞાનને લોકના અંત સાથે પૂછતા અનાદિ કહેલ છે, શાશ્વતા કહેલ છે, અણાણુ પૂર્વી કહેલ છે. માટે જીવની પાસે જેમ સત્તામાં કર્મ કહ્યાં છે તેમજ જ્ઞાન, અજ્ઞાન, દર્શન વગેરે પણ કહ્યાં છે માટે રોહા અણુગારનો જે દાખલો ત્રીજા પક્ષે આપ્યો છે તે તો તેઓની માન્યતાને વિરૂદ્ધ પડે તેવો છે.

પ્રશ્ન ૫૮ મું—શિષ્ય-રોહા અણુગારે કેટલા પ્રશ્ન પૂછ્યા છે? ને કેવા પ્રકારનાં ને પાંચે જ્ઞાન અનાદિ કેવી રીતે કહ્યાં છે? વગેરે ટુંકામાં કહી બતાવશો તો મોટો ઉપકાર થશે અને ઘણા જીવોની શંકાઓ દૂર થશે.

ઉત્તર—ગુરૂ-હે ભાઇ? આ તારૂં કરેલું પ્રશ્ન ઘણુંજ અઘરૂં છે, પણ તારે, જ્યારે જાણવાની ઇચ્છા થઈ ત્યારે તને તથા અન્ય જીવોને જાણવાને માટે ખુલાસો કરી આપવો જોઇએ. સાંભળો—

ભગવતીજીના પહેલા શતકના ૬ઠ્ઠા ઉદેશામાં-રોહા અણુગારે (૮૬૫૨) છયાસીસેં ને બાવન પ્રશ્ન પૂછ્યા છે. તેની આમ્નાય નીચે પ્રમાણે છે.

पूव्वं भंते लोए पच्छा अलोए पूव्वं अलोए पच्छा लोए ?

હે ભગવંત! પહેલો લોક ને પછી અલોક કે પહેલો અલોક ને પછી લોક? ૧ એમ જીવને અજીવની પૃચ્છા ૨ ભવસિદ્ધિયા ને અભવસિદ્ધિયાની પૃચ્છા ૩ સિદ્ધિ ને અસિદ્ધિની પૃચ્છા ૪ સિદ્ધા ને અસિદ્ધાની પૃચ્છા ૫ કુકડી ને ઇંડાંની પૃચ્છા ૬ લોકાંત ને અલોકાંતની પૃચ્છા? ૭ એ ૭ મૂળ પ્રશ્ન પૂછ્યાં છે.

હવે એક લોકના અંત સાથે ૧૩૦ બોલની પૃચ્છા કરી છે તેની વિગત.–પૂર્વં ભંતે લોયંતે પચ્છા સત્તમે ઉવાસંતરે ? એમ સાત પૃથિવીના આકાશની પૃચ્છા ૭–એમ લોકના અંતને સાતેતણુ વાત ૭–લોકાંત ને ઘનવાત ૭–લોકાંત ને ઘનોદધી ૭– લોકાંતને સાતે પૃથિવી ૭ એમ લોકાંતને સર્વ દ્વીપ ૧–લોકાંતને સર્વ સમુદ્ર ૧–લોકાંત ને ભરતક્ષેત્રાદિ સાત વાસ ૭–લોકાંત ને દંડક ૨૪–લોકાંત ને અસ્તિકાય ૫–લોકાંત ને સમયાદિકાળ ૧–લોકાંતને કર્મ ૮– લોકાંતને લેશ્યા ૬–લોકાંત ને દૃષ્ટિ ૩–લોકાંત ને દર્શન ૪–લોકાંતને જ્ઞાન ૮ (પાંચ જ્ઞાન ને ત્રણ અજ્ઞાન)–લોકાંત ને સંજ્ઞા ૪–લોકાંત ને શરીર ૫–લોકાંત ને જોગ ૩–લોકાંત ને ઉપયોગ ૨–લોકાંત ને દ્રવ્ય ૬–લોકાંત ને જીવ અજીવનાં પ્રદેશ ૨–લોકાંત ને જીવ અજીવના પર્યાય ૨–લોકાંત ને ત્રણ કાળની પૃચ્છા તે અતીત કાળ, અનાગતકાળ, ને સવ્વદ્ધાકાળ ૩–એવં ૧૩૦ બોલ લોકના અંત સાથે ગણવા. પછી એક બોલ મૂકવો ને ૧૨૯ બોલ સાતમીના આકાશ સાથે ગણવા. પછી એક બોલ મૂકવો ને સાતમીના તણુવા સાથે ૧૨૮ બોલ ગણવા. પછી એક બોલ મૂકવો ૧૨૭ બોલ સાતમીના ઘનવા સાથે ગણવા. એમ જાવત્ હેઠેલો એક બોલ છોડવો ને ઉપલા સાથે જોડવો. એમ જાવત્. પુવ્વિં ભંતે અણાગયદ્ધા પચ્છા સવ્વદ્ધા પુવ્વિં સવ્વદ્ધા પચ્છા અણાગયદ્ધા ! એ પ્રશ્ન રોહ અણગારે પૂછ્યા તે સર્વનો જવાબ ભગવંતે આપ્યો પુવ્વિં પેતે પચ્છા પેતે દોવિએ સાસયા ભાવા અણાણુ પુવ્વીએ સારોહા નો અણુ પુવ્વીએ પહેલું પણ તે, ને પછે પણ તે, બન્ને શાસ્વતા ભાવે છે, પહેલું પછી કાંઈ ન કહીએ. હે રોહા ! એ બધા બોલ અણાણુ પૂર્વી છે અણુપૂર્વી નથી.

હવે છયાસીસેં બાવન પ્રશ્નની ગણતરી નીચે પ્રમાણે છે–૧૩૦ પ્રશ્ન તેમાં એક પહેલો ઉમેરવો એટલે ૧૩૧ થયા. તેને ૬૫ ગુણા કરીએ ત્યારે ૮૫૧૫ થાય. તેમાં ૧૩૦ અલોકના અંત સાથેના જોગવીએ ત્યારે ૮૬૪૫ થાય. અને ૭ પ્રશ્ન મૂળના જોગવીએ ત્યારે ૮૬૫૨, પ્રશ્ન કુલ થયા. ઇતિ રોહા અણગારે પૂછેલા ૮૬૫૨–છયાસીસેં બાવન પ્રશ્નની સમજણ.

હવે ચોવીશે દંડકના જીવની સાથે કર્મ, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન, ઉપયોગ, પ્રદેશ અને પર્યાયની પૃચ્છામાં સર્વ બોલ અનાદિના શાશ્વતા કહ્યા છે. પહેલાં પછી કહ્યા નથી. તો કેવળ જ્ઞાન પણ સનાતન છે એમ ઉપરના પ્રશ્નથી સાબીત થાય છે.

હવે જ્યાં સત્તામાં સમકિત, શ્રુત જ્ઞાન લાભે ત્યાં સત્તામાં કેવળ જ્ઞાનની નિયમા હોય, અને જે જીવને સત્તામાં મિથ્યાત્વ અને અજ્ઞાન હોય ત્યાં કેવળ જ્ઞાન સત્તામાં હોયજ નહિ એમ સૂત્રથી સિદ્ધ થાય છે. માટે સર્વ જીવને સત્તામાં કેવળ જ્ઞાન માનવું તે, અને સર્વ જીવને એટલે કોઈ પણ જીવ પાસે સત્તામાં કેવળ જ્ઞાન નથી, તે બન્ને પક્ષ અરસપરસ વિરૂદ્ધ છે. એકાંત પક્ષે બન્ને પક્ષવાળા સૂત્રથી પણ વિરૂદ્ધ જણાય છે. કારણકે-એક પક્ષ જ્યારે અભવીને પણ સત્તામાં કેવળ જ્ઞાન માને છે ત્યારે તેના સામેનો ત્રીજો પક્ષ (વિરૂદ્ધ પક્ષ) અભવીને તો શું પણ ભવી જીવને સત્તામાં કેવળ જ્ઞાન નથી એટલે કોઈ જીવને સત્તામાં કેવળ જ્ઞાન નથી. ત્યારે આ બન્ને પક્ષથી જુદાજ પ્રકારનો વચલો તટસ્થ. બીજો પક્ષ એમ જણાવે છે કે-જ્યાં સત્તામાં સમકિત ત્યાં સત્તામાં કેવળ જ્ઞાન પણ હોય, અને સત્તામાં સમકિત ન હોય ત્યાં કેવળ જ્ઞાન પણ ન હોય.

પ્રશ્ન ૫૯ મું—શિષ્ય-ત્રીજો પક્ષ કહે છે કે-"તથા કેટલાએક કહે છે જે શ્રીઆચારાંગ સૂત્ર પ્રથમ શ્રુતખંધ-અધ્યયન ૫મેં-લોકસાર અધ્યયનને પાંચમે ઉદ્દેશે એવો પાઠ છે કે-जे आया से विन्नाया, जे विन्नाया से आया. આયા કહેતા૦ આત્મા તે જ્ઞાન, જ્ઞાન તે આત્મા. આત્મા થકી જ્ઞાન ભિન્ન નહિ તે માટે કેવળ જ્ઞાન સર્વ જીવ પાસે છે. આમ કહે છે એ પ્રશ્ન? તેનો ઉત્તર લીછયો-જે એ અધ્યયન મધ્યે તો સર્વ જીવને કેવળ જ્ઞાનની પૃચ્છા નથી. અત્ર તો જીવની હિંસા ન કરવી તે અધિકાર છે તે કિંચિત લિખીએં છઈ. જે તું જેહને પરિતાપવું માને છે તેહજ તું તથા જેહને ઉપદ્રવવું પ્રાણ થકી ચુકાવવું વાંછે છે તે તૂંજ. જિમ તુજને દુ:ખ ઉપજે તિમ એહને પણ ઉપજે તું જાણ, ઇમ જાણી સ્યું કરવું તે કહે છે अंजू चेयं पडि बुद्ध जीवी. એટલે ઋજુ ગુણ સાધુ એહવે પુરોક્ત પ્રતિબોધે કરી પ્રતિબુદ્ધ જે સર્વ જીવને આપણ: તુલ્ય કરી જાણે ઇમ જે જીવે તે સાધુજ, અનેરો એહવો ન થાય, તેહા જિણે કારણે હણ્યાને આપણુ સમું દુ:ખ થાય. તિણે કારણે જીવને આપ હણે નહિ અનેરા પાસે હણાવે નહિ હણતાનેં અનુમોદે નહિ. તથા अणुवयं वेयणं कहेउ પરીલોગવવું, કેહેવું. अन्नाणेणं आयमाणे. એટલે સ્યું કહ્યું? જે પોતાને કરે અનેરા જીવને પીડા ઉપજાવિયેં પછી આપણુયે લોગવીયેં ઇસ્યુ જાણી કોઇ જીવને હણીયેં નહિ. હવે નૈયિકાદિ દર્શનો ઇમ કહે છે. આત્મા અને જે સુખ દુ:ખાદિક અનુભવ તે જૂઆ છે.

જિન શાસન માંહિ પુણ ઇમજ છે. કિંવા અનેરી પરે? એહવી પરાશંકા ઉપરે કહે છે. सूत्रं—जे आया से विन्नाया जे विन्नाया से आया जेण विजाणसेआया. એટલે જે જીવ તે વિજ્ઞાતા, સુખ દુઃખનો જાણ, અને જે સુખ દુઃખને જાણે તે આત્મા. એટલે જીવ સુખ દુઃખને જાણે તે માટે જીવને હણવો નહિ. જે ભણી સુખ દુઃખનો વેદક છે. જીવ થકી સુખ દુઃખ વેગળું નથી. જીવ સ્વરૂપ જીવ અસંખ્યાત પ્રદેશી અરૂપી સદા સઉપયોગી સુખ દુઃખનો વેદક એહવો જીવ જાણીને સંયમ પાળે, એ સૂત્રે તો જીવને સુખ દુઃખનો જાણ કહ્યો છે. જેહવું તુજને સુખ વાહલું છે દુઃખ અળખામણું છે. તિમ સર્વ જીવને સુખ વાહલું છે. દુઃખ અળખામણું છે. ઇમ જાણી સંયમાનુષ્ટાને પ્રવર્તે ઇમ કહ્યું છે. ઇહાં તો સર્વ જીવ પાસે કેવળ જ્ઞાન કહ્યું નથી. એમ ત્રીજા પક્ષનું કહેવું છે. તેનું કેમ?

ઉત્તર—ત્રીજા પુરૂષનું જે કે કહેવું છે તે ઠીક પણ પોતાના મત ઉપર જઇ કોઇ કોઈ લખાણમાં તફાવત રહે છે. અને કોઇ લખાણમાં બંધનકારક પણ થાય છે. જ્યારે ઉપરના લખાણમાં છેવટ લખે છે કે-ઇહાં તો સર્વ જીવ પાસે કેવળ જ્ઞાન કહ્યું નથી. તે તો ઠીક પણ અમુક જીવ પાસે તો હોવું જોઇએ એમ તેઓના લખાણ ઉપરથી જણાય છે. વળી તેઓ એમ પણ લખે છે કે-જીવ સ્વરૂપ, જીવ અસંખ્યાત પ્રદેશી અરૂપી સદા સઉપયોગી સુખ દુઃખનો વેદક એહવો જીવ જાણીને સંયમ પાળે. આમ લખી તો ગયા પણ તેમાં રહસ્ય રહેલું છે તે કાંઇ સમજાયું હોય એમ જણાતું નથી.

જો જીવ સદા સઉપયોગી છે તો ઉપયોગ તો બે પ્રકારના-એક સાકાર ઉપયોગ ને બીજો અણાકાર ઉપયોગ એટલે જ્ઞાન અને દર્શનનો ઉપયોગ જીવને સદાય છે તો સત્તામાં પણ જીવને જ્ઞાન દર્શન પણ છે.

હવે, " જે આયા સે વિન્નાયા વિન્નાયા સે આયા જેણ વિજાણઇ સે આયા " આ શબ્દ આત્મવાદીને માટે છે એટલે ભવ્ય જીવને માટે છે. અને આત્મ જ્ઞાન પણ ભવ્ય જીવનેજ થાય છે. તેજ આત્માનું સ્વરૂપ જાણી શકે છે તેજ યથાર્થ સંયમ ધર્મને પાળી શકે છે. અને આચારાંગજી પણ એમજ જણાવે છે.

જુઓ આચારાંગજી સૂત્રનું ભાષાંતર-કલમ (૩૨૧ મી)

जे आया से विन्नाया । जे विन्नाया से आया । जेण विजाणति से आया । तं पडुच परिसंखायए एस आया, आया वादी समियाए परियाए विया हिते । तिबेमि ॥ ३२१ ॥

જે આત્મા તેજ જાણુનાર છે. જે જાણુનાર છે. તેજ આત્મા છે. કિંવા જે જ્ઞાન વડે જાણી શકાય છે. તે જ્ઞાનજ આત્મા છે. એ જ્ઞાનને અનુસરીને તદ્રૂપ આત્મા બોલાય છે. એ રીતે જે જ્ઞાન અને આત્માનું એકપણું માને તેજ ખરો આત્મવાદી છે. ને તેવા પુરૂષનુંજ યથાર્થ સંયમાનુષ્ઠાન કહેલું છે. (૩૨૧)

આ કલમ એકાંત ભવ્ય જીવનેજ ઉદ્દેશીને છે. અને આ પહેલાની કલમ પણ ભવ્ય જીવને લાગુ થતી છે.

આત્મ વાદી કોણુ કહેવાય કે જે આત્મા અને પુદ્‌ગળની વહેંચણુ કરી શકે તે, અને તેજ આત્મવાદી-ભવ્ય જીવ યથાર્થ સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રનું રૂડી રીતે પ્રતિપાલન કરી સત્તામાં રહેલા કેવળ જ્ઞાનને પ્રગટ કરે છે.

પ્રશ્ન ૬૦ મું—શિષ્ય-ત્રીજો પક્ષ કહે છે કે-શ્રી ભગવતી સૂત્ર શતક ૧૨ મે-ઉદ્દેશે ૧૦ મે-આત્મા આઠ પ્રકારના કહ્યા છે. તેનાં નામ-દ્રવ્ય આત્મા ૧, કષાય આત્મા ૨, જોગ આત્મા ૩, ઉપયોગ આત્મા ૪, જ્ઞાન આત્મા ૫, દર્શન આત્મા ૬, ચારિત્ર આત્મા ૭, વીર્ય આત્મા ૮ (!) દ્રવ્ય આત્મા સર્વ જીવને ૧, કષાય આત્મા કોઇને ન પણુ હોય ૨, જોગ આત્મા સયોગિને ૩, ઉપયોગ આત્મા સર્વ જીવને ૪, જ્ઞાન આત્મા સમ્યક્ દૃષ્ટિને હોય ૫, દર્શન આત્મા સર્વ જીવને ૬, ચારિત્ર આત્મા વિરતિને ૭, વીર્ય આત્મા સર્વ સંસારી જીવને હોય ૮. શ્રી ભગવતી સૂત્રે શતક ૧૨ મે-ઉ. ૧૦ મે-પૃચ્છા કીધી તે વિસ્તાર તો સૂત્રથી જોજો. થોડો અત્ર લખીએ છીએ-જેને દ્રવ્યાત્મા તે જીવત્વં, તસ્ય કષાયાત્મા સ્યાત્ અસ્તિ ઇત્યાદિ પૃચ્છા છે. જેને દ્રવ્ય આત્મા છે તેને કષાય આત્મા છે? તેનો ઉત્તર શ્રી ભગવંતે કહ્યો છે—जस्स कसाया निय अत्थि सिय नत्थि, એ સર્વ સત્ર પાઠથી જાણજો.

जस्स दवियाया तस्स णाणाया भयणाए-ऽपे वृत्ति-यस्य दवियाया तस्स णाणाया भयणाए जस्सपुण णाणाया तस्स दवियाया नियमं अत्थि यस्य जीवस्य द्रव्यात्मा तस्य ज्ञानात्मा स्यादस्ति यथा सम्यग्दृष्टीनां स्यान्नास्ति यथा मिथ्यादृष्टीनां मित्येवं भजना. यस्य तु ज्ञानात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति यथा सिद्धस्येति.

એ મધ્યે એમ કહ્યું છે જે જેને દ્રવ્યાત્મા હોય તેને જ્ઞાન આત્માની ભજના જે ભણી સમકિત દ્રષ્ટિને જ્ઞાન હોય મિથ્યા દ્રષ્ટિને જ્ઞાન ન હોય, તે માટે, અને સર્વ જીવ સમકિત દ્રષ્ટિ નથી તો કેવલ જ્ઞાન સર્વ જીવને કેમ કહીએ. થી સૂત્રે તો જ્ઞાન નવું ઉપજે છે.

आया भंते ! णाणे अन्नेणाणे ! गोयमा ! आया सिय णाणे सिय अन्नाणे, णाणे पुण नियमं आया. એ સૂત્ર आत्मा ज्ञान सम्यक्त्वेसति.

અજ્ઞાન મિથ્યાત્વીને એ બે આત્માને હોય. સમકિત દ્રષ્ટિને જ્ઞાન હોય, મિથ્યા દ્રષ્ટિને અજ્ઞાન હોય.–જ્ઞાનના ૩ ભેદ. ઉપશમ ભાવે જ્ઞાન તે જાતિ સ્મરણ જ્ઞાન–उवसंत मोहणिज्जो, सरइ पोराणियं जाइं. ઇતિ વચનાત્ જાતિ સ્મરણું જ્ઞાન તે ઉપશમ ભાવે કહ્યું છે, શ્રુત જ્ઞાન ક્ષયોપશમ ભાવે છે, કેવળ જ્ઞાન ક્ષાયક ભાવે છે. એ જ્ઞાનાધિકાર: ॥ એટલે જ્ઞાન નવું ઉપજતું કહ્યું છે.

અને સમકિતના ૩ ભેદ. ઉપશમ સમકિત ૧, ક્ષયોપશમ સમકિત ૨, ક્ષાયક સમકિત ૩, ઉપશમ સમકિત તે ૭ પ્રકૃતિનો ઉપશમ થાય તિવારે ઉપશમ સમકિત તે એ સાત પ્રકૃતિ ૪ ચાર કષાય અનંતાણુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ૪ સમકિત મોહનીય ૫ મિથ્યાત્વ મોહનીય ૬ સમામિથ્યાત્વ મોહનીય એ ૩ એ ૭ પ્રકૃતિનો ઉપશમ થાય તિવારે ઉપશમ સમકિત પામે, એ ૭ પ્રકૃતિનો ક્ષયોપશમ થાય તિવારે ક્ષયોપશમ સમકિત પામે, એ ૭ પ્રકૃતિનો ક્ષાયક ભાવ થાય તિવારે ક્ષાયક સમકિત પામે એ સમકિત જીવને નવું હોઇ. સત્તાએ સર્વ જીવને સમકિત નથી.

તથા ચારિત્ર તે દેશ વિરતિ તથા સર્વ વિરતિ તે ક્ષયોપશમ ભાવે છે. સર્વ જીવ પાસે સત્તા એ નથી. જે ભણી ભ૦ શ૦ ૧૨ ઉ૦ ૧૦ મે–

जस्स दवियाया तस्स चरित्ताया भयणाएत्ति । यतः सिद्धस्यऽविरतस्य वा द्रव्यात्मत्वे सत्यपि चारित्रात्मा नास्ति विरतीनां अस्तीति भजनेति जस्स पुण चरित्ताया तस्स दवियाया नियमं अत्थित्ति चारित्रिणां जीवत्वा व्यभिचारित्वादिति. ॥

જીવ પાસે જ્ઞાન સમકિત ચારિત્ર એ ૩ ત્રણે નવાં છે. સૂત્રે વિસ્તાર ઘણો છે તેથી જાણજો પણ અનાદિનું જીવ પાસે મિથ્યાત્વ દ્રષ્ટિને અજ્ઞાન એ સંસારી જીવ પાસે અનાદિનાં છે. એ ઔદયિક ભાવે છે પણ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયક ભાવે નથી તે માટે જીવ પાસે સત્તાએ કેવળ જ્ઞાન નથી તે જાણવું સહી: આ પ્રમાણે ત્રીજા પક્ષનું લખવું છે તેનું કેમ!

ઉત્તર—ત્રીજા પ્રશ્ને જે ભગવતીજીના ૧૨ મા શતકના ૧૦ મા ઉદ્દેશાના અધિકારમાં આઠ આત્મા વિષે જણાવ્યું અને છેવટમાં લખે છે કે–જ્ઞાન સમકિતને ચારિત્ર જીવને નવું ઉપજે છે, સર્વ જીવ પાસે સત્તાએ નથી. જીવ પાસે જ્ઞાન સમકિત ચારિત્ર એ ૩ ત્રણે નવાં છે. ઇત્યાદિ જે જે લખાણ લખ્યું છે તેમાંનું આઠ આત્મા સંબંધીનું કેટલુંક પહેલા પ્રશ્ને ઉત્તર દેવા સંબંધીનું પૂર્વે લખાઇ ગયું છે. પણ ત્રીજા પ્રશ્નને માટે જે કહેવાનું છે તે જણાવીએ છીએ.

જ્યારે ત્રીજે પ્રશ્ન લખે છે કે–જેને દ્રવ્યાત્મા હોય તેને જ્ઞાન આત્માની ભજના જે ભણી સમકિત દૃષ્ટિને હોય મિથ્યા દૃષ્ટિને જ્ઞાન ન હોય તે માટે સર્વ જીવ સમકિત દૃષ્ટિ નથી તો કેવળ જ્ઞાન સર્વ જીવને કેવી રીતે કહીએ? શ્રી સૂત્રે તો જ્ઞાન નવું ઉપજે છે.

તેના ઉત્તરમાં–જે આઠ આત્માની વ્યાખ્યા છે. તે તો વર્તમાનકાળને આશ્રીને પૃચ્છા સમયની છે. દ્રવ્ય આત્માની સાથે ઉપરના સાત ભેદ માંહેલો જે ભેદ પ્રવર્તતો હોય તે રૂપ આત્મા ગણાવ્યો છે. જીવને સત્તામાં જ્ઞાનને સમકિત બન્ને રહેલ તો પણ કર્મના આવરણે સત્તા દબાઇ જવાથી પ્રગટ થઇ શકે નહિ, કારણકે મોહનીય અને જ્ઞાનાવરણીયના આવરણે અજ્ઞાનજ કહેવાય તે આવરણ ખસે તો સત્તામાં રહેલી વસ્તુ સમકિત અને જ્ઞાન પ્રગટ થાય તેને નવું ઉત્પન્ન થયું કેમ કહેવાય? એમાં એટલું કારણ છે કે–જીવને કોઇ કાળે આવરણ ખસ્યું નહોતું તેથી પ્રગટ થયું નહોતું. તે પ્રગટ થયેલું તેને નવું ઉત્પન્ન થયું કોઇ માનતું હોય તો ભલે પણ વસ્તુ મૂળે સત્તામાં વસ્તુ નજ હોય તે પ્રગટ થાયજ નહિ. અભવીને સત્તામાં સમકિત કે જ્ઞાન છેજ નહિ તો તેનું મિથ્યાત્વ અને અજ્ઞાન અનાદિ અપર્યવસિત કહેલ છે. અને ભવીને સત્તામાં છે તોજ કેવળ જ્ઞાન પ્રગટ થાય છે માટે ભવીના આત્માને જ્ઞાન અજ્ઞાન બન્ને ભેદ લાગુ છે. અને અભવીના આત્માને એકલું અજ્ઞાનજ લાગુ છે.

હવે ત્રીજા પ્રશ્ને જે મતિ સ્મરણ જ્ઞાન ઉપશમ ભાવે કહ્યું છે. અને [illegible] અધ્યયનની પહેલી ગાથાના ઉપરના બે પદ લખી જણાવે છે. પણ મતિ સ્મરણ જ્ઞાન તો મતિ જ્ઞાનનો ભેદ છે તે મતિ [illegible] જ્ઞાન તે [illegible] ભાવે કહ્યા છે.

શ્રી ભગવતીજીના ૯ મા શતકના ૩૧ મા ઉદ્દેશે–અસોચ્યા કેવલીના અધિકારે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ જ્ઞાનની પ્રાપ્તિને માટે [illegible]

જ્ઞાનના આવરણના ક્ષયોપશમથી ચારે જ્ઞાન નોખાં નોખાં ઉત્પન્ન થવાનું કહ્યું છે. અને કેવળ જ્ઞાનને માટે કેવળ જ્ઞાનાવરણીયનો ક્ષય થયે કેવળ જ્ઞાન ઉપજે એમ કહ્યું છે. તથા જ્ઞાતાજીમાં મેઘ કુમારને પણ તદાવરણીય કર્મના ક્ષયોપશમે જાતિ સ્મરણ જ્ઞાન ઉપજ્યું કહ્યું છે. તે પણ મતિ જ્ઞાનના ક્ષયોપશમ ભાવે છે. એમ કેટલાક સૂત્રના ન્યાયથી જાતિ સ્મરણ જ્ઞાન ક્ષયોપશમ ભાવે છે પણ ઉપશમ ભાવ સંભવતું નથી.

પ્રશ્ન ૬૧ મું—શિષ્ય—તો પછી નમિ રાજર્ષિના અધિકારે મંડાતાંજ કહ્યું છે કે-उवसंत मोहणिज्जो, सरइ पोराणियं जाई. ૧ મોહનીય કર્મનો ઉપશાંત થયે પૂર્વની જાતિ સાંભરી. અહિંયા તો ઉપશમ ભાવે જાતિ સ્મરણ જ્ઞાન ખુલ્લું જણાય છે. અને આપ ક્ષયોપશમ ભાવે કહો છો તો આ બે પદ વિષે શું સમજવું?

ઉત્તર—અહિંયાં મોહનીય કર્મનો ઉપશાંત કહ્યો તે વેદ આશ્રી કહ્યો હોય એમ જણાય છે. એટલે એક હજાર રાણીઓના ઉપરથી મોહ ભાવ ઉતરી જવાથી વેદનો ઉપશમ થયે અને તદાવરણી કર્મ એટલે જાતિ સ્મરણને આવરણ કરનારૂં કર્મ મતિ જ્ઞાનાવરણીય તેનો ક્ષયોપશમ થવાથીજ જાતિ સ્મરણ જ્ઞાન પ્રગટ થયું. ક્ષયોપશમ ભાવે દૃષ્ટિ ૩ ત્રણ અને જ્ઞાન ૪ ચાર કહ્યાં છે. તો સમકિત અને જ્ઞાન (કેવળ વરજી) સર્વ ક્ષયોપશમ ભાવે છે. માટે નમિરાજ ઋષિને મોહનીયનો ઉપશાંત જે કહ્યો તે વેદ આશ્રી સંભવે છે. દાખલા તરીકે—અનુત્તર વિમાનના દેવતા ઉપશમ ભાવી છે, ક્ષયોપશમ ભાવી છે. અને ક્ષાયક ભાવે પણ છે છતાં ઉપશાંત મોહી કહ્યા છે. તે વેદ આશ્રી કહેલ છે. તેમ નમીરાજ ઋષીને માટે પણ જાણી લેવું.

પ્રશ્ન ૬૨ મું—શિષ્ય—ત્રીજે પક્ષ કહે છે કે-સમકિત જીવને નવું હોય સત્તાએ સર્વ જીવને સમકિત નથી. તેનું કેમ?

ઉત્તર—ત્રીજે પક્ષ એમ તો લખે છે કે—સાત પ્રકૃતિનો ઉપશમ થાય ત્યારે ઉપશમ સમકિત પામે, ને સાત પ્રકૃતિનો ક્ષયોપશમ થાય ત્યારે ક્ષયોપશમ સમકિત પામે, અને એ સાતે પ્રકૃતિનો ક્ષાયક ભાવ (ક્ષય) થાય ત્યારે ક્ષાયક સમકિત પામે. તો ક્ષય ઉપશમ કે ક્ષયોપશમ તે સમકિતનો હોય કે સમકિતને આવરણ કરનાર મોહનીયની પ્રકૃતિનો હોય? જો આવરણ કરનારી પ્રકૃતિનો કહ્યું તો તે પ્રકૃતિએ કોને આવરણ કર્યું? જો સમકિતને આવરણ કરનારી તે પ્રકૃતિ કહીયે તો સમકિત જીવને સત્તામાં છે એમ કહીયે. સમકિતને અનાદિ કાળનું આવરણ હતું તેથી તે પ્રકાશમાં

કોઈ કાળે આવેલું હતું નહિ તેથી અનાદિ મિથ્યાત્વનો ભાંગો હતો એ પણ જ્યારે સાતે મોહનીય કર્મની પ્રકૃતિનું આવરણ ખસ્યું એટલે જેમ અભ્રપટલ દૂર થયે સૂર્ય પ્રકાશમાં આવે તેમ સમકિત પ્રગટ થાય એ સમકિત પૂર્વે કોઈ કાળે પ્રગટ થયું ન હતું તે પ્રગટ થવાથી જો કોઈ નવું ઉત્પન્ન થયું માનતું હોય તો ભલે. પણ સત્તામાં નથી એમ કહી શકાય નહિ.

સર્વ જીવને સત્તાએ સમકિત નથી તો ભવી જીવને સમકિત ક્યાંથી પ્રગટ થયું? સમવાયાંગજીનું ૨૮ મું સમવાયંગ ચોકખું જણાવે છે કે—કેટલાક ભવ્ય જીવને મોહનીય કર્મની અઠ્ઠાવીશે પ્રકૃતિ સત્તામાં છે તે આ ઉપરથી કેટલાક ભવ્ય જીવને અઠ્ઠાવીશ પ્રકૃતિ સત્તામાં નથી એમ પણ ઠરે અને ૨૭ સત્તાવીશમાં સમવાયંગે સમકિત વેદનીયથી એટલે સમકિત મોહનીયથી ઉવેલાને એક સમકિત મોહનીયવરજીને સત્તાવીશ પ્રકૃતિ સત્તામાં કહી છે. અને ૨૬ મા સમવાયંગે ખુલ્લું નામ પાડી કહ્યું છે કે—અભવ્ય સિદ્ધિયા જીવને સમકિત મોહનીય ૧ અને મિશ્ર મોહનીય ૨ એ બે પ્રકૃતિ વરજીને છવ્વીશ પ્રકૃતિ સત્તામાં છે.

તો વિચાર કરો કે—અભવીને અનાદિ અનંત મિથ્યાત્વ કેમ કહ્યું? કે એને સમકિત, કેવળ ને મોક્ષ પ્રાપ્ત થાયજ નહિ? અને ભવી જીવો અનંતકાળે પણ મિથ્યાત્વ ખપે અને સમકિત પામી કેવળી થઈ મોક્ષ જાય તેનું મૂળ કારણનું શોધન કરશો તો ભવ્ય જીવની પાસે મોહનીય આવરેલું પણ સમકિત સત્તામાં છે, અને અભવીને સત્તામાં નથી. એમ જ્યારે સૂત્રમાં મૂળ પાઠે જણાવે છે છતાં સર્વ જીવને સત્તામાં સમકિત નથી એમ માનવું તે સૂત્ર વચનને ઉથાપવા જેવું છે.

વળી ત્રીજો પણ જ્યારે કહે કે—ચારિત્ર સર્વ જીવ પામે સત્તાએ [illegible] તો પછી જીવને ચારિત્રાવરણીય કર્મની પચીશ પ્રકૃતિ સત્તામાં કહેવાનું શું કારણ? વળી અભવી સર્વ જીવને ચારિત્રને આવરણ કરનારી પચીશ પ્રકૃતિ સત્તામાં છે એમ સમવાયાંગ સૂત્ર બોલે છે. તો સત્તામાં ચારિત્ર, [illegible] તેને આવરણ કરનાર મોહનીય કર્મની પચીશ પ્રકૃતિ [illegible] કહી [illegible]. તે આવરણ ખપે તો ચારિત્ર પ્રગટ થાય [illegible] ચારિત્ર પણ સત્તામાં છે.

જીવ જેને જ્ઞાન સમકિત ચારિત્ર એ ૩ ગુણ કહ્યા છે. [illegible] કેટલા [illegible] [illegible] [illegible] છે. [illegible]—[illegible]

બીજા શતકે પહેલા ઉદ્દેશે-ખંધકજીના અધિકારે દરેક જીવને અનંતા જ્ઞાનના પર્યવ, અનંતા દર્શનના પર્યવ, અનંતા ચારિત્રના પર્યવ, અનંતા ગુરૂ લઘુ પર્યવ, અનંતા અગુરૂ લઘુ પર્યવ, ભગવંતને કહેવાનું શું કારણ? સમયે જીવની પાસે સત્તામાં જે વસ્તુ રહી છે તે ભગવંતે ભવ્ય જીવને જાહેર કરેલ છે. એટલે ભવ્ય જીવને ભગવંત એમ જણાવે છે કે-આટલા પ્રકારની ઋદ્ધિ તો તમારી પાસે સત્તામાં છે પણ કર્મે કરીને અવરાયેલી હોવાથી તે પ્રકાશમાં આવી શકતી નથી તેને તમે ઉઠાણ કમ્મ બલ વીર્ય પુરૂષાકાર પરાક્રમ વડે પ્રગટ કરો કે તમને જ્ઞાન દર્શન ચારિત્ર સર્વથા નિરાવરણ થશે કે કેવળજ્ઞાનને આવરણ તુટતાં તરતજ કેવળજ્ઞાનની જ્યોતિ પ્રગટશે અને આઠ કર્મનું સર્વથા આવરણ ખસવાથી આ જીવ નિરાવરણી થઇ મોક્ષને પામશે.

માટે ભવ્ય જીવ પાસે સત્તામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને કેવળ જ્ઞાન ને કેવળ દર્શન, અને મોક્ષપદની પ્રાપ્તિનો ઉપાય તે સર્વ ભવ્ય જીવને સત્તામાં રહેલ છે.

પ્રશ્ન ૬૩ મું—શિષ્ય-ત્રીજો પક્ષ કહે છે કે-શ્રી પન્નવણા સુત્ર પદ ૧૮ અઢાર મે-

मिछ दिठीणं भंते मिछ दिठीति काल ओ केवचिरं होइ! गोयमा मिछदिठी तिविहेपन्नते तंजहा अणाइए अपज्ज वसिए अणाइए सपज्जवसिए साइएवा सपज्जवसिए.

એ મધ્યે એમ કહ્યું જે મિથ્યાત્વ દ્રષ્ટિ જીવ અનાદિના છે. પહેલો ભાંગો અભવ્યનો છે. બાકી બે ભાંગા ભવ્યના છે. સમકિત પામ્યાને ફરી મિથ્યાત્વ પામે. સમકિત ફરીને સમકિત નવું છે.

હવે- अणाणीणं भंते पुच्छा गोयमा अणाणी तिविहे प० तंजहा अणाइएवा अपज्ज वसिए अणाइएवा सपज्ज वसिए साइएवा सपज्ज वसिए.

એ અજ્ઞાન, જીવને અનાદિનું છે. જ્ઞાન જીવને નવું ઉપજે છે. एवं मइ अणाणी वि सुय अणाणी वि. એ મિથ્યાત્વ તથા અજ્ઞાન જીવને અનાદિ છે.

णाणीणं भंते णाणित्ति कालओ केवचिरं प० णाणी दुविहे पं० तं० साइए अपज्ज वसिए साइए सपज्ज वसिए.

સાઇએ અપજ્જ વસિએ તે કેવલ જ્ઞાન આશ્રી, સા૦ સ૦ જ્ઞ પામીને અજ્ઞાની થાય તે આશ્રી. એ બે ભેદ દેખાડયા પણ જ્ઞાન અણુભવે અપજ્જ વસિએ નથી કહ્યું તે માટે જ્ઞાન તે સાદિ છે. પણ અનાદિ નથી.

सम्म दिठ्ठीणं भंते सम्म दिठ्ठीत्ति कालओ केवचिरं होइ गोयमा सम्म दिट्ठी दुविहे पं० तं० साइए अपज्ज वसिए १ साइए सपज्ज वसिए. २

એ બે ભેદ. સાદિ અપજ્જ વસિત તે સિદ્ધજીને ક્ષાયક સમક્તિ આવ્યું જાય નહિ. સાદિ સપર્યવસિત તે સમકિત પામીને મિથ્યાત્વ પામે તે આશ્રી એ બે ભેદ એ મધ્યે એમ કહ્યું જે સમકિત સાદિ છે. એટલે જે જીવ પામે તે નવું પામે પણ અનાદિ નથી. ૨

संजएणं भंते संजएत्ति कालओ केवचिरं होइ ? गोयमा जहणेणं एक्कं समयं नक्कोसेणं देसूणा पुव्व कोडी.

એ ચારિત્ર સાદિ કહ્યું, અનાદિ ન કહ્યું.

असंजए तिविहे पं० तं० अणाइएवा अपज्ज वसिए अणाइएवा सपज्ज वसिए साइएवा सपज्ज वसिए.

એ મધ્યે અવિરતિ અનાદિની કહી. વિરતિ આદરવી તે નવી છે. ૩

તથા શ્રી ભગવતી શતક ૮ મે-ઉદ્દેશે ૨ બીજે-કેવળ જ્ઞાન મનુષ્યને ઉપજે પણ ૨૩ દંડકને વિષે કેવળ જ્ઞાનની ના કહી છે. અને સિદ્ધજી પાસે કેવળ જ્ઞાન સદાય હોય. તે માટે સર્વ જીવને સત્તાએ કેવળ જ્ઞાન કહે છે તે મૃષા છે. સર્વ જીવને કેવળ જ્ઞાન સત્તાએ નથી એ સૂત્રનો મત કહ્યો છે.-આ પ્રમાણે ત્રીજા પક્ષનું કહેવું છે તેનું કેમ?

ઉત્તર—સર્વ જીવનું મૂળ સ્થાન સૂક્ષ્મ નિગોદ છે તે અનાદિ છે તેમાં ભવ્ય અને અભવ્ય જીવ પણ અનાદિના છે. માટે ભવ્ય અને અભવ્યના મિથ્યાત્વ અજ્ઞાન અને અવિરતિ અનાદિનાં છે. તેમ ભગવતીજીમાં દેખા અણુસારના અધિકારે પણ પાંચ જ્ઞાન ત્રણ દૃષ્ટિ અને જીવની પાસે રહેલા જ્ઞાન, દર્શન ને ચારિત્રના પર્યાય પણ અનાદિના દરેક જીવની સાથે અનાદિના કહ્યા છે. એટલે જે જે જીવને જે જે યોગ્ય લાભનો હોય તે તે અનાદિના તે જીવની સાથેજ અવરાયેલ પરંતુ જ્યાં સુધી જ્ઞાન સમકિત ને ચારિત્રના પર્યાય પ્રગટ થયા નથી-પ્રકાશમાં આવ્યા નથી ત્યાં સુધી તે જીવ અનાદિ મિથ્યાત્વનેજ ગ્રહ્યા, અજ્ઞાનને અવિરતિનેજ ગ્રહ્યા અને જ્યારે ભવ્ય જીવને દર્શનની પ્રાપ્તિ થઇ અને ત્યારે તે જીવને જે વસ્તુ પ્રગટ થઇ તે વસ્તુની સ્થિતિ ત્યાંથીજ ગણાય. માટે જ્ઞાન સમકિતને ચારિત્ર

આદિ કહી છે. એટલે સત્તામાં રહેલી વસ્તુની સ્થિતિ ગણી નથી તેનું કારણકે જે સમયે જે જીવને જે વસ્તુ પ્રગટ પણે પ્રકાશમાં આવતી હોય-પરિભોગમાં આવતી હોય અને જેના તાબામાં જીવ પ્રવર્તતો હોય તેજ ખાતાનો તે જીવ ગણાય. અને એકના તાબામાંથી છૂટી બીજાના તાબામાં જાય ત્યારે તેના ઘરનો જીવ ગણાય, માટે દરેક જીવનું માતુ સ્થાનક-શ્રી ભગવતીજીમાં વનસ્પતિ કહેલ છે. એટલે દરેક જીવનું મૂળ ઘર નિગોદ છે. તો અનાદિ નિગોદ ને અનાદિ અજ્ઞાનનો ભાંગો સૂત્રમાં કહે તેનું શું આશ્ચર્ય ? તેમાથી પણ જ્યારે અકામ નિર્જરાએ ઉંચો આવે ને પોતાની આત્મ શક્તિ-આત્મ ઋદ્ધિ-આત્મ લબ્ધિ જે અવરાઇ ગયેલી-દબાઇ ગયેલી હતી તેને આત્મા પોતે પોતાની સત્તામાં રહેલી વસ્તુને પ્રગટ કરે ત્યારે અજ્ઞાન ખસે એટલે જ્ઞાન પ્રગટ થાય. મિથ્યાત્વ ખસે એટલે સમકિત પ્રગટ થાય. અર્થાત્ જ્ઞાનાવરણીય જે જ્ઞાનને આવરણ કરનાર કર્મ તે ખસે એટલે જ્ઞાન પ્રગટ થાય. અને મોહનીય કર્મનું આવરણ ખસે ત્યારે સમકિત અને ચારિત્ર પ્રગટ થાય. એટલે જીવની પાસે સત્તામાં જ્ઞાન દર્શનને ચારિત્રના પર્યવો રહેલા હોય એવા ભવ્ય જીવનેજ સત્તામાં રહેલી વસ્તુ પ્રગટ થાય છે. માટે ભવ્ય જીવને સત્તામાં જ્ઞાન સમકિત ચારિત્ર કેવળ જ્ઞાનને કેવળ દર્શન અને તેના પર્યવો સત્તામાં છે તે પ્રગટ થાય છે. નવા ક્યાંઇથી આવતા નથી.

પ્રશ્ન ૬૪ મું—શિષ્ય-ત્રીજો પક્ષ લખે છે કે-શ્રી જીવાભિગમે-

एएसिणं भंते आभिणि बोहिय णाणीणं, सुयणाणी उहीणाणी, मण पज्जवणाणी, केवलणाणी, मइ अणाणी, सुयअणाणी, विभंग णाणीणं, कयरे कयरे अप्पा वा बहु यावा तुल्लावा विसेमाहीं यावा ? गोयमा सव्व थोवा जीवा *मण पज्जवणाणी, उहिणाणी असंखेज्जगुणा, आभिणि बोहिय णाणी, सुयणाणी* एए दोवि तुल्ला विसेसाहिया विभंग णाणी असंखेजगुणा, केवल णाणी अणंत गुणा मइ अणाणी सुय अणाणीय दोवि तुल्ला अणतगुणा.

એ અલ્પ બહુત્વ મધ્યે કેવળજ્ઞાનીથી મતિ શ્રુત અજ્ઞાની અનંત ગુણ કહ્યા. તે માટે સર્વ જીવની પાસે કેવળ જ્ઞાન સત્તાએ નથી, જો સર્વ જીવ પાસે કેવળ સત્તાએ હોય તો કેવલીથી અજ્ઞાની અનંત ગુણા કેમ કહે ? તે માટે સર્વ જીવને સત્તાએ કેવળ જ્ઞાન નથી. ભવ્ય જીવ કેવળ જ્ઞાનને યોગ્ય છે અને અભવ્ય જીવ કેવળ જ્ઞાન પામવાને અયોગ્ય એમ જાણવું.-આ પ્રમાણે ત્રીજો-પક્ષ લખે છે તેનું કેમ ?

ઉત્તર—ઉપર કહેલા આઠ બોલના અલ્પ બહુત્વમાં પૃચ્છા સમય, અનંતાના ત્રણ બોલમાં કેવળીથી મતિ શ્રુત અજ્ઞાની અનંત ગુણા કહ્યા તે નિગોદના જીવ આશ્રી સિદ્ધના જીવથી નિગોદના જીવ અનંત ગુણા કહ્યા છે તેને બે અજ્ઞાનજ લાભે તે આશ્રી.

અને જો સત્તા આશ્રી ગણીએ તો મોક્ષ જવાવાળા ભવ્ય જીવથી ત્રણ કાળમાં મોક્ષ નહિ જવાવાળા કે જેને સત્તામાં સમકિતજ નથી એવા અભવ્ય અને ભવ્ય જીવ અનંત ગુણા છે. તો સત્તામાં રહેલા કેવળ જ્ઞાનથી પણ મતિ શ્રુત અજ્ઞાની અનંત ગુણા હોય.

ભવ્ય જીવ કેવળ જ્ઞાનને યોગ્ય છે એમ તો ચોકખું લખે છે તો પછી ભવ્ય જીવને કેવળ જ્ઞાન સત્તામાં છે એમ કહેતાં શો વાધો આવે ? જે વસ્તુ સત્તામાં હોય તેજ વસ્તુ પ્રગટ થાય.

દાખલા તરીકે—જો કે સર્વ મનુષ્ય રાજ યોગ્ય હોતા નથી પણ રાજ યોગ્ય મનુષ્યના અભ્યંતર ગુણ અને ચિહ્ન જુદાજ હોય છે. એમ દેવગતિને પ્રાપ્ત યોગ્ય મનુષ્ય ભવ્ય દ્રવ્ય દેવ ગણાય છે તેમ સિદ્ધ ગતિને પ્રાપ્ત યોગ્ય જીવ ભવ્ય સિદ્ધિયા ગણાય છે. તેનામાં સત્તાએ સિદ્ધ ગતિને પ્રાપ્ત થવા યોગ્ય ગુણ અને લક્ષણ પણ હોય છે.

ભવ્ય જીવ અને અભવ્ય જીવની ઓળખાણને માટે શ્રીસમવાયાંગજી સૂત્રનું ૨૬મું-૨૭મું-ને ૨૮મું-સમવાયંગ ચોકખું જણાવે છે કે-સત્તામાં જેને સમકિત મોહનીય અને મિશ્ર મોહનીય નથી તે અભવ્ય જીવ તેને સત્તામાં સમકિત અને કેવળ જ્ઞાન પણ નથી. અને જેને એક સમકિત મોહનીય સત્તામાં નથી એવા ભવ્ય જીવને સત્તામાં સમકિત અને કેવળ જ્ઞાન પણ નથી. અને જેને અઠ્ઠાવીશે પ્રકૃતિ સત્તામાં છે એવા ભવ્ય જીવને સત્તામાં સમકિત છે ને કેવળ જ્ઞાન પણ છે. એમ સૂત્રના ન્યાયથી સાબીત થાય છે. વિશેષ ખુલાસાને માટે જુઓ પહેલાંનો લખાયેલો ભાગ ૬ઠ્ઠો.

એક પક્ષ એમ જણાવે છે કે-સર્વે જીવ સિદ્ધ સમાન છે માટે સર્વે જીવને સત્તામાં કેવળ જ્ઞાન છે. ત્યારે બીજો પક્ષ એમ કહે છે કે-જે જીવને મોક્ષ પ્રાપ્ત થવાનું છે એવા ભવ્ય જીવને કેવળ જ્ઞાન સત્તામાં હોય બીજા જીવોને ન હોય. મોક્ષ પ્રાપ્ત ભવ્ય જીવ સિવાય બીજા પાસે સમકિત રૂપ બીજક નથી માટે. ત્યારે ત્રીજો પક્ષ ચોકખું લખે છે કે સર્વ જીવને સત્તાએ કેવળ જ્ઞાન નથી. કેવળ તો જીવને નવું ઉત્પન્ન થાય છે.

હવે આમાં સત્ય વાત કઈ છે ? તે તો કેવળી મહારાજ સ્વીકારે તે સત્ય કહેવાય. પણ દરેક પક્ષવાળા પોતપોતાની બુદ્ધિને અનુસાર સૂત્રોના દાખલાથી પોતાનો પક્ષ સાબીત કરતા ગયા છે તે ત્રણે પક્ષના દાખલા દલીલોને ન્યાય બહુજ કાળજીથી આ ચાલતા બંને ભાગમાં દાખલ કરવામાં આવ્યા છે. તો વાચક વર્ગોએ ત્રણે પક્ષનો અનુભવ કરી જે વાત ન્યાયમાં આવે તેનો સ્વીકાર કરવો બાકીને માટે કેવળી ભગવંતને સમત્ત છે. કેવળી ભગવંત કહે તે સત્ય એમ કહી વિરમવું.

પ્રશ્ન ૬૫ મું—શિષ્ય-સૂત્રમાં ચૌદ જીવ ઠાણાં કહ્યાં છે છતાં ગ્રંથાકારે ગુણસ્થાન કહ્યાં તેનું શું કારણ ?

ઉત્તર—હે ભાઈ ! પ્રશ્ન ઘણું સારૂં છે. તેનો ખુલાસો સૂત્રકારે તેજ ઠેકાણે આપ્યો છે. અને ગ્રંથાકારે પણ તેનાજ આધારે ગુણસ્થાન કહ્યાં હોય એમ જણાય છે.

પ્રશ્ન ૬૬ મું—સૂત્ર શું કહે છે તે જણાવશો ?

ઉત્તર—હે ભાઇ ? સાંભળ-શ્રીસમવાયાંગજી સૂત્રમાં ચૌદમે સમવાયને કહ્યું છે કે—

कम्म विसोहि मग्गणे पडुच चउदस जीवट्ठाणा प० तं० मिच्छ दिट्ठी सासायण सम्मदिट्ठी, सम्मा मिच्छ दिट्ठी, अविरय सम्मदिट्ठी, विरयाविरए, पमत्त संजए, अप्पमत्त संजए, निअट्ठी-अनिअट्ठी बायरे, सुहुमसंपराए उवसमए वा, खवणय, उवसंत मोहेवा खीण मोहे, सजोगी केवली अजोगी केवली.

(લાલાજીવાળા છાપેલ સમવાયાંગમાં કહ્યું છે કે)

ભાવાર્થ—જ્ઞાનાવરણીયાદિ કર્મ વિશુદ્ધિ માર્ગ કે આશ્રી ચઉદહ જીવકે સ્થાનક કહે હૈં અર્થાત્ ચઉદહ ગુણસ્થાન કહે હૈં. ૧ વિપરીત દૃષ્ટિવાલા સો મિથ્યા દૃષ્ટિ, ૨ અલ્પ સમ્યક્ત્વકા સ્વાદ રૂપ ગુણમેં પ્રવર્ત્તે સો સાસ્વાદાન દૂસરા ગુણ સ્થાન, ૩ કુચ્છ સમ્યક્ત્વ ઔર કુચ્છ મિથ્યાત્વ સો મિશ્ર ગુણ સ્થાન, ૪ વિરતિ રહિત સમ્યગ દૃષ્ટિવાલે ચૌથે ગુણ સ્થાન મેં હૈ. ૫ કુચ્છ વિરતિ કુચ્છ અવિરતિ સો વિરતા વિરતી, ૬ કુચ્છ પ્રમાદ યુક્ત જિસકી પ્રવૃત્તિ પડી હૈ સો પ્રમત સંયત, ૭ પ્રમાદ રહિત સો અપ્રમત સંયત, ૮ અનંતાનુબંધી ચૌક વ તીન મોહનીય દંન સાતકા ક્ષય કરતા હુવા ક્ષપક શ્રેણીમેં ચઢે વ ઉપશમ શ્રેણીમેં ચઢે સો નિવૃત્તિ બાદર, ૯ ચારિત્ર મોહનીયકી ૨૧ પ્રકૃતિમેં કિતનીક પ્રકૃતિકા ઉપશમ વ

કિત્તિનેકકા ક્ષય કરે સો અનિયટ્ટિ બાદર, ૧૦ માત્ર સૂક્ષ્મ સંજ્વલકા લોભ રહ જાવે સો સૂક્ષ્મ સંપરાય, ૧૧ મોહનીય કર્મકી ૨૮ પ્રકૃતિયેંકા સર્વથા ઉપશમ કરના સો ઉપશાંત મોહનીય, ૧૨ ઉસી ૨૮ પ્રકૃતિયેંકા સર્વથા ક્ષય કરના સો ક્ષીણ મોહનીય, ૧૩ મન, વચન વ કાયાકે શુભ યોગ યુક્ત કેવળ જ્ઞાન વ કેવળ દર્શન સંપન્ન સો સયોગી કેવળી, ઔર ૧૪ મનાદિ તીનો યોગ રહિત સો અયોગી કેવળી.

અહિંયાં તો એમ કહ્યું છે કે–જ્ઞાનાવરણીયાદિ કર્મવિશુદ્ધ માર્ગ કે આશ્રી ચઉદ્દહ જીવકે સ્થાનક કહે હૈં અર્થાત્ ચઉદ્દહ ગુણસ્થાન કહે હૈં

એટલે આઠે કર્મની વિશુદ્ધિ કરવાનો માર્ગ હોવાથી આ ચૌદે ભાવને ગુણનું સ્થાનક કહ્યું છે, એમ સૂત્ર પાઠ જણાવે છે.

પ્રશ્ન ૬૭ મું—પહેલું ગુણસ્થાન મિથ્યા દૃષ્ટિનું કહ્યું છે તો મિથ્યાત્વમાં ગુણ શું? અને મિથ્યાત્વમાં કર્મની વિશુદ્ધિ કેવી રીતે કરી શકે?

ઉત્તર—દરેક જીવની મૂળ ભૂમિ તો મિથ્યાત્વનીજ હોય છે તે ભૂમિમાં રહેલા જીવોને માર્ગાનુસારી કરણીનો ગુણ પ્રગટવે એટલે મિથ્યા દૃષ્ટિની કરણીમાં પણ શીલ સંતોષાદિ સરલતા વિનયાદિ અનેક ગુણો હોવાથી પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન કહ્યું.

પહેલા ગુણસ્થાનકે રહેલા કોઇ કોઇ જીવો પણ અનેક પ્રકારની તપ ક્રિયાદિ કરણીના બળે અકામ નિર્જરાના યોગે પણ કર્મોના દળીયાને પાતળા પાડી અંતો કોડા કોડીને નજીક આવતાં ગંઠી ભેદ કરી સમકિતના સન્મુખ થાય છે. સામગ્રીનાપણાના ન્યાયે. આટલા માટે પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન કહેવામાં આવે છે.

પ્રશ્ન ૬૮ મું—સમકિતની પ્રાપ્તિ થવાવાળા જીવને અગાઉથી શું ગુણ ઉત્પન્ન થાય કે અમુક ગુણવાળા જીવ અવશ્ય સમકિતના અધિકારી હોય?

ઉત્તર—આ વિષે શ્રી પ્રકરણ-રત્નાકર-ભાગ ૪ થો ૮૧૬ પૃષ્ઠનો છે. તેમાં પૃષ્ઠ ૫૭૭ થી ૬૨૫ મા પૃષ્ઠ સુધીમાં શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ બાલાવબોધ સહિત છપેલ છે. તેમાં પૃષ્ઠ ૫૭૮ મે જીવની મૂળ સ્થિતિનું સ્વરૂપ બતાવ્યું છે. તેમાં કહ્યું છે કે—

સંસારી જીવ, તે જેની આદિ પણ ન પામીએ અને અંત પણ ન પામીએ, તેને અનાદિ અનંત કહીએ. એટલે જેની આદિ અંત નહીં

એવો ચતુર્ગતિ ભ્રમણુ રૂપ સંસાર. તેજ જાણીએ એક ઘોર કાંતાર એટલે ભયાનક અટવી, તેને વિષે મોહનીયાદિક આઠે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિના વિપાક વેદવાના પરવશપણા થકી એ જીવ ભ્રમણુ કરે છે. સર્વ જીવોની મૂળ સ્થિતિ એવી છે કે અનાદિ નિગોદ જે સૂક્ષ્મ વનસ્પતિકાય જાતિ નિગોદ, તેમાં ખાણુ સંપન્ન કનકોપલ ન્યાયે અનાદિના રહે છે, એ સર્વ જીવોની મૂળ સ્થિતિ છે, તેમાં અંગુલને અસંખ્યાતમે ભાગે શરીર હોય, અને બસો છપ્પન આવલિકાનું આયુ હોય, એટલે રોગ રહિત મનુષ્યના એક શ્વાસોશ્વાસ માંહિ સત્તર ભવ ઝાઝેરા કરે, એમ કેવળ તુચ્છ આયુષ્ય વેદતાં ક્ષુલ્લક ભવ રૂપે અનાદિ નિગોદમાં ચય ઉપચય એટલે ત્યાંજ જન્મ મરણુ કરતા રહે છે, એ રીતે સર્વ સંસારી જીવોને. નિગોદમાં ભટકતા અનંતાનંત પુદ્ગલ પરાવર્ત્તન વીતી ગયા.

પ્રશ્ન ૬૯ મું—જ્યારે નિગોદમાં અનંતાનંત પુદ્ગલ પરાવર્ત્તનકાળ કાઢયો ત્યારે જીવને સમકિતની પ્રાપ્તિ થવા યોગ્ય કયારે થયો ગણુવો ?

ઉત્તર—જ્યારે જીવ નવઘાટી ઓલંઘીને આવે એટલે સૂક્ષ્મ નિગોદપણુમાંથી અધ્યવસાયની તારતમ્યતાએ કોઇ જીવ કોઇ વખત હલુકમી એટલે કર્મે ઘસાતો ઓછાં કર્મવાળો થાય, એટલે સૂક્ષ્મ નિગોદમાંથી બાદર નિગોદમાં આવે; ત્યાં છેદન ભેદનાદિ અકામ નિર્જરાના યોગે પૃથિવ્યાદિ પાંચે સ્થાવર કાયમાંથી બેંદ્રિયાદિક વિકલેંદ્રિયાદિકમાં તથા અસંજ્ઞી પંચેંદ્રિયપણું પ્રાપ્ત થયે અનેક પ્રકારના દુઃખ સંકટો સહન કરતાં અકામ નિર્જરાને યોગે ઉપર કહેલી નવ ઘાટી ઓલંઘી સંજ્ઞી પંચેંદ્રિયપણું પામે. એમ અનેક પ્રકારનાં શુભાશુભ કર્મના યોગે શુભાશુભ ગતિ નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતાના ભવ રૂપ ચાર ગતિ રૂપ ચક્રવાળમાં ભવ ભ્રમણુ કર્યા કરે છે, ને કરશે. પણુ સમકિત પ્રાપ્ત થવું મહા દુર્લભ કહ્યું છે.

પ્રશ્ન ૭૦ મું—શિષ્ય—જ્યારે આપ કહો છો કે જીવ અનંત શક્તિનો ધણી છે તો પછી તેને ભવ ભ્રમણુ શા માટે કરવા પડે ?

ઉત્તર—હે ભાઇ! તારૂં કહેવું ખરૂં છે અને જીવ અનંત શક્તિનો ધણી છે એ વાત પણ સત્ય છે પણ જ્યાં સુધી જીવ રાગદ્વેષના બંધને બંધાયેલો છે ત્યાં સુધી તેના ઉપર આઠ કર્મરૂપ શત્રુઓ હુમલા કર્યા કરે છે કે જેથી તેના બંધનથી મુક્ત થવાને શક્તિવાન થઇ શકતો નથી.

પ્રશ્ન ૭૧ મું—અનંત શક્તિવાન જીવને કર્મના બંધનમાં આવવાનું શું કારણુ?

ઉત્તર—'સમ્યકત્વ સ્વરૂપ સ્તવ' પાને પંદર મેં કહ્યું છે કે-કર્મબંધ બાંધવાના ચાર હેતુ છે, મિથ્યાત્વ અવિરતિ, કષાય અને યોગ એ ચારે હેતુની પ્રબલતાયેં કર્મસ્થિતિ ઉત્કૃષ્ટી બાંધે છે.

ત્યાં સર્વ કર્મનો ઉત્પાદક પોષક મોહનીય કર્મ છે, જેમ કુકડીથી મુરઘી અને મુરઘીથી ઈંડું તેમ મોહનીય કર્મથી આઠે કર્મ બાંધે, આઠે મળી મોહનીય કર્મની પુષ્ટી કરે, માટે મોહનીય કર્મની મુખ્યતા કહી, મોહનીય કર્મને રાજ્યપદની ઉપમા કહી, તે મોહનીય કર્મની અઠ્ઠાવીશ પ્રકૃતિમાં મિથ્યાત્વ મુખ્ય કર્મ પ્રકૃતિ છે, સમસ્ત સંસારમાં સર્વ જીવોને સમસ્ત દુ:ખનો હેતુ એક મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વ મોહનીય એકવાર બાંધ્યું ઉત્કૃષ્ટો સિત્તેર કોડા કોડી સાગરોપમ સુધી વિપાક આપે, તેહનો વિપાક અત્યંત મદિરા પાનની ઘુમિ સરીખો છે, જેમ મદિરાનું પાન કરનાર પુરૂષ મિત્રને શત્રુની બુદ્ધિયેં મારવા દોડે અને શત્રુને હસી હસીને મળવા દોડે.

તેમ તીવ્ર મોહના ઉદયથી જીવને અજીવ જાણે અને અજીવને જીવ જાણે તથા ધર્મને અધર્મ જાણે, અધર્મને ધર્મ જાણે, માર્ગને ઉન્માર્ગ જાણે, ઉન્માર્ગને માર્ગ જાણે, સાધુને અસાધુ જાણે, અસાધુને સાધુ જાણે, મુક્તને અમુક્ત જાણે, અમુક્તને મુક્ત જાણે, એ દશ પ્રકારે મિથ્યાત્વ વિપાક આપે.

પ્રશ્ન ૭૨ મું—અહિંયાં મોહનીય કર્મને રાજ્યપદની ઉપમા આપી તો તે મોહનીય કર્મ જીવ ઉપર શી સત્તા ફેરવે ?

ઉત્તર—દિગંબર મતનાં ભગવતીદાસે ગુરૂ શિષ્ય ચતુર્દશીમાં કહ્યું છે કે:-

શિષ્ય પ્રશ્ન—દોહરા—

कहीँ दिव्य धुंनि शिष्यमुंनि, आयो गुरुकेँ पास;
पुज सुंनहु इक विनती, अचारिजकी अरदास. १
आज अचंमो मैं सुंन्यौं, एक नगर के बीच;
राजा रिपुमें विपरथौ, राज करै सब नीच. २
नीच राज जहां करै, तहां नृप बट हीन;
अपनौं जोर चलै नहीं, उनहींकें आधीन. ३

[illegible]
[illegible] ૪
[illegible]
[illegible] ૫
[illegible]
[illegible] ૬
[illegible]
[illegible] ૭
[illegible]
[illegible] ૮

[illegible]

[illegible]

[illegible]
[illegible] ૯
[illegible]
[illegible] ૧૦
[illegible]
[illegible] ૧૧
[illegible]
[illegible] ૧૨
[illegible]
[illegible] ૧૩
[illegible]
[illegible] ૧૪

[illegible]

જીવ જ્યારે પોતાની સત્તા ફોરવે ત્યારે મોહાદિ સર્વ કર્મદળને ચુરી આપોઆપ નિજ સ્વરૂપને પ્રગટ કરે. અર્થાત્ મિથ્યાત્વ ટાળી સમ્યક્ત્વ પ્રગટ કરે.

પ્રશ્ન ૭૪ મું—જીવને સમકિતની પ્રાપ્તિ થયા પહેલાં શા શા ગુણો ઉત્પન્ન થાય ?

ઉત્તર—'સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ'માં પૃષ્ઠ ૫૮૪ મે-કહ્યું છે કે-આઠ કર્મની પ્રકૃતિ સ્થિતિ રસ અને પ્રદેશ બંધના પરવશપણે અનંતાનંત પુદ્ગળ પરાવર્તન યથા જન્મ મરણાદિ રુપ, ભીષણ કાંતારમાં ભમ્યો, એમ ભમતાં ભમતાં કોઇક વારે દુર્લભ મનુષ્ય ભવાદિ સામગ્રી યોગ મળ્યે, પણ મિથ્યાત્વની પ્રબળતા હેતુએ અથવા પાંચ કારણના પરિપાક વિના ક્યાંય પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થઇ, કેવળ ભવપૂર્ણ થયો. અહિં પ્રસંગે યોગ બિંદુ ગ્રંથમાં કહેલી સમ્યક્ત્વ પ્રાપ્તિની શૈલી લખીએ છીએ.

જે ભવ્ય જીવ છે તેને ભવ્યતાના ઉદયે કરી અકામ નિર્જરા વડે કર્મ ખપાવતાં પાંચ કારણની અનુકૂળતાએ કરી બે પુદ્ગળ પરાવર્તન શેષ સંસાર રહે, તેવારે ધર્મ શબ્દ સામાન્યે સદહે, જે ધર્મ શબ્દ સાંભળવા સન્મુખ નિર્વિવેકપણે હોય તેને શ્રવણ સન્મુખી ભાવ કહીએ પણ તથા વિધ આદર પીપાસા કાંઇ હોય નહિ પણ સહજ મળે તો વિમુખ નહિ.

પ્રશ્ન ૭૫ મું—જ્યારે જીવ ધર્મ શબ્દ સાંભળવા સન્મુખ થયો ત્યારે તે માર્ગાનુસારી થયો કે કેમ ?

ઉત્તર—માર્ગાનુસારી થયો નથી પણ જે જીવને બે પુદ્ગળ પરાવર્તન કાળ સંસાર રહ્યો હોય તે જીવ માર્ગાનુસારી થવાને સન્મુખ થયો કહેવાય. તે વિષે તેજ ઉપર કહેલા ચાલતા અધિકારમાં નીચે પ્રમાણે કહ્યું છે.

પછી ત્યાંથી સંસાર પરિભ્રમણ કરતો જીવ ઉચ્ચ ભાવમાં આવે, તેવારે દોઢ પુદ્ગળ પરાવર્તન રહે, માર્ગ ગવેષણા, માર્ગ શ્રવણ, માર્ગ સન્મુખ, માર્ગાનુસારી, માર્ગ પ્રાપ્ત ઇત્યાદિક નામ અહિંથી આગે થાય, ધર્મ ભણી ધસે, જિનોક્ત માર્ગનું શ્રવણ હોય, કોઇક રીતે રૂચિ થાય, પણ તીવ્ર ભાવે ગવેષણા ન હોય એને માર્ગ પતિત કહિયે, એટલે માર્ગે પડયો કોઈ ભવે એવી રૂચી થઇ પડે.

સંસાર પારભ્રમણ કરતાં એક પુદ્ગળ પરાવર્તન રહે તેવારે જિન માર્ગાનુસારીપણું શુદ્ધાશુદ્ધની ગવેષણા માત્ર હોય, એ રીતે કરતાં અહિં ધર્મ યોવનકાળ આવે ન્યાય સંપન્ન વિભવ પ્રમુખ પાંત્રીશ ગુણ પામે,

મિત્રાદિક દૃષ્ટિ પામવાનો અવસર હોય, એને માર્ગાનુસારી કહીએ. અહિં ષટ દર્શનની ભિન્નતા જાણે, જિનોક્ત માર્ગે વ્યવહારે પ્રવર્તે, અહિંથી મિથ્યાત્વ મંદ પડયું, તેથી વ્યવહારે દ્રવ્ય ધર્મ પણ પામે, પણ સમ્યક્ત્વ પ્રાપ્તિ ન થાય, અહિં પડેલા ત્રણ અનુષ્ઠાનની પ્રબલતા હોય, સર્વ ક્રિયા કરે તે દેખી બીજા અનેક જીવ ધર્મ પામે, પણ પોતાને ન હોય, તે ક્રિયાનું ફળ સ્વર્ગાદિક થાય, પણ નિર્જરા અર્થે ન થાય.

પ્રશ્ન ૭૬ મું—જે જીવને એક પુદ્‌ગલ પરાવર્તનકાલ સંસાર રહ્યો, ત્યારે તે જીવ માર્ગાનુસારી થયો તે જીવને સમકિતની પ્રાપ્તિ કયારે થાય?

ઉત્તર—સમ્યક્ત્વ સ્વરુપ-પાને ૫૮૫મે કહ્યું છે કે:-

ઇહાં ચરમ પુદ્‌ગલ પરાવર્ત્તમાં મિથ્યાત્વની મંદતા થાય ત્યારે સમ્યક્ત્વ પામવાના કારણ ત્રણ કરણ છે, તેનાં નામ એક યથા પ્રવૃત્તિ કરણ ૧, બીજો અપૂર્વ કરણ ૨, ત્રીજો અનિવૃત્તિ કરણ ૩, તેમાં ઇહાં પ્રથમ કરણનો અવસર છે તે કહે છે. એ સમ્યક્ત્વ ગુણ પામતાં સુધીમાં સર્વ સાધારણ આઠ દૃષ્ટાંત કહ્યાં છે તેમાં યથા પ્રવૃત્તિ કરણ કરતાં બે દૃષ્ટાંત લાગે.

પ્રશ્ન ૭૭ મું—તે આઠ દૃષ્ટાંત કેવી રીતે કહ્યાં છે તે જણાવશો?

ઉત્તર—તે દૃષ્ટાંતની આવશ્યકોક્ત ગાથા તે ગ્રંથમાં નીચે પ્રમાણે કહી છે.—ગાથા—

पल्लय गिरि सरिउवला, पिवीलिआ पुरिसपहजरगहीआ; कोद्दव जलव छाणिम, सामा इयलाभ दिठंता. १

એ ગાથાનો અર્થ કહે છે. એક પાલાનું દૃષ્ટાંત, બીજું પર્વતથી નદી પ્રયાત સ્થાને રહેલા પાષાણનું દૃષ્ટાંત, ત્રીજું પીપીલિકા તે કીડીનું દૃષ્ટાંત. ચોથું ત્રણ પંથી પુરૂષનું દૃષ્ટાંત, પાંચમું જ્વર અહિતનું દૃષ્ટાંત, છઠ્ઠું મદન કોદ્રવનું દૃષ્ટાંત, સાતમું મલિન જલ દૃષ્ટાંત, આઠમું સમલ વસ્ત્ર દૃષ્ટાંત. એ આઠ દૃષ્ટાંત સર્વે સમ્યક્ત્વનો લાભ થતાં સુધીમાં લાગે.

પ્રશ્ન ૭૮ મું—યથા પ્રવૃત્તિ કરણ કેવી રીતે હોય? ને તેનો અર્થ શો?

ઉત્તર—અહિં સમ્યક્ત્વ પામતા કરણ ત્રણ છે, તેમાં પહેલું યથા પ્રવૃત્તિ કરણ તે 'अनति क्रम्य करोतीति' યથા પ્રવૃત્તિ, એ વ્યુત્પત્તિનો અર્થઃ-યથા કે'તાં જેમ અનાદિની ચાલ છે તેમની તેમ પ્રવૃત્તિનું કરણ કેતઃ જીવ પરિણામનું પ્રવર્તન છે; જ્યાં તેને યથા પ્રવૃત્તિ કરણ કહીયે, એટલે

અનાદિનું જે ચાલુ પરિણામ છે તે પ્રવર્તન ફર્યું નથી, અનાદિ ચાલે પ્રવર્તે છે, પણ કારણુ પરિપાકના જોરથી મિથ્યાત્વની મંદતા થાય. તેથી પાલાને દૃષ્ટાંતે જેમ પૂર્વે ભર્યો ધાન્યનો પાલો તેમાં થોડું ધાન્ય નાખીયે અને ઘણું ધાન્ય કાઢીએ તે વારે તે પાલો કાળાંતરે ખાલી થાય તેમ કર્મ રૂપ ધાન્યે કરી સમસ્ત આત્મ પ્રદેશ રૂપ પાલો ભર્યો છે તે પાલો જીવને અનાભોગથી એટલે ઇચ્છા વિના સહેજે અકામ નિર્જરાથી છેદન ભેદનાદિકથી અશુભ વિપાકાવસરે મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયની મંદતાના યોગે કર્મ વિપાકે બહુ વ્યાપક ન હોય તે વારે કષ્ટ માફક નિર્જરા ઘણી થાય, અને મિથ્યાત્વ કષાયની મંદતા માટે નવાં કર્મ પણ ઘણાં બાંધે નહિ, મંદ વીર્ય માટે પ્રદેશ રસ પણ થોડું ગ્રહણ કરે એટલે ઘણી નિર્જરા થાય અને બંધ અલ્પ થાય તેથી કર્મ સ્થિતિ રૂપ ધાન્યનો પાલો ઘટાડે. (એ પાલાનું પહેલું દૃષ્ટાંત કહ્યું)

પ્રશ્ન ૭૯ મું—બીજું દૃષ્ટાંત નદીના પાષાણનું શી રીતે છે?

ઉત્તર—જેમ પર્વતથી નદી ધારા પડે ત્યાં નીચે રહેલો પાષાણ તે નદીની જળધારા પડવાથી અરહોપરહો ધોળાય અથડાય, તે પાષાણ ઘોળના ઘંચનાને યોગે ઘસાઇને ગોળઘાટમાં આવે, ફરસમાં સુંહાલો થાય એ રીતે સહેજ સ્વભાવે કોઇક ઘાટમા આવે પણ કોઇએ એનો વિચારપૂર્વક ઘાટ કર્યો નથી.

તેમ જીવ તે પાષાણ રૂપ, નદી પ્રવાહ તે કર્મોદય પ્રવાહે પચનો અકામ નિર્જરાથી પૂર્વોક્ત ન્યાયે નિર્જરાએ કરી કોઇક ધર્મ પ્રવૃત્તિ યોગ્ય ઘાટમાં આવે. (આકારમાં આવે)

એ દૃષ્ટાંતે કરી એક આયુકર્મ વર્જીને બાકી સાતે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ યોગ્ય બંધ પરિણામને ઘટાડે, તથા પૂર્વ બંધ હોય તે પણ નિર્જરે, તેવારે સિત્તેર કોડાકોડી મિથ્યાત્વ બાંધતો હતો તે પરિણામ ટળીને પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ન્યૂન એક કોડાકોડીની સ્થિતિ બંધના પરિણામ રાખે, તથા પૂર્વબંધ હોય તે પણ સર્વ સ્થિતિ ઘટીને એક કોડાકોડીની સ્થિતિ શેષ રહે, એ રીતે એક આયુકર્મ મૂકી બાકી સાતે કર્મની સ્થિતિ ઘટાડી નાખે.

એટલા સુધી જે જીવના પરિણામની યોગ્યતા થઇ એનું નામ યથા પ્રવૃત્તિ કરણ કહીએ. એ કરણ જીવ સંસારમાં ભમતાં ભમતાં અનંતીવાર કરે, પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ઓછી એક કોડાકોડી સાગરોપમની

સાતે કર્મની શેષ સ્થિતિ રહી ત્યાં સુધી યથા પ્રવૃત્તિ કરણ કહીએ, આગલે ગ્રંથી દેશ આવ્યો ખરો પણ એ કરણ યોગ્ય પરિણામે આગળ ન જવાય. ઇતિ પ્રથમ કરણ. (બે દષ્ટાંતે કરી કહ્યું)

પ્રશ્ન ૮૦ મું—બીજું અપૂર્વકરણનું સ્વરૂપ શી રીતે?

ઉત્તર—બીજું અપૂર્વકરણ તે જે પહેલા સંસાર પરિભ્રમણ કરતાં કદાપી એવું, કરણ જે જીવ પરિણામ વિશેષ તે પામ્યો નથી માટે અપૂર્વ કરણ કહીએ. એ અપૂર્વકરણ પરિણામે ઘન નિવડ રાગ દ્વેષ પરિણતીમયી જે ગ્રંથી તેને ભેદવા માટે, જે ભેદે તે અધ્યવસાયને અપૂર્વકરણ કહીએ.

પ્રશ્ન ૮૧ મું—ત્રીજું અનિવૃત્તિકરણ કોને કહીએ?

ઉત્તર—ત્રીજું અનિવૃત્તિકરણ તે જે અધ્યવસાય ફળ પ્રાપ્તિ વિના નિવર્તે પડે નહિ, એટલે પૂર્વે આવ્યો જે અપૂર્વકરણ રૂપ પરિણામ તે પાછો જાય નહિ તેને અનિવૃત્તિકરણ કહીએ, તે અનિવૃત્તિકરણ રૂપ પરિણામે કરી જીવ સમ્યકત્વ પામે તે ત્રીજું કરણ.

પ્રશ્ન ૮૨ મું—ઉપરના કહેલા ત્રણ કરણ વિષે વિશેષ સમજવા જેવું હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—સમ્યકત્વ સ્વરૂપમાં-પૃષ્ટ ૫૮૭ મે-કલ્પ ભાષ્યની સાખ આપી જણાવે છે કે—

આયુવર્જીને સાતે કર્મની અંતિમ-છેલ્લી કોડાકોડી સ્થિતિ પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ન્યૂન રહે, બાકી સર્વ ખપી જાય. એ હવે ઇહાં ગંઠી કઠણ સ્થાનક છે. તે ગંઠી કેવી છે? તો કે, અત્યંત દુઃખે ભેદવા યોગ્ય, કર્કશ, વક્ર, ગૂઢ, ગુપ્ત કોઠ, ખદિરાદિ કઠીણ કાષ્ટના ગાંઠની પરે જેવી તેવી રીતે ભેદાય છેદાય નહિ; એ ઉપમાએ અનાદિનું જીવને કર્મજનિત ઘન-નિવડ રાગદ્વેષ પરિણતિ સંચય રૂપ ગ્રંથી તે વજ્રવત્ દુર્ભેદ્ય છે. જ્યાં ગંઠી છે ત્યાંસુધી આવે તેને પ્રથમ યથા પ્રવૃત્તિકરણ હોય. ॥૧॥

પછી ગ્રંથી સમર્થન કરતાં સામર્થ્યવંત થઇ ગ્રંથી ભેદતાં બીજું અપૂર્વકરણ હોય. ॥૨॥

તથા વળી અનિવૃત્તિકરણ તે સમ્યકત્વ અવશ્ય પ્રાપ્ત ભવ્યપણે આગળ કર્યું જેણે જીવે, એટલે સમ્યકત્વ અવશ્ય પામવું જેના સુખ આગળ રહ્યું છે તે જીવને ત્રીજું કરણ હોય. ॥૩॥

(આનો પરમાર્થ એમ જણાય છે કે-પહેલે કરણે ભવસ્થિ
પરિપક્વ, બીજે કરણે ગંઠી ભેદ, અને ત્રીજે કરણે સમકિતના સન્મુ
થયો. એમ સંભવે છે.)

પ્રશ્ન ૮૩ મું—શિષ્ય-ઉપર કહ્યા પ્રમાણે એ રીતે ધાન્યગે પા
તથા નદીનો પત્થર એ બે દષ્ટાંતે કોઇક જીવે યથા પ્રવૃત્તિ કરણે અં
કોડા કોડી સાગરોપમની સાતે કર્મની શેષ સ્થિતિ કીધી, એટલે સમ્યક
પ્રાપ્તિનો નિશ્ચય થયો ?

ઉત્તર—ગુરૂ કહે-અહિં સમ્યકત્વ પ્રાપ્તિનો નિશ્ચય થયો નથી ત
પણ કાંઇક ઉણી એક કોડા કોડી સ્થિતિ શેષ સાત કર્મની કીધી તો પ
અભવ્ય અથવા દુર્ભવ્યત્વાદિક રૂપણુને લીધે હાહા ઇતિ .ખેદે રાગદ્વે
પરિણામમય ગ્રંથી દેશ ગત જીવ પણ ગ્રંથીને અણભેદતો થકો હે નાથ
તાહરું દર્શન જે શ્રી મુખે કહેલું સમ્યકત્વ તે પામી શકે નહિ. કેમ કે
યથા પ્રવૃત્તિ કરણ શુદ્ધિ તો અભવ્ય પણ આવે એવું આવશ્યક વૃત્તિમ
કહ્યું છે કે અભવ્ય પણ કોઇક અકામ નિર્જરા કરતો ગ્રંથી દેશ સુધી
આવે ત્યાં અરિહંતની ઋદ્ધિ દેખીને અથવા અન્ય કોઇ પૌદ્ગલિક ઋદ્ધિની
ઇચ્છાએ પ્રવર્ત્તમાન થકો ચારિત્ર લે ત્યાં માત્ર શ્રુત સામાયિકનો લાભ
તેને હોય, પણ શેષ દર્શન સામાયિકાદિક પામે નહિ, એમ સંસારમાં
ભમતા થકાં વ્યવહારરાશીયા જીવ પ્રાયે જ્યાંસુધી ચરમાવર્ત ચરમકરણ
પામે ત્યાંસુધી અનંતીવાર ગ્રંથી દેશ સુધી આવી પાછા પડે. (પણ
અભવી તથા દુર્ભવી-સંસારસ્થ ભવ્ય જીવને ગંઠી ભેદ થાય નહિ.)

પ્રશ્ન ૮૪ મું—ગંઠી ભેદ થવાની રીત કઈ છે? કેવા પ્રકારે ગંઠી
ભેદ થવાય છે તે જણાવશો?

ઉત્તર—સમ્યકત્વ સ્વરૂપ-પૃષ્ઠ ૫૮૮ માં કહ્યું છે કે-જીવ જે રીતે
ગ્રંથી ભેદે તે રીત કહે છે.

અહિં ગ્રંથી દેશ પામ્યા પછી કોઈ જીવ અપૂર્વકરણ કરે તે પંથી
જે વટેમાર્ગુ તથા પીપીલિકા જે કીડી તેને ન્યાયે દષ્ટાંતે કહી દેખાડે છે.

જેમ અહિં કોઇક ત્રણ મનુષ્ય છે, તે સ્વભાવ ગમને કરી સહેજે
નિષ્પ્રયોજને અટવી પંથે જાય છે તે જાતાં જાતાં ઘણી અટવી ઓળંગી
ગયા પછી કાળ અતિક્રમવે કરી ભય પામ્યા, એટલે અસૂર વખતે
અટવીનો પંથ તેથી ડરવા લાગ્યા, એટલામાં તુરત બે ચોર આવી
લાગ્યા. પછી તે ત્રણ મનુષ્યે માર્ગને સુખે ઢુંકડા બે ચોરોને દેખીને

તે ત્રણમાંથી એક તો માર્ગ થકી પાછો નિવર્ત્યો, એટલે પાછો નાશી ગયો, તથા બીજાને તો તે ચોર લોકોએ ગ્રહણ કીધો એટલે પકડી લીધો, અને ત્રીજો મનુષ્ય તે ચોરોને સમયક્ પ્રકારે આતક્રમ્યો, એટલે પોતાનું બળવીર્ય ફેરવી ચોરોને હત પ્રહત કરી પુરપ્રત્યે પહોંચ્યો એટલે ઇચ્છિત સ્થાનકે નિર્ભયપણે પહોંચ્યો. એ દ્દષ્ટાંત સમયકત્વ પ્રાપ્તિમાં ઉપનય ભાવે ઉતારે છે.—

ભવ ભ્રમણ રૂપ તો અટવી તેમાં મનુષ્ય તે ત્રણ ઉત્કૃષ્ટ જાતના સંસારી જીવ, અને કર્મ સ્થિતિ તે મોટો દીર્ઘ માર્ગ કહીએ. તથા ગ્રંથી દેશ તે ભયનું સ્થાનક વળી રાગ અને દ્વેષ રુપ બે ચોર જાણવા. એ ત્રણમાંથી દુર્ભવ્ય, અથવા અભવ્ય જીવ તે તો પાછા ભાગ્યા (નાશી ગયા). તથા અચરમકરણી અથવા અપરિપક કારણી તો ગ્રંથી દેશેજ રહ્યો, અહીં ગ્રંથી દેશે ભવ્ય અથવા અભવ્ય ઉત્કૃષ્ટો સંખ્યાત અસંખ્યાત કાળ સુધી રહે પછી ભવ્યને શેષ અર્દ્ધ પુદ્દગલ પરાવર્ત્તન સંસાર રહ્યો હોય તો ગ્રંથી ભેદે અધિક સંસારી પાછો ફરે. અહિં ગ્રંથી દેશે ભવ્ય અથવા અભવ્ય રહ્યા થકા દ્રવ્ય શ્રુત ભિન્ન દશ પૂર્વ સુધી પામે તથા દ્રવ્ય ચારિત્ર પામે.

પ્રશ્ન ૮૫ સું—કોઈ એમ કહે કે અભવીને પૂર્વનું જ્ઞાન ન હોય તેનું કેમ?

ઉત્તર—પાને ૫૮૯ મે-કહ્યું છે કે-અભવ્ય પૂર્વ શ્રુત ન પામે, કેટલાક ગ્રંથોને અનુસારે તથા વૃદ્ધ પરંપરાએ પણ અભવ્યને પૂર્વ શ્રુત ન હોય, તથા કોઇક ગ્રંથને અનુસારે લબ્ધિ દશ પૂર્વ સંપૂર્ણને પૂર્વ લબ્ધિ કહીએ, તે અભવ્યને ન હોય પણ શેષ હોય, પછી બહુ શ્રુત કહે તે ખરૂં. પૂરે પૂરાં દશ પૂર્વ તથા અધિક યાવત્ ચૌદ પૂર્વ સુધી જે ભણે તે નિયમા સમ્યકત્વી હોય, કેમકે કલ્પ ભાષ્યમાં કહ્યું છે કે-યતઃ चउदस दसय अभिन्न, नियमा सम्मत्त सेसए भयणा ॥ इति ॥ ત માટે ઉત્કટ કારણ યોગે બીજો પુરૂષ તો ગ્રંથી દેશેજ ટકી રહ્યો, તથા ત્રીજો ચરમ કરણી પ્રાપ્ત ભવ્ય સમ્યકત્વ વંત વીર્યોલ્લાસ વધને રાગ દ્વેષ પરિણતિ રુપ ગ્રંથી ભેદીને સમ્યકત્વ દર્શન રુપ નગરેજ પહોચે એમ ત્રણે કરણનો ઉપનય જોડવો.

પ્રશ્ન ૮૬ સું—ચોથું પીપીલિકાનું દ્દષ્ટાંત શી રીતે છે?

ઉત્તર—ઉપરના ચાલતા અધિકારે-પીપીલિકાનું દ્દષ્ટાંત સમજાવે છેઃ— જેમ ક્ષિતિ જે પૃથ્વી તેના ઉપરે સહજ સ્વભાવે કીડી ફરે છે, ગમન કરે છે, પણ તેમાં કોઇની પ્રેરણા નથી, હવે તેમાં એક કીડી તો ફરતી ફરતી

થાળું જે ખીલો અથવા ભીંત પ્રમુખ ત્યાં સુધી આવીને વળી પાછી ફરી જાય, તથા કોઇક કીડી તો થાળું જે ખીલો ભીંત તે ઉપરે ચઢવા માંડે તે ચઢીને થાળુંના ઉપર બેસી રહે, તથા વળી કોઇક કીડી થાળુ ઉપરે ચઢીને ઉડી જાય. તથા કોઇક કીડી ખીલાથી અધવચ પાછી ઉતરે, એ મૃદંગી જે કીડી તેનું દ્રષ્ટાંત જાણવું.

હવે એના ઉપનય ઉપમાન દેખાડે છે, ક્ષિતિ ગમન એટલે કીડીનું પૃથિવી ઉપરે ફરવું, ખીલાના મૂળ સુધી આવવું તે પ્રથમના યથા પ્રવૃત્તિ કરણ સરખું છે, તથા કોઇક કીડી ખીલે ચડી તે સમાન બીજું અપૂર્વ કરણ છે, તથા કોઇક કીડી ખીલે ચડીને તે ખીલાથી ઉડી ગઇ તે સદ્દશ જીવને ત્રીજું અનિવૃત્તિ કરણ કહીએ.

થાળું જે ખીલો ત્યાંજ ટકી રહેવું તે ગ્રંથી દેશે રહેવું એટલે ગ્રંથી ગત જીવનું કોઇ કાળ સુધી ત્યાં રહેવું હોય, તે સરખું છે, તથા તે ખીલા રૂપ ગંડી દેશથી ઓસરે એટલે પાછું ફરે તે ફરી કર્મ સ્થિતિની વૃદ્ધિ કરે ફરી ઉત્કૃષ્ટી કર્મ સ્થિતિ વધારે.

એ બે દ્રષ્ટાંત કહ્યા તેણે કરી કોઇ સંજ્ઞી પર્યાપ્તો પચેંદ્રિય ભવ્ય જીવ મુક્તિ જાવા યોગ્ય હોય, જેને માત્ર અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્તન ઉણ સંસાર બાકી રહ્યો હોય, એવો એટલે લક્ષણે પૂરણ જે જીવ હોય તે જીવ જે કરે તે આગળ કહે છે.

પ્રશ્ન ૮૭ સું—અર્દ્ધ પુદ્ગલમાં આવેલો જીવ શું શું કરે?

ઉત્તર—ઉપરોક્ત લક્ષણવંત જીવ તે ગ્રંથી દેશ સુધી આવે, ત્યાં પરિણામ નિર્મલતાની વૃદ્ધિ હોય તે કહે છે. પૂર્વે કોઇ વારે પામ્યો નથી એવું જે પરિણામ તેને અપૂર્વ કરણ કહીએ તે અપૂર્વ કરણ કેવું છે કે નિબડ આકરી અત્યંત કઠીણ એવી પૂર્વોક્ત રૂપ જે ગ્રંથી તેને ભેદવાને વજ્ર સરખું છે, તેને ઘાએ કરીને વિહિત એટલે કર્યો છે દુષ્ટ ગ્રંથીનો ભેદ જેણે, તથા ભૂત તે જીવ પ્રતિક્ષણે વિશુદ્ધમાન પરિણામની નિર્મલતા વધતે થકે અંતર્મુહૂર્ત્ત માત્રમાં પૂર્વોક્ત અનિવૃત્તિ કરણે ગયો એટલે ગ્રંથી ભેદ કરતાં અંતર્મુહૂર્ત્ત લાગે. ત્યાં ચડતે પરિણામે ગ્રંથી ભેદ કરી અનિવૃત્તિ કરણે જાય. અહિં અપૂર્વ કરણની વિશુદ્ધતા થકી અનિવૃત્તિ કરણની નિર્મલતા વિશુદ્ધતર છે, માટે અપૂર્વ કરણ અને અનિવૃત્તિ કરણની ભિન્નતા થઇ. (પૃષ્ઠ ૫૯૦મે.)

પ્રશ્ન ૮૮ સું—અપૂર્વ કરણમાંથી અનિવૃત્તિ કરણે ગયો જીવ શું કરે?

ઉત્તર—અનિવૃત્તિ કરણે ગયો થકો જીવ જે કરે તે કહે છે. તે જીવને ત્યાં અનિવૃતિ કરણે અતિ વિશુદ્ધ પરિણામના જોરથી મિથ્યાત્વ મોહનીયના પુંજની સ્થિતિ બે થાય. તેમાં પહેલી સ્થિતિ અંતર્મુહૂર્ત્ત વેદ્ય એટલે એક અંતર્મુહૂર્ત્તમાં ખપી જાય, એટલી સ્થિતિનાં મિથ્યાત્વ મોહનીય નામા કર્મના દલીયાં તે મોટી સ્થિતિ જે કોડાકોડી સાગરોપમમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન છે તે સ્થિતિમાંથી નજીક ખેંચી લે, એટલે બીજી પલ્યોપમને અસંખ્યાતમે ભાગે ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ હતી તેમાંથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ વેદ્ય નીચી ખેંચીને જૂદી કીધી. બાકી શેષ રહી તેનો મોટો પુંજ અલગો રાખ્યો એટલે ન્હાની સ્થિતિ તથા મોટી સ્થિતિને વચમાં આંતરો પડ્યો તે વારે એ બેઉ સ્થિતિની વચમાં જે ખાલી જગા રહી તેને અંતર કરણ કહિયે, એમ અહિં અનિવૃત્તિ કરણના જોરથી અંતર કરણ કરે.

પ્રશ્ન ૮૯ મું—અનિવૃત્તિ કરણમાંથી જીવ અંતર કરણમાં આવે ત્યારે શું કરે?

ઉત્તર—પૃષ્ઠ ૫૯૧મે-કહ્યું છે કે-પ્રથમ સ્થિતિ ગત દલિયાંને અંતર્મુહૂર્ત્તમાં ખપાવે અને મોટી સ્થિતિમાંથી આવતાં દલિયાંને ઉપશમાવે વિષ્કંભિત ઉદય કરે અંતર્મુહૂર્ત્ત ઉદય ન આવે એવાં કરે.

એટલે અનિવૃત્તિકરણે બે કાર્ય કરે. એક તો મિથ્યાત્વ સ્થિતિના બે ભાગ કરી અંતરકરણ કરે અને બીજું અંતર્મુહૂર્ત્ત વદ્ય પ્રથમ લઘુ સ્થિતિને ખપાવે એટલે અનિવૃત્તિ કરણનો કાળ પૂરો થાય તે વારે અન્તર અંતર કરણમાં પસે, પેસી જાય, પ્રવેશ કરે, તે વારે ત્યાં અંતર કરણને પ્રથમ સમયે હે નાથ! તમારે પ્રસાદે ક્ષાયિકાદિકની પેરેં વિશેષ તો નહી પણ સામાન્યપણે અલ્પકાલીન ઉપશમ નામા સમકિત પામે તે રીતે પામે તેની ઉપમા કહે છે, જેમ સુભટ હોય તે શત્રુને જિતે વેરીને જીતવાથી પરમાનંદ પામે, તેમ અનાદિના જે રાગ દ્વેષ રૂપ વૈરી શત્રુ તર્જનિત શૂર કર્મ સ્થિત્યાદિ અનંતાનુબંધિયા ચાર વેરીને જીતવાથી પરમાનંદ સરખું સમ્યક્ત્વ જીવ પામે.

એટલે અનાદિ કાળનો સંસાર ચક્રમાં ભમતો થકો જીવ, મિથ્યાત્વ મોહનિયાદિ કર્મોને ખપાવીને તે યથા પ્રવૃત્તિ કરણે કરીને કર્મો ખપાવે તેનું દૃષ્ટાંત પૂર્વોક્ત નદીના પ્રવાહનો પાષાણ, તેના દૃષ્ટાંતે ખપાવે. પણ પૂર્વે કોઈ વારે ભેદી નથી એવી જે રાગ દ્વેષ પરિણતિરૂપી મિથ્યાત્વ

ગ્રંથી તે ગ્રંથીને શી રીતે ભેદે ? કે ગિરિવર જે પર્વત તે ભેદવે વજ્ર બળવાન છે, તેમ અપૂર્વ કરણ પરિણામ રૂપ ઉગ્ર વજ્ર પ્રહારે તે જીવ ગ્રંથી ભેદતો અંતર મુહૂર્ત્ત કાળમાં અનિવૃત્તિ કરણે ગયો, અનિવૃત્તિ કરણે ગયો થકો જે કરે તે કહે છે.

પ્રતિ સમયે એટલે સમય સમય પ્રત્યે વિશુદ્ધમાન પરિણામે ત્યાં બહુલાં કર્મોને ખપાવે, તે વખતે જે મિથ્યાત્વનાં દલિયાં ઉદય તેને ક્ષય કરે અને જે ઉદય ન આવ્યાં ઉદયાભિમુખ ન થયાં તે ઉપશમાવે, એટલે ઉદીરણાદિક કરણ બળે પણ વિપાકોદય અથવા પ્ર જે થઇ શકે નહિ તેને ઉપશમાવ્યા કહીએ. એમ અહિં અનિવૃત્તિ કેટલાંક મિથ્યાત્વનાં દલિયાં ખપાવ્યાં, અને કેટલાંક ઉપશમાવ્યા મિથ્યાત્વ સ્થિતિના બે ભાગ કરી વચમાં અંતર કર્યું.

પ્રશ્ન ૯૦ મું—અંતર કરણ કર્યા પછી શું થયું ?

ઉત્તર—અંતર કરણ કરતાં જે થયું તે કહે છે. પૃષ્ટ પહેરે કોઇક પંથી જન ગ્રીષ્મ કાળમાં મધ્યાહ્ન સમયે નિર્જળ વનમાં ... પડેલા કિરણને પરિતાપે પડેલા લુના અજડ તાપે કરી અતિ વ્યાકુળ હોય, તેને કોઇ શીતલ સ્થાનક મળે વળી ત્યાં કોઇ બાવના ... રસ છાંટે તે વારે તે પંથી શાતા પામે કેવો આનંદ મગ્ન હોય ?

તેમ અહિં ભવ્ય જીવ રૂપ પંથી અનાદિ કાળનો સંસાર રૂપ ગ્રીષ્મ કાળે જન્મ મરણાદિ રૂપ નિર્જળ વનમાં કષાય રૂપ ઉગ્ર ... પીડ્યો રોગ શોકાદિ રૂપ લૂ અજડ એટલે લુખ તેણે કરી ... (દગ્ધ થયેલો) અને તૃષ્ણા રૂપ મોટી પીપાસા તેણે કરી પરાભવ્યો ... ભવ્ય પંથી તે અનિવૃત્તિ કરણ રૂપ શુદ્ધ સરલ માર્ગ પામી ... કરણ રૂપ શીતલ સ્થાનક દેખી હર્ષવંત થકો પછી ત્યાં પહોંચ્યો ... ગોશીર્ષ જે બાવના ચંદન તેનો જે રસ તેની પરે શીતલ અતિશય ... ઉત્કૃષ્ટ અનિવૃત્તિ કરણ પરમ સુખ શાતા કરણ એવું તે અનિવૃત્તિ કરણ અંત અને અંતર કરણને પ્રથમ સમયે ઘનસારવત્ શીતલ ... તે વારે અનંતાનુબંધી તથા મિથ્યાત્વ રૂપ પરિતાપ સર્વ મટી ... ચાર તૃષ્ણા પીપાસા મટી જાય. અહિં અનાદિ કાળનું પરમ ... દુઃખદાયક રૂપ એવા મિથ્યાત્વનું દુઃખ અંતર્મુહૂર્ત સુધી દૂર ... ઉદય) અનાદિનો પ્રથમ દૃષ્ટાંત અહિં થયો. (એટલે ઉપશમ સમ્ય ... અંતર્મુહૂર્તની સ્થિતિનું પ્રથમ પ્રાપ્ત થયે અનાદિ મિથ્યાત્વનો ... આવી ગયો.)

પ્રશ્ન ૯૧ મું—જ્યારે અનાદિ મિથ્યાત્વનો અંત આવ્યો ત્યારે મિથ્યાત્વ કેવા પ્રકારનું સમજવું ?

ઉત્તર—અહિં પૃષ્ટ ૫૯૨મે-કહ્યું છે કે-અહિં સિદ્ધાંત શૈલીમાં નિશ્ચયે ગુણ હોય પ્રાપ્તિ તથા વિરહ આશ્રી ચાર ભાંગા કહ્યા છે નામ કહે છે. ૧ અનાદિ અનંત, ૨ અનાદિ સાંત, ૩ સાદિ સાંત, ૪ સાદિ અનંત.

એ ચાર ભાંગાનો અર્થ કહે છે, જેને મિથ્યાત્વાદિક અનાદિનું છે ને તે કોઇ દિવસ મટશે પણ નહિ, એવા અભવ્યાદિકને અનાદિ અનંત પ્રથમ ભાંગો છે ૧, અને જે ભવ્ય જીવે પ્રથમ સમ્યકત્વ પ્રાપ્ત કર્યું. તે વારે તે જીવે અનાદિના મિથ્યાત્વનો અંત આણ્યો. તે માટે તેને અનાદિ સાંત બીજો ભાંગો જાણવો ૨ ; તથા જે જીવ સમ્યકત્વ પામી વળી સમ્યકત્વ વમન કરી મિથ્યાત્વે ગયા તે વારે મિથ્યાત્વની આદિ થઇ, પછી કેટલોક કાળ મિથ્યાત્વે રહી વળી શુભ સામગ્રીના યોગથી ફરી સમ્યકત્વ પામ્યો તે વારે મિથ્યાત્વનો અંત થયો એ ત્રીજો સાદિ સાંત નામા ભાંગો થયો ૩, તથા ચોથો સાદિ અનંત નામા ભાંગો તે ક્ષાયિક સમ્યકત્વાદિ ક્ષાયક ભાવે જેને જે ગુણ પ્રગટ થયા તે ગુણ તેને હોય પણ મિથ્યાત્વીને ન હોય, કેમકે ગ્રંથી ભેદ કર્યા પછી જે મિથ્યાત્વ હોય, તે તો સાદિ સાંત ભાંગેજ હોય, માટે જેને સમ્યકત્વાદિક ક્ષાયક ગુણ પ્રગટ્યા તે સાદિ, અને તે ગુણ આવ્યા જાય નહિ તે અનંત, એટલે ભવ્ય મિથ્યાત્વીને ત્રણે ભાંગા હોય, અને અભવ્ય મિથ્યાત્વીને એકજ અનાદિ અનંત ભાંગો હોય. ૪ યદુક્તં:—ગાથા—

> मिच्छत्तमभव्वाणं, तमणाइ मणंत मेमुणेयव्वं ॥
> भव्वाणं तमणाइ, सपज्जवसियंतु सम्मत्ते ॥ १ ॥

અર્થ:—અભવ્યને મિથ્યાત્વ અનાદિ અનંત ભાંગે હોય, અને ભવ્યને અનાદિ સપર્યવસિત ભાંગે મિથ્યાત્વ હોય. ઇતિ.

પ્રશ્ન ૯૨ મું—શિષ્ય-સમકિત કેટલા પ્રકારનાં ?

ઉત્તર—સમ્યકત્વ સ્વરૂપમાં સમ્યકત્વના ૧૫ ભેદ કહ્યા છે. તેનાં નામ. ૧ તત્વ રૂચિ સમ્યકત્વ, ૨ દ્રવ્ય સમકિત, ૩ ભાવ સમકિત, ૪ નિશ્ચય સમકિત, ૫ વ્યવહાર સમકિત, ૬ નિસર્ગ સમકિત, ૭ ઉપદેશ સમકિત, ૮ કારક સમકિત, ૯ રોચક સમકિત, ૧૦ દીપક સમકિત, ૧૧

ક્ષયોપશમ સમકિત, ૧૨ ઉપશમ સમકિત, ૧૩ ક્ષાયક સમકિત, ૧૪ સાસ્વાદાન સમકિત, ૧૫ વેદક સમકિત, એ ૧૫ પ્રકારનાં સમકિત કહ્યાં.

પ્રશ્ન ૯૩ મું—પહેલું તત્ત્વ રૂચ્ય સમ્યકત્વ કોને કહીએ?

ઉત્તર—જે હે પરમેશ્વર! તારા પ્રકાશ્યા જે જીવાદિક ભાવ પદાર્થ તેને વિષે તત્ત્વ રૂચિ હોય અર્થાત્ પરમાર્થ બુદ્ધિ હોય, સકલ દોષ રહિત અને સકલ ગુણે સંપન્ન એવા અરિહંત દેવે ભાખ્યું જે તત્ત્વ તે સત્ય છે, એવી રૂચ પરમાર્થ બુદ્ધિ, તદ્રૂપ આગમમાં કહ્યું છે. તમેવ સચ્ચં નિસ્સંકં, જં જિણેહિં પવેઇયં." ઇત્યાદિ રૂચિ રૂપ.

શ્રીજિનેશ્વર ભાષિત જીવા જીવાદિક તત્ત્વને વિષે જે સમ્યક્ શ્રદ્ધાન-નિશ્ચય પ્રતીત તેને તત્ત્વ રૂચિ કહીએ. તે તત્ત્વ રૂચિ શ્રદ્ધાન મિથ્યાત્વ [illegible] નિમિત્તે ઉપયોગ કરતાં કરતાં [illegible] તત્ત્વ શ્રદ્ધાન પામે તે નિસર્ગ સમ્યક્ત્વ કહીએ. અથવા [illegible] ઉપાસના કરતાં સિદ્ધાંત વાણી સાંભળતાં જે પામે તે [illegible] શ્રદ્ધાન કહીએ. ઇત્યાદિક [illegible] જે તત્ત્વરૂચિ તે [illegible] સમ્યક્ત્વ કહીએ. ॥ ૧ ॥

[illegible] સમ્યક્ત્વ સ્વરૂપમાં-પાને [illegible] જાણી લેવું.

પ્રશ્ન ૯૪ મું—બીજું [illegible] સમકિત કોને કહીએ?

[illegible]—હે પ્રભુ! [illegible] પરમાર્થ જે [illegible] તેનો [illegible] તત્ત્વ રૂચિ છે, કેમકે જે [illegible] અજ્ઞાન [illegible] જાણવું [illegible] નહિ. [illegible] તેમ [illegible] છે તો [illegible] સમ્યક્ત્વ કહીએ, [illegible] સિદ્ધાંતઃ—[illegible] [illegible] [illegible] [illegible]

પ્રશ્ન ૯૫ મું—[illegible] સમકિત કોને કહીએ?

[illegible] [illegible]

[illegible]

ભમા, ભંગ, પ્રમાણ, નિક્ષેપ પ્રમુખ સ્યાદ્વાદ શૈલી પૂર્વક જાણે, સદ્દહે તે ભણ્ય જીવને ભાવગત સમ્યકત્વ કહીએ. ॥ ૩ ॥

પ્રશ્ન ૯૬ મું—ચોથું નિશ્ચય સમકિતનું સ્વરૂપ શું?

ઉત્તર—જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ શુદ્ધ શ્રદ્ધા ભાસણ રમણતા પૂર્વક રત્નત્રયરૂપ આત્માનું જે શુભ પરિણામ તેને નિશ્ચય સમ્યકત્વ કહીએ. એટલે આત્માનેજ નિશ્ચય સમ્યકત્વ કહીએ, કેમકે આત્માને આત્માના ગુણ તે કાંઇ જૂદા નથી, પરિણામે અનન્ય છે—એક છે ગુણ ગુણી ભાવે અભેદેજ રહ્યા છે, કેમકે અભેદ પરિણામે પરિણમ્યો જે આત્મા તે તદ્ગુણ રુપજ કહેવાય.

यदुक्तं योग शास्त्रेः—

आत्मैवदर्शनज्ञान, चारित्राण्यथवायतेः

यस्तदात्मैवस्वगुणैः, शरीर मधितिष्ठति. ॥ १ ॥

પ્રાયે અપ્રમત્ત સાધુને નિશ્ચય નય સમ્યકત્વ પૂર્ણ કહેવાય છે કેમકે જેવું જાણ્યું તેવોજ ત્યાગ ભાવ છે, અને શ્રદ્ધા પણ તદનુ રુપ છે. માટે સ્વરૂપોપયોગી જીવને આત્મા તેજ જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. કારણકે આત્મા રત્નત્રયાત્મક અભેદ ભાવે શરીરમાં રહ્યો છે, માટે રત્નત્રયીને શુદ્ધોપયોગે વર્તતા જીવને નિશ્ચય સમ્યકત્વ કહીએ. ॥ ૪ ॥

પ્રશ્ન ૯૭ મું—પાંચમું વ્યવહાર સમકિત કોને કહેવું?

ઉત્તર—વ્યવહાર સમ્યકત્વ તે, હે પ્રભુ! તારા સિદ્ધાંતને વિષે સમ્યકત્વના હેતુ જે મિથ્યાત્વનું સંસ્તવ પરિચય પ્રમુખ જે અતિચારાદિક દોષ છે. તેના ત્યાગથી થાય. તથા દેવ ગુરૂ ભક્તિ બહુમાન યોગે શાસનોન્નતિ હેતુએ થાય.

यदुक्तं गुणस्थान विचार ग्रंथेः—

देवे गुरुच संघेच, सद्भक्ति शासनोन्नति ॥

अव्रतो पि करोत्येव, स्थितिस्तुर्येगुणालये ॥ १ ॥

અર્થ:—દેવ ગુરૂ તથા શ્રી સંઘ તેની બહુમાન સહિત ભક્તિ કરે શાસનોન્નતિ કરે, અવિરતિ ગુણ ઠાણે રહ્યો થકો પણ આગમોક્ત વિધિ માર્ગે નિરતિચાર સમ્યકત્વ પ્રવૃત્તિ સહિત હોય તેને વ્યવહાર સમ્યકત્વ કહીએ. ॥ ૫ ॥

પ્રશ્ન ૯૮ મું—છઠું નિસર્ગ સમકિત કોને કહેવું?

ઉત્તર—અહિં પાને ૫૯૫ મે-શિષ્ય પૂછે છે કે નિસર્ગ કે૦ કહેરે સમ્યક્ત્વની પ્રાપ્તિ કેવી રીતે થાય? તેવારે ગુરૂ દ્રષ્ટાંત ગર્ભિત સમ્યક્ત્વ પ્રાપ્તિનો ઉપાય કહે છેઃ-

અહિં પાંચ દ્રષ્ટાંત કહ્યાં છે, તેમાં જવનું તથા વસ્ત્રનું અને કોદરાનું એ ત્રણ દ્રષ્ટાંત આગળ પુંજ ત્રય ભાવનાવસરે કહી બતાવશે અને માર્ગનો તથા જ્વરનો એ બે પ્રસ્તુત છે તે કહે છેઃ-જેમ કોઇક પંથી માર્ગથી ભ્રષ્ટ થયો પછી બીજા કોઇના ઉપદેશ પામ્યા વિનાજ ભમતો ભમતો પોતાની મેળે સહેજે માર્ગે ચડે, અને કોઇક પંથ ભ્રષ્ટ થયેલો પંથી તથા વિધ પાપના ઉદયથી કોઈ સજ્જનનો યોગ ન મળવાથી માર્ગ પામેજ નહિ ત્યાંનો ત્યાંજ રહે. અને ત્રીજો પુરૂષ બીજાને પૂછી માર્ગ પામે

તેમજ વળી જ્વરનું દ્રષ્ટાંત કહે છેઃ-જેમ કોઇકને તાપ જ્વર આવે તે કોઇને ઔષધ કર્યા વિનાજ પોતાની મેળે જતો રહે, અને કોઇને તો ઔષધ ચુર્ણ પાચાદિ (કોશાદિક) પ્રયોગ કરવાથી જ્વર જાય છે, તથા કોઇને તો અસાધ્ય જ્વર કોઇ રીતે જાયજ નહિ. એ રીતે એ બે દ્રષ્ટાંત સમ્યક્ત્વ પ્રાપ્તિ વિષે જોડવાં તે આવી રીતેઃ-

કોઇક ગુરૂ પણી કાલાદિક કારણ પરિપાકવંત થયાથકી ત્રાણ કરવાની એવો ભવ્ય જીવ તે સહેજે આપો આપ વિચાર તે થકી સમ્યક્ત્વ પામે તે નિસર્ગ સમ્યક્ત્વ કહીએ. ॥ ૬ ॥

પ્રશ્ન ૯૯ મું—સાતમું ઉપદેશ સમકિત કોને કહીએ?

ઉત્તર—કોઇક જીવ પૂર્વોક્ત કાલાદિક યોગ્યતાવંત હોવ પણ ગુરૂને ઉપદેશ થકી અનાદિની ભૂલ મટાડી દેવ ગુરૂ ધર્મ સદ્દહણા રૂપ સમ્યક્ત્વ પામે તેને ઉપદેશ સમ્યક્ત્વ કહીએ. ॥ ૭ ॥

પ્રશ્ન ૧૦૦ મું—આઠમું કારક સમકિતનું શું લક્ષણ?

ઉત્તર—હે નાથ! જે જેમ યથાર્થ ભાવે વિધિ માર્ગ તમે પ્રકાશ્યો તે તેમજ આજ્ઞાને અનતિક્રમતો થકો એટલે તમારી આજ્ઞા ઉલ્લંઘન [illegible] પૂર્વક ક્રિયા રૂચિએ દાન, પૂજા, વ્રત, નિયમાદિક કરે તેને કારક સમ્યક્ત્વ કહીએ. ॥ ૮ ॥

પ્રશ્ન ૧૦૧ મું—નવમું રોચક સમકિત કોને કહીએ?

ઉત્તર—રોચક સમ્યક્ત્વ, તે હે નાથ! તમારા ધર્મને વિષે રૂચિ કરે, શ્રી જિનેશ્વર ધર્મ કરવાની ઇચ્છા કરે, શુદ્ધ શ્રદ્ધા પામે, [illegible]

ધર્મ પ્રવૃત્તિ કરનો દેખીને રૂડું માને, પરંતુ પોતે આરંભ કર્મ માટે ક્રિયાનુષ્ઠાનાદિક કરી શકે નહિ તેને રોચક સમ્યકત્વ કહીએ. ॥ ૯ ॥

પ્રશ્ન ૧૦૨ મું—ત્રીજું દીપક સમકિત કોને કહીએ.

ઉત્તર—દીપક સમકિત વંત, સ્વયં-પોતે તો મિથ્યાદૃષ્ટિ અભવ્ય દુર્ભવ્ય હોય, પણ અંગારમર્દિકાચાર્યની પરે ધર્મ કથાદિકે કરી આદિ શબ્દથી સામાયિકાદિના અનુષ્ઠાનના અતિશયે કરીને એટલે દંભ રચના વિશેષે કરી પર જે બીજા ભવ્ય ભદ્રક જીવો હોય તેને ધર્મે કરી દીપાવે, એટલે અન્ય જીવોના ઘટમાં પ્રકાશ કરાવે, પરંતુ પોતાને અંતરંગ પરિણામે શ્રદ્ધા ન હોય એવાને હે પ્રભુ તારા સમય જે સિદ્ધાંત તેના જાણ પુરૂષો દીપક સમ્યકત્વ કહે છે. અહિં શિષ્યે પ્રશ્ન કર્યું જે પોતે મિથ્યાત્વી મિથ્યાત્વે વાસિત અંતઃકરણવાળાને સમ્યકત્વી કેમ કહો છો? તે વારે ગુરૂ કહે છે—હે શિષ્ય, જો મિથ્યા પરિણામી છે તોપણ આગલા પ્રાણીઓને ધર્મ પમાડવાનો હેતુ થાય છે, અથવા શાસનોન્નતિ કરે છે, માટે કારણે કાર્યનો ઉપચાર કરી સમ્યકત્વ કહીએ, સમ્યકત્વનો હેતુ છે માટે સમ્યકત્વ કહીએ, યદુક્તં સિદ્ધાંતેઃ—વિહિયાણુ ઠાણં પુણ, કારગ મિહ રોય ગંતુ સદ્દહણં ॥ મિચ્છ દિઠ્ઠી દીવઇ, જંતવે દીવગં તંતુ ॥ ૧ ॥ અર્થઃ—વિહિત એટલે નીપજાવ્યું છે કર્યું છે આગમાનુસારે ધર્માનુષ્ઠાન જેવું તે કારક સમ્યકત્વ કહીએ; અને રોચક સમ્યકત્વ તે શુદ્ધ સદ્દહણા રૂપ રૂચિ થાય તેને કહીએ, વળી પોતે મિથ્યા દૃષ્ટિ થકો પરને તત્વ દીપાવે, પરને સમ્યકત્વ પ્રકાશ કરે તેને દીપક સમ્યકત્વ ઉપચારે કહીએ. ॥ ૧૦ ॥ ઇતિ સમ્યકત્વ સ્વરૂપ.

અહિં અભવીને દીપક સમકિત કહ્યું તેનું દૃષ્ટાંત કહે છે. જેમ દીપક ઘર તથા દીવીને માથે દીપક હોય તે બીજાને પ્રકાશ કરે પણ નીચે પોતાને તો અંધારૂંજ હોય. હવે જે પ્રકાશ છે તે તેનો નથી પણ દીપકનો છે ઘટે તો દીપકનો ધરનાર છે. તેમ અભવી તે દીપક ધરનાર, અને વ્યવહારથી ચારિત્ર અને અગિયાર અંગાદિક જ્ઞાન રૂપ દીપકના પ્રકાશ વડે કોઇ ભવ્ય જીવ તેના ઉપદેશથી મોક્ષ પામે પણ પોતાને તો મિથ્યાત્વજ હોય. ભવ્ય જીવને જે પ્રકાશ થયો તે અભવીના ઘરનો નહિ પણ મહાવીરના ઘરનું એટલે તીર્થંકરના ઘરનું જે સૂત્ર જ્ઞાન તેનો પ્રકાશ થયો. કારણકે ભવ્ય જીવને સત્તામાં જ્ઞાન રહ્યું છે તે જ્ઞાન વડે સન્મુખ થયેલા જ્ઞાનને આકર્ષણ કરી ખેંચે અને સમ્યકત્વ ભાવે પ્રગમાવે. અને અભવીને સત્તામાં જ્ઞાન નથી, મિથ્યાદૃષ્ટિ છે તેથી તેનું શ્રુત પણ અજ્ઞાનમયજ છે એટલે અભવીનું

જેમ અમરીને પ્રકાશ ન કરે, પણ અન્ય જીવને પ્રકાશ કરે એ રીતે કહ્યું છે કે—

દોહરો

અમરી અને દીપક ઘર, દોનું સુજસ ન્હીં;
અન્ય જનને પ્રકાશ કરે, આપ અંધેરે માંહી. ૧

પ્રશ્ન ૧૦૩ મું ક્ષયોપશમ સમકિત કેટલા ગુણઠાણા સુધી હોય?

ઉત્તર—સમકિત સ્વરૂપમાં પાને ૧૧૧ મે-કહ્યું છે કે-ક્ષયોપશમ સમકિત ચોથા ગુણઠાણાથી માંડીને સાતમા અપ્રમત્ત ગુણઠાણા સુધી હોય. પણ અન્ય ગુણઠાણે ન પામિયે. ॥ ૧૧ ॥

પ્રશ્ન ૧૦૪ મું—ઉપશમ સમકિત કેટલા ગુણઠાણા સુધી હોય?

ઉત્તર—ઉપશમ સમકિત તે ચોથા ગુણઠાણાથી માંડી આઠ ગુણઠાણા સુધી હોય, અથવા ચોથા ગુણઠાણાથી માંડી અગિયારમાં ઉપશાંત મોહ નામના ગુણઠાણા સુધી હોય, પણ અન્ય ગુણસ્થાનકે ન હોય. ॥ ૧૨ ॥

પ્રશ્ન ૧૦૫ મું—ક્ષાયક સમકિત કેટલા ગુણઠાણા સુધી?

ઉત્તર—ક્ષાયક સમકિત અવિરતિ ગુણઠાણે હોય, ચોથે [illegible] માંડીને ચઉદમા અયોગી ગુણઠાણા સુધી હોય. ॥ ૧૩ ॥

પ્રશ્ન ૧૦૬ મું—સાસ્વાદન સમકિત કેટલા ગુણઠાણા સુધી હોય?

ઉત્તર—સાસ્વાદન સમકિત તે બીજા સાસ્વાદન ગુણઠાણા માંહે હોય, પણ અન્ય ગુણસ્થાનકે ન હોય. ॥ ૧૪ ॥

પ્રશ્ન ૧૦૭ મું—વેદક સમકિત કેટલા ગુણઠાણા સુધી હોય?

ઉત્તર—વેદક સમકિત કેટલા ગુણઠાણા સુધી [illegible]

[illegible]

[illegible]

અર્થઃ-પૂર્વોક્ત ભવ્ય જીવ જેવારે ગ્રંથી ભેદ કરી સમ્યકત્વ પામે ત્યાર પછી અંત કોડાકોડીનો સ્થિતિ બંધ છે, તેમાંથી પૃથક્ત્વ પલ્યોપમ એટલે બેથી માંડીને નવ પલ્યોપમ સુધી ઓછી કરે, એટલે કોઇક બે પલ્યોપમ સ્થિતિ ઓછી કરે, કોઇક ત્રણ એમ યાવત્ કોઇ નવ પલ્યોપમ જેટલી સ્થિતિ અંત કોડાકોડીમાંથી ઓછી કરે, ત્યારે દેશ વિરતિ ગુણ સ્થાનકનો ક્ષયોપશમ થાય એટલે ભાવથી દેશ વિરતિ ત્યારે થાય.

તથા ચરણ જે સર્વ વિરતિપણું તેનો ક્ષયોપશમ તો જે સ્થિતિયે દેશ વિરતિ ગુણ પ્રાપ્ત થયું છે તે સ્થિતિમાંથી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઓછી કરે, એટલે સર્વ વિરતિવંત સ્થિતિ બાંધે તો અંત કોડાકોડી નવ પલ્યોપમે ન્યૂન જે દેશ વિરતિની સ્થિતિ છે, તેથી પણ સંખ્યાતા સાગરોપમ ઓછી બાંધે, એવા અધ્યવસાયે કષાયની મંદતા હોય ઇતિ તત્વં. ત્યાર પછી સંખ્યાતા સાગરોપમ ખપવાથી ઉપશમ શ્રેણી પડી વર્જે. તેવાર પછી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ખપવાથી ક્ષપક શ્રેણી પડી વર્જે. ઇતિ ભાવ.

ઇતિ શ્રી પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી. તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત "શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા" ઉત્તરાર્દ્ધ-૭ મો ભાગ-સમાપ્ત:॥



શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણુકો ૮ મો.



પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.



શ્રીપ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૮ મો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૮ મો.

પ્રશ્ન ૧ લું—સમકિતની પ્રાપ્તિ થવાવાળા જીવને અગાઉથી શું ગુણ ઉત્પન્ન થાય કે અમુક ગુણવાળા જીવ અવશ્ય સમકિતના અધિકારી હોય?

ઉત્તર—દિગંબર મતના એક ગ્રંથમાં લખ્યું છે કે—

સવૈયો—૩૧ સો—

मौथित निकंद होइ कर्म बंध मंद होइ,
प्रकटै प्रकास निज आनंदके कंदको;
हितको दिढाव होइ विनैको बढाव होइ,
ऊपजै अंकूर ग्यान दुतीयाके चंदको;
सुगति निवास होइ दुर्गतिको नास होइ,
अपने उच्छाह दाह करे मोह फंदको;
सुख भरपूर होइ दोष दुःख दूरि होइ,
याते गुन वृंदक है सम्यक सुछंदको. १

અહિંયાં એમ જણાવે છે કે—સમકિતની પ્રાપ્તિ થાવાવાળા જીવને પ્રથમ ભવસ્થિતિનો પરિપક્વ થાય, એટલે અંતો કોડાકોડીની અંદર આવે, તેને કર્મનો મંદ બંધ હોય એટલે એક કોડાકોડ સાગરોપમની અંદરનો તે પણ મંદ બંધ હોય એથી અધિક બંધ ન હોય. એવા જીવો સદા આનંદમાંજ રહે, સમકિત સન્મુખ થયેલા જીવોને હિતનો દ્રઢાવ હોય, એટલે પોતાના ને પરના હિતચિંતક હોય; જેમ સસલાના જીવિતવ્યનું હિત મેઘકુમારના જીવે હાથીના ભવમાં ચિંતવ્યું, એવા જીવોને હમેશાં વિનયની વૃદ્ધિ હોય બરડાઇ કે અકડાઇ ન હોય. એવા સરલ જીવને બીજના ચંદ્રમાની પેરે સમ્યક્ જ્ઞાનરૂપ અંકુરો પ્રગટે. અને સુગતિમાં વાસ થાય, દુર્ગતિમાં જાય નહિ. ઉત્સાહ સહિત પોતાનો આત્મા મોહનીય કર્મના અનાદિ ફંડમાંથી મુક્ત થવા સંવેગરૂપ અગ્નિ વડે સાત પ્રકૃતિનું દહન કરે—એટલે અનંતાનુબંધીઆ ચોક ૪ ને દર્શન મોહનીયની ત્રિક ૩ એ સાત પ્રકૃતિ મૂળ મોહનીય કર્મની, સમકિતને આવરણ કરનારી—દબાવનારી

-સમક્તિને પ્રગટ થતાં અટકાવનારી હતી તેનો નાશ કરી આત્મિક સુખને પ્રગટ કરે અર્થાત્ અપૂર્વ સુખને અનુભવતો હોય અને દુઃખને દૂર કરે. ઈત્યાદિ ગુણોવાળા જીવને સમકિતની પ્રાપ્તિ થાય છે. એમ આ છંદમાં જણાવ્યું છે. અને ક્ષેમવિજય નામના જૈન મુનિએ પણ સમકિતની પ્રાપ્તિ માટે સારૂ કહ્યું છે.

પ્રશ્ન ૨ જું—શિષ્ય-ક્ષેમવિજયજીએ સમકિતની પ્રાપ્તિ માટે શું કહ્યું છે તે જણાવશો ?

ઉત્તર—સાંભળો-ક્ષેમવિજયજીએ ભાવ પૂજાનું સ્તવન કર્યું છે તેની બીજી ને ત્રીજી ગાથામા કહ્યું છે કે—

સમકિત દ્વાર ગભારે પેસતાંજી—એ ટેક—

આયુ વર્જિત સાતે કર્મનીજી, સાગર કોડાકોડી હીણજી ;
થિતિ પઢમ કરણે કરીજી, વીરજ અપૂરવ મોગર તેણજી. સમ૦ ૧

ભુંગળ ભાંગી આદિ કષાયનીજી, મિથ્યા મોહની સાંકળ સાથજી;
બાર ઉઘાડયાં સમ સમવેગનાંજી, અનુભવ ભુવનમાં બેઠા નાથજી. સમ૦ ૨

અહિંયાં એમ જણાવે છે કે-આઉખા કર્મ વરજીને સાત કર્મની સ્થિતિ એક કોડાકોડ સાગરની અંદર આવે ત્યારે તે જીવને પહેલું યથા પ્રવૃત્તિ કરણ થયું કહેવાય. એટલે પઢમ કરણે અંતો કોડાકોડમાં આવે. ત્યારપછી આત્મિક વીર્ય શક્તિ ફોરવવા અપૂર્વ કરણ પ્રગટ કરી-તે રૂપ મોગર મુદ્ગર વડે આદ કષાય જે અનંતાનુબંધીની ચોકડી રૂપ ભુંગળને ભાંગી મિથ્યાત્વ મોહની રૂપ સાંકળને તોડી, સમ સમવેગ રૂપ બાર-કમાડ ઉઘાડી સમકિત રૂપ ગભારામાં પેશી-અર્થાત્ સમકિત પ્રગટ કરી આત્મ સ્વરૂપનો અનુભવ કરે.

એટલે સમકિતની પ્રાપ્તિ થવા પહેલા ઉપર કહેલા ગુણો પ્રાપ્ત થવા જોઇએ. અને દિગંબર મતમાં પણ સમકિતની ઉત્પત્તિ વિષે સારો ખુલાસો આપવામાં આવ્યો છે.

પ્રશ્ન ૩ જું—શિષ્ય-સમકિતની ઉત્પત્તિ વિષે દિગમ્બર મતમાં શું જણાવે છે તે કૃપા કરી જણાવશો ?

ઉત્તર—સાંભળો-શ્રી "જૈન ગ્રંથ રત્નાકર"-રત્ન ૩, શ્રી-સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા-ધર્મધર્માનુપ્રેક્ષા (દિગંબર ગ્રંથ) પાને ૧૧૬ મે- સમકિતની ઉત્પત્તિ વિષે કહ્યું છે કે—

चतुर्गति भव्यः संज्ञी, सु विशुद्धः जागतपर्याप्तः;
संसार तटे निकटः ज्ञानी प्राप्नोति सम्यक्त्व. ॥ ३ ॥

ભાવાર્થ—ઐસા જીવ સમ્યકત્વ કૂં પાવે હૈં. પ્રથમ હી ભવ્ય જીવ હોય. જાતેં અભવ્ય કે સમ્યકત્વ હોય નાહીં. બહુરિ ચ્યારું હી ગતિ વિષે સમ્યક્ત્વ ઉપજૈ હૈ તહાં ભી મન સહિત સૈની (સંજ્ઞી) કે ઉપજે હૈ, અસૈની કે ઉપજે નાહીં. તહાં ભી વિશુદ્ધ પરિણામી હોય, શુભ લેશ્યા સહિત હોય, અશુભ લેશ્યા મેં ભી શુભ લેશ્યા સમાન કિયાયનિકે સ્થાનક હોય તિનિકૂં વિશુદ્ધ ઉપચાર કરી કહિયે સંકલેશ પરિણામનિ વિષે સમ્યક્ત્વ ઉપજે નાહીં. બહુરિ જાગતા કે હોય, સૂતા કે નાહિં હોય. બહુરિ પર્યાપ્ત પૂર્ણ કે હોય, અપર્યાપ્ત અવસ્થામેં ઉપજે નાહીં. બહુરિ સંસારકા તટ જાકે નિકટ આયા હોય, નિકટ ભવ્ય હોય, અર્દ્ધ પુદ્ગળ પરાવર્તન કાલ પહલે સમ્યકત્વ ઉપજે નાહીં. બહુરિ જ્ઞાની હોય, સાકાર ઉપયોગવાન હોય નિરાકાર દર્શનોપયોગ મેં સમ્યકત્વ ઉપજે નાહીં. ઐસેં જીવ કે સમ્યકત્વકી ઉત્પત્તિ હોય હે. ॥

પ્રશ્ન ૪ શું—સમકિત દૃષ્ટિની શુદ્ધતા માટે શાસ્ત્ર કાંઇ જણાવે છે?

ઉત્તર—ઉપર કહેલા અધિકારમાં તેજ પાને પ્રથમ કહ્યું છે કે—

सम्यग्दर्शन शुद्धः, रहितः मद्यादि स्थूल दोषैः;

જેને શુદ્ધ સમ્યક દર્શન હોય તેને મદ્યાદિ સ્થૂલ દોષ હોય નહિં. (એટલે સમ્યક દૃષ્ટિ જીવ મોટકા દોષો રહિત હોય) તે મદિરા માંસનું ભક્ષણ કરે નહિં, પરદારા ગમની ન હોય, સાત વ્યસન માંહેલા કોઇ પણ વ્યસનનું સેવન કરે નહિં, વિશ્વાસઘાતિ ન હોય, દુનિયામાં કોઇ અપવાદ બોલે તેવું કર્તવ્ય સમ્યક દૃષ્ટિ જીવ ન કરે.

પ્રશ્ન ૫ મું—સમકિત દૃષ્ટિનું લક્ષણ શું? તેની ઓળખાણ શી રીતે થાય?

ઉત્તર—દિગંબર મતમાં સમકિત દૃષ્ટિનું લક્ષણ-તેની ઓળખાણ આ પ્રમાણે કરી છે. સાંભળો-દિગંબર મતના એક લખેલ ગ્રંથમાં-શ્રી જિન ધર્મ પચીસીમાં-વ્યવહાર સમ્યકત્વ લક્ષણ-નીચે પ્રમાણે કહેલ છે.

છપ્પે છંદ—

छहौं द्रव्य नव तत्त्व, भेदजाको सब जानैं,
दोष अठारह रहित, देवताको परवानैं;

संजम सहित सुसाध, होय निर्ग्रंथ निरागी,
मत अविरोध गरंथ, ताहि माने परत्यागी;
केवल भाषित धर्मधर, गुनथानिक बूझैं मरम,
भैया निहार विवहार यह, सम्यक् लछन जिन धरम. १

धर्मास्ति कायादि छ द्रव्य, જીવા જીવાદિ નવ તત્ત્વ, તેના સર્વ ભેદને સારી રીતે જાણે; અને અઢાર દોષ રહિત દેવને દેવપણે માને, સંયમ યુક્ત રાગ દ્વેષ રહિત નિર્ગ્રંથને સાધુ માને, ધર્મને વિરોધ ન પડે તેવા ગ્રંથો માને, બાકીનો (ધર્મને વિરૂદ્ધ પડે તેવાનો) ત્યાગ કરે, અને કેવળીએ પરૂપેલા ધર્મનો સ્વીકાર કરે, અને ચૌદે ગુણ સ્થાનના મર્મનો જાણ હોય. તેને વ્યવહારથી સમકિતનું લક્ષણ જિન ધર્મ સંબંધીનું જાણવું. ઉપરના લક્ષણે વ્યવહારથી સમકિતી જીવને ઓળખવા.

પ્રશ્ન ૬ ઠું—ઉપર કહ્યા પ્રમાણે જ્યારે વ્યવહારથી સમ્યક્ત્વ લક્ષણ કહ્યું ત્યારે નિશ્ચયથી સમકિતી કેમ જાણીએ? તેનું શું લક્ષણ?

ઉત્તર—શ્રી દિગમ્બર મતમાં-જિન ધર્મ પચીસીમાં નિશ્ચે સમ્યક્ત્વનું લક્ષણ નીચે પ્રમાણે કહ્યું છે.

છપ્પે: છંદ

राग दोष अरु मोह, नाहि निज मांहि निरखत,
दर्शन ग्यांन चारित्र, सुध आतमरस चखत;
पर द्रव्य सौं भिन्न, चिन्ह चेतन पद मंडित,
वेदत सिद्ध समान, शुद्ध निजरूप अखंडित;
सुख अनंत जिहि पद वसत, सोनिसचै सम्यक् महत,
भैया विचछन भविक जन, श्री जिनंद इहि विधि कहत. १

જેને નિશ્ચયથી સમકિતની પ્રાપ્તિ થઇ હોય એવા જીવો રાગ, દ્વેષ અને મોહની દૃષ્ટિએ જોયે નહિ. અર્થાત્ તેનો વાસ પણ પોતાના આત્મામાં થવા દે નહિ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર રત્ન ત્રય વડે શુદ્ધ આત્મ રસને ચાખે, આત્મ દ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્યની ભિન્નતા માની જ્ઞાનમય ચૈતન્ય પદને વિષે પોતાની વૃત્તિ જોડેલી છે. સિદ્ધ સમાન સુખને વેદતાં શુદ્ધ આત્મ સ્વરૂપની જ્યોતિને અખંડિતપણે પ્રગટાવનાર, જ્યાં અનંત સુખનો વાસ છે તે પદને આપનાર મહા મહિમાવંત નિશ્ચય સમકિત

છે, એ વિધિ થી જિનેંદ્ર ભગવંતે ભવ્ય જીવને ઉદ્દેશીને કહી છે, એમ વિચક્ષણ ભવ્ય જીવે નિશ્ચે સમકિતનું લક્ષણ સમજવું.

આનો પરમાર્થ એ છે કે-જિનેંદ્ર દેવે કહેલાં તત્ત્વોને વ્યવહારથી જાણે ને સર્દહે તેને વ્યવહારથી સમકિત અને નિશ્ચયથી જાણે સર્દહે તેને નિશ્ચયથી સમકિતનું લક્ષણ માનવું.

પ્રશ્ન ૭ મું—જેને નિશ્ચય સમકિત પ્રાપ્ત થાય તેને વ્યવહારથી કરણી કરવાની જરૂર ખરી કે કેમ ?

ઉત્તર—તે વિષે નીચેના સવૈયામાં ચોકખું કહ્યું છે. સાંભળો-

સવૈયો—૨૩ સો—

जाकै निसचै प्रगटभये गुन, सम्यक दर्शन आदि अपार;
ताकै हि हृदै गई विकलता, प्रगट रही करनी विवहार;
जहां विवहार होइ तहां निश्चै, होय न होय उभै परकार;
जहां विवहार प्रगट न दीसै, तहां न निश्चै गुन निरधार. १

જેને નિશ્ચેથી સમ્યક્‌દર્શનનો ગુણ પ્રગટ થાય છે એટલે જેને આદિ અનંત એવું ક્ષાયક સમકિત પ્રાપ્ત થાય છે તેના હૃદયમાં વિકલતા રહેતી નથી. તેને કોઇ જાતની ભ્રમણા રહેતી નથી સુખ દુઃખ આવ્યે પોતાનાં પૂર્વકૃત કર્મનું ફળ માને-જેને નિશ્ચય સમકિત પ્રગટ થયું હોય તેને શુદ્ધ વ્યવહાર કરણી બાકી રહી છે તે કરણી કરવા પ્રયત્ન કરે. તે કરણીમાં પ્રવર્તે ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યું કે-જ્યાં શુદ્ધ વ્યવહાર કરણી હોય ત્યાં નિશ્ચય સમકિત માનવું ? ગુરૂ કહે હે ભાઇ ! જ્યાં શુદ્ધ વ્યવહાર કરણી હોય ત્યાં નિશ્ચે ગુણ હોય અને ન પણ હોય એમ બન્ને પ્રકાર રહ્યા છે, પરંતુ જ્યાં શુદ્ધ વ્યવહાર પ્રગટપણે ન દીસે ત્યાં નિશ્ચય ગુણ-નિશ્ચય સમકિત હોયજ નહિ. એમ આ સવૈયો જણાવે છે.

પ્રશ્ન ૮ મું—સમકિતીની રીતિ કેવી હોય ?

ઉત્તર—સમકિત દૃષ્ટિની રીતિ પ્રવૃત્તિ નીચે પ્રમાણે હોય.

દોહરો-

શત્રુ મિત્ર દો સમ ગણે, નહિ પુદ્‌ગલસેં પ્રીત ;
આપ સમ જાણે અવર, એ સમકિતની રીત. १

પ્રશ્ન ૯ મું—શ્રાવકમાં કેવા ગુણો હોવા જોઇએ, અને કેવા ગુણવાળાને શ્રાવક માનવા ?

ઉત્તર—"જૈન ગ્રંથ રત્નાકર"-રત્ન ૩ રા-સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા-અથ ધર્માનુપ્રેક્ષા-(દિગંબર ગ્રંથ) પાને ૧૧૯મે-શ્રાવક સ્વરૂપ-નીચે પ્રમાણે કહ્યું છે.

सम्यग्दर्शन शुद्धः, रहितः मद्यादि स्थूल दोषैः;
व्रतधारी सामायिकः, पर्व्वव्रती प्रासुका हारी. १

रात्रि भोजन विरतः, मैथुन सारम्भ सङ्गत्यक्तः च;
कार्यानुमोद विरतः उद्दिष्टा हार विरतः च. २

ભાવાર્થ:—સમ્યગ્દર્શન કે શુદ્ધ જાકે એસા ૧, મદ્ય આદિ સ્થૂલ દોષ નિતેં રહિત દર્શન પ્રતિમાકા ધારી ૨, પાંચ અણુવ્રત, તીન ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત એસે બાર વ્રતનિ સહિત વ્રતધારી ૩, તથા સામાયિક વ્રતી ૪, પર્વવ્રતી ૫, પ્રાસુકાહારી ૬, રાત્રિ ભોજન ત્યાગી ૭, મૈથુન ત્યાગી ૮, આરંભ ત્યાગી ૯, પરિગ્રહ ત્યાગી ૧૦, કાર્યાનુમોદ વિરત ૧૧, ઉદ્દિષ્ટાહાર વિરત ૧૨, ઇસ પ્રકાર શ્રાવક ધર્મકે ૧૨ ભેદ હૈં.

ભાવાર્થ:—પહલા ભેદ તો પચ્ચીસ મલ (મિથ્યાત્વ) દોષ રહિત શુદ્ધ અવિરત સમ્યગ્દષ્ટી હૈ. બહુરિ ગ્યારહ ભેદ પ્રતિમાનકે વ્રતનિ કરિ સહિત હોય સો વ્રતી શ્રાવક હૈ.

પ્રશ્ન ૧૦ મું—આ સંબંધી વિશેષ કાંઈ જાણવા જેમ છે?

ઉત્તર—હા, જી, સાંભળો-દિગંબરી બનારસીદાસે પુણ્ય પચીશીમ શ્રાવક ધર્મનું વર્ણન કર્યું છે તેમા કહ્યું છે કે—

સવૈયા-૩૧ સા-

मिथ्या मत रीत टारी भयो अनुव्रत धारी,
एका दश भेद भारी हिरदे वहतु है;
सेवा जिनराजकी है यहे सिरताजकी है,
भक्ति मुनिराजकी है चित्तमें चहतु है;
विसेस विचारी रीति भोजनें अमल प्रीति,
इंद्रीनको जीति चित्त थिरता गहतु है;
दया भाव सदा धरे मित्रता प्रमाण करे,
पाप मल पंक हरे मुनिवें कहतु है. १

અર્થ:—સમકિત પ્રાપ્ત થયેલા જીવો વ્રતધારી શ્રાવક હોય છે. જ્યારે વ્રત અંગીકાર કરે ત્યારે જેટલા મિથ્યાત્વના રીત રીવાજ હોય તેને દૂર કરી વ્રતધારી શ્રાવક થાય એટલે અણુવ્રત, ગુણવ્રત, ને શિક્ષાવ્રતને ધરનાર હોય. તેના હૃદયમાં અગ્યાર પ્રતિજ્ઞાની ભાવના રહ્યા કરે. એવો શ્રાવક જિનરાજ દેવનીજ સેવના કરે એટલે તેમના પ્રરૂપેલા ધર્મની સેવા કરે અને તેમનાં વચનનેજ શીર ચડાવે, અર્થાત્ તેમની આજ્ઞાને શીરતાજ સમાન મસ્તક ચડાવીને ચાલે. અને હંમેશાં મુનિરાજની ભક્તિ ચિત્તમાં ચાહના કરે, વિષય કષાયનો ત્યાગ કરનાર અને ભોજન પ્રત્યે અપ્રીતિ ધરાવનાર એટલે જીહ્વા ઇંદ્રિયનો લોલુપી ન હોય, જિતેંદ્રિય થકો ચિત્તની વૃત્તિનેસ્થિર કરનાર હોય, સદાય તમામ પ્રાણી પર દયા ભાવ રાખે અને તમામ જીવને પોતાના મિત્ર માને, મિત્ર ભાવે તમામને પ્રણામ કરે એટલે સર્વને નમી ચાલે કોઇથી કઠોરપણે ન વરતે, એવી વૃત્તિવાળા હોય તેજ શ્રાવક કહેવાય. તેવા ગુણવાળા શ્રાવક હોય તે પાપ કર્મને હરનારા થાય છે એમ મુનિવરો કહે છે.

પ્રશ્ન ૧૧ મું—મુનિ ધર્મ માટે શું કહ્યું છે તે જણાવશો?

ઉત્તર—મુનિ ધર્મ માટે પણ એજ અધિકારે નીચે પ્રમાણે કહ્યું છે સાંભળો—

સવૈયા-૩૧ સા-

दहि कै करम अघ लहिकैं परम मग,
गहि कै धरम ध्यान ग्यानकी लगनि हैं;
सुध निजरूप धरें परसों न प्रीत करैं;
वसत सरीरपै अलिप्त ज्यौं गगनि है.
निश्चै परिनाम साद्धि अपनै गुन आरावि,
अपनी समाधि मधि अपनीं जगनी है;
सुद्ध उपयोगी मुनि राग दोष मए सुनि,
परसौं लगन नांहि आपनैं मगनी हैं. १

અર્થ—અહિયાં મુનિ સ્વરૂપ જણાવે છે કે—કર્મને હાવા નર કર્મને બાળીને, પરમ માર્ગ—મોક્ષ માર્ગનો પંથ જેણે લીધો છે, ધર્મ ધ્યાનને ગ્રહી જેને જ્ઞાનની લગની લાગી છે, પોતાના શુદ્ધાત્મ સ્વરૂપને ધારણ કરનાર, પર જે પુદ્‌ગળ સાથે પ્રીતિ નહિ કરનાર, શરીરમાં વસતાં

થકા પણ પોતાના આત્માને કર્મ મળે લેપાવા નહિં દેતાં આકાશની પરે અલિપ્ત નિર્મળ રાખે છે. નિશ્ચય પરિણામ જે આત્મ સ્વરૂપ તેને સાધી જ્ઞાન દર્શન ચારિત્ર રત્નત્રય જે આત્માનો ગુણ તેને આરાધી, પોતાની આત્મ સમાધિને વિષેજ પોતાના જોગને જોડયા છે. એવા શુદ્ધ ઉપયોગી મુનિ, રાગ અને દ્વેષને દૂર કરી એક આત્મ વિચાર શિવાય બીજામાં નહિ લાગતાં આપે આપમાંજ મગ્ન રહે છે. ઇતિ મુનિ સ્વરુપ.

પ્રશ્ન ૧૨ મું—કોઇ કહે કે-પંચમ કાળમાં કોઇ સાધુ છેજ નહિ. તેનું કેમ ?

ઉત્તર—જો પંચમ કાળમાં કોઇ સાધુ નથી તો શ્રાવક પણ નથી તો સમકિતીને માટે પણ હોય ;તે ખરૂં એમ પણ કોઇનું માનવું થાય પણ આપણે સૂત્ર સામી દ્રષ્ટિ કરીએ તો ભગવતીજીમાં ભગવંતે કહ્યું છે કે-મારૂં શાસન એકવીશ હજાર વર્ષ સુધી ચાલશે. તો તે કોના ઉપર ચાલશે તેનો પહેલો વિચાર કરવો જોઇએ. સૂત્રના ન્યાયે તો પાંચમા આરાનાં છેડા સુધી ચારે તીર્થ પ્રવર્તવાં કહેલ છે.

અને દિગંબર મતના અભિપ્રાયે તોપંચમ સમયમાં સાધુપણું સાબીત રાખી શ્રાવકપણાની નાસ્તિ જણાવે છે. તો પછી ઉપરોક્ત ભાષાના બોલવા-વાળા પ્રશ્નકારના પ્રશ્ન વિષે શું સમજવું ? તે વિચાર તો શ્રોતાએજ કરવાનો છે.

પ્રશ્ન ૧૩ મું—દિગંબર મતમાં પંચમ સમય માટે શું કહ્યું છે તે. તો જણાવો.

ઉત્તર—સાંભળો-દિગંબર મતના-એક લખેલા પુસ્તકમાં-મિથ્યાત-વિધ્વંસન ચતુર્દશીમાં-પંચમ સમય વર્ણનમાં-કહ્યું છે કે—

સવૈયા-૩૧ સા-

वीतराग देवसा तो वसत विदेह खेत,
सिव जुं कहावे सिव लोक मधि लहियें;
आचारिज उवझाय दुहुँने न कोऊ इहां,
साधु हुवता सु एतो दछिन मै कहीये ;
श्रावक पुनित सोतो विद्यमान इंहा नाहि,
सम्यक के संत कोऊ जीव सरद हीये ;

सास्त्र के सरधा वामैं बुधि अति तुछ रही,
पंचमे समैमें कहो कैसें पंथ गहीयें. ?

અર્થ—વીતરાગ દેવ તે તો મહા વિદેહ ક્ષેત્રમાં વસે છે, અને સિદ્ધ ભગવંત શિવ લોકમાં-મોક્ષમા બિરાજે છે, આચાર્યજી તથા ઉપાધ્યાયજી બન્નેમાંથી કોઇપણ ઇહાં નથી, અને સાધુ છે પણ તે દક્ષિણમાં કહેવાય છે, વળી શ્રાવક તો કોઇ અત્યારે અહિં વિદ્યમાન છેજ નહિ, અને સમકિતી જીવ તો કોઈ સાધુપણામાં ભાગ્યેજ સરદહિયે, શાસ્ત્રની શ્રદ્ધામાં બુદ્ધિ પહોંચતી નથી કારણકે બુદ્ધિ અતિ તુચ્છ રહી; તો હવે આ પંચમ સમયમાં-પંચમ કાળમાં કહો કયા પંથને સહવો? કયા પથે ચાલવું? એમ ભવ્ય જીવ પોતાના આત્માને પૂછે છે.

પ્રશ્ન ૧૪ મું—તેનો ઉત્તર શું મળ્યો? ને કોણે આપ્યો? તે જણાવો

ઉત્તર—તેનો ઉત્તર બહુજ સારો મળ્યો અને તે ઉત્તર પોતાના આત્માએજ આપ્યો. સાંભળો—

સવૈયા-૩૧ સા-

तुंहि वीतराग देव रागद्वेष टारि देखि,
तुंहि तो कहावै सिद्ध अष्ट कर्म नासतें ;
तुंहि तो आचारिज हैं आचरै जो पंचाचार,
तुंहि उवझाय जिन बांनी के प्रकास तें ;
परको ममत त्याग तुंहि हैं रिषराज,
श्रावक तुंहिज व्रत एकादश भासतें ;
सम्यक् सुभाव तेरी शास्त्रपुनीत तेरी बांनी,
तुंही मैया ग्यांनी निज रूपके निवासतें. १

અર્થ—જ્ઞાન આત્મા દ્રવ્ય આત્માને કહે છે કે હે ભવ્ય જીવ! તુંહી પોતેજ વીતરાગ દેવ છો, તારા આત્માને તું રાગ દ્વેષ રહિત દેખ તો તું પોતેજ વીતરાગ છો, અને તારો દેહ તેજ વિદેહ ક્ષેત્ર છે એમ માન. અને અષ્ટ કર્મનો નાશ કર તો તું પોતેજ સિદ્ધ છો. પંચાચાર તે આચર-અંગીકાર કર તો તુંજ આચાર્ય છો, અને જિન વાણીનો પ્રકાશ કર એટલે તુંજ ઉપાધ્યાય છો, પર જે પુદ્ગલ તેહનો ;મમત્વ ત્યાગ તો તુંજ ઋષિરાજ-સાધુ છો. અને એકાદશ વ્રત અંગીકાર કરે તો તું પોતેજ

સ્વરૂપ છે. હે આત્મા તારો મુળ સ્વભાવ જે છે તેજ સમકિત છે, અને તારા મુખમાંથી જે વાણી નીકળે છે તે શાસ્ત્ર રૂપજ છે, અને જો તારા હૃદયમાં નિવાસ કરીને રહે તો તું પોતેજ જ્ઞાની છો. અર્થાત્ ઉપરોક્ત ગુણને પ્રકાશ કરે તો હે આત્મા તારી પાસે બધા ગુણો રહેલા છે અને તે ગુણનો અધિકારી પણ તુંજ છે. એમ ભવ્ય જીવોને વિચરવાને માટે એ ઉપદેશ છે.

પ્રશ્ન ૧૫ મું—જ્યારે ભવ્ય જીવ, ઉપરના તમામ ગુણનો અધિકારી છે તો તે સર્વ ગુણને પ્રગટ કરી મોક્ષને કેમ મેળવી શકતો નથી?

ઉત્તર—તે વિષે દિગંબર મતના લિખિત-મિથ્યાત્વ ચતુર્દશીમાં કહ્યું છે કે:—

સવૈયા—૩૧ સા—

मिथ्या भाव नास होय तबै ग्यांन भास होय,
मिथ्या के मिलाप सौं अशुद्धता अनादिकी ;
मिथ्या के संजोग सेती मोक्षकौ विजोग रहै,
मिथ्या के विजोग जीव जांनै मरजादिकी ; •
मिथ्याकी मगनतासौं संकट अनेक सहैं,
मिथ्याके मिटाये भव भावइ ले आदिकी ;
ऐसी मिथ्या रीतकी जे प्रीतकौं निवारै संत,
करें निज प्रकट सक्ति ठोरी कर्म दिकी. १

અર્થ:—જ્યારે મિથ્યા ભાવનો નાશ થાય ત્યારેજ આત્માને જ્ઞાનનો પ્રકાશ થાય છે એટલે જીવ પાસે જ્યાં સુધી અનાદિ મિથ્યાત્વ રહેલું છે ત્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ થઇ શકે નહિ. મિથ્યાત્વનો મેળાપ થવાથી તેનો સંગ થવાથી આત્મા અનાદિ કાળનો અશુદ્ધતાને પામી મલીન બની ગયો છે. અનાદિના મિથ્યાત્વના સંજોગને લઇને આત્માને મોક્ષનો વિજોગ રહે છે. મિથ્યાત્વનો વિજોગ થાય, તેનો નાશ થાય ત્યારેજ આત્મા પોતાના સ્વરૂપની મરજાદ જાણી શકે. પણ જ્યાં સુધી આત્મા મિથ્યાત્વની મગનતામાં રહે ત્યાં સુધી જન્મ, જરા ને મરણના-સંસારમાં પરિભ્રમણ કરવાનાં અનેક દુઃખો-અનેક સંકટો સહન કરે છે. સંકટો ક્યારે દૂર થાય કે જ્યાં મિથ્યાત્વને દૂર કરે ત્યારે પોતાના ભવની આદિનો ભાર લઇ શકાય છે આ પ્રમાણે મિથ્યાત્વની રીતને જાણીને તેની પ્રીતિને તજે-તેનો સં

નિવારે એવા સંત–સાધુ મુનિરાજ પોતાના આત્માનું સ્વરૂપ પ્રગટ કરી પોતાની શક્તિ વડે કર્મનાં દલને તોડીને જે અનાદિનાં કર્મ હતાં તેની આદિ લાવી થોડા કાળમાં મુક્તિને ઢુંકડી મૂકે–એવો આત્મા શક્તિવંત છે. પણ મિથ્યાત્વના જોરે તેનું બળજોર ચાલતું નથી. તેથી ઉપરના ગુણો પ્રગટ કરી મોક્ષ મેળવી શકતો નથી. પણ ભવ્ય જીવ જ્યારે પોતાની શક્તિ ફેરવશે ને મિથ્યાત્વનો મૂળમાંથી નાશ કરશે ત્યારે મોક્ષ મળવાને વિલંબ નથી.

પ્રશ્ન ૧૬ મું—એમ સાંભળીએ છીએ કે–આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે–સમકિત દૃષ્ટિ પાપ કરે નહિ. તો આનંદાદિક દશ શ્રાવક તથા તુંગીયા નગરીના શ્રાવક આદિનો અધિકાર ઉપાસક દશાંગ તથા ભગવતીજી વગેરે સૂત્રોમાં ઘણે ઠેકાણે કહેલ છે કે–દશ હજાર ગાયોનું એક ગોકુળ એવા ચારથી આઠ ગોકુળના ધણી એટલે સૂત્ર પાઠે ઘણી ગાયો, ઘણી ભેંસો, ઘણાં છાળી–બકરા, ઘણા દાસ દાસી, અને તેને અંગે થતાં ઘણાં આહાર પાણી જેને ત્યાં નિષ્પન્ન થતાં તો ત્યાં શું આરંભ નહિ થતો હોય ? શું આવા વૈભવવાળાને પાપ નહિ લાગતું હોય ? આવા વૈભવવંત થના પાપના અધિકારી કોણ ? જો તે શ્રાવકો પાપના અધિકારી હોય તો તેનામાં સમકિત માનવું કે કેમ ? અને જો સમકિત અને શ્રાવકપણું સાબિત રહેતું હોય તો 'सम्मत्त दंसी ण करेइ पावं' નો અર્થ શું છે તે જણાવશો ?

ઉત્તર—'सम्मत्त दंसी न करेइ पावं' માત્ર આ શબ્દ ઉપરથી એવો અર્થ કરવામાં આવતો હતો કે–સમકિત દૃષ્ટિ અઢારમું પાપ–મિથ્યા દર્શન શલ્ય કે જેનાથી સમકિતનો નાશ થાય તેવું પાપ સમકિત દૃષ્ટિ કરે નહિ અને મારા રચેલા 'સત્ય પ્રકાશ' મા પણ એજ અર્થ દાખલ કર્યો છે. ત્યાર બાદ એક વિદ્વાન્ પંડિતના મુખથી સાંભળવામાં આવ્યું કે–એક પાપ નહિ પણ અઢારે પાપ સમકિત દૃષ્ટિ કરે નહિ. એમ આચારાંગ સૂત્રમાં કહ્યું છે. તે ન્યાય જોતાં એમ જણાય છે કે–સમકિત દૃષ્ટિ અઢાર પાપ માંહેનું કોઈ પણ પાપ કરે નહિ એમ સૂત્ર પાઠથી સાબિત થાય છે.

પ્રશ્ન ૧૭ મું—આચારાંગ સૂત્રમાં સમકિત દૃષ્ટિ અઢાર માંહેનું કોઈ પણ પાપ કરે નહિ એવો મૂળ પાઠથી ખુલાસો કરી આપશો ?

ઉત્તર—હા,જી, આચારાંગ સૂત્ર અધ્યયન ત્રીજું–ઉદ્દેશે બીજો–તેમાં કહ્યું છે કે–ગાથા–

आइंच बुद्धिंच इहम्मवास, भूतेहिं जाणे पडि लेह सायं ;
तम्हा तिविज्जो परमंति णच्चा, संमत्तदंसी णकरोति पावं. १

અતિ વિજ્ઞો-પંડિત જનો-જ્ઞાની પુરૂષો, આ જગત્‌માં ઉત્પન્ન થએલા અને વૃદ્ધિ પામેલા જીવોને દેખીને એમ વિચારે છે કે-સર્વ પ્રાણી ભૂત, શાતા-સુખની પ્રતિ લેખણા-ગવેષણા કરે છે. તેટલા માટે સમકિત દૃષ્ટિ જીવ મોક્ષના અર્થ માટે એટલે મુક્તિ મેળવવા માટે કોઈ પણ પ્રકારનું પાપ કરે નહિ. અર્થાત્ અઢાર પ્રકારનાં પાપ માહેનું કોઇ પણ પાપ સમકિત દૃષ્ટિ મોક્ષને અર્થે કરે નહિ.

પ્રશ્ન ૧૮ મું—આ સંબંધી કાંઈ વિશેષ ખુલાસો છે ખરો ?

ઉત્તર—હા, જી, સાંભળો-આચારાંગ સૂત્રના પહેલા અધ્યયનમાં દરેક ઉદ્દેશે કહ્યું છે કે-આ સંસારમાં રહેલા પ્રાણિઓ છ કારણે હિંસા કરે છે. તે જીવિતવ્ય રાખવા માટે ૧, કીર્તિ પ્રશંસા અર્થે ૨, માન માટે ૩, પૂજા-યા પૂજા શ્લાઘા મેળવવા માટે અર્થાત્ પૂજાવા માટે ૪, જન્મ મરણથી મુકાવા માટે એટલે મોક્ષ માટે ૫, અને શારીરિક માનસિક દુઃખ ટાળવાને માટે ૬, એ છ કારણ કહ્યાં તેમાં પાંચ કારણ તો સંસાર વ્યવહારનાં રહેલાં છે, અને એક કારણ મોક્ષને માટે-ધર્મ બુદ્ધિએ રહેલ છે. માટે તેજ અધ્યયનમાં કહ્યું છે કે-तंसे अहियाए. तंसे अबोहिए. એટલે પાંચ કારણે હિંસા કરનારને અહિત ભણી થાય, અને નરકાદિક ગતિ પણ કહી છે. અને મોક્ષને અર્થે-ધર્મને અર્થે હિંસા કરવાથી સમકિતનો નાશ થવા સાથ અબોહિએ એટલે ફરી સમકિત પ્રાપ્ત થવું દુર્લભ કહ્યું છે.

અને પ્રશ્ન વ્યાકરણમાં અર્થ, કામ, ને ધર્મ અર્થે હિંસા કરનારને અધર્મમાં ગણી માઠાં ફળ કહ્યાં છે.

અને ભગવતીજીના નવમા શતકે ૩૧મા ઉદ્દેશે અશોચાએ વિભંગ જ્ઞાને કરી પાખંડ ધર્મને સારંભીને સપરિગ્રહી જાણ્યો-(વીતરાગ ધર્મને નિરારંભી નિષ્પરિગ્રહી ધર્મ જાણ્યો) તેથી સમકિતની પ્રાપ્તિ સાથ વિભંગમાંથી અવધિ જ્ઞાન અને છેવટે કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થઇ.

વગેરે દાખલાથી જણાય છે કે-સમકિત દૃષ્ટિ મોક્ષ અર્થે-કે ધર્મ અર્થે અઢારમાંનું એક પણ પાપ કરે નહિ, એમ આચારાંગની ગાથા વિશેષે કરીને સૂચવે છે.

પ્રશ્ન ૧૯ મું—આ વિષે ચાલતા જમાનાનો કાંઇ દાખલો છે ખરો? હોય તો તે પણ બતાવશો.

ઉત્તર—જી, હા, સાંભળો–"નવજીવન" તંત્રી: મોહનદાસ કરમચંદ ગાંધી. પુસ્તક ૨જું–અંક ૧૮મો–અમદાવાદ–સંવત્ ૧૯૭૭ના માગશર વદ ૯ રવિવાર–તા. ૨ જાનેવારી ૧૯૨૧માં–મૂળ પૃષ્ટ ૨જું–ચડતા આંકે પૃષ્ટ ૧૩૮મું–કોલમ ૨જે–(મહાત્મા ગાંધી પોતે ભાષણમાં (નાગપુરની કોંગ્રેસમાં ૨૦ હજાર માણસ મળેલાં તેમાં) જણાવે છે કે—

મારે પોતાને માટે તો એજ ધર્મ છે કે હિંસા કરીને મારે સ્વરાજ્ય મળતું હોય તો તે નથી જોઇતું, મોક્ષ મળતો હોય તો તે પણ નથી જોઇતો, ઇશ્વરની ભક્તિ પણ હિંસા કરીને થતી હોય તો મારે તેની ભક્તિ નથી જોઇતી. તમારે માટે આ ઠરાવમાં બતાવ્યા છે તેવાં શાંતિનાં અને સચ્ચાઇનાં સાધનોજ યોગ્ય છે. તેવાં સાધનોથીજ તમારીપર થયેલા અન્યાયોને દુરસ્ત કરી શકશો.

પ્રશ્ન ૨૦ મું—શ્રી આચારાંગજીના શ્રુતસ્કંધ ૧ લે–અ૦ ૧ લે ઉદ્દેશે ૧ લે તેને વિષે દ્રવ્યદિશીને ભાવદિશી કહી તે શી રીતે સમજવી?

ઉત્તર—પૂર્વ ૧, પશ્ચિમ ૨, ઉત્તર ૩, દક્ષિણ ૪ એ ચાર દીશી કહી. ઇશાન ૧, અગ્નિ ૨, નૈરૂત્ય ૩, વાયવ્ય ૪ એ ચાર વિદિશી થઇ ૮ આઠ અને દિશીને વિદિશી વચ્ચે એક એક ગણતા આઠ અંતરદીશી એવં ૧૬ ઉર્દ્ધ ૧ અને અધો ૨ એ બે મળીને ૧૮ દિશી થઇ તે દ્રવ્ય દિશી ૧૮ કહી છે.

અને ૧૮ ભાવ દિશી કહી છે તે પણ આ પ્રમાણે છે–૧ કર્મભૂમિ મનુષ્ય, ૨ અકર્મભૂમિ મનુષ્ય, ૩ છપ્પન અંતર દ્વીપાનાં મનુષ્ય, ૪ સમુર્છિમ મનુષ્ય એ ચાર જાતનાં મનુષ્ય અને ૧ બેઇંદ્રિ ૫, ૨ તેઇંદ્રિ ૬, ૩ ચોરંદ્રી ૭, ૪ ને તિર્યંચપચેંદ્રિ ૮, એ આઠ થયા. ૧ પૃથ્વી ૯, ૨ પાણી ૧૦, ૩ અગ્નિ ૧૧, ૪ ને વાયરો ૧૨ એ બાર થયા. ૧ અગ્રબીજ ૧૩, ૨ મૂળબીજ ૧૪, ૩ ખંધબીજ ૧૫, ૪ ને પર્વબીજ ૧૬ એ ચાર વનસ્પતિના મળી સોળ થયા. દેવતા ૧૭ અને નારકી ૧૮ એ બે મળી ૧૮ અઢાર ભાવદિશી કહી. તેમાં જીવ ગતાગતિ અનંતકાળથી કરે છે.

પ્રશ્ન ૨૧ મું—આકુટીને–જાણી પ્રીછીને પાપ કરે તે કેવી રીતે છુટે?

ઉત્તર—શ્રી આચારાંગજી સૂત્રના પેહેલા શ્રુત સ્કંધમાં પંચમ અધ્યયનના ચોથા ઉદ્દેશે કહ્યું છે કે–જે આકોટીને–જાણીને કીધું કર્મ તેહી આલોઇને તે પાપ કર્મને જાણવાથી જાણી ગુરૂ પાસેથી દશ પ્રકારના પ્રાયશ્ચિત મધ્યેનું જે દેવે તે લેવે કરીને કર્મ ખપાવે–તે પાપ કર્મથી છુટે એમ કહ્યું છે.

'પ્રશ્ન ૨૨ મું—આચારાંગજીમાં છ બોલમાં જીવની ઉત્પત્તિ' સદાય કહી છે તે છ બોલ કયા ?

ઉત્તર—આચારાંગ સૂત્રના બીજા શ્રુત સ્કંધના પહેલા અધ્યયનના ૮મા ઉદ્દેશામાં કહ્યું છે કે—

से भिक्खूवा २ जाव समाणे सेज्जंपुण जाणेज्जा आमडागंवा पूति पिणा गंवा महुंवा मज्जंवा सप्पिवा खोलंवा पुराणं एत्यपाणा अणुप्पसूया एत्थ पाणाजाया एत्थ पाणा संवुड्ढा एत्थ पाणा वुक्कंता एत्थ पाणा अपरिणता एत्थ पाणा अविद्धत्था णो पडिगाहेज्जा इति પાઠ-અથ ભાષા—

તે સાધુ જે જાણેઇ આમડાગં કહેતાં કાચા પાન, અરણિક તંદુલ ઇત્યાદિ એ અગ્રાહ્ય તથા પુઇ પિન્નાગ કહ્યો ખલ તથા મધુ, મદ્ય પ્રસિદ્ધ એ અગ્રાહ્ય તથા સર્પિ કહેતા ઘૃત એ પુરાણો * ચલિત રસ તથા ખોલ કહેતા મદ્યનો નીચલો કીટ્ટ એ પુણ્ પુરાણો કિણહી કારણે જોઇ તો હુય તે પુણ ન લેવો. હવે એ પૂર્વોક્ત સઘળાઇ અગ્રાહ્ય કહ્યા તે કિસ્યા ભણી અગ્રાહ્ય કહ્યા તે કહે છે, આમડાગં, તથા પૂતિ પિન્નાગ, મધુ, મદ્ય, નવ (નવાળતાજા) પુરાણો ઘૃત અને ખોલ એને વિષે પાણ કહેતાં જીવ અણુપ્પસૂયા ઉપના ઇહાં જીવ વૃદ્ધિ પામ્યા, ઇહાં જીવ અભ્યુત્ક્રાંત ગયા નથી કિંતુ છે જે ઇહા જીવ અપરિણયા કહેતાં પરિણમ્યા નથી. ઉપજતા કહિયે ઇહાં જીવનો વિદ્ધસ્થા વિણઠા નથી તિણિ કારણે એટલાં વાનાં સાધુને લેવાં ન કલ્પે. ઇતિ ભાષા, પાનું ૬૭ મું-બાબુવાળા છપાયેલમાં—ટીકામાં પણ એમ કહ્યું છે.

પ્રશ્ન ૨૩ મું—સાધુને શુદ્ધ એષણિક દોષ રહિત ઉપાશ્રય મળવો સુલભ કિંવા દુર્લભ ?

---

* "શાલિગ્રામ નિઘંટુ ભૂષણમ્" અર્થાત્ બૃહન્નિઘંટુ રત્નાકરાન્તગતો ૭મો ૮મો ભાગ (વૈદ્યકોપયુક્ત સમસ્ત પદાર્થ નામ ગુણ કોશ) મુંબઇ-ખેમરાજ શ્રી કૃષ્ણદાસે શ્રી વેંકટેશ્વર છાપખાનામાં સાં. ૧૯૬૧ માં ૧૨૧૬ પૃષ્ઠનો ગ્રંથ છાપેલો છે તેમાં પાને ૯૯૯ મે જુના ઘૃત સંબંધી નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

"उग्र गन्धंपुराणंस्याद्दश वर्षस्थितंघृतम्; लाक्षारसनिभंशीतं, प्रपुराणमतः परम्:"

દશ વર્ષકા રખા હુવા ઔર ઉગ્ર ગંધવાળા તથા લાખ કે રંગકી સમાન લાલ રંગકા ઐસાહી ઘીકો પુરાના ઘૃત કહતે હૈ—મતાંતરે—"वर्षादूर्ध्वं भवेदाज्यं, पुराणंतत्रिदोषनुत्" ભાવમિશ્રમેં એક વર્ષ બીત જાને પર ઘીકો પુરાના કહા હૈ

ઉત્તર—આચારાંગ૦ શ્રુ૦ ૨ જે-અ૦ ૨ જે-ઉ૦ ૩ જે-કહ્યું છે કે-સાધુને આહાર પાણી શુદ્ધ નિર્દોષ મળવો સુલભ છે. પરંતુ ઉપાશ્રય સંબંધી કોઈ પણ દોષ નહિ એવો ઉપાશ્રય મળવો સાધુને દુર્લભ છે યતઃ—

પ્રશ્ન ૨૪ મું—ધર્મ સંબંધે કપટ સહિત કરણી કરવાથી શું થાય?

ઉત્તર—સૂયગડાંગ શ્રુ૦ ૧-અધ્યયન ૨ જે-ઉદ્દેશે ૧ લે આમ કહ્યું

जइ निगिणे किसे चरे, जइविय भुंजिय मासमंतसो;
जे इह मायाहि मिज्जई, आगंता गब्भायणंतसो ॥ ९ ॥

અર્થ.—સાધુપણાનો ડોળ ઘાલીને [illegible] શિષ્ય કહે છે કે, [illegible] લોકોની નિષ્પત્તિથી તથા તપસ્યાના કરનાર દેખાય એ [illegible] મોક્ષ કેમ ન પામે? એને ગુરૂ કહે છે કે, યદ્યપિ તે પારલૌકિક [illegible] સર્વ [illegible] [illegible] દુર્લભ [illegible] શરીર સંયમને [illegible] [illegible] માસ માસ ખમણ કરી માસને અંતે [illegible] સહિત સંયોગ કરે. ઉપરથી [illegible] અનંતા ગર્ભાદિક દુઃખ [illegible] પરિભ્રમણ કરે, એમ ઉપરની ગાથા જણાવે છે.

પ્રશ્ન ૨૫ મું—[illegible] કરી લેવું કેમ?

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તથા ટીકામાં કહ્યું છે કે–વનસ્પતિકાયનો આરંભ ધર્મના ઉપદેશ વડે કરીને આત્માને સુખને અર્થે તથા મોક્ષાર્થે અથવા બીજા દરેક કાર્યને અર્થે થકી વનસ્પતિને હણે તેને પાખંડી તથા અનાર્ય ધર્મી કહ્યા છે

તથા ગાથા ૧૨મીમાં–આહારાદિકે તથા શીતલોદકના ઉપભોગ વડે તથા અગ્નિ પ્રમુખે મોક્ષ માને તેને મૂઢ કહ્યા છે.

ગાથા ૧૩–૧૪–૧૫માં કહ્યું છે કે–ઉદકના સ્નાનથી મોક્ષ હોય તો મચ્છાદિક તમામ મોક્ષ જાય માટે ઉદકે મોક્ષ માને તે અયુક્ત.

તથા ૧૬–૧૭–૧૮મી ગાથા મધ્યે પણ એ સંબંધી ઘણો અધિકાર છે. પાણીથી મોક્ષ માનવાવાળાને જૂઠા બોલા કહ્યા છે. અને અગ્નિના આરંભથી જો મોક્ષ હોય તો કુંભારાદિકને મોક્ષ હોય, એમ ૧૮મી ગાથામાં કહેલ છે. વગેરે આ અધ્યયનમાં ઘણો અધિકાર છે માટ આખું અધ્યયન તમામ વાંચવા જેવું છે. વિશેષે કરીને વાંચવું.

પ્રશ્ન ૨૭ મું—સુ૦ શ્રુ૦ ૧ અ૦ ૯મે ગાથા ૩૪મીમાં કહેલ છે કે ગૃહસ્થાવાસે કેવળ જ્ઞાન રૂપ દીવાને અણદેખતાં થકા સંયમ આદરે એમ કહ્યું, ને પનરે ભેદે સિદ્ધ થયા તેમાં ગૃહસ્થલીંગે સિદ્ધ થયા કહ્યું તે કેમ?

ઉત્તર—ભાવ ચારિત્ર વિના સિદ્ધ ન થાય. ગૃહસ્થાવાસમાં કેવળ જ્ઞાનની પ્રાપ્તિ નથી એ વાત સત્ય છે, અને ગૃહસ્થલિંગે સિદ્ધ થયા એ વાત સત્ય છે. બન્ને વાત સૂત્રમાં કહી છે ગૃહસ્થલિંગે સિદ્ધ થાય તેને ભાવ ચારિત્ર પ્રગટ થાય છે તેને કેવળ જ્ઞાન પણ ઉત્પન્ન થાય છે ને મોક્ષ પણ જાય છે. સાખ ઠાણાંગ સૂત્રમાં મારૂ દેવા માતાની અંત ક્રિયાની.

પ્રશ્ન ૨૮ મું—આત્મા કર્મનો કર્તા નથી, આત્મા તો સદાય મોક્ષ રૂપજ છે એમ કહી આરંભને વિષે પ્રવર્તે તેને માટે સૂત્ર શું કહે છે?

ઉત્તર—સુયગડાંગ શ્રુ૦ ૧લે–અ૦ ૧૦મે–ગાથા ૧૬મીમાં કહ્યું છે કે જે એમ કહે છે કે–આત્મા કર્મનો કર્તા નથી અને અનેરે પુરુષ આત્મા તો સદાય મોક્ષ રૂપજ છે. એમ કહી આરંભને વિષે પ્રવર્તે મૂઢ છતા તેને ભગવંતે ધર્મના અજાણને આત્માનો હેતુ ન લહે. તે કહી વિશેષ નામ અવગા છે

પ્રશ્ન ૨૯ મું—જ્ઞાન આપનાર ગુરૂનું નામ ઓળવે તેને શું કહે?

ઉત્તર—સુ૦ શ્રુ૦ ૧લે અ૦ ૧૩મે–ગાથા ૪થે, તેમાં કહ્યું છે કે–ગુરૂ સમીપે ભણ્યા છતાં કોઈકે પૂછ્યું કે તમે કોની પાસે સૂત્ર ભણ્યા

છે? ત્યારે ગુરૂનું નામ ઓળવે-ગોપવે, માની થતો, તેને મહા [illegible]
ને તે અનાચારીઓ અનંતી વાર ફાનને પામશે, એમ કહ્યું છે.

પ્રશ્ન ૩૦ મું—જે કોઈ સંજમ તપાદિકને વિષે મદ કરે તેને શું ફળ?

ઉત્તર—સૂત્રકૃતાંગ સૂત્ર શ્રુ૦ ૧લે-અધ્યયન ૧૩મે-ગાથા [illegible]
[illegible] કહ્યું છે કે જે કોઈ એમ માને જે હુંજ સંજમવંત [illegible]
હુંજ જ્ઞાની છું, પરમારથ અણ જાણ્યો, અથવા હુંજ તપસી છું. [illegible]
[illegible] જેમ આંધળા લોકને પુરાણ સરીખા ભરી તેમાં નાખ્યું. તે [illegible]
[illegible] પડતાં દુઃખ પામે તેમ એહવા સંસાર માહી ફરી દુઃખ [illegible]
[illegible] ને સર્વજ્ઞના માર્ગનો અજાણ્યો [illegible] અજ્ઞાની [illegible]
[illegible] કરે.

પ્રશ્ન ૩૧ મું—[illegible] માયાસહિત [illegible] શું ફળ?

ઉત્તર—[illegible] અધ્યયનની ૧૨ મી ગાથામાં કહ્યું છે કે-[illegible]
[illegible] માયા સહિત [illegible] તેને [illegible]
[illegible] પરમાર્થના અજાણ, સંસારમાં વારંવાર [illegible]
[illegible] પામે એમ કહ્યું છે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પ્રશ્ન ૩૪ મું—શિષ્ય-પાંચ સમવાયનાં નામો અને તેનું સ્વરૂપ શું છે તે કૃપા કરી જણાવશો ?

ઉત્તર—અહો મહાનુભાવ! સાંભળો-પાંચ સમવાયનાં નામો-૧ કાળવાદી, ૨ સ્વભાવવાદી, ૩ નિયત તે ભવીતવ્યવાદી, ૪ કર્મવાદી, ૫ ઉદ્યમવાદી. એ પાંચ વાદી જાણવા.

પ્રશ્ન ૩૫ મું—પ્રથમ કાળવાદીના મતનું સ્વરૂપ જણાવશો ?

ઉત્તર—સાંભળો-કાળવાદીના મતવાળાઓ એવી પ્રરૂપણા કરે છે કે-આ લોકમાંહી સર્વ પદાર્થ કાળને વશ છે એટલે સર્વ પદાર્થનો કર્તા કાળ છે જેમકે પ્રથમ જીવ સ્ત્રીમાં જન્મ લીએ છે ત્યારે બાળક હોય છે પછી કાળ ક્રમે વૃદ્ધિ પામતા યુવાન વૃદ્ધ થાય છે. જેમ સ્ત્રી યોગ્ય ઉમ્મરે ગર્ભ ધારણ કરે છે અને તેજ સ્ત્રી વૃદ્ધ થયે પુરૂષનો સંયોગ છતાં ગર્ભ ધારણ કરી શકતી નથી. વળી જન્મતા કેશ કાળા અને વૃદ્ધ થયે કેશ શ્વેત થાય છે. ઇત્યાદિક કાળ પૂર્ણ થયે મૃત્યુ પ્રાપ્ત કરે છે. જેમ મનુષ્યમાં કાળની સત્તા છે તેમજ સ્થાવરમા પણ જાણવું. વનસ્પતિનો કાળ પરિપકવ થયે અંકુરા ફુટે, પાદડાં ફુલ અને ફળની પ્રાપ્તિ પામે છે અને રસવંત થાય છે અને તેજ ફળાદિ કાળ પૂર્ણ થયે સડી જાય છે એ સર્વ કાળની લીલા છે. શીત કાળે ટાઢ, ઉષ્ણ કાળે તડકો, વર્ષા કાળે વૃષ્ટિ ઉત્સર્પિણી અવસર્પિણી પ્રવૃત્તિ છે. કાળે તીર્થંકર ચક્રવર્તિ વાશુદેવ, બળદેવ નવ વર્ષ થયે જીવ કેવલ જ્ઞાન પામે અને અયોગ્ય કાળે વિકટ કહેલ છે. કાળ પરિપકવ થયે મોક્ષ મળે છે, એટલા માટે સર્વમાં શ્રેષ્ટ કાળ છે. માટે કાળજ કર્તા છે. ઇત્યાદિકની પ્રરૂપણા કાળવાદી કરે છે.

પ્રશ્ન ૩૬ મું—સ્વભાવવાદીના મતનું સ્વરૂપ કેવું છે તે જણાવશો ?

ઉત્તર—સ્વભાવવાદીના મતવાળાઓ કહે છે કે-કાળથી કઇ થતું નથી અને જે થાય છે તે સર્વ સ્વભાવથીજ થાય છે જુઓ કે સ્ત્રીને દાઢી કે મુછે વાળ ઉગતા નથી, હથેળીમા વાળ ઉગતા નથી, વંઝાને પુત્ર પ્રાપ્તિ થતી નથી એ સ્વભાવજ છે. વનસ્પતિ અનેક જાતની છે અને વરસાદ જે વરસે છે તેને વનસ્પતિ ગ્રહણ કરી પોતપોતાના સ્વભાવ પ્રમાણે પરિણમાવે છે. પક્ષી આકાશમાં ઉડે, મીન જળમાં ચાલે, મોરના પિંછાનો રંગ, કોયલનો મધુર સ્વર, ગૃદ્ધનો કરકશ સ્વર, સર્પના મુખમાં ઝેર, મણિ વિષહારક પત્થર બુડે, લાકડું તરે, સૂર્ય જાજવલ્યમાન, ચંદ્ર શીતળ, ધર્માસ્તિકાયના ગુણ ચલણ સહાય, અધર્માસ્તિનો સ્થિર સ્વભાવ, આકાશનો વિકાશ, કાળનો વર્તન, જીવનો ઉપયોગ, પુદ્ગલનો ગલન મીલન, ભવીનો મો…

જવાનો સ્વભાવ, અભવીને સંસાર પરિભ્રમણ, પુરૂષ પુત્ર જણે નહિ. ઇત્યાદિકોને જે જે સ્વભાવ છે તે તે સ્વભાવે થયા કરે છે, માટે પોતપોતાના સ્વભાવેજ બને છે અને સ્વભાવ વીના કંઇ પણ બનતું નથી એવી પ્રરૂપણા સ્વભાવવાદીની છે.

પ્રશ્ન ૩૭ મું—નિયતવાદીના મતનું સ્વરૂપ શી રીતે કહ્યું છે?

ઉત્તર—નિયતવાદીના મતવાળાની એવી પ્રરૂપણા છે કે-જેહવું થવાનું હોય તેહવું થયા કરે છે. વિચારો કે વસંત ઋતુ માંહે આમ્રવૃક્ષને કેટલે મોર લાગે છે પરંતુ કેટલોક મોર ખરી જાય છે અને કેટલીક ફાટે કેટલાક આંબોલીયા અને છેવટે જેટલી કેરીઓ થવાની હતી તેટલીજ થાય છે. ગમે તેટલો પ્રયાસ કરો પણ હોણહાર હોય તેજ હુવે. જુઓ દ્વારાનો દાહ નેમ પ્રભુએ કહેલ છતાં શ્રીકૃષ્ણે મહાન પ્રયાસ કર્યો છતાં દ્વારાને દાહ લાગ્યો અને પોતાનું મૃત્યુ પોતાને શસ્ત્રે જરત કુંવરને હાથે કુસુંબી વનમાં થયું. વળી મદોદરી તથા વિભિષણ વગેરેએ રાવણને ઘણોજ સમજાવ્યો પરંતુ પરસ્ત્રીના દુષણથી અને વાસુદેવને હાથે સ્વચક્રેજ મૃત્યુ થવાનું હતું તો તેણે કોઇની શીખ નજ માની અને છેવટે વાસુદેવને હાથેજ મૃત્યુ થયું. માટે જે થવાનું હોય તે થાય છે માટે મિથ્યા કોઇ કલ્પના નથી એવી પ્રરૂપણા નિયતવાદી કરે છે.

પ્રશ્ન ૩૮ મું—કર્મવાદીનું સ્વરૂપ શું છે તે જણાવશો?

ઉત્તર—કર્મવાદી ત્રણે મતને જુદા ઠરાવવા પોતાના મતની સિદ્ધતા કરી બતાવે છે કે-સર્વ પ્રાણી કર્મને વશ છે અને કર્મ પ્રમાણેજ થાય છે. વિચારશો તો સમજાશે કે પંડિત, મૂર્ખ, શ્રીમાન, ગરીબ, રાય, રંક, સુરૂપ કરૂપ, સુભાગી, દુર્ભાગી વગેરે કર્મથીજ થાય છે. સર્વ મનુષ્યો સરખા હોવા છતાં એક કર્મ સંયોગે હાથીને હોદે બેસે અને એક ઘરે ઘર ભીખ માગે, એક પાલખીએ બેસે અને એક તેનોજ ભાર વહન કરે. એકને ઇચ્છીત ફલ-મનોઇચ્છીત વસ્તુ મળે અને એકને અન્નનો એકદાણો પણ ન મળે. અરિહંત પ્રભુને અંતરાય કર્મના ઉદયે આહાર પાણી ન મળ્યો. મહાવીર પ્રભુ શ્રી વેદ અવતર્યાં, કેવી કર્મની વિચિત્રતા. સીતાને કલંક, હરિશ્ચંદ્ર અને પાંડવ રણ વગડે રખડયા, શ્રીકૃષ્ણને જન્મતા કોઇએ ગાયું નહિ મરતા રોનાર પણ કોઇ ન મળ્યા. માટે કર્મ સંયોગેજ સુખ દુઃખ અનુભવાય છે. કર્મ વડેજ એકેંદ્રીપણું આવતુ પંચેંદ્રીપણું પ્રાપ્ત થાય છે. ચાર ગતિમાં પરિભ્રમણ કરાવનાર કર્મજ છે. એટલે સર્વોપરિ બલવાન કર્મજ છે અને તે કર્મો ક્ષયોપશમે મોક્ષ મળે છે એવી કર્મવાદીની પ્રરૂપણા છે.

પ્રશ્ન ૩૯ મું—ઉદ્યમવાદીના મતનું સ્વરૂપ શું ?

ઉત્તર—ઉદ્યમવાદી ગર્વમાં આવી કર્મવાદીને ધિક્કારી બોલવા લાગ્યા કે કર્મ તો રંક છે પરંતુ મારૂં જોર કેટલું છે તે તો સાંભળો. સર્વ કાર્યની સિદ્ધિ ઉદ્યમ વડેજ છે. જેમકે પુરૂષની ૭૨ કળા, સ્ત્રીની ૬૪ કળા ઉદ્યમ વડેજ આવડે છે. અન્ન વસ્ત્રાભૂષણ ઉદ્યમથીજ પ્રાપ્ત થાય છે. ઉદ્યમ વડેજ ધરતી માંહેથી હીરા, માણેક, સોનું, રૂપું આદિ નીકળે છે. સ્ત્રી પુરૂષના સંયોગ રૂપ ઉદ્યમે પુત્ર પ્રાપ્તિ થાય છે અને તે પુત્ર પૃથ્વી પર રહેલ પ્રાણીઓનો ઉદ્યમ વડેજ ઉદ્ધાર કરે છે. બિલ્લી ઉદ્યમ કરે તો દૂધ પીએ. ઉદ્યમે રોટલી વગેરે અન્ન પાકે. ઉદ્યમે રાવણને મારી સીતાજીને પાછી લાવ્યા, ઉદ્યમ વડે અર્જુન માળી દૃઢ પ્રહારી વીગેરેએ મોક્ષ મેળવ્યું હતું. ઉદ્યમે સ્વર્ગ ઉદ્યમે મોક્ષ માટે દરેક કાર્યમાં ઉદ્યમની પ્રથમજ જરૂર છે.

એ પ્રમાણે પાંચે મતવાળા માહોમાંહે ઝગડામાં પડી સ્વકૃત્ય ભૂલે છે. અને એ પાંચે એક એક બોલ માનવાવાળા મિથ્યાત્વીજ છે એવો જૈન સિદ્ધાંતનો અભિપ્રાય છે.

પ્રશ્ન ૪૦ મું—શિષ્ય-કદિ કોઇ એમ કહે કે-જૈનીઓ કર્મનેજ કર્તા માને છે માટે તે કર્મવાદીમાં ભળે કે કેમ ? તેને શું કહેવું ?

ઉત્તર—ગુરૂ-હે ભાઇ, જૈન શાસ્ત્ર એકાંતવાદી નથી, તે તો અનેકાંત છે, સ્યાદ્વાદ છે, કર્મનો કર્તા પણ આત્મા છે અને આત્મા વડેજ સર્વ કામની સિદ્ધિ થાય છે અને મહાવીર પરમાત્માએ પણ ઉત્થાણ, કર્મ, બળ, વીર્ય, પુરૂષાકારને પ્રાક્રમ વડેજ સર્વ કાર્યની સિદ્ધિ કહી છે, જૈનીઓ કર્મવાદી નથી. પણ પોત પોતાના આત્મ વડે કરેલા કર્મોથી સુખ દુઃખાદિ ફળ ભોગવાય છે વગેરે જૈન શાસ્ત્રનું જ્ઞાન હોય તો એકાંતવાદમાં નહિ જાય પાંચ સમવાયનું સ્વરૂપ જાણી જ્યારે જ્યાં જેની જરૂર હોય ત્યાં તેની આવશ્ય કરે પણ એકાંતવાદમાં ઉતરે નહિ. એકાંતવાદની પક્કડ કરે નહિ. સમદ્રષ્ટિ સમ્યક પ્રકારે અનેકાંત સ્યાદ્વાદ અને સત્ય સ્વરૂપજ પ્રકાશે. ઇત્યર્થઃ—

પ્રશ્ન ૪૧ મું—ક્રિયાવાદીના ૧૮૦ મત છે, તેનું શું સ્વરૂપ ?

ઉત્તર—ઉપર મુજબ જે કાળ, સ્વભાવ, નિયત, પૂર્વકર્મ અને ઉદ્યમ એ પાંચ સમવાય કહ્યા તે પાંચ સ્વઆત્માથી અને પાંચ પરઆત્માથી એમ ૧૦ ભેદ થયા. એ દશ શાશ્વતા અને દશ અશાશ્વતા એમ ૨૦ ભેદ. એ વીશને નવ પદાર્થ જે ૧ જીવ, ૨ અજીવ, ૩ પુન્ય, ૪ પાપ ૫ આશ્રવ, ૬ સંવર, ૭ નિર્જરા, ૮ બંધ, અને ૯ મોક્ષ એ નવની

સાથે ગુણતાં વીશ નવા એકસો ને એંશી થયા ૧૮૦ એટલે ક્રિયાવાદીના ૧૮૦ મતનું સ્વરૂપ સમજવું.–ક્રિયાવાદીના મતવાળા–એહ આત્માને પુન્ય પાપરૂપ ક્રિયા લાગે છે એમ માને છે. તેથી કરી ઇહલોક પરલોકના આસ્તિક છે. તે માટે સદાય ક્રિયાના વખાણ કરે છે. ક્રિયાવાદીઓ એકાંત ક્રિયા માંહીજ રચ્યા પચ્યા રહે છે અને જ્ઞાનાદિ ગુણોને ઉત્થાપન કરે છે ઇતિ ક્રિયાવાદીના ૧૮૦ મતનું સ્વરૂપ કહ્યું.

પ્રશ્ન ૪૨ મું—અક્રિયાવાદીના ૮૪ મતનું સ્વરૂપ શી રીતે છે?

ઉત્તર—ઉપર મુજબ પાંચ સમવાય કહ્યા તે અને છઠો ઇશ્વરાદિ ઉમેરા થયો જે "લોક" એ છ પોતા આશ્રી, અને એ છ પરઆશ્રી, એવં ૧૨ થયા. એહ બાર ને પુન્ય અને પાપ એ બે તત્ત્વ વરજી ને શેષ સાત તત્ત્વ સાથે ગુણતાં બાર સતા ૮૪ મત થયા. એ મતવાળા પુન્ય અને પાપને માનતા નથી. તેનું કારણ જે પુન્ય પાપની ક્રિયા તો સ્થિર વસ્તુ હોય તેહનેજ લાગે છે, અને આ જગતમાં સર્વ પદાર્થ અસ્થિર છે તો એહને ક્રિયા કેમ લાગે માટે પુન્ય પાપ વરજી શેષ તત્ત્વજ લાગે. આ નાસ્તિક મતી જાણવા.

પ્રશ્ન ૪૩ મું—અજ્ઞાન વાદીના ૬૭ મતનું સ્વરૂપ શું?

ઉત્તર—અજ્ઞાન વાદી એહવું કહે છે કે–૧ જીવ છતા છે, ૨ જીવ અછતા છે, ૩ જીવ છતા અછતા બન્ને છે, ૪ જીવ છતા છે પરંતુ કહેવાય નહિ, ૫ જીવ અછતા છે પણ કહેવાય નહિ, ૬ જીવ છતા અછતા બન્ને છે પરન્તુ કહેવાય નહિ. ૭ જીવ છતા પણ નહિ અછતા પણ નહિ. એ સાત રીતે અજ્ઞાનવાદી વિકલ્પ કરી બતાવે છે. એ સાતને નવ તત્ત્વ સાથે ગુણતાં સાત નવા ત્રેસઠ ૬૩ અને એહમાં ૧ સાંખ્યમતી, ૨ શીવમતિ, ૩ વેદમતી, ૪ વિષ્ણુમતી એ ચાર મત કોઇ કોઇ પક્ષને ગ્રહણ કરીને તે ભેળે મળ્યા એટલે સડસઠ ૬૭ ભેદ થયા.

અજ્ઞાન વાદી એમ કહે છે કે–જ્ઞાન ખોટો છે કેમકે જ્ઞાન [illegible] [illegible] વિવાદ પ્રતિપક્ષીની ઓળી ઓળખાણ કરવી પડે છે એટલે [illegible] [illegible] [illegible] પાપનો કર લાગે છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તે માટે અમે અજ્ઞાનીજ [illegible] [illegible] [illegible] [illegible] નહિ અને [illegible] પણ નથી, વિવાદ કરવા નથી, [illegible] [illegible] [illegible] [illegible] મુજબ સમજવાનું નથી [illegible] [illegible] [illegible] [illegible] નહિ, એવી અજ્ઞાન વાદીની માન્યતા છે.

પ્રશ્ન ૪૪ મું—વિનયવાદીના ૩૨ મતનું સ્વરૂપ શી રીતે છે ?

ઉત્તર—વિનયવાદી એમ કહે છે કે-૧ સૂર્યનો વિનય, ૨ રાજાનો વિનય, ૩ જ્ઞાનિનો વિનય, ૪ વૃદ્ધનો વિનય, ૫ માતાનો વિનય, ૬ પિતાનો વિનય, ૭ ગુરૂનો વિનય, ૮ ધર્મનો વિનય એ આઠને મનવડે ભલા જાણે ૧, વચનથી ગુણગ્રામ કરે ૨, કાયાથી નમસ્કાર કરે ૩, અને માનપૂર્વક ભક્તિ કરે ૪. એ આઠ ચોક બત્રીશ ૩૨ ભેદ વિનયવાદીના જાણવા.

એ વિનયવાદી એમ માને જે સર્વ માહે વિનયજ શ્રેષ્ઠ છે માટે સર્વને નમતા રહેવું, આપણે તો સર્વ એકજ છીએ, કોઇના પક્ષને નિંદવો નહિ. એહ અનાભિગ્રહિક મિથ્યાત્વી જેવો જાણવો. ઇતિ વિનયવાદી મત—

એ પ્રમાણે ક્રિયાવાદીના ૧૮૦ મત અક્રિયાવાદીના ૮૪ મત અને અજ્ઞાન વાદીના ૬૭ મત, ને વિનયવાદીના ૩૨-મત એવં ૩૬૩ મતનું સ્વરૂપ જણાવ્યું.

પ્રશ્ન ૪૫ મું—શિષ્ય-પૂર્વ અને ઉત્તર દિશા પવિત્ર કહી-ધર્મક્રિયા પણ એ બે દિશા સન્મુખ રહીને કરવા કહેલ છે તેનું શું કારણ ? અને બે દિશા નિષેધવાનું પણ શું કારણ ?

ઉત્તર—ઠાણાંગઠાણે-૨ જે-ઉદેશે ૧ લે-કહ્યું છે કે-પૂર્વ અને ઉત્તર એ બે દિશાએ દીક્ષા દેવાદિક ૧૮ બોલ જાવત્ સંથારો પ્રમુખ કરવા કહ્યા છે તે બે દિશા વ્યવહારથી, શુદ્ધ જણાય છે. પણ દક્ષિણ અને પશ્ચિમ એ બે દિશા "નોકપઇ" એવો પાઠ નથી માટે નજ કલ્પે એવો નિષેદ્ધ જણાતો નથી. પણ વ્યવહાર શુદ્ધિને માટે પૂર્વ અને ઉત્તર એ બે દિશા જ્યારે સૂત્રકારે ધર્મક્રિયાને વિષે શુદ્ધ ગણી સ્વીકારી તેમાં કાંઇ રહસ્ય હોવું જોઇએ. તેનો વિચાર કરતાં એમ હોવું જોઇએ કે-ઇશાન કોણ અને વાયવ્ય કોણમાં તીર્થંકર મહારાજનો સદાય વાસ હોય છે તેમાં પણ વિશેષે કરીને પૂર્વ અને ઉત્તર દિશાની વચમાં રહેલી ઇશાન કોણ તેને વિશેષ પવિત્ર ગણી છે. લોકોત્તર પક્ષમાં ઇશાન કોણે શ્રીમંધરસ્વામીનો વાસ કહે છે, અને લૌકિક પક્ષે ઇશાન કોણમાં મહાદેવનો વાસ કહેલ છે. ઇત્યાદિ કારણોને લઇને પૂર્વ અને ઉત્તર દિશા ઉત્તમ ગણેલ છે.

પ્રશ્ન ૪૬ મું—ઠા૦ ઠા૦ ૨ જે-ઉ૦ ૩ જે-સાધુને સામાયિક કહી તેનું શું કારણ ?

ઉત્તર—બે પ્રકારની સામાયિક કહી છે, સાધુની અને શ્રાવકની તેમાં સાધુની સામાયિક સર્વવિરતીની, અને શ્રાવકની દેશ વિરતીની, એ પ્રમાણે કહેલ છે.

પ્રશ્ન ૪૭ મું—ઠા૦ ઠા૦ ૨ જે-ઉ૦ ૪ થે-કેવળી આરાધના પ્રકારની કહી તેમાં અંતક્રિયા, અને કલ્પાતિતની કહી તેનું શું કારણ?

ઉત્તર—કેવળી આરાધના બે પ્રકારે કહી તેમાં એક અંતક્રીયા મોક્ષની અને બીજી કલ્પાતિત તે ગ્રૈવેયક તથા અનુત્તર વિમાને ઉપજે સૂત્ર કેવળી પ્રમુખ આશરી જાણવું.

પ્રશ્ન ૪૮ મું—ઠા૦ ઠા૦ ૩ જે-ઉ૦ ૧ લે-ત્રણ પ્રકારની વિકુવણા કહી તેમાં બાહિરલા પુદ્ગળ અણ લીધે પણ વિકુવણા કરે એમ કહ્યું અને ભ૦ મ૦ ૬ ઠે-ઉ૦ ૯ મે-દેવતાના અધિકારે કહ્યું છે કે—બાહિરલા પુદ્ગલ લીધા વિના વીકુવણા ન કરે તેનું કેમ? તથા સ૦ ૭ મે-ઉદેશે ૯ મે-અસંવુડ અણગારના અધિકારે પણ એમજ કહ્યું છે તેનું કેમ?

ઉત્તર—વૈક્રીય સમુદ્‌ઘાત કરે તે પુદ્ગલ લઇને કરે, અને વૈક્રિય સમુદ્‌ઘાત વિના વૈક્રિય કરે તે પુદ્ગલ લીધા વિના કરે. તર્ક—બાહિરલા પુદ્ગલ કે અભ્યંતરના પુદ્ગલ લીધા વિના વિકુવણા કરે તે કેમ? અર્થવાળાએ કેવળી ગમ્ય કહ્યું છે.

પ્રશ્ન ૪૯ મું—ઠાણાંગજીના ૩જે ઠાણે-ઉદ્દેશે ૧લે કહ્યું છે કે-દેવતા પોતાની વીક્રોવેલી દેવી સાથે પરિચારણા કરે. અને ભગવતીજીમાં ના કહી તે કેમ?

ઉત્તર—ભગવતીજીમાં બે વેદ વેદવા આશ્રી ના કહી છે, અને ઠાણાંગજીમા કહ્યું તે ફરશાદિક પરિચારણા કરે. ભ. સૂ. ૨જે-ઉ. ૫મે-પોતે વિક્રોવેલી દેવી સાથે પરિચારણા ન કરે. એક સમે બે વેદ વેદે નહિ એ અપેક્ષાએ ના કહી.

પ્રશ્ન ૫૦ મું—લોકાતિક દેવના ઇંહા મનુષ્ય લોકમાં કઇ કઇ વખતે આવવા હુશે?

ઉત્તર—ઠાણાંગઠાણે ૩જે-ઉદેશે ૧લે-કહ્યું છે કે-લોકાંતિક દેવતા તિર્થંકર દેવના જન્મ વખતે, દીક્ષા વખતે, જ્ઞાન વખતે, એ ત્રણ વખતે આ મનુષ્ય લોકમાં આવે.

પ્રશ્ન ૫૧ મું—ઠા. ઠા. ૩જે-ઉ. ૧લે પોથાવાળાને સર્વાર્થ સિદ્ધ વિમાને ઉપજવાનું કહ્યું છે તે કેમ?

ઉત્તર—તે સાધુ આશ્રી જાણવું. એટલે સાધુ પોથીદ્વારા ઉપકાર કરે તેને શ્રીદશ શ્રુત સ્કંધમાં પોથે કહેલ છે.

પ્રશ્ન ૫૨ મું—હા. ઠા. ૩જે-ઉ. ૨જે-શિષ્યને મહાવ્રત આરોપણાની ત્રણ ભૂમિ કહી તે ઉત્કૃષ્ટી છ માસ, મધ્યમ ચાર માસ, ને જઘન્ય સાત અહોરાત્રિ-સાત દિન મહાવ્રત આરોપણ કાળ કહ્યો તેનું શું કારણ ?

ઉત્તર—પહેલા છેલ્લા તિર્થંકરના વારે છેદોપસ્થાપનીય ચારિત્ર કહેલ છે. તે શિષ્યને પ્રથમ સામાયિક ચારિત્ર અદરાવે પછી જઘન્ય સાત દિવસે, મધ્યમ ચાર માસે, ઉત્કૃષ્ટું છ માસે છેદોપસ્થાપનીય ચારિત્ર અદરાવે. એટલે એ ત્રણ ભૂમિકાયે છેદોપસ્થાપનીય ચારિત્રનું આરોપણ કરે.

પ્રશ્ન ૫૩ મું—શિષ્ય-બાવીશ તિર્થંકરને વારે એ કલ્પ ખરો કે નહિ ?

ઉત્તર—બાવીશ તિર્થંકરના વારે તથા મહાવિદેહમાં એ કલ્પ નથી. ત્યાં તો એકલા સામાયિક ચારિત્રનોજ કલ્પ છે. અને પહેલા છેલ્લા તીર્થંકરના સાધુને પહેલું સામાયિક ચારિત્ર અદરાવી પછી છેદોપસ્થાપનીય ચારિત્ર અદરાવે.

પ્રશ્ન ૫૪ મું—શિષ્ય-આમ બે ભેદ થવાનું શું કારણ ?

ઉત્તર—કારણને હેતુ તો કર્ત્તા પુરુષના અંતરમાં રહ્યું. પણ પરંપરાએ ચાલતી પ્રવૃત્તિને અનુસાર વિચાર કરતા એમ જણાય છે કે-આ સ્થિતિ અનાદિની છે. એટલે પહેલા છેલ્લા તિર્થંકરનો કલ્પ સરખો અને વચલા બાવીશ તિર્થંકરનો કલ્પ સરખો. પહેલા તિર્થંકરના સાધુને સરલ અને જડ કહ્યા છે, બાવીશ તિર્થંકરના સાધુને સરલ અને પ્રજ્ઞાવંત કહેલ છે, અને ચરમ તિર્થંકરના સાધુ વાંકાને જડ હોય છે. એટલા માટે પહેલા છેલ્લા તિર્થંકરના સાધુનો કલ્પ કાંઇક સખ્તાઇવાળો હોવા સંભવ છે. બેદરકારી મનુષ્યોને માટે કાયદા કલમો વગેરેની શક્તિ વધારે હોય એ સ્વભાવિક છે.

હવે પહેલું સામાયિક ચારિત્ર અદરાવી પછી ત્રણ ભાંગે છેદોપસ્થાપનીય ચારિત્ર અદરાવાનું કારણ એમ જણાય છે કે– સામાયિક ચારિત્ર અદરાવ્યા બાદ સાધુનું પ્રતિક્રમણ અને આહારાદિક વહોરવાનો આચાર વહેવાર સામાન્ય રીતે જાણે તો તેને સાત દિવસે વડી દીક્ષા આપે એટલે છેદોપસ્થાપનીય ચારિત્ર અંગીકાર કરાવે. અને સાત દિવસમાં પ્રતિક્રમણાદિક ન આવડે તો ચાર મહિને અને ચાર મહિનામાં પણ ન આવડે તો છેવટ છ મહિને તો અવશ્ય છેદોપસ્થાપનીય ચારિત્રનું આરોપણ કરવુંજ જોઇએ, એક કારણ એ.

અને બીજું કારણ એમ પણ જણાય છે કે-કિશાએ પહેલી દીક્ષા લીધી હોય અને બાપે પાછળથી દીક્ષા લીધી હોય તો બાપનું વડીલપણું

રાખવાને માટે દિકરાને થોભાવે, અને ત્રણ ભૂમિકામાંથી ગમે તે ભૂમિકાએ વડીલનું વડીલપણું રાખી બન્નેને સાથે છેદોપસ્થાપનીયનું આરોપણ કરાવે.

પ્રશ્ન ૫૫ મું—ગુરૂ છેદોપસ્થાપનથી છે ને શિષ્ય સામાયિક ચારિત્રિયો છે તો આહાર પાણીને માટે કેમ કરે ?

ઉત્તર—બન્ને કલ્પવાળાનો આહાર પાણીનો સંબંધ જુદો હોય, છેદોપસ્થાપનીયની નિશ્રાનો આહાર સામાયિક ચારિત્રિયાને લેવો કલ્પે અને સામાયિક ચારિત્રિયાની નિશ્રાનો આહાર છેદોપસ્થાપનીયાને ન કલ્પે અર્થાત્ સામાયિક ચારિત્રિયાની સિથ્થ પણ છેદોપસ્થાપનીયને ન કલ્પે.

પ્રશ્ન ૫૬ મું—ઠા૦ ઠા૦ ૪ થે-ઉ૦ ૨ જે-ગોશાળાના શિષ્યને ચાર પ્રકારે તપ કહ્યો તેમાં ઘોસન તપ કહ્યો તે કેમ ?

ઉત્તર—તેનાં મત આશ્રી તેણે ઘોસન કહ્યું હોય એમ સમજાય છે. અને અરિહંતનાં મતે તો બાર પ્રકારનો તપ કહ્યો છે.

પ્રશ્ન ૫૭ મું—ઠા૦ ઠા૦ ૪ થે-ઉ૦ ૩ જે-ચાર પ્રકારે લોકમાં અંધકાર થવાનું અને ચાર પ્રકારે ઉદ્યોત થવાનું કહ્યું તેમાં અરિહંતને નિર્વાણ બન્ને ચોભંગીમાં કહેલ છે એટલે પેલા ચાર બોલમાં અરિહંતને વિરહ પડે ત્યારે લોકમાં અંધકારનું કહ્યું, અને બીજા ચાર બોલમાં અરિહંતના નિર્વાણે ઉદ્યોત કહ્યો તેનું કેમ ?

ઉત્તર—ત્રીજે ઠાણે પણ, અરિહંતદેવ નિર્વાણ પધારે તે વખતે લોકમાં અંધારૂં થવું કહ્યું છે, અને ઇહાં પણ કહ્યું તે તો જ્ઞાનરૂપદીપકના ત્રણ લોકના પ્રકાશના અભાવે અંધારૂં કહ્યું. અને અરિહંતના નિર્વાણે ઉદ્યોત કહ્યો તે તો દેવતાના જવા આવવા આશ્રી જાણવો.

પ્રશ્ન ૫૮ મું—લોકમાં અંધકારના ને ઉદ્યોતના ચાર ચાર બોલ કહ્યા તે કયા કયા ?

ઉત્તર—ઠાણાંગજીના ચોથે ઠાણે ત્રીજે ઉદ્દેશે-ચાર સ્થાનકે લોકમાં અંધારૂં થાય છે તે એ કે-૧ અરિહંત દેવને વિરહ પડે ત્યારે, ૨ અરિહંત દેવનો પ્રરૂપેલો ધર્મ વિચ્છેદ જાય ત્યારે, ૩ પૂર્વગત બોલ પૂર્વ વિચ્છેદ જાય ત્યારે, અને ૪ ચોથું અગ્નિકાય વિચ્છેદ જાય ત્યારે. એ ચાર કારણે લોકમાં અંધકાર થાય.

હવે ચાર કારણે લોકમાં ઉદ્યોત થાય તે કહે છે. ૧ અરિહંત દેવનો જન્મ થાય ત્યારે, ૨ અરિહંત દેવ પ્રવજ્યા લીયે ત્યારે, ૩ અરિહંતને

કેવળ જ્ઞાન દર્શન ઉત્પન્ન થાય ત્યારે, ૪ અને અરિહંત દેવ નીર્વાણ થાય ત્યારે. એ ચાર કારણે લોકમાં ઉદ્યોત થાય.

પ્રશ્ન ૫૯ મું—ઠા૦ ઠા૦ ૪ થે-ઉ૦ ૪ થે-ચાર પ્રકારે મનુષ્યનું આવખું બાંધે કહ્યું. તો પૃથ્વી, પાણી, વનસ્પત્યાદિક મનુષ્યનું આવખું બાંધે છે તે ચાર માંહેલા કયાં કારણે?

ઉત્તર—ચારે ગતિને વિષે ઉત્પન્ન થવાના ચાર ચાર બોલ જે કહ્યા છે તે મનુષ્યને આશ્રીને સંભવે છે.

પ્રશ્ન ૬૦ મું—ઠા૦ ઠા૦ ઉ૦ ૪ થે-ચાર પ્રકારે દેવતાનું આવખું બંધાય એમ કહ્યું તેમાં સરાગ સંયમથી દેવતાનું આવખું બાંધવું કહ્યું છે તો અગ્યારમે ગુણસ્થાનકે સરાગ સંયમ નથી ત્યાં તો વીતરાગ સંયમ તથા જથાખ્યાત ચારિત્ર કહ્યું છે અને અગ્યારમે ગુણઠાણે કાળ કરી અનુત્તર વિમાને જાય છે તેનું કેમ?

ઉત્તર—અહિંઆ સરાગ સંજમેણું તે સકષાયનું ચારિત્ર સમજવું. સકષાય તે સરાગ સંયમી કહેવાય, અને ઉપશમ કષાય તથા ક્ષીણ કષાય વીતરાગ સંયમી હોય. વીતરાગ તો આવખાના અબંધક છે-વીતરાગ સંયમીને આવખાનો બંધ નથી. પણ અનુત્તર વિમાનમાં જવાવાળા અગ્યારમા ગુણઠાણે કાળ કરનારા વીતરાગ સંયમીને આવખાનો બંધ તો નીચેના ગુણઠાણે પ્રથમ પડેલો હોય છે, તે કાળ કરી અનુત્તર વિમાને જઈ ઉપજે. ઇત્યર્થ.

પ્રશ્ન ૬૧ મું—રોગાદિકના ભયથી સાધુને ચોમાસામાં વિહાર કરવો કલ્પે કે કેમ?

ઉત્તર—ઠાણાંગજીના પમે ઠાણે-બીજે ઉદ્દેશે-કહ્યું છે કે-ચે.મા.સામાં સાધુએ વિહાર કરવો નહિ, પણ ભયના કારણથી વિહાર કરવો કહ્યો છે. તે ભય સાત પ્રકારના સાતમે ઠાણે કહ્યા છે તેમાં મરણનો ભય પણ કહ્યો છે. તો રોગ જે છે તે મરણનો ભય ઉપજાવનાર છે, માટે રોગના કારણથી અથવા બીજા કોઈ પણ પ્રકારના રાજાદિકના ભયથી ચો.મા.સામાં વિહાર કરવાની ભગવંતની આજ્ઞા છે.

પ્રશ્ન ૬૨ મું—વર્ષાકાળનું માન કેટલું અને તેમાં સાધુએ કેમ રીતે વર્તવાનું?

ઉત્તર—ઠાણાંગજીના પાંચમે ઠાણે-બીજે ઉદ્દેશે બે પ્રકારના વર્ષાકાળ કહ્યા છે. એમાં પાંચ પાંચ કારણે સાધુને વિહાર કરવો કહ્યો છે તેમાં

પર્યોષણમાં કહ્યું છે કે-વર્ષાકાળના જઘન્ય ૭૦ દિન, મધ્યમ ચાર માસ, અને ઉત્કૃષ્ટ છ માસ કહ્યા છે. તેમાં નવ બોલ પ્રમાણે વસવું. ઉણોદરી કરવી ૧, નવ વીગયનો ત્યાગ ૨, પીઠ ફલકાદિક ગ્રહવા ૩, ઉચ્ચારાદિક ભાજન ગ્રહવા ૪, લોચ કરવો ૫, નવા શિષ્યને દીક્ષા ન દેવી ૬, પુંજણી ગુછા રાખ ઇત્યાદિ નાખીને નવા ગ્રહે ૭, શેષ કાળે જોઇએ તેથી અધિક ઉપગરણ ગ્રહવા ૮, અઢી ગાઉ જાતા અઢી ગાઉ આવતા એ સવા યોજન ઉપરાંત ન જવું ૯, આ પ્રમાણે વર્તવું. અને કારણે જવું પડે તેનાં કારણ પણ કહ્યા છે.

પ્રશ્ન ૬૩ મું—દશા. કા. ૫મે-ઉ ૨જે-પાંચ પ્રકારના અનુઘાતીક દોષ કહ્યા છે તેમા રાયપિંડ ભુંજમાણે-સાધુને રાજપિંડ ભોગવતો-જમતો નિષેધ્યો. છે તે રાજપિંડ કોને કહીએ ?

ઉત્તર—ઠાણાંગજીના અર્થના ટબામાં કહ્યું છે કે-રાજપિંડ તે-મુકુટબદ્ધાદિક રાજાને જમવાનો જે પિંડ તે રાજપિંડ સાધુને તે નિષેધ નહીંએ અર્થે-રાજ્યાભિષેક કર્યો છે તે રાજાનો પિંડ વર્જવો. અન્યથી ભજના. (ત્યાં કેટલાંક રાજપિંડને બળિષ્ઠ આહાર પણ કહે છે. એટલે આહારથી કામ ઉન્માદ પ્રધાન આહાર-વિકાર ઉત્પન્ન કરે તેવો આહાર વર્જવો) અને એમ પણ કહ્યું છે કે-ઉપર કહેલા રાજાના ઘરનો આઠ વિધ રાજપિંડ તે ચાર આહાર ૪ વસ્ત્ર ૫ પાત્ર ૬ કંબલ ૭ પાયપુંછણું ૮ એ આઠે બોલ રાજપિંડમાં ગણાય છે. તો એમ પણ અર્થ થાય કે-એવા રાજાના [illegible] એ આઠ બોલ સાધુને લેવા વર્જ્યા હોય એમ જણાય [illegible] આહાર તો [illegible] સાધુને વર્જિત છે, પણ તેથી [illegible] શ્રીકૃષ્ણ મહારાજને જમવાના [illegible] લીધા [illegible] એમ જણાય છે કે મહાવીરના સાધુને રાજપિંડનો નિષેધ [illegible] જણાય છે. વિશેષ જ્ઞાની કહે તે સત્ય.

પ્રશ્ન ૬૪ મું—[illegible] [illegible]?

ઉત્તર—[illegible]

પ્રશ્ન ૬૫ મું—[illegible]?

ઉત્તર—ઠા. ઠા. ૫મે-ઉ. ૩જે-ચારિત્રિયાને પાંચ નેશ્રાના સ્થાનક-આધાર ભૂત કહ્યા છે, તે એ કે-છયકાયની નેશ્રાએ સાધુને સંયમ પાળે, એટલે સંયમને છયકાયનો આધાર ૧, બીજો ગચ્છનો આધાર ૨, રાજાનો આધાર ૩, ગૃહસ્થનો આધાર તે ઉપાશ્રયાદિકનો દાતાર ૪, શરીર નીરોગી હોય તો તે પણ આધાર ૫. એ પાચની નિશ્રાથી સંયમ શુદ્ધ અને સારી રીતે પળે છે.

પ્રશ્ન ૬૬ સું—નારકી દેવતાનું અવધિ કેવી રીતે હોય?

ઉત્તર—ઠા. ઠા. ૬ઠે-નારકી, જ્યોતિષીનું અવધી ત્રીછું હોય, ભવનપતિ અને વ્યંતરનું અવધિ ઉંચો હોય, વૈમાનિકનું અવધિ નીચું (હેઠું) હોય. એ ભવ પ્રત્યય આશ્રી જાણવું.

પ્રશ્ન ૬૭ સું—પ્રતિક્રમણ કેટલા પ્રકારનાં-કયાં કયાં કારણે પ્રતિક્રમણ કરવું જોઇએ?

ઉત્તર—ઠા. ઠા. ૬ઠે-છ પ્રકારનાં પ્રતિક્રમણ કહ્યાં છે. તે એ કે-૧ ઉચ્ચાર કાર્ય નીવારીને-પરઠવીને ઇરિયાવહી પડિકમવીને ઇરિયાવહીનું પડિકમણું, ૨ એમ પાસવણનું પડિકમણું, ૩ દેવશીરાઇનું પડિકમણું, તે સ્વરૂપકાળ, ૪ જાવ જીવનું જે મહાવ્રત ઉચ્ચારરૂપ સાવદ્ય જોગથી નીવર્તવું તે પડિકમણું, ૫ જે કાંઇ વિપરીત આચર્યું તે મિથ્યા કરવું તે એટલે મિચ્છાદુકૃત દેવું તે પણ પ્રતિક્રમણ, ૬ સુતા ઉઠયા પછી સાધુ ઇરીયાવહી પડિકમે-તથા સ્વપ્નામાંહી આશ્રવ સેવ્યાનો કાઉસગ્ગ ૪ ચાર લોગસ્સનો કરવો-(ટીકામાં ઇરીયાવહી તથા આઉલ માઉલનો કાઉસગ કરવો કહ્યો છે)

પ્રશ્ન ૬૮ સું—સામાયિક ચારિત્રની અને છેદોસ્થાપનીયની કલ્પ સ્થિતિમાં શો તફાવત?

ઉત્તર—ઠા૦ ઠા૦ ૬ ઠે-સામાયિક ચારિત્રિયાની કલ્પ સ્થિતિ બે પ્રકારે કહી છે, તે અવસ્થિત કલ્પવાળા, અને અનવસ્થિત કલ્પવાળા તેમાં ૧ સેજ્યાતર પિંડ, ૨ ચાર મહાવ્રત, ૩ પુરૂષ જેષ્ટ-એટલે સાધવી વાંદે, ૪ વડેરાને વાંદણા દેવી. એ ચાર અવસ્થિત કલ્પ તે બાવીસ તિર્થંકરના સાધુને અવશ્ય કરવાનો કલ્પ અને અનવસ્થિત કલ્પ તે અચેલ તથા પરમાણોપેત ૧, ઉદેશક ૨, સપડિક્રમણ ૩, રાજપિંડ ૪, માસકલ્પ ૫, પર્યુષણા ૬. એ છ અનવસ્થિત કલ્પ તે પહેલા છેલ્લા તિર્થંકરના સાધુને એ કલ્પ અવશ્ય હોય એમ નહિ. તેનો કલ્પ જઘન્ય સાત દિનનો, મધ્યમ ચાર માસનો, ને ઉત્કૃષ્ટો છ માસનો કહ્યો છે, માટે અનવસ્થિત કહ્યો. એ સામાયિક ચારિત્રિયાનો કલ્પ કહ્યો.

હવે છેદોપસ્થાપનીય ચારિત્રિયાનો કલ્પ-૧ અચેલ, ૨ ઉદેશક, ૩ સેજ્યાંતર, ૪ રાજપિંડ ૫ કૃતીકર્મ વાંદનાદિક, ૬ પાંચયામ, ૭ પુરૂષ જેષ્ટ, ૮ પ્રતિક્રમણ, ૯ માસ કલ્પ, ૧૦ પર્યુષણા કલ્પ. એ દશ બોલ અવશ્યના છે. એ સામાયિક ચારિત્રને છેદોપસ્થાપનીયની કલ્પ સ્થિતિ કહી.

પ્રશ્ન ૬૯ સું—ઠા૦ ઠા૦ ૭ મે-મલ્લીનાથ ભગવંત પોતે સહિત સાત જણે દીક્ષા લીધી, છ રાજાને સાતમાં પોતે. અને શ્રી જ્ઞાતાજીમાં મલ્લીનાથે દીક્ષા લીધા પછી છએ રાજાએ દીક્ષા લીધાનું ચાલ્યું છે. અને અંહિયા ભેળી કીધી તે કેમ?

ઉત્તર—મલ્લીનાથ ભગવંત પોતે સહિત સાત જણે દીક્ષા લીધી કહ્યું પણ સાતે સાથે દીક્ષા લીધી કહ્યું નથી પણ સાતેના સંકેતને લઇને મલ્લીનાથ ભગવંતની સાથે દીક્ષા લેવા સન્મુખ થયા માટે સાતે સાથેજ ગણ્યા.

પ્રશ્ન ૭૦ સું—વિકથા કેટલા પ્રકારની?

ઉત્તર—ઠા૦ ઠા૦ ૭ મે-સાત વિકથા કહી તે. એ, કે-૧ સ્ત્રી કથા, ૨ ભત્તકથા, ૩ દેશકથા, ૪ રાજકથા, ૫ મિઉકાલુણીયા-તે સાંભળનારના હૈયાની પલાળણહારી માતા પુત્ર વિયેગે કારૂણ્ય રસ સહિત-કરૂણાયુક્ત શબ્દથી વિલાપ કરે, હા પુત્ર-હાવત્સ ઇત્યાદિ. ૬ ઠી-વિકથા-દર્શન ભેદની તે કુતીર્થિના જ્ઞાનાદિકની પ્રશંસા સાંભળીને આગલાને મોહ ઉપજે, સમકિત ભેદ પામે. તે પણ વિકથા. ૭ સાતમી ચારિત્ર ભેદની-તે હમણા ચારિત્ર છે નહિ. સાધુને પ્રમાદના બહુલ પણા થકી અતિચાર ઘણાં લાગે, વળી અતિચારના શુદ્ધના કરનાર જે આચાર્ય અને પ્રાયશ્ચિતનાં લેનાર જે સાધુઓ એવું આજ નથી, અને તીર્થ તે તો જ્ઞાન દર્શને પ્રવર્તે છે તે વતી જ્ઞાન દર્શનને વિષે યત્ન કરવો. ઇત્યાદિક સાંભળતાં ચારિત્રની શ્રદ્ધા જાય. તે માટે તે પણ વિકથા કહીએ, એ સાતમી વીકથા. ॥ ૭ ॥

પ્રશ્ન ૭૧ સું—આચાર્ય ઉપાધ્યાયના કાંઇ અતિશય ખરા કે કેમ?

ઉત્તર—ઠા૦ ઠા૦ ૭ મે-આચાર્ય ઉપાધ્યાયના સાત અતિશય કહ્યા છે. તેમાં પાચમે ઠાણે પાંચ અતિશય કહ્યા છે તે ઠા૦ ઠા૦ ૫ મે-ઉ૦ ૨ જે-આચાર્ય ઉપાધ્યાયના પાંચ અતિશય કહ્યા છે તે, એ, કે-૧ અનેરા સાધુ પાસે પગ પૂંજાવે, ૨ ઉપાશ્રયમાંહી ઉચ્ચારાદિકનીવારે તથા પડિલેહી શુદ્ધ કરે, ૩ અનેરાની વેયાવચ કરે અથવા ન કરે તેમની ઇચ્છા. ૪ ઉપાશ્રયમાંહી એકાંત સ્થાન કે ધ્યાન જપાદિક કરવા તથા વિદ્યાદિ સાધવા રહે, એક રાત્રી બે રાત્રી રહે, ૫ તેમજ બાહિર પણ એકાંત

જગ્યાએ એક બે રાત્રી રહે એ પાંચ ઠાકાણે આચાર્યને પ્રવર્તતા દોષ નહિ અનેરાને આજ્ઞા નહિ. વિશેષ ભાવ અધિકાર વાંચવાથી જણાશે.–અને સાતમે ઠાણે બે વધારી–દશે અતિશય–ઉપકરણ અતિશય, તે શેષ સાધુથી પ્રધાન અને ઉજળા વસ્ત્ર રાખે, ૭ સાતમો ભકત પાન અતિશય–તે આહાર પાણી સરસ દૂધ સાકરાદિ પ્રધાન આહાર જમાડવો. સુંદર આહારે સૂત્રાર્થ સ્થિર રહે શિષ્યને વિનયકારી ગુરૂની પુજા અને બહુ માન થાય. દાનના દાતારને પણ શ્રદ્ધા વધે આચાર્યને પણ બળ બુદ્ધિ વધે. ઈત્યાદિ ગુણ ઉપજે માટે ભક્ત પાન અતિશય સાતમો જાણવો. ૭ ॥

પ્રશ્ન ૭૨ સું—આચાર્ય વસ્ત્ર પાત્રાદિકનો સંગ્રહ કરે કે કેમ?

ઉત્તર—ઠા. ઠા. ૭મે–આચાર્ય વસ્ત્ર પાત્ર મેળવે, રક્ષણ કરે, સંગ્રહ કરે, એમ કહ્યું છે. એક વૃદ્ધ સાધુ પાસે સાંભળ્યું છે કે સૂત્રમાં સંગ્રહ સ્થાન કહ્યું છે એટલે સૂત્રમાં એકી સાથે હજારો સાધુના સંથારા ચાલ્યા છે તેના વસ્ત્ર પાત્ર રયહરણ વગેરે હજારો ઉપગરણનું સંગ્રહસ્થાન હોવું જોઈએ, જો સંસારીના હાથ પડે તો તેનો ગેરઉપયોગ થાય. સંથારાવાળા સાધુના ભંડ ઉપગરણ ગુરૂ પાસે પાછા લાવી સોંપવાનું સૂત્રમાં ચાલ્યું છે. માટે ઉપર વિષે કાંઈક હોવું જોઈએ.

પ્રશ્ન ૭૩ સું—ત્રીજા આરાને છેડે ત્રણ દંડ કહ્યા તે હકાર, મકાર, ને ધિક્કાર. તો ઋષભદેવને વારે કયા પ્રકારનો દંડ વર્તતો હશે?

ઉત્તર—ઠાણાંગઠાણે ૭ મે–સાત પ્રકારની દંડ નીતિ કહી છે. તેમાં ત્રણ તો હકારાદિક કહી તે. અને ચોથી અપરાધી પ્રત્યે કોપે કરી–મજાઈશ એમ કહેવું તે ૪, અને એટલી ભૂમિકા થકી બાહિર મજઈશ ૫. એ બે ઋષભદેવને વારે હતી. અને છઠી ભાઠીમાંહી નાખવું ૬, ને સાતમી નારીકાદિકનું છેદવું ૭. એ બે ભરત મહારાજાને વારે હતી.

વળી કોઈ એમ પણ કહે છે કે–પન્નર કુલગર થયા તેમાં પહેલાં પાંચ કુલગર સુધી હગાર, બીજા પાંચ સુધી મકાર, ને ત્રીજા પાંચ સુધી ધિક્કાર. અને ચોથીથી માંડી સાતમી સુધી ભરતને વારે હતી. તત્ત્વ કેવળી ગમ્ય.

પ્રશ્ન ૭૪ સું—ઠા. ઠા. ૧૦મે દશ અચ્છેરા થયા કહ્યું છે તો તેમાંના મહાવીરને વારે કેટલા થયા?

ઉત્તર—છ અચ્છેરા મહાવીરને વારે અને ૨૨ અચ્છેરા ૨૩ તિર્થંકરને વારે સંભવે છે.

પ્રશ્ન ૭૫ મું—શિષ્ય-સાંભળવા પ્રમાણે તો (૫), મહાવીરને વારે અને (૫) તેવીસ તિર્થંકરના વારામાં થયા છે તે કેમ ?

ઉત્તર—એમ કેટલાક કહે છે ખરા પણ સૂત્રમાં તે સંબંધે જણાવ્યું નથી. સૂત્રમાં તો દશ અચ્છેરાના નામ કહ્યાં છે, પણ કોના કોના વારે થયા તે કહ્યું નથી.

પ્રશ્ન ૭૬ મું—સૂત્રમાં શી રીતે કહ્યું છે ?

ઉત્તર—ઠા. ઠા. ૧૦મે-બાબુવાળા છાપેલે પાને ૫૯૧મેથી-ગાથા બે નીચે પ્રમાણે કહી છે. ગાથા—

दस अच्छेरगा पणत्ता तंजहा, उवसग्ग१ गब्भहरण२ इत्थी तित्थं३ अभा-वियं परिसा४; कण्हस्स अवरकंका५, उत्तरणं चंदसुराणं६ ॥१॥ हरिवंस कुलु-प्पत्ती७, चमरुप्पाओय८, अठसय सिद्धा९, अस्संजए सुपूया१०, दस विअं तेण कालेणं ॥२॥

ભાવાઃ—દશ અચ્છેરા થયા તે કહે છે. ઉપસર્ગ ૧, શ્રીવીરને ગર્ભાપહાર ૨, સ્ત્રી તીર્થંકર મલ્લી ૩, અભાવિત પર્ષદા પચ્ચખાણ કોઈએ ન કીધું ૪, કૃષ્ન અમર કંકાયે ગયા ૫, ચંદ્રમા સૂર્ય પોતાને વિમાને ઉતર્યા ૬, હરિવંશ કુલ ઉપનું યુગલીયા નરકે ગયા ૭, ચમરોત્પાત ૮, એકસો ૧૦૮ એક સમે સિદ્ધા ઋષભદેવને વારે ૯, અંસંજતીની પૂજા થઇ ૧૦ એ દશ અનંત કાળે ઉપજે. (આ પ્રમાણે મૂળ પાઠ તથા ભાષામાં કહેલ છે)

પ્રશ્ન ૭૭ મું—ઉપર કહ્યા પ્રમાણે દશ અચ્છેરા સમયે કહ્યા તેમાં કયું અચ્છેરૂં અને કોને વારે થયું ત કાંઇ અનુક્રમે વાચતા સમજવામાં આવતું નથી તો સૌ કોઇ સમજી શકે તેવી રીત જણાવશો ?

ઉત્તર—સાંભળો-૧પહેલું-૨ બીજું-૪ ચોથું ૬ છઠું ૮ આઠમું ૧૦ દશમું એ છ મહાવીરને વારે થયા. અને ૩ ત્રીજું મલ્લીનાથને વારે પોતાનું. ૫ પાંચમું નેમનાથના વારે ૭ સાતમું હરીવંશની ઉત્પતિ થઈ કરી ૧૦માં તીર્થંકરને વારે અને ૯ નવમું પહેલા તીર્થંકરને વારે એ ૪ ચાર મહાવીર પહેલા થયા છે.

પ્રશ્ન ૭૮ મું—અહિંયા કોઇ કહે કે-અસંજતીની પૂજા તો ચોવીશ જિનના વચલા ૯ નવ આંતરામાં થયેલ છે ને તમે મહાવીરના વખતમાં કેમ ગણો છો ?

ઉત્તર—એમ કેટલાક કહે છે ખરા. પણ ભગવતીજીમાં તો ૯ નવ આંતરામાં કાળિક સૂત્ર વિચ્છેદ ગયાનું કહ્યું છે પણ અસંજતીની પૂજાનું અચ્છેરૂં કહ્યું નથી.

અસંજતીની પૂજા અનંત કાળે થઈ તેની મેળવણી કરવાને માટે દાખલા તરીકે મહા નશીત સૂત્રના પાંચમાં અધ્યયનમાં કમળ પ્રભા અધિકારે ૭ સાત અચ્છેરા કહ્યા છે તેમાં છેલ્લું અસંજતીની પૂજાનું સાતમુ અચ્છેરૂં કહ્યું છે તે અનંતી ચોવીસી પહેલા થયેલ છે. એટલે તે છેલ્લા ચોવીશમાં 'ધર્મસીરી' તીર્થંકરના નિર્વાણ પછી તેમના શાસનમા અસંજતીની પૂજા ચાલી છે. અને અસંજતીપણે જે જે પુજાણા તે કમળ પ્રભાનું અધ્યયન વાંચવાથી સમજાશે કે અસંજતીની પૂજાનું અચ્છેરૂં આ પ્રકારે કહ્યું છે.

તેમ આ છેલ્લા તીર્થંકર મહાવીરના શાસનમા પણ સંયમ ગુણ રહિત અસંજમધારી જતીઓ વગેરે પૂજાવા લગ્યા તે સર્વ દશમાં અચ્છેરામા અસંજતીની પૂજામાં ગણ્યા છે.

ગઇ અનંતી ચોવીશીએ ચરમ તીર્થંકરના શાસને અસંજતીની પૂજા થઇ તેમ આ ચોવીસીએ પણ ચરમ તીર્થંકરના શાસને અસંજતીની પૂજા અનંત કાળે થઇ. બન્નેના વખતની અસંજતીની પૂજાનો અધિકાર સરખોજ મળી આવે છે.

પ્રશ્ન ૭૯ મું—આ ચોવીસીમાં મહાવીરને શાસને અસંજતીની પૂજાનો કોઇ પ્રમાણિક દાખલો છે?

ઉત્તર—હા, જી, સાંભળો—બુટેરાયજી સંવેગીએ પોતાના બનેલ મુહપતિ ચર્ચા ગ્રંથમા અસંજતીની પૂજા પંચમ કાળે માની છે

તેમજ સંઘ પટ્ટક કર્તા જીન વલ્લભસૂરિએ પણ અસંજતીની પૂજા આ પાંચમાં આરામાં પ્રગટ થયેલી છે એમ કહ્યું છે.

માટે મહાવીર સ્વામીના વારે અર્થાત્ તેમના શાસને ૬ છ અને તે પહેલા ૪ ચાર અચ્છેરા મળી ૧૦ દશ અચ્છેરા આ ચોવીશીમા કહ્યા છે

પ્રશ્ન ૮૦ મું—પહેલું અચ્છેરૂં શ્રીઋષભદેવને વારે થયું છે ને મહાવીરનું પહેલું કેમ કહ્યું?

ઉત્તર—એ તો ગણધર મહારાજની ગુંથણીમાં (કાવ્ય પદમાં) જેમ બેસતું આવ્યું તેમ ગુંથણી કરી તેથી અનુક્રમે ગાથામાં કહ્યા પ્રમાણે હોવાનું નથી પણ સૂત્રના ન્યાયે જેમ અનુક્રમે આવે તેમ કહેવું

પ્રશ્ન ૮૧ મું—અનુક્રમે અચ્છેરા કેવી રીતે લેવા?

ઉત્તર—(૧) ગાથામાં કહેલું દશમું ઋષભદેવ સ્વામીના વારે ઉત્કૃષ્ટી અવગાહનાના ૧૦૮ એક સમે સિદ્ધ થયા તે, પહેલું અચ્છેરૂં.

(૨) ગાથામાં સાતમું હરી વંશની ઉત્પત્તિનું ૧૦માં તીર્થંકરને વારે થયું તે બીજું.

(૩) ગાથામાં ૩જું મલ્લીનાથ ભગવાન સ્ત્રી વેદે થયા તે ત્રીજું.

(૪) ગાથામાં પાંચમું નેમનાથને વારે શ્રીકૃષ્ણ અમર કંકાએ (ધાતકી ખંડમાં) ગયા તે ચોથું. એ ચાર મહાવીર પહેલાં થયાં.

(૫) ગાથામાં બીજું શ્રીમહાવીરના ગર્ભસાહરણનું તે પાંચમું. અને મહાવીરના વારાનું અચ્છેરૂં પહેલું. (૧)

(૬) ગાથામાં આઠમું ચમરેંદ્ર પહેલા દેવલોકે સદેંદ્રની આસાતના કરવા ગયો તે છઠું. આ મહાવીરના દિક્ષા લીધા પછીના છદ્મસ્તપણાનું બીજું. (૨)

(૭) ગાથામાં ચોથું-શ્રીમહાવીરને કેવળ પ્રાપ્ત થયે છતે સમોસરણમાં દેવતાની પ્રખદા વ્રત પચ્ચખાણ વિના ગઇ તે સાતમું.- (૩)

(૮) ગાથામાં છઠું-ચંદ્રમાં સૂર્ય મહાવીરને વાંદવા મુળગા રૂપે આવ્યા તે આઠમું. (૪)

(૯) ગાથામાં ૧લું-ગોશાળે શ્રીમહાવીરના સમોસરણમાં બે સાધુને બાળ્યા. મહાવીર ઉપર તેજુ લેશા મૂકી, ઉપસર્ગ કર્યો તે અચ્છેરૂં નવમું-(૫)

(૧૦) ગાથામાં ૧૦મું-અસંજતીની પૂજાનું છેલું દશમું અચ્છેરૂં શ્રીમહાવીરના શાસને પંચમ આરામા થયું. (૬)

એ મહાવીરના શાસનમાં ૬ અને ૪ તે પહેલાના મળી ૧૦ અચ્છેરા આ ચોવીશીમા થયા, તે સૂત્રના ન્યાય પ્રમાણે કહી બતાવ્યાં.

પ્રશ્ન ૮૨ મું—ઉપાશ્રયાદિક પુંજવાથી સૂત્રમાં કાંઈ લાભ બતાવ્યો છે?

ઉત્તર—ઠા. ઠા. ૧૦મે-દશ પ્રકારની વિશુદ્ધિ કહી. તેમાં ઉપાશ્રયાદિક પુંજવા થકી સંજમની નિરમળાઇ કહી છે. (છવીસ દશાસામાં કહેલ છે)

પ્રશ્ન ૮૩ મુ—નિકાચિત કર્મ તુટે કે નહિ?

ઉત્તર—ઠા. ઠા. ૧૦મે-દશ પ્રકારના બળ કહ્યાં છે તેમાં નવમું તપ બળ કહેલ છે. તેથી અનેક ભવનાં ઉપાર્જ્યા નિકાચીત કર્મ તોડવી નાંખે તે. (ટીકામાં)

પ્રશ્ન ૮૪ મું—ઠા. ઠા. ૧૦મે-દશ નગરી કહી તેમાં વારંવાર પેશવું નહિ એમ કહ્યું. અને ભગવંતે સાધુને તેજ દેશમાં વિચરવું કહ્યું છે તેનું કેમ?

ઉત્તર—મૂળ પાઠમાં તથા ટીકામાં એ પ્રમાણે કર્યું છે. ત્યાં એમ જણાવે છે કે-તરૂણી સ્રીયાદિકનાં જોવામાં આવે માટે વારંવાર પેશે નહિ. આગમાંથી બે ત્રણ વાર ૧ એક માસમાં આવે એમ નીશીથ ચુર્ણિમાં છે.

પ્રશ્ન ૮૫ મું—છદ્મસ્ત અને કેવળીમાં શો તફાવત્?

ઉત્તર—ઠા. ઠા. ૧૦મે-દશ સ્થાનક છદ્મસ્ત સર્વ ભાવ ન જાણે ન દેખે. ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ જીવ શરીર પ્રતિબંધ, ૫ શબ્દ, ૬ ગંધ, ૭ વાયુ, ૮ પરમાણું, ૯ આ જીવ જિન થાશે કે નહિ થાય, ૧૦ આ જીવ સર્વ દુઃખનો અંત કરશે અથવા નહિ કરે. એ દશ બોલ છદ્મસ્થ ન જાણે ન દેખે, પણ કેવળી મહારાજ જાણે ને દેખે. ઇત્યર્થ—

પ્રશ્ન ૮૬ મું—ઠા. ઠા. ૧૦મે-દશ સ્થાનકે, જીવ આગમીય કાળે ભદ્ર કલ્યાણકારી કર્મ ઉપરાજે કહ્યું, તેમાં જોગ વાહિયાએ કહ્યું તે શું?

ઉત્તર—સિદ્ધાંત, જોગને વહીવે ભણે. તપસ્યા કરે તે-તથા ઉત્સકપણા રહીત જે સમાધી ચોગ તેહને કરવે. વળી જિન માર્ગ દીપાવતા કલ્યાણપણું ઉપરાજે કહ્યું છે.

પ્રશ્ન ૮૭ મું—ઠા. ઠા. ૧૦મે-દશ પ્રકારના કલ્પ વૃક્ષ કહ્યાં છે તેમાં પાંચમે બોલે જ્યોતી તે અગ્નિ કહી, અને ત્યાં અગ્નિનો [illegible] છે તેનું કેમ?

ઉત્તર—જુગળીયાના ક્ષેત્રમાં અગ્નિનો અભાવ છે માટે [illegible] પ્રકાશ કરણ હાર વૃક્ષ જાણવાં.

પ્રશ્ન ૮૮ મું—ઠા. ઠા. ૭મે પ્રવચનના નીનવ [illegible] પહેલો નીનવ જમાલીને ગણ્યો છે, ને તેને ઉપજવાનો [illegible] કહી તે કેમ? તે તો ક્ષત્રીકુંડ ગામમાં ઉપન્યો છે.

ઉત્તર—નીનવપણું સાવર્થી નગરીયે પામ્યો [illegible] કહી. આનો પણ નીનવપણાનો જન્મ થયો માટે [illegible] નગરી સાવર્થી કહી.

પ્રશ્ન ૮૯ મું—ઠા. ઠા. ૫મે-૩પા ભગ[illegible] કેવુ કહ્યા તેનું સ્વરૂપ શી રીતે?

ઉત્તર—પ્રથમ પાંચ હેતુનો પાઠ જણાવે છે.—

पंच हेउ पं० तं० हेउ न जाणति हेउ न पासति हेउ न बुझति हेउ नाभिगच्छति हेउ अन्नाण मरणं मरइ. ॥

અર્થ—પાંચ હેતુ પ્રરૂપ્યા ભગવંતે તે જેમ છે તેમ કહે છે. હેતુ તે ચિહ્ન જેમ અગ્નિનું ચિહ્ન ધુમ્ર તેમ જે જે કારણનું જે જે ચિહ્ન તેને હેતુ કહીએ. તે હેતુને ન જાણઇ કેતા ન જાણે, ન પાસઇ કેતા ન દેખે. ન બુઝઈ કેતા તે હેતુના તત્ત્વ ન સર્દહે, નાભિ ગચ્છઇ કેતા તે હેતુના સન્મુખ ન થાય અર્થાત્ તે હેતુને ન પ્હોંચે એ ચતુર્વિધ હેતુનો અજાણ અજ્ઞાન મરણે મરે પણ પંડિત મરણ ન હોય.

પ્રશ્ન ૯૦ મું—આ હેતુ કોને લાગુ છે? તે સ્પષ્ટાર્થથી જણાવશો?

ઉત્તર—આ પ્રથમ હેતુ એક વચને મિથ્યાત્વી આશ્રી છે. જેમ કોઈ એક મિથ્યાત્વી દેવ આયુષ્ય ભોગવતા છ મહીના બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે અને મરણના ચિહ્ન જાણી બચવા માટે, સમ્યક્ત્વ ધારી મિત્ર દેવને પૂછે કે હું મરણથી કેમ બચું? ત્યારે સમ્યક્ત્વી દેવ તેને સમજાવવાને અર્થે ઇંદ્ર મહારાજ પાસે મોકલે અને તે દેવ જાય પણ ખરો પરંતુ એટલું ન જાણે કે મૃત્યુ કોઈને મૂકતું નથી; છતાં હું ઈંદ્ર પાસે કેમ જાઉં છું એ હેતુને જાણતો નથી. ઘણા દેવોનો મરણ કાળ નજરે જોવા છતાં પોતાના મરણ કાળ રૂપ હેતુને દેખતો નથી. વળી આયુષ્ય પૂર્ણ થયે ચારે ગતિના જીવોને તે સ્થાનક અવશ્ય છોડવું જોઈએ. એ હેતુને સર્દહતો નથી. એટલે એ હેતુ રૂપ તત્ત્વની શ્રદ્ધા નથી. તથા મરણ કાળને નજીક આવેલો જાણી શાંતીથી આર્ત્તધ્યાન તથા રૌદ્ર ધ્યાનમાં નહિ ઉતરતાં મરણ સન્મુખ ઉભો રહે તો ભવ ઘટીત કરે. છતાં તે હેતુ સન્મુખ થઇ શકતો નથી. એ ઉપર કહેલા ચારે બોલના સ્વરૂપને ઓળખ્યા વીના છેવટે મરતી વખતે અચીતત્તા, મુર્ચ્છા ભય રાખી અજ્ઞાન મરણે મરે, પણ ન સમજે કે એવા મરણો આ જીવે અનંતી વાર કર્યા પરંતુ કાર્ય સિદ્ધ થયું નહિ. એ પાંચે બોલના રહસ્યને સમજ્યો નહિ

પ્રશ્ન ૯૧ મું—આ વિષે કોઇ બીજો ન્યાય હોય તો પણ જણાવશો?

ઉત્તર—સાંભળો—કોઇ એક મિથ્યાત્વી મોક્ષ મેળવવાનો કામી છે છતાં સારંભને સપરિગ્રહ રૂપ ધર્મમાં રચ્યો પચ્યો રહ્યો થકો અનારંભ અપરિગ્રહ રૂપ હેતુ ધર્મને જાણતો નથી. સારંભને સપરિગ્રહ રૂપ ધર્મથી કર્મ બંધન થાય છે તે હેતુને દેખતો નથી. સારંભને સપરિગ્રહ રૂપ

ધર્મથી કોઇ પ્રકારે કર્મની નિર્જરા થતી નથી. અને ઉલટા કર્મ બંધાય છે. એ હેતુના તત્ત્વને સદ્હતો નથી. સારંભને સપરિગ્રહ રૂપ ધર્મથી ભવાંતરની વૃદ્ધિ થાય છે. અને અણારંભ અપરિગ્રહ રૂપ ધર્મથી ભવ વ્યતીત થાય છે. અથવા મોક્ષ પણ મળે છે. છતાં સારંભને સપરિગ્રહ રૂપ ધર્મમાં મોહ રાખતો થકો અને અણારંભ અપરિગ્રહ રૂપ ધર્મના સન્મુખ નહિ થતાં અજ્ઞાન મરણે મરે છે-ઇતિ ઠા. ઠા. ૫મે-એક વચને પ્રથમ હેતુ સ્વરૂપ કહ્યું.

પ્રશ્ન ૯૨ મું—બહુ વચને પ્રથમ હેતુ શી રીતે છે તેનું સ્વરૂપ જણાવશો?

ઉત્તર—બહુ વચને પ્રથમ હેતુ-તે પાઠ-

पंचहेउ पं० तं० हेउणा नजाणइ जाव हेउणा अनाण मरणं मरइ. ॥

આ હેતુ બહુ વચને મિથ્યાત્વી આશ્રી છે. અર્થ:-ઘણા મિથ્યાત્વી દેવો હેતુને ન જાણે, હેતુને ન દેખે, હેતુના તત્ત્વને ન સદ્હે, હેતુના સન્મુખ ન થાય, એટલે હેતુને ન પ્હોંચે. એ ચારે બોલના અજાણ અજ્ઞાન મરણે મરે. દૃષ્ટાંત એક વચનની પેરે કેવું પણ અહીં ઘણા મિથ્યાત્વી દેવો કેવા. દ્વિતીયાર્થમાં પણ એક વચન પ્રમાણે બહુ વચને ઘણા મિથ્યાત્વીઓ કેવા. બાકીનું સર્વ એક વચન પ્રમાણે જાણવું. સાખ ઠા. ઠા. ૫મે-તથા સ. સ. (૫) મેં—

પ્રશ્ન ૯૩ મું—દ્વિતીય હેતુ સ્વરૂપ એક વચન આશ્રી જણાવશો?

ઉત્તર—દ્વિતીય હેતુ પાઠ-

पंच हेउ प० तं० हेउ जाणइ, हेउ पासइ, हेउ बुझइ, हेउ अभिगच्छइ हेउवउमत्थं मरणं मरइ. ॥

અર્થ:—પાંચ હેતુ પ્રરૂપ્યા ભગવંતે તે જેમ છે તેમ કહે છે. હેતુ જાણઇ કેતા હેતુને જાણે, હેતુ પાસઇ કેતા હેતુને દેખે, હેતુ બુઝઇ કેતા હેતુના તત્ત્વને સદ્હે, હેતુ અભીગચ્છઇ કેતા હેતુના સન્મુખ થાય. અર્થાત હેતુને પ્હોંચે, આ ચારે બોલના સ્વરૂપ રૂપ હેતુને ઓળખતો છતો છદ્મસ્થ-મરણે મરે. આ એક વચને અર્થ કહ્યો.

પ્રશ્ન ૯૪ મું—દ્વિતીય હેતુ સ્વરૂપ બહુ વચન આશ્રી જણાવશો?

ઉત્તર—દ્વિતીય હેતુ પાઠ-બહુવચને-

पंच हेउ प० तं० हेउणा जाणइ जाव हेउणा छउमत्थं मरणं मरइ.

હવે બહુવચને અર્થ કહે છે. ઘણા જણ હેતુને જાણે યાવત્ ઘણા જણ ચારે બોલના સ્વરૂપ રૂપ હેતુને ઓળખતા છતાં છદ્મસ્ત મરણે મરે ઇતિ.

પ્રશ્ન ૯૫ મું—દ્વિતીય હેતુ સ્વરૂપ, એકવચને તથા બહુ વચને વિશેષાર્થથી જણાવશો ?

ઉત્તર—આ પ્રશ્ન એક વચને તથા બહુ વચને-ચતુર્થ ગુણસ્થાનવાળા અવૃત્તિ સમ્યક્દષ્ટિ આશ્રી છે. એક અથવા ઘણા અવૃત્તિ સમ્યક્દષ્ટિવાળા જીવો કેવળીના વચનોને હેતુ રૂપ જાણે છે. જેમકે રાજગ્રહી નગરીના મહારાજા શ્રેણીકે ભગવંત મહાવીરને પ્રશ્ન કર્યો કે હું મરીને કયાં જઇશ? ત્યારે ભગવંતે કહ્યું કે નરકે જઇશ. ત્યારે શ્રેણીકે કહ્યું કે શું કાર્ય કરતા નરકે ન જવાય ? ત્યારે ભગવંતે કહ્યું કે એક વ્રતનો કરનાર નરકે જાય નહિ. પણ તું ચતુર્થ ગુણસ્થાને રહેલો જીવ છો માટે તારાથી કોઇ પ્રકારનું વ્રત થઇ શકશે નહિ. ત્યારે શ્રેણીક રાજાએ ભગવંતના વચન રૂપ હેતુને સત્યતા રૂપે જાણ્યો. તેમ એક અથવા ઘણા ચતુર્થ ગુણસ્થાનવાળા જીવો કેવળીના વચનોને હેતુ રૂપ જાણે. તથા અંતર ચક્ષુવડે કરીને કેવળીના વચનોને હેતુ રૂપ દેખે (શ્રધ્ધે), તથા કેવળીનાં વચનોના તત્ત્વને હેતુ રૂપ વિશેષ સર્દહે. તથા કેવળીનાં વચનોની સન્મુખ થાય ખરો પરંતુ ચતુર્થ ગુણસ્થાનને લઇ છદ્મસ્ત મરણે મરે પણ કેવળી મરણ ન હોય.

પ્રશ્ન ૯૬ મું—આ વિષે દ્વિતીય અર્થ હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—સાંભળો-એક વચને તથા બહુ વચને ચતુર્થ ગુણસ્થાને રહેલા જીવો જ્ઞાનદર્શન સહીત સાધુજીની શુદ્ધ કરણી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવનારી હેતુ રૂપ જાણે, તેમજ અંતર ચક્ષુ વડે હેતુ રૂપ દેખે, તથા તેનાજ તત્ત્વને શુદ્ધ હૃદયથી સર્દહે, તેજ કરણીના સન્મુખ થવાની ઇચ્છા છે પણ ચોથા ગુણસ્થાનને લઇને થઇ શકે નહિ. તેથી છદ્મસ્ત મરણે મરે, પણ કેવળી મરણ નજ હોય. સાખ ઠા. ઠા. (૫) મે-તથા ભ. શ. ૫મે-

પ્રશ્ન ૯૭ મું—તૃતીય હેતુ સ્વરૂપ એકવચન આશ્રી શી રીતે છે તે જણાવશો ?

ઉત્તર—તૃતીય હેતુ પાઠ—

पंच अहेउ प० तं० अहेउ नयाणाइ, अहेउ न पासइ, अहेउ न बुझइ अहेउ नाभिगवइ, अहेउ चउमत्थ मरणं मरइ. ॥

અર્થ:—પાંચ અહેતુ પરૂપ્યા ભગવંતે તે જેમ છે તેમ કહે છે. "અ" નામ નહિ હેતુ તે અહેતુ એટલે હેતુ કહેતાં ચિહ્ન તે વડે કરીને

નથી જાણવાની જરૂર જેને, કારણકે અવધિ જ્ઞાનાદિકે જાણે છે તેને ચિહ્ને કરી જાણવાની જરૂર નથી. પણ જે વસ્તુથી મોક્ષ મળે તે વસ્તુ ન જાણે, તેમજ દર્શને કરી ન દેખે, ખરા તત્ત્વને ન સર્દહે, તેના સન્મુખ ન થાય-એટલે તે સ્વરૂપને ન પહોંચે. એ ચારે બોલને અભાવે છદ્મસ્ત મરણે મરે. એ એકવચને અર્થ કહ્યો.

પ્રશ્ન ૯૮ મું—તૃતીય હેતુ સ્વરૂપ, બહુવચને શી રીતે છે?

ઉત્તર—તૃતીય હેતુ પાઠ-બહુવચને-

पंच अहेउ प० तं० अहेउणा नयाणइ जाव अहेउणा बउमत्थं मरणं मरइ.

આનો અર્થ ઉપર પ્રમાણે લેવો. ઉપર જેમ એકવચને અર્થ કર્યો છે તેમજ બહુવચને એટલે ઘણા આશ્રી પણ એજ પ્રમાણે અર્થ જાણવો.

પ્રશ્ન ૯૯ મું—તૃતીય હેતુ સ્વરૂપ, એકવચને તથા બહુવચને વિશેષાર્થથી જણાવશો?

ઉત્તર—આ પ્રશ્ન એકવચને તથા બહુવચને અવધ્યાદિક જ્ઞાનવાળા આશ્રી જાણવો. કોઇ, એક અથવા ઘણા જીવો છઠ્ઠા ગુણસ્થાને રહેલા અવધ્યાદિક જ્ઞાનવાળા જેમ ગૌતમ સ્વામી ભવડાને બુઝવી લાવ્યા અને તેજ ભવડાને માર્ગમાં આવતા કેવળ જ્ઞાન પ્રાપ્ત થયે થકે કેવળીની પ્રખદામાં જતાં ગૌતમ સ્વામીએ પાછો વાળવા માંડયો ત્યારે ભગવંતે કહ્યું કે તેમને તેમની પ્રખદામાં જવા દ્યો. ત્યારે ગૌતમે પૂછ્યું કે શું તેને કેવળ જ્ઞાન થયું? ભગવંતે હા પાડી. આ વાત સાંભળી ગૌતમને ખેદ થયો કે હું આવા મુર્ખને સમજાવી લાવું તેને કેવળ જ્ઞાન પ્રાપ્ત થાય. પણ મને કેવળ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આમ અવધ્યાદિક જ્ઞાન હોવા છતાં ખેદમાં ઉતર્યા; પણ તેમણે જ્યારે રાગદ્વેષ ક્ષય કીધો ત્યારેજ કેવળ જ્ઞાન પ્રગટ થયું, એ ભાવને જાણતા નથી. ભગવંત ઉપર સરાગ હોવાથી એ ભાવને દેખતા નથી. કોઇ ઉપર રાગ રાખવો નહિ એ તત્ત્વને સર્દહતા નથી. રાગદ્વેષરૂપી વૈરીને જીતી વીતરાગ દશા પ્રાપ્ત કરવી તેના સન્મુખ થતા નથી. એ ચારે બોલના અભાવે છદ્મસ્ત મરણે મરે.

પ્રશ્ન ૧૦૦ મું—આ વિષે દ્વિતીયાર્થ હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—એક વચને અથવા બહુ વચને એટલે એક અથવા ઘણા અવધી જ્ઞાનીયોને હેતુ એટલે ચિહ્નની જરૂર નથી; કારણકે અવધી જ્ઞાનવડે જાણે છે, અને અવધી દર્શનવડે દેખે છે. પણ સર્દહ ન જાણે એટલે કેવળ પર્યાયરૂપ ભાવને જાણતા નથી, એજ ભાવને દેખતા નથી, એ જાણ-

તત્ત્વને સર્દહતા નથી, એ ભાવના સન્મુખ થતા નથી એટલે એ ભાવને પહોંચતા નથી. એ ચારે બોલના અભાવે છદ્મસ્ત મરણે મરે. પણ કેવળી મરણ ન હોય. સાખ ઠા. ઠા. ૫, મે તથા સ. સ. ૫, મે.

પ્રશ્ન ૧૦૧ મું-ચતુર્થ હેતુ સ્વરૂપ, એક વચને શી રીતે છે તે જણાવશો ?

ઉત્તર-ચતુર્થ હેતુ પાઠ-पंच हेउ प० तं० अहेउ जाणइ, अहेउ पासइ, अहेउ बुझइ, अहेउ अभिगवइ, अहेउ केवली मरणं मरइ.

અર્થ-પાંચ અહેતુ પ્રરૂપ્યા ભગવંતે તે જેમ છે તેમ કહે છે. અહેતુ એટલે ચિહ્ન વિના જાણે, ચિહ્ન વિના દેખે, ચિહ્ન વિના તત્ત્વને સર્દહે, ચિહ્ન વિના સન્મુખ થાય અર્થાત્ પાર પામે, એ ચારે બોલે હેતુ વિના કેવળી મરણે મરે એ એક વચને કેવળી આશ્રી કહ્યું.

પ્રશ્ન ૧૦૨ મું—ચતુર્થ હેતુ સ્વરૂપ, બહુ વચને શી રીતે છે ?

ઉત્તર-બહુ વચને-ચતુર્થ હેતુ પાઠ-पंच अहेउ प० तं० अहेउणा जाणइ जाव अहेउणा केवली मरणं मरइ.

આનો અર્થ ઉપર પ્રમાણે લેવો. ઉપર જેમ એક વચને કેવળી આશ્રી કહ્યું છે તેમજ બહુ વચને ઘણા કેવળી જાણવા. આ બન્ને પ્રશ્ન એક વચને તથા બહુ વચને કેવળી આશ્રી જાણવા.

પ્રશ્ન ૧૦૩ મું—ચતુર્થ હેતુ સ્વરૂપ, એક વચને તથા બહુ વચને વિશેષાર્થે શી રીતે છે ?

ઉત્તર—એક તથા ઘણા કેવળીને એટલે તેરમાં ચૌદમાં ગુણસ્થાનવાળા જીવોને ચારે બોલે હેતુ એટલે ચિહ્નની જરૂરીયાત નથી. જેમકે-જંબુદ્વીપ એક લાખ જોજનનો થાળીને આકારે વાટલા આકારે ગોળ છે અથવા લવણ સમુદ્ર ચુડીને આકારે જંબુદ્વીપને ફરતો છે, તેમજ ધાતકી ખંડ લવણ સમુદ્રને ફરતો છે, ને ધાતકી ખંડને ફરતો કાળોદધી સમુદ્ર છે, ને તેને ફરતો પુષ્કર દ્વીપ છે. વગેરે દ્વીપ સમુદ્ર અસંખ્યાતાનું સ્વરૂપ હેતુયાદિક છદ્મસ્ત જીવોને બતાવ્યા છે, પરંતુ કેવળી મહારાજને એ હેતુની જરૂર નથી. કેમકે કેવળી મહારાજ માપેલું અને અમાપેલું નજીક અને દૂરનું સર્વ એક સમયમાં જાણે દેખે છે અને કેવળી મરણે મરે છે. સાખ ઠા. ઠા. ૫, મે-ઉ. ૧લે-તથા ભગવતીજી શતક (૫) મે—

પ્રશ્ન ૧૦૪ મું—અહીંઆં હેતુ પાંચ કહ્યા છે ને વ્યાખ્યા ચારની આવે છે તો તે વિષે શું સમજવું ?

ઉત્તર—હેતુ તો મૂળ જે પાંચ કહ્યા છે તેજ છે. પેલો જાણવાનો ૧, બીજો દેખવાનો ૨, ત્રીજો બુઝવાનો ૩, ચોથો સન્મુખ થવાનો ૪, ને પાંચમો તત્ મરણે મરવાનો ૫. આ પાંચ હેતુ, એક વચને ને બહુ વચને ચાર બોલ ઉપર ઉતાર્યા છે, તેમાં પેલો બોલ હેતુના અજાણુનો-મિથ્યા દૃષ્ટિનો, અજ્ઞાન મરણે મરવાનો ૧,-અને બીજો બોલ હેતુના જાણુનો અવૃતિ સમકિત દૃષ્ટિનો છદ્મસ્ત મરણે મરવાનો ૨,-ત્રીજો બોલ છઠા ગુણસ્થાનવાળા અવધિ જ્ઞાનીનો તેને ચિહ્નાદિ હેતુએ જાણવાની જરૂર નહિ પણ મોક્ષ સાધનનું સ્વરૂપ ન જાણે દેખે ઇત્યાદિ છદ્મસ્ત મરણે મરવાનો ૩,-અને ચોથો બોલ હેતુ વિના-ચિન્હ વિના જાણનારા કેવળી મહારાજનો કેવળી મરણે મરવાનો ૪. એ ચાર બોલ ઉપર પાંચ હેતુની વ્યાખ્યા ભગવંતે જણાવી છે. ઇત્યર્થઃ—

પ્રશ્ન ૧૦૫ મું—શ્રાવકને કોઇ ઠેકાણે ધર્માચાર્ય કહ્યા છે ?

ઉત્તર—ઠા. ઠા. ૪થે-ઉ. ૩જે-ચાર પ્રકારના ધર્માચાર્ય કહ્યા છે, તેમાં ટીકાકારે તથા ભાષ્યમાં પ્રતિબોધક શ્રાવકને ધર્માચાર્ય કહ્યા છે. જુઓ-બાબુવાળા છાપેલા ઠાણાંગનાં પાને ૨૮૨માં મધ્યે.—

પ્રશ્ન ૧૦૬ મું—ઠા. ઠા. ૪થે-ઉ. ૩જે-તથા રાયપ્રશ્રેણી સૂત્રમાં કહ્યું છે કે-મનુષ્ય લોકમાંથી મનુષ્યની ગંધ દેવતાને ચારસેં પાંચસેં જોજન ઉંચી જાય છે; માટે દેવતા આવતા નથી એમ કહ્યું. અને પન્નવણા પદ ૧૫મેં-ઘ્રાણેંદ્રિયનો વિષય નવ જોજનનો કહ્યો તેનું કેમ ?

ઉત્તર ઠા. ઠા. ૪થે-ઉ. ૩જે-ટીકામાં નવ જોજનનો વિષય જે કહ્યો છે તે ઉદારીક શરીર આશ્રી કહ્યો છે-વળી શ્રોતેંદ્રિયનો વિષય ૧૨ જોજનનો છે ને વિમાનને વિષે દેવતા ઘંટાનો નાદ લાખ જોજન છેટેથી સાંભળે છે માટે ૧૨ જોજન કહ્યું તે ઉદારીક આશ્રી સંભવે છે.—

પ્રશ્ન ૧૦૭ મું—ઠા. ઠા. ૧૦મે-છદ્મસ્થ દશ બોલ સર્વ ભાવે ન જાણે ન દેખે કહ્યું તેમાં દશમો બોલ, આ જીવ સર્વ દુઃખનો અંત કરશે અથવા નહિ કરે એવું ન જાણે ન દેખે કહ્યું. અને ભગવતીજી સ. ૧૪મે-ઉ. ૭મે-અનુત્તર વિમાનનાં દેવતા ત્યાં રહ્યા થકા ભગવંત તથા ગૌતમનાં સિદ્ધ થવાનાં ભાવ જાણે દેખે કહ્યું છે. તે કેમ ?

ઉત્તર—તેજ ઠેકાણે ભગવતીજીમાં કહ્યું છે. કે-અનુત્તર વિમાન દેવતા અવધ જ્ઞાનનાં વિશિષ્ટ બળથી મનોદ્રવ્યની વર્ગણા જાણે દેખે તે વર્ગણા ન દેખે એટલે એમ જાણે છે એ સિદ્ધ થયા ઇત્યર્થઃ-

પ્રશ્ન ૧૦૮ મું—જિન નહિ પણ જિન સરીખા વગેરે શબ્દ શ્રી ગણધરોનેજ લાગુ થાય કે બીજા સાધુઓને લાગુ થાય ખરો ?

ઉત્તર—ઠા. ઠા. ૩જે-ઉ. ૪થે-ચોત્રીસમાં શ્રીમહાવીર ભગવંતને ૩૦૦ ત્રણસેં, ચૌદ પૂર્વી જિન નથી પણ જિન સરીખા-કેવળી સરીખા (પણ કેવળી), સર્વ અક્ષર સંની પાતી-સર્વ અક્ષરના સંજોગના જાણ જિન કેવળીની પરે અવિતથ-સત્ય વ્યાકરણ પ્રશ્નનાં કહેનાર, એવી ઉત્કૃષ્ટી ૧૪ ચૌદ પૂર્વધારીની સંપદા થઇ, એમ કહ્યું છે. અને તેમનું અનુપદ ૧૧ અગ્યાર કહ્યા છે. આ ઉપરથી ચૌદ પૂર્વીને પણ ગણધર શબ્દ લાગુ છે.

અને ઉવવાઈ સૂત્રમાં પણ શ્રીભગવંત મહાવીર દેવના સાધુ અણગારો પણ અજિણા જિણા સંકાસા વગેરે સર્વ શબ્દ કહ્યા છે.

અને ઠા. ઠા. ૧૦મે-ચાળીસમાં અરિષ્ટ નેમિ ભગવંતને ચારસેં ૪૦૦ ચૌદ પૂર્વી જિન નથી પણ જિન સરીખા, સર્વ અક્ષર સંનીપાતી વગેરે ઉપર કહ્યા મુજબ તમામ ચૌદ પૂર્વધર કહ્યા છે.

આ ઉપરથી એમ જણાય છે કે ગણધરના વચનમાં તેમ [illegible] બીજા સાધુઓ હોય છે ખરા એમ જણાય છે.

ઇતિ શ્રી પરમ પૂજ્ય શ્રી [illegible] સ્વામી, તત્ શિષ્ય મુનિશ્રી [illegible] કૃત પ્રશ્નોત્તર મોહનમાળા ઉત્તરાર્ધ-ભાગ ૮ મો સમાપ્ત.



શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણુકો ૯ મો.



પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.



શ્રીપ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૯ મો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.



ઉત્તરાર્દ્ધ ભાગ ૯ મો.



પ્રશ્ન ૧ લું—સમોસરણુ એટલે શું?

ઉત્તર—સમોસરણનો અર્થ કેટલાક એવો કરે છે કે જ્યારે તિર્થંકર મહારાજને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તગડા ગઢની રચના થાય છે. એક જોજન પ્રમાણમાં રૂપાનો ગઢ ને સોનાના કાંગરા. સોનાનો ગઢ ને રત્નના કાંગરા, રત્નનો ગઢ ને મણિ રત્નના કાંગરા. ચારે દીસે વીશ વીશ હજાર પગથીયાં વગેરેની રચના થાય છે. મધ્ય ભાગે ફટક રત્નના સિંહાસન ઉપર ભગવંત બીરાજી ઉપદેશ આપતા. અને વળી કેટલાક તો ત્યાંસુધી કહે છે કે ભગવંતને તે વખતે માથે મુગુટાદિ તમામ અલંકારો શોભીત બની આવતા. વગેરે વાતો સાંભળીએ છીએ પણ સૂત્રમાં તે પ્રમાણે જોવામાં આવતું નથી.

પ્રશ્ન ૨ જું—સૂત્રમાં શું કહ્યું છે? જે વાત સૂત્રમાં હોય તે સત્ય ગણાય.

ઉત્તર—સૂત્રમાં તો એમ કહ્યું છે કે—જ્યાં જ્યાં સમોસરણની વ્યાખ્યા ચાલેલ છે ત્યાં ત્યાં તિર્થંકર યા સાધુને ઉતરવા સંબંધીની હકીકત આવે છે. અને ભગવતીજીમાં ખંધકના અધિકારે ભગવંતને વસ્ત્ર, મુગુટ, આભરણ, શોભા, અલંકાર રહિત ગણધર દેવે સૂત્ર પાઠે કહ્યા છે. માટે ત્રગઢાદિકની વાત બંધ બેસતી નથી પણ જ્યારે તિર્થંકરને કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે અમુક વૃક્ષની નીચે થાય છે તે વૃક્ષને ચૈત્ય વૃક્ષ કહેવામાં આવે છે. સમવાયંગજી સૂત્ર બાબુ તરફથી છપાયેલું છે તેના પાને ૨૩૩ મે કહ્યું છે કે-

बत्तीसइं धणुइं, चेइयरुक्खो य वद्धमाणस्स; णिच्चो अगो असोगो, ओच्छन्नो सालरुक्खेणं. ॥

તેના અર્થમાં-આગમમાં લખ્યું છે કે-૩૨ ધનુષ પ્રમાણે ચૈત્ય વૃક્ષ છે તે પૃથ્વી શિલાપટ્ટ નિચે બેઠી ભગવંત વર્દ્ધમાન સ્વામી વ્યાખ્યાન કરે એટલે નીચે અશોક વૃક્ષ અને ઉપર સાલવૃક્ષ.-

એટલે અશોક વૃક્ષ અતિશયના પ્રભાવે બની આવે તે નીચે પુઢવી શિલાપટ્ટ ઉપર બેસી ભગવંત ઉપદેશ આપે એમ કહ્યું છે. અને જ્યાં જ્યાં ભગવંતના ઉપદેશનો અધિકાર ચાલ્યો છે ત્યાં પૃથ્વી શિલાપટ્ટ ઉપર બેસીનેજ ચાલ્યો છે, તે ન્યાય પૂર્વક છે. બાકીની વાત ગ્રંથકારોએ વધારીને કરેલી હોય એમ જણાય છે.

પ્રશ્ન ૩ જું—સૂત્રમાં ભગવંતને બેસવા માટે સ્ફટિક રત્નનું સિંહાસન બની આવે છે એમ કહ્યું છે તે કેમ?

ઉત્તર—ઉવવાઈ સૂત્ર તથા સમવાયાંગજીમાં અતિશય અધિકારે કહ્યું છે કે-ધર્મચક્ર ૧, છત્ર ૨, ચામર ૩, સિંહાસન સ્ફટક રત્નમય અથવા આકાશની પેઠે નિર્મળ સહિત પાદપીઠ સહિત સિંહાસન ૪, અને ધર્મધ્વજ ૫, એટલા વાના સદાય આકાશ ગત-આકાશને વિષે ચાલે છે. એમ કહ્યું છે. પણ ભગવતના પરિભોગમાં આવે છે એમ કહ્યું નથી.

પ્રશ્ન ૪ થું—આ વિષે સૂત્રના મૂળ પાઠમાં શું કહ્યું છે તે જણાવશો?

ઉત્તર—મૂળ પાઠમાં ચોકખું આકાશગત કહ્યું છે તે સાંભળો–

સમવાયંગજીમાં ૩૪ અતિશયમાં–

आगासगयं चक्कं ६, आगासगयं छत्तं ७, आगासियाउ सेयवरचामराओ ८ आगासफालियामयं सपायपीढं सिंहासणं ९.

અર્થ:—આકાશગત વર્તિચક્ર ૬, આકાશગત વર્તિછત્ર ૭, આકાશે શ્વેત વર-પ્રધાન ચામર ૮, આકાશને વિષે નિર્મળ સહિત પાદપીઠ સહિત સિંહાસન ૯,-આ બધા બોલ આકાશમાં વિશ્રા પુદ્ગલનાં ભગવંતના અતિશયને લઈને બની આવે છે. વાદળાની માફક, પણ ચક્ર કોઈને વિદારે નહિ, છત્રછાંયા કરે નહિ, ચામર વિંઝાય નહિ, અને સિંહાસન બેસવાને કામ આવે નહિ. ભગવંતને બેસવાને તો પુઢવી શિલાપટ્ટજ કહેલ છે.

પ્રશ્ન ૫ મું—તિર્થંકરને બે પડખે યક્ષ ચામર વિંઝે એમ સમવાયંગજીમાં અતિશય અધિકારે સાંભળ્યું છે તે કેમ?

ઉત્તર—હમણાના થોડાક વર્ષ પહેલાં બાબુ તરફથી સમવાયંગ સૂત્ર છપાયેલું છે તેમાં એવો પાઠ છે ખરો. પણ અસલનું જુનું ઘણા વર્ષનું લખેલું સમવાયંગ સૂત્ર જોતાં તેમાં એવો પાઠ કે અધિકાર નથી. એ ઉપરથી એમ જણાય છે કે-કોઈએ એ પાઠ નવો દાખલ કર્યો છે.

પ્રશ્ન ૬ ઠું—એવી શી સાબિતી મળી આવે છે કે—એ પાઠ નવો દાખલ કર્યો છે?

ઉત્તર—ભગવંતના ૩૪ અતિશય કહ્યા છે તેમાં ૧૯ ઓગણીશમો અને ૨૦ વીસમો—એ બેય અતિશય જુની પ્રતમાં જુદા કહ્યા છે, તે મૂળ પાઠ આ રીતે છે.

अमणुन्नाणं सद्द फरिस रस रुव गंधाणं अवकरिसो भवइ १९ मणुन्नाणं सद्द फरिस रस रुव गंधाणं पाउब्भावो भवइ. २०

એટલે ખોટા શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધનો અભાવ હોય, એ ૧૯ મો.—મનોહર, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધનો પાદુર્ભાવ હોય એટલે પ્રગટ થવા પણું હોય એ ૨૦ મો. એ પ્રમાણે જુની પ્રતમાં જૂદા કહ્યા છે

પ્રશ્ન ૭ મું—આધુવાળા છાપેલા સમવાયંગમાં શી રીતે છે?

ઉત્તર—બાબુવાળા છાપેલા સમવાયંગમાં ઉપર કહેલા બેય અતિશય ભેગા કરીને ૧૯ ઓગણીશમો એક અતિશય ઠરાવ્યો છે, અને વીસમો અતિશય નવો દાખલ કર્યો છે તે જણાવીએ છીએ.

उमओ पासिचणं अरहंताणं भगवंताणं दुवे जक्खा कडग तुडिय थंभिय भुया चामरुक्केवणं करंति २० એ નવો પાઠ દાખલ કર્યો છે.

અને ભાષ્યવાળાએ અસલ પ્રમાણે દાખલ કરી, નવા પાઠની ખબર માટે વાચનાંતર કહી સિદ્ધાંતના મતથી નવો પાઠ જુદો પાડયો છે. તે એ પ્રમાણે છે કે—ખોટા શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધનો અભાવ હોય એ ૧૯મો—મનોહર શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધનો પાદુર્ભાવ હોય. સિદ્ધાંત મૂળ મતિએ—વળી વાંચનાંતરે કૃષ્ણ ગુરૂ પ્રમુખ ધૂપ ઉખેવે બિંહુ પાસે બે યક્ષ ઉભા ચામર ઉખેવે ૨૦ એ પ્રમાણે ભાષ્યમાં કહ્યું છે.

વિચારો કે—ભગવંતની પાસે દેવતા ધૂપ ઉખેવે તથા ચામર વિંઝે એવી સાવધ ક્રિયા કોઇ કાળે બને ખરી કે? કદિ નહિ. તેટલાજ માટે ભાષ્યવાળાએ બન્ને ભાગ જુદા પાડી વાચનાંતર કરી એ નવો પાઠ દાખલ થયો છે એમ જુદો ભાવ જણાવી દેખાડયો.

ઉવવાઇ સૂત્રમાં સમોસરણનો સંપૂર્ણ અધિકાર છે તેમાં વળી ચામર વિંજણ સંબંધી કે ધૂપ ઉખેવવા સંબંધી તથા સિંહાસને બેસવા સંબંધી વગેરે સૂત્રપાઠે કાંઇપણ અધિકાર છેજ નહિ. પણ ચંપા નગરીના ઇશાન કોણમાં પૂર્ણ ભદ્ર નામના યક્ષ, તે નામના વનમાં અશોક વૃક્ષનું વર્ણન

કર્યો છે અને તે અશોક વૃક્ષની નીચે પૃથ્વી સિલાપટ્ટ સિંહાસનને આકારે વર્ણવેલ છે. આ ઉપરથી એમ જણાય છે કે, ભગવંત પૃથ્વી શિલાપટ્ટ ઉપર અશોક વૃક્ષની નીચે બેસી ઉપદેશ દેતા હોય એમ જણાય છે.

પ્રશ્ન ૮ મું—એવો કોઇ, સૂત્ર પાઠ ઉઘાડો દાખલો છે કે-ભગવંતે પૃથ્વી શિલાપટ્ટ ઉપર બેસી ઉપદેશ દિધો ?

ઉત્તર—હા, જી, સાંભળો-શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રના પાંચમાં અધ્યયનમાં શ્રી ગણધર મહારાજે ખુલ્લું જણાવ્યું છે કે-શ્રી ભગવંત મહાવીર દેવ પૃથ્વી શિલાપટ્ટ ઉપર બેસી ઉપદેશ દેતા. એમ મૂળ પાઠથી સિદ્ધ થાય છે. જુઓ નીચેનો પાઠ-

વાણીજ્યગ્રામ નગરને ઇશાન કોણે દુતિપલાસ નામા ચૈત્યવન કહ્યો, જીતશત્રુ રાજા તેની ધારણી રાણી કહી.

एवं सव्वं समोसरणं भाणियव्वं जाव पुढवी सिला पट्टए सामि समो सढे परिसा निग्गया धम्मो कहिओ.

એમ સર્વ સમોસરણનો અધિકાર કહેવા યાવત્ પૃથ્વી શિલાપટ્ટ ઉપર શ્રીમહાવીર સ્વામી સમોસરી-બીરાજી આવેલી પરિખદા પ્રત્યે ધર્મ-ઉપદેશ કહ્યો.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે-કાંઇ પણ અલંકાર વિના પૃથ્વી શિલાપટ્ટ ઉપર બેસી ભગવંત મહાવીર દેવ ઉપદેશ દેતા એ વાત સત્ય છે.

પ્રશ્ન ૯ મું—આહિયાં કોઇ એમ કહે કે-ત્રગડાગઢ આદિ જે સમોવસરણની રચના તિર્થંકર મહારાજના અતિશયથી થાય છે તે કાયમને માટે નહિ પણ જ્યાં મિથ્યાત્વીનું જોર હોય ત્યાં જઘન્ય ત્રણ વાર, મધ્યમ સાત વાર, અને ઉત્કૃષ્ટું બાર વાર આખી જીંદગીમાં થાય. તેનું કેમ ?

ઉત્તર—આ વાત કોઇ સિદ્ધાંતમાં નથી. ચોત્રીશ અતિશયની વાત સમવાયંગજી સૂત્રમાં કહી છે તે તો કાયમને માટે જણાય છે પણ ત્રગડાગઢની કે સ્ફટીક રત્નના સિંહાસન ઉપર બેસવાની કે ભગવંતને માથે મુગટ કાને કુંડળ વગેરે અલંકારની શોભા વગેરેની ગ્રંથવાળા ગમે તેવી રીતે ભગવંતના મહાત્મ્યની વાતો કરે પણ જે વાત સૂત્રમાં ન હોય તે વાત પ્રમાણમાં આવે નહિ. વળી જે આ દુનીઆમાં ઉત્કૃષ્ટ પદે ત્યાગી ગણાતા હોય તેને અલંકારી ઘટનાં કરવી તે પણ સૂત્રના ન્યાયે તો વિરૂદ્ધજ ગણાય. માટે સિદ્ધાંત કહે તે સત્ય.

પ્રશ્ન ૧૦ મું—શ્રીભગવતીજીનાશતક ઉદ્દેશા કેટલા?

ઉત્તર—શ્રીભગવતીજીના મૂળ શતક ૪૧, અંતર શતક ૯૭, સર્વ શતક ૧૩૮.-તેના ઉદ્દેશા પ્રથમ દશ હજાર હતા તે વિચ્છેદ જતા હવે ૧૯૨૫ રહ્યા.-સર્વ પ્રશ્ન ૩૬૦૦૦ હજાર કહ્યા છે.

પ્રશ્ન ૧૧ મું—ભગવતીજી સ. ૧લે-ઉ. બીજે-નારકીનો સંસાર સંચીઠણ કાળ ત્રણ પ્રકારે કહ્યો તે શી રીતે?

ઉત્તર—નારકીનો સંસાર સંચીઠણા કાળ ત્રણ પ્રકારે કહ્યો તે-શુન્ય કાળ ૧, અશુનકાળ ૨, મિશ્રકાળ ૩, સંચીઠણા તે તેજ ભવમાં રહેવું-શુનકાળ તે પૂછયા સમયના નારકીના જીવ તે સર્વ ચવીને ગત્યાંતરને પામ્યા એકે બાકી રહે નહિ તે શુન્યકાળ ૧,-અશુન્યકાળ તે-પૂછ્યા સમાના નારકીમાંથી એકે ચવ્યો નથી તેમજ એકે નવો આવ્યો નથી તે અશુન્યકાળ ૨,-મિશ્રકાળ તે-પૂછયા સમાના નારકીમાંથી ચવતા મંડયા-બીજા આવી ઉપજે છે પરંતુ પૂછયા સમય માંહેલો એક પણ રહે ત્યાંસુધી મિશ્રકાળ ૩.

હવે તેહનો અલ્પા બહુત્વ કહે છે.-સર્વથી થોડો અશૂન કાળ તે પૂછયા સમાના નારકીનાં જીવ તેમાંથી ચવ્યા નથી, બીજા નવા ઉપજ્યા નથી એટલે પૂછયા સમાના જેટલા હોય તેટલાજ રહે તો ૧૨ મુહૂર્ત રહે, પછી અવશ્ય ચવે ઉપજે, તે ભણી સર્વથી થોડો અશૂનકાળ ૧-તેથી મિશ્રકાળ અનંત ગુણો તે પુછયા સમા માંહેલો એક નારકી રહ્યો છે ત્યાંસુધીમાં પૂછયા સમાના નારકીમાંથી જે ચવેલા તે ગત્યાંતર કરી પાછા આવે ત્યાસુધીમાં અનંત કાળ નીકળે તે આશ્રી અનંત ગુણો મિશ્રકાળ કહ્યો ૨-તેથી શુનકાળ અનંત ગુણો તે પૂછયા સમાના નારકી સર્વદા નીકળી વનસ્પત્યાદિકને વિષે પડોંચ્યા ત્યા અનંત કાળ રહે, તે ભણી શુનકાળ અનંત ગુણો. ૩ ॥

પ્રશ્ન ૧૨ મું—કેટલાક કહે છે કે-આકાશમાં જે વાદળનો જમાવ થાય છે તે વાનું દળ છે એટલે વાઉકાયનો તે જમાવ છે. તેનું કેમ?

ઉત્તર—ભગ. સ. ૩જે-ઉ. ૪થે-તેમાં વાઉકાય અને વાદળા-(બળાહકા) જુદા કહ્યા છે. વાદળને વાયરાનું દળ કહે છે તે ખોટું. કારણકે-વાનું સ્વરૂપ અને વાદળનું સ્વરૂપ જુદું કહ્યું છે. વાયરો એક દિશી ચાલે અને બળાહકા-વાદળા સર્વ દિશી ચાલે. અને વાયરો વાઉકાયનો

જીવનો સમુહ છે. અને બળાહકા જે વાદળા તે અપ્પકાયનો સમુહ છે. માટે બન્ને જુદા છે, અને બન્નેની કાય પણ જુદી છે.

પ્રશ્ન ૧૩ મું—પ્રાણાતિપાત-પાપસ્થાનક કયા કર્મને ઉદે હોય ?

ઉત્તર—પ્રાણાતિપાત મોહની કર્મને ઉદે હોય. સાખ ભ. સ. ૧૨મે-ઉ. ૫મે-ટીકામાં મંડાતાજ-સમિતિ પાને ૫૭૨મે-પેહેલી પુંઠીમાં કહ્યું છે કે—

'पाणाइवाए' त्ति प्राणातिपात जनितं तज्जनकंवा चारित्र मोहनीयं कर्मोप-चारात् प्राणातिपात एव.

પ્રાણાતિપાતને ઉત્પન્ન કરનાર ચારિત્ર મોહનીય કર્મ છે. અને ચારિત્ર મોહનીય તે મોહની કર્મનો બીજો ભેદ છે.

પ્રશ્ન ૧૪ મું—કિલ્વિષિપણું કયા પાપને ઉદે પ્રાપ્ત થાય છે ?

ઉત્તર—ભ. સ. ૧૨મે-ઉદ્દેશે (૫)મે-માયાના ૧૫ નામ કહ્યા છે તેમાં ૧૦મું નામ કિલ્વિસે કહેલ છે. અને તેની ટીકામ-સમિતિ પાને ૫૭૩મે-પહેલી પુંઠીમા કહ્યું છે કે-किल्बिषः—किल्बिषिको भवति म त्रि ल्बिष एवे ति.

કિલ્વિષિમાં ઉત્પન્ન થવાનું મૂળ કારણ માયા છે, માયા વડેજ કિલ્વિષિમાં ઉત્પન્ન થવાય છે. એમ ઉપરના પાઠથી જણાય છે.

પ્રશ્ન ૧૫ મું—શ્રીભગવતીજી તથા ઉત્તરાધ્યયનમાં નિંદા કરવાવાળાને કિલ્વિષિમાં ઉત્પન્ન થવાનું કહ્યુ છે તે કેમ ?

ઉત્તર—એ વાત પણ સત્ય છે ત્યા પણ બન્ને વાત છે. માયા અને અવર્ણવાદના બોલવાવાળા કિલ્વિષિપણાને પામે છે. એનો પરમાર્થ એ છે કે-નિંદાના કરનારને માયા સેવવી પડે છે અને માયા વઈજ નિંદા બને છે એટલે માયામાં નિંદાનો સમાવેશ કરી માયાનેજ કિલ્વિષિપણું કહેલ છે.

પ્રશ્ન ૧૬ મું—ભગવતીજી સ ૫મે-ઉ. ૧લે-લવણ સમુદ્રમાં તથા કાલોદધી સમુદ્રમાં દક્ષિણ અને ઉત્તર દિશે ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળ વરતે છે. ને પૂર્વ તથા પશ્ચિમે અવસર્પિણી-ઉત્સર્પિણી કાળ નથી. આ ઉપરથી જળચર જુગલીયા ઠરે છે તેનું કેમ ?

ઉત્તર—જુગલીયાનું આયખું ઓછામાં ઓછું પલ્યના અસંખ્યાતમ ભાગનું છે, ને જળચરનું આયખું વધુમાં વધુ પૂર્વ ક્રોડીનું છે તે ઉપરથી

જળચર જુગલીયા નથી, અને જીવાભિગમ સૂત્રમાં પણ જળચર જુગલીયા નથી એમ કહ્યું છે.

હવે લવણ સમુદ્ર તથા કાલોદધીમાં દક્ષિણ અને ઉત્તર દિશે ભરત ઇરવતની સનંધે ઉત્સર્પિણી તથા અવસર્પિણી કાળ વર્તે છે. અને પૂર્વ અને પશ્ચિમે મહા વિદેહ ક્ષેત્રની સનંધે તે કાળ નથી, કારણકે મહા વીદેહમાં ઉત્સર્પિણી અવસર્પિણી કાળ નથી માટે તેની સનંધે સમુદ્રમાં પણ તે કાળની ના કહી હોય એમ જણાય છે. તત્ત્વ કેવળી ગમ્ય.

પ્રશ્ન ૧૭ મું—ભગવતીજી સ. ૯મે-ઉ. ૩૩મે- જમાલીનાં અધિકારમાં જમાલીને કિલ્વિષી કહ્યો. ને તેની ગતી પણ કિલ્વિષી દેવનીજ કહી-ત્રીજા દેવલોકે ૧૩ સાગરની સ્થિતિ કહી. ને ઠા. ઠા. ૭મે-જમાલીને પહેલો નીહ્નવ કહ્યો, ને નીહ્નવની ગતી ઉવવાઇજીના પ્રશ્નમાં નવગ્રૈવેક સુધીની કહી છે. તેનું કેમ ?

ઉત્તર—સમજવા પ્રમાણે એમ છે કે-ઉવવાઇ સૂત્રમાં જે ગતિ કહી છે તે પ્રવચનના નીહ્નવ આશ્રી કહી છે. અને જમાલી તો સૂત્ર અક્ષર ઉથાપવે પ્રવચનનો નીહ્નવ, અને ભગવંતથી વિરૂદ્ધ વર્તવે કિલ્વિષી. એ બન્ને દોષને લઈને જમાલી નિંદક નીહ્નવ હોવાને લીધે તેની ગતિ કિલ્વિષીની કહી છે.

પ્રશ્ન ૧૮ મું—ભગવતીજી સ. ૫મે-ઉ. ૮મે-નારદ પુત્ર અણગારને નીયંઠી પુત્ર અણગારે ભંતે કહીને બોલાવ્યા છે. અને નીયંઠી પુત્રે નારદ પુત્રને પ્રશ્ન પૂછ્યા છે. તેનો ખુલાસો નહિ થતાં નીયંઠી પુત્રે પોતેજ તેનો ખુલાસો કર્યો છે. ને ત્યાં નારદ પુત્ર નીયંઠી પુત્રને પગે લાગ્યા છે. તો અહિંયાં મોટું કોણ સંભવે ?

ઉત્તર—આ બન્ને ભગવંતના શિષ્ય છે. તેમાં પહેલા નારદ પુત્રને વખાણ્યા છે ને પછી નીયંઠી પુત્રને વખાણ્યા. એ જોતાં નારદ પુત્ર મોટા છે. વળી નીયંઠી પુત્રે નારદ પુત્રને ભંતે કહીને બોલાવ્યા છે તે પણ મોટાપણું છે, માટે નારદ પુત્ર મોટા છે. પણ આ પ્રશ્ન નીયંઠી પુત્ર પાસેથી ધાર્યું માટે જ્ઞાન અપેક્ષાએ નારદ પુત્રે નીયંઠી પુત્રને નમસ્કાર કર્યો હોય એમ સંભવે છે.

પ્રશ્ન ૧૯ મું—ભગવતીજી સ. ૮મે-ઉ. ૯મે-પુદ્‌ગલ ઉપર વૈક્રિય શરીર પ્રયોગ બંધ ઉત્કૃષ્ટથી કેટલો કાળ હુવે ?

ઉત્તર—સર્વ બંધ એક સમય, દેશ બંધ જઘન્ય ખુડાગ ભવ ગહણું ત્રીન સમય ઉણું ઉત્કૃષ્ટા બાવીસ હજાર વર્ષ એક સમય ઉણું એમ તિર્યંચ પંચેંદ્રી સુધી કહ્યું. ઉત્કૃષ્ટી સ્થિતિ જે જેની હોય તે કેટી તેમાં એક સમય ઉણો હોય.

પ્રશ્ન ૨૦ મું—ખુલ્લાક ભવનો અર્થ શું ?

ઉત્તર—ખુલ્લાક ભવ તે એક શ્વાસોશ્વાસમાં સાડાસતર ભવ કરે તે નિગોદના જીવ આશ્રી સંભવે છે. પરંતુ બીજાને માટે બહુસૂત્રી કહે તે ખરૂં.

પ્રશ્ન ૨૧ મું—ભગવતીજી સ. ૧લે-ઉ. ૪થે-છદ્મસ્થ મનુષ્યને કેવળ સંજમ, કેવળ સંવર, કેવળ બ્રહ્મચર્ય, કેવળ પ્રવચન કહ્યા તે શું ?

ઉત્તર—કેવળ નામ એકંત સમજવું, અહિંયાં કેવળ નામ સંપૂર્ણ સમજવો નહિ-કેવળીનો અર્થ કરવો નહિ. તેની ગતિ ઉત્કૃષ્ટી નવગ્રૈવેયક કહી છે.

પ્રશ્ન ૨૨ મું—ભગવતીજી સ. ૧લે-ઉ. ૬ઠે-સ્નેહકાય વરસવા આશ્રી-ઉર્ધ્વ, અધો, ને ત્રીછો વરસે છે એમ કહ્યું છે તો તે ૧૪ રાજલોક આશ્રી સમજવું કે અઢી દ્વીપ આશ્રી સમજવું ?

ઉત્તર—તે કાંઈ મૂળ પાઠમાં ખુલાસો નથી, પણ અર્થકાર તથા ટીકાકારના લખાણ ઉપરથી અઢી દ્વીપમાં વરસવાનું સમજાય છે.

પ્રશ્ન ૨૩ મું—સ્નેહકાય રાત્રી ને દિવસ સદાય વરસ્યા કરે છે. તેથી કેટલાકનું માનવું એમ થાય છે કે-શીત ઋતુમાં દિવસનો પહેલો અને ચોથો પહોર, અને ગ્રીષ્મમાં અરધો અરધો પહોર સાધુજીને માથે ઓઢયા વિના બહાર નીકળાય નહિ. એટલે માથે ગરમ લુગડું ઓઢયા વિના સાધુ સાધ્વીથી બહાર નીકળાય નહિ તેનું કેમ ?

ઉત્તર—એ પ્રવૃતિ કેટલાક ગચ્છમાં છે ખરી પણ સૂત્રના ન્યાયે એ પણ વર્તનારને માટે ઘણા સવાલો ઉભા થાય છે.

(૧) જેમ રાત્રીમાં સ્નેહકાય વરસવાથી બહાર માથે ઓઢયા વિના નીકળાતું નથી તેમ જો દિવસને માટે હોય તો ટીકાકારનાં મત પ્રમાણે દિવસમાં પહેલા અને ચોથા પહોરે આહારાદિક વહોરવા અર્થે નીકળાય નહિ. તેમજ-(૨) સાધુથી પહેલા અને ચોથા પહોરે વિહાર પણ થાય નહિ. (૩) માથે ઓઢવાનો પ્રસંગ અપવાદ માર્ગે થાય છે. પણ આહારાદિકનું વહોરવું અને વિહાર કરવો અપવાદ માર્ગે નથી. (૪) ટીકાકારનાં મત

પ્રમાણે તો તેવી કેટલીક ક્રિયા દિવસનાં વધવા કે પહોરમાંજ હોવી જોઈએ, પણ તે પ્રમાણે જોવામાં આવતું નથી.

પ્રશ્ન ૨૪ મું—આ સંબંધે કાંઇ સૂત્રથી ખુલાસો મળે તેમ છે?

ઉત્તર—સૂત્રમાં તે વિષે ખાસ ખુલાસા છે. સાંભળો—

(૧) દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે-સૂર્ય ઉગ્યા પહેલા આહારાદિકની ઇચ્છા કરવી નહિ તો પછી સૂર્ય ઉદય થયે આહારાદિક કલ્પે. (૨) વૃહત્કલ્પમાં કહ્યું છે કે-સૂર્ય ઉદય થયા પછી સાધુને આહારની વૃત્તિ ખુલે છે. (૩) દિવસ ઉગતા વિહાર કરવાનું પણ ચાલ્યું છે-તેમ વેહરવાનું (આહારાદિકનું) પણ ચાલ્યું છે. (૪) આહારાદિક (ચવેણું પ્રમુખ) દિવસ ઉગ્યો છે એમ જાણીને વેહર્યું અને પછી બહાર નીકળતાં જણાણું કે એ સૂર્ય ઉદય થયાં પહેલાં વોહોરાણું છે એમ જાણે તો પરઠવી દે એમ કહ્યું છે. (૫) દિવસ ઉગ્યા પછી મસ્તકે ઓઢે યા બાંધે તો પ્રાયશ્ચિત કહેલ છે. એમ વિહારમાં પણ કહેલ છે.

આટલા દાખલે એમ જણાય છે કે દિવસ ઉગ્યા પછી સ્નેહકાયને કારણે ઓઢવાની જરૂર જણાતી નથી. કારણકે રાત્રી દિવસ સ્નેહકાય પડે છે. સૂત્રમાં કહ્યું છે કે-તળાવ કુવાદિક ન ભરાય, ખાંડા ખાબોચીયા ન ભરાય તેવો સૂક્ષ્મ અપકાય જેવો વરસાદ પડે છે પણ પડતાંજ વસ્તુ વિધ્વંશ (વિનાશ) પામે છે એમ ભગવતીજીમાં મૂળ પાઠમાં કહ્યું છે. તે પછી દિવસ ઉગતાંજ સૂર્યની ગરમીવડે અધરથીજ પડતા વિનાશ પામે એમ સંભવે છે તોજ આહાર વિહારાદિકની ભગવંતે મના કરી નથી.

વળી શ્રી આચારાંગજી તથા શ્રી દશવૈકાલિકજી આદિ સૂત્રમાં વરસાદ, ધુંવર, મેધરવો, પ્રમુખ વરસવાથી સાધુને આહારાદિ અર્થે જવું વરજેલ છે પણ સ્નેહકાય માટે વરજેલ નથી. અને રાત્રીયે તો સર્વથા વરજેલ છે તેનું કારણકે રાત્રીમાં જીવાદિકની જત્ના ન થાય માટે, પણ શરીરાદિ કારણે જવું પડે તો માથે ઓઢીને જવું તે સ્નેહકાયનું વરજવું થાય છે, માટે અપવાદે ઓઢીને નીકળવું થાય છે. જોકે ઓઢે અગર ન ઓઢે તોપણ શરીર ઉપર કે વસ્ત્ર ઉપર પડતાંજ વિનાશ પામે, પણ વ્યવહાર બળવાન કરવા માટે સાધુનો વ્યવહાર રાત્રે બહાર નીકળવાનો નથી (એ ચિહ્નથી) અપવાદ માર્ગે દેહ ચિંતા ટાળવા માટે માથે ઓઢી બહાર નીકળવું એ શુદ્ધ વ્યવહાર છે પણ દિવસને માટે માથે ઓઢીને આહારાદિક અર્થે બહાર નીકળવાનું કોઇ સૂત્રમાં ચાલ્યું હોય એમ જોવામાં આવતું નથી. તત્વકેવળી ગમ્ય—

પ્રશ્ન ૨૫ મું—પ્રથક ક્યાં સુધી કહીએ ?

ઉત્તર—બેથી માંડી નવ સુધીને પ્રથક કહેલ છે. પણ ભગવતીજી સ૦ ૧૨ મે-ઉ૦ ૯ મે-પ્રથકને એક ઉપરાંત સંખ્યાતા, અસંખ્યાતા સુધી ગણ્યા છે. તથા સગ ૧૮ મે-ઉ૦ ૧ પહેલે ઘણાને પણ પ્રથક કહ્યા છે.

પ્રશ્ન ૨૬ મું—નારકી તથા દેવતામાંથી, અવધ લઇને નીકળે તે તીર્થંકરજ નીકળે કે અનેરા પણ નીકળે ખરા ?

ઉત્તર—ભગવતીજી સ૦ ૧૩ મે-ઉ૦ ૧-૨-અર્થાકારવાળાએ એકલા તિર્થંકરજ કહ્યા છે તેનું કારણ ૧ લી-૨ જી-૩ જી એ ત્રણ નરકમાંથી અવધ લઇને નીકળે ને તિર્થંકર પણ પહેલી ત્રણ નરકનાંજ નીકળ્યા થાય.

૧. વળી સંખ્યાતા વિસ્તારવંત તથા અસંખ્યાતા વિસ્તારવંત નરકાવાસામાંથી પણ સંખ્યાતાજ અવધી નાણી તથા અવધી દર્શની નીકળે એમ કહ્યું છે. તે પણ તિર્થંકર આશ્રીજ કહ્યું છે. એમ દેવતામાં પણ પહેલા દેવલોકથી સર્વાર્થ સિદ્ધ વિમાન સુધીનાજ નીકળ્યા. સંખ્યાતાજ અવધી જ્ઞાની અવધી દર્શની કહ્યા છે તે પણ તિર્થંકર આશ્રીજ કહ્યા છે.

પણ અનેરાનો સંભવ રહે છે, કારણકે અવધી જ્ઞાનની ઉત્કૃષ્ટી સ્થિતિ ૬૬ છાસઠ સાગરની કહી છે. બે વાર અનુતર વિમાનમાંથી લઇને આવે અથવા ત્રણવાર બારમા દેવલોકમાથી આવે તે અપેક્ષાએ તિર્થંકર વિના પણ અવધી જ્ઞાન લઇને આવવા સંભવ છે. પરંતુ બહુળતાએ તો તિર્થંકરનુંજ સ્વામીત્વ છે અને લાભવા આશ્રી અન્યને સંભવ.

પ્રશ્ન ૨૭મું—જીવ ઉપજવા જતા કેટલા સમાની વિગ્રહ ગતિ કરે ?

ઉત્તર-ભગવતીજી સ૦ ૧૪ મે-ઉ૦ ૧લે-એકેંદ્રીવરજી ૧૯ દંડકવાળા ૧-૨-૩ સમાની વિગ્રહ ગતીયે ઉપજે અને એકેંદ્રી ૪ સમાની વિગ્રહ ગતિયે ઉપજે એમ કહ્યું છે.

પ્રશ્ન ૨૮ મું—તો પછી ભગવતીજીનાં સ૦ ૭ મે-ઉ૦ ૧લે-કહ્યું છે કે—જીવને ઉપજવા જતા ત્રણ સમા અણાહારકનાંને ચોથે સમેનીયમાં આહાર લિએજ એટલે ૧૯ દંડકવાળા વધારેમાં વધારે બે સમા અણાહારિક રહે અને એકેંદ્રીય ઉત્કૃષ્ટા ત્રણ સમા અણાહારિક રહે પણ ચોથા સમે તો નિયમા આહાર કરે એમ કહ્યું. અને ઉપર કહ્યા પ્રમાણે ચોથો સમો વિગ્રહ ગતિનો કહ્યો તેનું કેમ ?

ઉત્તર—ચોદમા સતકમાં ત્રીજે સમે-ચોથે સમે વિગ્રહ ગતિયે ઉપજવા આશ્રી કહેલ. એ અપેક્ષાએ અણાહારકના તો સાતમા ......

કહ્યા પ્રમાણેજ થાય. ૧૯ દંડકવાળા વિગ્રહ ગતિએ જાય તો ત્રીજે સમે ઉપજે તેને બે સમાની વિગ્રહ ગતિ અને ત્રીજે સમે આહાર લે તેને બે સમા અણાહારિકના થયા. અને એકેંદ્રી ૪ સમાની વિગ્રહ ગતિએ ઉપજે તેને ૩ સમા અણાહારિકના હોય.

અહિંઆં વિગ્રહ ગતિએ ઉપજવા આશ્રી કહ્યું છે પણ વિગ્રહ ગતિના સમય ૩ કે ૪ કહ્યા નથી. ચોદમા સતકનો અને સાતમા સતકનો આંક પ્રાય સરખો અને મળતો જણાય છે. પરંતુ ગ્રંથવાળા ૪ સમા અણાહારીના એટલે ચાર સમયની વિગ્રહ ગતિ માની પાંચમો સમય ઉપજવાનો કહે છે. અને કેટલાક નીકળવાનો પહેલો સમો અને વિગ્રહ ગતિના ત્રણ સમા મળી પાંચમો સમો ઉપજવાનો કહે છે.

પ્રશ્ન ૨૯ મું—ભગવતીજી સતક ૧૫ મે—ગોશાળાએ પોતાના મતાનુસારે કાળની કલ્પના કહી બતાવી તે શી રીતે છે?

ઉત્તર—ગોશાળાએ મહાવીર પરમાત્મા પ્રત્યે કહ્યું છે કે—અમારા મતે ત્રણ પ્રકારના કાળનું માન છે તે યથા દ્રષ્ટાંતે—ગંગા નદી નીકળી ત્યાંથી તે સમુદ્રમાં ભળી ત્યાં સુધીમાં ૫૦૦ જોજનની લાંબી છે, અને અર્ધ જોજનની પહોળી છે, અને ૫૦૦ ધનુષની ઉંડી છે. એવી સાત ગંગાએ એક મહા ગંગા થાય. સાત મહા ગંગાએ એક સાદી ગંગા થાય સાત સાદી ગંગાએ એક મૃત્યુ ગંગા થાય. સાત મૃત્યુ ગંગાએ એક લોહીતાક્ષ ગંગા થાય. સાત લોહીતાક્ષ ગંગાએ એક અવંતી ગંગા થાય. સાત અવંતી ગંગાએ એક પરમાવતી ગંગા થાય. એટલે સર્વ ગંગા ૧૧૭૬૪૯ નદીઓ થાય. તેની સર્વ

સર્વ ગંગાનું માન	ગંગાના નામ.
મૂળ ગંગા ૭ સાતે	એક મહા ગંગા થાય
૪૯	સાદી ગંગા
૩૪૩	મૃત્યુ ગંગા
૨૪૦૧	લોહીતાક્ષ ગંગા
૧૬૮૦૭	અવંતી ગંગા
૧૧૭૬૪૯	પરમાવતી ગંગા એક થાય

બાદર વાલુકા છે છે તે માંહેથી સો વર્ષે એકેકી રજ કાઢતાં જ્યારે ઉક્ત નદીઓ નિર્લેપ થાય તેને હું "સર" કહું છું. એવા ત્રણ લાખ સરે

એક "મહા કલ્પ" કહું છું. એવા ચોરાશી લાખ મહા કલ્પે એક "મહા માનસ" એ નામનો કાળ થાય છે. આ પ્રમાણે અમારે કાળનું માન છે.

પ્રશ્ન ૩૦ મું—ગોશાળે પોતાના ભવાંતર કેવી રીતે જણાવ્યા છે?

ઉત્તર—ઉપર કહેલા, એવા કાળમાં અથડાતા સર્વ જીવોના સમુદાય માંહેથી હું પ્રથમ નીકળી (માહા માનસના ત્રણ ભેદ જે ઉપરનો-મધ્યનો-અને હેઠલો એવા ત્રણ ભેદ માંહિલા પ્રથમના) ૧ ઉપરના માહા માનસમાં દેવપણે ઉપજ્યો. ત્યાંથી ચવી-૨ બીજા ભવે સંજ્ઞી ગર્ભજ મનુષ્ય થયો. ત્યાંથી ચવી-૩ ત્રીજા ભવે વચલા માહા માનસમા દેવપણે ઉપજ્યો. ત્યાંથી ચવી-૪ ચોથા ભવે સંજ્ઞી ગર્ભજ મનુષ્ય થયો. ત્યાંથી ચવી-૫ પાંચમે ભવે હેઠલા માહા માનસમાં દેવપણે ઉપજ્યો. ત્યાંથી ચવી-૬ છઠા ભવે સંજ્ઞી ગર્ભજ મનુષ્ય થયો. ત્યાંથી ચવી-૭ સાતમે ભવે પૂનઃ ઉપલા માહા માનસમાં દેવ થયો. ત્યાંથી ચવી-૮ આઠમે ભવે સંજ્ઞી ગર્ભજ મનુષ્ય થયો. ત્યાંથી ચવી-૯ નવમે ભવે પૂનઃ વચલા માહા માનસમાં ઉપજ્યો. ત્યાંથી ચવી-૧૦ દશમે ભવે સંજ્ઞી મનુષ્ય ગર્ભજ થયો. ત્યાંથી ચવી-૧૧ અગ્યારમે ભવે વળી હેઠલા માહા માનસમાં દેવ થયો. ત્યાંથી ચવી-૧૨ બારમે ભવે સંજ્ઞી ગર્ભજ મનુષ્ય થયો. ત્યાંથી ચવી-૧૩ તેરમે ભવે પાંચમા બ્રહ્મ નામના કલ્પમાં ઉત્પન્ન થયો. અને ત્યાંથી ચવી-૧૪ ચૌદમે ભવે ક્ષત્રીય કુળમાં "ઉદાયનકોંડયાયન" નામે કુમાર થયો. ત્યાંથી મેં સાત પ્રોઢ પ્રહાર કર્યા.

પ્રશ્ન ૩૧ મું—ગોશાળે સાત પ્રોઢ પ્રહાર કેવી રીતે કર્યા?

ઉત્તર—ગોસાળો કહે છે કે-મેં ૧ પેહેલો પ્રોઢ પ્રહાર કરી એનકના શરીરમાં ૨૨ વર્ષ રહ્યો. ૨ બીજો પ્રોઢ પ્રહાર-મલરામના શરીરમાં ૩૧ વર્ષ રહ્યો. ૩ ત્રીજો મંડીતના શરીરમાં ૨૦ વર્ષ રહ્યો. ૪ ચોથો રોહના શરીરમાં ૧૯ વર્ષ. ૫ પાંચમો ભારદ્વાજના શરીરમાં ૧૮ વર્ષ. ૬ છઠો અર્જુન ગૌતમ પુત્રના શરીરમાં ૧૭ વર્ષ. અને ત્યાર પછી છેલ્લો ૭ સાતમો પ્રોઢ પ્રહાર કરી ગોશાળા મખલી પુત્રના શરીરમાં ૧૬ વર્ષ રહ્યો. એમ સર્વ મળી ૧૩૩ વર્ષે સાત પ્રોઢ પ્રહાર કર્યા તે હું પોતે સમજ્યો. એ પ્રમાણે ગોશાળાએ પોતાના મતાનુસારે કાળ, માન તથા પ્રોઢ પ્રહાર વગેરેનું સ્વરૂપ કહેલ છે.

પ્રશ્ન ૩૨ મું—પ્રોઢ પ્રહારનો અર્થ શું?

ઉત્તર—પ્રૌઢ પ્રહાર એટલે એક શરીરમાંથી નીકળી બીજાના મૃતક શરીરમાં પ્રવેશ કરી તેમાં રહેવું એમ એક જાતિમાં સાત વાર (મનુષ્ય જાતિમાં) પ્રવેશ કરવાનું કલ્પિત કહી બતાવ્યું. પ્રૌઢ પ્રહાર તે વનસ્પતિમાંજ થાય છે એમ ભગવંત મહાવીરનું કહેલું છે. તે ભગવંતના મુખથી તલના છોડના સાત પ્રૌઢ પ્રહારે તલના દાણાની ગોશાળે વાત સાંભળી. પોતાને વિષે કલ્પિત સાત પ્રૌઢ પ્રહાર બેસતા કરી એમ જણાવ્યું કે—તમારો ચેલો જે ગોશાળો મખલી પુત્ર મરી ગયો તેના શરીરમાં મેં સાતમો પ્રૌઢ પ્રહાર કર્યો છે. એટલે એમ જણાવે છે કે—જે ચરમ તિર્થંકર થાય તે સાત પ્રૌઢ પ્રહાર કરે. અને તે આઠ ચરમની પ્રરૂપણા કરે, એટલે તેમના વખતમાં આઠ ચરમ થાય.

પ્રશ્ન ૩૩ મું.—ગોશાળે આઠ ચરમ પ્રરૂપ્યા તે કયા કયા?

ઉત્તર—ગોશાળે આઠ ચરમ પ્રરૂપ્યા તે એ કે–૧ પહેલું–ચરમપાણુ ૨ બીજું–ચરમગીત, ૩ ત્રીજું–ચરમનાટક, ૪ ચોથું–ચરમઅંજલી કર્મ તે ગ્રહસ્થ પ્રત્યે હાથ જોડવા તે, ૫ પાંચમું–ચરમપુષ્કલાવર્ત, ૬ છઠું–ચરમ મહામેઘ, ૭ સાતમું–ચરમ સીચાનક ગંધ હસ્તી, ૮ આઠમું–ચરમ મહા સીલા કંટક સંગ્રામ. એ પ્રકારના આઠ ચરમ ચોવીશમાં જિનના વારે પ્રવર્તે. એવી પ્રરૂપણા ગોશાળો કરે છે.

પ્રશ્ન ૩૪ મું—ગોશાળે ચરમપાણુ પ્રરૂપ્યા તે શી રીતે ને તેનું સ્વરૂપ શું?

ઉતર—ગોશાળે ચરમપાણુના બે ભેદ બતાવ્યા છે. ૧ ચારપાણુ ને ૨ ચારઅપાણુ. તેમાં ચારપાણુ કહ્યા તે ૧–ગાયની પીઠ ઉપરથી પડતું પાણી, ૨ બીજું–પાણીનું હાથે મથન કર્યું તે પાણી, ૩ ત્રીજું–સુર્યના આતાપથી થયેલું ઉષ્ણ પાણી, ૪ ચોથું–પર્વત તથા નીઝરણામાંથી પડતું પાણી. આ ચાર જાતના પાણી ગોશાલામતિઓને લેવા કલ્પે.–અને ચાર અપાણુ તે–૧ થાળ કળશા તથા માટી વગેરેના ભાજન ધોવાનું પાણી, ૨ આંબા અંબાડાદિકનું ધોવણ પાણી, ૩ ત્રીજું લીલોતરી જે મુગફલી–ઉડદફલી વગેરે ફળીયોને પાણીમાં ઝબોલી બાહેર કાઢે તે પાણી, અને ૪ ચોથું જે શુદ્ધ પાણુ તે છ માસ શુદ્ધ ખાદિમ (મેવા) ખાય. તે છ માસમાં પ્રથમ બે માસ પૃથવી સંથારો કરે, પછી બે માસ કાષ્ટ સંથારો કરે, પછી બે માસ દાભ સંથારો કરે. એમ છ માસ કરતા તેની છેલ્લી રાત્રિએ બે દેવતા પ્રગટ થાય તે પૂર્ણભદ્ર અને માણીભદ્ર તે દેવ શરીરને શીતલ–ભીના

હાથનો સ્પર્શ કરે ને જો તે દેવના સ્પર્શને ભલું જાણે તો આશીવીષ નામે કર્મ ઉપરાજે અને જો ભલો ન જાણે તો તેના શરીરમાં અગ્નિકાય પ્રગટે અર્થાત્ તેના શરીરમાં દાહ ઉત્પન્ન થાય. અને તે પીડા સહન કરી પછી સિદ્ધ ગતિ પ્રત્યે ગમન કરે. અર્થાત્ મોક્ષ જાય એને ચોથો અપાણુ કહ્યો છે. એ ચાર જાતીના અપાણુ અકાલ્પનિક છે, એમ ગોશાળાનું કહેવું છે. આ પ્રમાણે ચાર પાણુ અને ચાર અપાણુની વીધી ગોશાળા મતની સમજવી. સાખ ભ સ. ૧૫માંની.

પ્રશ્ન ૩૫ મું—ભગવતીજીના ૧૫માં સતકમાં–गोसालेणं मंखलि पुत्तेणं सद्धिं पणिय भूमिए उवासाइं ॥ ભગવંત ગોશાળા સાથે છ વર્ષ સુધી પ્રતિ ભૂમિમાં વિચર્યા કહ્યું છે તો પ્રણીત ભૂમિ કઈ ભૂમિને કહી ?

ઉત્તર—ટીકામાં કહ્યું છે કે–'पणिय भूमिए त्ति' ॥ पणीत भूमेरारभ्य प्रणित भूमौ वा मनोज्ञ भूमौ विहरतया निति योगः ॥

તેની ભાષા-પ્રણીત ભૂમિને લઈને છ વર્ષ ગોશાળા સાથ વિચર્યા. બીજો અર્થ–પ્રણીત ભૂમિ અર્થાત્ મનોજ્ઞ (અટી) ભૂમિમેં છ વર્ષ ગોશાળા સાથે રહ્યા.

આ પ્રકારે અર્થ "પ્રશ્નોત્તર સંગ્રહમાળા" માં ચોથા પ્રશ્નના ઉત્તરમાં પૃષ્ટ ૧૭મે-આત્મારામજીએ ડોક્તર હોર્નલને ઉત્તર આપેલ છે. આ પુસ્તક સંવત્ ૧૯૭૨માં છપાયેલ છે. તેમાં આ પ્રમાણે લખ્યું છે.

પ્રશ્ન ૩૬ મું—ભગવતી સ૦ ૧૮ મે-ઉ૦ ૧ લે ભવ્ય સિધકને જીવ પદે એક વચને, બહુવચને ચરીમ કીધા. અને અભવ્ય સિધકને સર્વને એકવચને ને બહુવચને અચરીમ કહ્યા તે કેમ ?

ઉત્તર—ભવ્ય જીવ મુક્તિ જવા આથી ભવપણું ચરમ એકવચને, ને બહુવચને સઘળાઈ ભવ્ય સિધક જીવ સીઝશે ઇતિ વચનાત્ જયન્તીનાં અધિકારે પુછયાસમાના સર્વ ભવ્ય જીવ સિદ્ધ થવા આથી ચરમ કહ્યા. અને અભવ્ય ને ભવ્યપણાનાં અભાવથી અભવ્ય જીવ એકવચને ને બહુવચને અચરમ કહ્યા.

પ્રશ્ન ૩૭ મું—હાલ જે શત્રુંજય છે તે પૂર્વે કોણ હતા ને ક્યારે થયેલ ?

ઉત્તર—ભગવતીજી શ૦ ૧૮ મે-ઉ૦ ૨ જે વીસમા મુનીસુવ્રત સ્વામીનાં વારે હથીણાપુર નગરે કારતક શેઠનો જીવ મુનિસુવ્રત અરિહંત

પાસે-એક હજાર ને આઠ વાણોતર સાથે દિક્ષા લીધી. બાર વર્ષ દિક્ષા પાળી-ચૌદ પૂર્વનું જ્ઞાન મેળવી એક માસનો સંથારો કરી કાળ કરી શક્રેંદ્ર થયા.

પ્રશ્ન ૩૮ મું—ભગવતીજીના ૧૬ મા સતકે-પાંચમા ઉદેશે કહ્યું કે શક્રેંદ્ર ભગવંત મહાવીરને આઠ પ્રશ્ન પુછી, સાતમા દેવલોકના ગંગદત દેવને આવતા જાણી ભ્રાંત થઈ એકદમ ભાગ્યા તે ગંગદત કથા?

ઉત્તર—તે ગંગદત દેવ પણ પૂર્વ ભવે હસ્તીણાપુર નગરમાં ગંગદત ગાથા પતી હતા તેણે પણ મુનિસુવ્રત સ્વામી પાસે દિક્ષા લીધી હતી ને તે સાતમા દેવલોકે ઉત્પન્ન થયા હતા. કારતક શેઠના ભવમાં ગંગદત ગાથાપતી સાથે કોઈ પ્રકારની વીરૂદ્ધતાને લઈને દેવતાના ભવમાં ગંગદત દેવનું તેજ સહન નહિ થઈ શકવાથી શક્રેંદ્રને ભયભ્રાંત થઇ ભાગવું થયું, તે ઉપર કહેલા ગંગદત તેજ પોતે.

પ્રશ્ન ૩૯ મું—ભગવતીજી સ૦ ૧૮ મે-ઉદેશે ૪ થે એવો પાઠ છે કે-

जाव इयाणं भंते वरा अंधग वण्हिणो जीवा ताव इया परा अंधग वण्हिणो जीवा ? हंता गोयमा जाव इयावरा अंधग वण्हिणो जीवा ताव इया परा अंधग वण्हिणो जीवा सेवं भंतेति ॥२॥

આનો અર્થ શી રીતે સમજવો?

ઉત્તર—टीका-जाव इयेत्यादि यावंतः वराति अर्वाग् भाववर्तिनः आयुष्कापेक्षया अल्पायुष्का इत्यर्थः अंधग वण्हिणोति अंहिपा वृक्षास्तेषां वण्हयस्तदाश्रयत्वेनेत्यंहिप वण्हयो बादर तेजस्कायिका इत्यर्थः अन्येत्वा हुरंधका अप्रकाशकाः सूक्ष्म नामकर्मोदया द्ये वण्हयस्ते अंधक वन्हयोजीवाः तावइयति तत्परिमाणाः परंतिपराः प्रकृष्टा स्थितितो दीर्घायुष इत्यर्थ इति प्रश्नः हंतेत्याद्युत्तर निति॥

ભાવાર્થ:—વરા કે૦ અગ્ર ભાગવર્તિ આયુષ્યની અપેક્ષાએ અલ્પાયુષવંત અંધગવ૦કે૦ વૃક્ષની અગ્નિના બાદર તેજસ્કાયિક જીવો છે.

વળી કેટલાક આમ પણ કહે છે. અંધ૦કે૦ અપ્રકાશક સુક્ષ્મ નામ કર્મના ઉદયથી જે અગ્નિના જીવ તેના પરિમાણે પરા કે૦ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તેજસ્કાયિક જીવો છે. અથવા જેટલા સૂક્ષ્મ અગ્નિના જીવ છે તેટલા ઉત્કૃષ્ટાયુષના ધરણહાર અગ્નિના જીવ છે એ બન્ને સરખા છે માટે—

અને પ્રશ્નોત્તર મણિ રત્નમાળાના પાંચમા ભાગમાં ૪૫ મા પ્રશ્નમાં કહ્યું છે કે-અવરાકે૦ અવરાણો છે જેનો આયુષ્ય એવા અલ્પ આયુષ્યના

મળી,' આયુષ્ય કે૦ એટલે આંપણા વન્હિયા એટલે અગ્નિકાયનાં જીવો: એ અર્થ એનો ભાવાર્થ એમ સમજવો કે–જેટલા બાદર તેજસ્કાયના જીવો અલ્પ આયુષ્યવાળા હોય, તેટલા સૂક્ષ્મ અગ્નિકાયના જીવો ઉત્કૃષ્ટી સ્થિતિ વાળા હોય: ? એ પ્રમાણે પૂછતા ભગવંતે હા પાડી કે જેટલા અલ્પ આયુષ્યવાળા બાદર અગ્નિના જીવો હોય તેટલાજ સૂક્ષ્મ અગ્નિના જીવો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા હોય એ પ્રમાણે પરમાર્થ સમજવો.

પ્રશ્ન ૪૦ મું—ભગવતીજી શ૦ ૧૮ મે ઉ૦ ૫ મે નારકી હે ભગવંત? અનંતરે નીકળીને જે ભવ્ય (પ્રાપ્ત થવા યોગ્ય) પંચેન્દ્રિય તિર્યંચ યોનીને વિષે ઉપજે તેહ કિશા આઉખા પ્રતેવેદે?

ઉત્તર—હે ગૌતમ? નારકીનું આઉખું વેદે. તિર્યંચ પંચેદ્રિનું આઉખું આગળ કીધું રહે. ઇત્યર્થ—ઇહા તર્ક નારકી તિર્યંચમાં ઉપજે અને નારકીનું આઉખું કેમ વેદે? સમાધાન વાટે વેદેતા તથા ઉપજતા સમયથી તદ્ભવનું આઉખું પ્રાણ અપ્રાપ્ત થતાં સુધી વેદક સત્તામાં પૂર્વ ભવનું આયુષ્ય વેદે, જ્યાં સુધી પુર્વલી લેશ્યા અનુભવે ત્યાં સુધી. એમ ચોવીશે દંડકની વક્તવ્યતા ત્યાંથી સમજવી.

પ્રશ્ન ૪૧ મું—દેવતા લુગડા આભરણાદિકની વિભૂષા કરી શરીર અલંકૃત કરે તેહને વૈક્રિય કર્યું કહેવાય કે નહિ?

ઉત્તર—ભગવતીજી સ. ૧૮મે-ઉ ૫મે-બે પ્રકારના દેવ કહ્યા છે એક વૈક્રિયવંત-અને બીજા અક્રિયવંત. તિહાં વૈક્રિયવંત દેવને અલંકૃત મનુષ્યનું દૃષ્ટાંત કહ્યું છે. એટલે વસ્ત્ર આભરણાદિકે શરીર અલંકૃત કરે તે પણ દેવતાએ વૈક્રિય કર્યું કહિયે. અને ભવ્ય ધારણીય શરીરવાળા દેવતા મૂળ સ્વરૂપે હોય તે અવૈક્રિયવંત કહેવાય.

પ્રશ્ન ૪૨ મું—પૃથ્વીકાયના જીવ પ્રાણાતિપાતાદિ પાપ કરે?

ઉત્તર—ભગવતીજી શ. ૧૯મે-ઉ. ૩જે–ગૌતમ સ્વામીએ પૂછ્યું કે હે ભગવંત! પૃથ્વીકાય પ્રાણાતિપાત કરે એટલે જીવની હિંસા કરે? મૃષાવાદ બોલે? જાવત્ અઢારે પાપસ્થાનક કરે? ભગવંત કહે હંતા ગોયમા. પ્રાણાતિપાતના કારક કહિયે. એમ જાવત્ મિથ્યાદર્શન સલ્યનાના પણ કારક કહિયે. ઇહાં તર્ક–પૃથ્વીના જીવને વચનાદિકનો અભાવ છે છતાં વચનાદિકને અભાવે મૃષાવાદ કહ્યું તે કેમ? ઉત્તર–અવિરતીને આશ્રીને અઢારે પાપ સ્થાનકના સેવનાર કહેવાય. તેમાં મૃષાવાદ પણ આવી ગયું.

પાસે એક હજાર ને આઠ વાણોતર સાથે દિક્ષા લીધી. બાર વર્ષ દિક્ષા પાળી ચૌદ પૂર્વનું જ્ઞાન મેળવી એક માસનો સંથારો કરી કાળ કરી શકેંદ્ર થયા.

પ્રશ્ન ૩૮ મું—ભગવતીજીના ૧૬ મા સતકે-પાંચમા ઉદ્દેશે કહ્યું કે શકેંદ્ર ભગવંત મહાવીરને આઠ પ્રશ્ન પુછી, સાતમા દેવલોકના ગંગદત્ત દેવને આવતા જાણી ભ્રાંત થઈ એકદમ ભાગ્યા તે ગંગદત્ત કયા?

ઉત્તર—તે ગંગદત્ત દેવ પણ પૂર્વ ભવે હથીણાપુર નગરમાં ગંગદત્ત ગાથા પતી હતા તેણે પણ મુનિસુવ્રત સ્વામી પાસે દિક્ષા લીધી હતી ને તે સાતમા દેવલોકે ઉત્પન્ન થયા હતા. કારતક શેઠના ભવમાં ગંગદત્ત ગાથાપતી સાથે કોઈ પ્રકારની વીરૂદ્ધતાને લઈને દેવતાના ભવમાં ગંગદત્ત દેવનું તેજ સહન નહિ થઈ શકવાથી શકેંદ્રને ભયભ્રાંત થઈ ભાગવું થયું, તે ઉપર કહેલા ગંગદત્ત તેજ પોતે.

પ્રશ્ન ૩૯ મું—ભગવતીજી સ૦ ૧૮ મે-ઉદ્દેશે ૪ થે એવો પાઠ છે કે—

जाव इयाणं भंते वरा अंधग वण्हिणो जीवा ताव इया परा अंधग वण्हिणो जीवा ? हंता गोयमा जाव इयावरा अंधग वण्हिणो जीवा ताव इया परा अंधग वण्हिणो जीवा सेवं भंतेति ॥२॥

આનો અર્થ શી રીતે સમજવો?

ઉત્તર—टीका–जाव इयेत्यादि यावंतः वराति अर्वाग् भागवर्तिनः आयुष्कापेक्षया अल्पायुष्का इत्यर्थः अंधग वण्हिणोति अंह्रिपा वृक्षास्तेषां वन्हयस्तदाश्रयत्वेनेत्यंह्रिप वन्हयो बादर तेजस्कायिका इत्यर्थः अन्येत्वा हुरंधका अप्रकाशका सूक्ष्म नामकर्मोदया ये वन्हयस्ते अंधक वन्हयोजीवाः तावइयति तावंतः परा: प्रकृष्टा स्थितितो दीर्घायुष इत्यर्थ इति प्रश्नः हंतेत्यादुत्तर मिति ॥

ભાવાર્થ:—વરા કે૦ અલ્પ ભાગવર્તિ આયુષ્યની અપેક્ષાએ અલ્પ આયુષ્યવંત અંધગવણ્હિ કે૦ વૃક્ષની અગ્નિના બાદર તેજસ્કાયિક જીવો છે.

વળી કેટલાક આમ પણ કહે છે. અંધ૦ કે૦ અપ્રકાશક સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી જે અગ્નિના જીવ તેના પરિમાણે પરા કે૦ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તેજસ્કાયિક જીવો છે. અથવા જેટલા સૂક્ષ્મ અગ્નિના જીવ છે તેટલા ઉત્કૃષ્ટાયુષ્યના ધરનાર અગ્નિના જીવ છે એ બન્ને સરખા છે માટે—

અને પ્રશ્નોત્તર મણિ રત્નમાળાના પાંચમા ભાગમાં ૪૫ મા પ્રશ્નમાં કહ્યું છે કે—અવરા કે૦ અવરાણ્યા છે જેનો આયુષ્ય ઓછા આયુ 'આયુષ્ય'

અગ્નિ, અથવા કેટલાં આંધળા વન્હિયો એટલે અગ્નિકાયનાં જીવો; એ અર્થ એનો ભાવાર્થ એમ સમજવો કે-જેટલા બાદર તેજસ્કાયના જીવો અલ્પ આયુષ્યવાળા હોય, તેટલા સૂક્ષ્મ અગ્નિકાયના જીવો ઉત્કૃષ્ટી સ્થિતિ વાળા હોય? એ પ્રમાણે પૂછતા ભગવંતે હા પાડી કે જેટલા અલ્પ આયુષ્યવાળા બાદર અગ્નિના જીવો હોય તેટલાજ સૂક્ષ્મ અગ્નિના જીવો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા હોય એ પ્રમાણે પરમાર્થ સમજવો.

પ્રશ્ન ૪૦ મું—ભગવતીજી શ. ૧૮ મે ઉ. ૫ મે નારકી હે ભગવંત? અનંતરે નીકળીને જે ભવ્ય (પ્રાપ્ત થવા યોગ્ય) પંચેન્દ્રિય તિર્યંચ યોનીને વિષે ઉપજે તેહ કિશા આઉખા પ્રતેવેદે?

ઉત્તર—હે ગૌતમ? નારકીનું આઉખું વેદે. તિર્યંચ પંચેદ્રિનું આઉખું આગળ કીધું રહે. ઇત્યર્થ—ઇહાં તર્ક નારકી તિર્યંચમાં ઉપજે અને નારકીનું આઉખું કેમ વેદે? સમાધાન વાટે વેદતા તથા ઉપજતા સમયથી તદ્‌ભવનું આઉખું પ્રાણ અપ્રાપ્ત થતાં સુધી વેદક સત્તામાં પૂર્વ ભવનું આયુષ્ય વેદે, જ્યાં સુધી પુર્વલી લેશ્યા અનુસવે ત્યાં સુધી. એમ ચોવીશે દંડકની વકતવ્યતા ત્યાંથી સમજવી.

પ્રશ્ન ૪૧ મું—દેવતા લુગડા આભરણાદિકની વિભૂષા કરી શરીર અલંકૃત કરે તેહને વૈક્રિય કર્યું કહેવાય કે નહિ?

ઉત્તર—ભગવતીજી સ. ૧૮મે-ઉ ૫મે-બે પ્રકારના દેવ કહ્યા છે એક વૈક્રિયવંત-અને બીજા અક્રિયવંત. તિહાં વૈક્રિયવંત દેવને અલંકૃત મનુષ્યનું દ્દષ્ટાંત કહ્યું છે. એટલે વસ્ત્ર આભરણાદિકે શરીર અલંકૃત કરે તે પણ દેવતાએ વૈક્રિય કર્યું કહિયે. અને ભવ્ય ધારણીય શરીરવાળા દેવતા મૂળ સ્વરૂપે હોય તે અવૈક્રિયવંત કહેવાય.

પ્રશ્ન ૪૨ મું—પૃથ્વીકાયના જીવ પ્રાણાતિપાતાદિ પાપ કરે?

ઉત્તર—ભગવતીજી સ. ૧૯મે-ઉ. ૩જે-ગૌતમ સ્વામીએ પૂછયું કે હે ભગવંત! પૃથ્વીકાય પ્રાણાતિપાત કરે એટલે જીવની હિંસા કરે! મૃષાવાદ બોલે? જાવત્ અઢારે પાપસ્થાનક કરે? ભગવંત કહે હંતા ગોયમા. પ્રાણાતિપાતના કારક કહિયે, ઇમ જાવત્ મિથ્યાદર્શન સલ્યનાના પણ કારક કહિયે. ઇહાં તર્ક-પૃથ્વીના જીવને વચનાદિકનો અભાવ છે છતાં વચનાદિકને અભાવે મૃષાવાદ કહ્યું તે કેમ? ઉત્તર-અવિરતીને આશ્રીને અઢારે પાપ સ્થાનકના સેવનાર કહેવાય. તેમાં મૃષાવાદ પણ આવી ગયું.

પ્રશ્ન ૪૩ મું—પૃથ્વ્યાદિકને વિષે એક શરીરે કેટલા જીવ ઉપજે ને એકી સાથે કેટલા આહાર લીએ?

ઉત્તર—ભગવતીજી શ. ૧૯મે-ઉ. ૩જે-પૃથ્વ્યાદિક ચાર થાવરને વિષે એકેક શરીરે એકેક જીવ ઉપજે ને એકેક જીવ આહાર કરે, અને વનસ્પતિને વિષે અનંતાં વનસ્પતિ કાઇયા એકઠા મળીને સાધારણ શરીર બાંધે એકઠા મળી સાધારણ શરીર બાંધીને ત્યાર પછી આહાર કરે.

પ્રશ્ન ૪૪ મું—પૃથ્વીકાય જીવનું શરીર કેવડું?

ઉત્તર—ભગવતીજી સ. ૧૯મે-ઉ. ૩જે-પૃથ્વીકાયના જીવના શરીર માટે કહ્યું છે કે-ચક્રવર્તિ રાજાની ચંદનની વાટનાર દાસી, તરૂણી બળવંત તે તિક્ષ્ણ વજ્રમય સિલાપ્રતે માટીનો પિંડ મૂકી તિક્ષ્ણ વજ્રમય લોઢવટ ઉપરવટણો લઇ પીશી પીશી એકઠો કરે. ઇમ એકવીશ વાર લગી પીશે તથાણું ગોયમા! કોઇ એક પૃથ્વી કાયિક સિલા પ્રતે તથા ઉપરવટણા પ્રતે લાગ્યા, કેટલાએક નથી લાગ્યા. કેટલાએક સંઘટયા, કેટલાએક નથી સંઘટયા કેટલાએક પરિતાપ પામ્યા, કેટલાએક પરિતાપ નથી પામ્યા, કેટલાએક ઉપદ્રવ્યા, કેટલાએક ઉપદ્રવ્યા નથી. અને કેટલાએક પીશ્યા (વટાણા) કેટલાએક નથી પીશ્યા. એહવી પૃથ્વીકાયના જીવનાં શરીરની અવગાહણા સૂક્ષ્મ (ઝીણી) જાણવી. એમ ભગવતીજીમા કહ્યું છે અને તેના દુઃખને માટે પણ એજ અધિકારે તથા આચારાંગજીમાં ત્રાસદાયક ન્યાય આપ્યો છે.

પ્રશ્ન ૪૫ મું—પૃથ્વીકાયનો સ્પર્શ કરવાથી તે કાયને કાંઇ દુઃખ થાય ખરૂં?

ઉત્તર—ભગવતીજી સ૦ ૧૯ મે ઉ૦ ૩ જે કહ્યું છે કે પૃથ્વીકાય આક્રમ્યો-સંઘટયો થકો કેટલી વેદના ભોગવે? તેના ઉત્તરમાં ભગવંતે જણાવ્યું છે કે-જેમ કોઇએક પુરૂષ તરૂણો, બળવંતો, જરા જીર્ણ શરીરી પુરૂષને બેહુ હાથની મુઠી ભીડીને-ઉપાડીને જોરથી મસ્તકને વિષે આઘેથી મારે તે જરા જીર્ણ પુરૂષને જેવી વેદના હોવે તેથી અધિક અનિષ્ટ અસત મહા વેદના ભોગવે. તેમ અપકાય, તેઉકાય, વાઉકાય, ને વનસ્પતિકાયને સંઘટયા થકા પણ એવીજ વેદના હુવે એમ કહ્યું છે.

પ્રશ્ન ૪૬ મું—મનુષ્યો કોશ કોદાળી પાવડાદિક શસ્ત્ર વડે પૃથ્વીને ખણે ત્યારે પૃથ્વીકાયના જીવને કેટલી વેદના થાતી હશે?

ઉત્તર—શ્રી આચારાંગજીના પહેલાજ અધ્યયના શરૂઆતમાં કહ્યું છે કે-જેમ કોઇ પુરૂષ આંખે આંધળો, કાને બહેરો, મોઢે મુંગો, જેના હાથ

પગ વગેરે અવયવો કાંઈ પણું હલાવી ચલાવી શકે તેવા નથી, તેવા પુરૂષને એડી સાથે બત્રીશ પુરૂષોએ બત્રીશ અંગોપાંગના સ્થાનકે ભાલાએ કરીને ભેદે અને બત્રીશ પુરૂષો ખડગે કરી છેદે. તેને કેટલી વેદના થાય? એ દ્રષ્ટાંતે પૃથ્વીકાયના જીવને એથી પણ અતિશય અધિક વેદના થતી કહી છે.

પ્રશ્ન ૪૭ મું—અહિંઆં કોઇ એવો સવાલ કરે કે દરેક સૂત્રમાં પહેલી સ્થાવર કાયની દયા બતાવી તેમ પ્રથમ મનુષ્યની દયા કેમ બતાવી નહિ? સર્વકાયમાં મનુષ્યની કાય બહુજ ઉંચી ને ચડીઆતી છે છતાં તેનું રક્ષણ નહિ બતાવતાં પહેલું પૃથવ્યાદિક પાંચ સ્થાવરનું રક્ષણ જૈનસૂત્રોમાં દાખલ કર્યું તેનું શું કારણ?

ઉત્તર—હે ભાઇ! ભગવંતે તો દરેક સૂત્રમાં છએ કાયના જીવની દયા પાળવી, તેનું રક્ષણ કરવું એમ પોકારી પોકારીને કહ્યું છે. પરંતુ પહેલા સ્થાવર કાયની દયા પાળવાનું બતાવવાનું કારણ એમ જણાય છે કે—જે પ્રાણી પ્રથમ ઝીણા અને નાના જીવોને દયા ઓળખશે તેની દયા પાળવા શીખશે તે મોટા જીવોનું અવશ્ય રક્ષણ કરશેજ. વિચારો કે રાજાનું રક્ષણ કરનારા હજારો માણસો નીકળશે પરંતુ કોઇપણ આધાર વિનાના શંકુ-કંગાળ દશાનાં પ્રાણીનું કેટલા રક્ષણ કરનારા નીકળી આવે છે? તેનો ખ્યાલ કરવો. દુનિયામાં જેટલા મનુષ્યની રક્ષા કરનારા નીકળશે તેટલા તિર્યંચ જાતિના રક્ષણ કરનારા નહિ નીકળે, જેટલા પશુ પક્ષી વગેરે પચેંદ્રિય જાતિના રક્ષણ કરનારા નીકળશે તેટલા કિડી મંકોડી માખી માકડ મચ્છર વગેરેની રક્ષા કરનારા નહિ નીકળે, અને જેટલા વિગલેંદ્રિ જીવની રક્ષા કરનારા નીકળશે તેટલા પૃથ્વી પાણી અગ્નિ વાયુ ને વનસ્પતિના જીવની રક્ષાના કરનારા તેની દયાના પાળનારા નહિ નીકળે.

માટે મહાવીર પરમાત્માએ પહેલા અનાથ પ્રાણીઓનું રક્ષણ કરવા તેની દયા પાળવાનું બતાવ્યું છે. જો ઇતર પ્રાણીઓનું દયા પાળવાનું શીખશે તો મનુષ્યની દયા પાળવા શીખશે.

વિચારો કે-મનુષ્યોની દયા માટે જેવી કાયદા કોરટો છે તેવી બીજા પ્રાણીઓને માટે કઇ કોરટ ખોલવામાં આવી છે? એવી એક તો બતાવો. મહાવીર પરમાત્માએ તો નાના મોટા, સૂક્ષ્મ બાદર, ત્રસ સ્થાવર, મનુષ્યથી માંડી એકેંદ્રિય સુધીના છએકાયના રક્ષણને માટે આઠે પહોર ખુલ્લી રહે તેવી કોરટ ન્યાયમાર્ગની ખડી કરી છે. અને તેના અમલદારો પણ ન્યાયના આસને બેઠેલા તમામ પ્રાણીઓના રક્ષણનું અને તેના હિતનું ચિંતવન અહર્નિશ કર્યા કરે છે. અને ગુનેહગારને શાસ્ત્રોક્ત-કાયદા મુજબ—

ન્યાયપૂર્વક શિક્ષા આપી પાપથી મુક્ત કરે છે. છએકાયના રક્ષકની અને છએકાયના પ્રાણીની દાદ સાંભળનારી અને અદલ ઇન્સાફની આપનારી ઉત્તમ અને સાચી કોર્ટ તો એક મહાવીર પરમાત્માનીજ છે તે ખરી છે.

પ્રશ્ન ૪૮ મું—કોઇ કહે કે—જ્યારે ગોશાળાએ તેજુલેશ્યાથી બે સાધુને બાળ્યા અને ભગવંત પંડ ઉપર તેજુલેશ્યા મૂકી ત્યારે ભગવંત તો કેવળી હતા કે તેમનાથી કાંઇ ન થઇ શકે પણ બીજા સાધુઓ પાસે શું તેજુલેશ્યાદિક લબ્ધિ ન હતી કે કાંઇપણ પરાક્રમ ન કરી શક્યા?

ઉત્તર—બંધુઓ! એજ મહાવીર પરમાત્માએ બતાવેલી-મહાવીરના ઘરની દયા. મહાવીર જ્યારે છદ્મસ્થ હતા ત્યારે ગોશાળા ઉપર મૂકી વૈશાયણ તાપસની તેજુલેશ્યા તેને દૂર કરવાને ભગવંતે ગોશાળાને બચાવવા અનુકંપા અર્થે શીતલ લેશ્યા મૂકી અને ગોશાળાને બચાવ્યો. પરંતુ આ વખતે તો ભગવંત કેવળી છે, એમ કહી ભગવંત માટે તો ભલેને એપ્રશ્ન, પણ બીજા છદ્મસ્થ મુનિઓને માટે દુનિયા કલ્પના કરે કે શું ગોશાળા જેટલી પણ શક્તિ બીજામાં નહોતી? આ સવાલને માટે તો ભગવંત પોતેજ કહી ગયા છે કે-ગોશાળાને તેજુલેશ્યા છે, તેથી અનંત ગુણી સામાન્ય સાધુને હોય, તેથી અનંત ગુણી સ્થિવર ભગવંતને હોય, તેથી અનંત ગુણી તેજુલેશ્યા અરિહંત ભગવાનને હોય. પણ સર્વે પોતાની ક્ષમા કરતા છે. આ મહાવીરના ઘરની દયા. સાખ ભ. શ. ૧૫મે-

પ્રશ્ન ૪૯ મું—ભગવતીજી શતક ૨૫મે-ઉદેશે ૩ જે-તથા ઠાણાંગજીના ૭ મે ઠાણે-આત શ્રેણી કહી તેનું સ્વરૂપ શી રીતે છે?

ઉત્તર—સાત શ્રેણી (પ્રદેશની પંક્તિ) આ પ્રમાણે કહી છે.-૧ ઋજુ આયતા, ૨ એકતોવંકા, ૩ દ્વિધાવંકા, ૪ એકતઃખા, ૫ દ્વીધાખા, ૬ ચક્રવાલ, ૭ અર્ધચક્રવાલ. એ સાતમાં—

૧ ઋજુ આયતા તે જે વડે કરી જીવ ઉર્ધ્વલોકાદિથી અધોલોકાદિને વિષે ઋજુ અતિશે ઉપજે તેને ઋજુ આયતા કહીએ.

૨ એકતોવંકા (વક્ર) તે જે વડે કરી જીવને પુદ્ગલ ઋજુ અતિ જઇ વાંકે કરે બીજી શ્રેણીએ કરી ઉપજે તેને એકતોવંકા કહિયે.

૩ દ્વિધાવંકા (વક્ર) તે જેને વિષે બે વાર વક્ર કરે એ ઉર્ધ્વ દિશિ અગ્નિકુણથી અધો ઇશાન વાયવ્ય દિશાએ જઇને ઉપજે તેને કહેવ તે અહીં છે. પ્રથમ સમયે અગ્નિકુણથી તીર્છા નૈરુત્યકુણે અધ વિદિશે બીજી સમયે

દિશાને વિષે જાય તેથી અધોદિશે વાયવ્ય કુણે ત્રણ સમય ત્રસનાડી મધ્યે અથવા બહાર પણ હોય.

૪ એક તઃખા તે જે વડે કરી જીવ અથવા પુદ્ગલ નાડીના વામ પડખાથી નાડીમાં પેઠા તે વડે કરીનેજ જાઇએ. વળી તેના વામ પડખાથી ઉપજે તે એક તઃખા વામાદિ પડખા ચિહ્ન છે જેનું એવી દિશીને વિષે લોકનાડી છે લક્ષણ જેનું એવા આકાશના ભાવથી આ બે ત્રણ ચાર વડે કરી સહિત છે પણ ક્ષેત્ર વિશેષને આધીન છે માટે ભેદે કરી કહી છે.

૫ દ્વીખાખા તે નાડીનાં વામ પડખાથી નાડીને વિષે પ્રવેશપણે કરીનેજ જઇને એજ નાડીના દક્ષિણ પડખાને વિષે જે વડે કરી ઉપજે તે દ્વીધાખા નાડીનો બહાર ભૂત વામ દક્ષિણ છે, ચિહ્ન જેનું એવી આકાશની શ્રેણીયોનું સ્પર્શવાપણું છે તેથી.

૬ ચક્રવાળા તે મંડળથી જેણે કરી મંડળે પરિભ્રમણ કરીને-પરમાણું આદિ ઉપજે તે ચક્રવાળા.

૭ અર્ધ ચક્રવાળા તે ચક્રવાળાના અર્ધ ચક્રાકાર. ઇતિ ૭ શ્રેણી.

વળી ઠાણુંયંગજીના ૭મે-ઠાણે પણ ૭ શ્રેણીયો કહી છે તેની ટીકામાં-એતાશ્ચૈકતો વક્રાધા લોક પર્યંત પ્રદેશ પેક્ષાઃ સંભાવ્યતે ચક્રવાળાર્ધ ચક્રવાળાદિના ગતિ વિશેષેણ ભ્રમણ યુક્તાનિ. ઇતિ ૭ શ્રેણી સ્વરૂપઃ—

પ્રશ્ન ૫૦ મું—શ્રીભગવતીજીના ૩૪મા સતકે-ઉદેશે ૧લે-વિગ્રહ ગતિનો અધિકાર કહ્યો છે તે શી રીતે છે ?

ઉત્તર—એક સમયે ઉપજે તે રૂજુ ગતિએ ઉપજે જેમકે ભરત ક્ષેત્રની પૂર્વ દિશાનો કોઇ જીવ પશ્ચિમ દિશે ઉપજવા જાય-તે એક સમયે ઉપજે ત્યાં વિગ્રહ શબ્દ કહેવો નહિ. ૧

બે સમયનો વિગ્રહ તે જ્યારે ભરત ક્ષેત્રની પૂર્વ દિશાથી નરકને વિષે પશ્ચિમ દિશે ઉપજવા જાય ત્યારે એક સમયે હેઠો જાય બીજે સમયે ત્રીછા ઉત્પત્તિ સ્થાનને પામે. ૨

ત્રણ સમયનો વિગ્રહ તે જ્યારે ભરતના અગ્નિ કુણમાંથી ઊંડી કોઇ જીવ નર્કને વિષે વાયવ્ય કુણમાં ઉપજવા જાય ત્યારે થાય. ૩

ચાર સમયનો વિગ્રહ તે-એકેંદ્રીયને હોય તે બતાવે છે. ત્રસનાડીની બહાર અધો લોકને વિષે વિદિશાથી એક સમયે દિશા પ્રત્યે જાય-બીજે

સમયે લોક મધ્યે ત્રસનાડીમાં પ્રવેશ કરે–ત્રીજે સમયે ઉંચા જાય–ચોથે સમયે ત્રસનાડીમાંથી નીકળીને દિશામાં ઉત્પત્તિ સ્થાનને પામે. ૪

પાચ સમયનો વિગ્રહ તે–એક સમયે ત્રસનાડીની બહાર અધો લોકને વિષે વિદિશાથી એક સમયે દિશામાં આવે–બીજે સમયે લોકમધ્યે ત્રસનાડીમાં જાય–ત્રીજે સમયે ઉંચા જાય–ચોથે સમયે ત્રસનાડીમાંથી નીકળીને બહાર દિશામાં જાય–પાંચમે સમયે વિદિશે ઉત્પત્તિ સ્થાનને પામે. ઇત્યર્થઃ—

પ્રશ્ન ૫૧ મું—શ્રી ભગવંત મહાવીરે ૪૨ વર્ષની પ્રવર્જ્યામાં રાજગ્રી નગરીમાં કલ્પતા ૧૪ ચોમાસા કર્યા કહેવામાં આવે છે ને ચોઢાળીયામાં પહેલું ચોમાસું અઠી ગામનું ને બીજું ચોમાસું વાણીજ ગામનું કહ્યું તે અપેક્ષાયે ચૌદ ચોમાસા મળતા નથી તેનું કેમ?

ઉત્તર—જોડવાળાએ એક એક ચોમાસા જુદા પાડીને એકી સાથે ચૌદ ચોમાસા રાજગ્રહીના કહ્યા. એ ઉપર ચોઢાળીયામાં કહ્યા પ્રમાણે પહેલું અઠી ગામનું ને બીજું વાણીજ ગામનું લેવાનું નથી. ત્યારે શી રીતે લેવું? તેના ખુલાસાને માટે ભગવતીજીના ૧૫ મા સતકમાં કહ્યું છે કે-ભગવંતનું પહેલું ચોમાસું અઠી ગામમાં અને બીજું ચોમાસું રાજગ્રીયે કર્યું અને ત્યાંથી ગોશાળાનું મળવું થયું. તો રાજગ્રીનું બીજું ચોમાસું દિક્ષા લીધા પછીનું અને રાજગ્રીના ચૌદ ચોમાસામાંનું પહેલું ચોમાસું એ ગણતરીએ દિક્ષાના ૪૧ મા વર્ષનું ચૌદમું ચોમાસું રાજગ્રહીનું થયું. અને ૪૨ બેંતાળીશમા ચોમાસે પાવાપુરીમાં નિર્વાણ થયા. ઇત્યર્થઃ—

પ્રશ્ન ૫૨ મું—લોકાંતિક દેવતાના વિમાન સંખ્યાતા યોજનના છે કે અસંખ્યાતા યોજનના છે?

ઉત્તર—અસંખ્યાતા યોજનના છે, એમ ભગવતીજીમાં કહ્યું છે, સાખ–"જૈન ધર્મ પ્રકાશ." પુસ્તક ૪૦ મું–અંક ૩ જો.

પ્રશ્ન ૫૩ મું—ભરત ક્ષેત્રથી મેરૂ પર્વત ઉત્તરે છે તેમ ઐરવત ક્ષેત્રથી અને પૂર્વ પશ્ચિમ મહાવિદેહથી કઇ દિશાએ છે?

ઉત્તર—તેની પણ ઉતરે છે. તે સૂર્યના ઉદયાસ્તની અપેક્ષાએ દિશા જાણવી. એમ પંચમાંગમાં કહ્યું છે. (સાખ ઉપલા અંકની)

પ્રશ્ન ૫૪ મું—ભરતમાં, ઐરવતમાં અને પૂર્વ પશ્ચિમ મહાવિદેહમાં દિવસ રાત્રી સરખા હોય કે નાના મોટા હોય?

ઉત્તર—દિવસ રાત્રીનું માન બધે સરખું હોય તે સૂર્યના મંડળની અપેક્ષાએ જાણવું. એમ ભગવતીજીમાં કહ્યું છે. (સાખ ૯૦ અંકની)

પ્રશ્ન ૫૫ મું—પાંચ ઇંદ્રિયોમાં કામી કેટલી છે ને ભોગી કેટલી છે?

ઉત્તર—કાન, આંખ એ કામી છે ને કાયા, જીભ્હા ને નાસિકા એ ત્રણ ભોગી છે એમ ભગવતીજીમાં કહ્યું છે. (સાખ ઉપલા અંકની)

પ્રશ્ન ૫૬ મું—શિષ્ય-ઉપરના પાંચ બોલને કામના ગુણ કહ્યા છે ને અહિંયાં બે ભેદ પાડયા તેનું શું કારણ?

ઉત્તર—શબ્દ, રૂપ, રસ, ગંધ ને ફરસ. એ પાંચે કામના ગુણ છે એટલે કામને-વિષયને ઉત્પન્ન કરનારા છે. અને બે ભેદ પાડવાનું કારણકે કાન જે છે તે શબ્દ સાંભળવાને અને આંખ રૂપ જોવાને સન્મુખ થાય છે માટે એને કામી કહેલ છે. અને રસ જીભ્હાને, ગંધનાશિકાને અને સ્પર્શ કાયાને ભોગ આવે છે માટે એ ત્રણને ભોગી કહેલ છે. પણ એ પાંચે કામના-વિષયના ઉત્પન્ન કરનારા છે માટે કામ ગુણ કહ્યા છે

પ્રશ્ન ૫૭ મું—શ્રી પન્નવણા પદ ૧ લું તેમાં પલંડુ કંદ, લહસુણ કંદમાં પ્રત્યેક જીવ કહ્યા તેનું શું કારણ? લોક પ્રસિદ્ધ તે સાધારણ કંદ છે તો અનંતાનો ભેદ ઉઘાડો છે ને પ્રત્યેક કહ્યું તેનું કેમ?

ઉત્તર—એ બે નામની કોઇ પ્રત્યેક વનસ્પતિ સમજાય છે. એ બે બોલની સાથે બીજા પણ બોલ કહ્યા છે. કુંદળીક નામા વનસ્પતિ ૩, કુસુંબક નામા વનસ્પતિ ૪, એટલે પલંડુ કંદ ૧ ને લહસુણ કંદ ૨ મળી એ ચાર બોલ સાથે કહ્યા છે ને એ સર્વમાંહી પ્રત્યેક જીવ જાણવા એમ કહ્યું છે. તો ઉપરના બે બોલ પણ પ્રત્યેક વનસ્પતિનાંજ સમજાય છે.

વળી આચારાંગ સૂત્રના બીજા સુતસ્કંધમાં અ૦ ૧૬ મે-ઉ૦ ૨ જે-કલમ (૮૯૮–૮૯૯) માં લહસુણનાં વન કહ્યા છે, તે આંબાની પેઠે છેદવું ભેદવું, પતિજ્ઞા કરેલું સાધુને લહસુણના વનમાં જઇ લહસુણ લેવું–ભોગવવું કલ્પે કહ્યું છે. તો તે ઉપરથી એમ સંભવે છે કે આંબાની પેઠે તે પણ તેવીજ જાતની કોઇ પ્રત્યેક વનસ્પતિ હોય એમ જણાય છે, જો સાધારણ હોત તો અનંતકાય કહેત

એમ સાંભળ્યું છે કે—દક્ષિણ દેશમાં લહસુન ફળ થાય છે ને તે આંબા જેવા હોય છે.

પ્રશ્ન ૫૮ મું—દેવલોકમાં અપકાય ક્યાં સુધી હોય?

ઉત્તર—પન્નવણા પદ બીજે-બારમા દેવલોક સુધી અપકાયની ઉત્પત્તિ કહી છે. એટલે બારમા દેવલોક સુધી વાવડી હોય અને વાવડીમાં અપકાય હોય.-ટીકામાં નવગ્રૈવેયકાદિમાં વાવડી તથા જળનો અભાવ કહ્યો છે.

પ્રશ્ન ૫૯ મું—બાદર વનસ્પતિકાય ક્યાં ક્યાં ને કયે ઠેકાણે હોય?

ઉત્તર—બાદર વનસ્પતિકાય અધો લોક આશ્રી ઘનોદધી પ્રમુખમાં કહી, અને ઉર્ધ્વ લોકે બારમા દેવલોક સુધી કહેલ છે. जत्थ जलं तत्थ वनं જ્યાં જળ ત્યાં વનસ્પતિકાય હોય એટલે સર્વ ઠેકાણે જળને આશ્રીને વનસ્પતિકાય કહી છે. સાખ પન્નવણા પદ ૧ લે અને ત્રીછા અસંખ્યાતા દ્વીપ સમુદ્રમાં પણ બાદર વનસ્પતિકાય લાભે.

પ્રશ્ન ૬૦ મું—ત્રણ વિગલેંદ્રી (બેઇંદ્રી ૧ તેરેંદ્રિ ૨ ને ચોરેંદ્રી ૩) ક્યાં ક્યાં હોય?

ઉત્તર—ત્રણ વીગલેંદ્રી, તિર્યંચ પચેંદ્રી એ ચાર આશ્રી ઉર્ધ્વ અને અધો લોકે દેશ ભાગે કહ્યા છે. તે ઉર્ધ્વ મેરૂ સુધી. અધો-અધો ગામની વિજય આશ્રી કહેલ છે. અને ત્રીછા અસંખ્યાતા દ્વીપ સમુદ્ર તથા સર્વ જળ સ્થાનક આશ્રી પણ સંભવે.

પ્રશ્ન ૬૧ મું—દેવલોકની વાવડીમાં પોરા પ્રમુખ હોય કે નહિ?

ઉત્તર—દેવલોકમાં ક્ષુદ્ર પ્રાણી ન હોય. માટે દેવલોકની વાવડીમાં પોરાનો સંભવ નહિ.

પ્રશ્ન ૬૨ મું—પન્નવણા પદ બીજે-દેવતાને પીળા દાંતને કાળા કેશ, કીધા છે તો દેવતાને હાડકા હોય નહિ ને દાંત કેમ કહ્યા?

ઉત્તર—દેવતાને હાડ, માંસ, લોહી હોય નહિ પણ દેવતાને વૈક્રેય પુદ્ગલની વસ્તુ બધી હોય, તેનું સર્વત્ર અંગોપાંગ અખંડ અને શોભનીક હોય. દાંત કેશ વિનાના મનુષ્ય પણ શોભતાં નથી. અશોભનિક ગણાય છે, અને દાંત કેશવાળા શોભનિક ગણાય છે, તેમ દેવતામાં બે ભાંગા નથી. એક શોભનિકનોજ ભાંગો છે. અને સર્વાંગ વૈક્રયના પુદ્ગળનુંજ બનેલું હોય છે.

પ્રશ્ન ૬૩ મું—શ્રી પન્નવણા પદ ૩ જે-જીવ આશ્રી સર્વથી થોડા અણાહારી, તેથી આહારિક અસંખેજ ગુણા કહ્યા તો વનસ્પતિના જીવ તો સિદ્ધ થકી અનંતા છે. તો અનંત ગુણા આહારિક કેમ ન કહ્યા?

ઉત્તર—૧ એક, વીગ્રહ ગતિવાળા, ૨ બીજા કેવળ સમુદ્ઘાતવાળા, ૩ ત્રીજા અજોગી, અને સિદ્ધ એ અણાહારિક હોય. હવે વનસ્પતિમાં

-સમય સમય ચવે ને સમય સમય ઉપજે, અનંતા ચવે ને અનંતા ઉપજે.। -હવે જે વાટે વેહેતા વનસ્પતિનાં જીવ હોય તેથી અસંખ્યાત ગુણા જીવ સરથાળે હોય તે આહારિક હોય માટે અસંખેજ ગુણા કહ્યા.

પ્રશ્ન ૬૪ મું—શ્રી પન્નવણા પદ (૫) મે-જઘન્ય અવગાહના અને મઝમ અવગાહનાના બેઇંદ્રિને બે જ્ઞાનને બે અજ્ઞાન કહ્યા, અને ઉત્કૃષ્ટિ અવગાહનામાં જ્ઞાન નથી એમ કહ્યું. ને સ્થિતિ આશ્રી જઘન્ય સ્થિતિનાં બેઇંદ્રિને ફક્ત બે અજ્ઞાનજ કહ્યા, અને મઝમને ઉત્કૃષ્ટી સ્થિતિવાળાને બે જ્ઞાનને બે અજ્ઞાન કહ્યા તે કેમ? અહિંયાં જઘન્ય અવગાહનામા બે જ્ઞાન કહ્યા, ને જઘન્ય સ્થિતિમાં જ્ઞાન ન કહ્યા તેનું શું કારણ?

ઉત્તર—જઘન્ય સ્થિતિવાળા બેઇંદ્રિ અપર્યાપ્તામાં મરે તેને જ્ઞાન ન હોય, ને મઝમ તથા ઉત્કૃષ્ટિ સ્થિતિવાળા અપર્યાપ્તામાંથી પર્યાપ્તા અવશ્ય થાયજ તેને અપર્યાપ્તા વેળાયે કોઇ કોઇ જીવને બે જ્ઞાન લાભે. અને એક સમયથી ઉપરાંતનાં ને ઉત્કૃષ્ટિ સ્થિતિના નીચેનાં તે મઝમ સ્થિતિવાળા જાણવા. અને જઘન્ય તથા મઝમ અવગાહના અપ્રયાપ્તા વખતે હોય પણ પર્યાપ્તા વખતે ન હોય તે ભણી બે બોલમાં બે જ્ઞાન કહ્યા છે. ને એક સમયજ સ્થિતિ ઉપરાંતના મઝમ અવગાહનાવાળા જાણવા. પર્યાપ્તો થવાવાળા અપર્યાપ્તાને સમકિત હોય, પણ અપર્યાપ્તોજ મરે તેને સમકિત ન હોય. ઇત્યર્થઃ—

પ્રશ્ન ૬૫ મું—જુગળીયા તિર્યંચ મનુષ્યને સમકિત ત્રીશ ક્ષેત્ર માંહેલા કેટલા ક્ષેત્રમાં લાભે?

ઉત્તર—આ પ્રશ્નનો ઉત્તર પૂર્વાર્દ્ધના પહેલા ભાગમાં પાંત્રીશમા પ્રશ્નમાં આવી ગયો છે તોપણ વિશેષ સમજુતીને માટે સાંભળો—

શ્રી પન્નવણા પદ ૫ મે ઉત્કૃષ્ટિ સ્થિતિના તિર્યંચ મનુષ્યને બે જ્ઞાન ને બે અજ્ઞાન કહ્યા છે. તે આશ્રી કેટલાકનું કહેવું એમ છે કે-પાંચ દેવ કુરૂં, પાંચ ઉત્તર કુરૂંના પ્રયાપ્તામાંજ સમકિત લાભે. કારણકે તિર્યંચ, મનુષ્યની ઉત્કૃષ્ટી સ્થિતિ ત્રણ પલ્યની કહી છે. ને ત્રણ પલ્યની સ્થિતિ તે એજ ક્ષેત્રમાં છે માટે. ત્યારે બીજો પક્ષ એમ કહે છે કે—

શ્રી ભગવતીજી સતક ૨૪ મે-ગમ્માનાં અધિકારે દેવતામાં વૈમાનિક દેવનું આઉખું બાંધવાવાળા જુગળીયાને બે જ્ઞાન અને બે અજ્ઞાન કહ્યા છે, ને ત્રીશે ક્ષેત્રનાં જુગળીયાની ગતી વૈમાનિકમાં બીજા દેવલોક સુધીની કહી છે, માટે ત્રીશેના પર્યાપ્તામાં સમકિત લાભે. વળી પન્નવણા પદ ૫ મે મઝમ

સ્થિતિના તિર્યંચને ત્રણ જ્ઞાન ને ત્રણ અજ્ઞાન કહ્યા છે. તેમજ મઝમ સ્થિતિના મનુષ્યને પાંચ જ્ઞાન કહ્યા છે ને ત્રણ અજ્ઞાન કહ્યા છે. ટે અહિંઆં મઝમ સ્થિતિ સંખ્યાતા વર્ષવાળાનીજ લેવી. કેટલાક કારણથી મઝમ સ્થિતિ ઉત્પન્ન થયાના એક સમય ઉપરાંતથી તે ઉત્કૃષ્ટી સ્થિતિમાં એક સમય ઓછો હોય ત્યાં સુધીની ગણાય છે પણ અહિંયાં તે ન ગણવું. કારણકે—જુગળીયામાં એક પલ્ય તથા બે પલ્યોપમના તથા ત્રણ પલ્યોપમમાં એક સમોહીન ને મઝમ સ્થિતિ ગણતાં તિર્યંચમાં ત્રણ જ્ઞાન ને મનુષ્યમાં પાંચ જ્ઞાન ગણવાં જોઇએ. અને અવધી જ્ઞાન તથા મનઃ પર્યવ જ્ઞાન તથા કેવળ જ્ઞાન ક્રોડ પૂર્વનાં આઉખા ઉપરાંતને હોય નહિ. માટે જુગળીયાનાં ત્રીજે ક્ષેત્રનાં તિર્યંચ મનુષ્ય પર્યાપ્તામાં બેજ જ્ઞાન હોય.

પ્રશ્ન ૬૬ મું—અહિંઆં કોઇ અપર્યાપ્તા જુગળીયામાં પણ સમકિત ગણે છે તેનું કેમ?

ઉત્તર—અહિંઆં પન્નર કર્મ ભૂમીનાં મનુષ્ય, જુગળીયાનું આઉખું બાંધ્યા પછી કોઇ જીવને ક્ષાયક સમકિત પ્રાપ્ત થાય ને મરીને જુગળીયામાં ઉત્પન્ન થાય. ત્યાં અપર્યાપ્તામાં કોઇ સમકિત ગણે છે. એ લેખે જુગળીયાનાં સાઠે બોલમાં (અપર્યાપ્તા ને પર્યાપ્તામાં) સમકિત માને છે. પણ તે જ્ઞાન કેવળી ગમ્ય છે, બહુ સૂત્રી કહે તે સત્ય. પણ સૂત્ર કાંઇક બીજું સ્વરૂપ જણાવે છે.

પ્રશ્ન ૬૭ મું—ઉપરના પ્રશ્ન વિષેના ઉત્તરમાં આગલા ભવમાં મનુષ્યમાંથી ક્ષાયક સમકિત લઇને આવેલ જુગળીયાને અપર્યાપ્તાને પર્યાપ્તામાં સાઠે બોલમાં સમકિત માનતાં, સૂત્રના મતે કાંઇ વાંધો આવતા સંભવ છે?

ઉત્તર—જો ક્ષાયક સમકિતી કર્મ ભૂમિનો મનુષ્ય મરી જુગળીયામાં જાય તો જુગળીયા મરીને દેવતા થાય અને ત્યાંથી કર્મ ભૂમિમા મનુષ્ય થઇ મોક્ષે જાય તો ચાર ભવ થાય. અને ઉત્તરાધ્યયનના ૨૯ મા અધ્યયનમાં પાઠેશાજ બોલે કહ્યું છે કે-ક્ષાયક સમકિત પ્રાપ્ત થયે તે જીવ તેજ ભવે મોક્ષ જાય. તે ભવે મોક્ષ ન જાય તો ત્રીજે ભવ તો ઓળંગેજ નહિ. એમ સૂત્ર પાઠ ચોકખું જણાવે છે. એટલે મનુષ્યપણામાં ક્ષાયક સમકિત પામેલો તે ભવમાં મોક્ષ ન જાય તો દેવ ગતિમાંજ જાય એટલે બીજો ભવ દેવ ગતિનો, ને ત્યાંથી મનુષ્યપણાનો ત્રીજો ભવ કરે ને મોક્ષ જાય, એટલે ત્રીજો ભવ તો ઓળંગેજ નહિ એ વાત સિદ્ધ છે. માટે ઉપરનો ન્યાય જુગળીયાના અપર્યાપ્તામાં ક્ષાયક સમકિતનો બેસતો આવતો નથી. વળી કેવળી ગમ્ય—

પ્રશ્ન ૬૮ મું—ચરીમ અચરીમ તે કોણ?

ઉત્તર—પન્નવણા પદ ૩ જે-અર્થાકારે-ચરીમ તે ભવ્ય જીવ, ને અચરીમ તે સિદ્ધ ને અભવ્ય જીવ કહ્યા છે. ને નો ચરીમ, નો અચરીમનો ત્રીજો ભાંગો કરે તો ત્રીજા ભાગામાં સિદ્ધના જીવ જાણવા. એટલે અચરીમ સર્વથી થોડા તે અભવ્ય ૧, તેથી નો ચરીમ, નો અચરીમ અનંત ગુણા સિદ્ધના જીવ ૨, તેથી ચરીમ અનંત ગુણા ભવ્ય જીવ આર્થી ૩.

પ્રશ્ન ૬૯ મું—પન્નવણા પદ (૫) મે-તિર્યંચ પંચેંદ્રિયની ઉત્કૃષ્ટી અવગાહણામાં ત્રણ જ્ઞાન ને ત્રણ અજ્ઞાન કહ્યા ને ઉત્કૃષ્ટી સ્થિતિમાં બે જ્ઞાન ને બે અજ્ઞાન કહ્યા તે કેમ?

ઉત્તર—ઉત્કૃષ્ટી અવગાહણાવાળા હજાર જોજનનાં મચ્છ હોય છે, ને ઉત્કૃષ્ટી સ્થિતિવાળા તિર્યંચ જુગળીયા હોય છે. માટે ઉત્કૃષ્ટી અવગાહણાવાળા મચ્છ ને ત્રણ જ્ઞાન ને ત્રણ અજ્ઞાન હોય. અને ઉત્કૃષ્ટી સ્થિતિવાળા તિર્યંચ જુગળીયાને બે જ્ઞાન ને બે અજ્ઞાન હોય.

પ્રશ્ન ૭૦ મું—જળચરમાં જુગળીયાનો ભેદ હોય કે નહિ.

ઉત્તર—જળચરમાં જુગળીયાનો ભેદ નથી. તેનું આઉખું ક્રોડ પૂર્વનું છે માટે.

પ્રશ્ન ૭૧ મું—પન્નવણા પદ ૬ ઠે-તિર્યંચ પંચેંદ્રિને ઉપજવા આશ્રી આઠમા દેવલોક સુધી નિરંતર કહ્યા તે કેમ? અને મનુષ્યને પણ ઉપજવા આશ્રી નિરંતર સવ્વેસુઠાણેસુઉવવજંતી કહ્યું તેનું શું કારણ?

ઉત્તર—દેવમાં તિર્યંચ પંચેંદ્રિ, ભવન પતિથી માંડીને આઠમા દેવલોક સુધી ઉપજે માટે નિરંતર કહ્યા છે. તેમજ મનુષ્યને ઉપજવા આશ્રી દેવતામાં સર્વ ઠેકાણે જાણવા.

પ્રશ્ન ૭૨ મું—મનુષ્યની સંખ્યા ૨૯ ઓગણત્રીશ આંકની કહી તે શી રીતે?

ઉત્તર—પન્નવણા પદ ૧૨ મે-મનુષ્યનાં અધિ હસ્ય જઘન્ય પદે સંખ્યાતા કોડાકોડી ઓગણત્રીશ સ્થાનકનાં કહ્યા. તે ત્રણ જમલ પદ ઉપર અને ચાર જમલ પદ હેઠા. અથવા છઠા વર્ગ-પંચમા વર્ગ ગુણતાં જેટલા થાય તેટલા-તથા એક બેકડો છન્નુ વાર ગુણીએ તેટલા મનુષ્ય છે. હવે જમલ પદ તે આઠની સંખ્યા એટલે આઠનો ઢિ.ઢિ.ઢ આંક ઉપર ને આઠ આંક બત્રીસ આંક.ઠી એટલે એ.ગણત્રીશ આંક સમજવા—અને છઠા વર્ગને પાંચમા વર્ગે ગુણે ગુણતા—એટલે ઘન. વર્ગે પ્રથમ વર્ગ ૪.

બીજે વર્ગે ૧૬. એમ ત્રીજે વર્ગે ૨૫૬. એમ ચોથો વર્ગ કરી, પંચમે વર્ગ કરવો, ને છઠો વર્ગ પણ કરવો, ને છઠાને પાંચમા વર્ગ સાથે ગુણ્યે ઓગણત્રીશ આંક આવે. (એ આમના લીંબડી સંપ્રદાયના હીરાજી મહારાજ કૃત પન્નવણાના યંત્રમાં છે.)

પ્રશ્ન ૭૩ મું—શ્રી પન્નવણાજી સૂત્રના બીજા સ્થાન પદમાં તેઉકાયના અધિકારે લોકમાં ઉપજવા આશ્રી दोसु उड्ढकवाडेसुतिरियलोए तट्टे, નો શો અર્થ?

ઉત્તર—આ વિષે દલપતના પ્રશ્નમાં કહ્યું છે કે-તેઉકાઇયા ૩ પ્રકારે છે. ભવિકા ૧ બદ્ધાયુ ૨ અભિમુખ ૩. ભવિકા તે વિદ્યમાન તેઉકાયપણે વર્તે છે તે ૧ અભિમુખ નામ ગોત્ર તે સમુદ્‌ઘાત કરતાં તેઉકાયપણે ઉપના નથી પણ ઉપજવા સાહમા થયા તે ૨ બદ્ધાઉષ તે અનેરી ગત કાયમે છે પણ તેઉકાયનું આઉખું બાંધ્યું છે તે ૩ એહવા ઠામ કયાં છે? અઢી દ્વીપમાં ૩ પ્રકારના તેઉ ૧ ચ્યાર કપાટ લોકાંત લગે ઉંચા નીચા તિર્છા ૪૫ લાખ જોજન પહોળા તેમાં ૨ જાતના તેઉ તે બદ્ધાઉષ તે ૧ અભિમુખ નામ ગોત્ર એ ૨ હુવે, શેષ કપાટાંતરા રહ્યા તેમાં ૧ બદ્ધાઉષ્યહીજ હોવે એ પરમાર્થ જાણવો. ઇતિ-

બદ્ધાઉષ ૧	બદ્ધાઉષ ૧. અભિમુખ નામ ગોત્ર ૨	બદ્ધાઉ ૧
બદ્ધાઉષ ૧ અભિમુખ નામ ગોત્ર ૨	ભવિકા ૧ બદ્ધાઉષ ૨ અભિમુખ નામ ગોત્ર ૩ હુવે.	બદ્ધાઉ ૧ અભિમુખ નામ ગોત્ર ૨ એ બે તેઉ હે
બદ્ધાઉષ ૧	બદ્ધાઉષ ૧ અભિમુખ નામ ગોત્ર ૨	બદ્ધાઉ ૧

પ્રશ્ન ૭૪ મું—ઉપરના અધિકારને માટે વિશેષ સમજ કરીને તેવું કાંઈ છે?

ઉત્તર—ભગવતીજીવાળા છાપેલ પાને ૧૧૪-૧૧૫ મેં- ટીકા પર્મ ટીકા ફુટનોટમાં લખ્યું છે કે-યહાં પર બાદર તેઉકાય અપર્યાપ્ત કે તીન ભેદ કહે હૈ જૈસે ૧ એક ભવિ ૨ બદ્ધાયુ ૩ અભિમુખ. ઇસમેં જો એક ભવિક વહ હૈ અનંતર બાદર અપર્યાપ્ત તેઉકાયપને ઉત્પન્ન હુવા હૈ એક ભવી કહના ૨ જો પૂર્વ ભવ વિભાગાદિ બાદર અપર્યાપ્ત તેઉકાયકે આયુષ્ય બાંધ લિયા હૈ ઉસે બદ્ધાયુષ્ય કહના. ઔર જો પૂર્વ કાય છોડ કરકે બાદર અપર્યાપ્ત તેઉકાયપને આયુષ્ય નામ વા ગોત્ર ન ... કરકે ઉસે અભિમુખ કહના. ઇનમેં એક ભવી ઔર બદ્ધાયુષ્ય કહના જો બાદર અપર્યાપ્ત તેઉકાય હૈ પરંતુ જાનના નહિ હૈ ઇસ લિયે ઉસકે યહાં ગ્રહણ નહિ

કીયે હે. પરંતુ અભિમુખ અપના પૂર્વ ભવકા આયુષ્ય છોડકર અપર્યાપ્ત તેઉકાયામેં આવે વે પૂર્વોક્ત ઉર્ધ્વ કપાટમેં તથા તિર્યક્ લોકમેં આયે હુવે તેઉકાયાપને કહના. ઇનોંને પૂર્વ ભવકા આયુષ્ય છોડા હે પરંતુ જહાંલગ દોનોં ઉર્ધ્વકપાટ વ તીરછે લોકમેં પ્રવેશ નહી કીયા હે વહાં લગ ઉનકો પૂર્વ ભવપનાહી કહના.

પ્રશ્ન ૭૫ મું—પરિત અને અપરિતનો શો અર્થ ?

ઉત્તર—પરિતના ૨ ભેદ-સંસાર પરિત અને કાય પરિત. તે માંહી જે જીવને અર્દ્ધપુદ્ગલ પરાવર્તન સંસાર સીલવો રહ્યો તે તો સંસાર પરિત અને અર્દ્ધપુદ્ગલ થકી સાધિક સંસાર તે અપરિત કહીયેં. તથા કાય પરિત તે પૃથવ્યાદિક પાંચ કાયનાજ ભવ કરે પણ વનસ્પતિના ભવ ન કરે તે તો કાય પરિત કહિયે. અને જેહને હજી લગે વનસ્પતિના ભવ કરવા છે તેહને કાય અપરિત કહિયે. પન્નવણા પદ ૧૮ મે છે એમ દલપતના પ્રશ્નમાં કહ્યું છે. તથા પન્નવણા પદ ૩ જે-અર્થાકારે પરિત બે પ્રકારના કહ્યા છે-૧ એક ભવપરિત તે દેશે ઉણો અર્ધપુદ્ગલમાં આવે તે. ૨ અને બીજો કાય પરિત તે પ્રત્યેક શરીરી જીવ જાણવો.

પ્રશ્ન ૭૬ મું—પાંચે ઇંદ્રિયોનો જઘન્ય ને ઉત્કૃષ્ટો વિષય કેટલો હોય ?

ઉત્તર—પન્નવણા પદ ૧૧ માં કહ્યું છે કે-પાંચે ઇંદ્રિઓનો જઘન્ય વિષય અંગુલના અસંખ્યાતમાં ભાગનો હોય. અને ઉત્કૃષ્ટો-શ્રોતેંદ્રિયનો ૧૨ બાર જોજનનો, ચક્ષુ ઇંદ્રિયનો લાખ જોજન ઝાઝેરો, ઘ્રાણેંદ્રિયનો, રસેંદ્રિયનો અને સ્પર્શેંદ્રિયનો એ ત્રણેનો નવ જોજનનો હોય. એમ પન્નવણાજીમાં કહ્યું છે.

પ્રશ્ન ૭૭ મું—સ્ત્રી અનુત્તર વિમાને જાય કે નહિ ?

ઉત્તર—સ્ત્રી અનુત્તર વિમાને જાય. સાખ પન્નવણા પદ ૧૩ માની.

પ્રશ્ન ૭૮ મું—પુષ્કર દ્વીપમાં વસતા મનુષ્યો કેટલે દૂરથી સૂર્યને દેખે ?

ઉત્તર—પુષ્કર દ્વીપના મનુષ્યો ૨૧૩૪૫૩૦ યોજનથી સૂર્યને દેખે. સૂર્ય પણ એટલો પ્રકાશ કરે. પન્નવણા પદ ૧૫ મામાં કહેલ છે.

પ્રશ્ન ૭૯ મું—તિર્યંચ વૈક્રિય શરીર કરે તો કેવડું કરે ?

ઉત્તર—તિર્યંચ વૈક્રિય શરીર કરે તો શત પૃથક્ત્વ યોજનનું કરે. શત પૃથક્ત્વ એટલે બસોથી નવસો સમજવા. સાખ પન્નવણા પદ ૧૨ માની.

પ્રશ્ન ૮૦ મું—ચક્રવર્તીનું સ્ત્રી રત્ન કેટલા દંડકમાંથી આવીને થાય?

ઉત્તર—સાતમી નરક, તેઉ, વાઉ, પાંચ અનુત્તર વિમાનના દેવ અને જુગલિક મનુષ્યને તિર્યંચ સિવાય બધા દંડકમાંથી આવીને થાય એમ પન્નવણાની ટીકામાં કહ્યું છે.

પ્રશ્ન ૮૧ મું—વિદ્યાધર તીર્ચ્છા ક્યાં સુધી જાય?

ઉત્તર—વિદ્યાધર તીર્ચ્છા નંદીશ્વર દ્વીપ સુધી જાય, એમ પન્નવણાની ટીકામાં કહ્યું છે.

પ્રશ્ન ૮૨ મું—કુંથુઆની જીભ કેવડી હોય?

ઉત્તર—કુંથુઆની જીભ પૃથકત્વ અંગુલની લાંબી હોય તે અંગુલ તેનાં જાણવા. (પન્નવણા).

પ્રશ્ન ૮૩ મું—મનરૂપી કે અરૂપી?

ઉત્તર—દ્રવ્ય મન રૂપી છે, ભાવ મન અરૂપી છે. (પન્નવણા).

પ્રશ્ન ૮૪ મું—આશાલિક જીવ જે પૃથ્વીમાં બાર યોજનનો ઉત્પન્ન થાય છે અને જેના મૃત્યુ પામવાથી તેની ઉપરની ચક્રવર્તિની સેના તેના શરીરના પડેલા ખાડામાં પડીને દટાઇ જાય છે તે જીવ કેટલી ઇંદ્રિયાળો થાય છે?

ઉત્તર—આશાલિક સર્પ પંચેંદ્રિય હોય એમ પન્નવણાજીમાં કહ્યું છે. (ઉપરના નવ પ્રશ્ન "શ્રી જૈનધર્મ પ્રકાશ" પુસ્તક ૪૦ મું-અંક ૩ જો જેઠ-સંવત ૧૯૮૦ ના અંકમાંથી ઉતાર્યા છે.)

પ્રશ્ન ૮૫ મું—જમાલીના અધિકારમાં જમાલીએ કાલાતિક્રાંત આહાર કરવાથી બીમાર થવાનું કહ્યું છે તો કાલાતિક્રાંત આહાર કેમ સમજવો?

ઉત્તર—આનો અર્થ એમ જણાય છે કે-ક્ષુધાનો કાળ અતિક્રાંત થઇ ગયા પછી તથા વસ્તુ વિકૃત થવાથી વસ્તુનો કાળ અતિક્રાંત થયા પછી આહારાદિક કરવામાં આવે તો વિષમપણે પ્રણમે તો બીમાર થવાનો સંભવ.

પ્રશ્ન ૮૬ મું—ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે-જઘન્ય બાર હાથની અવગાહનાવાળો સિદ્ધ થાય અને સિદ્ધની જઘન્ય અવગાહના એક હાથને આઠ અંગુલની કહી તેનું કેમ?

ઉત્તર—સાત હાથવાળો બેઠો સીજે તો બે હાથની અવગાહના ઓછી થાય અને પાંચસે ધનુષ ઊંચો હોય તો એક હાથ ને આઠ અંગુલ કહે છે—

પ્રશ્ન ૮૭ મું--શ્રી નંદીજીમાં મતિ જ્ઞાનનાં ચાર ભેદ કહ્યા. તે ૧ દ્રવ્યથી, ૨ ક્ષેત્રથી, ૩ કાળથી ને ૪ ભાવથી. એ ચારે ભેદે મતિ જ્ઞાન ઉપદેશે કરીને જાણે, પણ દેખે નહિ, એમ કહ્યું. અને શ્રુત જ્ઞાન એ ચારે ભેદે ઉપયોગ યુક્તે જાણે દેખે એમ કહ્યું. તેનું કેમ?

ઉત્તર—તે પરોક્ષ દેખે છે-જેમ ધર્મ રૂચી અણગારને સૂત્ર જ્ઞાનથી પરોક્ષ દીઠા તેમ.

પ્રશ્ન ૮૮ મું—ત્રીજા દેવલોકના દેવતાની જઘન્ય સ્થિતિ બે સાગરની ઉતરાધ્યયનના ૩૬ મા અધ્યયનમાં કહી છે. અને ત્રીજા દેવલોકે એક પદમલેશા છે. એટલે ત્રીજા, ચોથા ને પાંચમા દેવલોકે એક પદમલેશા કહી છે. અને ૩૪ અધ્યયનમાં લેશાની સ્થિતિમાં એમ કહ્યું છે કે—તેજુલેશાની ઉત્કૃષ્ટિ સ્થિતિ હોય તેથી એક સમય અધિક પદમલેશાની જઘન્ય સ્થિતિ હોય. તો તેજુલેશાની ઉત્કૃષ્ટિ સ્થિતિ બે સાગર ને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક કહી છે. તો ત્રીજા દેવલોકે પદમલેશાની જઘન્ય સ્થિતિ બે સાગરને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને એક સમય અધિક હોય, અને સ્થિતિ જઘન્ય બે સાગરની ને ઉત્કૃષ્ટિ સાત સાગરની કહી છે. તો જઘન્ય સ્થિતિના દેવતા અને તેની લેશામાં તફાવત રહે છે તેનું કેમ?

ઉત્તર—ત્રીજા દેવલોકે લેશા તો પદમ કહેવી. પણ તેજુલેશાની ઉત્કૃષ્ટી સ્થિતિની અપેક્ષાએ ત્રીજા દેવલોકના પહેલા પ્રતરમાં બે સાગરને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક સુધીની સ્થિતિ તેજુલેશાની હોવાનો સંભવ છે. પહેલા પ્રતરે જઘન્ય સ્થિતિ બે સાગરની ને ઉત્કૃષ્ટી બે સાગરની અને એક સાગરના ૧૨ ભાગ કરીએ તેમાના પાંચ ભાગની અધિક કહી છે તે અપેક્ષાએ બે સાગર આશરી જઘન્ય સ્થિતિવાળા પહેલા પ્રતરે બહુજ થોડા હોવાને લીધે ત્રીજા દેવલોકે તેજુલેશા કહેવી નથી એમ જણાય છે.

પ્રશ્ન ૮૯ મું--ત્રીજા દેવલોકે-પ્રતર કેટલા? અને દરેક પ્રતરમાં રહેલા દેવોના આયુષ્યની સ્થિતિનું પ્રમાણ કેવી રીતે છે?

ઉત્તર--ત્રીજા દેવલોકે પ્રતર ૧૨ બાર છે. તેમાં પહેલા પ્રતરના દેવોની જઘન્ય સ્થિતિ બે સાગરની ને ઉત્કૃષ્ટી બે સાગર ઉપરાંત એક સાગરના ૧૨ ભાગમાંના પાંચ ભાગની એમ દરેક પ્રતરે પાંચ પાંચ ભાગ વધારતા ૧૨ બારમા પ્રતરે સાત સાગરની ત્રીજા દેવલોકે ઉત્કૃષ્ટી સ્થિતિ કહી છે.

પ્રશ્ન ૯૦ મું—ખંધકજીએ બારમી પડિમા આદરી તેને ત્રણ ગુણ માંહેલો ગુણ ઉત્પન્ન ન થયો તેનું શું કારણ ?

ઉત્તર—ઉત્કૃષ્ટ પરીસહ સહે તેહને ત્રણ ગુણ માંહેથી એક પણ ગુણ ઉત્પન્ન થવા કહ્યું છે-મઝમને ત્રણ ગુણ માંહેલી ભજના છે. ખંધકજીને કદાપી કોઇ ગુણ ઉત્પન્ન થયો હશે પણ તે સંબંધે કાંઇ સિદ્ધાંતમાં કહ્યું નથી. પણ અનંત કર્મની નિર્જરા થઇ એજ મોટો ગુણ જાણવો. વળી આરાધિક થયા એથી વિશેષ ગુણ શો જોવો ? એજ મોટો ગુણ છે.

પ્રશ્ન ૯૧ મું—સૂક્ષ્મ માર્યા મરે નહિ તો તેની ક્રિયા કેમ લાગે ?

ઉત્તર—સૂક્ષ્મ માર્યા મરે નહિ પણ તેના પચ્ચખાણ ન હોય તો તેની અવ્રતની અપેક્ષાએ તથા ઔદારિક શરીરની પાંચ ક્રિયા લાગે છે તે અપેક્ષાયે પ્રાણાતીપાતની ક્રિયા લાગવા સંભવ છે. અને દેવતા નારકીને પણ એજ પ્રમાણે ભગવતીજી શતક ૮ મે-ઉદ્દેશે ૬ ઠે-તથા સુયગડાંગજીના બીજા શ્રુતસ્કંધમાં દરેક જીવને અવ્રતની ક્રિયા લાગવી કહી છે.

પ્રશ્ન ૯૨ મું—ચક્રવર્તિ તમિશ્ર ગુફામાં ને ખંડ પ્રપાત ગુફામાં ૪૯–ઓગણ પચાસ-માંડલા ૫૦૦ પાંચસેં ધનુષ્ય પ્રમાણ કરે છે તે ક્યા આંગુલના ધનુષ્ય સમજવા ?

ઉત્તર—" શ્રી જૈન ધર્મપ્રકાશ " પુસ્તક ૪૦ મું-અંક ૩ જો-જેઠ સંવત્ ૧૯૮૦-પૃષ્ઠ ૮૦ મેથી પ્રશ્નોત્તર લખ્યા છે તેમાં ઉપરના પ્રશ્નના ઉત્તરમાં લખ્યું છે કે-ચક્રવર્તિ ઉત્સેધાંગુળના ૫૦૦ ધનુષ્ય પ્રમાણ માંડલા કરે એમ ક્ષેત્ર સમાસમાં કહ્યું છે. ઇતિ

પ્રશ્ન ૯૩ મું—રાત્રિનું પ્રતિક્રમણ કરનારને છઠો આવશ્યક જે પચ્ચખાણનો કહ્યો તો તે ઠેકાણે શેના પચ્ચખાણ કરવા ?

ઉત્તર—રાત્રિનું પ્રતિક્રમણ કરનાર (શ્રાવક) ને પચ્ચખાણનો ઉચ્ચાર કરતાં પહેલાં સચિત્તાદિ ચૌદ નિયમ લેવા જોઇએ. (શ્રાદ્ધવિધિ)

પ્રશ્ન ૯૪ મું—રાત્રિના પ્રતિક્રમણમાં છેવટનો કાઉસગ્ગ શેનો કરવો ?

ઉત્તર—બાર પ્રકારના તપની ચિંતવણાનો કાઉસગ્ગ કરવો.

પ્રશ્ન ૯૫ મું—કાઉસગ્ગમાં તપની ચિંતવણા કેવી રીતે કરવી ?

ઉત્તર—ઉપર કહેલા "શ્રી જૈન ધર્મપ્રકાશ" માં પ્રશ્નોત્તરમાં લખ્યું છે કે-સવારના રાઇ પડિક્કમણામાં છઠ્ઠા આવશ્યકનો પ્રારંભના જે કાઉસગ્ગ કરવાનો છે તેમાં તે દિવસે શું તપ કરવો તે ચિંતવવાનું છે તે ચિંતવ

વાની રીત ન આવડવાથી ઘણા ભાઈઓ ને બ્હેનો તો ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરે છે; પરંતુ એ ચિંતવન કાંઇ કરતું નથી. માત્ર તે જાણવા તરફ લક્ષજ અપાતું નથી. તે ચિંતવન શી રીતે કરવું તે આ નીચે જણાવવામાં આવેલ છે.

"શ્રી મહાવીર ભગવંતના શાસનમાં ઉત્કૃષ્ટ છ માસ તપ થઇ શકે છે. ભગવાન મહાવીરે તેટલો તપ કરેલો છે. હે ચેતન? તું કરી શકીશ?" આનો જવાબ મનમાંજ ચિંતવવો કે 'તેટલી શકિત નથી.' પછી એક દિવસ ઉણો છ માસી તપ કરીશ? બે દિવસ ઉણો છ માસી તપ કરીશ? એમ એકેક દિવસ ઉણો યાવત્ પાંચ માસનો તપ કરીશ? ત્યાંસુધી ચિંતવવું ને તેનો જવાબ પણ ઉપર પ્રમાણેજ 'શકિત નથી' એમ ચિંતવવો. પછી ચાર માસી તપ કરીશ? ત્રણ માસી તપ કરીશ? બે માસી તપ કરીશ? માસ ખમણ કરીશ? એમ ચિંતવી જવાબમાં પણ પૂર્વ પ્રમાણેજ 'શક્તિ નથી' એવો ચિંતવવો.

પછી એક દિવસ ઉણું માસખમણ કરીશ? બે દિવસ ઉણું માસ-ખમણ કરીશ? એમ ચિંતવવું. એનો જવાબ 'શકિત નથી' એમ ચિંતવવો. પછી ૧૪ દિવસ ઉણા માસખમણને બદલે ૧૬ ઉપવાસની ૩૪ ભક્તની સંજ્ઞા છે, તેથી ૩૪ ભક્ત કરીશ? ૩૨ ભક્ત કરીશ? એમ બે ભક્ત એટલે એક એક ઉપવાસ ઘટાડતા ચોથ ભક્ત (એક ઉપવાસ) સુધી આવવું. જવાબમાં પોતે અગાઉ વધારેમાં વધારે જેટલો તપ કર્યો હોય ત્યાંથી 'શક્તિ છે, પ્રણામ નથી' એમ ચિંતવવું. અને ત્યાં સુધી 'શક્તિ નથી' એમ પ્રથમ પ્રમાણેજ ચિંતવવું.

ત્યાર પછી 'આંબેલ કરીશ? નીવી કરીશ? એકાસણું કરીશ? બેઆસણું કરીશ?' એમ ચિંતવી જવાબમાં શક્તિ છે, પ્રણામ નથી એમ ચિંતવવું. ત્યાર પછી 'અવઢ્ઢ કરીશ? પુરિમઢ્ઢ કરીશ? સાઢ પોરસી કરીશ? પોરસી કરીશ? નવકારસી કરીશ? એમ ચિંતવવું. તેમાં તે દિવસ જે તપ કરવો હોય તેની અગાઉ 'શક્તિ છે, પ્રણામ નથી' એમ કહેવું. અને કરવો હોય તે તપ વખતે 'શક્તિ છે, પ્રણામ પણ છે' એમ ચિંતવી કાઉસગ્ગ પારવો. છેવટ નવકારશીમાં તો એવો જવાબ ચિંતવીનેજ કાઉસગ્ગ પારવાનો છે. આ બાબત બરાબર વિચારી રખાય તો તેટલું ચિંતવન કરવાં ચાર લોગસ્સથી વધારે વખત લાગતો નથી.' ઇતિ—

પ્રશ્ન ૯૬ મું—માણસો પચ્ચખાણ નહિ કરતા કેટલાક અવિરતિપણામાંજ લાભ માને છે તેનું કેમ?

ઉત્તર—જેટલું પચ્ચખાણ છે તેટલું ચારિત્ર છે. ચારિત્રનું ફળ ઘણું મ્હોટું છે. મન વચન કાયાના વ્યાપાર ચાલતા ન હોય, તોપણ અવિરતિથી નિગોદિયા વગેરે જીવની પેઠે ઘણો કર્મબંધ અને બીજા મહા દોષ થાય છે.

એકેંદ્રિય જીવો બીલકુલ આહાર કરતા નથી, તોપણ તેમને ઉપવાસનું ફળ મળતું નથી, એ અવિરતિનું ફળ જાણવું. એકેંદ્રિય જીવો મન વચન કાયાથી સાવધ વ્યાપાર કરતા નથી, તોપણ તેમને ઉત્કૃષ્ટથી અનંત કાળ સુધી તે કાયામાં રહેવું પડે છે, એનું કારણ અવિરતિ જાણવું.

પ્રશ્ન ૯૭ મું—ગુર્વાદિકની હાજરી હોય તો વંદના કરવી તે તો (શ્રાદ્ધ વિધિ) ઠીક પણ તેમની ગેરહાજરીએ શી રીતે કરવું?

ઉત્તર—શ્રાદ્ધ વિધિમાં કહ્યું છે કે–જો જોગવાઇ હોય તો સદ્ગુરુને મ્હોટી અથવા ન્હાની વંદના કરવી. જોગવાઇ ન હોય તો સદ્ગુરુનું નામ ગ્રહણ કરીને નિત્ય વંદના કરવી.

પ્રશ્ન ૯૮ મું—શ્રાવકને સજ્ઝાય કરવાનો કાંઇ નિયમ હોવો જોઇએ કે–કેમ?

ઉત્તર—શ્રાદ્ધ વિધિમાં કહ્યું છે કે–શ્રાવકને નિત્ય જઘન્યે ગાથાની સજ્ઝાય અવશ્ય કરવી.

પ્રશ્ન ૯૯ મું—બ્રહ્મચારીને નાગરવેલનાં પાન ખવાય કે કેમ?

ઉત્તર—શ્રાદ્ધવિધિમા તો કહ્યું છે કે–બ્રહ્મચારી શ્રાવકે તો તે કામ વિકારની વૃદ્ધિ કરનારા હોવાથી–નાગરવેલના પાન જરૂર ખાવાં નહિ જોઇએ તો પછી ત્યાગી–બ્રહ્મચારીને તો ખવાયજ ક્યાંથી? અર્થાત્ નજ ખવાય.

પ્રશ્ન ૧૦૦ મું—સોળ કષાય, ને નવ નોકષાય મળી ૨૫ કષાય કહી. તેમાં નવ નોકષાય કહી તેનું શું કારણ? તેમાં કષાય શબ્દ કેમ કહ્યો?

ઉત્તર—નવ, કષાય નથી પણ કષાય ઉત્પન્ન થવાના નવે કારણ છે. માટે તેને નોકષાય કહી પણ કષાય ન કહેવાય. ઇત્યર્થઃ—

પ્રશ્ન ૧૦૧ મું—ચંદ્રમાને રાહુનું આવરણ થવાથી ચંદ્રગ્રહણ થાય છે તો સૂર્યગ્રહણ થતાં રાહુનું આવરણ કેવી રીતે થઇ શકે? ચંદ્ર અને

સૂર્યને એંશી જોજનનું આંતરૂં છે સૂર્ય નીચો અને ચંદ્ર ઉંચો છે. વળી ચંદ્રવિમાનથી રાહુનું વિમાન ચાર આંગુલ નીચું છે એમ સાંભળ્યું છે. તો સૂર્યને કોના આવરણથી ગૃહણ થાય?

ઉત્તર—ચંદ્રમાના વિમાનને એટલે ચંદ્રમાને રાહુ એટલે રાહુનું વિમાન આવરે છે એટલે તેની નીચે આડું આવે છે એટલે ચંદ્રગૃહણ કહેવાય છે. તેમ સૂર્યને કેતુ નામનો ગૃહ આવરે છે એટલે સૂર્યગૃહણ થાય છે.

પ્રશ્ન ૧૦૨ મું—ઇરિયાવહીના મિચ્છામિ દુક્કડં કેટલા?

ઉત્તર—ઇરિયાવહીના મિચ્છામિ દુક્કડં ૧૮ ૨૪ ૧ ૨૦ શ્રી આવશ્યક સૂત્રમાં કહ્યા છે. તે વિષે એક કવીએ કહ્યું છે કે—

સવૈયો એકતીસો.

પાંચસેં તેસઠ ભેદ જીવનાં કહ્યા જીણંદ,
તેને અભીહયાદિક દશ ગુણા કહીયે;
રાગ દ્વેષ ગુણા કરી કર્યું જોગ ગુણાધરી,
અતિતાદિ કાળ ત્રણ ગુણા અનુસરીયે.
લાધા અંક તેને સિદ્ધ આદિ ષટ શાખ ગુણા,
કરત અવશ્ય મુનિ પાપ પરહરીયે;
અઠા દશ લક્ષપર ચોવીશ હજાર ઘર,
એકસો ને વીશ મિછા દુકૃત ઉચરીએ.—૧

પ્રશ્ન ૧૦૩ મું—જીવને જઘન્ય ઉપયોગ કેટલાને કઇ વખતે હોય?

ઉત્તર—જીવને જઘન્ય ઉપયોગ એક હોય–સાકારોપયોગે સીઝે ત્યારે શ્રી ઉવવાઇ ઉપાંગમાં કહેલ છે. (સાખ–જૈનધર્મ પ્રકાશ–પુ૦ ૪૦ અં૦ ૩ જો.)

પ્રશ્ન ૧૦૪ મું—દેવતાને નિદ્રા આવે કે નહિ?

ઉત્તર—દેવતાને નિદ્રા ન આવે. સાખ રાયપસેણીની ટીકા. (સાખ–જૈન૦).

પ્રશ્ન ૧૦૫ મું—જીવ ઉપજતી વખત પ્રથમ સમયે કયા યોગથી આહાર લેય?

ઉત્તર—જીવ પ્રથમ સમયે કાર્મણ કાય યોગથી આહાર લેય, પછી શરીર બંધાતા સુધી ઔદારિક મિશ્ર અથવા વૈક્રિય મિશ્ર કાય યોગથી આહાર લેય. (સાખ–જૈનધર્મપ્રકાશ–પુસ્તક ૪૦ મું–અંક ૩ જો.)

પ્રશ્ન ૧૦૬ મું—પાંચ સમ્યકત્વ કયાં કહ્યાં છે?

ઉત્તર—અનુયોગ દ્વારમાં ત્રણ સમ્યકત્વ કહ્યા છે ને બીજા બે સમવાયંગમાં કહ્યા છે. (સાખ–જૈનધર્મ પ્રકાશની ઉપલા અંકની.)

પ્રશ્ન ૧૦૭ મું—સમૂર્છિમ મનુષ્ય એક સમયે કેટલા ઉપજે?

ઉત્તર—એક સમયે એક પણ ઉપજે, અને અસંખ્યાતા પણ ઉપજે એમ શ્રી અનુયોગદ્વારમાં કહ્યું છે. (સાખ–જૈન૦ ધ૦ પ્ર૦ ઉપલા અંકની)

પ્રશ્ન ૧૦૮ મું—જીવ ગર્ભમાં મરે તે શુભ ભાવે મરે તો કેટલા દેવલોક સુધી જાય, અને અશુભ ભાવે મરે તો કેટલી નરક સુધી જાય?

ઉત્તર—જીવ ગર્ભમાં શુભ ભાવે મરે તો આઠમા દેવલોક સુધી જાય અને અશુભ ભાવે મરે તો ત્રીજી નરક સુધી જાય. એમ શ્રી જીવાભિગમમાં કહ્યું છે. (સાખ–જૈનધર્મ પ્ર૦ ની ઉપલા અંકની.)

ઇતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી "પ્રશ્નોત્તર મોહનમાળા"–ઉત્તરાર્દ્ધ–ભાગ ૯ મો સમાપ્ત



શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણકો ૧૦ મો.

પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.

શ્રીપ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૧૦ મો.

શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.



ઉત્તરાર્દ્ધ ભાગ ૧૦ મો.



પ્રશ્ન ૧ લું—શિષ્ય–કોઇ કોઇ લોકો એવી શંકાઓ કરે છે કે જૈન સૂત્રોમાં એવા લેખો છે કે–જૈનના સાધુઓ આગળ માંસાહારી હ[illegible] સમજાતું જો કે તે પ્રવૃત્તિ નથી પણ કેટલાક સૂત્રના પાઠ ઉપરથી એ જણાય છે કે કેમ જાણે જૈનના સાધુઓને તે ખાવાની છુટ આપી હે[illegible] એમ વાંચનારાઓને શંકા ઉપજાવે એવું કાંઇ કારણ છે ખરૂં?

ઉત્તર—હે ભાઇ! જૈન સૂત્રના પાઠની તો અનેક પદ્ધતિ છે. તે રહસ્ય કે મર્મ તો જાણનારાજ જાણી શકે; પરંતુ સૂત્રકારનો અભિપ્રાય જાણ્યા વિના સૂત્રના અજાણ અને અર્ધદગ્ધ–અધકચરા અથવા નાસ્તિક કે અપ્રજ્ઞાના હાથમાં સૂત્રો જવાથી તેઓનાં વાંચવામાં એવા શબ્દો આ[illegible] કે તેઓ અર્થનો અનર્થ કરી નાખે. પણ સાધુનો આચાર વહેવાર કે તે[illegible] કાળ આશ્રયનું સ્વરૂપ જાણ્યા વિના–જૈન ધર્મ અને તેમના સૂત્ર અ[illegible] તત્વજ્ઞાનનું રહસ્ય સમજ્યા વિના માત્ર પાઠ વાંચતાંજ હેતુ સાર[illegible] વિચાર કર્યા વિના માત્ર પોતાનીજ બુદ્ધિને આગળ કરવાથી એકદમ અભિ[illegible] [illegible] કિંમત ઘટાવે અને બોલી ઉઠે કે–આગળના સાધુઓ માં[illegible] [illegible] હતા, એમ કેટલાક ઇંગ્લિશ જાણનારા–ગુરૂ ગમ્ય વિના, માત્ર [illegible] [illegible] પોતાની માન્યતા સિદ્ધ કરી બતાવે. પણ એમ [illegible] [illegible] કે–જૈનના સાધુને તો માત્ર એકેંદ્રિયના અચેત પુદ્ગલોનોજ આહાર છે.

પ્રશ્ન ૨ જું—એવો કોઇ દાખલો છે કે જૈન સાધુઓ એકેંદ્રિયના અચેત પુદ્ગલનોજ આહાર કરે છે?

ઉત્તર—[illegible] ઉદ્દેશ ૧ લે–મહાવીર [illegible] એકેંદ્રિયના [illegible] નિર્ગ્રંથ [illegible] સાધુ [illegible] [illegible] પુદ્ગલ [illegible] [illegible] એકેંદ્રિયના પુદ્ગલો, [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કલ્પ નથી. કારણકે મનુષ્યના મૃત્ય શરીરમાં (મડામાં) આઠ પરાત્રના પછી અસંખ્ય સમુર્છિમ મનુષ્યની ઉત્પતિ સૂત્રમાં કહી છે. અને તિર્યંચના કલેવરમાં તત્વરણ માંસ જેવા અસંખ્ય જીવોની ઉત્પતિનો સંભવ છે. માટે તેને અડકવાનો અધિકાર નહિ તો તેના માંસ ખાવાનો અધિકાર હોયજ ક્યાંથી? અર્થાત્ નજ હોય. માટે અહિંઆં એકેંદ્રિયના અચીત અને ફાશુક પુદગળના ભોજી-ભોગી-જમવાવાળા કહ્યા છે. અને ભગવતીજીમાં પણ સોમિલના અધિકારે એજ કહ્યું છે.

પ્રશ્ન ૩ જું—ભગવતીજીમાં સોમિલના અધિકારે શું કહ્યું છે તે પણ જાણવું જોઇએ?

ઉત્તર—જુઓ, ભગવતીજી શતક ૧૮ મે-ઉ૦ ૧૦ મે-મહાવીરને સોમિલે પ્રશ્ન પૂછ્યા તેના ઉત્તરમાં તથા નિરાવલિકા પુફીયા ઉપાંગે પાર્શ્વ-નાથને સોમિલ બ્રાહ્મણે પ્રશ્ન પૂછ્યા તેના ઉત્તરમાં તથા જ્ઞાતાજીના ૫ મે અધ્યયને થાવરચા અણગારને શુકદેવ સન્યાસીએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં એ ત્રણ સૂત્રની સાખે—

सरिसवा ते भंते! किं भक्खेया अभक्खेया! सोमिला! सरिसवा भक्खेयावि अभक्खेयावि ॥ सेकेणट्ठेणं भंते! एवं वुच्चइ सरिसवा भक्खेयावि अभक्खेयावि! से णुणं ते सोमिला! बंभण्णएसु दुविहा सरिसवा पण्णत्ता, तंजहा मित्तसरिसवाय, धण्ण सरिसवाय, तत्थणं जेते मित्त सरिसवा ते तिविहा पण्णत्ता तंजहा—सहजायया, सहवड्डिया, सहपंसुकीलिया, तेणं समणाणं णिग्गंथाणं अभक्खेया ॥ तत्थणं जेते धण्ण सरिसवा ते दुविहा पण्णत्ता, तंजहा—सत्थ परिणयाय, असत्थ परिणयाय; तत्थणं जेते असत्थ परिणया तेणं समणाणं णिग्गंथाणं अभक्खेया, तत्थणं जेते सत्थ परिणया ते दुविहा पण्णत्ता, तंजहा—एसणिज्जाय अणेसणिज्जाय ॥ तत्थणं जेते अणेसणिज्जा तेणं समणाणं णिग्गंथाणं अभक्खेया ॥ तत्थणं जेते एसणिज्जा ते दुविहा पण्णत्ता, तंजहा—जाइयाय अजाइयाय ॥ तत्थणं जेते अजाइया तेणं समणाणं णिग्गंथाणं अभक्खेया ॥ तत्थणं जेते जाइया ते दुविहा पण्णत्ता, तंजहा—लद्धाय अलद्धाय, तत्थणं जेते अलद्धा तेणं समणाणं निग्गंथाणं अभक्खेया, तत्थणं जेते लद्धा तेणं समणाणं णिग्गंथाणं भक्खेया, से तेणट्ठेणं सोमिला! एवं वुच्चइ जाव अभक्खेयावि ॥ १ ॥ एवं मासावि णवरं इमंणाणत्तं—मासा तिविहा पण्णत्ता तंजहा—काल मासाय, अत्थ

मासाय, धण्णमासाय, तत्थणं जेते काल मासा तेणं सावणादीया आसाढ पज्ज-वसाणा दुवालस पण्णत्ता तंजहा–सावणे जाव आसाढे, तेणं समणाणं निग्गंथाणं अभक्खेया. ॥ तत्थणं जेते अत्थमासा ते + सुवण्ण मासाय, रुप्पमासाय, तेणं समणाणं णिग्गंथाणं अभक्खेया; ॥ तत्थणं जेते धण्ण मासा ते दुविहा पण्णत्ता, तंजहा सत्थ परिणियाय असत्थ परिणियाय, एवं जहा धण्ण सरिसवा जावते तेव ट्टेणं जाव अभक्खेयावि ॥२॥ एवं कुलत्थावि भाणियव्वा. णवरं इमणाणत्तं ॥ इत्थि कुलत्थाय धण्णकुलत्थाय. इत्थिकुलत्था तिविहा पण्णत्ता तंजहा कुल कण्णि-याइया (कुलवहु), कुलमाउयाइवा, कुलधूयाइवा. ॥ ते समणाणं णिग्गंथाणं अभक्खेया ॥ तत्थणं जेते धण्ण कुलत्था एवं जहा धण्ण सरिसवा। से तेणट्ठेणं जाव अभक्खेयावि. ॥ ३ ॥

પ્રશ્ન ૪ થું—ઉપલા પાઠનો પરમાર્થ શું છે?

ઉત્તર—ઉપરનો પાઠ ત્રણ સૂત્રના દાખલે એમ જણાવે છે કે-ધાન સરસવ, ધાન માસા (અડદ) ધાન કળથી. (વગેરે ધાનની જાતિ) ફાસુક નિર્દોષ સાધુને લેવા જોગ કલ્પતિ વસ્તુ એકેંદ્રિયના અચેત થયેલા પુદ્ગલ તે ઉપર કહ્યા પ્રમાણે ભક્ખેયવા તે ખાવા કલ્પે. બાકીના બોલનો નિષેધ ખાવા કલ્પે નહિ. તો માંસ ખાવો કલ્પેજ ક્યાંથી? અર્થાત્ નજ કલ્પે

પ્રશ્ન ૫ મું—કોઇ અહિંઆં તર્ક કરે કે-સાધુને મિત્ત સરિસવા અને તેના ત્રણ ભેદ અભખ્ખેવા ઉપરના પાઠમાં કહ્યા, તો તે સિવાયના ભખેવા હોવા ખાવા કલ્પે કે કેમ?

ઉત્તર—સાધુને તો સર્વ જીવ મિત્ર છે. 'આત્મવત્ સર્વભૂતાની' સર્વ જીવને પોતાના આત્મા બરાબર માને છે તેને પોતાના શરીરના અથવા સંયમ ધર્મના રક્ષણાર્થે એકેંદ્રિયના અચિત પુદ્ગળ તે પણ અહાકર્ડ તહાભુત્ત-જેવો લધ્યો તેવો અરસનિરસ-સારો નરસો જેવો મળે તેવો ગાડાને ઉંગણ દેવાની માફક, શરીરરૂપ ગાડીમાં સંયમાદિક ગુણોનો નિભાવ કરવા શુદ્ધ ફાશુક નિર્દોષ આહારરૂપ ઉંગણ દઇ મોક્ષ સાધન કરવાવાળા સાધુઓ તે વળી માંસાહારી હોય ખરા કે-ના ના કદિ હોય નહિ. જૈનના સાધુ તે વળી એવો અભક્ષ આહાર કરે? કદિ કરે નહિ.

પ્રશ્ન ૬ ઠું—મિત્ર સરિસવાના ત્રણ ભેદ જે કહ્યા કે-સાથે જનમ્યા, સાથે વૃદ્ધિ પામ્યા અને સાથે ક્રિડા કરી. એ ત્રણે મિત્ર સરિસવા સાધુને

ખાવા યોગ્ય નહિ તો તે સિવાય માટે શું સમજવું? તેનો ખુલાસો થયો નથી: પરંતુ ઉપલા કટેલાં ત્રણે અઢારામાં રહસ્યો રહેલાં છે; માટે તેનો ખુલાસો થયો જોઇએ?

ઉત્તર—તેનો ખુલાસો એ છે કે-માતાનાં ત્રણ અગ સહિત સરખા જાયા-જનમ્યાનો સ્વભાવ છે, જેહનો તે સહજાયયા. એટલાં અંગ સહિત સરખા જનમ્યા, વૃદ્ધિ પામ્યા, ને ક્રિડાના સ્વભાવ તે મિત્ર સરિસવા. એટલે સર્વ ગર્ભજ તિર્યંચ મનુષ્યને હાડી ૧ હાડી મીજા ૨ કેસ રોમ નખ ૩ એ ૩ અંગ બાપના, માંસ ૧ લોહી ૨ મત્થલિંગે-માથાનો ભેજો ૩. એ ૩ અંગ માતાના. તેમા અભક્ષ ભક્ષીને ખાવા યોગ્ય માંસ ને લોહી ૨ તે તો સાધુને અભક્ષ કહેવાય ખાવા યોગ્ય નહિ. એણે સૂત્રે ગર્ભજ મનુષ્ય તિર્યંચનો માંસ રૂધિરનો નિષેધ કર્યો-સર્વથા વરજ્યો.

પ્રશ્ન ૭ મું—એણે સૂત્રે સહજાયાદિ ત્રણ બોલ કહ્યા છે તેના રૂધિર માંસ વર્જ્યા એમ કરે તો તે સિવાયના સર્વત્રને માટે શું સમજવું?

ઉત્તર—તેનો ખુલાસો ઉપર આવી તો ગયો છે. તોપણુ એમ જાણો જે સાથે જન્મેલા, સાથે વૃદ્ધિ પામેલા, સાથે ક્રિડા કરેલા અભક્ષ કહ્યા. તો તેનો ભક્ષ કેવી રીતે થાતો હશે? અને તે સિવાયનાનો ભક્ષ ખુલો રહ્યો? એમ પણુ કદિ હોય નહિ. માટે એનો અર્થ એમ સમજો જે—સહજાયા તે એૈાદારિક શરીર મધ્યે, માંસ અને રૂધિરાદિક સહ કહેતા સંઘાતે, જાયા કહેતા જનમ્યા ૧ તે બે બોલ સહિત વૃદ્ધિ પામ્યા ૨ તે બે બોલ સહિત ક્રિડા કીધી ૩ એ ત્રિહુંપણે માંસ રૂધિરાદિકે સહિત જનમાદિક ત્રણુ-વાના પામ્યો. અને બીજા પણુ એ બે સહિત જન્મ પામ્યા-ઉપનાં, વૃદ્ધિ પામ્યાં. તે માટે સર્વ તિર્યંચ મનુષ્યની એક સરખી અવસ્થા તે માટે એ સર્વ મિત્ર સરિસવા તે અભક્ષખેયા-ન ખાવા એટલે સર્વ માંસ ખાવાનો નિષેધ કહ્યો.

પ્રશ્ન ૮ મું—અહીંયા કોઇ એવો અર્થ કરે જે, સાધુને એવી પ્રતિજ્ઞા હોય કે-મુજ સંઘાતે જન્મ હોય તેહને ન ખાવા તે સિવાયના મોકળા રહ્યા; તેનું કેમ?

ઉત્તર—સાધુને તો આગલા પાછલા ને સાથે જન્મેલા કોઇ અમિત્ર નથી, સર્વ મિત્રજ છે. સાથે જનમ્યા તે ન ખાવા એમ કહ્યાનો શો પરમાર્થ? સંઘાતે જન્મ્યાંની ખબર કેમ પાડીયે? સંઘાતે જન્મ્યાં તે ન ખાવા તો સંઘાતે ન જન્મ્યાં તેનું માંસાદિક ખાવું અને એમ તો

કદિ ન હોઇ તે માટે એ અર્થ ખોટો. માંસ રૂધિર સહિત જન્મ્યાં-ઉપન્ય વૃદ્ધિ પામ્યાં તે સર્વ મિત્ર ભખવા નહિ એટલે ત્રસજીવનો માંસાદિ વર્જવો એ સુદ્ધ સૂત્રાર્થ જાણવો.

પ્રશ્ન ૯ મું—એણે સૂત્રે સર્વથા દઢાવ કીધો જે સાધુને સર્વથા માંસનો નિષેદ્ધ તો તેને વિષે દૂધાદિકનું શું સમજવું ?

ઉત્તર—દૂધાદિક તે પછી ઉપન્યા પણ લોહી માંસની પેઠે સહજાત માંહી ન કહેવાય, માટે દૂધનો નિષેદ્ધ નહિ. લોહી માંસનો સર્વથા નિષેદ્ધ ધાન સરસવાદિક સચિત અચિતાદિ ઘણા બોલનો ટાળો કીધો વનસ્પતિ માંહી પણ કાચી સચીતાદિકને ટાળી પણ માંસનો તો સર્વથાજ નિષેધ કર્યો.

કુલથા પણ ન ખાવા સરસવની પેરે. ધાન કુલથા (કળથી) ને ધાન સરસવની પરે ભખેવા અભખેવા કહેવું. અને સર્વથા કુલત્થા અભખેવામાં મનુષ્ય તિર્યંચનો ભાંગો સરિસવા મિત્રની પેઠે કહેવું. તિર્યંચ જાતિમાં પણ ગાય પ્રમુખના કુલ (ગોકુલ) કહ્યા છે ને તેમાં સર્વ પશુજાતિનો સમાવેશ થઈ જાય છે; માટે ધાન કુલત્થા સિવાય અભખેવા કુલત્થામાં, મનુષ્ય તિર્યંચના કુલત્થાનો માંસ સર્વથા નિષેદ્ધ કહ્યો.

માસામાં, ધાન માસાના ભખેવા અભખેવાના ભાંગા જણાવ્યા. અને બીજા ભેદે માસા તે બાર માસ તથા સોના રૂપાના તોલા તે પણ અભખેવા કહ્યા છે. તેમ ઉપલબ્ધથી માસીના પતિ માસા તે પણ અભખેવા જાણવા.

ઉપરનો અધિકાર ભગવંત મહાવીરે બ્રાહ્મણના મતને-તેના શાસ્ત્રના ન્યાયને આગળ કરીને સોમિલને ઉત્તર આપેલ છે. પણ ભગવંતના મતે તો ધાન જાતિ-એકેંદ્રિયના વનસ્પત્યાદિકના અચેત પુદ્ગલ-ફાસુક નિર્દોષ મુનિને લેવા યોગ્યજ કલ્પતિ વસ્તુનો આહાર કરવો કલ્પે; તે જણાવ્યું અને બાકીના અકલ્પનિક વસ્તુનો નિષેદ્ધ પણ જણાવ્યો.

પ્રશ્ન ૧૦ મું—કોઈ કહે કે જૈનના સાધુને મદીરા માંસ ખાવાની તેમના શાસ્ત્રમાં આજ્ઞા આપી છે; એમ અંગ્રેજી આચારાંગના તર્જુમાના વાંચનારા આક્ષેપો કરે છે, તથા અલ્પ બુદ્ધિવાળા પણ આચારાંગાદિકના ભાષાંતરો વાંચીને પણ એજ પ્રમાણે બોલે છે તો તેને માટે કોઈ સૂત્ર પાઠથી ખુલાસા છે ? જો આવા પ્રકારના જૈન સૂત્રથી તથા અન્ય શાસ્ત્રથી ખુલાસો કરવામાં આવશે તો મોટો ઉપકાર થશે અને ઘણા લોકોની શંકાઓ દૂર થશે.

ઉત્તર—આ વિષે ઉપર સૂત્ર પાઠથી જણાવી ગયા છીએ કે જૈન સાધુને ધાનની જાતિના અચેત પુદ્ગલ સિવાયનો આહાર નિષેદ્ધ છે; તો પણ ખુલ્લી રીતે મદિરા માંસનો સાધુને નિષેદ્ધ છે; એમ જાણવાની ઈચ્છા ધરાવનારા માટે નીચેના દાખલા ટાંકવામાં આવ્યા છે સાંભળો—

બાબુવાળા છાપેલા સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધે-બીજા અધ્યયને-પાને ૭૫૯ મે-બોલ ૭૨ મે-સાધુના અધિકારમાં-સાધુ કેવા હોય? તે ગુણ જણાવતા મૂળ પાઠમાં કહ્યું છે કે—

"अमज्ज मंसा ससिणो" ઇતિ મૂ૦ પાઠ-અથ ॥ દીપિકા ॥— अमद्य मांसा शिनः मद्यमांसं नाश्नंतीति ॥ (પાને ૭૬૫ મે) તથા પાને ૭૬૩ મે-અર્થ-મા કહ્યું છે કે—(अमज्जमंसा ससीणो કે૦) માધ માંસના પરિત્યાગી હોય.

વળી, સાધુને માટે-શ્રી પ્રશ્નવ્યાકરણમાં-ચોથા સંવરદ્વારની પાંચમી ભાવનામાં-સાધુએ પ્રણીત-સ્નિગ્ધ-ગરીષ્ટ-વિષયવિકાર વધે તેવો આહાર કરવો નહિ તેમાં પણ કહ્યું છે કે-मद्दु मज्जं मंसखज्जग विगइ परिवत्त. એટલે મધુ, મદ, માંસ વગેરે વિગયનો ત્યાગ કરે. અહિંયાં પણ મદ માંસનો ત્યાગ કરવો કહ્યો છે.

પ્રશ્ન ૧૧ મું—અહિંયાં કોઈ કહે કે-ચોથા મહાવ્રતની પાંચમી ભાવનામાં મદ માંસ નિષેધ્યા તેમજ દૂધ, દહીં, ઘૃત, નવનીત (માખણ), તેલ, ગોળ, ખાંડ, સાકર, મધુ, મધ, માસ, ખજક, એ સર્વ બોલ વરજ્યા છે. તેનું કેમ?

ઉત્તર—તેના માટે સૂત્રકારે ભાંગા જણાવ્યા છે. ઉપર કહેલા બોલમાં ચાર બોલનો તો સર્વથા નિષેદ્ધ છે બાકીના બોલને માટે ભાંગા પરેલા તેજ અધિકારે મૂલ પાઠથી જણાવ્યા છે.

૧. પ્રથમ બોલે—પ્રણીત સ્નિગ્ધ ભોજન વરજ્યો કહ્યો તે વિશેષે કરીને પ્રણીત તે ચાર પ્રકારની મહા વિગય તે તો સાધુ જમેજ નહિ. સાધુને લેવો કલ્પેજ નહિ. એ પ્રથમ અધિકાર જાણવો.

૨. બીજે બોલે—કોઈ ઘના અનુગ્રહની પરે તપ વિશેષે વરતા. કેતા તજે ખીરાદિક ખજક પ્રમુખ બારે વિગયનો ત્યાગ કરીને આહાર કરે; એટલે ચાર મહા વિગયનો તો કુલેથીજ સર્વથા ત્યાગ હોય, બાકીનો તપ વિશેષ જાણવો. એ બીજો અધિકાર.

૩. ત્રીજે બોલે—સાધુ કલ્પતી, વિગય લીએ તો नदप्पं० કહેતા કંદર્પાદિક વધારવાને અર્થે ન લીએ, नबहुसो० કહેતા અતિ ઘણો ન લિએ, नसाहं सुप्पाहीकं० કહેતા સાક સૂપાદિકે (ઉકારાદિકે) કરી અધિક ન લીએ, नसर्घं० કહેતા ઘણો ઘણો ઠાંસી ઠાંસી ન જમે માટે तहा मोतव्वं जहाते जाति माताए भवति. કહેતા જેમ સંયમની યાત્રાનો નિર્વાહ થાય તેહને અર્થે અર્યાદાએ લીએ. એ ત્રીજે અધિકારે એમ કહ્યું.

પ્રશ્ન ૧૨ મું—અહિંયાં કોઇ કદી એમ સમજે છે કે—જે મદિરાદિક ચાર મહા વિગય છે પણ તે માંહિથી થોડી થોડી લેવાતી હોવે તો શું? ઇતિ શંકા—

ઉત્તર—તેહ સંદેહ નિવારવાને અર્થે-નિર્ણય નિમિત્તે ચઉથો અધિકાર તીર્થંકર મહારાજ કહે છે.

૪. ચોથે બોલે—नय भवति विम्भमो भंसणाय धम्मस्सनय० ન લીએજ સર્વથા भवइ કહેતા હોય થાય જે થકી विम्भमो० કહેતા વિભ્રમ વિકલતાપણું भंसणाय धम्मस्स० કહેતા વીતરાગની આજ્ઞાનો તથા ધર્મનો વિધ્વંસ થાય ભંગ થાય, તો વિગય કેમ લીયે? અર્થાત્ એમ હોય તો સાધુ સર્વથા ન લીએ. એ ચોથો અધિકાર કહ્યો.

પ્રશ્ન ૧૩ મું—ઉપર કહેલી વિગયમાં એવી કઇ કઇ વિગય છે કે જે વિગય ભોગવવાથી વિભ્રમ વિકલતાપણું પામે?

ઉત્તર—ચાર મહા વિગય મધ્યે વિભ્રમ વિકલતાપણું તથા વિશ્વ અલિષ્ટપણું ઉપજાવે. તેમાં પણ મદિરા અને માંસ તો પ્રત્યક્ષ પ્રસિદ્ધ દીસે છે. વળી સૂત્રની સાખે પણ ના કહી. सुरंवा मेरगंवावी ઇત્યાદિ ૧૦ ગાથા એ મદિરા વાર્યું. મદિરા પીધે ઉન્માદપણું વધે ૧, લુવ્ધતા ૨, મૃષા ૩, વિકલતા ૪, અહિતપણું વધે ૫, તથા આચાર્યાદિકને આરાધિ ન શકે ૬, ગૃહસ્થાદિક જાણે તો હિલેનંદે ૭, વળી શ્રી ભગવંત તીર્થંકરની આજ્ઞાનો ભંગ થાય ૮, સંવરપણું પણ આરાધિ ન શકે૯ ઇત્યાદિ ઘણા અવગુણ મદિરાના સૂત્ર મધ્યે કહ્યા છે. ૧ અથવા માંસ છે તે નરકના આઉખાનો હેતુ છે, તથા સહજાથ મિત્ર સરિસવા અજાખેયવા, તથા ઉત્તરાધ્યયનમાં—તથા આર્દ્રકુમારના અધ્યયનમાં માંસ ખાવાવાળાને મહિંસક, અજ્ઞાની મૃષાવાદિ તથા અસાધુ કહ્યાછે.

પ્રશ્ન ૧૪ મું—ઉત્તરાધ્યયન સૂત્રમાં માંસના ખાવાવાળાને કેવા કહ્યા છે ને તેને શું ફળ કહ્યું છે તે જણાવો?

ઉત્તર—સાંભળો-ઉત્તરાધ્યયન અધ્યયન ૫ મે-ગાથા ૯-૧૦ મી.

हिंसे बाले मुसावाद, माइल्ले पिसुणे सढे;
भुंजमाणे सुरं मंसं, सेय मयंति मन्नई ॥ ९ ॥
कायसा वयसा मत्ते, वित्ते गिद्धेव इत्थिसु;
दुहओ मलं संचिणइ, सिसुना गोव्व मट्टियं ॥१०॥

અજ્ઞાની માણસ હિંસા કરે છે, મૃષાવાદ (જુઠું) બોલે છે, કપટ આદરે છે, પારકી નિંદા કરે છે, ઠગબાજી રમે છે, મદ્ય માંસ સેવે છે-ભોગવે છે-ખાય છે, અને એમ માને છે કે આ બધું હું બહુ સારૂં કરૂં છું. ઘણા એવો માણસ મન, વચન અને કાયાથી ઉન્મત્ત બન્યો થકો સ્ત્રીઓમાં ગૃદ્ધ રહી જેમ અળસીઆં માટી ખાય છે, માટીમાં રહે છે અને માટીમાંજ સુકાઇને મરે છે. તેમ રાગ દ્વેષ કરીને બંને પ્રકારે (મનથી અને કાયાથી) પાપ બાંધે છે-કર્મ મળ એકઠું કરે છે.

મદિરા માંસ ખાનારાઓને ઉપર પ્રમાણે કહેલ છે. તેમજ સાતમા અધ્યયનમાં માંસાહારીને બોકડાના દ્રષ્ટાંતે નરક ગતિનું ફળ કહ્યું છે.

પ્રશ્ન ૧૫ મું—સાતમા અધ્યયનમાં માંસાહારીને માટે શું કહ્યું છે તે સવિસ્તર જણાવશો ?

ઉત્તર—સાંભળો-ઉત્તરાધ્યયન સૂત્રના ૭ મા અધ્યયનની ગાથા ૬ ઠી તથા ૭ મી-તેમાં નીચે પ્રમાણે કહ્યું છે. ગાથા—

इत्थी विसय गिद्धेय, महारंभ परिग्गहे;
भुंजमाणे सुरं मंसं, परिवूढे परं दमे. ॥ ६ ॥
अयकक्कर भोइय, तुंदिल्ले चियसोणिए;
आउयं नरए कंखे, जहा एसं व एलए. ॥ ७ ॥

સ્ત્રીઓમાં અને ખાવા પીવામાં ફસી પડેલો, મહા આરંભ અને મહા પરિગ્રહમાં મૂંઝાયેલો, મદિરા માંસ વાપરનાર-ખાનાર, બીજાઓપર જુલમ ગુજારનાર, અપચશવર્ધક આહાર કરનાર, પેટસરૂ અને ક્રોધથી લાલચોળ બનતો માણસ કસાઇખાનામાં કાપવા માટે મચાવેલા બકરાની માફકની માફક નરકે જવાનીજ તૈયારી કરે છે.

પ્રશ્ન ૧૬ મું—મદિરા માંસના ભોગી શું નરકમાં જાય છે ? એવો નરકમાં ગયાનો દાખલો સૂત્રપાઠથી જણાવશો ?

ઉત્તર—સાંભળો—ઉત્તરાધ્યયન અધ્યયન ૧૯ મે—ગાથા ૬૯—૭૦—૭૧ માં મદિરા માંસના ભોગવવાવાળા નરકે ગયેલા ને પરમાધામિઓ કેવા દુઃખ આપે છે? તે નિચેની ગાથાઓમાં જણાવે છે.

तवाइं तंब लोहाइं, तओयाइं सीसगाणिय;
पाइउ कलकलंताइं, आरसंतोसु भेसं. ॥ ६९ ॥
तुहंपियाइं मंसाइं, खंडाइं सोलगाणिय;
खाविउमिस मंसाइ, अग्गिवन्ना इंणेगसो. ॥ ७० ॥
तुहंपिया सुरासीहू, मेर ओय महुणिय;
पाइओमि जलंतीओ, वसाओ रुहिराणिय. ॥ ७१ ॥

માંસ મદિરા વાપરનારને નરકમાં આવી શિક્ષા થાય છેઃ—પરમાધામિઓ બોલે છે કે તને માંસ, માંસના કટકા તથા માંસના તળેલાં સોટા (સીખ) પસંદ પડતાં હતાં (તને તળેલું—સેકેલું—ભુંજેલું—સંસ્કારેલું માંસ (પૂર્વ ભવે) પ્રિય હતું કેમ? એમ કહી કહીને—ઉદેરીને કહેતા કે—) માટે હવે તેજ ખાઓ લે—એમ કહીને તેઓ તે નરકમાં પડેલા જીવના શરીરમાંથીજ માંસના કકડાં કાપીને આગમાં સેકી ખાદ્યયોગ્ય બનાવીને તેને ખવરાવે છે અથવા તો ત્રાંબાનું, લોઢાનું, કલાઇનું, કે સીસાનું તપાવેલ અને પ્રજ્વળતું રસ જોર વાપરીને બળાત્કારે પીવરાવે છે, એ વખતે નરકનો જીવ અત્યંત બુમો પાડે છે ત્યારે તેને (પરમાધામિઓ તરફથી) કહેવામાં આવે છે કે તને ખાસ જાતની મદિરા તથા મધ પસંદ પડતાં હતાં, માટે તેના બદલામાં હે, તાંબુ સીસું તપાવીને તને પીવરાવીએ છીએ, એમ કહીને દુઃખ દેવામાં આવે છે.

ઉપર કહ્યા પ્રમાણે મદિરા માંસ અને મધના ભોગવવાવાળાને નારકિ ગતિના મહા દુઃખ પ્રાપ્ત થવાનું કહ્યું. તેમજ સુયગડાંગ સૂત્રમાં [illegible] વાપુને અનાર્ય તથા અબોધી (સમકિત રહીત) તથા [illegible] કહ્યા છે.

પ્રશ્ન ૧૭ મું—સુયગડાંગ સૂત્રમાં, માંસ ખાવાવાળાને [illegible] કેવું કહેલ છે તે જણાવશો?

ઉત્તર—[illegible] સુયગડાંગ સૂત્રના બીજા અધ્યયન [illegible] અધિકારે કહ્યું છે કે [illegible]—

अजोगरूवं इह संजयाणं, पावंतु पाणा णय संज्ञकाउं;
अबोहिए दोण्हवितं असाहु, वयंति जेया विपादिस्सुणंति ॥२०॥

અર્થઃ—બૌદ્ધદર્શની પોતાના ધર્મનું રહસ્ય, આર્દ્રકુમાર પ્રત્યે દેખાડીને તેને કહેવા લાગ્યા કે, અહો આર્દ્રકુમાર? તું અમારો ધર્મ માન્ય કર? એહવું કહે થકે, હવે આર્દ્રકુમાર તેમને કહે છે કે, અહો શાક્ય દર્શનીઓ? (अजोगरूवं इह संजयाणं કે૦) અહીં તમારા દર્શનને વિષે જે પૂર્વે ભોજન આશ્રી વચન કહ્યું તે, સંયતપણાને અયોગ્ય છે કારણકે, અહિંસાને અર્થે પ્રવર્ત્તમાન, સમિતિ અને ગુપ્તિયે કરી સહિત, એવા સાધુ હોય, તેને ભાવ શુદ્ધિ કૃતકારિતાદિકની થાય એ વાત ખરી છે, પરંતુ તમારી વક્તવ્યતાયે, ખલ અને પુરૂષની વ્યક્તિ પણ જે ન જાણે તેનેજ ભાવ શુદ્ધિ કહી. એ કારણેજ બૌદ્ધ મતિઓ ખલપિંડીની બુદ્ધિયે પુરૂષનો વિનાશ કરીને તેના ગુરૂને માંસ ભક્ષણ કરાવે; તે અત્યંત અયુક્ત છે, તેજ કહે છે. (पावंतु पाणाणय संज्ञकाउं કે૦) પ્રાણી એટલે જીવ, તેના વિનાશરૂપ પાપ કરીને, પ્રકર્ષે રસ ગૃદ્ધ થકા વળી તેનેજ પુણ્ય બોલે માટે (अबोहिए दोण्ह वितं असाहु કે૦) એ પાપ, અબોધીનું કારણ છે તેથી તે બહુને અસાધુ જાણવા, તે બે કોણ? તે કહે છે. (वयंति जेया विपादि स्सुणंति કે૦) એક તો જે ખલપિંડીની બુદ્ધિએ પુરૂષને પચાવે, અને તે માંહે પાપ નથી એમ કહે, અને બીજો જે તેમનું એવું વચન અંગીકાર કરે, એ બહુને ભલું નથી. એવી ભાવ શુદ્ધિએ મોક્ષ નથી.

ये एवं पूर्वोक्तं वदंति येच तेभ्यः शृण्वंति तयोर्द्वयोरपि असाध्वेतद् अज्ञानावृत मूढजन भावशुद्ध्या शुद्धिर्नभवतीत्यर्थः ॥२०॥ ઇતિ દીપિકાયાં.
(આબુવાળા છાપેલ પાને ૬૨૯–૩૦ મેં.)

પ્રશ્ન ૧૮ મું—માંસાહાર નિષેધ વિષે સુયગડાંગજીનો બીજો દાખલો છે? હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—હા, જી, સાંભળો—માંસભક્ષીને માટે મહાવીર પરમાત્માના શિષ્ય આર્દ્રકુમાર શું કહે છે. ગાથા—

थूलं उरब्भं इह मारियाणं, उद्दिट्ठ भत्तं च पगप्पएत्ता;
तं लोण तेल्लेण उवक्खडेत्ता, सपिप्पलीयं पकरंतिमंसं ॥१७॥
तं भुंजमाणा पिसितंपभूतं, णउवलिप्पामो वयं रएणं;
इच्चेव माहंसु अणज्जधम्मं, अणारिया बाल रसेसु गिद्धा ॥१८॥

અર્થઃ—વળી પણ આર્દ્રકુમાર તે કુમતિના મતની વાત કહે છે કે, (થૂલં કે૦) મ્હોટી કાયાએ ઉપચિત માંસ શોણિત યુક્ત એવો, (ઉરબ્ભં કે૦) ઉરભ્ર (બકરો–ઘેટો) તેને (इह કે૦) આ શાક્યના શાસનને વિષે સર્વજ્ઞ ભક્તિને અર્થે (मारियाणं કે૦) વિનાશીને મારીને (उद्दिट्ठ भत्तं च पकप्पएत्ता કે૦) ઉદ્દિષ્ટ ભોજન કલ્પીને (तं लोण तेल्लेण उवक्खडेत्ता કે૦) તે માંસને લુણ અને તેલ સાથે પચાવીને, (सपिप्पलीयं पगरंति मंसं કે૦) પિપ્પલી સહિત માંસ કરે ॥ ૩૭ ॥ એવું માંસ કરીને પછી શું કરે ? તે કહે છે, (तं भुंजमाणा पिसितं पभूतं કે૦) તે માંસ, પ્રભુત એટલે ઘણું જમતાં થકાં ભોગવતાં થકાં એમ કહે છે કે, (णो उवलिप्पामो वयं रएणं કે૦) અમે એની પાપરૂપ રજે કરી લેપાતા નથી. (इच्चेवमाहंसु अणज्जधम्मं કે૦) એવું વચન કહે, તે અનાર્ય ધર્મી જાણવા, કારણ કે, તે દુષ્ટપણું આદરે છે. (अणारियाबाल रसेसुगिद्धा કે૦) તે અનાચારી બાલ, એટલે અજ્ઞાની રસ ગૃદ્ધી થકા એવાં વચન કહે છે.॥૩૮॥

અહિંયાં તો માંસ ભક્ષીને અનાર્ય, બાળ, અજ્ઞાની, ગૃદ્ધ, અનાચારી વગેરે કહીને બોલાવ્યા અને એવા ધર્મને પણ અનાર્ય ધર્મ કહ્યો.

પ્રશ્ન ૧૯ મું—માંસ ભક્ષી વિષે વિશેષ કાંઇ જાણવા જેવું છે ?

ઉત્તર—તેજ ચાલતા અધિકારે ૩૯ મી ગાથામાં કહ્યું છે કે—

जे यावि भुंजंति तहप्पगारं, सेवंति ते पावमजाणमाणा।
मणं न एयं कुसला करेंती, वायावि एसा बुइयाउ मिच्छा. ॥३९॥

અર્થઃ—હવે તે માંસાશીને એનો વિપાક કહે છે. (जेयावि भुंजंति तहप्पगारं કે૦) જે રસ ગૃદ્ધ છતાં તથા પ્રકારે માંસને જમે, (सेवंति ते पावमजाणमाणा કે૦) તે અજ્ઞાની પુરૂષો નિઃકેવળ પાપનું સેવન કરે છે. (मणं न एयं कुसला करेंति કે૦) જે કુશળ એટલે પંડિત હોય તે માંસ ભક્ષણ કરીને એવું મન પણ ન કરે. તથા (वायाविएसा बुइयाउ मिच्छा કે૦) માંસ ભક્ષણમાં દોષ નથી એવી અસત્ય વાણી પણ બોલે નહિ કિં બહુના અહીં શું કહીએ ॥ ૩૯ ॥ (સૂયગડાંગ છાપેલ પાને ૬૧૬ મે)

પ્રશ્ન ૨૦ મું—[illegible] વિષે [illegible] કાંઇ બતાવે છે ?

ઉત્તર—[illegible] ટીકામાં નીચે પ્રમાણે કહ્યું છે. [illegible] [illegible] [illegible] અને [illegible] કહ્યું છે કે—

टीका–इत्येतच्च तेषां महतेऽनर्थायेति (जेयावीत्य.डि) येचापि रस गौरव गृद्धाः शाक्योपदेशवर्तिनस्तथा प्रकारं स्थूलोरभ्रं संस्कृतं घृत लवण मारचादि संस्कृतं पिशितं भुंजतेऽश्नंति तेऽनार्याः पापं फलमजानाना निर्विवेकिनः सेवंते आददते तथा चोक्तं । हिंसामूलममेध्यमास्पदमलं ध्यानस्य रौद्रस्ययद्.

बीभत्सं रुधिराविलं कृमिगृहं दुर्गंधि पूयादिकं ॥
शुक्रा सृक्प्रभवं नितांत मलिनं सद्भिः सदा निंदितं,
को भुंक्ते नरकाय राक्षससमो मांसं तदात्मद्रुह. ॥ १ ॥

હિંસાના મૂળ હેતુભૂત, અપવિત્ર, રૌદ્ર ધ્યાનના ખાસ સ્થાનકરૂપ, ગ્લાનિજનક, લોહીથી ખરડાએલા, કીડાથી ભરપુર, દુર્ગંધી, પરૂવાળા, વીર્ય અને લોહીથી ઉત્પન્ન થતા, અત્યંત મલિન અને સારા માણસોએ હંમેશ નિંદિત ઠરેલા, એવા માંસને રાક્ષસ સરખો ક્રુર થઇને તેમાં વસેલા જીવનો દ્રોહી બની જે નરક જવા ચાહતો હોય તેજ ખાય, બીજો કોણ ખાશે ? વળી—

॥ अपिच ॥ मांस भक्षयिताऽमुत्र, यस्य मांस मिहाद्म्यहं ।
एतन्मांसस्य मांसत्वं, प्रवदंति मनीषिणः ॥ २ ॥

હું અહીં જેનું માંસ ખાઉ છું, તે મને પહેલા લોકમાં ભક્ષણ કરનાર છે, એ રીતે બુદ્ધિવાનો માસ શબ્દના બે અક્ષરોનો અર્થ કરે છે. (માં–સ મને તે ખાનાર છે) તથા–

योऽत्ति यस्य च तन्मांस, मुभयोः पश्यतांतरं;
एकस्य क्षणिका तृप्ति, रन्यः प्राणै र्वियुज्यते ॥ ३ ॥

જે માંસ ખાય છે, અને જેનું માસ ખવાય છે, એ બેની સ્થિતિમાં બે તફાવત છે તે જુવો. જ્યારે ખાનારને માંસ ખાતાં ક્ષણિક–થોડા વખતની તૃપ્તિ મળે છે, ત્યારે બીજો હમેશને માટે પ્રાણ વિમુક્ત થાય છે. (અથ ટીકાર્થઃ–)

આ રીતે માંસ ભક્ષણમાં ઘણા દોષ રહેલા છે, એમ જાણીને શું કરવું તે સૂત્રકાર બતાવે છે કે માસ ભક્ષણથી થતાં ખરાબ વિપાક અને તેથી અલગા રહેતાં થતા ફાયદાને જાણનારા નિપુણ પુરૂષો મનથી માંસ ખાવાની અભિલાષા પણ કરેજ નહિ.

માંસ ખાવું તો દૂર રહ્યું, પણ "માંસ ભક્ષણમાં દોષ નથી" એવું વચન બોલવું પણ હડહડતું જૂઠ છે.

માંસ ભક્ષણથી અળગા રહેતાં આ દુનિયામાં આપણી પ્રશંસા થાય છે, અને પેલી દુનિયામાં સ્વર્ગ અને મુક્તિ મેળવી શકાય છે.

પ્રશ્ન ૨૧ મું—કોઇ કહે કે-માંસ ભક્ષી તૈયાર મળેલા માંસને ખાય તેને દોષ જણાતો નથી કારણકે પાપ તો હિંસાના કરનારને લાગે છે. તૈયાર મળેલું ખાનારને દોષ શાનો ?

ઉત્તર—શ્રી આચારાંગ સૂત્રના ભાષાંતરમાં (પરિહાર્ય મીમાંસાનું ભાષાંતર. તેમાં પાને ૨૬ મે થી ૩૨ મા પૃષ્ટ સુધી માંસાહાર સંબંધીના કેટલાક ખુલાસા લખ્યા છે. તેમાં ઉપરની બાબત માટે લખ્યું છે કે—

સૂયગડાંગ સૂત્રના પહેલા અધ્યયનના બીજા ઉદ્દેશાની ટીકામાં એવું લખ્યું છે કે—

"કેટલાએક એવું કહે છે કે જેમ બીજાની મારફત (અથવા અમુક દુર્થયાર મારફત) અગ્નિ પકડી મગાવતાં આપણે બળી જાતા નથી; તેમ બીજાએ જીવને મારીને તૈયાર કરેલા માંસને ખાતાં કશો દોષ નથી.

પરંતુ આ તેમની ઘેલાઇ ભરેલી વાત સાંભળવા લાયક નથી કારણકે બીજાએ જીવને મારીને તૈયાર કરેલું માંસ ખાતાં પણ તેમાં ખાનારની અનુમતિ (મંજુરી) કાયમ ઠરે છે, અને તેના લીધેજ તેથી કર્મ બંધ થાય છે. જે માટે લોકમાં પણ એવું કહેવાય છે કે—

अनुमंता विश सिता, संहर्ता क्रय विक्रयी;
संस्कर्ता चोप भोक्ताच, घातक श्चाष्ट घातकाः १.

મંજુર રાખનાર, મારનાર, સાચવનાર, ખરીદનાર, વેચનાર, રાંધનાર, ખાનાર, મરાવનાર એ આઠે જણ ઘાતક છે.

એજ મુજબ સ્થાનાંગ સૂત્રના દશમાં ઠાણામાં એવું કહેવામાં આવ્યું છે કે જ્યાં માંસ વગેરે પડેલાં હોય ત્યાં સ્વાધ્યાય (સૂત્ર પાઠ) નહિ કરવો. ત્યાં દશ પ્રકારના ઔદારિક અસ્વાધ્યાય જણાવ્યા છે તે એ કે—હાડકાં, માંસ, લોહી, અશુચિ (મળમૂત્ર) મશાણભૂમિ, ચંદ્ર ગ્રહણ, સૂર્ય ગ્રહણ, ઉલ્કાપાત, રાજ વિગ્રહ અને ઉપાશ્રયના અંદર પડેલું (પચેંદ્રિયનું) મૃત કલેવર.

એ વગેરે અનેક પ્રકારના સિદ્ધાંતમાં રહેલાં વચનો વાંચવાથી જેની શ્રદ્ધા પવિત્ર થઇ હશે તે પુરૂષ એવુંજ માનશે કે "માંસાદિકનું ભક્ષણ ન કરવું" એજ વાત સિદ્ધાંતને અનુસરતી છે, તેમાં લગારે શક નથી. (ઇતિ પરિહાર્ય મીમાંસાયાં)

પ્રશ્ન ૨૨ મું—ઉપર કહેલા તમામ પ્રશ્નોના ઉત્તરથી એમ તો નિર્ણય થાય છે કે—જૈન સાધુઓને મદિરા માંસ ખાવાનો નિષેદ્ધ છે એ વાત તો ચોકસ છે. પણ આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના પહેલા પિંડૈષણા અધ્યયનમાં કેટલાંક સૂત્રો સાધુને "માંસ અને મચ્છ ખાવાનાં શંકાળા શબ્દો હોવાથી હરમન જેકોબી જેવા વિદ્વાને પણ પોતાના કરેલા આચારાંગ સૂત્રના અંગ્રેજી તર્જુમામાં એજ વાત દાખલ કરી છે કે આગળપર જૈનના સાધુ માંસાહારી હતા. એમ ઘણાં લોકોને આવા શંકાળા પાઠ ઉપરથી શંકાઓ ઉદ્ભવે છે. તેના નિર્ણયને માટે "પરિહાર્ય મિમાંસા" માં કેટલુંક તો લખાણ થઇ ગયું છે; તોપણ હજી વિશેષ ખુલાસા માટે અને સૂત્રોનાજ આધારથી જો ખુલાસો કરવામાં આવે તો મોટો ઉપકાર થાય. માટે આવા શંકાળા પાઠ માટે વિશેષ જાણવા યોગ્ય અને થતી શંકાઓનું સમાધાન થાય તેવું પ્રગટમાં લાવશો?

ઉત્તર—જૈનના સાધુ માંસાહારી નથી એમ ઉપરના લખાણ સૂત્રોના મૂળપાઠથી બેધડક કહી બતાવેલ છે. મહાવીર પરમાત્માએ માંસાહારીને માટે-અનાર્ય, બાળ, અજ્ઞાની, મૂઢા, અનાચારી વગેરે શબ્દોથી જ્યારે બોલાવ્યા ત્યારે તેમના સાધુને માંસાદિક ખાવાની આજ્ઞા ફરમાવેજ ક્યાંથી? એટલો પણ વિચાર કર્યા વિના-ડો. હર્મન જેકોબીએ પોતાના કરેલા સૂયગડાંગ સૂત્રના અંગ્રેજી ભાષાંતરના ૩૭૯ મા "પેજમાં અમજ્જ મંસાસિણો" આ પાઠથી સર્વથા ખુલ્લી રીતે મદ્યમાંસ ભક્ષણનો નિષેધ પાડવામાં આવેલો છે. છતાં પણ કેવી ભૂલ થઇ જાય છે કે-"પ્રાચીન મુનિઓ માંસાહારી હતા."

શ્રી નંદીજી સૂત્રમાં ભગવંત મહાવીરે ચોકખું કહ્યું છે કે-સમ્યક્ શ્રુત મિથ્યાદૃષ્ટિના હાથમાં આવે-મિથ્યાદૃષ્ટિ વાંચે તેને મિથ્યાશ્રુત થઇ પરગમે; એમ ઉપરનો દાખલો સાબીતી કરી આપે છે. તેમજ-ડોક્ટર હોર્નલે પણ ઉપાશક દશાંગના અંગ્રેજી તર્જુમામાં-ભગવતીજી સૂત્રના પંદરમાં શતકમાં ભગવંત મહાવીરને રેવતી ગાથા પતનીએ વોરાવેલા પાકના અર્થમાં પણ મોટી ભૂલ ખાધી છે. તે આગળના લખાણ ઉપરથી જણાઇ આવશે.

પ્રશ્ન ૨૩ મું—કોઇ એમ કહે કે-પિંડૈષણા અધ્યયનમાં ચોખે ચોખ્ખું કહ્યું છે કે-જ્યાં માંસ મચ્છાદિકના જમણવાર હોય ત્યાં સાધુ ગોચરીને માટે જાય તેનું કેમ?

ઉત્તર—આચારાંગ સૂત્રના પિંડૈષણા અધ્યયનના ચોથા ઉદ્દેશાનો મૂળ પાઠ આ પ્રમાણે છે—

से भिक्खू वा (२) जाव पविट्ठे समाणे सेज्जं पुण जाणेज्जा मंसाइं वा, मच्छाइयं वा, मंसखलं वा, मच्छखलं वा, आहेणं वा, पहेणं वा, हिंगोलं वा, समेलं वा, हीरमाणं पेहाए, अंतरासेमग्गा बहुपाणा बहुबीया बहुहरिया बहुओसा बहुउदया बहुउत्तिंग पणग–दगमट्टिय–मक्कडासंताणगा, बहवे तत्थ समण–माहण–अतिहि–किवण–वणीमगा उवागता उवागमिस्संति, तत्थाइन्ना वित्ती, णो पण्णस्स णिक्खमण पवेसाए, वायण पुच्छण परियट्टणाणुपेहाए धम्माणुओग चिंताए, सेवंणच्चा तहप्पगारं पुरेसंखडिं वा पच्छासंखडिं वा संखडिं संखडियापणो अभिसंधारेज्जा गमणाए. ॥ ५६१ ॥

(મુનિએ જમણવારમાં ન જવું) આ નામના હેડિંગ નીચે ભાષાંતરકાર લખે છે કે—

મુનિએ ગૃહસ્થના ઘરે (ગૃહસ્થમાં તમામ ધર્મવાળાનો સમાવેશ થાય છે). ભિક્ષાર્થે જતાં તેને ત્યાં એવું જણાય કે અહિં માંસ, મત્સ્ય કે મદ્યવાળું વિવાહ ભોજન, મૃતક ભોજન, યા પ્રીતિ ભોજન છે અને તેને ત્યાં કોઇ લઈ જતું હોય, તોપણ જો માર્ગમાં બીજ, વનસ્પતિ, ઠાર, પાણી, કે બીજા જીવજંતુ ઘણા હોય અથવા ત્યાં ઘણાએક (શાક્યાદિક) શ્રમણો, બ્રાહ્મણો, વટેમાર્ગુઓ, રંક ભિક્ષુકો કે ભાટ ચારણો આવેલા કે આવનાર હોય અને તેથી ત્યાં બહુ ભીડ થવાની હોય જેથી ચતુર મુનિને ત્યાં જવું વળવું મુશ્કેલી ભરેલું થઇ પડે અને પઠન પાઠન કે ધર્મોપદેશ અટકી પડવાના જણાય; તો તેવા સ્થળે તે મુનિએ જવાનો ઇરાદો નહિ કરવો. (૫૬૧)

અહિયાં માંસાદિકની સંખડીને વિષે યા તે રસ્તે જવાની સત્તાએ સાધુને ના કહી છે.

પ્રશ્ન ૨૪ મું—શિષ્ય—ઉપરના અધિકારને માટે તો વાંધો નથી; વાંધો તો (૫૬૨ મી કલમ વગેરે) છ કલમનો છે.

ઉત્તર—કઇ કલમનો વાંધો છે ને છ કલમો કઇ છે? તે કહો.

પ્રશ્ન ૨૫ મું—શિષ્ય—આચારાંગ સૂત્રના ભાષાન્તરમાં પરિહાર્ય મીમાંસા-એટલે-શંકિત સૂત્રની વિચારણા. (ઉપોદ્ઘાત) ની શરૂઆતમાં "પિંડેષણા" નામના પહેલા અધ્યયનમાં (કલમ-૫૬૨-૫૬૫-૬૦૭-૬૧૯-૬૩૦-અને ૬૩૧) એ ૬ કલમને તકરારી ગણી તેમાં વાંધો ઉઠાવ્યો છે, તેનું અનુક્રમે સમાધાન થવું જોઇએ?

ઉત્તર—૫૬૨ મી કલમમાં શો વાંધો જણાવે છે?

પ્રશ્ન ૨૬ મું—શિષ્ય-૫૬૨ મી કલમમાં કેટલાક એવો વાંધો ધરાવે છે કે—જ્યાં માંસ મચ્છાદિક વપરાતા હોય એવી સંખડીમાં-એવા જમણવારમાં સાધુએ ભિક્ષાર્થે જવું પણ ખરૂં માટે આ સંબંધી શું સમજવું?

ઉત્તર—અહો બંધુઓ! સમદૃષ્ટિથી વિચાર કરશો તો તરતજ સમજી શકશો કે—જ્યારે સાધારણ અને સાદી સંખડીમાં ભગવંતે સાધુને તે રસ્તે પણ જવાનો નિષેદ્ધ કર્યો છે. તો પછી જ્યાં માંસ મદિરાદિક વપરાતા હોય તેવી સંખડીમાં જવાની આજ્ઞા કેમ કરે? તે પ્રથમ વિચાર કરવો જોઇએ. માટે ૫૬૨ મી કલમનો અર્થ જેવો જોઇએ તેવો સમજી શક્યા હોય એમ જણાતું નથી.

પ્રશ્ન ૨૭ મું—સાદી સંખડીમાં ભગવંતે શું ફરમાવ્યું છે?

ઉત્તર—સાંભળો—જ્યાં સંખડી હોય એટલે જ્યાં જમણવાર હોય ત્યાં સાધુને ઇરાદાપૂર્વક જવું નહિ તેના સૂત્રો નીચે પ્રમાણે છે.

(૧) કલમ (૫૪૫ મે) બે ગાઉની હદમાં પણ સંખડી-જમણવાર હોય તો તે ગામમાં ઇરાદાપૂર્વક ભોજન લેવા માટે ન જાવું.

(૨) કલમ (૫૪૬ મે) જે દિશે સંખડી હોય તે દિશાએ સાધુએ નહિ જતાં એથી ઉલટી દિશાએ આહારાદિક વહોરવા જવું.

(૩) કલમ (૫૪૭ મે) ગ્રામ, નગર, પુરપાટણાદિકને વિષે સંખડી હોય તો સંખડીને મનમાં ધારીને તે નિમીતે ત્યાં જવું નહિ. કારણકે કેવળી ભગવાને કહ્યું છે કે—"સંખડીમાં જવાથી કર્મ બંધાય છે."

(૪) કલમ (૫૪૮ મે) જે મુનિ સંખડીમાંથી ભોજન લેવા માટે સંખડી તરફ જશે. તો આધાકર્મિકાદિ દોષ-યુક્ત દુષ્ટ આહારમાં ફસાઇ પડશે. તે સિવાય જગ્યા વગેરેના ઘણા દોષો ઉત્પન્ન થતા કહ્યું છે.

ઉપર કહેલા ચાર સૂત્રો-ચાર કલમો પિંડૈષણા અધ્યયનના બીજા ઉદ્દેશામાં-શાખાન્તરમાં કહેલ છે.

(૫) કલમ (૫૫૦ મે) જે મુનિ સંખડી ભોજન કરશે તો કોઇ વખત તે આહારથી વિરોધ ઉત્પન્ન થવાથી શૂળાદિક રોગોત્પત્તિ વગેરે કષ્ટ થવાનો સંભવ માટે કેવળી ભગવાન જણાવે છે કે સંખડી ભોજન કર્મ બંધનો હેતુ છે.

(૬) કલમ (૫૫૧ મે) સંખડીમાં ઘણાં સ્ત્રી પુરૂષો ગૃહસ્થોના તથા અન્ય ત્યાગીઓના મેળાવડા મળેલા હોય છે તે સાથે મુનિ એકઠો મળી જવાથી કદાચ મદિરા પાનમાં ફસાઇ પડે-ઉન્મત બને-સ્ત્રીઓ પર તે મુર્છાય અથવા સ્ત્રીઓ તેના પર મુર્છાય, વખતે તેમાં ફસાઇ પણ જાય વગેરે ઘણું દોષો ઉત્પન્ન થવા સંભવ છે; માટે નિર્ગંથ સંજતિએ પૂર્વ સંખડી કે પશ્ચાત સંખડીમાં ભોજનાર્થે-ભિક્ષાર્થે જવાનો ઇરાદો નહિ કરવો.

(૭) કલમ (૫૫૨ મે) કોઇ મુનિ પૂર્વ સંખડી કે પશ્ચાત સંખડી થતી સાંભળીને ત્યાં ઉત્સુકતા ધરી ચાલ્યો જશે તો ત્યાં નિર્દોષ આહાર તે વાપરી શકવાનો નથી, કિંતુ ત્યાં દૂષિત આહાર વાપરીને દોષપાત્ર થવાનો. માટે મુનિએ સંખડીમાં નહિ જવું. કિંતુ ભિક્ષાના સમયે જુદા જુદા કુળોમાં જઇને પવિત્ર આહાર મેળવી તે વાપરવો.

(૮) કલમ (૫૫૩ મે) જે ગામ કે રાજધાનીમાં સંખડી થવાની હોય ત્યાં તેના માટે મુનિએ જવાનો ઇરાદો ન કરવો. કેમકે કેવળજ્ઞાનીએ બોલ્યા છે કે તેમ કરતાં કર્મબંધ થાય છે.

(૯) કલમ (૫૫૪ મે) સંખડીમાં ઘણાં માણસની ભીડાભીડમાં સાધુ જાય તો એક બીજાના અંગોપાંગને તથા ઉપગરણને આફળે કોઇ લાકડી, હાડકા, મૂષ્ટિ, પથ્થર, કાંકરા વગેરેથી પ્રહાર કરે. અથવા કોઇ મુનિના શરીર પર ટાઢું પાણી ફેંકે અથવા કોઇ ધુળ નાખે, કદાપી આહાર મળે તોપણ અશુદ્ધ મળે, દાતાર બીજાને દેતા-બીજાને મળવાનું છતાં વચમાંથી મુનિ તે આહાર ઝુંટાવી લે વગેરે અનેક દોષ સંભવે છે. માટે નિર્ગંથ મુનિએ તેવી સંખડીમા ભોજન લેવાના ઇરાદાથી કદિ નહિ જવું.

ઉપરના પાંચ સૂત્રો-પાંચ કલમો પિંડૈષણા અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં કહેલ છે. બીજા ને ત્રીજા ઉદ્દેશાના મળી સંખડીના ૯ સૂત્રો-ના કલમોમાં જવાનું નિષેધ્યું. સાદા જમણમાં પણ સાધુ જાય નહિ.

(૧૦) કલમ (૫૬૧ મે) ચોથા ઉદ્દેશે કહ્યું છે કે-સાધુ આર્યા ગોચરી જતા થકા રસ્તામાં એવા પ્રકારની સંખડી આવે કે-જ્યાં માંસ મત્સ્ય કે આદિ શબ્દથી મદિરા પ્રમુખ હોય માંસના તથા મચ્છના ખાતા હોય-તે સુકવેલા હોય તથા માંસ મદિરાદિક લઇ જતા લોકના રસ્તામાં વેરાયેલા હોવાથી ઇત્યાદિકને લીધે રસ્તામાં ઘણાં જીવજંતુઓ તેની ગંધને લઇને થયા હોય તથા બીજ, વનસ્પતિ વગેરે વેરાયેલા હોય, કાચા પાણી, માટી વગેરે રસ્તામાં આવતા હોય તથા શ્રમણ માહણ (અન્યતિર્થીના) ભિક્ષુ વગેરે

ઘણા માણસોનું સંકિરણ–ભીડ ઘણી હોય. સાધુને જવા આવવામાં ઘણી મુશ્કેલી ભરેલું થઇ પડે અને પઠન પાઠનાદિક ધર્મ ઉપદેશ તથા ધ્યાનાદિ અટકી પડવાના જણાય તેવા સ્થળે–તેવા સંખડીવાળા રસ્તે મુનિએ જવાનો ઇરાદો નહિ કરવો.

પૂર્વે કહેલી ૯ સાદી સંખડી અને ૧૦ મીમાંસાદિકવાળી અયોગ્ય સંખડીમાં તથા તેવા સંખડીવાળા રસ્તે પણ મુનિને જવાનો નિષેધ ભગવંતે કર્યો છે.

પ્રશ્ન ૨૮ મું—શિષ્ય–કોઇ કહે (૫૬૨ મી કલમ ઉપરથી) માંસ મત્સ્યાદિક વપરાતા હોય તેવી સંખડીમાં સાધુ ગોચરી જાય એવો ભાવ જણાવેલ છે તેનું કેમ?

ઉત્તર—પ્રથમના પાઠનો અને ૫૬૨ મી કલમના પાઠનો વિચાર કરશો તો તેમાં અનેક રહસ્યો રહેલા છે. અયોગ્ય સંખડીમાં જવાની ભગવંતે ચોકખી મના કરી છે; તેવી સંખડીમાં જવાની આજ્ઞા કેમ આપે? ને ખાસ વિચાર કરવા જેવું છે. તે મૂળ પાઠ ઉપરથી વિચાર કરવામાં આવશે તો તથા આગલા પાછલા સંબંધનો વિચાર સાથે કરવામાં આવશે તો ઉપર કહેલા ૧૦ બોલની પેઠે આ ૧૧ મો બોલ તેની સાથે મળતોજ છે

પ્રશ્ન ૨૯ મું—આ પાઠ કેવો રીતનો છે ને ભાષાન્તરમાં શું કહ્યું છે તે જણાવશો?

ઉત્તર—જુઓ મૂળ પાઠ અને ભાષાન્તર નીચે પ્રમાણે છે—

से भिक्खू वा [२] गाहा वइ कुलं पिंडवाय पडियाए पविट्ठे समाणे सेज्जं पुण जाणेज्जा, मंसाइयं जाव संमेलं वा हीरमाणं पेहाए अंतरा से मग्गा अप्पंडा जाव अप्पसंताणगा, णो जत्थ बहवे समण माहणा जाव उवागमिस्संति, अप्पाइण्णा वित्ती, पण्णस्स णिक्खमण पवेसाए पण्णस्स वायण पुच्छण परियट्टणा णुपेहाए धम्माणु जोग चिंताए, सेवं णच्चा तह प्पगारं पुरेसंखडिं वा पच्छासंख-डिं वा संखडिं संखडिपडियाए अभिसंधारेज्ज गमणाए [५६२]

પણ જો તેવા માંસ મત્સ્ય કે મદ્યમધન, વિવાહ ભોજન, મૃતક ભોજન યા પ્રીતિ ભોજનમાં મુનિને કોઇ તેડી જતું હોય, અને મુનિને માર્ગમાં કીડી વનસ્પતિ, જળ કે ઇત્યાદિ નહિ હોય તેમજ ત્યાં શ્રમણ બ્રાહ્મણાદિકની બહુ ભીડ પણ નહિ હોય જેથી મુનિને જવું આવવું સુગમ હોય, અને પઠન પાઠનાદિ પણ થઇ શકે, તો તેવા સ્થળે [illegible] મુનિએ નિષેધે જવું પણ ખરું. (૫૬૨)

શાખાન્તરવાળો નીચે ફુટનોટમાં લખે છે કે-૧ મુનિ રસ્તે ચાલી થાકયો હોય યા માંદગીથી ઉઠયો હોય યા દુર્લિક્ષ હોય વીગેરે કારણોએ માંસાદિક ત્યાગ કરવા સમર્થ મુનિએ ત્યાં જવું એમ ટીકાકારે જણાવ્યું છે. અને પરંપરાના ટબામાં એમ જણાવે છે કે-અભિસંધારેજ્ઞ ગમણાए કે૦ મનમાંહિ ચિંતવે જાવા ભણી, નિર્દોષ સંખડી જાણીને જાય પણ તથા કાલ્પનિક આહાર લીએ. ઇહાં મંસાદિક લેના નથી કહ્યા. ઇત્યર્થઃ

પ્રશ્ન ૩૦ મું—આ કલમમાં સંખડીમાં જવું જણાવે છે તેનું શું કારણ ?

ઉત્તર—અહિંયાં સંખડીનો અર્થ એમ થાય છે કે-જ્યાં જમણવાર હોય ત્યાં સંખડી ગણાય. પંઠાને પણ સંખડી ગણાય અને સરીયામ રસ્તામાં જ્યાં માણસો જમવા બેસતા હોય ત્યાં પણ સંખડી ગણાય. જ્યાં માંસાદિકના પકવાન થતા હોય એટલે જ્યાં પંઠો હોય તેનાથી अंतरायेलमणा એટલે પંઠાના અંતરે-પંઠાથી જુદો જે માર્ગ એટલે પંઠાથી અલગ માણસોને હાલવા ચાલવાના રસ્તે-એટલે રાજ રસ્તે-માંસ મદિરાદિક ન પડયા હોય, માંસ મચ્છના ખળા ન હોય, રસ્તામાં પાણી છંટાણું ન હોય, કાચી માટી પથરાણી ન હોય, તેમ બીજા જીવજંતુઓનું (ખરાબ વસ્તુ ન આવે તેની ગંધ વિના) આવવું ન થયું હોય, તેમજ ઘણાં શ્રમણ માહણાદિક રાંકા, ભિખારા પ્રમુખની ભીડ પણ ન હોય, અર્થાત્ રસ્તાને વિષે જમણવાર પણ ન હોય. તેવી સંખડીના માર્ગે થઇને સાધુ ભિક્ષાર્થે જાય, તથા અન્ય સ્થળે બીજા કોઇ સાધુ ઉતર્યા હોય તેની પાસે વાંચણી લેવા તથા પ્રશ્નાદ પૂછવા, તથા લીધેલી વાંચના સંભળાવવા-પરિવર્તન કરવા તથા સૂત્રાર્થ વિચારવા, અથવા ધર્મ ધ્યાનની ચિંતવના કરવા, અથવા યોગ સાધન કરવા કે ધ્યાન ધરવા જવાને ભગવંતે આજ્ઞા આપી છે કે ઉપર કહેલી સંખડીના માર્ગે થઇને ગમન કરે.

પ્રશ્ન ૩૧ મું—શું સંખડીમાં વહોરવા ન જાય ?

ઉત્તર—ના જી, સંખડીમાં વહોરવા નજ જાય. સાદી સંખડીમાં વહોરવા ન જાય તો જ્યાં માંસ મત્સ્ય મદિરાદિ વપરાતા હોય તેવી સંખડીમાં જવાનું હોય કયાંથી ? અને ભગવંત આજ્ઞા આપે પણ કેમ ? કદિ ન આપે. અરે સંખડીની દિશા તરફ જે જવાની મના કરે તે આવી અયોગ્ય સંખડીમાં જવાની આજ્ઞા આપે ખરા ? ના, ના, કદિ આજ્ઞા ન આપે.

પ્રશ્ન ૩૨ મું—તો પછી સંખડીના રસ્તે થઈને જવાનું કેમ થાય? તે દિશા જવાની તો ભગવંતે ના કહી છે અને ૫૪૬ મી કલમમાં ચોકખું કહ્યું છે કે-પૂર્વ દિશા સંખડી હોય તો સાધુએ પશ્ચિમ દિશા ભિક્ષાર્થે જવું, પશ્ચિમ દિશા સંખડી હોય તો પૂર્વ દિશાએ જવું, દક્ષિણ દિશા હોય તો ઉત્તર દિશા જવું અને ઉત્તર દિશા સંખડી હોય તો દક્ષિણ દિશા ભિક્ષાર્થે સાધુએ જાવું. આમ ચોકખું કહ્યું છે છતાં માંસાદિ વપરાતા એવી સંખડીના રસ્તે થઈને જવાનું કેમ કહ્યું?

ઉત્તર—તે કહેવાનું કારણ એમ જણાય છે કે—સાધુને ગોચરી વગેરે ઉપર કહેલા કારણે આ રસ્તા સિવાય બીજો રસ્તો નથી, અગર બીજો રસ્તો બહુ ફેરમાં હોય અને સંખડિવાળો રસ્તો સરલ ને નજીકનો હોય, અથવા બીજો રસ્તો કોઈપણ કારણે જવા જોગ ન હોય ત્યારે ઉપર કહેલા અયોગ્ય સંખડિવાળા રસ્તે જવાની ભગવંતે આજ્ઞા આપી હોય એમ સમજવું. પણ સંખડિમાં ભિક્ષાર્થે જવાની તો ઉપર કહેલી ૧૧ રે ઠકાણે ચોકખી ના કહી છે.

પ્રશ્ન ૩૩ મું—ઉપરની સંખડિની છેવટની કલમમાં ટીકાવાળાની તથા ટબાવાળાની માન્યતા મુજબ માસાદિકની સંખડિમાં સાધુ વહોરવા જાય પણ માસાદિ વ્હોરે નહિ-લીએ નહિ. પણ બીજી વસ્તુ લેવાને શો બાધ આવે?

ઉત્તર—તે બાધ આવતો હશે તોજ ભગવંતે બધી કલમોમાં મના કરી છે. ભગવંતે તો સાદિ સંખડિ અને અયોગ્ય સંખડિમાં જવાની ના કહી છે. એવો પાઠ આ છેલ્લી કલમમાં નીકળી આવે છે કે—તે સંખડિમાં જવાનો-પ્રવેશ કરવાનો ને નીકળવાનો પાઠ નથી, પણ સાધુએ પોતાના ઉપાશ્રયથી સંખડિવાળા રસ્તે નીકળવાનો ને પાછા વળી તે રસ્તે પ્રવેશ કરવાનો પાઠ છે. 'रुगहस्स णिक्खमण पवेसाए'—પ્રજ્ઞાવાન સાધુએ નિકળવું અને પ્રવેશ કરવો. આ પાઠ પંઠાવાળી સંખડિને લાગુ ન થાય; કારણ કે પંઠાની અંદર પેઠા વિના નીકળવું કયાથી? અહિં તો પહેલું નીકળવું કહ્યું અને પછી પ્રવેશ કરવો કહ્યો, તેં તો રસ્તાને માટે લાગુ થાય છે.

વળી, એવી અયોગ્ય સંખડિ કે જેમાં માંસ મચ્છાદિ રંધાતા હોય, વપરાતા હોય, જ્યાં મસ મત્સ્યનાં ખડાં હોય, જ્યાં દુર્ગંધ છુટી રહેલી હોય એવી સંખડિમાં વાચના, પુચ્છણ, પરિયટ્ટણ, અનુપેહા, ધર્મકથા કે ધર્મધ્યાનની ચિંતવણા કેવી રીતે થઈ શકે? સૂત્રની વાચનાદિ પાંચ પ્રકારની

સઝાય કરવાનું આ સ્થળ ગણાય કે કેમ? તેનો વિચાર પહેલો કર
જોઈએ. ઠાણાંગજીના દશમે ઠાણે ઔદારિક શરીર સંબંધી દશ પ્રકા
અસઝાય કહી છે તેમાં લોહી, માંસ વગેરેની અસઝાય કહી છે. માટે અયો
સંખડિમાં સૂત્રની વાંચનાદિ પાંચ પ્રકારની સઝાય માહેલું કાંઇ પણ કાર
કરવા યોગ્ય આ સ્થળ નથી. માટે એ પાંચે કારણ માટે સંખડિના માર્ગે
થઇને-તે રસ્તે થઇને "पन्नस्स वायण, पुछण, परियट्टणा, अणुपेहाए, धम्माणु
योग चिंताए" પ્રજ્ઞાવાન સાધુ, પ્રજ્ઞાવાન સાધુ પાસે વાંચના લેવાદિ પાંચ
કારણે જાય. અને તે કામથી નિર્વર્તન થયે પાછા તેજ સંખડિના રસ્તે
પ્રવેશ કરી-તે રસ્તે થઇને ઉપાશ્રયમાં પ્રવેશ કરે. ઇત્યર્થ:—

આનો પરમાર્થ એ છે કે—૧૧ કલમોએ, જ્યાં સંખડિ એટલે
જમણવાર હોય તે સંખડીમાં અને પ્રથમની ૧૦ કલમોમાં તે રસ્તે પણ
જવાનો નિષેદ્ધ કર્યો છે. અને છેવટની ૧૧ મી એક કલમે ઉપર કહેલ
કારણે તે રસ્તે જવા આવવાની ભગવંતે આજ્ઞા આપી. સીવાયનો નિષેદ્ધ
(આટલા દાખલે ૫૬૨ મી કલમનું સમાધાન થયું કે જૈન સાધુ માંસ
મત્સ્ય કે મદિરાદિ વાપરે નહિ, અને એવા જમણવાર હોય ત્યાં ભિક્ષાર્થે
જાય પણ નહિ.)

પ્રશ્ન ૩૪ મું—કોઇ કહે છે કે-આચારાંગ સૂત્રના પિંડેષણા અધ્ય-
યનમાં ચોથે ઉદ્દેશે-છેવટના અધિકારે ભાષાંતરમાં-કલમ (૫૬૫) મી તેમ
કહ્યું છે કે-સાધુએ માંસાદિક વહોરીને ખાધું તેનું કેમ?

ઉત્તર—આ ઠેકાણે એવો પાઠ જણાતો નથી કે કોઇ સાધુએ માંસ
વહોરીને ખાધું; પરંતુ કોઇ સાધુ આ પ્રકારનો સંકલ્પ કરે તેને દોષપાત્ર
ગણ્યો છે. સૂત્રપાઠે માયાનું સ્થાનક સેવે માટે સાધુને એમ કરવું નહિ-
એમ ભગવંતે કહ્યું છે.

પ્રશ્ન ૩૫ મું—આ વિષે સૂત્રપાઠ શું કહે છે તે જણાવો?

ઉત્તર—સાંભળો-સૂત્રપાઠ-

*भिक्खागा णामेगे एव माहंसु समाणे वा वसमाणे वा, गामाणु गामं
दूइज्जमाणे, " खुड्डाए खलु अयं गामे संणिरुद्धाए णो महालए, सेहंतामयंताो
बाहिरगाणि गामाणि भिक्खायरियाए वयह " [५६४]*

વૃદ્ધપણાથી સ્થિરવાસ કરનારા કે માસકલ્પથી ફરનારા મુનિઓ
નવા આવ્યા મુનિઓને એમ કહે કે "હે પૂજ્ય મુનિઓ, આ ગામ ઘણું

નાનકડું છે, અને અહિં (ભુતકાદિકથી) ઘણાં ઘરો રોકાયેલાં છે. માટે આપ બીજા ગામે ભિક્ષા માટે પધારો." તો મુનિએ તેમ સાંભળી ગ્રામાંતરે ચાલ્યા જવું. (૫૬૪) પછી પોતે શું ચિંતવે? તે કહે છે.

संति तत्थेगतियस्स भिक्खुस्स पुरेसंथुया वा पच्छासंथुया वा परिवसंति, तंजहा, गाहावति वा, गाहावतिणीओ वा, गाहावतिपुत्ता वा, गाहावतिधूयाओ वा, गाहावति सुण्हाओ वा, धाई वा, दासीओ वा, कम्मकरा वा, कम्मकरीओ वा, तहप्पगाराइं कुलाइं पुरेसंथुयाणि वा पच्छा संथुयाणि वा पुव्वामेव भिक्खायरियाए अणुपविसिस्सामि, अविय इत्थ लभिस्सामि पिंडं वा, लोयं वा, खीरंवा, दधिंवा, नवणीयं वा, घयंवा, गुलंवा, तेल्लंवा महुंवा, मज्जं वा, मंसंवा, संकुलिंवा, फाणियं वा, पूयंवा, सिहरिणिं वा, तंपुव्वामेव भुच्चापेच्चा, पडिग्गहं संलिहिय सपमज्जिय, ततोपच्छा भिक्खूहिं सद्धिं गाहावतिकुलं पिंडवाय पडियाए पविसिस्सामि निक्खमिस्सामि वा। माइठाणं फासे। णो एवं करेज्जा। से तत्थ भिक्खूहिं सद्धिं कालेण अणुपविसित्ता तत्थियरे तियरे हिं कुले हिं सामुदाणियं एसियं वेसियं पिंडवायं पडिगाहेत्ता आहारं आहारेज्जा ५६५

કોઈ ગામમાં મુનિના પૂર્વપરિચિત તથા પશ્ચાત્‌પરિચિત સગા વહાલા રહેતા હોય જેવા કે;–ગૃહસ્થો, ગૃહસ્થબાનુઓ, ગૃહસ્થપુત્રો, ગૃહસ્થપુત્રીઓ, ગૃહસ્થ પુત્રવધુઓ, ધાઇઓ, દાસ, દાસીઓ અને ચાકરો કે ચાકરડીઓ; તેવા ગામમાં જતાં જો તે મુનિ એવો વિચાર કરે કે હું એકવાર બધાથી પહેલાં (જે બીજે ગામ વહોરવા ગયા છે તે આવ્યા પહેલા) મારા સગાઓમાં ભિક્ષાર્થે જઇશ, અને ત્યાં મને અન્ન, પાન, દૂધ, દહીં, માખણ, ઘી, ગોળ, તેલ, મધુ, મદ્ય માંસ, તિલપાપડી, ગોળવાળું પાણી, બુંદી કે શીખંડ મળશે તે હું સર્વથી પહેલાં ખાઇ પાત્રો સાફ કરી પછી બીજા (આવેલા મેમાન) મુનિઓ સાથે ગૃહસ્થના ઘરે ભિક્ષા લેવા જઇશ, તો તે મુનિ દોષ પાત્ર થાય છે, માટે મુનિએ એમ નહિ કરવું, કિંતુ બીજા મુનિઓ સાથે વખતસર જુદા જુદા કુળોમાં ભિક્ષા નિમિતે જઇ કરી ભાગમાં મળેલો નિર્દુષણ આહાર લઇ વાપરવો. ૫૬૫

આનો પરમાર્થ એ છે કે–ગામડામાં વસતા એકલા સાધુની એ ચિંતવણા જણાય છે. ઝાઝા સાધુ હોય તો નના ગામડામાં વધાર (એક બે દિવસ ઉપરાંત) રહે નહિ, અથવા તો સ્થિરવાસ રહે નહિ, તેમ શુદ્ધ સાધુનો એવો વિચાર થાય નહિ કે–વિહાર કરીને આવેલા મુનિને છળ કરીને

બીજે ગામ મોકલે, અને પોતે અયોગ્ય વસ્તુ લેવા કે ભોગવવાનો સંકેત કરે, એવો સંભવ હોય નહિ. માટે ઉપરનો અધિકાર સ્વેચ્છાચારિનો જણાય છે.

પ્રશ્ન ૩૬ મું—આ અધિકાર વિષે ટીકાકારનો શો અભિપ્રાય પડે છે? તે જણાવશો?

ઉત્તર—આ ઉપરના કહેલા અધિકારમાં મદ્ય માંસના સંબંધે ભાષાન્તરમાં-ફુટનોટમાં જણાવ્યું કે-વખતે કોઇ અતિપ્રમાદિ ગૃદ્ધ હોવાથી મદ્ય માંસ પણ ખાવા ચાહે માટે તે લીધા છે એમ ટીકાકાર લખે છે.

સૂત્રના મૂલ પાઠે તો એવા પ્રકારની ચિંતવણા કરી હોય એમ જણાય છે તથાપી ટીકાકારના મત પ્રમાણે હોય તો પણ એ આચાર શુદ્ધ સાધુનો તો નથી, અને ટીકાકારના અભિપ્રાયે પણ તે સાધુ એકઠો કરે છે, વળી તેને અતિ પ્રમાદિને ગૃદ્ધિ કહ્યો. અને મૂળ પાઠમાં ટો તેને ચોકખો માયાના સ્થાનને સેવનારો અને તે કૃતવ્ય કરવા યોગ્ય નથી; એમ ભગવંતે ખુલ્લા શબ્દોમાં કહ્યું છે; માટે તેની ચિંતવણા હો કે ઉપર કહેલા પન્નર બોલમાંના ગમે તે પ્રકારના આહાર માહિલો આહાર કરેલો હોય તોપણ તે દોષને પાત્ર છે; કારણકે-એ કૃતવ્ય હીણાચારિનો છે. અયોગ્ય આચારના ધણીનેજ અયોગ્ય ચિંતવણા અને અયોગ્ય વિચાર થાય. તેના માટે આ ચાલતા અધિકારમાં ટબાવાળાએ હીણાચારીના ૪ લક્ષણ જણાવ્યાં છે.

પ્રશ્ન ૩૭ મું—આ સંબંધે હીણાચારીના ૪ લક્ષણ કેવી રીતે જણાવ્યાં છે?

ઉત્તર—પરંપરાના આચારાંગના ટબામાં ઉપર કહેલા અધિકારના સંબંધે એમ જણાવે છે કે-એક સાધુ, જંગાદિક બલખીણપણે એકજ ક્ષેત્રને વિષે રહેતાં ત્યાં માસકલ્પ વિહારી એવા બીજા સાધુઓ વિહાર કરતાં પ્રાહુણા તરીકે આવ્યા, તે પ્રત્યે માયાવિયો ભિખાગો રસનો લોલપી માટે તેને વિપ્રતારવા ભણી તે એમ કહે.

(૧) હીણાચારીનાં ૪ લક્ષણમાં પ્રથમ તો સાધુને વિપ્રતારવા-વંચવા-છેતરવાને ત્યાં આહાર ન મળે ત્યાં મોકલે, બીજે ગામ ભટકાવે.

(૨) પૂરે સંથૂયા પછા સંથૂયાને ઘરે જાવો ચિંતવીને તત્ર મદિરા માંસાદિક ચાર મહાવિગય લીએ.

(૩) તે વળી ભોગવે-રસલોલપીપણે, ગૃદ્ધીપણે શુદ્ધ આહાર લીએ તે પણ દુષ્ટ આહારજ ગણાય.

(૪) પછે તે સાધુ ભટકીને પાછા ફરી આવ્યા પછી તે માયાવી, માયા કરી-કપટ કરી-પોતાની માયા ઢાંકવા માટે ગામ મધ્યે તેડી જાય.

એ ૪ મોટા અવગુણ માટે દીક્ષાચારીના કર્તવ્ય સર્વ સાધુને માટે ન ઘટે; નવનીત, મધુ, મદિરા, માંસ, એ ચારે એટલે લેવા ચિંતવ્યા તે રસલોલુપીપણું, તેમ મુસાધુને એ સર્વ નિષેધ ૨. માયાવીપણું-માયા કેળવી સાધુ સંઘાને વિપ્રતારણા કરી સાધુને વંચ્યા ૩ ઇત્યાદિક કર્તવ્ય વીતરાગના સાધુને ન હોય એ તે. દીક્ષાચારીનું કર્તવ્ય.

માંસાહારને માટે જે (૫૮૫) મી કલમ જૈનના સાધુને માટે લાગુ કરવામાં આવી છે તે કોઇ વાતે ઘટીત નથી. કોઇ દીક્ષાચારીનું અયોગ્ય કર્તવ્ય હોય તે આખી સમાજને લાગુ કરવા ધારે તે કેમ કબુલ થાય? માટે એ કલમની શંકા તદ્દન ખોટી છે.

પ્રશ્ન ૩૮ મું—શિષ્ય-આચારાંગજીના ભાષાન્તરમા શકાકારની કલમમાં (૧૮૭) મી કલમ દાખલ કરી છે તો તેમાં શું કહ્યું છે?

ઉત્તર—તે કલમમાં છ બોલમાં સદાય જીવની ઉત્પત્તિ સંબંધી અધિકાર છે. તેનો ખુલાસો-સાતમા ભાગના ૨૨ મા પ્રશ્નમાં આવી ગયો છે અને મધ ને મદિરા વિષે વધારે સમજણી આગળ પર કરેલ છે. ત્યાંથી સમજી લેવું.

પ્રશ્ન ૩૯ મું—શિષ્ય-આચારાંગજીના ભાષાન્તરમા-'પરિહાર્ય મીમાંસા' શંકિત સૂત્રની વિચારણામાં-કલમ (૬૧૯) મીમાં શું કહ્યું છે કે જેને શંકિત (તકરારી) કલમમાં દાખવી પડી છે?

ઉત્તર—અહિંઆં એ સૂત્રના બે કલમના અધિકારે કેટલાક એવી શંકા ધરાવે છે કે માંસ મત્સ્ય શિકારના અર્થે સાધુને [illegible] છે. માટે તે વસ્તુ ખપની હોવી જોઇએ એમ કેટલાક શંકા કરે છે.

પ્રશ્ન ૪૦ મું—આ શંકા ખરી છે કે ખોટી? મૂળ પાઠ શું કહે છે? અને જો શંકિત પાઠ હોય તો તેનો ખુલાસો [illegible] જોઇએ.

ઉત્તર—[illegible] પાઠ-અને ભાષાન્તર નીચે પ્રમાણે છે.

से भिक्खू वा (२) [illegible]

[illegible]

[illegible] । [illegible] । ६१९

મુનિએ માંસ કે મત્સ્ય ભુંજાતા જોઇ અથવા પરોણાને માટે પૂરીઓ તેલમાં તળાતી જોઇ તેના સારૂ ગૃહસ્થ પાસે ઉતાવળા ઉતાવળા દોડી તે ચીજો માગવી નહિ અગર માંદગી ભોગવનાર મુનિના સારૂ (ગરમ પૂરીઓ) ખપતી હોય તો જુદી વાત છે. (૬૧૯)

અહિંયાં ભાષાન્તરવાળાએ માંસ મત્સ્યનો કાંઇ ખુલાસો કર્યો નથી; તેથી ભાષાન્તર વાંચવાવાળાને ભ્રમણામાં પડવું થાય તે સ્વાભાવિક છે અને ઘણાં લોકો શંકાશિલ થાય; માટે અહિંયાં જણાવવા જરૂર પડે છે કે-માંસ શબ્દે કોઇ પંચેંદ્રિય જીવનો માંસ ન લેવો; તેમજ મચ્છ શબ્દે મત્સ્ય-માંછલા પણ ન લેવા, પણ બન્ને વનસ્પતિનીજ જાતી છે એમ પરંપરાના આચારાંગજીના ટબામાં ખુલ્લી રીતે જણાવે છે અને બીજા સૂત્રો પણ તે વિષે પુરતી સાક્ષી આપે છે.

પ્રશ્ન ૪૧ મું—પરંપરાનો ટબો તો ઘણું કરી પાયચંદ્ર સૂરિજીનો કરેલો છે ને તે તો મહા વિદ્વાન તરિકે ગણાઇ ગયા છે ને તેમનો કરેલો ટબો પણ પ્રામાણિક ગણાય છે; માટે તેમણે મંસંવા મચ્છંવા શબ્દનો શે અર્થ કર્યો છે ને તે વિષે કાંઇ વિશેષ ખુલાસો જણાવે છે?

ઉત્તર—સાભળો-ઉપર કહેલા નવમા ઉદ્દેશામાં મંસંવા કહેતાં-મંસ તે ગીર-વનસ્પતિનો ગીર અને મચ્છંવા કહેતાં-મચ્છ ને આકારે વનસ્પતિ કારેલા રોટી પ્રમુખ. પચતા તળતા દેખીને તથા તેલમાં પુડલા પ્રમુખ તળતા પચતા દેખીને સાધુ ઉતાવળો ઉતાવળો આવીને જાચે નહિ-માગે નહિ એ ઉત્સર્ગ માર્ગ જાણવા, અને અપવાદ માર્ગે એટલો વિશેષ જંગિલાનાદિકને અર્થે જોઇએ તો કદાચિત માગે અન્યથા માગે નહિ. અહિંયા માંસ મચ્છાદિ શબ્દે વનસ્પતિ જાણવી. લોક પ્રસિદ્ધ નામ કહેતાં તેવો અર્થ કરતાં સૂત્ર શું મલે નહિ. સાધતા 'अमयमांसी अमयरिया' ઇતિ વચનાત. આ પ્રમાણે પરંપરાના ટબામા કહ્યું છે.

પ્રશ્ન ૪૨ મું—આ વિષે કાંઇ અધિક જાણવા જેવું છે? હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—જે મંસ મચ્છ ગિલાનને અર્થે માગવા એવો સહિત ઉપજાવે. તેનો પ્રત્યુત્તર-સૂત્રની શાખે તો મંસ શબ્દે વનસ્પતિનો ગીરદળ-ગર્ભ કેળા પ્રમુખ તજવા હોય તો. મચ્છ શબ્દે તંદુલ પર્યાય નામ, તંદુલ તે ચોખાનું નામ છે. અનુયોગદ્વાર સૂત્રે ज्ञुम तंदुल पव तंदुल मच्छ પલાવ્ર પ્રથમ પદે. ચોખાની વડી પાપડી તે પણ તજાય છે. मंसंवा० કેળા પ્રમુખના

ફળ તથા ગીર તે મંસ-ગીર કહીયે. સાખ પન્નવણા પદ પહેલે બિંટ મંસ ફડાહં एयाइ हवंति एग जीवस्स. मच्छंसा० મચ્છને આકારે કારેલા ડાડી પ્રમુખ તથા મચ્છને નામે વનસ્પતિ भुज्जिज्जमाणं० તળતાં पेहाए० દેખીને અથવા तेल्लपूयंसा० તેલ પ્રધાન પુડલો आएसाए० મહુમાને અર્થે એટલે બે પ્રકારની વનસ્પતિ ત્રીજો પુડલો એ ૩ उवक्खडिज्जमाणं० તળતા-પચતા पेहाए० દેખીને णोखधं ૨ ઉતાવળો ઉતાવળો उवसं कमित्तु० આવીને સહેજ ભાવે-સ્વાદે उभासेज्जा७ માગે નહિ. णणत्थ गिलाण णीसाए० ગિલાણના પ્રયોગ માટે એટલે ગિલાણ મંદવાડિયાને અર્થે તળ્યું તાવ્યું માગે એ ત્રણે ગિરાદિક હલુવાં તળ્યાં મોઢે લાગે તે માટે પણ ગિલાણ મંદવાડિયાને માંસ માછલા સદદે નહિ-પચ્ચે નહિ; માટે અહિંયા માંસ માછલાનો અર્થ લાગુ થાય નહિ. જે માંસ, માછલાનો અર્થ કરે છે તે એકાંત સૂત્ર વિરૂદ્ધ બોલે છે. મંસ મત્સ્યનો અર્થ વનસ્પતિનોજ કરવો, એ તળતાં દેખી ગિલાણાદિક માટે માગવાનો સંભવ; પરંતુ માંસ તો મુળથીજ નિષેદ્ધ છે. અને મત્સ્ય તે અન્નનું નામ હોય એટલે મત્સ્યને નામે અન્ન હોય. તંદુલ મચ્છ તથા મત્સ્યને આકારે વનસ્પતિ પણ હોય તે કંટોલા કંકોડા પ્રમુખ બીજી પણ કાંટાવાળી વનસ્પતિ મત્સ્યને આકારે હોય તે તળી તાવી નીલી તથા સૂકી વનસ્પતિ તથા પુડલો ગિલાણ ઘરડા મંદવાડિયાને અર્થે માગી લીએ એ અર્થ શુદ્ધ છે. એ (૬૧૯) મી કલમનો ખુલાસો કર્યો.

પ્રશ્ન ૪૩ મું—શિષ્ય-શ્રી આચારાંગ સૂત્રના ભાષાન્તરમા 'પરિહાર્ય મીમાંસા'માં-શંકિત સૂત્રની વિચારણામાં-શંકાવાળી કલમોમાં (૬૩૦) મી કલમ જે શંકાવાળી મૂકી છે કે-જેની અંદર એવો પાઠ છે કે-मंसगं मच्छगं भोच्चा अट्ठियाइं कंटए गहायसेतं जाव परिट्ठवेज्जा એટલે માંસ માંસ ભખીને અહિયં અહિયં પડવેજા એમ કહેવામાં આવે છે તેનું કેમ?

ઉત્તર—અહિંયાં પ્રથમના અધિકાર ઉપર વિચાર કરતાં વનસ્પતિની જાતિમાં ઘણી વસ્તુ નાખી દેવા યોગ્ય હોય અને થોડી વસ્તુ ખવા યોગ્ય હોય તેવી વસ્તુ સાધુએ લેવી નહિ. તે વાત (૬૨૮) મી કલમમાં જણાવેલ છે; તેમજ આચારાંગજી સૂત્રની બીજી આવૃત્તિમાં-(૬૨૯) મી કલમમાં એજ ભાવ જણાવ્યો છે કે—

से भिक्खू वा (२) सेज्जं पुण जाणेज्जा, बहु अट्ठियं मंसंवा, मच्छंवा बहु कंटगं;-अस्सि खलु पडिग्गाहितंसि अप्पे सिया भोयण जाए, बहु

धम्मिए-तहप्पगारं बहु अट्ठियं मंसं मच्छंवा बहु कंटगं लाभे संते जाव णो पडिगाहेज्जा। ६२९

વળી બહુ ઠળિયાવાળું (પનસ વીગેરે ફળોનું ફળ) ગર્ભ યા બહુ કાંટાવાળી મત્સ્યાકારની વનસ્પતિ જે લેવાથી થોડું ખાવાનું બને અને બહુ છાંડવું પડે છે તે પણ ગ્રહણ નહિ કરવા. (૬૨૯)

હવે ઉપર કહેલી વસ્તુ સાધુ ગોચરીયે ગયા છતાં ને કોઇ નિમંત્રણ કરે તે સંબંધે નીચેના પાઠમા જણાવે છે.

से भिक्खू वा (२) जाव समाणे सियाणं परो बहु अट्ठिग मंसेण मच्छेण उवणिमंतेज्जा "आउसंतो समणा, अभिकंखसि बहु अट्ठियं मंसं पडिगाहेत्तए?" एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म से पुव्वा मेव आलोएज्जा, "आउसो-त्तिवा भइणित्तिवा, णो खलु मे कप्पइ से बहु अट्ठियं मंसं पडिगाहेत्तए। अभिकंखसि मे दाउं, जावइयं तावइयं पोग्गलं दलयाहि, मा अट्ठियाइं।" से सेवं वदंतस्स परो अभिहट्टु अंतो पडिग्गहगंसि बहु अट्ठियं मंसं परिभाएत्ता णिहट्टु दलएज्जा; तहप्पगारं पडिग्गहगं परहत्थंसिवा पर पायंसिवा अफासुयं अणेसणिज्जं लाभे संते जाव णो पडिगाहेज्जा। से आहच्च पडिगाहिए सिया, तंणो "हि" त्ति वएज्जा, णो "अणहि" त्ति वइज्जा। से-त मायाए एगंत-मवक्कमेज्जा, (२) अहे आरामंसिवा अहे उवस्सयंसिवा अप्पंडए जाव सन्तंताणए मंसगं मच्छगं भोच्चा अट्ठियाइं कंटए गहाय से त मायाए एगंत-मवक्कमेज्जा। अहेज्झामथंडिलंसिवा जाव पमज्जिय (२) परिट्ठवेज्जा। ६३०

કદાચ મુનિને કોઇ નિમંત્રણ કરે કે "હે આયુષ્મન્ શ્રમણ, તમને ઠળિયાવાળું પુદ્ગલ જોઇએ છીએ?" આવું વાક્ય સાંભળી મુનિએ તરત જવાબ આપવો કે "હે આયુષ્મન્ યા બહેન! મને બહુ ઠળિયાવાળું પુદ્ગલ-ગર્ભ નથી જોઇતું; અગર તમે મને તે દેવા ચહાતા હો તો જેટલું તેના અંદર પુદ્ગલ-ગર્ભ છે તેટલું આપો, ઠળિયા નહિ આપો" એમ કહ્યા છતાં પણ ગૃહસ્થ પોતાના વાસણમાથી તેવું બહુ ઠળિયાવાળું પુદ્ગલ-ગર્ભ લાવીને આપવા માંડે તો તે મુનિએ તેનાજ હાથમાં કે વાસણમાં રહેવા દેવું, ગ્રહણ નહિ કરવું. અગર કદાચ ગૃહસ્થ તે મુનિના પાત્રમા ઝટ નાખી દે તો મુનિએ તે ગૃહસ્થને કશું નહિ કહેવું, કિંતુ તે આહાર લઇ એકાંત સ્થળમા જઇ જીવજંતુ વિગેરેથી રહિત બાગ કે ઉપાશ્રયની અંદર બેસીને તે ભોગવી ઠળિયા અને કાંટા નિર્જીવ સ્થંડિલમા પુંજી પ્રમાર્જી પરઠવી આવવા. (૬૩૦)

અહિંયાં મૂળ પાઠ ઉપરથી કે મૂળ ભાષાન્તર ઉપરથી કોઈને ચમકવા જેવું કે ભડકવા જેવું નથી તેમજ એકદમ કોઇએ અભિપ્રાય પણ આપી દેવા જેવું નથી. પાઠમાં કહેલા શબ્દનો અર્થ લોક પ્રસિદ્ધ ભાષામાં વપરાતો જે છે તે પ્રમાણે ગ્રહણ નહિ કરતાં વનસ્પતિની જાતિમાંજ તે શબ્દો સહિત લાગુ થાય છે.

પ્રશ્ન ૪૪ મું—શિષ્ય–અહિંયાં મૂળ પાઠ પ્રમાણે સાધુના પાત્રામાં આવેલી વસ્તુ તેમાંથી ખાધી શું ને પરઠવી દીધી શું તેનો ખુલાસો તો થવો જોઈએ?

ઉત્તર—તેનો ખુલાસો બહુ સારો છે સાંભળો–સાધુ ગૃહસ્થના ઘરે વહોરવા ગયા, દાતારે શાક, અથાણું કે મોરબ્બાનું આમંત્રણ કર્યું. તેમાં કોઇ કાંટા કુળીયા કે ઠળીયા–ગોટલા કે છોડીયા વગેરે ખાતાં ચવાય તેવા ન હોય અને ગળે અટકે તેવા પદાર્થો હોય તે સહિત દાતાર વોરાવે તો પ્રથમ સાધુ ના પાડે કે તે ચીજ લેવા જોગ નથી; પરંતુ જો તમારે મને તે વસ્તુ દેવી હોય તો તેમાંથી ઠળીયા, ગોટલા, છોડીયા કે કાંટા વગેરે ખાવામાં–ચાવવામાં ન આવે તેવા પદાર્થો કાઢી નાખીને બકાત રહેલો મંસ શબ્દે તેનો ગીર–દળ–ગર્ભ વોરાવો. તેમ કહેવા છતાં કોઇ દાતાર ઉતાવળો થઇ એમને એમ સાધુના પાત્રામા નાખી દે તો ગૃહસ્થને તિરસ્કાર નહિ કરતાં–ઠબકો નહિ દેતાં સાધુ પોતે ગોટલા છોડીયા–ઠળીયા વગેરે કાઢી નાખી ખાવા યોગ્ય કુણી વસ્તુને ખાઇ જાય અને બાકીની વસ્તુ પરિઠવે. દાખલા તરીકે–કેરીના અથાણામાં ગોટલા–છોડીયાં હોય, ખારેક, ગુંદાના અથાણામાં ઠળીયા હોય અને કોઇ એવી ચીજ હોય કે–જેમાં કાંટા પણ હોય તેમાંથી ખાવા યોગ્ય વસ્તુને ખાય અને પરિઠવવા યોગ્ય વસ્તુને પરિઠવે; એવો અધિકાર હોવા છતા તેને અવળાં રૂપમા અર્થ કરી સાધુને અભક્ષ વસ્તુ ખાવાનો આરોપ મૂકવો તે મહા નુકસાનીનું કર્ત્તવ્ય છે.

પ્રશ્ન ૪૫ મું—સૂત્રમાં મૂળ પાઠે अट्ठियं, मंस ने मच्छ એ ત્રણ શબ્દ જે કહ્યા છે તેનો અર્થ તો પંચેદ્રિયના શરીર સંબંધીમાં જાય તે ઉપરથી ઘણાં લોકો અવળા વિચાર ઉપર જાય અને શંકાશિલ બને તેના સમાધાનને માટે ઉપર જણાવ્યા મુજબ વનસ્પતિના સંબંધમાં એ ત્રણે બોલ જો શાસ્ત્રોક્ત દાખલાથી સાક્ષીની કરી આપો તો ઘણાઓની શંકાનું સમાધાન થાય માટે તે પ્રગટ કરવા જરૂર છે.

घम्मिए–तहप्पगारं बहु अट्ठियं मंसं मच्छंवा बहु कंटगं लाभे संते जाव णो पडिगाहेज्जा। ६२९

વળી બહુ ઠળિયાવાળું (પનસ વીગેરે ફળોનું ફળ) ગર્ભ યા બહુ કાંટાવાળી મત્સ્યાકારની વનસ્પતિ જે લેવાથી થોડું ખાવાનું બને અને બહુ છાંડવું પડે છે તે પણ ગ્રહણ નહિ કરવા. (૬૨૯)

હવે ઉપર કહેલી વસ્તુ સાધુ ગોચરીયે ગયા છતાં ને કોઇ નિમંત્રણ કરે તે સંબંધે નીચેના પાઠમા જણાવે છે.

से भिक्खू वा (२) जाव समाणे सियाणं परो बहु अट्ठिग मंसेण मच्छेण उवणिमंतेज्जा "आउसंतो समणा, अभिकंखसि बहु अट्ठियं मंसं पडिगाहेत्तए?" एयप्पगारं णिग्घोसं सोच्चा णिसम्म से पुव्वा मेव आलोएज्जा, "आउसो–त्तिवा भइणित्तिवा, णो खलु मे कप्पइ से बहु अट्ठियं मंसं पडिगाहेत्तए। अभिकंखसि मे दाउं, जावइयं तावइयं पोग्गलं दलयाहि, मा अट्ठियाई।" से सेवं वदंतस्स परो अभिहट्टु अंतो पडिगाहगंसि बहु अट्ठियं मंसं परिभाएत्ता णिहट्टु दलएज्जा; तहप्पगारं पडिग्गहगं परहत्थंसिवा पर पायंसिवा अफासुयं अणेसणिज्जं लाभे संते जाव णो पडिगाहेज्जा। से आहच्च पडिगाहिए सिया, तंणो "हि" त्ति वएज्जा, णो "अणहि" त्ति वइज्जा। से–त मायाए एगंत–मवक्कमेज्जा, (२) अहे आरामंसिवा अहे उवस्सयंसिवा अप्पंडए जाव अप्प संताणए मंसगं मच्छगं भोच्चा अट्ठियाई कंटए गहाय से त मायाए एगंत मवक्कमेज्जा। अहेज्झामथंडिलंसिवा जाव पमज्जिय (२) परिट्ठवेज्जा। ६३०

કદાચ મુનિને કોઇ નિમંત્રણ કરે કે "હે આયુષ્મન્ શ્રમણ, તમને ઠળિયાવાળું પુદગલ જોઇએ છીએ?" આવું વાક્ય સાંભળી મુનિએ તરતજ જવાબ આપવો કે "હે આયુષ્મન યા બહેન! મને બહુ ઠળિયાવાળું પુદગલ–ગર્ભ નથી જોઇતું; અગર તમે મને તે દેવા ચહાતા હો તો જેટલું તેના અંદર પુદગલ–ગર્ભ છે તેટલું આપો, ઠળિયા નહિ આપો" એમ કહ્યા છતાં પણ ગૃહસ્થ પોતાના વાસણમાંથી તેવું બહુ ઠળિયાવાળું પુદગલ–ગર્ભ લાવીને આપવા માંડે તો તે મુનિયે તેનાજ હાથમાં કે વાસણમાં રહેવા દેવું, ગ્રહણ નહિ કરવું. અગર કદાચ ગૃહસ્થ તે મુનિના પાત્રમાં ઝટ નાખી દે તો મુનિએ તે ગૃહસ્થને કશું નહિ કહેવું, કિંતુ તે આહાર લઇ એકાંત સ્થળમા જઇ જીવજંતુ વિગેરેથી રહિત બાગ કે ઉપાશ્રયની અંદર બેસીને તે ભોજની ઠળિયા અને કાંટા નિર્જીવ સ્થંડિલમા પુંજી પ્રમાર્જી પરઠવી આવવા. (૩૩૦)

ઉત્તર—સાંભળો-પન્નવણાજી સૂત્રમાં પહેલા અધ્યયને-હાલાવાળા છાપેલ પાને (૫૧) મે-૧૧ મી-૧૨ મી-ગાથામાં કહ્યું છે કે—

पुस्सफलं कालिंग, तुंब तउ सेलु वालुकं;
घोसालयं पडोलं, तिंदुयं चेव तिंदूसं. ॥ ११ ॥
बिंट मंस कडाहं, एयाइ हवंति एग जीवस्स;
पत्तेय पत्ताइंस, केसर मकेसरं मिंजा. ॥ १२ ॥

અર્થ:—પુષ્પ ફળ (કોહલા) કાલિંગડા (તરબુજ) તુમ્બા, ત્રુપડે, ચીભડે, (ખરબુજ) ઘાસડે, (તોસા) પટોલ, તિંદુક-ટીમરૂ, ટીડસા ઇનકા બિંટ, મંસ-ગિરા-(દળ-ગર્ભ) વડપર કે કડહા-છાલ, ઇનમેં તીનોકા એક જીવ કહા હૈ. ઇનકે પાન કેસર વૈસેહી કેસરા વિના મિંજ ઇનમેં પ્રત્યેક જીવ જાનના ॥ ૧૧ ॥ ॥ ૧૨ ॥

હવે, અહિયાં તો વનસ્પતિના ઠળીયાને અઠ્ઠિયં; તેમજ વનસ્પતિના ગીર-દળ કે ગર્ભને મંસ કહિને સૂત્રકારે ખુલ્લી રીતે જણાવ્યું છે-તેમજ વૈદ્યક શાસ્ત્ર "શાલિગ્રામ નિઘંટુ ભૂષણમ્" માં પાને ૮૭૩ માં કાલિંગાને ગુજરાતિમાં-તડબુચ ને-માંસ ફળ કહેલ છે.

પ્રશ્ન ૪૭ મું—જેમ ઉપરની બે બાબતનો ખુલાસો કર્યો તેમ જો મચ્છ-મત્સ્ય વિષેનો ખુલાસો થાય તો વધારે સારૂં; કારણકે કેટલાકનું કહેવું એમ થાય છે કે-મચ્છ શબ્દનો અર્થ મત્સ્ય સિવાય બીજો કોઇ થતો નથી અને કોઇ કોષમાં પણ બીજો અર્થ નીકળતો નથી; માટે મચ્છનો અર્થ કોઇ સૂત્રમાંથી વનસ્પતિમાં નીકળી આવે તો ઘણાં લોકોને તત્ સંબંધી શંકા દૂર થાય.

ઉત્તર—જો કોઇ એમ કહેતું હોય કે-કોઇ કોષમાં મચ્છનો અર્થ બીજો થતો નથી તો શ્રીમાન્ હેમચંદ્રાચાર્યના પ્રસિદ્ધ કોષમાં-અમુક જાતની વનસ્પતિનાં નામ છે તેમાં નીચે મુજબ નામો આપવામાં આવ્યાં છે. "तिक्ता रिहा कटुर्मत्स्या चक्रांगी शकुलादनी." આ છ નામોની અંદર ચોથું નામ मत्स्या એવું છે. (પરિહાર્ય મિમાંસા.)

જેમ આચારાંગમાં કહેલા બે શબ્દમાં मंस ને अट्ठियं, ને मच्छ ને कंटए શબ્દ લાગુ છે; એટલે મંસ, તે વનસ્પતિના દળમાં જેમ ઠળીયાનો સંભવ તેમ મચ્છ શબ્દે તેવી જાતની-તેવા આકારની ઘણાં કાંટાવાળી વનસ્પતિ દશ વૈકાલિકમાં કહી છે.

ઉત્તર—સાંભળો-પ્રથમ 'अट्ठियं' શબ્દનો અર્થ કરીને પછી અટ્ઠિયંનો અર્થ હાડકા થતો નથી પણ ઠળીયા થાય છે. જુઓ શ્રી દ[illegible] વૈકાલિક સૂત્રનું પાંચમું અધ્યયન-તેની ગાથા ૭૩ મી

बहु अट्ठियं पुग्गलं, अनिमिसं वा बहु कंटयं;
अत्थियं तिंदुयं बिल्लं, उच्छुखंडं व सिंबलिं ॥ ७३ ॥

ભાવાર્થ:—જે ફળને વિષે ઘણા ઠળીયા હોય તે પોગલ વૃક્ષનું ફ[illegible] તથા અનિમિષ પ્રમુખ, અનુભીગનામાં વૃક્ષનું ફળ, જેને ઘણા કંટક હોય તે. અત્થિકાના ફળ, ટીંબરૂના ફળ, બીલીના ફળ, શેરડીના કટકા, આમલી વૃક્ષના ફળ તથા તુરાની પાપડી. ॥ ૭૩ ॥

अप्पेसिया भोयणजाए, बहु उज्झिय धम्मिए;
दिंतियं पडि आइक्खे, न मे कप्पइ तारिसं. ॥ ७४ ॥

ભાવાર્થ:—એ પૂર્વોક્ત ફળ (ઘણા ઠળીયા તથા કાંટાવાળાં) માંહે અલ્પ જેવો ભાગ થોડો હોય અને નાખી દેવા જેવો ભાગ ઘણો હોય તેથી તે [illegible] દીએ તે વારે સાધુ કહે તેવો સદોષ આહાર મુજને ન કલ્પે. ૭૪

ઉપર કહેલા આચારાંગની (૬૩૭)મી કલમને આ દશ વૈકાલિક સૂત્રની બન્ને ગાથા વિશેષ સાક્ષીભૂત થાય છે કે-અટ્ઠિયં શબ્દનો અર્થ હાડકા નથી પણ ઠળીયા છે.

તેમજ શ્રી પન્નવણાજી સૂત્રના પહેલા પદમાં વૃક્ષના અધિકારે આ[illegible] કહ્યું છે કે—

से किं तं रुक्खा ? रुक्खा दुविहा पण्णत्ता, तंजहा-एगट्ठिया, बहु बी[illegible] [illegible] से किं तं एगट्ठिया ? एगट्ठिया अणेगविहा पण्णत्ता तंजहा-निंब [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

ઉત્તર—સાંભળો-પન્નવણાજી સૂત્રમાં પહેલા અધ્યયને-હાલાવાળા છાપેલ પાને (૫૧, મે-૧૧ મી-૧૨ મી-ગાથામાં કહ્યું છે કે—

पुस्सफलं कालिंग, तुंब तउ सेलु वालुकं;
घोसालयं पडोलं, तिंदुयं चेव तिंदूसं. ॥ ११ ॥
बिंट मंस कडाहं, एयाइ हवंति एग जीवस्स;
पत्तेय पत्ताइंस, केसर मकेसरं मिंजा. ॥ १२ ॥

અર્થ:—પુષ્પ ફળ (કોહલા) કાલિંગડા (તરબુજ) તુમ્બા, ત્રુસડે, ચીભડે, (ખરબુજ) ઘાસડે, (તોસા) પટોલ, તિંદુક-ટીંબરૂ, ટીડસા ઇનકા બિંટ, મંસ-ગિરા-(ફળ-ગર્ભ) વડપર કે કડહા-છાલ, ઇનમેં તીનોકા એક જીવ કહા હૈ. ઇનકે પાન કેસર વેસેહી કેસરા વિના મિંજ ઇનમેં પ્રત્યેક જીવ જાનના ॥૧૧॥ ॥૧૨॥

હવે, અહિયાં તો વનસ્પતિના ઠળીયાને અટ્ઠિયં; તેમજ વનસ્પતિના ગીર-ફળ કે ગર્ભને મંસ કહિને સૂત્રકારે ખુલ્લી રીતે જણાવ્યું છે-તેમજ વૈદક શાસ્ત્ર "શાલિગ્રામ નિઘંટુ ભૂષણમ્" માં પાને ૮૭૩ માં કાલિંગાને ગુજરાતિમાં-તડબુચ ને-માંસ ફળ કહેલ છે.

પ્રશ્ન ૪૭ મું—જેમ ઉપરની બે બાબતનો ખુલાસો કર્યો તેમ જો મચ્છ-મત્સ્ય વિષેનો ખુલાસો થાય તો વધારે સારૂં; કારણકે કેટલાકનું કહેવું એમ થાય છે કે-મચ્છ શબ્દનો અર્થ મત્સ્ય સિવાય બીજો કોઇ થાતો નથી અને કોઇ કોષમાં પણ બીજો અર્થ નીકળતો નથી; માટે મચ્છનો અર્થ કોઇ સૂત્રમાંથી વનસ્પતિમાં નીકળી આવે તો ઘણાં લોકોને તત્ સંબંધી શંકા દૂર થાય.

ઉત્તર—જો કોઇ એમ કહેતું હોય કે-કોઇ કોષમાં મચ્છનો અર્થ બીજો થતો નથી તો શ્રીમાન્ હેમચંદ્રાચાર્યના પ્રસિદ્ધ કોષમાં-અમુક જાતની વનસ્પતિનાં નામ છે તેમાં નીચે મુજબ નામો આપવામાં આવ્યાં છે. "तिक्ता रिहा कटुर्मत्स्या चक्रांगी शकुलादनी." આ ૭ નામોની અંદર ચોથું નામ मत्स्या એવું છે. (પરિહાર્ય મિમાંસા.)

જેમ આચારાંગમાં કહેલા બે શબ્દમાં મંસં ને અટ્ઠિયં, ને મચ્છ ને કંટય શબ્દ લાગુ છે; એટલે મંસ, તે વનસ્પતિના ફળમાં જેમ ઠળીયાનો સંભવ તેમ મચ્છ શબ્દે તેવી જાતની-તેવા આકારની ઘણાં કાંટાવાળી વનસ્પતિ ફલ વૈદકમાં કહી છે.

તેમજ "શબ્દ ચિંતામણી" (સંસ્કૃત-ગુજરાતી શબ્દ કોશ)માં એટલા મચ્છ કે મત્સ શબ્દનો અર્થ માંછલું મત્સ્ય થાય છે, પણ તે શબ્દને અંગે બીજાં નામો પણ જોવામાં આવે છે. જેમકે—

મત્સ્ય ગંધા—વનસ્પતિ જળપીપર.

મત્સ્યંડી—એક જાતનો ગોળનો વિકાર. (સાકર)

મત્સ્ય પિત્તા—વનસ્પતિ કડુ રોહિણી, કડુ.

મત્સ્યાક્ષી—૧ એક જાતની ધ્રો, ૨ વનસ્પતિ મરાડી, ૩ વનસ્પતિ [illegible]

મત્સ્યાંગી—એક જાતની વનસ્પતિ.

મત્સ્યાદની—જળપીપર.

અને ગુજરાતી શબ્દકોશમાં મચ્છનો અર્થ માછલું, ૨ [illegible] જે મનુષ્ય ખેંચાય છે તે મચ્છ તણાયો એમ કહેવાય છે, ૩ દશ [illegible] માંનો એક.

એમ મત્સ્યને અંગે જોડાયેલા બીજા ઘણા શબ્દો જોવામાં આવે છે. વૈદક શાસ્ત્રમાં પણ મનુષ્ય તિર્યંચ-પશુ, પક્ષી અને [illegible] વનસ્પતિના ઔષધીઓનાં ઘણાં નામો જોવામાં આવે છે.

પ્રશ્ન ૪૮ મું—આ વિષે ટીકાકાર શું જણાવે છે?

ઉત્તર—આચારાંગના ભાષાન્તરમાં પૃષ્ઠ ૧૩૫ મે-(૧૩૦)મી કલમની ફુટનોટમાં એમ જણાવે છે કે—

અહીં ટીકાકાર લખે છે કે મુનિને કોઇ તેવી જાતની બીમારી થઈ હોય તેને મટાડવા વૈદના કહેવાથી મુનિ કદાચ માંસ કે મત્સ્યને શરીર પર ઘસીને તે બાંધીને મટાડે તેના માટે આ સૂત્ર છે અને અહીં ભુજ [illegible] અર્થ ખાવું નહિ કરતાં શરીર પર લગાડવું એવો કર્યો [illegible] ટીકાકારે આ સૂત્રનું વ્યાખ્યાન કર્યું. તથા વૈકાલિકની ટીકામાં [illegible] માંસ અને મત્સ્ય શબ્દે તે નામની વનસ્પતિ સમજવી એવી [illegible] ગ્રહણ કરી છે.

પ્રશ્ન ૪૯ મું—આ વિષે [illegible] શું જણાવે છે?

ઉત્તર—[illegible]

[illegible]

શબ્દોનો અર્થ વનસ્પતિ રૂપે કરવો જોઈએ. એમ જણાવીને તેમણે મુન્ ધાતુનો ખાવાનો અર્થ કાયમ રાખી બાકીના શક ભરેલા શબ્દોના નીચે મુજબ અર્થ આપ્યા છે.

માંસ-(પનસ વગેરે) ફળોનું ગર્ભ.

મત્સ્ય-એ નામની વનસ્પતિ.

અસ્થિ-ફળના અંદર રહેલાં ગોટલાં કે ઠળિયા.

પુદ્ગલ-ગર્ભ ગાભો કે ગર.

કંટક-ફળમાં રહેલાં કાંટા.

ટીકાકારે આ સૂત્રને અપવાદ તરીકે ગણીને સદરહુ શબ્દોનો લોક પ્રસિદ્ધ અર્થ કાયમ રાખી મુન્ ધાતુનો અર્થ ખાવાનો નહિ પણ બાહ્ય પરિભોગનો કરેલ્યો છે. (ભાષાન્તર કર્તા પોતાનો અભિપ્રાય જણાવે છે કે—)

અમે ભાષાન્તરમાં ટીકાને અનુસરતો અર્થ આપ્યો છે; છતા બાળાવબોધકારના અર્થ સાથે પણ અમારે વાંધા જેવું નથી. વધુ ખુલાસા માટે જુઓ શબ્દાર્થ વિવેક.

પ્રશ્ન ૫૦ મું—શબ્દાર્થ વિવેકમાં શું કહ્યું છે? તે જણાવશો?

ઉત્તર—પ્રસ્તાવના વગેરે પૃષ્ટ (૪૦)મે-શબ્દાર્થ વિવેકમાં કહ્યું છે કે—

જે વાક્ય સંબંધે આ ચર્ચા ઉઠેલી છે તેને માટે ટીકાકાર એમ જણાવે છે કે-માંસ શબ્દનો ઉત્સર્ગમાં-ગર્ભ અથવા ફળ અર્થ સમજવો. પરંતુ કોઇ આપત્ કાળમાં અન્ન, પાણીનો અભાવ હોય અને કોઇ સાધુ રોગીષ્ટ થયો હોય, સંવર માર્ગમાં સ્થિર ન રહી શકતો હોય, ધર્મની હેલના થતી હોય, પોતાની સારી સ્થિતિ ઉપર ઉન્નતિનો આધાર હોય અને પોતાના રોગનું નિવારણ કરવા કોઇ મહાન વૈદ્યનો આગ્રહ હોય, તેવે પ્રસંગે બાહ્ય વિલેપન અર્થે જેમ વાઘ આદિના તેલ વપરાય છે, તે પ્રમાણે અપવાદ માર્ગે વાપરવાનું ટીકાકાર કહે છે. આ જગોએ કોઇ એમ પ્રશ્ન કરે કે આજ પુસ્તકના ભાષાન્તરમાં ત્યારે મત્સ્ય-માંસના અર્થમાં વનસ્પતિ તથા ગર્ભ એવા શબ્દો શા માટે નથી વાપરવામાં આવ્યા? તેનું સમાધાન એ છે કે-પ્રથમ તો આ વાત લાંબો વખત થયાં ચર્ચાય છે, તેમજ ટીકાકારના બાહ્ય ઉપયોગ અર્થે, અમુક સંજોગોએ વાપરવાના અભિપ્રાયને અનુસરી આ બાબત ખાસ પૂરવણી દાખલ કરવાની હોવાથી અમોએ પાઠમાં હતા તેવા મૂળ શબ્દોજ રાખેલા છે, માટે માત્ર તે ઉપરથીજ વાંચનારે કશું ધોકણ બાંધી બેસવાનું નથી. શાસ્ત્રોમાં કહેલું છે કે—

તેમજ "શબ્દ ચિંતામણી" (સંસ્કૃત-ગુજરાતી શબ્દ કોશ) માં એકલા મચ્છ કે મત્સ શબ્દનો અર્થ માછલું મત્સ્ય થાય છે, પણ તેજ શબ્દને અંગે બીજાં નામો પણ જોવામાં આવે છે. જેમકે—

मत्स्य गंधा–વનસ્પતિ જળપીંપર.

मत्स्यंडी–એક જાતનો ગોળનો વિકાર. (સાકર)

मत्स्य पित्ता–વનસ્પતિ કટુ રોહિણી, કડુ.

मत्स्याक्षी–૧ એક જાતની ધ્રો, ૨ વનસ્પતિ મરાઠી, ૩ વનસ્પતિ બ્રાહ્મી.

मत्स्यांगी–એક જાતની વનસ્પતિ.

मत्स्यादनी–જળપીપર.

અને ગુજરાતી શબ્દકોષમાં મચ્છનો અર્થ માછલું, ૨ આશ્ચર્ય જે ધનુષ ખેંચાય છે તે મચ્છ તણાયો એમ કહેવાય છે, ૩ દશ અવતારમાંનો એક.

એમ મત્સ્યને અંગે જોડાયેલા બીજા ઘણા શબ્દો જોવામાં આવે છે. વૈદક શાસ્ત્રમાં પણ મનુષ્ય તિર્યંચ-પશુ, પક્ષી અને જળચરના નામે વનસ્પતિના ઔષદ્ધીઓનાં ઘણાં નામો જોવામાં આવે છે.

પ્રશ્ન ૪૮ મું—આ વિષે ટીકાકાર શું જણાવે છે?

ઉત્તર—આચારાંગના ભાષાન્તરમાં પૃષ્ટ ૧૩૫ મે-(૬૩૦) મી કલમની ફુટનોટમાં એમ જણાવે છે કે—

અહીં ટીકાકાર લખે છે કે મુનિને કોઇ તેવી જાતની વ્યાધી થયેલી હોય તેને મટાડવા વૈદના કહ્યાથી મુનિ કદાચ માંસ કે મત્સ્યને શરીર પર રાખીને તે વ્યાધીને મટાડે તેના માટે આ સૂત્ર છે અને અહીં ભુજ ધાતુનો અર્થ ખાવું નહિ કરતાં શરીર પર લગાડવું એવો કરવો; અગર છેદ સૂત્રોના અભિપ્રાયે આ સૂત્રનું વ્યાખ્યાન કરવું. દશ વૈકાળિકની ટીકામાં હરિભદ્રસૂરિએ માંસ અને મત્સ્ય શબ્દે તે નામની વનસ્પતિ સમજવી એવી વ્યાખ્યા પણ કરી છે.

પ્રશ્ન ૪૯ મું—આ વિષે બાળવબોધમાં શું જણાવે છે?

ઉત્તર—આચારાંગ સૂત્રના મૂળ ભાષાન્તરમાં એક ચીઠી દાખલ કરી છે તેમાં કલમ ૬૨૯-૬૩૦ પેટે જરૂરી ખુલાસો એ હેડિંગમાં લખ્યું છે કે—

અહીં બાળાવબોધકાર જણાવે છે કે-આ ઉત્સર્ગ સૂત્ર છે; માટે ઉત્સર્ગ માર્ગે માંસ-મત્સ્ય શબ્દનો અર્થ લોક પ્રસિદ્ધ નહિ લેવો. પણ તે

શબ્દોનો અર્થ વનસ્પતિ રૂપે કરવો જોઈએ. એમ જણાવીને તેમણે મુન્ ધાતુનો ખાવાનો અર્થ કાયમ રાખી બાકીના શક ભરેલા શબ્દોના નીચે મુજબ અર્થ આપ્યા છે.

માંસ–(પનસ વગેરે) ફળોનું ગર્ભ.

મત્સ્ય–એ નામની વનસ્પતિ.

અસ્થિ–ફળના અંદર રહેલાં ગોટલાં કે ઠળિયા.

પુદ્‌ગલ–ગર્ભ ગાભો કે ગર.

કંટક–ફળમાં રહેલો કાંટા.

ટીકાકારે આ સૂત્રને અપવાદ તરીકે ગણીને સદરહુ શબ્દોનો લોક પ્રસિદ્ધ અર્થ કાયમ રાખી મુન્ ધાતુનો અર્થ ખાવાનો નહિ પણ બાહ્ય પરિભોગનો ઠેરવ્યો છે. (ભાષાન્તર કર્તા પોતાનો અભિપ્રાય જણાવે છે કે—)

અમે ભાષાન્તરમાં ટીકાને અનુસરતો અર્થ આપ્યો છે, છતાં બાળાવબોધકારના અર્થ સાથે પણ અમારે વાંધા જેવું નથી. વધુ ખુલાસા માટે જુઓ શબ્દાર્થ વિવેક.

પ્રશ્ન ૫૦ મું—શબ્દાર્થ વિવેકમાં શું કહ્યું છે? તે જણાવશો!

ઉત્તર—પ્રસ્તાવના વગેરે પૃષ્ટ (૪૦) મે–શબ્દાર્થ વિવેકમાં કહ્યું છે કે—

જે વાક્ય સંબંધે આ ચર્ચા ઉઠેલી છે તેને માટે ટીકાકાર એમ જણાવે છે કે–માંસ શબ્દનો ઉત્સર્ગમાં–ગર્ભ અથવા ફળ અર્થ સમજવો. પરંતુ કોઇ આપત્ કાળમાં અન્ન, પાણીનો અભાવ હોય અને કોઇ સાધુ રોગીષ્ટ થયો હોય, સંવર માર્ગમાં સ્થિર ન રહી શકતો હોય, ધર્મની હેલના થતી હોય, પોતાની સારી સ્થિતિ ઉપર ઉન્નતિનો આધાર હોય અને પોતાના રોગનું નિવારણ કરવા કોઇ મહાન વૈદ્યનો આગ્રહ હોય, તેવે પ્રસંગે બાહ્ય વિલેપન અર્થે જેમ વાઘ આદિના તેલ વપરાય છે, તે પ્રમાણે અપવાદ માર્ગે વાપરવાનું ટીકાકાર કહે છે. આ જગોએ કોઇ એમ પ્રશ્ન કરે કે આજ પુસ્તકના ભાષાન્તરમાં ત્યારે મત્સ્ય–માંસના અર્થમાં વનસ્પતિ તથા ગર્ભ એવા શબ્દો શા માટે નથી વાપરવામાં આવ્યા? તેનું સમાધાન એ છે કે–પ્રથમ તો આ વાત ઘણો વખત થયાં ચર્ચાસ્પદ છે, તેમજ ટીકાકારના બાહ્ય ઉપયોગ અર્થે, અમુક સંજોગોએ વાપરવાના અભિપ્રાયને અનુસરી આ બાબત ખાસ પૂરવણી દાખલ કરવાની હોવાથી અમોએ પ્રશ્નમાં હતા તેવા મૂળ શબ્દોજ રાખેલા છે, માટે માત્ર તે ઉપરથીજ વાંચનારે કશું ધોરણ બાંધી બેસવાનું નથી. શાસ્ત્રોમાં કહેલું છે કે—

शक्ति ग्रहो व्याकरणोपमान-कोशाप्तवाक्याद् व्यवहारतश्च.

અર્થ—વ્યાકરણથી, ઉપમાનથી, કોષથી, આપ્ત વાકયથી અને વ્યવહારથી અર્થ મનાય છે માટે વર્તમાનકાળના જૈન વૃદ્ધ વ્યવહારીઓ જે અર્થ કહે તે માન્ય રાખવો; એ ભવ્ય જીવનું કર્તવ્ય છે. મત્સ્ય માંસનો બાહ્ય પરિભોગને અર્થે પણ પરંપરાથી નિષેધ ચાલ્યો આવે છે, માટે પરંપરા અને વૃદ્ધ વાકયોને માન આપી અર્થ ગ્રહણ કરવો એ આસ્તિક પુરૂષોનું કર્તવ્ય છે. એક શબ્દના અનેક અર્થ થાય છે તે આજકાલનો કેળવાયેલો તેમજ અભણ વર્ગ બધા સારી રીતે સમજે છે. શ્રી ભગવતીજી સૂત્રમાં વનસ્પતિનાં વિચિત્ર નામો આવે છે-અશ્વથી અશ્વકર્ણી, સિંહકર્ણી, મંડુકી, ઐરાવણી વીગેરે ઘણાં નામો બીજા વીર્યચોનાં નામને મળતાં આવે છે. વગેરે વગેરે (શબ્દાર્થ વિવેક.)

પ્રશ્ન ૫૨ મું—અહિંયાં એક સવાલ ઉઠે છે કે અહિય શબ્દે હાડકાને બદલે ઠળિયાનો અર્થ લાગુ કર્યો તે સૂત્રપાઠથી જેમ મંસ શબ્દે વનસ્પતિનું દળ-ગીરા-ગર્ભ સાબીત કરી આપ્યું તેમ અહિય શબ્દે હાડકાં નહિ પણ ઠળિયા છે એમ સૂત્રપાઠથી નિર્ણય કરી આપો તેમ છો?

ઉત્તર—હા, જી, સાંભળો—અઠિ શબ્દે હાડકા, અને અહિય શબ્દે ઠળિયા સૂત્રપાઠથી જણાવીએ છીએ.

(૧) ભગવતીજી સ. ૨ જે-ઉ. ૫ મે-તુંગીયા નગરીના શ્રાવક કેવા છે-अट्ठि मिंज पेम्माणु राग रत्ता. હાડ અને હાડનીમિંજા ધર્મના ઉપર પ્રેમરૂપી રાગે કરીને રંગાણા છે.

(૨) ભગવતીજી સ. ૨ જે-ઉ. ૧ લે-ખંધકજીનું શરીર કેવું કહ્યું છે-निम्मंसे अट्ठि चम्मा वणद्धे. માંસ વિનાના અસ્થિ-હાડકાને ચર્મ તે બધાણુ છે.

(૩) જ્ઞાતા અ. ૧ લે-મેઘકુમારનું શરીર-अट्ठि चम्मा वणद्धे. લોહી માંસ રહીત કકડી ભુયા હાડકા વ ચર્મથી બદ્ધ.

(૪) અનુતરોવવાઇમાં-ત્રીજા વર્ગના પેહેલે ઉદ્દેશે-ધના અણગારનું શરીર-निमंसं अट्ठि चम्म छिरताए. માંસ રહિત અસ્તિકા-હાડકા ચામડે કરી વિંટાયેલા છે.

(૫) ઠા. ઠા. ૩ જે-ઉ. ૪ થે—तओ पितियंगा पन्नता तं० अट्ठि मिंजा, केस मंसुरोमनहे-અઠ્ઠી કહેતાં હાડકા, હાડકાની મિંજા ને કેસાદિક એ ત્રણ બાપના અંગ કહ્યા છે.

(૬) ઠાણાંગઠાણે ૪ થે-ઉ. ૨ જે—चत्तारि थंभा प० तं० सेल थंभे, अट्ठि थंभे, दारु थंभे, तिणि सलया थंभे—તેમાં હાડકાના થંભ સમાન માન કહ્યું.

(૭) ઠાણાંગઠાણે ૧૦ મે—दसविहे ओरालिए असज्झाइए पणत्तेः— अट्ठि', मंसे', सोणिए' ઇત્યાદિ.

દશ પ્રકારે ઓદારિકની અસજાય કહી છે તે એ કે-હાડકાં ૧, માંસ ૨, લોહી ૩, અશુચિ (મળમૂત્ર) ૪, મશાનભૂમિ ૫, ચંદ્ર ગ્રહણ ૬, સૂર્ય ગ્રહણ ૭, ઉલ્કાપાત ૮, રાજ વિગ્રહ ૯, અને ઉપાશ્રયના અંદર પડેલું મૃત-ક્લેવર ૧૦. આ દશ બોલમાં પહેલો બોલ અટ્ઠિ શબ્દે હાડકા કહે છે.

(૮) પ્રશ્ન વ્યાકરણના પહેલા અધ્યયનમાં-આશ્રવદ્વારમાં-વિવિધ કારણે હિંસા કરે છે તેમાં अट्ठि मिंजा હડી-હાડ ને હાડની મીંજા અર્થે હિંસા કરનારા કહેલ છે.

(૯) તથા તેજ પ્રશ્ન વ્યાકરણ સૂત્રના પહેલા અધ્યયને-નારકીને- अट्ठि एहारु णह रोम वज्जिय, હાડકા, સ્નાયુ, નખ, રોમ રહિત કહેલ છે.

(૧૦) શ્રી આચારાંગ સૂત્રના ભાષાન્તરમાં દશમા અધ્યયનમાં (બીજા સુતરકંધના પહેલા અધ્યયનમાં) પિંડેષણા અધ્યયને શરૂઆતમાં-કલમ (૫૨૪ મી) તેમાં કહ્યું છે કે-સાધુને કદિ કોઇ જીવજંતુવાળો આહાર મળે ને તે શુદ્ધ ન થાય તેવું હોય તો પરિઠવવાના પાંચ સ્થાનક કહ્યાં છે તેમાં બીજું સ્થાનક अट्ठि रासिं સિવા, હાડકાની રાસિ-હાડકાના ઢગલામાં પરિઠવે કહેલ છે.

એ દશ દાખલે સૂત્રની સાક્ષીએ-સૂત્રના મૂળ પાઠે अट्ठि શબ્દે હાડકા કહ્યા.

પ્રશ્ન પર ગું—અટ્ઠિ શબ્દે હાડકા કહ્યા; એટલે અટ્ઠિનો અર્થ જેમ હાડકા બતાવ્યા તેમ અટ્ઠિયંનો અર્થ ઠળિયા થાય છે, એવો દાખલો કોઇ સૂત્ર પાઠથી જણાવો તેમ છો? જો અટ્ઠિયંનો અર્થ ઠળિયા સૂત્ર પાઠથી સાબીત થાય તો (૬૩૦) મી કલમની શંકા દૂર થાય.

ઉત્તર—સાંભળો-ફળાદિકના ધોવણમાં 'અટ્ઠિયં' શબ્દે ઠળિયા હોય તો તે પાણી સાધુને લેવું કલ્પે નહિ. તે સૂત્ર પાઠ—

શ્રી આચારાંગ સૂત્રના પિંડેષણા અધ્યયનના આઠમા ઉદ્દેશે કલમ (૫૬૯ મી) તેમાં કહ્યું છે કે—

शक्ति ग्रहो व्याकरणोपमान-कोशाप्तवाक्याद् व्यवहारतश्च.

અર્થ—વ્યાકરણથી, ઉપમાનથી, કોષથી, આપ્ત વાક્યથી અને વ્યવહારથી અર્થ મનાય છે માટે વર્તમાનકાળના જૈન વૃદ્ધ વ્યવહારીઓ જે અર્થ કહે તે માન્ય રાખવો; એ ભવ્ય જીવનું કર્તવ્ય છે. મત્સ્ય માંસનો બાહ્ય પરિભોગને અર્થે પણ પરંપરાથી નિષેધ ચાલ્યો આવે છે, માટે પરંપરા અને વૃદ્ધ વાક્યોને માન આપી અર્થ ગ્રહણ કરવો એ આસ્તિક પુરૂષોનું કર્તવ્ય છે. એક શબ્દના અનેક અર્થ થાય છે તે આજકાલનો કેળવાયેલો તેમજ અભણ વર્ગ બધા સારી રીતે સમજે છે. શ્રી ભગવતીજી સૂત્રમાં વનસ્પતિનાં વિચિત્ર નામો આવે છે-અશ્વથી અશ્વકર્ણી, સિંહકર્ણી, મંડુકી, ઐરાવણી વીગેરે ઘણાં નામો બીજા વીર્યચોનાં નામને મળતાં આવે છે. વગેરે વગેરે (શબ્દાર્થ વિવેક.)

પ્રશ્ન ૫૨ મું—અહિંયાં એક સવાલ ઉઠે છે કે અટ્ઠિયં શબ્દે હાડકાને બદલે ઠળિયાનો અર્થ લાગુ કર્યો તે સૂત્રપાઠથી જેમ મંસ શબ્દે વનસ્પતિનું દળ-ગીરા-ગર્ભ સાબીત કરી આપ્યું તેમ અટ્ઠિયં શબ્દે હાડકાં નહિ પણ ઠળિયા છે એમ સૂત્રપાઠથી નિર્ણય કરી આપો તેમ છો?

ઉત્તર—હા, જી, સાંભળો-અટ્ઠિ શબ્દે હાડકા, અને અટ્ઠિયં શબ્દે ઠળિયા સૂત્રપાઠથી જણાવીએ છીએ.

(૧) ભગવતીજી સ. ૨ જે-ઉ. ૫ મે-તુંગીયા નગરીના શ્રાવક કેવા છે-अट्ठि मिंज पेम्माणु राग रत्ता. હાડ અને હાડનીમિંજા ધર્મના ઉપર પ્રેમરૂપી રાગે કરીને રંગાણા છે.

(૨) ભગવતીજી સ. ૨ જે-ઉ. ૧ લે-ખંધકજીનું શરીર કેવું કહ્યું છે-निम्मंसे अट्ठि चम्मा वणद्धे. માંસ વિનાના અસ્થિ-હાડકાને ચર્મ તે બંધાણા છે.

(૩) જ્ઞાતા અ. ૧ લે-મેઘકુમારનું શરીર-अट्ठि चम्मा वणद्धे. લોહી માંસ રહીત કકડી ભુખા હાડકા વ ચર્મથી બદ્ધ.

(૪) અનુતરોવવાઇમાં-ત્રીજા વર્ગના પેલે ઉદ્દેશે-ધના અણગારનું શરીર-निमंसं अट्ठि चम्म छिरणाए. માંસ રહિત અસ્થિકા-હાડકા ચામડે કરી વિંટાયેલા છે.

(૫) ઠા. ઠા. ૩ જે-ઉ. ૪ થે—तओ पिनियंगा पन्नत्ता तं० अट्ठि मिंजा, केस मंसुरोमनहे-અટ્ઠી કહેતાં હાડકા, હાડકાની મિંજ ને કેશાદિક એ ત્રણ બાપના અંગ કહ્યા છે.

(૬) ઠાણાંગઠાણે ૪ થે-ઉ. ૨ જે—चत्तारि थंभा प० तं० सेल थंभे, अट्ठि थंभे, दारु थंभे, तिणि सलया थंभे—તેમાં હાડકાના થંભ સમાન માન કહ્યું.

(૭) ઠાણાંગઠાણે ૧૦ મે—दसविहे ओरालिए असज्झाइए पणत्तेः— अट्ठि[1], मंसे[2], सोणिए[3] ઇત્યાદિ.

દશ પ્રકારે ઓદારિકની અસઝાય કહી છે તે એ કે-હાડકાં ૧, માંસ ૨, લોહી ૩, અશુચિ (મળમૂત્ર) ૪, મશાણભૂમિ ૫, ચંદ્ર ગ્રહણ ૬, સૂર્ય ગ્રહણ ૭, ઉલ્કાપાત ૮, રાજ વિગ્રહ ૯, અને ઉપાશ્રયના અંદર પડેલું મૃતકલેવર ૧૦. આ દશ બોલમાં પહેલો બોલ અટ્ઠિ શબ્દે હાડકા કહે છે.

(૮) પ્રશ્ન વ્યાકરણના પહેલા અધ્યયનમાં-આશ્રવદ્વારમા-વિવિધ કારણે હિંસા કરે છે તેમાં अट्ठि मिंजा હડી-હાડ ને હાડની મીંજ અર્થે હિંસા કરનારા કહેલ છે.

(૯) તથા તેજ પ્રશ્ન વ્યાકરણ સૂત્રના પહેલા અધ્યયને-નારકીને- अट्ठि ण्हारु णह रोम वज्जिय, હાડકા, સ્નાયુ, નખ, રોમ રહિત કહેલ છે.

(૧૦) શ્રી આચારાંગ સૂત્રના શાખાન્તરમાં દશમા અધ્યયનમાં (બીજા સુતસ્કંધના પહેલા અધ્યયનમાં) પિંડેષણા અધ્યયને શરૂઆતમાં-કલમ (૫૨૪ મી) તેમાં કહ્યું છે કે-સાધુને કદિ કોઇ જીવજંતુવાળો આહાર મળે ને તે શુદ્ધ ન થાય તેવું હોય તો પરિઠવવાના પાંચ સ્થાનક કહ્યાં છે તેમાં બીજું સ્થાનક अट्ठि रासि सिवा, હાડકાની રાસિ-હાડકાના ઢગલામાં પરિઠવે કહેલ છે.

એ દશ દાખલે સૂત્રની સાક્ષીએ-સૂત્રના મૂળ પાઠે અટ્ઠિ શબ્દે હાડકા કહ્યા.

પ્રશ્ન પર પ્રશ્ન—અટ્ઠિ શબ્દે હાડકા કહ્યા; એટલે અટ્ઠિનો અર્થ જેમ હાડકા બતાવ્યા તેમ અટ્ઠિયંનો અર્થ ઠળિયા થાય છે, એવો દાખલો કોઇ સૂત્ર પાઠથી જણાવો તેમ છો? જો અટ્ઠિયંનો અર્થ ઠળિયા સૂત્ર પાઠથી સાબીત થાય તો (૬૩૦) મી કલમની શંકા દૂર થાય.

ઉત્તર—સાંભળો-ફળાદિકના પોવણમાં 'અટ્ઠિયં' શબ્દે ઠળિયા હોય તો તે પાણી સાધુને લેવું કલ્પે નહિ. તે સૂત્ર પાઠ—

શ્રી આચારાંગ સૂત્રના પિંડેષણા અધ્યયનના આઠમા ઉદ્દેશે કલમ (૫૯૯ મી) તેમાં કહ્યું છે કે—

से भिक्खू वा (२) जाव पविट्ठे समाणे सेज्जं पुण पाणग जातं जाणेज्जा तंजहा; अंब पाणगं वा अंबाडग पाणगं वा, कविट्ठ पाणगं वा, माउलिंग पाणगं वा, मुद्दिया पाणगं वा, दाडिम पाणगं वा, खज्जूर पाणगं वा नालिएर पाणगं वा, करीर पाणगं वा, कोल पाणगं वा, आमलग पाणगं वा, चिंचा पाणगं वा, अण्णतरं वा तहप्पगारं पाणग जातं स अट्ठियं सकणुयं सबीयगं अस्संजए भिक्खु पडियाए छब्बेण वा, दूसेण वा, वालगेण वा, आवीलियाण परिलियाण आहट्टु दलएज्जा, तहप्पगारं पाणग जातं अफासुयं लाभे संते णो पडिगाहेज्जा। ५११

આંબાના ધોવણનું પાણી તે આંબાનું પાણી, અંબાડગ તે અંબાડાના ધોવણનું પાણી, કોઠના ધોવણનું પાણી, બીજોરાના ધોવણનું પાણી, દ્રાક્ષનું પાણી, દાડમનું પાણી, ખજૂરનું પાણી, નાળિયેરનું પાણી, કેરાનું પાણી, બોરનું પાણી, આંમળાનું પાણી, આંબલીનું પાણી, તથા એવીજ જાતનું બીજું હરેક પાણી, અઠિયં-કુળિયા-ઠળિયા સહિત, છાલ કે બીજ સહિત હોવાથી ગૃહસ્થ સાધુને માટે વાંસની છાબડી કે કપડું તથા વાળાથી બનેલું વાસણ (ચારણી) કે સુઘરીનોઘર તેમાં ગાળીને કુળિયા બીજાદિક ટાળીને મુનિને આપવા માંડે તો મુનિએ તેવું પાણી અપ્રાસુક જાણીને ન લેવું.

ફળાદિક ધોવાથી પાણી તો અચેત છે, સાધુને કલ્પે તેવું છે, પણ ઠળિયા કે બીજ વગેરે તેમાં હોવાથી તે અકાલ્પનિક છે, માટે તે પાણી ન કલ્પે. અહિંયાં અઠિયં શબ્દે ઠળિયાજ કરે. ઉપર કહેલા ૧૨ પ્રકારનાં ફળમાં ઠળિયા કે બીજજ હોય તેમાં હાડકા ન હોય, ફળ ધોતા-ફળના ધોવણનાં પાણીમાં અટ્ઠિયં શબ્દે ઠળિયા જાણવા એ પ્રથમ દાખલો.

(૨) બીજો દાખલો—દશ વૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનના પહેલા ઉદેશાનો–बहु अठियं पुग्गलं ઘણા ઠળિયાવાળાં ફળ કહ્યાં છે.

(૩) ત્રીજો દાખલો—શ્રી પન્નવણાજીના પેહલા પદમાં વૃક્ષના અધિકારે एगट्ठिआर, बहु बीयगाय. ॥ से किंतं एगठिया ? एगठिया अणेग विहा प. तं. णिंब अंब जंबु વગેરે.

અહિંયાં એક ઠળિયાવાળા અને બહુ બીજવાળાં અનેક વૃક્ષ કહ્યાં અને એક ઠળિયાવાળા વૃક્ષ લીંબડો, આંબો, જાંબુ વગેરે ઘણાં કહ્યાં છે.

ઉપરના ૩ ત્રણ દાખલે વનસ્પતિની જાતિમાં અઠિયં શબ્દનો અર્થ ઠળિયા ત્રણ સૂત્રની સાખે કહી બતાવ્યા.

પ્રશ્ન ૫૩ મું—અહિયાં એક સવાલ ઉઠે છે કે જ્યારે ફળના ધોયેલાં પાણીમાં ઠળિયા હોવાથી તે પાણી કલ્પે નહિ તેમજ ગાળીને ઠળિયા પ્રમુખ કાઢી નાખીને પાણી વોરાવે તો તે પણ સાધુને કલ્પે નહિ. તો ૬૩૦ મી કલમનો અર્થ વનસ્પતિના ફળના ગીરનો કે ગર્ભનો કરાવીએ તો સાધુ એમ કેમ કહે કે મને ઠળિયા કાઢી નાખી આપો. સાધુના કહેવાથી અગર સાધુની નજરે કોઇ ઠળિયાવાળી ચીજમાંથી ઠળિયા પ્રમુખ કાઢીને વોરાવે તો ખપે કે કેમ?

ઉત્તર—અહિયાં તો એટલુંજ સમજવું બસ છે કે-કોઇ પણ ઠળિયા બીજ વગેરે સચેત વસ્તુને સંગે ગમે તે ચીજ હોય તે સાધુને લેવી કલ્પે નહિ. માંસાદિકનો તો સર્વથા નિષેધજ છે માટે ૬૩૦ મી કલમનો જ્યાં પ્રશ્ન ઉઠ્યો છે; ત્યાં તેના ઉત્તરમાં અમોએ ચોકખું જણાવ્યું છે કે-શાક, અથાણું કે મુરબ્બો કોઇ ફળવાળી-ગર્ભવાળી ચીજનું નિષ્પન્ન થયેલું હોય તે પણ વનસ્પતિની જાતિનું હોય તેમાં કહી અટ્ઠિયં શબ્દે ઠળિયા પ્રમુખ હોય પણ તે વસ્તુ અચેત-સાધુને ખપે તેવું લેવા યોગ્ય હોય પણ ઠળિયા પ્રમુખ પરિઠવવાની ઉપાધી વધવાના સબબે અથાણું પ્રમુખ વોરાવનાર દાતારને સાધુ ચોકખા શબ્દમાં કહે કે—હે ભાઈ! હે બ્હેન! જો તમારે તે વસ્તુ વોરાવવા ઈચ્છા હોય તો તેમાંથી ગોટલાં, છોડીયા, ઠળિયા કે કાંટા વગેરે કાઢીને મને પુદ્ગલ વોરાવો એવો ચોકખો પાઠ છે (એજ મુનિની ભાષા સુમતિ.)

દુનિયાની બોલાવણીમા કદી અયોગ્ય શબ્દ હોય તો તે શબ્દ સાધુ નહિ વાપરતા યોગ્યતાવાળો શુદ્ધ ને સરલ શબ્દ વાપરે. દાખલા તરીક કાઠિયાવાડમાં એક જાતની વનસ્પતિનું શાક થાય છે તેનું નામ એવું વિચિત્ર છે કે જો નીચ વરણમા કે મ્લેચ્છ જાતિમાં તે નામનું શાક સાંભળ્યુ હોય તો ઉત્તમ જ્ઞાતિ તો તે નામનો તિરસ્કારજ કરે, પરંતુ જ્યારે શ્રાવકજ ઘરે તે નામનું શાક સાધુને વોરાવવા આમંત્રણ કરે અને સાધુ વોરે પણ ખરા, પણ ઉપયોગવંત સાધુ હોય તો એમ કરે નહિ કે-એટલે તેનું નામ લઇ માગે નહિ. એવું શાક કયું? તે સાંભળો-નોગકોગનું શાક. જો આનો લોક પ્રસિદ્ધ અર્થ કરીએ તો 'નોગ' એટલે નોળીયો અને 'કોગ' એટલે ધુંસ (ઉંદરની જાતિમા નોળિયા જેવડી ધુંસ થાય છે.) એ બન્ને પંચેન્દ્રિની જાતિ છે; તેનું શાક સાધુને ખીલકુલ ખપે નહિ—પરંતુ તે બન્ને નામની નોગકોગ એ નામની વનસ્પતિનું શાક કાઠિયાવાડમાં વપરાય છે ને સાધુ પણ ખાય છે. ત્યારે ૬૩૦ મી કલમમાં વપરાયેલા શબ્દનું સમજ

પ્રશ્ન ૫૨ મું—ઉપાસક દશાંગની ટીકા બી કામદેવ ને મચ્છ અર્થ તો અત્યાર સમજ્યો પરંતુ એક મચ્છ શબ્દનો અર્થ શું કરવો તો સમજાતું છે તો પણ કાંઈ વિરોધ આવતા જેવું હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—મચ્છ એટલે મત્સ્યનો અર્થ જળચર પંચેંદ્રિય પ્રાણી થાય છે, અને એ નામની કે એવા આકારની વનસ્પતિનો પણ અર્થ થાય છે. સાધુને પંચેંદ્રિય જાતિના માંસનો તો સર્વ નિષેધજ હોય છે તો પછી મચ્છના ભોગી હોયજ ક્યાંથી? મચ્છના ખાનાર તો કોળી, વાઘરી, ભીલ, ગોરી, વાઘરી વગેરે અનાર્ય પ્રજાજ હોય છે. સાધુને તો માંસ મચ્છ વગ-શાના હોય તેવા ઘરને નિકળવાની મના છે તો તેનો ગ્રહ કરવાનું તો હોયજ ક્યાંથી? પણ મચ્છ શબ્દ સાધુના પરિભોગમાં વપરાયો છે તે વનસ્પતિને આશ્રીને વપરાયો છે. જેમ મત્સ્યને કાંટા કહ્યા છે તેમ વનસ્પતિના કેટલીક જાતના ફળને પણ કાંટા થાય છે, કેટલાક ફળને અંદર કાંટા થાય છે ને કેટલાક ફળને બાહેર કાંટા થાય છે. પ્રજ્ઞાદેશમાં 'ફરજન' નામના ફળ થાય છે ને તે નાળીયેર જેવડા મોટા ને ઘણા કાંટાવાળા થાય છે દશવૈકાલિક સૂત્રના પાંચમાં અધ્યયનમાં અનુભીસનામાં વૃક્ષના ફળને ઘણા કાંટા કહ્યા છે એમ ઘણા કાંટાવાળા ફળની જાતિ હોય છે, તેમાં કેટલાક ફળ મત્સ્યને નામે યા મત્સ્યને આકારે પણ હોય છે અને તેવા પ્રકારના શબ્દો પણ સૂત્રમાં તથા અન્ય શાસ્ત્રોમાં વપરાય છે. દાખલા તરીકે—

(૧) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રના ચોથા સંવરદ્વારમાં મચ્છંડી કહી છે. તો શું મચ્છની ઈંડી તે ઈંડું સમજવું? સૂત્રમાં તો મત્સ્યંડી શબ્દે સાકર કહી છે. તેમ "શબ્દ ચિંતામણિ" (સંસ્કૃત—ગુજરાતી શબ્દકોષ) માં મત્સ્યંડી આ શબ્દનો અર્થ એક જાતનો ગોળનો વિકાર કહ્યો છે.

મચ્છંડી તે કાંઈ માછલાથી ઉત્પન્ન થયેલી નથી. પણ વનસ્પતિની જાતિમાં ઇક્ષુ શેરડીથી નિપજેલી, અને શેરડી તે લાંબી મચ્છને આકારે હોય છે હડે મચ્છના સરીખું પૂછડું તેમાં વળી કાંટા પણ હોય તે માટે શેરડીને ઉપમા વાચક મચ્છ કહીએ તે મચ્છથી ઈંડ કહેતાં ઉપનિ તે તે મચ્છંડી સાકર તે બુરું તથા શુદ્ધ ઉજ્વળ સાકરનું નામ મચ્છંડી એટલે શેરડીના રસની ઉત્પત્તિ હોવાથી તેને મચ્છંડી કહી છે. તે માછલાંથી ઉત્પન્ન થયેલી નથી, એ વાત ચોકસ છે.

(૨) મત્સ્યગંધા—વનસ્પતિ, જલપીંપર અનેવેદક શાસ્ત્રમાં માછલીના જેવી ગંધવાળી વનસ્પતિ કહી છે.

(૩) મત્સ્ય પિત્તા—વનસ્પતિ કટુરોહિણી, કડુ કહેલ છે. પરંતુ શબ્દ પ્રમાણે અર્થ કરીએ તો મત્સ્યનો પિતા તે પણ મત્સ્યજ કહેવાય, તેમ નહિ કહેતાં વનસ્પતિની જાતિ કહી.

(૪) મત્સ્યાક્ષી—૧ એક જાતની ધ્રો ૨ વનસ્પતિ મરાડી ૩ વનસ્પતિ બ્રાહ્મી ૪ સોમલતા કહેલ છે, પણ મત્સ્યની આંખ કહેલ નથી. મત્સ્યાક્ષી શબ્દે વનસ્પતિની જાત કહેલ છે.

(૫) મત્સ્યાંગી—એક જાતની વનસ્પતિ કહેલ છે.

આચારાંગજીની ૬૩૦ મી કલમમાં કહેલા અટ્ઠિયં તે હાડકાં નહિ પણ ઠળિયા, મંસ શબ્દે પંચેંદ્રિય તો માંસ નહિ પણ વનસ્પતિનો ગીર–દળ–ગર્ભ વગેરે ફળની અંદરનો કુણો ભાગ અને મચ્છ શબ્દે તેવા નામની કે-તેવા આકારની કે તેવા ગુણવાળી વનસ્પતિની જાત કહી.

મચ્છને આકારે વનસ્પતિ હોય તેનું નામ પણ મત્સ્ય કહેવાય ઉપમાવાચક શબ્દ ઉત્તરાધ્યયન અધ્યયન ત્રેવીશમે ગાથા ૧૯ મે समा गया बहु तत्य, पासंडा कोउगा मिया; ઘણાં પાખંડી કૌતક જોવાને આવ્યા મિયા૦ મૃગ સરખા. मृग इव मृगा: તે કાંઇ મૃગ નથી પણ મૃગ સરખા અવિનયવંત અને ધર્મના અજાણ માટે મૃગ કહીને બોલાવ્યા. તેમ અત્ર પણ મચ્છને આકારે તથા વર્ણે તથા નામે વનસ્પતિ હોય તેને મચ્છ કહેવામાં આવે એવો શાસ્ત્રનો નિયમ છે. તેનો વિશેષ ખુલાસો આગળ પર આવશે.

પ્રશ્ન ૫૫ મું—શિષ્ય-કેટલાક લોકો એવી શંકા ધરાવે છે કે–ભગવંત મહાવીરને મેંઢી ગામમાં લોહીખંડવાડો થયો વિશેષ વ્યાપીને લઇને સિહાં અણગારને ગુરૂભક્તિએ દિલગીર થવાથી તેને શાંત કરવા રેવતી ગાથા પતિને ત્યાં મોકલ્યા ને ભગવંતે જણાવ્યું કે–બે કપોત શરીરનો પાક મારા માટે કરેલો છે તે લઇશ નહિ, આધાકર્મિ માટે અને મંજ્જાર કડએ કુકુડમંસએ એટલે કુકડાના માંસનો પાક તે મારા માટે લેજે, અર્થાત્ તે પાક ભગવંતે વાપર્યો ને આરામ આવ્યો. આ પ્રકારે દુનિયામાં વાત ચાલે છે ને કેટલાક લોકો આક્ષેપો પણ કરે છે, માટે ... ...

કાંઇ જૈન શાસ્ત્રથી યા અન્ય શાસ્ત્રથી એવો ખુલાસો થવો જોઇએ કે-વાચક વર્ગને તરતજ શંકાનું સમાધાન થઇ જાય. માટે કૃપા કરી-મારી અરજ ધ્યાનમાં લઇ ઉપરની શંકાનું સમાધાન કરવા તસ્દી લેયો.

ઉત્તર—હે ભાઇ! આ પ્રશ્ન ઘણો ગંભીર છે. શ્રદ્ધાવાનને તો એવી શંકા કદિ થાય નહિ કે મારા ભગવાન કુકડાના માંસનો પાક ખાય; પરંતુ શબ્દ છળને લઇને સૂત્રમાં કોઇ કોઇ એવા શબ્દો રહેલા જોવામાં આવે કે સૂત્રના રહસ્યને નહિ જાણુનારા અજ્ઞાત્ જનોને શંકા ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે; પરંતુ વાચક વર્ગને એક બાજુ જોવાનું નથી તેનો હેતુ કારણ વસ્તુને સ્વભાવ તમામ વિચારવાનું છે. જેમ આચારાંગ સૂત્રના મુળ પાઠમાં अठियं मंस मच्छ-(૧૩૦) મી કલમનો મૂળ પાઠનો અર્થ સૂત્રના ન્યાયથી વનસ્પતિનેજ લાગુ થયો છે તેમજ આ શબ્દને માટે પણ તેજ રીતે સમજી લેવાનું છે. જે શબ્દ તદાકાળે વનસ્પતિના સ્વરૂપમાં વપરાતો હતો તે શબ્દ આ કાળે પંચેંદ્રિયના શબ્દમાં વપરાતો જાણીને શંકા ઉત્પન્ન થાય પણ જૈન ધર્મના સાધુ માંસભક્ષી નથી એ સંબંધે પ્રથમ ચોકખો ખુલાસો થઇ ગયો છે તો પછી ખુદ અરિહંત ભગવંત પોતે તેવો અયોગ્ય વસ્તુનો પાક જમેજ કેમ? કદિ ન જમે.

પ્રશ્ન ૫૯ મું—આ વિષે મૂળ પાઠમાં શી રીતે કહ્યું છે?

ઉત્તર—સાંભળો—ભગવતીજી સતક ૧૫ મું—મૂળ પાઠ—આ રીતે છે. શ્રી ભગવંત મહાવીર કહે છે કે—

तं गच्छहणं तुमं सीहा! मिंढिय गामं णयरं रेवतीए गाहावइणीए गिहे तत्थणं रेवतीए गाहावईए मम अट्ठाए दुवे कवोय सरीरा उवक्खडिया तेहिंणो अट्ठो अत्थि॥ से अण्णे पारियासि मज्जार कडए कुकुड मंसए तमाहराहि, तेणं अट्ठो ॥१४९॥

શ્રી ભગવંત કહે—અહો સીહા! તૂં મિંઢિય ગ્રામ નગરમેં રેવતી ગાથા પતિની કે ગૃહ જા, વહાં પર રેવતી ગાથા પતિનીને દો કપોત શરીર મેરે લિયે બનાયે હૈં; ઇસકા યહાં મતલબ નહિ હૈ અર્થાત્ વહ મત લાના પરંતુ જો અન્ય કે લિયે માર્જાર (વાયુ વિશેષ) કો ઉપશમાને કે લિયે કુક્કુડ માંસ બનાયા હૈ ઉસે લાના+૧૪૯.

આ પ્રમાણે લાલાજી તરફથી છપાયેલ ભગવતીજીમાં લખેલ છે. અને + ચોકડીની ફુટનોટ આગળપર લખવામાં આવશે.

પ્રશ્ન ૫૭ મું—આ વિષે ટીકાકાર શું જણાવે છે?

ઉત્તર—ટીકાકાર આ પ્રમાણે જણાવે છે કે—

दुवे कवोया इत्यादि श्रूयमाणमेवार्थं के चिन्मन्यंते। अन्येत्वाहु। कपोतकः पक्षि विशेषः तद्वद् द्वेफले वर्णसाधर्म्यात्। ते कपोते कूष्मांडे ह्रस्वे कपोते कपोतके ते चते शरीरे वनस्पति जीव देहत्वात् कपोतक शरीरे अथवा कपोतक शरीरे इव धूसर वर्ण साधर्म्यात् एव कपोतक शरीरे २ कूष्मांड फले एवते उपस्कृते संस्कृते ॥ तेहिं नो अट्ठोत्ति। बहु पापत्वात्। पारिआसिएत्ति। पारिवासितं ह्यस्तन मित्यर्थः। मज्जार कडए इत्यादि रपि केचित् श्रूयमाण मेवार्थं मन्यंते ॥ अन्येत्वाहुः मार्जारो वायु विशेषः तदुप शमनाय कृतं संस्कृतं मार्जार कृतं अपरे त्वाहु मार्जारो विरालिकाभिधानो वनस्पति विशेष स्तेन कृतं भावितं यत्तत्तथा किं तदित्याह। कुक्कुट मांसकं बीजपूरकं कटाहं ॥ आहराहित्ति। निरवद्यत्वादिति।

અહિંયાં ટીકામાં એમ જણાવે છે કે-બે કપોતક શરીર સરીખા એટલે કપોત પંખીના શરીર સરખા વરણવાળા જે કુષ્માંડ ફળ તે કોહળાના ફળ-એટલે ભુરા કોહળાના ફળનો પાક મારા માટે કરેલો છે તે મારે ન કલ્પે તે લઈશ નહિ, અને તેમના ઘરને વિષે અન્યને માટે વાયુ હરણને બીજોરાનો પાક કર્યો છે તે મારા માટે લાવજે એમ સિંહા અણગારને ભગવંતે કહ્યું છે, એવો ભાવ ટીકામાં જણાય છે, તથા એમ પણ જણાય છે કે-બિરાલિકા નામની વનસ્પતિ અને બીજોરાનો ગર્ભ એટલે કરેલો ઔષધીનો પાક તે નિર્વદ્ય હોવાથી મારે આહાર કરવા યોગ્ય છે તે લાવજે ઇત્યર્થં—

પ્રશ્ન ૫૮ મું—આ ઉપરના શંકાવાળા પાઠમાં કહે-કપોત-બેકપોત અને કુકડ માંસ એ વગેરે શબ્દ માટે કોઈ વિપરીત અર્થ તો કરતું નથી ના? અને જો કરતું હોય તો કેવી રીતે કરે છે? અને તેનો ખુલાસો કેવી રીતે સમજવો? તે તમામ પ્રગટ કરવા જરૂર છે

ઉત્તર—તો શાસ્ત્ર-સૂત્રનું રહસ્ય તો સમ્યક્દ્રષ્ટિ જાણે. અજ્ઞાની તો જેવું જાણે તેવું લખે તે ઉપર લાંબો વિચાર નહિ કરતાં ટુંકમાં પાઠનું સમરણ કરવું.

કેટલાક લોકોએ ઉપાસક દશાંગ સૂત્રનું ઇંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે તેમાં ગોશાળાના અધિકાર માટે શ્રી ભગવતીજી સૂત્રનું ૧૫ મું શતક ટાંકી બતાવ્યું એડિશનમાં દાખલ કર્યું છે, તેમાં ઇંગ્રેજી ભાષામાં અર્થ

જણાવ્યું છે કે-રેવતીએ બે કપોત પક્ષીનાં કરેલાં પાક તે મહાવીર ને અર્થે ન કલ્પે પણ બિલાડીએ મારેલા કુકડાનો જે પાક કરેલો છે તે કલ્પે. આવો અર્થ કર્યો છે.

સંવત્ ૧૯૩૪ ની સાલનું ભગવાનું ૭ માસ ગયાનું ચોમાસું શ્રી જાલણપુર હતું, ત્યારે ત્યાંના ન્યાયાધીશ પાસેથી ઇંગ્રેજી ઉપાસગદશાંગનો તરજુમો વંચાવતાં ભગવતીજીના પન્નરમા શતકમાં રેવતીની બીના આવ્યે ન્યાયાધીશ કુંવરજી ભાઈને શંકા ઉત્પન્ન થવાથી તે વાતના સમાધાન માટે જુની ટીકાનેટીમાંથી શોધન કરતાં જણાયું કે-કપોતનો અર્થ બીજોરું અને કુકડાનો અર્થ [illegible] માત્ર છે; માટે બીજોરા પાક અત્યંત માટે બનાવેલો ન લેવો અને [illegible] પાક લેવો, તે નિર્દોષ છે; માટે આ અર્થ બરાબર છે, એમ તેમનું કહેવું થયું હતું. આ શબ્દ શાસ્ત્રની જુની ટીકાનેટીના શબ્દો ને જુની બાબત પડખે માર્જિનમાં ટાંકી લીધેલા છે કે જેથી તે [illegible] શંકા ઉત્પન્ન થાય નહિ. વિશેષ સમજુતિને માટે જુઓ [illegible] ભગવતીજીના પાને ૧૨૬૭ મે [illegible] ટીકાકારની ટીકા.

પ્રશ્ન ૫૦ મું—ભાવનગરવાળા ભગવતીજીના ટીકાકારમાં શું કહ્યું છે તે જણાવશો ?

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પણ એજ જણાવ્યું છે કે-કપોત શબ્દે-ભુરા કબુતરના વર્ણે એટલે ધુંસર વર્ણે કુષ્માંડ ફળ-ભુરૂ કોહલું કહ્યું છે. કહેવત પ્રમાણે-બાર કોષી બાષા બદલે, તરૂવર બદલે શાખા; કોઇ દેશમાં કોઇ વસ્તુને કેવા રૂપમાં બોલાવે ને કોઇ દેશમાં તેની તે વસ્તુને બીજા શબ્દમાં બોલાવે; માટે નામ ઉપર આધાર નહિ રાખતાં વસ્તુ ઉપર વિચાર કરવો જોઇએ.

કેટલાક કપોત વર્ણે બીજોરાને કહે છે, અને કેટલાક કપોત વર્ણે કોહલાને કહે છે પણ એટલું તો ચોકસ છે કે ભગવંતના અર્થે કરેલો પાક સો લેવો નિષેદ્ધ છે. હવે માંર્જાર કુકકુડ માંસને માટે તે પાક લેવાનો નિષેદ્ધ નથી. ભગવંતે તે પાક લેવાની આજ્ઞા આપી છે અને તે પાક ભગવંતે આહાર્યો પણ છે; પરંતુ આ બે શબ્દને માટે ઉપરના તમામના અભિપ્રાયથી કાંઇક બીજુંજ સ્વરૂપ જોવામાં આવે છે.

પ્રશ્ન ૬૧ સુ—માંર્જાર કડએ કુકકુડ માસનો રેવતી ગાથા પત્નીએ જે પાક કરેલો તે પાક ભગવંતને કલ્પતો કહ્યો તે સંબંધે પૂર્વે કરેલા નોખા નોખા અર્થ, નોખા નોખા અભિપ્રાય જે કહેવામાં આવ્યા છે તેથી જુદો અર્થ કાંઇ થાય છે ખરો ? તો તે પણ જણાવો ?

ઉત્તર—માંર્જાર કડએ-માંર્જાર નામ બીલ્લી-બીલ્લી નામની વનસ્પતિના ફળ-બીલ્લીના ફળમાં રહેલા ગર્ભને બીલ્લીનો ગર્ભ કહેવામાં આવે છે, ને તે ઉદરની ઓષધીમાં વપરાય છે તે, અને કુકકુડ એટલે કુકકુડવેલ વનસ્પતિની જાતિમાં કહેલ છે તેના ફળનો ગર્ભ તે પણ ઉદરના રોગપર ઔષધીમાં વપરાય છે, એટલે બીલ્લીના ને કુકકુડવેલના ફળના ગર્ભનો કડએ નામ કરેલો પાક તે રેવતીએ પ્રથમ ઘોડા માટે કરેલો (એ વૃદ્ધ વાક્ય છે) તે પાક મારે કલ્પે એમ ભગવંતે કહ્યું.

વૃદ્ધો પૂર્વાપર કહેતા આવ્યા છે કે-ભગવંતે સિંહા અણગારને કહ્યું કે-મારા અર્થે કરેલો પાક જે દો કપોત ફળનો તે ન લઇશ. બીલ્લી અને કુકકુડવેલના ફળનો ગર્ભ (મંજ) નો પાક જે તેના ઘોડા માટે કરેલો છે; તે લાવજે. સિંહા અણગારે તે પાક માગતા રેવતીએ કહ્યું કે, મહારાજ તે પાક થઈ રહ્યો છે. ત્યારે સિંહા અણગારને ભગવંતે ધરાવ્યા પ્રમાણે કહ્યું કે-તે પાક ઘડાના પડખે ચોટયો છે તે ભગવંતને કલ્પે છે, માટે તે વોરાવો. રેવતીને આશ્ચર્ય થયો કે એક તો ભગવંતના અર્થે કરેલા પાકનું રહસ્ય હુંજ જાણું છું, બીજું ઘડામાં રહેલો પાક હું જાણતી નથી, આ બન્ને વાત તમે શાથી જાણી ? તમે જ્ઞાન વડે જાણી કે તપના પ્રભાવે કોઈ દેવના

પ્રશ્ન ૬૪ મું—કુક્કુડ શબ્દ વનસ્પતિની જાતિમાં ઔષધીમાં વૈદ્યક શાસ્ત્રમાં કહ્યો હોય તો તે પણ જણાવશો?

ઉત્તર—સાંભળો—ઉપર કહેલા વૈદ્યક ગ્રંથમાં નિચે પ્રમાણે છે—

પાને ૪૫૬ મે—ગુજરાતીમાં—કુકડવેલ કહી છે.

પાને ૪૬૫ મે—વનસ્પતિની જાતિમાં—(લાલ મુર્ગા) કહેલ છે. હિંદીમે—

પાને ૫૫૧ મે—હિંદી ભાષામેં—લાલમુરગા—એ એક જાતની ઔષધી છે. (વનસ્પતિની જાતિ છે.)

પાને ૬૫૫ મે—ગુજરાતીમાં—અરિઠા—તૈલંગ ભાષામાં કુકડ કહેલ છે.

પાને ૮૫૦ મે—ઓટીગણું નામની શાકની વનસ્પતિમાં—કુર્કુટ, કુકુટ—નામ કહેલ છે.

ઉપર કહ્યા પ્રમાણે કપોત, માંર્જાર અને કુક્કુડ ત્રણે તિર્યંચ પંચેંદ્રિયનાં નામે વનસ્પતિની જાતિમાં ઔષધીરૂપે વૈદ્યક શાસ્ત્રમા કહેલ છે. તે ઉપરાંત વૈદ્યક શાસ્ત્રમાં મનુષ્ય તિર્યંચનાં નામની ઔષધીઓ વનસ્પતિની જાતિમાં પુષ્કળ કહેલ છે; તેમજ શ્રી પન્નવણાજી સૂત્રમાં પણ વનસ્પતિના અધિકારે મનુષ્ય તિર્યંચ અને બીજા હાલતા ચાલતા ત્રસ જીવોનાં નામે વનસ્પતિઓ કહેલ છે.

પ્રશ્ન ૬૫ મું—પન્નવણાજી સૂત્રમાં મનુષ્ય તિર્યંચ અને ત્રસ જીવનાં નામે વનસ્પતિ કઇ કઇ કહી છે તે જણાવશો?

ઉત્તર—સાંભળો—શ્રી પન્નવણાજી સૂત્રમાં પદ પહેલે વનસ્પતિના અધિકારે મનુષ્ય તિર્યંચ વગેરે ત્રસ જીવોનાં નામ કહ્યા છે તે.

(૧) વૃક્ષની જાતિમાં—પુત્તં જીવ—પુત્તં જીવ તો—પુત્રનો જીવ કહેવાય અને પુત્ર શબ્દ મનુષ્યની જાતિમાં હોય.

(૨) णागरुक्ख—નાગ વૃક્ષ—નાગ તો સર્પ જાતિમા હોય છે. એ એગઠિયાની જાતિમાં કહ્યું—હવે બહુ બીયાની જાતિમાં કહે છે.

(૩) माउलिंग—બજોરાને કહેલ છે ને માતા તો મનુષ્ય તિર્યંચને હોય.

(૪) बिल्लेव—બિલ્લાને કહેલ છે ને તેનો અર્થ બિલાડી પણ થાય. એ વૃક્ષની જાતિમાં ચાર નામ કહ્યાં—હવે ગુચ્છાની જાતિ કહે છે.

(૧) ગુચ્છા—તુલસી—વનસ્પતિ છે અને પુરૂષનું નામ પણ હોય છે.

(૨) माउलिंगाय—માતુલિંગી—વનસ્પતિ. બાકી પૂર્વવત્—

કહેવાથી જાણ્યો છો ? સિંહાએ કહ્યું કે ભગવંતના કહેવાથી જાણ્યું છું. રેવતીએ તે પાક શુદ્ધ નિર્દોષ વહોરાવ્યો તે વખતે દેવતાનું આઉખું બાંધ્યું અને પરીત સંસાર કર્યો. વિજયગાથા પતિની પેરે.

ઉપર પ્રમાણે વૃદ્ધોનું કથન સાંભળ્યું આવે છે ને તે વાત ન્યાય પણ લાગે છે. વૈદ્ય લોકોને પુછતાં ઉપરની બે ચીજો ઉદરના રોગ ઉપર અકસીર દવા છે, ઝાડાની વ્યાધિ, લોહીખંડવાડો, દાહજ્વર વગેરે ઘણા રોગને મટાડનાર છે, અને જઠરાને પ્રદિપ્ત કરનાર છે ને વાયુને મટાડનાર છે એટલે તેનો પાક થોડાના ઉપયોગમાં પણ વધારે આવે છે, એમ લોકોનો મત તેના મહાવીર ભગવાનને માટે આ પાક સાબીત થાય છે.

પ્રશ્ન ૬૨ મુ—જેમ માર્જાર કડએ અને કુક્કુડ માંસનો અર્થ વનસ્પતિની પ્રતિમા બીજોરીનો અને કુક્કુડવેલનો ઔષધીનો કર્યો તેમ બીજા શબ્દ વનસ્પતિમાં ઔષધીના અધિકારમાં કોઈ ઠેકાણે લીધો છે?

ઉત્તર—હા, જી, સાંભળો—"શાલિગ્રામ નિઘંટુ ભૂષણ" જે [illegible] વૈદ્ય શાસ્ત્રમાં પાને ૬૪૭ મે-બાડભરાણી નામની ઔષધીના [illegible] નામ [illegible] લોમા-કપોત વેલા, અને કપોત વંકા, એ [illegible] વનસ્પતિની ઔષધી કહી છે.

માટે કપોત શબ્દે કપોત પક્ષી, માર્જાર શબ્દે બિલાડી, અને કુક્કુડ શબ્દે કુકડો પક્ષી એ અર્થ નહિ લેતાં, એ બધું વનસ્પતિ [illegible] [illegible] વૈદ્ય શાસ્ત્રના [illegible] માટે [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કરેલ છે.

પ્રશ્ન ૬૪ મું—કુકકુડ શબ્દ વનસ્પતિની જાતિમાં ઔષધીમાં વૈદક શાસ્ત્રમાં કહ્યો હોય તો તે પણ જણાવશો ?

ઉત્તર—સાંભળો-ઉપર કહેલા વૈદક ગ્રંથમા નિચે પ્રમાણે છે—

પાને ૪૫૬ મે-ગુજરાતીમાં-કુકડવેલ કહી છે.

પાને ૪૬૫ મે-વનસ્પતિની જાતિમાં-(લાલ મુર્ગા) કહેલ છે. હિંદીમે-

પાને ૫૫૧ મે-હિંદી ભાષામેં-લાલમુરગા-એ એક જાતની ઔષધી છે. (વનસ્પતિની જાતિ છે)

પાને ૬૫૫ મે-ગુજરાતીમાં-અરિઠા-તૈલંગ ભાષામાં કુકડ કહેલ છે.

પાને ૮૫૦ મે-ઓટીગળુ નામની શાકની વનસ્પતિમાં-કુર્કુટ, કુકુટ-નામ કહેલ છે.

ઉપર કહ્યા પ્રમાણે કપોત, માંર્જાર અને કુકકુડ ત્રણે તિર્યંચ પંચેંદ્રિયનાં નામે વનસ્પતિની જાતિમાં ઔષધીરૂપે વૈદક શાસ્ત્રમા કહેલ છે. તે ઉપરાંત વૈદક શાસ્ત્રમા મનુષ્ય તિર્યંચનાં નામની ઔષધીઓ વનસ્પતિની જાતિમાં પુષ્કળ કહેલ છે; તેમજ શ્રી પન્નવણાજી સૂત્રમા પણ વનસ્પતિના અધિકારે મનુષ્ય તિર્યંચ અને બીજા હાલતા ચાલતા ત્રસ જીવોનાં નામે વનસ્પતિઓ કહેલ છે.

પ્રશ્ન ૬૫ મું—પન્નવણાજી સૂત્રમાં મનુષ્ય તિર્યંચ અને ત્રસ જીવનાં નામે વનસ્પતિ કઇ કઇ કહી છે તે જણાવશો ?

ઉત્તર—સાભળો-શ્રી પન્નવણાજી સૂત્રમાં પદ પહેલે વનસ્પતિના અધિકારે મનુષ્ય તિર્યંચ વગેરે ત્રસ જીવોના નામ કહ્યા છે તે.

(૧) વૃક્ષની જાતિમાં-પુત્તં જીવ-પુત્ત જીવ તે-પુત્રનો જીવ કહેવાય અને પુત્ર શબ્દ મનુષ્યની જાતિમાં હોય.

(૨) णागरुक्ख-નાગ વૃક્ષ-નાગ તે સર્પ જાતિમા હોય છે. એ ગેગડિયાની જાતિમાં કહ્યું-હવે બહુ બીયાની જાતિમાં કહે છે.

(૩) माउलिंग-બિજોરાને કહેલ છે ને માતા તો મનુષ્ય તિર્યંચને હોય.

(૪) बिल्लेय-બિલ્લાને કહેલ છે ને તેનો અર્થ બિલાડી પણ થાય. એ વૃક્ષની જાતિમાં ચાર નામ કહ્યાં-હવે ગુચ્છાની જાતિ કહે છે.

(૧) ગુચ્છા-તુલસી-વનસ્પતિ છે અનેપુરૂષનું નામ પણ હોય છે.

(૨) माउलिंगाय-માતુલિંગી-વનસ્પતિ. બાકી પૂર્વવત્—

(૩) કુંથુંમરિ–કોથમીર–કુંથું તે હાલતા ચાલતા જીવ છે.

(૪) વિપ્પલિઆ–પિંપલીય વનસ્પતિ પિપિલિકા કીડીને પણ

(૫) વિલ્લી–બલ્લી–વનસ્પતિ–બિલાડીને પણ બલ્લી કહે છે

(૬) એરાવણ–વનસ્પતિ છે ને એરાવણ ઈંદ્રના હાથીનું નામ છે

(૭) ગય મારિણિ–વનસ્પતિ છે–ગજ નામ હાથીનું છે.

ગુચ્છની જાતિમાં—(૧) વંશુ જીવ–વનસ્પતિનું ન . ?
ચાલતા મમોલા હાલતા ચાલતા ત્રસ જાતિમાં પણ થાય છે.

વેલડીની જાતિમાં વનસ્પતિનાં નામ નીચે પ્રમાણે છેઃ—

(૧) વાગલીયા–વાગલિકા–વાડવાંગુલિકા ઝાડમાં અધર રહે
છે તે પક્ષીની જાતનું નામ છે. અહીં વનસ્પતિની જાત કહી.

(૨) वल्लीय–વનસ્પતિ. બિલ્લી–બીલાડીનું નામ છે.

(૩) विराली–વનસ્પતિ–બિરાલી–શબ્દે બીલાડી પણ થાય

(૪) गोवाली–ગોપાળી, વનસ્પતિ–અને ગોવાલણીનું નામ .

(૫) कागलि–વનસ્પતિ–અને કાગડીનું નામ પણ થાય

ત્રણ જાતની વનસ્પતિમાં (૧) अज्जुण–અર્જુન–વનસ્પતિનું નામ
છે અને અર્જુન એ પાંડુ પુત્ર–પાંડવનું નામ છે.

હરી જાતની વનસ્પતિના અધિકારે નીચે પ્રમાણે નામ છેઃ—

(૧) मज्जार–માંજાર–એ નામની વનસ્પતિ છે અને માંજાર શબ્દે
બીલાડી પણ થાય છે. (૨) मंडुक्की–મંડુકી નામની વનસ્પતિ છે અને
મંડુકી–દેડકીનું નામ પણ છે. (ઉપાસક દશાંગ સૂત્રમાં–આનંદજીએ
વ્રત આદરતા મંડુકીનું શાક ખાવાનો આગાર રાખ્યો છે. તો તે
વનસ્પતિનું શાક શ્રાવક ખાય, પણ દેડકીનું શાક ખાવજ નહિ એમ
જાણવું). (૩) अज्जय–એ નામની વનસ્પતિ છે. અને અજ્જ શબ્દે
બોકડો–ઘેટો પણ થાય છે.

હવે સાધારણ વનસ્પતિમાં (૧) मासकण्णी–અશ્વકર્ણી. (૨) सिंह
–સિંહકર્ણી–આ બન્ને કંદમૂળની જાતિ–સાધારણ વનસ્પતિનાં નામ
અશ્વના કે સિંહના કાન નથી પણ તે નામની વનસ્પતિ કહી છે. (

ારિ-બિરાલી, એવા નામની સાધારણ વનસ્પતિ છે. અને બિરાલીનો ર્યં બિલાડી પણ થાય છે.

તેમજ શ્રી આચારાંગજી સૂત્રમાં પિંડેષણા અધ્યયને-આઠમે ઉદ્દેશે-ાના પોઠ કહ્યા છે તેમાં કોલ પાણગંસા-કહેલ છે, એટલે કોલ નામના ા કહ્યાં છે. અને કોલ શબ્દે ઉંદરની જાતિમાં ધુંસ થાય છે. તેમ નોગરેલ ા નામની વનસ્પતિ પણ થાય છે. અને નોગ, કોગ એ નામનું જુજવર ચેન્દ્રિય જીવ છે. અને તે નામની વનસ્પતિ પણ કહેલ છે. તે વનસ્પતિનું ટલે નોગકોગ નામની વનસ્પતિનું શાક હાલ કાઠિયાવાડમાં વપરાય છે.

આ પ્રમાણે વનસ્પતિની જાતિમાં મનુષ્ય તિર્યંચ નામ કહ્યાં છે તે ત્રપાઠથી જણાવ્યાં. તેમજ વૈદ્યક શાસ્ત્રમાં વનસ્પતિની ઔષધીઓનાં નામ ાહ્યાં છે, ત્યાં પણ મનુષ્ય તિર્યંચ અને દેવોનાં નામ પણ આપ્યા છે.

પ્રશ્ન ૬૬ મું—વૈદ્યક શાસ્ત્રમાં મનુષ્ય તિર્યંચાદિકનાં નામે ઔષ-ીઓ કેવી રીતે ને કઇ કઇ ને કયા શાસ્ત્રમાં કહેલ છે તે તમામ સ્વરૂપ ણાવશો ?

ઉત્તર—સાંભળો-વૈદ્યક શાસ્ત્ર "શાલિગ્રામ નિઘંટુ ભૂષણમ્" અર્થાત્ હનિઘંટુ રત્નાકરાન્તર્ગતૌ-૭ મો ૮ મો ભાગ (વિશેષયુક્ત સમસ્ત પદાર્થ ામ ગુણ કોષ:) મુંબાઇ-ખેમરાજ શ્રી કૃષ્ણદાસે વેંકટેશ્વર છાપખાનામાં ંવત ૧૯૬૧ માં એ ગ્રંથ ૧૨૧૬ પૃષ્ટનો છપાએલો છે તેનાંનું કેટલુંક ાૈષધીઓ શબ્દનું ટાંચણ કરેલ છે, તે ગ્રંથમાં આટલા પ્રકારની ભાષામાં ાૈષધીઓનાં નામ દાખલ કર્યાં છે.

(૧) હિન્દી ભાષા, (૨) બંગ ભાષા, (૩) મહારાષ્ટ્ર ભાષા, (૪) ગુર્જર ાષા, (૫) કર્ણાટકી ભાષા, (૬) તૈલંગ ભાષા, (૭) અંગ્રેજી ભાષા, ૮) લેટીન ભાષા, (૯) ફારસી ભાષા, (૧૦) અરબી ભાષા. એ દશ ભાષામાંનું કેટલાક શબ્દનું ટાંચણ નિચે પ્રમાણે આપવામાં આવ્યું છે.

પાને ૬ ઠે-૭ મે-કસ્તુરીનાં નામ-મૃગ નાભિકા, અંડજ, મૃગ નાભી, ામદ, મૃગ, મૃગી, નાભિ, માર્જારી, રયામા, કામાન્ધા, મૃગાંડજા, કુરંગ-ાભિ, ગુર્જર ભાષામેં કસ્તુરી-બંગ ભાષ મેં મૃગ નાભી.

પાને ૧૧ મે—ગ્રંથ માર્જાર ચીર-કપૂર વર્ગમાં, એ એક ઔષધીનું ામ છે.

પાને ૧૮ મે—ઉખરનું નામ હરિત કહેલ છે.

પાને ૪૦ મે—ચેલારસને-કપિનામા, કપિતેલ, કપિશ, સ્નિગ્ધ, કપિ, કપિજ, કપિ ચંચલ કહેલ છે. (કપિને અર્થ વાંદરો પણ થાય છે.)

પાને ૪૨ મે—લવીંગને દેવકુસુમ કહેલ છે.

પાને ૪૮ મે—એલચીને મહિલા, કન્યા-કુમારી, કુમારિકા પૃથ્વી કાન્તા, ગર્ભસમ્ભવા, બાળા, બાળરતી, ગન્ધાળી ગર્ભ અને મહેલા (આટલાં નામ એલચીનાં કહેલ છે)

પાને ૫૧ મે—ચણકબાબાને કોલ કહેલ છે. (અને કોલ ધુંસને પણુ કહે છે.)

પાને ૫૩ મે—નાગકેસરને-નાગ કહેલ છે.

પાને ૬૭ મે—ગુજરાતી ભાષામાં-ગોરો ચંદન-હીંદી ભાષાને-ગોલોચન (એ ગાયના મસ્તકનું પિત છે.) ઔષધી છે, એમ કહ્યું છે.

પાને ૮૫ મે—ગુજરાતી ભાષામેં-મોરમાંસી એ એક ઔષધિ છે.

પાને ૧૦૬ મે-ગુજરાતી ભાષામાં-આંબળા-તામિલ ભાષામેં-અંડા કહેલ છે.

પાને ૧૧૭ મે—ચવકને કોળ કહેલ છે.

પાને ૧૧૮ મે—ગુજરાતી ભાષામેં-ગજપીપર-અને મરાઠી ભાષામાં મોરવેલી કહેલ છે.

પાને ૧૧૯ મે—સર્પદંડા, સર્પાંગી, પાર્વતી, લંબદંતા, છત્રનેત્રા એ ઔષધીનાં નામ છે.

પાને ૧૨૧ મે—ગુજરાતીમેં-ચિત્રો, સંસ્કૃતમેં-ચિત્રક, રક્તચિત્રક હિંદી ભાષામેં ચીતા લાલચીતા-બંગ ભાષામેં-ચિતા એ એક જાતની વનસ્પતિની ઔષધી કહી છે. તેજ પાને ચિતા નામની વનસ્પતિને-માર્જાર-કહેલ છે.

પાને ૧૨૩ મે—ગુજરાતીમેં-શુવાદાણા-ફારસી ભાષામેં શુત કહેલ છે.

પાને ૧૮૭ મે—માલકાંગણીને-બ્રાહ્મી-કહેલ છે.

પાને ૧૮૯ મે—ગુજરાતીમેં-દારૂડી-હિંદીમે-સત્યાનાસી-કહેલ છે.

પાને ૨૨૪ મે—ગુજરાતીમેં-અફીણ-સંસ્કૃતમેં-અહિફેન, નાગફેન, ભુજંગફેન-ઇંગ્રેજીમેં ઓપિયમ્ કહેલ છે.

પાને ૨૪૭ મે—ગુજરાતીમેં-નાગરવેલ-પાન-મરાઠામેં-નાગવેલ-અરબી ભાષામેં-કાન કહેલ છે.

પાને ૨૫૩ મેં—ગુજરાતીમેં—બિલો-બિલું-હિંદીમેં-બેલ બંગાલમેં બેલ કહેલ છે.

પાને ૩૨૦ મેં—ગુજરાતીમેં-ગરણી-હિંદીમેં-સફેદ કોયલ, નીલી કોયલ-મરાઠીમેં-ગોકર્ણી-તેના વિવરણમાં-પાને ૩૨૧ માં કહ્યું છે કે-કોયલ સફેદ ઔર નીલે ફૂલોંકે ભેદસે દો પ્રકારકી હૈ. યહ ખેત, બાગ ઔર ઉપવનોંમે હોતી હૈ પતે છોટે ગુલાબકી સમાન હોતે હૈ ઇસપર ફળી લંબી આતી હૈ.

પાને ૩૨૨ મેં—ઇંદ્રાણી, શક્રાણી-એ નામની વનસ્પતિની ઔષધી છે.

પાને ૩૩૩ મેં—ગુજરાતીમેં-કઉચા, ભેરવની શીંગના બી સંસ્કૃતમેં—કપિ કચ્છુ, આત્મ ગુપ્તા, મર્કટી, શુકા, ગાત્ર ભગા, વાનરી, લાંગલી, અદરી, ગુરૂ, વરાહિકા, વનશુકરી ઇત્યાદિ નામ છે.

પાને ૩૩૫ મેં-માંસ રોહિણી-એ વનસ્પતિનું નામ છે.

પાને ૩૬૫ મેં-ગુજરાતીમેં- કાંસડો,-મરાઠીમેં-કસઈ કહેલ છે.

પાને ૩૭૬ મે-શતાવરીનાં નામ-મહાશીના, બહુસુતા, નારાયણી, મહાપુરૂષ દંતા, શતપદી, વૈષ્ણવી, વાસુદેવ પ્રિયકરી, મહોદરી, ફણીજિહવા, બહુપુત્રીકા. (એટલા શતાવરી વનસ્પતિનાં નામ છે.)

પાને ૪૦૬ મેં-ગુજરાતીમેં-એખરો-સંસ્કૃતમેં-કોકિલાક્ષ.-તે માંપણ. લાલ કોકિલાક્ષ અને શ્વેત કોકિલાક્ષ-એખરાને કહેલ છે.

પાને ૪૧૬ મેં-પ્રસારણ વેલ્યને (નારી) કહેલ છે.

પાને ૪૧૭ મેં-સંસ્કૃતમેં-સારીવા-ગુજરાતીમેં-કપરી, કાળી વેલ્ય-તેનું નામ જિહવા કહેલ છે.

પાને ૪૨૬ મેં-શિવલિંગી, ઇશ્વરી, સ્વયંભૂ, દેવી, ચંડા, શિવવલી એ એક જાતની વેલીનું નામ છે.

પાને ૪૨૭ મેં-દેવી, ગોકર્ણી, મરાઠીમેં-મોરવેલ, કહેલ છે.

પાને ૪૨૯ મેં-ગુજરાતીમેં-પીલુડી-સંસ્કૃતમેં-કાકમાચી-તેનાં નામ વાયસી, કાક્ષ, વાયસા હ્વા, કાકમાતા, સુંદરી, કાકિની. એ વનસ્પતિની જાત છે.

પાને ૪૩૦ મેં-ગુજરાતીમેં-ચણોઠી-સંસ્કૃતમેં-કાકજંઘા, કાકનાસિકા, કાકા, કાકનાસા, કાકફળા, કાસી, નદીકાન્તા, કાકી,

પાને ૪૩૪ મેં-ગુજરાતીમેં-હંસરાજ કાળી ઠાંટલીનો-સંસ્કૃતમેં--હંસપાદી, ગોધાપદી,-હિંદીમેં-હંસપગી-તેનાં નામમાં ફીરમાતા.

પાને ૪૩૯ મેં-मत्स्याक्षी वालिका मत्स्यगन्धा मत्स्यादनीतिच ॥ અર્થ:-મત્સ્યાક્ષી, વાલિકા, મત્સ્યગન્ધા, મત્સ્યાદની વિવરણમાં કહ્યું છે કે-મત્સ્યાક્ષી અર્થાત મછેલી કે ક્ષુપ છોટે છોટે હોતે હે, પતે ઉડદ કે પતોં કે સમાન હોતે હૈં, ફૂલ-સફેદ ઔર પીલે રંગ કે હોતે હૈં, ઇસમેં મછલી કે સમાન ગંધ આતિ હે.

પાને ૪૪૦ મેં-સર્પાક્ષી-એક જાતની વનસ્પતિ છે.

પાને ૪૪૭ મેં-ब्राह्मी वयस्था मत्स्याक्षी सुरसा ब्रह्मचारिणी ॥ અર્થ:-બ્રાહ્મી, વયસ્થા, મત્સ્યાક્ષી, સુરસા, બ્રહ્મચારિણી (મત્યાક્ષી, સરસ્વતી, સુરશ્રેષ્ઠા કપોતવેગા, દિવ્યતેજા, મહૌષધિ, સ્વાયમ્ભુવી, સૌમ્યલતા, સુરેષ્ટા, બ્રહ્મકનકા, મંડુકમાતા, મંડુકી, મેધ્યા, વીરા, ભારતી, વરા, પરમેષ્ટિની, દિવ્યા, શારદા, કપોતવંકા; સોમવલ્લી) એ ખડ બરામીનાં નામ છે.-ગુજરાતીમાં-બ્રાહ્મી-ખડબરામી-સંસ્કૃતમાં બ્રાહ્મી, બ્રહ્મમાંડુકી-હિંદીમેં-બ્રહ્મી બંગાળમેં—બ્રહ્મીશાક-મરાઠીમેં-બ્રાહ્મી. (આ પ્રમાણે ખડબરામીનાં નામ કહ્યા છે.)

પાને ૪૪૮ મેં-"બ્રાહ્મી"ના શબ્દમાં-ગુજરાતિ ભાષામાં-ખડબરામીને બ્રાહ્મી-વિધા બ્રાહ્મી કહેલ છે.-

પાને ૪૫૬ મેં-ગુજરાતીમેં કુકડવેલ્ય-(વનસ્પતિ છે)

પાને ૪૫૯ મેં-ગુજરાતીમેં-ભોપાથારી-સંસ્કૃતમેં-ગોજિહ્વાક.

પાને ૪૬૪ મેં-ગુજરાતીમેં-ઉંદરકની-સંસ્કૃતમેં-મૂષાકર્ણી-હિંદીમેં-મૂસાકાની-બંગાલમેં-ઉંદરકાનીપાના-મરાઠીમેં-ઉંદરકાની (એ પણ વનસ્પતિની જાતિ છે.)

પાને ૪૬૫ મેં-ગુજરાતીમેં- મોરશિખા-સંસ્કૃતમેં-મયૂરશિખા-હિંદીમેં-મોરશિખા (લાલમુર્ગા) બંગાલમે-મયૂરશિખા-મરાઠીમેં-એજ. (એ એક જાતની વનસ્પતિની જાતમાં ઔષધી છે.)

પાને ૫૦૧ મેં-હિંદી ભાષામેં-લાલમુર્ગા-એ એક જાતની ઔષધી છે.

પાને ૫૮૭ મેં-સોપારીને-કપીતન, કહેલ છે.

પાને ૬૦૭ મેં-આરોહીને-રાજાતન કહેલ છે.

પાને ૬૧૧ મેં-અજનાસને-પારવતી, કહેલ છે.

પાને ૬૨૫ મેં-કાલુકલિયાને-પાર્વતી, કહેલ છે.

પાને ૬૩૧ મેં-પીપળાને-અશ્વત્થ, ગજાશન, ચૈત્યદ્રુમ, બોધિતરૂ, કૃષ્ણાવાસ, ચૈત્યવૃક્ષ, નાગબન્ધુ, દેવાત્મા, કપીતન, બોધિદ્રુમ, કુંજરાશન, પવિત્રક, બોધિવૃક્ષ, યાજ્ઞિક, વિપ્ર, મંગલ્ય, સત્ય, શુચિદ્રુમ, ધનુર્વૃક્ષ, એવા. એવા પીપળાના નામ કહેલ છે.

પાને ૬૩૨ મેં-ગુજરાતીમેં-પારસપીપળો-તેને-હિંદીમેં-ગજદંડ-અંગ્રાજી ભષામેં-અઞ્શુંટી-કહેલ છે.

પાને ૬૪૨-૬૪૩ મેં-અશ્વકર્ણુ-અજકર્ણુ-એ નામનાં વૃક્ષ કહ્યાં છે.

પાને ૬૪૪ મેં-અશ્વપુત્રી-ગજપદલભા-એવા નામનાં વૃક્ષ કહ્યાં છે

પાને ૬૪૫ મેં-ગુજરાતીમેં-કડાયો-સંસ્કૃતમેં-અર્જુન-તેને પાર્થ, પાંડવ, કૌન્તેય, કૃષ્ણ સારથિ, વીર, વીરવૃક્ષ, અર્જુન વૃક્ષના એ નામ.

પાને ૬૫૩ મેં-આવળને-ગોમુંગ, કહેલ છે.

પાને ૬૫૫ મેં-ગુજરાતીમેં-અરિઠા-તેલંગ ભાષામેં-કુકુડ કહેલ છે.

પાને ૬૫૬ મેં-પુત્ર જીર-એવું વૃક્ષનું નામ છે.

પાને ૬૬૩ મેં-ખાખરાને-બ્રહ્મવૃક્ષ કહેલ છે.

પાને ૬૭૩ મેં-સાગને-કોલફલ કહેલ છે.

પાને ૬૮૦ મેં-ખીજડાનાં વૃક્ષને-મંગલ્યા, સુભદ્રા, લક્ષ્મી, પવિત્રા, પાપ નાશિની, (એવાં એવાં નામથી બોલાવેલ છે).

પાને ૬૯૬ મેં-ધાતુની જાતમાં-ગુજરાતી ભાષામાં-સીસું-તેને-સંસ્કૃતમાં-નાગ, સીસક કહેલ છે.

પાને ૭૧૨ મેં-મોરથુથાને-મયુર ગ્રીવક, મયુરક કહેલ છે.

પાને ૭૧૭ મેં-બોદારને-સંસ્કૃતમાં-નાગસત્વ કહેલ છે.

પાને ૭૨૧ મેં-ગંધકને-બલિ, બલરસ, કહેલ છે-અને લેટિન ભાષામેં-સકકર કહેલ છે.

પાને ૭૨૪ મેં-મનશીલને-સંસ્કૃતમાં-મનઃશિલા, નાગજિહ્વિકા, નાગ માતા, કહેલ છે.

પાને ૭૬૮ મેં-ધાનની જાતમાં-જુવારને-ચૈનીન ભાષામાં-કોલકઞ બલગેરી, કહેલ છે.

પાને ૮૦૪ મેં-ઉડદને-બલિ કહેલ છે.

પાને ૮૫૦ મેં-હિલમોચી નામની વનસ્પતિમાં-મંત્સ્યાંગી-મત્સ્યાક્ષી જળબ્રાહ્મી, બ્રાહ્મી-હિંદીમેં-હુરહુલ-તેનાં કુલાદિ કહેલ છે.

પાને ૮૫૦ મેં-ઓટીગણુ નામની શાકની વનસ્પતિમાં-કુકુંદ, કુકુંદ-એવું પણ નામ છે.

પાને ૮૫૫ મેં-ગોભીકા શાકને-ગોજિહ્વા કહેલ છે. (શ્લોકમાં)

પાને ૮૬૪ મેં-ગુજરાતીમાં-કડવી તુંબડી-તેને રાજપુત્રી, નૃપાત્મજા કહેલ છે.

પાને ૮૬૯ મેં-ગુજરાતીમાં-તાંસતિ-એ નામની વનસ્પતિ શાકની તેને બંગ ભાષામાં શંશા કહેલ છે.

પાને ૮૭૦ મેં—ગુજરાતીમાં—ચિભડાં, રાજગરાં, કોઠીંબા—સંસ્કૃતમાં—મૃગેર્વારૂ. મૃગાક્ષી, મૃગાદની, કપિલાક્ષી, મૃગેક્ષણા, ચિત્રા, મૃગ ચિર્ભિટા, દેવી એવાં નામ શ્લોકમાં કહ્યાં છે.

પાને ૮૭૩ મેં—કાલિંગાને—ગુજરાતીમાં—તડબુચને—માંસફલ કહેલ છે.

પાને ૮૮૯ મેં—ભીંડાને—ચતુષ્પદ કહેલ છે.

પાને ૮૯૩ મેં—ગુજરાતીમાં—ગુવાર—સંસ્કૃતમે—ગોરાણી કહેલ છે.

પાને ૯૦૦ મેં—લસણુને—મ્લેચ્છકન્દ કહેલ છે.

પાને ૯૧૦ મેં—રતાળુને—લોહિત, લોહિતાલુ કહેલ છે.

પાને ૯૧૧ મેં—હસ્તિકર્ણ—ગજકર્ણ—એ કંદનાં નામ છે.

પાને ૯૧૩ મેં—મહિષકન્દ, ભેંસકન્દ—કહેલ છે.

પાને ૯૧૪ મેં—હસ્તિકન્દ, ગજકન્દ, નાગકન્દ, કોળકન્દ, કહેલ છે.

પાને ૧૫ મેં—ગુજરાતીમેં—વારાહી કન્દ—સંસ્કૃતમેં—વારાહી કન્દ મરાઠીમેં—ડુક્કરકન્દ—ગુજરાતીમાં સુવરીવા—તેનાં નામમાં—વારાહી, શૂકરી, ક્રોડકન્યા, વિષ્વક્સેન કાંતા, વરાહી, કૌમારી, ત્રિનેત્રા, બ્રહ્મપુત્રી, કન્દ સૂકરકન્દ, ચર્મકરકન્દ, બ્રાહ્મીકંદ, વરાહકન્દ, શુકકન્દ (એ બધા કન્દનાં નામ છે.)

પાને ૯૧૬ મેં—વિષ્ણુકંદ, ધરણીકન્દ કહેલ છે.

પાને ૯૧૯ મેં—અંડાળકંદ કહેલ છે.

પાને ૯૨૦ મેં—લક્ષ્મણા, પુત્રકન્દ, પુત્રદા, નાગિની પ્રભૃતિ કન્દનાં નામ કહેલ છે.

પાને ૯૨૫ મેં—ગુજરાતીમેં—ભીંડાની ભાજી—તેના નામમાં ભૂમિ ચ્છત્ર કહેલ છે.

પાને ૧૦૧૧ મેં—એરંડના તેલને—અંડકા તેલ, અંડીકા તેલ કહ્યાછે.

પાને ૧૦૨૮ મેં—એલકા અર્ક, કહ્યા છે તે વનસ્પતિ છે.

પાને ૧૦૨૯–૧૦૩૦ મેં—સફેદ અંડકા અર્ક, લાલઅંડકા અર્ક—એ વનસ્પતિની જાતિ છે. (એરંડ જણાય છે.)

પાને ૧૦૩૨ મેં—કોયલીકા અર્ક—એ વનસ્પતિની જાત છે—ઘુઘુચીકા અર્ક—એ ગુઞ્જાયા ચણોઠીકા અર્ક, સફેદ ઘુઘુચીકા અર્ક કહ્યા છે

પાને ૧૦૩૬ મેં—કાકનાસાકા અર્ક—વનસ્પતિની જાતિનો એ અર્ક.

પાને ૧૦૩૭ મેં—મરોડફલીકા અર્ક—એવી વનસ્પતિના નામનો અર્ક.

પાને ૧૦૩૮ મેં—બ્રાહ્મીકા અર્ક—બુદ્ધિ વર્દ્ધક, ઇસકો ૭ મહીને સેવન કરનેસે કવિ હો જાતા હૈ. ાા.

પાને ૧૦૫૧ મેં—ગૌડ દેશમેં—મત્સ્યંડીકો ગુડ કહેતે હૈ.

પાને ૧૦૫૪ મેં—સાકરને—ખીનાંડી, મત્સ્યંડિકા કહેલ છે.

પાને ૧૧૦૮ મેં—વૃક્ષાદિકોમેં સ્ત્રી, પુરુષ ઔર નપુંસક. યે તીન ભેદ હૈં.

પાને ૧૧૧૨ મેં—ઔષધી ઉષ્ણ વીર્ય, શીત વીર્ય, કહી છે. (ભૂમી આશ્રી.)

પાને ૧૧૮૮ મેં—અંધપુષ્પી નામની વનસ્પતિનું નામ દીનું લિખા છે. ગુજરાતીમાં અંધાહુલી કહી છે.

પાને ૧૧૯૬ મેં—એકવીર, મહાવીર, શૂરવીર, વીર એને ગુજરાતીમાં—એકલકંટો—એ નામનું વૃક્ષ કહેલ છે.

પાને ૧૧૯૮ મેં—અમરકાષ્ઠ—સંસ્કૃતમેં—અમરકાઠી, હિંદીમેં—અમરકાઠી—એ નામનાં વૃક્ષ કહેલ છે.

પાને ૧૧૯૮ મેં—અજગંધા, ખરપુષ્પા, કાનરી, પૂતિમયૂરિકા, બ્રહ્મગર્ભા, બાબ્રી, તેને ગુજરાતીમેં—ડમરૂ—સંસ્કૃતમાં—અજગંધ,—હિંદીમેં—તિલવન—મરાઠીમેં—કાનેરાડી, કહેલ છે.

પાને ૧૨૦૪ મેં—ગોરખી, ઢફંડી, ગોરખી તેને ગુ રૂખડો કહેલ છે.

, પાને ૧૨૦૪ મેં—ગુજરાતીમાં પાતાળ તુંબડી—સંસ્કૃતમેં-પાતાલ તુંબી,—મરાઠીમેં—નાગ તુંબી—તથા દેવી, દિવ્ય તુંબી, કહેલ છે.

. પાને ૧૨૧૦ મેં—ગુજરાતીમેં—ભામેજવો—સંસ્કૃત તથા બંગાલી ભાષામેં—નાગજિહ્વા કહેલ છે.

પાને ૧૨૧૩ મેં—ગુજરાતીમેં—ઝુમખડાં—સંસ્કૃતમેં—સપ્તપુત્રી-હિંદીમેં-સતપુતી તોરઇ,—બંગાલમેં તથા મરાઠીમેં—સાતપુની કહેલ છે.

શ્રી આચારાંગ સુત્રના પિંડેષણા અધ્યયમાં 'मंस मत्स्य' વિષે શંકાશિલ કલમો તથા શ્રી ભગવતીજી સુત્રમાં કપોત, માર્જાર, અને કુકુડ શબ્દ માટે ખોટી શકાઓ જે ઉઠ્ઠાવેલી છે તેને દૂર કરવાને પ્રથમ પુસ્તક લખાણુ થઇ ગયું છે. તથાપિ આ છેવટના ચાલતા પ્રશ્નમાં વૈદક શાસ્ત્રના નિયમ પ્રમાણે જેટલા તકરારી શબ્દો છે તેનું સમાધાન આજ પ્રશ્નના ઉત્તરમાં થઇ જાય છે. કારણુ કે જે શબ્દો સુત્રમાં કહ્યા છે તેજ શબ્દો વનસ્પતિની જાતિમાંથી નીકળી આવે છે, માટે શંકાશિલ જનોએ ઉપરનું તમામ લખાણુ મનન કરીને વાંચવું અને શંકાને દૂર કરવી. શુદ્ધ પવીત્ર આત્મા જૈનના સાધુ ઉપર ખોટો આક્ષેપ મુકવાના અઘોર પાપના (કર્મબંધના) બોજામાંથી બચાવવાને માટે ખાસ કરીને આ ઉલ્લેખ કરવાની જરૂર પડી છે.

આટલા લખાણુ ઉપરથી એમ તો ખાત્રીજ થઇ હશે કે- જૈનના સાધુ પૂર્વે માંસાહારી હતા નહિ, અને અત્યારે પણુ નથી આ વાત ચોકસ છે.

જૈનના સાધુ જો માંસાહારી હોય અને સૂત્ર તેનું ફરમાન કરતું હોય તો પછી તેજ સૂત્રો તેજ ધર્મના મુનિઓ તેનો નિષેદ કેમ કરી શકે?

પ્રશ્ન ૬૭ મું—કયા સૂત્રમાં, અને કોણુ મુનિએ માંસનો નિષેધ કરેલો છે એવો નામવાર કોઇ દાખલો છે?

ઉત્તર—હા, જી, સાંભળો ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩ મા અધ્યયનમાં ૩૨ મી ગાથામાં ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિને કહ્યું છે કે–હે રાજન્! જો તું કામ ભોગ છાંડવાને અસમર્થ હો તો, अज्जाइ कम्माइं करे हिरायं; આર્ય કર્મ કર. એટલે મદિરા માંસનો ત્યાગ કર. મદિરા માંસનો ત્યાગ કરીશ તો હે રાજન્! તને સમકિતની પ્રાપ્તિ થશે, અને સમકિતની પ્રાપ્તિ થયે ધર્મને વિષે દઢ રહીને સર્વ જીવ ઉપર અનુકંપા લાવી (શિકારાદિ નહિ કરીશ તો) તું ન્યાય માર્ગે ચાલીશ તો મનુષ્યદેહ મૂકયા પછી તું વૈક્રિય શરીરવાળો; શકિતવાન મોટો દેવતા થાઇશ. એમ મુનિએ કહ્યું છે.

અહિંયાં આર્ય ધર્મને માટે માંસાદિકનો ત્યાગ ગર્ભિતપણે જણાવ્યો છે. જ્યાંસુધી માંસાહારમાં ગૃદ્ધિપણું હોય-જેને માંસાહારની ટેવ પડેલી હોય છે તેના કોઠામાં દયાનો વાસ થઇ શકતો નથી તેમજ ત્યાંસુધી સમકિતની પ્રાપ્તિ પણ થતી નથી તોપણી ધર્મનું તો પ્રતિપાદન કરી શકેજ કયાંથી ? માંસાહારીને બધા ગુણોની નાસ્તિ છે.

પ્રશ્ન ૯૮ મું—સમકિતી જીવ માંસાહારી ન હોય એવે કોઇ દાખલો છે ?

ઉત્તર—હા, જી, સાંભળો-"જૈન ગ્રંથ રત્નાકર"-રત્ન ૩ રા–સ્વામી-કાર્તિકેયાનુપ્રેક્ષા અથ ધર્માનુપ્રેક્ષા-પાને ૧૧૬ મે કહ્યું છે કે—

सम्यग्दर्शन शुद्धः, रहितः मद्यादि स्थूल दोषैः ;

સમ્યક્દર્શન હૈ શુદ્ધ જાકે જૈસા મદ્યમાંસાદિ સ્થૂલ દોષ રહિત હોતે હૈ. એટલે સમકિતદૃષ્ટિ જીવ હોય તે મદિરા માંસાદિ મોટા મોટા દોષોથી રહિત હોય. એટલે મદિરા માંસ ખાય નહિ, પરદારા ગમન કરે નહિ, અર્થાત્ સાત વ્યસન માહેલું કોઇ વ્યસન સેવે નહિ. દુનિયામાં નિંદાય તેવું કાર્ય સમકિતી કરે નહિ. માંસાહારથી થતી નુકસાની તેનું સ્વરૂપ જાણનારા સમદૃષ્ટિ જીવો તેનું સેવન કદિ કરે નહિ. તોપણી સાધુને માટે સવાલ હોયજ શાનો ? સાધુને તો જ્યાં મદિરામાંસ વપરાતો હોય તેવે રસ્તે પણ જવાની ભગવંતની આજ્ઞા નથી.

પ્રશ્ન ૯૯ મું—માંસાહારથી શું નુકસાન થાય છે તે જણાવશો ?

ઉત્તર—સાંભળો—'હિતશિક્ષા' પૃષ્ટ ૪૭ મેં—લખ્યું છે કે—માંસ ખોરાકથી જે ભયંકર બગાડ થાય છે. તે ધ્યાનમાં લેવા લાગ છે. ડૉ, ટી, એલ, નીકોલસ, એમ, ડી. કહે છે કે—"માંસ ખોરાક કૃત્રિમ જુસ્સો ઉત્પન્ન કરે છે, એ કૃત્રિમ જુસ્સાના પરિણામે માણસ વિષય લુબ્ધ બને છે- એથી થાક ઉત્પન્ન થાય છે. થાક દૂર કરવા જુસ્સાની જરૂર પડે છે અને જુસ્સા માટે તે માણસ પાછો માંસ ખાય છે, અને પરિણામે ગોઝ કુંડાળામાં દુર્બીજ કરે છે, અને વિનાશનું કામ ચાલ્યાં કરે છ." આ પ્રમાણે માણસને તામસી વૃત્તિનો બનાવનાર એ (માંસ) ખોરાક મનુષ્યનું મનુષ્યપણું છીનવી લે છે અને નિર્દયતાને બીજી કુદરત જેવી બનાવી દે છે.

એથી વધારે—માંસ ખોરાક (૧) ઘણાં દરદો ઉત્પન્ન કરે છે, (૨) માણસને તામસી વૃત્તિનો બનાવી નીતિ ભ્રષ્ટ કરે છે, (૩) અને શાસ્ત્રના ન્યાયે જાતનો પણ બિગાડ કરે છે.

પ્રશ્ન ૭૦ મું—માંસાહારીની ગતિ કઈ થાય? આ વિષે શ્ર કાંઈ જણાવે છે?

ઉત્તર—હા, જી, સાંભળો— શ્રી ભગવતીજી સૂત્રનું આઠમું શ નવમો ઉદ્દેશો-તેમાં ગૌતમ ગણધરે નૈરયિક (નારકીનું) આયુ તથા તે કાર્મણ શરીર પ્રયોગબંધ-બાંધવાનું કારણ પૂછતાં શ્રી મહાવીર સ્વામી માંસાહારને પણ તેનાં કારણ તરીકે ખુલ્લી રીતે જણાવેલ છે, તે સંબંધ આ રીતે છેઃ-મૂલપાઠ-

णेरइयाउय कम्मा सरिरप्पओग बंधेण भंते ॥ पुच्छा ॥ गोयमा, महा-रंभयाए, महापरिग्गहयाए, पंचिंदिय वहेण, कुणिमाहारेणं, णेरइयाउय कम्मा सरिरप्पओग णामाए कम्मस्स उदयेणं णेरइयाउय कम्मा सरिरजाव पओग बंधे॥

ગૌતમ પૂછે છે કે હે ભગવન, નરક યોગ્ય આયુ તથા કાર્મણ શરીર પ્રયોગ શી રીતે બંધાય?

એના ઉત્તરમાં ભગવાન કહે છે કે હે ગૌતમ, મહાઆરંભ, મહા પરિગ્રહ, પંચેંદ્રિય જીવોનો વધ, અને માંસાહાર. એ ચાર કારણોથી જીવ નરકનું આયુષ્ય તથા કાર્મણ શરીર પ્રયોગ બાંધે છે. અને તેના ઉદયે નરકમાં જાય છે.

અહિંયાં ભગવતીજીમાં ચોકખું કહ્યું છે કે-માંસનો આહાર કરનાર મરી નરકમાં જાય છે. તેમજ ઠાણાંગ સૂત્ર પણ એજ જણાવે છે.

પ્રશ્ન ૭૧ મું—ઠાણાંગ સૂત્રમાં માંસાહાર વિષે શું કહ્યું છે? તે પણ જણાવશો?

ઉત્તર—સાંભળો-ઠાણાંગ સૂત્ર-ઠાણે ચોથે-માંસ ભક્ષીને નરક કહ્યું છે તે મૂલપાઠ—

'चउहिं ठाणेहिं जीवा णेरइयत्ताए कम्मं पकरेंति तंजहा महारंभयाए महापरिग्गहयाए पंचिंदिय वहेणं कुणिमाहारेणं' इति.

॥ कुणिम शब्दस्तु मांसार्थः प्रसिद्ध एव ॥

ચાર સ્થાનકે જીવ નરકને વિષે ઉપજવાનું કર્મ ઉપાર્જે છે. તે કહે છે. મહા આરંભ કરવા થકી, મહા પરિગ્રહ થકી, પંચેંદ્રિય જીવનો વધ કરવાથી, અને માંસ ભક્ષણ કરવાથી. એ ચાર કારણે જીવ નરકમાં જવાનું કર્મ ઉપાર્જે તેમાં માંસાહાર કહેલ છે. તેમજ ઉવવાઈ સૂત્ર પણ એજ જણાવે છે.

પ્રશ્ન ૭૨ મું—માંસાહારી વિષે ઉવવાઈ સૂત્ર શું જણાવે છે?

ઉત્તર—ઉવવાઈ સૂત્રમાં પણ માંસ ભક્ષણ કરનારને નરક ગતિની પ્રાપ્તિનું વર્ણન કરેલ છે તે સાંભળો-સૂત્રપાઠ –

'चउहिं ठाणेहिं जीवा णेरइयत्ताए कम्मं पकरेंति, णेरइयत्ताए कम्मं पकरेत्ता, णेरइएसु उववज्जंति तंजहा महारंभयाए महापरिग्गहयाए पंचिंदिय वहेणं कुणिमहारेणं ॥ इति.'

આ સ્થાનકે જીવ નરકમાં જવાનું કર્મ ઉપરાજે છે, નરકમાં જવાનું કર્મ કરીને નરકમા ઉપજે છે તે કર્મ કયા? તે કહે છે. મોટા આરંભના કરનાર મોટા આરંભે કરી મહા પરિગ્રહના ભોગવનાર, પંચેંદ્રિય જીવના વધના કરનાર, અને માંસ ભક્ષણના કરનાર.

ઉપર કહેલા ત્રણ સૂત્રમાં નરકે જવાના ચાર કારણોમાં ચોથું કારણ માંસ ભક્ષણનું જણાવ્યું છે

જૈન સૂત્રોના પાઠક જૈન સાધુ યા શ્રાવક, ભગવંત મહાવીરના વચનાનુસાર વર્તનારા પોતે સારી રીતે જાણનારા, સૂત્ર વચનને આગળ કરી ચાલનારા ચારે ગતિના ઉત્પત્તિના સ્થાનકના તથા મોક્ષ ગતિની પ્રાપ્તિના તમામ ઉપાયોના જાણ પુરૂષો મદિરા માંસનું સેવન કરી નરક ગતિનો સ્વીકાર કેમ કરે? અર્થાત્ કદી ન કરે. સાધુની ગતિ તો મોક્ષની કે દેવલોકનીજ હોય છે અને શ્રાવકની ગતિ પણ દેવલોકની કહી છે; માટે જૈન ધર્મના સાધુ ત્રણ કાળમાં પણ માંસાહારી હોયજ નહિ, આ વાત સિદ્ધાંત છે.

મદ્ય માંસાદિ અયોગ્ય વસ્તુના ભક્ષના નિષેધક વચનામૃતથી જેમનું અંતઃકરણ સીંચાયલું હોય છે તેવા નરકાદિ દુર્ગતિમાં નહિ જનાર મિ.શ્રાવી જીવો મદ્ય માંસ ભક્ષણ કર્યા વગરજ નિર્દોષ સાદા અને સાત્વિક ખોરાકથી જ પોતાના જીવનનો નિર્વાહ કરી લે છે. બાકી જેઓ જીભની લજ્જતના દાસ થઇને તેનું (માંસનું) ભક્ષણ કરે છે તેઓ બે બાજુથી કર્મબંધ કરીને નરકમાં પડી પરમાધામીના હાથે ભયંકર દુઃખો ભોગવે છે.

પ્રશ્ન ૭૩ મું—કોઈ એમ કહે કે અનાજની જાતિમાંથી અનાજના ખોરાકને માટે અનેક જીવોનો વિનાશ કરવો પડે છે તેના પરિણામે એક મોટા જીવનો વિનાશ કરી ઘણા જણને ખોરાકના કામમાં આવે તેમાં શું ખોટું પાપ લાગે. આ અભિપ્રાય અમારે ખરો છે કે ખોટો?

પ્રશ્ન ૭૦ મું—માંસાહારીની ગતિ કઈ થાય? આ વિષે શાસ્ત્ર કાંઈ જણાવે છે?

ઉત્તર—હા, જી, સાંભળો— શ્રી ભગવતીજી સૂત્રનું આઠમું શતક નવમો ઉદ્દેશો–તેમાં ગૌતમ ગણધરે નૈરયિક (નારકીનું) આયુ તથા તેના કાર્મણ શરીર પ્રયોગબંધ-બાંધવાનું કારણ પૂછતાં શ્રી મહાવીર ભગવાને માંસાહારને પણ તેનાં કારણ તરીકે ખુલ્લી રીતે જણાવેલ છે, તે સંબંધે આ રીતે છે:-મૂલપાઠ-

णेरइयाउय कम्मा सरिरप्पओग बंधेग भंते ॥ पुच्छा ॥ गोयमा, महारंभयाए, महापरिग्गहयाए, पंचिंदिय वहेण, कुणिमाहारेणं, णेरइयाउय कम्मा सरिरप्पओग णामाए कम्मस्स उदयेणं णेरइयाउय कम्मा सरिरजाव पओग बंधे

ગૌતમ પૂછે છે કે હે ભગવન, નરક યોગ્ય આયુ તથા કાર્મણ શરીર પ્રયોગ શી રીતે બંધાય?

એના ઉત્તરમાં ભગવાન કહે છે કે હે ગૌતમ, મહાઆરંભ, મહા પરિગ્રહ, પંચેંદ્રિય જીવોનો વધ, અને માંસાહાર. એ ચાર કારણોથી જીવ નરકનું આયુષ્ય તથા કાર્મણ શરીર પ્રયોગ બાંધે છે. અને તેના ઉદયથી નરકમાં જાય છે.

અહિંયાં ભગવતીજીમાં ચોકખું કહ્યું છે કે-માંસનો આહાર કરનાર મરી નરકમાં જાય છે. તેમજ ઠાણાંગ સૂત્ર પણ એજ જણાવે છે.

પ્રશ્ન ૭૧ મું—ઠાણાંગ સૂત્રમાં માંસાહાર વિષે શું કહ્યું છે તે પણ જણાવશો?

ઉત્તર—સાંભળો-ઠાણાંગ સૂત્ર-ઠાણે ચોથે-માંસ ભક્ષીને નરકે જવું કહ્યું છે તે સૂત્રપાઠ—

'चउहिं ठाणेहिं जीवा णेरइयत्ताए कम्मं पकरेंति तंजहा महारंभयाए महापरिग्गहयाए पंचिंदिय वहेणं कुणिमाहारेणं' इति.

॥ कुणिम शब्दस्तु मांसार्थः प्रसिद्ध एव ॥

ચાર સ્થાનકે જીવ નરકને વિષે ઉપજવાનું કર્મ ઉપજે છે. તે કહે છે. મહા આરંભ કરવા વડી, મહા પરિગ્રહ વડી, પંચેંદ્રિય જીવનો વધ કરવાથી, અને માંસ ભક્ષણ કરવાથી. એ ચાર કારણે જીવ નરકમાં જવાનું કર્મ ઉપરાજે તેમાં માંસાહાર કહેલ છે. તેમજ ઉવવાઇ સૂત્ર પણ એજ જણાવે છે.

પ્રશ્ન ૭૨ મું—માંસાહારી વિષે ઉવવાઇ સૂત્ર શું જણાવે છે?

ઉત્તર—ઉવવાઇ સૂત્રમાં પણ માંસ ભક્ષણ કરનારને. નરક ગતિની. પ્રાપ્તિનું વર્ણન કરેલ છે તે સાંભળો-સૂત્રપાઠ ~

चउहिं ठाणेहिं जीवा णेरइयत्ताए कम्मं पकरेंति, णेरइयत्ताए कम्मं पकरेत्ता, णेरइएसु उववज्जंति तंजहा महारंभयाए महापरिग्गहयाए पंचिंदिय वहेणं कुणिमहारेणं ॥ इति.

આ સ્થાનકે જીવ નરકમાં જવાનું કર્મ ઉપરાજે છે, નરકમાં જવાનું કર્મ કરીને નરકમાં ઉપજે છે તે કર્મ કયા? તે કહે છે. મોટા આરંભના કરનાર મોટા આરંભે કરી મહા પરિગ્રહના મેળવનાર, પંચેંદ્રિય જીવના વધના કરનાર, અને માંસ ભક્ષણના કરનાર.

ઉપર કહેલા ત્રણ સૂત્રમાં નરકે જવાના ચાર કારણોમાં ચોથું કારણ માંસ ભક્ષણનું જણાવ્યું છે.

જૈન સૂત્રોના પાઠક જૈન સાધુ યા શ્રાવક, ભગવંત મહાવીરના વચનાનુસાર વર્તનારા પોતે સારી રીતે જાણનારા, સૂત્ર વચનને આગળ કરી ચાલનારા ચારે ગતિના ઉત્પત્તિના સ્થાનકના તથા મોક્ષ ગતિની પ્રાપ્તિના તમામ ઉપાયોના જાણ પુરૂષો મદિરા માંસનું સેવન કરી નરક ગતિનો સ્વીકાર કેમ કરે? અર્થાત્ કદી ન કરે. સાધુની ગતિ તો મોક્ષની કે દેવલોકનીજ હોય છે અને શ્રાવકની ગતિ પણ દેવલોકની કહી છે; માટે જૈન ધર્મના સાધુ ત્રણ કાળમાં પણ માંસાહારી હોયજ નહિ, આ વાત સિદ્ધાંત છે.

મદ્ય માંસાદિ અયોગ્ય વસ્તુના ભક્ષના નિષેધક વચનામૃતથી જેમનું અંતઃકરણ સીંચાયલું હોય છે તેવા નરકાદિ દુર્ગતિમાં નહિ જનાર મોક્ષાર્થી જીવો મદ્ય માંસ ભક્ષણ કર્યા વગરજ નિર્દોષ સાદા અને સાત્વિક ખોરાકથી જ પોતાના જીવનનો નિર્વાહ કરી લે છે. બાકી જેઓ જીભની લાલચના દાસ થઇને તેનું (માંસનું) ભક્ષણ કરે છે તેઓ બે બાજુથી કર્મબંધ કરીને નરકમાં પડી પરમાધામીના હાથે ભયંકર દુઃખો ભોગવે છે.

પ્રશ્ન ૭૩ મું—કોઈ એમ કહે કે અનાજની જાતિમાંથી બનાવેલા ખોરાકને માટે અનેક જીવોનો વિનાશ કરવો પડે છે તેના પરિમાણમાં એક મોટા જીવનો વિનાશ કરી ઘણા જણને ખોરાકનાં કામમાં આવે તેમાં શું ઓછું પાપ લાગે. આ અભિપ્રાય અમારો ખરો છે કે ખોટો?

ઉત્તર—આ અભિપ્રાય તમારો તદ્દન ખોટો છે. મોટા જીવોને હણનારના હૃદયમાં કોઇ પણ જીવની દયા રહેતી નથી, તેનું હૃદય કઠોર અને નિર્દય બને છે. માંસાહારીઓ પોતાના ખોરાક માટે શિકારી બને છે ત્યારે તે હિંસકોને દેખી ઘણા જીવો ભયભ્રાંત થઇ ત્રાસ પામી નાશ ભાગ કરે છે. પોતાના બાળ બચ્ચાંથી પણ વિખુટા પડે છે. કોઇ જીવ વધકોને હાથ પડે તે તે વખતે તે જીવ કંપી ચાલે છે. હિંસકોને એટલો વિચાર થતો નથી કે-જ્યારે હું પ્રાણ જવાના કષ્ટમાં આવી પડું ત્યારે મારા પ્રાણ બચાવવાને જેટલો હું પ્રયત્ન કરૂં અને હું જેમ મરણના ભયથી ત્રાસ પામું છું તેમ તેવીજ રીતે બીજા જીવોને કેમ ન હોય? એટલો વિચાર પણ ઘાતકી જનોને આવે નહિ. એક એ-અને બીજું એ કે-માંસનો ખોરાક લાગણી ઉશ્કેરનાર, દુષ્ટ વિચાર ઉત્પન્ન કરનાર અને ગંદો તથા ઘણી [illegible] ઝેરી હોય છે. માંસાહારી લોકોને તાવ, મરકી વગેરે રોગો વારંવાર થાય છે. પ્રાણીખોરાક વિકાર ઉત્પન્ન કરે છે, તથા તે ખાનાર-માંસાહારી વિષયલુબ્ધ અને દુરાચરણી બને છે વગેરે મારા જોવામાં ઘણા દોષો ઉત્પન્ન થાય છે. માંસ ભક્ષીઓ અજ્ઞાનતાને લઇને હર્ષ ઉંઘમાં બકવાની પેઠે બોલે કે અમને એકજ જીવનું પાપ લાગે તેઓને કાંઇ પણ શાસ્ત્રનું જ્ઞાન હોય એમ જણાતું નથી. શાસ્ત્રમાં તો ચોખ્ખું કહ્યું છે કે-માંસની અંદર અનન્તાનંત જીવની ઉત્પત્તિ થાય છે.

પ્રશ્ન ૭૮ મું—એવું વળી કયા શાસ્ત્રમાં કહ્યું છે તે તો જણાવો?

ઉત્તર—સંબોધ-સત્તરિ આદિ જૈન શાસ્ત્રમાં કહ્યું છે કે:—

આમાસુ ય પક્કાસુ ય, વિપચ્ચમાણાસુ મંસપેસીસુ;
સયયં ચિય ઉવવાઓ, ભણિઓ ય નિગોયજીવાણં ॥ ૧ ॥

અર્થ—અગ્નિથી નહિ પકવેલા-કાચા તથા પકવેલા-પાકા માંસ તથા અગ્નિથી પકવાતા [illegible] નિરંતર [illegible] સુધી માંસ [illegible] નિગોદિયા (સૂક્ષ્મ [illegible]) [illegible] કહ્યું છે, [illegible] કહ્યું છે કે [illegible] જીવની ઉત્પત્તિ [illegible]

પ્રશ્ન ૭૯ મું—[illegible]

ઉત્તર—[illegible] જીવની ઉત્પત્તિ [illegible]

मज्जे महुं मिमंसंमि, नवणीयंमिय चउथ्थए;
उव वज्जंति असंखा; तव्वन्ना तत्थ जंतुणो. ॥ १ ॥

અર્થ.—દારૂ, મધ, માંસ ને માખણમાં તે વર્ણા અસંખ્યાતા જીવ ઉપજે છે. સૂક્ષ્મ શરીરવાળા છે માટે દેખાય નહિ અને અન્ય મતના નગ-પડલ ગ્રંથમાં કહ્યું છે કે- मद्य मांसं मधुनि च, नवनीत बहिर्हते; उत्तरग्रंते चीपद्यंते, सूक्ष्माजंतु रासय. ॥ १ ॥

અર્થ:—મદ્ય, માંસ ને મધુ (મધ) એ ત્રણેને વિષે નિત્ય કહેતાં સદાયે અને નવનીત તે માખણ છાશથી અળગું કર્યા પછી એ ચારે પદાર્થને વિષે સૂક્ષ્મમાં સૂક્ષ્મ (તદ્દવરણા) જીવોની રાસી ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. અર્થાત્ જ્યાં સુધી તે પદાર્થ રહે ત્યાં સુધી તેમાં અસંખ્યાસંખ્ય જીવોની ઉત્પત્તિ અને વિનાશ-ચય ઉપચય થયા કરે છે (એમ પુરાણ સારમાં કહ્યું છે).

અહિંયાં માંસને વિષે પણ અસંખ્યાસંખ્ય જીવની ઉત્પત્તિ કહી છે. અનાજના જીવની સંખ્યા કરતાં માંસમાં ઉત્પન્ન થતા જીવોની સંખ્યા, ઉપર કહેલા શાસ્ત્રોના ન્યાયે વધી જવાથી માંસ ભક્ષણમાં વિશેષાવિશેષ પાપ રહેલું છે. વળી માંસનો ખોરાક નીચમાં નીચ ગણાય છે, કનિષ્ટમાં કનિષ્ટ કહેવાય છે. સર્વ ધર્મવાળાએ માંસ ભક્ષણને નિંદેલ છે. આ ખોરાક જૈન સાધુને સર્વથા નિષેધ છે. અને ઉત્તમ વર્ગના મનુષ્યો પણ આવા અભક્ષાભક્ષથી વિમુખ રહે છે. આવા અયોગ્ય ખોરાકના અધિકારી તો નરકગામી અનાર્ય વૃતિવાળાજ હોય છે. આ વિષે જૈન સિદ્ધાંતોના પુષ્કળ દાખલા અપાઇ ગયા છે. તેમજ અન્ય શાસ્ત્રમાં પણ માંસ ભક્ષણના કરવા વાળાને મહા માઠાં ફળ કહ્યાં છે.

પ્રશ્ન ૭૬ મું—અન્ય શાસ્ત્રમાં માંસ ભક્ષણ વિષે શું કહ્યું છે? તે જણાવશો?

ઉત્તર—સાંભળો-માંસ ભક્ષણના કરવાવાળાને-મહાભારતમાં કહ્યું છે કે

यावंति पशुरोमाणि, पशुगात्रेण भारतः
तावद्वर्ष सहस्राणि, पच्यते नरके नरः ॥ १ ॥

શ્રી કૃષ્ણોવાચ-હે ભારત! જે માંસાહારી પશુનો વધ કરે છે, તે પશુનાં શરીરમાં જેટલાં રૂવાડાં હોય તેટલા સહસ્ર વર્ષ લગે તે પશુવધક નરકને વિષે પચે છે, એટલે પશુનાં જેટલાં રૂવાડાં હોય તેટલા હજાર વર્ષ સુધી નરકના મહાદુઃખને ભોગવે.

પ્રશ્ન ૭૭ મું—કોઇ એમ કહે કે અમે પશુવધ કર્યા વિના તૈયાર મળેલા માંસને ખાઇએ તેને તો નરકમાં જવું ન થાય કે ના?

ઉત્તર—ઉપર કહેલા ચાલતા અધિકારમાં તે પણ જણાવ્યું છે કે-

तिल सर्षव मात्रं तु, यो मांसं भक्षते नरः;
स याति नरकं घोरं, यावचंद्रदीवाकरौ. ॥ २ ॥

તીલ અને સરસવ જેટલું પણ માંસ કદાપિ કોઇ નર ખાય તો તે ખાનાર મનુષ્ય ઘોર નરકને વિષે જાય, અને જ્યાં સુધી ચંદ્રમા અને સૂર્ય તપે અર્થાત્ જ્યાંસુધી ચંદ્રમા સૂર્ય રહે ત્યાંસુધી તે માંસાહારી નરકનાં દુઃખ ભોગવે. એમ મહાભારતમાં કહ્યું છે. (પુરાણ સાર.)

અને માંસાહારી ઘણા કાળ સુધી નરકના દુઃખ ભોગવીને ફરી મનુષ્યભવમાં આવે તો કેવો થાય? તે જણાવે છે.

अल्पायुषो दरीद्रश्च, परकर्मोप जीविनः;
दुःकुलेष्वेव जायंते, ये नरा मांस भक्षका. ॥ ३ ॥

અર્થ—માંસાહારી જીવ નરકનાં દુઃખ ભોગવીને ફરી મનુષ્યપણું પામે તો તે અલ્પ આયુષ્ય પામે, દારિદ્ર થાય, પારકા કર્મે જીવન ગાળે, અને નીચ કુળમાં ઉત્પન્ન થાય; જે નર માંસનું ભક્ષણ કરે તે નરક ગતિ-નરકનાં દુઃખ ઉપરાંત મનુષ્યનો ભવ પામે તોપણ દુઃખી સ્થિતિને પામે, અને તે ઉપરાંત જીવના વધ કરનારને વિશેષ ફળ કહ્યું છે.

સાંભળો પ્રાણી જીવના વધ કરનારને પૂર્વે કહ્યા ઉપરાંત વિશેષ ફળ નીચે પ્રમાણે અતિહાસ પુરાણમાં કહ્યું છે.

स्वल्पायु विकला रोगी, विचक्षु बधिर स्तथा;
वामनः पामन षंढो, जायते स भवोभवे. ॥ ४ ॥

અર્થ—થોડું આઉખું પામે, વિકલ તે ઘેલો-ગાંડો-બાવરો થાય, સદાય રોગી રહે, આંધળો થાય, બહેરો થાય, ખસ થાય, વામનો થાય, ઠુંઠો-ઠીંગણો થાય, નપુંસક થાય. એટલાં વાનાં જીવહિંસાના પ્રભાવે પ્રત્યેક ભવોભવ જ્યાં જ્યાં ઉત્પન્ન થાય ત્યાં ત્યાં તે પ્રમાણે પામે અર્થાત્ માંસાહારી પ્રાણીઘાતકોને ઉપર પ્રમાણે ફળ પ્રાપ્ત થાય એમ શાસ્ત્ર જણાવે છે. (પુરાણ સા.૨)

પ્રશ્ન ૭૮ મું—માંસાહારીને માટે આ રીતે ઉપરોક્ત ફળ કહ્યું તે માંસના ત્યાગીને માટે શાસ્ત્રમાં શું ફળ કહ્યું છે?

ઉત્તર—સાંભળો–મહાભારતમાં માંસના ત્યાગીને માટે નીચે પ્રમાણે કહ્યું છે.

यावज्जीवं च यो मांसं, विषवत् परीवर्जयेत्;
विसीष्टो भगवानाह, स्वर्गलोकेस्य संस्थिते. ॥ १ ॥

અર્થ—શ્રીકૃષ્ણ ભગવાન વિશિષ્ટ પ્રત્યે કહે છે કે–હે વિશિષ્ટ! જે મનુષ્ય જીવિતપર્યંત માંસ ને વિષ સમાન જાણી તેનો ત્યાગ કરે તે મનુષ્ય સ્વર્ગલોકમાં જાય છે અર્થાત્ તે પુરૂષનો વાસ સ્વર્ગમાં થાય છે. એ માંસ ત્યાગનું ફળ કહ્યું. (પુરાણ સાર.)

પ્રશ્ન ૭૯ મું—કોઈએ પેલું માંસ ખાધું હોય અને પછી ત્યાગ કરે તેને કંઈ ફળ ખરૂં કે કેમ?

ઉત્તર— એજ અધિકારે નીચે પ્રમાણે કહ્યું છે. સાંભળો–

यो भक्षयित्वा मांसानि, पश्चादपि निवर्तते;
यमस्वामि ह्वाचेदं, सोपि स्वर्गंति नाप्नुयात्. ॥२॥

અર્થ—અજ્ઞાનપણે કોઈએ પેલું માંસ ખાધું હોય અને પછી તે માંસથી નિવર્તે તો યમ સ્વામી જે વિષ્ણુ ભગવાન એમ કહે છે કે–તેહ પણ સ્વર્ગને પામે. (પુરાણસાર.)

માંસ ભક્ષણથી અળગાં રહેતાં આ દુનિયામાં આપણી પ્રશંસા થાય છે. અને પહેલી દુનિયામાં સ્વર્ગ અને મુક્તિ મેળવી શકાય છે, એમ શાસ્ત્રકાર જણાવે છે.–

આચારાંગ સૂત્રના ભાષાંતરમાં–પરિહાર્ય મિમાંસામાં પાને (૭૧) એ–કહ્યું છે કે–

श्रुत्वा दुःख परंपरा मतिघृणां मांसाशिनां दुर्गतिं,
ये कुर्वंति शुभोदयेन विरतिं मांसादन स्यादरात्;
सद्दीर्घायु रदूषितं गदरुजा संभाव्य यास्यंतिते,
मर्त्येषूद्भट भोग धर्ममतिषु स्वर्गापवर्गेषु च.

માંસ ખાઉઓની દુઃખમય અને કરૂણા જનક દુર્ગતિ (દુરવસ્થા તથા નરક પ્રાપ્તિ) થતી સાંભળીને જે ભાગ્યશાળી પુરૂષો હિંમત ધરી માંસ ભક્ષણનો ત્યાગ કરે છે, તેઓ નીરોગી રહીને લાંબુ આયુષ્ય પૂરૂં કરી બીજા જન્મમાં સુખી ધર્મિષ્ટ અને બુદ્ધિશાળી કુટુંબમાં અવતરી અને અનુક્રમે સ્વર્ગ તથા મોક્ષ મેળવશે.

પ્રશ્ન ૭૭ મું—કોઇ એમ કહે કે અમે પશુવધ કર્યા વિના તૈયાર મળેલા માંસને ખાઇએ તને તો નરકમાં જવું ન થાય કે ના?

ઉત્તર—ઉપર કહેલા ચાલતા અધિકારમાં તે પણ જણાવ્યું છે કે-

तिल सर्षप मात्रंतु, यो मांसं भक्षते नरः;

ते यांति नरकं घोरं, यावच्चंद्रदीवाकरौ. ॥ २ ॥

તીલ અને સરસવ જેટલું પણ માંસ કદાપિ કોઇ નર ખાય તો તે ખાનાર મનુષ્ય ઘોર નરકને વિષે જાય, અને જ્યાં સુધી ચંદ્રમા અને સૂર્ય તપે અર્થાત્ જ્યાંસુધી ચંદ્રમા સૂર્ય રહે ત્યાંસુધી તે માંસાહારી નરકના દુઃખ ભોગવે. એમ મહાભારતમાં કહ્યું છે. (પુરાણ સાર.)

અને માંસાહારી ઘણા કાળ સુધી નરકના દુઃખ ભોગવીને કદી મનુષ્યભવમાં આવે તો કેવો થાય? તે જણાવે છે.

अल्पायुषो दरीद्रश्च, परकर्मोप जीविनः;

कुकुलेष्वेव जायंते, ये नरा मांस भक्षका. ॥ ३ ॥

અર્થ—માંસાહારી જીવ નરકનાં દુઃખ ભોગવીને કદી મનુષ્યપણું પામે તો તે અલ્પ આયુષ્ય પામે, દારિદ્ર થાય, પારકા કર્મે જીવન ગાળે, અને નીચ કુળમાં ઉત્પન્ન થાય; જે નર માંસનું ભક્ષણ કરે તે નરક ગતિ--નરકનાં દુઃખ ઉપરાંત મનુષ્યનો ભવ પામે તાપણ દુઃખી સ્થિતિને પામે, અને તે ઉપરાંત જીવના વધ કરનારને વિશેષ ફળ કહ્યું છે.

સાંભળો પ્રાણી જીવના વધ કરનારને પૂર્વે કહ્યા ઉપરાંત વિશેષ ફળ નીચે પ્રમાણે અતિહાસ પુરાણમાં કહ્યું છ.

स्वल्पायु विकला रोगी, विचक्षु र्बधिर खलः;

वामनः पामन पंढो, जायते स भवेभवे. ॥ ४ ॥

અર્થ—થોડું આઉખું પામે, વિકલ તે ઘેલો-ગાંડો-બાવરો થાય -સદાય રોગી રહે, આંધળો થાય, બહેરો થાય, ખલ થાય, વામનો થાય, કુષ્ટી-કોઢીયો થાય, નપુંસક થાય. એટલાં વાનાં જીવહંસાના પ્રભાવે પ્રાણી વધકો ભવોભવ જ્યાં જ્યાં ઉત્પન્ન થાય ત્યા ત્યાં તે પ્રમાણે પામે. અર્થાત માસાહારી પ્રાણીવધકોને ઉપર પ્રમાણે ફળ પ્રાપ્ત થાય એમ શાસ્ત્ર જણાવે છે. (પુરાણ સાર)

પ્રશ્ન ૭૮ મું—માંસાહારીને માટે જ્યારે ઉપરોક્ત ફળ કહ્યું તે માંસના ત્યાગીને માટે શાસ્ત્રમાં શું ફળ કહ્યું છે?

ઉત્તર—સાંભળો—મહાભારતમાં માંસના ત્યાગીને માટે નીચે પ્રમાણે ફળ કહ્યું છે.

याव जीवं च यो मांसं, विषवत् परीवर्जयेत्;
विसीष्टो मगवानाह, स्वर्गलोकेस्य संस्थिति. ॥ १ ॥

અર્થ—શ્રીકૃષ્ણ ભગવાન વિશિષ્ટ પ્રત્યે કહે છે કે–હે વિશિષ્ટ! જે મનુષ્ય જીવિતપર્યંત માંસ ને વિષ સમાન જાણી તેનો ત્યાગ કરે તે મનુષ્ય સ્વર્ગલોકમાં જાય છે અર્થાત્ તે પુરૂષનો વાસ સ્વર્ગમાં થાય છે. એ માંસ ત્યાગનું ફળ કહ્યું. (પુરાણ સાર.)

પ્રશ્ન ૭૯ મું—કોઈએ પેહું માસ ખાધું હોય અને પછી ત્યાગ કરે તેને કંઈ ફળ ખરૂં કે કેમ?

ઉત્તર— એજ અધિકારે નીચે પ્રમાણે કહ્યું છે. સાંભળો–

यो मक्षयित्वा मांसानि, पश्चादपि निवर्त्तते;
यमस्वामि हवाचेदं, स्तोपि स्वर्गति माप्नुयात्. ॥२॥

અર્થ—અજ્ઞાનપણે કોઇએ પેહું માંસ ખાધું હોય અને પછી તે માંસથી નિવર્તે તો યમ સ્વામી જે વિષ્ણુ ભગવાન એમ કહે છે કે–તેહ પણ સ્વર્ગને પામે. (પુરાણસાર.)

માંસ ભક્ષણથી અળગાં રહેતાં આ દુનિયામાં આપણી પ્રશંસા થાય છે. અને પરેલી દુનિયામાં સ્વર્ગ અને મુક્તિ મેળવી શકાય છે, એમ શાસ્ત્રકાર જણાવે છે.–

આચારાંગ સૂત્રના ભાષાંતરમાં–પરિહાર્ય મિમાંસામાં પાને (૩૧) મે–કહ્યું છે કે–

श्रुत्वा दुःख परंपरा मतिघृणां मांसाशिनां दुर्गतिं;
ये कुर्वंति शुभोदयेन विरतिं मांसादन स्यादरात्;
सद्दीर्घायु रदूषितं गदरुजा संभाव्य यास्यंतिवे,
मर्त्येषूद्भट भोग धर्ममतिषु स्वर्गापवर्गेषु च.

માંસ ખાઉઓની દુઃખમય અને કરૂણા જનક દુર્ગતિ (દુરવસ્થા તથા નરક પ્રાપ્તિ) થતી સાંભળીને જે ભાગ્યશાળી પુરૂષો હિંમત ધરી માંસ ભક્ષણનો ત્યાગ કરે છે, તેઓ નીરોગી રહીને લાંબુ આયુષ્ય પુરૂં કરી આવતા જન્મમાં સુખી ધર્મિષ્ટ અને બુદ્ધિશાળી કુટુંબમાં અવતરશે અને અનુક્રમે સ્વર્ગ તથા મોક્ષ મેળવશે.

પ્રશ્ન ૭૭ મું—કોઇ એમ કહે કે અમે પશુવધ કર્યા વિના તૈયાર મળેલા માંસને ખાઇએ તેને તો નરકમાં જવું ન થાય કે ના?

ઉત્તર—ઉપર કહેલા ચાલતા અધિકારમાં તે પણ જણાવ્યું છે કે-

तिल सर्षप मात्रंतु, यो मांसं भक्षते नरः;
ते याति नरकं घोरं, यावचंद्रदीवाकरौ. ॥ २ ॥

તીલ અને સરસવ જેટલું પણ માંસ કદાપિ કોઇ નર ખાય તો તે ખાનાર મનુષ્ય ઘોર નરકને વિષે જાય, અને જ્યાં સુધી ચંદ્રમા અને સૂર્ય તપે અર્થાત્ જ્યાંસુધી ચંદ્રમા સૂર્ય રહે ત્યાંસુધી તે માંસાહારી નરકના દુઃખ ભોગવે. એમ મહાભારતમાં કહ્યું છે. (પુરાણ સાર.)

અને માંસાહારી ઘણા કાળ સુધી નરકના દુઃખ ભોગવીને ફરી મનુષ્યભવમાં આવે તો કેવો થાય? તે જણાવે છે.

अल्पायुषो दरीद्रश्च, परकर्मोप जीविनः;
दुष्कुलेष्वेव जायंते, ये नरा मांस भक्षका. ॥ ३ ॥

અર્થ—માંસાહારી જીવ નરકનાં દુઃખ ભોગવીને ફરી મનુષ્યપણું પામે તો તે અલ્પ આયુષ્ય પામે, દારિદ્ર થાય, પારકા કર્મે જીવન ગાળે અને નીચ કુળમાં ઉત્પન્ન થાય; જે નર માંસનું ભક્ષણ કરે તે નરક ગતિ-નરકનાં દુઃખ ઉપરાંત મનુષ્યનો ભવ પામે તોપણ દુઃખી સ્થિતિને પામે, અને તે ઉપરાંત જીવના વધ કરનારને વિશેષ ફળ કહ્યું છે.

સાંભળો પ્રાણી જીવના વધ કરનારને પૂર્વે કહ્યા ઉપરાંત વિશેષ ફળ નીચે પ્રમાણે અતિહાસ પુરાણમાં કહ્યું છ.

स्वल्पायु विकला रोगी, विचक्षु बंधिर खलः;
वामनः पामन षंढो, जायते स भवेभवे. ॥ ४ ॥

અર્થ—થોડું આઉખું પામે, વિકલ તે ઘેલો-ગાંડો-બાવરો થાય સદાય રોગી રહે, આંધળો થાય, બહેરો થાય, ખલ થાય, વામનો થાય, કુટી-કોઢીયો થાય, નપુંસક થાય. એટલાં વાનાં જીવહિંસાના પ્રભાવે પ્રાણી ભવોભવ જ્યાં જ્યાં ઉત્પન્ન થાય ત્યાં ત્યાં તે પ્રમાણે પામે. અર્થાત્ માંસાહારી પ્રાણીવધકોને ઉપર પ્રમાણે ફળ પ્રાપ્ત થાય એમ શાસ્ત્ર જણાવે છે. (પુરાણ સાર)

પ્રશ્ન ૭૮ મું—માંસાહારીને માટે જ્યારે ઉપરોક્ત ફળ કહ્યું તે માંસના ત્યાગીને માટે શાસ્ત્રમાં શું ફળ કહ્યું છે?

ઉત્તર—સાંભળો-મહાભારતમાં માંસના ત્યાગીને માટે નીચે પ્રમાણે કહ્યું છે.

यावज्जीवं च यो मांसं, विषवत् परिवर्जयेत्;
वसिष्ठो भगवानाह, स्वर्गलोकेऽपि गीयते. ॥ १ ॥

અર્થ—શ્રીકૃષ્ણ ભગવાન વિશિષ્ટ પ્રત્યે કહે છે કે—હે વિશિષ્ટ! જે મનુષ્ય જીવિતપર્યંત માંસ ને વિષ સમાન જાણી તેનો ત્યાગ કરે તે મનુષ્ય સ્વર્ગલોકમાં જાય છે અર્થાત્ તે પુરુષનો વાસ સ્વર્ગમાં થાય છે. એ માંસ ત્યાગનું ફળ કહ્યું. (પુરાણ સાર.)

પ્રશ્ન ૭૬ મું—કોઈએ પેહેલું માંસ ખાધું હોય અને પછી ત્યાગ કરે તેને કંઈ ફળ ખરું કે કેમ?

ઉત્તર— એજ અધિકારે નીચે પ્રમાણે કહ્યું છે. સાંભળો-

यो भक्षयित्वा मांसानि, पश्चादपि निवर्तते;
धर्मस्वामि स्वायेदं, सोऽपि स्वर्गानि माप्नुयात्. ॥२॥

અર્થ—અજ્ઞાનપણે કોઈએ પેહેલું માંસ ખાધું હોય અને પછી તે માંસથી નિવર્તે તો ધર્મ સ્વામી જે વિષ્ણુ ભગવાન એમ કહે છે કે—તેહ પણ સ્વર્ગને પામે. (પુરાણસાર.)

માંસ ભક્ષણથી અળગા રહેતાં આ દુનિયામાં આપણી પ્રશંસા થાય છે. અને પહેલી દુનિયામાં સ્વર્ગ અને મુક્તિ મેળવી શકાય છે, એમ શાસ્ત્રકાર જણાવે છે.—

આચારાંગ સૂત્રના ભાષાંતરમાં-પરિહાર્ય મિમાંસામાં પાને (૩૧) મે-કહ્યું છે કે—

श्रुत्वा दुःख परंपरा मतिघृणां मांसाशिनां दुर्गतिं,
ये कुर्वंति शुभोदयेन विरतिं मांसादन स्यादरात्;
सद्दीर्घायु रदूषितं गदरुजा संभाव्य यास्यंतिते,
मर्त्येषूद्भट भोग धर्ममतिषु स्वर्गापवर्गेषु च.

માંસ ખાઉઓની દુઃખમય અને કરૂણા જનક દુર્ગતિ (દુરવસ્થા તથા નરક પ્રાપ્તિ) થતી સાંભળીને જે ભાગ્યશાળી પુરૂષો હિમ્મત ધરી માંસ ભક્ષણનો ત્યાગ કરે છે, તેઓ નીરોગી રહીને લાંબુ આયુષ્ય પુરૂં કરી આગલા જન્મમાં સુખી ધર્મિષ્ઠ અને બુદ્ધિશાળી કુટુંબમાં અવતરશે અને અનુક્રમે સ્વર્ગ તથા મોક્ષ મેળવશે.

પ્રશ્ન ૭૭ મું—કોઇ એમ કહે કે અમે પશુવધ કર્યા વિના તૈયાર મળેલા માંસને ખાઇએ તને તો નરકમાં જવું ન થાય કે ના?

ઉત્તર—ઉપર કહેલા ચાલતા અધિકારમાં તે પણ જણાવ્યું છે કે-

तिल सर्षप मात्रंतु, यो मांसं भक्षने नरः;
से यांति नरकं घोरं, यावचंद्रदीवाकरौ. ॥ २ ॥

તીલ અને સરસવ જેટલું પણ માંસ કદાપિ કોઇ નર ખાય તો તે ખાનાર મનુષ્ય ઘોર નરકને વિષે જાય, અને જ્યાં સુધી ચંદ્રમા અને સૂર્ય તપે અર્થાત્ જ્યાંસુધી ચંદ્રમા સૂર્ય રહે ત્યાંસુધી તે માંસાહારી નરકના દુઃખ ભોગવે. એમ મહાભારતમાં કહ્યું છે. (પુરાણ સાર.)

અને માંસાંહારી ઘણા કાળ સુધી નરકના દુઃખ ભોગવીને કદી મનુષ્યભવમાં આવે તો કેવો થાય? તે જણાવે છે.

अल्पायुषो दरीद्रश्च, परकर्मोप जीविनः;
कुकुलेष्वेव जायंते, ये नरा मांस भक्षका. ॥ ३ ॥

અર્થ—માંસાહારી જીવ નરકનાં દુઃખ ભોગવીને કદી મનુષ્યપણું પામે તો તે અલ્પ આયુષ્ય પામે, દારદ્ર થાય, પારકા કર્મે જીવન ગાળે, અને નીચ કુળમાં ઉત્પન્ન થાય; જે નર માંસનું ભક્ષણ કરે તે નરક ગતિ-નરકનાં દુઃખ ઉપરાંત મનુષ્યનો ભવ પામે તોપણ દુઃખી સ્થિતિને પામે, અને તે ઉપરાંત જીવના વધ કરનારને વિશેષ ફળ કહ્યું છે.

સાંભળો પ્રાણી જીવના વધ કરનારને પૂર્વે કહ્યા ઉપરાંત વિશેષ ફળ નીચે પ્રમાણે અતિહાસ પુરાણમાં કહ્યું છે.

स्वल्पायु विकला रोगी, विचक्षु बंधिर स्वलः;
वामनः पामन पंढो, जायते स भवोभवे. ॥ ४ ॥

અર્થ—થોડું આઉખું પામે, વિકલ તે ઘેલો-ગાંડો-આવરો થાય સદાય રોગી રહે, આંધળો થાય, બહેરો થાય, ખલ થાય, વામનો થાય, કુષ્ટી-કોઢીયો થાય, નપુંસક થાય. એટલાં વાનાં જીવ હંસાના પ્રભાવે પ્રાણી વધકો ભવોભવ જ્યાં જ્યાં ઉત્પન્ન થાય ત્યા ત્યાં તે પ્રમાણે પામે. અર્થાત્ આસાહારી પ્રાણીવધકોને ઉપર પ્રમાણે ફળ પ્રાપ્ત થાય એમ શાસ્ત્ર જણાવે છે. (પુરાણ સાર)

પ્રશ્ન ૭૮ મું—માંસાહારીને માટે, જ્યારે ઉપરોક્ત ફળ કહ્યું તે માંસના ત્યાગીને માટે શાસ્ત્રમાં શું ફળ કહ્યું છે?

ઉત્તર—સાંભળો—મહાભારતમાં માંસના ત્યાગીને નીચે પ્રમાણે ફળ કહ્યું છે.

यावज्जीवं च यो मांसं, विषवत् परीवर्जयेत्;
विशीष्टो भगवानाह, स्वर्गलोकेस्य संस्थितिः ॥ १ ॥

અર્થ—શ્રીકૃષ્ણ ભગવાન વિશિષ્ટ પ્રત્યે કહે છે કે—હે વિશિષ્ટ! જે મનુષ્ય જીવિતપર્યંત માંસ ને વિષ સમાન જાણી તેનો ત્યાગ કરે તે મનુષ્ય સ્વર્ગલોકમાં જાય છે અર્થાત્ તે પુરૂષનો વાસ સ્વર્ગમાં થાય છે. એ માંસ ત્યાગનું ફળ કહ્યું. (પુરાણ સાર.)

પ્રશ્ન ૭૯ મું—કોઈએ પેહેલું માંસ ખાધું હોય અને પછી ત્યાગ કરે તેને કંઈ ફળ ખરૂં કે કેમ?

ઉત્તર— એજ અધિકારે નીચે પ્રમાણે કહ્યું છે. સાંભળો—

यो भक्षयित्वा मांसानि, पश्चादपि निवर्त्तते;
यमस्वामि रुवाचेदं, स्तोपि स्वर्गति नाप्नुयात्. ॥२॥

અર્થ—અજ્ઞાનપણે કોઈએ પેહેલું માંસ ખાધું હોય અને પછી તે માંસથી નિવર્તે તો યમ સ્વામી જે વિષ્ણુ ભગવાન એમ કહે છે કે—તેહ પણ સ્વર્ગને પામે. (પુરાણસાર.)

માંસ ભક્ષણથી અળગાં રહેતાં આ દુનિયામાં આપણી પ્રશંસા થાય છે. અને પહેલી દુનિયામાં સ્વર્ગ અને મુક્તિ મેળવી શકાય છે, એમ શાસ્ત્રકાર જણાવે છે.—

આચારાંગ સૂત્રના ભાષાંતરમાં—પરિહાર્ય મિમાંસામાં પાને (૩૧) એ—કહ્યું છે કે—

श्रुत्वा दुःख परंपरा मतिघृणां मांसाशिनां दुर्गतिं,
ये कुर्वंति शुभोदयेन विरतिं मांसादन स्यादरात्;
सद्दीर्घायु रदूषितं गदरुजा संभाव्य यास्यंतिते,
मर्त्येषूद्भट भोग धर्ममतिषु स्वर्गापवर्गेषु च.

માંસ ખાઉઓની દુઃખમય અને કરૂણા જનક દુર્ગતિ (દુરવસ્થા તથા નરક પ્રાપ્તિ) થવી સાંભળીને જે ભાગ્યશાળી પુરૂષો હિમ્મત ધરી માંસ ભક્ષણનો ત્યાગ કરે છે, તેઓ નીરોગી રહીને લાંબુ આયુષ્ય પુરૂં કરી આવતા જન્મમાં સુખી ધર્મિષ્ટ અને બુદ્ધિશાળી કુટુંબમાં અવતરશે અને અનુક્રમે સ્વર્ગ તથા મોક્ષ મેળવશે.

પ્રશ્ન ૮૦ મું—કદાપિ કોઇ એમ કહે કે–યજ્ઞાદિ અર્થે પશુવધ તથા માંસાહિક ભક્ષણ કરવાનો નિષેદ્ધ નથી. તેનું કેમ?

ઉત્તર—દરેક ધર્મ દયાનો ઉપદેશ કરે છે–હિંસાનો નિષેધ કરે છે–હિંસા માટે તિરસ્કાર બતાવે છે. હિંદુ ધર્મમાં, દયા, દાન ને દમન અને મુસલમાન ધર્મમાં ખેર–મેર ને બંદગી, કહેલ છે, એમ સૌ કોઇ જાણે છે છતાં તેજ ધર્મના ઉપદેશકો અમુક અમુક નિમિત બતાવીને હિંસાની છુટ આપે અરે! હિંસાનો આદેશ કરે તે કેવી સંતાપજનક વાત? આ કેવળ સ્વધર્મની હલકાઇ કરાવવાનું કામ નહિ તો બીજું શું? અહિંસાના પાયા ઉપર ચણાયલા ધર્મો ધર્મ ખાતરજ હિંસા કરવાનું ફરમાવે એવું શું કોઇ વિચારવાન મનુષ્ય માની શકશે? શું એવા ફરમાન કાઢી બતાવનાર જનોનો ગુપ્ત સ્વાર્થ છાનો રહેશે.

બન્યું છે એમ કે–કેટલાંક ઉપદેશકોએ અજ્ઞાનતાથી, ધર્મ પુસ્તકોનો મર્મ બરાબર નહિ સમજવાથી, અર્થનો અનર્થ કર્યો છે અને કેટલાક ઉપદેશકોએ માંસ મદિરાની લાલચથી બીજાઓ તે ખાય અને ગુરૂ ખાય તેથી પોતાની હલકાઇ કહેવાય–નિંદા થાય અને માન–દ્રવ્ય આદિ મળતું બંધ થાય તેમ સમજીને–ધર્મપુસ્તકોમાં પાછળથી અમુક શબ્દો ઉમેરી દીધા હોય તો ના કેમ કહી શકાય?

ધર્મ અર્થે હિંસા (દાખલા તરીકે યજ્ઞ, બકરી ઇદ આદિ) કરવા સંબંધમાં તે ધર્મો ખુદ પોતે શું મત આપે છે તે હું તમને કહીશ. આપણા કેટલાક બ્રાહ્મણ બંધુઓ અશ્વમેધ, ગોમેધ, અજામેધ વિગેરે યજ્ઞોની હિમાયત કરે છે તે સંબંધમાં શ્રીમદ્ ભાગવત્ કે જે તેમનું પવિત્ર પુસ્તક ગણાય છે, અને માણસ મરી ગયા પછી તેના કલ્યાણ અર્થે જે પુસ્તક વંચાવવામાં આવે છે, તેમા જે હકીકત છે તે ખાસ જાણવા જોગ છે.

પ્રશ્ન ૮૧ મું—ભાગવતમાં શું કહ્યું છે? તે જણાવશો?

ઉત્તર—શ્રીમદ્ ભાગવત્ પુરાણ કે જે પ્રમાણભૂત પુસ્તક ગણાય છે તેના ૪ સ્કંધના ૨૫ મા અધ્યયનના ૭–૮મા શ્લોકમાં કહ્યું છે કેઃ–

પ્રાચીન બર્હી નામના રાજાએ પોતાની ઇચ્છા પરિપૂર્ણ કરવા તથા યજ્ઞો કરી હજારો પશુઓને મારેલાં તે જોઇ તે પ્રમાણે ન કરવા શ્રી નારદજીએ તે રાજાને કહ્યું કે–

भो भो प्रजापते राजन्, पशून् पश्यत्वयाध्वरे;
संज्ञापितान् जीवसंघान्, निर्घृणेन सहस्रशः.

एते त्वां संप्रतीक्षन्ते, स्मरन्तो वैशसं तव;
मपरेत मयः कूटैः, छिन्दन्त्युत्थित मन्यवः.

ભાવાર્થ-"હે રાજન્! તેં યજ્ઞમાં હજારો પશુઓને માર્યા છે, તે સઘળાં તારી વાટ જોઇ રહ્યાં છે, અને તને વારંવાર સંભાળે છે સબબ તું મરી જઇશ ત્યારે તેઓ તને તેવાંજ હથિયારો વડે કાપશે" આ પ્રમાણે કહી નારદજીએ પ્રાચીન બર્હી રાજાને પશુઓ નજરે દેખાડયાં, તે જોઇ એ રાજાએ ભયભિત થઇ કહ્યું કે "હવેથી હું તે પ્રમાણે નહિ કરૂં."

(હિતશિક્ષા.)

આ પ્રમાણે હિંદુ ધર્મ શાસ્ત્રના મોટામાં મોટાં પુસ્તક શ્રીમદ્ ભાગવતમાં કહેલું છે તો તેનું ઉલ્લંઘ કરી યજ્ઞ નિમિતે તથા બીજી કોઇપણ પ્રકારની દેવ નિમિતે હિંસા કરવી એ કોઇપણ સમજુ માણસને યોગ્ય નથી. આ વિષે શિવ પુરાણમાં પણ કહ્યું છે.

પ્રશ્ન ૮૨ મું—શિવ પુરાણમાં શું કહ્યું છે? તે જાણવું જોઇએ.

ઉત્તર—સાંભળો-ઉપરના ચાલતા અધિકારે કહ્યું છે કે-આ ઉપરાંત શિવપુરાણ નામનો ગ્રંથ શ્રીમદ્ ભાગવત તથા ભારતના તારણરૂપે છે. તેમાં યજ્ઞ અર્થે થતી હિંસા તથા માંસ ભક્ષણ સંબંધે, તેમજ હરકોઇ પ્રકારની જીવ હિંસા સંબંધે, પદેપદે નિષેધ કરેલો છે. તે ટાંકવાથી અત્રે વિશેષ લંબાણ થવાનો ભય રહે છે. (આચારાંગ ભાષાંતર-શબ્દાર્થ વિવેક.)

સ્વામીનારાયણની શિક્ષાપત્રીમાં પણ શ્રી સહેજાનંદજીએ તે વિષે સારી શિક્ષા આપી છે.

પ્રશ્ન ૮૩ મું—સહેજાનંદજીની શિક્ષાપત્રીમાં શું કહ્યું છે? તે પણ જણાવશો?

ઉત્તર—સાંભળો-શ્રીમદ્ સહેજાનંદજી પોતાની શિક્ષાપત્રી સંવત ૧૯૫૫ માં છપાએલી છે તેમાં શ્લોક ૧૧ મેં-કહ્યું છે કે-

कस्यापि प्राणिनो हिंसा, नैवकार्यात्र मामकैः;
सूक्ष्म यूका मत्कुणा दे, रपि बुद्धया कदाचन. ११

અર્થ:—હવે તે વર્તવાની રીત કહિયે. જે:— અમારા જે સત્સંગી તેમણે કોઇ જીવ પ્રાણિમાત્રની પણ હિંસા ન કરવી અને જાણીને નાના ઝીણા એવા જૂ, માકડ, ચાંચડ, આદિક જીવ તેમની પણ હિંસા કયારેય ન કરવી. તેમજ શ્લોક ૧૨ મે-યજ્ઞાદિ અર્થે પણ હિંસાનો નિષેધ કર્યો છે.

સહેજાનંદજી પોતાની શિક્ષાપત્રીમાં કહે છે કે-શ્લોક-

देवता पितृयागार्थ, मप्यजादेश्च हिंसनम;
नकर्त्तव्यमहिंसैव, धर्मःप्रोक्तोऽस्तियन्महान. ॥ १२॥

અર્થ—અને દેવતાને પિતૃ તેનાં યજ્ઞને અર્થે પણ બકરા મૃગ શશલાં માછલાં આદિક કોઇ જીવની હિંસા ન કરવી. કેમ જે અહિંસા છે તેજ મોટો ધર્મ છે. એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. તેમજ પત્રમાં શ્લોકમાં માંસનો પણ સર્વથા નિષેધ કર્યો છે.

સહેજાનંદજી પોતાની શિક્ષાપત્રીમાં કહે છે કે-શ્લોક-

न भक्ष्यं सर्वथा मांसं, यज्ञ शिष्टमपि क्वचित्;
न पेयंच सुरा मद्य, मपि देव निवेदितम. ॥ १५॥

અર્થ—માંસ સર્વથા ખાવું નહિ, અને જે માંસ યજ્ઞનું શેષ હોય તોપણ અથવા આપતકાળમાં પણ કયારેય ખાવું નહિ. અને ત્રણ પ્રકારની સુરાને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તોપણ ન પીવું. વળી શ્લોક ૨૨ મે-કહે છે કે-

देवतायै भवेद्यस्यै, सुरा मांस निवेदनम;
यत्पुरोऽजादि हिंसाच, न भक्ष्यं तन्निवेदितम. ॥ २२ ॥

અર્થ:—અને જે દેવતાને સુરા માસનું નૈવેદ્ય થાતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતિ હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. (ઇતિ શિક્ષાપત્રી.)

પ્રાણીવધ અને માંસાહાર-માંસ ખોરાક નિષેધના હિંદુ ધર્મના પવિત્ર પુસ્તકોમાંથી પુષ્કળ નીકળી આવે છે તેમજ મુસલમાન, પારસી અને અંગ્રેજ વગેરેના ધર્મ પુસ્તકોમાં પણ પ્રાણી હિંસા ને માંસ ખોરાક વિષે સખ્ત મનાઇ કરેલી જોવામાં આવે છે.

પ્રશ્ન ૮૪ મું—મુસલમાન ભાઇઓના ધર્મ પુસ્તકોમાં પ્રાણી હિંસા અને માંસાહારનો નિષેધ કેવી રીતે કર્યો છે તે જણાવશો?

ઉત્તર—સાંભળો-મુસલમાનોના "આઇને અકબરી"માં લખેલું છે કે-અકબર બાદશાહ દર શુક્રવારથી રવિવારે, અડ્રુને દિવસે, તીર રોજ અથવા નવે દિવસે, અને આખા ફરવરદીન તથા આબા માસમાં બીલકુલ માંસ ખાતો નહિ. તેવીજ રીતે આજ પણ કોઇ મુસલમાન "શાકેર શરીફ" માંથી "ટરશીદ" માં પેસે છે તો તુરતજ માંસ ખાવું છોડી દે છે.

વળી રાવજી વોરા જેઓ લોટીઆ વોરા–કહેવાય છે, તેઓ બીલકુલ માંસ ખાતા નથી; તેથી તેઓ–નગોરીઆ અથવા નમાંઝીઆ–કહેવાય છે. તેઓની વસ્તી વડોદરામાં પણ છે; તેમજ તેમના ધર્મ પુસ્તકમાં ફરમાવેલું છે કે–फला तज अलू बुतून कुम मकाबरल हयवानात ॥ અર્થ–તું પશુ–પક્ષીઓની કબર તારા પેટમાં કરીશ નહિ અર્થાત્ તેમને મારીને ખાઇશ નહિ.

કુરાને સરીફના–સુરાઅન–આમ–ની આયત ૧૪૨ માં–અલ્લાતાઅલ્લાએ સાફ ફરમાવેલું છે કે–व मिनल अन आमे हमू लतं व फर्सा । कुलूमिम्मा रजक कुमुल्ला हो ॥

અર્થ:—અલ્લાએ ચોપગાં જાનવરોમાંથી કેટલાંક ભાર ઉપાડવા માટે પેદા કીધાં છે અને ખાવા માટે જમીનને લગતી વનસ્પતિ તથા અનાજ ઉત્પન્ન કર્યું છે તે તમે ખાઓ–વળી તેજ સૂરા–અન-આમમાં લખેલું છે કે–તમે ન ખાઓ–લોહી અને ડુક્કરનું માંસ, ઘાથી મારવામાં આવે તેનું માંસ અથવા બીજા કોઇ પ્રાણીના મારવાથી મરે તેનું માંસ

બકરી ઇદને દિવસે બકરી ન મારવા વિષે કુરાનમાં સુરાહહજની ૩૬ મી આયાતમાં અલ્લાતાઅલ્લાએ ખુદ ફરમાવેલું છે કે–માંસ અગર લોહી મને પહોંચશે નહિ પણ એક પરહેજગારી પહોંચશે. (આચારાંગના ભાષાન્તરમાં શબ્દાર્થ વિવેક પાને ૩૮ મે).

પ્રશ્ન ૮૫ મું—ઉપરની હકીકત માટે બીજા કોઇ દાખલા છે?

ઉત્તર—'હિત શિક્ષા'માં–પૃષ્ઠ ૨૪–૨૫ મે–કહ્યું છે કે—

કુરાન કહે છે કે–"માંસ અગર લોહી મને પહોંચશે નહિ; પરહેજગારીજ માત્ર મને પહોંચશે." (સુરાહ હજ)

वमामिन् दाब्बतिन् फिल अर्देवला वैरन

यतीरोबजनाहीप्ये ईल्लाउममुन्अमसालाकुम्

"અને જે પશુ પૃથ્વી ઉપર ચાલે છે–અને જે પક્ષી પોતાની પાંખો વડે ઉડે છે તે બીજું કાંઇજ નહિ પણ તમારા જેવા લોકો છે."—(કુરાન–સુરેઆન્ આમ)

માટે પેગંબર હજરત મહમદ નબીસાહેબના ભત્રીજા હજરતઅલીસાહેબે ફરમાવ્યું છે કે–"તું પશુ કે પક્ષીની કબર તારા પેટમાં કરીશ નહિ"

મુસલમાન ભાઇઓ બકરી ઇદ કરે છે. તેના માટે હિતશિક્ષા પૃષ્ઠ ૩૩–૩૪–મે–કહ્યું છે કે–

મુસલમાનભાઈઓ બકરી ઇદ કરે છે પણ વાર ઇદ કોઈ કર્યું નથી. શાંક બીચારાં બકરા! આટલાં બધાં પશુ-પક્ષીઓ અને માનવોમાંથી દયાળુ અલ્લાતાલાએ તમનેજ પોતાના ભક્ષ માટે શોધી કહાડયાં? નહિ, નહિ, એ દયાળુ દેવનાં નામ ઉપર દે! મુસલમાનભાઇઓ તમે ખોટું કલંક ચડાવશો નહિ. તમે તે સાહેબનો હુકમ બરાબર સમજવા કોશીશ કરો.

ઇબ્રાહીમ પેગમ્બર જ્યારે ઇમાનમાં આવ્યા ત્યારે તેમના ઇમાનની પરીક્ષા કરવા સારૂ અલ્લાએ તેમને કહ્યું કે-"તારી વહાલામાં વહાલી ચીજનો ભોગ આપ." તે ઉપરથી ઇબ્રાહીમ પેગંબરે પોતાના એકના એક છોકરા ઇસમાઇલને મારવા તૈયાર કર્યો અને જેવો તે પોતાની આંખે પાટો બાંધી તેને છરી વડે મારવા જાય છે તેવોજ અલ્લાએ તે છોકરાની જગાએ ઘેટું (દુમ્બો) લાવી મૂકયું. આમાં હકીકત એવી છે કે, અલ્લાનો વિચાર ઘેટાંનો ભોગ લેવાનો ન હતો પણ ઇબ્રાહીમનો પોતા ઉપરનો પ્રેમ કેટલા દરજ્જે છે તે જોવાનો હતો, તેણે તો ઘેટાંને પણ સજીવન કર્યું હતું.

હિંદુ ભાઇઓમાં પણ એવીજ કથા ચાલે છે કે, સગાળશા શેઠે કેલૈયા કુંવરને ખાંડણીઆમાં ઘાલી ખાંડયો હતો, પણ ઇશ્વરે તેને સજીવન કર્યો હતો. આ સર્વ દાખલામાં ઇશ્વરનો હેતુ માંસ ખાવાનો નહિ પણ ભક્તોની કસોટી કરવાનોજ હોવો જોઇએ.

ઇદ કરનારા ભાઇઓએ મન સાથે એટલોજ વિચાર કરવો જોઇએ છે કે જ્યારે આપણે ઇદનો, તહેવાર ઉપર કહેલા બનાવને લીધે કરીએ છીએ, ત્યારે ઘેટાંનો નહિ પણ ઇબ્રાહીમની માફક પોતાની વહાલામાં વહાલી ચીજનો ભોગ આપવો જોઇએ. શું તે આપણાથી બની શકશે?

કુરાનમાં સૂરા ઉલમાયદ સિપારા ૪, મંજલ ૨, આયાત ૩ માં લખ્યું છે કે-"મક્કામાં તેની હદ સુધીમાં કોઇએ જનાવર મારવું નહિ અને કોઇ ભૂલથી મારે તો તેને બદલે પોતાનું પાળેલું જનાવર મૂકી દેવું અથવા તો બે ડાહ્યા માણસો જે કીંમત ઠરાવે તેટલી કિમતનું અનાજ ગરીબોને ખવરાવવું." જો હિંસા એ નાપાક ન હોત તો ધર્મ ક્ષેત્રમાં તેની ખાસ મના શા માટે હોઇ શકે? (હિત શિક્ષા.)

પ્ર ૮૬ મું—મુસલમાન કોને કહિયે તેનો અર્થ શું?

ઉત્તર—मुसलमान ताको कहो, मान मुशले मीर; જે માનનો ત્યાગ કરે-માનને મુસળે-મસળે તેને મુસલમાન કહીએ.

પ્રશ્ન ૮૭ મું—પીર કોને કહીયે, પીરનો અર્થ શું ?

ઉત્તર—पीर ताको जाणीए, जाने परकी पीड. જે પારકી પીડા જાણે તેને પીર કહીએ. કિસનબાવનીમાં કહ્યું છે કે-कहा पीर जीवे पर पीर न विचारी है. ।। જે પારકી પીડાનો વિચાર ન કરે તેને પીર કેમ કહીએ? અર્થાત્ જે દુનિયામાં પીરપણે પૂજાય તે પરપીડાના જાણ હોય. કોઇ પણ જીવને દુઃખી દેખી જેનું હૃદય કંપી આવે તે પીરપણાની પદવીને લાયક હોય અને સર્વ જીવ ઉપર દયાવાન હોય તેજ પીર કહેવાય.

પ્રશ્ન ૮૮ મું—અલ્લા કોને કહીએ ?

ઉત્તર—अल्ला लाह बुझावता, जन्म जरा और मरण, આ દુનિયામાં જન્મ જરા ને મરણની લા લાગી રહી છે તે પલીતાને બુઝાવી જન્મ જરા ને મરણના દાહમાંથી નીકળી અખંડ સુખની પ્રાપ્તિ મેળવે તેને અલ્લા કહીએ.

પ્રશ્ન ૮૯ મું—ખુદા કોને કહીએ ?

ઉત્તર—खुदा दुनथी उधरे, दाद सुने दीए सरण. દયાહિન એવા અધર્મીઓના હાથથી કપાતા પ્રાણીઓનો ઉદ્ધાર કરે-તેને મરણના ભયથી બચાવે, તથા નિરપરાધિ પ્રાણીઓની દાદ સુણે-તેની અરજ સાંભળે, અને તેને અભય પદનું સરણું આપે એવા દયાળુ દેવને ખુદા કહીએ.

પ્રશ્ન ૯૦ મું—ફકીર કોને કહીયે અને ફકીરનું લક્ષણ શું ?

ઉત્તર—ફકીર અને ફકીરનું લક્ષણ નીચે પ્રમાણે કહેલ છે.

ફકીરા ફકીરી કઠન હૈ, જેસી દૂર ખજુર;
ચડે તો ચાખે પ્રેમ રસ, પડે તો ચકના ચુર. ૧
ફાકા ફત ફરાક દિલ, આશન દ્રઢ ગંભીર;
ફિકિરી ફારી કફની કરૈ, તિસકો કહી ફકીર ૨
મન મારે તન વશ કરે, ખોજે સકલ શરીર;
દયારૂપ કથની કથે, તાકો નામ ફકીર. ૩

પ્રશ્ન ૯૧ મું—કાજીને કલમા શું કહે છે ?

ઉત્તર—કાજી, એ, ઉપદેશક ધર્મ ગુરૂ કલમાના વાંચનાર-કલમાનો પઢનાર તેને કલમા કહે છે કે—

કાજી કલમા મત પઢો, કલમા તમકુ બોલે;
સાહેબ હાતણુકા હિસાબ માગે, તો જીવ મારે કયું છોડે. ૧

મુસલમાનભાઈઓ બકરી ઈદ કરે છે પણ વાઘ ઈદ કોઈ કરતું નથી. શંક બીચારાં બકરાં! આટલાં બધાં પશુ-પક્ષીઓ અને માનવોમાંથી દયાળુ અલ્લાતાલ્લાએ તમનેજ પોતાના ભક્ષ માટે શોધી કહાડયાં? નહિ, નહિ, એ દયાળુ દેવનાં નામ ઉપર હે! મુસલમાનભાઈઓ તમે ખોટું કલંક ચડાવશો નહિ. તમે તે સાહેબનો હુકમ બરાબર સમજવા કોશીશ કરો.

ઇબ્રાહીમ પેગમ્બર જ્યારે ઈમાનમાં આવ્યા ત્યારે તેમના ઈમાનની પરીક્ષા કરવા સારૂ અલ્લાએ તેમને કહ્યું કે—"તારી વહાલામાં વહાલી ચીજનો ભોગ આપ." તે ઉપરથી ઇબ્રાહીમ પેગંબરે પોતાના એકના એક છોકરા ઇસ્માઇલને મારવા તૈયાર કર્યો અને જેવો તે પોતાની આંખે પાટો બાંધી તેને છરી વડે મારવા જાય છે તેવોજ અલ્લાએ તે છોકરાની જગાએ ઘેટું (દુમ્બો) લાવી મૂકયું. આમાં હકીકત એવી છે કે, અલ્લાનો વિચાર ઘેટાંનો ભોગ લેવાનો ન હતો પણ ઇબ્રાહીમનો પોતા ઉપરનો પ્રેમ કેટલા દરજ્જે છે તે જોવાનો હતો, તેણે તો ઘેટાંને પણ સજીવન કર્યું હતું.

હિંદુ ભાઈઓમાં પણ એવીજ કથા ચાલે છે કે, સગાળશા શેઠે કેલૈયા કુંવરને ખાંડણીઆમાં ઘાલી ખાંડયો હતો, પણ ઇશ્વરે તેને સજીવન કર્યો હતો. આ સર્વ દાખલામાં ઇશ્વરનો હેતુ માંસ ખાવાનો નહિ પણ ભક્તોની કસોટી કરવાનોજ હોવો જોઇએ.

ઇદ કરનારા ભાઇઓએ મન સાથે એટલોજ વિચાર કરવો જોઇએ છે કે જ્યારે આપણે ઇદનો તહેવાર ઉપર કહેલા બનાવને લીધે કરીએ છીએ, ત્યારે ઘેટાંનો નહિ પણ ઇબ્રાહીમની માફક પોતાની વહાલામાં વહાલી ચીજનો ભોગ આપવો જોઇએ. શું તે આપણાથી બની શકશે?

કુરાનમાં સૂરા ઉલમાયદ સિપારા ૪, મંજલ ૨, આયાત ૩ માં લખ્યું છે કે—"મક્કામાં તેની હદ સુધીમાં કોઇએ જનાવર મારવું નહિ અને કોઇ ભૂલથી મારે તો તેને બદલે પોતાનું પાળેલું જનાવર મૂકી દેવું અથવા તો બે દાણા માસ્કીનો જે કીમત ઠરાવે તેટલી કિમતનું ખાણું ગરીબોને ખવરાવવું." જો હિંસા એ નાપાક ન હોત તો ધર્મ ક્ષેત્રમાં તેની ખાસ મના શા માટે હોય શકે? (દિન શિક્ષા.)

પ્ર ૮૬ મું—મુસલમાન કોને કહિયે તેનો અર્થ શું?

ઉત્તર—મુસલમાન લાકો કહો, માન મુસલ્લે મીર જે માનનો દાવો કરે-માનને મુસલે-મસલે તેને મુસલમાન કહીએ.

પ્રશ્ન ૮૭ મું—પીર કોને કહીયે, પીરનો અર્થ શું?

ઉત્તર—पीर ताको जाणीए, जाने परकी पीड. જે પારકી પીડા જાણે તેને પીર કહીએ. કિસનબાવનીમા કહ્યું છે કે-फक्रा पीरे जोंपे पर पीर न विचारी है. ॥ જે પારકી પીડાનો વિચાર ન કરે તેને પીર કેમ કહીએ? અર્થાત જે દુનિયામાં પીરપણે પૂજાય તે પરપીડાના જાણ હોય. કોઇ પણ જીવને દુઃખી દેખી જેનું હૃદય કંપી ચાલે તે પીરપણાની પદવીને લાયક હોય અને સર્વ જીવ ઉપર દયાવાન હોય તેજ પીર કહેવાય.

પ્રશ્ન ૮૮ મું—અલ્લા કોને કહીએ?

ઉત્તર—अल्ला लाह बुझावता, जन्म जरा और मरण, આ દુનિયામાં જન્મ જરા ને મરણની લા લાગી રહી છે તે પલીતાને બુઝાવી જન્મ જરા ને મરણના દાહમાંથી નીકળી અખંડ સુખની પ્રાપ્તિ મેળવે તેને અલ્લા કહીએ.

પ્રશ્ન ૮૯ મું—ખુદા કોને કહીએ?

ઉત્તર—खुदा खुनथी उबरे, दाद सुने दीए सरण. દયાહિન એવા અધર્મીઓના હાથથી કપાતા પ્રાણીઓનો ઉદ્ધાર કરે-તેને મરણના ભયથી બચાવે, તથા નિરપરાધિ પ્રાણીઓની દાદ સૂણે-તેનો અરજ સાંભળે, અને તેને અભય પદનું સરણું આપે એવા દયાળુ દેવને ખુદા કહીએ.

પ્રશ્ન ૯૦ મું—ફકીર કોને કહીયે અને ફકીરનું લક્ષણ શું?

ઉત્તર—ફકીર અને ફકીરનું લક્ષણ નીચે પ્રમાણે કહેલ છે.

ફકીરી ફકીરી કઠન હેં, જેસી દૂર ખજુર;
ચડે તો ચાખે પ્રેમ રસ, પડે તો ચકના ચુર. ૧
ફાકા ફેત ફરાક દિલ, આશન દઢ ગંભીર,
ફિકિરી ફારી ફકની કરે, તિસકો કહી ફકીર. ૨
મન મારે તન વશ કરે, ખોજે સકલ શરીર;
દયારૂપ કથની કથે, તાકો નામ ફકીર. ૩

પ્રશ્ન ૯૧ મું—કાજીને કલમા શું કહે છે?

ઉત્તર—કાજી, એ, ઉપદેશક ધર્મ ગુરૂ કલમાના વાંચનાર-કલમાના પઢનાર તેને કલમા કહે છે કે—

કાજી કલમા મત પઢો, કલમા તમકુ બોલે;
સાહેબ હાતખુદા હિસાબ માગે, તો જીર મારે કયું છોડે. ૧

પ્રશ્ન ૯૨ મું—અજાનો શું ઉપદેશ છે ?

ઉત્તર—અજા-બકરા-મુસલમાનને ઉપદેશ કરે છે કે-

અજા મુસલમાન અવલકા, આપ કરે ઉપદેશ;
શીર કાટયા સો કટાઉંગા, દેખો દાઢી કેશ. ૧

પ્રશ્ન ૯૩ મું—મુસલમાન અને કાફરમાં શો તફાવત ?

ઉત્તર—મુસલમાન અને કાફરવચ્ચે હૃદયના દિલનો તફાવત હોય તે જણાવે છે.

મોંમ દીલ મુસલમાન, કઠણ દીલ કાફર;
કાફર મારે જીવકું, એ સબ ખુદાકા મુસાફર. ૧

મુસલમાનનું દીલ મોંમ કેતા મીણ જેવું નરમ હોય, અને કાફરનું દીલ કઠણ હોય. જીવને મારે તે કાફર કહેવાય. ખરો મુસલમાન હોય તે તો સર્વ જીવ ખુદાના મુસાફર છે એમ માને. અર્થાત્ દુનિયાપર રહેલા તમામ પ્રાણી માત્ર ખુદાની ઓલાદ છે, ખુદાના બાલબચ્ચાં છે એમ માની તેનું રક્ષણ કરવું.

પ્રશ્ન ૯૪ મું—બકરી ઇદને દિવસે કેવી રીતે વર્તવું ?

ઉત્તર—બકરી ઇદને દિવસે મુસલમાન ભાઇઓને કેવી રીતે વર્તવું જોઇએ કે તે દિવસે ખેરીયાદ કરવી જોઇએ એટલે ખેરીયાદનો અર્થ દાન દેવાનો કહેવાય, અને દાનમાં શ્રેષ્ઠ દાન તે અભયદાન કહેવાય છે માટે સર્વ જીવને અભયદાન આપવું તેજ ખરી ખેરીયાદ છે માટે બકરી ઇદને દહાડે કેવી રીતે વર્તવું તે તે કહેલ છે.

બકરી ઇદને દહાડલે, થઇએ ગરીબ કંગાલ;
આપ સમ જાણે અજા, તે ખુદાકા બાળ. ૧

જ્યારે બકરી ઇદનો દિવસ આવે ત્યારે પોતે ગરીબ અને કંગાલ બની જવું. આનો પરમાર્થ એ છે કે-તે દિવસે પોતાનું હૃદય મોંમ (મીણ) જેવું નરમ અને સરલ બનાવી દેવું જરા પણ માન કે અભિમાન નહિ રાખતાં પોતાના બરાબર સર્વ જીવને જાણી એમ માનવું કે જેમ હું એ ખુદાનો બાળકનું તેમ આ અજા વગેરે સર્વ પ્રાણી ખુદાના બાળક છે માટે મારો ધર્મ-મારો મુસલમાન ધર્મ 'ખેર-મેર ને-બંદગીનો છે. એમ જાણી સર્વ પ્રાણીઓને પોતાના બરાબર માની સર્વ જીવ ઉપર મહેર લાવી દયા

લાવી-તેનું રક્ષણ કરવું-સર્વ જીવને અભયદાન દેવું તેજ ખુદાની ખરી બંદગી કરી કહેવાય. અને આ પ્રમાણે વર્તે તેજ ખરો મુસલમાન કહેવાય એમ કુરાનનું ફરમાન છે. અને દાદુનું વાક્ય પણ ખાસ કરીને ધ્યાનમાં લેવા જેવું છે.

પ્રશ્ન ૯૫ મું—દાદુનું વાક્ય શું છે તે પણ જણાવશો?

ઉત્તર—દાદુ એક જબરો નેતા ગણાઈ ગયો છે તેના કેટલાક વાક્યો અનુભવીઓ ગ્રહણ કરે છે. તે એમ જણાવે છે કે—

દાદુ એક દયા વિના, બત્રીશ લક્ષણ બહાર;
સરોવરમાં નીર નહિ, પછી ભર ઉંચી બાંધે પાળ. ૧

દયા વિના લક્ષણ, ગુણ, ચાતુરી કે જ્ઞાન અથવા કોઈ પ્રકારની ક્રિયા વગેરે કાંઇ પણ ફળીભૂત થતાં નથી. ભલે ઉંચી ને મજબુત પાળનું તળાવ હોય પણ તેમાં પાણી ન હોય તો તે તળાવ નકામુંજ ગણાય, તેમ દયા વિના સર્વ નકામુંજ જાણવું.

સર્વ ધર્મ સત્ય અને અહિંસાના બોધનેજ મોખરે મુકે છે અને તે ઉપદેશની સફળતા ઉપરજ પોતાના ધર્મના વિજયનો આધાર માને છે. તેમાં પણ સર્વ ધર્મ દયાને પ્રધાન પદ આપે છે. તેમાં પણ વિશેષે કરીને જૈન ધર્મનો મૂળપાયો દયા ઉપરનોજ છે. અને શાસ્ત્રકાર પણ મુખ્યત્વે કરીને જ્ઞાની પુરૂષોને જ્ઞાનનો સાર પણ દયાજ જણાવી છે.

પ્રશ્ન ૯૬ મું—જૈન સૂત્રોમાં દયા માટે જ્ઞાનીને શું કહ્યું છે?

ઉત્તર—સાંભળો-સુયગડાંગજી સૂત્રના અધ્યયન પહેલે-ઉદ્દેશે ૪ થે ગાથા ૧૦ મી-તમાં કહ્યું છે કે—

एवं खु नाणिणो सारं, जंन हिंसई किंचणं;
अहिंसा समयं चेव, एतावंतं वियाणिया. ॥ १० ॥

"જ્ઞાની પુરૂષના જ્ઞાનનો સાર એ છે કે—કોઇ પણ જીવને હણવો નહિ અને જીવ દયા એજ પ્રધાન એવું વિવેકવંત હોય તે જાણે" અને વેદ પણ એજ જણાવે છે કે—

अहिंसा परमो धर्म, स्तथा हिंसा परमोदमः;
अहिंसा परमं दान, महिंसा परमं तपः ॥ १ ॥

"અહિંસા એજ મોટો ધર્મ છે, એજ દમ છે, એજ મોટું દાન છે અને એજ મોટો તપ છે." (હિતશિક્ષા)

આ પ્રમાણે હિંદુ ધર્મ અને મુસલમાન ધર્મમાં પ્રાણી હિંસા અને માંસાહારના નિષેદ્ર સાથે અહિંસા ધર્મનું સ્વરૂપ જણાવ્યું, તેમજ પારસી ધર્મમાં પણ પ્રાણી વધ તથા માંસાહારનો નિષેદ્ર કરવા સાથે તેમના ધર્મ પુસ્તકમાં સખ્ત મનાઇ કરેલી જોવામાં આવે છે.

પ્રશ્ન ૯૭ મું—પારસી ભાઇઓના ધર્મ પુસ્તકમાં શું કહ્યું છે? તે જણાવશો?

ઉત્તર—સાંભળો-પારસી ભાઈઓના 'શાહનામા' નામનાં પુસ્તકમાં લખેલું છે કે—

બેત.

નીસ્ત ઞંદ ખુરોને જાનવર જુ,
ચનીન અસ્તદીને ઞર દુસ્તનેકુ.

અમારો જરથોસ્તી ધર્મ એવો નેક છે કે પશુઓને મારીને ખાવું નહિ, અને જનાવરોનો શિકાર કરવો નહિ. પારસીઓના ધર્મ પુસ્તક ઇજસ્નેના ૬૨ માં તથા ૩૩ માં હામાં લખેલું છે કે— (અવસ્તા ભાષા).

मजदाओ अकामरोद् ईमो गेओश मर्रे दान ओरु आसद ओखरी जीओतुम ॥

अएरोंअ मनशूचा न देंन तो गेओशचा वाशतराद अवेशतम मनतु ईअशते विशपे-जेशतेम शराशम जवीया अउ अंवानो ॥

જેઓ ગોસ્પદો (ચોપગાં જનાવર) ને ખરાબી આપવામાં-તેને મારવામાં ખુશી ભરેલી જીંદગી કહે છે, અથવા કાપવાને કે ખાવાને હુકમ આપે છે તેઓને હોરમજદે (પારસીઓના પરમેશ્વરે) મારવા કહેલું છે. (અથવા તેવા બુરા લોકોને દૂર રાખવા કહેલું છે) જે માણસો નેક ફરમાનોને કબુલ નહિ રાખતાં, ગોસ્પદો (ચોપગાં જાનવર) ની પરવરી (ચારા-પાણીથી સંભાળ) નું કામ બુરા (તે જનાવરોને કાપી ખાવાના) વિચારથી કરે છે તેઓ કયા મતને (પુન્ય પાપના ઇનસાફને દિવસે) હ્યાડે પોતાના છુટકારા માટે અશો મરદો પાસે દાદ માગતા રહેશે અર્થાત તેઓને કોઇ દાદ નહિ આપે. આ સીવાય જમીયાદયસ્તના ૫૮ મા ફકરામાં તેમજ જરથોસ્ત નામા વીગેરે તેમનાં ધર્મપુસ્તકોમાં પશુ હિંસા કરવાની તથા માંસ ખાવાની સખ્ત મનાઇ કરેલી છે, તેઓ પોતાના પરવરદીગારને પશુપાલક-પશુપ્રેમી એવી સંજ્ઞાથી હજી પણ યાદ કરતાં

આપણે સાંભળીએ છીએ. કુરસ એન્ડ ફેરીનેશીયા નામનાં પુસ્તકમાં લખેલું છે કે પારસીઓના કદીમ (અસલી) ધર્મગુરૂઓ પોતપોતાનો ખોરાક હંમેશાં હંમેશાં ફળફળાદિકનોજ રાખતા. સ્વેડી નામનો પ્રખ્યાત તત્વજ્ઞાની પોતાના ૧૧ મા પુસ્ત.માં લખે છે કે જરથોસ્ત અલબરૂઝ પહાડની ગુફામાં ખુદા તાલાની બંદગી અને મૌન જાનને સારૂ વીશ વર્ષ સુધી ગુંથાએલો હતો, અને પોતાનું ગુજરાન માત્ર પનીર દૂધનો ખોરાક ખાઈને કરતો. વધારે જુના વખતની વાતો ન શોધતાં હાલ તુરતજ મુંબઇ સમાચારના તા. ૨૫ જુલાઇ સને ૧૯૦૨ ના અંકમાં છપાએલો એક ફકરો જે ભાજી પાલાના ખોરાક સંબંધેજ છે તે વાંચવાની અમે ભલામણ કરીએ છીએ. (આચારાંગજીના ભાષાંતરમાં-શબ્દાર્થ વિવેક-પાને ૩૬ મેં.)

પ્રશ્ન ૯૮ મું—પારસી ભાઇઓના ધર્મપુસ્તક સંબંધે વિશેષ કાંઇ જાણવા જેવી બીના છે ?

ઉત્તર—છે, સાંભળો-'હિતશિક્ષા' નામના પુસ્તકમાં પાને ૨૫-૨૬ મેં નિચે પ્રમાણે કહ્યું છે

પારસી ભાઇઓનાં ધર્મપુસ્તક ઇજશ્ને મધ્યે કહ્યું છે કેઃ—

"જેઓ દુનિયાની પેદાશ ઉપર દયા લાવતા નથી તેઓ વગર દયાના 'દેવો' તથા દોઝખી આદમીઓ છે."

તેમજ વળી તે ભાઇઓનાં જરથોસ્તનામામાં લખ્યું છે કે—

बकु शतन नीयारंद फसकु दरेद ।
न आगुस फंदा के वासद बरेद ॥

"કદી કોઇપણ જાનવર મોટું અથવા વૃદ્ધ થયું હોય તેને અથવા નાનાં બચ્ચાંને અથવા કોઇ પ્રકારના જીવતા પ્રાણીને મારવાની સાફ મનાઇ છે.

જેમ જૈનધર્મના શાસ્ત્રમાં જીવ જવાની છેલી ઘડીએ ક્ષમાપના માગવાનો રિવાજ છે તેમ પારસીના ધર્મશાસ્ત્રમાં પણ તે પ્રમાણે માફી માગવાનું કહેલ છે.

'હિતશિક્ષા પાને ૩૫ મેંથી ૩૭ સુધીમાં કહ્યું છે કેઃ—

પારસી ભાઇઓ આપણા હિંદુભાઇઓને ઘણી બાબનમાં આચાર વિચારમાં મળતા આવે છે. તે પણ હિંદુધર્મ જેવો નેક ધર્મ છે. જૈન ધર્મની માફક તેમાં તો એટલે સુધી કહેલું છે કે, "ઓ જરથોસ્ત ! તારો જીવ જવાની છેલ્લી પળ આવી લાગે ત્યારે તું મને આરાધજે ! અને તે

સાથે ત્યારી મારી તમામ ગૌઓને આપજે! તે પછી બધી તમામ ઓરડાઓને, પાણીમાં રહેનારાં તમામ પાણીઓને, જમીન પર ચરનારાં તમામ પ્રાણીઓને હવામાં ઉડનારાં તમામ પ્રાણીઓને તથા જમીનનાં તમામ પ્રાણીઓને આપજે. (પ્રમાણના માગજે) તો હું તને રોજના (નહિ) કી બગાડીશ" આવા એક ધર્મમાં હિંસાની હીમાયત કે પરવાનગી હોવાનો સંભવ કેમ હોય? અમો જરથોસ્તીને અમુક ક્રમો કરવાં માટે મનાઈ હોય હતો કે તે ક્રમોમાં પશુ વધ પણ એક હતું. અને એ કારણથી "પશુ પાક જરથોસ્તની દીન" એમ કહેવાયું. પારસી ધર્મશાસ્ત્રો જો હિંસા અને માંસ ભક્ષણની તરફેણમાં હોત તો દર મહીનાના બહમન, મોહોર, ગોશ અને રામ એ ચાર દિવસોમાં, બહમન માસના જશનના દિવસમાં અને સ્વજન મૃત્યુથી ૩ દિવસ સુધી પારસી ભાઈઓ માંસથી ખાસ દૂર રહે છે તેનું કારણ શું? જરથોસ્તનાજ વખતમાં ગુશતાસ્પ બાદશાહનો પૌત્ર બહમન અન્ન-ફળ અને શાક સિવાય બીજું કાંઈજ ખાતો નહિ, અને ઇરાની પરહેજગારોની ખુબસુરતી જોઈને ડાયોજીનીસ, પીથાગોરાસ, પ્લેટો, પ્લુટાર્ક, આદિ મહાપુરુષો પણ માંસ ખોરાક ખાતા નહિ. ઇરાનનો પ્રખ્યાત મુસાફર સર જ્હોન માલકમ લખે છે કે, "મેં ડાહ્યા અને પરહેજગાર મોબેદ સરદારોથી સાંભળ્યું છે કે, જરથોસ્તના બાપ પાસે એક ગાય હતી, તે ઝાડો ઉપરથી ખરી પડેલાં પાંદડાં સિવાય બીજું કાંઈજ ખાતી નહિ અને આ ગાય જે દૂધ આપતી તે સિવાય બીજો ખોરાક જરથોસ્તનો બાપ કાંઈજ લેતો નહિ.

આ ઉપરથી જણાય છે કે, પારસી ધર્મ નેકીના રસ્તે છે; પરંતુ પાછળથી કોઇએ ખોટી બીનો પુસ્તકોમાં ઉમેરી અને ખોટો ઉપદેશ કરી માંસાહાર ઘુસાડી દીધેલ. વિદ્વાન પારસી ગૃહસ્થો આ મત કબુલ રાખે છે.
(હિત શિક્ષા)

પ્રશ્ન ૯૯ મું—પ્રાણી હિંસા અને માંસ ખોરાક નિષેધ વિષે અંગ્રેજના "બાઇબલ" માં કાંઇ કહ્યું છે?

ઉત્તર—સાંભળો-અંગ્રેજના "બાઇબલ" ના પ્રકરણ ૨૦ મામાં કહેલું છે કે-તું હત્યા કરતો ના-પ્રકરણ ૨૨ મામાં કહેલું છે કે—

અને તું મારી તરફ પવિત્ર રહેજે-રગડાના પશુને મારી તેનું કોઇ પણ જાતનું માંસ ખાતો નહિ.

બાઇબલના પહેલા જેનીસીસમાં લખેલું છે કે:—

પૃથ્વી ઉપર જે શાક પાકો તથા ફળ તને મેં આપેલાં છે તેનો તું ખોરાક તરીકે ઉપયોગ કરજે. વળી ઇસૈયા અધ્યાય ૮ આયત ૧૫ આમાં પણ કહેલું છે કે:—

જ્યારે તમે તમારા હાથ (પ્રાર્થના માટે) લાંબા કરશો ત્યારે હું (ઈશ્વર) મારી આંખો તમારા તરફથી બીજી બાજુ ફેરવીશ અને તમે પ્રાર્થના ઉપર પ્રાર્થના કરશો તોપણ હું ધ્યાન નહિ આપું; કારણકે તમારા હાથ (પ્રાણીને મારવાથી) લોહીલોહાણ છે. (આચારાંગનું ભાષાંતરમાં શબ્દાર્થવિવેક પાને ૭૭ મે) (તથા દિન ધર્મશિક્ષામાં પણ પ્રાણી હિંસા અને માંસાહારના નિષેદ્ધ વિષે ઘણુ લખાણ છે)

"દયા" એ જૈન લોકોનો મુદ્રા લેખ છે. આવા પવિત્ર માર્ગને વિષે-જ્યાં ઝીણા જીવને પણ સહેજ કિલામના થાય ત્યાં જૈનીપણું યોગ્ય નથી; એવું જૈનોના આગમોનું પ્રમાણ છે, તો પછી તે માર્ગમાં પ્રવર્તતા સાધુ મુનિરાજ પોતાના દેહને અર્થે મત્સ્ય માંસવાળા આહાર ગ્રહણ કરે એવી માન્યતા કરવી એ જૈન સિદ્ધાંતો પર પગ મૂકવા જેવું છે અને જૈન સાધુને મોટું કલંક આપવા જેવું છે.

ઉપર જણાવેલા હિંદુ ધર્મના તેમજ મુસલમાન, પારસી અને અંગ્રેજ ધર્મના અને તેમના ધર્મ શાસ્ત્રના દાખલા આપી, પ્રથમ આપેલા જૈન ધર્મના સૂત્રોના માંસાહાર નિષેદ્ધના દાખલાને આ બધા દાખલા ખરી રીતે માંસાહાર નિષેધને પુષ્ટી કરતા થવા સાથ જૈન ધર્મના સૂત્રના દાખલાને ટેકો આપનારા થાય છે અને આ ઉપરથી વાચક વર્ગને ખાસ કરીને ધડો લેવાનો છે કે—આવા સાધારણ ધર્મમા જ્યારે માંસાહારનો નિષેધ હારહાર જણાવે છે ત્યારે દયાના મોખરે રહેલો એવો જૈન ધર્મ કે: તેમાં વળી માંસાહારની સાધુ કે શ્રાવકને છુટ હોયજ ક્યાંથી ? અર્થાત્ સ્વપ્નમાં પણ નજ હોય એ વાત ચોકસ માનવી.

જ્યાં માંસનો ત્યાગ ત્યાં મદિરાનો ત્યાગ તો સાથેજ સમજી લેવો. જૈન સૂત્રોમાં મદિરા ને માંસ બન્નેનો સાથેજ નિષેધ કર્યો છે. આ બન્ને વસ્તુ શાસ્ત્રમાં અયોગ્ય અને અપવિત્ર ગણેલ છે; તેમજ લોક વ્યવહારમાં પણ તે વસ્તુનો હારહાર નિષેધ કરવામાં આવે છે. તેમાં પણ જૈન સૂત્રોમાં મદિરા માંસના ભોગીને નરકની માઠી ગતિ ખુલ્લી રીતે કહી છે અને તેના ત્યાગના કરનારા ઉત્તમ ગતિના અધિકારી થાય છે એમ પણ દરેક શાસ્ત્ર જણાવે છે.

પ્રશ્ન ૧૦૦ મું—અહિંયાં એક શંકા ઉઠે છે કે—જૈન ધર્મના સાધુને માટે જૈન સૂત્રોમાં (પર) બાવન બોલ અનાચીર્ણ-અન્ન-અનાચાર કહેલ છે તેમાં મદિરા માંસ વગેરે કેટલા શબ્દો લેવામાં આવ્યા નથી તે વિષે શું સમજવું?

ઉત્તર—શ્રી દશવૈકાલિક સૂત્રમાં ૩ જા અધ્યયનને વિષે સાધુને અનાચીર્ણ બાવન બોલ આચરવા યોગ્ય નહિ તે અનાચીર્ણ કહેલ છે તેમાં ... બીજા પદને વિષે "રાયપિંડે" કહેલ છે. તે રાજપિંડ-મદિરા, ખાવર, ખાદ અને સાધનરૂપ આ ચાર બોલનો સમાવેશ થાય છે. ... [illegible]

[illegible]

મુનિએ ચક્રવર્તિ પ્રમુખ ક્ષત્રિયો, રાજાઓ, ઠાકોરો, સરદારો, કે રાજવંશી લોકો, જેઓ શહેરમાં કે શહેર બાહેર રહેતા હોય યા શસ્ત્રે પ્રયાણ કરતા હોય તેમને ત્યાંથી નિમંત્રણ છતાં યા નહિ છતાં આહાર ગ્રહણ ન કરવો. (૫૯૦) આ પણ રાજપિંડ સાધુને લેવો ન કલ્પે.

ત્રીજે ભાંગે-રાજાનો અભિષેક થતો હોય તે અર્થે આહાર નિષ્પન્ન થતો હોય તે પણ રાજપિંડ સાધુને લેવો ન કલ્પે.

ચોથે ભાંગે-દશ વૈકાલિકમાં રાજપિંડનો અર્થમાં રાજા ચક્રવર્તિ વાસુદેવાદિકને જમવાને અર્થે કીધો તે આહાર પણ રાજપિંડ કહ્યો એવો અલિષ્ટ આહાર મહાવીરના સાધુને લેવો કલ્પે નહિ, પણ વચલા તિર્થંકરના સાધુને લેવો નિષેદ્ધ જણાતો નથી. કારણકે-નેમનાથ ભગવાનના સુખુ છ અણગારે શ્રીકૃષ્ણ મહારાજને જમવાના સિંહકેશરીઆ લાડુ વહોર્યા છે. આ અપેક્ષાએ અનાચીર્ણ રાજપિંડ મહા વિગય ઠરે છે. અને મદિરા માંસાદિક મહા વિગય સર્વ તિર્થંકરના સાધુને નિષેધજ હોય, કારણકે-ને ચારે મદિરા, માંસ, મધ અને માખણ. મહા વિકારના કરનારા માટે નવ વિગયમાં ચાર મહા વિગય પ્રધાન વિગય હોવાથી તેને રા પિંડમાં ગણેલ છે.

હવે નવ વિગય કઇ કહી છે તે જણાવે છે. ઠાણાંગજીના નવમાં ઠાણાને વિષે નવ વિગય કહી છે, नव विगईओ पन्नत्तातंजहा खीरं १, दहिं २, णवणीयं ३, सप्पिं ४, तिल्लं ५, गुलं ६, महु ७, मज्जं ८, मंसं ९. એ નવમે ઠાણે નવ વિગય કહી. તે મધ્યે ચાર વિગય તો મહા વિગય તે મદિરા ૧, માંસ ૨, મધુ ૩, ને માખણ ૪. તે મહા વિગય તે મહા વિકૃતિ મહા વિકારની કરણહારી તે માટે ન લેવી. વળી મદિરા માંસ સહિત ચાર વિગય કહી તેણે કરીને મહા વિગય માટે રાજપિંડ તે માટે તે પણ અગ્રાહ્ય-અનાચીર્ણ. વળી બીજા પણ અવગુણ હશે તે તો વિતરાગ જાણે. પણ આ ચાર વસ્તુનો નિષેદ્ધ જણાવ છે.

પ્રશ્ન ૧૦૨ મું—માંસના નિષેદ્ધની તો પુષ્કળ વ્યાખ્યા કહી તેમ મદિરાના નિષેદ્ધ વિષે સૂત્રમાં કાંઇ જણાવ્યું છે.

ઉત્તર—સૂત્રમાં જ્યાં જ્યાં માંસનો નિષેદ્ધ ચાલ્યો છે ત્યાં સાથે મદિરાનો પણ નિષેધ કર્યો છે. અને મદિરા ન પીવા માટે સાધુને નોખો બોધ શ્રી દશ વૈકાલિક સૂત્રના (૫)માં અધ્યયનના બીજા ઉદેશાની ૩૮ મી ગાથાથી ૪૩ મી ગાથા સુધીમાં વ્યાપેલ છે. તે નીચે પ્રમાણે છે.

ગાથા-

सुरं वा मेरगं वावि, अन्नं वा मज्जगं रसं;
ससक्खं न पिबे भिक्खू, जसं सारक्खमप्पणो. ३८

पीया एगइओ तेणो, नमे कोइ वियाणई;
तस्स पस्सह दोसाइं, नियडिं च सुणेह मे ३९

वड्ढई सुंडिया तस्स, माया मोसं च भिक्खुणो;
अयसोय अनिव्वाणं, सययंच असाहुया ४०

निच्चुव्विग्गो जहा तेणो, अत्त कम्मेहिं दुम्मई;
तारिसो मरणं तेवि, नाराहेइ संवरं. ४१

आयरिए नाराहेइ, समणे यावि तारिसो;
गिहत्था विणं गरहंति, जेण जाणंति तारिसं. ४२

एवं तु अगुण प्पेही. गुणाणं च विवज्जओ;
तारिसो मरणं तेवी, नाराहेइ संवरं. ४३

ભાવાર્થ:-પોતાનો આત્મા વસ કરીને, જે સંજમના રાખનારને વિતરાગની શિખામણના માનવાવાળા સાધુ, દાણાનો દારૂ, આટાનો દારૂ મહુડાનો દારૂ, તે સીવાય ખજુરીનો રસ તાડ વૃક્ષનો રસ (તાડી,) કેવલીની સાક્ષીએ કરી છાનો તથા પ્રગટ પણ એવો દારૂ પીએ નહિ ॥ ૧॥ બીજા કોઇ સાધુ મુજને જાણતા નથી, એમ જાણીને પૂર્વોક્ત દારૂ પીએ તો તેને ચોર કહીએ (કેમકે મદિરા પીવાની તિર્થંકરની આજ્ઞા નથી, માટે તિર્થંકરનો ચોર કહીએ.) તે મદીરા પીનારને કેટલા પ્રકારના દોષ ઉત્પન્ન થાય તે દેખો!!! ને હું કહું છું તે સાંભળો!!! પ્રથમ તો નિવડ માયા (જાણી ન શકાય તેવું કપટ) કરે. ॥ ૨ ॥ વલી લોલુપતા તૃષ્ણા તેની વૃદ્ધિ થાય. જુઠું બોલે, ધર્મથી ભ્રષ્ટ થાય, મદીરા પીયે તેને કુસાધુ કહીયે. તે દ્રવ્યે વેષધારી સાધુની દુનીઆમાં અપકીર્તિ થાય ને તેને મુક્તિની ગતિ પણ ન હોય. ॥ ૩ ॥ તે પૂર્વોક્ત સાધુ સંવરને આરાધે નહિ સાધુનો આચાર પાળે નહિ વળી મરણાંત સુધી વિભ્રમ ચિત્ત વડે કરી જેમ ચોર પારકા ધનને તાકે તેમ મદિરાને ઇચ્છતો થકો નિત્ય પ્રત્યે ઉદ્વેગ ચિત્તમાં ભમે. તે દુર્બુદ્ધિનો ધણી પોતાના કર્મે કરી ઘણીજ દુઃખની અવસ્થા પામે. ॥ ૪ ॥ તે દ્રવ્ય વેષધારી સાધુ, આચાર્ય ઉપાધ્યાયને, તથા બીજા

સાધુને આરાધે નહિ, તેહની શિખામણ પણ માને નહિ. તેહવો મદિરાનો પીનાર દુષ્ટ આચારનો ધણી જાણીને ગૃહસ્થી પણ તેહની નિંદા કરે. ॥ ૫ ॥ એ પૂર્વોક્ત પ્રમાદાદિક અવગુણના સ્થાનકનો સેવણહાર, અનેરાના છીદ્રરૂપ અવગુણનો દેખણહાર વિનયાદિક ગુણનો વર્જણહાર તેહવો વેષ ધારી સાધુ મરણાંત લગે પણ સાધુપણાને આરાધે નહિ. (એ પૂર્વોક્ત મદિરાના અવગુણ જાણીને સાધુ પીએ નહિ. ॥ ૬ ॥

પ્રશ્ન ૧૦૩ મું–અહિંયાં કોઇ કહે કે–શ્રી જ્ઞાતાજીના પાંચમા અધ્યયનમાં સેલગરાજ ઋષીએ માંદગી વખતમાં મદિરાપાન દેહની દવારૂપે વાપરેલ છે તેનું કેમ ?

ઉત્તર—સેલગરાજ ઋષીને શરીરે પિત્તજ્વરની વ્યાધી કહી છે. અને તેને માટે વૈદે નિચે પ્રમાણે ઉપચાર કરવા કહ્યું છે.

उसह भेसज्जेणं भत्तपाणेहिं तिगिच्छ आउटेइ, मज्ज पाणयंच से उवदिसंति અહિંયાં ઔષધ તે એક વસ્તુ, ભેષદ તે ઘણી વસ્તુ ભેલવીને નિપજાવેલી. તથા ભાત પાણી હળવો આહાર પાણીએ કરી વૈદું કરે. च પુન : मज्ज પાનનો ઔષધીના પાણીનો મર્દન કરવાનું કહે. તથા मज्ज શબ્દે દીલે મર્દન કરવાનું, ચોપડવાનું, મસળવાનું અને પાણ શબ્દે પીવાનું ઔષધીનું પાણી તે બતાવે તેમ કરવા કહે. એટલે શરીરમાં તથા દીલે પીત્તજ્વરનો થતો દાહ તે ટાળવાને માફક આવે એહવો એટલે ઉપરની ત્વચાની થતી બળતરા ટાળવાને માટે મરદન કરવાની દવા–ઔષધી. અને અભ્યંતરનો–કોઠાનો દાહ–બળતરા–મટે તેના માટે પીવાની દવા. એહવો ઔષધ ભેષધ કાલ્પનિક તે વૈદે કહ્યો. પણ मज्ज पाणंग તે મદિરાપાન અહિ લેવો નહિ. મદિરાપાનથી તો ઉલટી બળતરા વધે–દાહ–પીત જ્વરને વિશેષ બળવાન કરે પણ મટાડે નહિ. વળી સૂત્રમાં સાધુને ઠારઠાર મદિરા પીવાનો નિષેધ છે. મદિરા સાધુને અકાલ્પનિક કહેલ છે.

૧. શ્રી દશવૈકાલિકસૂત્રના પાંચમા અધ્યયનના બીજા ઉદેશે ગાથા ૩૮મીથી ૪૩ સુધીમાં એકંત મદિરા પીવાનો સાધુને નિષેધ કર્યો છે.

૨ શ્રી દશવૈકાલિકના ત્રીજા અધ્યયને રાજપિંડ અનાચીર્ણ કહેલ છે અને રાજપિંડ તે મહાવિગયમા મદિરા કહેલ છ, તે સાધુને અનાચીર્ણ.

૩. શ્રી આચારાંગજીનાં પિંડેષણા અધ્યયનમાં ૮ મે ઉદેશે મદિરામાં સદાય જીવની ઉત્પતિ કહી છે માટે પણ સાધુને લેવું કલ્પે નહિ.

૪ શ્રી ઠાણાંગજીના પાંચમે ઠાણે–ઉદ્દેશે બીજે–રાજપિંડ ભોગવતા અનુદ્ઘાતિમ દોષ તે મોટો લાગવો કહ્યો છે. એટલે મદિરાદિક મહાવિગ્ગ ભોગવતા મહાદોષ કહ્યો.

૫. સૂત્રમાં ઘણે ઠેકાણે માંસની બરાબર મદિરાને ગણી મદિરા માંસના સરખા દોષ ગણ્યા છે અને મદિરા માંસના ભોગવવાવાળાને માઠી ગતિ પણ સરખીજ કહી છે તેના દાખલા પૂર્વે ઘણા લખાઇ ગયા છે.

આ વખતે જ્યારે વૈદ્યે દવાનું કહ્યું ત્યારે તો મહા વૈરાગ્યવાન હતા વળી પાંચસે મુનિઓ પણ મહા વૈરાગ્યવાન સાથેજ છે તો કદિ વૈદ્ય હોઇ, મદિરા પાન બતાવે તો તે કબુલ કદિ કરેજ નહિ મંડુક રાજાએ પણ વૈદ્યને પ્રથમથીજ જણાવ્યું છે કે ફાસુક નિર્દોષ મુનિને કલ્પે તેવી દવા કરવી, અને મુનિએ પણ નિર્દોષ જાણી દવા શરૂ કરી છે, માટે મદિરાપાન નિર્દોષમાં ન ગણાય તે તો સદોષજ છે મુનિને સદાય અકલ્પનીય છે માટે મજ્જ પાન શબ્દે મદિરા પાન કદિ સમજવું નહિ પણ મર્દન કરવાનું દવાનું પાણી અથવા મર્દન કરવાની તથા પીવાની દવા વૈદ્યે બતાવી.

મજ્જ શબ્દનો અર્થ સ્નાન મંજન પણ થાય છે. જુઓ આજ જ્ઞાતા સૂત્રના પહેલા અધ્યયનમાં મેઘ કુમારની માતા વરસાદ મધ્યે દોહલો પુરો કરવા ચાલી તિહાં મજ્જમાણી એવો પાઠ છે. તેના અર્થમાં સ્નાન કરતી હતી. એમ કહેલ છે. એટલે મજ્જ શબ્દનો અર્થ સ્નાન મંજન મર્દન શરીરે કરવાનો થાય છે. એટલે સેલક રાજઋષીને શરીરે લગાડવાની મર્દન કરવાની દવા સૂત્રના ન્યાયથી સાબિત થાય છે આ ઉપરથી સેલક રાજ ઋષીએ મદિરાપાન કર્યું નથી એમ સૂત્ર સાક્ષી આપે છે.

પ્રશ્ન ૧૦૪ મું—મદિરા માંસનો નિષેધ તો તમામ શાસ્ત્રમાં તમામ ધર્મમાં કર્યો છે એ વાત તો સૌ કોઇ કબુલ કરી શકે પણ મધ અને માખણ તો નિષેધ કરવામાં આવે છે તેનું શું કારણ?

ઉત્તર—મધ અને માખણનો નિષેધ કરવામાં આવે છે તેનું મંભીર કારણ કે કયણ પ્રકારનું હોવું જોઇએ. જૈન શાસ્ત્રમાં જેમ નિષેધ કરવામાં આવેલ છે તેમ અન્ય શાસ્ત્રમાં પણ વિશેષ નિષેધ કરવામાં આવેલ છે તે એટલે સુધી કે મદિરા અને માંસની સાથે મધ અને માખણને મૂકેલ છે.

૧. જૈનસૂત્રમાં ઠાણાંગજીમાં મદિરા, માંસ, મધ, અને માખણને મહાવિગયમાં મૂકેલ છે.

૨. ચારે મહાવિગયને રાજપિંડમાં ગણી દશવૈકાલિક સૂત્રમાં રાજપિંડ અનાચીર્ણ કહેલ છે.

૩. શ્રી સમવાયંગજીસૂત્ર તથા દશાસુતસ્કંધ સૂત્રમાં સબળા દોષમાં કહ્યું છે કે-रायपिंडं भुंज माणे सबले ૫ તેના અર્થમાં રાજપિંડ તે ચાર મહાવિગય ભોગવે તો સબળો મોટો દોષ લાગે એમ કહ્યું છે, અને ઠાણુાંગજીમાં અણુંઘાતિમ મોટો દોષ કહેલ છે.

૪. લાલાવાળા છાપેલા દશાસુતસ્કંધમાં પાને ૪૭ લખ્યું છે કે-·रायपिण्ड महापराक्रमी આહાર માસ મદીરાદિ (આદિ શબ્દે મધ, માખણુ) ભોગવે તો સબલ દોષ લાગે. એમ કહ્યું છે.

૫. આચારાંગ સૂત્રમા પિંડેષણા અધ્યયનમાં-ઉદેશે ૮ મે-મધ અને મદિરામાં સદાય ત્રસ જીવની ઉત્પતિ મુળેથીજ-તે વસ્તુ ઉત્પન્ન થઈ ત્યાંથીજ તદ્વરણા ત્રસ જીવની ઉત્પતિ કહી છે તે વસ્તુ સાધુને લેવા યોગ્યજ નથી.

પ્રશ્ન ૧૦૫ મું—અહિંયાં કોઇ એમ કહે કે-તે સૂત્રે તો એમ કહ્યું છે કે-મધ, મદિરા, ઘૃત અને ખોળ. એ ચાર જુના થયે ત્રસ જીવની ઉત્પત્તિ થવા કહેલ છે માટે તાજું- નવું મધ હોય તેમાં જીવની ઉત્પત્તિ ક્યાંથી હોય? અથવા ઉનુ કરેલું મધ તો નિર્દોષજ ઠરે તે ખાવામાં દોષ નથી એમ કહિ કોઇ કહે તેનુ કેમ?

ઉત્તર—એમ કહે તેને કહેવું કે—તો પછી મદિરામાં જીવની ઉત્પતિ તાજામાં માનશો કે જુનામાં? મધને મદિરા બન્ને જોડ સહચારી છે, અને બન્ને મુળથીજ ચલિત રસ છે, મુળથીજ વિણુઠા છે, મુળથીજ ત્રસ જીવની ઉત્પતિ કહી છે તેમાં જીવ વિણુઠાજ નથી એમ મુળપાઠમાંજણાય છે અને ઘૃત તથા ખોળ એ બે જોડમાં પુરાણા શબ્દ લખેલ છે. અને ઘૃત પુરાણુને માટે વૈદક શાસ્ત્રમાં "શાલીગ્રામ નિઘંટુ ભૂષણુમ" અર્થાત બૃહન્નિઘંટુ રત્નાકરાન્તર્ગતો-૭ મો ૮ મો ભાગ. (વૈદકોપયુક્ત સમસ્ત પદાર્થ નામ ગુણુ કોષ:) આ ગ્રંથ ૧૨૧૬ પૃષ્ટનો છપાયેલો છે. તેના પાને ૯૯૯ મે કહ્યું છે કે—

उमगन्ध पुराणंस्या, दश वर्ष स्थितं घृतम्:
लाक्षारस निभंशीतं, प्रपुराण मतः परम् ॥

દશ વર્ષકા રૂખા હુવા ઔર ઉગ્ર ગંધવાળા તથા લાખ કે રંગકે સમાન લાલ રંગકા ઐસેહી ઘીકો પુરાના ઘૃત કહતે હે । દશ વર્ષસે અધિક રૂખે હુવે ઘીકો પ્રપુરાના ઘૃત કહતે હે.—માતાન્તરે—वर्षा दूर्ध्वं मेवदाज्यं, पुराणं वन्हि दोषनुत्—ભાવ મિશ્રમેં એક વર્ષ બીત જાને પર ઘીકો પુરાના કહા હે.

જૈન સૂત્ર—'ઉપાશક દશાંગ' માં—આણંદજી શ્રાવકે શ્રી મહાવીર દેવ પાસે વ્રત આદરતા-सारइएण गोधय मंडेणं अवसेसं घय विहिं पच्चक्खावि. શરદ ઋતુ—આશ્વિન—આસો કાર્તિક માસનું નિષ્પન્ન થયેલું ગાયનું ઘૃત-ઘી ખપે, ઉપરાંત ઘૃતના પચ્ચખાણ—આ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે—એક વર્ષ ઉપરાંતનું ઘી પુરાણું ગણાય છે અને તેમાં લાલ રંગની છાંયાપડે ત્યારે તે ઘી વિણઠું—ચલિત રસ થયેલું ગણાય, તેમાં ત્રસ જીવની ઉત્પતિ શાસ્ત્રકારે કહી. એટલે જુના ઘીમાં અને જુના ખોળમાં ત્રસ જીવની ઉત્પત્તિ કહિ છે, તેમ મધ અને મદિરામાં પુરાણાનો શબ્દ લાગુ થતો નથી. તેમાં તો મુળેથીજ ત્રસ જીવની ઉત્પતિ કહી છે.

અને નગપડલ ગ્રંથમાં તો ખુલી રીતે જીવની ઉત્પત્તિ જણાવે છે—

मद्य मांसे मधुनिच, नवनीत बहिर्कृते ;
उत्पद्यंते वीपद्यंते, सूक्ष्मा जंतु रासय. १

મદ્ય માંસ અને મધને વિષે નિત્ય નામ મૂળમાંથીજ સદાયે અને નવનીત એટલે માખણમાં છાસથી બાહીર નિકળ્યા પછી (થોડા વખતમાં અંતર્મુહૂર્તને આંતરે) સૂક્ષ્મ તદ્વરણાજીવની રાસીનું અસંખ્યાસંખ્ય જીવની ઉત્પતિ અને વિનાશ એટલે ઉત્પન્ન થવું અને ચવવું એમ ચય ઉપચય થયા કરે તે વસ્તુ રહે ત્યાં સુધી.—અહિયાં તો મદ્ય માંસ ને મધ એકજ દરજ્જાના મૂલથીજ કહ્યા છે.

એટલાજ માટે મધના ખાવાવાળાને માથે મહા પાપ મૂક્યું છે—

सप्त ग्रामेषु यत्पापं, अग्निना भस्म सात् कृते ;
तत्पापं जायते पार्थः, मधु बिंदुश्च भक्षणे. २

શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યે અર્જુને પ્રશ્ન કર્યું કે મધ ભક્ષણમાં કેટલું પાપ છે? ત્યારે શ્રીકૃષ્ણ મહારાજે ઉત્તર આપ્યો છે કે—હે પાર્થ હે અર્જુન! સાંભળ—સાત ગામ અગ્નિએ બાળીને ભસ્મ કરે, તેમાં જેટલું

પાપ લાગે તેટલું પાપ મધના એક બિંદુનું ભક્ષણ કરે તેને લાગે. એટલું પાપ મધ ભક્ષણમાં કહ્યું છે. માટે બ્રાહ્મણે તો મધ ખાવુંજ નહિ. કારણકે તેની ઉત્પત્તિ પણ કનિષ્ટ પદાર્થથીજ થાય છે.

मेद मुत्र पुरिषा यैः, रसायै र्वर्द्धितं मधुः .
छर्दि लाला मुख स्रावैः, न भक्षं ब्राह्मणै मधुः ३

ચર્બી, મુત્ર, વિષ્ટા આદિ અપવિત્ર રસ, તથા રસવાળી અને પ્રવાહી દરેક ચીજ, ઉલટી-વમન થયેલી વસ્તુ અને મુખની લાળ વગેરે અશુભ અને અપવિત્ર કનિષ્ટ વસ્તુને માખીઓ મુખમાં લઈ મધનો વધારો કરે છે મધના પુડાને વધારે છે અર્થાત્ અપવિત્ર વસ્તુથીજ મધ બને છે માટે બ્રાહ્મણોએ મધ ખાવું નહિ.

અહિંયાં બ્રાહ્મણ શબ્દે જૈનના સાધુ અને શ્રાવક પણ ગણાય છે, માટે જૈનધર્મમાં મધ ખાવાનો નિષેદ્ધ છે.

પ્રશ્ન ૧૦૬ મું—જૈનધર્મમાં જો મધુ શબ્દે મધ ખાવાનો નિષેધ હોય તો ભગવતીજીમાં શ્રી મહાવીર મધવાળું ભોજન જમ્યા છે અને શ્રી દશવૈકાલિકમાં તેવું ભોજન જમવાની સાધુને છુટ આપી છે, એમ કોઇ કહે તેનું કેમ ?

ઉત્તર—એ સમજુતિ વિનાનું બોલવું છે, શાસ્ત્રમાં તે પ્રમાણે છેજ નહિ શ્રી ભગવતીજીના શતક ૧૫ મે-ભગવંત મહાવીરની દિક્ષાના બીજા ચોમાસે રાજગ્રહી નગરીમાં ચોથા માસખમણે ચોમાસું પુરું થયે કાર્તકી પુનમના પડવે વિહાર કરી કોલ્લાગ સન્નિવેશમાં ગયા ત્યાં બહુલ બ્રાહ્મણને ત્યાં કાર્તિક ચોમાસીની પ્રતિપદા-પડવાને દિન ઓત્સવને કારણે બ્રાહ્મણોને જમાડવા માટે-महुवय संजुत्तेणं परमण्णेणं-મધુઘૃત સહિત (એટલે ખાંડ, ઘી સહિત) વિપુલ પરમ અન્ન (ક્ષીર) કરીને બ્રાહ્મણોને જમાડયા બાદ ભગવંતનું ત્યાં પધારવું થયું અને ભગવંતને પણ મધુ ઘૃત યુક્ત ક્ષીર પ્રતિલાભી વગેરે.

અહિંયાં મધુ શબ્દે મધ નહિ પણ ગળપણવાળી ચીજ ખાંડ-સાકર અને ઘી સહિત ક્ષીર સમજવી. ખીરમાં મધ હોય નહિ પણ ખાંડ હોય એટલે ખીરમાં ખાંડ ઘી નાખવાનો રિવાજ હોય છે.

અહિંયાં કોઇ કહે કે-ક્ષીર શબ્દ કયાંથી નિકળ્યો ? તેનો ઉત્તર એ કે-ભગવતીજીની લખેલ ટીકામા કહ્યું છે કે-तेन परिमणेणंति । परिमान्नेन क्षैरेत्या એટલે પરમ અન્ન ક્ષીરને કહેલ છે.

[illegible]

[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]
[illegible]

[illegible]

મધુ-૧ મધ, ૨ મદ્ય, ૩ પુષ્પનો રસ, ૪ મીઠો રસ, ૫ પાણી, ૬ પ્રાણીનું શુભાશુભ કર્મ, ૭ દૂધ.

મધુ-૧ વિષ્ણુના કાનના મેલમાંથી પેદા થયેલો એક રાક્ષસ, ૨ તે નામનો એક દૈત્ય, ૩ વસંત ઋતુ, ૪ ચૈત્ર માસ, ૫ એક જાતનું ઝાડ, મહુડાનું ઝાડ, ૬ અશોક વૃક્ષ, ૭ જેઠીમધ, ૮ એક જાતનું પંખી, ૯ આદિ ભેદ.

મધુ-મીઠું, મધુર-મધુ-જીરની ઔષધિ. 'નર્મ કોષ'-ગુજરાતી શબ્દ કોષમાં મધુ વિષે કહ્યું છે કે—

મધુ-૧ મધપુડાનું મધ, ૨ ફૂલનું મધ, મકરન્દ, ૩ અમૃત, ૪ મહુડાનું ઝાડ.

મધુ-૧ મદ્ય, દારૂ, ૨ વસન્ત ઋતુ.

મધુ-મિઠું, ગળ્યું.

ઉપર કહેલી તમામ વસ્તુનો સમાવેશ મધુ શબ્દમાં થાય છે; માટે મધુ શબ્દના ઉપર કહેલા અર્થમાં જૈનના સાધુને મધ, મદ્ય-દારૂ વગેરે વસ્તુ અકલ્પનીય છે અને કેટલીક વસ્તુ કલ્પનીય છે; પરંતુ માંસ, મદિરા, મધ અને માખણ (છાસથી અલગ થયેલું). આ ચારે પદાર્થનો તો સૂત્રમાં સર્વથા નિષેધ છે, જૈન મુનિને આગાર છે, ખાવા જોગ નથી.

પ્રશ્ન ૧૦૮ મું—એક વાત યાદ આવે છે કે-ઉત્તમ દેવ દેવીના ઉપાસકો ઉત્તમ કોમમાં ઉત્પન્ન થયેલા-આર્ય નામ ધરાવનારા, દેવ દેવીને નામે ઘેટાં બોકડાનો ભોગ આપી પોતે ઇચ્છીત વસ્તુની માગણી કરે છે, તો શું દેવ દેવી તેવો ભોગ માગતા હશે? અને તેવો ભોગ આપનારને ઇચ્છીત વસ્તુ મળતી હશે?

ઉત્તર—હે ભાઇ! એ તો એક જાતની ભ્રમણા છે. દુનિયામાં એવી એક જાતની અજ્ઞાનતા છે. ઉત્તમ દેવ દેવી કાંઇ નિર્દય પ્રણામી હોય નહિ કે ગરીબ અને રાંક બિચારા ઘેટાં બોકડાનો ભોગ માગે અને કદાપિ નીચ જાતના દેવતા એવો નીચ ભોગ માગે એમ કદાપિ કોઇ માને તો તે વાત પણ ખોટી છે. શું પોતાનો ભક્ષ લેવાને પોતે અશક્તિવાન છે કે બીજા પાસે ભોગ માગે? એ તો માંસાહારીઓએ પોતાનાજ ભક્ષ માટે દેવ દેવીનાં નામને આગળ કરી ઘેટાં બકરાનો વધ કરી તેનો ભોગ પોતેજ લીએ છે.

એ એમ ન હોય તો કેમ કોઇ દેવ દેવીએ સિંહ, વાઘ કે ચિત્રા દીપડાને ભોગ ન માગ્યો? એવો ભોગ કોઇ દેવ માગનાર નીકળ્યો હોત તો ભોગના આપનારને ખબર પડત કે કેટલી વીસીએ સો થાય છે? વાઘનો ભોગ આપતા પોતાનો ભોગ અપાઇ જાય એમ સૌ કોઇ સારી રીતે જાણી શકે છે; માટે રાંક બીચારા ઘેટાં બોકડાને નામે દેવતા દેવી ઠગાય છે અને તેવા અધર્મિ-પાપિષ્ટના આશ્રય રહેલા દેવ દેવી પણ નિંદાને પાત્ર થઇ વગોવાય છે ને તે પણ દુર્બળના ઘાતકી ગણાય છે. જુઓ અતિત્ય પુરાણમાં કહ્યુ છે—

न सिंहो नंच शार्दूलो, न व्याघ्र शरमो नच;
अजा पुत्रो बलिं दद्यात्, देवो दुर्बळ घातकः १

કોઇ સિંહનું, શાર્દુલનું, વાઘનું, અષ્ટાપદનું, ચ શબ્દે કોઇ દીપડાનું, ચિત્રાનું બલીદાન આપતું નથી અને દેવ પણ તેનું બલીદાન માંગતા નથી. બલીદાનના દેવાવાળા અજાપુત્ર-ઘેટાં બોકડાનું બલીદાન દે છે અને દેવ દેવી પણ તેવા ગરીબનું બલીદાન માગે છે. આ ઉપરથી એમ જણાય છે કે, દેવો પણ દુર્બળની ઘાતને ઇચ્છે છે.

જેમ મુસલમાન ભાઇઓ બકરી ઇદ કરે છે પણ કોઇ વાઘ ઇદ કરતું નથી; તેમ હિંદુ કોમમાં દેવ દેવીને ઘેટાં બકરાનું બલીદાન દેવાય છે પણ સિંહ વાઘનું બલીદાન કોઇ માગતું નથી કે દેતું નથી. આનો હેતુ એમ જણાય છે કે-માંસાહારી લોકોએ પોતાના ગૃદ્ધીપણાને લઇને દેવ દેવીઓને નામે-અમુક દેવી અમુક ભોગ માગે છે એમ પોતપોતાની ઇચ્છા માફક ગરીબ બિચારા ઘેટાં બોકડાનો વધ કરી યા તેનો હવન હોમ કરી હવનનું માંસ પવિત્ર ગણી માંસાહારીઓ પોતાના ગૃદ્ધીપણાને લઇને પોતાની ઇચ્છાને તૃપ્તિ કરે છે, પણ તેનું ફળ તો કનિષ્ટજ સમજવું. અજ્ઞાની લોકો કે જેને ધર્મ અધર્મ-પુન્ય કે પાપનું જ્ઞાન હોતું નથી તેવાઓ પણ કોઇ પુત્રાદિકની ઇચ્છાએ કે કોઇ શરીર સુખની ઇચ્છાએ પણ પંચેંદ્રિય જીવોનો વધ કરી પુત્રાદિક સુખને માગે છે. અહહહ!!! કેવી અજ્ઞાનતા?

જોજો દુનિયાનું અજ્ઞાન, આપ સ્વાર્થ સાધવા કારણ;
લુંટે પરના પ્રાણ.—એ ટેક.
દેવી પાસે બેટો માગે, અજા સુતને સાટે;
અપના પુત ખીલાયા ચાહે, ગળા પારકા કાટે.—જોજો૦ ૧
જીવને સાટે જીવજ આપે, આપ બચવાને માટે;
દેવ દેવી કોઇ આડા નાવે, પરભવ કોઇ સિર કાટે.—જોજો૦ ૨

શરીર સુખને કારણે કોઇ, કરે પ્રાણીનો નાશ;
સુખ તો મળવું દૂર રહ્યું, પણ હોય નરકમાં વાસ.—જોજો ૩
શેર અનાજની ઓજરી માટે, કરે અનેક જીવ હાણ;
ગરીબ વનચર કેરા ત્રાસે, પડે નરકની ખાણ—જોજો ૪

છપયછંદ.

મારેગા ગરીબકું તો આપ માર ખાવેગા,
ખાયગા હરામકા તો હેરાની મિલેગા;
ચંદા ઓર સુગ સો તો સાહેબસેં ડરતા હૈં,
તેરી કહાં ગુંજાશ ગળે બાંધ કે બોલાવેગા.
કહે હરદાશ હસો ન હિસાબ કરો,
જમકે હજુર કછુ બોલ બીન પાવેગા—૧

ઇતિ શ્રી પરમપૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય મુનિ શ્રી મોહનલાલજી કૃત શ્રી "પ્રશ્નોત્તર મોહનમાળા"-ઉત્તરાર્દ્ધ-ભાગ ૧૦ મો સમાપ્ત: ॥



શ્રીમદ્ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી ગ્રંથમાળા—મણકો ૧૧ મો.




પરમ પૂજ્ય શ્રી ગોપાળજી સ્વામી તત્ શિષ્ય

મુનિ શ્રી મોહનલાલજી કૃત.

શ્રીપ્રશ્નોત્તર મોહનમાળા.

ઉત્તરાર્દ્ધ ભાગ ૧૧ મો.



શ્રી પ્રશ્નોત્તર મોહનમાળા.



ઉત્તરાર્દ્ધ ભાગ ૧૧ મો.



પ્રશ્ન ૧ લું—કેટલાક કહે છે કે–જૈન ધર્મ વેદ ધર્મમાંથી નીકળ્યો છે. કેટલાક કહે કે બૌદ્ધ ધર્મમાંથી જૈન ધર્મ નીકળ્યો છે. અને કેટલાક એમ પણ કહે છે કે–જૈન ધર્મ ગૌતમે ચલાવ્યો છે. આ વિષે શું સમજવું?

ઉત્તર—જૈનધર્મ અનાદિ છે કોઇ પણ ધર્મમાંથી જૈનધર્મ નીકળ્યો એવી કલ્પના કરવી તે આકાશ પુષ્પવત્ છે. વેદ વગેરે દરેક ધર્મનાં શાસ્ત્રોમાં જૈનધર્મની શાક્ષી મળી આવે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે વેદ વગેરે રચાયેલાં શાસ્ત્રોથી પહેલાનો જૈનધર્મ અનાદિથી ચાલ્યો આવે છે એમ ઘણા પ્રકારની સાબીતી મળી આવે છે.

પ્રશ્ન ૨ જું—વેદ પહેલાનો જૈનધર્મ છે એવી શાક્ષી વેદમાંથી નીકળી આવે તો વેદ પહેલાનો જૈનધર્મ છે એમ એકે અવાજે કબુલ કરવું પડે માટે એવો કોઇ વેદ ધર્મનો દાખલો હોય તો પ્રગટ કરી બતાવશો?

ઉત્તર—સાંભળો–જૈનધર્મની પ્રાચીનતાની શાક્ષી "સનાતન જૈન" પુસ્તક ૧ લું–ડીસેમ્બર ૧૯૦૫–અંક ૫ મો–જૈનની પ્રાચીનતા અને સમીચીનતા અર્થે, અન્ય દર્શનોનાં શાસ્ત્રોપરથી કેટલીક શાક્ષીઓ અહિં મૂકીએ છીએ.

શ્રી ઋગ્વેદમાં—આ પ્રમાણે કહ્યું છે.

ॐ त्रैलोक्य प्रतिष्ठितानां, चतुर्विंशति तीर्थंकराणां;
ऋषभादि वर्द्धमानान्तानां, सिद्धानां शरणं प्रपद्ये. ॥

અર્થ:—ઋષભથી વર્દ્ધમાન પર્યંત જે 'સિદ્ધ' ત્રિલોકમાં પ્રતિષ્ટા (માન) પામે છે, અને ચોવીશ તીર્થોની સ્થાપના કરનાર છે તે સિદ્ધોનું શરણને પ્રાપ્ત થાઉં છું; અર્થાત્ તે ઋષભાદિ સિદ્ધ મને બચાવો.

ઉપર પ્રમાણે ઋગ્વેદમાં–ઋષભદેવથી માંડી વર્ધમાન સ્વામી (મહાવીર સ્વામી) સુધીના ચોવીશ તીર્થંકરની સાક્ષી આપે છે ને તેઓ સિદ્ધ થયા એવી સાબીતી કરી આપે છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે–વેદ પહેલા ચોવીશે તીર્થંકર થઇ ગયા જોઇએ, તેમજ વ્યાખ્યા વિલાસમાં પણ ઉપર કહેલા વેદમાં મહાવીરનું નામ દાખલ કર્યું છે.

પ્રશ્ન ૩ જું—વ્યાખ્યા વિલાસમાં શી રીતે કહ્યું છે ?

ઉત્તર—વ્યાખ્યા વિલાસ ગ્રંથ-વીર સંવત ૨૪૪૫ માં છપાયું છે તેમાં નીચે પ્રમાણે કહ્યું છે.

ॐ पवित्रं नग्नमुप विप्रसांमहे एषां नग्ना (नग्नये) जातिर्येषां वीराः इत्यादि

વળી વ્યાખ્યા વિલાસમાં યજુર્વેદનો દાખલો આપ્યો છે તેમાં ઋષભદેવ અરિહંતનું નામ છે.

પ્રશ્ન ૪ શું—યજુર્વેદમાં શી રીતે કહ્યું છે.

